# શ્રી આવશ્યકનિર્યુક્તિ

(સટીક ગુર્જરાનુવાદસહિત)

## ભાગ-૬



રચયિતા

શ્રીમદ્ ભદ્રબાહુસ્વામી

ટીકાકાર

શ્રીમદ્ હરિભદ્રસૂરિ

ભાષાંતર કર્તા

મુનિશ્રી આર્યરક્ષિતવિજય

॥ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રીમદ્ વિજયપ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ચન્દ્રશેખર-જિતરક્ષિતગુરુભ્યો નમઃ ॥

શ્રીમદ્ ભદ્રબાહુસ્વામી પ્રણીત

શ્રીમદ્ હરિભદ્રસૂરિરચિતશિષ્યહિતાવૃત્તિયુક્ત

# શ્રી આવશ્યકનિર્યુક્તિ

(સટીક ગુર્જરાનુવાદ સહિત)

**ભાગ-૬**

(નિ. ૧૨૭૩ થી ૧૪૧૮)


ભાષાંતર કર્તા :

યુગપ્રધાનઆચાર્યસમ પૂજ્યપાદ પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના

શિષ્યરત્ન જ્ઞાનપ્રેમી પૂ. પં. શ્રી જિતરક્ષિતવિજયજી મ. સાહેબના

શિષ્યરત્ન

મુનિ આર્યરક્ષિતવિજય

સંશોધક

રાજપ્રભાવક પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન

પૂ. મુનિશ્રી ભવ્યસુંદરવિજયજી મ. સાહેબ



પ્રકાશક

શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

અમદાવાદ - તપોવન

❖ દિવ્યકૃપા ❖

સિદ્ધાન્તમહોદધિ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબ
વર્ધમાન તપોનિધિ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ
યુગપ્રધાનઆચાર્યસમ પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ

❖ શુભાશિષ ❖

સિદ્ધાન્તદિવાકર શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ

**સુકૃતાનુમોદના**

પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિ. મ. સાહેબના ઉપકારોની સ્મૃત્યર્થે
પ. પૂ. આ. ભ. યશોરત્નસૂરીશ્વરજી મ. સાહેબની પ્રેરણાથી

**ઉમરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસંઘ**

ઉમરા-સુરત

આપશ્રીએ જ્ઞાનખાતાની ઉપજમાંથી ભાષાંતરસહિત આ ગ્રંથના છઠ્ઠા ભાગના
પ્રકાશનનો સંપૂર્ણ લાભ લીધેલ છે. આપની આ શ્રુતભક્તિની
અમે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

પ્રથમ પ્રકાશન : વિ. સં. ૨૦૬૯ તા. ૦૧-૦૮-૨૦૧૩
નકલ : ૭૦૦
મૂલ્ય : રૂ. ૨૦૦/-

**પ્રાપ્તિસ્થાન**

**શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
તપોવન સંસ્કારપીઠ, મુ. અમિયાપુર,
પો. સુઘડ, તા. જિ. ગાંધીનગર - ૩૮૨૪૨૪.
ફોન : (૦૭૯) ૨૯૨૮૯૭૩૮, ૩૨૫૧૨૬૪૮

દીક્ષિત આર. શાહ
સીમંધર મેડિકલ સ્ટોર
૨, વ્રજપ્લાઝા કોમ્પ્લેક્ષ,
ઉત્સવ રેસ્ટોરન્ટની સામે, પાલડી-ભઠ્ઠા,
અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૬૨૦૬૧

ભાગ્યવંતભાઈ સંઘવી
C/o. વર્ધમાન સંસ્કાર ધામ,
૧-૨, વીતરાગટાવર, ૬૦ ફૂટ રોડ,
બાવન જિનાલયની સામે, ભાયંદર (વેસ્ટ) થાણા,
ફોન : ૦૨૨-૨૮૦૪૧૮૬૬, ૯૮૧૯૧૬૯૭૧૯

॥ ॐ હ્રીઁ અર્હં નમઃ ॥

ज्ञानक्रियाभ्यां मोक्षः

ज्ञानस्य फलं विरति

સમ્યગ્જ્ઞાન આપતી, ધાર્મિક અધ્યાપકોને તૈયાર કરતી અને ભાવિપેઢીને ઉજ્જ્વલ કરતી
શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી
સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત

# આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી

## સંસ્કૃત પાઠશાળા

પ્રેરણાદાતા : યુગપ્રધાનઆચાર્યસમ પૂ. પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબ
સંયોજક : પૂ. પંન્યાસશ્રી જિતરક્ષિતવિજયજી મ. સાહેબ
સૌજન્ય : સ્વ. માતુશ્રી સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ

### પાઠશાળાની વિશેષ વિશેષતાઓ

- ૩ થી ૫ વર્ષનો ઠોસ અભ્યાસ, વિશિષ્ટ અભ્યાસ સાથે વિશિષ્ટ સ્કોલરશીપ
- અભ્યાસુઓને વિશિષ્ટ સ્કોલરશીપ તથા ઈનામો
- મુમુક્ષુઓને સુંદર તાલીમ
- ન્યાય-વ્યાકરણનો અભ્યાસ કરનારને પ્રતિમાસ વિશિષ્ટ શિષ્યવૃત્તિ
- ધાર્મિક અભ્યાસ સાથે . કમ્પ્યૂટર, સંગીતનો અભ્યાસ
- પર્યુષણ પર્વમાં દેશવિદેશમાં આરાધના
- રહેવું, જમવું સંપૂર્ણ ફ્રી (નિઃશુલ્ક)

ભાર વિનાના ભણતર સાથે સમ્યગ્ જ્ઞાન સહિતનું ઘડતર એટલે

## તપોવન ગૃહદીપક વિદ્યાલય

- ધો. ૫ થી ૧૨ સુધીનું સ્કૂલનું ડીગ્રીલક્ષી ભાર વિનાનું ભણતર
- સંસ્કૃત-તત્ત્વજ્ઞાન આદિનો વિશિષ્ટ અભ્યાસ
- ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા
- શાળામાં ગયા વિના અનુભવી શિક્ષકો પાસે અભ્યાસ

આપશ્રીના પરિચિતોમાંથી આ બંને યોજનામાં બાળકોને મૂકીને આપ નિશ્ચિંત બનો.
આપનો બાળક ભવિષ્યમાં જિનશાસનનો સેવક તથા માતાપિતાનો ભક્ત બનશે.

સંપર્ક સ્થળ :

શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળાં
તપોવન સંસ્કારપીઠ, અમિયાપુર, પોસ્ટ-સુઘડ, જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન (૦૭૯) ૨૯૨૮૯૭૩૮, ૩૨૫૧૨૬૪૮, મો. -૯૩૨૮૬૮૧૧૪૫
Web site - www.tapovanpathshala.com Email : www.tapovanpathshala@gmail.com

# સૌ સાથે મળી કરીએ શ્રુતનો સમુદ્ધાર

જિનશાસનમાં સૌથી મહત્ત્વનું સ્થાન છે જિનમંદિર અને જિનાગમ. જિનમંદિર માટે આજે ચારેબાજુ જાગૃતિ સારી છે. પરંતુ જિનાગમ માટેની જાગૃતિ અલ્પ પ્રમાણમાં છે.

સાંભળ્યું છે કે જિનશાસનમાં અનેક જ્ઞાનભંડારોમાં હસ્તલિપિ પ્રતો પડેલો છે જે પ્રતોની એકાદ નકલ જ છે. પૂર્વેના મહાપુરુષોએ મહેનત કરીને આગમના દોહન સ્વરૂપ ગ્રંથોની રચના કરી હતી. પરંતુ તેનો અનેક નકલો નષ્ટ થઈ ગઈ છે. પૂ. આ. હરિભદ્રસૂરિ, પૂ. મહોપાધ્યાય યશોવિજય મ. સા. આદિના ગ્રંથો અત્યંત અલ્પ પ્રમાણમાં જ આજે ઉપલબ્ધ છે. તે તે ગ્રન્થોનો આજની લીપીમાં લીપ્યાંતર કરવાની ખૂબ જ જરૂર છે તથા જે પ્રાચીન ગ્રંથો છે તેનું સંશોધન કરવાની તાતી જરૂર છે. તે માટે જ્ઞાનખાતાની રકમો પણ ઘણી મળી શકે તેમ છે પરંતું આ બધાનું સંકલન જરૂર છે તે માટે પ્રેમસૂરિશ્વરજી સંસ્કૃત પાઠશાળા દ્વારા લીપ્યાંતર અને સંશોધન કાર્ય શરુ કરેલ છે. જે વ્યક્તિઓને હસ્તલેખન, લીપ્યાંતર અને સંશોધન કાર્યમાં રસ હોય તેઓએ નીચેના સરનામે પત્ર લખવા વિનંતી છે.

તથા જૈનસંઘમાં આગવું સ્થાન સાધુ-સાધ્વીજી ભગવંતોનું છે. તેઓને દીક્ષા આપ્યા બાદ પઠન-પાઠનની વ્યવસ્થા પુરતી થાય તે માટે સ્થાને-સ્થાને તપોવન, સાધુ-સાધ્વીજી ભગવંતોની પાઠશાળા શરૂ કરી / કરવાની ભાવના છે. તેવી જે ક્ષેત્રમાં આવા વિદ્યાપીઠોની જરૂર હોય તે ક્ષેત્રસંબંધી માહિતી તમારા તરફથી અમને પ્રાપ્ત થાય એવી આપ સૌ પાસે આશા રાખીએ છીએ. તથા આવી વિદ્યાપીઠો માટે આપશ્રીના પરિચિત વર્ગમાં જેણણે પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરવાની ભાવના હોય તેઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

**તપોવન સાધુ-સાધ્વી વિદ્યાપીઠ**

પ્રેરણાદાતા : પૂ.પં. પ્રવર ચન્દ્રશેખર વિજયજી મ.સા.

સંયોજક : પૂ. પં. શ્રી જિતરક્ષિત વિજયજી મ.સા.

## શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

**તપોવન સંસ્કાર પીઠ, મુ. અમીયાપુર, પોસ્ટ સુઘડ, તા.જી. ગાંધીનગર-૩૮૨૪૨૪.**
**ફોન : (૦૭૯) ૨૯૨૮૯૭૩૮, ૩૨૫૧૨૬૪૮,**

ક્રિકેટના મેદાનમાં સારામાં સારી રીતે રમતાં ખેલાડીને પ્રેક્ષકો ભલે ધન્યવાદ આપે, ભલે તેની વાહ ! વાહ ! કરે, પરંતુ તે ખેલાડી જેટલો ધન્યવાદને પાત્ર છે તેના કરતાં લાખગણા ધન્યવાદને પાત્ર તે ખેલાડીને તૈયાર કરનાર તે કોચ છે. જો કોચમાં ખામી હોત તો ખેલાડી...

અત્યાર સુધીના તૈયાર થયેલા આ અનુવાદને વાંચી, સાંભળીને વાચકવર્ગ ભલે કદાચ મને ધન્યવાદ આપે, કે ભલે મારી પ્રશંસા કરે પરંતુ તે વાચકવર્ગને મારી નમ્ર વિનંતી છે કે જો ખરો યશ આપવો જ હોય, પ્રશંસા કરવી જ હોય, ધન્યવાદ આપવા જ હોય તો તે યશ, પ્રશંસા કે ધન્યવાદના ખરા અધિકારી

# સમર્પણ

જેઓએ પ્રાકૃતભાષાનું મને જ્ઞાન આપ્યું તેવા

**પૂ. આ. ભ. શ્રીમદ્વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબ,**

જેઓએ સંસ્કૃતભાષાનું મને જ્ઞાન આપ્યું તેવા

**પૂ. પંન્યાસ શ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબ,**

તથા આ બંને ભાષાઓ ઉપરાંત ન્યાય વિગેરે ગ્રંથોનું વર્ષો સુધી વાંચન કરાવ્યું એવા

**પૂ. મુનિશ્રી ગુણહંસવિજયજી છે.**

આ ત્રણે મહાપુરુષોના અને તે સિવાય પણ જુદા-જુદા ગ્રંથોનો જેમની પાસે મેં અભ્યાસ કર્યો તે સર્વ વિદ્યાગુરુઓના કરકમલોમાં આ છઠ્ઠો ભાગ સમર્પિત કરતાં આનંદ અનુભવું છું.

## અદ્‌ભૂત એવા જિનશાસનને વંદન... વંદન... વંદન...

જગતના સર્વ જીવો માટે શરણ લેવા યોગ્ય છે આ જિનશાસન ! સૌના સુખનું - આનંદનું એકમેવ કારણ છે આ જિનશાસન ! સર્વ દુઃખો-પાપો અને દોષોનો ખાત્મો બોલાવવાની તાકાત ધરાવે છે આ જિનશાસન ! જિનશાસનના અદ્‌ભૂત-અલૌકિક-અદ્વિતીય પદાર્થોને જેમ જેમ યુક્તિપૂર્વક વિચારીએ તેમ તેમ જિનશાસન પ્રત્યેનો અહોભાવ ઉછળ્યા વિના ન રહે. "હે પ્રભુ ! મને જલ્દીથી જલ્દી મોક્ષ આપો, જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી દરેક પળે પળે મારા રોમેરોમે જિનશાસન વ્યાપીને રહો" એવી પ્રાર્થના કર્યા વિના ન રહીએ.

જિનશાસનના અઢળક પદાર્થો જે અનેક આગમગ્રંથોમાં ગૂંથાયેલા છે, તેમાંનું એક મહત્ત્વનું આગમ છે આવશ્યકસૂત્ર. જેની ઉપર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા વગેરે રૂપ એકલાખ શ્લોકથી પણ વધારે સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યનું સર્જન અનેક મહાપુરુષોએ કર્યું છે. તેમાં પૂજ્યપાદ સૂરિપુરંદર, ૧૪૪૪ ગ્રંથના રચયિતા હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા રચિત આવશ્યકનિર્યુક્તિ ટીકાનો ગુર્જરાનુવાદ આ ગ્રંથમાં રજૂ થયો છે.

જે અવશ્ય કરવું જ જોઇએ તે આવશ્યક. આત્મકલ્યાણ માટે સામાયિક-ચતુર્વિંશતિસ્તવ-વંદન-પ્રતિક્રમણ-કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન આવશ્યક છે. આ છએ આવશ્યકમાં સૌથી મહત્ત્વનું આવશ્યક 'પ્રતિક્રમણ' છે. માટે છએ આવશ્યકનો સમૂહ પણ પ્રતિક્રમણ તરીકે ઓળખાય છે.

પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હટવું. આજ સુધી જુદા જુદા અનેક પાપો પ્રત્યે આપણું આક્રમણ ચાલુ છે. હવે પ્રતિક્રમણ કરીએ. પાપો પ્રત્યેનો ધ્રૂજારો પેદા કરીએ. પાપો ન કરવાનો નિશ્ચય કરીએ. નિમિત્તો મળે તો તેની સામે ઝઝૂમીએ. અનાદિના કુસંસ્કારોથી ઝુકી જઇને પાપ કરવું જ પડે તો રડતા રડતા કરીએ. થઇ ગયા પછી તે માટે અકરણનિયમ કરવારૂપ પચ્ચક્ખાણ કરીએ..

પ્રતિક્રમણ આવશ્યકમાં પણ મહત્ત્વના શ્રમણસૂત્રવડે જુદા જુદા પાપોનો પસ્તાવો કરાય છે. તેમાંના પાંચ ક્રિયાઓ સંબંધી પાપોથી શરુ કરીને તેત્રીસ આશાતના સુધીના પાપોનું વર્ણન આવશ્યક નિર્યુક્તિના આ છટ્ઠા ભાગમાં કરવામાં આવ્યું છે. આમાં જે પાંચ સમિતિ, અસમાધિને પેદા કરનારા ૨૦ અસમાધિસ્થાનો, ચારિત્રને મલિન કરનારા ૨૧ શબલસ્થાનો, મોહનીયકર્મ બંધાવનારા ૩૦ સ્થાનો, સંયમને સુંદર બનાવનારા ૩૨ યોગસંગ્રહસ્થાનો, ગુરુ પારતન્ત્ર્ય પ્રગટાવનારું ૩૩ આશાતનાવર્જન સૌએ મનનપૂર્વક ધ્યાનમાં લેવા જેવું છે.

જૈનશાસનના અનેકાંતવાદને સૌએ સમજવા જેવો છે. જ્યારે આપણે કોઇ વાતને જડતાપૂર્વક એકાંતે પકડી લઇએ છીએ ત્યારે આત્મિક પરિણતિનો બગાડો થતાં વાર લાગતી નથી. જૈનશાસનની તમામ વાતોનું રહસ્ય છે કે રાગ-દ્વેષની પરિણતિમાં ઘટાડો થવો જોઇએ. જેના દ્વારા રાગ-દ્વેષ ઘટે તે આરાધના. જેના દ્વારા રાગ-દ્વેષ વધે તે વિરાધના. ભગવાનની એક જ આજ્ઞા છે કે જે રીતે રાગ અને દ્વેષ જલ્દીથી નબળા પડે તે કરવું. અધ્યાત્મમતપરીક્ષામાં કહ્યું છે કે, "जह जह रागद्दोसा लहु विलिज्जंति, तह

तह पयट्टीयव्वं, एसा आणा जिणीदाणं" અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજા જણાવે છે કે, "जिनैर्नाऽनुमतं किञ्चिन्निषिद्धं वा न सर्वथा, कार्ये भाव्यमदम्भेनेत्येषाऽऽज्ञा पारमेश्वरी ।" ભગવાન જિનેશ્વરે એકાંતે કશાની અનુમતિ નથી આપી કે એકાંતે કશાનો નિષેધ કર્યો નથી. દંભ વિના પ્રવૃત્તિ કરવી, એ જ ભગવાનની આજ્ઞા છે.

પારિસ્થાપનિકાસમિતિનું વર્ણન જો ઝીણવટપૂર્વક વિચારીશું તો સમજાશે કે ઘી વગેરે વિગઈઓ કે મીઠાઈ વગેરે ન જ પરઠવાય, તેવો એકાંત નથી. ક્ષેત્રાતીત-કાલાતીત-અશુદ્ધગૃહીત કે વિધિપૂર્વક ગ્રહણ કરીને વિધિપૂર્વક વાપર્યા પછી વધેલો આહાર વિગઈરૂપ કે મિષ્ટરૂપ હોય તો પણ તે વિધિપૂર્વક પરઠવી શકાય. ન જ પરઠવાય તેવો એકાંત પકડી રાખવાથી જો સંક્લેશ થતો હોય, રાગ-દ્વેષ વધતા હોય, પરિણતિ અશુદ્ધ થતી હોય તો તેને વિધિપૂર્વક પરઠવવામાં વાંધો નથી. યાદ રહે કે વસ્તુ કરતાં વ્યક્તિ મહાન છે. વસ્તુને સાચવવા જતાં વ્યક્તિથી દૂર થવા કરતાં વ્યક્તિને સાચવવા વસ્તુને દૂર કરવી લાખ દરજ્જે સારી છે. પુદ્ગલ કરતાં આત્માનું મૂલ્ય હંમેશા વધારે જ છે, તે વાત કદી ય ન ભૂલવી.

આહાર ન જ પરઠવાય એવો એકાંત રાખવામાં સંયમધરો પ્રત્યે દુર્ભાવ થાય, સંક્લેશ થાય, સાધર્મિકવાત્સલ્ય ન સચવાય. તેથી આવો એકાંત ન રાખવો. જો કે આનો અર્થ એવો પણ ન કરવો કે ગમે ત્યારે પરઠવાય, ગમે તેટલું પરઠવાય, ગમે તે વસ્તુ પરઠવાય. ના આ એકાંત પણ બરોબર નથી. વહોરવામાં પૂર્ણ વિવેક રાખવો. વહોરીને લાવ્યા પછી તેને વાપરવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો. ન જ પરઠવવું પડે તેની પૂરી કાળજી લેવી. ના છૂટકે પરઠવવાની જ સ્થિતિ પેદા થાય તો એકાંત છોડીને, વિધિપૂર્વક પરઠવવું. પરિણામ નિષ્ઠુર ન બને તે માટે તેનું પ્રાયશ્ચિત્ત લેવાનું ભૂલવું નહિ. આવું આવું તો ઘણું બધું આ ગ્રંથમાંથી જીવનમાં અમલમાં મૂકવા જેવું છે.

તે જ રીતે ભણવું એ સારી વાત છે. સ્વાધ્યાય તો સંયમજીવનનો પ્રાણ છે. સ્વાધ્યાય વિનાનું સંયમ એટલે પ્રાણ વિનાનું કલેવર. 'काले न कओ सज्झाओ' અને 'सज्झाइए असज्झाइअं' પંક્તિઓ સ્વાધ્યાય ન કરવાની માફી માંગવાનું જણાવે છે, પણ સાથે સાથે સ્વાધ્યાય પાછળ એવા ગાંડા બનવાનું નથી કે જેમાં મર્યાદા ચૂકી જવાય. વિનય વૈયાવચ્ચ ભૂલી જવાય. વિદ્યાગુરુનો અપલાપ કરી બેસાય. અસ્વાધ્યાયનિર્યુક્તિ સ્વાધ્યાયીઓને લાલ લાઈટ બતાડે છે. ભણો-ખૂબ ભણો પણ ગમે તે રીતે ન ભણો. 'अकाले कओ सज्झाओ' અને 'असज्झाइए सज्झाइअं' પંક્તિઓદ્વારા અકાળમાં અને અસ્વાધ્યાયમાં કરેલા સ્વાધ્યાયની માફી માંગીને અનેકાંતવાદને સ્પષ્ટપણે જણાવ્યો છે.

સ્વાધ્યાય કરાય પણ ખરા, ન પણ કરાય. સ્વાધ્યાય ન કરીએ તો જેમ પ્રાયશ્ચિત્ત આવે તેમ અમુકકાળે જો સ્વાધ્યાય કરીએ તો પણ પ્રાયશ્ચિત્ત આવે. માટે સ્વાધ્યાય કરવો જ એવો એકાંત ક્યાંય ન પકડાય. જૈનશાસનનો અનેકાંતવાદ આ ગ્રંથમાં ઠેર ઠેર પ્રસરેલો છે. આપણે સૌ આપણી પ્રજ્ઞાને સૂક્ષ્મ બનાવીને, તેને આપણા જીવનમાં વધુમાં વધુ આત્મસાત કરીએ તેવી શુભકામના.

પૂજ્યપાદ યુગપ્રધાનઆચાર્યસમ પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના શિષ્ય, પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળાદ્વારા અનેક પંડિતોને તૈયાર કરતા પંન્યાસશ્રી જિતરક્ષિતવિજયજી મ. સા. ના શિષ્ય મુનિશ્રી આર્યરક્ષિતવિજયજી સ્વાધ્યાયી-સંયમી-અંતર્મુખ સાધક છે. ઘણા વર્ષોથી

સ્વાધ્યાયયજ્ઞમાં ડૂબકી લગાવીને જાણે કે બાહ્યવૃત્તિઓથી દૂર છે. સૌની સાથે સ્નેહભાવ, ગુરુ પ્રત્યે સમર્પણભાવ, વડિલો પ્રત્યે આદરભાવ કેળવીને, પરમાત્માના શાસનના અદ્ભૂત પદાર્થો સૌ પામે, ચિંતન કરીને જીવનમાં આત્મસાત્ કરે તેવી શુભભાવનાથી વર્ષોની મહેનત કરીને તેમણે આવશ્યકનિર્યુક્તિ જેવા દલદાર ગ્રંથનો અનુવાદ કર્યો છે, જેમાં પ્રગટ થયેલા ૧ થી ૫ ભાગના આધારે અનેક મહાત્માઓને સ્વાધ્યાય કરતા જોઉં છું ત્યારે આ મુનિશ્રીના પરિશ્રમને વંદન કરવાનું મન થાય છે.

બાકી રહેલા છઠ્ઠા-સાતમા ભાગના પ્રગટીકરણ પ્રસંગે મુનિશ્રી જૈનશાસનના અદ્ભૂત પદાર્થોને જગત સમક્ષ રજૂ કરે તેવી શુભેચ્છા પાઠવું છું. સાથે સાથે પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબ તથા પ. પૂ. ગણિવર્ય શ્રી પ્રેમસુંદરવિ. મ. સાહેબે પારિષ્ઠાપનિકાનિર્યુક્તિના અનુવાદને તપાસી આપીને મુનિશ્રીને સહાય કરી છે જે આ અવસરે ભૂલાય એવું નથી. તથા પ. પૂ. મુ. શ્રી પાર્શ્વરત્નવિ. ને હસ્તલિખિતપ્રતિઓને આધારે સંસ્કૃતસંશોધનમાં સહાય કરવા બદલ ધન્યવાદ છે. પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઈપણ રજુ થયું હોય તો અંતઃકરણથી મિચ્છા મિ દુક્કડં.

વિક્રમ સંવત્ ૨૦૬૯ વૈશાખ વદ-૬ **પં. મેઘદર્શનવિજય**
સાબરમતી

---

**નોંધ :- ગુજરાતી ભાષાંતરમાં અમુક-અમુક સ્થાને '(H)' નિશાની છે તે એમ સૂચવે છે કે તે પદાર્થ પાછળ પરિશિષ્ટમાં આપેલ ટિપ્પણીમાં છે.**

# વિષયાનુક્રમણિકા


| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | ('पगामसिज्जाए' सूत्र) | |
| ◆ | ક્રિયાધિકાર | ૧ |
| ◆ | ઈર્યા વિગેરે સમિતિઓનું સ્વરૂપ | ૧૩ |
| ◆ | ઈર્યા વિગેરે સમિતિઓના દૃષ્ટાન્તો | ૧૫ |
| | ○ **પારિસ્થાપનિકાનિર્યુક્તિ** ○ | |
| ૩-૪ | એકેન્દ્રિયજીવોની પારિ૦ વિધિ | ૨૩ |
| ૫-૬ | નોએકેન્દ્રિયપારિ૦ વિધિ | ૩૩ |
| ૭ | વિકલેન્દ્રિયપારિ૦ વિધિ | ૩૪ |
| ૮-૩૨ | પંચેન્દ્રિયપારિ૦ વિધિ | ૪૨ |
| ૧૨૭૩-૭૪ | કાલધર્મ પામેલા સાધુની પારિ૦ વિધિ | ૫૨ |
| ૩૩-૬૫ | દિશા વિગેરે દ્વારોનું નિરૂપણ | ૫૩ |
| ૬૬-૬૮ | અસંયતમનુષ્યપારિ૦ વિધિ | ૮૦ |
| ૬૯-૭૦ | તિર્યંચપારિ૦ વિધિ | ૮૪ |
| ૭૧-૭૯ | આહાર અને ઉપકરણપારિ૦ વિધિ | ૮૬ |
| ૮૦ | વડીનીતિ વિગેરેની પારિ૦ વિધિ | ૯૩ |
| ◆ | લેશ્યા વિશે જાંબૂખાદક અને ગામઘાતકનું દૃષ્ટાન્ત | ૯૬ |
| ◆ | ૧૧ શ્રાવકપ્રતિમા | ૧૦૧ |
| ◆ | ૧૨ ભિક્ષુપ્રતિમા | ૧૦૩ |
| ◆ | ૧૩ ક્રિયાસ્થાનો | ૧૦૬ |
| ◆ | ૧૪ ગુણસ્થાનકોનું સ્વરૂપ | ૧૧૦ |
| ◆ | ૧૫ પરમાધાર્મિકોનું વર્ણન | ૧૧૨ |
| ◆ | ૧૭ પ્રકારના સંયમ | ૧૧૫ |
| ◆ | ૨૦ અસમાધિ સ્થાનો | ૧૨૧ |
| ◆ | ૨૧ શબલસ્થાનો | ૧૨૬ |
| ◆ | ૨૨ પરિષહો | ૧૩૦ |
| ◆ | મહાવ્રતોની ૨૫ ભાવનાઓ | ૧૩૫ |
| ◆ | ૩૦ મોહનીયસ્થાનો | ૧૪૪ |
| ૧૨૭૫-૭૯ | બત્રીસ યોગસંગ્રહના નામો | ૧૫૨ |
| ૧૨૮૦-૧૩૨૧ | યોગસંગ્રહના દૃષ્ટાન્તો | ૧૫૪ |
| ◆ | કોણિક અને ચેટકરાજાનું યુદ્ધ | ૨૦૮ |
| ◆ | તેત્રીસ આશાતનાઓ | ૩૧૭ |
| ◆ | **अरिहंताणं आसायणाए...** સૂત્રનો અર્થ | ૩૨૪ |
| ◆ | **जं वाइद्धं वच्चामेलियं...** સૂત્રનો અર્થ | ૩૩૫ |
| | ○ **અસ્વાધ્યાયનિર્યુક્તિ** ○ | |
| ૧૩૨૨-૨૩ | અસ્વાધ્યાયના પ્રકારો | ૩૩૬ |
| ૧૩૨૪ | પરસમુત્થ અસ્વાધ્યાયના પ્રકારો | ૩૩૭ |
| ૧૩૨૫-૨૭ | અસ્વાધ્યાયમાં સ્વાધ્યાયનું ફળ | ૩૩૮ |
| ૧૩૨૮-૩૧ | સંયમઘાતક અસ્વાધ્યાય | ૩૪૦ |
| ૧૩૩૨-૩૪ | ઉત્પાદ અસ્વાધ્યાય | ૩૪૫ |
| ૧૩૩૫-૪૪ | સાદિવ્ય અસ્વાધ્યાય | ૩૪૭ |
| ૧૩૪૫-૪૯ | વ્યુદ્ગ્રાહ અસ્વાધ્યાય | ૩૫૫ |
| ૧૩૫૦-૬૧ | શારીરિક અસ્વાધ્યાય | ૩૫૮ |
| ૧૩૬૨-૬૪ | સ્વાધ્યાયસંબંધી સામાચારી, ૨૭ ભૂમિનું નિરિક્ષણ | ૩૭૧ |
| ૧૩૬૫ | સૂર્યાસ્ત બાદ પ્રતિક્રમણ | ૩૭૩ |
| ૧૩૬૬-૬૮ | પ્રતિક્રમણની વિધિ | ૩૭૩ |
| ૧૩૬૯-૧૪૦૩ | કાલગ્રહણની વિધિ | ૩૭૬ |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક | ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ૧૪૦૪ | આત્મસમુત્થ અસ્વાધ્યાય | ૪૦૩ | ૧૪૧૨-૧૬ | શ્રુત આશાતનાનું ફળ | ૪૦૭ |
| ૧૪૦૫-૦૭ | ઘા લાગ્યો હોય ત્યારની વિધિ તથા ઋતુકાળસંબંધી વિધિ | ૪૦૪ | ૧૪૧૭-૧૮ | અસ્વા૦ નિર્યુક્તિનું સમાપન | ૪૧૦ |
| ૧૪૦૮-૦૯ | અસ્વાધ્યાયમાં સ્વાધ્યાયના દોષો | ૪૦૫ | ◆ | પરિશિષ્ટ-૧ (મલધારીહેમચન્દ્રસૂરિકૃત ટીપ્પણક) | ૪૧૧ |
| ૧૪૧૦-૧૧ | અસ્વાધ્યાયસંબંધી ગુરુ-શિષ્યની ચર્ચા | ૪૦૬ | | | |


## ❖ અધ્યયનોનું વર્ગીકરણ ❖

| | |
|---|---|
| ભાગ-૧ | સામાયિક અધ્યયન |
| ભાગ-૨ | સામાયિક અધ્યયન |
| ભાગ-૩ | સામાયિક અધ્યયન |
| ભાગ-૪ | સામાયિક અધ્યયન |
| ભાગ-૫ | ચતુર્વિંશતિસ્તવ, વંદન અને પ્રતિક્રમણ અધ્યયન (चउहिं झाणेहिं સુધી) |
| ભાગ-૬ | પ્રતિક્રમણ અધ્યયન |
| ભાગ-૭ | કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન અધ્યયન |

## ❖ નિર્યુક્તિગાથાઓનું વર્ગીકરણ ❖

| | |
|---|---|
| ભાગ-૧ | ૧-૧૮૫ |
| ભાગ-૨ | ૧૮૬-૬૪૧ |
| ભાગ-૩ | ૬૪૨-૮૭૯ |
| ભાગ-૪ | ૮૮૦-૧૦૫૫ |
| ભાગ-૫ | ૧૦૫૬-૧૨૭૨ (ધ્યાનશતક) |
| ભાગ-૬ | ૧૨૭૩-૧૪૧૮ |
| ભાગ-૭ | ૧૪૧૯-૧૬૨૫ |

# દૃષ્ટાન્તાનુક્રમણિકા


| ક્રમ | દૃષ્ટાન્ત | પૃષ્ઠ ક્રમાંક | ક્રમ | દૃષ્ટાન્ત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ૧. | ઈર્યા વિગેરે સમિતિઓ | | ◆ | ચેલ્લણા અને સુલસાની | |
| | ઉપર દૃષ્ટાન્તો | ૧૫ | | કથા | ૧૮૬ |
| ૨. | નંદિષેણમુનિની કથા | ૧૫ | ◆ | કોણિકની કથા | ૧૯૧ |
| ૩. | લેશ્યા વિશે જાંબૂખાદક | | ◆ | દર્દુરાંકદેવનો પૂર્વભવ વિ. | ૧૯૫ |
| | અને ગામઘાતકનું દૃષ્ટાન્ત | ૯૬ | ◆ | સેચનકહાથીનો પૂર્વભવ | |
| ૪. | આલોચના ઉપર | | | વિગેરે | ૨૦૩ |
| | અટ્ટનમલ્લ | ૧૫૫ | ◆ | કૂલવાલકમુનિની કથા | ૨૧૧ |
| ૫. | નિરપલાપ-ધનમિત્ર વિ. | ૧૫૯ | ◆ | સત્યકીની કથા | ૨૧૩ |
| ૬. | દ્રવ્યઆપત્તિ-ધર્મઘોષમુનિ | ૧૬૧ | ◆ | અર્ણિકાપુત્રની કથા | ૨૧૯ |
| ૭. | ભાવ આપત્તિ-દંડસાધુ | ૧૬૨ | ◆ | વિનયરત્નસાધુની કથા | ૨૨૫ |
| ૮. | અનિશ્રિતોપધાન- | | ◆ | કલ્પકમંત્રીની કથા | ૨૨૮ |
| | આર્યમહાગિરિ | ૧૬૪ | ◆ | શકટાલમંત્રીની કથા | ૨૩૪ |
| ◆ | એડકાક્ષનગરની ઉત્પત્તિ | ૧૬૫ | ◆ | સ્થૂલભદ્રજીની કથા | ૨૩૮ |
| ◆ | ગજાગ્રપદ પર્વતની ઉત્પત્તિ | ૧૬૭ | ૧૦. | નિષ્પ્રતિકર્મતા-નાગદત્ત | ૨૪૭ |
| ◆ | અવંતીસુકુમાલની કથા | ૧૬૮ | ૧૧. | અજ્ઞાતતપ-ધર્મયશમુનિ | ૨૪૯ |
| ૯. | શિક્ષા-સ્થૂલભદ્રજી | ૧૭૦ | ૧૨. | અલોભ-ક્ષુલ્લકકુમાર | ૨૫૪ |
| ◆ | શ્રેણિકની કથા | ૧૭૦ | ૧૩. | તિતિક્ષા-નિર્વૃતિકન્યા | ૨૫૯ |
| ◆ | અભયકુમારનું જીવન- | | ૧૪. | સરળતા-અંગર્ષિ | ૨૬૩ |
| | ચરિત્ર | ૧૭૩ | ૧૫. | દેશસુચિ-ધનંજયશ્રેષ્ઠિ | ૨૬૫ |
| | | | ◆ | સર્વસુચિ-નારદજી | ૨૬૭ |

| ક્રમ | દૃષ્ટાન્ત | પૃષ્ઠ ક્રમાંક | ક્રમ | દૃષ્ટાન્ત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ૧૬. | સમ્યગ્દૃષ્ટિ-પ્રભાકર | ૨૬૯ | ૨૭. | ઉત્તરગુણપ્રત્યાખ્યાન- | |
| ૧૭. | સમાધિ-સુવ્રતમુનિ | ૨૭૧ | | ધર્મઘોષ વિગેરે | ૨૯૪ |
| ૧૮. | આચારોપગ-જ્વલનબ્રાહ્મણ | ૨૭૨ | ૨૮. | વ્યુત્સર્ગ-કરકંડુ વિગેરે | ૨૯૫ |
| ૧૯. | વિનય-નિંબકમુનિ | ૨૭૩ | ૨૯. | અપ્રમાદ-મગધસુંદરી | ૩૦૭ |
| ૨૦. | ધૃતિમતિ—મતિ-સુમતિ | ૨૭૫ | ૩૦. | લવાલવ -વિજયશિષ્ય | ૩૦૮ |
| ૨૧. | સંવેગ-સુજાત વિગેરે | ૨૭૭ | ૩૧. | ધ્યાન-પુષ્પભૂતિઆચાર્ય | ૩૦૯ |
| ◆ | વારત્રકઋષિની કથા | ૨૮૧ | ૩૨. | મારણાન્તિક વેદના- | |
| ૨૨. | દ્રવ્યપ્રણિધિ (માયા) - | | | ધર્મરુચિ અણગાર | ૩૧૨ |
| | ગુગ્ગુલભગવાન | ૨૮૪ | ૩૩. | સંગત્યાગ-જિનદેવશ્રાવક | ૩૧૩ |
| ◆ | ભાવપ્રણિધિ-બે ભાઇઓ | ૨૮૬ | ૩૪. | પ્રાયશ્ચિત્તકરણ- | |
| ૨૩. | સંવર-નંદશ્રી | ૨૮૮ | | ધનગુપ્તઆચાર્ય | ૩૧૪ |
| ૨૪. | આત્મદોષત્યાગ-જિનદેવ | ૨૮૯ | ૩૫. | મરણકાળે આરાધના- | |
| ૨૫. | સર્વકામવિરક્તતા- | | | મરુદેવીમાતા | ૩૧૫ |
| | દેવિલાસુત રાજા | ૨૯૦ | ૩૬. | અસજ્ઝાયમાં સ્વાધ્યાયનો | |
| ૨૬. | મૂલગુણપ્રત્યાખ્યાન- | | | દોષ-જિતશત્રુરાજા | ૩૩૮ |
| | ચિલાતરાજા | ૨૯૨ | | | |

**पडिक्कमामि पंचहिं किरियाहिं काइयाए अहिगरणियाए पाउसियाए पारितावणियाए पाणाइवायकिरियाए ( सूत्रम् )**

**प्रतिक्रामामि पञ्चभिः क्रियाभिः - व्यापारलक्षणाभिर्योऽतिचारः कृतः, तद्यथा-'काइयाए' इत्यादि, चीयत इति कायः, कायेन निर्वृत्ता कायिकी तया, सा पुनस्त्रिधा-अविरतकायिकी दुष्प्रणिहितकायिकी उपरतकायिकी च, तत्र मिथ्यादृष्टेरविरतसम्यग्दृष्टेश्चाऽऽद्या अविरतस्य कायिकी-उत्क्षेपणादिलक्षणा क्रिया कर्मबन्धनिबन्धनाऽविरतकायिकी, एवमन्यत्रापि षष्ठीसमासो योज्यः, द्वितीया दुष्प्रणिहितकायिकी प्रमत्तसंयतस्य, सा पुनर्द्विधा-इन्द्रियदुष्प्रणिहितकायिकी नोइन्द्रियदुष्प्रणिहितकायिकी च, तत्राऽऽद्येन्द्रियैः-श्रोत्रादिभिर्दुष्प्रणिहितस्य-इष्टानिष्टविषयप्राप्तौ मनाक्सङ्गनिर्वेदद्वारेणापवर्गमार्गं प्रति दुर्व्यवस्थितस्य कायिकी, एवं नोइन्द्रियेण-मनसा दुष्प्रणिहितस्याशुभसङ्कल्पद्वारेण दुर्व्यवस्थितस्य कायिकी, तृतीयाऽप्रमत्तसंयतस्य-उपरतस्य-सावद्ययोगेभ्यो निवृत्तस्य कायिकी, गता कायिकी१, अधिक्रियत आत्मा नरकादिषु येन**

---

**સૂત્ર : કાયિકી, આધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાત આ પાંચ ક્રિયાઓ વડે જે અતિચાર મારાદ્વારા કરાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું.**

**ટીકાર્થ :** વ્યાપારરૂપ પાંચ ક્રિયાઓવડે જે અતિચાર કરાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. તે પાંચ ક્રિયાઓ આ પ્રમાણે જાણવી – કાયિકી વિગેરે. તેમાં જે પુષ્ટ કરાય તે કાયા. અને કાયાવડે જે થયેલી હોય તે કાયિકી. તે ત્રણ પ્રકારની છે – (૧) અવિરતકાયિકી, (૨) દુષ્પ્રણિહિતકાયિકી, અને (૩) ઉપરતકાયિકી. તેમાં (૧) **અવિરતકાયિકી** – અવિરતની એટલે કે મિથ્યાદષ્ટિજીવની અને અવિરત એવા સમ્યગ્દષ્ટિજીવની કર્મબંધમાં કારણભૂત એવી ઊંચકવું, મૂકવું વિગેરે જે કાયિકીક્રિયા તે અવિરતકાયિકીક્રિયા. આ પ્રમાણે દુષ્પ્રણિહિતકાયિકી અને ઉપરતકાયિકી શબ્દોમાં પણ ષષ્ઠીતત્પુરુષસમાસ જાણવો. (જેમ કે, દુષ્પ્રણિહિતની જે ક્રિયા તે... વિગેરે.)

(૨) બીજી **દુષ્પ્રણિહિતકાયિકી** ક્રિયા પ્રમત્તસાધુને જાણવી. તે વળી બે પ્રકારની છે. (A) ઇન્દ્રિયદુષ્પ્રણિહિતકાયિકી, અને (B) મનદુષ્પ્રણિહિતકાયિકી. તેમાં પ્રથમ આ પ્રમાણે જાણવી – શ્રોત્ર વિગેરે ઇન્દ્રિયોવડે દુષ્પ્રણિહિત એટલે કે ઇષ્ટ–અનિષ્ટ એવા વિષયોની પ્રાપ્તિ થતાં ઇષ્ટવિષયોમાં કંઈક રાગ અને અનિષ્ટવિષયોમાં કંઈક દ્વેષ કરવાદ્વારા મોક્ષમાર્ગ પ્રત્યે દુર્વ્યવસ્થિત એવા જીવની કાયિકીક્રિયા તે ઇન્દ્રિયદુષ્પ્રણિહિતકાયિકી ક્રિયા. આ જ પ્રમાણે મનથી દુષ્પ્રણિહિત એટલે કે અશુભસંકલ્પ કરવાદ્વારા મોક્ષમાર્ગ પ્રત્યે દુર્વ્યવસ્થિત એવા જીવની કાયિકીક્રિયા તે નોઇન્દ્રિયદુષ્પ્રણિહિતકાયિકીક્રિયા.

(૩) ત્રીજી **ઉપરતકાયિકી** એ ઉપરત એટલે કે સાવદ્યયોગોથી નિવૃત્ત થયેલા એવા અપ્રમત્તસાધુની કાયિકી જાણવી. આ પ્રમાણે પ્રથમ કાયિકીક્રિયા પૂર્ણ થઈ.

**આધિકરણિકી :** જેનાવડે આત્મા નરકાદિમાં અધિકારી = સ્થાપિત કરાય છે તે અધિકરણ અર્થાત્ અધિકરણાત્મક એવી પ્રવૃત્તિ અથવા બાહ્ય વસ્તુ. તેમાં અનુષ્ઠાન તરીકે ચક્રમહ જાણવું. (અને આદિશબ્દથી બાહ્ય વસ્તુ તરીકે કોઇપણ શસ્ત્રવિશેષ વિગેરે જાણવા. ચક્રમહ એટલે ચક્રવર્તીને

**तदधिकरणम्-अनुष्ठानं बाह्यं वा वस्तु चक्रमहादि तेन निर्वृत्ता-आधिकरणिकी तया, सा पुनर्द्विधा-अधिकरणप्रवर्तिनी निर्वर्तिनी च, तत्र प्रवर्तिनी चक्रमहःपशुबन्धादिप्रवर्तिनी, निर्वर्तिनी खड्गादिनिर्वर्तिनी, अलमन्यैरुदाहरणैः, अनयोरेवान्तःपातित्वात्तेषां, गताऽऽधिकरणिकी२, प्रद्वेषः-मत्सरस्तेन निर्वृत्ता प्राद्वेषिकी, असावपि द्विधा-जीवप्राद्वेषिक्यजीवप्राद्वेषिकी च, आद्या जीवे प्रद्वेषं गच्छतः, द्वितीया पुनरजीवे, तथाहि-पाषाणादौ प्रस्खलितस्तत्प्रद्वेषमावहति गता तृतीया३, परितापनं-ताडनादिदुःखविशेषलक्षणं तेन निर्वृत्ता पारितापनिकी तया, असावपि द्विधैव-स्वदेहपारितापनिकी परदेहपारितापनिकी च, आद्या स्वदेहे परितापनं कुर्वतः, द्वितीया परदेहे परितापनमिति, तथा च अन्यरुष्टोऽपि स्वदेहपरितापनं करोत्येव कश्चिज्जडः, अथवा स्वहस्तपारितापनिकी**

---

જ્યારે ચક્રરત્નની ઉત્પત્તિ થાય ત્યારે કરવામાં આવતો મહોત્સવ. મકાન વિ. ના ઉદ્‌ઘાટન સમયે કરવામાં આવતા મહોત્સવોની જેમ આવા મહોત્સવો અધિકરણનું પ્રવર્તન કરનારા હોય છે. અથવા 'ચક્રમહાદિ' બાહ્ય વસ્તુ લઈએ તો આવો અર્થ હોઈ શકે છે - ચક્ર=શસ્ત્રવિશેષ(?), મહસ્=અગ્નિ(?) વિગેરે બાહ્યવસ્તુ,) તેનાવડે થયેલી હોય તે આધિકરણિકી. તેના કારણે (જે અતિચાર સેવાયો તેનું હું પ્રતિક્રમણ કરું છું.) તે બે પ્રકારની છે – (૧) અધિકરણનું પ્રવર્તન કરનારી, અને (૨) અધિકરણ બનાવનારી. તેમાં ચક્રમહોત્સવ, પશુને બાંધવુ વિગેરે ક્રિયા એ (હિંસાનું પ્રવર્તન કરનારી હોવાથી) પ્રવર્તિની જાણવી. અને નિર્વર્તિની એટલે તલવાર વિગેરે હિંસાના સાધનો બનાવવા. બીજા અન્ય ઉદાહરણો દેવાની જરૂર નથી, કારણ કે બીજા અન્ય ઉદાહરણો આ પ્રવર્તિની–નિર્વર્તિની ક્રિયામાં જ સમાઈ જાય છે. આધિકરણિકી ક્રિયા પૂર્ણ થઈ.

**પ્રાદ્વેષિકી :** પ્રદ્વેષ એટલે મત્સર=દ્વેષ=ઈર્ષ્યા, તેનાવડે થયેલી જે હોય તે પ્રાદ્વેષિકી. આ પણ બે પ્રકારે – જીવપ્રાદ્વેષિકી અને અજીવપ્રાદ્વેષિકી. તેમાં જીવ ઉપર ક્રોધ કરનારની જીવપ્રાદ્વેષિકી. (અર્થાત્ જીવ ઉપર ક્રોધ આવતા તેને મારવું વિગેરે જે કોઈ ક્રિયા કરે તે જીવપ્રાદ્વેષિકી.) બીજી અજીવને વિશે જાણવી. તે આ પ્રમાણે–પથ્થર વિગેરે સાથે સ્ખલના પામેલાની પથ્થર વિગેરે ઉપર દ્વેષ કરવાદ્વારા અપશબ્દો બોલવા વિગેરેરૂપ જે ક્રિયા તે અજીવપ્રાદ્વેષિકી. ત્રીજી પ્રાદ્વેષિકી ક્રિયા પૂર્ણ થઈ.

**પારિતાપનિકી :** પરિતાપન એટલે દંડ વિગેરેથી મારવા વિગેરે દ્વારા થતું દુઃખવિશેષ. તેના કારણે થયેલી જે હોય તે પારિતાપનિકી. તે પણ બે પ્રકારની – સ્વદેહપારિતાપનિકી અને પરદેહપારિતાપનિકી. તેમાં પોતાના શરીરને મારવા વિગેરે દ્વારા દુઃખ ઉત્પન્ન કરનારને પહેલી, અને બીજાના શરીરને મારવા વિગેરે દ્વારા દુઃખ ઉત્પન્ન કરનારને બીજી. (કોઈ જીવ પોતાના શરીરને શા માટે મારે ? આવી કોઈને શંકા થતી હોય તો તેનો ખુલાસો કરે છે કે–) બીજા ઉપર ગુસ્સે થયેલો પણ કોઈ જડ પુરુષ પોતાના દેહનું (માથું કૂટવા વિ. રૂપ) પરિતાપન કરતો દેખાય જ છે. (માટે સ્વદેહપારિતાપનિકી ઘટે જ છે.)

અથવા બીજી રીતે આ પારિતાપનિકીક્રિયા બે પ્રકારની જાણવી–સ્વહસ્તપારિતાપનિકી અને

परहस्तपारितापनिकी च, आद्या स्वहस्तेन परितापनं कुर्वतः, द्वितीया परहस्तेन कारयतः, गता चतुर्थी४, प्राणातिपातः-प्रतीतः, तद्विषया क्रिया प्राणातिपातक्रिया तया, असावपि द्विधा-स्वप्राणातिपातक्रिया परप्राणातिपातक्रिया च, तत्राऽऽद्याऽऽत्मीयप्राणातिपातं कुर्वतः, द्वितीया परप्राणातिपातमिति, तथा च कश्चिन्निर्वेदतः स्वर्गाद्यर्थं वा गिरिपतनादिना स्वप्राणातिपातं करोति, तथा क्रोधमानमायालोभमोहवशाच्च परप्राणातिपातमिति, क्रोधेनाऽऽक्रुष्टः रुष्टो वा व्यापादयति, मानेन जात्यादिभिर्हीलितः, मायया ऽपकारिणं विश्वासेन, लोभेन शौकरिकः, मोहेन संसारमोचकः स्मार्तो वा याग इति, गता पञ्चमी ५ । क्रियाऽधिकाराच्च शिष्यहितायानुपात्ता अपि सूत्रे अन्या अपि विंशतिः क्रियाः प्रदर्श्यन्ते, तंजहा-आरंभिया१ परिग्गहिया२ मायावत्तिया३ मिच्छादंसणवत्तिया४ अपच्चक्खाणकिरिया५ दिट्ठिया६ पुट्ठिया७ पाडुच्चिया८ सामंतोवणिवाइया९

પરહસ્તપારિતાપનિકી. તેમાં પોતાના હાથે (=સ્વયં બીજાને કે પોતાને) દુઃખ ઉત્પન્ન કરનારને પહેલી અને બીજાના હાથે દુઃખ ઉત્પન્ન કરાવનારને બીજીક્રિયા જાણવી. ચોથી ક્રિયા પૂર્ણ થઈ.

**પ્રાણાતિપાતક્રિયા** : પ્રાણાતિપાત શબ્દનો અર્થ સ્પષ્ટ જ છે. તદ્વિષયક જે ક્રિયા તે પ્રાણાતિપાતક્રિયા. આ પણ બે પ્રકારે – સ્વપ્રાણાતિપાત અને પરપ્રાણાતિપાતક્રિયા. તેમાં પોતાના પ્રાણોનો નાશ કરનારને પ્રથમ અને બીજાના પ્રાણોને નાશ કરનારને બીજી પરપ્રાણાતિપાતક્રિયા જાણવી. જેમ કે, કોઈ જીવ સંસારમાં કંટાળવાથી અથવા સ્વર્ગાદિની પ્રાપ્તિ માટે પર્વત ઉપરથી પડવા વિગેરે દ્વારા પોતાના પ્રાણોનો નાશ કરે છે. તથા કોઈ જીવ ક્રોધ, માન, માયા, લોભ અને મોહને વશ થઈને બીજાના પ્રાણોનો નાશ કરે છે. તે આ પ્રમાણે – **ક્રોધથી** ક્રોધિત થયેલો અથવા રોષે ભરાયેલો બીજાને મારી નાખે, **માનથી**–જાતિ વિગેરેથી અપમાનિત થયેલો (જેમ કે તારી તો જાતિ હલકી છે વિગેરે બોલવા દ્વારા અપમાનિત થયેલો) બીજાને મારી નાખે. **માયાથી** પોતાની ઉપર વિશ્વાસ ઉત્પન્ન કરાવીને અપકારીને માયાથી મારી નાખે. **લોભથી**–કાલસૌકરિકનામના કસાઈએ પાડાઓને મારી નાખ્યા. **અજ્ઞાનથી**–સંસારમોચકમત (જેમ કે, આ મતના અનુયાયીઓ એવું માને છે કે અસાધ્ય એવી પીડાથી રિબાતા મનુષ્યને મારી નાખતા પીડાથી છુટકારો થતાં મારનારને પુણ્ય બંધાય. આવી અજ્ઞાનતાને કારણે તેઓ અન્યને મારી નાખે.) અથવા સ્મૃતિનામના જૈનેતર ગ્રંથમાં કહેવાયેલ યજ્ઞ (કે જેમાં સ્વર્ગાદિ સુખો માટે બલિ આપવામાં આવે છે. આ એમનું અજ્ઞાન છે. આવી અજ્ઞાનતાને કારણે પશુઓનો વધ કરે છે.) પાંચમી ક્રિયા કહેવાઈ ગઈ.

અહીં ક્રિયાનું પ્રકરણ હોવાથી સૂત્રમાં નહીં કહેવાયેલી એવી પણ બીજી વીસ ક્રિયાઓ શિષ્યના હિત માટે દેખાડાય છે. તે આ પ્રમાણે – (૧) આરંભિકી, (૨) પારિગ્રહિકી, (૩) માયાપ્રત્યયિકી, (૪) મિથ્યાદર્શનપ્રત્યયિકી, (૫) અપચ્ચક્ખાણક્રિયા, (૬) દષ્ટિકા, (૭) સ્પૃષ્ટિકા, (૮) પ્રાતીત્યિકી,

१. तद्यथा-आरम्भिकी पारिग्रहिकी मायाप्रत्ययिकी मिथ्यादर्शनप्रत्ययिकी अप्रत्याख्यानक्रिया दृष्टिका स्पृष्टिका प्रातीत्यिकी सामन्तोपनिपातिकी

**[२]नेसत्थिया१० साहत्थिया११ आणमणिया१२ वियारणिया१३ अणाभोगवत्तिया१४ अणवकंखवत्तिया१५ पओगकिरिया१६ समुयाणकिरिया१७ पेज्जवत्तिया१८ दोसवत्तिया१९ ईरियावहिया२० चेत्ति, तत्थारंभिया दुविहा-जीवारंभिया य अजीवारंभिया य, जीवारंभिया-जं जीवे आरंभइ, अजीवारंभिया-अजीवे आरंभइ१, पारिग्गहिया किरिया दुविहा-जीवपारिग्गहिया अजीवपारिग्गहिया य, जीवपारिग्गहिया-जीवे परिगिण्हइ, अजीवपारिग्गहिया-अजीवे परिगिण्हइ२, मायावत्तिया किरिया दुविहा-आयभाववंचणा य परभाववंचणा य, आयभाववंचणा अप्पणोच्चयं भावं गूहइ नियडीमंतो उज्जुयभावं दंसेइ, संजमाइसिढिलो वा करणफडाडोवं दरिसेइ, परभाववंचणा तं तं आयरति जेण परो वंचिज्जइ कूडलेहकरणाईहिं ३, मिच्छादंसणवत्तिया किरिया दुविहा-अणभिग्गहियमिच्छादंसणवत्तिया य अभिग्गहियमिच्छादंसणवत्तिया य,**

(૯) સામન્તોપનિપાતિકી, (૧૦) નૈસૃષ્ટિકી, (૧૧) સ્વાહસ્તિકી, (૧૨) આજ્ઞાપનિકી, (૧૩) વૈદારણિકી અથવા વૈચારણિકી, (૧૪) અનાભોગપ્રત્યયિકી, (૧૫) અનવકાંક્ષાપ્રત્યયિકી, (૧૬) પ્રયોગક્રિયા, (૧૭) સમુદાનક્રિયા, (૧૮) રાગપ્રત્યયિકી, (૧૯) દ્વેષપ્રત્યયિકી, અને (૨૦) ઐર્યાપથિકી.

(૧) તેમાં **આરંભિકી** બે પ્રકારે – જીવારંભિકી અને અજીવારંભિકી. જીવોનો જે આરંભ=હિંસા કરે તે જીવારંભિકી, અને અજીવોનો આરંભ કરે તે અજીવારંભિકી. (૨) **પારિગ્રહિકી** બે પ્રકારે – જીવપારિગ્રહિકી અને અજીવપારિગ્રહિકી. જેમાં જીવોનો પરિગ્રહ કરે તે જીવપારિગ્રહિકી અને જેમાં અજીવોનો પરિગ્રહ કરે તે અજીવપારિગ્રહિકી. (૩) **માયાપ્રત્યયિકી** બે પ્રકારે–આત્મભાવવંચના અને પરભાવવંચના. આત્મભાવવંચના એટલે માયાવી પોતાના આંતરિકભાવોને છુપાવે અને પોતાની સરળતા દેખાડે. અથવા સંયમ વિગેરેમાં શિથિલ પોતે બહારથી ક્રિયાઓના આડંબરને એટલે કે બહારથી પુષ્કળ ક્રિયાચુસ્તતા દેખાડે. પરભાવવંચના એટલે પોતે ખોટા લેખ લખવા વિગેરેદ્વારા તે તે વસ્તુને આચરે કે જેથી સામેવાળો ઠગાઈ જાય. (એટલે કે સામેવાળા સાથે એવું વર્તન કરે કે જેથી સામેવાળો વિશ્વાસ મુકતો થઈ જાય અને જ્યારે અવસર આવે ત્યારે માયાપૂર્વક ખોટા લેખો વિગેરેદ્વારા સામેવાળાને ઠગી જાય.)

(૪) **મિથ્યાદર્શનપ્રત્યયિકી** બે પ્રકારે– અનાભિગ્રહિકમિથ્યાદર્શનપ્રત્યયિકી અને

२. नैःसृष्टिकी स्वाहस्तिकी आज्ञापनिकी विदारणिकी अनाभोगप्रत्ययिकी अनवकाङ्क्षाप्रत्ययिकी प्रयोगक्रिया समुदानक्रिया प्रेमप्रत्ययिकी द्वेषप्रत्ययिकी ऐर्यापथिकी चेति । तत्रारम्भिकी द्विविधा-जीवारम्भिकी अजीवारम्भिकी च, जीवारम्भिकी यज्जीवान् आरम्भयति, अजीवारम्भिकी अजीवानारम्भयति, पारिग्रहिकी क्रिया द्विविधा-जीवपारिग्रहिकी अजीवपारिग्रहिकी च, जीवपारिग्रहिकी जीवान् परिगृह्णाति, अजीवपारिग्रहिकी अजीवान् परिगृह्णाति, मायाप्रत्ययिकी क्रिया द्विविधा-आत्मभाववञ्चना च परभाववञ्चना च, आत्मभाववञ्चना आत्मीयं भावं निगूहति निकृतिमान् ऋजुभावं दर्शयति, संयमादिशिथिलो वा करणस्फटाटोपं दर्शयति, परभाववञ्चना तत्तदाचरति येन परो वञ्च्यते कूटलेखकरणादिभिः, मिथ्यादर्शनप्रत्ययिकी क्रिया द्विविधा-अनभिगृहीतमिथ्यादर्शनप्रत्ययिकी च अभिगृहीतमिथ्यादर्शनप्रत्ययिकी च,

[3]अणभिगगहियमिच्छादंसणवत्तिया असंणीण संणीणवि जेहिं न किंचि कुतित्थियमयं पडिवण्णं४, अभिग्गहियमिच्छादंसणवत्तिया किरिया दुविहा-हीणाइरित्तदंसणे य तव्वइरित्तदंसणे य, हीणा जहा-अंगुट्ठपव्वमेत्तो अप्पा जवमेत्तो सामागतंदुलमेत्तो वालग्गमेत्तो परमाणुमेत्तो हृदये जाज्वल्यमानस्तिष्ठति भ्रूललाटमध्ये वा इत्येवमादि, अहिगा जहा-पंचधणुसइगो अप्पा सव्वगओ अकत्ता अचेयणो इत्येवमादि, एवं हीणाइरित्तदंसणं, तव्वइरित्तदंसणं-नास्त्येवाऽऽत्माऽऽत्मीयो वा भावः नास्त्ययं लोकः न परलोकः असत्स्वभावाः सर्वभावा इत्येवमादि, अपच्चक्खाणकिरिया अविरतानामेव, तेषां न क्वचिद् विरतिरस्ति, सा दुविहा-जीवअपच्चक्खाणकिरिया

આભિગ્રહિકમિથ્યાદર્શનપ્રત્યયિકી. તેમાં અનાભિગ્રહિકમિથ્યાદર્શનપ્રત્યયિકી એ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોને હોય છે. તથા સંજ્ઞી પંચેન્દ્રિયજીવોમાં પણ જે જીવોએ હજુ સુધી કોઈ કુતિર્થિકોના મતને સ્વીકાર્યો નથી. (અર્થાત્ જૈનમત તો નથી જ સ્વીકાર્યો, પણ કુમત પણ જેને હજુ સ્વીકાર્યો નથી) તેવા જીવોને આ ક્રિયા હોય છે.

આભિગ્રહિકમિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા બે પ્રકારે છે – હીનાતિરિક્તમતમાં અને તદ્વ્યતિરિક્તદર્શનમાં. હીનમત આ પ્રમાણે – આત્મા અંગૂષ્ઠના પર્વ જેટલો છે, અથવા જવના દાણા જેટલો આત્મા છે, અથવા શ્યામાગ (ચોખાની જાતિવિશેષ) ચોખા પ્રમાણ આત્મા છે, અથવા વાળના અગ્રભાગ જેટલો છે, અથવા પરમાણુ જેટલો છે. આવો તે આત્મા હૃદયમાં દીપતો રહ્યો છે. અથવા બે ભવા અને કપાળના મધ્યમાં રહેલો છે. (આ મત હીન છે કારણ કે આત્મા સંપૂર્ણ શરીરને વ્યાપીને રહ્યો છે.)

અધિકમત આ પ્રમાણે– પાંચસો ધનુષપ્રમાણ એવો આત્મા છે અથવા સર્વવ્યાપી છે, અકર્તા, અચેતન છે વિગેરે. (ખરેખર તો આ આત્મા શરીરવ્યાપી, કર્તા અને ચેતન છે. માટે જે આ લોકો આત્માને સર્વવ્યાપી માને છે તેથી તેઓ અધિકમત તરીકે કહેવાય છે. તે મિથ્યામત છે.) આ પ્રમાણે હીનાતિરિક્ત આ દર્શન=મત થયો. આ લોકોની ક્રિયા આભિગ્રહિકમિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા જાણવી. તથા તદ્વ્યતિરિક્તમત આ પ્રમાણે – આત્મા નથી અથવા પોતાની વિદ્યમાનતા નથી. આ લોક નથી કે પરલોક નથી, સર્વ પદાર્થો અસત્સ્વભાવવાળા એટલે કે મિથ્યા છે વિગેરે. આ લોકોની ક્રિયા પણ આભિગ્રહિકમિથ્યાદર્શનપ્રત્યયિકી છે.

(૫) **અપચ્ચક્ખાણક્રિયા** અવિરતોને જ જાણવી, કારણ કે તેઓને કોઈ વિષયમાં વિરતિ હોતી નથી. આ ક્રિયા બે પ્રકારે છે – જીવઅપચ્ચક્ખાણક્રિયા અને અજીવઅપચ્ચક્ખાણક્રિયા.

३. अनभिगृहीत-मिथ्यादर्शनप्रत्ययिकी असंज्ञिनां संज्ञिनामपि यैर्न किञ्चित् कुतीर्थिकमतं प्रतिपन्नं, अभिगृहीतमिथ्यादर्शन-प्रत्ययिकी क्रिया द्विविधा-हीनातिरिक्तदर्शने च तद्व्यतिरिक्तदर्शने च, हीना यथा अङ्गुष्ठपर्वमात्र आत्मा यवमात्रः श्यामाकतन्दुलमात्रो वालाग्रमात्रः परमाणुमात्रः, अधिका यथा पञ्चधनुःशतिक आत्मा सर्वगतोऽकर्त्ता अचेतनः, एवं हीनातिरिक्तदर्शनं, तद्व्यतिरिक्तदर्शनं, अप्रत्याख्यानक्रिया, सा द्विविधा-जीवाप्रत्याख्यानक्रिया

[४]अजीवअपच्चक्खाणकिरिया य, न केसुइ जीवेसु अजीवेसु वा विरती अत्थित्ति ५, दिट्ठिया किरिया दुविहा, तंजहा-जीवदिट्ठिया य अजीवदिट्ठिया य, जीवदिट्ठिया आसाईणं चक्खुदंसणवत्तियाए गच्छइ, अजीवदिट्ठिया चित्तकम्माईणं६, पुट्ठिया किरिया दुविहा पण्णत्ता-जीवपुट्ठिया अजीवपुट्ठिया य, जीवपुट्ठिया जो जीवाहियारं पुच्छइ रागेण वा दोसेण वा, अजीवपुट्ठिया अजीवाहिगारं वा, अहवा पुट्ठियत्ति फरिसणकिरिया, तत्थ जीवफरिसणकिरिया इत्थीं पुरिसं नपुंसगं वा स्पृशति, संघट्टेइत्ति भणियं होइ, अजीवेसु सुहनिमित्तं मियलोमाइ वत्थजायं मोत्तिगादि वा रयणजायं स्पृशति७, पाडुच्चिया किरिया दुविहा-जीवपाडुच्चिया अजीवपाडुच्चिया य, जीवं पडुच्च जो बंधो सा जीवपाडुच्चिया, जो पुण अजीवं पडुच्च रागदोसुब्भवो सा

---

જીવને વિશે વિરતિ ન હોવી તે જીવ–અપચ્ચક્ખાણક્રિયા અને અજીવને વિશે વિરતિ ન હોવી તે અજીવ–અપચ્ચક્ખાણક્રિયા.

**(૬) દૃષ્ટિકાક્રિયા** બે પ્રકારની છે. તે આ પ્રમાણે– જીવદૃષ્ટિકા અને અજીવદૃષ્ટિકા. તેમાં ઘોડા વિગેરે જીવોને જોવા માટે જે જવાની ક્રિયા તે જીવદૃષ્ટિકા અને ચિત્રો વિગેરે અજીવ વસ્તુને જોવા માટે જે જવાની ક્રિયા તે અજીવદૃષ્ટિકાક્રિયા.

**(૭) સ્પૃષ્ટિકા અથવા પૃચ્છિકાક્રિયા** બે પ્રકારે કહેવાયેલી છે.– (અહીં પ્રથમ પૃચ્છિકાક્રિયા બે પ્રકારે જણાવે છે–) જીવપૃચ્છિકા એટલે કે રાગ કે દ્વેષથી જીવસંબંધી જે પૂછે (તેની આ પૂછવાની ક્રિયા) જીવપૃચ્છિકાક્રિયા જાણવી. એ જ રીતે જે અજીવસંબંધી રાગ કે દ્વેષથી પૂછે તેની અજીવપૃચ્છિકાક્રિયા જાણવી. અથવા 'સ્પૃષ્ટિકા' શબ્દ જાણવો. તેથી સ્પર્શનક્રિયા બે પ્રકારે. તેમાં જીવસ્પર્શનક્રિયા એટલે (રાગ કે દ્વેષથી) સ્ત્રીને, પુરુષને કે નંપુંસકને સ્પર્શે અર્થાત્ સંઘટ્ટો કરે. તથા અજીવસ્પર્શનક્રિયા એટલે સુખ માટે હરણની રૂંવાટી વિગેરેમાંથી બનેલા વસ્ત્રસમૂહને કે મોતીને વિગેરે રત્નસમૂહને સ્પર્શે.

**(૮) પ્રાતીત્યિકી** ક્રિયા બે પ્રકારે છે – જીવપ્રાતીત્યિકી અને અજીવપ્રાતીત્યિકી. તેમાં જીવને આશ્રયીને (રાગ–દ્વેષ કરવા દ્વારા) જે કર્મબંધ તે જીવપ્રાતીત્યિકી અને અજીવને આશ્રયીને રાગ–દ્વેષ કરવા દ્વારા જે કર્મબંધ તે અજીવપ્રાતીત્યિકીક્રિયા.

---

४. अजीवाप्रत्याख्यानक्रिया च, न केषुचिज्जीवेषु अजीवेषु वा विरतिरस्तीति, दृष्टिका क्रिया द्विविधा, तद्यथा-जीवदृष्टिका च अजीवदृष्टिका च, जीवदृष्टिका अश्वादीनां चक्षुर्दर्शनप्रत्ययाय गच्छति, अजीवदृष्टिका चित्रकर्मादीनां, पृच्छिका क्रिया द्विविधा प्रज्ञप्ता-जीवपृच्छिका अजीवपृच्छिका च, जीवपृच्छिका यो जीवाधिकारं पृच्छति रागेण वा द्वेषेण वा, अजीवपृच्छिका अजीवाधिकारं वा, अथवा स्पृष्टिकेति स्पर्शनक्रिया, तत्र जीवस्पर्शनक्रिया स्त्रियं पुरुषं नपुंसकं वा संघट्टयतीति भणितं भवति, अजीवेषु सुखनिमित्तं मृगलोमादिवस्त्रजातं मौक्तिकादि वा रत्नजातं, प्रातीत्यिकी क्रिया द्विविधा-जीवप्रातीत्यिकी *अजीवप्रातीत्यिकी च, जीवं प्रतीत्य यो* बन्धः सा जीवप्रातीत्यिकी, यः पुनरजीवं प्रतीत्य रागद्वेषोद्भवः सा

अजीवपाडुच्चिया[५] ८, सामंतोवणिवाइया समन्तादनुपततीति सामंतोवणिवाइया सा दुविहा-जीवसामंतोवणिवाइया य अजीवसामंतोवणिवाइया य, जीवसामंतोवणिवाइया जहा-एगस्स संडो तं जणो जहा जहा पलोएइ पसंसइ य तहा तहा सो हरिसं गच्छइ, अजीवेवि रहकम्माई, अहवा सामंतोवणिवाइया दुविहा-देससामंतोवणिवाइया य सव्वसामंतोवणिवाइया य, देससामंतोवणिवाइया प्रेक्षकान् प्रति यत्रैकदेशेनाऽऽगमो भवत्यसंयतानां सा देससामंतोवणिवायिा, सव्वसामंतोवणिवाइया य यत्र सर्वतः समन्तात् प्रेक्षकाणामागमो भवति सा सव्वसामंतोवणिवाइया, अहवा समन्तादनुपतन्ति प्रमत्तसंजयाणं अन्नपाणं प्रति अवंगुरिते संपातिमा सत्ता विणस्संति९, नेसत्थिया किरिया दुविहा-जीवनेसत्थिया अजीवनेसत्थिया य, जीवनेसत्थिया रायाइसंदेसाउ

---

(૯) **सामन्तोपनिपातिकीक्रिया :** ચારેબાજુથી આવે (અર્થાત્ પોતાની વસ્તુ પ્રત્યે ચારેબાજુથી લોકોને આવતા જોઈને હર્ષ–શોકવડે જે કર્મબંધ તે સામન્તોપનિપાતિકીક્રિયા इति दीपिकायां.) આ ક્રિયા બે પ્રકારે છે– જીવસામન્તોપનિપાતિકી અને અજીવસામન્તોપનિપાતિકી. તેમાં જીવસામન્તોપનિપાતિકીનું ઉદાહરણ આ પ્રમાણે–કોઈ એક વ્યક્તિ પાસે સાંઢ છે. તેને લોકો જેમ જેમ જોવા માટે આવે અને તેની પ્રશંસા કરે, તેમ તેમ તે વ્યક્તિ હર્ષ પામે છે. (આમ જીવસંબંધી હર્ષ થવાથી જે કર્મબંધ થાય તે જીવસામન્તોપનિપાતિકી.) એ જ રીતે અજીવમાં રથકર્મ વિગેરે=રથ વિગેરેને (જોઈને લોક પ્રશંસા કરે અને તેથી હર્ષ પામવા દ્વારા જે કર્મબંધ થાય તે અજીવસામન્તોપનિપાતિકીક્રિયા જાણવી.)

અથવા સામન્તોપનિપાતિકી બે પ્રકારે જાણવી – દેશસામન્તોપનિપાતિકી અને સર્વસામન્તોપનિપાતિકી. તેમાં પ્રેક્ષકોને આશ્રયીને જ્યાં અસંયતોનું =ગૃહસ્થોનું દેશથી=અમુકલોકોનું આગમન થતું હોય (અર્થાત્ અમુક સ્થાનેથી જ્યાં લોકો આવતા હોય) તે દેશસામન્તોપનિપાતિકી તથા જ્યાં ચારે બાજુથી પ્રેક્ષક લોકો આવતા હોય તે સર્વસામન્તોપનિપાતિકીક્રિયા. અથવા પ્રમત્તસાધુઓના નહીં ઢાંકેલા એવા અન્ન–પાનમાં ચારેબાજુથી સંપાતિમ જીવો આવીને પડે અને મરે છે (તેમાં જે કર્મબંધ થાય તે) સામન્તોપનિપાતિકી ક્રિયા જાણવી.

(૧૦) **नैसृष्टिकीक्रिया** બે પ્રકારે છે – જીવનૈસૃષ્ટિકી અને અજીવનૈસૃષ્ટિકી. તેમાં જીવનૈસૃષ્ટિકી–રાજા[11] વિગેરેના આદેશથી યંત્ર વિગેરેદ્વારા કૂવા વિગેરેમાંથી પાણીને બહાર કાઢવું.

---

५. अजीवप्रातीत्यिकी, सामन्तोपनिपातिकी-सामन्तोपनिपातिकी सा द्विविधा-जीवसामन्तोपनिपातिकी चाजीवसामन्तोपनिपातिकी च, जीवसामन्तोपनिपातिकी यथा एकस्य षण्डस्तं जनो यथा यथा प्रलोकते प्रशंसति च तथा तथा स हर्षं गच्छति, अजीवानपि रथकर्मादीनि, अथवा सामन्तोपनिपातिकी द्विविधा-देशसामन्तोपनिपातिकी च सर्वसामन्तोपनिपातिकी च, देशसामन्तोपनिपातिकी-सा देशसामन्तोपनिपातिकी, सर्वसामन्तोपनिपातिकी च-सा सर्वसामन्तोपनिपातिकी, अथवा प्रमत्तसंयतानामन्नपानं प्रति अनाच्छादिते संपातिमाः सत्त्वा विनश्यन्ति, नैःसृष्टिकी क्रिया द्विविधा-जीवनैःसृष्टिकी अजीवनैःसृष्टिकी च, जीवनैःसृष्टिकी राजादिसंदेशात्

जहा[६] उदगस्स जंतादीहिं, अजीवनेसत्थिया जहा पाहाणकंडाईणि गोफणधणुहमाइहिं निसिरइ, अहवा नेसत्थिया जीवे जीवं निसिरइ पुत्तं सीसं वा, अजीवे सूत्रव्यपेतं निसिरइ वस्त्रं पात्रं वा, सृज विसर्ग इति१०, साहत्थिया किरिया दुविहा-जीवसाहत्थिया अजीवसाहत्थिया य, जीवसाहत्थिया जं जीवेण जीवं मारेइ, अजीवसाहत्थिया जहा-असिमाईहिं, अहवा जीवसाहत्थिया जं जीवं सहत्थेण तालेइ, अजीवसाहत्थिया अजीवं सहत्थेण तालेइ वत्थं पत्तं वा११, आणमणिया किरिया दुविहा-जीवआणमणिया अजीवआणमणिया य, जीवाणमणी जीवं आज्ञापयति परेण, अजीवं वा आणवावेइ१२, वेयारणिया दुविहा-जीववेयारणिया य अजीववेयारणिया य, जीववेयारणिया जीवं विदारेइ, स्फोटयतीत्यर्थः, एवमजीवमपि, अहवा जीवमजीवं वा अभासिएसु

(તે રાજા વિગેરેરૂપ જીવના આદેશથી થયેલ હોવાથી જીવનૈસૃષ્ટિકીક્રિયા.) તથા ગોફણ (પથ્થરને દૂર સુધી ફેંકવા માટેનું સાધનવિશેષ.) , ધનુષ્ય વિગેરેમાંથી પથ્થર, બાણ વિગેરે જે ક્રિયામાં નીકળે છે તે ક્રિયા અજીવનૈસૃષ્ટિકી જાણવી. અથવા [H]ગુરુ વિગેરે જીવમાં (=ગુરુ વિગેરેને) પોતાનો શિષ્ય કે પુત્ર અવિધિવડે આપે = સોંપે તે જીવનૈસૃષ્ટિકી, તથા [11]અનાભોગ વિગેરેને કારણે ગ્રહણ થયેલ અકલ્પ્ય વસ્ત્ર કે પાત્રને સૂત્રથી રહિત=અવિધિથી અજીવમાં=અચિત્તસ્થંડિલાદિમાં ત્યાગે=મૂકે તે અજીવનૈસૃષ્ટિકી ક્રિયા. અહીં સૃજ્ ધાતુ ત્યાગવું, આપવું વિગેરે અર્થમાં જાણવો.

(૧૧) **સ્વાહસ્તિકીક્રિયા** બે પ્રકારે છે– જીવસ્વાહસ્તિકી અને અજીવસ્વાહસ્તિકી. જેમાં જીવ જીવને મારે તે જીવસ્વાહસ્તિકી. તથા જેમાં તલવાર વિગેરે દ્વારા મારે તે અજીવસ્વાહસ્તિકીક્રિયા. અથવા જેમાં જીવ બીજા જીવને પોતાના સ્વહસ્તે માર મારે તે જીવસ્વાહસ્તિકી. તથા જેમાં અજીવ એવા વસ્ત્ર કે પાત્રને પોતાના હાથે મારે તે અજીવસ્વાહસ્તિકીક્રિયા.

(૧૨) **આજ્ઞાપનિકીક્રિયા** બે પ્રકારે છે– જીવઆજ્ઞાપનિકી અને અજીવઆજ્ઞાપનિકી. તેમાં બીજા દ્વારા જીવને આજ્ઞા કરાવે તે જીવઆજ્ઞાપનિકી. અથવા (વિદ્યા–મંત્રદ્વારા) અજીવાત્મક એવી જડ વસ્તુને કોઈક કાર્ય કરવા આજ્ઞા આપે તે અજીવઆજ્ઞાપનિકા.

(૧૩) **વૈદારણિકીક્રિયા** બે પ્રકારે છે– જીવવૈદારણિકી અને અજીવવૈદારણિકી. તેમાં જીવના ટુકડા કરે તે જીવવૈદારણિકી. એ જ પ્રમાણે અજીવવસ્તુના ટુકડા કરે તે અજીવવૈદારણિકી. અથવા સ્વભાષાને નહીં જાણનારાઓમાં જીવ કે અજીવને વેચતો પુરુષ અથવા દ્વિભાષિક પુરુષ તે જીવ

६. यथा यंत्रादिभिरुदकस्य, अजीवनैःसृष्टिकी यथा पाषाणकाण्डादीनि गोफणधनुरादिभिर्निसृज्यन्ते, अथवा नैःसृष्टिकी जीवे जीवं निसृजति पुत्रं शिष्यं वा, अजीवे निसृजति, स्वाहस्तिकी क्रिया द्विविधा-जीवस्वाहस्तिकी अजीवस्वाहस्तिकी च, जीवस्वाहस्तिकी यज्जीवेन जीवं मारयति, अजीवस्वाहस्तिकी यथाऽस्यादिभिः, अथवा जीवस्वाहस्तिकी यज्जीवं स्वहस्तेन ताडयति, अजीवस्वाहस्तिकी अजीवं स्वहस्तेन ताडयति वस्त्रं पात्रं वा, आज्ञापनिकी क्रिया द्विविधा-जीवाज्ञापनिकी अजीवाज्ञापनिकी च, जीवाज्ञापनी जीवमाज्ञापयति परेण, अजीवं वाऽऽज्ञापयति, विक्रीणानो द्विविधा, जीवविदारणिकी च अजीवविदारणिकी च, जीवविदारणिकी जीवं विदारयति, एवमजीवमपि, अथवा जीवमजीवं वा अभाषिकेषु

[७] **विक्केमाणो दोभासिउ वा विदारेइ परियच्छावेइत्ति भणियं होइ, अहवा जीवं वियारेइ असंतगुणेहिं एरिसो तारिसो तुमंति, अजीवं वा वेतारणबुद्धीए भणइ-एरिसं एयंति१३, अणाभोगवत्तिया किरिया दुविहा-अणाभोगआदियणा य अणाभोगणिक्खिवणा य, अणाभोगो-अन्नाणं आदियणा-गहणं निक्खिवणं-ठवणं, तं गहणं निक्खिवणं वा अणाभोगेण अपमज्जियाइ गिण्हइ निक्खिवइत्ति वा, अहवा अणाभोगकिरिया दुविहा-आयाणनिक्खिवणअणाभोगकिरिया य उक्कमण-अणाभोगकिरिया य, तत्थादाणनिक्खिवणअणाभोगकिरिया रओहरणेण अपमज्जियाइ पत्तचीवराणं आदाणं णिक्खेवं वा करेइ, उक्कमणअणाभोगकिरिया लंघणपवणधावणअसमिक्ख-गमणागमणाइ१४, अणवकंखवत्तिया किरिया दुविहा-इहलोइयअणवकंखवत्तिया य परलोइयअणवकंखवत्तिया य, इहलोइयअणवकंखवत्तिया लोगविरुद्धाइं चोरिक्काईणि करेइ**

---

કે અજીવને વિદારે છે એટલે કે દેખાડે છે (અર્થાત્ જીવ કે અજીવને વેચવા માટે સામેવાળાને તે જીવ કે અજીવ દેખાડે છે.) અથવા (વિતારણ=પ્રતારણ=ઠગવું અર્થ કરવો તેથી) જીવને અસદ્ભૂતગુણોવડે એટલે કે તું આવો છે, તેવો છે એમ કહી ઠગે છે અથવા (સામેવાળાને) ઠગવાની બુદ્ધિથી અજીવવસ્તુને 'આ આવા પ્રકારની છે' એમ કહે છે.

(૧૪) **અનાભોગપ્રત્યયિકીક્રિયા** બે પ્રકારે છે – અનાભોગથી ગ્રહણ કરવું અને અનાભોગથી મૂકવું. અહીં અનાભોગ એટલે અજ્ઞાન. આદિયના એટલે ગ્રહણ કરવું અને નિક્ષેપન એટલે મૂકવું. અજ્ઞાનને કારણે પ્રમાર્જનાદિ કર્યા વિના ગ્રહણ કરે અથવા મૂકે તે અનાભોગપ્રત્યયિકી ક્રિયા. અથવા અનાભોગક્રિયા બે પ્રકારે છે – આદાનનિક્ષેપણાનાભોગક્રિયા અને ઉત્ક્રમણાનાભોગક્રિયા. તેમાં રજોહરણવડે પ્રમાર્જના વિગેરે કર્યા વિના પાત્રા કે વસ્ત્રોનું ગ્રહણ કરે કે નીચે મૂકે તે આદાનનિક્ષેપણાનાભોગક્રિયા. તથા ઉલ્લંઘન, કૂદકા મારવા, દોડવું, ગમન, આગમન વિગેરે (કરવું જ પડે ત્યારે) જોયા વિના કરવું તે ઉત્ક્રમણાનાભોગક્રિયા.

(૧૫) **અનવકાંક્ષાપ્રત્યયિકીક્રિયા** બે પ્રકારે છે – આલોકઅનવકાંક્ષાપ્રત્યયિકી અને પરલોકઅનવકાંક્ષાપ્રત્યયિકી. તેમાં ચોરી વિગેરે લોકવિરુદ્ધ કૃત્યો કરે કે જેથી આલોકમાં જ વધ–

---

७. विक्रीणानो द्वैभाषिको वा विदारयति, परिदर्शयति इति भणितं भवति, अथवा जीवं विचारयति असद्भिर्गुणैरीदृशस्तादृशस्त्वमिति, अजीवं वा विप्रतारणबुद्ध्या भणति-ईदृशमेतदिति, अनाभोगप्रत्ययिकी क्रिया द्विविधा-अनाभोगादानजा अनाभोगनिक्षेपजा च, अनाभोगो-अज्ञानं आदानं-ग्रहणं निक्षेपणं-स्थापनं, तद् ग्रहणं स्थापनं वाऽनाभोगेनाप्रमार्जितादि गृह्णाति निक्षिपति वा, अथवा अनाभोगक्रिया द्विविधा-आदाननिक्षेपणानाभोगक्रिया च उत्क्रमणानाभोगक्रिया च, तत्रादाननिक्षेपानाभोगक्रिया रजोहरणेनाप्रमार्ज्य पात्रचीवरादीनामादानं निक्षेपं वा करोति, उत्क्रमणानाभोगक्रिया लङ्घनप्लवनधावनासमीक्ष्यगमनागमनादि, अनवकाङ्क्षाप्रत्ययिकी क्रिया द्विविधा-ऐहलौकिकानवकाङ्क्षाप्रत्ययिकी च पारलौकिकानवकाङ्क्षा-प्रत्ययिकी च, ऐहलौकिकानवकाङ्क्षाप्रत्ययिकी लोकविरुद्धानि चौर्यादीनि करोति

[८]जेहिं वहबंधणाणि इह चेव पावेइ, परलोइयअणवकंखवत्तिया हिंसाईणि कम्माणि करेमाणो परलोयं नावकंखइ१५, पओयकिरिया तिविहा पण्णत्ता तं०-मणप्पओयकिरिया वइप्पओयकिरिया कायप्पओयकिरिया य, तत्थ मणप्पओयकिरिया अट्टरुद्दज्झाई इन्द्रियप्रसृतौ अनियमियमण इति, वइप्पओगो-वायाजोगो जो तित्थगरेहिं सावज्जाई गरहिओ तं सेच्छाए भासइ, कायप्पओयकिरिया-कायप्पमत्तस्स गमणागमणकुंचणपसारणाइचेट्ठा कायस्स१६, समुदाणकिरिया समग्गमुपादाणं समुदाणं, समुदाओ अट्ठ कम्माइं, तेसिं जाए उवायाणं कज्जइ सा समुदाणकिरिया, सा दुविहा-देसोवघायसमुदाणकिरिया सव्वोवघायसमुदाणकिरिया य, तत्थ देसोवघाएण समुदाणकिरिया कज्जइ कोइ कस्सइ इंदियदेसोवघायं करेइ, सव्वोवघायसमुदाणकिरिया सव्वप्पयारेण इंदियं

બંધનને પામે તે આલોકઅનવકાંક્ષાપ્રત્યયિકીક્રિયા. તથા હિંસા વિગેરે કર્મોને કરનારો પરલોકની આકાંક્ષા કરતો નથી, (અર્થાત્ પરલોકની ચિંતા કરતો નથી.) તેથી તે પરલોકઅનવકાંક્ષાપ્રત્યયિકીક્રિયા જાણવી.

(૧૬) **પ્રયોગક્રિયા** ત્રણ પ્રકારે કહેવાયેલી છે - (૧) મનપ્રયોગક્રિયા, (૨) વચનપ્રયોગક્રિયા, અને (૩) કાયપ્રયોગક્રિયા. તેમાં ઇન્દ્રિયપ્રચારમાં અનિયમિતમનવાળો આર્ત-રૌદ્રધ્યાન કરે છે તેની તે મનપ્રયોગક્રિયા જાણવી. (૨) તથા તીર્થંકરોએ જે સાવદ્ય વિગેરે વચનયોગની ગર્હા કરી છે. તેવા સાવદ્ય વિગેરે વચનયોગને સ્વેચ્છાએ બોલે તે વચનપ્રયોગક્રિયા. (૩) કાયાથી પ્રમત્ત એવા સાધુની જે કાયાદ્વારા ગમન, આગમન, સંકુચન, પ્રસારણ વિગેરે ચેષ્ટા તે કાયપ્રયોગક્રિયા જાણવી.

(૧૭) **સમુદાનક્રિયા :** ચારે બાજુથી ગ્રહણ થવું તે સમુદાન. અહીં સમુદાય તરીકે આઠ કર્મો જાણવા. તે આઠ કર્મોનું જે ક્રિયાવડે ઉપાદાન થાય તે સમુદાનક્રિયા. આ ક્રિયા બે પ્રકારે છે – દેશોપઘાતસમુદાનક્રિયા અને સર્વોપઘાતસમુદાનક્રિયા. તેમાં દેશના ઉપઘાતવડે સમુદાનક્રિયા તે દેશોપઘાતસમુદાનક્રિયા. જેમ કે, કોઈ વ્યક્તિ કોઈ અન્ય વ્યક્તિની ઇન્દ્રિયનો દેશથી ઉપઘાત કરે તે દેશોપઘાતસમુદાનક્રિયા. તથા સર્વપ્રકારે=સંપૂર્ણ રીતે ઇન્દ્રિયનો નાશ કરે તે સર્વોપઘાતસમુદાનક્રિયા.

८. यैर्वधबन्धनानि इहैव प्राप्नोति, पारलौकिकानवकाङ्क्षाप्रत्ययिकी हिंसादीनि कर्माणि कुर्वन् परलोकं नावकाङ्क्षते, प्रयोगक्रिया त्रिविधा प्रज्ञप्ता, तद्यथा-मनःप्रयोगक्रिया वाक्प्रयोगक्रिया कायप्रयोगक्रिया च, तत्र मनःप्रयोगक्रिया-आर्त्तरौद्रध्यायीन्द्रियप्रसृतौ अनियमितमना इति, वाक्प्रयोगः-वाग्योगः यस्तीर्थकरैः सावद्यादिर्गर्हितस्तं स्वेच्छया भाषते, कायप्रयोगक्रिया कायेन प्रमत्तस्य गमनागमनाकुञ्चनप्रसारणादिः चेष्टा कायस्य, समुदानक्रिया समग्रमुपादानं समुदानं, समुदायोऽष्ट कर्माणि, तेषां ययोपादानं क्रियते सा समुदानक्रिया, सा द्विविधा-देशोपघातसमुदानक्रिया सर्वोपघातसमुदानक्रिया, तत्र देशोपघातेन समुदानक्रिया क्रियते कश्चित् कस्यचिद् इन्द्रियदेशोपघातं करोति, सर्वोपघातसमुदानक्रिया सर्वप्रकारेणेन्द्रियं -

विणासेइ१७, पेज्जवत्तिया पेम्म राग इत्यर्थः, सा दुविहा-मायानिस्सिया लोभनिस्सिया य, अहवा तं वयणं उदाहरइ जेण परस्स रागो भवइ१८, दोसवत्तिया अप्रीतिकारिका सा दुविहा-कोहनिस्सिया य माणनिस्सिया य, कोहनिस्सिया अप्पणा कुप्पइ, परस्स वा कोहमुप्पादेइ, माणणिस्सिया सयं पमज्जइ परस्स वा माणमुप्पाएइ१९, इरियावहिया किरिया दुविहा-बज्जमाणा वेइज्जमाणा य, सा अप्पमत्तसंजयस्स वीयरायछउमत्थस्स केवलिस्स वा आउत्तं गच्छमाणस्स वा आउत्तं चिट्ठमाणस्स वा आउत्तं निसीयमाणस्स वा आउत्तं तुयट्टमाणस्स वा आउत्तं भुंजमाणस्स वा आउत्तं भासमाणस्स वा आउत्तं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं गिण्हमाणस्स निक्खिवमाणस्स वा जाव चक्खुपम्हनिवायमवि सुहुमा किरिया इरियावहिया कज्जइ, सा पढमसमए बद्धा

---

(૧૮) **રાગપ્રત્યયિકીક્રિયા** બે પ્રકારે છે – માયાનિશ્રિત અને લોભનિશ્રિત (અર્થાત્ માયા કે લોભના કારણે પ્રેમ કરનારને રાગપ્રત્યયિકીક્રિયા જાણવી.) અથવા તેવા પ્રકારના વચનો બોલે કે જેના કારણે બીજાને રાગ થાય તે રાગપ્રત્યયિકીક્રિયા.

(૧૯) **દ્વેષપ્રત્યયિકીક્રિયા** એટલે અપ્રીતિને કરનારી ક્રિયા. તે બે પ્રકારે – ક્રોધનિશ્રિત અને માનનિશ્રિત. તેમાં સ્વયં ક્રોધ કરે અથવા બીજાને ક્રોધ ઉત્પન્ન કરાવે તે ક્રોધનિશ્રિત અને સ્વયં અહંકાર કરે કે બીજાને અહં ઉત્પન્ન કરાવે તે માનનિશ્રિત જાણવી.

(૨૦) **ઐર્યાપથિકીક્રિયા** બે પ્રકારે છે – બંધાતી અને અનુભવાતી. ઉપયોગપૂર્વક જનારા, ઉપયોગપૂર્વક ઊભા રહેનારા, ઉપયોગપૂર્વક બેસનારા, ઉપયોગપૂર્વક સૂનારા, ઉપયોગપૂર્વક વાપરનારા, ઉપયોગપૂર્વક બોલનારા, ઉપયોગપૂર્વક વસ્ત્ર-પાત્ર -કાંબળી-રજોહરણ/દંડાસન લેનારા કે મૂકનારા અપ્રમત્તસંયત એવા છદ્મસ્થવીતરાગને (=૧૧, ૧૨માં ગુણસ્થાનવર્તી જીવને) અથવા કેવલિને (=૧૩માં ગુણસ્થાનવર્તી જીવને) આ ક્રિયા હોય છે (આ ગમન વિગેરે સ્થૂલક્રિયા જવા દો.) આવી સ્થૂલક્રિયાઓથી લઈને યાવત્ આંખો ખોલ-બંધ કરવા સમયે પણ આ ઐર્યાપથિકી સૂક્ષ્મક્રિયા કરાય છે, (અર્થાત્ ગમન વિગેરે સ્થૂલક્રિયા સમયે તો ખરો પણ આંખો ખોલ-બંધ કરવા સમયે પણ સૂક્ષ્મ શાતાવેદનીયકર્મ બંધાય છે.) તે ક્રિયા (=તે ક્રિયાસમયે બંધાતું શાતાવેદનીયકર્મ) પ્રથમસમયે બંધાય છે, બીજા સમયે અનુભવાય છે. આ રીતે બંધાયેલી, સ્પર્શાયેલી અને અનુભવાયેલી

---

१. विनाशयति, प्रेमप्रत्ययिकी-सा द्विविधा-मायानिश्रिता लोभनिश्रिता च, अथवा तद्वचनमुदाहरति येन परस्य रागो भवति, द्वेषप्रत्ययिकी, सा द्विविधा-क्रोधनिश्रिता च माननिश्रिता च, क्रोधनिश्रिता आत्मना कुप्यति परस्य वा क्रोधमुत्पादयति, माननिश्रिता स्वयं माद्यति परस्य वा मानमुत्पादयति, ईर्यापथिकी क्रिया द्विविधा-बध्यमाणा च वेद्यमाना च, सा अप्रमत्तसंयतस्य वीतरागच्छद्मस्थस्य केवलिनो वाऽऽयुक्तं गच्छत आयुक्तं तिष्ठत आयुक्तं निषीदत आयुक्तं त्वग्वर्त्तयत आयुक्तं भुञ्जानस्यायुक्तं भाषमाणस्यायुक्तं वस्त्रं पात्रं कम्बलं पादप्रोञ्छनं गृह्णतो निक्षिपतो वा यावच्चक्षुःपक्ष्मनिपातमपि ( कुर्वतः ) सूक्ष्मा क्रिया ईर्यापथिकी क्रियते, सा प्रथमसमये बद्धा

[१०]बिइयसमए वेइया सा बद्धा पुट्ठा वेइया निज्जिण्णा सेअकाले अकंमंसे यावि भवइ । एयाओ पंचवीस किरियाओ ॥

**'पडिक्कमामि पंचहिं कामगुणेहिं-सद्देणं रूवेणं रसेणं गंधेणं फासेणं । पडिक्कमामि पंचहिं महव्वएहिं–पाणाइवायाओ वेरमणं मुसावायाओ वेरमणं अदिण्णादाणाओ वेरमणं मेहुणाओ वेरमणं परिग्गहाओ वेरमणं । पडिक्कमामि पंचहिं समिईहिं– ईरियासमिइए भासासमिइए एसणासमिइए आयाणभंडमत्तनिक्खेवणासमिइए उच्चारपासवणखेलजल्लसिंघाणपारिट्ठावणियासमिइए ॥ सूत्रं ॥**

प्रतिक्रामामि पञ्चभिः कामगुणैः, प्रतिषिद्धकरणादिना प्रकारेण हेतुभूतेन योऽतिचारः कृतः, तद्यथा-शब्देनेत्यादि, तत्र काम्यन्त इति कामाः-शब्दादयस्त एव स्वस्वरूपगुणबन्धहेतुत्वाद्गुणा इति, तथाहि-शब्दाद्यासक्तः कर्मणा बद्ध्यत इति भावना ॥ प्रतिक्रामामि पञ्चभिर्महाव्रतैः करणभूतैर्योऽतिचारः कृतः, औदयिकभावगमनेन यत्खण्डनं कृतमित्यर्थः, कथं पुनः करणता महाव्रतानामतिचारं प्रति ?, उच्यते, प्रतिषिद्धकरणादिनैव, किंविशिष्टानि पुनस्तानि ?

---

ક્રિયા=(શાતાવેદનીયકર્મ) ત્રીજા સમયે નિર્જરાને પામે છે. તથા ભવિષ્યકાળમાં (=ચોથા વિગેરે સમયે) તે ક્રિયા કર્મ વિનાની=અકર્મા થાય છે. (इति भगवतीसूत्रे श. ३ उ. ३, सू. १५६. આ પ્રમાણે પૂર્વની પાંચ અને આ વીસ એમ મળી) પચ્ચીસ ક્રિયાઓ જાણવી.

**સૂત્રાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** પાંચ એવા કામગુણોદ્વારા પ્રતિષિદ્ધનું સેવન વિગેરે પ્રકારે જે અતિચાર મારાવડે સેવાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. તે પાંચ કામગુણો આ પ્રમાણે જાણવા – શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. જે ઇચ્છાય તે કામ એટલે કે શબ્દ વિગેરે. આ શબ્દ વિગેરે જ પોતાના સ્વરૂપરૂપ દોરડાવડે જીવોના બંધનું કારણ હોવાથી ગુણરૂપ=દોરડારૂપ છે. તે આ પ્રમાણે કે શબ્દ વિગેરેમાં આસક્ત જીવ કર્મવડે બંધાય છે. (આમ આ શબ્દ વિગેરે જીવને કર્મ સાથે બાંધતા હોવાથી ગુણરૂપે=દોરડારૂપે છે.)

કરણભૂત એવા પાંચ મહાવ્રતો દ્વારા જે અતિચાર કરાયો છે એટલે કે (ક્ષાયોપશમિકભાવમાંથી) ઔદયિકભાવમાં જવા દ્વારા વ્રતોનું જે ખંડન કર્યું છે તેનું હું પ્રતિક્રમણ કરું છું.

**શંકા :** મહાવ્રતો એ અતિચાર પ્રત્યે કેવી રીતે કરણ બને છે ?

**સમાધાન :** પ્રતિષિદ્ધનું આચરણ કરવા વિગેરેને કારણે જ મહાવ્રતો અતિચાર પ્રત્યે કરણ બને છે. (દા.ત. પ્રાણાતિપાતથી નિવૃત્તિ એ પ્રથમ મહાવ્રત છે. તેથી તેનાથી વિરુદ્ધ પ્રાણાતિપાત કરવાથી પ્રતિષિદ્ધનું આચરણ થયું કહેવાય અને તેથી અતિચાર લાગે છે. આમ અતિચાર લાગવામાં મહાવ્રતો કરણ બને છે.) કેવા પ્રકારના તે મહાવ્રતો છે ? મહાવ્રતોનું સ્વરૂપ કહેવાની ઇચ્છાથી

---

१०. द्वितीयसमये वेदिता सा बद्धा स्पृष्टा वेदिता निर्जीर्णा एष्यत्काले अकर्मांशा चापि भवति, एताः पञ्चविंशतिः क्रियाः।

**तत्स्वरूपाभिधित्सयाऽऽह-प्राणातिपाताद्विरमणमित्यादीनि क्षुण्णत्वान्न विव्रियन्ते, प्रतिक्रामामि पञ्चभिः समितिभिः करणभूताभिर्योऽतिचारः कृतः, तद्यथा-ईर्यासमित्या भाषसमित्येत्यादि, तत्र संपूर्वस्य 'इण् गता'वित्यस्य क्तिन्प्रत्यान्तस्य समितिर्भवति, सम्-एकीभावेनेतिः समितिः, शोभनैकाग्रपरिणामस्य चेष्टेत्यर्थः, ईर्यायां समितिरीर्यासमितिस्तया, ईर्याविषये एकीभावेन चेष्टनमित्यर्थः, तथा च-ईर्यासमितिर्नाम रथशकटयानवाहनाक्रान्तेषु मार्गेषु सूर्यरश्मिप्रतापितेषु प्रासुकविविक्तेषु पथिषु युगमात्रदृष्टिना भूत्वा गमनागमनं कर्तव्यमिति, भाषणं भाषा तद्विषया समितिर्भाषासमितिस्तया, उक्तं च- "भाषासमितिर्नाम हितमितासन्दिग्धार्थभाषणं", एषणा गवेषणादिभेदा शंकितादिलक्षणा वा तस्यां समितिरेषणासमितिस्तया, उक्तं च-"एषणासमितिर्नाम गोचरगतेन मुनिना सम्यगुपयुक्तेन नवकोटीपरिशुद्धं ग्राह्य'मिति, आदानभाण्डमात्रनिक्षेपणासमितिः-**

કહે છે – પ્રાણાતિપાતથી વિરમણ વિગેરે. આ મહાવ્રતોનું સ્વરૂપ પૂર્વે કહી દીધું હોવાથી તે મહાવ્રતોનું વિવેચન અહીં કરાતું નથી.

કરણભૂત એવી પાંચ સમિતિઓને કારણે જે અતિચાર કરાયો તેનું પ્રતિક્રમણ કરું છું. તે પાંચ સમિતિઓ આ પ્રમાણે છે – ઈર્યાસમિતિ, ભાષાસમિતિ વિગેરે. 'इ ' ધાતુ ગતિ અર્થમાં વપરાય છે. 'સમ્' ઉપસર્ગ પૂર્વકના આ ધાતુને क्तिन् પ્રત્યય લાગતા સમિતિ શબ્દ થાય છે. સમિતિ એટલે એકાગ્રતા પૂર્વક ઇતિ તે સમિતિ, અર્થાત્ સુંદર અને એકાગ્ર પરિણામવાળા સાધુની ચેષ્ટા=સંયમવ્યાપાર. ઈર્યાને વિશે જે સમિતિ તે ઇર્યાસમિતિ અર્થાત્ એકાગ્રતાપૂર્વકનું ગમન. (સ્પષ્ટ અર્થ જણાવે છે કે) રથ, ગાડું, યાન કે વાહનથી ખેડાયેલ, સૂર્યના કિરણોથી સ્પર્શાયેલ, (માટે જ) નિર્જીવ અને વનસ્પતિ વિગેરેના સંઘટ્ટનાદિથી વિવિક્ત=રહિત એવા માર્ગમાં યુગમાત્રદષ્ટિવાળા થઈને જે ગમનાગમન કરવું તે ઈર્યાસમિતિ કહેવાય છે. આ ઈર્યાસમિતિના કારણે (અર્થાત્ ઇર્યાસમિતિમાં, અવિધિ કરવાથી જે અતિચાર સેવાયો...)

બોલવું તે ભાષા. તદ્વિષયક જે સમિતિ તે ભાષાસમિતિ, તેના કારણે (જે અતિચાર સેવાયો...) કહ્યું છે – **"હિતકર, પ્રમાણસર અને અસંદેહાત્મક એવા પદાર્થને બોલવો તે ભાષાસમિતિ છે."**

ગવેષણા વિગેરે (=ગવેષણા, ગ્રાસેષણા અને ગ્રહણૈષણા) ભેદોવાળી અથવા શંકિત વિગેરે દશ ભેદોરૂપ જે એષણા, તેને વિશે જે સમિતિ તે એષણાસમિતિ. તેના કારણે (જે અતિચાર સેવાયો...) કહ્યું છે – ગોચરી માટે ગયેલા એવા મુનિએ સારી રીતે ઉપયોગપૂર્વક નવકોટિથી (= પચન, ક્રયન અને હનન આ ત્રણને મન, વચન અને કાયાથી કરણ–કરાવણ અને અનુમોદનરૂપ નવકોટીથી) પરિશુદ્ધ એવું અશનાદિ ગ્રહણ કરવું જોઈએ આ તેની એષણાસમિતિ છે."

આદાનભાંડમાત્રનિક્ષેપણાસમિતિ : ભાંડમાત્ર એટલે ભાંડ = સામાન્યથી વસ્ત્ર–પાત્ર વિગેરે તમામ ઉપકરણો અને તે ઉપકરણો જ ભાંડમાત્ર. (અહીં भाण्डं = उपकरणं, तदेव भाण्डमात्रं આ

**भाण्डमात्रे आदाननिक्षेपविषया समितिः सुन्दरचेष्टेत्यर्थः, तया, इह च सप्त भङ्गा भवन्ति-[११]पत्ताइ न पडिलेहइ ण पमज्जइ चउभंगो, तत्थ चउत्थे चत्तारि गमा-दुप्पडिलेहियं दुप्पमज्जियं चउभंगो, आइल्ला छ अप्पसत्था, चरिमो पसत्थो, उच्चारप्रश्रवणखेलसिंघाणजल्लानां पारिस्थापनिका तद्विषया समितिः सुन्दरचेष्टेत्यर्थः, तया, उच्चारः-पुरीषं, प्रश्रवणं-मूत्रं, खेलः-श्लेष्मा, सिङ्घानं-नासिकोद्भवः श्लेष्मा, जल्लः-मलः, अत्रापि त एव सप्त भङ्गा इति, इह च उदाहरणानि, [१२]ईरियासमिईए उदाहरणं-**

**एगो साहू ईरियासमिईए जुत्तो, सक्कस्स आसणं चलियं, सक्केण देवमज्जे पसंसिओ मिच्छादिट्ठी देवो असद्दहंतो आगओ मच्छियप्पमाणाओ मंडुक्कलियाओ विउव्वइ पच्छओ य हत्थी,**

પ્રમાણે સમાસવિગ્રહ જાણવો.) તેને લેવા–મૂકવાવિષયક જે સુંદર વ્યાપાર તે આદાન-ભાંડમાત્રનિક્ષેપણાસમિતિ. તેના કારણે (જે અતિચાર સેવાયો...) અહીં સાતભાંગા જાણવા–(૧) પાત્રા વિગેરે પડિલેહણ કર્યા નહીં, પ્રમાર્જન કર્યા નહીં. (૨) પડિલેહણ કર્યા, પ્રમાર્જન ન કર્યા. (૩) પડિલેહણ કર્યા નહીં, પ્રમાર્જન કર્યા. (૪) બંને કર્યા. આ ચોથા ભાંગામાં બીજા ચાર પ્રકાર પડે છે – (૧) દુષ્પ્રતિલેખન કર્યું. દુષ્પ્રમાર્જન કર્યું. (૨) સુપ્રતિલેખન કર્યું. દુષ્પ્રમાર્જન કર્યું. (૩) દુષ્પ્રતિલેખન કર્યું. સુપ્રમાર્જન કર્યું. (૪) સુપ્રતિ. સુપ્રમા. કર્યાં. આમ પૂર્વના ત્રણ અને આ ચાર એમ મળીને સાત ભાંગા થાય છે. તેમાં પહેલા છ ભાંગા અપ્રશસ્ત અને છેલ્લો ભાંગો પ્રશસ્ત જાણવો.

ઉચ્ચાર, પ્રશ્રવણ, ખેલ, સિંઘાણ અને જલ્લની પારિસ્થાપનિકાસંબંધી જે સુંદરવ્યાપાર તે પારિસ્થાપનિકાસમિતિ. તેના કારણે (જે અતિચાર...) તેમાં ઉચ્ચાર એટલે વિષ્ટા, પ્રશ્રવણ એટલે માત્રુ, ખેલ એટલે મોંમાંથી નીકળતો ગળફો. સિંઘાણ એટલે નાસિકામાંથી નીકળતો શ્લેષ્મ, જલ્લ એટલે શરીર ઉપર લાગેલ મેલ. આ બધાની પારિસ્થાપનિકા કરવામાં પણ પૂર્વોક્ત સાતભાંગા અહીં પણ જાણી લેવા. હવે આ પાંચે સમિતિના ક્રમશઃ ઉદાહરણ જણાવે છે. તેમાં –

## ❋ ઈર્યાસમિતિ ઉપર વરદત્તમુનિની કથા ❋

એક સાધુ ઈર્યાસમિતિનું પાલન કરે છે. તેમાં શક્રેન્દ્રનું આસન ચલિત થયું. શક્રે દેવોની સભામાં તે સાધુની પ્રશંસા કરી. એક મિથ્યાદૃષ્ટિ દેવ શક્રની વાતની શ્રદ્ધા કરતો નથી. શ્રદ્ધા નહીં કરતો તે દેવ (સાધુની પરીક્ષા માટે આ લોકમાં) આવીને સાધુના જવા–આવવાના માર્ગમાં માખીપ્રમાણ દેડકીઓ વિકુર્વી અને સાધુની પાછળ મત્ત હાથી વિકુર્વ્યો. (એ હાથી મત્ત થયેલો

---

**११. पात्रादि न प्रतिलिख्यति न प्रमार्जयति, चतुर्भङ्गिका, तत्र चतुर्थे चत्वारो गमाः-दुष्प्रतिलेखितं दुष्प्रमार्जितं चतुर्भङ्गी, आद्याः षट् अप्रशस्ताः, चरमः प्रशस्तः । १२. ईर्यासमितावुदाहरणं-एकः साधुरीर्यासमित्या युक्तः, शक्रस्यासनं चलितं, शक्रेण देवमध्ये प्रशंसितः, मिथ्यादृष्टिर्देवोऽश्रद्दधान आगतो मक्षिकाप्रमाणा मण्डूकिका विकुर्वति पृष्ठतश्च हस्ती,**

[१३] गइं णं भिंदइ, हत्थिणा उक्खिविय पाडिओ, न सरीरं पेहइ, सत्ता मे मारितेत्ति जीवदयापरिणओ। अहवा ईरियासमिईए अरहण्णओ, देवयाए पाओ छिण्णो, अण्णाए संधिओ ॥ भासासमिईए-साहू, भिक्खट्ठा नयररोहए कोइ निग्गंथो बाहिं कडए हिडंतो केणइ पुट्ठो-केवइय आसहत्थी तह निचयो दारुधन्नमाईणं ?। णिव्विण्णाऽनिव्विण्णा नागरया +बेंति किं ? समिओ ॥१॥ बेइ ण जाणामोत्ति सज्झायझाणजोगवक्खित्ता । हिंडंता न वि पेच्छह ? नवि सुणह किह हु तो बेति ॥२॥ बहुं सुणेइ कण्णेहीत्यादि ॥ वसुदेवपुव्वजम्मं आहरणं एसणाए समिईए । मगहा नंदिग्गामो

સાધુની પાછળ દોડીને આવે છે. છતાં આગળ દેડકીઓ મરી ન જાય તે માટે) સાધુ દોડતો નથી. (પરંતુ સંપૂર્ણ ઈર્યાસમિતિપૂર્વક આગળ જાય છે.) પાછળથી આવીને હાથીએ સાધુને સૂંઢમા લઈને ઉછાળ્યો અને નીચે ફેંક્યો. નીચે પડેલો તે સાધુ પોતાના શરીર તરફ દષ્ટિ કરતો નથી પરંતુ જીવોની મે વિરાધના કરી એ પ્રમાણે જીવદયાની પરિણતિવાળો થાય છે.

## ❋ અથવા ઈર્યાસમિતિ ઉપર અરહન્નકની કથા ❋

ઈર્યાસમિતિનું બરાબર પાલન ન થતાં મિથ્યાદષ્ટિદેવતાએ અરહન્નકસાધુનો પગ છેદ્યો. જ્યારે સમ્યગ્દષ્ટિદેવતાએ પગ સાંધ્યો. (કથાવિસ્તાર ભા.-૪, પૃ. ૪૭ માં)

## ❋ ભાષાસમિતિ ઉપર સંગતનામના સાધુની કથા ❋

શત્રુરાજા દ્વારા નગરને ચારે બાજુથી ઘેરી લેવામાં આવ્યું ત્યારે કોઈ એક સાધુ નગરની બહાર રહેલા શત્રુસૈન્યમાં ભિક્ષા માટે ફરતો હતો. તે સમયે કોઈ સૈનિકે સાધુને પૂછ્યું કે – "અંદર રહેલા રાજા પાસે કેટલા હાથી–ઘોડા છે ? તથા દારુગોળા, ધાન્ય વિગેરેનો સંચય કેટલો છે ? નગરજનો કંટાળેલા છે કે નહીં ? તેઓ (યુદ્ધવિષયમાં) શું બોલે છે ?

ભાષાસમિતિવડે સમિત એવો તે સાધુ કહે છે – હું કંઈ જાણતો નથી, કારણ કે અમે સ્વાધ્યાય, ધ્યાન, સંયમવ્યાપારમાં લીન હોઈએ છીએ. સૈનિકે પૂછ્યું – "તો શું તમે ગોચરી વિગેરે માટે બહાર ફરતા હો ત્યારે પણ કશું જોતા નથી કે કશું સાંભળતા નથી ?" ત્યારે સાધુ કહે છે–"સાધુ કર્ણોથી ઘણું સાંભળે, આંખોથી ઘણું જુએ, છતાં જોયેલું કે સાંભળેલું બધું કહેવું સાધુને ઉચિત નથી." (આ પ્રમાણે સંગતસાધુની જેમ ભાષાસમિતિનું પાલન કરવું જોઈએ.)

## ❋ એષણાસમિતિ ઉપર નંદિસેણમુનિની કથા ❋

એષણાસમિતિ ઉપર વસુદેવના પૂર્વભવનું દૃષ્ટાન્ત જાણવું –મગધ નામના દેશમાં નંદિગ્રામ

१३. गतिं न भिनत्ति, हस्तिनोत्क्षिप्य पातितः, न शरीराय स्पृहयति, सत्त्वा मया मारिता इति जीवदयापरिणतः॥ अथवेर्यासमितावरहन्नकः, देवतया पादुश्छिन्नः, अन्यया संहितः ॥ भाषासमितौ-साधुः, भिक्षार्थं नगररोधे कोऽपि निर्ग्रन्थो बहिः कटके हिण्डमानः केनचित् पृष्टः-कियन्तोऽश्वा हस्तिनस्तथा निचयो दारुधान्यादीनाम्। निर्विण्णा अनिर्विण्णा नागरकाः किं ब्रुवते ? समितः ॥१॥ ब्रवीति न जानामीति स्वाध्यायध्यानयोगव्याक्षिप्ताः । हिण्डमानाः नैव प्रेक्षध्वं ? नैव शृणुथ कथं नु ? तदा ब्रवीति ॥२॥ बहु शृणोति कर्णाभ्यामित्यादि ॥ वसुदेवपूर्वजन्माहरणं एषणायां समितौ । मगधेषु नन्दीग्रामो + 'बेंति मं' - पूर्वमुद्रिते प्रत्य. च

[१४]गोयमधिज्जाइचक्कयरो ॥१॥ तस्स य धारिणी भज्जा गब्भो तीए कयाइ आहूओ । धिज्जाइ मओ छम्मास गब्भ धिज्जाइणी जाए ॥२॥ माउलसंवड्ढणकम्मकरणवेयारणा य लोएणं । नत्थि तुह एत्थ किंचिवि तो बेती माउलो तं च ॥३॥ मा सुण लोयस्स तुमं धूयाओ तिण्णि तासि जेट्ठयरं । दाहामि करे कंमं पकओ पत्तो य वीवाहो ॥४॥ सा नेच्छई विसण्णो माउलओ बेइ बिइय दाहामि। सावि य तहेव निच्छइ तइयत्ती निच्छए सावि ॥५॥ निव्विण्णनंदिवद्धणआयरियाणं सगासि निक्खंतो । जाओ छट्ठक्खमओ गिण्हइ य अभिग्गहमिमं तु ॥६॥ बालगिलाणाईणं वेयावच्चं मए

નામના ગામમાં ગૌતમનામે એક બ્રાહ્મણ હતો. તે ચક્કચર એટલે કે ભિક્ષાચર હતો. (કુંભારના ચક્રની જેમ જે ભિક્ષાર્થી ગ્રામ વિગેરેમાં ચરે=ફરે તે ચક્કચર=ભિક્ષાચર કહેવાય છે.) તેને ધારિણી નામે પત્ની હતી. જતા દિવસે ધારિણીને ગર્ભ રહ્યો. ધારિણીનો ગર્ભ છ મહિનાનો થયો ત્યારે તે ગૌતમબ્રાહ્મણ મૃત્યુ પામ્યો, અને જ્યારે પુત્રનો જન્મ થયો ત્યારે ધારિણી મૃત્યુ પામી.

માતા–પિતા મૃત્યુ પામ્યા હોવાથી મામા પાસે તે બાળક વૃદ્ધિ પામે છે. બાળક થોડો મોટો થતાં મામા પાસે રહીને ખેતી, પશુપાલન વિગેરે કામો કરે છે. થોડાક કાળ પછી લોકો તે બાળકને કહેવા લાગ્યા કે – "આ ઘરમાં તું મોટો થવા છતાં તારી માલિકીનું અહીં કશું નથી." (વારંવાર લોકો પાસેથી આવું સાંભળતા–સાંભળતા તે બાળકને હવે ખેતી, પશુપાલન વિગેરેમાંથી રસ ઓછો થવા લાગ્યો ત્યારે) તેના મામા તેને કહે છે કે – "તું લોકના વચનો સાંભળ નહીં. મારા ઘરે મારી ત્રણ દીકરીઓ છે. તેમાંથી જે મોટી દીકરી છે. તેને હું તને આપીશ." આ પ્રમાણે મામાવડે સમજાવતા તે ફરી પોતાના કાર્યને કરવામાં લાગી ગયો અને જતા દિવસે વિવાહનો અવસર પ્રાપ્ત થયો.

પરંતુ પ્રથમ દીકરી (કદરૂપો હોવાના કારણે) વિવાહ માટે તૈયાર થતી નથી. તેથી ખેદ પામેલો મામો કહે છે – "હું બીજી દીકરીને આપીશ." તે પણ તે પ્રમાણે વિવાહ માટે ઇચ્છતી નથી. ત્યારે મામા ત્રીજી આપવાનું કહે છે. પરંતુ તે પણ ઇચ્છતી નથી. તેથી વૈરાગ્યને પામેલા તેણે નંદિવર્ધનનામના આચાર્ય પાસે દીક્ષી લીધી. અને છઠ્ઠને પારણે છઠ્ઠ કરવારૂપ છઠ્ઠનો તપ કરનાર થયો. તે સમયે તે આગળ કહેવાતા સ્વરૂપવાળા અભિગ્રહને ધારણ કરે છે. તે આ પ્રમાણે કે –"બાળ, ગ્લાન વિગેરેનું વૈયાવચ્ચ મારે કરવું."

१४. गौतमो धिग्जातीयश्चक्रकरः ॥१॥ तस्य च धारिणीभार्या गर्भस्तस्याः कदाचिज्जातः । धिग्जातीयो मृतः षण्मासगर्भे धिग्जातीया जाते ॥२॥ मातुलसंवर्धनं कर्मकरणं विचारणा च लोकेन । नास्ति तवात्र किञ्चिदपि तदा ब्रवीति मातुलस्तं च ॥३॥ मा शृणु लोकस्य त्वं दुहितरस्तिस्रस्तासां ज्येष्ठतरां । दास्यामि कर्त्तुं कर्म प्रवृत्तवान् प्राप्तश्च विवाहः ॥४॥ सा नेच्छति विषण्णो मातुलो ब्रवीति द्वितीयां दास्यामि । सापि च तथैव नेच्छति तृतीयेति नेच्छति सापि ॥५॥ निर्विण्णो नन्दिवर्धनाचार्याणां सकाशे निष्क्रान्तः । जातः षष्ठक्षपको गृह्णाति चाभिग्रहमिमं तु ॥६॥ बालग्लानादीनां वैयावृत्त्यं मया

[१५] उ कायव्वं । तं कुणइ तिव्वसद्धो खायजसो सक्कगुणकित्ती ॥७॥ असद्दहेण देवस्स आगमो कुणइ दो समणरूवे । अतिसारगहियमेगो अडविठिओ अइगओ बीओ ॥८॥ बेति गिलाओ पडिओ वेयावच्चं तु सद्दहे जो उ । सो उट्ठेऊ खिप्पं सुयं च तं नंदिसेणेणं ॥९॥ छट्ठोववासपारणयमाणियं कवल घेत्तुकामेण । तं सुयमेत्तं रहसुट्ठिओ य भण केण कज्जंति ॥१०॥ पाणगदव्वं च तहिं जं णत्थि तेण बेइ कज्जं तु । निग्गय हिंडंतो कुणइ अणेसणं नविय पेल्लेइ ॥११॥ इय एक्कवारबितियं च हिंडिओ लद्ध ततियवारंमि । अणुकंपाए तरंतो तओ गओ तस्सगासं तु ॥१२॥ खरफरुसनिट्ठुरेहिं अक्कोसइ सो गिलाणओ रुट्ठो । हे मंदभग्ग ! फुक्किय ! तूससि तं नाममेत्तेणं

તીવ્રશ્રદ્ધાપૂર્વક તે નંદિષેણ વૈયાવચ્ચને કરે છે. જેના પ્રભાવે સર્વશ્રમણસંઘમાં તેનો યશ ફેલાયો. તે સમયે શક્રેન્દ્રે પોતાની સભામાં તેના ગુણોનું કીર્તન કર્યું. શક્રેન્દ્રની વાત ઉપર અશ્રદ્ધાવાળો એક દેવ મનુષ્યલોકમાં આવ્યો. તે શ્રમણોના બે રૂપ કરીને આવે છે. બેમાંથી એક સાધુને પુષ્કળ પ્રમાણમાં ઝાડા થવા લાગ્યા. તે સાધુ જંગલમાં જ રહ્યો. અને બીજો સાધુ (જ્યાં નંદિષેણમુનિ હતા તે ઉપાશ્રયવાળા) ગામમાં અંદર ગયો.

ઉપાશ્રયમાં આવીને તે બીજો સાધુ કહે છે કે – એક સાધુ ગ્લાન થઈને જંગલમાં રહ્યો છે. તેથી જે તમારામાં વૈયાવચ્ચની રૂચિવાળો હોય તે સાધુ શીઘ્ર ઉઠો. આ વાત છઠ્ઠના ઉપવાસના પારણે લાવેલ આહારને વાપરવાની ઈચ્છાવાળા નંદિષેણમુનિએ સાંભળી. આ વાતને સાંભળતાની સાથે ઉતાવળે ઊભો થયેલો નંદિષેણ દેવને કહે છે – "બોલ, તારે શેની જરૂર છે ?" દેવ કહે છે - "જે કારણથી ત્યાં (=પેલા ગામમાં) પાણી નથી તેથી તેની જરૂર છે." નંદિષેણમુનિ પાણીની ગવેષણા કરવા માટે ઉપાશ્રયમાંથી નીકળીને ફરે છે. પાણી માટે જ્યારે મુનિ ઘરે--ઘરે ફરે છે, ત્યારે તે દેવ અનેષણાને=પાણીની અશુદ્ધિને કરે છે. મુનિ તેવા અશુદ્ધ પાણીને ગ્રહણ કરતો નથી.

આ પ્રમાણે તે ગામમાં એકવાર, બેવાર ભમે છે. છતાં પાણી મળતું નથી. ત્રીજીવાર જ્યારે ભમે છે ત્યારે પાણી મળી ગયું. ભક્તિથી ઉતાવળા પગે નંદિષેણમુનિ તે ગ્લાન પાસે ગયો. ત્યાં તે ગ્લાન ગુસ્સે થયેલો ખર, પરુષ, નિષ્ઠુર એવા વાક્યોવડે નંદિષેણ ઉપર આક્રોશ કરે છે – "હે મંદભાગ્ય ! હે ફૂત્કૃત્ ! (અર્થાત્ અત્યંત અસાર હોવાથી ફોતરાની જેમ ફૂત્કારયોગ્ય !) તું નામમાત્રથી જ સંતોષ થા (અર્થાત્ વૈયાવચ્ચકર તરીકેની ખ્યાતિ તારી નામમાત્ર જ છે પરંતુ

१५. कर्त्तव्यमेव । तत्करोति तीव्रश्रद्धः ख्यातयशाः शक्रगुणकीर्त्तिः ॥७॥ अश्रद्धानेन देवस्यागमः करोति द्वे श्रमणरूपे । अतिसारगृहीत एकोऽटव्यां स्थितोऽतिगतो द्वितीयः ॥८॥ ब्रवीति ग्लानः पतितो वैयावृत्त्यं तु श्रद्दधाति यस्तु । स उत्तिष्ठतु क्षिप्रं श्रुतं च तन्नन्दिषेणेन ॥९॥ षष्ठोपवासपारणकमानीतं कवलान् गृहीतुकामेन । तच्छ्रुतमात्रे रभसोत्थितश्च भण केन कार्यमिति ? ॥१०॥ पानकद्रव्यं च तत्र यन्नास्ति तेन ब्रवीति कार्यं तु । निर्गतो हिण्डमाने करोत्यनेषणां न च प्रेरयति ॥११॥ एवमेकवारं द्वितीयं च हिण्डितो लब्धं तृतीयवारे । अनुकम्पया त्वरयन् ततो गतस्तत्सकाशं तु ॥१२॥ खरपरुषनिष्ठुरैराक्रोशति स ग्लानो रुष्टः । हे मन्दभाग्य ! फूत्कृत ! तुष्यसि त्वं नाममात्रेण

[१६] ॥१३॥ साहुवगारित्ति अहं नामड्ढो तह समुद्दिसिउमाओ । एयाएऽवत्थाए तं अच्छसि भत्तलोभिल्लो ॥१४॥ अमियमिव मण्णमाणो तं फरुसगिरं तु सो उ संभंतो । चलणगओ खामेइ धुवइ य तं असुइमललित्तं ॥१५॥ उट्ठेह वयामोत्ती तह काहामी जहा हु अचिरेणं । होहिह निरुआ तुब्भे बेती न वएमि गंतुं जे ॥१६॥ आरुह मे पिट्ठीए आरूढो ताहे तो पयारं च । परमासुइदुग्गंधं मुयई पिट्ठीए फरुसं च ॥१७॥ बेइ गिरं धिगमुंडिय ! वेगविघाओ कओत्ति दुक्खविओ । इय बहुविहमक्कोसइ पए पए सोऽवि भगवं तु ॥१८॥ ण गणेई फरुसगिरं णयावि तं दुसइ तारिसं गंधं । चंदणमिव मण्णंतो मिच्छामीह दुक्कडं भणइ ॥१९॥ चिंतेइ किह करेमी किह हु समाही हविज्ज साहुस्स ?

તું કશું કરતો તો નથી.) 'હું સાધુ ઉપર ઉપકાર કરનારો છું' એ પ્રમાણે નામથી જ તું આઢ્ય=યુક્ત છે. (અર્થાત્ 'સાધૂપકારી' એ પ્રમાણેનું તું માત્ર નામ જ ધારણ કરે છે, પણ ઉપકાર તો કરતો નથી.) તથા ભોજન કરીને તું આવેલો છે. મારી આવી અવસ્થા હોવા છતાં તું ભોજનના લોભવાળો છે." ગ્લાનની આવી કર્કશ વાણીને અમૃત જેવી માનતો તે નંદિષેણમુનિ આદરસહિત પગમાં પડેલો સ્વાપરાધની ક્ષમા માંગે છે અને અશુચિમલથી લેપાયેલ તે સાધુને ધુવે છે અને કહે છે – "ઊઠો, અહીંથી આપણે જઈએ. તથા તે રીતે હું કરીશ કે જે રીતે તમે શીઘ્ર નીરોગી થઈ જશો."

ગ્લાન કહે છે કે – "હું ગ્લાન હોવાથી અહીંથી જવા માટે શક્તિમાન નથી." 'જે' શબ્દ વાક્યાલંકારમાં જાણવો. નંદિષેણે કહ્યું – "તમે મારી પીઠ ઉપર ચઢી જાઓ." ગ્લાન પીઠ ઉપર ચઢી ગયો. ત્યાર પછી તે દેવ મુનિની પીઠ ઉપર સ્પર્શથી કર્કશ, અત્યંત અશુચિરૂપ હોવાથી દુર્ગંધી એવા મળ–મૂત્રને મૂકે છે અને આવા પ્રકારની વાણીને કહે છે – "હે મૂંડ્યા ! ધિક્કાર છે તને, તે મારા વેગનો વિઘાત કર્યો છે (અર્થાત્ પીઠ ઉપર બેસાડીને તે મારા મળ–મૂત્રના વેગને અટકાવ્યો છે.) તેથી હું ઘણો દુઃખી થયો છું." આવા બધા ઘણા પ્રકારે ડગલે ડગલે આક્રોશ કરે છે.

તે સમયે તે ભગવાન એવા નંદિષેણમુનિ તે કર્કશવાણી ઉપર કોઈ ધ્યાન આપતા નથી, (અર્થાત્ તેવી વાણી સાંભળ્યા પછી પણ મનમાં દુર્ભાવ કરતા નથી.) કે તે ગ્લાનની ગર્હા કરતા નથી, ઊલટું દુર્ગંધી એવા પણ તે મળ–મૂત્રને ચંદનના લેપની જેમ માનતા તે મુનિ મિચ્છા મિ દુક્કડં કહે છે. તથા વિચારે છે કે કેવી રીતે કરું ? કે જેથી આ સાધુમહાત્માને સમાધિ પ્રાપ્ત થાય.

---

१६. ॥१३॥ साधूपकार्यहमिति नाम्नाऽऽढ्यः, तथा समुद्दिश्याथायातः । एतस्यामवस्थायां त्वं तिष्ठसि भक्तलोलुपः ॥१४॥ अमृतमिव मन्यमानस्तां परुषगिरं तु स तु संभ्रान्तः । चरणगतः क्षामयति प्रक्षालयति च तमशुचिमललिप्तम् ॥१५॥ उत्तिष्ठ व्रजाव इति तथा करिष्यामि यथाऽचिरेणैव । भविष्यसि नीरोगस्त्वं ब्रवीति शक्नोमि न गन्तुं ॥१६॥ आरोह मम पृष्ठौ आरूढस्तदा ततः प्रचारं ( विष्टां ) च । परमाशुचिदुर्गन्धं मुञ्चति पृष्टौ परुषां च ॥१७॥ ब्रवीति गिरां धिग् मुण्डित ! वेगविघातः कृत इति दुःखापितः । इति बहुविधमाक्रोशति पदे पदे सोऽपि भगवांस्तु ॥१८॥ न गणयति परुषगिरं न चापि तं दूषयति तादृशं गन्धम् । चन्दनमिव मन्यमानो मिथ्या मे दुष्कृतं भणति ॥१९॥ चिन्तयति कथं कुर्वे कथं च समाधिर्भवेत् साधोः

[१७] इय बहुविहप्पयारं नवि तिण्णो जाहे खोहेउं ॥२०॥ ताहे अभित्थुणंतो सुरो गओ आगओ य इयरो उ । आलोएइ गुरूहि य धन्नोत्ति तओ अणुसट्ठो ॥२१॥ जह तेणं नवि पेल्लिय एसण इय एसणाइ जइयव्वं । अहवावि इमं अण्णं आहरणं दिट्ठिवादीयं ॥२२॥ जह केइ पंच संजय तण्हछुहकिलंत सुमहमद्धाणं । उत्तिणा वेयालि य पत्ता गामं च ते एगं ॥२३॥ मग्गंति पाणं ते लोगो य तहिं अणेसणं कुणई । न गहिय न लद्धमियरं कालगया तिसाभिभूया य ॥२४॥ चउत्थीए उदाहरणं- आयरिएण साहू भणिओ-गामं वच्चामो, उग्गाहिए संते केणइ कारणेण ठिया, एक्को एत्ताहे पडिलेहियाणित्ति काउं ठवेउमारद्धो, साहूहिं चोइओ भणइ-किमित्थ सप्पो अच्छइ ?, सन्निहियाए देवयाए सप्पो विउव्विओ, एस जहण्णओऽसमिओ, अण्णो तेणेव विहिणा पडिलेहित्ता ठवेइ,

આ પ્રમાણે તે દેવ ઘણા પ્રકારે પણ જ્યારે મુનિને ક્ષોભિત કરવા સમર્થ બનતો નથી. ત્યારે તે દેવ મુનિની પ્રશંસા કરીને ગયો. બીજી બાજુ નંદિષેણમુનિ પોતાના ઉપાશ્રયમાં આવ્યો. આવીને ગુરુ પાસે જે બન્યું તે બધું યથાવસ્થિત કથન કર્યું. ત્યારે ગુરુએ 'તું ધન્ય છે' એ પ્રમાણે પ્રશંસા કરી. અહીં જેમ નંદિષેણમુનિએ ગવેષણાનો ભંગ ન કર્યો (અર્થાત્ ગ્લાન માટે પાણીની ગવેષણા કરવા ગયા ત્યારે દોષિત પાણી વહોર્યું નહીં.) તે રીતે એષણાસમિતિમાં યત્ન કરવા યોગ્ય છે.

અથવા દૃષ્ટિવાદમાં જણાવેલ એક બીજું ઉદાહરણ એષણાસમિતિ ઉપર જાણવું – કોઈ પાંચ સાધુઓ તૃષા અને ક્ષુધાથી પીડાયેલા છતાં મોટા વિહારને પૂરો કરીને અકાલે એક ગામમાં પહોંચ્યા. પાણીની તેઓ ગવેષણા કરે છે, પરંતુ ત્યાં લોકો અનેષણાને કરે છે. (= કોઈને કોઈ દોષ લગાડે છે.) તેથી દોષથી દુષિત એવા પાણીને તૃષા હોવા છતાં ગ્રહણ કરતા નથી. બીજી બાજું કોઈ શુદ્ધ = નિર્દોષ પાણી મળતું નથી. તેથી તૃષાથી પીડાયેલા તેઓ કાળ પામ્યા.

**આદાનભાંડમાત્રનિક્ષેપણાસમિતિને** વિશે ઉદાહરણ : આચાર્યે સાધુને કહ્યું –"આવતી કાલે સવારે આપણે અન્ય ગામમાં જવાનું છે." બીજા દિવસે સવારે જવાનું હોવાથી સાધુઓ બધા ઉપકરણો સાથે લઈ તૈયાર થયા. એવામાં કોઈક કારણે જવાનું મુલતવી રહ્યું. તેથી તે સાધુ "હમણાં જ પ્રતિલેખન કર્યા છે" એમ વિચારીને પ્રતિલેખન અને પ્રમાર્જન કર્યા વિના જ ઉપકરણો નીચે મૂકવા લાગ્યો. સાધુઓએ આવું ન કરવા પ્રેરણા કરતા તેણે કહ્યું – "શું અહીં સાપ છે ?" નજીકમાં રહેલ દેવતાએ સાપ વિકુર્વ્યો. આ જઘન્ય અસમિત જાણવો. બીજો એક સાધુ તે જ પ્રમાણે પડિલેહણ,

१७. ? । इति बहुविधप्रकारैर्नैव शक्तो यदा क्षोभयितुम् ॥२०॥ तदाऽभिष्टुवन् सुरो गत आगतश्चेतरस्तु । आलोचयति गुरुभिश्च धन्य इति ततोऽनुशिष्टः ॥२१॥ यथा तेन नैवोल्लङ्घितैषणैवमेषणायां यतितव्यं । अथवापीदमन्यदाहारणं दृष्टिवादिकम् ॥२२॥ यथा केचित्पञ्च संयतास्तृष्णाक्षुधाभ्यां क्लिश्यन्तो सुमहान्तमध्वानम् । उत्तीर्णा विकाले च प्राप्ता ग्रामं च ते एकम् ॥२३॥ मार्गयन्ति पानकं ते लोकश्च तत्रानेषणां करोति । न गृहीतं न लब्धमितरत् कालगतास्तृषाभिभूताश्च ॥२४॥ चतुर्थ्यामुदाहरणं-आचार्येण साधुर्भणितः - ग्रामं व्रजामः उद्ग्राहिते सति केनचित्कारणेन स्थिताः, एकोऽधुना प्रतिलिखितानीतिकृत्वा स्थापयितुमारब्धः, साधुभिर्नोदितो भणति-किमत्र सर्पस्तिष्ठति ?, सन्निहितया देवतया सर्पो विकुर्वितः, एष जघन्योऽसमितः, अन्यस्तेनैव विधिना प्रतिलिख्य स्थापयति,

[१८] सो उक्कोसओ समिओ, एत्थ उदाहरणं-एक्कस्स आयरियस्स पंच सीससयाइं, तेसिमेगो सेट्ठिसुओ पव्वइओ, सो जो जो साहू एइ तस्स तस्स दंडगं निक्खिवइ, एवं तस्स उट्ठियस्स अन्नो एइ अन्नो जाइ, तहावि सो भगवं अतुरियं अचवलं उवरिं हेट्ठा य पमज्जिय ठवेइ,एवं बहुएणवि कालेण न परितम्मइ ॥ चरिमाए समिईए पण्णत्तमिणं तु वीयराएहिं । आहरणं धम्मरुई परिठावणसमिइउवउत्तो ॥१॥ काइयसमाहिपरिट्ठावणे य गहिओ अभिग्गहो तेणं । सक्कप्पसंसा अस्सद्दहणे देवागमविउव्वे ॥२॥ सुबहुं पिवीलियाओ बाहा जवावि काइयसमाही । अन्नो य उट्ठिओ हू साहू बेती तओ गाढं ॥३॥ अहयं च काइयाओ बेई अच्छसु परिट्ठवेमित्ति । निग्गए निसिरे जहियं पिवीलिया ओसरे तत्थ ॥४॥ साहू य किलामिज्जइ पपिए ता वारिओ य देवेणं । सामाइए

પ્રમાર્જન કરીને ઉપકરણો મૂકે છે. તે ઉત્કૃષ્ટ સમિત જાણવો. અહીં ઉદાહરણ આ પ્રમાણે જાણવું — એક આચાર્યને પાંચસો શિષ્યો હતા. તેમાં એક શ્રેષ્ઠિના પુત્રે દીક્ષા લીધી હતી. તે સાધુ બહારથી જે જે સાધુઓ ઉપાશ્રયમાં આવે તે તે સાધુના દાંડાને લઈ યોગ્ય સ્થાને પ્રતિલેખન–પ્રમાર્જન કરીને મૂકે છે. આ પ્રમાણે દરવાજા પાસે ઊભા રહેતા એક સાધુ આવે, એક સાધુ જાય (અર્થાત્ સતત અવરજવર રહેતી) છતાં તે સાધુ ઉતાવળ રાખ્યા વિના શાંતિથી દાંડા વિગેરેના ઉપર–નીચેના સ્થાનને પ્રમાર્જીને દાંડો મૂકે છે. આ રીતે ઘણો સમય પસાર થવા છતાં સંક્લેશ પામતો નથી.

### ❀ પારિસ્થાપનિકા ઉપર ધર્મરૂચિઅણગારની કથા ❀

છેલ્લી સમિતિને વિશે વીતરાગ ભગવંતોએ પારિસ્થાપનિકાસમિતિમાં ઉપયુક્ત એવા ધર્મરૂચિનું ઉદાહરણ જણાવ્યું છે. તે આ પ્રમાણે — ધર્મરૂચિઅણગારે સાધુના માત્રાના પ્યાલા પરઠવવાસંબંધી અભિગ્રહ લીધો. દેવલોકમાં શક્રેન્દ્રે તેની પ્રશંસા કરી. એક દેવને શ્રદ્ધા ન થતાં પરીક્ષા માટે ત્યાં આવ્યો અને માત્રુ પરઠવવાના સ્થાને ઘણી બધી કીડીઓ વિકુર્વી. રાત્રિના સમયે વેગથી માત્રાની શંકા થતાં ધર્મરૂચિએ પ્યાલામાં માત્રુ કર્યું. (સમાધિ એટલે પ્યાલો.) એટલામાં બીજો સાધુ ઊઠ્યો અને કહ્યું — "હું પણ ગાઢ રીતે માત્રાની શંકાથી પીડાવું છું."

તેથી ધર્મરૂચિએ કહ્યું — "ઊભો રહે, હું પરઠવીને આવું, (પછી માત્રુ કર.)" તે માત્રુ પરઠવવા બહાર નીકળ્યો અને જ્યાં માત્રુ પરઠવવા જાય છે ત્યાં તે સ્થાને કીડીઓ આવે છે.

१८. स उत्कृष्टतः समितः, अत्रोदाहरणं-एकस्याचार्यस्य पञ्च शिष्यशतानि, तेष्वेकः श्रेष्ठिसुतः प्रव्रजितः, स यो यः साधुः आयाति तस्य तस्य दण्डकं निक्षिपति, एवं तस्मिन्नुत्थितेऽन्य आयाति अन्यो याति, तथापि स भगवान् अत्वरितमचपलमुपर्यधस्ताच्च प्रमृज्य स्थापयति, एवं बहुनापि कालेन न परिताम्यति । चरमायां समितौ प्रज्ञप्तमिदं तु वीतरागैः । आहरणं धर्मरुचिः पारिस्थापनिकासमित्युपयुक्तः ॥१॥ कायिकीसमाधि-पारिस्थापनिकायां च गृहीतोऽभिग्रहस्तेन । शक्रप्रशंसा अश्रद्धाने देवागमो विकुर्वति ॥२॥ सुबह्वयः पीपिलिका बाधा जवादपि कायिकीसमाधेः । अन्य उत्थितः साधुर्ब्रवीति ततो गाढम् ॥३॥ अहं च कायिकयाऽर्त्तो ब्रवीति तिष्ठ परिष्ठापयामीति । निर्गतो व्युत्सृजति यत्र पिपीलिका अवसर्पन्ति तत्र ॥४॥ साधुश्च क्लाम्यते प्रपीतवान् तदा वारितश्च देवेन । सामायिके

[११]निसिद्धो मा पिय देवो य आउट्ठो ।।५।। वंदित्तु गओ बितियं तु दिट्ठिवाइयं खुड्डए उ एक्को । तेण ण पेहिय थंडिल्ल काइया लोभओ राओ ।।६।। थंडिलं न पेहियंती न वोसिरे देवयाए उज्जोओ । अणुकंपाए कओ से दिट्ठा भूमित्ति वोसिरियं ।।७।। एसो समिओ भणिओ अण्णो पुण असमिओ इमो भणिओ । सो काइयभोमाई एक्केक्कं नवरि पडिलेहे ।।८।। नवि तिण्णि तिण्णि पेहे बेइ किमित्थं निविट्ठो होज्जुट्टो । काऊण उट्टरूवं च निविट्ठा देवया तत्थ ।।९।। सो उट्ठिओ य राओ तत्थ गओ नवरि पेच्छए उट्टं । बितियं च गओ तत्थवि ततियंपि य तत्थवि णिविट्ठो ।।१०।। तो अण्णो उट्ठविओ तेसुंपि तहेव देवया भणिओ । कीस न वि सत्तवीसं पेहिसी ? सम्मं पडिवण्णो ।।११।।

બીજી બાજુ સાધુ માત્રાની શંકાથી પીડાય છે. તેથી ધર્મરૂચિ માત્રાને પીવા માટેની તૈયારી કરે છે. એટલે દેવ તેને અટકાવે છે અને કહે છે કે – "સામાયિક હોતે છતે નિષિદ્ધ છે તેથી તું માત્રુ પી નહીં ([11]અર્થાત્ તે જો સમભાવ અંગીકાર કર્યો છે તો આત્માની=પોતાના જાતની પીડા પણ આગમમાં નિષિદ્ધ છે. તેથી જેમ આ સાધુની પીડાને રક્ષવા માત્રુ પીવાનો વિચાર કરે છે, તેમ તારે પોતાની પીડાનું પણ રક્ષણ કરવું જોઈએ અને તેથી તું આ માત્રુ પી નહીં.) દેવ પ્રસન્ન થયો અને વંદન કરીને ગયો.

દષ્ટિવાદમાનું બીજું ઉદાહરણ આ પ્રમાણે જાણવું – એક નૂતન મુનિ માત્રુ પરઠવવાની જગ્યાને લોભના કારણે જોતો નથી. રાત્રિએ માત્રાની શંકા થતાં સ્થંડિલભૂમિ=માત્રાનું સ્થાન જોયું નથી માટે માત્રુ પરઠવતો નથી. દેવતાએ ભક્તિથી ત્યાં પ્રકાશ કર્યો. સાધુએ ભૂમિ જોઈ અને પછી માત્રુ પરઠવ્યું. આ પારિસ્થાપનિકાસમિતિવાળો કહ્યો. બીજો એક અસિમિત આ પ્રમાણે જાણવો – તે સાધુ માત્રા વિગેરેની ત્રણ–ત્રણ ભૂમિ જોવાને બદલે એક–એક ભૂમિ જ જુએ છે. અને કહે છે કે 'શું અહીં ઊંટ બેસી જવાનો ? (કે જેથી ત્રણ–ત્રણ ભૂમિ જોવાની.)

દેવતા જોયેલા સ્થાનમાં ઊંટનું રૂપ કરીને બેસે છે. તે સાધુ રાત્રિએ ઊઠ્યો. માત્રુ કરવા બહાર ગયો ત્યારે ત્યાં ઊંટ બેઠેલું જુએ છે. બીજા સ્થાને ગયો તો ત્યાં પણ ઊંટ બેઠેલું હતું. ત્રીજા સ્થાને પણ ઊંટ હતું. બીજા સાધુને ઊઠાડ્યો. તે બીજા સાધુએ જોયેલ ભૂમિમાં પણ બધે ઊંટ બેઠેલા હતા. છેવટે દેવતાએ કહ્યું – "તે સત્યાવીશભૂમિઓ કેમ જોઈ નહીં ?" (સત્યાવીશભૂમિઓ આ પ્રમાણે – માત્રા માટેની બારભૂમિઓ – નજીકમાં, મધ્યમાં અને દૂર એમ ત્રણ ભૂમિ તીવ્ર શંકા થઈ હોય અને દૂર સુધી ન જવાતું હોય ત્યારે નજીકના ક્ષેત્રમાં જોવાની હોય. આ જ પ્રમાણેની

११. निषिद्धो मा पा देवश्चावर्जितः ।।५।। वन्दित्वा गतः, द्वितीयं दृष्टिवादिकं क्षुल्लकस्त्वेकः । तेन न प्रेक्षितं कायिकीस्थण्डिलं लोभतो रात्रौ ।।६।। स्थण्डिलं न प्रेक्षितमिति न व्युत्सृजति देवतयोद्योतः । अनुकम्पया कृतः तस्य दृष्टा भूमिरिति व्युत्सृष्टम् ।।७।। एष समितो भणितोऽन्यः पुनरसमितोऽयं भणितः । स कायिकभूम्यादि एकैकं परं प्रतिलिखति ।।८।। नैव त्रीणि त्रीणि प्रत्युपेक्षते ब्रवीति किमिहोपविष्टो भवेदुष्ट्रः ? । कृत्वोष्ट्ररूपं चोपविष्टा देवता तत्र ।।९।। स उत्थितश्च रात्रौ तत्र गतः परं प्रेक्षते उष्ट्रम् । द्वितीयं च गतस्तत्रापि तृतीयमपि तत्राप्युपविष्टः ।।१०।। ततोऽन्य उत्थापितस्तेष्वपि तथैव देवतया भणितः । कथं नैव सप्तविंशतिं प्रत्युपेक्षसे ? सम्यक् प्रतिपन्नः ।।११।।

[२०]उच्चाराई एसा परिट्ठवण वण्णिया समासेणं । बेइ किमेत्तियं चिय परिठप्पमुआहु अण्णंपि ? ॥१२॥ भण्णइ अण्णंपत्थी किं[★] तं किह वा परिट्ठवेयव्वं । संबंधेणेएणं परिठावणिजुत्तिमायाया ॥१३॥

**पारिट्ठावणियविहिं वोच्छामि धीरपुरिसपण्णत्तं ।**
**जं णाऊण सुविहिया पवयणसारं उवलहंति ॥१॥**

**व्याख्या : परि—सर्वैः प्रकारैः स्थापनं परिस्थापनम् — अपुनर्ग्रहणतया न्यास इत्यर्थः, तेन निर्वृत्ता पारिस्थापनिकी तस्या विधिः—प्रकारः पारिस्थापनिकाविधिस्तं 'वक्ष्ये' अभिधास्ये, किं स्वबुद्ध्योत्प्रेक्ष्य ?, नेत्याह—'धीरपुरुषप्रज्ञप्तम्' अर्थसूत्राभ्यां तीर्थकरगणधरप्ररूपितमित्यर्थः, तत्रैकान्ततो वीर्यान्तरायापगमाद्धीरपुरुषः—तीर्थकरो गणधरस्तु धीः—बुद्धिस्तया—विराजत इति**

ત્રણ ભૂમિઓ શંકાને રોકી શકાય એવી સ્થિતિ હોય ત્યારે થોડાં દૂરના ક્ષેત્રમાં જોવાની હોય. આ પ્રમાણેની ૬ ભૂમિઓ આગાઢ પરિતાપના હોય ત્યારે અને આ જ પ્રમાણેની ૬ ભૂમિઓ અનાગાઢ પરિતાપના હોય ત્યારે. આમ માત્રા સંબંધી કુલ ૧૨ ભૂમિઓ થઈ. આ જ પ્રમાણેની ૧૨ ભૂમિઓ ઉચ્ચાર માટે જોવાની. કુલ થઈ ૨૪ ભૂમિઓ અને બીજી ત્રણ ભૂમિઓ કાલગ્રહણસંબંધી મળીને ૨૭ ભૂમિઓ જાણવી.) સાધુએ દેવતાની વાત સમ્યગ્ રીતે સ્વીકારી. આ પ્રમાણે ઉચ્ચાર વિગેરે સંબંધી પારિસ્થાપનિકા સંક્ષેપથી વર્ણવી.

**શંકા :** તો શું આટલું પારિસ્થાપન કરવા યોગ્ય છે કે કંઈ બીજું પણ છે ?

**સમાધાન :** બીજું પણ પારિસ્થાપનાને યોગ્ય છે.

**શંકા :** જો બીજું પણ છે તો તે શું છે ? અથવા કેવી રીતે પારિસ્થાપન કરવું ?

**સમાધાન :** આ સંબંધથી (=આ શંકાના સમાધાનરૂપે) પારિસ્થાપનિકાનિર્યુક્તિનો અવસર પ્રાપ્ત થયો છે. (જે હવે જણાવે છે⇨)

## ❀ પારિસ્થાપનિકાનિર્યુક્તિ ❀

**ગાથાર્થ : ધીરપુરુષોવડે કહેવાયેલ પારિસ્થાપનિકાવિધિને હું કહીશ, જેને જાણીને સુવિહિત મુનિવરો પ્રવચનના સારને જાણે છે.**

**ટીકાર્થ :** સર્વપ્રકારોવડે જે સ્થાપન તે પરિસ્થાપન એટલે કે ફરીથી ગ્રહણ ન કરવારૂપે જે મૂકવું તે પરિસ્થાપન. પરિસ્થાપનવડે જે બનેલી હોય તે પારિસ્થાપનિકા. તેની જે વિધિ=પ્રકાર તે પારિસ્થાપનિકાવિધિ (= પારિસ્થાપનિકાની પદ્ધતિ), તેને હું કહીશ.

**શંકા :** શું તમે તમારી પોતાની બુદ્ધિથી વિચારીને વિધિને કહેશો ?

**સમાધાન :** ના, ધીરપુરુષોવડે કહેવાયેલી એટલે કે તીર્થંકરોવડે અર્થથી અને ગણધરોવડે સૂત્રથી પ્રરૂપાયેલી એવી વિધિને હું કહીશ. અહીં વીર્યાન્તરાયકર્મો સર્વથા દૂર થયેલા હોવાથી ધીરપુરુષ તરીકે તીર્થંકરો જાણવા. જ્યારે બુદ્ધિવડે જે શોભે તે ધીર — એ પ્રમાણેની વ્યુત્પત્તિઅર્થને

२०. उच्चारादीनामेषा पारिस्थापनिकी वर्णिता समासेन । ब्रवीति किमेतावदेव पारिस्थाप्यमुताहो अन्यदपि ॥१२॥ भण्यतेऽन्यदप्यस्ति किं तत् कथं वा परिष्ठापयितव्यम् ? । संबन्धेनैतेन पारिस्थापनिकी निर्युक्तिरायाता ॥१३॥ ★ किह - पूर्वमुद्रिते

धीरः । आह–यद्ययं पारिस्थापनिकाविधिर्धीरपुरुषाभ्यां प्ररूपित एव किमर्थं प्रतिपाद्यत इत्युच्यते–धीरपुरुषाभ्यां प्रपञ्चेन प्रज्ञप्तः स एव संक्षेपरुचिसत्त्वानुग्रहायेह सङ्क्षेपेणोच्यत इत्यदोषः, किंविशिष्टं विधिमत आह–यं 'ज्ञात्वा' विज्ञाय 'सुविहिताः' शोभनं विहितम्–अनुष्ठानं येषां ते सुविहिताः, साधव इत्यर्थः, किं ? – प्रवचनस्य सारः प्रवचनसन्दोहस्तम् 'उपलभन्ति' जानन्तीत्यर्थः ॥

सा पुनः पारिस्थापनिक्योघतः एकेन्द्रियनोएकेन्द्रियपरिस्थाप्यवस्तुभेदेन द्विधा भवति, आह–

**एगेंदियनोएगेंदियपारिट्ठावणिया समासओ दुविहा ।**
**एएसिं तु पयाणं पत्तेय परूवणं वोच्छं ॥२॥**

व्याख्या : एकेन्द्रियाः–पृथिव्यादयः, नोएकेन्द्रियाः–त्रसादयस्तेषां पारिस्थापनिकी–एकेन्द्रियनोएकेन्द्रियपारिस्थापनिकी, 'समासतः' संक्षेपेण 'द्विधा' द्विप्रकारा प्रज्ञप्तोक्तेनैव प्रकारेण, 'एएसिं तु पयाणं पत्तेव परूवणं वोच्छं' अनयोः पदयोरेकेन्द्रियनोएकेन्द्रियलक्षणयोः 'प्रत्येकं' पृथक् पृथक् 'प्ररूपणां' स्वरूपकथनां वक्ष्ये–अभिधास्य इति गाथार्थः ॥२॥

तत्रैकेन्द्रियपारिस्थापनिकीप्रतिपिपादयिषया तत्स्वरूपमेवादौ प्रतिपादयन्नाह—

**पुढवी आउक्काए तेऊ वाऊ वणस्सई चेव ।**
**एगेंदिय पंचविहा तज्जाय तहा य अतज्जाय ॥३॥**

---

આશ્રયી ધીરપુરુષ તરીકે ગણધરો જાણવા.

**શંકા :** જો આ પારિસ્થાપનિકાવિધિ ધીરપુરુષો એવા તીર્થંકર અને ગણધરોવડે કહેવાયેલી જ છે, તો તમે ફરી શા માટે પ્રતિપાદન કરો છો ?

**સમાધાન :** તીર્થંકર અને ગણધરરૂપ ધીરપુરુષોએ જે વિધિ કહી છે તે વિસ્તારથી કહી છે. એ જ વિધિને અમે અહીં સંક્ષેપરુચિવાળા જીવોને (સુખેથી બોધ થાય તે રૂપ) ઉપકાર કરવા માટે સંક્ષેપથી કહેતા હોવાથી કોઈ દોષ નથી. આ વિધિ કેવા પ્રકારની છે ? તે કહે છે–જે વિધિને જાણીને; શોભન અનુષ્ઠાન છે જેઓના એવા સુવિહિત મુનિવરો પ્રવચનના સારને=મર્મને જાણે છે. ॥૧॥

**અવતરણિકા :** તે પારિસ્થાપનિકા સામાન્યથી એકેન્દ્રિય–નોએકેન્દ્રિયરૂપ પરિસ્થાપન કરવા યોગ્ય વસ્તુના ભેદથી બે પ્રકારે થાય છે. કહ્યું છે ➩

**ગાથાર્થ : એકેન્દ્રિયપારિ. અને નોએકેન્દ્રિયપારિ. એમ પારિસ્થાપનિકા સંક્ષેપથી બે પ્રકારે છે. આ એકેન્દ્રિય–નોએકેન્દ્રિયરૂપ પદોની જુદી જુદી પ્રરૂપણાને હું કહીશ.**

**ટીકાર્થ :** એકેન્દ્રિય તરીકે પૃથિવી વિગેરે અને નોએકેન્દ્રિય તરીકે ત્રસ વિગેરે જીવો જાણવા. તેઓની પારિસ્થાપનિકા તે એકેન્દ્રિય–નોએકેન્દ્રિયપારિસ્થાપનિકા (એ પ્રમાણે સમાસ જાણવો.) આ પારિસ્થાપનિકા સંક્ષેપથી બે પ્રકારે એટલે કે એકેન્દ્રિય અને નોએકેન્દ્રિય એમ બે પ્રકારે જાણવી. આ એકેન્દ્રિય અને નોએકેન્દ્રિયરૂપ બંને પદોનું (એટલે કે આ બંનેનું) સ્વરૂપ જુદું જુદું હું કહીશ. ॥૨॥

**અવતરણિકા :** અહીં એકેન્દ્રિયપારિસ્થાપનિકાનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી પ્રથમ એકેન્દ્રિયનું સ્વરૂપ જણાવે છે ➩

**ગાથાર્થ : પૃથિવીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય એ પ્રમાણે એકેન્દ્રિય**

व्याख्या – पृथिव्यप्कायस्तेजो वायुर्वनस्पतिश्चैव एवमेकेन्द्रियाः पञ्चविधाः, एकं त्वगिन्द्रियं येषां ते एकेन्द्रियाः 'पञ्चविधाः' पञ्चप्रकाराः, एतेषां चैकेन्द्रियाणां पारिस्थापनिकी द्विविधा भवति, कथमित्याह–'तज्जाय तहा य अतज्जाय' तज्जातपारिस्थापनिकी अतज्जातपारिस्थापनिकी च, अनयोर्भावार्थमुपरिष्टाद्वक्ष्यतीति गाथार्थः ॥३॥

आह–सति ग्रहणसम्भवेऽतिरिक्तस्य परिस्थापनं भवति, तत्र पृथिव्यादीनां कथं ग्रहणमित्यत आह—

**दुविहं च होइ गहणं आयसमुत्थं च परसमुत्थं च ।**
**एक्केक्कंपि य दुविहं आभोगे तह अणाभोगे ॥४॥**

व्याख्या – 'द्विविधं च' द्विप्रकारं च भवति 'ग्रहणं' पृथिव्यादीनां, कथम् ?–'आत्मसमुत्थं च परसमुत्थं च' आत्मसमुत्थं च स्वयमेव गृह्णतः परसमुत्थं परस्माद्गृह्णतः, पुनरेकैकमपि द्विविधं भवति, कथमित्याह–'आभोए तह अणाभोए' आभोगनम् आभोगः, उपयोगविशेष इत्यर्थः, तस्मिन्नाभोगे सति, तथाऽनाभोगे, अनुपयोग इत्यर्थः, अयं गाथाक्षरार्थः ॥४॥ अयं पुनर्भावार्थो वर्तते–[२१]तत्थ ताव आयसमुत्थं कहं च आभोएण होज्ज ?, साहू अहिणा खइओ, विसं वा खइयं, विसप्फोडिया वा उट्ठिया, तत्थ जो अचित्तो पुढविकाओ केणइ आणिओ सो मग्गिज्जइ, णत्थि आणिल्लओ, ताहे अप्पणावि आणिज्जइ, तत्थवि ण होज्ज अचित्तो ताहे मीसो, अंतो

**પાંચપ્રકારે જાણવા. તેઓની પારિસ્થાપનિકા તજ્જાત અને અતજ્જાત એમ બે પ્રકારે જાણવી.**

**ટીકાર્થ :** પૃથિવીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય એમ એકેન્દ્રિયના પાંચ પ્રકારો છે. ત્વચારૂપ એક ઇન્દ્રિય જેમને હોય તે એકેન્દ્રિય. આ એકેન્દ્રિયોની પારિસ્થાપનિકા બે પ્રકારે છે. કયા બે પ્રકાર છે ? તે કહે છે – તજ્જાતપારિસ્થાપનિકા અને અતજ્જાતપારિસ્થાપનિકા. આ બંને ભેદોનો ભાવાર્થ આગળ કહેશે. ॥૩॥

**અવતરણિકા : શંકા :** ગ્રહણ કર્યું હોય તો વધારાનું પરિસ્થાપન કરવાનું હોય. પરંતુ પૃથિવી વિગેરેનું ગ્રહણ કેવી રીતે સંભવે ? આ શંકાનું સમાધાન કહે છે ➪

**ગાથાર્થ : આત્મસમુત્થ અને પરસમુત્થ એમ બે પ્રકારે ગ્રહણ સંભવે છે. તે દરેક વળી આભોગ અને અનાભોગ એમ બે પ્રકારે છે.**

**ટીકાર્થ :** પૃથિવી વિગેરેનું ગ્રહણ બે પ્રકારે થાય છે. કેવી રીતે ? તે કહે છે– આત્મસમુત્થ અને પરસમુત્થ. તેમાં આત્મસમુત્થ એટલે જાતે ગ્રહણ કરેલું તે, તથા પરસમુત્થ એટલે બીજા પાસેથી ગ્રહણ કરેલું તે. આ દરેક પાછું બે–બે પ્રકારે છે– આભોગ અને અનાભોગ. તેમાં આભોગ એટલે ઉપયોગવિશેષ. અનાભોગ એટલે ઉપયોગનો અભાવ. આ પ્રમાણે ગાથામાં અક્ષરાર્થ કહ્યો. ॥૪॥ ભાવાર્થ – અહીંથી આત્મસમુત્થ ગુરુગમથી જાણવું.

२१. तत्र तावदात्मसमुत्थं कथं चाभोगेन भवेत् ? साधुरहिना दष्टो विषं वा खादितं विषस्फोटिका वोत्थिता, तत्र योऽचित्तः पृथ्वीकायः केनचिदानीतः स मार्ग्यते, नास्त्यानीतस्तदाऽऽत्मनाऽप्यानीयते, तत्रापि न भवेदचित्तस्तदा मिश्रः, अन्तशो

२२ हलखणणकुड्डमाईसु आणिज्जइ, ण होज्ज ताहे अडवीओ पंथे वंमिए वा दवदड्डए वा, ण होज्जा पच्छा सचित्तोवि घेप्पइ, आसुकारी वा कज्जं होज्जा जो लद्धो सो आणिज्जइ, एवं लोणंपि जाणंतो, अणाभोगेण—तेण लोणं मग्गियं अचित्तंति काऊणं मीसं सचित्तं वा घेत्तूण आणीओ, पच्छा णायं तत्थेव छड्डेयव्वं, खंडे वा मग्गिए एयं खंडंति लोणं दिन्नं, तंपि तहिं चेव विगिंचियव्वं, ण देज्ज ताहे तं अप्पणा विगिंचियव्वं, एयं आयसमुत्थं दुविहंपि। परसमुत्थं आभोगेण ताव +सचित्तमट्टिया लोणं वा कज्जनिमित्तेण दिण्णं मग्गिएण, अणाभोगेण खंडे मग्गियं लोणं देज्ज तस्सेव दायव्वं, नेच्छेज्ज ताहे पुच्छिज्जइ—कओ तुब्भेहिं आणियं?, जइ साहइ तत्थ गंतुं विगिंचिज्जइ, न साहेज्ज न जाणामोत्ति वा भणेज्जा ताहे उवलक्खेयव्वं [illegible]

**અનાભોગથી પૃથિવીકાયનું આત્મસમુત્થ :** સાધુએ કોઈ પ્રયોજન આવતા લવણની યાચના કરી, અને અનાભોગથી મિશ્ર અથવા સચિત્તલવણ ગ્રહણ કરીને આવ્યો. આ સચિત્ત છે એમ ખ્યાલ આવતા જે ભાજનમાંથી સ્ત્રીએ લવણ કાઢીને આપ્યું હતું તે જ ભાજનમાં પાછું મૂકવું. એ જ રીતે ખાંડની યાચના કરતા સ્ત્રીએ ખાંડ સમજીને લવણ આપ્યું અને સાધુ પણ ખાંડ સમજીને અનાભોગથી લઈને આવ્યો. ત્યારે તે લવણ જ્યાંથી લાવ્યુ હોય ત્યાં જ મૂકવું.

ધારો કે તે સ્ત્રી લવણ પાછું લેવા ઈચ્છતી નથી તો (તે લવણ ક્યાંથી લાવ્યું છે ? એ મૂળસ્થાનની પૃચ્છા કરવી. એ રીતે સ્થાનનો ખ્યાલ આવતા) પોતાની જાતે તે સ્થાનમાં જઈ પરઠવવું. આ રીતે બંને પ્રકારના આત્મસમુત્થ કહ્યાં.

**આભોગથી પરસમુત્થ :** કોઈ કાર્યનિમિત્તે યાચના કરતા સ્ત્રીએ સચિત્તમાટી અથવા લવણ આપ્યું. આ આભોગથી પરસમુત્થ.

**અનાભોગથી પરસમુત્થ :** ખાંડની યાચના કરતા સ્ત્રી અનાભોગથી લવણ આપે. (હવે આભોગથી કે અનાભોગથી સચિત્તપૃથિવીકાયની પરિસ્થાપનાવિધિ જણાવે છે —) આવેલી તે સચિત્તમાટી કે લવણ તે સ્ત્રીને જ પાછું આપવું. પાછું લેવા ન ઈચ્છે તો પૂછે કે "તમે ક્યાંથી લાવ્યા છો ?" જે સ્થાનનું સરનામુ આપે ત્યાં જઈ ત્યાગવું. જો તે સ્ત્રી સ્થાન ન બતાવે, અથવા "હું જાણતી નથી" એમ કહે ત્યારે વર્ણ—ગંધ—રસ—સ્પર્શથી તેનું સ્થાન ઓળખે અને તેના આગરમાં=મૂળસ્થાનમાં જઈને પરઠવે.

२२. हलखननकुड्यादिभ्य आनीयते, न भवेत्तदाऽटवीतः पथि वल्मीकात् दवदग्धाद्वा, न भवेत् पश्चात्सचित्तोऽपि गृह्यते, आशुकारि वा कार्यं भवेत् यो लब्धः स आनीयते, एवं लवणमपि जानन् । अनाभोगेन—तेन लवणं मार्गितमचित्तमितिकृत्वा मिश्रं सचित्तं वा गृहीत्वाऽऽगतः, पश्चात् ज्ञातं तत्रैव त्यक्तव्यं, खण्डायां वा मार्गितायामेषा खण्डेति लवणं दत्तं, तदपि तत्रैव त्यक्तव्यं, न दद्यात्तदाऽऽत्मना त्यक्तव्यं, एतदात्मसमुत्थं द्विविधमपि । परसमुत्थमाभोगेन तावत् सचित्तमृत्तिका लवणं वा कार्याय दत्तं मार्गिते अनाभोगेन खण्डायां मार्गितायां लवणं दद्यात् तस्मायेव दातव्यं, नेच्छेत् तदा पृच्छ्यते कुतस्त्वयाऽऽनीतं ?, यतः कथयति तत्र गन्तुं त्यज्यते, न कथयेन्न जानाम इति वा भणेत्तदोपलक्षयितव्यं

+ सचित्तदेशमट्टिया—पूर्वमुद्रिते ।

[२३] वण्णगंधरसफासेहिं, तत्थ आगरे परिट्ठविज्जइ, नत्थि आगरो पंथे वा वट्टंति विगालो वा जाओ ताहे सुक्कगं महुरगं कप्परं मग्गिज्जइ, [ ★ताहे महुररुक्खहेट्ठा ठविज्जति, जहा उण्हेण य ओसाए ण य छिप्पति,] ण होज्ज कप्परं ताहे वडपत्ते पिप्पलपत्ते वा काऊण परिट्ठविज्जइ १। आउक्काए दुविहं गहणं आयाए णायं अणायं च, एवं परेणवि णायं अणायं च, आयाए जाणंतस्स विसकुंभो हणियव्वो विसफोडिया वा सिंचियव्वा विसं वा खइयं मुच्छाए वा पडिओ गिलाणो वा, एवमाइसु ( कज्जेसु ) पुव्वमचित्तं पच्छा मीसं अहुणाधोयं तंदुलोदयाइ आउरे कज्जे सचित्तंपि, कए कज्जे सेसं तत्थेव परिठविज्जइ, न देज्ज ताहे पुच्छिज्जइ–कओ आणीयं ?, जइ साहेइ तत्थ परिठवेयव्वं आगरे, न साहेज्जा न वा जाणेज्जा पच्छा वण्णाईहिं उवलक्खेउं तत्थ परिट्ठवेइ, अणाभोगा कोंकणेसु पाणियं अंबिलं च एगत्थ वेतियाए अच्छइ, अविरइया मग्गिया भणइ–एत्तो गिण्हाहि, तेण अंबिलंति पाणियं गहियं, णाए तत्थेव छुभेज्जा, अह ण

જો આગર=મૂળસ્થાન નથી. (એટલે કે કોઈક કારણસર તે સ્થાન નાશ પામ્યું છે.) અથવા સાધુઓ રસ્તામાં છે (અને આગર ઘણું દૂર છે.) અથવા સાંજનો સમય થવા આવ્યો છે તો સુકું મધુર (= ઉગ્રદ્રવ્યથી અભાવિત) એવું માટી વિગેરેનું ઠીકરું શોધે. (તેમાં લવણાદિને રાખી તે ઠીકરાને મધુરવૃક્ષની=પીંપળાદિવૃક્ષની નીચે મૂકે કે જેથી તડકો અથવા ઝાકળ તેને સ્પર્શે નહીં.) જો ઠીકરું ન હોય તો વડવૃક્ષના પાંદડામાં કે પીંપળાના પાંદડામાં રાખી પરઠવે. (૧)

(૨) **અપ્કાય :** તેનું પણ બે પ્રકારનું ગ્રહણ થાય (A) આભોગથી અને અનાભોગથી સ્વયં ગ્રહણ કરે. તથા (B) બીજાએ આભોગથી–અનાભોગથી આપ્યું હોય. તેમાં સ્વયં આભોગથી ગ્રહણ ગુરુગમથી જાણવું.

**અનાભોગથી પાણીનું આત્મસમુત્થ :** કોંકણદેશમાં પાણી અને કાંજી કે ઓસામણ વેદિકામાં (વેદિકા=પાણિયારું, પથ્થર કે માટીનું ઘડા રાખવા માટેનું સ્થાન, તેમાં) સાથે રાખતા હોય છે. આવા દેશમાં સાધુ સ્ત્રી પાસે (अविरइया =સ્ત્રી) ઓસામણની યાચના કરે. ત્યારે સ્ત્રી કહે કે "આમાંથી જાતે લઈ લો." તે સમયે સાધુ ઓસામણ સમજી સચિત્તપાણી અનાભોગથી ગ્રહણ કરે. (આ રીતે અનાભોગથી આત્મસમુત્થ થયું.) ખ્યાલ આવતા પાછું ત્યાં જ પરઠવવું. જો ન પરઠવવા

२३. वर्णगन्धरसस्पर्शैः, तत्राकरे परिष्ठाप्यते, नास्त्याकरः पथि वा वर्त्तन्ते विकालो वा जातस्तदा शुष्कं मधुरं कर्परं मार्ग्यते ( *तदा मधुरवृक्षाधः स्थाप्यते, येनातपेनोषेण च न स्पृशति ), न भवेत्कर्परं तदा वटपत्रे पिप्पलपत्रे वा कृत्वा परिष्ठाप्यते । अप्काये द्विविधं ग्रहणमात्मना ज्ञातमज्ञातं च, एवं परेणापि ज्ञातमज्ञातं च, आत्मना जानानस्य विषकुम्भो हन्तव्यो विषस्फोटिका वा सेक्तव्या विषं वा खादितं मूर्च्छयापि वा पतितो ग्लानो वा, एवमादिषु ( कार्येषु ) पूर्वमचित्तं पश्चान्मिश्रं अधुनाधौतं तन्दुलोदकादि आतुरे कार्ये सचित्तमपि, कृते कार्ये शेषं तत्रैव परिष्ठाप्यते, न दद्यात्तदा पृच्छ्यते–कुत आनीतं ?, यदि कथयेत्तत्र परिष्ठापयितव्यमाकरे, न कथयेन्न वा जानाति पश्चाद्वर्णादिभिरुपलक्ष्य तत्र परिष्ठापयति, अनाभोगात्-कोङ्कणे पानीयमम्लं चैकत्र वेदिकायां तिष्ठतः, अविरतिका मार्गिता भणति–अतो गृहाण, तेनाम्लमिति पानीयं गृहीतं, ज्ञाते तत्रैव क्षिपेत्, अथ न ★ कोष्टकमध्यवर्तिपाठः चूर्णाविधिकः ।

[२४] **देइ ताहे आगरे, एवं अणाभोगा आयसमुत्थं, परसमुत्थं जाणंती अणुकंपाए देज्जा, ण एते भगवंतो पाणियस्स रसं जाणंति हरदोदगं दिज्जा, पडिणीयत्ताए वा देज्जा, एयाणि से वयाणि भज्जंतुत्ति, णाए तत्थेव साहरियव्वं, न देज्ज जओ आणियं तं ठाणं पुच्छिज्जइ, तत्थ नेउं परिट्ठविज्जइ, न जाणेज्जा, वण्णाईहिं उवलक्खिज्जइ, ताहे णइपाणियं णईए विगिंचेज्जा एवं तलागपाणियं तलाए अगडवाविसरमादिसट्ठाणेसु विगिंचिज्जइ, जइ सुक्का तडा पाणियं वडपत्तं पिप्पलपत्तं वा अट्ठेऊण सणियं विगिंचइ, जह उज्जरा न जायंति, पत्ताणं असईए भायणस्स कण्णा जाव हेट्ठा सणियं उदयं अल्लियाविज्जइ ताहे विगिंचिज्जइ, अह कूओदयं ताहे जइ कूवतडा**

દે તો પાણી જ્યાંથી લાવ્યા હોય ત્યાં જઈ પરઠવે.

**આભોગથી પરસમુત્થ :** આ ભગવંતો સચિત્તપાણીના રસને=સ્વાદને જાણતા નથી. (તેથી તે સ્વાદ ચાખવા મળે એવી) અનુકંપાથી જાણવા છતાં હ્રદસંબંધી સચિત્તપાણી સાધુને આપે. અથવા "આના વ્રતોનો ભંગ થાઓ" એવી શત્રુબુદ્ધિથી જાણવા છતાં સચિત્તપાણી આપે. (આ રીતે આભોગથી પરસમુત્થ થાય.) સચિત્તપાણીનો ખ્યાલ આવતા તે જ સ્થાનમાં પરઠવવું. જો પરઠવવા ન દે તો જ્યાંથી લાવ્યું હોય તે સ્થાનની પૃચ્છા કરે અને ત્યાં લઈ જઈને પરઠવે. જો તે સ્ત્રી જાણતી ન હોય તો વર્ણાદિવડે સ્થાનને ઓળખે. તેમાં જો તે નદીનું પાણી હોય તો નદીમાં પરઠવે. એ જ પ્રમાણે તળાવનું પાણી તળાવમાં, કૂવા–વાવડી–સરોવરાદિનું પાણી હોય તો પોત–પોતાના સ્થાનમાં પરઠવે.

(તે પરઠવવાની વિધિ આ પ્રમાણે જાણવી. તેમાં [II]તળાવના પાણીની વિધિ – જો તે તળાવાદિના કિનારા પાણી વિના ભીના હોય તો કિનારા ઉપર જ પાણી ધીરે–ધીરે પરઠવવું, જેથી તે પાણી સરકીને તળાવના પાણીમાં ભળી જાય.) કિનારો સુકાઈ ગયો હોય (તો કિનારે પાણી ન નાંખવું અન્યથા કિનારો સૂકો હોવાથી પાણી ત્યાં જ શોષાઈ જશે. તો શું કરવું ? તે કહે છે કે) તો તળાવના પાણીની સપાટી ઉપર (વધારે ઉપર નહીં) વડના કે પીંપળાના પાંદડાને અડાડીને (=પાણીની સપાટીથી કંઈક ઉપર રાખીને) તે રીતે ધીરે–ધીરે પાણી નાખવું કે જેથી [II]પડતા પાણીનો અવાજ ન થાય. જો પાંદડા ન હોય તો પાત્રના કર્ણભાગને (=ઉપરના ભાગને) પાણીની સપાટી સુધી નીચે લાવી સ્થાપે. (अल्लियाविज्जइ =[II]સ્થાપે.) ત્યાર પછી ધીરે ધીરે પાણી પરઠવે.

જો કૂવાનું પાણી હોય, ત્યારે જો (અરઘટ્ટાદિમાંથી પડતા પાણીદ્વારા) કૂવાના કિનારા ભીના

२४. दद्यात्तदाऽऽकरे, एवमनाभोगादात्मसमुत्थं, परसमुत्थं जानानाऽनुकम्पया दद्यात्–नैते भगवन्तः पानीयस्य रसं जानन्ति ह्रदोदकं दद्यात्, प्रत्यनीकतया वा दद्यात् एतान्यस्य व्रतानि भज्यन्त्विति, ज्ञाते तत्रैव संहर्तव्यं, न दद्याद्यत आनीतं तत्स्थानं पृच्छ्यते तत्र नीत्वा परिष्ठाप्यते, न जानीयाद्वर्णादिभिरुपलक्ष्यते तदा नदीपानीयं नद्यां त्यज्यते एवं तटाकपानीयं तटाके अवटवापीसरादिस्वस्थानेषु त्यज्यते, यदि शुष्का तटाः, पानीयं वटपत्रं पिप्पलपत्रं वाऽवष्टभ्य शनैस्त्यज्यते यथा पतज्जलशब्दा न जायन्ते, पत्राणामसति भाजनस्य कर्णा यावदधस्तात् ( पश्चात् ) शनैरुदकं श्लिष्यन्ति तदा त्यज्यते, अथ कूपोदकं तदा यदि कूपतटः

**[२५]उल्ला तत्थ सणियं निसिरइ अणुल्लसंतो, सुक्कतडा होज्जा उल्लगं च ठाणं नत्थि ताहे भाणं सिक्कएण जडिज्जइ, मूले दोरो बज्झइ, उसक्कावेउ पाणियं ईसिमसंपत्तं मूलदोरो उक्खिप्पइ, ताहे पलोट्टइ, नत्थि कूवो दूरे वा तेणसावयभयं होज्जा ताहे सीयलए महुररुक्खस्स वा हेट्ठा सपडिग्गहं वोसिरइ, न होज्ज पायं ता उल्लियं पुहविकायं मग्गित्ता तेण परिट्ठवेइ, असइ सुक्कंपि उण्होदएण उल्लेत्ता पच्छा परिट्ठविज्जइ, निव्वाघाए चिक्खल्ले वा खड्डं खणिऊण पत्तपणालेण विगिंचइ ★छाहिं च करेति एसा विही, जं पडिनियत्ताए आउक्काएण मीसेउं दिण्णं तं विगिंचेइ; जं संजयस्स पुव्वगहिए पाणिए आउक्काओ अणाभोगेण दिण्णो जइ परिणओ, भुंजइ, नवि**

થયેલા હોય તો ત્યાં જ રહેલો (अणुल्लसंतो = [11]નહીં ખસતો અર્થાત્ કૂવાના એવા સ્થાનમાં પોતે ઊભો રહેલો પાણી નાખે કે જે સ્થાનથી ખસીને=લપસીને પોતે કૂવામાં પડે નહીં.) કિનારે–કિનારે ધીરે ધીરે પાણી પરઠવે. (જેથી તે પાણી સરકીને કૂવામાં રહેલા પાણી સાથે ભળી જાય.)

જો કિનારા ભીના ન હોય અથવા કૂવાની ચારેબાજુ એકપણ ભીનું સ્થાન ન હોય તો પાણીના પાત્રાને સિકામાં (=છાબડીમાં) મૂકે. તે સિકાની નીચેના ભાગમાં એક દોરો બાંધે. (સિકાની ઉપર પકડવાના હેન્ડલમાં તો જુદો દોરો બાંધેલો જ હોય.) ત્યાર પછી તે સિકાને કૂવામાં ત્યાં સુધી નીચે ઉતારે કે પાણીની સપાટીથી કંઈક અદ્ધર રહે. ત્યાર પછી નીચેના ભાગમાં બાંધેલા દોરાને ધીરેથી ખેંચે. જેથી પાત્રામાં રહેલું પાણી કૂવાના પાણીમાં ભેગું થઈ જાય. ધારો કે કૂવો નથી અથવા ઘણો દૂર છે અને વચમાં ચોર, જંગલી પશુઓનો ભય છે. ત્યારે છાયડામાં અથવા મધુરવૃક્ષની નીચે પાત્રસહિત પાણીનો ત્યાગ કરવો. પરંતુ જો પોતાની પાસે પાત્રુ વધારે નથી તો ભીની જમીન શોધીને ત્યાં પાણી પરઠવવું. ભીની જમીન નથી તો પોતાની પાસે રહેલ અચિત્તપાણીથી જમીન ભીની કરીને પછી ત્યાં સચિત્તપાણી પરઠવે. અથવા વ્યાઘાત વિનાના (= પશુ વિગેરેની અવર–જવર વિનાના સ્થાનમાં રહેલા) કાદવમાં ખાડો ખોદવો. પછી મધુરવૃક્ષના પાંદડામાંથી બનાવેલ નાલિકાવડે ધીરે ધીરે તે ખાડામાં સચિત્ત પાણી નાંખવું. ત્યારબાદ તે ખાડાને (વૃક્ષની શાખાવડે) છાયાને કરે (અર્થાત્ તે ખાડાને શાખાઓવડે ઢાંકી દે.) આ (એકલા સચિત્તપાણીના ત્યાગની) વિધિ કહી.

જે સ્ત્રી વિગેરે શત્રુતાદિકારણે સચિત્ત–અચિત્ત પાણી મિશ્ર કરીને આપે તેનો ત્યાગ કરવો = પરિસ્થાપના કરવી. (આ પ્રમાણે પોતાના ખાલી પાત્રમાં આ રીતે મિશ્ર પાણી વહોર્યું હોય તેની વિધિ કહી. પરંતુ) સાધુએ પૂર્વે અચિત્ત પાણી ગ્રહણ કર્યું હોય એવા પાત્રમાં સચિત્ત કે મિશ્ર

२५. आर्द्रस्तत्र शनैर्निसृज्यतो अखसन्, शुष्कतटो भवेत् आर्द्रं च स्थानं नास्ति तदा भाजनं सिक्ककेन बध्यते, मूले दवरको बध्यते, उत्ष्वक्य पानीयमीषदसंप्राप्ते मूलदवरक उत्क्षिप्यते, तदा प्रलोठ्यते, नास्ति कूपो दूरे वा स्तेनश्वापदभयं भवेत् तदा शीतले मधुरवृक्षस्याधस्तात् सप्रतिग्रहं व्युत्सृज्यते, न भवेत्पात्रं तदाऽऽर्द्रं पृथ्वीकायं मार्गयित्वा तेन परिष्ठापयति, असति शुष्कमप्युष्णोदकेनार्द्रयित्वा पश्चात् परिष्ठाप्यते, निर्व्याघाते कर्दमे वा खड्डं खनित्वा पत्रप्रणालिकया त्यज्यते, छायां च करोति, एष विधिः, यद् प्रत्यनीकतयाऽप्कायेन मिश्रयित्वा दत्तं तद्विविच्यते, यदि संयतेन पूर्वं गृहीते पानीयेऽप्कायोऽनाभोगेन दत्तो यदि परिणतो भुज्यते, म- ★ 'सोहिं' इत्यशुद्धः पाठो पूर्वमुद्रिते ।

[२६] परिणमइ जेण कालेण थंडिलं पावइ विगिंचियव्वं, जत्थ हरतणुया पडेज्जा तं कालं पडिच्छित्ता विगिंचिज्जइ २। तेउक्काओ तहेव आयसमुत्थो आहोएण संजयस्स अगणिकाएण कज्जं जायं– अहिडक्को वा डंभिज्जइ फोडिया वा वायगंठी वा अन्त्रवृद्धिर्वा, वसहीए दीहजाईओ पविट्ठो, पोट्टसूलं वा तावेयव्वं, एवमाईहिं आणिए कज्जे कए तत्थेव पडिछुब्भइ, ण देंति तो तेहिं कट्ठेहिं जो अगणी तज्जाइओ तत्थेव विगिंचिज्जइ, न होज्ज सोवि न देज्ज वा ताहे तज्जाएण छारेण उच्छाइज्जइ, पच्छा अण्णजाइएणवि, दीवएसु तेल्लं गालिज्जइ वत्ती य निप्पीलिज्जइ मल्लगसंपुडए कीरइ पच्छा अहाउगं पालेइ, भत्तपच्चक्खायगाइसु मल्लगसंपुडए काऊण अच्छति, सारक्खिज्जइ, कए कज्जे तहेव विवेगो, अणाभोगेण खेलमल्लगालोयच्छारादिसु, तहेव परो आभोएण छारेण दिज्ज वसहीए अगणिं जोइक्खं वा करेज्ज तहेव विवेगो, अणाभोएणवि एए चेव पूयलियं वा सइंगालं देज्जा, तहेव विवेगो ३। वाउक्काए आयसमुत्थं आभोएण, कहं ?, वत्थिणा दिइएण

પાણી અનાભોગથી ગ્રહણ થઈ જાય તો સ્થંડિલભૂમિ સુધી પહોંચતા કાલમાં જો તે અચિત્ત થઈ જાય તો વાપરે = ઉપયોગ કરે. પરંતુ જેટલા સમયમાં સ્થંડિલભૂમિ આવે તેટલા સમયમાં પણ જો અચિત્ત થાય નહીં તો તે પાણી પરઠવી દેવું. જે સ્થાનમાં હરિતનુ (=વનસ્પતિના પાંદડા ઉપર ફૂટી નીકળતું પાણી) પડતા હોય તેવા સ્થાનમાં તે હરિતનુ સૂકાય નહીં ત્યાં સુધી રાહ જોઈને પછી પરઠવવું. (૨)

(૩) **તેઉકાય** : આભોગથી આત્મસમુત્થ ગુરુગમથી જાણવું.

**અનાભોગથી આત્મસમુત્થ** : શ્લેષ્મના પ્યાલા માટેની કે લોચ માટેની રાખ લેવા જતા અનાભોગથી તેમાં અગ્નિના કણિયા સાથે આવી જાય.

**આભોગ–અનાભોગથી પરસમુત્થ** : શત્રુતાદિને કારણે કોઈ વ્યક્તિ જાણી જોઈને રાખમાં મિશ્ર કરી અગ્નિના કણિયાદિને આપે અથવા શત્રુતા કે ભક્તિથી કોઈ વ્યક્તિ અગ્નિ કે દીપકને પ્રજ્વલિત કરીને વસતિમાં પ્રકાશ કરે. તેવા સમયે તે દીપકાદિનો વિધિપ્રમાણે ત્યાગ કરવો. અનાભોગથી પણ તે અન્ય લોકો જ અંગારાદિના કણિયાથી યુક્ત રોટલી આપે. તે પણ એ જ પ્રમાણે પરઠવે. (૩)

२६. परिणमति येन कालेन स्थण्डिलं प्राप्यते त्यक्तव्यं, यत्र हरतनुकाः पतेयुस्तं कालं प्रतीच्छ्य त्यज्यते । तेजस्कायस्तथैवात्मसमुत्थ आभोगेन संयतस्याग्निकायेन कार्यं जातं–अहिदष्टो वा दह्यते स्फोटिका वा वातग्रन्थिर्वा अन्त्रवृद्धिर्वा, वसतौ दीर्घजातीयः प्रविष्टः, उदरशूलं वा तापयितव्यं, एवमादिभिरानीते कार्ये कृते तत्रैव प्रतिक्षिप्यते, न दद्यात्तदा तैः काष्ठैर्योऽग्निस्तज्जातीयस्तत्रैव त्यज्यते, न भवेत् सोऽपि न दद्याद्वा तदा तज्जातेन क्षारेणाच्छाद्यते, पश्चादन्यजातीयेनापि, दीपेभ्यः तैलं गाल्यते वर्त्तिर्निष्पीड्यते मल्लकसंपुटे क्रियते पश्चाद्यथायुष्कं पालयति, भक्तप्रत्याख्यानादिषु मल्लकसंपुटे कृत्वा तिष्ठति, संरक्ष्यते, कृते कार्ये तथैव विवेकः, अनाभोगेन श्लेष्ममल्लकलोचक्षारादिषु, तथैव पर आभोगेन दद्यात्, वसतौ अग्निं ज्योतिर्वा कुर्यात् तथैव विवेकः । अनाभोगेनापि एते चैव पूपलिकां वा साङ्गारां दद्यात् तथैव विवेकः ॥ वायुकाय आत्मसमुत्थमाभोगेन, कथं ?, बस्तिना दृत्या

[२७] वा कज्जं, सो कयाइ सचित्तो अच्चित्तो वा मीसो वा भवइ, कालो दुविहो—निद्धो लुक्खो य, णिद्धो तिविहो—उक्कोसाइ, लुक्खोवि तिविहो—उक्कोसाइ, उक्कोसए सीए जाहे धंतो भवइ ताहे जाव पढमपोरिसी ताव अचित्तो बितियाए मीसो ततियाए सचित्तो, मज्झिमए सीए बितियाए आरद्धो चउत्थीए सचित्तो भवइ, मंदसीए तइयाए आरद्धो पंचमाए पोरिसीए सचित्तो, उण्हकाले मंदउण्हे मज्झे उक्कोसे दिवसा नवरि तिण्णि चत्तारि पंच य, एवं वत्थिस्स, दइयस्स पुव्वद्धंतस्स एसेव कालविभागो, जो पुण ताहे चेव धमित्ता पाणियं उत्तारिज्जइ, तस्स य पढमे हत्थसए अचित्तो बितिए मीसो तइए सचित्तो, कालविभागो नत्थि, जेण पाणियं पगतीए सीयलं, पुव्वं अचित्तो मग्गिज्जइ पच्छा मीसो पच्छा सचित्तोवि । अणाभोएण एस अचित्तोत्ति मीसगसचित्ता गहिया, परोवि एवं चेव जाणंतो वा देज्जा अजाणंतो वा, णाए तस्सेव, अणिच्छंते उव्वरगं सकवाडं पविसित्ता सणियं मुंचइ, पच्छा सालाएवि, पच्छा वणणिगुंजे महुरे, पच्छा संघाडियाउवि जयणाए, एवं दइयस्सवि, सचित्तो वा अचित्तो वा मीसो वा होउ सव्वस्सवि एस विही, मा

(૪) વાયુકાય : આભોગથી આત્મસમુત્થ ગુરુગમથી જાણવું.

**અનાભોગથી આત્મસમુત્થ :** અચિત્ત સમજીને મિશ્ર અથવા સચિત્ત ગ્રહણ કરે.

**આભોગ–અનાભોગથી પરસમુત્થ :** યાચના કરતાં સામે રહેલ વ્યક્તિ જાણતા કે અજાણતા સચિત્તાદિ વાયુકાયવાળી બસ્તિ વિગેરે આપે. સચિત્ત કે મિશ્ર છે એવો ખ્યાલ આવતા તે વ્યક્તિને જ તે બસ્તિ વિગેરે પાછી આપવી. જો તે ન ઇચ્છે તો દરવાજાસહિતના ઓરડામાં પ્રવેશ કરી દરવાજો બંધ કરી ધીરે ધીરે તે બસ્તિમાંથી વાયુકાય બહાર કાઢવો. તેવું સ્થાન ન હોય તો ઘંઘશાળામાં, તે ન હોય તો મધુર એવા વનનિકુંજમાં વાયુકાયને છોડે. તે ન હોય તો [11] મોટા પ્રમાણવાળા (કાંબળી વિ.) વસ્ત્રની અંદર યતનાપૂર્વક વાયુકાયને છોડે. દતિમાટે પણ આ જ પ્રમાણેની વિધિ જાણવી. ટૂંકમાં સચિત્ત, અચિત્ત કે મિશ્ર ગમે તે વાયુ હોય, તેનો જ્યારે ત્યાગ કરવો હોય ત્યારે બીજા સચિત્તાદિ પવનની વિરાધના ન થાય તે માટે ઉપરોક્ત વિધિ પ્રમાણે જ ત્યાગ કરવો. (૪)

२७. वा कार्यं, स कदाचित् सचित्तोऽचित्तो वा मिश्रो वा भवति, कालो द्विविधः— स्निग्धो रूक्षश्च, स्निग्धस्त्रिविधः—उत्कृष्टादिः, रूक्षोऽपि त्रिविधः—उत्कृष्टादिः, उत्कृष्टे शीते यदा ध्मातो भवति तदा यावत् प्रथमपौरुषी तावदचित्तो द्वितीयायां मिश्रस्तृतीयायां सचित्तः, मध्यमे शीते द्वितीयाया आरभ्य चतुर्थ्यां सचित्तो भवति, मन्दशीते तृतीयाया आरभ्य पञ्चम्यां पौरुष्यां सचित्तः, उष्णकाले मन्दोष्णे मध्ये उत्कृष्टे दिवसाः परं त्रीन् चतुरः पञ्च च, एवं बस्तेः, दृतेः पूर्वध्मातस्यैष एव कालविभागः, यः पुनस्तदैव ध्मात्वा पानीय उत्तार्यते, तस्य च प्रथमे हस्तशते अचित्तो द्वितीये मिश्रस्तृतीये सचित्तः, कालविभागो नास्ति, येन पानीयं प्रकृत्या शीतलं, पूर्वमचित्तो मार्ग्यते पश्चान्मिश्रः पश्चात्सचित्तोऽपि । अनाभोगेन एषोऽचित्त इति मिश्रसचित्तौ गृहीतौ, परोऽप्येवमेव जानन्वा दद्यादजानन्वा, ज्ञाते तस्मै एव, अनिच्छति अपवरकं सकपाटं प्रविश्य शनैर्मुच्यते, पश्चात् शालायामपि, पश्चाद्वननिकुञ्जे मधुरे, पश्चात् श्रृङ्गाटिकायामपि यतनया, एवं दृतेरपि, सचित्तो वाऽचित्तो वा मिश्रो वा भवन्तु सर्वस्याप्येष विधिः, मा

[२८] अण्णं विराहेहिंत्ति ४। वणस्सइकाइयस्सवि आयसमुत्थं आभोएणं गिलाणाइकज्जे मूलाईण गहणं होज्जा, अणाभोएण गहियं भत्ते वा लोट्टो पडिओ पिट्ठगं वा कुक्कुसा वा, सो चेव पोरिसिविभागो, दुक्कुट्टिओ चिरंपि होज्जा, परो अल्लगेण मिसियगं चवलगमीसियाणि वा पीलूणि कूरओडियाए वा अंतो छोढूणं करमद्दएहिं वा समं कंजिओ अन्नयरो बीयक्काओ पडिओ होज्जा, तिलाण वा एवं गहणं होज्जा, निंबतिलमाइसु होज्जा, जइ आभोगगहियं आभोगेण वा

(૫) **વનસ્પતિકાય :** આભોગથી આત્મસમુત્થ ગુરુગમથી જાણવું.

**અનાભોગથી આત્મસમુત્થ :** ગોચરી વહોરતી વેળાએ ભોજનાદિમાં ([II]કંરડિ વિગેરે ધાન્યનો) લોટ પડેલો હોય અને તે અનાભોગથી ગ્રહણ થાય અથવા (ઘઉં વિગેરેનો) લોટ અનાભોગથી ગ્રહણ થઇ જાય અથવા કરડિ વિગેરે ધાન્યના જ કુક્કુસા (લોટ કરતા થોડા મોટા કણિયા) ગ્રહણ થઈ જાય. ત્યારે તેના સચિત્તાદિ માટે પૂર્વે વાયુકાયમાં જે પૌરુષીવિભાગ બતાવ્યો તે જ અહીં સમજી લેવો. (પરંતુ અહીં વિપરીત જાણવો, અર્થાત્ પૂર્વે પવન અચિત્તમાંથી સચિત્તાદિ ક્યારે બને તે કહ્યું. અહીં લોટ્ટ વિગેરે સચિત્તમાંથી અચિત્તાદિ ક્યારે થાય ? તે સંબંધી કાલ જાણવો. તથા પૂર્વે સ્નિગ્ધકાલમાં પોરિસી અને રૂક્ષકાલમાં દિવસો કહ્યા હતા. અહીં રૂક્ષકાલમાં પોરિસી અને સ્નિગ્ધકાલમાં દિવસો જાણવા.

જેમ કે, તે સ્ત્રીને પૂછવું કે આ લોટ દળ્યાને કેટલો સમય થયો ? તેથી જો રૂક્ષકાલસંબંધી એક પોરિસી પૂર્ણ થઈ હોય તો તે લોટ હજુ સુધી અચિત્ત થયો નથી એમ જાણવું. બીજી પોરિસીમાં પણ એ જ પ્રમાણે સમજવું. ત્રીજી પોરિસીમાં તે લોટ અચિત્ત થાય. તેથી જો લોટ દળ્યાને ત્રણ પોરિસી થઇ ગઈ હોય તો તેનો ત્યાગ કરવાની જરૂર નથી. સ્નિગ્ધકાળમાં આ જ પ્રમાણે, પણ પોરિસીની બદલે દિવસો સમજવા. આ બહુલતાએ સમજવું. અન્યથા જો અત્યંત બારીક લોટ દળ્યો હોય તો બતાવેલા કાલ કરતા પહેલા પણ અચિત્ત થઈ શકે, અને) જો બહું જાડો લોટ દળ્યો હોય તો લાંબાકાલ સુધી પણ સચિત્ત હોઈ શકે છે.

**આભોગ—અનાભોગથી પરસમુત્થ :** કોઈ ગૃહસ્થ સચિત્ત આદુ સાથે મિશ્ર કરીને કોઈપણ ખાદ્ય દ્રવ્ય આપે અથવા ચોખા કે વટાણા સાથે મિશ્ર કરીને પીલુઓ આપે અથવા ભાતના ઓસામણ (?) માં કોઈ સચિત્ત વસ્તુ નાખીને આપે અથવા કરમદા (ફળવિશેષ) થી યુક્ત કાંજી આપે (કોઈ દેશમાં કાંજીમાં ખટાશ માટે કરમદા નાંખતા હોય છે.) અથવા મગ, અડદ વિગેરે ગમે તે બીજકાય (દાણો) કાંજી વિગેરેમાં પડેલો હોય અને તે અનાભોગથી ગ્રહણ થાય અથવા એ જ પ્રમાણે અનાભોગથી તલોનું ગ્રહણ થાય. (તે કેવી રીતે ? તે કહે છે —) નિંબતિલ વિગેરેમાં અર્થાત્

२८. अन्यं विरात्सीदिति । वनस्पतिकायिकस्य आत्मसमुत्थमाभोगेन ग्लानादिकार्याय मूलादीनां ग्रहणं भवति, अनाभोगेन गृहीतं भक्ते वा लोट्टः पतितः पिष्टं वा कुक्कुसा वा, स एव पौरुषीविभागः, दुष्कुट्टितः चिरमपि भवेत्, पर आर्द्रकेण मिश्रितं चपलकमिश्रितानि वा पीलूनि कूरकोटिकायां (क्षिप्रचटिकायां) वाऽन्तः क्षिप्त्वा करमर्दैः समं वा काञ्जिकः अन्यतरो वा बीजकायः पतितो भवेत्, तिलानां वैवं ग्रहणं भवेत्, निम्बं तैलादिषु भवेत्, यद्याभोगगृहीतमाभोगेन वा ★ कङ्कटुक. + कणिक्का.

[२९] **दिन्नं विवेगो, अणाभोगगहिए अणाभोगदिण्णे वा जइ तरइ विगिंचिउं पढमं परपाए, सपाए, संथारए लद्दीए वा पणओ हवेज्जा ताहे उण्हं सीयं व णाऊण विगिंचणा, एसोवि वणस्सइकाओ पच्छाअंतो, का एतेसिं विगिच्चणविही ? अल्लगं अल्लगखेत्ते सेसाणी आगरे, असइ आगरस्स निव्वाघाए महुराए भूमीए अंतो वा कप्परे वा पत्ते वा, एस विहित्ति ॥**

ચૈત્રમાસમાં કોઈક દેશમાં લીમડાના પાંદડાને તલથી મિશ્રિત કરી કૂટવામાં આવે. પછી તેને કૂટી હૃદયની શુદ્ધિ માટે નિંબતિલ (નામનું ઔષધ) તૈયાર કરવામાં આવે છે. એમાં ક્યારેક સચિત્ત તલ રહી જવાની સંભાવના હોય છે. તેથી નિંબતિલને વહોરવા જતા ક્યારેક સચિત્ત તલ ગ્રહણ થઈ જાય છે. આ બધી વસ્તુ જો જાણી જોઈને ગ્રહણ કરી હોય કે જાણી જોઈને વહોરાવી હોય તો તેનો ત્યાગ કરવો. જે વળી અનાભોગથી લોટ વિગેરેનું ગ્રહણ થયું હોય કે ગૃહસ્થે અનાભોગથી આપ્યું હોય તો જો આહારમાંથી જુદું કરવું શક્ય હોય તો તેમાંથી બહાર કાઢી જે ઘરમાંથી વહોરતી વેળાએ આ લોટાદિ આવી ગયો હોય ત્યાં જઈ તે લોટાદિ પરપાત્રમાં=ગૃહસ્થના પાત્રમાં પાછો મૂકવો. જો તે રજા ન આપે તો પોતાના પાત્રમાં એટલે કે યાચના કરાયેલ મધુર એવા ઠીકરા વિગેરેમાં મૂકી શીતલ એવા અચિત્તપ્રદેશમાં મૂકવો.

સંથારા અથવા દાંડા ઉપર જો નિગોદ ઉત્પન્ન થઈ હોય તો (જો વિ[H]હારાદિમાં ન હોઈએ તો તે ઉપકરણનો ઉપયોગ કરવો નહીં. જો વિહારાદિમાં હોઈએ અને નિગોદ થાય તો તે ઉપકરણનો ત્યાં જ ત્યાગ કરવો. પરંતુ જો અન્ય ઉપકરણનો અભાવ હોવાથી તે ઉપકરણનો ત્યાગ સંભવિત ન હોય ત્યારે) ઉષ્ણ કે શીત જાણી ત્યાગ કરે. ([H]અર્થાત્ ઉષ્ણપ્રદેશમાં રહેલ ઉપકરણમાં નિગોદ થઈ હોય તો આ નિગોદ ઉષ્ણયોનિવાળી છે એવું જાણી નિગોદવાળો ઉપકરણનો એટલો અંશ ઉષ્ણપ્રદેશમાં ત્યાગે. જો શીતપ્રદેશમાં નિગોદ થઈ હોય તો શીતપ્રદેશમાં ત્યાગે. આ નિગોદ એ વનસ્પિતકાય નથી એવો કોઈને ભ્રમ થતો હોય તો તે દૂર કરવા કહે છે કે) આ નિગોદ પણ વનસ્પતિકાય જ છે. વળી તે [H]પાશ્ચાત્ય છે અર્થાત્ વ્યવહારમાં દેખાતી વનસ્પતિમાં આ સૌથી સૂક્ષ્મ વનસ્પતિકાય છે. ([H]આદુ, પીલુ વિગેરેની पढमं परपाए... વિગેરે દ્વારા ત્યાગવિધિ સામાન્યથી બતાવી છતાં હવે વિશેષથી જણાવવા પ્રથમ પ્રશ્ન કરે છે કે) આદુ, પીલુ વિગેરેની ત્યાગવિધિ શું છે? તે કહે છે – પ્રથમ તો તે આદુ વિગેરે દાતાને પાછું આપવું. જો તે ન સ્વીકારે તો તે આદુ જે ક્ષેત્રમાં ઉત્પન્ન થયું હોય તે ક્ષેત્રમાં જઈ પરઠવવું. શેષ પીલુ વિગેરે પણ આકરમાં=પોત–પોતાના ઉત્પત્તિસ્થાને પરઠવવા. આકર ન હોય તો તિર્યંચજીવોના આવા–ગમનરૂપ વ્યાઘાતથી રહિત એવી મધુરભૂમિમાં પરઠવવું. અથવા મધુર ઠીકરામાં કે મધુરવૃક્ષના પાંદડામાં મૂકી મધુરવનનિકુંજમાં ઝાડીઓમાં ત્યાગ કરે. આ પ્રમાણે વિધિ જાણ. ॥૪॥

**२९. दत्तं विवेकः, अनाभोगगृहीतेऽनाभोगदत्ते वा यदि शक्यते त्यक्तुं प्रथमं परपात्रे स्वपात्रे, संस्तारके लष्ट्यां वा पनको भवेत् तदोष्णं शीतं वा ज्ञात्वा त्यागः, एषोऽपि वनस्पतिकायिकः, पाश्चात्यः, का एतेषां विवेकविधिः ?, आर्द्रमार्द्रकक्षेत्रे शेषाणि आकरे, असत्याकारे निर्व्याघाते मधुरायां भूमौ, अन्तर्वा कर्परस्य वा पात्रस्य वा एष विधिरिति ।**

अत्र तज्जातातज्जातपारिस्थापनिकी प्रत्येकं पृथिव्यादीनां प्रदर्शितैव, भाष्यकारः सामान्येन तल्लक्षणप्रतिपादनायाह—

**तज्जायपरिट्ठवणा आगरमाईसु होइ बोद्धव्वा ।**
**अतज्जायपरिट्ठवणा कप्परमाईसु बोद्धव्वा ॥२०६॥ ( भा. )**

**व्याख्या** – तज्जाते–तुल्यजातीये पारिस्थापनिका २ सा आगरादिषु परिस्थापनं कुर्वतो भवति ज्ञातव्या, आकराः– पृथिव्याद्याकराः प्रदर्शिता एव, अतज्जातीये–भिन्नजातीये पारिस्थापनिका २ सा पुनः कर्परादिषु यथा ( योगं ) परिस्थापनं कुर्वतो बोद्धव्येति गाथार्थः ॥२०६॥

गतैकेन्द्रियपारिस्थापनिका, अधुना नोएकेन्द्रियपारिस्थापनिकां प्रतिपादयन्नाह—

**णोएगिंदिएहिं जा सा सा दुविहा होइ आणुपुव्वीए ।**
**तसपाणेहिं सुविहिया ! नायव्वा नोतसेहिं च ॥५॥**

**व्याख्या** – एकेन्द्रिया न भवन्तीति नोएकेन्द्रियाः–त्रसादयस्तैः करणभूतैरिति तृतीया, अथवा तेषु सत्सु तद्विषया वेति सप्तमी, एवमन्यत्रापि योज्यं, याऽसौ पारिस्थापनिका सा 'द्विविधा' द्विप्रकारा भवति 'आनुपूर्व्या' परिपाट्या, द्वैविध्यमेव दर्शयति–'तसपाणेहिं सुविहिया

**અવતરણિકા :** અહીં પૃથ્વીકાયાદિ દરેકની તજ્જાત અને અતજ્જાતપારિસ્થાપનિકા દેખાડી. (પરંતુ તેનું લક્ષણ બતાવ્યું નથી. તેથી) ભાષ્યકાર સામાન્યથી તેનું લક્ષણ જણાવતા કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** તજ્જાતમાં = તુલ્યજાતિમાં (અર્થાત્ સ્વસ્થાનમાં કે સ્વોત્પત્તિસ્થાનમાં) જે પરિસ્થાપના થાય તે તજ્જાતપારિસ્થાપનિકા. આ પરિસ્થાપના આકરાદિ સ્વસ્થાનમાં પરિસ્થાપના કરતા સાધુને જાણવી. તેમાં આકર એટલે પૃથિવીકાયાદિના ઉત્પત્તિસ્થાનો. અતજ્જાતમાં=ભિન્નજાતિમાં જે પરિસ્થાપના તે અતજ્જાતપારિસ્થાપનિકા. તે વળી ઠીકરા વિગેરે યથાયોગ્ય વસ્તુમાં પરિસ્થાપન કરતા સાધુને જાણવી. ॥ભા.૨૦૬॥

**અવતરણિકા :** એકેન્દ્રિયપારિસ્થાપનિકા પૂર્ણ થઈ. હવે નોએકેન્દ્રિયપારિસ્થાપનિકાનું પ્રતિપાદન કરતાં કહે છે ⇨

**ગાથાર્થ : હે સુવિહિત મુનિવરો ! નોએકેન્દ્રિયવડે જે પરિસ્થાપના થાય છે તે ક્રમશઃ બે પ્રકારે જાણવી – ત્રસજીવોવડે અને નોત્રસવડે.**

**ટીકાર્થ :** જે એકેન્દ્રિય નથી તે નોએકેન્દ્રિય અર્થાત્ ત્રસજીવો, તેઓવડે. અહીં કરણ–અર્થમાં તૃતીયાવિભક્તિ જાણવી. અથવા સતિ સપ્તમી કે વિષયના અર્થમાં સપ્તમીવિભક્તિ જાણવી. તેથી ત્રસજીવો હોતે છતે અથવા ત્રસજીવોવિષયક પારિસ્થાપનિકા. એ જ પ્રમાણે 'નોત્રસ' શબ્દમાં પણ સમજવું. આવી જે પારિસ્થાપનિકા છે તે ક્રમશઃ બે પ્રકારની છે. તે બે પ્રકારો જ બતાવે છે – 'તસપાણેહિં' [illegible] ★ઉષ્ણ વિગેરેથી તાપિત થયેલા જેઓ વિવક્ષિતસ્થાનથી ઉદ્વેગ પામે છે અને છાયડા

★ त्रसन्ति उष्णाद्यभितप्ताः सन्तो विवक्षितस्थानाद् उद्विजन्ति गच्छन्ति च छायाद्यासेवनार्थं स्थानान्तरमिति त्रसा इति जीवाजीवाभिगमे ॥

णायव्वा णोतसेहिं च' त्रसन्तीति त्रसाः त्रसाश्च ते प्राणिनश्चेति समासस्तैः करणभूतैः सुविहितेति सुशिष्यामन्त्रणम्, अनेन कुशिष्याय न देयमिति दर्शयति, ज्ञातव्या—विज्ञेया 'नोतसेहिं च' त्रसा न भवन्तीति नोत्रसा—आहारादयस्तैः करणभूतैरिति गाथार्थः ॥५॥

तसपाणेहिं जा सा सा दुविहा होइ आणुपुव्वीए ।
विगलिंदियतसेहिं जाणे पंचिंदिएहिं च ॥६॥

व्याख्या – त्रसप्राणिभिर्याऽसौ सा द्विविधा भवति आनुपूर्व्या, 'विकलेन्द्रिया' द्वीन्द्रियादयश्चतुरिन्द्रियपर्यन्तास्तैश्च, 'जाणि'त्ति जानीहि पञ्चेन्द्रियैश्चेति गाथार्थः ॥६॥

विगलिंदिएहिं जा सा तिविहा होइ आणुपुव्वीए ।
बियतियचउरो यावि य तज्जाया तहा अतज्जाया ॥७॥

व्याख्या – विकलेन्द्रियैर्याऽसौ सा त्रिविधा भवति आनुपूर्व्या, 'बियतियचउरो यावि य' द्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रियाँश्चाधिकृत्य, सा च प्रत्येकं द्विभेदा, तथा चाह—'तज्जाय तहा अतज्जाया' तज्जाते—तुल्यजातीये या क्रियते सा तज्जाता, तथा अतज्जाता—अतज्जाते या क्रियत इति गाथार्थः ॥७॥ भावार्थस्त्वयं—[३०]बेइंदियाणं आयसमुत्थं जलुगा गंडाइसु कज्जेसु गहिया तत्थेव विगिंचिज्जइ, सत्तुया वा आलेवणनिमित्तं ऊरणियासंसत्ता गहिया विसोहित्ता आयरे विगिंचेति,

---

વિગેરેના સેવન માટે અન્ય સ્થાને જાય છે તે ત્રસ જાણવા. ત્રસ એવા જે જીવો તે ત્રસજીવો. મૂળમાં 'સુવિહિત' શબ્દ સુશિષ્યોના આમંત્રણ માટે છે. આ શબ્દ 'કુશિષ્યોને આ ગ્રંથવાંચન ન કરાવવું' એવા અર્થને જણાવનારો છે. જે ત્રસ ન હોય તે નોત્રસ=આહાર વિગેરે. (ટીકાર્થનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥૫॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ત્રસજીવોને આશ્રયીને ક્રમશઃ બે પ્રકારની પરિસ્થાપના જાણવી – વિકલેન્દ્રિયજીવોની અને પંચેન્દ્રિયજીવોની. ॥૬॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** વિકલેન્દ્રિયવડે જે પરિસ્થાપના છે તે ક્રમશઃ ત્રણ પ્રકારની છે – બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરેન્દ્રિય. તે દરેકની પરિસ્થાપના પુનઃ બે પ્રકારે છે – તજ્જાત અને અતજ્જાત. તુલ્યજાતિમાં જે કરાય તે તજ્જાત અને ભિન્નજાતિમાં જે કરાય તે અતજ્જાત. ॥૭॥

**ભાવાર્થ** આ પ્રમાણે જાણવો : તેમાં પ્રથમ બેઈન્દ્રિયજીવનું આભોગથી–અનાભોગથી આત્મસમુત્થ ગ્રહણ ગુરુગમથી જાણવું. અથવા ([૩૦]ગૂમડાં વિગેરે ઉપર) લેપ કરવા માટે સક્તુ = ભુંજવેલા જવાદિનો લોટ ગ્રહણ કર્યો હોય અને કદાચ તે (લટ–ઇયળ વિ.) નાના–નાના જંતુઓથી સંસક્ત હોય ત્યારે તે લોટમાંથી જંતુઓને કાઢી જે ઘરમાં જે ડબ્બાદિમાંથી વહોર્યા હોય ત્યાં તે જંતુઓને મૂકવા. જો એ ઘર ખ્યાલમાં રહ્યું ન હોય તો થોડાક લોટની સાથે તિર્યંચાદિના

---

३०. द्वीन्द्रियाणामात्मसमुत्थं जलौका गण्डादिषु कार्येषु गृहीता तत्रैव त्यज्यते, सक्तुका वा आलेपननिमित्तं ऊर्णिकासंसक्ता गृहीता विशोध्याकरे त्यजति,

[३१] असइ आगरस्स सत्तुएहिं समं निव्वाघाए, संसत्तदेसे वा कत्थइ होज्ज अणाभोगगहणं तं देसं चेव न गंतव्वं, असिवाईहिं गमेज्जा जत्थ सत्तुया तत्थ कूरं मग्गइ ( ग्र. १६००० ), न लहइ तद्देवसिए सत्तुए मग्गइ, असईए बितिए जाव ततिए, असइ पडिलेहिय २ गिण्हइ, वेला वा अइक्कमइ अद्धाणं वा, संकिया वा मत्ते घेप्पंति, बाहिं उज्जाणे देउले पडिसयस्स वा बाहिं रयत्ताणं पत्थरिऊणं उवरि एक्कं घणमसिणं पडलं तत्थ पल्लत्थिज्जंति, तिन्नि ऊरणयपडिलेहणाओ,

ઉપદ્રવથી રહિત મધુર એવા સ્થાનમાં મૂકવા. કોઈકવાર સંસક્તદેશમાં (જ્યાં તે દેશના પ્રભાવથી જ ભક્ત–પાનાદિમાં જીવોની ઉત્પત્તિ વિગેરે સ્વાભાવિક રીતે જ થઈ જતી હોય તે સંસક્તદેશ કહેવાય. એવામાં) અનાભોગથી ગ્રહણ થઈ જાય (તો શું કરવું ? તે કહે છે –) પ્રથમ તેવા દેશમાં જ સાધુએ જવું નહીં. પરંતુ સંયમયોગ્ય ક્ષેત્રમાં અશિવ (= દેવતાનો ઉપદ્રવ) વિગેરે હોય અને તેથી સંસક્તદેશમાં જવું પડે ત્યારે સક્તુ ના સ્થાને ભાત યાચે. જો ભાત ન મળે તો તે જ દિવસનો બનાવેલ સક્તુ શોધવો. તે દિવસનો સક્તુ ન મળે તો બીજા દિવસનો બનાવેલ સક્તુ શોધે, તે ન હોય તો ત્રીજા દિવસે (= ત્રણ દિવસ પહેલા) બનાવેલ સક્તુ શોધે. તે પણ ન મળે તો ગૃહસ્થના વાસણમાંથી જ વહોરતી વેળાએ વારંવાર જોઈ–જોઈને ગ્રહણ કરે. પરંતુ આ રીતે જોઈ–જોઈને ગ્રહણ કરવામાં ઘણો સમય પસાર થાય એમ છે અથવા પોતે વિહારમાં હોય અથવા જીવોથી સંસક્ત હોવાની શંકા હોય ત્યારે એવા તે સક્તુને પોતાની પાસે રહેલા જુદા માત્રકમાં ગ્રહણ કરે.

ત્યાર પછી, તે ગ્રહણ કરેલા સક્તુને બહાર ઉદ્યાનમાં, દેવકુલમાં કે ઉપાશ્રયના બહારના ભાગમાં રજસ્ત્રાણને પાથરીને તેની ઉપર એક ઘન અને કોમળ એવા પલ્લાને પાથરીને તેની ઉપર મૂકે. (पल्लत्थिज्जंति = મૂકવું, નાંખવું.) ત્યાર પછી ત્રણવાર જીવો માટે પડિલેહણા કરવી. ([H]ऊरणय =લટ્ટ, ઈયળ વિગેરે જીવો. તેને શોધવા માટે જે પડિલેહણા તે ऊरणयपडिलेहणा.) તે ત્રણવાર કરે, અર્થાત્ પહેલા એક સાધુ પડિલેહણા કરે, પછી બીજો અને પછી ત્રીજો, એમ ત્રણવાર કરે. પરંતુ જો કોઈ કારણસર ત્રણ સાધુઓ ન હોય ત્યારે એક સાધુ ત્રણવાર પડિલેહણ કરે. જો એકવાર પણ એક જીવ અંદર દેખાય તો ફરી ત્રણવાર પડિલેહણા કરે. આ રીતે વારંવાર પડિલેહણા ત્યાં સુધી કરતા રહેવું કે પછી પહેલી વારમાં એક પણ જીવ દેખાય નહીં, એ રીતે બીજી વાર પણ ન દેખાય, એમ ત્રીજી વાર પણ ન દેખાય. ટૂંકમાં ત્યાં સુધી પડિલેહણા કરવી કે જ્યાં સુધી છેલ્લી ત્રણ પડિલેહણામાં એક પણ જીવ દેખાય નહીં.) આ રીતે પડિલેહણા પછી જ્યારે એક પણ જીવ દેખાય નહીં ત્યારે ફરી ત્રણવાર પડિલેહણા કરવી. આ રીતે સંપૂર્ણ શુદ્ધ થયેલા સક્તુમાંથી ત્રણ

३१. असत्याकारे सक्तुकैः समं निर्व्याघाते, संसक्तदेशे वा कुत्रचित् भवेदनाभोगग्रहणं तं देशमेव न गच्छेत्, अशिवादिभिर्गच्छेत् यत्र सक्तुकास्तत्र कूरो मार्ग्यते, न लभ्यते तद्दैवसिकान् सक्तुकान् मार्गयति, असति द्वैतीयिकान् यावत्तार्तीयिकान्, असति प्रतिलिख्य २ गृह्णाति, वेलां वाऽतिक्रामति अध्वानं वा ( प्रतिपन्नाः ), शङ्किता वा मात्रके गृह्णाति, बहिरुद्यानात् देवकुले प्रतिश्रयस्य वा बहिः रजस्त्राणं प्रस्तीर्य उपर्येकं घनमसृणं पटलं तत्र प्रक्षिप्यन्ते त्रिकृत्व ऊरणिकाप्रतिलेखना,

[32]**नत्थि जइ ताहे पुणो पडिलेहणाओ, तिण्णि मुट्ठिओ गहाय जइ सुद्धा परिभुज्जंति, एगंमि दिट्ठे पुणोवि मूलाओ पडिलेहिज्जंति, जे तत्थ पाणा ते मल्लए सत्तुएहिं समं ठविज्जंति, आगराइसु ★विगिंचइ, एवं भत्ते, जत्थ पाणयंपि बीयपाए पडिलेहित्ता उग्गाहिए छुब्भइ, संसत्तं जायं रसएहिं ताहे सपडिग्गहं वोसिरउ, नत्थि पायं ताहे अंबिलिं पाडिहारियं मग्गउ, णो लभेज्ज सुक्कयं अंबिलिं उल्लेऊणं असइ अण्णंमिवि अंबिलिबीयाणि छोढूण विगिंचइ, नत्थि बीयरहिएसु विगिंचति, पच्छा पडिस्सए +पाडिहारिएणं तिकालं पडिलेहेति दिणे दिणे, जदा परिणयं ताहे विगिंचइ,**

મુઠ્ઠી સક્તુ લઈ ફરી પડિલેહણા કરવી. તે જો શુદ્ધ નીકળે તો તે સક્તુ વાપરી લે. પરંતુ ત્રણ મુઠ્ઠી લઈને પડિલેહણ કરતા જો એક પણ જીવ દેખાય તો પૂર્વોક્ત વિધિ પ્રમાણે પહેલેથી ત્રણ–ત્રણ વાર પડિલેહણા કરે. તેમાં જે જીવો નીકળે, તેને માટીની કુંડીમાં સક્તુ સાથે રાખે. ત્યાર પછી તે જ્યાંથી લાવ્યા હોય ત્યાં જઈ તે જીવોને પરઠવે. આ પ્રમાણે ભોજનસંબંધી વિધિ કહી.

જ્યાં પાણી જીવોથી સંસક્ત થતું હોય તેવા સ્થળે પાણીને બીજા પાત્રમાં લઈને તેમાં બરાબર જોઈ લે. પછી જોઈને શુદ્ધ પાણી હોય તો ઉદ્ગ્રાહિત=જે પાત્રમાં શુદ્ધ પાણી ગ્રહણ કરેલું હોય તે પાત્રમાં નાખે. પરંતુ જો તે પાણી રસજ (=રસમાં ઉત્પન્ન થતાં) જીવોથી સંસક્ત હોય તો પાત્રાસહિત તે પાણીનો ત્યાગ કરે. જો પોતાની પાસે વધારાનું પાત્ર ન હોય તો, [H]ભીની કાંજીની થાળીરૂપ (= કાંજીથી ભીનું થયેલું વાસણરૂપ) અંબિલિને ઉછીની યાચે. જો ભીનું વાસણ ન મળે તો સુકી અંબિલિને (કોરા ખાટા પાણીના વાસણને) યાચે. તે કોરા વાસણને બીજા ખાટા પાણીથી (= ઓસામણાદિથી) ભીનું કરીને તેમાં સંસક્ત એવું ખાટુ પાણી નાંખે. જો સુકી અંબિલિ ન મળે તો બીજા યાચેલા વાસણમાં અંબિલિના બીજોને બીજા ધોવણાદિના પાણી સાથે મિશ્ર કરીને તે પાત્રમાં સંસક્ત પાણી નાંખે. ([H]અંબિલિબીજો એટલે અંબિલિ=કાંજી જેમાંથી બનતી હોય તેવી ચોખા વિગેરેની સામગ્રી. આવી સામગ્રીથી મિશ્ર કરીને શુદ્ધ પાણીને ખાટું કરે અને પછી તે પાણીથી બીજું વાસણ ખાટું કરે અને પછી તેમાં સંસક્ત ખાટું પાણી પરઠવે.)

જો બીજ ન હોય તો બીજરહિત એવા વાસણમાં પણ છેલ્લે સંસક્તપાણી પરઠવે. ([H]ત્યાર પછી જો વાસણ ગૃહસ્થે ઉછીનું નહીં પણ દાનમાં જ આપી દીધું હોય તો સંસક્તપાણીથી યુક્ત એવા તે વાસણને કોઈપણ જાતના વ્યાઘાત વિનાના સ્થાને અથવા મધુર વનનિકુંજાદિમાં મૂકી આવે. પરંતુ જો ગૃહસ્થે તે વાસણ ઉછીનું આપ્યું હોય તો) પછી (= જો [H]અપ્રાતિહારિક વાસણ ન મળે તો) ઉછીના એવા વાસણમાં તે સંસક્તપાણીને નાંખીને તેનું ઉપાશ્રયમાં રોજે રોજ ત્રણકાલ પડિલેહણ

**૩૨. नास्ति यदि तदा पुनः प्रतिलेखना, तिस्रो मुष्टीर्गृहीत्वा यदि शुद्धा परिभुज्यते, एकस्यां दृष्टायां पुनरपि मूलात् प्रतिलेखयति, ये तत्र प्राणिनस्ते मल्लके सक्तुकैः समं स्थाप्यन्ते, आकरादिषु त्यज्यन्ते, एवं भक्ते, यत्र पानीयमपि द्वितीयपात्रे प्रतिलिख्योद्ग्राहिके क्षिप्यते, संसक्तं जातं रसजैस्तदा सप्रतिग्रहं व्युत्सृजतु, नास्ति पात्रं तदा चिञ्चिणिकां प्रातिहारिकीं मार्गयतु, न लभेत शुष्कां चिञ्चिणिकां आर्द्रयित्वा असति अन्यस्मिन्नपि चिञ्चिणिकाबीजानि क्षिप्त्वा विविच्यते, नास्ति बीजरहितेषु त्यज्यते, पश्चात् प्रतिश्रये प्रातिहारिकेन त्रिकालं प्रतिलिखति दिने दिने, यदा परिणतं तदा विविच्यते, ★ 'विगिंचइ, नत्थि बीयरहिएसु विगिंचइ' इति पूर्वमुद्रिते । + 'पाडिहारिए वा अपाडिहारियं वा तिकालं पडिलेहेइ' – पूर्वमुद्रिते ।**

[૩૩] **भायणं च पडिअप्पिज्जइ, नत्थि भायणं ताहे अडवीए अणागमणपहे छाहीए जो चिक्खल्लो तत्थ खड्डुं खणिऊण निच्छिड्डुं लिंपित्ता पत्तणालेणं जयणाए छुब्भइ, एक्कसि पाणएणं भमाडेइ, तंपि तत्थेव छुब्भइ, एवं तिन्नि वारे, पच्छा कप्पेइ सण्हकट्ठेहि य मालं करेंति चिक्खिल्लेणं लिंपइ कंटयसाहाए य उच्छाएइ, तेण य भाणएणं सीयलपाणयं ण लयइ, अवसावणेण कूरेण य भाविज्जइ, एवं दो तिण्णि वा दिवसे, संसत्तगं च पाणयं असंतत्तगं च एगो न धरे, गंधेण विसंसिज्जइ, संसत्तं च गहाय न हिंडिज्जइ, विराहणा होज्ज, संसत्तं गहाय न समुद्दिसिज्जइ,**

કરે = ધ્યાન રાખે. જ્યારે તે પાણીમાં જીવો બધા ચ્યવી જાય ત્યારે તે પાણીને પરઠવી દે, અને ભાજન ગૃહસ્થને પાછું આપી દે. જો આવું ઉછીનું પાત્ર પણ ન મળતું હોય તો જંગલમાં જ્યાં લોકોની અવર–જવર ન હોય તેવા સ્થાનમાં વૃક્ષની છાયા નીચે રહેલા કાદવમાં ખાડો ખોદે. પછી તે ખાડાના મધ્યમભાગને લીપીને છિદ્રવિનાનું તળિયું કરે. તેમાં તે સંસક્તપાણી પાંદડાથી બનાવેલ નાળચાથી ધીરે ધીરે યતના પૂર્વક નાખે. પોતાના આ ખાલી થયેલ સંસક્તપાણીવાળા પાત્રને શુદ્ધપાણીથી એકવાર ભમાડવારૂપે ધુવે. તે ધોવનનું પાણી પણ તે ખાડામાં જ નાખે. આ રીતે ત્રણવાર પાણીથી તે પાત્રુ ધોઈને તે ધોયેલું પાણી ખાડામાં નાખે. પછી તે પાત્રુ કલ્પે = તેમાં વહોરી શકાય. ત્યાર પછી નાના–નાના લાકડાંઓવડે (ખાડામાં ન પડે એવા લાકડાંઓવડે) તે ખાડાને ઢાંકી દે. તેની ઉપર કાદવ વડે છિદ્ર ન રહે એ રીતે લેપ કરે. તેની ઉપર કાંટાવાળા વૃક્ષની શાખાઓથી આચ્છાદન કરે=ઢાંકે.

જે પાત્રમાં સંસક્તપાણી ગ્રહણ કર્યું હતું. તે પાત્રમાં ત્રણેક દિવસ સુધી શીતલપાણી=ચોખા વિગેરેના ધોવન વિનાનું ચોખ્ખું અને ઠંડું પાણી ગ્રહણ ન કરે, પરંતુ બે કે ત્રણ દિવસ સુધી તે પાત્ર ગરમ ઓસામણ અથવા ગરમ ભાતવડે ભાવિત કરે. (અર્થાત્ તે પાત્રમાં ગરમ ઓસામણ વિગેરે ગ્રહણ કરે. અહીં ગરમનું કારણ એ છે કે ઠંડા ઓસામણ કે ઠંડા ભાત વિગેરે લેવાથી જીવોની યોનિ નષ્ટ થતી નથી. અને પાછા જીવો ઉત્પન્ન થવાની સંભાવના છે. તેથી ઉષ્ણ ગ્રહણ કરે અને એનાથી પાત્રને ભાવિત કરે. તથા પૂર્વે શીતલપાણી લેવાની ના પાડી, તેથી પણ અધ્યાહાર થી 'ઉષ્ણ લેવા' એવું જણાય છે.) જે સાધુ પાસે અસંસક્તપાણી છે, તે જ સાધુ પોતાની પાસે રહેલ અન્યપાત્રમાં સંસક્તપાણી ગ્રહણ કરે નહીં. અન્યથા સંસક્ત પાણીના ગંધમાત્રથી પણ શુદ્ધપાણી સંસક્ત થઈ શકે છે. સંસક્તપાણીને સાથે રાખી ગોચરીમાં ફરાય નહીં અન્યથા વિરાધના થાય. એ જ રીતે સંસક્તપાણી સાથે રાખી ગોચરી પણ વપરાય નહીં, નહીં તો વિરાધના થાય. જો

**૩૩. भाजनं च प्रत्यर्प्यते, नास्ति भाजनं तदाऽटव्यामनागमनपथे छायायां यः कर्दमस्तत्र गर्तं खनित्वा निश्छिद्रं लिप्त्वा पत्रनालेन यतनया क्षिपति, एकशः पानीयेनार्द्रयति, तदपि तत्रैव क्षिपति, एवं त्रीन् वारान्, पश्चात् कल्पयति श्लक्ष्णकाष्ठैश्च मालं करोति कर्दमेन लिम्पति कण्टकशाखया चाच्छादयति, तेन च भाजने शीतलपानीयं न लाति, अवश्रावणेन कूरेण च भाव्यते, एवं द्वौ त्रीन् वा दिवसान्, संसक्तं च पानकमसंसक्तं चैको न धारयेत्, गन्धेन विशस्यते, संसक्तं च गृहीत्वा न हिण्ड्यते, विराधना भवेत्, संसक्तं गृहीत्वा न भुज्यते,**

**[३४]जइ परिस्संता जे ण हिंडंति ते लिंति, जे य पाणा दिट्ठा ते मया होज्जा, एगेण पडिलेहियं बीएण ततिएणं, सुद्धं परिभुंजंति, एवं चेव महियस्सवि, गालियदहियस्स नवणीयस्स य का विही ?, महीए एगा उंडी छुब्भइ, तत्थ दीसंति, असइ महियस्स गोरसधोवणे, पच्छा उण्होदयं सियलाविज्जइ, पच्छा महुरे चाउलोदए, तेसु सुद्धं परिभुज्जइ, असुद्धे तहेव विवेगो दहियस्स, पच्छओ उयत्तेता णियत्ते पडिलेहिज्जइ तीराए, सुत्तेसुवि एस विही, परोवि आभोयअणाभोगा एताणि दिज्जा ॥ तेइंदियाण गहणं सत्तुयपाणाण पुव्वभणिओ विही, तिलकीडयावि तहेव दहिए वा रल्ला तहेव**

(સંસક્તપાણીવાળું પાત્રુ ઉપાશ્રયમાં રહેલ સાધુએ પોતાની પાસે ધારી રાખ્યું હોય અને હવે) તે થાકે ત્યારે જેઓ ગોચરી વિગેરે જતા ન હોય તેઓને સંસક્તપાણીવાળું પાત્રુ આપે. ક્યારેક એવું બને કે તે પાણીમાં જે જીવો દેખાય તે કદાચ મરેલા હોય તો વારાફરતી ત્રણ સાધુઓ (અથવા એક સાધુ ત્રણ વખત) પડિલેહણ કરે અને જો પાણી શુદ્ધ લાગે તો વાપરે. (આ પ્રમાણે પાણીસંબંધી વિધિ કહી. હવે તક્ર=છાસ વિગેરે સંબંધી વિધિ જણાવતા કહે છે કે) એ જ પ્રમાણે = પાણીની જેમ તક્રની વિધિ પણ જાણવી. આગળનું ગુરુગમથી જાણવું. ([H]ગાળેલા એવા દહીંમાં સંસક્તતા છે કે નહીં ? તે જાણવાનો ઉપાય જણાવ્યો. પરંતુ જે ગાળ્યા વિનાનું દહીં છે તે સંસક્ત છે કે નહીં ? તે કેવી રીતે જાણવું ? તે કહે છે –)

ગાળ્યા વિનાનું દહીં સાધુ પાત્રમાં વહોરે ત્યારે જો દહીં સંસક્ત હોવાની શંકા હોય તો દહીંવાળા પાત્રને ઉપર–નીચે, આજુ–બાજુ હલાવે, અને પછી પાત્રમાં દહીંની કિનારીએ તપાસ કરે. જો દહીંમાં જીવો હોય તો આ રીતે કરવાથી કિનારે જીવો આવે. જેથી દહીં સંસક્ત છે કે નહીં ? તે ખ્યાલ આવે. સુત્તને વિશે=શે[H]રડીમાંથી સાકર બને તેમાં શેરડી અને સાકર વચ્ચેની એક કક્કબ નામની અવસ્થાને સુત્ત કહેવાય છે. તેને વિશે પણ આ વિધિ જ જાણવી. (ઉપરોક્ત સંપૂર્ણ અનુવાદ ટીપ્પણીકારાનુસારે મેં લખ્યો છે. પરંપરાનો અભાવ હોવાથી ટીપ્પણીકારે પણ આ બધી વિધિઓ 'દુર્ગમ છે અને માત્ર અક્ષરાર્થ કરીએ છીએ' એમ જણાવ્યું છે. तत्त्वं तु केवलिगम्यम्) આ પ્રમાણે બેઈન્દ્રિયનું આત્મસમુત્થ ગ્રહણ કહ્યું.

**પરસમુત્થ ગ્રહણ :** બીજો ગૃહસ્થ પણ જાણી જોઈને કે અજાણતા બેઈન્દ્રિયજીવોથી સંસક્ત વસ્તુ આપે.

હવે તેઈન્દ્રિયની પારિસ્થાપનિકા જણાવાય છે. તેમાં તેનું ગ્રહણ આ પ્રમાણે જાણવું – પૂર્વની

**३४. यदि परिश्रान्तास्तर्हि ये न हिण्डन्ते ते लान्ति, ये च प्राणिनो दृष्टास्ते मृता भवेयुः, एकेन प्रतिलेखितं द्वितीयेन तृतीयेन, शुद्धं परिभुञ्जन्ति, एवमेव तक्रस्यापि गालितस्य दध्नो नवनीतस्य च तक्रे एका उण्डी क्षिप्यते तत्र दृश्यन्ते, असति तक्रे को विधिः ?, गोरसधावनं, पश्चादुष्णोदकं शीतलीयते पश्चात् मधुरं तन्दुलोदकं, तेषु शुद्धं परिभुज्यते, अशुद्धे तथैव विवेको, दध्नः पश्चात् उद्वर्त्य निवृत्ते सति प्रतिलेखयति तीरेषु, सुप्तेष्वपि एष विधिः, परोऽप्याभोगानाभोगाभ्यां तानि दद्यात् ॥ त्रीन्द्रियाणां ग्रहणं सक्तुप्राणिनां पूर्वभणितो विधिः तिलकीटका अपि तथैव दध्नि वा रल्लाः तथैव**

**[૩૫]छगणकिंमिओवि तहेव संथारगो वा गहिओ घुणाइणा णाए तहेव तारिसए कट्ठे संकामिज्जइ, उद्देहियाहिं गहिए पोत्ते णत्थि तस्स विगिंचणया, ताहे तेसिंवि लोढाइज्जइ, तत्थ अईंति, लोए छप्पइयाउ विसामिज्जंति सत्तदिवसे, कारणगमणं ताहे सीयलए निव्वाघाए, एवमाईणं तहेव आगरे निव्वाघाए विवेगो, कीडियाहिं संसत्ते पाणए जइ जीवंति खिप्पं गलिज्जइ, अह पडिया लेवाडेणवि हत्थेण उद्धरेयव्वा, अलेवाडं चेव पाणयं होइ, एवं मक्खियावि, संघाडएण पुण**

જેમ ગ્લાનાદિ પ્રયોજનમાં સક્તુ વિગેરેનું ગ્રહણ કર્યું હોય ત્યારે સંસક્ત એવા સક્તુમાં રહેલા જીવોના પરિત્યાગ માટે પૂર્વે કહેલ વિધિ જાણવી. એ જ રીતે તલમાં કોઈ કીડા હોય, દહીંમાં રલ્લા (=તેઈન્દ્રિયજીવવિશેષ) હોય, છાણના કીડા હોય, કે ઘુણાદિથી [H]લાકડાંના પીઠ—ફલકાદિરૂપ સંસ્તારક સંસક્ત થયો હોય ત્યારે પૂર્વે કહેલ વિધિ પ્રમાણે બધાનો પરિત્યાગ કરવો. જેમ કે ઘુણાદિથી સંસ્તારક સંસક્ત થયો હોય તો પીઠ—ફલક જેવા જ અન્ય લાકડાંમાં તે ઘુણાદિને મૂકવા.

ઉદ્દેહિકાઓ (વસ્ત્રમાં થતાં તેઈન્દ્રિયજીવવિશેષો) વડે જો વસ્ત્ર સંસક્ત થયું હોય તો ઉત્સર્ગથી તે વસ્ત્ર જ ત્યાગવું જોઈએ. પરંતુ જો અન્ય વસ્ત્રના અભાવે તે વસ્ત્રનો ત્યાગ થઈ શકે એમ નથી, ત્યારે તે ઉદ્દેહિકાઓનું જે ભીંત વિગેરે પાસે બિલ હોય તેની નજીક રાખવામાં આવે છે જેથી તે વસ્ત્રમાંથી નીકળીને બિલમાં પ્રવેશ કરે. લોચ કર્યા પછી જૂ વિગેરે જીવો માટે સાત દિવસ સુધી વાળોનું પડિલેહણ કરતા રહેવું. પરંતુ જો એક સ્થાને સાત દિવસ સુધી રોકાવવાનું ન હોય અને કોઈ કારણ આવતા વિહાર કરવો પડે તો નિર્વ્યાઘાત એવા ઠંડા પ્રદેશમાં=સ્થાનમાં વાળો પરઠવે. ([H]આ રીતે અનેક પ્રકારે તેઈન્દ્રિયજીવોનું ગ્રહણ સંભવે છે. બધું કહેવું શક્ય ન હોવાથી અતિદેશ કરતા કહે છે કે) આ બધા અનેક પ્રકારના જીવોનું ગ્રહણ થાય ત્યારે એ જ રીતે પોત–પોતાના સ્થાને નિર્વ્યાઘાત સ્થળે ત્યાગ કરવો.

કીડીઓથી સંસક્ત પાણી જો અનાભોગથી ગ્રહણ થઈ ગયું હોય ત્યારે તે કીડીઓ જો જીવતી હોય તો તરત જ પાણી ગાળી લેવું, પરંતુ એવું બને કે સાધુ જ્યારે પાણી ગ્રહણ કરતો હોય તે સમયે જ બે—ચાર કીડીઓ અંદર પડી તો ભોજનથી ખરડાયેલા એવા પણ હાથથી સાધુએ પાણીમાંથી કીડીઓનો ઉદ્ધાર કરવા યોગ્ય છે. આ રીતે ખરડાયેલા હાથ પાણીમાં જવા છતાં પાણી લેપકૃત થતું નથી. ([H]કારણ કે તે સાધુ જીવદયા માટે કરે છે અને આ રીતે બહુતરગુણોની સિદ્ધિ થાય છે.) આ જ પ્રમાણે માખીઓ માટે પણ સમજી લેવું. ([H]અહીં ભોજનથી ખરડાયેલા હાથથી પણ કીડીઓનો ઉદ્ધાર કરવો એ પ્રમાણે જે ખરડાયેલા હાથની વાત કરી તે જ્યારે ગોચરી માટે

**३५. गोमयकृमयोऽपि तथैव संस्तारको वा गृहीतो घुणादिभिः ज्ञाते तथैव तादृशे काष्ठे संक्राम्यन्ते, उद्देहिकाभिर्गृहीते पोते नास्ति तस्य विवेकः, तदा तासामपि प्रत्यासन्नीक्रियते, तत्र प्रविशन्ति, लोचे षट्पदिका विश्राम्यन्ते सप्त दिवसान्, कारणे गमनं तदा शीतले निर्व्याघाते, एवमादीनां तथैवाकरे निर्व्याघाते विवेकः, कीटिकाभिः संसक्ते पानीये यदि जीवन्ति क्षिप्रं गाल्यते, अथ पतिता लेपकृताऽपि हस्तेनोद्धर्त्तव्याः, अलेपकृदेव पानीयं भवति, एवं मक्षिका अपि, संघाटकेन पुनः**

[૩૬] एगो भत्तं गेण्हइ सो चेव ★फुसति, बीओ पाणयं, हत्थो अलेवाडो चेव, जइवि कीडियाउ मइयाउ तहवि गलिज्जंति, इहरहा मेहं उवहणंति मच्छियाहिं वमी हवइ, जइ तंदुलोदगमाइसु पूयरओ ताहे पगासमुहे भायणे छुहित्ता पोत्तेण दद्दरओ कीरति, ताहे कोसएणं खोरएण वा उक्कड्डिज्जइ, थोवएण पाणएण समं विगिंचिज्जइ, आउक्कायं गमित्ता कट्ठेण गहाय उदगस्स ढोइज्जइ, ताहे अप्पणा चेव तत्थ पडइ, एवमाइ तेइंदियाणं, पूयलिया कीडियाहिं संसत्तिया होज्जा, सुक्कओ वा कूरो, ताहे झुसिरे विक्खिरिज्जइ, तत्थ ताओ पविसंति, मुहुत्तगं च रक्खिज्जइ जाव

એકલો સાધુ ગયો હોય ત્યારની સમજવી.) જ્યારે સંઘાટક=બે સાધુઓ ગોચરી માટે ગયા હોય ત્યારે એક સાધુ ભોજનગ્રહણ કરતો હોય છે અને તે જ ભોજનને સ્પર્શે, બીજો નહીં. બીજો સાધુ પાણીને જ ગ્રહણ કરે. તેથી તેનો હાથ તો ખરડાયેલ છે જ નહીં. (માટે સંઘાટક જાય ત્યારે પાણીમાંથી કીડી વિગેરેનો ઉદ્ધાર પાણી ગ્રહણ કરનાર સાધુ જ કરતો હોવાથી પાણી લેપકૃત થવાની વાત રહેતી નથી.) જો પાણીમાં કીડીઓ મરી ગઈ હોય તો પણ પાણી ગાળવું, અન્યથા જો પાણી પીવામાં કીડી આવે તો બુદ્ધિનો નાશ થાય, માખી આવે તો ઉલટી થાય.

જો ચોખા વિગેરેના ધોવણના પાણીમાં પોરા હોય તો પહોળામુખવાળા પાત્રમાં પાણી લઈને પાત્રને ઉપરથી ગળણું બાંધે. ત્યાર પછી માટીમાંથી બનાવેલ નાના વાસણથી કે ઘરોમાંથી યાચીને લાવેલા વાડકી જેવા વાસણથી પાણીને બહાર કાઢે. (અહીં એવું લાગે છે કે પાત્રને ઉપરથી બાંધવાનું જે કહ્યું છે તે એ રીતે બાંધવું કે જેથી પોરા અંદર રહે અને અંદરનું પ્રાણી ગરણાની ઉપર આવે અર્થાત્ ગરણાને ઉપરથી ઢીલુ બાંધે. ઉપર જે પાણી આવ્યું તે નાના વાસણથી બહાર કાઢી નાંખે જેથી પોરા વિગેરેને વધુ કિલામણા થાય નહીં. પોરાની જાતિઓ ઘણા પ્રકારની હોવાથી અહીં તેઇન્દ્રિય પોરા જાણવા. इति टीप्पणके) પછી થોડું પાણી બાકી રાખી તે પાણી સાથે પોરા જીવોને સુરક્ષિત સ્થાનમાં પરઠવે. તે પણ એ રીતે કે ધોવણના પાણી જેવું બીજું પાણી હોય ત્યાં લાવી તે લાકડાંમાં લઈ પાણીની પાસે રાખે જેથી તે જીવો પોતાની જાતે પાણીમાં પ્રવેશી જાય.

આ પ્રમાણે તેઇન્દ્રિયજીવોનું ગ્રહણ સંભવે છે. એ જ રીતે પૂડલા વિગેરેમાં કીડીઓ થઈ હોય અથવા ભાતમાં કીડીઓ થઈ હોય અને ભાત સુકાઈ ગયા હોય તો તે વસ્તુને પોલાણવાળા સ્થાનમાં મૂકે જેથી તે સ્થાનમાં કીડીઓ જતી રહે, જ્યાં સુધી બધી કીડીઓ તે સ્થાનમાં પ્રવેશે નહીં ત્યાં સુધી ધ્યાન રાખવું.

---

३६. एको भक्तं गृह्णाति, सो चैव स्पृशति, द्वितीयः पानीयं हस्तोऽलेपकृदेव, यद्यपि कीटिका मृतास्तथापि गाल्यन्ते, इतरथा मेधामुपहन्युः मक्षिकाभिर्वान्तिर्भवति, यदि तन्दुलोदकादिषु पूतरकास्तदा प्रकाशमुखे भाजने क्षिप्त्वा पोतेनाच्छादनं क्रियते, ततः कोशेन क्षौरकेण वा निष्काश्यन्ते, स्तोकेन पानीयेन समं त्यज्यन्ते, अप्कायं प्रापय्य काष्ठेन गृहीत्वोदकाग्रे ध्रियन्ते, तदाऽऽत्मनैव तत्र पतन्ति, एवमादिस्त्रीन्द्रियाणां, पूपलिका कीटिकाभिः संसक्ता भवेत्, शुष्को वा कूरः, तदा शुषिरे विकीर्यते, तत्र ताः प्रविशन्ति, मुहूर्त्तं च रक्ष्यन्ते यावद् ★ छुब्भइ–पूर्वमुद्रिते ।

[३७]विप्पसरियाओ। चउरिंदियाणं आसमक्खिया अक्खिमि अक्खरा उकड्ढिज्जइत्ति घेप्पइ, परहत्थे भत्ते पाणए वा जइ मच्छिया तं अणेसणिज्जं, संजयहत्थे उद्धरिज्जइ, नेहे पडिया छारेण गुंडिज्जइ, कोत्थलगारिया वा वत्थे पाए वा घरं करेज्जा सव्वविवेगो, असइ छिंदित्ता, अह अन्नंमि य घरए संकामिज्जंति, संथारए मंकुणाणं पुव्वगहिए तहेव घेप्पमाणे पायपुंछणेणं, जइ तिन्नि वेलाउ पडिलेहिज्जंतोवि दिवसे २ संसज्जइ ताहे तारिसएहिं चेव कट्ठेहिं संकामिज्जंति, दंडए एवं चेव, भमरस्सवि तहेव विवेगो, सअंडए सकट्ठो विवेगो, पूतरयस्स पुव्वभणिओ

**ચઉરેન્દ્રિયનું ગ્રહણ :** ગુરુગમથી જાણવું. જો દાયકાના હાથમાં રહેલ ઘી વિગેરેમાં અથવા પાણીમાં માખી પડે ત્યારે તે ભોજન કે પાણી સાધુઓને અકલ્પ્ય છે, પરંતુ જો સાધુઓના હાથમાં રહેલ ભક્ત કે પાણીમાં માખી પડે તો તરત સાધુએ તેમાંથી માખીને બહાર કાઢવી. પરંતુ કોઈ ચીકાસવાળી વસ્તુમાં પડે તો બહાર કાઢી તે માખી ઉપર રાખ નાંખવી. (જેથી રાખ ચીકાસને ચૂસી લે અને માખી મરતી બચી જાય.) ભ્રમરી (कोत्थलगारिया = [ग]भ्रमरिका) જો વસ્ત્ર કે પાત્રમાં ઘર કરે તો તે વસ્ત્ર કે પાત્ર આખું છોડી દેવું. પરંતુ પોતાની પાસે બીજું વસ્ત્ર કે પાત્ર ન હોય તો વસ્ત્ર કે પાત્રના જે ભાગમાં ભમરીએ ઘર કર્યું હોય તેટલા ભાગને કાઢી પરઠવે, અથવા ભમરીના ઘરમાં રહેલ જીવોને અન્ય સ્થાને બનાવેલ ઘરમાં સંક્રમિત કરે. લાકડાંનો પીઠ–ફલકરૂપ સંથારો જો પૂર્વગ્રહીત હોય = ગૃહસ્થના ઘરમાં જ મંકોડાઓવડે સંસક્ત હોય તો તેવો સંથારો તે જ પ્રમાણે =ગૃહસ્થના હાથમાં રહેલ ભક્ત કે પાણીમાં માખી પડે, તે જેમ અકલ્પ્ય બને તેમ અકલ્પ્ય જાણવો. પરંતુ જો ગ્રહણ સમયે જ જીવોવડે સંસક્ત થતો દેખાય તો પાદપુંછણ=રજોહરણવડે રોજેરોજ જીવોથી સંસક્ત ન થાય તે માટે દિવસમાં ત્રણ વખત પ્રમાર્જન કરે.

પરંતુ રોજેરોજ ત્રણ વખત પ્રમાર્જન કરવા છતાં પણ જો સંથારો સંસક્ત થતો હોય તો તેવા પ્રકારના જ લાકડાંમાં તે જીવો સંક્રમિત કરાય છે. (જો કે અહીં ઘી વિગેરેમાં માખી પડે તેનો ત્યાગ કેવી રીતે કરવો એ વાત ચાલી રહી છે. તેમાં પ્રસંગથી તેઈન્દ્રિય એવા મંકોડાથી સંસક્ત સંથારાની વાત જાણવી, અન્યથા પૂર્વે તેઇન્દ્રિયમાં આ વાત આવી જ ગઈ છે. इति टिप्पणके.)

દાંડામાં પણ સંસક્ત જીવોનો ઉપરોક્તવિધિ પ્રમાણે ત્યાગ કરવો. ભમરી, જીવોના ઈંડાથી યુક્ત લાકડું, પોરા આ બધાનું પૂર્વે કહેલા પ્રમાણે પરિસ્થાપન કરવું. (અહીં જે તેઈન્દ્રિયજીવોનું વર્ણન કર્યું તે પ્રસંગથી જાણવું. તથા પોરાનામના જીવોની અનેક જાતિઓ હોવાથી અહીં પોરા શબ્દથી કોઈક ચઉરેન્દ્રિયજાતિનો જીવવિશેષ પણ સંભવિત હોવાથી અહીં તેનું કથન દુષ્ટ નથી.

३७. विप्रसृताः ॥ चतुरिन्द्रियाणां अश्वमक्षिका अक्ष्णः पुष्पिकां निष्काशयन्ति इति गृह्यन्ते, परहस्ते भक्ते पानीये वा यदि मक्षिकास्तदनेषणीयं, संयतहस्ते उद्ध्रियन्ते, स्नेहे पतिताः क्षारेणावगुण्ड्यन्ते कोत्थलकारिका वा वस्त्रे पात्रे वा गृहं कुर्यात् सर्वविवेकः, असति छित्त्वा, अथान्यस्मिन् गृहे वा संक्राम्यन्ते, संस्तारके मत्कुणानां पूर्वगृहीते तथैव गृह्यमाणे पादप्रोञ्छनेन यदि तिस्रो वाराः प्रतिलिख्यमानोऽपि दिवसे दिवसे संसृज्यते तदा तादृशैरेव काष्ठैः संक्राम्यन्ते, दण्डकेऽप्येवमेव, भ्रमरस्यापि तथैव विवेकः, साण्डे सकाष्ठस्य विवेकः, पूतरकस्य पूर्वभणितो

[३८]विवेगो, एवमाइ जहासंभवं विभासा कायव्वा । गता विकलेन्द्रियत्रसपारिस्थापनिका ॥

अधुना पञ्चेन्द्रियत्रसपारिस्थापनिकां विवृण्वन्नाह—

**पंचिंदिएहिं जा सा सा दुविहा होइ आणुपुव्वीए ।**
**मणुएहिं च सुविहिया, नायव्वा नोयमणुएहिं ॥८॥**

व्याख्या – पञ्च स्पर्शादीनीन्द्रियाणि येषां ते पञ्चेन्द्रियाः—मनुष्यादयस्तैः करणभूतैस्तेषु वा सत्सु तद्विषया वा याऽसौ पारिस्थापनिका सा द्विविधा भवत्यानुपूर्व्या, मनुष्यैस्तु सुविहिता ! ज्ञातव्या, 'नोमनुष्यैश्च' तिर्यग्भिः, चशब्दस्य व्यवहितः सम्बन्ध इति गाथाक्षरार्थः, ॥८॥ भावार्थं तूपरिष्टाद्वक्ष्यामः —

**मणुएहिं खलु जा सा सा दुविहा होइ आणुपुव्वीए ।**
**संजयमणुएहिं तह नायव्वाऽसंजएहिं च ॥९॥**

व्याख्या—मनुष्यैः खलुः याऽसौ सा द्विविधा भवति आनुपूर्व्या संयतमनुष्यैस्तथा ज्ञातव्याऽसंयतैश्चेति गाथाक्षरार्थः ॥९॥ भावार्थं तूपरिष्टाद्वक्ष्यामः —

**संजयमणुएहिं जा सा सा दुविहा होइ आणुपुव्वीए ।**
**सच्चित्तेहिं सुविहिया ! अच्चित्तेहिं च नायव्वा ॥१०॥**

---

इति टिप्पणके.) આ પ્રમાણે પરિસ્થાપનમાં જ્યાં જે જીવની જે રીતની પરિસ્થાપના સંભવિત હોય ત્યાં તે રીત જાણી લેવા યોગ્ય છે. વિકલેન્દ્રિય એવા ત્રસજીવોની પરિસ્થાપના પૂર્ણ થઈ.

**અવતરણિકા :** હવે પંચેન્દ્રિય એવા ત્રસજીવની પરિસ્થાપનાનું વિવરણ કરતાં કહે છે ⇨

ગાથાર્થ : **હે સુવિહિતમુનિઓ ! પંચેન્દ્રિયજીવોની જે તે પરિસ્થાપના છે, તે મનુષ્યોની અને નોમનુષ્યોની એમ ક્રમશઃ બે પ્રકારે જાણવા યોગ્ય છે.**

**ટીકાર્થ :** સ્પર્શેન્દ્રિય વિગેરે પાંચ ઇન્દ્રિયો જેઓને છે તે પંચેન્દ્રિય અને તે પંચેન્દ્રિય તરીકે મનુષ્ય વિગેરે જાણવા. કરણભૂત એવા તે મનુષ્યાદિવડે અથવા તે હોતે છતે અથવા મનુષ્યાદિ વિષયક જે આ પરિસ્થાપના છે તે ક્રમશઃ બે પ્રકારે થાય છે. હે સુવિહિતમુનિઓ ! તે પરિસ્થાપના મનુષ્યો અને નોમનુષ્ય=તિર્યંચવડે જાણવા યોગ્ય છે. 'च' શબ્દ અન્ય સ્થાને જોડવો, અર્થાત્ મૂળમાં 'मणुएहिं च' અહીં જે 'च' છે તે 'नोयमणुएहिं' શબ્દ પછી જોડવો. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થને આગળ જણાવીશું. ॥૮॥

ગાથાર્થ : **મનુષ્યોની જે પરિસ્થાપના છે, તે સંયતમનુષ્યો અને અસંયતમનુષ્યોની એમ ક્રમશઃ બે પ્રકારે છે.**

**ટીકાર્થ :** મનુષ્યોની જે પરિસ્થાપના છે, તે સંયતમનુષ્યો=સાધુઓ અને અસંયતમનુષ્યોની એમ ક્રમશઃ બે પ્રકારે જાણવા યોગ્ય છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થને આગળ જણાવીશું ॥૯॥

ગાથાર્થ : **હે સુવિહિતમુનિઓ ! સાધુઓની જે પરિસ્થાપના છે, તે સચિત્ત એવા સાધુઓની**

---

३८. विवेकः, एवमादि यथासंभवं विभाषा कर्त्तव्या ।

व्याख्या–'संयतमनुष्यैः' साधुभिः करणभूतैर्याऽसौ पारिस्थापनिका सा द्विविधा भवत्यानुपूर्व्या, सह चित्तेन वर्तन्त इति सचित्तास्तैः–जीवद्भिरित्यर्थः, सुविहितेति पूर्ववत्, 'अच्चित्तेहिं च णायव्व'त्ति अविद्यमानचित्तैश्च–मृतैरित्यर्थः, ज्ञातव्या–विज्ञेयेति गाथाक्षरार्थः ॥१०॥

इत्थं तावदुद्देशः कृतः, अधुना भावार्थः प्रतिपाद्यते, तत्र यथा सचित्तसंयतानां ग्रहणपारिस्थापनिकासम्भवस्तथा प्रतिपादयन्नाह—

**अणभोग कारणेण व नपुंसमाईसु होइ सच्चित्ता ।**
**वोसिरणं तु नपुंसे सेसे कालं पडिक्खिज्जा ॥११॥**

व्याख्या–आभोगनमाभोगः–उपयोगविशेषः न आभोगः अनाभोगस्तेन 'कारणेन वा' अशिवादिलक्षणेन 'नपुंसकादिषु' दीक्षितेषु सत्सु भवति 'सचित्ता' इति व्यवहारतः सचित्त-मनुष्यसंयतपारिस्थापनिकेति भावना, आदिशब्दाज्जड्डादिपरिग्रहः, तत्र चायं विधिः–योऽनाभोगेन दीक्षितः स आभोगिते सति व्युत्सृज्यते, तथा चाह–'वोसिरणं तु नपुंसे'त्ति व्युत्सृजनं–परित्यागरूपं नपुंसके कर्तव्यमिति वाक्यशेषः, तुशब्दोऽनाभोगदीक्षित इति विशेषयति,

---

**અને અચિત્ત એવા સાધુઓની એમ ક્રમશઃ બે પ્રકારે જાણવી.**

**ટીકાર્થ :** સંયતમનુષ્યો એટલે કે કરણભૂત (સાધુઓને આશ્રયીને પરિસ્થાપના થતી હોવાથી કરણભૂત) એવા સાધુઓવડે જે આ પરિસ્થાપના છે, તે ક્રમશઃ બે પ્રકારની છે– સચિત્ત અને અચિત્તની. તેમાં ચિત્ત=ચૈતન્ય=જ્ઞાન સાથે જે વર્તે છે એટલે કે જેમનામાં ચૈતન્ય છે તે સચિત્ત, અર્થાત્ જીવતા એવા સાધુઓની. સુવિહિતશબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો. ચિત્ત જેમનામાં નથી તે અચિત્ત અર્થાત્ સાધુના મૃતશરીરની એમ બે પ્રકારે પારિસ્થાપનિકા જાણવા યોગ્ય છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. (ટીકાનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥૧૦॥

**અવતરણિકા :** આ પ્રમાણે સૌ પ્રથમ ઉદ્દેશ કર્યો (અર્થાત્ દરેકના ભેદોનો નામોલ્લેખ કર્યો.) હવે ભાવાર્થ પ્રતિપાદન કરાય છે. તેમાં સચિત્તસાધુઓના જે રીતે ગ્રહણ અને પારિસ્થાપનિકાનો સંભવ છે તે રીતે પ્રતિપાદન કરતા કહે છે (અર્થાત્ સચિત્તસાધુઓનું કઈ રીતે ગ્રહણ અને કઈ રીતે પારિસ્થાપનિકાનો સંભવ છે ?તે જણાવે છે) –

ગાથાર્થ : **અનાભોગથી અથવા કારણથી નપુંસકાદિને વિશે સચિત્તપારિસ્થાપનિકા જાણવી. અનાભોગથી દીક્ષિત એવા નપુંસકનો ત્યાગ કરવો. શેષ લોકોની (પરિસમાપ્તિના) કાલ સુધી રાહ જોવી.**

**ટીકાર્થ :** આભોગ એટલે ઉપયોગવિશેષ. ઉપયોગ ન હોવો તે અનાભોગ. આગળનું ગુરુગમથી જાણવું. તેમની પારિસ્થાપનિકાની વિધિ આ પ્રમાણે છે– જે અનાભોગથી (= આ નપુંસક છે એવો ખ્યાલ ન હોવાથી) દીક્ષિત થયો છે. તે વ્યક્તિનો નપુંસક છે એવો ખ્યાલ આવતા ત્યાગ કરવો. આ જ વાત મૂળમાં કહી છે કે 'નપુંસકનો ત્યાગ કરવો.' મૂળમાં 'कर्तव्य' શબ્દ વાક્યશેષ તરીકે જાણવો. 'तु' શબ્દ અનાભોગ એવા દીક્ષિતને જણાવનારો છે. (સંપૂર્ણ ભાવાર્થ એ જ કે

'सेसे कालं पडिक्खिज्ज'त्ति शेषः कारणदीक्षितो जड्डादिर्वा, तत्र 'काल'न्ति यावता कालेन कारण-समाप्तिर्भवत्येतावन्तं कालं जड्डादौ वक्ष्यमाणं च प्रतीक्ष्येत, न तावद्व्युत्सृजेत इति गाथाक्षरार्थः ॥११॥

अथ किं तत्कारणं येनासौ दीक्ष्यत इति ?, तत्रानेकभेदं कारणमुपदर्शयन्नाह—

**असिवे ओमोयरिए रायदुट्ठे भए व आगाढे ।**
**गेलन्ने उत्तिमट्ठे नाणे तवदंसणचरित्ते ॥१२॥**

व्याख्या–'अशिवं' व्यन्तरकृतं व्यसनम् 'अवमौदर्यं' दुर्भिक्षं 'राजद्विष्टं' राजा द्विष्ट इति 'भयं' प्रत्यनीकेभ्यः 'आगाढं' भृशम्, अयं चागाढशब्दः प्रत्येकमभिसम्बध्यते अशिवादिषु 'ग्लानत्वं' ग्लानभावः 'उत्तमार्थः' कालधर्मः, 'ज्ञानं' श्रुतादि तथा 'दर्शनं' तत्प्रभावकशास्त्रलक्षणं 'चारित्रं' प्रतीतम्, एतेष्वशिवादिषूपकुरुते यो नपुंसकादिरसौ दीक्ष्यत इति, उक्तं च –

*"[३१]रायदुट्ठभएसुं ताणट्ठ णिवस्स वाऽभिगमणट्ठा ।*
*वेज्जो व सयं तस्स व तप्पिस्सइ वा गिलाणस्स ॥१॥*
*गुरुणो व अप्पणो वा णाणादि गिण्हमाणि तप्पिहिई ।*
*अचरणदेसा णिन्ते तप्पे ओमासिवेहिं वा ॥२॥*
*एएहिं कारणेहिं आगाढेहिं तु जो उ पव्वावे ।*
*पंडाई सोलसगं कए उ कज्जे विगिंचणया ॥३॥",*

जो सो असिवाइकारणेहिं पव्वाविज्जइ नपुंसगो सो दुविहो–जाणओ य अजाणओ य, जाणओ जाणइ जह साहूणं न वट्टइ नपुंसओ पव्वावेउं, अयाणाओ न जाणइ, तत्थ जाणओ पण्णविज्जइ जह ण वट्टइ तुज्झ पव्वज्जा, णाणाइमग्गविराहणा ते भविस्सइ, ता घरत्थो चेव साहूणं वट्टसु तो ते विउला निज्जरा भविस्सइ, जइ इच्छइ लट्ठं, अह न इच्छइ तो तस्स अयाणगस्स य कारणे पव्वाविज्जमाणाणं इमा जयणा कीरइ—

પૂર્વે ખ્યાલ ન હોવાથી નપુંસકને ભૂલથી દીક્ષા અપાઈ હોય ત્યારે જેવો ખ્યાલ આવે કે આ નપુંસક છે કે તેનો ત્યાગ કરવો.) આગળનું ગુરુગમથી જાણવું. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ॥૧૧॥

**અવતરણિકા :** (હવે પછીનો અનુવાદ ગુરુગમથી જાણી લેવો.)

३१. राजद्विष्टभयेषु त्राणार्थाय नृपस्य वाऽभिगमनार्थम् । वैद्यो वा स्वयं तस्य वा प्रतितर्प्पिष्यति वा ग्लानम् ॥१॥ गुरोर्वाऽऽत्मनो वा ज्ञानादि गृह्णतस्तर्प्स्यति । अचरणदेशान्निर्गच्छतः तर्प्स्यति अवमाशिवेषु वा ॥२॥ एतेष्वागाढेषु कारणेषु तु यस्तु प्रव्राजयति । षण्डादि षोडशकं कृते तु कार्ये विवेकः ॥३॥ यः सोऽशिवादिकारणैः प्रव्राज्यते नपुंसकः स द्विविधः-ज्ञायकोऽज्ञायकश्च, ज्ञायको जानाति यथा साधूनां न कल्पते नपुंसकः प्रव्राजयितुं, अज्ञायको न जानाति, तत्र ज्ञायकः प्रज्ञाप्यते यथा न वर्त्तते तव प्रव्रज्या, ज्ञानादिमार्गविराधना ते भविष्यति, तद्गृहे स्थित एव साधूनां (अनुग्रहे) वर्त्तस्व ततस्ते विपुला निर्जरा भविष्यति, यदीच्छति लष्टं, अथ नेच्छति तदा तस्याज्ञायकस्य च कारणे प्रव्राज्यमानानामियं यतना क्रियते –

**कडिपट्टए य छिहली कत्तरिया भंडु लोय पाढे य।**
**धम्मकहसन्निराउल ववहारविकिंचणं कुज्जा ॥१३॥ ( दारं )**

व्याख्या–कडिपट्टगं चास्य कुर्यात्, शिखां चानिच्छतः कर्तरिकया केशापनयनं, 'भंडु'त्ति मुण्डनं वा लोचं वा, पाढं च विवरीयं, धर्मकथा, संज्ञिनः कथयेत्, राजकुले व्यवहारम्, इत्थं विगिञ्चनं–त्यागं कुर्यादिति गाथाक्षरार्थः ॥१३॥ भावार्थस्त्वयं-[40]पव्वयंतस्स कडिपट्टओ से कीरइ, भणइ य–अम्हाणवि पव्वयंताण एवं चेव कयं, सिहली नाम सिहा सा न मुंडिज्जइ, लोओ ण कीरइ, कत्तरीए से केसा कप्पिज्जंति, छुरेण वा मुंडिज्जइ, नेच्छमाणे लोओवि कीरइ, जो नज्जइ जणेण जहा एस नपुंसगो, अनज्जंतेवि एवं चेव कीरइ जणपच्चयनिमित्तं, वरं जणो जाणंतो जहा एस गिहत्थो चेव। पाढग्गहणेण दुविहा सिक्खा–गहणसिक्खा आसेवणसिक्खा य, तत्थ गहणसिक्खाए भिक्खुमाईणं मयाइं सिक्खविज्जंति, अणिच्छमाणे जाणि ससमए परतित्थियमयाइं ताणि पाढिज्जंति, तंपि अणिच्छंते ससमयवत्तव्वयाएवि अन्नाभिहाणेहिं अत्थविसंवादणाणि पाढिज्जंति, अहवा उक्कमेणं उल्लत्थपल्लत्था से आलावया दिज्जंति, एसा गहणसिक्खा, आसेवणसिक्खाए चरणकरणं ण गाहिज्जइ, किंतु–

*"वीयारगोयरे थेरसंजुओ रत्तिं दूरे तरुणाणं।*
*गाहेह ममंपि तओ थेरा गाहिंति जत्तेण ॥१॥*
*वेरग्गकहा विसयाण य णिंदा उट्ठणिसियणे गुत्ता*
*चुक्कखलिए य बहुसो सरोसमिव तज्जए तरुणा ॥२॥"*

सरोसं तज्जिज्जइ वरं विप्परिणमंतो,। धम्मकहत्ति–'धम्मकहा पाढिंति व, कयकज्जा वा से धम्ममक्खंति–मा हण परंपि लोगं अणुव्वया दिक्ख णो तुज्झं ॥१॥ सन्नित्ति दारं-एवं पन्नविओ जाहे नेच्छइ ताहे–

---

४०. प्रव्रजतः कटिपट्टकस्तस्य क्रियते, भणति च – अस्माकमपि प्रव्रजतामेवमेव कृतं, सिहली नाम शिखा सा न मुण्ड्यते, लोचो न क्रियते, कर्त्तर्या तस्य केशाः कल्प्यन्ते, क्षुरप्रेण वा मुण्ड्यते, अनिच्छति लोचोऽपि क्रियते, यो ज्ञायते जनेन यथैष नपुंसकः, अज्ञायमानेऽपि एवमेव क्रियते जनप्रत्ययनिमित्तं, वरं जनो जानातु यथैष गृहस्थ एव। पाठग्रहणेन द्विविधा शिक्षा–ग्रहणशिक्षा आसेवनाशिक्षा च, तत्र ग्रहणशिक्षायां भिक्षुकादीनां मतानि शिक्ष्यन्ते, अनिच्छति यानि स्वसमये परतीर्थिकमतानि तानि पाठ्यन्ते, तदपि अनिच्छति स्वसमयवक्तव्यतामपि अन्याभिधानैरर्थविसंवादनानि पाठ्यन्ते, अथवा उत्क्रमेण विपर्यस्तास्तस्मै आलापका दीयन्ते, एषा ग्रहणशिक्षा, आसेवनशिक्षायां चरणकरणं न ग्राह्यते, किन्तु-विचारगोचराः, स्थविरसंयुतो रात्रौ दूरे तरुणानां, पाठय मामपि ( यदा भणति ) तदा स्थविरा ग्राहयन्ति यत्नेन ॥१॥ वैराग्यकथा विषयाणां च निन्दा, उत्थाननिषीदने गुप्ताः, स्खलिते च बहुशः सरोषमिव तर्जयन्ति तरुणाः ॥२॥ सरोषं तर्ज्यते वरं विपरिणमन्–'धर्मकथाः पाठयन्ति वा, कृतकार्या वा तस्मै धर्ममाख्यान्ति–मा जहि परमपि लोकं अनुव्रतानि दीक्षा न तव ॥१॥ संज्ञीति द्वारं-एवं प्रज्ञापितो यदा नेच्छति तदा –

*"[४१]सन्नि खरकंमिया वा भेसिंति, कओ इहेस कंचिच्चो ?।*
*निवसिट्ठे वा दिक्खिओ एएहिं अनाए पडिसेहो ॥१॥ "*

सण्णी–सावओ खरकंमिओ अहभद्दओ वा पुव्वगमिओ तं भेसेइ–कओ एस तुज्झ मज्झे नपुंसगो ?, सिग्घं नासउ, मा णं ववरोवेहामित्ति, साहुणोवि तं नपुंसगं वयंति–हरे एस अणारिओ सिग्घं नस्ससु मा ववरोइज्जिहिसि, जइ नट्ठो लट्ठं, अह कयाइ सो रायउलं उवट्ठावेज्जा–एए ममं दिक्खिऊण धाडंति एवं, सो य ववहारं करेज्जा 'अन्नाए' इति जइ रायउलेणं ण णाओ एएहिं चेव दिक्खिओ अन्ने वा जाणंतया नत्थि ताहे भण्णइ–न एस समणो पेच्छह से नेवत्थं चोलपट्टगादि, किं अम्ह एरिसं नेवत्थंति ?, अह तेण पुव्वं चेव ताणि नेच्छियाणि ताहे भण्णइ–एस सयंगिहीयलिंगी, ताहे सो भणइ—

अज्झाविओमि एएहिं चेव पडिसेहो, किंचऽहीतं ?, सो ।
छलियकहाइं कड्ढइ कत्थ जई कत्थ छलियाइं ? ॥१४॥
पुव्वावरसंजुत्तं वेरग्गकरं सतंतमविरुद्धं ।
पोराणमद्धमागहभासानिययं हवइ सुत्तं ॥१५॥
जे सुत्तगुणा वुत्ता तव्विवरीयाणि गाहए पुव्विं ।
निच्छिण्णकारणाणं सा चेव विगिंचणे जयणा ॥१६॥

गाथात्रयं सूत्रसिद्धं ॥१४–१६॥

अह कयाइं सो बहुसयणो रायवल्लहो वा न सक्कइ विगिंचिउं तत्थ इमा जयणा—

कावालिए सरक्खे तव्वण्णियवसहलिंगरूवेणं ।
वडुंबगपव्वइए कायव्व विहीएँ वोसिरणं ॥१७॥

व्याख्या–'कावालिए'त्ति वृषभो गीतार्थः कापालिकलिङ्गरूपेण तेन सह भवति, 'सरक्खो'त्ति सरजस्कलिङ्गरूपेण, भौतलिङ्गरूपेणेत्यर्थः, 'तव्वण्णिए'त्ति रक्तपट्टलिङ्गरूपेण,

४१. संज्ञिनः खरकर्मिका वा भापयन्ति, कुत इहैष संविग्नः ? नृपशिष्टे दीक्षित्वा वा एतैरज्ञाते प्रतिषेधः ॥१॥ संज्ञी–श्रावकः खरकर्मिको यथाभद्रको वा पूर्वज्ञापितस्तं भापयति–कुत एष युष्माकं मध्ये नपुंसकः ?, शीघ्रं नश्यतु, मा तं व्यपरोपिषं, साधवोऽपि तं नपुंसकं वदन्ति–हंहो ! एषोऽनार्यः शीघ्रं नश्य मा व्यपरोपीदिति, यदि नष्टो लष्टं, अथ कदाचित् स राजकुलमुपतिष्ठेत–एते मां दीक्षयित्वा निर्धाटयन्ति एवं, स च व्यवहारं कारयेत्, अज्ञात इति यदि राजकुलेन न ज्ञातमेतैरेव दीक्षितोऽन्ये वा ज्ञायका न सन्ति तदा भणन्ति–नैष श्रमणः प्रेक्षध्वं तस्य नेपथ्यं चोलपट्टकादि, किमस्माकमीदृशं नेपथ्यमिति ?, अथ तेन पूर्वमेव तानि नेष्टानि तदा भण्यते–एष स्वयंगृहीतलिङ्गः, तदा स भणति–अध्यापितोऽस्म्येतैरेव प्रतिषेधः, किं चाधीतं ?, ततः छलितकथादि कथयति क्व यतिः क्व (च) छलितादि ? ॥१॥ पूर्वापरसंयुक्तं वैराग्यकरं स्वतन्त्रमविरुद्धम् । पौराणमर्धमागधभाषानियतं भवति सूत्रम् ॥२॥ ये सूत्रगुणा उक्तास्तद्विपरीतानि ग्राहयेत् पूर्वम् । निस्तीर्णकारणानां सैव त्यागे यतना ॥३॥ अथ कदाचित् स बहुस्वजनो राजवल्लभो वा न शक्यते विवेक्तुं तत्रैषा यतना,

इत्थं 'वडुंबगपव्वइए' नरेन्द्रादिविशिष्टकुलोद्गतो वडुम्बगो भण्यते, तस्मिन् प्रव्रजिते सति कर्तव्यं 'विधिना' उक्तलक्षणेन 'व्युत्सृजनं' परित्याग इति गाथार्थः ॥१७॥ भावार्थस्त्वयं—

निववल्लभबहुपक्खंमि वावि तरुणवसहामिणं बेंति ।
भिन्नकहा ओभट्ठा ण घडइ इह वच्च परतित्थी ॥१८॥
तुमए समगं आमंति निग्गओ भिक्खमाइलक्खेणं ।
नासइ भिक्खुकमाइसु छोढूण तओवि विपलाइ ॥१९॥

गाथाद्वयं निगदसिद्धं, [४२]एसा नपुंसगविगिंचणा भणिया, इयाणिं जड्डवत्तव्वया—

तिविहो य होइ जड्डो भासा सरीरे य करणजड्डो य ।
भासाजड्डो तिविहो जलमम्मण एलमूओ य ॥२०॥

व्याख्या—तत्थ जलमूयओ जहा जले बुड्डो भासमाणो बुडुबुडेइ, न से किंचिवि परियच्छिज्जइ एरिसो जस्स सद्दो सो जलमूओ, एलओ जहा बुब्बुएइ एलगमूओ, मम्मणो जस्स वायाउ खंचिज्जइ, एस कयाइ पव्वाविजेज्जा मेहावित्तिकाउं जलमूयएलमूया न कप्पंति पव्वावेउं, किं कारणं ?—

दंसणनाणचरित्ते तवे य समिईसु करणजोए य ।
उवदिट्ठंपिं न गेण्हइ जलमूओ एलमूओ य ॥२१॥

અવતરણિકા : હવે જડસંબંધી વક્તવ્યતા જણાવે છે ➪

**ગાથાર્થ : ભાષા, શરીર અને કરણજડ એ પ્રમાણે ત્રણ પ્રકારનો જડ જાણવો. તેમાં ભાષાજડ ત્રણ પ્રકારનો છે – જલ, મમ્મણ અને એલમૂક.**

**ટીકાર્થ :** તેમાં પાણીમાં ડૂબેલો જે રીતે બુડ્બુડ્ અવાજ કરે, શું બોલે છે ? તે કશું સમજાય નહીં, એના જેવો જેનો શબ્દ હોય તે જલમૂક કહેવાય. જેમ ઘેટો બે–બે કરે તેના જેવો જેનો અવાજ હોય તે એલમૂક. મમ્મણ એટલે જેની વાણી સ્ખલના પામતી હોય (= તોતડું બોલે તે.) આ મમ્મણને કદાચ બુદ્ધિશાળી હોવાથી દીક્ષા અપાય પરંતુ જલમૂક અને એલમૂકને દીક્ષા આપવી કલ્પતી નથી. શા માટે કલ્પતી નથી ? તે કહે છે ➪

**ગાથાર્થ : (૧) દર્શનના સ્વરૂપને, (૨) દર્શનપ્રભાવક એવા શાસ્ત્રોને, અને (૩) દર્શનને આશ્રયી જે ઉપદેશ અપાય છે તેને જલમૂક અને એલમૂક સ્વીકારતા નથી. આ રીતે જ્ઞાન, ચારિત્ર, તપ, સમિતિ, કરણો અને યોગને વિશે પણ ત્રણ–ત્રણ વિકલ્પો જાણવા. આ બધાને (= સ્વરૂપને, શાસ્ત્રોને અને ઉપદેશને) જલમૂક અને એલમૂક સ્વીકારતા નથી. (આથી તે બંનેને દીક્ષા અપાય નહીં.)**

४२. एष नपुंसकविवेको भणितः, इदानीं जड्डवक्तव्यता—तत्र जलमूको यथा जले ब्रूडितो भाषमाणः ब्रूडब्रूडायते, न तस्य किञ्चिदपि परीक्ष्यते ईदृशो यस्य शब्दः स जलमूकः, एडको यथा बुबूयते एडकमूकः, मम्मनो यस्य वाचः स्खलन्ति, एष कदाचित् प्रव्राज्यते मेधावीतिकृत्वा, जलमूकैडकमूकौ न कल्प्येते प्रव्राजयितुं, किं कारणम् ?–

णाणायड्डा दिक्खा भासाजड्डो अपच्चलो तस्स ।
सो य बहिरो य नियमा गाहण उड्डाह अहिगरणे ॥२२॥
तिविहो सरीरजड्डो पंथे भिक्खे य होइ वंदणए ।
एएहिं कारणेहिं जड्डस्स न कप्पई दिक्खा ॥२३॥
अद्धाणे पलिमंथो भिक्खायरियाए अपरिहत्थो य ।
दोसा सरीरजड्डे गच्छे पुण सो अणुण्णाओ ॥२४॥

गाथाचतुष्कं सूत्रसिद्धं, कारणंतरेण[43] तत्थ य अण्णेवि इमे भवे दोसा,—

उड्डुस्सासो अपरक्कमो य गेलन्न★ऽलाघवग्गिअहिउदए ।

---

ગાથાર્થ : દીક્ષા જ્ઞાન માટે અપાય છે, અને બંને પ્રકારના ભાષાજડ=જલમૂક અને એલમૂક બંને જ્ઞાન માટે (= तस्स) અસમર્થ ( = अपच्चलो ) છે. આ બંને પ્રકારના ભાષાજડ નિયમથી બહેરા હોય છે. તેથી જો મોટા–મોટા અવાજથી તેને ભણાવવામાં આવે તો ઉડ્ડાહ=શાસનહીલના થાય, મોટા–મોટા અવાજે ભણાવવા છતાં જો તે સમજે નહીં તો ભણાવનારને ગુસ્સો આવતા અધિકરણ=ઝઘડાં થાય (તેથી આ બંને અપાત્ર જાણવા.)

ગાથાર્થ : પંથ, ભિક્ષા અને વંદનને આશ્રયી ત્રણ પ્રકારના શરીરજડ જાણવા. (અહીં શરીના ભેદથી ત્રણ પ્રકારો નથી. પરંતુ ક્રિયાના ભેદથી ત્રણ પ્રકાર જાણવા.) આ ત્રણ કારણોને લીધે શરીરજડને દીક્ષા આપવી કલ્પતી નથી.)

(અવતરણિકા : આ ત્રણ કારણો કયા છે ? તે જણાવે છે –)

ગાથાર્થ : અધ્વાનમાં =પંથમાં=વિહારમાં શરીરથી સ્થૂલ સાધુ ધીમે ધીમે ચાલવાના કારણે પાછળથી પડી જાય. જેથી અન્ય સાધુઓને રાહ જોઈને ઊભા રહેવામાં પલિમંથ થાય. તથા સ્થૂલ હોવાના કારણે ગોચરી માટે ફરવામાં તેમ જ વંદન આપવામાં પણ તે અસમર્થ હોય. અહીં પણ અન્યસાધુઓને પલિમંથ દોષ લાગે. આ બધાં દોષો લાગતા હોવાથી શરીરજડને=શરીરથી સ્થૂલ વ્યક્તિને દીક્ષા અપાય નહીં. ગચ્છમાં તે = શરીરજડ અનુજ્ઞાત છે. (અર્થાત્ દીક્ષા પહેલાં પાતળો હોય અને પછી સ્થૂલ હોય તેવા શરીરજડની સંભાળ લેવી સાધુઓને કલ્પે છે.)

ટીકાર્થ : ચારે ગાથાઓનો અર્થ સુગમ છે. ॥૨૧–૨૪॥ (શંકા : ગચ્છમાં જે શરીરજડ અનુજ્ઞાત છે તે કારણથી કે નિષ્કારણથી ? તેનું સમાધાન આપતા ટીકાકાર જણાવે છે કે –) ગચ્છમાં પણ શરીરજડને જે અનુજ્ઞા છે તે કારણાન્તરથી જ = કારણથી જ (એટલે કે ઉપર જે કહ્યું કે પહેલાં પાતળો હોય અને પછી જાડો થાય એવા કારણથી અથવા જ્ઞાનાદિ આલંબનરૂપ કારણને આશ્રયીને જ) તે અનુજ્ઞાત છે, નિષ્કારણ નહીં. તથા નિષ્કારણ દીક્ષા આપવામાં બીજા પણ દોષો જે થાય છે તે જણાવે છે ➪

ગાથાર્થ : શરીરથી સ્થૂલને વિહારાદિમાં શ્વાસ વધી જાય છે, ખાડા વિગેરે જ્યારે ઓળંગવાના

---

૪૩. कारणान्तरेण तत्र चान्येऽपीमे भवेयुर्दोषाः, ★ ०न्नलाघव० – पूर्वमुद्रिते प्रत्य. च, तथा– ०न्नऽलाघव० इति निशीथसूत्रे चूर्णौ च ।

जड्डस्स य आगाढे गेलण्ण असमाहिमरणं च ॥२५॥
सेएण कक्खमाई कुच्छे ण धुवणुप्पिलावणा पाणा ।
नत्थि गलभोय चोरो निंदियमुंडाइवाओ य ॥२६॥
इरियासमिई भासेसणा य आयाणसमिइगुत्तीसु ।
नवि ठाइ चरणकरणे कम्मुदएणं करणजड्डो ॥२७॥
एसोवि न दिक्खिज्जइ उस्सग्गेणमह दिक्खिओ होज्जा ।
कारणगएण केणइ तत्थ विहिं उवरि वोच्छामि ॥२८॥

गाथाचतुष्कं निगदसिद्धं; [४४]तत्थ जो सो मम्मणो सो पव्वाविज्जइ, तत्थ विही भणइ—

मोत्तुं गिलाणकज्जं दुम्मेहं पडियरइ जाव छम्मासा ।

હોય ત્યારે સ્થૂલ વ્યક્તિ તેની માટે અસમર્થ બને છે, વારંવાર માંદગી આવે, અગ્નિ–સાપ–પાણીનું પૂર વિગેરે ઉપદ્રવ આવી પડતા અલાઘવ થાય એટલે કે પોતાનું શરીર સ્થૂલ હોવાને કારણે તે ઉપદ્રવોથી પોતાની જાતને બચાવી ન શકે. શરીરથી સ્થૂલ વ્યક્તિને જો મારણાન્તિક માંદગી આવે તો અસમાધિમરણ થાય.

ગાથાર્થ : તથા શરીરથી સ્થૂલ વ્યક્તિને ઉનાળા વિગેરેમાં બગલ વિગેરે સ્થાનોમાં પુષ્કળ પરસેવો થવાથી તે સ્થાનો કોહવાય છે. જો એને ધુવે નહીં તો ઘા પડે, અને ધુવે તો નીચે જમીન ઉપર રહેલા જીવો પાણીમાં ડુબવાથી મરણ પામે. તથા આ સાધુઓ ગલભોજી છે એટલે કે ગળા સુધી ખાનારા છે (કારણ કે તેઓ જાડા છે.) તેથી જણાય છે કે તેઓ ચોરો નથી, (કારણ કે ચોરો તો જો વધુ ખાય અને જાડા થાય તો ચોરી કરીને ભાગી શકે નહીં, જ્યારે આ શ્રમણો જાડા દેખાય છે તેથી જણાય છે કે તેઓ વધુ ખાનારા છે અને માટે જ તેઓ ચોર નથી. વળી જાડા દેખાય છે તેથી જ) જણાય છે કે તેઓ ઇન્દ્રિયમુંડ = જિતેન્દ્રિય પણ નથી. આવા બધા પ્રકારની લોકોમાં વાતો (= वाओ = વાદ = વાતો) થાય.

ગાથાર્થ : ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનસમિતિ અને પારિસ્થાપનિકાસમિતિ – આ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ચરણસિત્તરી અને કરણસિત્તરીરૂપ ક્રિયાઓનું પાલન કરણજડ (=ક્રિયાઓમાં જે જડ તે) ચારિત્રમોહનીયકર્મના ઉદયથી કરી શકતો નથી.

ગાથાર્થ : આ કરણજડને પણ ઉત્સર્ગથી દીક્ષા અપાતી નથી. કદાચ કોઈ કારણવશાત્ દીક્ષા આપી હોય ત્યારે તે સંબંધી વિધિને હું હવે પછી (ગા.૩૦માં) કહીશ.

ટીકાર્થ : ચારે ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. ॥૨૫–૨૮॥ ત્રણ પ્રકારના જડમાં જે મમ્મણ છે તેને કારણવશાત્ દીક્ષા અપાય છે. તેમાં વિધિ આ પ્રમાણે જાણવી ⇨

ગાથાર્થ : ગ્લાનકાર્યને છોડીને દુર્મેધાવીની છ મહિના સુધી સંભાળ લેવી. કુલ, ગણ, સંઘ દરેકમાં છ મહિના સંભાળ લેવી. જેના દ્વારા દુર્મેધા દૂર થાય તેનો તે શિષ્ય. પરંતુ ૧૮ મહિના

૪૪. तत्र यः स मन्मनः स प्रव्राज्यते, तत्र विधिर्भण्यते–

**एक्केक्के छम्मासा जस्स व दट्ठुं विगिंचणया ॥२९॥**

[४५]एक्केक्केसु कुले गणे संघे छम्मासा पडिचरिज्जइ जस्स व दट्ठुं विगिंचणया जड्डत्तणस्स भवइ तस्सेव सो अहवा जस्सेव दट्ठुं लट्ठो भवइ तस्स सो होइ न होइ तओ विगिंचणया, सरीरजड्डो जावज्जीवंपि परियरिज्जइ ॥२९॥

**जो पुण करणे जड्डो उक्कोसं तस्स होंति छम्मासा ।**
**कुलगणसंघनिवेयण एवं तु विहिं तहिं कुज्जा ॥३०॥**

इयं प्रकटार्थैव, एसा सचित्तमणुयसंजयविगिंचणया, इयाणिं अचित्तसंजयाणं पारिट्ठावणविही भण्णइ, ते पुण एवं होज्जा—

---

**પછી પણ કઈ આવડે નહીં તો ત્યાગ કરવો.**

**ટીકાર્થ :** (પૂર્વે મેધાવી મમ્મણ દીક્ષા માટે કલ્પે છે તે કહ્યું. પરંતુ જે દુર્મેધાવી મમ્મણ હોય તેની શું વિધિ ? તે કહે છે—ગ્લાન માટે જે દુર્મેધાવીને દીક્ષા આપી હોય તેને ગ્લાનનું કાર્ય જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવે. પરંતુ) ગ્લાનની સેવારૂપ કાર્ય સિવાય અજાણતા જે દુર્મેધાવીને દીક્ષા અપાઈ ગઈ હોય તેને પોતાના ગચ્છમાં=કુલમાં છ મહિના સુધી ભણાવવાનો પ્રયત્ન કરે. એ રીતે ભણતા ભણતા જો તેનું દુર્મેધાવીપણું દૂર થાય તો સારું, પરંતુ જો તે પ્રયત્ન કરવા છતાં ભણી શક્યો નહીં, તો પછી તેને ગણમાં છ મહિના સુધી ભણાવવા મોકલે. ત્યાંના આચાર્યદ્વારા જો દુર્મેધાવીપણું દૂર થાય તો તે તે જ આચાર્યનો શિષ્ય બને. ત્યાં છ મહિના સુધીમાં કોઈ પરિણામ ન આવે તો સંઘમાં=ત્રીજા આચાર્ય પાસે છ મહિના સુધી ભણાવવા મોકલે. ત્યાં જે આચાર્ય પાસે ભણતા દુર્મેધાવીપણું દૂર થાય તેમનો તે શિષ્ય બને. પરંતુ આ રીતે કુલ–ગણ અને સંઘ દરેકમાં છ–છ–છ એમ ૧૮ મહિના સુધી પ્રયત્ન કરવા છતાં જો તે દુર્મેધાવી જ રહે તો દીક્ષા છોડાવી દે. શરીરજડને કારણવશાત્ દીક્ષા આપી હોય તો જીવનભર તેની સંભાળ રાખવી. ॥૨૯॥

**ગાથાર્થ : જે વળી કરણમાં=ક્રિયાઓમાં જડ=અસમર્થ છે, તેની પણ દુર્મેધાવીની જેમ છ મહિના સુધી સંભાળ રાખે. પછી કુલ–ગણ અને સંઘને ભેગો કરી જણાવે છે કે "આ સાધુ જેને ગમે તે લઈ જાઓ." એ પ્રમાણે નિવેદન કરીને કોઈને ભળાવી દે. આ પ્રમાણેની વિધિ તેને વિશે કરવી.**

**ટીકાર્થ :** આ ગાથાનો અર્થ પ્રગટ જ છે. ॥૩૦॥ આ સચિત્તમનુષ્યસાધુની ત્યાગવિધિ જણાવી.

**અવતરણિકા :** હવે અચિત્ત એવા સાધુઓની ત્યાગવિધિ કહેવાય છે. તે આ પ્રમાણે છે ➪

---

४५. एकैकेषु कुले गणे सङ्घे षण्मासान् परिचर्यते, यस्य वा दृष्ट्वा विवेकः जड्ड ( मूक )त्वस्य भवति तस्यैव सः, अथवा यस्यैव दृष्ट्वा लष्टो भवति तस्य स ( आभाव्यो ) भवति न भवति विवेकः, शरीरजड्डो यावज्जीवमपि परिचर्यते । एषा सचित्तमनुष्यसंयतविवेचना, इदानीमचित्तसंयतानां पारिष्ठापनविधिर्भण्यते, ते पुनरेवं भवेयुः—

**आसुक्कारगिलाणे पच्चक्खाए व आणुपुव्वीए ।**
**अच्चित्तसंजयाणं वोच्छामि विहीइ वोसिरणं ॥३१॥**

व्याख्या—करणं—कारः, अचित्तीकरणं गृह्यते, आशु—शीघ्रं कार आशुकारः, तद्धेतुत्वादहिविषविसूचिकादयो गृह्यन्ते, तैर्यः खल्वचित्तीभूतः, 'गिलाणे'त्ति ग्लानः—मन्दश्च सन् य इति, 'प्रत्याख्याते वाऽऽनुपूर्व्या' ★शरीरपरिकर्मानुक्रमेण भक्ते वा प्रत्याख्याते सति योऽचित्तीभूत इति भावार्थः, एतेषामचित्तसंयतानां 'वक्ष्ये' अभिधास्ये 'विधिना' जिनोक्तेन प्रकारेण 'व्युत्सृजनं' परित्यागमिति गाथार्थः ॥३१॥

**एवं य कालगयंमी मुणिणा सुत्तत्थगहियसारेणं ।**
**न हु कायव्व विसाओ कायव्व विहीएँ वोसिरणं ॥३२॥**

व्याख्या—'एवं च' एतेन प्रकारेण 'कालगते'साधौ मृते सति 'मुनिना' अन्येन साधुना, किम्भूतेन ?—'सूत्रार्थगृहीतसारेण' गीतार्थेनेत्यर्थः, 'न हु' नैव कर्तव्यः 'विषादः' स्नेहादिसमुत्थः सम्मोह इत्यर्थः, किन्तु कर्तव्यं 'विधिना' प्रवचनोक्तेन प्रकारेण 'व्युत्सृजनं' परित्यागरूपमिति गाथार्थः ॥३२॥ अधुनाऽधिकृतविधिप्रतिपादनाय द्वारगाथाद्वयमाह निर्युक्तिकारः —

**ગાથાર્થ ; આશુકારીવડે, ગ્લાન થતાં, ક્રમશઃ અનશન સ્વીકારતા કાળધર્મ પામેલા સાધુઓનો વિધિપૂર્વકનો ત્યાગ હું કહીશ.**

**ટીકાર્થ :** કરવું તે કાર, અર્થાત્ અચિત્ત થવું. આશુ એટલે શીઘ્ર. તેથી આશુકાર એટલે શીઘ્ર અચિત્ત થવું. (=શીઘ્ર મરણ પામવું.) અહીં શીઘ્ર અચિત્ત થવામાં કારણ સર્પવિષ, વિસૂચિકા (અજીર્ણનો એક પ્રકાર) વિગેરે છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી આશુકારીશબ્દથી આ બધાં રોગવિશેષો લેવાના છે. આવા રોગોથી જે સાધુ અચિત્ત થયો હોય=કાળધર્મ પામ્યો હોય, અથવા માંદગી આવવાથી કાળધર્મ થયો હોય અથવા ક્રમશઃ = શરીરપરિકર્મના ક્રમથી (=અનશન સ્વીકારતા પહેલા શરીરને તપથી ભાવિત કરવા જે વિધિ બતાવી છે તે વિધિ કર્યા પછી) અનશન સ્વીકારતા જેનો કાળધર્મ થયો હોય એવા અચિત્તસાધુઓના વિધિવડે = જિનોક્ત પ્રકારવડે પરિત્યાગને હું કહીશ. (અર્થાત્ સાધુઓના પરિસ્થાપનની વિધિને હું કહીશ.) ॥૩૧॥

**ગાથાર્થ : આ રીતે સાધુનો કાળધર્મ થતાં ગીતાર્થ સાધુએ વિષાદ કરવો નહીં પરંતુ વિધિપૂર્વક તે મૃતકનો ત્યાગ કરવો.**

**ટીકાર્થ :** ઉપર કહેવાયેલ પ્રકારવડે સાધુ કાળધર્મ પામતાં અન્ય સાધુએ, કેવા પ્રકારના અન્ય સાધુએ ? તે કહે છે – સૂત્ર–અર્થના સારને=રહસ્યને ગ્રહણ કરનાર એટલે કે ગીતાર્થ એવા અન્ય સાધુએ વિષાદ=સ્નેહાદિથી ઉત્પન્ન થનાર સંમોહ કરવા યોગ્ય નથી, પરંતુ કહેલી વિધિવડે પરિત્યાગ કરવા યોગ્ય છે. ॥૩૨॥

**અવતરણિકા :** હવે અધિકૃત=પ્રસ્તુત એવી પરિત્યાગવિધિનું પ્રતિપાદન કરવા માટે બે દ્વારગાથાઓ નિર્યુક્તિકાર કહે છે ➪

★ करणशरीरपरिकर्मकरणानु० – पूर्वमुद्रिते ।

पडिलेहणा[1] दिसा[2] णंतए[3] य काले दिया य राओ[4] य।
कुसपडिमा[5] पाणग[6] णियत्तणे[7] य तण[8]सीस[9]उवगरणे[10] ॥१२७३॥
उट्ठाण[11]णाम[12]गहणे पयाहिणे[13] काउसग्गकरणे[14] य।
खमणे[15] य असज्झाए[16] तत्तो अवलोयणे[17] चेव ॥१२७४॥ दारं

व्याख्या—'पडिलेहण'त्ति प्रत्युपेक्षणा महास्थाण्डिल्यस्य कार्या 'दिस'त्ति दिग्विभागनिरूपणा च 'णंतए य'त्ति गच्छमपेक्ष्य सदौपग्रहिकं नन्तकं—मृताच्छादनसमर्थं वस्त्रं धारणीयं, जातिपरश्च निर्देशोऽयं, यतो जघन्यतस्त्रीणि धारणीयानि, चशब्दात्तथाविधं काष्ठं च ग्राह्यं, 'काले दिया य राओ य'त्ति काले दिवा च रात्रौ मृते सति यथोचितं लाञ्छनादि कर्तव्यं, 'कुसपडिम'त्ति नक्षत्राण्यालोच्य कुशपडिमाद्वयमेकं वा कार्यं न वेति 'पाणगि'त्ति उपघातरक्षार्थं पानकं गृह्यते, 'नियत्तणे य'त्ति कथञ्चित्स्थाण्डिल्यातिक्रमे भ्रमित्वाऽऽगन्तव्यं न तेनैव पथा, 'तणे'त्ति समानि तृणानि दातव्यानि, 'सीसं'ति ग्रामं यतः शिरः कार्यं 'उवगरणे'त्ति चिह्नार्थं रजोहरणाद्युपकरणं मुच्यते, गाथासमासार्थः ॥१२७३॥ 'उट्ठाणे'त्ति उत्थाने सति शबस्य ग्रामत्यागादि कार्यं 'णामग्गहणे'त्ति यदि कस्यचित् सर्वेषां वा नाम गृह्णाति ततो लोचादि कार्यं, 'पयाहिणे' त्ति परिस्थाप्य प्रदक्षिणा न कार्या, स्वस्थानादेव निवर्तितव्यं, 'काउसग्गकरणे'त्ति परिस्थापिते वसतौ आगम्य

---

ગાથાર્થ : પ્રતિલેખના, દિશા, વસ્ત્ર, દિવસ કે રાત્રિરૂપ કાલ, ઘાસના પૂતળાં, પાણી, પાછું ફરવું, તણખલા, મસ્તક, ઉપકરણો,

ગાથાર્થ : મૃતકનું ઉત્થાન, નામગ્રહણ, પ્રદક્ષિણા, કાયોત્સર્ગનું કરણ, ઉપવાસ, અસ્વાધ્યાય અને અવલોકન.

ટીકાર્થ : (૧) મહાસ્થાંડિલ્યની પ્રત્યુપેક્ષણા કરવી, (૨) દિશાઓના વિભાગનું નિરૂપણ કરવું, (૩) ગચ્છની અપેક્ષાએ સદા મૃતકને ઢાંકવા માટેનું સમર્થ ઔપગ્રહિક વસ્ત્ર ધારણ કરવું. અહીં મૂળમાં 'णंतए' = વસ્ત્રશબ્દને એકવચન જે કર્યું છે તે જાતિની અપેક્ષાએ જાણવું, તેથી એકવચન હોવા છતાં અહીં બહુવચન જાણવું, કારણ કે જઘન્યથી પણ ત્રણ વસ્ત્રો રાખવાના હોય છે. 'च' શબ્દથી તેવા પ્રકારનું લાકડું પણ ગ્રહણ કરવું, (૪) દિવસ કે રાત્રિરૂપ કાળમાં જ્યારે કાળધર્મ થાય ત્યારે યથોચિત લાંછનાદિ કરવા.

(૫) નક્ષત્ર કયું ચાલી રહ્યું છે ? તે જાણી તે પ્રમાણે ઘાસના પૂતળાં એક કે બે કરવા અથવા ન કરવા, (૬) ઉપઘાતથી રક્ષા મેળવવા પાણી રાખવું, (૭) કોઈક રીતે સ્થંડિલભૂમિ ઓળંગાય જાય તો ભમિને પાછા ફરવું પરંતુ તે જ રસ્તેથી પાછા ફરવું નહીં, (૮) તણખલા સમાન રીતે પાથરવા, (૯) જે બાજુ ગામ હોય તે દિશા તરફ મૃતકનું મસ્તક રાખવું, (૧૦) ચિહ્ન માટે મૃતકની બાજુમાં રજોહરણ વિગેરે ઉપકરણો મૂકવા. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૧૨૭૩॥

(૧૧) જો મૃતક ઊભો થાય તો ગ્રામનો ત્યાગ વિગેરે કરવું, (૧૨) જો મૃતક સાધુઓમાં એકનું કે બધાનું નામ બોલે તો લોચાદિ કરવા, (૧૩) મૃતકની પરિસ્થાપના કર્યા બાદ પ્રદક્ષિણા આપવી નહીં, પરંતુ જે જ્યાં હોય ત્યાંથી જ પાછા ફરવું, (૧૪) પરિસ્થાપના કરી વસતિમાં આવીને

कायोत्सर्गकरणं चासेवनीयं 'खमणे य असज्झाए' रत्नाधिकादौ मृते क्षपणं चास्वाध्यायश्च कार्यः, न सर्वस्मिन्, 'तत्तो अवलोयणे चेव' ततोऽन्यदिने गत्यादिपरिज्ञानार्थमवलोकनं च कार्यं, गाथासमासार्थः ॥१२७४॥

अधुना प्रतिद्वारमवयवार्थः प्रतिपाद्यते, तत्राऽऽद्यद्वारावयवार्थाभिधित्सयाऽऽह—

जहियं तु मासकप्पं वासावासं व संवसे साहू।
गीयत्था पढमं चिय तत्थ महाथंडिले पेहे ॥१॥ (प्र०) ॥

व्याख्या—'यत्रैव' ग्रामादौ मासकल्पं वर्षावासं वा संवसन्ति 'साधवः' गीतार्थाः प्रथममेव तत्र 'महास्थाण्डिल्यानि' मृतोज्झनस्थानानि 'पेहेंति' प्रत्युपेक्षन्ते त्रीणि, एष विधिरित्ययं गाथार्थः ॥ इयं चान्यकर्तृकी गाथा, दिग्द्वारनिरूपणायाह—

दिसा अवरदक्खिणा दक्खिणा य अवरा य दक्खिणापुव्वा।
अवरुत्तरा य पुव्वा उत्तरपुव्वुत्तरा चेव ॥३३॥
पउरन्नपाणपढमा बीयाए भत्तपाण ण लहंति।
तइयाए उवहीमाई नत्थि चउत्थीएँ सज्झाओ ॥३४॥
पंचमियाएँ असंखडि छट्ठीए गणविभेयणं जाण।
सत्तमिए गेलन्नं मरणं पुण अट्ठमी बिंति ॥३५॥

કાયોત્સર્ગ કરવો, (૧૫) રત્નાધિકનો કાળધર્મ થાય તો ઉપવાસ અને અસ્વાધ્યાય કરવો, પરંતુ જો એના સિવાય કોઈ નાના સાધુ વિગેરેનો કાળધર્મ થયો હોય તો ઉપવાસાદિ કરવાની જરૂર નથી, (૧૬) પરિસ્થાપનાના બીજા દિવસે ગીતાર્થ સાધુઓ શુભાશુભ ગતિ–નિમિત્તના પરિજ્ઞાન માટે અવલોકન કરે. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૧૨૭૪॥

**અવતરણિકા :** હવે દરેક દ્વારના વિસ્તારાર્થનું પ્રતિપાદન કરાય છે. તેમાં પ્રથમ દ્વારના વિસ્તારાર્થને કહેવાની ઇચ્છાથી આગળ કહે છે ➩

**ગાથાર્થ : (પ્રક્ષિપ્તગાથા) ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ : (૧) પ્રત્યુપેક્ષણાદ્વાર :** જે ગામ વિગેરેમાં માસકલ્પ અથવા ચોમાસુ ગીતાર્થ સાધુઓ રહ્યા હોય ત્યાં સૌ પ્રથમ મૃતકની પરિસ્થાપનાને યોગ્ય ત્રણ સ્થાનો જુએ. આ વિધિ છે. ॥પ્ર.॥ આ ગાથાના કર્તા અન્ય છે.

**અવતરણિકા :** હવે દિશાદ્વાર જણાવતાં કહે છે ➩

**ગાથાર્થ : નૈઋત્યખૂણો, દક્ષિણદિશા, પશ્ચિમદિશા, અગ્નિખૂણો, વાયવ્યખૂણો, પૂર્વદિશા, ઉત્તરદિશા અને ઇશાનખૂણો આ દિશાઓ છે.**

**ગાથાર્થ : પ્રથમદિશામાં પુષ્કળ અન્નપાનની પ્રાપ્તિ થાય. બીજીદિશામાં = દક્ષિણદિશામાં ભક્તપાણ પ્રાપ્ત થાય નહીં. ત્રીજીદિશામાં ઉપધિ વિગેરે અને ચોથીદિશામાં સ્વાધ્યાય થાય નહીં.**

**ગાથાર્થ : પાંચમીદિશામાં ઝઘડો થાય, છઠ્ઠીમાં ગચ્છભેદ જાણવો. સાતમીમાં માંદગી અને આઠમીમાં મરણ કહે છે.**

[४६] इमीणं वक्खाणं–अवरदक्खिणाए दिसाए महाथंडिल्लं पेहियव्वं, एतीसे इमे गुणा भवंति–भत्तपाणउवगरणसमाही भवइ, एयाए दिसाए तिण्णि महाथंडिल्लाणि पडिलेहिज्जंति, तंजहा–आसण्णे मज्झे दूरे, किं कारणं तिण्णि पडिलेहिज्जंति ?, वाघाओ होज्जा, खेत्तं किट्ठं, उदएण वा पलावियं, हरियकाओ वा जाओ, पाणेहिं वा संसत्तं, गामो वा निविट्ठो सत्थो वा आवासिओ, पढमदिसाए विज्जमाणीए जइ दक्खिणदिसाए पडिलेहिंति तो इमे दोसा–भत्तपाणे न लहंति, अलहंते संजमविराहणं पावंति, एसणं वा पेल्लंति, जं वा भिक्खं अलभमाणा मासकप्पं भंजंति, वच्चंताण य पंथे विराहणा दुविहा-संजमायाए तं पावेंति, तम्हा पढमा पडिलेहेयव्वा, जया पुण पढमाए असई वाघाओ वा उदगं तेणा वाला तया बिइया पडिलेहिज्जति, बिइयाए विज्जमाणीए

**ટીકાર્થ :** આ ગાથાઓનું વિવેચન આ પ્રમાણે છે : (૨) **દિશાદ્વાર** – નૈઋત્યખૂણામાં મહાસ્થંડિલભૂમિ શોધવી. (તે દિશામાં જો મૃતકને પરઠવે તો) તેના આ પ્રમાણેના ગુણો થાય છે કે ત્યાં પ્રચુરપ્રમાણમાં અન્નપાન, ઉપકરણોની પ્રાપ્તિ થવાથી સમાધિ થાય છે. આ દિશામાં ત્રણ મહાસ્થંડિલ શોધવા. તે આ પ્રમાણે – નજીકમાં, મધ્યમાં અને દૂર. શા માટે ત્રણ ભૂમિઓ શોધવી ? તે કહે છે – કોઈ એકાદ ભૂમિમાં વ્યાઘાત=વિઘ્ન હોય જેમ કે, તમે જે ભૂમિ જોઈને ગયા ત્યાં ખેતર કોઈએ ખેડ્યું, અથવા ચારે બાજુ ત્યાં પાણી ભરાઈ ગયું હોય, અથવા ત્યાં વનસ્પતિકાય ઉત્પન્ન થઈ ગઈ હોય,અથવા જીવોથી તે ભૂમિ સંસક્ત બની ગઈ હોય અથવા નવું ગામ વસ્યું હોય અથવા સાર્થનો પડાવ નાંખેલો હોય, આવા બધામાંથી કોઈ વિઘ્ન આવ્યું હોય તો જોયેલી બીજી ભૂમિ કામ આવે માટે ત્રણ ભૂમિઓ જોવાની હોય છે.

નૈઋત્યખૂણો હોવા છતાં જો દક્ષિણદિશામાં ભૂમિઓ શોધે તો આ પ્રમાણે દોષો થાય છે કે ભક્ત–પાણી મળે નહીં, તે ન મળવાથી સંયમની વિરાધના થાય, અથવા એષણાનો નાશ થાય અર્થાત્ ૪૨ દોષો પૈકી દોષોથી દુષ્ટ ગોચરી લેવી પડે, અથવા ભિક્ષા પ્રાપ્ત ન થવાથી ગચ્છને માસકલ્પનો ભંગ કરી વિહાર કરવો પડે અને વિહાર કરતા સાધુઓને માર્ગમાં જે આત્મ–સંયમરૂપ બે પ્રકારની વિરાધના થાય તે બધું પાપ પ્રથમની બદલે બીજી દિશામાં સ્થંડિલભૂમિ શોધનારને પ્રાપ્ત થાય છે. તેથી પ્રત્યુપેક્ષકોએ પ્રથમદિશા હોય તો ત્યાં જ સ્થંડિલભૂમિ શોધવી. જો નૈઋત્યખૂણામાં યોગ્ય અચિત્તસ્થંડિલભૂમિ જ ન હોય અથવા હોય પરંતુ ત્યાં પાણી, ચોર

४६. आसां व्याख्यानं–अपरदक्षिणस्यां दिशि महास्थण्डिलं प्रत्युपेक्षितव्यं, अस्या इमे गुणा भवन्ति–भक्तपानोपकरणसमाधिर्भवति, एतस्यां दिशि त्रीणि स्थण्डिलानि प्रतिलिख्यन्ते, तद्यथा–आसन्ने मध्ये दूरे, किं कारणं त्रीणि स्थण्डिलानि प्रतिलिख्यन्ते ?, व्याघातो भवेत् क्षेत्रं वा कृष्टं उदकेन वा प्लावितं हरितकायो वा जातः प्राणिभिर्वा संसक्तं ग्रामो वोषितः सार्थो वाऽऽवासितः, प्रथमदिशि विद्यमानायां यदि दक्षिणदिशि प्रतिलिखन्ति तदेमे दोषाः – भक्तपानं न लभन्ते, अलभमाने संयमविराधनां प्राप्नुवन्ति एषणां वा प्रेरयन्ति, यद्वा भिक्षामलभमाना मासकल्पं भञ्जन्ति व्रजतां च पथि विराधना द्विविधा–संयमस्यात्मनः तां प्राप्नुवन्ति, तस्मात् प्रथमा प्रतिलेखितव्या, यदा पुनः प्रथमायामसत्यां व्याघातो वा उदकं स्तेना व्यालाः तदा द्वितीया प्रतिलिख्यते, द्वितीयस्यां विद्यमानायां

[૪૭]**जइ तइयं पडिलेहेइ तो उवगरणं न लहंति, तेण विणा जं पावंति, चउत्था दक्खिणपुव्वा तत्थ पुण सज्झायं न कुणंति, पंचमीया अवरुत्तरा, एताए कलहो संजयगिहत्थअण्णउत्थेहिं सद्धिं, तत्थ उड्डाहो विराहणा य, छट्ठी पुव्वा, ताए गणभेओ चारित्तभेओ वा, सत्तमिया उत्तरा, तत्थ गेलण्णं जं च परियावणादि, पुव्वुत्तरा अण्णंपि मारेति, एए दोसा तम्हा पढमाए दिसाए पडिलेहेयव्वं, तीए असइ बिइयाए पडिलेहेयव्वं, तीए सो चेव गुणो जो पढमाए, बिइयाए विज्जमाणीए जइ तइयाए पडिलेहेइ सो चेव दोसो जो तइयाए, एवं जाव चरिमाए पडिलेहेमाणस्स जो चरिमाए दोसो सो भवइ, बिइयाए दिसाए अविज्जमाणीए तइयाए दिसाए पडिलेहेयव्वं, तीए**

કે જંગલી પશુઓનો ભય વિગેરે વ્યાઘાત હોય તો જ બીજી દિશામાં ભૂમિ શોધે. હવે જો બીજી દિશા હોય અને તેને બદલે ત્રીજી દિશામાં શોધે તો ઉપકરણોની પ્રાપ્તિ થાય નહીં. જેથી ઉપકરણો વિના જે કોઈ મુશ્કેલી ગચ્છને ભોગવવી પડે તે બધો દોષ પ્રત્યુપેક્ષકોને લાગે.

(હવે પ્રથમદિશા વિદ્યમાન હોવા છતાં ચોથી વિગેરે દિશામાં ભૂમિઓ જુએ તો કયા દોષો થાય છે ? તે કહે છે -) ચોથી અગ્નિદિશા છે. ત્યાં મૃતકને પરઠવે તો ગચ્છમાં સ્વાધ્યાય માટે મુશ્કેલી થાય. પાંચમી દિશા વાયવ્ય છે, તેમાં જો મૃતકને પરઠવે તો સાધુ, ગૃહસ્થ કે અન્યતીર્થિકો સાથે ઝઘડો થાય, જેથી શાસનહીલના અને આત્મ–સંયમરૂપ વિરાધના થાય. છઠ્ઠી પૂર્વદિશા છે. ત્યાં પરઠવે તો ગચ્છભેદ અથવા ચારિત્રભેદ થાય. સાતમી ઉત્તરદિશામાં પરઠવે તો માંદગી અને પરિતાપનાદિ (= હેરાનગતિ વિગેરે) થાય. આઠમી ઈશાનદિશામાં પરઠવે તો બીજા સાધુનું પણ મૃત્યુ થાય.

જે કારણથી આવા બધાં દોષો થાય તે કારણથી પ્રથમદિશામાં જ ભૂમિઓ શોધવી અને ત્યાં જ મૃતકને પરઠવવું. તે ન હોય તો બીજીદિશામાં ભૂમિઓ શોધવી. બીજીમાં પણ તે જ ગુણો=ભાત–પાણી, ઉપકરણોની સુલભતારૂપ ગુણો જાણવા. બીજીદિશા વિદ્યમાન હોય અને તેને બદલે જો ત્રીજીદિશામાં શોધે તો પૂર્વે ત્રીજીદિશામાં જે ઉપકરણોની અપ્રાપ્તિરૂપ દોષ કહ્યો તે દોષ જાણવો. એ જ રીતે બીજીને બદલે ચોથી–પાંચમી વિગેરેથી લઈ આઠમી શોધનારને તે તે દિશામાં કહેલા અસ્વાધ્યાય વિગેરેથી લઈ આઠમીમાં જે દોષ કહ્યો તે લાગે છે. બીજીદિશા યોગ્ય ન હોય તો ત્રીજીદિશામાં ભૂમિઓ શોધવી. તેમાં જે પૂર્વે પ્રથમદિશામાં કહ્યા તે ગુણો થાય છે. ત્રીજી હોય

---

**૪૭. यदि तृतीयां प्रतिलिखति तदोपकरणं न लभन्ते, तेन विना यत् प्राप्नुवन्ति, चतुर्थी दक्षिणपूर्वा तत्र पुनः स्वाध्यायं न कुर्वन्ति, पञ्चमी अपरोत्तरा, एतस्यां कलहः संयतगृहस्थान्यतीर्थिकैः सार्धं, तत्रोड्डाहः विराधना च, षष्ठी पूर्वा, तस्यां गणभेदश्चारित्रभेदो वा, सप्तम्युत्तरा, तत्र ग्लानत्वं यच्च परितापनादि, पूर्वोत्तराऽन्यमपि मारयति, एते दोषास्तस्मात् प्रथमायां दिशि प्रतिलेखितव्यं, तस्यामसत्यां द्वितीयस्यां प्रतिलेखितव्यं, तस्यां स एव गुणो यः प्रथमायां, द्वितीयस्यां विद्यमानायां यदि तृतीयस्यां प्रतिलिखति स एव दोषो यस्तृतीयस्यां, एवं यावच्चरमायां प्रतिलिखतो यश्चरमायां दोषः स भवति, द्वितीयायां दिशि अविद्यमानायां तृतीयस्यां दिशि प्रतिलेखितव्यं, तस्यां**

[૪૮] सो चेव गुणो जो पढमाए, तइयाए दिसाए विज्जमाणीए जइ चउत्थं पडिलेहेइ सो चेव दोसो जो चउत्थीए, एवं जाव चरिमाए पडिलेहेमाणस्स चरिमाए दोसो जो सो भवइ, एवं सेसाओवि दिसाओ नेयव्वाओ। दिसित्ति बिइयं दारं गयं, इयाणिं 'णंतए'त्ति, वित्थारायामेणं जं पमाणं भणियं तओ वित्थारेणवि आयामेणवि जं अइरेगं लहइ चोक्खं सुइयं सेयं च, चोक्खं जत्थ मलो नत्थि चित्तलं वा न भवइ सुइयं सुगंधिं सेयं पंडरं ताणि गच्छे जीविउवक्कमणनिमित्तं धारेयव्वाणि जहन्नेण तिन्नि, एगं पत्थरिज्जइ एगेण पाउणीओ बज्झति, तइयं उवरिं पाउणिज्जति, एयाणि तिण्णि जहण्णेणं, उक्कोसेणं गच्छं णाऊण बहुयाणिवि घेप्पंति, जदि ण गेण्हति पायच्छित्तं पावेति, आणाइ विराहणा दुविहा, मइलकुचेले णिज्जंते दट्ठुं लोगो भणइ–इहलोए चेव

છતાં તેની બદલે ચોથીદિશામાં શોધે તો પૂર્વે ચોથીદિશામાં જે દોષ કહ્યો તે થાય છે. એ જ પ્રમાણે આઠમીદિશામાં પણ પ્રતિલેખન કરનારને જે દોષ આઠમીમાં કહ્યો તે થાય છે. આ પ્રમાણે શેષ દિશાઓમાં પણ જાણી લેવું. દિશાદ્વાર પૂર્ણ થયું.

(૩) **વસ્ત્રદ્વાર** : લંબાઈ અને પહોળાઈને આશ્રયીને વસ્ત્રનું જે પ્રમાણ કહ્યું છે. તે પ્રમાણ કરતાં લંબાઈ અને પહોળાઈ બંનેથી જે અધિક પ્રમાણવાળું હોય તે વસ્ત્ર લેવું. વળી તે વસ્ત્ર ચોખ્ખું, શુચિક અને શ્વેત હોવું જોઈએ. તેમાં ચોખ્ખું એટલે જેમાં મેલ કે ચિત્રો ન હોય તે, શુચિક એટલે જે સુગંધી હોય, તથા શ્વેત એટલે જે સફેદ હોય. આવા વસ્ત્ર ગચ્છમાં કાળધર્મ પામેલ સાધુ માટે જઘન્યથી ત્રણ રાખવા. જેમાં એક વસ્ત્ર નીચે પાથરે, બીજું વસ્ત્ર મૃતકને પહેરાવીને દોરાથી મૃતકને બાંધે. (તે બાંધેલા દોરાઓ દેખાય નહીં તે માટે) ત્રીજું વસ્ત્ર મૃતકની ઉપર ઓઢાડે. આ પ્રમાણે જઘન્યથી ત્રણ વસ્ત્રો રાખે.

ઉત્કૃષ્ટથી ગચ્છને જાણીને વધારે પણ ગ્રહણ કરે. જો ગ્રહણ ન કરે તો ગુરુને પ્રાયશ્ચિત્ત આવે છે. તથા આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વનો દોષ અને આત્મ–સંયમ બે પ્રકારની વિરાધનાનો દોષ લાગે છે. તથા જો મૃતક માટે વસ્ત્રો ગ્રહણ ન કર્યા હોય તો મેલા વસ્ત્રો પહેરાવી મૃતકને લઈ જતા જોઈને લોકો નિંદા કરે કે "આ લોકોની આ લોકમાં જ આવી અવસ્થા છે. (અર્થાત્ બિચારા આ લોકો મર્યા પછી પણ શોભા પ્રાપ્ત કરી શકતા નથી. એટલે કે જીવનભર તો મેલાં કપડાં પહેરે છે પરંતુ મર્યા પછી પણ સારા કપડાં આ લોકોના નસીબમાં નથી. इति बृहत्कल्पे

૪૮. स एव गुणो यः प्रथमायां, तृतीयस्यां दिशि विद्यमानायां यदि चतुर्थीं प्रतिलिखति स एव दोषो यश्चतुर्थ्यां, एवं यावच्चरमायां प्रतिलिखतश्चरिमायां दोषो यः स भवति, एवं शेषा अपि दिशो नेतव्याः, दिगिति द्वितीयं द्वारं गतं। इदानीमनन्तकमिति–विस्तारायामाभ्यां यत्प्रमाणं भणितं ततो विस्तारेणापि आयामेनापि यदतिरेकवत् लभते चोक्षं शुचि श्वेतं च, चोक्षं यत्र मलो नास्ति चित्रयुक्तानि वा न भवन्ति शुचीनि सुगन्धीनि श्वेतं पाण्डुरं तानि गच्छे जीवितोपक्रमनिमित्तं धारयितव्यानि जघन्येन त्रीणि, एकं प्रस्तीर्यते एकेन प्रावृतो बध्यते तृतीयमुपरि प्राव्रियते (प्रावार्यते), एतानि त्रीणि जघन्येन उत्कर्षेण गच्छं ज्ञात्वा बहुकान्यपि गृह्यन्ते, यदि न गृह्णाति प्रायश्चित्तं प्राप्नोति–आज्ञा विराधना द्विविधा, मलिनकुचेलान् नीयमानान् दृष्ट्वा लोको भणति–इहलोक एव

[४९] एसा अवत्था परलोए पावतरिया, चोक्खसुइएहिं पसंसति लोओ—अहो लट्ठो धम्मोत्ति पव्वज्जमुवगच्छंति सावगधम्मं च पडिवज्जंति, अहवा णत्थि णंतगंति रयणीए नीणेहामित्ति अच्छावेइ तत्थ उट्ठाणाई दोसो, तत्थ विराहणा णामं कस्सइ गिण्हेज्जा तत्थ विराहणा, तम्हा घेत्तव्वाणि णंतगाणि, ताणि पुण वसभा सारवेंति, पक्खियचाउम्मासियसंवच्छरिए पडिलेहिज्जंति, इहरहा मइलिज्जंति दिवसे दिवसे पडिलेहिज्जंताणि, एत्थ गाहा—

**पुव्वं दव्वालोयण पुव्विं गहणं च णंतकट्ठस्स ।**
**गच्छंमि एस कप्पो अनिमित्ते होउवक्कमणं ॥३६॥**

**इमीसे अक्खरगमणिया—पुव्विं ठायंता चेव तणडगलछाराइ दव्वमालोएंति, पुव्वं गहणं च णंतकट्ठस्स तत्थ अन्नत्थ वा, तत्थ कट्ठस्स गहणे को विही ? वसहीए ठायंतगा चेव**

---

ગા. ૫૫૧૩) ‘અને જો આ લોકમાં આવી અવસ્થા છે તો પરલોકમાં વધુ ખરાબ અવસ્થા હશે.” પરંતુ જો મૃતકને ચોખ્ખા, સુગંધી કપડાં પહેરાવવામાં આવે તો તે જોઈને લોકો પ્રશંસા કરે કે – “અરે ! આ કેવો મજાનો ધર્મ છે.” તેમાં કોઈક પ્રવ્રજ્યા ગ્રહણ કરવા આવે અને કોઈક શ્રાવકધર્મને સ્વીકારે છે. અથવા કપડાં ન હોવાને કારણે “રાત્રિએ લઈ જઈશ” એમ વિચારી મૃતક દિવસ દરમિયાન રાખી મૂકે તો ઉત્થાન=મડદાનું ઉઠવું વિગેરે દોષો થાય છે. જો તે મડદું ઊભું થયું અને કોઈને પકડે તો ત્યાં બીજી વિરાધના થાય. તે કારણથી વસ્ત્રો ગ્રહણ કરવા જોઈએ. તે વસ્ત્રો ગચ્છના વૃષભ=ગીતાર્થ સાધુઓ રાખે છે અને તે વસ્ત્રની દર પંદર દિવસે, ચોમાસી દિવસે અને સંવત્સરીએ પ્રતિલેખના કરે છે. જો રોજ પડિલેહણ કરે તો વસ્ત્રો મેલા થાય (તેથી પંદરાદિ દિવસે કરે.) અહીં ગાથા આ પ્રમાણે જાણવી ⇨

**ગાથાર્થ : ગચ્છનો આ એક કલ્પ=આચાર છે કે ગચ્છમાં કોઈનું અનિમિત્તે મરણ થાય તે માટે પહેલેથી જ દ્રવ્ય, વસ્ત્ર અને કાષ્ઠનું ગ્રહણ કરવું.**

**ટીકાર્થ :** આ ગાથાની અક્ષરવ્યાખ્યા આ પ્રમાણે જાણવી – જ્યાં ચોમાસા માટે રહેવાનું થાય ત્યાં પહેલેથી જ તૃણ, ડગલ, રાખ વિગેરે દ્રવ્યો ગ્રહણ કરે અને પૂર્વે જ વસ્ત્ર તથા મડદાને વહન કરી શકાય એવા લાકડાંઓ ત્યાં જ=પોતાની વસતિમાં અથવા અન્યત્ર=શય્યાતરના ઘરાદિમાં હોય તે ગ્રહણ કરી લે. (પૂર્વે વસ્ત્ર માટેની સંપૂર્ણ વિધિ કહી. હવે લાકડાંમાટેની વિધિ જણાવતા પ્રશ્ન પૂછે છે કે) લાકડાંને ગ્રહણ કરવામાં કઈ વિધિ છે ? તે કહે છે કે – વૃષભ સાધુઓ વસતિમાં રહેવા આવ્યા કે તરત જ મડદાને વહન કરવા યોગ્ય ગૃહસ્થસંબંધી લાકડાંને તપાસી રાખે. ॥૩૬॥

---

४९. एषाऽवस्था परलोके पापतरा, शुचिचोक्षैः प्रशंसति लोकः—अहो लष्टो धर्म इति प्रव्रज्यामुपगच्छन्ति श्रावकधर्मं प्रतिपद्यन्ते, अथवा नास्त्यनन्तकमिति रजन्यां नेष्यामीति स्थापयति तत्रोत्थानादिर्दोषः, तत्र विराधना नाम कश्चिद्गृह्णीयात् तत्र विराधना, तस्माद् ग्रहीतव्यान्यनन्तकानि, तानि पुनर्वृषभा रक्षन्ति, पाक्षिकचातुर्मासिकसांवत्सरिकेषु प्रतिलिख्यन्ते, इतरथा मलिनय्यन्ते दिवसे दिवसे प्रतिलिख्यमानानि, अत्र गाथा—अस्या अक्षरगमनिका—पूर्वं तिष्ठन्त एव तृणडगलक्षारादि द्रव्यमालोकयन्ति, पूर्वं ग्रहणं च वस्त्रकाष्ठयोस्तत्रान्यत्र वा, तत्र काष्ठस्य ग्रहणे को विधिः ? वसतौ तिष्ठन्नेव

[૫૦]सागारियसंतगं वहणकट्ठं पलोएंति, किंनिमित्तं वहणकट्ठं अवलोइज्जइ ?, कोई अनिमित्तमरणेण कालं करेज्ज राओ ताहे जइ सागारियं वहणकट्ठं अणुण्णवणट्ठाए उट्ठवेंति तो आउज्जोअणाई अहिगरणदोसा तम्हा उ न उट्ठवेयव्वो, जइ एगो साहू समत्थो तं नीणेउं ताहे कट्ठं न घेप्पइ, अह न तरइ तो जत्तिया सक्केन्ति तो तेण पुव्वपडिलेहिएण कट्ठेण नीणेंति, तं च कट्ठं तत्थेव जइ परिठवेंति तो अण्णेण गहिए अहिगरणं, सागारिओ वा तं अपेच्छंतो एएहिं नीणियंति पदुट्ठो वोच्छेयं कडगमद्दाई करेज्जा तम्हा आणेयव्वं, जइ पुण आणेत्ता तहेव पवेसंति तो सागारिओ

શા માટે આવા વહનકાષ્ઠને તપાસી રાખે ? તે કહે છે કે કોઈ સાધુ કોઈપણ જાતના નિમિત્ત વિના રાત્રિએ કાલ કરે. ત્યારે જો વહન કરવા માટેના લાકડાંની અનુજ્ઞા મેળવવા ગૃહસ્થને ઉઠાડે તો પાણી લેવા અરઘટ્ટાદિને જોડવું વિગેરે અધિકરણરૂપ દોષ લાગે. (આશય એ છે કે જો રાત્રિએ કાલ કરે અને ઠાઠડી બનાવવા લાકડાં પહેલેથી તપાસી રાખ્યા ન હોય તો રાત્રિએ ગૃહસ્થને ઉઠાડવો પડે. ગૃહસ્થના ઊઠ્યા પછી તે ગૃહસ્થ પોતાના કામધંધે લાગે જેમ કે, કોઈકને કૂવેથી પાણી લેવા જવાનું હોય તો તે કૂવા તરફ જાય તેમાંથી પાણી લેવા અરઘટ્ટાદિ જોડે, કો'ક વેપારી હોય તો વેપાર માટે તૈયાર થાય, માળી હોય તો બગીચાને ઠીકઠાક કરવાનું ચાલું કરે વિગેરે ઓઘનિર્યુક્તિમાં કહેલા અધિકરણ એટલે હિંસા વિગેરે દોષો થાય છે. इति ओघनि. भा. -૯૦) માટે ગૃહસ્થને ઊઠાડવો જોઈએ નહીં.

(તે વખતે શું કરવું ? તે કહે છે –) જો એક સાધુ મડદાને લઈ જવામાં સમર્થ હોય તો લાકડાંને ગ્રહણ કરે નહીં. હવે જો એક સાધુ સમર્થ નથી તો જેટલાં સાધુઓથી શક્ય બને તેટલા સાધુઓ (ગૃહસ્થને ઊઠાડ્યા વિના જ) પૂર્વપ્રતિલેખિત એવા લાકડાંવડે મડદાને લઈ જાય. મડદાને પરઠવ્યા પછી જો તે લાકડું ત્યાં જ સાધુઓ પરઠવે અને તે લાકડું કોઈ અન્ય વ્યક્તિ ગ્રહણ કરે તેનાદ્વારા જે વિરાધના થાય તે બધો દોષ પરઠવનાર સાધુઓને લાગે. અથવા પોતાના ઘરે ગૃહસ્થને તે લાકડું દેખાય નહીં તેથી "આ સાધુઓ તે લાકડું લઈ ગયા" એમ વિચારી ગુસ્સે થયેલો ગૃહસ્થ વસતિ વિગેરે બીજી વાર આપવાની ના પાડે અથવા કટકમર્દાદિ કરે. (કટક એટલે સ્કંધાવાર=સૈન્ય, જેમ કે સૈન્ય શત્રુરાજાના કારણે આખા શત્રુરાજ્યનો નાશ કરે તેમ આ શય્યાતર એક સાધુની ભૂલને કારણે આચાર્ય અથવા આખા ગચ્છને મારી નાખે તે કટકમર્દ કહેવાય इति निशीथसू. ઉ. ૧૬ ગા. ૫૧૪૯) તે કારણથી લાકડું પાછું લઈને આવવું. જો લઈને આવ્યા પછી પણ હાથમાં લાકડું હોય એવી અવસ્થામાં જ પ્રવેશ કરે તો ગૃહસ્થ તે જોઈને મિથ્યાત્વ પામે કે "આ લોકો

૫૦. सागारिकसत्कं वहनकाष्ठं प्रलोकयति, किं निमित्तं वहनकाष्ठं अवलोक्यते ?, कश्चिदनिमित्तमरणेन कालं कुर्यात् रात्रौ तदा यदि सागारिकं वहनकाष्ठस्य अनुज्ञापनाय उत्थापयन्ति तदा अप्काययोजनादयोऽधिकरणदोषास्तस्मान्नोत्थापयितव्यः, यद्येकः साधुः समर्थस्तं नेतुं तदा काष्ठं न गृह्यते, अथ न शक्नोति तदा यावन्तः शक्नुवन्ति ततः तेन पूर्वप्रतिलिखितेन काष्ठेन नयन्ति, तच्च काष्ठं तत्रैव यदि परिष्ठापयन्ति ततोऽन्येन गृहीतेऽधिकरणं, सागारिको वा तदपश्यन् एतैर्नीतमिति प्रद्विष्टो व्युच्छेदं कटकमर्दादि कुर्यात् तस्मादानेतव्यं, यदि पुनरानीय तथैव प्रवेशयन्ति तदा सागारिको

[૫૧] दट्ठूण मिच्छत्तं गच्छेज्जा-एए भणंति जहा अम्ह अदिण्णं न कप्पइ इमं च णेहिं गहियंति, अहवा भणेज्ज—समला पुणोवि तं चेव आणेन्ति, अहो णेहिं हदुसरक्खावि जिया, दुगुंछेज्जमयगं वहिऊण मम घरं आणेन्ति उड्डाहं करेज्जा वोच्छेयं वा करेज्जा, जम्हा एए दोसा तम्हा आणेत्ता एक्को तं घेत्तूण बाहिं अच्छति, सेसा अइन्ति, जइ ताव सागारिओ ण उट्ठेइ ताहे आणित्ता तहेव ठवेंति जह आसी, अह उट्ठिओ ताहे साहेंति—तुब्भे पासुतेल्लया अम्हेहिं न उट्ठविया, रत्तिं चेव कालगओ साहू, सो तुब्भच्चयाए वहणीए णीणिओ, सा किं परिठविज्जउ ? आणिज्जउ ?, जं सो भणइ तं कीरइ, अह तेहिं अजाणिज्जंतेहिं ठविए पच्छा सागारिएण णायं जहा—एएहिं एयाए वहणीए परिट्ठविउं ★एत्थेव ठवियत्ति, तत्थ उद्धरुट्ठो अणुलोमेयव्वो, आयरिया कइयवेण पुच्छंति-

તો કહે છે કે અમારે માલિકની રજા લીધા વિના વસ્તુ લેવી કલ્પે નહીં અને આ લાકડું તો મારી રજા વિના ગ્રહણ કર્યું." અથવા જો ગૃહસ્થ કહે કે "મલથી યુક્ત એવા આ લોકો તે જ લાકડાંને પાછું લઈને આવે છે (જે લાકડાંથી મૃતક લઈ ગયા.) તેથી આ લોકોએ તો ભંગી વિગેરેને પણ જીતી લીધા છે (અર્થાત્ ભંગી કરતાં પણ ગંદુ કામ કરનારા છે.) "જુગુપ્સનીય એવા મૃતકને વહન કરીને તે લાકડું આ લોકો મારા ઘરે લઈને આવ્યા છે" એ પ્રમાણે શાસનહીલના કરે અથવા વસતિ વિગેરે કાયમ માટે આપવાની ના પાડી દે. જે કારણથી આવા પ્રકારના દોષો છે તે કારણથી એક સાધુ તે લાકડાંને લઈ બહાર ઊભો રહે અને શેષ સાધુઓ અંદર પ્રવેશ કરે. તે સમયે જો ગૃહસ્થ હજુ (રાત હોવાથી) ઊઠ્યો ન હોય તો લાકડું લાવીને જ્યાંથી લીધું હોય ત્યાં જેમ હતું તેમ મૂકી દે.

જો કદાચ ગૃહસ્થ ઊઠી ગયો હોય તો તેને કહે કે – "તમે સુતા હતા એટલે અમે તમને ઊઠાડ્યા નહીં, આ સાધુ રાત્રિએ જ કાલ પામ્યો એટલે તમારે ત્યાં રહેલ આ લાકડાંવડે અમે તે સાધુને લઈ ગયા હતા. હવે કહો કે તે લાકડું ફેંકી દે કે લાવે ?" આવું કહ્યા પછી તે ગૃહસ્થ જે કહે તે કરવું. હવે કદાચ એવું બને કે ગૃહસ્થને ખબર ન પડે તે રીતે સાધુઓએ લાકડું ઘરમાં આવીને મૂકી દીધું અને પાછળથી કોઈક રીતે ખબર પડી કે "આ લોકોએ આ લાકડાંવડે મડદાને નાખી આવીને આ લાકડું અહીં પાછું મૂકી દીધું છે." આવું જાણ્યા પછી જો તે ખૂબ જ ગુસ્સે થાય ત્યારે તેને ઠંડો પાડવો. (તે આ પ્રમાણે –) આચાર્ય કપટથી (= શય્યાતરને સારું દેખાડવા

૫૧. दृष्ट्वा मिथ्यात्वं गच्छेत् - एते भणन्ति यथाऽस्माकमदत्तं न कल्पते इदं चैभिर्गृहीतमिति, अथवा भणेत्-समला पुनरपि तदेवानयन्ति, अहो अमीभिर्विट्सरजस्का अपि जिताः, जुगुप्सनीयमृतकं वहित्वा मम गृहमानयन्तीत्युड्डाहं कुर्यात् व्युच्छेदं वा कुर्यात्, यस्मादेते दोषास्तस्मादानीय एकस्तद्गृहीत्वा बहिस्तिष्ठति, शेषा आयान्ति, यदि तावत्सागारिको नोत्तिष्ठति ( नोत्थितः ) तदाऽनीय तथैव स्थापयन्ति यथाऽऽसीत्, अथोत्थितस्तदा कथयन्ति—यूयं प्रसुप्ता अस्माभिर्नोत्थापिताः, रात्रावेव कालगतः साधुः, स त्वदीयया वहन्या नीतः सा किं परिष्ठाप्यतामानीयतां ( वा ) ?, यत् स भणति तत् क्रियते, अथ तैरज्ञायमानैः स्थापिते पश्चात् सागारिकेण ज्ञातं यथैतैरेतया वहन्या परिष्ठाप्य अत्रैव स्थापितेति तत्र तीव्ररोषोऽनुलोमेतव्यः, आचार्याः कैतवेन पृच्छन्ति- ★ परिट्ठवियन्ति इत्यशुद्धः पाठो पूर्वमुद्रिते ।

केण[५२] तं कयं ?, अमुएणंति, किं +मम अणापुच्छाए करेसि ?, सो सागारियपुरओ अंबाडेऊण निच्छुब्भइ कइयवेण, जइ सागारिओ भणइ—मा निच्छुब्भउ, मा पुणो एवं कुज्जा, तो लट्ठं, अह भणइ—मा अच्छउ, पच्छा सो अण्णाए वसहीए ठाइ, बितिज्जओ से दिज्जउ, माइट्ठाणेण कोइ साहू भणइ—मम एस नियल्लगो जइ निच्छुब्भइ तो अहंपि गच्छामि, अहवा सागारिएणं समं कोइ कलहेइ, ताहे सोवि निच्छुब्भइ, सो से बितिज्जओ होइ, जइ बहिया से पच्चवाओ वसही वा नत्थि ताहे सव्वेवि णिंति । णंतकट्ठदारं गयं, इयाणिं कालेत्ति दारं, सो य दिवसओ वा कालं करेज्ज राओ वा—

सहसा कालगयंमि मुणिणा सुत्तत्थगहियसारेण ।
न विसाओ कायव्वो कायव्व विहीइ वोसिरणं ॥३७॥

सहसा कालगयंमित्ति आसुक्कारिणा—

માટે) શિષ્યોને પૂછે કે – "આવું કામ કોણે કર્યું ?" શિષ્યો કહે – "અમુક સાધુએ કર્યું." ત્યારે આચાર્ય તે સાધુને કહે – "તું મને પૂછ્યા વગર આવું શા માટે કરે છે ?" આ પ્રમાણે ગૃહસ્થસામે તે સાધુને ઠપકો આપીને કપટથી બહાર કાઢી મૂકે.

તે વખતે જો ગૃહસ્થ બોલે કે "એને બહાર કાઢો નહીં, હવે તે આવું બીજી વાર કરશે નહીં." તો ખૂબ સરસ. (અર્થાત્ સાધુને બહાર કાઢવો નહીં.) પરંતુ જો ગૃહસ્થ બોલે કે "અહીં ન રાખો." તો તે સાધુ જુદી વસતિમાં રહેવા જાય. તે વખતે તેની સાથે એક બીજો સાધુ ગુરુએ આપવો. (તે આ રીતે કે) તે સમયે ખોટેખોટું કોઈ સાધુ બોલે કે – "આ મારો સગો છે, જો તેને બહાર કાઢશો તો હું પણ જતો રહીશ." અથવા કોઈ સાધુ ગૃહસ્થ સાથે કલહ કરવા બેસે. ત્યારે તે સાધુને પણ બહાર કાઢવો જેથી તે સાધુ પેલા સાધુનો બીજો સંઘાટક બને.

જો કદાચ તે સાધુઓને (જંગલી પશુઓથી કે અન્ય રીતે) નુકશાનનો સંભવ હોય અથવા બહાર વસતિ ન હોય તો બધાં જ સાધુઓ નીકળી જાય. આ પ્રમાણે વસ્ત્ર અને કાષ્ઠદ્વાર પૂર્ણ થયું. ॥૩૬॥ હવે **'કાલ'દ્વાર** જણાવે છે. તેમાં તે સાધુ દિવસે અથવા રાત્રિએ કાલ કરે તો ⇨

**ગાથાર્થ : એકાએક સાધુનો કાલ થતાં સૂત્રાર્થના સાર=રહસ્યને ગ્રહણ કરનાર સાધુએ=ગીતાર્થસાધુએ વિશાદ કરવો નહીં, પરંતુ વિધિપૂર્વક તે મૃતકની પરિસ્થાપના કરવી.**

**ટીકાર્થ :** (ગાથાર્થ સ્પષ્ટ જ છે. ॥૩૭॥) શીઘ્રઘાતી એવા રોગવડે એકાએક સાધુ કાલ પામતાં ⇨

५२. केन तं कृतं ?, अमुकेनेति, किं ममानापृच्छया करोषि ?, स सागारिकस्य पुरतो निर्भर्त्स्य निष्काश्यते कैतवेन, यदि सागारिको भणेत्—मा निष्काशीः, मा पुनरेवं कुर्याः, तदा लष्टं, अथ भणति—मा तिष्ठतु पश्चात् सोऽन्यस्यां वसतौ तिष्ठति, द्वितीयस्तस्य दीयते, मातृस्थानेन कश्चित् साधुर्भणति—ममैष निजको यदि निष्काश्यते तदाऽहमपि गच्छामि, अथवा सागारिकेण सह कश्चित् कलहयति, ततः सोऽपि निष्काश्यते, स तस्य द्वितीयो भवति, यदि बहिः तस्य प्रत्यपायो वसतिर्वा नास्ति तदा सर्वेऽपि निर्गच्छन्ति । अनन्तककाष्ठद्वारं गतं, इदानीं काल इति द्वारं, स च दिवसतो वा कालं कुर्यात् रात्रौ वा सहसा-कालगते इत्याशुकारिणा. + पुण–प्रत्य. ।

जं वेलं कालगओ निक्कारण कारणे भवे निरोहो ।
छेयणबंधणजग्गणकाइयमत्ते य हत्थउडे ॥३८॥
अन्नाइट्ठसरीरे पंता वा देवया उ उट्ठेज्जा ।
काइयं डब्बहत्थेण मा उट्ठे बुज्झ गुज्झगा ! ॥३९॥
वित्तासेज्ज हसेज्ज व भीमं वा अट्टहासं मुंचेज्जा ।
अभीएणं तत्थ उ कायव्व विहीएँ वोसिरणं ॥४०॥

[53] इमीणं वक्खाणं–'जं वेलं कालगओ'त्ति जाए वेलाए कालगओ दिया वा राओ वा सो ताए चेव वेलाए णीणियव्वो 'निक्कारण'त्ति एवं ताव निक्कारणे, 'कारणे भवे निरोहो'त्ति कारणे पुणो भवे निरोहो, निरोहो नाम अच्छाविज्जइ, किं च कारणं,? रत्तिं ताव आरक्खियतेणयसावयभयाइ बारं वा ताव न उग्घाडिज्जइ, महाजणणाओ वा सो तंमि गामे णयरे वा दंडिगाईहिं वा आयरिओ वा सो तंमि णयरे सड्ढेसु वा लोगविक्खाओ वा भत्तपच्चक्खाओ वा सण्णायगा वा से भणंति–जहा अम्हं अणापुच्छाए ण णीणेयव्वोत्ति, अहवा तंमि लोगस्स

**ગાથાર્થ :** ત્રણે ગાથાઓનો અર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** આ ગાથાઓનું વિવેચન આ પ્રમાણે જાણવું – જે સમયે દિવસે કે રાત્રિએ સાધુ કાલ કરે તે જ સમયે મૃતકને પરઠવવા લઈ જવું. આ વિધિ કોઈ કારણ ન હોય ત્યારની સમજવી. જો કારણ હોય તો મૃતકને રાખી પણ મુકે. તે કયું કારણ છે ? તે જણાવે છે – રાત્રિએ કોટવાલો, ચોરો, જંગલીપશુઓનો ભય હોય અથવા નગરનો દરવાજો રાત્રિએ ખોલતા ન હોય, અથવા મરનાર તે સાધુ તે ગામમાં કે નગરમાં મહાજનમાં વિખ્યાત હોય, રાજા વિગેરે સાથે સારો પરિચય હોય (જેથી જો રાત્રિએ પારિઠાવણી કરીએ તો સવારે તે સાધુ ન દેખાતા વંદનાદિ માટે આવતા લોકો દર્શનાદિથી વંછિત રહેવાના કારણે સાધુઓ ઉપર ગુસ્સો વિગેરે કરે.)

અથવા કાલ પામનારા તે આચાર્ય હોય અને તેઓ તે નગરમાં અથવા શ્રાવકકુલોમાં અત્યંત પ્રસિદ્ધ હોય અથવા મૃતક અનશન કરનાર મહાતપસ્વી હોવાથી લોકમાં પ્રસિદ્ધ હોય (તેથી ઉપરોક્ત દોષ ન લાગે માટે રાત્રિએ રાહ જુએ.) અથવા મરનારના સ્વજનો તે ગામ–નગરમાં હોય અને તેઓએ પૂર્વે કહ્યું હોય કે "જો તે કાલ પામે તો અમને પૂછ્યા વિના લઈ જતા નહીં." અથવા તે નગરાદિમાં લોકોની આ વ્યવસ્થા જ હોય કે મૃતકને રાત્રિએ લઈ જવો નહીં. આવા બધા કારણોસર રાત્રિએ પારિઠાવણી માટે લઈ જાય નહીં. (પરંતુ દિવસે લઈ જાય.)

૫૩. आसां व्याख्यानं–'यस्यां वेलायां कालगतः' इति यस्यां वेलायां कालगतो दिवा वा रात्रौ वा स तस्यां वेलायां नेतव्यः 'निष्कारण' इति एवं तावन्निष्कारणे 'कारणे भवेन्निरोधः' इति कारणे पुनर्भवेत् निरोधो, निरोधो नाम स्थाप्यते, किं च कारणं ?, रात्रौ तावत् आरक्षकस्तेन श्वापदभयानि द्वारं वा तावन्नोद्घाट्यते महाजनज्ञातो वा तस्मिन् ग्रामे नगरे वा दण्डिकादिभिर्वाऽऽचार्यो वा स तस्मिन्नगरे श्राद्धेषु वा कुलेषु लोकविख्यातो वा प्रत्याख्यातभक्तो वा सज्ञातीया वा तस्य भणन्ति–यदस्माकमनापृच्छ्या न नेतव्य इति, अथवा तस्मिन् लोकस्य

[૫૪] एसा ठवणा—जहा रत्तिं न नीणियव्वो, एएण कारणेणं रत्तीए ण णीणिज्जइ, दिवसओवि चोक्खाणं णंतयाणं असईए दंडिओ वा अतीति नीइ वा तेण दिवसओ संविक्खाविज्जइ, एवं कारणेण निरुद्धस्स इमा विही-'छेयणबंधण' इत्यादि, जो सो मओ सो लंछिज्जइ, 'बंधण'न्ति अंगुट्ठाइसु बज्झति, संथारे वा परिट्ठवणनिमित्तं दोरेहिं उग्गाहिज्जइ, 'जग्गण'न्ति जे सेहा बाला अपरिणया य ते ओसारिज्जंति, जे गीयत्था अभीरू जियनिद्दा उवायकुसला आसुक्कारिणो महाबलपरक्कमा महासत्ता दुद्धरिसा कयकरणा अप्पमाइणो एरिसा ते जागरंति, 'काइयमत्ते य'त्ति जागरंतेहिं काइयमत्तओ न परिट्ठविज्जइ 'हत्थउडे'त्ति जइ उट्ठेइ तो ताओ काइयमत्ताओ हत्थउडेणं काइयं गहाय सिंचंति, जइ पुण जागरंता अच्छिंदिय अबंधिय तं सरीरं जागरंति सुवंति

---

(દિવસે જો સાધુ કાલ કરે તો હવે બતાવાતા કારણોસર દિવસે લઈ ન જાય –) દિવસે પણ જો ચોખ્ખા કપડાં ન હોય, અથવા રાજાનો પરિવારસહિત નગરમાં પ્રવેશ હોય અથવા નગરમાંથી બહાર નીકળતો હોય (તેથી નગરના દરવાજા રાજસૈન્ય વિગેરેદ્વારા ભીડથી ભરચક હોય) તો દિવસે મૃતકને રાખી મૂકે. (રાત્રિએ લઈ જાય.) આવા કારણોસર જ્યારે મડદાને રાખી મૂકવાનું હોય ત્યારે આ વિધિ કરવી – છેદન–ભેદન વિગેરે. તે આ પ્રમાણે – જે સાધુ કાલ પામ્યો છે તે સાધુ છેદાય છે (અર્થાત્ સાધુની આંગળીના બે પર્વો વચ્ચેની જે રેખા છે ત્યાં કંઈક કાપો મુકાય છે.) અને હાથના બે અંગૂઠા અને પગના બે અંગુઠાઓને દોરાથી બાંધી દે છે. અથવા બંધન એટલે – પારિસ્થાપનિકાનિમિત્તે સંથારામાં મૃતકને દોરાવડે બાંધવું.

**'जग्गण'** શબ્દની વ્યાખ્યા – જ્યારે મડદાને રાત્રિએ વસતિમાં રાખી મૂકવાનું આવે ત્યારે જે શૈક્ષ=નુતનસાધુઓ, બાલસાધુઓ અને અપરિણતસાધુઓ હોય તે બધાને દૂર કરવામાં આવે છે. જે ગીતાર્થ, અભીરુ, નિદ્રાને જિતનારા, ઉપાય કરવામાં કુશલ, કાર્યને શીઘ્ર કરી શકવામાં સમર્થ, મહાબલ-પરાક્રમી, મહાસત્ત્વશાળી, દુર્જય, જેને આવા પ્રકારનો વારંવાર અભ્યાસ (મહાવરો) કરેલો હોય, અપ્રમાદી હોય એવા સાધુઓ જાગતા રહે છે. રાત્રિના સમયે માત્રું પરઠવવું નહીં (પરંતુ ભેગું કરી રાખવું.) જો મડદું પાછું ઊભું થાય તો માત્રાના વાટકામાંથી અંજલિવડે માત્રાને લઈ તે મૃતક ઉપર સિંચે. જો ગીતાર્થ સાધુઓ આખી રાત જાગવા છતાં મૃતકને છેદે કે

---

૫૪. एषा स्थापना यथा रात्रौ न नेतव्यः, एतेन कारणेन रात्रौ न नीयते, दिवसेऽपि चोक्षाणामनन्तकानामसत्त्वे दण्डिको वाऽऽयाति गच्छति वा तेन दिवसे प्रतीक्ष्यते, एवं कारणेन निरुद्धस्यैष विधिः-'छेदनबन्धने'त्यादि, यः स मृतः स लाञ्छ्यते, बन्धनमिति अङ्गुष्ठादिषु बध्यते, संसारके वा पारिस्थापनिकीनिमित्तं दवरकैरुद्ग्राह्यते, जागरणमिति ये शैक्षा बाला अपरिणताश्च तेऽपसार्यन्ते, ये गीतार्था अभीरवो जितनिद्रा उपायकुशला आशुकारिणो महाबलपराक्रमा महासत्त्वा दुर्घर्षाः कृतकरणा अप्रमादिनः ईदृशास्ते जाग्रति, कायिकीमात्रं चेति जाग्रद्भिः कायिकीमात्रकं न परिष्ठाप्यते, हस्तपुटश्चेति यद्युत्तिष्ठति तदा ततः कायिकीमात्रकात् हस्तपुटेन कायिकीं गृहीत्वा सिञ्चन्ति, यदि पुनर्जाग्रतोऽच्छित्वाऽबद्ध्वा तत् शरीरं जाग्रति स्वपन्ति

[૫૫] वा आणाई दोसा, कहं ? – 'अण्णाइट्ठसरीरे' अन्याविष्टशरीरं सामान्येन तावद् व्यन्तराधिष्ठित-माख्यायते विसेसेण पुण पंता वा देवया उट्ठेज्जा, पंता नाम पडिणीया, सा पंता देवया छलेज्जा कलेवरे पविसिउं उट्ठेज्ज वा पणच्चए वा आहाविज्ज वा, जम्हा एए दोसा तम्हा छिंदिउं बंधिउं च जागरेयव्वं, अह कयाइ जागरंताणवि उट्ठिज्जा ताहे इमा विही 'काइयं डब्बहत्थेणं' जो सो काइयमत्तओ ताओ काइयं-प्रश्रवणं 'डब्बेण'ति वामहत्थेणं गहाय सिंचंति, इमं च वुच्चइ–'मा उट्ठे बुज्झ गुज्झगा' मा संथाराओ उट्ठेहित्ति, बुज्झ मा पमत्तो भव, गुज्झगा इति देवा, तहा जागरंताणं जइ कहंचि इमे दोसा भवंति 'वित्तासेज्ज हसेज्ज व भीमं वा अट्टहास मुंचेज्जा' तत्थ वित्तासणं–विगरालरूवाइदरिसणं हसणं–साभावियहासं चेव भीमं बीहावणयं अट्टहासं भीसणो रोमहरिसजणणो सद्दो तं मुंचेज्ज वा, तत्थ किं कायव्वं ?–'अभीएणं' अबीहंतेणं 'तत्थ'

બાંધે નહીં અથવા ગીતાર્થ સાધુઓ સુઈ જાય તો આજ્ઞાદિ દોષો જાણવા. શા માટે ? તે કહે છે – તે મૃતક અન્યથી આવિષ્ટશરીરવાળું થાય. સામાન્યથી વ્યંતરથી અધિષ્ઠિત શરીર એ અન્યથી આવિષ્ટ=અધિષ્ઠિત શરીર કહેવાય. અથવા વિશેષથી પ્રાંત દેવતાવડે જે અધિષ્ઠિત હોય તે. પ્રાંતદેવતા એટલે શત્રુદેવતા = સાધુ ઉપર દ્વેષ ધારણ કરનાર દેવ કે દેવી. (ટૂંકમાં જો રાત્રિના સમયે મૃતકશરીરને છેદે અને બાંધે નહીં અથવા પોતે સૂઈ જાય તો તે શરીરમાં વ્યંતરાદિ દેવો પ્રવેશે. તે દેવ જો સાધુનો શત્રુ હોય તો શું થાય ? તે કહે છે –)

તે દેવતા છલના કરે, શરીરમાં પ્રવેશીને મડદું ઊભું થાય, નાચવા લાગે, દોડા–દોડી કરે. જે કારણથી આવા બધાં દોષો ઊભા થાય તે કારણથી મૃતકના શરીરને છેદન અને બંધન કરીને જાગવા યોગ્ય છે, પણ સુવા યોગ્ય નથી. હવે કદાચ જાગવા છતાં જો ઊઠે તો આ પ્રમાણેની વિધિ જાણવી કે જે માત્રાનો વાટકો ભરીને રાખ્યો હોય, તેમાંથી ડાબાહાથે માત્રાને લઈને મૃતકના શરીર ઉપર છાંટે અને કહે કે – "હે દેવ ! તું સંથારામાંથી ઊઠ નહીં, બોધ પામ, પ્રમાદી બન નહીં." ગુજ્ઝગા એટલે દેવ. તથા જાગતા એવા સાધુઓને જો કોઈક રીતે આવા બધાં દોષો થાય એટલે કે દેવ વિકરાળરૂપ કરીને ડરાવે, હસે અથવા ભીમ એવા અટ્ટહાસને કરે. ભીમ એટલે ડરાવી નાખે તેવું, અને અટ્ટહાસ એટલે રોમને ઊભા કરી દે તેવા શબ્દો. તે દેવ આવું બધું કરે ત્યારે શું કરવું ? તે કહે છે – આવા વિત્રાસણ વિગેરે થાય ત્યારે ડર્યા વિના પૂર્વે કહેવાયેલી

૫૫. वा आज्ञादयो दोषाः, कथम् ?–'अन्याविष्टशरीरं–विशेषेण पुनः प्रान्ता वा देवता उत्तिष्ठेत्, प्रान्ता नाम प्रत्यनीका, सा प्रान्ता देवता छलेत् कडेवरे प्रविश्योत्तिष्ठेत् प्रनृत्येद्वाऽऽधावेद्वा, यस्मादेते दोषास्तस्मात् छित्वा बद्ध्वा च जागरितव्यं, अथ कदाचित् जाग्रतामपि उत्तिष्ठेत् तदैषो विधिः–'कायिकीं वामहस्तेन' यः स कायिकीपतद्ग्रहस्तस्मात् कायिकीं–प्रश्रवणं 'डब्बेणं' वामहस्तेन गृहीत्वा सिञ्चन्ति इदं चोच्यते–मोत्तिष्ठ बुध्यस्व गुह्यक !, मा संसारकादुत्तिष्ठेति, बुध्यस्व मा प्रमत्तो भूः, गुह्यका इति देवाः, तथा जाग्रतां जदि कथञ्चिदिमे दोषा भवन्ति–वित्रासयेत् हसेद्वा भीमं वा अट्टहासं मुञ्चेत्, तत्र वित्रासणं–विकरालरूपादिदर्शनं हसनं–स्वाभाविकहास्यमेव भयानकं भीमं अट्टहासं भीषणो रोमहर्षजननः शब्दस्तं मुञ्चेद्वा, तत्र किं कर्तव्यं ?, अभीतेन–अबिभ्यता तत्र

[૫૬] वित्तासणाइंमि 'कायव्वं' करेयव्वं विहीए पुव्वुत्ताए पडिवज्जमाणाए वा 'वोसिरणं'ति परिट्ठवणं, तत्थ जाहे चेव कालगओ ताहे चेव हत्थपाया उज्जुया कज्जंति, पच्छा थद्धा न तीरंति उज्जुया करेउं, अच्छीणि से संमीलिज्जंति, तुंडं च से मुहपोत्तियाए बज्झइ, जाणि संधाणाणि अंगुलिअंतराणं तत्थ ईसिं फालिज्जंति पायंगुट्ठेसु हत्थंगुट्ठेसु य बज्झइ, आहरणमाईणि कहिज्जंति, एवं जागरंति, एसा विही कायव्वा। कालेत्ति दारं सप्पसंगं गयं, इयाणिं कुसपडिमत्ति दारं, तत्थ गाहा—

दोन्नि य दिवड्ढखेत्ते दब्भमया पुत्तला उ कायव्वा।
समखेत्तंमि उ एक्को अवड्ढऽभीए ण कायव्वो ॥४१॥

द्वौ च सार्द्धक्षेत्रे नक्षत्र इति गम्यते, दर्भमयौ पुत्तलकौ कर्तव्यौ, समक्षेत्रे च एकः, 'अवड्ढऽभीए ण कायव्वो'त्ति उपार्द्धभोगिष्वभीचिनक्षत्रे च न कर्तव्यः पुत्तलक इति गाथाक्षरार्थः ॥४१॥ एवमन्यासामपि स्वबुद्ध्याऽक्षरगमनिका कार्या, भावार्थं तु वक्ष्यामः, प्रकृतगाथाभावार्थः— कालगए समणे णक्खत्तं पलोइज्जइ, जइ न पलोएति असमाचारी, पलोइए पणयालीसमुहुत्तेसु

અથવા આગળ કહેવાતી વિધિવડે પારિસ્થાપનિકા કરવા યોગ્ય છે. (તે વિધિ જ જણાવે છે –) પ્રથમ જ્યારે સાધુ કાલ કરે કે તરત જ તેના હાથ–પગ સીધા કરવા, નહીં તો પાછળથી અક્કડ થવાથી સીધા કરવા શક્ય ન બને. સાધુઓ તેની આંખોને બંધ કરે અને મોઢાને મુહપત્તિથી બાંધે, આંગળીના સાંધાઓમાં=બે પર્વ વચ્ચેની રેખાને વિશે થોડો છેદ કરે. પગના બે અંગુઠા અને હાથના બે અંગુઠાઓને દોરાવડે બાંધે. તથા પોતાને ઊંઘ ન આવે તે માટે પરસ્પર દૃષ્ટાન્તો, કથાઓ વિગેરે કરે. આ પ્રમાણે તેઓ જાગતા રહે. આ પ્રમાણેની વિધિ કરવા યોગ્ય છે. 'કાલ'દ્વાર પ્રાસંગિકવાતોપૂર્વક પૂર્ણ થયું. ॥૩૮-૪૦॥

**અવતરણિકા :** હવે **'ઘાસના પૂતળાં'** દ્વાર છે, તેમાં ગાથા આ પ્રમાણે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સાર્ધક્ષેત્ર નક્ષત્ર હોય ત્યારે બે ઘાસના પૂતળાં બનાવવા, સમક્ષેત્ર નક્ષત્ર હોય ત્યારે એક પૂતળું તથા અર્ધક્ષેત્રભોગી નક્ષત્ર અને અભીચિનક્ષત્રમાં એકપણ પૂતળું કરવું નહીં. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. (સાર્ધક્ષેત્ર વિગેરે નક્ષત્રોની વ્યાખ્યા આગળ બતાવશે.) ॥૪૧॥ આ જ પ્રમાણે આગળ બતાવાતી ગાથાઓનો પણ અક્ષરાર્થ સ્વબુદ્ધિથી કરવા યોગ્ય છે. ભાવાર્થ અમે (ટીકાકાર) જણાવીશું. પ્રકૃતગાથાનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો – સાધુ જ્યારે કાલ પામે ત્યારે કયું નક્ષત્ર ચાલે છે ? તે જોવું. જો ન જુએ તો અસામાચારી = સામાચારીભંગનો દોષ લાગે.

૫૬. वित्रासनादिषु कर्त्तव्यं विधिना पूर्वोक्तेन प्रतिपाद्यमाने व्युत्सर्जनमिति परिष्ठापनं, तत्र यदैव कालगतस्तदैव हस्तपादौ ऋजुकौ क्रियेते, पश्चात् स्तब्धौ न तीर्येते ऋजुकौ विधातुं, अक्षिणी तस्य सम्मिल्येते तुण्डं च तस्य मुखपोतिकया बध्यते, यानि संधानानि अङ्गुल्यन्तराणां तत्रेषत् पाट्यन्ते, पादाङ्गुष्ठेषु हस्ताङ्गुष्ठेषु च बध्यते, आहरणादीनि कथ्यन्ते, एवं जाग्रति, एष विधिः कर्त्तव्यः। काल इति द्वारं सप्रसङ्गं गतं, इदानीं कुशप्रतिमेति द्वारं, तत्र गाथा—कालगते श्रमणे नक्षत्रं प्रलोक्यते, यदि न प्रलोक्यतेऽसमाचारी, प्रलोकिते पञ्चचत्त्वारिंशन्मुहूर्त्तेषु

[५७] नक्खत्तेसु दोण्णि कज्जंति, अकरणे अन्ने दो कड्ढेइ, काणि पुण पणयालीसमुहुत्ताणि ?, उच्यते—

तिण्णेव उत्तराइं पुणव्वसू रोहिणी विसाहा य।
एए छ नक्खत्ता पणयालमुहुत्तसंजोगा ॥४२॥

तीसमुहुत्तेसु पुण पण्णरससु एक्को कीरइ, अकरणे एगं चेव कड्ढइ, तीसमुहुत्तियाणि पुण इमाणि—

अस्सिणिकित्तियमियसिर पुस्सो मह फग्गु हत्थ चित्ता य।
अणुराह मूल साढा सवणधणिट्ठा य भद्दवया ॥४३॥
तह रेवइत्ति एए पन्नरस हवंति तीसइमुहुत्ता।
नक्खत्ता नायव्वा परिट्ठवणविहीए कुसलेणं ॥४४॥

पनरसमुहुत्तिएसु पुण अभीइंमि य एक्कोवि न कीरइ, ताणि पुण एयाणि—

सयभिसया भरणीओ अद्दा अस्सेस साइ जेट्ठा य।
एए छ नक्खत्ता पनरसमुहुत्तसंजोगा ॥४५॥

---

નક્ષત્ર જોતી વખતે જો પિસ્તાલીસમુહૂર્ત્તવાળા નક્ષત્રો (આગળ બતાવશે તે) હોય તો બે પૂતળાં કરવા. જો પૂતળાં ન બનાવે તો બીજા બે સાધુઓનું મરણ થાય. તે પિસ્તાલીસમુહૂર્ત્તવાળા (સાર્ધક્ષેત્ર) નક્ષત્રો કયા છે ? તે કહે છે ➪

ગાથાર્થ : **ઉત્તરાષાઢા, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા આ છ નક્ષત્રો પિસ્તાલીસમુહૂર્ત્તના સંયોગવાળા છે. (એટલે કે દરેક નક્ષત્રો દોઢ દિવસ ચાલે. એક દિવસ એટલે ત્રીસમુહૂર્ત્ત.)**

**ટીકાર્થ :** ત્રીસમુહૂર્ત્તવાળા (=સમક્ષેત્ર) એવા પંદર નક્ષત્રોમાં એક પૂતળું કરવું, જો ન કરો તો એક સાધુનું મૃત્યુ થાય. ॥૪૨॥ ત્રીસમુહૂર્ત્તવાળા નક્ષત્રો આ પ્રમાણે જાણવા ➪

ગાથાર્થ : **અશ્વિની, કૃતિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂળ, પૂર્વાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વભદ્રપદા અને રેવતી આ પંદર નક્ષત્રો પારિસ્થાપનિકાવિધિમાં કુશલ એવી વ્યક્તિએ ત્રીસમુહૂર્ત્તવાળા (=સમક્ષેત્ર) જાણવા.**

**ટીકાર્થ :** પંદરમુહૂર્ત્તવાળા અને અભીચિનક્ષત્રમાં એકપણ પૂતળું કરવું નહીં. ॥૪૩-૪૪॥ તે પંદર મુહૂર્ત્તવાળા=અડધો દિવસ ચાલનારા નક્ષત્રો આ પ્રમાણે જાણવા ➪

ગાથાર્થ : **શતભિષક, ભરણી, આર્દ્રા, અશ્લેષા, સ્વાતિ અને જ્યેષ્ઠા આ છ નક્ષત્રો પંદરમુહૂર્ત્તના સંયોગવાળા છે.**

---

५७. नक्षत्रेषु द्वे क्रियेते, अकरणे अन्यौ द्वौ मारयति, कानि पुनः पञ्चचत्वारिंशन्मुहूर्त्तानि ?, त्रिंशन्मुहूर्त्तेषु पुनः पञ्चदशसु एकः क्रियते, अकरणे एकं मारयत्येव, त्रिंशन्मुहूर्त्तिकानि पुनरिमानि । पञ्चदशमुहूर्त्तिकेषु पुनरभिजिति चैकोऽपि न क्रियते, तानि पुनरेतानि ।

[५८]कुसपडिमत्ति दारं गयं, इयाणिं पाणगेत्ति दारं—

सुत्तत्थतदुभयविऊ पुरओ घेत्तूण पाणग कुसे य ।
गच्छइ जइ सागरियं परिट्ठवेऊण आयमणं ॥४६॥

इमाए वक्खाणं—आगमविहिण्णू मत्तएण समं असंसट्ठपाणयं कुसा य समच्छेया अवरोप्परमसंबद्धा हत्थचउरंगुलप्पमाणा घेत्तुं पुरओ ( पिट्ठओ ) अणवेक्खंतो गच्छइ थंडिलाभिमुहो जेण पुव्वं थंडिल्लं दिट्ठं, दब्भासइ केसराणि चुण्णाणि वा घिप्पंति, जइ सागारियं तो परिट्ठवेत्ता हत्थपाए सोयंति आयमंति य जेहिं वूढो, आयमणग्गहणेणं जहा जहा उड्डाहो न होइ तहा तहा सूयणंति गाथार्थः ॥४६॥

इयाणिं नियत्तणत्ति दारं—

थंडिलवाघाएणं अहवावि अतिच्छिए अणाभोगा ।
भमिऊण उवागच्छे तेणेव पहेण न नियत्ते ॥४७॥

---

ટીકાર્થ : આ પ્રમાણે 'ઘાસના પૂતળાં' દ્વાર પૂર્ણ થયું. ॥૪૫॥

અવતરણિકા : હવે પાણીદ્વાર જણાવે છે ⇨

**ગાથાર્થ : સૂત્ર, અર્થ, તદુભયને જાણનાર સાધુ મૃતક આગળ પાણી અને તણખલા લઈને ચાલે છે. જો સાગારિક હોય તો પરઠવ્યા બાદ શુદ્ધિ કરવી.**

ટીકાર્થ : આગમમાં કહેલ વિધિને જાણનાર સાધુ માત્રકમાં અસંસૃષ્ટ=ચોખ્ખું પાણી અને એક સરખા માપવાળા, પરસ્પર બંધાયેલા ન હોય તેવા તથા એક હાથ–ચાર અંગુલ પ્રમાણવાળા તણખલા ગ્રહણ કરીને પાછળ જોયા વિના મૃતકની આગળ સ્થંડિલભૂમિને અભિમુખ જાય છે. (કયો સાધુ જાય ? તે કહે છે કે) જેણે પૂર્વે ભૂમિનું પ્રત્યુપેક્ષણ કર્યું હોય તે સાધુ જાય છે. જો તણખલા ન હોય તો કેશર અથવા ચૂર્ણ ગ્રહણ કરે. પરઠવવાના સ્થાને જો ગૃહસ્થ હોય તો મડદાને પરઠવ્યા બાદ (જે ચોખ્ખું પાણી સાથે લાવ્યો હોય તેનાદ્વારા) તેઓએ હાથ–પગ ધોવા કે જેઓએ મડદું ઊંચક્યું હોય. અહીં 'આચમન= હાથ–પગની શુદ્ધિ' આવું કહેવાદ્વારા જે જે રીતે શાસનહીલના ન થાય તે તે રીતે બીજું જે કંઈ પણ કરવું પડે તે કરે એ પ્રમાણે સૂચન કરેલું જાણવું. આ પ્રમાણે ગાથાર્થ કહ્યો. ॥૪૬॥

અવતરણિકા : હવે નિવર્તનદ્વાર જણાવે છે ⇨

**ગાથાર્થ : સ્થંડિલભૂમિમાં વ્યાઘાત હોય અથવા ભૂલથી ભૂમિને ઓળંગી ગયા હોય ત્યારે ભમીને પાછા આવવું, પરંતુ તે જ માર્ગે પાછા ફરવું નહીં.**

---

५८. कुशप्रतिमेति द्वारं गतं, इदानीं पानीयमिति द्वारं, अस्या व्याख्यानं-आगमविधिज्ञो मात्रकेण सममसंसृष्टपानीयं कुशांश्च समच्छेदान् परस्परमसंबद्धान् हस्तचतुरङ्गुलप्रमाणान् गृहीत्वा पुरतः ( पृष्ठतो )ऽपश्यन् गच्छति स्थण्डिलाभिमुखः येन पूर्वं दृष्टं, दर्भादिष्वसत्सु केशराणि चूर्णानि वा गृह्यन्ते, यदि सागारिकं तदा परिष्ठाप्य हस्तपादयोः शौचं कुर्वन्ति आचामन्ति च यैर्व्यूढः, आचमनग्रहणेन यथा यथोड्डाहो न भवति तथा सूचनमिति । इदानीं निवर्त्तनमिति द्वारं, ★ य जउड्डाहो – पूर्वमुद्रिते

[५९] एवं निज्जमाणे थंडिल्लस्स वाघाएण, वाघाओ पुण तं उदगहरियसंमीसं होज्जा अणाभोगेण वा अतिच्छियं थंडिलं तो भमिऊण पयाहिणं अकरेंतेहिं उवागच्छियव्वं, जइ तेणेव मग्गेण नियत्तंति तो असमायारी, कयाइ उद्वेज्जा, सो य जओ चेव उद्वेइ तओ चेव पहावेइ, पच्छा जओ गामो तओ पहावेज्जा, तम्हा भमिऊण जओ थंडिलं उवहारियं तत्थ गंतव्वं, न तेणेव पहेणं, नियत्तणेत्ति दारं गतं ॥४७॥

इयाणिं तणत्ति द्वारं, एत्थ य—

**कुसमुट्ठी एगाए अव्वोच्छिण्णाइ एत्थ धाराए ।**
**संथारं संथरेज्जा सव्वत्थ समो उ कायव्वो ॥४८॥**

**ટીકાર્થ :** આ પ્રમાણે મડદું લઈ જતા સ્થંડિલભૂમિમાં વ્યાઘાત હોય. વ્યાઘાત કેવી રીતે હોય ? તે કહે છે કે તે ભૂમિ પાણીવાળી થઈ હોય અથવા વનસ્પતિકાય ઊભી થઈ હોય તો અથવા ભૂલથી સ્થંડિલભૂમિથી આગળ વધી ગયા હોય તો ભમીને=ફરીને પ્રદક્ષિણાને કર્યા વિના=ત્યાંને ત્યાંજ ઊંધા ફર્યા વિના પાછું આવવું.

(**ભાવાર્થ :** જો સ્થંડિલભૂમિ વ્યાઘાતવાળી હોય તો શબને એક સ્થાનમાં મૂકી શુદ્ધ સ્થંડિલની પ્રત્યુપેક્ષણા કરે તે મળી જાય ત્યારે અથવા લઈ જતી વખતે ખ્યાલ ન રહેતા સ્થંડિલભૂમિથી આગળ વધી ગયા હોય ત્યારે જે માર્ગે ગયા હોય તે માર્ગે જ પ્રદક્ષિણા આપ્યા વિના=ત્યાંને ત્યાં જ ઊંધા ફર્યા વિના તે રીતે ફરીને સ્થંડિલભૂમિ પાસે આવવું કે જેથી પાછા ફરતી વખતે મડદાના પગ ગામ તરફ થાય નહીં.)




જો તે જ માર્ગે પાછા ફરે તો અસમાચારી થાય. વળી, જો તે જ માર્ગે પ્રદક્ષિણા આપીને=ઊંધા ફરીને પાછા આવે તો તેના પગ ગામ તરફ થાય અને તે સમયે જો કદાચ તે ઊઠે તો જે બાજુ ઊઠે તે બાજુ દોડે. તેથી તેના પગ ગામ તરફ હોવાથી તે ગામ તરફ દોડે. તે કારણથી ફરીને જે બાજુ સ્થંડિલભૂમિ પ્રત્યુપેક્ષિત કરેલી હોય ત્યાં જવું, પણ તે જ માર્ગે પાછા ફરવું નહીં. નિવર્તનદ્વાર પૂર્ણ થયું. ॥૪૭॥

**અવતરણિકા :** હવે **તૃણદ્વાર** જણાવે છે. તેમાં આ ગાથા જાણવી ➪

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

---

५९. एवं नीयमाने स्थण्डिलस्य व्याघातेन, व्याघातः पुनस्तत् उदकहरितसंमिश्रं भवेत् अनाभोगेन वाऽतिक्रान्तं स्थण्डिलं तदा भ्रान्त्वा प्रदक्षिणमकुर्वद्भिरुपागन्तव्यं, यदि तेनैव मार्गेण निवर्त्तन्ते तदाऽसामाचारी, कदाचिदुत्तिष्ठेत्, स च यत्रैवोत्तिष्ठेत् तत एव प्रधावति, पश्चाद् यतो ग्रामस्तत एव प्रधावेत्, तस्मात् भ्रान्त्वा यत्र स्थण्डिलमवधारितं तत्र गन्तव्यं, न तेनैव पथा, निवर्त्तनेति द्वारं गतं, इदानीं तृणमिति द्वारं, अत्र च—

व्याख्या—[६०]जाहे थंडिलं पमज्जियं भवइ ताहे कुसमुट्ठीए एगाए अव्वोच्छिण्णाए धाराए संथारो संथरिज्जइ, सो य सव्वत्थ समो कायव्वो, विसमंमि इमे दोसा—

विसमा जइ होज्ज तणा उवरि मज्झे व हेट्ठओ वावि ।
मरणं गेलण्णं वा तिण्हंपि उ निद्दिसे तत्थ ॥४९॥
उवरिं आयरियाणं मज्झे वसहाण हेट्ठि भिक्खूणं ।
तिण्हंपि रक्खणट्ठा सव्वत्थ समा उ कायव्वा ॥५०॥

गाथाद्वयमपि पाठसिद्धं, जइ पुण तणा ण होज्जा तो इमो विही—

जत्थ य नत्थि तणाइं चुण्णेहिं तत्थ केसरेहिं वा ।
कायव्वोऽत्थ ककारो हेट्ठ तकारं च बंधेज्जा ॥५१॥

व्याख्या—जत्थ तणा न विज्जंति तत्थ चुण्णेहिं नागकेसरिहिं वा अव्वोच्छिन्नाए धाराए ककारो कायव्वो हेट्ठा य तकारो बंधेयव्वो, असइ चुण्णाणं केसराणं वा पलेवगादिहिंवि किरइ ।

---

ટીકાર્થ : (શબને પરઠવતા પહેલાં ભૂમિનું પ્રમાર્જન કરવું.) જ્યારે સ્થંડિલભૂમિ પ્રમાર્જિત થાય ત્યાર પછી મોટા ઘાસની (પૂર્વે બતાવેલ એક હાથ—ચારઅંગુલ પ્રમાણ ઘાસની) એક મુઠ્ઠી=એક મુઠ્ઠીમાં જેટલા આવે એટલા ઘાસને લઈને તૂટ્યા વિનાની ધારાએ સંથારો પાથરે. તે સંથારો સર્વ સ્થાને એક સરખો કરવો (એટલે કે સંથારાના ત્રણ ભાગ કલ્પવા. આગળનો, મધ્યનો અને પાછળનો. આ ત્રણે ભાગમાં જે ઘાસ પડે તે એક સરખી લાઈનમાં પડે એ રીતે નાખવા, આડું—અવળું ઘાસ નાખે નહીં, અર્થાત્ થોડું આ બાજુ, થોડું બીજી બાજુ એમ નાખવાને બદલે સીધી એક લાઈનમાં નાંખે. અન્યથા જે દોષ લાગે તે આગળ બતાવે છે કે) વિષમ સંથારો કરવામાં આ દોષો જાણવાં. ⇨

**ગાથાર્થ : આગળ, મધ્ય કે પાછળના ભાગમાં જો ઘાસ વિષમ= આડું—અવળું પડે તો ત્યાં ત્રણના મરણ અથવા માંદગી કહ્યા છે.**

**ગાથાર્થ : આગળના ભાગમાં વિષમ હોય તો આચાર્યનું મરણ અથવા માંદગી થાય, એ જ રીતે જો વચ્ચે વિષમ હોય તો વૃષભ સાધુઓનું અને પાછળના ભાગમાં વિષમ હોયતો સામાન્ય સાધુઓનું મરણાદિ થાય, તેથી આ ત્રણેનું રક્ષણ કરવા માટે સર્વત્ર=આગળ, પાછળ અને મધ્યમાં બધે સમાન સંથારો કરવો.**

ટીકાર્થ : બંને ગાથાઓનો અર્થ સુગમ છે. ॥૪૯—૫૦॥ જો ઘાસ ન હોય તો આ પ્રમાણે વિધિ જાણવી ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

ટીકાર્થ : જો ઘાસ ન હોય તો ચૂર્ણ અથવા નાગકેસર (વનસ્પતિવિશેષ) વડે અવિચ્છિન્ન

---

६०. यदा स्थण्डिलं प्रमार्जितं भवति तदा कुशमुष्ट्यैकयाऽव्युच्छिन्नया धारया संस्तारकः संस्तीर्यते, स च सर्वत्र समः कर्त्तव्यः, विषमे इमे दोषाः । यदि पुनस्तृणानि न भवेयुस्तदैष विधिः-यत्र तृणानि न विद्यन्ते तत्र चूर्णैर्नागकेशरैर्वाऽव्युच्छिन्नया धारया ककारः कर्त्तव्यः अधस्ताच्च तकारो बद्धव्यः, असत्सु चूर्णेषु केशरेषु वा प्रलेपकादिभिरपि क्रियते ।

[६१] तणत्ति दारं गतं ॥५१॥

इयाणिं सीसेत्ति दारं, तत्थ य—

**जाए दिसाए गामो तत्तो सीसं तु होइ कायव्वं ।**
**उट्ठेंतरक्खणट्ठा एस विही से समासेणं ॥५२॥**

इमीए वक्खाणं—जाए दिसाए गामो परिट्ठविज्जंतस्स तओ सीसं कायव्वं, पडिस्सयाओऽवि णीणंतेहिं पुव्वं पाया णीणेयव्वा पच्छा सीसं, किंनिमित्तं ? — 'उट्ठेंतरक्खणट्ठा' जओ उट्ठेइ तओ चेव गच्छइ सपडिहुत्ते गच्छंते अमंगलंतिकट्टु, सीसत्ति दारं गतं ॥५२॥

इयाणिं उवगरणेत्ति दारं, तत्थ गाहा—

**चिंधट्ठा उवगरणं दोसा उ भवे अचिंधकरणंमि ।**
**मिच्छत्त सो व राया व कुणइ गामाण वहकरणं ॥५३॥**

इमीए वक्खाणं—परिट्ठविज्जंते अहाजायमुवगरणं ठवेयव्वं—मुहपोत्तिया रयहरणं चोलपट्टगो

---

ધારાએ 'क' આકાર કરવો. અને નીચે=બાજુમાં 'त' આકારને બાંધવો એટલે કે ખોડો 'त्' કરવો. (જેથી क्त આવો આકાર થાય इति बृ.क.उ. ४, गा. ५५७५) ચૂર્ણ કે કેશર ન હોય તો પ્રલેપક (પત્થરવિશેષ) વિગેરેથી પણ આવો આકાર કરે. 'તૃણ' દ્વાર પૂર્ણ થયું. ॥૫૧॥

**અવતરણિકા :** હવે **શીર્ષદ્વાર** જણાવે છે. તેમાં ગાથા આ જાણવી ➪

**ગાથાર્થ : જે દિશામાં ગામ હોય તે દિશામાં મસ્તક રાખવું. જેથી ઊઠે તો રક્ષણ થાય. મડદાની આ સંક્ષેપથી વિધિ જાણવી.**

**ટીકાર્થ :** જે દિશામાં ગામ હોય તે દિશામાં મડદાનું મસ્તક રાખવું. ઉપાશ્રયમાંથી પણ બહાર નીકળતી વખતે પ્રથમ પગ બહાર કાઢવા પછી મસ્તક બહાર કાઢવું. શા માટે ? કદાચ ઊઠે તો રક્ષણ થાય તે માટે, અર્થાત્ જો ઉઠે તો ઉપાશ્રય તરફ પાછો આવે નહીં તે માટે આ રીતે રાખવું, કારણ કે તે જે બાજુ ઉઠે તે બાજુ દોડે. વળી જે બાજુ ગામ હોય તેને અભિમુખ પગ રાખો તે અમંગલ (લોકોમાં) ગણાય. તેથી ગામ તરફ મસ્તક રાખવું. શીર્ષદ્વાર પૂર્ણ થયું. ॥૫૨॥

**અવતરણિકા :** હવે ઉપકરણદ્વાર જણાવે છે તેમાં આ ગાથા છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** મડદાની પારિઠાવણી કર્યા બાદ તેની બાજુમાં યથાજાત (= દીક્ષા વખતના) ઉપકરણો મૂકવા તે આ પ્રમાણે – મુહપત્તિ, રજોહરણ અને ચોલપટ્ટો. જો આ વસ્તુઓ ન મૂકે તો અસામાચારી

---

६१. तृणानीति द्वारं गतं, इदानीं शीर्षमिति द्वारं, तत्र—अस्या व्याख्यानं—यस्यां दिशि ग्रामः परिष्ठापयतस्तस्यां शीर्षं कर्त्तव्यं, प्रतिश्रयादपि नीयमानैः पूर्वं पादौ निष्काशयितव्यौ पश्चाच्छीर्षं, किंनिमित्तं ?, उत्तिष्ठतो रक्षार्थं, यत उत्तिष्ठति तत एव गच्छति सप्रतिपक्षे ( परावृत्य ) गच्छत्यमङ्गलमितिकृत्वा । शीर्षमिति द्वारं गतं, इदानीमुपकरणमिति द्वारं, तत्र गाथा—अस्या व्याख्यानं—परिष्ठाप्यमाने यथाजातमुपकरणं स्थाप्यं मुखवस्त्रिका रजोहरणं चोलपट्टकः

[६२] **य, जइ एतं न ठवेंति असमाचारी आणादिविराहणा, तत्थ दिट्ठे जणेण दंडिओ सोच्चा कुविओ कोवि उद्दविओत्ति गामवहणं करेज्जा अहवा मिच्छत्तं गच्छेज्ज, जहा उज्जेणियस्स सावगस्स तच्चण्णियलिंगेणं कालगयस्स मिच्छत्तं जायं तच्चण्णियपरिवेसणाए, पच्छा आयरिएहिं पडिबोहिओ, जस्स वा गामस्स सगासे परिट्ठविओ सो गामो कालेण वइरं दवाविज्जइ दंडिएण, एए दोसा अचिन्धकरणे, उवगरणेत्ति दारं गतं ॥५३॥**

થાય અને આજ્ઞાભંગાદિ (આદિથી મિથ્યાત્વ, અનવસ્થા) તથા આત્મ–સંયમવિરાધના થાય. તેમાં (મિથ્યાત્વાદિ કેવી રીતે થાય ? તે જણાવે છે કે) જો ઉપકરણો મૂકો નહીં તો એકલા મડદાને જોઈ લોકો રાજાને સમાચાર આપે. તેથી લોકો પાસેથી સમાચાર સાંભળીને રાજા "કોઈએ આ વ્યક્તિને મારી નાખ્યો લાગે છે" એવું વિચારી આખા ગામનો વધ કરવા તૈયાર થઈ જાય. અથવા જેનો કાલ થયો છે તે મિથ્યાત્વને પામે.

(તે આ પ્રમાણે કે જો બાજુમાં ઉપકરણ મૂકો નહીં તો મરીને દેવલોકમાં ગયેલો તે જીવ અવધિજ્ઞાનથી જુએ ત્યારે તેને લાગે કે "હું આ ગૃહસ્થલિંગથી અથવા પરલિંગથી દેવ થયો છું" એ પ્રમાણે મરનાર મિથ્યાત્વને પામે इति बृ. क. उ. ४ गा. ૫૫૩૭) અહીં દૃષ્ટાન્ત આ પ્રમાણે જાણવું કે – જેમ એક શ્રાવક સૌરાષ્ટ્રદેશમાં દુષ્કાળ પડવાથી ઉજ્જયિની તરફ ભાતુ લઈને બૌદ્ધભિક્ષુઓ સાથે નીકળ્યો. રસ્તામાં તેનું ભાતુ ખાલી થઈ ગયું. તેથી ભિક્ષુઓએ કહ્યું – "જો તું અમારો ધર્મ સ્વીકારે તો અમે તને ખાવા માટે આપીએ." જંગલમાં બીજો કોઈ ઉપાય ન હોવાથી શ્રાવકે વાત સ્વીકારી. એકવાર શ્રાવકને ઝાડા થયા. પોતાની પાસે અન્ય વસ્ત્ર ન હોવાથી અનુકંપાથી ભિક્ષુઓએ પોતાના કપડાં પહેરવા આપ્યા. ઝાડા વધુ પડતા થવાને કારણે અંત સમયે અરિહંતોને 'नमोऽर्हद्भ्यो' એ પ્રમાણે નમસ્કાર કરતો તે મરીને દેવ થયો.

અવધિવડે બૌદ્ધવેષથી યુક્ત પોતાના શરીરને જોઈને તેને એવું લાગ્યું કે બૌદ્ધધર્મના પ્રભાવે હું દેવ થયો છું. તેથી મર્ત્યલોકમાં આવીને તે દેવ બૌદ્ધભિક્ષુઓને પોતાના હાથે પીરસવા લાગ્યો. આમ તે મિથ્યાત્વને પામ્યો. પાછળથી તે ગામમાં આચાર્ય આવ્યા, અને તેમને શ્રાવકોએ બૌદ્ધધર્મની દેવના પ્રભાવે વાહવાહ તથા જૈનધર્મની અપભ્રાજનાની વાત કરી. આચાર્યે શ્રાવકોને કહ્યું – "તમે ત્યાં જાઓ અને પીરસતા એવા તે દેવનો હાથ પકડીને 'नमोऽर्हद्भ्यो' શબ્દ બોલો." આ રીતે બોલતા તે પ્રતિબોધ પામ્યો. (આ દૃષ્ટાન્ત આગળ નિ. ૧૫૬૩ પછી આવશે.) અથવા જે ગામ પાસે પારિઠાવણી કરી હોય ત્યાં તે મડદાની પાસે ઉપકરણો = લિંગ ન હોવાથી તે ગામ જતા દિવસે રાજાદ્વારા બદલો વાળે. આમ બાજુમાં ઉપકરણો ન મૂકો તો આ બધાં દોષો થાય છે. ઉપકરણદ્વાર પૂર્ણ થયું. ॥૫૩॥

**६२. च, यद्येतद् न स्थापयन्ति असमाचारी आज्ञादिविराधना, तत्र दृष्टे जनेन दण्डिकः श्रुत्वा कुपितः कोऽप्युपद्रावित इति ग्रामवधं कुर्यादथवा मिथ्यात्वं गच्छेत्, यथोज्जयिनीकस्य श्रावकस्य तच्चण्णिकलिङ्गेन कालगतस्य मिथ्यात्वं जातं तच्चनिकपरिवेषणया, पश्चादाचार्यैः प्रतिबोधितः, यस्य वा ग्रामस्य सकाशे परिष्ठापितः स ग्रामः कालेन वैरं दाप्यते दण्डिकेन, एते दोषा यस्मादचिह्नकरणे । उपकरणमिति द्वारं गतं,**

[६३] इयाणिं उट्ठाणेत्ति दारं, तत्थ गाहाओ—

वसहि निवेसण साही गाममज्झे य गामदारे य।
अंतरउज्जाणंतर निसीहिया उट्ठिए वोच्छं ॥५४॥
वसहिनिवेसणसाही गामद्धं चेव गाम मोत्तव्वो।
मंडलकंडुद्देसे निसीहिया चेव रज्जं तु ॥५५॥

इमीणं वक्खाणं—कलेवरं नीणिज्जमाणं जइ वसहीए चेव उट्ठेइ वसही मोत्तव्वा, निवेसणे उट्ठेइ निवेसणं मोत्तव्वं, निवेसणंति एगद्दारं वइपरिक्खित्तं अणेगघरं फलिहियं, साहीए उट्ठेइ साही मोत्तव्वा, साही घराण पंती, गाममज्झे उट्ठेइ गामद्धं मोत्तव्वं, गामद्दारे उट्ठेइ गामो मोत्तव्वो, गामस्स उज्जाणस्स य अंतरा उट्ठेइ मंडलं मोतव्वं, मंडलंति विसयमंडलं, उज्जाणे उट्ठेइ कंडं मोत्तव्वं, कंडंति देसखंडं मंडलाओ महल्लतरं भण्णइ, उज्जाणस्स य निसीहियाए य अंतरे उट्ठेइ देसो

અવતરણિકા : હવે ઉત્થાનદ્વાર જણાવે છે. તેમાં આ ગાથાઓ છે ➪

**ગાથાર્થ : વસતિમાં, પાટકમાં, ઘરની પંક્તિને વિશે, ગામના મધ્યમાં, ગામના દરવાજે, ગામ અને ઉદ્યાનની વચ્ચે, કે ઉદ્યાન અને સ્થંડિલભૂમિની વચ્ચે કે સ્થંડિલભૂમિને વિશે. આ કોઈપણ સ્થાનમાં જો મૃતક ઉઠે તો (શું વિધિ કરવી ?) તે હું કહીશ.**

**ગાથાર્થ : ઉપાશ્રય છોડવો, પાટક, પંક્તિ, અડધું ગામ, આખું ગામ છોડવું, મંડલ, દેશનો ભાગ, દેશ અને રાજ્ય (ક્રમશઃ) છોડવું.**

**ટીકાર્થ :** આ બંને ગાથાઓનો વિસ્તાર અર્થ આ પ્રમાણે જાણવો કે, કલેવરને લઈ જતી વખતે જો વસતિમાં ઊઠે તો તે વસતિ છોડી દેવી. જો પાટકમાં=પોળમાં ઊઠે તો પોળ છોડવી. પોળ એટલે જેમાં મુખ્ય દરવાજો એક હોય, ચારે બાજુ વાડથી વીંટળાયેલ હોય અને ઘરો અનેક હોય તેવું ફળિયું. શેરીમાં ઊઠે તો શેરી છોડવી. શેરી એટલે ઘરોની પંક્તિ. ગામના મધ્યમાં ઊઠે તો અડધું ગામ છોડવું. દરવાજે ઊઠે તો ગામ છોડવું.

ગામ અને ઉદ્યાનની વચ્ચે ઊઠે તો મંડલ છોડવું. મંડલ એટલે વિષયમંડલ=બે–ચાર ગામોનો સમૂહ. ઉદ્યાનમાં ઊઠે તો કંડને છોડવું. કંડ એટલે દેશનો એક ભાગ કે જે મંડલ કરતા મોટો હોય (=તાલુકા જેવું સ્થાન.) ઉદ્યાન અને સ્થંડિલભૂમિ વચ્ચે ઊઠે તો દેશ=જિલ્લો છોડવો. સ્થંડિલભૂમિએ ઊઠે તો રાજ્ય છોડવું. આ પ્રમાણે લઈ જતા એવા મૃતકના ઉત્થાન માટેની વિધિ

६३. इदानीमुत्थानमिति द्वारं, तत्र गाथे—अनयोर्व्याख्यानं—कलेवरं निष्काश्यमानं यदि वसतावेवोत्तिष्ठति वसतिर्मोक्तव्या, निवेशने उत्तिष्ठति निवेशनं मोक्तव्यं निवेशनमिति एकद्वारं वृत्तिपरिक्षिप्तमनेकगृहं फालिहिकं, साहिकायामुत्तिष्ठति साहिका मोक्तव्या, साहिका गृहाणां पङ्क्तिः, ग्राममध्ये उत्तिष्ठति ग्रामार्धं मोक्तव्यं, ग्रामद्वारे उत्तिष्ठति ग्रामो मोक्तव्यः, ग्रामस्योद्यानस्य चान्तरोत्तिष्ठति मण्डलं मोक्तव्यं, मण्डलमिति विषयमण्डलं ( देशस्य लघुतमो विभागः ), उद्याने उत्तिष्ठति काण्डं ( लघुतरो भागः ) मोक्तव्यं, काण्डमिति देशखण्डं मण्डलाद्बृहत्तरं भण्यते, उद्यानस्य नैषेधिक्याश्चान्तरोत्तिष्ठति देशो( लघु )

**[૬૪]मोत्तव्वो, निसीहियाए उट्ठेइ रज्जं मोत्तव्वं, एवं ता निज्जंतस्स विही, तंमि परिट्ठविए गीयत्था एगपासे मुहुत्तं संचिक्खंति, कयाइ परिट्ठविओवि उट्ठेज्जा, तत्थ जइ निसीहियाए उट्ठेइ तत्थेव उवस्सओ मोत्तव्वो, निसीहियाए उज्जाणस्स य अंतरा जइ पडइ निवेसणं मोत्तव्वं, उज्जाणे पडइ साही मोत्तव्वा, उज्जाणस्स गामस्स य अंतरा जइ पडइ गामद्धं मोत्तव्वं, गामदारे पडइ गामो मोत्तव्वो, गाममज्झे पडइ मंडलं मोत्तव्वं, साहीए पडइ कंडं मोतव्वं, निवेसणे पडइ देसो मोत्तव्वो, वसहीए पविसिउं पडइ रज्जं मोतव्वं ॥५४-५५॥**

કહી. પરઠવ્યા બાદ ગીતાર્થો એક મુહૂર્ત સુધી તેની પાસે ઊભા રહે. કદાચ પરઠવ્યા બાદ પણ ઊભો થાય, (અને જો ઉપાશ્રય તરફ ભાગે ત્યારે શું કરવું ? તેની વિધિ જણાવે છે–) તેમાં જો સ્થંડિલભૂમિમાં ઊઠે અને ત્યાં જ પડે તો ઉપાશ્રય છોડવો. (હવે ત્યાં જ પડવાને બદલે આગળ ચાલતાં) સ્થંડિલભૂમિ અને ઉદ્યાનની વચ્ચે પડે તો પાટક=ફળિયું છોડવું. ઉદ્યાનમાં પડે તો શેરી છોડવી. ઉદ્યાન અને ગામની વચ્ચે પડે તો અડધું ગામ છોડવું. ગામના દરવાજે પડે તો ગામ છોડવું. ગામના મધ્યભાગમાં પડે તો મંડલ છોડવું. શેરીમાં પડે તો કંડ છોડવો. પાટકમાં પડે તો દેશ છોડવો, વસતિમાં પ્રવેશ કરીને પડે તો રાજ્ય છોડવું. ॥૫૪-૫૫॥

| ઊઠે | ત્યાગે |
|---|---|
| વસતિમાં | વસતિ |
| પાટકમાં | પાટક |
| શેરીમાં | શેરી |
| ગામના મધ્યમાં | અડધું ગામ |
| દરવાજે | ગામ |
| ગા. અને ઉ.ની વચ્ચે | મંડલ |
| ઉદ્યાનમાં | કંડ |
| ઉ. અને સ્થં.ની વચ્ચે | દેશ |
| સ્થં.ભૂમિમાં | રાજ્ય |

| પડે | ત્યાગે |
|---|---|
| સ્થં. ભૂમિમાં | વસતિ |
| સ્થં. અને ઉ.ની વચ્ચે | પાટક |
| ઉદ્યાનમાં | શેરી |
| ઉ. અને ગા.ની વચ્ચે | અડધું ગામ |
| દરવાજે | ગામ |
| ગા.ના મધ્યમાં | મંડલ |
| શેરીમાં | કંડ |
| પાટકમાં | દેશ |
| વસતિમાં | રાજ્ય |

**અવતરણિકા :** આ જ વાતને ભાષ્યકાર જણાવે છે ⇨

**૬૪. मोक्तव्यः नैषेधिक्यामुत्तिष्ठति राज्यं मोक्तव्यं, एवं तावत् नीयमाने विधिः, तस्मिन् परिष्ठापिते गीतार्था एकपार्श्वे मुहूर्त्तं प्रतीक्षन्ते, कदाचित् परिष्ठापितोऽप्युत्तिष्ठेत्, तत्र यदि नैषेधिक्यामुत्तिष्ठति तत्रैव पतति तत उपाश्रयो मोक्तव्यः, नैषेधिक्या उद्यानस्य चान्तरा यदि पतति निवेशनं मोक्तव्यं, उद्याने पतति साहिका मोक्तव्या, उद्यानस्य ग्रामस्य चान्तरा यदि पतति ग्रामार्धं मोक्तव्यं, ग्रामद्वारे पतति ग्रामो मोक्तव्यः, ग्राममध्ये पतति मण्डलं मोक्तव्यं, साहिकायां पतति काण्डं मोक्तव्यं, निवेशने पतति देशो मोक्तव्यः, वसतौ प्रवेश्य पतति राज्यं मोक्तव्यं ।**

तथा चाह भाष्यकार:—

वच्चंते जो उ कमो कलेवर पवेसणंमि वोच्चत्थो ।
णवरं पुण णाणत्तं गामद्दारंमि बोद्धव्वं ॥२०७॥ ( भा. )

अत्र विपर्यस्तक्रमेऽङ्गीकृते तुल्यतैव नानात्वं, तथा च निर्गमनेऽपि ग्रामद्वारोत्थाने ग्रामपरित्याग उक्तः, इहापि स एवेति तुल्यता, निच्छूढो[६५] जइ बिइयं वारं एत्ति तो दो रज्जाणि मोत्तव्वाणि, ततियवाराए तिण्णि रज्जाणि मोत्तव्वाणि, तेण परं बहुसोऽवि वारे पविसंते तिण्णि चेव रज्जाणि मोत्तव्वाणि ॥

असिवाइबहियाकारणेहिं तत्थ वसंताण जस्स जो उ तवो ।
अभिगहियाणभिगहिओ सा तस्स उ जोगपरिवुड्ढी ॥५६॥

इमीए वक्खाणं–जइ बहिया असिवाईहिं कारणेहिं न निग्गच्छंति ताहे तत्थेव वसंता जोगवुड्ढि करेंति, नमोक्कारइत्ता पोरिसिं करेंति, पोरिसित्ता पुरिमड्ढं, सइ सामत्थे आयंबिलं

**ગાથાર્થ :** ભડદાને લઈને જતી વખતે કલેવરના ઉત્થાનમાં જે ક્રમ કહ્યો તે જ ક્રમ ઉંધા ક્રમે કલેવરના પ્રવેશમાં જાણવો. માત્ર અહીં ગ્રામદરવાજે જુદાપણું જાણવું.

**ટીકાર્થ :** જે વિપર્યસ્તક્રમ કહ્યો તેમાં તુલ્યતા એ જ જુદાપણું જાણવું. (અર્થાત્ પૂર્વ કરતાં તદ્દન ઊંધો ક્રમ જણાવ્યો. તેમાં ગામના દરવાજે બંને પક્ષમાં=ઊઠવા અને પડવામાં સરખાપણું જે આવ્યું તે જ અહીં જુદાપણું સમજવું. તે જ બતાવે છે કે) લઈ જતી વખતે પણ ગામના દરવાજે ઊઠે તો ગામનો ત્યાગ કરવો, અને અહીં વસતિમાં પ્રવેશ કરવા તે મૃતક આવતો હોય ત્યારે ગામના દરવાજે પડે તો પણ ગામનો જ ત્યાગ કહ્યો. માટે બંને સ્થાને એકસરખાપણું એ જ જુદાપણું જાણવું.

આ રીતે મૃતક પોતે ઊઠીને ઉપાશ્રયમાં પ્રવેશ કર્યા બાદ ફરી જ્યારે તેની પારિઠાવણી કરવા છતાં બીજી વાર ઉપાશ્રયમાં આવે તો બે રાજ્ય છોડવા. ત્રીજી વાર આવે તો ત્રણ રાજ્યો છોડવા. ત્યાર પછી ચોથી–પાંચમી વિગેરે ઘણીબધી વાર પણ આવે તો ત્રણ જ રાજ્યો છોડવા (વધારે નહીં.) ॥ભા.૨૦૭॥

(**અવતરણિકા :** પૂર્વે "જો વસતિમાં કલેવર ઊઠે તો વસતિ છોડવી વિગેરે કહ્યું. તેથી આવા કોઈક કારણોસર વસતિ છોડીને જવાનું બને ત્યારે ⇨)

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** જો બહાર અશિવાદી કારણો હોવાથી જવાય એવું ન હોય ત્યારે તે જ ઉપાશ્રયમાં રહેલા તે સાધુઓ યોગની વૃદ્ધિને કરે છે, એટલે કે નવકારશી કરનારા પોરિસી પચ્ચક્ખાણ કરે,

६५. निर्यूढो यदि द्वितीयमपि वारमायाति ततो द्वे राज्ये मोक्तव्ये तृतीयवारायां त्रीणि राज्यानि मोक्तव्याणि ततः परं बहुशोऽपि वारा प्रविशति त्रीण्येव राज्यानि मोक्तव्यानि अस्या व्याख्यानं–यदि बहिरशिवादिभिः कारणैर्न निर्गच्छन्ति तदा तत्रैव वसन्तो योगवृद्धिं कुर्वन्ति, नमस्कारीयाः पौरुषीं कुर्वन्ति, पौरुषीयाः पुरिमार्धं, सति सामर्थ्ये आचामाम्लं

[६६] पारेंति, असइ निव्वीयं, असमत्थो जइ तो एक्कासणयं, एवं सबिइयं, पुरिमड्ढतित्ता चउत्थं, चउत्थइत्ता छट्ठं, एवं विभासा । उट्ठाणेत्ति गयं, इयाणिं णामगहणेत्ति दारं—

**गिण्हइ णामं एगस्स दोण्हमहवावि होज्ज सव्वेसिं ।**
**खिप्पं तु लोयकरणं परिण्णगणभेयबारसमं ॥५७॥**

इमीए वक्खाणं—जावइयाणं णामं गेण्हइ तावइयाणं खिप्पं लोयकरणं 'परिण्णं'ति बारसमं च दिज्जइ, अतरंतस्स दसमं अट्ठमं छट्ठं चउत्थाइ वा, गणभेओ य कीरइ, ते गणाओ य णिन्ति । णामग्गहणेत्ति दारं गयं, इयाणिं पयाहिणेत्ति दारं—

**जो जहियं सो तत्तो नियत्तइ पयाहिणं न कायव्वं ।**
**उट्ठाणाई दोसा विराहणा बालवुड्ढाइं ॥५८॥**

इमीए वक्खाणं—परिट्ठवेत्ता जो जओ सो तओ चेव नियत्तति, पयाहिणं न करेंति, जइ करेंति उट्ठेइ विराहणा बालवुड्ढाईणं, जओ सो जदहिमुहो ठविओ तओ चेव धावइ । पयाहिणेत्ति

પોરિસીવાળા પુરિમઢ્ઢ કરે, અને તેવા લોકો જો શક્તિ હોય તો આયંબલિને પારે એટલે કે આયંબિલ કરે, આયંબિલની શક્તિ ન હોય તો નીવિ કરે, તેની માટે અસમર્થ હોય તો એકાશન કરે. એ પ્રમાણેની શક્તિ ન હોય તો બેસણું પણ કરે. રોજ પુરિમઢ્ઢનું પચ્ચક્ખાણ કરનાર આજે ઉપવાસ કરે, ઉપવાસવાળો છઠ્ઠ કરે, એ પ્રમાણે જુદા જુદા વિકલ્પો જાણવા. આ પ્રમાણે ઉત્થાનદ્વાર પૂર્ણ થયું. ॥૫૬॥ હવે **નામગ્રહણદ્વાર** જણાવે છે ⇨

**ગાથાર્થ : જો મૃતક એકનું, બેનું અથવા બધા સાધુઓનું નામ લે તો તરત જ લોચ કરવો, પાંચ ઉપવાસ વગેરે તપ કરવો, ગણભેદ કરવો.**

**ટીકાર્થ :** મૃતક જેટલાનું નામ ગ્રહણ કરે તેટલાઓએ તરત જ લોચ કરવો. परिण्णा = પ્રત્યાખ્યાન = તપ અને એ તપ તરીકે પાંચ ઉપવાસ તેઓને કરવા આપવા. જો શક્તિ ન હોય તો ચાર, ત્રણ, બે અથવા એક ઉપવાસ વિગેરે તપ કરાવવો. તેટલાઓને ગણ=ગચ્છમાંથી જુદાં કરી અન્ય વસતિમાં રાખવા. નામગ્રહણદ્વાર પૂર્ણ થયું. ॥૫૭॥ હવે **પ્રદક્ષિણાદ્વાર** જણાવે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** શબને પરઠવવા ગયેલા સાધુઓ પરઠવ્યા બાદ જે જ્યાં ઊભો હોય તે સાધુ ત્યાંથી જ પાછો ફરે પણ (શબને) પ્રદક્ષિણા આપે નહીં. જો કલેવરને પ્રદક્ષિણા આપે તો મૃતકનું ઊઠવું, બાળ–વૃદ્ધ વિગેરેની વિરાધના થવી વિગેરે દોષો લાગે, કારણ કે તે જેને અભિમુખ મુકયું હોય

६६. पारयति, असति निर्विकृतिकं, असमर्थो यदि तदैकाशनकं, एवं सद्वितीयं, पूर्वार्धीयाश्चतुर्थं, चतुर्थीयाः षष्ठं, एवं विभाषा । उत्थानमिति गतं, इदानीं नामग्रहणमिति द्वारं, अस्या व्याख्यानं—यावतां नाम गृह्णाति तावतां क्षिप्रं लोचकरणं 'परिज्ञा' मिति द्वादशमश्च दीयते, अशक्नुवतो दशमोऽष्टमः षष्ठः चतुर्थादिर्वा, गणभेदश्च क्रियते, ते गणाच्च निर्यान्ति । नामग्रहणमिति द्वारं गतं, इदानीं प्रदक्षिणेति द्वारं—अस्या व्याख्यानं—परिष्ठाप्य यो यत्र स तत एव निवर्त्तते प्रदक्षिणां न करोति, यदि कुर्वन्त्युत्तिष्ठति विराधना बालवृद्धादीनां, यतः स यदभिमुखः स्थापितस्तत एव धावति । प्रदक्षिणेति

[६७]पयं गयं, इयाणिं काउस्सग्गकरणेत्ति दारं गाहा—

**उड्डाणाई दोसा उ होंति तत्थेव काउसग्गंमि ।**
**आगम्मुवस्सयं, गुरुसगासे विहीए उस्सग्गो ॥५९॥**

इमीए वक्खाणं–कोइ भणेज्जा–तत्थेव किमिति काउस्सग्गो न कीरइ ?, भण्णति–उड्डाणाई दोसा हवंति, तओ आगम्म चेइयहरं गच्छंति, चेइयाणि वंदित्ता संतिनिमित्तं अजियसंतित्थओ परियट्टंति, तिण्णि वा थुइओ परिहायन्तीओ कड्डिज्जंति, तओ आगंतुं आयरियसगासे अविहिपारिट्ठावणियाए काउस्सग्गो कीरइ, एतावान् वृद्धसम्प्रदायः, आयरणा पुण ओमच्छगरयहरणेण गमणागमणं किर आलोइज्जइ, तओ इरिया पडिक्कमिज्जइ तओ चेइयाइं

---

તે બાજુ દોડે છે. (અર્થાત્ કલેવરને નીચે મૂક્યા પછી જો તમે પ્રદક્ષિણા આપો અને કલેવરના ચરણ તરફ બાળ-વૃદ્ધ વિગેરે ઊભા હોય તે વખતે જો ઊઠે તો તેઓ તરફ દોડવાથી તેઓની વિરાધના થાય માટે પ્રદક્ષિણા આપવી નહીં.) પ્રદક્ષિણાદ્વાર પૂર્ણ થયું. ॥૫૮॥

**અવતરણિકા :** હવે **કાયોત્સર્ગદ્વાર** જણાવે છે ⇨

**ગાથાર્થ : ત્યાં જ કાઉસ્સગ્ગ કરો તો ઉત્થાન વિગેરે દોષો થાય છે. તેથી ઉપાશ્રય આવીને ગુરુપાસે વિધિપૂર્વક કાયોત્સર્ગ કરવો.**

**ટીકાર્થ :** કોઈ કદાચ પૂછે કે "ત્યાં જ કેમ કાયોત્સર્ગ કરતા નથી ?" તેનું સમાધાન આપે છે કે જો ત્યાં જ કાયોત્સર્ગ કરો તો ઉત્થાન વિગેરે દોષો થાય છે. તેથી ત્યાંથી = સ્થંડિલભૂમિથી આવીને સાધુઓ દેરાસર જાય છે. ચૈત્યોને=જિનપ્રતિમાઓને વંદન કરીને શાંતિ માટે અજિતનાથ અને શાંતિનાથ ભગવાનની સ્તવનાને કરે છે, અથવા નમોડસ્તુ વર્ધમાનાય કે વિશાલલોચનની ત્રણ સ્તુતિઓ ઉલટા ક્રમે બોલે. ત્યાર પછી ગુરુ પાસે આવીને પારિઠાવણી વખતે જે અવિધિ થઈ હોય તેના માટે કાયોત્સર્ગ કરે છે. આ પ્રમાણે વૃદ્ધસંપ્રદાય છે. આચરણા વળી આ પ્રમાણેની છે કે સૌથી નાનાપર્યાયવાળો સાધુ અવમસ્તક (= સામાન્યથી જે રીતે ઓઘો પકડીને કોઈપણ ક્રિયાઓ કરવાની છે, તેના કરતા અવમસ્તક એટલે ઊંધા અર્થાત્ ડાબી બાજુ દશીઓ અને જમણી બાજુ દાંડી રહે એ રીતે પકડેલા) ઓઘાવડે મહાપારિષ્ઠાપનિકસંબંધી જે ગમનાગમન કર્યું છે તેની ગુરુ પાસે આલોચના = કથન કરે. ત્યાર પછી ઇરિયાવહી કરે. (જો કે ઇરિયાવહીમાં પણ ગમનાગમનસંબંધી આલોચના આવી જાય છે. છતાં પૂર્વે જે ગમનાગમનની આલોચના કરી તે વિસ્તારથી આલોચના અને ઇરિયાવહીમાં ઓઘથી આલોચના સમજવી. इति बहुश्रुता वदन्ति) ત્યાર પછી ચૈત્યવંદન કરે વિગેરે પૂર્વોક્ત વિધિ શિવમાં જાણવી અર્થાત્ કોઈપણ જાતનો

---

६७. पदं गतं, इदानीं कायोत्सर्गकरणमिति द्वारं गाथा अस्या व्याख्यानं–कश्चिद् भणेत्–तत्रैव किमिति कायोत्सर्गो न क्रियते ?, भण्यते–उत्थानादयो दोषा भवन्ति, तत आगम्य चैत्यगृहं गच्छन्ति, चैत्यानि वन्दित्वा शान्तिनिमित्तमजितशान्तिस्तवं पठन्ति, तिस्रो वा स्तुतीः परिहीयमानाः कथयन्ति, तत आगत्याचार्यसकाशेऽविधिपारिस्थापनिक्यै कायोत्सर्गः क्रियते, आचरणा पुनरुन्मस्तकरजोहरणेन गमनागमनं किलालोच्यते, तत ईर्या प्रतिक्रम्यते ततश्चैत्यानि

[६८] वंदित्तेत्यादि सिवे विही, असिवे न कीरइ, जो पडिस्सए अच्छइ सो उच्चारपासवणखेलमत्तगे विगिंचइ वसहिं पमज्जइत्ति काउस्सग्गदारं गयं, इयाणिं खमणासज्झायदारा भण्णंति—

**खमणे य असज्झाए राइणिय महाणिणाय नियगा वा ।**

**सेसेसु नत्थि खमणं नेव असज्झाइयं होइ ॥६०॥**

व्याख्या—क्षपणं अस्वाध्यायश्च जइ 'राइणिओ'त्ति आयरिओत्ति 'महाणिणाओ'त्ति महाजणणाओ 'नियगा वा' सण्णायगा वा से अत्थि, तेसिं अधितित्ति कीरइ, 'सेसेसु नत्थि खमणं' सेसेसु साहुसु न कीरइ खमणं, णेव असज्झाइयं होइ, सज्झाओवि कीरइत्ति भणियं होइ, एवं ताव सिवे, असिवे खमणं नत्थि जोगवुड्ढी कीरइ, काउस्सग्गो अविहिविगिंचणियाए ण कीरइ, पडिस्सए मुहुत्तयं संचिक्खाविज्जइ जाव उवउत्तो, तत्थ अहाजायं न कीरइ, तत्थ जेण

ઉપદ્રવ ન હોય ત્યારે આ વિધિ જાણવી. અશિવમાં=વ્યંતરાદિકૃત ઉપદ્રવમાં આ વિધિ કરે નહીં, (કારણ કે અશિવસમયે આવી વિધિ કરવાથી દુષ્ટ દેવતાનો ઉપદ્રવ થવાની શક્યતા છે.) માત્ર જે સાધુ ઉપાશ્રયમાં રહ્યો છે તે વડીનીતિ, લઘુનીતિ, શ્લેષ્મના પ્યાલા(=માત્રક) ત્યજી દે, વસતિનું પ્રમાર્જન કરે. કાયોત્સર્ગદ્વાર પૂર્ણ થયું. ॥૫૯॥

**અવતરણિકા :** હવે ઉપવાસ અને અસ્વાધ્યાયદ્વાર જણાવે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કાલધર્મ પામનારા જો આચાર્ય હોય અથવા અન્ય હોય પણ તે લોકમાં પ્રસિદ્ધ હોય અથવા મરનાર સાધુના સ્વજનો ત્યાં ઘણા બધા હોય કે જેઓ અધૃતિ કરતા હોય તો ઉપવાસ અને અસ્વાધ્યાય કરે. એ સિવાય શેષ સાધુઓ કાલ પામે તો ઉપવાસ કે અસ્વાધ્યાય કરવાની જરૂર નહીં, અર્થાત્ સ્વાધ્યાય કરે. આ પ્રમાણે શિવમાં વિધિ જાણવી.

અશિવને કારણે કાલધર્મ થયો હોય તો ઉપવાસ ન કરે, પચ્ચક્ખાણવૃદ્ધિ કરે, અવિધિપારિસ્થાપનિકાનિમિત્તે કાયોત્સર્ગ કરે નહીં. ઉપાશ્રયમાં જ મુહૂર્ત સુધી કલેવરને રાખી મૂકે [H]જેથી દેવલોકમાં ગયેલ તે જીવ ઉપયોગ મૂકે ત્યારે પોતાનું શરીર ઉપાશ્રયમાં રહેલું જોઈને 'હું સાધુ હતો' એવું તે જાણે. તેની બાજુમાં યથાજાત=મુહપત્તિ–રજોહરણ મૂકવાની જરૂર નથી. (કારણ કે તેનું શરીર ઉપાશ્રયમાં જ છે. શ્મશાનભૂમિમાં હોય તો કલેવરની બાજુમાં ઉપકરણો રાખવા પડે જેથી ઉપકરણોને જોઈને 'હું સાધુ હતો' એવું તે દેવ જાણે. જ્યારે અહીં તો ઉપાશ્રયમાં જ હોવાથી યથાજાત કરવાની જરૂર નથી.)

६८. वन्दित्वेत्यादि शिवे विधिः, अशिवे न क्रियते, यः प्रतिश्रये तिष्ठति स उच्चारप्रश्रवणश्लेष्ममात्रकाणि शोधयति वसतिं प्रमार्जयति इति कायोत्सर्गद्वारं गतं, इदानीं क्षपणास्वाध्यायद्वारे भण्येते—यदि रात्निक इति आचार्य इति महानिनाद इति महाजनज्ञातो निजका वा सज्ञातीया वा तस्य सन्ति, तेषामधृतिरिति क्रियते, 'शेषेषु नास्ति क्षपणं' शेषेसु साधुषु न क्रियते क्षपणं, नैवास्वाध्यायिकं भवति, स्वाध्यायोऽपि क्रियते इति भणितं भवति, एवं तावत् शिवे, अशिवे क्षपणं नास्ति योगवृद्धिः क्रियते, कायोत्सर्गोऽविधिपारिस्थापनिक्यै न क्रियते, प्रतिश्रये मुहूर्त्तं प्रतीक्ष्यते यावदुपयुक्तः, तत्र यथाजातं न क्रियते, तत्र येन

[६९]संथारएण णीणिओ सो विकरणो कीरइ, जइ न करेंति असमाचारी पवड्ढइ, अहिगरणं आणेज्ज वा देवया पंता तम्हा विकरणो कायव्वो, खमणासज्झाइगदारा गया, अवलोयणेत्ति दारं एत्थ—

**अवरज्जुयस्स तत्तो सुत्तत्थविसारएहिं थिरएहिं ।**
**अवलोयण कायव्वा सुहासुहगइनिमित्तट्ठा ॥६१॥**
**जं दिसि विकड्ढियं खलु सरीरयं अक्खुयं तु संचिक्खे ।**
**तं दिसि सिवं वयंती सुत्तत्थविसारया धीरा ॥६२॥**

एएसिं वक्खाणं–'अवरज्जुयस्स'त्ति बिइयदिणंमि अवलोयणं च कायव्वं, सुहासुहजाणणत्थं गइजाणणत्थं च, तं पुण कस्स घेप्पइ ? – आयरियस्स महिड्ढियस्स भत्तपच्चक्खायस्स अण्णो

---

તે સમયે જે સંથારાવડે જે કલેવર લઈ જવાયું હતું, તે સંથારાના ટુકડે–ટુકડા કરીને પરઠવી દે. જો ટુકડા કરીને પરઠવે નહીં તો અસામાચારી = સામાચારીભંગ થાય. તથા અધિકરણ=હિંસાનો દોષ લાગે. તે આ પ્રમાણે કે કલેવર પરઠવવા સાથે (ટુકડા કર્યા વિના) આખો સંથારો પણ પરઠવો તો કોઈ ગૃહસ્થ લઈને પોતાના ઉપયોગમાં વાપરે એટલે હિંસાનો દોષ લાગે અથવા પ્રાંત=દ્વેષવાળી દેવતા પુનઃ તે-સંથારો ઉપાશ્રયમાં લાવે. તેથી તે સંથારાના ટુકડે–ટુકડા કરીને પરઠવી દે. ઉપવાસ–અસ્વાધ્યાયદ્વાર પૂર્ણ થયું.॥૬૦॥

**અવતરણિકા :** હવે **અવલોકનદ્વાર** જણાવે છે. અહીં ⇨

**ગાથાર્થ : ત્યાર પછી બીજા દિવસે સૂત્ર–અર્થમાં નિપુણ એવા સ્થવિરોએ (મરનારની) શુભાશુભગતિના નિમિત્તોને જાણવા માટે અવલોકન કરવું.**

**ગાથાર્થ : શિયાળ વિગેરેદ્વારા ખેંચીને લઈ જવાયેલ તે સાધુ (=સાધુનું કલેવર) અક્ષત દેહે જે દિશામાં રહેલો હોય તે દિશામાં સૂત્ર–અર્થના વિશારદ એવા ધીર પુરુષો સુભિક્ષાદિને કહે છે.**

**ટીકાર્થ :** 'अवरज्जुयस्स' (अपरेयुः) અર્થાત્ બીજા દિવસે શુભાશુભનિમિત્તને જાણવા માટે અને તેના ઉપરથી ગતિ જાણવા માટે નિરીક્ષણ કરવા યોગ્ય છે. તે નિરીક્ષણ કોનું કરવું ? તે કહે છે – આચાર્યનું, અથવા મહર્દ્ધિક સાધુનું અથવા અનશનીનું અથવા બીજો જે કોઈ મહાતપસ્વી સાધુ હોય તેનું નિરીક્ષણ કરવું. (આશય એ છે કે – કલેવરને પરઠવ્યા બાદ બીજા દિવસે તે કલેવરનું શું થયું ? તે જોવા માટે જાય, એટલે કે કલેવર અક્ષત છે કે કોઈ જંગલી પ્રાણીએ ખંડિત કર્યું છે, કઈ દિશામાં કલેવરને પ્રાણીઓ લઈ ગયા વિગેરેરૂપ આગળ કહેવાતા નિમિત્તોને જાણવા બીજા દિવસે જાય, જેથી તે નિમિત્તો ઉપરથી મરનારની પરલોકમાં કઈ ગતિ થઈ છે ? તે જણાય. પરંતુ તે તે નિમિત્તો ઉપરથી ચોક્કસ ગતિના જ્ઞાનનો નિયમ બધાં સાધુઓ માટે નથી પરંતુ અમુક

---

६९. संस्तारकेण निष्काशितः स विकरणः क्रियते यदि न कुर्वन्ति असामाचारी प्रवर्धते, अधिकरणमानयेद्वा देता प्रान्ता, तस्माद्विकरणः कर्त्तव्यः, क्षपणास्वाध्यायद्वारे गते, अवलोकनमिति द्वारं, अत्र–एतयोर्व्याख्यानं– द्वितीयदिनेऽवलोकनं च कर्त्तव्यं शुभाशुभज्ञानार्थं गतिज्ञानार्थं च, तत् पुनः कस्य गृह्यते ?, आचार्यस्य महर्धिकस्य प्रत्याख्यातभक्तस्य अन्यो

[७०]वा महातवस्सी, जं दिसं तं सरीरं कड्ढियं तं दिसं सुभिक्खं सुहविहारं च वदंति, अह तत्थेव [+]संचिक्खइ अक्खुयं ताहे तंमि देसे 'सिवं' सुभिक्खं सुहविहारं च भवइ, जइदिवसे अच्छइ तइवरिसाणि सुभिक्खं, एयं सुहासुहं, इयाणिं ववहारओ गइं भणामि—

**एत्थ य थलकरणे विमाणिओ जोइसिओ वाणमंतर समंमि ।**
**गड्डाए भवणवासी एस गई से समासेण ॥६३॥**

निगदसिद्धैव, व्याख्यातं द्वारगाथाद्वयं, साम्प्रतं तस्मिन्नेव द्वारगाथाद्वितये यो विधिरुक्तः स सर्वः क्व कर्तव्यः क्व वा न कर्तव्य इति प्रतिपादयन्नाह—

**एसा उ विही सव्वा कायव्वा सिवंमि जो जहिं वसइ ।**
**असिवे खमणविवज्जीय काउस्सग्गं च वज्जेज्जा ॥६४॥**

व्याख्या—'एसे'ति अणंतरवक्खाय विही मेरा सीमा आयरणा इति एगट्ठा, 'कायव्वा'

ઉપર કહ્યા તે આચાર્યાદિ માટે જ હોય છે. તેથી બીજા દિવસે જે નિમિત્ત જોવા જવાની વાત કરે છે તે ચોક્કસ સાધુઓ માટે હોવાથી 'કોનું નિરીક્ષણ કરવું ? વિગેરે વાત જણાવી છે.)

(તે નિમિત્તો કયા છે ? તે જણાવે છે –) જે દિશામાં શિયાળ વિગેરે તે શરીરને ખેંચીને લઈ ગયા હોય તે દિશામાં સુભિક્ષ=ભિક્ષાની સુલભતા અને સુખરૂપ વિહાર થાય એવું સૂત્ર–અર્થના વિશારદો કહે છે. જો તે કલેવર અખંડપણે ત્યાં ને ત્યાં હોય તો તે દેશમાં શિવ એટલે કે સુભિક્ષ અને સુખપૂર્વકવિહાર થાય છે. તે કલેવર અખંડપણે જેટલા દિવસ રહે તેટલા વર્ષો સુભિક્ષ તે દિશામાં થાય છે. આ પ્રમાણે શુભાશુભ નિમિત્તો કહ્યાં. (ધ્યાન રાખવું કે આ નિયમ આચાર્યાદિ વિશિષ્ટ પુરુષો માટે જ છે, બધાં સાધુઓ માટે નથી.) ॥૬૧-૬૨॥

**અવતરણિકા :** હવે વ્યવહારથી ગતિને હું (ગ્રંથકારશ્રી) કહું છું ⇨

**ગાથાર્થ : (ઉપરોક્ત કહેલા એવા આચાર્યાદિના કલેવરને શિયાળ વિગેરે જો) ઊંચી ટેકરી વિગેરે ઉપર લઈ જાય તો મરનાર વૈમાનિકદેવ થયો છે એમ સમજવું. સમાનભૂમિભાગ ઉપર લઈ જાય તો જ્યોતિષ્ક અથવા વ્યંતરમાં ઉપપાત થયો જાણવું. ખાડામાં લઈ જાય તો ભવનવાસીમાં ઉપપાત જાણવો. આ પ્રમાણે સંક્ષેપથી મરનારની ગતિ જાણવી.**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ છે. ॥૬૩॥ આ પ્રમાણે બંને દ્વારગાથાઓનું વ્યાખ્યાન કર્યું. હવે આ બંને દ્વારગાથાઓમાં જે વિધિ કહી, તે વિધિ ક્યારે કરવી ? અથવા ક્યારે ન કરવી ? તેનું પ્રતિપાદન કરતાં કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** વિધિ, મેરા, સીમા, આચરણા આ બધા એકાર્થિક નામો જાણવા. આ હમણાં જ

७०. वा यो महातपस्वी, यस्यां दिशि तच्छ- रीरकं कृष्टं तस्यां दिशि सुभिक्षं सुखविहारञ्च वदन्ति, यदि तत्रैव तत् तिष्ठत्यक्षतं तदा तस्मिन् देशे शिवं सुभिक्षं सुखविहारश्च भवति, यतिदिवसान् तिष्ठति ततिवर्षाणि सुभिक्षं, एतत् शुभाशुभं, इदानीं व्यवहारतो गतिं भणामि—अनन्तरो व्याख्यातविधिः मर्यादा सीमा आचरणेत्येकार्थाः, कर्त्तव्यो, + संचिक्खियं—प्रत्य. ।

[૭૧] करेयव्वा तुशब्दोऽवधारणे ववहियसंबंधओ कायव्वा एव, कंमि ? 'सिवंमि'त्ति प्रान्तदेवता-कृतोपसर्गवर्जिते काले 'जो' साहू 'जहिं' खेत्ते वसइ, असिवे कहं ? असिवे खमणं विवज्जिज्जइ, किं पुण ?, जोगविवड्ढी कीरइ, 'काउस्सग्गं च वज्जेज्जा' काउस्सग्गो य न कीरइत्ति ॥ साम्प्रत-मुक्तार्थोपसंहारार्थं गाथामाह—

**एसो दिसाविभागो नायव्वो दुविहदव्वगहणं च ।**
**वोसिरणं आलोयण सुहासुहगईविसेसा य ॥६५॥**

व्याख्या—'एसो' इति अणंतरगाहादुयस्सऽत्थो किं ? — 'दिसाविभागो णायव्वो' दिसाविभागो नाम अचित्तसंजयपरिट्ठावणियविहिं पइ दिसिप्पदरिसणं संखेवेण पडिवज्जावणंति भणियं होइ, अहवा दिसिविभागो मूलदारगहणं, सेसदारोवलक्खणं चेयं दट्ठव्वं, अचित्तसंजयपारिट्ठावणियं पइ

---

કહેવાયેલી સર્વ વિધિ કરવા યોગ્ય છે. 'તુ' શબ્દ 'જ' કાર અર્થમાં છે અને તેનો વ્યવહિત=જ્યાં છે તેની બદલે અન્ય સ્થાને સંબંધ હોવાથી આ સર્વ વિધિ કરવા યોગ્ય જ છે (એ પ્રમાણે અર્થ જાણવો.) ક્યારે આ વિધિ કરવી ? તે કહે છે કે પ્રાન્તદેવતા(= સાધુ પ્રત્યે દ્વેષ ધારણ કરનાર દેવતા)કૃતઉપસર્ગરહિત કાલમાં જે સાધુ જે ક્ષેત્રમાં રહે (ત્યાં તે સાધુએ ઉપરોક્ત વિધિ કરવી.)

અશિવ હોય ત્યારે શું કરવું ? તે કહે છે કે અશિવમાં ઉપવાસ કરે નહીં, તો શું કરે ? યોગવૃદ્ધિ = જેને જે પચ્ચક્ખાણ હોય તેના કરતાં પચ્ચક્ખાણમાં વૃદ્ધિ કરે. કાયોત્સર્ગ કરે નહીં. (ટૂંકમાં પ્રાન્તદેવતાકૃતઉપસર્ગરહિતકાલમાં જ્યારે કોઈ સાધુ મરણ પામે ત્યારે ત્યાં રહેલ સાધુઓએ ઉપરોક્ત સર્વ વિધિ કરવી જ. જો અશિવગ્રહિતકાલમાં સાધુ કાલધર્મ પામ્યો હોય તો ઉપર જેનો નિષેધ કર્યો તે સિવાય વિધિ કરવી.) ॥૬૪॥

**અવતરણિકા :** હવે કહેવાયેલ અર્થનો ઉપસંહાર કરવા માટે ગાથાને જણાવે છે ⇨

**ગાથાર્થ : આ દિશાવિભાગ જાણવા યોગ્ય છે અને બે પ્રકારના દ્રવ્યોનું ગ્રહણ, ત્યાગ, અવલોકન અને શુભાશુભગતિવિશેષો જાણવા યોગ્ય છે.**

**ટીકાર્થ :** (આ ગાથા ઉપસંહારરૂપ હોવાથી તેનો આશય એટલો જ છે કે પૂર્વે જે કોઈ વર્ણન કર્યું, તે ફરીથી યાદ અપાવવા આ ગાથા જણાવી છે. જેમાં સંક્ષેપથી અમુક–અમુક મુદ્દાઓ જણાવ્યા છે. તે મુદ્દાઓ કયા છે ? તે જણાવે છે –) આ હમણાં જ જણાવેલ બંને દ્વારગાથાઓનો અર્થ દિશાવિભાગરૂપે જાણવા યોગ્ય છે, એટલે કે કહેવાયેલ સંપૂર્ણ વિધિ એ અચિત્તસાધુની પારિઠાવણીની વિધિ માટે દિક્પ્રદર્શનરૂપ છે એટલે કે સંક્ષેપથી પ્રતિપાદન કરેલું છે એમ જાણવું. અથવા ગાથામાં રહેલ 'દિશાવિભાગ' શબ્દ પૂર્વે કહેવાયેલ દ્વારગાથામાં જે દિશાદ્વાર છે તે દિશાદ્વારરૂપ મૂલદ્વારને

---

૭૧. व्यवहितः संबन्धः, कर्त्तव्य एव, कस्मिन् ?, — यः साधुर्यत्र क्षेत्रे वसति, अशिवे कथं? — अशिवे क्षपणं विवर्ज्यते, किंपुनः ?, योगविवृद्धिः क्रियते, 'कायोत्सर्गं च वर्जयेत्' कायोत्सर्गश्च न क्रियते च् अनन्तरगाथाद्विकस्यार्थः, किं ?, 'दिग्विभागो ज्ञातव्यः' दिग्विभागो नामाचित्तसंयतपारिस्थापनिकीविधिं प्रति दिक्प्रदर्शनं संक्षेपेण प्रतिपादनमिति भणितं भवति, अथवा दिग्विभाग इति मूलद्वारग्रहणं, शेषद्वारोपलक्षणं चैतत् द्रष्टव्यं, अचित्तसंयतपारिस्थापनिकीं प्रति

[૭૨] एसो दारविभागो णायव्वोत्ति भणियं होइ, 'दुविहदव्वगहणं चे'ति दुविहदव्वं णाम पुव्वकालगहियं वत्थाइ तहा पच्छाकालगहियं कुसाइ णायव्वमिति अणुवट्टए, 'वोसिरणं'ति संजयसरीरस्स परिट्ठवणं 'आलोयणं'त्ति बिइयदिणे निरिक्खणं 'सुहासुहगइविसेसा य'त्ति सुहासुहगतिविसेसा वंतराइसु उववायभेदा यत्ति भणियं होइ, एसा अचित्तसंजयपारिट्ठावणिया भणिया ॥६५॥

इयाणिं असंजयमणुस्साणं भण्णइ, तत्थ गाहा—

अस्संजयमणुएहिं जा सा दुविहा य आणुपुव्वीए ।
सच्चित्तेहिं सुविहिया ! अच्चित्तेहिं च नायव्वा ॥६६॥

इयं निगदसिद्धैव, तत्थ सचित्तेहिं भण्णइ, कहं पुण तीए संभवोत्ति ?, आह—

कप्पट्ठगरूयस्स उ वोसिरणं संजयाण वसहीए ।
उदयपह बहुसमागम विप्पजहालोयणं कुज्जा ॥६७॥

---

જણાવનાર છે. તથા આ શબ્દના ઉપલક્ષણથી શેષદ્વારો પણ ગ્રહણ કરી લેવા. તેથી 'દિશાવિભાગ' શબ્દથી અચિત્તસંયતપારિઠાવણી પ્રત્યે આ દ્વારવિભાગો જાણવા યોગ્ય છે. તથા 'બે પ્રકારના દ્રવ્યોનું ગ્રહણ' – બે પ્રકારના દ્રવ્યો એટલે પૂર્વકાલમાં ગ્રહણ કરાયેલા વસ્ત્રાદિ અને પશ્ચાત્કાલમાં ગ્રહણ કરાયેલ ઘાસાદિ જાણવા યોગ્ય છે. 'णायव्वो' શબ્દ અહીં પણ સમજી લેવો. 'वोसिरणं' એટલે સાધુના શરીરની પારિઠાવણી. 'आलोयण' એટલે બીજા દિવસે નિરીક્ષણ કરવું. તથા શુભાશુભગતિવિશેષો એટલે વ્યંતર વિગેરેમાં ઉપપાતના ભેદો. આ પ્રમાણે અચિત્તસંયતપારિઠાવણી કહી. ॥૬૫॥

**અવતરણિકા :** હવે અસંયતમનુષ્યોની પારિઠાવણીવિધિ કહેવાય છે. તેમાં ગાથા આ પ્રમાણે જાણવી ⇨

ગાથાર્થ : **હે સુવિહિતમુનિવરો ! અસંયતમનુષ્યોની પારિઠાવણી પણ ક્રમશઃ બે પ્રકારે છે : સચિત્ત—અસંયતમનુષ્યોની અને અચિત્ત—અસંયતમનુષ્યોની.**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ જ છે. ॥૬૬॥ હવે સચિત્ત—અસંયતમનુષ્યોની પારિઠાવણી જણાવે છે ⇨

**શંકા :** (સાધુઓ સાધુના કલેવરની પારિઠાવણી કરે એ વાત બરાબર, પણ) અસંયતમનુષ્યોની પારિઠાવણીનો અવસર સાધુઓને કેવી રીતે સંભવે ? તેનો જવાબ આપે છે ⇨

ગાથાર્થ : **સાધુઓની વસતિમાં (સ્ત્રીદ્વારા) બાળકનું મૂકવું – (સાધુઓવડે બાળકને) પાણીના માર્ગમાં, અથવા ઘણા લોકો જ્યાં આવતા હોય એવા સ્થાનમાં મૂકવો – ધ્યાન રાખવું.**

---

**૭૨. एव द्वारविभागो ज्ञातव्य इति भणितं भवति, द्विविधद्रव्यहरणं चेति द्विविधद्रव्यं नाम पूर्वकालगृहीतं वस्त्रादि तथा पश्चात्कालगृहीतं कुशादि ज्ञातव्यमिति अनुवर्त्तते, व्युत्सर्जनमिति संयतशरीरस्य परिष्ठापनं, अवलोकनं द्वितीयदिवसे निरीक्षणमिति शुभाशुभगतिविशेषा व्यन्तरादिषूपपातभेदाश्चेति भणितं भवति । एषाऽचित्तसंयतपारिस्थापनिकी भणिता, इदानीमसंयतमनुष्याणां भण्यते, तत्र गाथा—तत्र सचित्तैर्भण्यते, कथं पुनस्तस्याः संभव इति ?, आह.**

[७३]इमीए वक्खाणं – काइ अविरइया संजयाण वसहीए कप्पट्ठगरूवं साहरेज्जा, सा तिहिं कारणेहिं छुब्भेज्जा, किं ? – एएसिं उड्डाहो होउत्ति छुहेज्जा पडिणीययाए, काइ साहम्मिणी लिंगत्थी एएहिं मम लिंगं हरियंति एएण पडिणिवेसेण कप्पट्ठगरूवं पडिस्सयसमीवे साहरेज्जा, अहवा चरिया तच्चण्णिगिणी बोडिगिणी पाहुडिया वा मा अम्हाणं अजसो भविस्सइ तो संजओवस्सगसमीवे ठवेज्जा एएसि उड्डाहो होउत्ति, अणुकंपाए काइ दुक्काले दारयरूवं छड्डिउंकामा चिंतेइ–एए भगवंतो सत्तहियट्ठाए उवट्ठिया, एतेसिं वसहीए साहरामि, एते से भत्तं पाणं वा दाहिंति, अहवा कहिंचि सेज्जायरेसु वा ईसरघरेसु वा छुभिस्संति, अओ साहुवस्सए परिट्ठवेज्जा,

**ટીકાર્થ :** કોઈ સ્ત્રી સાધુઓના ઉપાશ્રયમાં બાળકને મૂકે. સ્ત્રી ત્રણ કારણોથી બાળકને મૂકે. તે કયા કારણો છે ? તે કહે છે – (૧. શત્રુતા, ૨. અનુકંપા, ૩. ભય. આ ત્રણ કારણોથી બાળકને મૂકે. તેમાં પ્રથમ શત્રુતાને કારણે મૂકે તે જણાવે છે –) 'આ સાધુઓની નિંદા થાઓ' એ પ્રમાણે શત્રુ હોવાના કારણે=સાધુ ઉપર દ્વેષ હોવાથી બાળકને ઉપાશ્રયની આજુબાજુ મૂકીને જતી રહે. અથવા કોઈ સાધર્મિક સ્ત્રી (= સાધ્વી, કે જેમને સાધુઓએ કોઈ અપરાધમાં ઘરે પાછા મોકલ્યા હોવાથી તે સાધુઓ ઉપર દ્વેષ ધારણ કરનારી હોય, એવી) લિંગને ઇચ્છનારી "આ લોકોએ મારો સાધુવેષ લઈ લીધો" એ પ્રમાણેના દ્વેષને કારણે (સાધુઓને બદનામ કરવા) ઉપાશ્રય પાસે બાળકને મૂકે.

અથવા કોઈ પારિવ્રાજિકા અથવા બૌદ્ધધર્મની ભિક્ષુણી અથવા દિગંબરભિક્ષુણી અથવા ભિક્ષાચરિણી એવી કોઈ સ્ત્રી પોતાનો અપયશ ન થાય માટે સાધુઓના ઉપાશ્રયની બાજુમાં બાળકને મૂકે, જેથી સાધુઓની નિંદા થાય.

(૨) **અનુકંપાથી :** દુષ્કાલમાં (પોતાનો નિર્વાહ પણ થઈ શકતો ન હોવાથી) કોઈ સ્ત્રી પોતાના બાળકને ક્યાંક મૂકી આવવાની ઇચ્છાથી વિચારે કે "આ સાધુભગવંતો સર્વ જીવોના હિતમાટે ઉપસ્થિત થયા છે (અર્થાત્ સર્વજીવોના હિતને ઇચ્છનારા છે.) તેથી તેઓની વસતિમાં મારા બાળકને મૂકું જેથી તેઓ બાળકને ખાવા માટે ખોરાક અથવા પાણી આપશે. અથવા ક્યાંક શય્યાતર કે કોઈ પૈસાવાળાના ઘરમાં રહેવા મોકલી દેશે." આવું વિચારીને તે સ્ત્રી પોતાના બાળકને સાધુના ઉપાશ્રયમાં મૂકીને જતી રહે.

७३. अस्या व्याख्यानं-काचिदविरतिका संयतानां वसतौ कल्पस्थकरूपं संहरेत्, सा त्रिभिः कारणैः क्षिपेत्, किं ?, एतेषामुड्डाहो भवत्विति क्षिपेत् प्रत्यनीकतया, काचित् साधर्मिणी लिङ्गार्थिनी एतैर्मम लिङ्गं हृतमिति एतेन प्रतिनिवेशेन कल्पकस्थकरूपं प्रतिश्रयसमीपे संहरेत्, अथवा चरिका तच्चणिकी बोटिकिणी प्राभृतिका वाऽस्माकमयशो मा भूत्ततः संयतोपाश्रयसमीपे स्थापयेत् एतेषां उड्डाहो भवत्विति, अनुकम्पया काचिद्दुष्काले दारकरूपं त्यक्तुकामा चिन्तयति–एते भगवन्तः सत्त्वहितार्थायोपस्थिताः, एतेषां वसतौ संहरामि, एतेऽस्मै भक्तं पानं वा दास्यन्ति, अथवा कुत्रचित् शय्यातरेषु वा ईश्वरगृहेषु वा निक्षेप्स्यन्ति, अतः साधूपाश्रये परिस्थापयेत्,

[૭૪] **भएण काइ य रंडा पउत्थवइया वा साहरेज्जा, एए अणुकंपिहिंति, एत्थ का विही ?—दिवसे २ वसही वसहेहिं चत्तारि वारा परियंचियव्वा, पच्चुसे पओसे मज्झण्हे अड्ढरत्ते, मा एए दोसा होहिंति, जइ विगिंचंती दिट्ठा ताहे बोलो कीरइ—एसा इत्थिया दारयरूवं छड्डेऊण पलाया, ताहे लोगो एइ पेच्छइ य तं ताहे सो लोगो जं जाणउ तं करेउ, अह न दिट्ठा ताहे विगिंचिज्जइ, उदयपहे जणो वा जत्थ पए निग्गओ अच्छइ तत्थ ठवेत्ता पडिचरइ अण्णओमुहो जहा लोगो न जाणइ जहा किंपि पडिक्खंतो अच्छइ, जहा तं सुणएण काएण वा मज्जारेण वा न मारिज्जइ, जाहे केणइ दिट्ठं ताहे ओसरइ । सच्चित्तासंजयमणुयपारिट्ठावणिया गया ॥६७॥**

(૩) **ભયથી :** કોઈ વિધવા સ્ત્રી અથવા જેનો પતિ બહારગામ ગયો હોય તેવી સ્ત્રી (પોતે જે અકાર્ય કર્યું છે તેનું કલંક પોતાને લાગે નહીં તે માટે તથા) "આ લોકો આ બાળકની અનુકંપા કરશે" એવા વિચારથી બાળકને સાધુના ઉપાશ્રયમાં મૂકે. (આ રીતે સાધુ પાસે બાળકરૂપ સચિત્ત–અસંયતમનુષ્ય આવવાનો સંભવ છે એ વખતે સાધુની નિંદા ન થાય તે માટે) તેની પારિઠાવણી કરવી આવશ્યક હોય છે. ત્યારે કંઈ વિધિ કરવી ? તે જણાવે છે –

રોજેરોજ વૃષભ સાધુઓએ દિવસમાં ચાર વખત ચારેબાજુ વસતિ જોવી જોઈએ – સવારે, સાંજે, બપોરે અને મધ્યરાત્રિએ; કે જેથી આવા કોઈ દોષો સંભવે નહીં. વસતિનું પ્રત્યુપેક્ષણ કરતી વખતે જો કોઈ સ્ત્રીને બાળક મૂકતા જુએ તો જોર–જોરથી અવાજ કરે કે – "આ કોઈ સ્ત્રી બાળકને મૂકીને ભાગે છે." તે સમયે અવાજ સાંભળીને લોકો ત્યાં આવે અને બાળકને જુએ. પછી તેઓ જે જાણે તે કરે (અર્થાત્ તે સમયે લોકોને જે ઠીક લાગે તે રસ્તો કાઢે અને સાધુઓની નિંદા થાય નહીં.)

સમજો કે બાળકને મૂકતા સ્ત્રીને જોઈ નહીં અને બાળક દેખાનો, તો તે બાળકને લોકો પાણી લેવા જ્યાંથી અવર–જવર કરતાં હોય તેવા માર્ગમાં અથવા સવારના જ્યાં લોકો ભેગા થતાં હોય તેવા સ્થાનમાં મૂકીને સાધુ ઊંધી દિશામાં મોં રાખીને ત્યાં એવી રીતે ઊભો રહે કે જેથી લોકો જાણે નહીં કે આ સાધુએ બાળકને મૂક્યું છે, પરંતુ આ કોઈકની રાહ જુએ છે એવું લોકો વિચારે. ઊભા ઊભા કોઈ કૂતરો, કાગડો કે બિલાડો આવીને તે બાળકને મારી ન નાખે એની કાળજી કરે. જ્યારે કોઈ વ્યક્તિ તે બાળકને જોઈ લે, ત્યારે સાધુ જતો રહે. આ પ્રમાણે સચિત્ત–અસંયતમનુષ્યની પારિઠાવણી કહી.॥૬૭॥

**૭૪. भयेन काचिच्च रण्डा प्रोषितपतिका वा संहरेत्, एतेऽनुकम्पयिष्यन्ति, तत्र को विधिः ?, दिवसे दिवसे वसतिर्वृषभैश्चतुःकृत्वः पर्येतव्या—प्रत्यूषसि प्रदोषे मध्याह्ने अर्धरात्रे, मा मा एते दोषा भूवन्, यदि त्यजन्ती दृष्टा तदा रावः क्रियते—एषा स्त्री दारकरूपं त्यक्त्वा पलायिता, तदा लोक एति पृच्छति च तां, तदा स लोको यज्जानातु तत्करोतु, अथ न दृष्टा तदा त्यज्यते, उदकपथे जनो वा यत्र प्रगे निर्गतस्तिष्ठति तत्र स्थापयित्वा प्रतिचरति अन्यतोमुखो यथा लोको न जानाति यथा किमपि प्रतीक्षमाणास्तिष्ठति, यथा तत् शुना काकेन वा मार्जारेण वा न मार्यते, यदा केनचिद्दृष्टं तदाऽपसरति । सचित्तासंयतमनुष्यपरिष्ठापना गता,**

[૭૫] इयाणिं अचित्तासंजयमणुयपारिट्ठावणिया भण्णइ—

पडिणीयसरीरछुहणे वणीमगाईसु होइ अच्चित्ता ।
नोवेक्खकालकरणं विप्पजहविगिंचणं कुज्जा ॥६८॥

व्याख्या—पडिणीओ कोइ वणीमगसरीरं छुहेज्ज जहा एएसिं उड्डाहो भवउत्ति, वणीमगो वा कोइ तत्थागंतूण मओ, केणइ वा मारेऊण एत्थ निद्दोसंति छड्डिओ, अविरइयाए मणुस्सेण वा उक्कलंबियं होज्जा, तत्थ तहेव बोलं करेंति लोगस्स य कहिज्जइ, एसो णट्ठोत्ति, उक्कलंबिए निव्विण्णेण वारेंताणं रडंताणं मारिओ अप्पा होज्जा ताहे दिट्ठे ण कालक्खेवो कायव्वो, पडिलेहिऊण जइ कोइ नत्थि ताहे जत्थ कस्सइ निवेसणं न होइ तत्थ विगिंचिज्जइ उप्पेक्खेज्ज

**અવતરણિકા :** હવે અચિત્ત—અસંયતમનુષ્યની પારિઠાવણી કહેવાય છે ⇨

**ગાથાર્થ :** શત્રુવડે શરીર મૂકવામાં, અથવા વણીપક વિગેરેમાં અચિત્ત—અસંયતમનુષ્યની પારિઠાવણી સંભવે છે. – પરઠવવામાં કાલની રાહ જોવી નહીં – કારણ હોય તો કાલનું કરણ = કાલની રાહ જોવી – શરીરનો ત્યાગ (=વિપ્રજહણા) ઉપકરણોનો ત્યાગ (=વિગિંચણા) કરે.

**ટીકાર્થ :** સાધુ ઉપર દ્વેષ ધારણ કરનાર કોઈ સાધુઓની નિંદા થાય તે માટે વણીપકનું (ભિક્ષુક અથવા ભિખારીનું) કલેવર ઉપાશ્રયની આજુબાજુ મૂકે. અથવા વણીપક પોતે જ ત્યાં આવેલો હોય અને અચાનક મૃત્યુ થાય અથવા કોઈ એને મારીને "અહીં વાંધો નહીં" એમ સમજીને સાધુવસતિમાં નાખીને જતો રહે. અથવા કોઈ સ્ત્રીએ કે મનુષ્યે વસતિની આજુબાજુ ફાંસો ખાધો હોય. તે સમયે પણ પૂર્વની જેમ (રોજે રોજ ચાર વખત વૃષભસાધુઓ વસતિ જુએ અને આવું કંઈક નાંખતા જુએ ત્યારે) જોરથી અવાજ કરે અને લોકોને કહે કે "આ કોઈ માણસ આ કલેવરને નાખી ભાગી ગયો."

(જો કોઈએ ફાંસો ખાધો હોય તો શું કરવું ? તે જણાવે છે –) લોકોના અટકાવવા છતાં કે વારંવાર કહેવા છતાં કોઈ વ્યક્તિએ સાધુની વસતિની નજીકમાં ફાંસો ખાઈને પોતાને મારી નાખ્યો હોય અને સાધુએ તે કલેવરને જોયું તે સમયે કાલવિલંબ કરવો નહીં. પરંતુ ચારેબાજુ નજર કરીને જો કોઈ દેખાય નહીં તો જે સ્થાનમાં કોઈ ઘરાદિ ન હોય તેવા સ્થાનમાં કલેવરને પરઠવી દે, અથવા ([II]આગળ કહેવાતા કારણોને કારણે) ઉપેક્ષા કરે=રાહ જુએ. (તે કારણો આ પ્રમાણે જાણવા કે) રાત્રિની હજુ શરૂઆત જ હોય અને એટલે લોકોની અવર—જવર હોય ત્યારે રાહ

૭૫. इदानीमचित्तासंयतमनुजपरिष्ठापना भण्यते—प्रत्यनीकः कश्चित् वनीपकशरीरं क्षिपेत् यथैतेषामुड्डाहो भवत्विति, वनीपको वा कोऽपि तत्रागत्य मृतः, केनचिद्वा मारयित्वाऽत्र निर्दोषमिति त्यक्तः, अविरतिकया मनुष्येण वोद्बद्धं भवेत्, तत्र तथैव रवं कुर्वन्ति लोकाय च कथ्यते—एष नष्ट इति, उद्बद्धे निर्विण्णेन वारयत्सु रटत्सु मारित आत्मा भवेत् तदा दृष्टे न कालक्षेपः कर्त्तव्यः, प्रतिलिख्य यदि कोऽपि नास्ति तदा यत्र कस्यचिन्निवेशनं न भवति तत्र त्यज्यते उपेक्ष्यते

[૭૬] वा, पओसो वट्टइ संचरइ लोगो ताहे निस्संचरे विवेगो, जहा एत्थ आएसो ण उवेक्खेयव्वो ताहे चेव विगिंचिज्जइ, अइपहाए संचिक्खावेत्ता अप्पसागारिए रत्तिं विगिंचिज्जइ, जइ नत्थि कोइ पडियरइ, अह कोइ पडियरइ तस्सेव उवरिं छुब्भइ, एवं विप्पजहणा, विगिंचणं णामं जं तत्थ तस्स भंडोवगरणं तस्स विवेगो, जइ रुहिरं ताहे न छड्डेज्जइ, एक्कहा वा बिहा वा मग्गो नज्जिहित्ति, ताहे बोलकरणं एवमाइ विभासा । अचित्तासंजयमणुयपारिट्ठावणिया गया ॥६८॥

इयाणिं णोमणुयपारिट्ठावणिया भण्णइ—

**णोमणुएहिं जा सा तिरिएहिं सा य होइ दुविहा उ ।**
**सच्चित्तेहिं सुविहिया ! अच्चित्तेहिं च नायव्वा ॥६९॥**

निगदसिद्धा, दुविहंपि एगगाहाए भण्णइ—

**चाउलोयगमाईहिं जलचरमाईण होइ सच्चित्ता ।**
**जलथलखहकालगए अचित्ते विगिंचणं कुज्जा ॥७०॥**

---

જોઈને જ્યારે અવર–જવર બંધ થાય ત્યારે કલેવરને પરઠવી દે. જો તે કલેવર (आएसो = પ્રાઘૂર્ણક = કલેવર) અનાથ જેવું લાગતું હોય તો તેની રાહ જોવાની પણ જરૂર નથી પરંતુ પરઠવી દે. વહેલી સવારે જો વસિતમાં કલેવર દેખાય તો દિવસ આખો રાહ જુએ. બીજી રાત્રિએ એકાંતમાં પરઠવે. આવું ત્યારે કરે જો આ કલેવરને કોઈ શોધતું ન હોય. જો કોઈ શોધતું હોય તો તે કલેવર તેને જ સોંપી દે. આ પ્રમાણે વિપ્રજહણા કહી. (અર્થાત્ કલેવરનો ત્યાગ કરવો તે વિપ્રજહણા.) અને વિગિંચણા એટલે તે મરનારની આજુબાજુ તેના જે કોઈ ઉપકરણો હોય તેનો ત્યાગ કરવો.

જો કલેવરમાંથી તલવાર વિગેરે શસ્ત્રવડે ઘા લાગવાથી લોહી નીકળતું હોય તો પારિઠાવણી કરે નહીં કારણ કે જો પરઠવે તો લોહીની ધારાનુસારે એક–બે દિવસમાં રાજપુરુષોવડે માર્ગ જણાઈ જાય (અર્થાત્ લોહીના ટીપાં વિગેરે પડવાને કારણે શોધતાં શોધતાં રાજપુરુષો સાધુઓના ઉપાશ્રય સુધી પહોંચી જાય.) તેથી પરઠવે નહીં પરંતુ જોર–જોરથી બૂમો મારીને લોકોને કહે વિગેરે વિભાસા=વર્ણન પૂર્વની જેમ જાણવું. અચિત–અસંયતમનુષ્યપારિઠાવણી પૂર્ણ થઈ. ॥૬૮॥

**અવતરણિકા :** હવે નોમનુષ્યપારિઠાવણી કહેવાય છે ⇨

**ગાથાર્થ : હે સુવિહિતમુનિવરો ! નોમનુષ્ય એટલે કે તિર્યંચોવડે ક્રમશઃ બે પ્રકારની પારિઠાવણી જાણવા યોગ્ય છે – સચિત્ત અને અચિત્ત.**

**ટીકાર્થ :** ગાથાર્થ સુગમ જ છે ॥૬૯॥ બંને પ્રકારો એક જ ગાથાવડે કહેવાય છે ⇨

**ગાથાર્થ : ચોખાના પાણી વિગેરેમાં જલચર વિગેરે જીવોને આશ્રયી સચિત્તપારિઠાવણી**

---

૭૬. वा, प्रदोषो वर्त्तते संचरति लोकः तदा निस्सञ्चारे विवेको यथाऽत्रादेशो नोपेक्षितव्यस्तदैव त्यज्यते अतिप्रभाते प्रतीक्ष्याल्पसागारिके रात्रौ त्यज्यते, यदि नास्ति कोऽपि प्रतिचरति, अथ कोऽपि प्रतिचरति तस्यैवोपरि क्षिप्यते, एवं विप्रहानं, विवेको नाम यत्तत्र तस्य भाण्डोपकरणं तस्य त्यागः, यदि रुधिरं तदा न त्यज्यते, एकधा द्विधा वा मार्गो ज्ञास्यते इति, तदा बोलकरणमेवमादिविभाषा । अचित्तासंयतमनुजपारिस्थापनिकी गता, इदानीं नोमनुजपारिस्थापनिकी भण्यते—द्विविधमप्येकगाथया भण्यते—

[૭૭] इमीए वक्खाणं–णोमणुस्सा सचित्ता अचित्ता य, सचित्ता चाउलोदयमाइसु, चाउलोगस्स गहणं जहा ओघनिज्जुत्तीए तत्थ निबुड्डओ आसि मच्छओ मंडुक्कलिया वा, तं घेत्तूण थोवेण पाणिएण सह निज्जइ, पाणियमंडुक्को पाणियं दट्ठूण उट्ठेइ, मच्छओ बला छुब्भइ, आइग्गहणेण संसट्ठपाणएण वा गोरसकुंडए वा तेल्लभायणे वा एवं सच्चित्ता, अच्चित्ता अणिमिसओ केणइ आणीओ पक्खिणा पडिणीएण वा, थलयरो उंदुरो घरकोइलो वा एवमाई, खहचरो हंसवायसमयूराई, जत्थ सदोसं तत्थ विवेगो अप्पसागारिए बोलकरणं वा, निद्दोसे जाहे रुच्चइ

જાણવી. તથા મૃત એવા જલચર–સ્થલચર–ખેચરોને આશ્રયી અચિત્તપારિઠાવણી જાણવી. તેઓનો = સચિત્ત–અચિત્તનો ત્યાગ કરવો.

**ટીકાર્થ :** સચિત્ત અને અચિત્ત એમ બે પ્રકારે નોમનુષ્ય = તિર્યંચ જાણવા. ચોખાના ધોવનના પાણી વિગેરેમાં સચિત્ત તિર્યંચો આવી જવાનો સંભવ છે. ચોખાના ધોવનના પાણીનું ગ્રહણ જે રીતે ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે તે રીતે અહીં જાણવું. (ઓઘનિર્યુક્તિમાં જણાવ્યું છે કે પ્રથમ પોરિસી વિગેરેમાં વડીનીતિ માટે જવું એ અકાલસંજ્ઞા છે. તેની માટે જવું પડે ત્યારે સવારે પાણી લેવા ઘરોમાં જાય ત્યારે ધોવનાદિના પાણી ગ્રહણ કરીને આવે. આ રીતે જ્યારે પાણી ગ્રહણ કરે ત્યારે) તેમાં નાની માછલી અથવા દેડકી પહેલેથી જ હોય. (અનાભોગથી ધોવનાદિના પાણી સાથે આ રીતે માછલી વિગેરે સચિત્ત નોમનુષ્યનું ગ્રહણ થઈ જાય ત્યારે તેની પરઠાવણી સંભવે છે. તે કેવી રીતે કરવી ? તે જણાવે છે –)

આવા જલચરજીવોને થોડા પાણી સાથે લઈ જઈને યોગ્ય જગ્યાએ પારિઠાવણી કરે. તેમાં તેઓની સામે પાણી મૂકવું. જેથી દેડકી પાણીને જોઈને પોતાની મેળે એમાં જતી રહે. માછલીને બળાત્કારે=આપણે જાતે ઊંચકીને અન્ય પાણીમાં નાખવી. 'चाउलोदगमाइसु' શબ્દના આદિશબ્દથી સંસૃષ્ટપાણીમાં (=રાંધેલા વાસણને ધોવા માટે નાંખેલુ પાણી કે જે રાંધેલી વસ્તુથી મિશ્રિત થાય તે પાણીમાં) અથવા ગોરસકુંડમાં (= [ii]દહીંથી ખરડાયેલ વાસનમાં) અથવા તૈલના વાસણને ધોવા માટે તેમાં નાંખેલ પાણીને અચિત્ત સમજી જ્યારે ગ્રહણ કરવાનું આવે ત્યારે તેમાં સચિત્ત જલચરજીવો ગ્રહણ થઈ જાય છે.

**અચિત્તતિર્યંચોનો સંભવ : જલચરમાં :** કોઈ પક્ષીએ અથવા શત્રુએ ઉપાશ્રયમાં મરેલી માછલી લાવી હોય, **સ્થલચરમાં :** ઉંદર અથવા ગરોળી વિગેરે મરેલી હોય, **ખેચરમાં :** હંસ, કાગડો કે મોર વિગેરે મરેલા કોઈક રીતે આવ્યા હોય. આવા બધામાં જ્યાં દોષનો (એટલે કે

૭૭. अस्या व्याख्यानं–नोमनुष्या (द्विविधा) सचित्ता अचित्ता च, सचित्ता तन्दुलोदकादिषु, तन्दुलोदकस्य ग्रहणं यथा ओघनिर्युक्तौ, तत्र ब्रूडित आसीत् मत्स्यो मण्डूकिका वा, तां गृहीत्वा स्तोकेन पानीयेन सह नीयते, पानीयमण्डूको जलं दृष्ट्वोत्तिष्ठति, मत्स्यो बलात्क्षिप्यते, आदिग्रहणेन संसृष्टपानीयेन वा गोरसकुण्डे वा तैलभाजने वा एवं सचित्ता, अचित्ता–अनिमेषः केनचिदानीतः पक्षिणा प्रत्यनीकेन वा, स्थलचरो मूषको गृहकोकिला वा एवमादि, खेचरः हंसवायसमयूरादि, यत्र सदोषस्तत्र विवेकोऽल्पसागारिके रावकरणं वा, निर्दोषे यदा रोचति

[७८]ताहे विगिंचिज्जइ । तसपाणपारिट्ठावणिया गया ॥७०॥

इयाणिं णोतसपाणपारिट्ठावणिया भण्णइ—

**नोतसपाणेहिं जा सा दुविहा होइ आणुपुव्वीए ।**
**आहारंमि सुविहिआ ! नायव्वा नोअआहारे ॥ ७१॥**

निगदसिद्धा, नवरं नोआहारो उवगरणाइ, तत्थ —

**आहारंमि उ जा सा सा दुविहा होइ आणुपुव्वीए ।**
**जाया चेव सुविहिया ! नायव्वा तह अजाया य ॥७२॥**

'आहारे' आहारविषया याऽसौ पारिस्थापनिका सा 'द्विविधा' द्विप्रकारा भवति 'आनुपूर्व्या' परिपाट्या, द्वैविध्यं दर्शयति–'जाया चेव सुविहिया ! णायव्वा तह अजाया य' तत्र दोषात् परित्यागार्हाहारविषया या सा जाता, ततश्च जाता चैव 'सुविहिता' इत्यामन्त्रणं प्राग्वत्, 'ज्ञातव्या' विज्ञेया, तथाऽजाता च, तत्रातिरिक्तनिरवद्याहारपरित्यागविषयाऽजातोच्यत इति गाथार्थः ॥७२॥

तत्र जातां स्वयमेव प्रतिपादयन्नाह—

**आहाकम्मे य तहा लोहविसे आभिओगिए गहिए ।**
**एएण होइ जाया वोच्छं से विहीएँ वोसिरणं ॥७३॥**

---

સાધુઓવડે મરાયું છે એવા દોષનો) સંભવ હોય ત્યાં તરત જ એકાંતમાં પરઠવે. અથવા કોઈ આવીને ઉપાશ્રયમાં તિર્યંચોને નાખતાંને સાધુ જુએ ત્યારે મોટેથી બૂમાબૂમ કરીને બધાને ભેગા કરે. (વિગેરે વર્ણન પૂર્વની જેમ જાણવું.) પરંતુ કોઈ દોષ ન હોય તો જ્યારે ઠીક લાગે ત્યારે પરઠવે. ત્રસપ્રાણીઓની પારિઠાવણી પૂર્ણ થઈ. ॥૭૦॥

**અવતરણિકા** : હવે નોત્રસપ્રાણીઓની પારિઠાવણી કહેવાય છે ⇨

ગાથાર્થ : **હે સુવિહિતમુનિવરો ! આહાર અને નોઆહાર એમ ક્રમશઃ બે પ્રકારની નોત્રસપ્રાણીઓની પારિઠાવણી જાણવી.**

**ટીકાર્થ** : સુગમ જ છે. માત્ર નોઆહાર એટલે ઉપકરણો વિગેરે જાણવા. ॥૭૧॥ તેમાં ⇨

ગાથાર્થ : **હે સુવિહિતમુનિવરો ! આહારને વિશે જે પારિઠાવણી છે તે ક્રમશઃ બે પ્રકારની જાણવા યોગ્ય છે – જાત અને અજાત.**

**ટીકાર્થ** : આહારવિષયક = આહારસંબંધી જે આ પારિસ્થાપનિકા છે, તે ક્રમશઃ બે પ્રકારની થાય છે. તે બે પ્રકારને જણાવે છે – જાત અને અજાત. તેમાં દોષને (=આગળ બતાવાતા દોષને) કારણે ત્યાગને યોગ્ય એવા આહારને પરઠવવું તે જાતપારિસ્થાપનિકા કહેવાય છે. 'સુવિહિત' શબ્દ શિષ્યોના આમંત્રણ માટે જાણવો. તથા વાપર્યા પછી વધેલા નિરવદ્યઆહારની જે પારિઠાવણી તે અજાતપારિસ્થાપનિકા કહેવાય છે. આ પ્રમાણે ગાથાર્થ જાણવો. ॥૭૨॥

**અવતરણિકા** : અહીં ગ્રંથકારશ્રી જાતપારિસ્થાપનિકાને સ્વયં જણાવતાં કહે છે ⇨

ગાથાર્થ : **ટીકાર્થ પ્રમાણે જાણવો.**

---

७८. तदा त्यज्यते । त्रसप्राणपारिस्थापनिकी गता, इदानीं नोत्रसप्राणपारिस्थापनिकी भण्यते-

व्याख्या—आधाकर्म—प्रतीतं तस्मिन्नाधाकर्मणि च तथा 'लोहविसे आभिओगिए गहिए'त्ति लोभाद्गृहीते 'विसे'त्ति विषकृते गृहीते 'आभिओगिए'त्ति वशीकरणाय मन्त्राभिसंस्कृते गृहीते सति कथञ्चिन्मक्षिकाव्यापत्तिचेतोऽन्यथात्वादिलिङ्गतश्च ज्ञाते सति 'एतेन' आधाकर्मादिना दोषेण भवति 'जाता' पारिस्थापनिका दोषात्परित्यागार्हाहारविषयेत्यर्थः, 'वोच्छं से विहीए वोसिरणं'ति वक्ष्येऽस्या विधिना—जिनोक्तेन व्युत्सर्जनं—परित्यागमिति गाथार्थः ॥७३॥

**एगंतमणावाए अच्चित्ते थंडिल्ले गुरुवइट्ठे।**
**छारेण अक्कमित्ता तिट्ठाणं सावणं कुज्जा ॥७४॥**

व्याख्या—एकान्ते 'अनापाते' स्त्र्याद्यापातरहिते 'अचेतने' चेतनाविकले 'स्थण्डिल्ये' भूभागे 'गुरुपदिष्टे' गुरुणा व्याख्याते, अनेनाविधिज्ञेन परिस्थापनं न कार्यमिति दर्शयति, 'छारेण अक्कमित्ता' भस्मना सम्मिश्र्य 'तिट्ठाणं सावणं कुज्ज'त्ति सामान्येन तिस्रो वाराः श्रावणं कुर्यात्—अमुकदोषदुष्टमिदं व्युत्सृजामि एवं, विशेषतस्तु विषकृताभियोगिकादेरेवापकारकस्यैष विधिः, न त्वाधाकर्मादेः, तद्गतं तु प्रसङ्गेनैव भणिष्याम इति गाथार्थः ॥७४॥

अधुना अजातपारिस्थापनिकी प्रतिपादयन्नाह—

---

**ટીકાર્થ** : આધાકર્મશબ્દનો અર્થ પ્રતીત જ છે. આવા આધાકર્મદોષવાળો આહાર ગ્રહણ થયો હોય, લોભથી આહાર ગ્રહણ કર્યો હોય, વિષમિશ્રિત આહાર ગ્રહણ થતાં, (સાધુને) વશ કરવા મંત્રથી અભિમંત્રિત કરેલો આહાર આવી ગયો હોય. (તે આહાર મંત્રથી મંત્રિત છે એવું કેવી રીતે ખબર પડે ? તે જણાવે છે –) કોઈક રીતે તે આહારમાં માખી પડે અને તે મરી જાય અથવા આહારનું ગ્રહણ થયા પછી મનમાં ખોટા વિચારો આવવાનું ચાલું થાય વિગેરે ચિહ્નોથી આ આહાર અભિમંત્રિત છે એવું જાણ્યા પછી, આવા આધાકર્મ વિગેરે દોષોને કારણે તે આહારનો જે ત્યાગ તે જાતપારિસ્થાપનિકા = દોષથી ત્યાગને યોગ્ય આહારની પારિસ્થાપનિકા કહેવાય છે. આવા આહારના જિનોક્તવિધિપૂર્વકના ત્યાગને હું કહીશ ॥૭૩॥

**ગાથાર્થ : એકાન્ત, અનાપાત, અચિત્ત અને ગુરુએ બતાવેલા ભૂમિભાગમાં રાખથી મિશ્રિત કરીને ત્રણવાર બોલવાપૂર્વક પારિઠાવણી કરવી.**

**ટીકાર્થ** : એકાન્ત, સ્ત્રી વિગેરેની અવર–જવરથી રહિત, અચિત્ત અને ગુરુવડે બતાવેલ એવા ભૂમિભાગમાં; અહીં 'ગુરૂપદિષ્ટ' શબ્દથી વિધિને નહીં જાણનારા શિષ્યે પારિઠાવણી કરવી નહીં એવું જાણવું. ઉપરોક્ત ભૂમિભાગમાં રાખથી સંમિશ્રિત એવા આહારને "અમુકદોષોથી દુષ્ટ એવા આહારને હું પરઠવવું છું" એ પ્રમાણે સામાન્યથી ત્રણવાર બોલીને પરઠવે. આ વિધિ વિશેષ કરીને જે આહાર વિષમિશ્રિત હોય કે અભિમંત્રિત હોય વિગેરે દોષથી દુષ્ટ = અપકારક હોય તેવા આહાર માટે જાણવી, પણ આધાકર્મી વિગેરે માટે નહીં. તેના માટેની વિધિ અમે આગળ પ્રસંગ આવશે ત્યારે કહીશું. ॥૭૪॥

**અવતરણિકા** : હવે અજાતપારિસ્થાપનિકા જણાવતાં કહે છે ➪

**आयरिए य गिलाणे पाहुणए दुल्लहे सहसलाहे ।**

**एसा खलु अज्जाया वोच्छं से विहीएँ वोसिरणं ॥७५॥**

व्याख्या—आचार्ये सत्यधिकं गृहीतं किञ्चिद्, एवं ग्लाने प्राघूर्णके दुर्लभे वा विशिष्टद्रव्ये सति सहसलाभे—विशिष्टस्य कथञ्चिल्लाभे सति अतिरिक्तग्रहणसम्भवः, तस्य च या पारिस्थापनिका एषा खलु 'अजाता' अदुष्टाधिकाहारपरित्यागविषयेत्यर्थः, 'वोच्छं से विहीएँ वोसिरणं' प्राग्वदिति गाथार्थः ॥७५॥

**एगंतमणावाए अच्चित्ते थंडिले गुरुवइट्ठे ।**

**आलोए तिण्णि पुंजे तिट्ठाणं सावणं कुज्जा ॥७६॥**

व्याख्या—पूर्वार्द्धं प्राग्वत् 'आलोए'त्ति प्रकाशे त्रीन् पुञ्जान् कुर्यात्, अत एव मूलगुणदुष्टे त्वेकमुत्तरगुणदुष्टे तु द्वाविति प्रसङ्गः, तथा 'तिट्ठाणं सावणं कुज्ज'त्ति पूर्ववदयं गाथार्थः ॥७६॥

गताऽऽहारपारिस्थापनिका, अधुना नोआहारपारिस्थापनिकां प्रतिपादयति—

**णोआहारंमि जा सा सा दुविहा होइ आणुपुव्वीए ।**

**उवगरणंमि सुविहिया ! नायव्वा नोयउवगरणे ॥७७॥**

निगदसिद्धा, नवरं नोउपकरणं श्लेष्मादि गृह्यते ॥

---

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** આચાર્ય માટે, ગ્લાન માટે, એ જ રીતે મહેમાન માટે કંઈક વધારે ગોચરી લઈને આવ્યા હોય અથવા અતિદુર્લભ એવા વિશિષ્ટદ્રવ્યની અચાનક પ્રાપ્તિ થઈ હોય ત્યારે વધારે વહોરી લાવવાનો સંભવ હોય. (અને તે વધી ગયો હોય ત્યારે) તે આહારની જે પારિઠાવણી તે અજાત = અદુષ્ટ એવા અધિક આહારની પારિસ્થાપનિકા કહેવાય છે. તેના વિધિપૂર્વકના ત્યાગને હું કહીશ ॥૭૫॥

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** ગાથાનો પૂર્વાર્ધ = આગળનો અંશ પૂર્વની ગાથા પ્રમાણે જાણવો. એવા ભૂમિભાગમાં ખુલ્લા સ્થાનમાં ત્રણ ઢગલા કરે. નિર્દોષ આહાર હોય તો ત્રણ ઢગલા કરે એવું કહ્યું માટે જ જો મૂલગુણોથી(= પ્રાણાતિપાતાદિદોષોથી इति ઓઘ. નિ. ભા. ૩૦૫) દુષ્ટ હોય તો એક ઢગલો અને ઉત્તરગુણોથી(= આધાકર્માદિ દોષોથી) દુષ્ટ હોય તો બે ઢગલા કરવા એ વાત અહીં પ્રસંગથી જાણવી. (ગા. ૭૪માં પ્રસંગથી કહીશું એવું જે કહ્યું હતું તે વાત અહીં પ્રસંગથી કહી દીધી.) તથા જે દોષથી દુષ્ટ હોય તે દોષથી દુષ્ટ એવા આહારનું ત્રણવાર કથન કરી પરિસ્થાપન કરવું. ॥૭૬॥

**અવતરણિકા :** આહારની પારિસ્થાપનિકા કહી. હવે નો—આહારપારિસ્થાપનિકાનું પ્રતિપાદન કરે છે ➪

**ગાથાર્થ : હે સુવિહિતમુનિવરો ! ઉપકરણને વિશે અને નો—ઉપકરણને વિશે એમ ક્રમશઃ બે પ્રકારની નો—આહારસંબંધી પારિસ્થાપનિકા જાણવા યોગ્ય છે.**

**ટીકાર્થ :** અર્થ સુગમ જ છે. માત્ર નો—ઉપકરણ તરીકે શ્લેષ્માદિ લેવા. ॥૭૭॥

**उवगरणंमि उ जा सा सा दुविहा होइ आणुपुव्वीए ।**
**जाया चेव सुविहिया ! नायव्वा तह अजाया य ॥७८॥**

निगदसिद्धैव, नवरमुपकरणं वस्त्रादि ॥

**जाया य वत्थपाए वंका पाए य चीवरं कुज्जा ।**
**अज्जायवत्थपाए वोच्चत्थे तुच्छपाए य ॥१॥ (प्र०)**

व्याख्या–जाता च वस्त्रे पात्रे च वक्तव्या, चोदकाभिप्रायस्तावद्वस्त्रे मूलगुणादिदुष्टे वङ्कानि पात्रे च चीवरं कुर्यात्,, अजाता च वक्तव्या–वस्त्रे पात्रे च 'वोच्चत्थे तुच्छपाए य' चोदकाभिप्रायो वस्त्रं विपर्यस्तं–ऋजु स्थाप्यते पात्रं च रिक्तं स्थाप्यत इति, सिद्धान्तं तु वक्ष्यामः, एष तावद् गाथाक्षरार्थः ॥ इयं चान्यकर्तृकी गाथा —

**दुविहा जायमजाया अभिओगविसे य सुद्धऽसुद्धा य ।**
**एगं च दोण्णि तिण्णि य मूलुत्तरसुद्ध जाणाहि ॥७९॥**

व्याख्या–द्विविधा जाताअजातापारिस्थापनिका–आभिओगिकी विषे च शुद्धाऽशुद्धा च, तत्र शुद्धा अजाता भविष्यति, अयं च प्राग्निर्दिष्टः सिद्धान्तः–'एगं च दोण्णि तिण्णि य

---

ગાથાર્થ : હે સુવિહિતમુનિવરો ! ઉપકરણને વિશે જે પારિસ્થાપનિકા છે તે ક્રમશઃ જાત અને અજાત એમ બે પ્રકારની જાણવા યોગ્ય છે.

**ટીકાર્થ :** સુગમ જ છે. માત્ર ઉપકરણ તરીકે વસ્ત્રાદિ જાણવા ॥૭૮॥

ગાથાર્થ : (પ્રક્ષિપ્તગાથા) ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** વસ્ત્ર અને પાત્રને વિશે જાતપારિસ્થાપનિકા જાણવી. (અહીં વસ્ત્ર અને પાત્રની પારિઠાવણી માટે પ્રથમ શિષ્યનો અભિપ્રાય જણાવે છે.) **શિષ્યનો અભિપ્રાય :** જો વસ્ત્ર મૂલગુણાદિથી દુષ્ટ હોય તો પરઠવતી વખતે વસ્ત્રના છેડા વાંકા કરવા. (જેમ કે મૂલગુણથી દુષ્ટ હોય તો વસ્ત્રનો એક છેડો વાંકો કરવો, ઉત્તરગુણથી દુષ્ટ હોય તો બે છેડા વાંકા કરવા – इति चूर्णौ) જો પાત્ર મૂલગુણાદિથી દુષ્ટ હોય તો પરઠવતી વખતે તે પાત્રમાં કપડાંના ટુકડા રાખવા (જેમ કે મૂલગુણથી દુષ્ટ હોય તો પાત્રમાં કપડાંનો એક ટુકડો નાખવો અને ઉત્તરગુણથી દુષ્ટ હોય તે બે ટુકડા નાખવા – इति चूर्णौ)

શિષ્યના અભિપ્રાયે અજાતપારિસ્થાપનિકા આ પ્રમાણે જાણવી-નિર્દોષ વસ્ત્ર કે પાત્રની પારઠાવણી કરવાની હોય તો વસ્ત્રને સીધું= ખોલીને અને પાત્ર ખાલી મૂકવું (એટલે કે એકપણ વસ્ત્રનો ટુકડો મૂકવો નહીં. શિષ્યનો આ અભિપ્રાય માન્ય નથી. તેથી) સિદ્ધાન્તને = સમ્યગ્ વિધિને અમે આગળ કહીશું. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. આ ગાથા અન્યકર્તાવડે બનાવેલી જાણવી.

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જાત અને અજાત એમ બે પ્રકારની પારિસ્થાપનિકા જાણવી. તેમાં આભિયોગિકી, વિષસંબંધી અને અશુદ્ધ વસ્ત્ર–પાત્રની જાતપારિસ્થાપનિકા થશે. તથા શુદ્ધ વસ્ત્ર–પાત્રની અજાતપારિસ્થાપનિકા થશે. અહીં પૂર્વે કહેલ સિદ્ધાન્ત આ પ્રમાણે જાણવો કે મૂલગુણથી અશુદ્ધ

**मूलुत्तरसुद्ध जाणाहि' मूलगुणाऽसुद्धे एको ग्रन्थिः पात्रे च रेखा, उत्तरगुणासुद्धे द्वौ, शुद्धे त्रय इति गाथाक्षरार्थः ॥ अवयवार्थस्तु गाथाद्वयस्याप्ययं सामाचार्यभिज्ञैर्गीत इति—[७९]उवगरणे णोउवगरणे य, उवगरणे जाता अजाता य, जाता वत्थे पाए य, अजातावि वत्थे पाए य, जाता णाम वत्थं पायं वा मूलगुणअसुद्धं उत्तरगुणअसुद्धं वा अभिओगेण वा विसेण वा, जं विसेण आभिओगियं वा वत्थं पायं वा तं खंडाखंडि काऊण विगिंचियव्वं, सावणा य तहेव, जाणि अइरित्ताणि वत्थपायाणि कालगए वा पडिभग्गे वा साहारणगहिए वा जाएज्ज एत्थ का विगिंचणविही ?, चोयओ भणइ—आभिओगविसाणं तहेव खंडाखंडिं काऊण विगिंचणा मूलगुणअसुद्धस्स वत्थस्स**

વસ્ત્ર–પાત્ર હોય તો વસ્ત્રમાં ગાંઠ અને પાત્રમાં એક રેખા કરવી. ઉત્તરગુણથી અશુદ્ધ વસ્ત્રમાં બે ગાંઠ અને પાત્રમાં બે રેખા કરવી. તથા શુદ્ધ હોય તો બંનેમાં ક્રમશઃ ત્રણ ગાંઠ અને ત્રણ રેખા કરવી. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ॥૭૯॥

ઉપરોક્ત બંને ગાથાઓનો (=૭૮ અને ૭૯ ગાથાઓનો) વિસ્તારાર્થ સામાચારીને જાણનારા પુરુષોવડે આ પ્રમાણે જણાવેલો છે – ઉપકરણનો અને ઉપકરણ એ પ્રમાણે નો–આહારપારિસ્થાપનિકાના બે ભેદ છે. ઉપકરણમાં જાત અને અજાત એમ બે ભેદો છે. વસ્ત્ર અને પાત્રને આશ્રયી જાત અને અજાતપારિસ્થાપનિકા છે. તેમાં જે વસ્ત્ર કે પાત્ર મૂલગુણથી અશુદ્ધ હોય અથવા ઉત્તરગુણથી અશુદ્ધ હોય અથવા મંત્રથી મંત્રિત કે વિષથી મિશ્રિત હોય, તે વસ્ત્ર–પાત્રને પરઠવવું તે જાતપારિસ્થાપનિકા છે.

(તેની વિધિ આ પ્રમાણે જાણવી –) જે વસ્ત્ર કે પાત્ર વિષથી મિશ્રિત છે અથવા મંત્રથી મંત્રિત છે તે વસ્ત્ર કે પાત્રના ટુકડે–ટુકડા કરીને પરઠવવી દેવા અને મોટા અવાજવડે "અમુકદોષથી દુષ્ટ વસ્ત્ર કે પાત્રને હું પરઠવવું છું" એ પ્રમાણે ત્રણવાર પૂર્વની જેમ બોલે. જે વળી વધારાના વસ્ત્ર–પાત્ર હોય, (વધારાના કેવી રીતે આવ્યા ? તે કહે છે –) કોઈનો કાલધર્મ થયો હોય અથવા કોઈએ દીક્ષા છોડી હોય અથવા ગચ્છમાં સામાન્ય ઉપકરણો કોઈ કારણે વહોર્યા હોય (અને કાર્ય પૂર્ણ થતાં તે વસ્ત્ર–પાત્રનું હવે પ્રયોજન ન હોય) એટલે એ વધારાના વસ્ત્ર–પાત્રની પારિસ્થાપનિકાનું પ્રયોજન ઉત્પન્ન થાય ત્યારે એવા વધારાના વસ્ત્ર–પાત્ર કોઈ અન્ય ગચ્છાદિના સાધુઓ શોધતા હોય (ત્યારે તેમને તે ઉપયોગમાં આવી શકે તે માટે વિધિપૂર્વક પરઠવવા જોઈએ.)

તે પરઠવવાની વિધિ કઈ છે ? તે જણાવે છે – તેમાં પ્રથમ શિષ્યનો અભિપ્રાય જણાવે છે (કે જે માન્ય નથી. આચાર્ય પોતાનો માન્યપક્ષ પછી બતાવશે.) – તે વધારાના વસ્ત્ર–પાત્રમાં જે વસ્ત્ર–પાત્ર મંત્રિત હોય કે વિષથી ભાવિત હોય તેના ટુકડે–ટુકડા કરીને પરઠવવી દેવા. જે

७९. उपकरणे नोउपकरणे च, उपकरणे जाता अजाता च, जाता वस्त्रे पात्रे च, अजाताऽपि वस्त्रे पात्रे च, जाता नाम यद् वस्त्रं पात्रं वा मूलगुणाशुद्धमुत्तरगुणाशुद्धं वा अभियोगेन वा विषेण वा, यद् विषेणाभियोगिकं वा वस्त्रं पात्रं वा तद् खण्डशः कृत्वा परिष्ठापनीयं, रेखाश्च तथैव, यान्यतिरिक्तानि वस्त्रपात्राणि कालगते वा प्रतिभग्ने वा साधारणगृहीते वा याचेत, अत्र कः परिष्ठापनविधिः ? – चोदको भणति–आभियोगिकविषयोः तथैव खण्डशः कृत्वा विवेकः मूलगुणाशुद्धस्य वस्त्रस्य

[૮૦] एक्कं वंकं कीरइ, उत्तरगुणअसुद्धस्स दोण्णि वंकाणि, सुद्धं उज्जुयं विगिंचिज्जइ, पाए मूलगुणऽसुद्धे एगं चीरं दिज्जइ, उत्तरगुणअसुद्धे दोन्नि चीरखंडाणि पाए छुब्भंति, सुद्धं तुच्छं कीरइ–रित्तयंति भणियं होइ, आयरिया भणंति–एवं सुद्धंपि असुद्धं भवइ, कहं ?, उज्जुयं ठवियं, एगेण वंकेण मूलगुणअसुद्धं जायं, दोहिं उत्तरगुणअसुद्धं, एकवंकं दुवंकं वा होज्जा दुवंकं एकवंकं वा होज्जा, एवं मूलगुणे उत्तरगुणा होज्जा उत्तरगुणे वा मूलगुणा होज्जा, एवं चेव पाएवि होज्जा, एगं चीवरं निग्गयं मूलगुणासुद्धं जायं, दोहिं विणिग्गएहिं सुद्धं जायं, जे य तेहिं वत्थपाएहिं परिभुंज्जंतेहिं दोसा तेसिं आवत्ती होति, तम्हा जं भणियं ते तं न जुत्तं, तओ

વળી મૂલગુણથી અશુદ્ધ વસ્ત્ર છે તે વસ્ત્રનો એક છેડો વાંકો કરી તે વસ્ત્રને પરઠવવું. ઉત્તરગુણથી અશુદ્ધ હોય તો બે છેડા વાંકા કરવા. જો શુદ્ધ વસ્ત્ર હોય તો આખું પહોળું કરીને પરઠવવું. પાત્રમાં મૂલગુણથી અશુદ્ધ હોય તો તે પાત્રમાં એક વસ્ત્રનો નાનો ટુકડો ચિહ્નરૂપે મૂકવો. ઉત્તરગુણથી અશુદ્ધ હોય તો બે ટુકડા મૂકવા. જો પાત્રુ શુદ્ધ હોય તો ખાલી પાત્રુ મૂકવું.

અહીં આચાર્ય (શિષ્યના અભિપ્રાયમુજબ પરઠવવામાં કંઈ મુશ્કેલી ઊભી થાય ? તે) જણાવે છે – આ પ્રમાણે જો પરઠવવામાં આવે તો શુદ્ધ પણ અશુદ્ધ બની જશે. કેવી રીતે ? તે કહે છે – શુદ્ધ એવા વસ્ત્રને તમે ખુલ્લું પરઠવ્યું. કોઈ કારણસર તેનો એક છેડો સહજ રીતે વળી જતા તે વસ્ત્ર મૂલગુણથી અશુદ્ધ બની જશે. એ જ રીતે જો (પવનાદિના કારણે) બે છેડા વળી ગયા તો ઉત્તરગુણથી અશુદ્ધ બની જશે.

એ જ રીતે મૂલગુણથી અશુદ્ધ એવા વસ્ત્રનો એક છેડો વાંકો કરીને તમે પરઠવ્યું અને ગમે તે કારણસર તે વસ્ત્રના બે છેડા વાંકા થઈ જાય અથવા બે વાંકા છેડાવાળા વસ્ત્રનો એક છેડો સીધો થઈ જાય તો ક્રમશઃ મૂલગુણથી અશુદ્ધ ઉત્તરગુણથી અશુદ્ધ થશે અથવા ઉત્તરગુણથી અશુદ્ધ મૂલગુણથી અશુદ્ધ થશે. એ જ પ્રમાણે પાત્રામાં પણ બે ટુકડામાંથી એક ટુકડો નીકળી જતાં તે ઉત્તરગુણથી અશુદ્ધ પાત્રુ મૂલગુણથી અશુદ્ધ બની જશે. જો બંને ટુકડા નીકળી ગયા તો શુદ્ધ બની જશે. તથા તે વસ્ત્ર-પાત્રને વાપરવાદ્વારા જે કોઈ દોષો થાય તે દોષોની પ્રાપ્તિ તે વાપરનાર સાધુઓને થાય. તે કારણથી તમે (શિષ્યે) જે કહ્યું તે યોગ્ય નથી.

૮૦. एकं वक्रं क्रियते, उत्तरगुणाशुद्धस्य द्वे वक्रे, शुद्धमृजुकं त्यज्यते, पात्रे मूलगुणाशुद्धे एकं चीवरं दीयते, उत्तरगुणाशुद्धे द्वे चीवरखण्डे पात्रे क्षिप्येते, शुद्धं तुच्छं क्रियते–रिक्तमिति भणितं भवति, आचार्या भणन्ति–एवं शुद्धमप्यशुद्धं भवति, कथं ?, ऋजुकं स्थापितं, एकेन वक्रेण मूलगुणाशुद्धं जातं, द्वाभ्यामुत्तरगुणाशुद्धं, एकवक्रं द्विवक्रं वा भवेत् द्विवक्रं वैकवक्रं भवेत्, एवं मूलगुण उत्तरगुणा भवेत् उत्तरगुणे वा मूलगुणा भवेत्, एवमेव पात्रेऽपि भवेत्, एकं चीवरं निर्गतं मूलगुणाशुद्धं जातं, द्वयोर्विनिर्गतयोः शुद्धं जातं, ये च तेषु वस्त्रपात्रेषु परिभुज्यमानेषु दोषास्तेषामापत्तिर्भवति, तस्मात् यद् भणितं त्वया तन्न युक्तं, ततः

[८१] कहं दाउं विगिंचियव्वं ?, आयरिया भणंति—मूलगुणे असुद्धे वत्थे एगो गंठी कीरइ उत्तरगुणअसुद्धे दोण्णि सुद्धे तिण्णि एवं वत्थे, पाए मूलगुणअसुद्धे अंतो अड्डए एगा सण्हिया रेहा कीरइ, उत्तरगुणअसुद्धे दोण्णि, सुद्धे तिण्णि रेहाओ, एवं णायं होइ, जाणएण कायव्वाणि, कहिं परिट्ठवेयव्वाणि ?—एगंतमणावाए सह पत्ताबंधरयत्ताणेण, असइ पडिलेहणियाए दोरेण मुहे बज्झइ, उद्धमुहाणि ठविज्जंति, असइ ठाणस्स पासल्लियं ठविज्जइ, जतो वातागमो ततो पुप्फयं कीरइ, एयाए विहीए विगिंचिते जइ कोइ अगारो गेण्हति तहावि वोसट्ठाऽहिगरणा सुद्धा साहुणो, जेहिं अण्णेहिं साहूहिं गहियाणि जइ कारणे गहियाणि ताणि य सुद्धाणि जावज्जीवाए परिभुंजंति,

તો શું કરીને પરઠવવા યોગ્ય છે ? અહીં આચાર્ય જવાબ આપે છે કે મૂલગુણથી અશુદ્ધ એવા વસ્ત્રને એક ગાંઠ દેવી, ઉત્તરગુણથી અશુદ્ધ વસ્ત્રમાં બે ગાંઠ લગાવવી અને શુદ્ધ વસ્ત્રને ત્રણ ગાંઠ લગાવીને પરઠવવું. પાત્રમાં પણ અંદર તળિયાના ભાગમાં એક સૂક્ષ્મ રેખા કરે ઉત્તરગુણથી અશુદ્ધમાં બે અને શુદ્ધમાં ત્રણ રેખાઓ કરે. આ રીતે કરવાથી લેનાર સાધુને શુદ્ધ કે અશુદ્ધનો ખ્યાલ આવે છે. (આ ચિહ્નો કોણ કરે ?) જે વિધિનો જાણકાર હોય તેણે આ ચિહ્નો કરવા. ક્યાં પરઠવવાના ? તે કહે છે કે – એકાન્ત અને અનાપાત એવા સ્થાનમાં પાત્રબંધક અને રજસ્ત્રાણવડે બાંધીને પરઠવવા. જો પાત્રબંધકાદિ ન હોય તો પાત્રપ્રતિલેખનિકાવડે (પહેલાના કાળમાં પાત્રને પૂંજવા માટે જે નાનો વસ્ત્રનો ટુકડો રાખતા હતા તેનાવડે) પાત્રના મુખને દોરાથી બાંધીને પરઠવે. (એટલે કે તે વસ્ત્રના ટુકડાવડે પાત્રાનું મુખ બાંધીને તેની ઉપર દોરો બાંધીને પરઠવે.) પરઠવતી વખતે પાત્રનું મુખ ઉપર રહે એ રીતે સીધા મૂકી દે. પરંતુ જો સીધા રાખી શકાય એવું પાત્રની નીચેના ભાગમાં બેઠકસ્થાન ન હોય તો પાત્રને એક બાજુ નમાવીને આડું રાખવું અથવા જે બાજુથી પવન આવતો હોય તે બાજુ પીઠનો ભાગ કરવો (એટલે કે પાત્રનું મુખ પવનથી વિરુદ્ધ દિશામાં કરવું.)

આ પ્રમાણે વિધિપૂર્વક પાત્રુ પરઠવ્યા બાદ જો કોઈ ગૃહસ્થ તે પાત્રને ગ્રહણ કરે તો પણ પરઠવનારા સાધુઓને અધિકરણાદિનો (=તે પાત્રવડે ગૃહસ્થ જે હિંસાદિ દોષો સેવે તે હિંસાદિનો) દોષ લાગતો નથી. આ રીતે વિધિપૂર્વક પરઠવેલા આહાર, વસ્ત્ર કે પાત્ર જે અન્ય સાધુઓએ ગ્રહણ કર્યા હોય તે જો કારણે ગ્રહણ કર્યા હોય અને ગ્રહણ કરાયેલા તે વસ્ત્રાદિ જો શુદ્ધ હોય તો તે સાધુઓ યાવજ્જીવ તે વસ્ત્રાદિનો પરિભોગ કરે છે. જો કોઈ કારણસર મૂલ–ઉત્તરગુણોથી અશુદ્ધ

८१. कथं दत्त्वा ( चिह्नं ) विवेक्तव्यं ?, आचार्या भणन्ति—मूलगुणाशुद्धे वस्त्रे एको ग्रन्थिः क्रियते उत्तरगुणाशुद्धे द्वौ शुद्धे त्रयः एवं वस्त्रे, पात्रे मूलगुणाशुद्धे अन्तस्तले एका श्लक्ष्णा रेखा क्रियते उत्तरगुणाशुद्धे द्वे शुद्धे तिस्रो रेखाः, एवं ज्ञातं भवति, जानानेन कर्त्तव्यानि, क्व परिष्ठापनीयानि ?, एकान्तेऽनापाते सह पात्रबन्धरजस्त्राणाभ्यां, असत्यां पात्रप्रतिलेखनिकाया दवरकेण मुखं बध्यते, ऊर्ध्वमुखानि स्थाप्यन्ते, असति स्थाने तिर्यक्तं स्थाप्यते, यतो वाय्वागमनं ततः ( तस्यां दिशि ) पुष्पकं ( पृष्ठं ) क्रियते, एतेन विधिना त्यजिते यदि कश्चिद्गृहस्थो गृह्णाति तथापि व्युत्सृष्टारः अधिकरणमाश्रित्य शुद्धाः साधवः, यैरन्यैः साधुभिर्गृहीतानि यदि कारणे गृहीतानि तानि च शुद्धानि यावज्जीवं परिभुञ्जन्ति,

[८२] मूलगुणउत्तरगुणेसु उप्पण्णे ते विगिंचिज्जंति, गतोपकरणपारिस्थापनिका ॥७९॥

अधुना नोउपकरणपारिस्थापनिका प्रतिपाद्यते, आह च—

**नोउवगरणे जा सा चउव्विहा होइ आणुपुव्वीए ।**
**उच्चारे पासवणे खेले सिंघाणए चेव ॥८०॥**

व्याख्या–निगदसिद्धैव, विधिं भणति—

**उच्चारं कुव्वंतो छायं तसपाणरक्खणट्ठाए ।**
**कायदुयदिसाभिग्गहे य दो चेवऽभिगिण्हे ॥८१॥**
**पुढवितसपाणसमुट्ठिएहिं एत्थं तु होइ चउभंगो ।**
**पढमं पयं पसत्थं सेसाणि उ अप्पसत्थाणि ॥८२॥**

इमीणं वक्खाणं–जस्स गहणी संसज्जइ तेण छायाए वोसिरियव्वं, केरिसाए छायाए ?– जो ताव लोगस्स उवभोगरुक्खो तत्थ न वोसिरिज्जति, निरुवभोगे वोसिरिज्जति, तस्सवि जा सयाओ पमाणाओ निग्गया तत्थेव वोसिरिज्जति, असति रुक्खाणं काएणं छाया कीरइ तेसु

એવા વસ્ત્રાદિ ગ્રહણ કર્યા હોય તો જ્યારે શુદ્ધ એવા વસ્ત્રાદિની પ્રાપ્તિ થાય કે તરત તે અશુદ્ધ વસ્ત્રાદિ પરઠવી દે. આ રીતે ઉપકરણની પરિસ્થાપના પૂર્ણ થઈ.

**અવતરણિકા :** હવે નો–ઉપકરણપારિસ્થાપનિકા પ્રતિપાદન કરાય છે. તે જ કહે છે ⇨

**ગાથાર્થ : નો–ઉપકરણને વિશે જે પારિસ્થાપનિકા છે તે ક્રમશઃ ચારપ્રકારની છે – વડીનીતિને વિશે, લઘુનીતિને વિશે, શરીરના મેલ વિશે અને શ્લેષ્મને વિશે.**

**ટીકાર્થ :** સુગમ જ છે. ॥૮૦॥ હવે તે વિધિને કહે છે ⇨

**ગાથાર્થ : વડીનીતિને કરતો સાધુ ત્રસજીવોની રક્ષા કરવા માટે છાયાને કરે છે. બે પ્રકારના કાયજીવો–દિશાનો અભિગ્રહ– અને બંનેને ગ્રહણ કરે છે.**

**ગાથાર્થ : પૃથ્વી વિગેરે સ્થાવર અને ત્રસજીવોને આશ્રયી ચતુર્ભંગી અહીં થાય છે. તેમાં પ્રથમ ભાંગો શુદ્ધ છે, શેષ ભાંગા અશુદ્ધ જાણવા.**

**ટીકાર્થ :** આ બંને ગાથાઓનું વ્યાખ્યાન કરે છે : જે સાધુનું ઉદર (संसत्तगहणी=कृमिसंसक्तोदरं - ओ.नि.भा.१८५) કૃમિ વિગેરે જીવોથી યુક્ત થાય છે તે સાધુએ છાયામાં જ વિષ્ટાનું વિસર્જન કરવું જોઈએ. કેવા પ્રકારની છાયામાં ? તે કહે છે – જે વૃક્ષ લોકોના વપરાશમાં આવતું હોય (એટલે કે જે વૃક્ષની છાયામાં લોકો આવીને બેસતા હોય) તે વૃક્ષની છાયામાં વિસર્જન કરવું નહીં, પરંતુ જે વૃક્ષ લોકોના વપરાશમાં આવતું ન હોય, તે વૃક્ષની છાયામાં અને તે પણ વૃક્ષના પોતાના પ્રમાણથી બહાર નીકળતી હોય તેવી છાયામાં જ વિસર્જન કરે. (કારણ કે તે વૃક્ષની નીચે મૂલની

८२. मूलगुणोत्तरगुणेषु ( शुद्धेषु ) उत्पन्नेषु तानि विविच्यन्ते–अनयोर्व्याख्यानं यस्योदरं संसज्यते तेन छायायां व्युत्स्रष्टव्यं, कीदृश्यां छायायां ?, यस्तावल्लोकस्योपभोगवृक्षस्तत्र न व्युत्सृज्यते, निरुपभोगे व्युत्सृज्यते, तस्यापि या स्वकीयात् प्रमाणात् निर्गता तत्रैव व्युत्सृज्यते, असत्सु वृक्षेषु कायेन छाया क्रियते तेषु

[८३] **परिणएसु वच्चइ, काया दोण्णि–तसकाओ थावरकाओ य, जइ पडिलेहेइवि पमज्जइऽवि तो एगिंदियावि रक्खिया तसावि, अह पडिलेहेइ न पमज्जइ तो थावरा रक्खिया तसा परिच्चत्ता, अह न पडिलेहेइ पमज्जइ थावरा परिचत्ता तसा रक्खिया, इयरत्थ दोवि परिचत्ता, सुप्पडिलेहियसुप्पमज्जिएसुवि ४ पढमं पयं पसत्थं, बिइयतइए एक्केक्केण चउत्थं दोहिवि अप्पसत्थं, पढमं आयरियव्वं सेसा परिहरियव्वा, दिसाभिग्गहे–**

*"उभे मूत्रपुरीषे च, दिवा कुर्यादुदङ्मुखः ।*
*रात्रौ दक्षिणतश्चैव, तस्य आयुर्न हीयते ॥१॥"*

---

ચારે બાજુ ૧–૧ હાથ) સુધી સચિત્તભૂમિ હોવાની સંભાવના છે. તેથી એટલા ભાગને છોડીને છાયાવાળા ભાગમાં વિસર્જન કરે. તથા તે વૃક્ષ જો દેવાધિષ્ઠિત હોય તો ઉપદ્રવ પણ થાય નહીં.

જો એવા ઉપભોગ વિનાના વૃક્ષો ન હોય તો પોતાની કાયાવડે છાયા કરે. જ્યારે તે જીવો ચ્યવી જાય ત્યારે ત્યાંથી પાછો ફરે. જીવો બે પ્રકારના છે – ત્રસકાય અને સ્થાવરકાય. (પરઠવવા યોગ્ય વસ્તુ જ્યાં પરઠવવાની હોય તે સ્થાનનું સૌ પ્રથમ પ્રતિલેખન અને પછી પ્રમાર્જના કરવાનું હોય છે. જેથી બંને પ્રકારના જીવોનું રક્ષણ થાય છે. અહીં ત્રસ–સ્થાવર બંને જીવોને આશ્રયીને ચતુર્ભંગી હવે બતાવે છે –) (૧) જો સ્થાનનું પ્રતિલેખન અને પ્રમાર્જન બંને કરો તો ત્રસ અને સ્થાવર બંને જીવોની રક્ષા થાય છે. (૨) પ્રતિલેખન કર્યુ (એટલે કે વનસ્પતિ વિગેરે નથી ને તે જોયું. પરંતુ ચર્મચક્ષુથી ન દેખાય તેવા સૂક્ષ્મ ત્રસજીવોની રક્ષા માટે) પ્રમાર્જન ન કર્યું તો સ્થાવરજીવોની રક્ષા થઈ પરંતુ ત્રસજીવોનો ત્યાગ થયો = રક્ષા ન થઈ. (૩) પ્રતિલેખન ન કર્યું, પ્રમાર્જન કર્યું તો સ્થાવરજીવોનો ત્યાગ થયો અને ત્રસજીવોની રક્ષા થઈ. (૪) પ્રતિલેખન–પ્રમાર્જન બંને ન કરો તો બંને જીવોનો ત્યાગ થયો.

(આ પ્રતિલેખન અને પ્રમાર્જન પણ સારી રીતે કરવાનું હોવાથી સુપ્રતિલેખન-સુપ્રમાર્જન વિગેરે ચાર ભાંગા થશે. તે આ પ્રમાણે કે) (૧) સુપ્રતિલેખન અને સુપ્રમાર્જન. (૨) સુપ્રતિલેખન – દુષ્પ્રમાર્જન. (૩) દુષ્પ્રતિલેખન અને સુપ્રમાર્જન. (૪) દુષ્પ્રતિલેખન – દુષ્પ્રમાર્જન. ('ङ्क' આ ચાર સંખ્યાને જણાવનારી સંજ્ઞા છે. તેથી) સુપ્રતિલેખન–સુપ્રતિમાર્જિત વિગેરે ચારમાં પ્રથમ ભાંગો પ્રશસ્ત છે. બીજો–ત્રીજો ભાંગો એક–એક અંશમાં પ્રશસ્ત છે અને ચોથો ભાંગો બંનેને આશ્રયીને અપ્રશસ્ત છે. આમાં પ્રથમ ભાંગો જ આચરવા યોગ્ય છે, શેષ ભાંગાઓ છોડી દેવા.

મૂત્ર અને વિષ્ટા બંનેને આશ્રયી દિશાનો અભિગ્રહ આ પ્રમાણે જાણવો કે-"દિવસે માત્રુ કે વિષ્ટા કરવાના આવે ત્યારે ઉત્તરદિશા તરફ મુખ રાખીને કરવા અને રાત્રિએ દક્ષિણદિશામાં

---

**८३. परिणतेषु व्रज्यते, कायौ द्वौ–त्रसकायः स्थावरकायश्च, यदि प्रतिलेखयत्यपि प्रमार्जयत्यपि तदैकेन्द्रिया अपि रक्षितास्त्रसा अपि, अथ प्रतिलेखयति न प्रमार्जयति तदा स्थावरा रक्षिताः, त्रसाः परित्यक्ताः, अथ न प्रतिलेखयति न प्रमार्जयति स्थावराः परित्यक्ताः त्रसा रक्षिताः, इतरत्र द्वयेऽपि परित्यक्ताः सुप्रत्युपेक्षितसुप्रमार्जितयोरपि ४ प्रथमं पदं प्रशस्तं, द्वितीयतृतीययोरेकैकेन चतुर्थं द्वाभ्यामपि अप्रशस्तं, प्रथममाचरितव्यं शेषाः परिहर्त्तव्याः, दिगभिग्रहे–**

[८४]दो चेव एयाउ अभिगेण्हंति, डगलगहणे तहेव चउभंगो, सूरियगामे एवमाइ विभासा कायव्वा जहासंभवं ॥

अधुना शिष्यानुशास्तिपरां परिसमाप्तिगाथामाह—

**गुरुमूलेवि वसंता अनुकूला जे न होंति उ गुरूणं ।**
**एएसिं तु पयाणं दूरंदूरेण ते होंति ॥८३॥**

व्याख्या—'गुरुमूलेवि' गुर्वन्तिकेऽपि 'वसन्तः' निवसमानाः अनुकूला ये न भवन्त्येव गुरूणाम्, एतेषां 'पदानां' उक्तलक्षणानां, तुशब्दादन्येषां च दूरंदूरेण ते भवन्ति, अविनीतत्वात्तेषां श्रुतापरिणतेरिति गाथार्थः ॥ पारिस्थापनिकेयं समाप्तेति ॥

**पडिक्कमामि छहिं जीवनिकाएहिं—पुढविकाएणं आउकाएणं तेउकाएणं वाउकाएणं वणस्सइकाएणं तसकाएणं । पडिक्कमामि छहिं लेसाहिं—किण्हलेसाए नीललेसाए काउलेसाए तेउलेसाए पम्हलेसाए सुक्कलेसाए ॥ पडिक्कमामि सत्तहिं भयट्ठाणेहिं । अट्ठहिं मयट्ठाणेहिं । नवहिं बंभचेरगुत्तीहिं । दसविहे समणधम्मे । एक्कारसहिं उवासगपडिमाहिं । बारसहिं भिक्खुपडिमाहिं । तेरसहिं किरियाठाणेहिं ( सू० )**

**प्रतिक्रामामि षड्भिर्जीवनिकायैः प्रतिषिद्धकरणादिना प्रकारेण हेतुभूतैर्यो मया दैवसिकोऽतिचारः**

---

મુખ રાખવું. આ રીતે કરતા સાધુનું આયુષ્ય હીન થતું નથી. ॥૧॥" દિવસ અને રાત્રિસંબંધી ઉત્તર–દક્ષિણ એમ બે દિશાના અભિગ્રહો સાધુઓ ગ્રહણ કરે છે. (વડીનીતિ વિગેરે માટે) પથ્થરના ગ્રહણમાં તે જ રીતે (= સુપ્રતિલેખન અને સુપ્રમાર્જન કરીને પથ્થર ગ્રહણ કરવું વિગેરે રીતે) ચતુર્ભંગી જાણવી. તથા સૂર્ય અને ગામને પીઠ ન કરે વિગેરે યથાસંભવ વર્ણન જાણી લેવું. (આ પ્રમાણે વડીનીતિ વિગેરે ચાર વસ્તુની પારિઠાવણીની વિધિ જણાવી.) ॥૮૧-૮૨॥

**અવતરણિકા :** હવે શિષ્યને હિતશિક્ષારૂપે પરિસમાપ્તિની ગાથા જણાવે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ગુરુપાસે પણ રહેતા એવા જે શિષ્યો ગુરુઓને અનુકૂળ થતાં નથી, તેવા શિષ્યો પૂર્વે કહેવાયેલી સંપૂર્ણ પારિસ્થાપનિકાવિધિથી અને 'તુ' શબ્દથી બીજા પણ અન્ય આગમિકપદાર્થોથી ઘણા દૂર થાય છે (એટલે કે તે પદાર્થોને આવા શિષ્યો સમ્યગ્ રીતે સમજી શકતા નથી.) કારણ કે આવા શિષ્યો વિનયહીન હોવાથી તેઓને શ્રુતની પરિણતિ થતી નથી એટલે કે શ્રુત પરિણામ પામતું નથી (એટલે કે આવા શિષ્યો કદાચ ભણે તો પણ વિશિષ્ટ કર્મનિર્જરા વિગેરે ફલો પામી શકતા નથી.) ॥૮૩॥

॥ પારિસ્થાપનિકાનિર્યુક્તિ પૂર્ણ થઈ ॥

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કારણભૂત એવા ષડ્જીવનિકાયોને આશ્રયીને પ્રતિષિદ્ધનું કરણ વિગેરેને કારણે મારાદ્વારા જે દૈવસિક અતિચાર કરાયો, તેનું હું પ્રતિક્રમણ કરું છું. તે ષડ્જીવનિકાય આ પ્રમાણે

---

८४. द्वे एवैते अभिगृह्येते, डगलकग्रहणे तथैव चतुर्भङ्गी, सूर्यग्रामयोरेवमादि विभाषा कर्त्तव्या यथासंभवं ।

कृतः, तद्यथा—पृथिवीकायेनेत्यादि । पडिक्कमामि छहिं लेसाहिं — किण्हलेसाए ६, प्रतिक्रामामि षड्भिर्लेश्याभिः करणभूताभिर्यो मया दैवसिकोऽतिचारः कृतः, तद्यथा—कृष्णलेश्ययेत्यादि—

*"कृष्णादिद्रव्यसाचिव्यात्, परिणामो य आत्मनः ।*
*स्फटिकस्येव तत्रायं, लेश्याशब्दः प्रयुज्यते ॥१॥"*

कृष्णादिद्रव्याणि तु सकलप्रकृतिनिष्यन्दभूतानि, आसां च स्वरूपं जम्बूखादकदृष्टान्तेन ग्रामघातकदृष्टान्तेन च प्रतिपाद्यते — [૮૫]'जह जंबुतरुवरेगो सुपक्कफलभरियनमियसालग्गो । दिट्ठो छहिं पुरिसेहिं ते बिंती जंबु भक्खेमो ॥१॥ किह पुण ? ते बेंतेक्को आरुहमाणाण जीवसंदेहो । तो छिंदिऊण मूले पाडेमुं ताहे भक्खेमो ॥२॥ बितिआह एद्दहेणं किं छिण्णेणं तरूण अम्हंति ? साहा महल्ल छिंदह तइओ बेती पसाहाओ ॥३॥ गोच्छे चउत्थओ उण पंचमओ बेति गेण्हह फलाइं । छट्ठो

જાણવા—પૃથિવીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. કરણભૂત એવી છ લેશ્યાઓને કારણે મારાદ્વારા જે દૈવસિક અતિચાર કરાયો છે, તેનું હું પ્રતિક્રમણ કરું છું. તે છ લેશ્યા આ પ્રમાણે જાણવી – કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. "કૃષ્ણ વિગેરે દ્રવ્યોના સહાયથી સ્ફટિક જેવા આત્મામાં જે પરિણામ ઉત્પન્ન થાય છે તેમાં આ લેશ્યાશબ્દનો પ્રયોગ થાય છે ॥૧॥" કૃષ્ણ વિગેરે દ્રવ્યો સકલ કર્મપ્રકૃતિના નિષ્યન્દ=ઝરણાંરૂપે છે. (જેમ ઝરણાનું મૂળ અપ્કાયયોનિ છે, તેમ કૃષ્ણાદિદ્રવ્યોનું = દ્રવ્યલેશ્યાનું મૂળ કર્મપ્રકૃતિ છે. કર્મોદય સતત પ્રવર્તે છે તેને લીધે કૃષ્ણાદિદ્રવ્યોનું ગ્રહણ સતત થયા કરે છે. અને એ કૃષ્ણાદિદ્રવ્યોને કારણે ભાવલેશ્યા પ્રગટ થાય છે. જ્યારે આત્મા સાવધ થાય, સાવચેત થાય ત્યારે આત્મવીર્ય ભળે છે. આત્મવીર્ય ભળતાં કર્મના વિપાકો બદલાય છે, ક્ષયોપશમ થાય છે અને તેનાથી દ્રવ્યલેશ્યા બદલાય છે. દ્રવ્યલેશ્યા બદલાતા ભાવલેશ્યા બદલાય છે. તેથી જો દ્રવ્યલેશ્યા એ કર્મપ્રકૃતિનું નિષ્યન્દ છે, તો ભાવલેશ્યા એ દ્રવ્યલેશ્યાનું નિષ્યન્દ છે. છતાં ભાવલેશ્યા શબ્દનો પ્રયોગ મુખ્યતાએ આત્મપરિણામમાં થાય છે. इति बहुश्रुता वदन्ति)

અને તે લેશ્યાઓનું સ્વરૂપ જાંબૂ ખાનારાના દૃષ્ટાન્તથી અને ગ્રામઘાતકના દૃષ્ટાન્તથી પ્રતિપાદન કરાય છે. **જાંબૂ ખાનારાઓનું દૃષ્ટાન્ત** – સારી રીતે પાકેલા ફળોથી ભરપૂર અને માટે જ નમેલા એવા શાખાના અગ્રભાગોવાળું એક જાંબૂનું વૃક્ષ છ પુરુષોએ જોયું. તેઓએ પરસ્પર કહ્યું – "ચલો આપણે જાંબૂ ખાઈએ." "પરંતુ ખાવા કેવી રીતે ?" એ પ્રમાણે બધા બોલે છે. તેમાં એક પુરુષે કહ્યું – "ઝાડ ઉપર ચઢતા જો પડશું તો પોતાના જીવઘાતનો સંભવ છે. તેથી આ ઝાડને મૂલથી છેદીને નીચે પાડીએ અને પછી ખાઈએ." બીજાએ કહ્યું – "આટલા મોટા વૃક્ષને છેદીને આપણે શું કામ છે ? એના કરતા મોટી–મોટી ડાળીઓ છેદો." ત્રીજાએ કહ્યું – "મોટી

૮૫. यथा जम्बूतरुवर एकः सुपक्वफलभारनम्रशालाग्रः । दृष्टः षड्भिः पुरुषैस्ते ब्रुवते जम्बूः भक्षयामः ॥१॥ कथं पुनः ? तेषामेको ब्रवीति आरुहतां जीवसंदेहः । तद् व्युच्छिद्य मूलात् पातयामस्ततो भक्षयामः ॥२॥ द्वितीय आह—एतावता तरुणा छिन्नेनास्माकं किम् ? । शाखां महतीं छिन्त्त तृतीयो ब्रवीति प्रशाखाम् ॥३॥ गुच्छान् चतुर्थः पुनः पञ्चमो ब्रवीति गृह्णीत फलानि । षष्ठो

[८६] बेती पडिया एएच्चिय खाह घेत्तुं जे ॥४॥ दिट्ठंतस्सोवणओ जो बेति तरूवि छिन्न मूलाओ। सो वट्टइ किण्हाए सालमहल्ला उ नीलाए ॥५॥ हवइ पसाहा काऊ गोच्छा तेऊ फला य पम्हाए। पडियाए सुक्कलेसा अहवा अण्णं उदाहरणं ॥६॥ चोरा गामवहत्थं विणिग्गया एगो बेति घाएह। जं पेच्छह सव्वं दुपयं च चउप्पयं वावि ॥७॥ बिइओ माणुस पुरिसे य तइओ साउहे चउत्थो य। पंचमओ जुज्झंते छट्ठो पुण तत्थिमं भणइ ॥८॥ एक्कं ता हरह धणं बीयं मारेह मा कुणह एवं। केवल हरह धणंती उवसंहारो इमो तेसिं ॥९॥ सव्वे मारेहत्ती वट्टइ सो किण्हलेसपरिणामो। एवं कमेण सेसा जा चरमो सुक्कलेसाए ॥१०॥ आदिल्लतिण्णि एत्थं अपसत्था उवरिमा पसत्था उ।

---

શાખાઓને તોડીને શું કામ છે ? એના કરતા નાની–નાની પ્રશાખાને તોડો." ચોથાએ કહ્યું – "એના કરતાં જાંબૂના ગુચ્છાને તોડો." પાંચમાએ કહ્યું – "અરે ! એના કરતા વૃક્ષ ઉપર ચઢીને ડાળીઓને જોર–જોરથી હલાવો. જેથી જે પાકેલા જાંબૂ હશે તે નીચે પડશે. અને પછી તેને લઈ ખાવો." છઠ્ઠાએ કહ્યું – "એના કરતાં જે નીચે કુદરતી પડ્યા છે તે જ લઈને ખાઈએ."

દૃષ્ટાન્તનો ઉપનય આ પ્રમાણે જાણવો – જેણે એવું કહ્યું કે – વૃક્ષને મૂલથી છેદો. તે પુરુષ કૃષ્ણલેશ્યામાં વર્તે છે. 'મોટી શાખાને છેદો' એવું બોલનાર નીલલેશ્યાવાળો જાણવો. 'પ્રશાખા છેદો' આવું બોલનારની કાપોતલેશ્યા, 'ગુચ્છા તોડો' આવું બોલનારની તેજોલેશ્યા, 'ડાળીઓ હલાવીને ફળને ગ્રહણ કરો' આવું બોલનારની પદ્મલેશ્યા. 'નીચે પડેલા ખાવો' બોલનારની શુક્લલેશ્યા જાણવી.

**અથવા ગ્રામઘાતકનું દૃષ્ટાન્ત** – ચોરો ગામને લૂંટવા માટે નીકળ્યાં. તેમાં એક ચોરે કહ્યું – "બે પગવાળા મનુષ્ય વિગેરે હોય કે ચતુષ્પદવાળા પશુ વિગેરે હોય જે દેખાય બધાને મારવા." બીજાએ કહ્યું – "પશુઓને નહીં પણ બધા મનુષ્યોને મારવા." ત્રીજાએ કહ્યું – "સ્ત્રીઓને નહીં માત્ર પુરુષોને મારવા." ચોથાએ કહ્યું – "બધા પુરુષોને નહીં પણ શસ્ત્ર સહિતના હોય તેને મારવા." પાંચમાએ કહ્યું – "જે આપણી સામે પડે તેને મારવા." જ્યારે છઠ્ઠાએ આ પ્રમાણે કહ્યું કે – "એક તો તમે એનું ધન હરણ કરો છો અને ઉપરથી તમે મારી પણ નાખશો. આવું કરવાની જરૂર નથી. માત્ર તેઓનું ધન હરણ કરો." આ છએ પુરુષોનો ઉપસંહાર આ પ્રમાણે જાણવો. 'બધાને મારો' બોલનાર કૃષ્ણલેશ્યાના પરિણામવાળો જાણવો. આ પ્રમાણે શેષ ચોરો પણ ક્રમશઃ નીલાદિલેશ્યાવાળા જાણવા, છેલ્લો ચોર શુક્લલેશ્યાવાળો જાણવો. અહીં પ્રથમ ત્રણ લેશ્યાઓ અપ્રશસ્ત અને છેલ્લી

---

८६. ब्रवीति पतितानि एतान्येव खादामो गृहीत्वा ॥४॥ दृष्टान्तस्योपनयो–यो ब्रवीति तरुमपि छिन्त मूलात्। स वर्त्तते कृष्णायां शाखां महतीं तु नीलायाम् ॥५॥ भवति प्रशाखां कापोती गुच्छान् तैजसी फलानि च पद्मायाम्। पतितानि शुक्ललेश्या अथवाऽन्यदुदाहरणम् ॥६॥ चौरा ग्रामवधार्थं विनिर्गता एको ब्रवीति घातयत। यं पश्यत तं सर्वं द्विपदं च चतुष्पदं वापि ॥७॥ द्वितीयो मनुष्यान् पुरुषांश्च तृतीयः सायुधान् चतुर्थश्च। पञ्चमो युध्यमानान् षष्ठः पुनस्तत्रेदं भणति ॥८॥ एकं तावद्धरत धनं द्वितीयं मारयत मा कुरुतैवम्। केवलं हरत धनं उपसंहारोऽयं तस्य ॥९॥ सर्वान् मारयतेति वर्त्तते स कृष्णालेश्यापरिणामः। एवं क्रमेण शेषाः यावच्चरमः शुक्ललेश्यायाम् ॥१०॥ आद्यास्तिस्रोऽत्राप्रशस्ता उपरितनाः प्रशस्तास्तु।

८७ अपसत्थासुं वट्टिय न वट्टियं जं पसत्थासुं ॥११॥ एसऽइयारो एयासु होइ तस्स य पडिक्कमामित्ति । पडिकूलं वट्टामी जं भणियं पुणो न सेवेमि ॥१२॥

प्रतिक्रामामि सप्तभिर्भयस्थानैः करणभूतैर्यो मया दैवसिकोऽतिचारः कृत इति, तत्र भयं मोहनीयप्रकृतिसमुत्थ आत्मपरिणामस्तस्य स्थानानि—आश्रया भयस्थानानि—इहलोकादीनि, तथा चाह सङ्ग्रहणिकारः—

**इहपरलोयादाणमकम्हाआजीवमरणमसिलोए'त्ति**

अस्य गाथाशकलस्य व्याख्या—'इहपरलोअ'त्ति इहलोकभयं परलोकभयं, तत्र मनुष्यादिसजातीयादन्यस्मान्मनुष्यादेरेव सकाशात् भयमिहलोकभयं, विजातीयात्तु तिर्यग्देवादेः सकाशाद्भयं परलोकभयम्, आदीयत इत्यादानं—धनं तदर्थं चौरादिभ्यो यद्भयं तदादानभयम्, अकस्मादेव—बाह्यनिमित्तानपेक्षं गृहादिष्वेवावस्थितस्य रात्र्यादौ भयम् अकस्माद्भयं, 'आजीवे' ति आजीविकाभयं निर्धनः कथं दुर्भिक्षादावात्मानं धारयिष्यामीत्याजीविकाभयं, मरणाद्भयं मरणभयं प्रतीतमेव, 'असिलोगो'त्ति अश्लाघाभयम्—अयशोभयमित्यर्थः, एवं क्रियमाणे महदयशो भवतीति तद्भयान्न प्रवर्तत इति गाथाशकलाक्षरार्थः ॥

---

ત્રણ પ્રશસ્ત જાણવી. તેમાં અપ્રશસ્તલેશ્યામાં જે હું વર્ત્યો = રહ્યો, અને પ્રશસ્ત લેશ્યામાં જે ન વર્ત્યો. તે અતિચાર લેશ્યાઓને વિશે થાય છે. તેનું હું પ્રતિક્રમણ કરું છું એટલે કે તે અતિચારોથી નિંદા વિગેરે દ્વારા પાછો ફરું છું અને તે અતિચારોને ફરીથી હું નહીં સેવું.

કરણભૂત એવા સાત ભયસ્થાનોને કારણે મારાદ્વારા જે દૈવસિક અતિચાર સેવાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. ભય એટલે મોહનીયકર્મથી ઉત્પન્ન થયેલ આત્મપરિણામ. તેના જે સ્થાનો = આશ્રયો અર્થાત્ ઇહલોક વિગેરે તે ભયસ્થાનો. આ ભયસ્થાનોને સંગ્રહણિકાર જણાવે છે ➪

**❋ સાત ભયસ્થાનો ❋**

ગાથાર્થ : **ઇહલોક, પરલોક, આદાન, અકસ્માત, આજીવિકા, મરણ અને અશ્લાઘાભય.**

**ટીકાર્થ :** મનુષ્ય વિગેરે સજાતીય એવા અન્ય મનુષ્ય વિગેરેથી જે ભય તે આલોકભય. તિર્યંચ, દેવ વિગેરે વિજાતીયથી જે ભય તે પરલોકભય. જે ગ્રહણ કરાય તે આદાન અર્થાત્ ધન. તે ધન માટેનો ચોરો વિગેરેથી જે ભય તે આદાનભય. અકસ્માતથી (અહીં न कस्मात् इति अकस्मात् એમ અર્થ જાણવો.) જ એટલે કે બાહ્યનિમિત્ત વિના ઘર વિગેરેમાં જ રહેલાને રાત્રિ વિગેરેને વિશે જે ભય તે અકસ્માતભય. "ધન વિનાનો હું દુર્ભિક્ષ વિગેરેમાં કેવી રીતે પોતાનો નિર્વાહ કરીશ" આ પ્રમાણે જે આજીવિકાનો ભય તે આજીવિકાભય. મરણથી જે ભય તે મરણભય. તથા અપયશનો જે ભય તે અશ્લાઘાભય, એટલે કે આ પ્રમાણે કરીશ તો મારો મોટો અપયશ થશે એમ વિચારી અપયશના ભયથી આચરણ ન કરે. આ પ્રમાણે અડધી ગાથાનો અક્ષરાર્થ કહ્યો.

---

૮૭. अप्रशस्तासु वृत्तं न वृत्तं प्रशस्तासु यत् ॥११॥ एषोऽतिचार एतासु भवति तस्माच्च प्रतिक्राम्यामि । प्रतिकूलं वर्त्ते यद्भणितं पुनर्न सेवे ॥१२॥

मदः—मान ( ग्रन्थाग्रं— १६५०० ) स्तस्य स्थानानि—पर्याया भेदा मदस्थानानि, इह च प्रतिक्रामामीति वर्तते, अष्टभिर्मदस्थानैः करणभूतैर्यो मया दैवसिकोऽतिचारः कृत इति, एवमन्येष्वपि सूत्रेष्वायोज्यं, कानि पुनरष्टौ मदस्थानानि ?, अत आह सङ्ग्रहणिकारः—

जाईकुलबलरूवे तवईसरिए सुए लाहे ॥१॥

अस्य व्याख्या—कश्चिन्नरेन्द्रादिः प्रव्रजितो जातिमदं करोति, एवं कुलबलरूपतपऐश्वर्यश्रुतलाभेष्वपि योज्यमिति ॥ नवभिर्ब्रह्मचर्यगुप्तिभिः, शेषं पूर्ववत्, ताश्चेमाः—

वसहि१कह२निसिज्जि३दिय४ कुड्डंतर५पुव्वकीलिय६पणीए७ ।
अइमायाहार८विभूसणा९ य नव बंभगुत्तीओ ॥१॥

व्याख्या—ब्रह्मचारिणा तद्गुप्त्यनुपालनपरेण न स्त्रीपशुपण्डकसंसक्ता वसतिरासेवनीया, न स्त्रीणामेकाकिनां कथा कथनीया, न स्त्रीणां निषद्या सेवनीया, उत्थितानां तदासने नोपवेष्टव्यं,

મદ એટલે અહંકાર. તેના સ્થાનો એટલે કે તેના પર્યાયો એટલે કે તેના ભેદો તે મદસ્થાનો. (મૂળમાં આ પદ સાથે 'पडिक्कमामि' પદ નથી તેથી ખુલાસો કરે છે કે) 'पडिक्कमामि' પદ અહીં પણ સમજવું. તેથી કરણભૂત એવા આ આઠ અહંકારના ભેદોને કારણે મારાદ્વારા જે દૈવસિક અતિચાર સેવાયો તેનું હું પ્રતિક્રમણ કરું છું. આ પ્રમાણે જે સૂત્રમાં 'प्रतिक्रामामि' પદ નથી તે અન્ય સૂત્રોમાં પણ આ પદ જાણી લેવું. તે આઠ મદસ્થાનો કયા છે ? આ શંકાના સમાધાનરૂપે સંગ્રહણિકાર જણાવે છે ⇨

### ❋ આઠ મદસ્થાનો ❋

**ગાથાર્થ : જાતિ, કુલ, બળ, રૂપ, તપ, ઐશ્વર્ય, શ્રુત અને લાભ.**

**ટીકાર્થ :** કોઈક રાજા વિગેરે દીક્ષિત થયેલો છતો જાતિનો અહંકાર કરે. આ પ્રમાણે કુલ, બળ, રૂપ, તપ, ઐશ્વર્ય, શ્રુત અને લાભમાં પણ જોડી દેવું. (દા.ત. મરીચિએ કુલમદ કર્યો, શ્રેણિક–વસુભૂતિએ બળમદ કર્યો, સનત્કુમારે રૂપનો અહંકાર કર્યો, કુરગડુઋષિએ પૂર્વભવમાં તપનો અહંકાર કર્યો, દશાર્ણભદ્રરાજાએ ઐશ્વર્યનો અહંકાર કર્યો. સ્થૂલભદ્રજીએ શ્રુતનો અને સુભૂમચક્રવર્તીએ લાભનો અહંકાર કર્યો.)

નવ બ્રહ્મચર્યગુપ્તિઓને કારણે મારાદ્વારા... વિગેરે શેષ વાક્ય પૂર્વની જેમ જાણવું. તે બ્રહ્મચર્યગુપ્તિઓ આ પ્રમાણે છે ⇨

### ❋ નવ બ્રહ્મચર્યગુપ્તિઓ ❋

**ગાથાર્થ : વસતિ, કથા, નિષદ્યા, ઇન્દ્રિય, ભીંતના આંતરે, પૂર્વક્રીડિતસ્મરણ, પ્રણીતઆહાર, અતિમાત્રાએ આહાર અને વિભૂષા આ નવ બ્રહ્મચર્યગુપ્તિઓ છે.**

**ટીકાર્થ :** બ્રહ્મચર્યની ગુપ્તિનું = વાડનું પાલન કરવામાં તત્પર એવા બ્રહ્મચારી સાધુએ (૧) સ્ત્રી, પશુ કે નપુંસકથી સંસક્ત ઉપાશ્રયાદિ વસતિમાં રહેવું જોઈએ નહીં, (૨) એકલી સ્ત્રીઓ સાથે વાર્તાલાપ ન કરવો જોઈએ, (૩) સ્ત્રીઓનું આસન વાપરવું નહીં અર્થાત્ જે સ્થાને સ્ત્રીઓ

न स्त्रीणामिन्द्रियाण्यवलोकनीयानि, न स्त्रीणां कुड्यान्तरितानां मोहनसंसक्तानां क्वणितध्वनिराकर्णयितव्यः, न पूर्वक्रीडितानुस्मरणं कर्तव्यं, न प्रणीतं भोक्तव्यं, स्निग्धमित्यर्थः, नातिमात्राहारोपभोगः कार्यः, न विभूषा कार्या, ता नव ब्रह्मचर्यगुप्तय इति गाथार्थः ॥

श्रमणः प्राग्निरूपितशब्दार्थस्तस्य धर्मः—क्षान्त्यादिलक्षणस्तस्मिन् दशविधे—दशप्रकारे श्रमणधर्मे सति तद्विषये वा प्रतिषिद्धकरणादिना यो मयाऽतिचारः कृत इति भावना । दशविधधर्मस्वरूपप्रतिपादनायाह सङ्ग्रहणिकारः —

खंती य मद्दवज्जव मुत्ती तव संजमे य बोद्धव्वे ।
सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो ॥१॥

व्याख्या—क्षान्तिः श्रमणधर्मः, क्रोधविवेक इत्यर्थः, चशब्दस्य व्यवहितः सम्बन्धः, मृदोर्भावः मार्दवं मानपरित्यागेन वर्तनमित्यर्थः, तथा ऋजुभाव आर्जवं—मायापरित्यागः, मोचनं मुक्तिः लोभपरित्याग इति भावना, तपो द्वादशविधमनशनादि, संयमश्चाश्रवविरतिलक्षणः 'बोद्धव्यः' विज्ञेयः श्रमणधर्मतया, सत्यं प्रतीतं, शौचं संयमं प्रति निरुपलेपता, आकिञ्चन्यं च कनकादिरहितेत्यर्थः, ब्रह्मचर्यं च, एष यतिधर्मः, अयं गाथाक्षरार्थः ॥ अन्ये त्वेवं वदन्ति—

---

બેઠી હોય તે સ્થાને સ્ત્રીઓના ઊભા થયા પછી તરત બેસવું નહીં, (૪) સ્ત્રીઓના અંગોપાંગ નિરખવા નહીં, (૫) ભીંતની બીજી બાજુએ મૈથુનક્રીડામાં રક્ત સ્ત્રીઓના મૈથુનસંબંધી અવાજો સાંભળવા નહીં, (૬) પૂર્વક્રીડિતનું સ્મરણ કરવું નહીં, (૭) વિગઈપ્રચુર એવો અતિ સ્નિગ્ધ આહાર કરવો નહીં, (૮) સામાન્ય એવો પણ આહાર વધુ માત્રાએ કરવો નહીં, (૯) વિભૂષા કરવી નહીં. આ નવ બ્રહ્મચર્યગુપ્તિઓ છે.

પૂર્વે કહેલ છે શબ્દાર્થ જેનો એવા શ્રમણનો જે ક્ષમા વિગેરે ધર્મ તે શ્રમણધર્મ. તે દશ પ્રકારનો શ્રમણધર્મ હોતે છતે અથવા શ્રમણધર્મને વિશે પ્રતિષિદ્ધનું આચરણ વિગેરે કરવાને કારણે મારા દ્વારા જે દૈવસિક અતિચાર કરાયો તેનું હું પ્રતિક્રમણ કરું છું. દશવિધશ્રમણધર્મના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે સંગ્રહણિકાર કહે છે ➪

### ❋ દશ શ્રમણધર્મો ❋

ગાથાર્થ : **ક્ષમા, મૃદુતા, ઋજુતા, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચનતા અને બ્રહ્મચર્ય આ દશ યતિધર્મો જાણવા.**

ટીકાર્થ : ક્ષાંતિ એટલે કે ક્રોધનો ત્યાગ એ શ્રમણધર્મ છે. 'खंती य' અહીં આપેલ 'च' શબ્દ અહીંની બદલે અન્ય સ્થાને જોડવાનો છે. માર્દવ એટલે અહંકારના ત્યાગ સાથેનું વર્તન, તથા આર્જવ એટલે માયાનો ત્યાગ કરવો. મુક્તિ એટલે લોભનો ત્યાગ કરવો, અનશન, ઉણોદરી વિગેરે બાર પ્રકારનો તપ જાણવો, આસ્રવોથી વિરતિ એ સંયમ જાણવું. આ બધા શ્રમણધર્મ તરીકે જાણવા. સત્ય નો અર્થ પ્રસિદ્ધ જ છે. શૌચ એટલે સંયમ પ્રત્યે નિરુપલેપતા = પવિત્રતા, આકિંચનતા એટલે સોનુ વિગેરેથી રહિતપણું અને બ્રહ્મચર્ય, આ શ્રમણધર્મ છે.

*"खंती मुत्ती अज्जव मद्दव तह लाघवे तवे चेव ।*
*संयम चियागऽकिंचण बोद्धव्वे बंभचेरे य ॥१॥"*

तत्र लाघवम्–अप्रतिबद्धता, त्यागः–संयतेभ्यो वस्त्रादिदानं, शेषं प्राग्वत्, गुप्त्यादीनां चाऽऽद्यदण्डकोक्तानामपीहोपन्यासोऽन्य-विशेषाभिधानाददुष्ट इति ॥

एकादशभिरुपासकप्रतिमाभिः करणभूताभिर्योऽतिचार इति, उपासकाः–श्रावकास्तेषां प्रतिमाः–प्रतिज्ञा दर्शनादिगुणयुक्ताः कार्या इत्यर्थः, उपासकप्रतिमाः, ताश्चैता एकादशेति—

**दंसणवयसामाइय पोसहपडिमा अबंभ सच्चित्ते ।**
**आरंभपेसउद्दिट्ठ वज्जए समणभूए य ॥१॥**

**व्याख्या–दर्शनप्रतिमा, एवं व्रतसामायिकपौषधप्रतिमा अब्रह्मसचित्तआरम्भप्रेष्यउद्दिष्टवर्जकः श्रमणभूतश्चेति, अयमासां भावार्थः–**[८८]**सम्मदंसणसंकाइसल्लपामुक्कसंजुओ जो उ । सेसगुणविप्पमुक्को**

બીજા કેટલાક આચાર્યો આ પ્રમાણે દશ શ્રમણધર્મો કહે છે – ક્ષમા, મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, તપ, સંયમ, ત્યાગ, અકિંચન અને બ્રહ્મચર્ય. તેમાં લાઘવ એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અપ્રતિબદ્ધતા (અર્થાત્ દ્રવ્યાદિમાં મમત્વરહિતપણું.) ત્યાગ એટલે સુસાધુઓને વસ્ત્રાદિનું દાન કરવું. શેષ ધર્મો પૂર્વની જેમ જાણવા. અને આદ્યદંડકમાં એટલે કે इच्छामि पडिक्कमिउं जो मे... સૂત્રમાં तिण्हं गुत्तीणं વિગેરે પદોવડે કહેવાયેલ એવા પણ ગુપ્તિ વિગેરેનું અહીં ('तिहिं गुत्तीहिं' વિગેરેથી લઈ 'दसविहे समणधम्मे' સુધીના પદોદ્વારા) ફરી જે કથન કર્યું છે તે અન્યોમાં વિશેષ કથન કરેલું હોવાથી અદુષ્ટ છે. (આશય એ છે કે - નવ બ્રહ્મચર્યગુપ્તિ, દશવિધશ્રમણધર્મ જે ત્યાં કહ્યાં, એ જ પ્રમાણે અહીં પણ કહ્યાં છે તેથી એમાં કંઈ વિશેષ કથન કર્યું નથી. પરંતુ તે સિવાય અન્યોમાં એટલે કે ગુપ્તિ, કષાય વિગેરેમાં વિશેષ કથન કરેલું છે. અર્થાત્ ત્યાં ગુપ્તિ, કષાય વિગેરે સામાન્યથી કહ્યાં. જ્યારે અહીં તે ગુપ્તિ કઈ ? તો કે મનગુપ્તિ વિગેરે, તે કષાયો કયા ? તો કે ક્રોધ વિગેરે. એમ વિશેષ કથન કરેલું હોવાથી કોઈ દોષ નથી.)

કરણભૂત એવી અગિયાર શ્રાવકપ્રતિમાઓને કારણે મારાદ્વારા જે દૈવસિક અતિચાર કરાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. અહીં ઉપાસક એટલે શ્રાવકો. તેઓની જે પ્રતિમા=પ્રતિજ્ઞા અર્થાત્ દર્શનાદિગુણોથી યુક્ત કરવા યોગ્ય જે કાર્યો તે ઉપાસકપ્રતિમા. અને તે અગિયાર પ્રતિમા આ પ્રમાણે જાણવી ⇨

### ❀ અગિયાર શ્રાવકપ્રતિમા ❀

**ગાથાર્થ : દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, પ્રતિમા, અબ્રહ્મવર્જક, સચિત્તવર્જક, આરંભવર્જક, પ્રેષ્યપ્રયોગવર્જક , ઉદ્દિષ્ટાહારનો વર્જક અને શ્રમણતુલ્ય.**

**ટીકાર્થ :** દર્શનપ્રતિમા, આ પ્રમાણે પ્રતિમાશબ્દ વ્રત વિગેરે સર્વ સાથે જોડવો. તેથી વ્રતપ્રતિમા, સામાયિકપ્રતિમા વિગેરે નામો જાણવા. તેઓનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો – જે શંકા વિગેરે શલ્યથી મૂકાયેલ, સમ્યક્ત્વથી યુક્ત (પ્રાકૃત હોવાથી શબ્દ આગળ–પાછળ છે.) અને

८८. शङ्कादिदोषशल्यप्रमुक्तसम्यक्त्वसंयुतो यस्तु । शेषगुणविप्रमुक्त

[८९] एसा खलु होंति ★पढमा उ ॥१॥ बिइया पुण वयधारी सामाइयकडो य तइयया होइ। होइ चउत्थी चउद्दसि अट्ठमिमाईसु दियहेसु ॥२॥ पोसह चउव्विहंपी पडिपुण्णं सम्म जो उ अणुपाले। पंचमि पोसहकाले पडिमं कुण एगराईयं ॥३॥ असिणाणवियडभोई पगासभोइत्ति जं भणियं होइ। दिवसओ न रत्ति भुंजे मउलिकडो कच्छ णवि रोहे ॥४॥ दिय बंभयारि राई परिमाणकडे अपोसहीएसुं। पोसहिए रत्तिमि य नियमेणं बंभयारी य ॥५॥ इय जाव पंच मासा विहरइ हु पंचमा भवे पडिमा। छट्ठीए बंभयारी ता विहरे जाव छम्मासा ॥६॥ सत्तम सत्त उ मासे णवि आहारे सचित्तमाहारं। जं जं हेट्ठिल्लाणं तं तो परिमाण सव्वंपि ॥७॥ आरंभसयंकरणं अट्ठमिया

---

વ્રત સામાયિક વિગેરે શેષ ગુણોથી રહિત છે તે પહેલી સમ્યક્ત્વપ્રતિમા છે. (અર્થાત્ આવી વ્યક્તિનો જે સમ્યક્ત્વનો સ્વીકાર તે પ્રથમ સમ્યક્ત્વપ્રતિમા છે.) વ્રતધારી વ્યક્તિને બીજી વ્રતપ્રતિમા જાણવી. (અહીં સમ્યક્ત્વ તો સમજી જ લેવું. આગળ પણ તે તે પ્રતિમાધારીઓને તેનાથી પૂર્વ–પૂર્વ પ્રતિમાધારી તો સમજી જ લેવા.) સામાયિક કરનારને ત્રીજી સામાયિકપ્રતિમા, ચઉદસ–આઠમ વિગેરે દિવસોમાં ચારે પ્રકારના સંપૂર્ણ પૌષધનું જે સમ્યગ્ રીતે પાલન કરે છે તે ચોથી પૌષધપ્રતિમા જાણવી. પાંચમી પ્રતિમામાં પૌષધ સમયે એક રાત્રિક એવી પ્રતિમાને = કાયોત્સર્ગને કરે. (કાયોત્સર્ગમાં રહીને અરિહંતના ગુણોનું, પોતાના દોષોનું અને તે દોષોના પ્રતિકારનું ધ્યાન ધરે.) સ્નાન કરે નહીં, વિકટભોજી એટલે કે પ્રકાશભોજી અર્થાત્ દિવસે જમનાર હોય, રાત્રિએ ન જમે. કૃતમુકુલ હોય અર્થાત્ કછોટો બાંધે નહીં. પૌષધ ન હોય ત્યારે દિવસે બ્રહ્મચારી હોય, અને રાત્રિએ અબ્રહ્મનું પરિમાણ કરનાર હોય (અર્થાત્ મહિનાના આટલા દિવસે હું રાત્રિએ બ્રહ્મચર્ય પાળીશ વિગેરે રૂપે પરિમાણ કરનાર હોય.) જો પૌષધ હોય તો રાત્રિએ પણ નિયમથી બ્રહ્મચારી હોય. આ પ્રમાણે પાંચ મહિના સુધી (ઉપરોક્ત બધા નિયમ) પાળે તે પાંચમી પ્રતિમાપ્રતિમા જાણવી.

છટ્ઠી પ્રતિમામાં (ઉપરોક્ત બધા નિયમો સાથે) છ મહિના સુધી (દિવસ-રાત્રિ) બ્રહ્મચર્ય પાળે તે છટ્ઠી અબ્રહ્મવર્જકપ્રતિમા જાણવી. સાતમી પ્રતિમામાં (ઉપરોક્ત બધા નિયમો સાથે) સાત મહિના સુધી સચિત્ત આહારને ન ખાય તે સાતમી સચિત્તવર્જકપ્રતિમા જાણવી. અહીં પૂર્વ–પૂર્વની પ્રતિમામાં રહેલાને જે નિયમો હોય તે બધા નિયમો પછી–પછીની પ્રતિમા માટે સમજી લેવા. આઠમી

---

८९. एषा खलु भवति प्रथमा ॥१॥ द्वितीया पुनर्व्रतधारी कृतसामायिकश्च तृतीया भवति। भवति चतुर्थी चतुर्दश्यष्टम्यादिषु दिवसेषु ॥२॥ पोषधं चतुर्विधमपि प्रतिपूर्णं सम्यग् यस्तु अनुपालयति। पञ्चमी पोषधकाले प्रतिमां करोत्येकरात्रिकीम् ॥३॥ अस्नानो दिवसभोजी प्रकाशभोजीति यद्भणितं भवति। दिवसे न रात्रौ भुङ्क्ते कृतमुकुलः कच्छं नैव बध्नाति ॥४॥ दिवा ब्रह्मचारी रात्रौ कृतपरिमाणोऽपोषधिकेषु। पोषधिको रात्रौ च नियमेन ब्रह्मचारी च ॥५॥ इति यावत् पञ्च मासान् विहरति पञ्चमी भवेद् प्रतिमा। षष्ठ्यां ब्रह्मचारी तावत् विहरेत् यावत् षण्मासाः ॥६॥ सप्तमी सप्तैव मासान् नैवाहारयेत् सचित्तमाहारम्। यद्यदधस्तनीनां तत्तदुपरितनासु सर्वमपि ॥७॥ आरम्भस्य स्वयंकरणं अष्टम्यां ★ पडिमा–पूर्वमुद्रिते.

[१०] अट्ठमास वज्जेइ । नवमा णव मासे पुण पेसारंभे विवज्जेइ ॥८॥ दसमा पुण दस मासे उद्दिट्ठकयंपि भत्त नवि भुंजे । सो होई छुरमुंडो छिहलिं वा धारए जाहिं ॥९॥ जं निहियमत्थजायं पुच्छंति नियाण नवरि सो आह । जइ जाणे तो साहे अह नवि तो बेति नवि जाणे ॥१०॥ खुरमुंडो लोओ वा रयहरण पडिग्गहं च गेण्हित्ता । समणब्भूओ विहरे णवरिं सण्णायगा उवरिं ॥११॥ ममिकारअवोच्छिन्ने वच्चइ सण्णायपल्लि दट्ठुं जे । तत्थवि साहुव्व जहा गिण्हइ फासुं तु आहारं ॥१२॥ एसा एक्कारसमा इक्कारसमासियासु एयासु । पण्णवणवितहअसद्दहाणभावाउ अइयारो ॥१३॥

'बारसहिं भिक्खुपडिमाहिं' द्वादशभिर्भिक्षुप्रतिमाभिः प्रतिषिद्धकरणादिना प्रकारेण करणभूताभिर्योऽतिचारः कृत इति, क्रिया प्राग्वत्, तत्रोद्गमोत्पादनैषणादिशुद्धभिक्षाशिनो

આરંભવર્જકપ્રતિમામાં ઉપરોક્ત નિયમો સાથે આઠ મહિના સુધી સ્વયં આરંભનો ત્યાગ કરે. (અન્ય નોકર-ચાકર વિગેરે પાસે આરંભ કરાવે પણ ખરા.) નવમી પ્રેષ્યપ્રયોગવર્જક પ્રતિમામાં નવ મહિના સુધી પ્રેષ્યોવડે = નોકરો વિગેરેવડે થતાં આરંભનો પણ ત્યાગ કરે. (અર્થાત્ બીજા પાસે પણ આરંભ કરાવે નહીં.) દશમી ઉદ્દિષ્ટવર્જકપ્રતિમામાં દશ મહિના સુધી પોતાની માટે બનાવેલ એવો પણ (अपि શબ્દથી પૂર્વ–પૂર્વ પ્રતિમામાં કહેલ સચિત્ત આહારાદિને તો ન જ વાપરે, સાથે પોતાના માટે બનાવેલ એવો પણ) આહાર ન વાપરે. વળી આ પ્રતિમા દરમિયાન તે અસ્ત્રાથી મુંડન કરનારો અથવા ચોટલી રાખનારો હોય. તથા જે ધન ભૂમિ વિગેરેમાં ભંડારેલું હોય અને તે સંબંધી પોતાને સ્વજન પૂછે તો જો ખબર હોય તો કહે, ખબર ન હોય તો 'હું જાણતો નથી' એમ કહે. અગિયારમી શ્રમણભૂતપ્રતિમામાં અસ્ત્રાથી મુંડિત અથવા લોચ કરેલો તે શ્રાવક રજોહરણ અને પાત્રાઓને લઈને શ્રમણ જેવો થયેલો વિચરે. પરંતુ પોતાની જ્ઞાતિ (સ્વજનાદિ) ઉપરનું મમત્વ દૂર થયેલું ન હોવાથી સ્વજ્ઞાતિને જોઈને તે જ્ઞાતીઓના ઘરે વહોરવા જાય. ત્યાં પણ તે સાધુની જેમ જ (અર્થાત્ પોતાની માટે જે બનાવેલો ન હોય તેવો) પ્રાસુક આહાર ગ્રહણ કરે. આ પ્રમાણે તે અગિયાર મહિના સુધી વિચરે. આ અગિયાર શ્રાવકપ્રતિમાસંબંધી ખોટી પ્રરૂપણા, અશ્રદ્ધા કરવાથી (સાધુને) અતિચાર લાગે છે.

## ❀ બાર ભિક્ષુપ્રતિમા ❀

કરણભૂત એવી બાર પ્રકારની ભિક્ષુપ્રતિમાઓને આશ્રયીને પ્રતિષિદ્ધનું કરણ વિગેરેને કારણે મારાદ્વારા જે દૈવસિક અતિચાર કરાયો તેનું હું પ્રતિક્રમણ કરું છું... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તેમાં ઉદ્ગમ, ઉત્પાદના, એષણા વિગેરે દોષોથી શુદ્ધ ભિક્ષાને વાપરનારા ભિક્ષુઓ જાણવા.

१०. अष्ट मासान् वर्जयति । नवमी नव मासान् पुनः प्रेष्यारम्भान् विवर्जयति ॥८॥ दशमी पुनर्दश मासान् उद्दिष्टकृतमपि भक्तं नैव भुङ्क्ते । स भवति क्षुरमुण्डः शिखां वा धारयति यस्याम् ॥९॥ यन्निहितमर्थजातं पृच्छतां निजानां परं स ब्रवीति । यदि जानाति तदा कथयति अथ नैव ब्रवीति नैव जाने ॥१०॥ क्षुरमुण्डो लोचो वा रजोहरणं पतद्ग्रहं च गृहीत्वा । श्रमणभूतो विहरति नवरं सज्ञातीयानामुपरि ॥११॥ ममीकारेऽव्युच्छिन्ने व्रजति सज्ञातीयपल्लीं द्रष्टुम् । तत्रापि साधुवत् यथा गृह्णाति प्रासुकं त्वाहारम् ॥१२॥ एषैकादशी एकादशमासिकी एतासु । वितथप्रज्ञापनाऽश्रद्धानभावात्त्वतिचारः ॥१३॥

भिक्षवः–साधवस्तेषां प्रतिमाः–प्रतिज्ञा भिक्षुप्रतिमाः, ताश्चेमा द्वादश—

**मासाई सत्तंता पढमाबिति सत्तराइदिणा ।**
**अहराई एगराई भिक्खूपडिमाण बारसगं ॥१॥**

मासाद्याः सप्तान्ताः 'प्रथमाद्वित्रि सप्तरात्रिंदिवा' प्रथमा सप्तरात्रिकी, द्वितीया सप्तरात्रिकी, तृतीया सप्तरात्रिकी, अहोरात्रिकी, एकरात्रिकी, इदं भिक्षुप्रतिमानां द्वादशकमिति । अयमासां भावार्थः–[११]पडिवज्जइ संपुण्णो संघयणधिइजुओ महासत्तो । पडिमाउ जिणमयंमी संमं गुरुणा अणुण्णाओ ॥१॥ गच्छेच्चिय निम्माओ जा पुव्वा दस भवे असंपुण्णा । नवमस्स तइयवत्थुं होइ जहण्णो सुयाभिगमो ॥२॥ वोसट्ठचत्तदेहो उवसग्गसहो जहेव जिणकप्पी । एसण अभिग्गहीया

તેમની જે પ્રતિજ્ઞા તે ભિક્ષુપ્રતિમા. તે બાર પ્રકારની આ પ્રમાણે છે ➪

**ગાથાર્થ : માસિકથી લઈને સાત મહિના સુધીની સાત પ્રતિમાઓ, ત્યાર પછીની પહેલી, બીજી અને ત્રીજી અર્થાત્ આઠમી, નવમી અને દશમી દરેક સાત–સાત અહોરાત્રિની જાણવી. અગિયારમી અહોરાત્રિની અને બારમી એકરાત્રિની જાણવી.**

**ટીકાર્થ :** પહેલી પ્રતિમા એક માસની, બીજી બે માસની એમ કરતા–કરતા સાતમી પ્રતિમા સાતમાસની જાણવી. આઠમી, નવમી અને દશમી દરેકે–દરેક સાત–સાત અહોરાત્રિની જાણવી. અગિયારમી એક અહોરાત્રિની અને બારમી એક રાત્રિની જાણવી. આ પ્રમાણે બાર ભિક્ષુપ્રતિમાઓ જાણવી. આ પ્રતિમાઓનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો – (પ્રથમ ત્રણમાંના કોઈ એક) સંઘયણ અને ધૃતિથી = ચિત્તના સ્વાસ્થ્યથી યુક્ત હોય, મહાસત્ત્વશાળી હોય, તથા ગુરુએ સમ્યગ્ રીતે રજા આપેલી હોય તેવો સંપૂર્ણ (= ઉપરોક્ત વિશેષણોથી યુક્ત) સાધુ જિનમતમાં=સિદ્ધાંતમાં (કહેવાયેલી) આ પ્રતિમાઓને સ્વીકારે છે.

વળી ગચ્છમાં રહીને જે નિર્માત થયેલો હોય અર્થાત્ પ્રતિમા સ્વીકારતા પહેલાં કરવામાં આવતા (આહારાદિવિષયક) પરિકર્મમાં (મહાવરમાં) નિષ્ઠિત થયેલો હોય. તથા ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન દશપૂર્વ જેટલો અને જઘન્યથી નવમા પૂર્વના ત્રીજા વસ્તુ સુધીનો શ્રુતનો બોધ હોય. તથા કોઈપણ જાતની પરિકર્મણા(=આંખમાંથી કચરો કાઢવો વિગેરે)થી રહિત હોવાથી વ્યુત્સૃષ્ટદેહ અને નિર્મમ હોવાથી ત્યક્તદેહવાળો હોય. તથા જે રીતે જિનકલ્પી ઉપસર્ગોને સહન કરવામાં સમર્થ હોય તે રીતે આ સાધુ પણ ઉપસર્ગોને સહન કરવામાં સમર્થ હોય. તથા ભોજનાદિને ગ્રહણ કરવારૂપ એષણા અભિગ્રહવાળી હોય (અર્થાત્ ભોજન અને પાની માટેની સંસૃષ્ટ, અસંસૃષ્ટ વિગેરે જે સાત પિંડૈષણા અને સાત પાનૈષણા છે તેમાંથી છેલ્લી પાંચ એષણા કલ્પ્ય છે. તેમાં પણ રોજેરોજ ભોજન માટે કોઈ એક અને પાણી માટે કોઈ એક એષણાવડે જ ભક્ત–પાન ગ્રહણ કરવાનો અભિગ્રહ

११. प्रतिपद्यते एताः संपूर्णः संहननधृतियुतो महासत्त्वः । प्रतिमा जिनमते सम्यक् गुरुणाऽनुज्ञातः ॥१॥ गच्छे एव निष्णातो यावत् पूर्वाणि दश भवेयुरसंपूर्णानि । नवमस्य तृतीयं वस्तु भवति जघन्यः श्रुताधिगमः ॥२॥ व्युत्सृष्टत्यक्तदेहः उपसर्गसहो यथैते जिनकल्पी । एषणा अभिगृहीता

[१२] भत्तं च अलेवयं तस्स ॥३॥ गच्छा विणिक्खमित्ता पडिवज्जे मासियं महापडिमं । दत्तेगभोयणस्सा पाणस्सवि एग जा मासं ॥४॥ पच्छा गच्छमईउ एव दुमासि तिमासि जा सत्त । नवरं दत्तीवुड्ढी जा सत्त उ सत्तमासीए ॥५॥ तत्तो य अट्ठमीया हवइ हु पढमसत्तराइंदी । तीय चउत्थचउत्थेणऽपाणएणं अह विसेसो ॥६॥ तथा चाऽऽगमः–"*पढमसत्तराइंदियाणं भिक्खुपडिमं पडिवन्नस्स अणगारस्स कप्पइ से चउत्थेणं भत्तेणं अपाणएणं बहिया गामस्स वे*"त्यादि, उत्ताणगपासल्लीणिसज्जी वावि ठाणे ठाइत्ता । सह उवसग्गे घोरे दिव्वाई तत्थ अविकंपो ॥७॥ दोच्चावि एरिसच्चिय बहिया गामाइयाण णवरं तु । उक्कुडलगंडसाई डंडायतिउव्व ठाइत्ता ॥८॥ तच्चाएवि एवं णवरं ठाणं

---

હોય.) તથા તે સાધુનું ભોજન પણ વાલ, ચણા વિગેરે અલેપકૃત હોય.

આવો તે સાધુ ગચ્છમાંથી નીકળીને માસિક એવી મહાપ્રતિમાને સ્વીકારે. તે એક માસ દરમિયાન ભોજન અને પાણીની એક–એક દત્તિ હોય છે. એક મહિનો પૂર્ણ થયા પછી તે સાધુ ગચ્છમાં પુનઃ આવે. આ જ પ્રમાણે બે માસની પ્રતિમામાં, ત્રણ માસની પ્રતિમામાં વિગેરેથી લઈ સાત માસની પ્રતિમામાં વિધિ જાણવી. પરંતુ ફરક એટલો કે દ્વિમાસિક પ્રતિમામાં બે દત્તિ, ત્રિમાસિક પ્રતિમામાં ત્રણ દત્તિ એમ સાતમીમાં સાત દત્તિ સુધીની વૃદ્ધિ જાણવી. ત્યાર પછી આઠમી પ્રતિમા પ્રથમ સાત અહોરાત્રિની હોય છે. તેમાં એકાન્તરે ચોવિહાર ઉપવાસ (પારણે આયંબિલ) કરવાના હોય છે એટલું વિશેષ જાણવું. આ જ વાત આગમ જણાવે છે કે – પ્રથમ સાત રાત–દિવસની ભિક્ષુપ્રતિમાને સ્વીકારનાર અણગારને એકાન્તરે ચોવિહારો ઉપવાસ કરવો કલ્પે છે. પ્રતિમા સ્વીકારીને ગામની બહાર તે સાધુ ચત્તો (= મુખ ઉપરની બાજુએ આવે એ રીતે સીધો) સૂતેલો અથવા પડખે સૂતેલો અથવા આસન ઉપર બેસીને નિષ્પ્રકંપિત થયેલો દિવ્ય (= દેવસંબંધી) વિગેરે ઘોર ઉપસર્ગોને સહન કરે. બીજી સાત રાત્રિદિવસની પ્રતિમા (એટલે કે નવમી પ્રતિમા) પણ આ જ રીતે ગામ વિગેરેની બહાર જાણવી. માત્ર આ પ્રતિમા સમયે તે સાધુ ઊભડગ પગે (બેસીને ઉપસર્ગો સહન કરે) અથવા વાંકા પડેલા લાકડાની જેમ સૂતેલો (અર્થાત્ મસ્તક અને પગની પાની જ માત્ર ભૂમિને સ્પર્શેલી હોય અથવા પીઠનો ભાગ જ માત્ર ભૂમિને સ્પર્શે એ રીતે સૂતેલો) અથવા દંડની જેમ સીધો ઊભો રહીને ઉપસર્ગોને સહન કરે. ત્રીજી સાત રાત–દિવસની (= દશમી)

---

१२. भक्तं चालेपकृत्तस्य ॥३॥ गच्छाद्विनिष्क्रम्य प्रतिपद्यते मासिकीं महाप्रतिमाम् । दत्तिरेका भोजनस्य पानस्याप्येका यावन्मासः ॥४॥ पश्चाद् गच्छमायाति एवं द्विमासिकी त्रिमासिकी यावत् सप्तमासिकी । नवरं दत्तिवृद्धिः यावत् सप्तैव सप्तमास्याम् ॥५॥ ततश्चाष्टमी भवति प्रथमसप्तरात्रिन्दिवा । तस्यां चतुर्थचतुर्थेनापानकेनासौ विशेषः ॥६॥ प्रथमां सप्तरात्रिन्दिवां भिक्षुप्रतिमां प्रतिपन्नस्यानगारस्य कल्पतेऽथ चतुर्थेन भक्तेनापानकेन बहिर्ग्रामस्य वेत्यादि, उत्तानः पार्श्वतो नैषद्यिको वाऽपि स्थानं स्थित्वा । सहते उपसर्गान् घोरान् दिव्यादीन् तत्राविकम्पः ॥७॥ द्वितीयाऽपीदृश्येव बहिर्ग्रामादीनां परं तु उत्कटुकलगंडशायी दण्डायतिको वा स्थित्वा ॥८॥ तृतीयस्यामप्येवं परं स्थानं

[१३] तु तस्स गोदोही । वीरासणमहवावी ठाइज्ज व अंबखुज्जो वा ॥९॥ एमेव अहोराई छट्ठं भत्तं अपाणयं णवरं । गामणयराण बहिया वग्घारियपाणिए ठाणं ॥१०॥ एमेव एगराई अट्ठमभत्तेण ठाण बाहिरओ । ईसीपब्भारगए अणिमिसनयणेगदिट्ठीए ॥११॥ साहट्टु दोवि पाए वग्घारियपाणि ठायई ठाणं । वाघारि लंबियभुओ सेस दसासुं जहा भणियं ॥१२॥

'तेरसहिं किरियाठाणेहिं' त्रयोदशभिः क्रियास्थानैः प्रतिषिद्धकरणादिना प्रकारेण हेतुभूतैर्योऽतिचारः कृत इति, क्रिया पूर्ववत्, करणं क्रिया, कर्मबन्धनिबन्धना चेष्टेत्यर्थः, तस्याः स्थानानि–भेदाः पर्याया अर्थायानर्थायेत्यादयः क्रियास्थानानि, तानि पुनस्त्रयोदश भवन्तीति,

પ્રતિમા પણ (તપ વિગેરેથી) એ જ પ્રમાણે જાણવી. પરંતુ તે પ્રતિમા દરમિયાન તે સાધુ ગોદોહિકા આસને અથવા વીરાસને અથવા આંબાના ફળની જેમ કુબ્જ આકારે (અર્થાત્ પીઠથી વળેલો હોય એ રીતે) ઊભો રહે. અગિયારમી પ્રતિમા એક અહોરાત્રિની અને તેમાં પણ ગોદાહિકા વિગેરે આસને ઊભો રહે તે ત્રણ દિવસે પૂર્ણ થાય છે. તેમાં પ્રથમ દિવસે એકાસણુ કરીને ગામ વિગેરેની બહાર એક અહો–રાત્રિ વિસ્તારિતહાથવાળો (અર્થાત્ કાયોત્સર્ગમુદ્રામાં જે રીતે હાથ નીચે ઘુંટણ સુધી રાખવામાં આવે તે રીતે) કાયોત્સર્ગમુદ્રામાં ઊભો રહે. બીજા–ત્રીજા દિવસે ચોવિહાર છઠ્ઠ કરે. (એક અહોરાત્રિ કાયોત્સર્ગમાં ઊભો રહેતો હોવાથી આ પ્રતિમા એક અહોરાત્રિની ગણાય છે.)

આ જ પ્રમાણે એક રાત્રિની બારમી પ્રતિમા ચાર દિવસે પૂર્ણ થાય છે. તેમાં પ્રથમ દિવસે એકાસણુ કરીને રાત્રિએ ગામની બહાર કંઈક નમેલી કાયાવાળો, અનિમેષનયનવાળો, એકદષ્ટિવાળો (અર્થાત્ એક પુદ્ગલ ઉપર સ્થાપેલી દષ્ટિવાળો થયેલો) બંને પગોને (બે પગો વચ્ચે ચાર અંગુલ જેટલું અંતર રહે એટલા સુધી) સંકોચીને વિસ્તારિતહાથવાળો કાયોત્સર્ગરૂપ સ્થાનમાં ઊભો રહે છે (અર્થાત્ કાયોત્સર્ગ કરે છે.) વાઘારી એટલે પ્રલંબિતભૂજાવાળો (અર્થાત્ હાથને ઘુંટણ સુધી નીચે રાખનારો) અને પછીના ત્રણ દિવસ ચોવિહારો અઠ્ઠમ કરે. પ્રતિમાસંબંધી શેષ વિધિ દશાશ્રુતસ્કંધમાં જે રીતે કહી છે, તે રીતે જાણવી. (આ બધાની વિતથપ્રરૂપણાદિથી અતિચાર જાણવો.)

## ❀ તેર ક્રિયાસ્થાનો ❀

તેર ક્રિયાસ્થાનોને આશ્રયીને પ્રતિષિદ્ધનું કરણ વિગેરેને કારણે મારા દ્વારા જે અતિચાર કરાયો છે 'તેનું હું પ્રતિક્રમણ કરું છું' ક્રિયા પૂર્વની જેમ જાણવી. કર્મબંધમાં કારણભૂત એવી જે ચેષ્ટા તે ક્રિયા જાણવી. ક્રિયાના સ્થાનો તે ક્રિયાસ્થાનો (એ પ્રમાણે સમાસ જાણવો.) અહીં સ્થાન બોલો, ભેદ બોલો કે પર્યાય બોલો બધું સરખું છે. તેથી ક્રિયાના સ્થાનો એટલે ક્રિયાના ભેદો. અને તે સપ્રયોજન, નિષ્પ્રયોજન વિગેરે તેર જાણવા. (અહીં આ તેરસ્થાનો સંક્ષેપમાં આપ્યા છે.

१३. तु तत्र गोदोहिका । वीरासनमथवाऽपि तिष्ठेद्वाऽऽम्रकुब्जो वा ॥९॥ एवमेवाहोरात्रिकी षष्ठं भक्तमपानकं परम् । ग्रामनगरयोर्बहिस्ताद् विस्तारितपाणिस्तिष्ठति स्थानम् ॥१०॥ एवमेवैकरात्रिकी अष्टमभक्तेन स्थानं बहिः । ईषत्प्राग्भारगतोऽनिमिषनयन एकदृष्टिकः ॥११॥ संहृत्य द्वावपि पादौ प्रलम्बितभुजस्तिष्ठति स्थानम् । 'वाघारि' लम्बितभुजः शेषं दशासु यथा भणितम् ॥१२॥

आह च सङ्ग्रहणिकारः—

अट्ठाणट्ठा हिंसाऽकम्हा दिट्ठी य मोसऽदिण्णे य ।
अब्भत्थमाणमेत्ते मायालोहे रियावहिया ॥१॥

व्याख्या—अर्थाय क्रिया, अनर्थाय क्रिया, हिंसायै क्रिया, अकस्मात् क्रिया, 'दिट्ठिय' त्ति दृष्टिविपर्यासक्रिया च सूचनात्सूत्रमितिकृत्वा, मृषाक्रियाऽदत्तादानक्रिया च, अध्यात्मक्रिया, मानक्रिया, मित्रदोषक्रिया, मायाक्रिया, लोभक्रिया ईर्यापथक्रिया, अयमासां भावार्थः— [१४] तसथावरभूएहिं जो दंडं निसिरई हु कज्जंमि । आय परस्स व अट्ठा अट्ठादंडं तयं बेंति ॥१॥ जो पुण सरडाईयं थावरकायं च वणलयाईयं । मारेत्तुं छिंदिऊण व छड्डे एसो अणट्ठाए ॥२॥ अहिमाइ वेरियस्स व हिंसिंसु हिंसइव्व हिंसिहिई । जो दंडं आरब्भइ हिंसादंडो हवइ एसो ॥३॥ अन्नट्ठाए निसिरइ कंडाइ अन्नमाहणे जो उ । जो व नियंतो सस्सं छिंदिज्जा सालिमादियं ॥४॥ एस अकम्हादंडो दिट्ठिविवज्जासओ इमो होइ । जो मित्तममित्तंती काउं घाएइ अहवावि ॥५॥ गामाईघाएसु

---

વિસ્તારાર્થીએ સૂયગડાંગ-દ્વિ.શ્રુ. અ.૨ જોવું.) આ જ ભેદને સંગ્રહણિકાર જણાવે છે ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** અર્થ માટેની = પ્રયોજન માટેની ક્રિયા, અનર્થ=નિષ્પ્રયોજન ક્રિયા, હિંસા માટેની ક્રિયા, અકસ્માત્ ક્રિયા, સૂત્ર હંમેશા સૂચન જ કરનાર હોવાથી મૂળમાં 'દષ્ટિ' શબ્દથી દષ્ટિવિપર્યાસક્રિયા જાણવી. મૃષાક્રિયા, અદત્તાદાનક્રિયા, અધ્યાત્મક્રિયા, માનક્રિયા, મિત્રદોષક્રિયા, માયાક્રિયા, લોભક્રિયા અને ઈર્યાપથક્રિયા. આ બધી ક્રિયાઓનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું – (૧) કોઈ પ્રયોજન આવતા જે પોતાની માટે કે બીજાની માટે ત્રસ–સ્થાવરજીવોને વિશે દંડને = જીવહિંસાને કરે છે તેને **અર્થદંડ** = અર્થ માટેની ક્રિયા (તીર્થંકરાદિ) કહે છે. (૨) જે વળી કાંચિડો વિગેરે ત્રસકાયને અને વનલતા વિગેરે સ્થાવરકાયને (નિષ્કારણ) મારીને અથવા છેદીને નાખી દે તે **અનર્થદંડ** કહેવાય છે. (૩) 'આણે મને માર્યો હતો કે આ મને મારે છે કે આ મને મારશે' એવી બુદ્ધિથી સાપ વિગેરેના અથવા કોઈ શત્રુના જે દંડને=હિંસાને કરે છે તે **હિંસાદંડ** છે.

(૪) જે બાણને અન્ય માટે ફેંકે છે અને હણાય છે બીજો તે, અથવા ધાન્યને (=ધાન્યને ઉગાડવા જતા ઉગી ગયેલા ઘાસને) કાપતો પુરુષ શાલી વિગેરે ધાન્યને છેદે તે **અકસ્માતદંડ** જાણવો. (૫) **દષ્ટિવિપર્યાસદંડ** આ પ્રમાણે જાણવો - જે મિત્રને શત્રુ સમજીને મારે અથવા ગામ વિગેરે

---

१४. त्रसस्थावरभूतेषु यो दंडं निसृजति कार्ये । आत्मनः परस्य वाऽर्थाय अर्थदण्डं तं ब्रुवते ॥१॥ यः पुनः सरटादिकं स्थावरकायं च वनलतादिकम् । मारित्वा छित्त्वा वा त्यजति एषोऽनर्थाय ॥२॥ अह्यादेर्वैरिणो वा अहिंसीत् हिनस्ति वा हिंसिष्यति । यो दण्डमारभते हिंसादण्डो भवत्येषः ॥३॥ अन्यार्थाय निसृजति कण्डादि अन्यमाहन्ति यस्तु । यो वा निकृन्तन् शस्यं छिन्द्यात् शाल्यादिकं ॥४॥ एषोऽकस्माद्दण्डो दृष्टिविपर्यासतोऽयं भवति । यो मित्रममित्रमितिकृत्वा घातयत्यथवाऽपि ॥५॥ ग्रामादिघातेषु

[૧૫] व अतेण तेणंति वावि घाएज्जा । दिट्ठिविवज्जासे सो किरियाठाणं तु पंचमयं ॥६॥ आयट्ठा णायगाइण वावि अट्ठाए जो मुसं वयइ । सो मोसपच्चईओ दंडो छट्ठो हवइ एसो ॥७॥ एमेव आयणायगअट्ठा जो गेण्हइ अदिन्नं तु । एसो अदिन्नवत्ती अज्झत्थीओ इमो होइ ॥८॥ नवि कोवि किंचि भणई तहवि हियएण दुम्मणो किंपि । तस्सऽज्झत्थी संसइ चउरो ठाणा इमे तस्स ॥९॥ कोहो माणो माया लोहो अज्झत्थकिरिय एवेसो । जो पुण जाइमयाई अट्ठविहेणं तु माणेणं ॥१०॥ मत्तो हीलेइ परं खिंसइ परिभवइ माणवत्तेसा । मायपिइनायगाईण जो पुण अप्पेवि अवराहे ॥११॥ तिव्वं दंडं करेइ डहणंकणबंधतालणाईयं । तं मित्तदोसवत्ती किरियाठाणं भवइ दसमं ॥१२॥ एक्कारसमं माया अण्णं हिययंमि अण्ण वायाए । अण्णं आयरई यो सकम्मुणा गूढसामत्थो ॥१३॥

પર ધાડ પડે ત્યારે અચોરને ચોર સમજીને મારે તે **દૃષ્ટિવિપર્યાસ**નામે પાંચમું ક્રિયાસ્થાન જાણવું. (૬) પોતાની માટે અથવા સ્વજનાદિ માટે જે મૃષાવચન બોલે છે તે **મૃષાપ્રત્યયિક** છઠ્ઠો દંડ જાણવો. (૭) એ જ પ્રમાણે જે પોતાની માટે કે સ્વજનાદિ માટે અદત્તને ગ્રહણ કરે તે **અદત્તપ્રત્યયિક** દંડ જાણવો. (૮) **અધ્યાત્મદંડ** આ પ્રમાણે છે – કોઈએ કશું કહ્યું ન હોય છતાં જે હૃદયથી (કુવિકલ્પોના કારણે) દુષ્ટમનવાળો થાય છે તેની **આધ્યાત્મિકીક્રિયા** કહેવાય છે. તેના આગળ કહેવાતા ચાર સ્થાનો છે – ક્રોધ, માન, માયા અને લોભ. આ ક્રોધાદિ પણ (આત્મામાં=મનમાં ઉત્પન્ન થતાં હોવાથી) આધ્યાત્મિકીક્રિયા જ જાણવી. (૯) જે વળી જાતિમદ વિગેરે આઠ પ્રકારના માનવડે મત્ત થયેલો બીજાની હીલના કરે =મનથી તિરસ્કાર કરે, ખિંસા કરે = વચનથી તિરસ્કાર કરે, પરાભવ કરે = કાયાથી તિરસ્કાર કરે તે **માનપ્રત્યયિકીક્રિયા** જાણવી. (૧૦) માતા–પિતા–સ્વજન વિગેરેને અલ્પ એવા પણ અપરાધમાં જે તીવ્રદંડને અર્થાત્ બાળવું, ડામ દેવો, બંધન કરવું, તાડન કરવું વિગેરે તીવ્રદંડને કરે છે તે દશમી **મિત્રદોષપ્રત્યયિકીક્રિયા** જાણવી.

(૧૧) હૃદયમાં કંઈક અન્ય હોય, વચનમાં કંઈક અન્ય હોય અને વળી પોતાના કર્મથી=ક્રિયાથી કંઈક અન્ય જ ગૂઢ આશયવાળો જે આચરે છે તે **માયાપ્રત્યયિકીક્રિયા** જાણવી. (૧૨) ત્યાર પછી લોભપ્રત્યયિકી આ પ્રમાણે જાણવી – મોટા એવા સાવદ્યઆરંભ અને પરિગ્રહમાં

૧૫. वा अस्तेनं स्तेनमिति वाऽपि घातयेत् । दृष्टिविपर्यासात् स क्रियास्थानं तु पञ्चमम् ॥६॥ आत्मार्थं ज्ञातीयादीनां वाऽप्यर्थाय यो मृषा वदति । स मृषाप्रत्ययिको दण्डो भवत्येषः षष्ठः ॥७॥ एवमेवात्मज्ञातीयार्थं यो गृह्णात्यदत्तं तु । एषोऽदत्तप्रत्ययोऽध्यात्मस्थोऽयं भवति ॥८॥ नैव कोऽपि किञ्चिद्भणति तथापि हृदये दुर्मना किमपि । तस्याध्यात्मस्थः शंसति चत्वारि स्थानानीमानि तस्य ॥९॥ क्रोधो मानो माया लोभोऽध्यात्मक्रिय एवैषः । यः पुनर्जातिमदादिनाऽष्टविधेन तु मानेन ॥१०॥ मत्तो हीलयति परं निन्दति परिभवति मानप्रत्ययिकी एषा । मातापितृज्ञातीयानां यः पुनरल्पेऽप्यपराधे ॥११॥ तीव्रं करोति दण्डं दहनाङ्कनबन्धताडनादिकम् । तत् मित्रद्वेषप्रत्ययिकं क्रियास्थानं भवति दशमम् ॥१२॥ एकादशमं माया अन्यत् हृदये अन्यद्वाचि । अन्यदाचरति यः स्वकर्मणा गूढसामर्थ्यः ॥१३॥

[१६] मायावत्ती एसा तत्तो पुण लोहवत्तिया इणमो । सावज्जारंभपरिग्गहेसु सत्तो महंतेसु ॥१४॥ तह इत्थीकामेसुं गिद्धो अप्पाणयं च रक्खंतो । अण्णेसिं सत्ताणं वहबंधणमारणं कुणइ ॥१५॥ एसो उ लोहवित्ती इरियावहियं अओ पवक्खामि । इह खलु अणगारस्सा समिईगुत्तीसुगुत्तस्स ॥१६॥ सययं तु अप्पमत्तस्स भगवओ जाव चक्खुपम्हंपि । निवयइ ता सुहुमा विहु इरियावहिया किरिया एसा ॥१७॥

**चोद्दसहिं भूयगामेहिं पन्नरसहिं परमाहंमिएहिं सोलसहिं गाहासोलसएहिं सत्तरसविहे संजमे अट्ठारसविहे अबंभे एगूणवीसाए णायज्झयणेहिं वीसाए असमाहिठाणेहिं ॥**

चतुर्दशभिर्भूतग्रामैः, क्रिया पूर्ववत्, भूतानि—जीवास्तेषां ग्रामाः—समूहा भूतग्रामास्तैः, ते चैवं चतुर्दश भवन्ति—

**एगिंदियसुहुमियरा सण्णियर पणिंदिया य सबीतिचऊ ।**
**पज्जत्तापज्जत्ता भेएणं चोद्दसग्गामा ॥१॥**

व्याख्या—एकेन्द्रियाः—पृथिव्यादयः सूक्ष्मेतरा भवन्ति, सूक्ष्मा बादराश्चेत्यर्थः, संज्ञीतराः पञ्चेन्द्रियाश्च, संज्ञिनोऽसंज्ञिनश्चेति भावना, 'सबीतिचउ'त्ति सह द्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रियैः, एते हि

---

આસક્ત તથા સ્ત્રી અને વિષયોમાં ગૃદ્ધ એવો જે પોતાનું રક્ષણ કરતો બીજા જીવોના વધ—બંધન—મારણ વિગેરે કરે. તે તેની **લોભપ્રત્યયિકીક્રિયા** જાણવી. (૧૩) ઈર્યાપથિકીક્રિયા હવે પછી હું કહીશ. તે આ પ્રમાણે—સમિતિ, ગુપ્તિઓથી સુગુપ્ત, સતત ★અપ્રમત્ત, ભગવાન એવા અનગારને જ્યાં સુધી ચક્ષુના પાંપણોનું હલન—ચલન થાય છે. ત્યાં સુધી ઈર્યાપથિકી સૂક્ષ્મક્રિયા થાય છે. (ટૂંકમાં ૧૧, ૧૨ વિગેરે ગુણસ્થાને કેવલ યોગપ્રત્યયક જે ક્રિયા છે તે **ઈર્યાપથિકીક્રિયા** જાણવી.)

## ❋ ચૌદ ભૂતગ્રામો ❋

**સૂત્રાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** ચૌદ ભૂતગ્રામોને કારણે... હું પ્રતિક્રમણ કરું છું વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તેમાં ભૂત એટલે જીવો. તેઓનો સમૂહ તે ભૂતગ્રામ. તે ચૌદ ભૂતગ્રામો આ પ્રમાણે છે ➪

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** પૃથ્વી વિગેરે એકેન્દ્રિયના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદો. પંચેન્દ્રિયના સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે ભેદો (કુલ ચાર ભેદ.) તથા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરેન્દ્રિય આ ત્રણ ભેદોની

---

१६. मायाप्रत्ययिक्येषा ततः पुनर्लोभप्रत्ययिक्येषा । सावद्यारम्भपरिग्रहेषु सक्तो महत्सु ॥१४॥ तथा स्त्रीकामेषु गृद्ध आत्मानं च रक्षन् । अन्येषां सत्त्वानां वधमारणाङ्कनबन्धनानि करोति ॥१५॥ एष तु लोभप्रत्ययिक ईर्यापथिकमतः प्रवक्ष्यामि । इह खल्वनगारस्य समितिगुप्तिसुगुप्तस्य ॥१६॥ सततं त्वप्रमत्तस्य भगवतो यावच्चक्षुःपक्ष्मापि । निपतति तावत् सूक्ष्मा ईर्यापथिकी क्रियैषा ॥१७॥ ★ 'सततमेवाप्रमत्तस्य'- उपशान्तमोहक्षीणमोहसयोगकेवलिलक्षणगुणस्थानकत्रयवर्तिनः, अन्येषां तु अप्रमत्तानामपि कषायप्रत्यय-कर्मबन्धसद्भावेन केवलयोगनिमित्तकर्मबन्धासम्भवान्नाप्रमत्तशब्देनात्र ग्रहणमिति प्रव.सारो. ८३४ वृत्तौ.

पर्याप्यकापर्याप्तकभेदेन चतुर्दश भूतग्रामा भवन्ति,

स्थापना चेयं–

| ए.सू.अप. | सू.प. | बाद.अप. | बा. प. |
|---|---|---|---|
| | बे.अप | बे. प. | |
| | ते.अप. | ते. प. | |
| | च.अप. | च. प. | |
| असं.अप. | असं.प. | सं.अप. | सं. प. |

एवं चतुर्दशप्रकारो भूतग्रामः प्रदर्शितः, अधुनाऽमुमेव गुणस्थानद्वारेण दर्शयन्नाह सङ्ग्रहणिकारः —

[१]मिच्छद्दिट्ठी [२]सासायणे य तह [३]सम्ममिच्छद्दिट्ठी य ।
[४]अविरयसम्मद्दिट्ठी [५]विरयाविरए [६]पमत्ते य ॥१॥
तत्तो य [७]अप्पमत्तो [८]नियट्टि[९]अनियट्टिबायरे [१०]सुहुमे ।
[११]उवसंत[१२]खीणमोहे होइ [१३]सजोगी [१४]अजोगी य ॥२॥

गाथाद्वयस्य व्याख्या–कश्चिद्भूतग्रामो मिथ्यादृष्टिः, तथा सास्वादनश्चान्यः, सहैव तत्त्वश्रद्धानरसास्वादनेन वर्तत इति सास्वादनः, क्वणद्घण्टालालान्यायेन प्रायः परित्यक्तसम्यक्त्वः, तदुत्तरकालं षडावलिकः, तथा चोक्तम् –

સાથે પૂર્વના ચાર ભેદો મળીને સાત ભેદો થાય. આ સાત ભેદોના પર્યાપ્તક અને અપર્યાપ્તકભેદ પડતા ચૌદ ભૂતગ્રામો થાય છે. સ્થાપના આ પ્રમાણે જાણવી. (૧) એકેન્દ્રિય સૂ. અપર્યાપ્તક, (૨) એ. સૂ. પર્યાપ્તક, (૩) બાદર અપર્યાપ્તક, (૪) બાદર પર્યા., (૫) બેઇન્દ્રિય અપર્યાપ્તક, (૬) બેઈ. પર્યા. (૭) તેઈ. અપર્યા., (૮) તેઈ. પર્યા. (૯) ચઉ. અપર્યા., (૧૦) ચઉ. પર્યા., (૧૧) પંચ. અસંજ્ઞી અપર્યા., (૧૨) પંચ. અસંજ્ઞી પર્યા., (૧૩) પંચ. સં. અપ., (૧૪) પંચ..અસં. પર્યાપ્તક.

**અવતરણિકા** : આ પ્રમાણે ચૌદ પ્રકારનો જીવોનો સમૂહ જણાવ્યો. હવે ગુણસ્થાનને આશ્રયીને ચૌદપ્રકારને જણાવતા સંગ્રહણિકાર કહે છે ➪

**ગાથાર્થ : મિથ્યાદષ્ટિ, સાસ્વાદન, મિશ્રદષ્ટિ, અવિરતસમ્યગ્દષ્ટિ, વિરતાવિરત, પ્રમત્ત, અપ્રમત્ત, નિવૃત્તિબાદર, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી અને અયોગી.**

**ટીકાર્થ** : કોઈક ભૂતગ્રામ=જીવ મિથ્યાદષ્ટિ હોય, અને કોઈક સાસ્વાદન હોય. અહીં જે જીવ તત્ત્વો ઉપરની શ્રદ્ધાના રસના આસ્વાદ સાથે વર્તતો હોય અર્થાત્ જે જીવમાં તેવા પ્રકારનો આસ્વાદ હોય તે જીવ સાસ્વાદન કહેવાય છે. વાગતા એવા ઘંટના લોલકન્યાયે પ્રાયઃ પરિત્યક્તસમ્યક્ત્વવાળો આ જીવ હોય છે, અર્થાત્ ઘંટ વાગ્યા પછી જેમ તેનો અવાજ થોડીવાર સુધી ચાલ્યા કરે છે, તેમ સમ્યક્ત્વનો ત્યાગ કર્યા પછી મિથ્યાત્વ પામતા પહેલાં સમ્યક્ત્વનો કંઈક સ્વાદ આ જીવને રહે છે. સમ્યક્ત્વને વમ્યા પછી ઉત્કૃષ્ટથી છ આવલિકા સુધી આ સાસ્વાદનસમ્યક્ત્વ રહે છે.

*"[१७]उवसमसंमत्तातो चयतो मिच्छं अपावमाणस्स ।*
*सासायणसंमत्तं तदंतरालंमि छावलियं ॥१॥"*

**तथा सम्यग्मिथ्यादृष्टिश्च सम्यक्त्वं प्रतिपद्यमान: प्राय: सञ्जाततत्त्वरुचिरित्यर्थ:, तथाऽविरत-सम्यग्दृष्टि:—देशविरतिरहित: सम्यग्दृष्टि:, विरताविरत:—श्रावकग्राम:, प्रमत्तश्च प्रकरणात्प्रमत्त-संयतग्रामो गृह्यते, ततश्चा( प्रमत्त:—अ )प्रमत्तसंयतग्राम एव, 'णियट्टिअणियट्टिबायरो'त्ति निवृत्ति-बादरोऽनिवृत्तिबादरश्च, तत्र क्षपकश्रेण्यन्तर्गतो जीवग्राम: क्षीणदर्शनसप्तक: निवृत्तिबादरो भण्यते, तत ऊर्ध्वं लोभाणुवेदनं यावदनिवृत्तिबादर:, 'सुहुमे'त्ति लोभाणून् वेदयन् सूक्ष्मो भण्यते, सूक्ष्मसम्पराय इत्यर्थ:, उपशान्तक्षीणमोह: श्रेणिपरिसमाप्तावन्तर्मुहूर्तं यावदुपशान्तवीतराग: क्षीणवीतरागश्च भवति, सयोगी भवस्थकेवलिग्राम इत्यर्थ:, अयोगी च निरुद्धयोग: शैलेश्यां गतो**

---

કહ્યું છે. – "ઉપશમસમ્યક્ત્વથી પડ્યા બાદ મિથ્યાત્વને નહીં પામેલા જીવને વચમાં છ આવલિકા સુધી સાસ્વાદનસમ્યક્ત્વ હોય છે." તથા કોઈક જીવ સમ્યગ્મિથ્યાદષ્ટિ એટલે કે મિશ્રદષ્ટિ હોય છે, અર્થાત્ સમ્યક્ત્વને સ્વીકારતો હોય ત્યારે (સમ્યગ્મિથ્યાત્વ=મિશ્રમોહનીયના ઉદયથી મિશ્રદષ્ટિવાળા આ જીવને) પ્રાયઃ કરીને તત્ત્વો ઉપરની રૂચિ જાગી હોય છે. તથા કોઈક જીવ અવિરતસમ્યગ્દષ્ટિ એટલે કે દેશવિરતિરહિતનો સમ્યગ્દષ્ટિ હોય છે. શ્રાવકોનો સમૂહ વિરતાવિરત જાણવો. પ્રમત્ત એવા સાધુઓનો સમૂહ પ્રમત્ત તરીકે ગ્રહણ કરવો, કારણ કે અહીં ચૌદ ભૂતગ્રામોને જણાવવાનું પ્રકરણ ચાલે છે. (આશય એવો લાગે છે કે પ્રમત્ત તરીકે જો કે ૧ થી ૫ ગુણસ્થાનવર્તી જીવો પણ આવે, પરંતુ અહીં ચૌદ પ્રકારના જુદા જુદા જીવો બતાવવાના હોવાથી મિથ્યાત્વી વિગેરે જીવોનું ગ્રહણ ૧ થી ૫ ગુણસ્થાનમાં થઈ ગયા બાદ પ્રમત્ત તરીકે હવે માત્ર પ્રમત્ત સાધુઓ જ ગ્રહણ કરવાના બાકી હોવાથી પ્રમત્ત તરીકે માત્ર પ્રમત્ત એવા સાધુઓનું જ ગ્રહણ કરવા 'प्रकरणात्' શબ્દ મૂક્યો છે.)

ત્યાર પછી અપ્રમત્ત એવા સાધુ સમુદાય જ અપ્રમત્ત તરીકે જાણવા. ક્ષપકશ્રેણિમાં દર્શનસપ્તકનો (= અનંતાનુબંધી ૪ + સમ્યક્ત્વમોહનીયાદિ ૩નો) જેણે ક્ષય કર્યો છે એવો (અને ઉપલક્ષણથી ઉપશમશ્રેણિમાં દર્શનસપ્તકનો જેણે ઉપશમ કર્યો છે એવો) જીવસમૂહ નિવૃત્તિબાદર તરીકે જાણવો. ત્યાર પછીથી લઈને લોભના અનુભવન સુધી (=દર્શનસપ્તક ક્ષય કર્યા બાદ કષાયઅષ્ટકનો ક્ષય આરંભે. ત્યારથી લઈને છેલ્લે સંજ્વલનલોભના ક્ષય સમયે લોભના ત્રણ ટુકડા કરે. તેમાં છેલ્લા ટુકડાના સંખ્યાતા ટુકડા કરે. તેમાં તે સંખ્યાતા ટુકડામાં છેલ્લો ટુકડો ખપાવવાનો બાકી રહે ત્યાં સુધી)ની અવસ્થામાં વર્તતો જીવસમૂહ અનિવૃત્તિબાદર જાણવો. લોભના અણુઓને (=લોભના છેલ્લા ટુકડાના કરેલા અસંખ્યેય ટુકડાઓને) ખપાવતો જીવ સૂક્ષ્મ કહેવાય છે, અર્થાત્ સૂક્ષ્મસંપરાયવાળો કહેવાય છે. ઉપશમશ્રેણિ પૂર્ણ થયા બાદના અંતર્મુહૂર્ત કાલ સુધી જીવ ઉપશાંતવીતરાગ થાય છે. ક્ષપકશ્રેણિ પૂર્ણ થયા બાદના અંતર્મુહૂર્તકાલ સુધી જીવ ક્ષીણવીતરાગ થાય છે. ભવસ્થકેવલિસમૂહ સયોગી જાણવા અને યોગનિરોધ કર્યા બાદ શૈલેશી–અવસ્થાને પામેલો

---

१७. उपशमसम्यक्त्वात् च्यवमानस्य मिथ्यात्वमप्राप्नुवत: । सास्वादनसम्यक्त्वं तदन्तराले षडावलिका: ॥१॥

ह्रस्वपञ्चाक्षरोद्गिरणमात्रकालं यावत् इति गाथाद्वयसमासार्थः ॥ व्यासार्थस्तु प्रज्ञापनादिभ्योऽवसेयः ॥

पञ्चदशभिः परमाधार्मिकैः, क्रिया पूर्ववत्, परमाश्च तेऽधार्मिकाश्च २, संक्लिष्टपरिणामत्वात्परमाधार्मिकाः, तानभिधित्सुराह सङ्ग्रहणिकारः —

अंबे[१] अंबरिसी[२] चेव, सामे[३] अ सबले[४] इय ।
रुद्दो[५]वरुद्द[६]काले[७] य, महाकाले[८]त्ति आवरे ॥१॥
असिपत्ते[९] धणु[१०]कुंभे[११], वालू[१२] वेयरणी[१३] इय ।
खरस्सरे[१४] महाघोसे[१५], एए पन्नरसाहिया ॥२॥

इदं गाथाद्वयं सूत्रकृन्निर्युक्तिगाथाभिरेव प्रकटार्थाभिर्व्याख्यायते– [१८]धाडेंति पहाडेंति य हणंति विंधंति तह निसुंभंति । मुंचंति अंबरतले अंबा खलु तत्थ नेरइया ॥१॥ ओहयहए य तहियं निस्सण्णे कप्पणीहिं कप्पंति । बिदलगचडुलगछिन्ने अंबरिसा तत्थ नेरइए ॥२॥ साडणपाडण

જીવ પાંચ હ્રસ્વસ્વરોને બોલવા જેટલા કાલ સુધી અયોગી જાણવો. આ પ્રમાણે બંને ગાથાઓનો સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારથી પ્રજ્ઞાપના વિગેરે ગ્રંથોમાંથી જાણી લેવો.

પંદર પરમાધાર્મિકોવડે... 'તેનું હું પ્રતિક્રમણ કરું છું' વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. પરમ એવા જે અધાર્મિકો તે પરમાધાર્મિકો. સંક્લિષ્ટપરિણામવાળા હોવાથી તેઓ પરમ-અધાર્મિક છે. તેઓને કહેવાની ઇચ્છાવાળા સંગ્રહણિકાર કહે છે ➪

## ❀ પંદર પરમાધાર્મિકો ❀

**ગાથાર્થ : – અંબ, અંબર્ષી, શ્યામ, શબલ, રૌદ્ર, ઉપરૌદ્ર, કાલ, મહાકાલ, અસિ, પત્રધનુ, કુંભી, વાલુક, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ. આ પંદર પરમાધાર્મિકો કહ્યા છે.**

**ટીકાર્થ :** સૂયગડાંગસૂત્રની સ્પષ્ટ અર્થવાળી એવી નિર્યુક્તિગાથાઓવડે જ આ બંને ગાથાઓનું વ્યાખ્યાન કરે છે – (૧) અંબ[II]નામના પરમાધાર્મિકો પોતાના ભવનમાંથી નીકળી નરકાવાસમાં જઈને નારકજીવોને કૂતરાઓની જેમ મારતા મારતા 'धाडेंति' =એક સ્થાનેથી અન્ય સ્થાને લઈ જાય છે, 'पहाडेंति' =પોતાની ઇચ્છા પ્રમાણે આમ–તેમ ભમાડે છે, 'हणंति' = આકાશમાં ઉછાળીને નીચે પડતા નારકજીવોને ગદા જેવા શસ્ત્રોવડે મારે છે. 'विंधंति' = ભાલા વિગેરે શસ્ત્રોવડે વિંધે છે. 'तह निसुंभंति' = બોચીથી પકડીને જમીન ઉપર મોં અથડાય એ રીતે નીચે પછાડે છે. અને પછી ઉંચકીને આકાશમાં 'मुंचंति' = ફેંકે છે. આ રીતે અંબનામના પરમાધાર્મિકો નરકમાં નારકજીવોને કદર્થના કરે છે. (૨) ([II]ગદા જેવા શસ્ત્રોવડે હણાયેલા 'ઉપહત' તરીકે જાણવા તથા ઉપહત એવા તે જીવો તલવાર વિગેરેવડે ફરીવાર હણાયેલા ઉપહતહત તરીકે જાણવા.) નરકમાં ઉપહતહત અને મૂર્ચ્છિત થયેલા જીવોને અંબર્ષીનામના પરમાધાર્મિકો કરવતોવડે કાપે છે. 'बिदलग' = બે ટુકડા કરે છે, 'चटुलगछिन्ने' = ટુકડે–ટુકડા કરવારૂપે છેદે છે.

१८. धाटयन्ति (प्रेरयन्ति) प्रधावयन्ति (भ्रमयन्ति) च घ्नन्ति विध्यन्ति तथा भूमौ पातयन्ति । मुञ्चन्ति अम्बरतलात् अम्बाः खलु तत्र नैरयिकान् ॥१॥ उपहतहतान् तत्र च निःसंज्ञान् कल्पनीभिः कल्पन्ते । द्विदलत्खण्डशश्छिन्नान् अम्बर्षयस्तत्र नैरयिकान् (कुर्वन्ति) ॥२॥ शातनपातन-

[૧૯] तोदण विंधण रज्जूतलप्पहारेहिं । सामा नेरइयाणं पवत्तयंती अपुण्णाणं ॥३॥ अंतगयफिप्फिसाणि य हियये कालेज्जफुप्फुसे वक्के । सबला नेरइयाणं पवत्तयंती अपुण्णाणं ॥४॥ असिसत्तिकुंततोमरसूलतिसूलेसु सूइचियगासु । पोएंति रुद्दकम्मा उ नरयपाला तहिं रोद्दा ॥५॥ भंजंति अंगमंगाणि ऊरू बाहू सिराणि करचरणे । कप्पेंति कप्पणीहिं उवरुद्दा पावकम्मरए ॥६॥ मीरासु सुंडएसु य कंडूसुं पयणगेसु य पयंति । कुंभीसु य लोहीसु य पयंति काला उ नेरइए ॥७॥ कप्पेंति कागिणीमंसगाणि छिंदंति सीहपुच्छाणि । खायंति य नेरइए महाकाला पावकम्मरए ॥८॥ हत्थे पाए ऊरू बाहू य सिरा तह य अंगुवंगाणि । छिंदंति पगामं तु असिनेरइया उ नेरइए ॥९॥

(૩) તથા શ્યામનામના પરમાધાર્મિકો પુણ્ય વિનાના(=તીવ્ર અશાતાના ઉદયવાળા) તે નારકજીવોના 'साडण'=અંગોપાંગનું છેદન કરે છે, 'पाडण'=શિખર ઉપરથી નીચે વજ્રભૂમિ ઉપર ફેંકે છે, 'तोदन'=શૂલ વિગેરેવડે વ્યથા પમાડે છે, 'विंधण'=સોય વિગેરેવડે નાસિકા વિગેરે વીંધે છે, (પૂર્વભવમાં) ક્રૂરકર્મને કરનારા નરકજીવોને દોરડાથી બાંધે છે તથા લાફો વિગેરે મારે છે. (૪) તથા શબલનામના પરમાધાર્મિકો પુણ્યહીન એવા નારક જીવોના આંતરડામાં રહેલાં માંસવિશેષને ખેંચે છે, હૃદયને ફાડે છે, કલેજાને = હૃદયમાં રહેલા માંસના ખંડને તથા 'फुप्फुसे' = પેટમાં રહેલ માંસવિશેષને તથા ચામડીને ખેંચે છે.

(૫) તથા તે નરકમાં રૌદ્રકર્મવાળા એવા રૌદ્રનામના નરકપાલો જીવોને તલાવર, શક્તિ, ભાલો, શૂલ, ત્રિશૂલ વિગેરે શસ્ત્રોને વિશે તથા સોય વિગેરેને વિશે પરોવે છે. (૬) તથા ઉપરૌદ્રનામના પાપકર્મોમાં આસક્ત એવા નરકપાલો જીવોના શરીરઅંગોને ભાંગે છે. તથા સાથળ, બાહૂ, મસ્તક, હાથ–પગને કરવતદ્વારા કાપે છે. (૭) કાલનામના નરકપાલો જીવોને 'मीरासु' = નાના અને લાંબા ચૂલાઓ ઉપર, 'सुंडएसु' = લાંબા એવા વાંસ વિગેરે લાકડાંઓના અગ્રભાગ ઉપર (લાગેલી અગ્નિમાં), કન્દુ, પચનક અને લોહીને (આ ત્રણે વસ્તુ પકાવવા માટેના લોખંડના વાસણ વિશેષો છે.) વિશે તથા કુંભીમાં (નાંખીને જીવતા માછલાની જેમ) પકાવે છે.

(૮) મહાકાલનામના પાપકર્મમાં આસક્ત નરકપાલો માંસના નાના–નાના ટુકડા કરે છે. પીઠની ચામડીને છેદે છે. તથા (પૂર્વભવમાં જે માંસ ખાનારા હોય છે તેવા જીવોને પોતાના શરીરનું) માંસ ખવડાવે છે. (૯) અસિનામના નરકપાલો હાથ, પગ, સાથળ, બાહૂ, મસ્તક તથા અંગોપાંગને

૧૯. तोदनव्यथनानि रज्जुतलप्रहारैः । श्यामा नैरयिकाणां प्रवर्त्तयन्ति अपुण्यानाम् ॥३॥ अन्त्रगतफिफिसानि हृदयं कालेयकफुप्फुसानि वल्कान् । शबला नैरयिकाणां प्रवर्त्तयन्त्यपुण्यानाम् ॥४॥ असिशक्तिकुन्ततोमरशूलत्रिशूलेषु सूचिचितिकासु । प्रोतयन्ति रुद्रकर्माणस्तु नरकपालास्तत्र रौद्राः ॥५॥ भञ्जन्ति अङ्गोपाङ्गानि ऊरुणी बाहू शिरः करौ चरणौ । कल्पन्ते कल्पनीभि उपरुद्राः पापकर्मरताः ॥६॥ दीर्घचुल्लीषु शुण्ठकेषु च कुम्भीषु च कन्दुषु पचनकेषु च पचन्ति । कुम्भीषु च लौहीषु च पचन्ति कालास्तु नारकान् ॥७॥ कल्पन्ते काकिणी ( श्लक्ष्ण ) मांसानि छिन्दन्ति सिंहपुच्छान् ( पृष्ठिवर्धान् ) । खादयन्ति च नैरयिकान् महाकालाः पापकर्मरतान् ॥८॥ हस्तौ पादौ ऊरुणी बाहू च शिरांसि तथा चाङ्गोपाङ्गानि । छिन्दन्ति प्रकाममेव असिनरकपालास्तु नैरयिकान् ॥९॥

[१]कण्णोट्ठनासकरचरणदसणथणपूअऊरुबाहूणं । छेयणभेयणं साडण असिपत्तधणूहिं पाडिंति ॥१०॥ कुंभीसु य पयणेसु य लोहीसु कंडुलोहिकुंभीसु । कुंभी उ नरयपाला हणंति पावंति नरएसु ॥११॥ तडतडतडस्स भुंजति भज्जणे कलंबुवालुयापट्ठे । वालूयगा नेरइया लोलेंती अंबरतलंमि ॥१२॥ वसपूयरुहिरकेसट्ठिवाहिणी कलकलंतजउसोत्तं । वेयरणिनिरयपाला नेरइए ऊ पवाहेंति ॥१३॥ कप्पंति करगतेहिं कप्पंति परोप्परं परसुएहिं । संबलियमारुहंती खरस्सरा तत्थ नेरइए ॥१४॥ भीए य पलायंते समंतओ तत्थ ते निरुंभंति । पसुणो जहा पसुवहे महघोसा तत्थ नेरइए ॥१५॥

षोडशभिर्गाथाषोडशैः सूत्रकृताङ्गाद्यश्रुतस्कन्धाध्ययनैरित्यर्थः, क्रिया पूर्ववत्, तानि पुनरमून्यध्ययनानि—

વારંવાર છેદે છે. (૧૦) તલવારશસ્ત્ર પ્રધાન છે જેમને એવા પત્રધનુ નામના નરકપાલો (તલવાર જેવી અણિવાળા પાંદડાઓવાળા વનને વિકુર્વીને ત્યાં છાયા માટે આવેલા જીવોના) કાન, હોઠ, નાસિકા, હાથ, પગ, દાંત, સ્તન, પૂત (=નીચેનો બેસવાનો ભાગ), સાથળ, બાહૂ વિગેરેના છેદન, ભેદન, સાટન કરે છે. (૧૧) કુંભીનામના નરકપાલો નારકજીવોને કુંભી, પચનક વિગેરેમાં (=લોખંડના બનેલા કડાઈ જેવા તપાવવાના મોટા સાધનવિશેષોમાં) હણે અને પકાવે છે. (૧૨) વાલુગનામના નૈરયિકો = નરકપાલો શરણ વિનાના નારકોને તપાવેલી વાલુકાથી=રેતીથી ભરેલા ભાજનમાં કદંબપુષ્પની આકૃતિ જેવી વાલુકાના પૃષ્ઠમાં=ઉપરના તળીયે પાડીને તડ્ તડ્ ફૂટતા ચણાની જેમ ભુંજે છે=પકાવે છે. તથા આકાશમાં લટકાવે છે.

(૧૩) વૈતરણીનામના નરકપાલો ચરબી, રસી, લોહિ, કેશ, હાડકાને વહાવતી, અને ઉકળતા એવા લાખના જેવા પ્રવાહવાળી અર્થાત્ તપાવેલ ખાર અને ઉષ્ણપાણીવાળી વૈતરણીનદીમાં જીવોને નાખીને વહાવે છે. (૧૪) ત્યાં નરકમાં ખરસ્વરનામના નરકપાલો કરવતવડે જીવોને કાપે છે, તથા તેમના હાથમાં કુહાડી આપીને પરસ્પર કાપાકાપી કરાવે છે. વજ્ર જેવા કાંટાઓવાળા શાલ્મલીવૃક્ષ ઉપર ચઢાવે છે. (૧૫) ડરેલા અને માટે જ ભાગતા એવા નારકજીવોને મહાઘોષનામના પરમાધાર્મિકો ચારેબાજુથી અટકાવે છે. જેમ પશુવધમાં ડરીને ભાગતા પશુઓ અટકાવાય.

ગાથાનામનું સોળમું અધ્યયન છે જેમાં એવા સૂત્રકૃત્ નામના બીજા અંગના પ્રથમ શ્રુતસ્કંધના સોળ અધ્યયનોવડે... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તે સોળ અધ્યયનો આ પ્રમાણે છે ⇨

१. कर्णोष्ठनासिकाकरचरणदशनस्तनपूतोरुबाहूनाम् । छेदनभेदनशातनानि असिपत्रधनुर्भिः पाटयन्ति ॥१०॥ कुम्भीषु च पचनीषु च लौहीषु कन्दूलोहकुम्भीषु । कुम्भीकास्तु नरकपाला घ्नन्ति पातयन्ति नरकेषु ॥११॥ तडतडतडत्कुर्वन्तो भृज्जन्ति भ्राष्टे कदम्बवालुकापृष्ठे । वालुका नैरयिकपालाः लोलयन्त्यम्बरतले ॥१२॥ वसापूयरुधिरकेशास्थिवाहिनीं कलकलज्जतुश्रोतसम् । वैतरणीनरकपाला नैरयिकांस्तु प्रवाहयन्ति ॥१३॥ कल्पन्ते क्रकचैः कल्पयन्ति परस्परं परशुभिः । शाल्मलीमारोहयन्ति खरस्वरास्तत्र नैरयिकान् ॥१४॥ भीतांश्च पलायमानान् समन्ततस्तत्र तान्निरुन्धन्ति । पशून् यथा पशुवधे महाघोषास्तत्र नैरयिकान् ॥१५॥

समयो वेयालीयं उवसग्गपरिण्णथीपरिण्णा य ।
निरयविभत्तीवीरत्थओ य कुसीलाणं परिहासा ॥१॥
वीरियधम्मसमाही मग्गसमोसरणं अहतहं गंथो ।
जमईयं तह गाहासोलसमं होइ अज्झयणं ॥२॥

गाथाद्वयं निगदसिद्धमेव, सप्तदशविधे संयमे, सप्तदशविधे–सप्तदशप्रकारे संयमे सति, तद्विषयो वा प्रतिषिद्धकरणादिना प्रकारेण योऽतिचारः कृत इति, क्रियायोजना पूर्ववत्, सप्तदशविधसंयमप्रतिपादनायाह—

पुढविदगअगणिमारुयवणस्सइ बिति चउपणिंदिअज्जीवो ।
[२] पेहुप्पेहपमज्जण परिट्ठवण मणो वईकाए ॥१॥

व्याख्य–पुढवाइयाण जाव य पंचेंदियसंजमो भवे तेसिं । संघट्टणाइ न करे तिविहेणं करणजोएणं ॥१॥ अज्जीवेहिवि जेहिं गहिएहिं असंजमो भणिओ उ । जह पोत्थदूसपणए तणपणए चम्मपणए य ॥२॥ गंडी कच्छवि मुट्ठी संपुडफलए तहा छिवाडी य । एयं पोत्थयपणयं पण्णत्तं

ગાથાર્થ : સમય, વૈતાલીય, ઉપસર્ગપરિજ્ઞા, સ્ત્રીપરિજ્ઞા, નરકવિભક્તિ, વીરસ્તવ, કુશીલોની પરિભાષા, વીર્ય, ધર્મ, સમાધિ, માર્ગ, સમવસરણ, યાથાતથ્ય, ગ્રંથ, જમતીત અને સોળમું ગાથા અધ્યયન છે.

ટીકાર્થ : બંને ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. (આ અધ્યયનોને વિશે અશ્રદ્ધા વિગેરેને કારણે અતિચાર જાણવો.) સત્તર પ્રકારનું સંયમ હોતે છતે = તેની હાજરીમાં અથવા સત્તરપ્રકારના સંયમવિષયક પ્રતિષિદ્ધનું કરણ વિગેરે પ્રકારવડે જે અતિચાર કરાયો...વિગેરે ક્રિયાનું જોડાણ પૂર્વની જેમ જાણવું. સત્તર પ્રકારના સંયમનું પ્રતિપાદન કરવા માટે કહે છે ➪

## ❀ સત્તર પ્રકારના સંયમ ❀

ગાથાર્થ : પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરેન્દ્રિય અને પંચેન્દ્રિય, (એ પ્રમાણે નવ પ્રકારના જીવોનો મન–વચન–કાયાથી સંરંભ, સમારંભ અને આરંભનો ત્યાગ કરવાથી નવ ભેદ જીવસંયમના થયા.) તથા અજીવ સંયમ (એમ દશ પ્રકાર. તથા) પ્રેક્ષા, ઉપેક્ષા, પ્રમાર્જન, પરિષ્ઠાપન, મન, વચન, અને કાયાને વિશે સંયમ (એમ ૧૭ ભેદ થાય.)

ટીકાર્થ : (૧) પૃથ્વી વિગેરેથી લઈ પંચેન્દ્રિય સુધીના જીવોનો સંયમ આ પ્રમાણે કે તે જીવોના સંઘટ્ટન વિગેરેનો મન–વચન–કાયાથી કરણ, કરાવણ, અનુમોદનનો ત્યાગ કરે. (૨) જે અજીવ વસ્તુઓ ગ્રહણ કરવાથી અસંયમ કહેવાયેલો છે. જેમ કે પુસ્તકપંચક, વસ્ત્રપંચક, તૃણપંચક, અને ચર્મપંચક (આ વસ્તુઓ ગ્રહણ કરવાથી અસંયમ થાય છે અને તેના ત્યાગમાં સંયમ છે. આ અજીવસંયમ થયો. હવે પુસ્તકપંચકને જણાવે છે.) (૩) ગંડી, કચ્છપી, મુષ્ટિ, સંપુટકફલક અને

२. पृथ्व्यादयो यावच्च पञ्चेन्द्रियाः संयमो भवेत्तेषाम् । संघट्टनादि न करोति त्रिविधेन करणयोगेन ॥१॥ अजीवेष्वपि येषु गृहीतेषु असंयमो भणितस्तु । यथा पुस्तकदूष्यपञ्चके तृणपञ्चके चर्मपञ्चके च ॥२॥ गण्डी कच्छपी मुष्टिः संपुटफलकस्तथा छेदपाटी च । एतत् पुस्तकपञ्चकं प्रज्ञप्तं

[3]वीयराएहिं ॥३॥ बाहल्लपुहुत्तेहिं गंडीपोत्थो उ तुल्लगो दीहो । कच्छवि अंते तणुओ मज्झे पिहुलो मुणेयव्वो ॥४॥ चउरंगुलदीहो वा वट्टागिइ मुट्ठिपोत्थओ अहवा । चउरंगुलदीहोच्चिय चउरस्सो वावि विण्णेओ ॥५॥ संपुडओ दुगमाई ★फलगा वोच्छं छिवाडिमेत्ताहे । तणुपत्तूसियरूवो होइ छिवाडी बुहा बेंति ॥६॥ दीहो वा हस्सो वा जो पिहुलो होइ अप्पबाहुल्ले । तं मुणियसमयसारा छिवाडिपोत्थं भणंतीह ॥७॥ दुविहं च दूसपणयं समासओ तंपि होइ नायव्वं । अप्पडिलेहियपणयं दुप्पडिलेहं च विण्णेयं ॥८॥ अप्पडिलेहियदूसे तूली उवहाणगं च नायव्वं । गंडुवहाणालिंगणि मसूरए चेव पोत्तमए ॥९॥ पल्हवि कोयवि पावार णवयए तहा य दाढिगालीओ । दुप्पडिलेहियदूसे

---

છેદપાટી આ પુસ્તકપંચક વીતરાગોવડે જણાવેલ છે. (૪) તેમાં ગંડીપુસ્તક જાડાઈમાં અને પહોળાઈમાં એક સરખું હોય, તથા લાંબુ હોય. કચ્છપીપુસ્તક બંને છેડે પાતળું અને વચ્ચે પહોળું સમજવું. (૫) મુષ્ટિપુસ્તક ચાર અંગુલપ્રમાણ લાંબુ અથવા ગોળ આકૃતિવાળું અથવા ચાર અંગુલપ્રમાણ જ લાંબુ પણ ચોરસ જાણવું. (૬) જેમાં બે, ત્રણ વિગેરે પાટિયા/પૂંઠા હોય તે સંપુટફલક પુસ્તક જાણવું. (જેમકે પ્રતો, જેમાં ઉપર નીચે પુઠ્ઠા=પાટિયા હોય છે.) હવે પછી છેદપાટીપુસ્તકને હું કહીશ (૭) તે આ પ્રમાણે – ઉચ્છ્રિતરૂપવાળું = લાંબુ હોય તથા જેના પાના પાતળા અથવા પ્રમાણમાં અલ્પ હોય તેવું પુસ્તક છિવાડી તરીકે બુધ=સર્વજ્ઞો કહે છે. અથવા જે લાંબુ અથવા ટુંકુ હોય, પહોળું અને અલ્પ જાડાઈવાળું હોય એવું પુસ્તક સિદ્ધાન્તોના રહસ્યને જાણનારા સર્વજ્ઞો છેદપાટી કહે છે.

(૮) દૂષ્યપંચક=વસ્ત્રપંચક સંક્ષેપથી બે પ્રકારે જાણવા યોગ્ય છે – અપ્રતિલેખિત (=જેનું પ્રતિલેખન ન થઈ શકે તેવું) દૂષ્યપંચક અને દુષ્પ્રતિલેખિતદૂષ્યપંચક. (૯) અપ્રતિલેખિતદૂષ્યપંચક આ પ્રમાણે–રૂ વિગેરેથી ભરેલી ગાદી, માથા નીચે રાખવાનું ઓસિકું, ઓસિકા ઉપર ગાલ પાસે રાખવા માટેનું નાનું ઓસિકુવિશેષ તે ગંડુપધાન, પોતાના શરીર જેટલું લાંબુ ગોળ ઓસિકું તે આલિંગણી અને વસ્ત્રમાંથી બનાવેલ ગોળ આસનવિશેષ તે મસૂરક જાણવું. (૧૦) પલ્હવિ, કોયવિ, પ્રાવાર, નવતક અને દાઢિગાલી આ પાંચ દુષ્પ્રતિલેખિત જાણવા. આ બીજું વસ્ત્રપંચક જાણવું.

(૧૧) તેમાં પલ્હવિ એટલે હાથીની પીઠ ઉપર પથરાતુ વસ્ત્ર. (અલ્પરોમવાળા કે

---

३. वीतरागैः ॥३॥ बाहल्यपृथक्त्वैर्गण्डीपुस्तकं तु तुल्यं दीर्घम् । कच्छपी अन्ते तनुकं मध्ये पृथु मुणितव्यम् ॥४॥ चतुरङ्गुलं दीर्घं वा वृत्ताकृति मुष्टिपुस्तकमथवा । चतुरङ्गुलदीर्घमेव चतुरस्रं वाऽपि विज्ञेयं ॥५॥ संपुटः द्विकादीनि फलकानि वक्ष्ये छेदपाटीमधुना । तनुपत्रोच्छ्रितरूपं भवति छेदपाटी बुधा ब्रुते ॥६॥ दीर्घो वा ह्रस्वो वा यः पृथुर्भवत्यल्पबाहल्यः । तं ज्ञातसमयसाराः छेदपाटीपुस्तकं भणन्तीह ॥७॥ द्विविधं च दूष्यपञ्चकं समासतस्तदपि भवति ज्ञातव्यम् । अप्रतिलेखितपञ्चकं दुष्प्रतिलेखं च विज्ञेयम् ॥८॥ अप्रतिलेखितदूष्यपञ्चके तूली उपधानकं च ज्ञातव्यम् । गण्डोपधानमालिङ्गिनी मसूरकश्चैव पोतमयः ॥९॥ पल्हवी (प्रल्हत्तिः) कौतपी प्रावारो नवतकं तथा दृढगाली तु । दुष्प्रतिलिखितदूष्ये ★ फलगापोत्थं–प्र.

[४] एयं बीयं भवे पणयं ॥१०॥ पल्हवि हत्थुत्थरणं कोयवओ रूयपूरिओ पडओ। दाढिगालि धोयपोत्ती सेस पसिद्धा भवे भेया ॥११॥ तणपणयं पुण भणियं जिणेहिं जियरायदोसमोहेहिं। साली वीही कोद्दवरालग रण्णे तणाइं च ॥१२। अयएलगाविमहिसी मिगाणमइणं च पंचमं होइ। तलिगा खल्लग बज्झे कोसग कत्ती य बीयं तु ॥१३॥ अह वियडहिरन्नाई ताइ न गिण्हइ असंजमो साहू। ठाणाइ जत्थ चेते पेहपमज्जित्तु तत्थ करे ॥१४॥ एसा पेहुवपेहा पुणो य दुविहा उ होइ नायव्वा। वावारावावारे वावारे जह उ गामस्स ॥१५॥ एसो उविक्खगो हू अव्वावारे जहा विणस्संतं। किं

બહુરોમવાળા વસ્ત્રનો પણ આમા સમાવેશ જાણવો.) કોયવિ એ રૂથી ભરેલું વસ્ત્રવિશેષ જાણવું. (આ વસ્ત્રમાં નેપાલની કાંબળી વિગેરેનો સમાવેશ થાય છે.) દાઢિગાલી એટલે ધૌતપોતિકા કે જે બ્રાહ્મણોનું દશીઓ સહિતનું પહેરવાનું વસ્ત્ર છે. બાકીના બે એટલે કે પ્રાવાર અને નવતક બંને પ્રસિદ્ધ જ છે. (તેમાં પ્રાવાર એ દશી સહિતનું વસ્ત્ર છે અથવા મોટી કાંબળીને પ્રાવાર કહેવાય છે. તથા નવતક એટલે જીન અર્થાત્ વસ્ત્રવિશેષ.)

(૧૨) શાલી, વ્રીહિ, કોદ્રવ, રાલકા અને જંગલીતૃણ આ પ્રમાણે પાંચ પ્રકારના તૃણ રાગ, દ્વેષ અને મોહને જીતનારા જિનોએ કહ્યા છે. (૧૩) ચર્મપંચક આ પ્રમાણે – બકરીનું ચામડું, ઘેટાનું ચામડું, તેમજ ગાયનું, ભેંસનું, તથા પાંચમું હરણનું ચામડું. અથવા બીજી રીતે ચર્મપંચક આ રીતે જાણવા – તલિકા એટલે પગના જોડા, ખલ્લગ = વિશેષ પ્રકારના પગના જોડા, વર્ધ્ર=ચામડું (કે જે તુટેલા જોડાને સાંધવા માટે ગ્રહણ કરે.) કોશક=ચામડામાંથી બનેલી, નખ સમારવાના સાધન વિગેરે રાખવા માટેની થેલી. વિહારમાં દાવાનલ વિગેરેના ભયથી બચવા ગચ્છમાં જે ચામડું રખાય છે તે કૃતિ જાણવું.

(૧૪–૧૬) મદિરા વિગેરે નશિલા પદાર્થો અને હિરણ્ય વિગેરેને અસંયમ ન થાય માટે સાધુ ગ્રહણ કરે નહીં. (આ પ્રમાણે અજીવસંયમ કહ્યું. હવે પ્રેક્ષા વિગેરે સંયમ જણાવે છે.) સાધુ જે સ્થાને કાયોત્સર્ગ વિગેરે કરે તે સ્થાનને ચક્ષુવડે જોઈને અને રજોહરણાદિવડે પ્રમાર્જન કરીને કાયોત્સર્ગાદિ કરે. આ પ્રેક્ષાસંયમ કહ્યું. ઉપેક્ષા (અર્થાત્ ઉપેક્ષાશબ્દનો અર્થ) બે પ્રકારે જાણવી – વ્યાપારમાં અને અવ્યાપારમાં. તેમાં વ્યાપારમાં – જેમ કે, આ પુરુષ ગામનો ઉપેક્ષક છે. (અર્થાત્ તે તે વ્યક્તિને તે તે કાર્યમાં વ્યાપારિત કરનારો છે. આ વ્યાપાર અર્થમાં ઉપેક્ષાશબ્દ જણાવ્યો.) અવ્યાપારમાં – આ નાશ પામતી વસ્તુની ઉપેક્ષા તું શા માટે કરે છે ? (અર્થાત્ આને બચાવવા માટેનો તું વ્યાપાર કેમ કરતો નથી ?) આ બંને પ્રકારની ઉપેક્ષાનો અહીં અધિકાર છે. (અર્થાત્

४. एतद् द्वितीयं भवेत् पञ्चकम् ॥१०॥ पल्हवी हस्तास्तरणं कौतपिको रुतपूरितः पटः। दृढगाली धौतपोतं शेषौ प्रसिद्धौ भवेतां भेदौ ॥११॥ तृणपञ्चकं पुनर्भणितं जिनैर्जितरागद्वेषमोहैः। शालिर्व्रीहिः कोद्रवः रालकोऽरण्यतृणानि च ॥१२॥ अजैडकगोमहिषाणां मृगाणामजिनं च पञ्चमं भवति। तलिका खल्लको वर्धः कोशः कर्त्तरी च द्वितीयं तु ॥१३॥ अथ हिरण्यविकटादीनि ( अजीवाः ) तानि न गृह्णाति असंयमः ( मत्वात् ) साधुः। स्थानादि यत्र चिकीर्षेत् प्रेक्ष्य प्रमार्ज्य तत्र कुर्यात् ॥१४॥ एषा प्रेक्षा उपेक्षा पुनर्द्विविधा तु भवति ज्ञातव्या। व्यापारेऽव्यापारे व्यापारे यथैव ( इन्द्रिय ) ग्रामस्य ॥१५॥ एष उपेक्षकः अव्यापारे यथा विनश्यत्। किं

[५] एयं नु उवेक्खसि दुविहाए वेत्थ अहिगारो ॥१६॥ वावारुवेक्ख तहियं संभोइय सीयमाण चोएइ । चोएई इयरंपी पावयणीयंमि कज्जंमि ॥१७॥ अव्वावार उवेक्खा नवि चोएइ गिहिं तु सीयंतं । कम्मेसु बहुविहेसुं संजम एसो उवेक्खाए ॥१८॥ पायाई सागारिएसुं अपमज्जित्तावि संजमो होइ । ते चेव पमज्जंते असागारिए संजमो होइ ॥१९॥ पाणेहिं संसत्तं भत्तं पाणमहवावि अविसुद्धं । उवगरणभत्तमाई जं वा अइरित्त होज्जाहि ॥२०॥ तं परिठवणविहीए अवहट्टु संजमो भवे एसो । अकुसलमणवइरोहे कुसलाण उदीरणं जं तु ॥२१॥ मणवइसंजम एसो काए पुण जं अवस्सकज्जंमि । गमणागमणं भवई तं उवउत्तो कुणइ संमं ॥२२॥ तव्वज्जं कुम्मस्सव्व सुसमाहियपाणिपायकायस्स । हवई य कायसंजमो चिट्ठंतस्सेव साहुस्स ॥२३॥

---

બંને અર્થમાં ઉપેક્ષાસંયમ હવે જણાવે છે.) (૧૭) તેમાં વ્યાપારઉપેક્ષા આ પ્રમાણે – સાંભોગિક=સમાન સામાચારીવાળા સીદાતા સાધુને પ્રેરણા કરે. તથા શાસનસંબંધી કોઈક કાર્ય હોય તો ભિન્ન સામાચારીવાળા સાધુને પણ પ્રેરણા કરે. (૧૮) અવ્યાપારઉપેક્ષા આ પ્રમાણે – ઘણા પ્રકારના એવા સાવદ્યકર્મોમાં સીદાતા=પીડાતા એવા ગૃહસ્થને કોઈ પ્રેરણા ન કરે અર્થાત્ ઉપેક્ષા કરે. (ભાવાર્થ એ છે કે ધંધા વિગેરેમાં વારંવાર હેરાન થતાં ગૃહસ્થને ધંધો વિગેરે કેવી રીતે કરવા ? વિગેરેની પ્રેરણા ન કરે, પરંતુ તે વિષયની ઉપેક્ષા કરે તે અવ્યાપારઉપેક્ષા સંયમ જાણવું.) આ બંને પ્રકારનું ઉપેક્ષાસંયમ જાણવું.

(૧૯) પ્રમાર્જના સંયમ - ગૃહસ્થ વિગેરે જોતા હોય ત્યારે સચિત્તભૂમિમાંથી અચિત્તભૂમિમાં (કે અચિત્તમાંથી સચિત્તભૂમિમાં) જતી વેળાએ પગ વિગેરે પ્રમાર્જન ન કરીએ તો પણ સંયમ થાય છે. જો ગૃહસ્થો ન હોય તો તે જ પગ વિગેરેનું પ્રમાર્જન કરવાથી સંયમ થાય છે. (૨૦–૨૧) જીવોથી યુક્ત એવું ભોજન કે પાણી અથવા અવિશુદ્ધ (દોષિત) એવું ભક્ત કે પાણી અથવા પાત્ર વિગેરે ઉપકરણ અને ભોજન વિગેરે જે કંઈ પણ અધિક હોય તેને પરિષ્ઠાપનવિધિથી પરઠવવું તે અપહારસંયમ = પરિષ્ઠાપનસંયમ છે. અકુશલ એવા મન–વચનને અટકાવી કુશલ એવા મન–વચન કરવા તે મન–વચનસંયમ જાણવું. (૨૨–૨૩) અવશ્ય કરવા યોગ્ય કાર્યમાં જે ગમનાગમન થાય છે. તેને ઉપયોગપૂર્વક સમ્યગ્ રીતે કરે અને તે સિવાય કાચબાની જેમ જેના હાથ–પગ અને શરીર સુસમાહિત = ગુપ્ત છે તેવા સ્થિરતાથી રહેલા સાધુને કાયસંયમ જાણવું.

---

५. एतत्तूपेक्षसे ? द्विविधयाऽप्यत्राधिकारः ॥१६॥ व्यापारोपेक्षा तत्र सांभोगिकान् सीदतश्चोदयति । चोदयति इतरमपि प्रावचनीये कार्ये ॥१७॥ अव्यापारोपेक्षा नैव चोदयति गृहिणं तु सीदन्तम् । कर्मसु बहुविधेषु संयम एष उपेक्षायाः ॥१८॥ पादौ सागारिकेषु अप्रमार्ज्यापि (अप्रमृजत्यपि) संयमो भवति । तावेव प्रमार्जयति असागारिके संयमो भवति ॥१९॥ प्राणिभिः संसक्तं भक्तं पानमथवाऽप्यविशुद्धम् । उपकरणभक्तादि यद्वाऽतिरिक्तं भवेत् ॥२०॥ तत् परिष्ठापनविधिनाऽपहृत्यसंयमो भवेदेषः । अकुशलमनोवाग्रोधे कुशलयोरुदीरणं यत्तु ॥२१॥ मनोवाक्संयमावैतौ काये पुनर्यदवश्यकार्ये । गमनागमनं भवति तदुपयुक्तः करोति सम्यक् ॥२२॥ तद्वर्जं कूर्मस्येव सुसमाहितपाणिपादकायस्य । भवति च कायसंयमस्तिष्ठत एव साधोः ॥२३॥

अष्टादशविधं अष्टादशप्रकारे अब्रह्मणि–अब्रह्मचर्ये सति तद्विषयो वा प्रतिषिद्ध-करणादिना प्रकारेण योऽतिचारः कृत इति, क्रिया पूर्ववत्, तत्राष्टादशविधाब्रह्मप्रतिपादनायाह सङ्ग्रहणिकारः—

ओरालियं च दिव्वं मणवइकाएण करणजोएणं ।
अणुमोयणकारवणे करणेणऽट्ठारसाबंभं ॥१॥

व्याख्या–इह मूलतो द्विधाऽब्रह्म भवति–औदारिकं तिर्यग्मनुष्याणां दिव्यं च भवनवास्यादीनां, चशब्दस्य व्यवहितः सम्बन्धः, मनोवाक्कायाः करणं त्रिधा, योगेन त्रिविधेनैवानुमोदन-कारापणकरणेन निरूपितं, पश्चानुपूर्व्योपन्यासः, अब्रह्माष्टादशविधं भवति, इयं भावना–औदारिकं स्वयं न करोति मनसा ३, नान्येन कारयति मनसा ३, कुर्वन्तं नानुमोदते मनसा ३, एवं वैक्रियमपि । प्राकृतशैल्या छान्दसत्वाच्चैकोनविंशतिभिर्ज्ञाताध्ययनैरिति वेदितव्यं, पाठान्तरं वा–

## ❋ અઢાર પ્રકારના અબ્રહ્મ ❋

અઢાર પ્રકારના અબ્રહ્મચર્ય હોતે છતે અથવા તેના સંબંધી પ્રતિષિદ્ધનું કરવું વિગેરે પ્રકારે જે અતિચાર કરાયો છે તેનું... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તેમાં અઢાર પ્રકારના અબ્રહ્મનું પ્રતિપાદન કરવા માટે સંગ્રહણિકાર કહે છે ⇨

ગાથાર્થ : **ઔદારિક અને દિવ્યસંબંધી મન–વચન અને કાયારૂપ કરણોવડે અનુમોદન, કારાપણ અને કરણરૂપ યોગદ્વારા અઢાર પ્રકારનું અબ્રહ્મ છે.**

**ટીકાર્થ :** અહીં મૂળથી બે પ્રકારનું અબ્રહ્મ છે– (૧) ઔદારિક કે જે તિર્યંચ અને મનુષ્યસંબંધી છે તથા (૨) દિવ્ય કે જે ભવનવાસી વિગેરે દેવોસંબંધી છે. મૂળમાં રહેલ 'च' શબ્દનો વ્યવહિત=અન્ય સ્થાને સંબંધ જોડવાનો છે અર્થાત્ 'ओरालियं च दिव्वं' ની બદલે 'ओरालियं दिव्वं च' જાણવું. મન–વચન અને કાયા એ ત્રણ કરણ જાણવા. તથા અનુમોદન–કારાપણ અને કરણ એમ યોગ પણ ત્રણ જ જાણવા. આ ત્રણ કરણ અને ત્રણ યોગદ્વારા ઔદારિક અને દિવ્યનું નિરૂપણ કરેલું જાણવું. મૂળમાં અનુમોદન વિગેરે પશ્ચાનુપૂર્વીથી ઉપન્યાસ કરેલ જાણવો. (બાકી અર્થ કરણ–કારાપણ અને અનુમોદન એ પ્રમાણે સમજવો.) આ રીતે મનાદિથી કરણ–કારાપણ વિગેરેદ્વારા નવ પ્રકાર પડે છે. ઔદારિક અને દિવ્ય દરેકના નવ-નવ ભેદો પાડતા અઢાર પ્રકારનું અબ્રહ્મ થાય છે.

તે આ પ્રમાણે – (૧) મન વિગેરેથી પોતે ઔદારિક અબ્રહ્મ કરે નહીં, (૨) મન વિગેરેથી બીજા પાસે કરાવે નહીં, (૩) મન વિગેરેથી કરતાને અનુમોદે નહીં. આ જ પ્રમાણે વૈક્રિય=દિવ્ય પણ સમજી લેવું.

## ❋ ઓગણીસ જ્ઞાતઅધ્યયનો ❋

'एगूणवीसाए णायज्झयणेहिं' અહીં 'एगूणवीसाए' શબ્દમાં જે એક વચન કર્યું છે તે પ્રાકૃતશૈલી અને છાન્દસપ્રયોગ હોવાથી સમજવાનું છે. બાકી અર્થ બહુવચનમાં કરવાથી

'एगूणवीसाहिं णायज्झयणेहिं'ति एवमन्यत्रापि द्रष्टव्यं, क्रिया पूर्ववत्, ज्ञाताध्ययनानि ज्ञाताधर्मकथान्तर्वर्तीनि, तान्येकोनविंशति अभिधानतः प्रतिपादयन्नाह सङ्ग्रहणिकारः –

उक्खित्तणाए संघाडे, अंडे कुम्मे य सेलए।
तुंबे य रोहिणी मल्ली, मागंदी चंदिमा इय ॥१॥
दावद्दवे उदगणाए, मंडुक्के तेयली इय।
नंदिफले अवरकंका, ओयन्ने सुंसु पुंडरिया ॥२॥

गाथाद्वयं निगदसिद्धं,। विंशतिभिरसमाधिस्थानैः, क्रिया प्राग्वदेव, तानि चामूनि –

दवदवचारऽपमज्जिय दुपमज्जियऽइरित्तसिज्जआसणिए।
राइणियपरिभासिय थेरब्भूओवघाई य ॥१॥
संजलणकोहणो पिट्ठिमंसिएऽभिक्खऽभिक्खमोहारी।
अहिकरणकरोईरण अकालसज्झायकारी या ॥२॥
ससरक्खपाणिपाए सद्दकरो कलह झंझकारी य।
सूरप्पमाणभोती वीसइमे एसणासमिए ॥३॥

'एकोनविंशतिभिर्ज्ञाताध्ययनैः' પ્રમાણે જાણવો. અથવા પાઠાન્તર જાણવો – 'एगूणवीसाहिं णायज्झयणेहिं' આ પ્રમાણે હવે પછી આગળ પણ જ્યાં જ્યાં એકવચન આવે ત્યાં પ્રાકૃતશૈલી વિગેરેને કારણે સમજવું. ઓગણીસ જ્ઞાતાધ્યયનોવડે...જે અતિચાર...વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. અહીં જ્ઞાતાધર્મકથાનામના છઠ્ઠા અંગમાં કહેલા અધ્યયનો જ્ઞાતાધ્યયનો તરીકે જાણવા. તે ઓગણીસ છે કે જેના નામોનું પ્રતિપાદન કરતા સંગ્રહણિકાર કહે છે ⇨

**ગાથાર્થ : ઉત્ક્ષિપ્તજ્ઞાત, સંઘાટ, અંડ, કૂર્મ, શૈલક, તુંબ, રોહિણી, મલ્લી, માકંદી, ચન્દ્ર, દાવદ્રવ, ઉદકજ્ઞાત, મંડૂક, તૈતલીય, નન્દીફળ, અપરકંકા, આકીર્ણ, સુંસુમા અને પુંડરીક—અધ્યયન.**

**ટીકાર્થ :** બંને ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. વીસ અસમાધિસ્થાનોવિષયક જે અતિચાર...વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તે વીસ સ્થાનો આ પ્રમાણે જાણવા – (૧) ઝડપથી ચાલવું, (૨) પ્રમાર્જના ન કરવી, (૩) દુષ્પ્રમાર્જના કરવી, (૪) મોટા સ્થાનો (=વસતિ)માં રહેવું કે પીઠ–ફલક વિગેરે આસનો વધારે વાપરવા, (૫) રત્નાધિકોને ગમે—તેમ બોલનારો, (૬) ગુરુઓને દુઃખ આપનારો, (૭) એકેન્દ્રિય જીવોનો વિરાધક, (૮) મુહૂર્તે—મુહૂર્તે અર્થાત્ વારંવાર ક્રોધ કરનારો, (૯) અત્યંત ક્રોધ કરનારો, (૧૦) પૃષ્ઠમાંસ ખાનારો અર્થાત્ પીઠ પાછળ નિંદા કરનારો, (૧૧) વારંવાર 'જ'કાર પૂર્વકની ભાષા બોલનારો, (૧૨) ઝઘડા કરાવનારો, (૧૩) શાંત થયેલા ઝઘડાને ઊભા કરનારો, (૧૪) અકાલે સ્વાધ્યાય કરનારો, (૧૫) સચિત્ત રજકણોથી યુક્ત હાથ—પગવાળો, (૧૬) રાત્રિ વિગેરે સમયે જોરજોરથી બોલનારો, (૧૭) ઝઘડા કરનારો, (૧૮) ગચ્છમાં ભેદ=ટુકડા પાડનારો, (૧૯) આખો દિવસ ખાનારો, (૨૦) એષણામાં અસમિત.

गाथात्रयम्, अस्य व्याख्या–समाधानं समाधिः–चेतसः स्वास्थ्यं मोक्षमार्गेऽवस्थितिरित्यर्थः, न समाधिरसमाधिस्तस्य स्थानानि–आश्रया भेदाः पर्याया असमाधिस्थानान्युच्यन्ते–[६]दवदवचारी दुयं दुयं निरवेक्खो वच्चंतो इहेव अप्पाणं पवडणादिणा असमाहीए जोएइ, अन्ने य सत्ते वहेंतो असमाहीए जोएइ, सत्तवहजणिएण य कंमुणा परलोएवि अप्पाणं असमाहीए जोएइ, अतो द्रुत२गन्तृत्वमसमाधिकारणत्वादसमाधिस्थानम्, एवमन्यत्रापि यथायोगं स्वबुद्ध्याऽक्षरगमनिका कार्येति १, अपमज्जिए ठाणे निसीयणतुयट्टणाइ आयरंतो अप्पाणं विच्छुगडंकादिणा सत्ते य संघट्टणादिणा असमाहीए जोएइ २, एवं दुपमज्जिएवि आयरंतो ३, अइरित्ते सेज्जाआसणिएत्ति अइरित्ताए सेज्जाए घंघसालाए अण्णेवि आवासेंति अहिगरणाइणा अप्पाणं परे य असमाहीए जोएइ,

## ❀ વીસ અસમાધિસ્થાનો ❀

આ વીસ સ્થાનોની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી – સમાધિ એટલે ચિત્તનું સ્વાસ્થ્ય, અર્થાત્ મોક્ષમાર્ગમાં રહેવું. (એટલે કે મોક્ષમાર્ગમાંથી ચલિત ન થવું, સ્થિર રહેવું.) આવી સમાધિ ન રહેવી તે અસમાધિ. તેના જે સ્થાનો તે અસમાધિસ્થાનો. અહીં સ્થાન એટલે આશ્રય, ભેદ કે પર્યાય. (૧) **દ્રવ-દ્રવચારી** : નિરપેક્ષ એવો = જીવો મરી જશે, હું પડી જઈશ વિગેરે કોઈપણ પ્રકારની ચિંતા વિનાનો શીઘ્ર ચાલનારો સાધુ પડી જવા વિગેરેને કારણે પોતાને અસમાધિમાં નાખે છે, અને પડવા વિગેરેને કારણે ત્યાં રહેલા જીવોની હિંસા કરતો તે અન્ય જીવોને પણ અસમાધિમાં નાખે છે. તથા જીવોની હિંસાથી ઉત્પન્ન થયેલા કર્મોને કારણે પરલોકમાં પણ પોતાને અસમાધિમાં નાખે છે. માટે શીઘ્ર ચાલવું એ અસમાધિનું કારણ હોવાથી અસમાધિસ્થાન છે. આ જ પ્રમાણે બીજા વિગેરે સ્થાનોમાં પણ યથાયોગ્ય=જ્યાં જે રીતે ઘટતો હોય તે રીતે પોતાની બુદ્ધિથી અક્ષરાર્થ કરવા યોગ્ય છે.

(૨) **અપ્રમાર્જન** : પ્રમાર્જ્યા વિનાના સ્થાનમાં બેસવું, સૂવું વિગેરે કરતો સાધુ વીંછીના ડંખ વિગેરેને કારણે પોતાને અને સંઘટ્ટણ વિગેરેને કારણે બીજા જીવોને અસમાધિમાં નાખે છે. (૩) આ જ પ્રમાણે **દુષ્પ્રમાર્જિત** સ્થાનમાં પણ બેસવું વિગેરેને કરતા સાધુ માટે સમજી લેવું. (૪) **અતિરિક્ત શય્યા–આસન** : ધર્મશાળાના હોલ જેવા અતિરિક્ત=મોટા સ્થાનમાં (રહેવા માટેની જગ્યા મોટી હોવાથી) બીજા બાવા, મુસાફરો વિગેરે પણ આવે. ત્યારે તે બાવા વિગેરેની સાથે સાધુનો (કોઈ બાબતમાં) ઝઘડો વિગેરે થવાથી તે સાધુ પોતાને અને બીજાને અસમાધિમાં નાખે છે. (તેથી આવા મોટા સ્થાનમાં રહેવું તે પણ અસમાધિનું કારણ બને.) એ જ રીતે પીઠ–ફલક

६. द्रुतद्रुतचारी द्रुतं द्रुतं निरपेक्षो व्रजन् इहैवात्मानं प्रपतनादिनाऽसमाधिना योजयति अन्यांश्च सत्त्वान् वधन् असमाधिना योजयति, सत्त्ववधजनितेन च कर्मणा परलोकेऽपि आत्मानमसमाधिना योजयति १, अप्रमार्जिते स्थाने निषीदनत्वग्वर्तनाद्याचरन् आत्मानं वृश्चिकदंशादिना सत्त्वांश्च संघट्टनादिनाऽसमाधिना योजयति २, एवं दुष्प्रमार्जितेऽप्याचरन् ३, अतिरिक्तशय्यासनिक इति अतिरिक्तायां शय्यायां घट्टशालायां अन्येऽप्यावासयन्ति अधिकरणादिनाऽऽत्मानं परांश्चासमाधिना योजयति,

[७] आसणं–पीढफलगाइ तंपि अइरित्तमसमाहीए जोएइ ४, रायणियपरिभासी राइणिओ–आयरिओ अण्णो वा जो महल्लो जाइसुयपरियायादीहिं तस्स परिभासी परिभवकारी असुद्दचित्तत्तणओ अप्पाणं परे य असमाहीए जोयइ ५, थेरोवघाई थेरा–आयरिया गुरवो ते आयारदोसेण सीलदोसेण य णाणाईहिं उवहणंति, उवहणंतो दुट्ठचित्तत्तणओ अप्पाणमण्णे य असमाहीए जोएइ ६, भूयाणि एगिंदिया ते अणट्ठाए उवहणइ उवहणंतो असमाहीए जोएइ ७, संजलणोत्ति मुहुत्ते २ रूसइ रुसंतो अप्पाणमण्णे य असमाहीए जोएइ ८, कोहणोत्ति सइ कुद्धो अच्चंतकुद्धो भवइ, सो य परमप्पाणं च असमाहीए जोएइ, एवं क्रिया वक्तव्या ९, पिट्ठिमंसिएत्ति परंमुहस्स अवण्णं भणइ १०, अभिक्खऽभिक्खमोधारीति अभिक्खणमोधारिणीं भासइ जहा दासो तुमं चोरो वत्ति जं वा संकियं

---

વિગેરે આસન વધારે રાખો તો પણ સ્વ–પરને અસમાધિમાં નાખવાનું થાય છે (અહીં આસનના ઉપલક્ષણથી સર્વ ઉપકરણો માટે સમજી લેવું. એટલે કે સંયમજીવન સંબંધી ઉપયોગી ઉપકરણો પણ વધારે રાખવા એ અસમાધિનું કારણ છે.)

(૫) **રત્નાધિકપરિભાષી** : રત્નાધિક એટલે આચાર્ય અથવા જાતિ=ઉંમર, શ્રુત=જ્ઞાન કે ચારિત્રપર્યાયથી જે મોટા હોય તે. આવા તે રત્નાધિકનો (સામે બોલવા વિગેરેરૂપ) પરાભવ કરનાર સાધુ પોતાનું અશુદ્ધચિત્ત હોવાથી પોતાને અને (પરાભવદ્વારા) બીજાને અસમાધિમાં નાખે છે.

(૬) **સ્થવિરોપઘાતી** : સ્થવિર એટલે આચાર્ય = ગુરુ. તેઓના આચારદોષોને, શીલદોષને અને જ્ઞાનાદિદોષને આશ્રયીને ગુરુને દુઃખી કરે. આ રીતે દુઃખી કરતો સાધુ દુષ્ટચિત્ત હોવાને કારણે પોતાને અને (દુઃખી કરતો હોવાથી) બીજાને અસમાધિમાં નાખે છે.

(૭) **ભૂતોપઘાતી** : ભૂત એટલે એકેન્દ્રિયજીવો. તે જીવોને નિષ્કારણ હણે. આ રીતે નિષ્કારણ હિંસા કરતો સાધુ સ્વ–પરને અસમાધિમાં નાખે છે. (૮) **સંજ્વલન** : મુહૂર્તે – મુહૂર્તે ક્રોધ કરે. આ રીતે વારંવાર ક્રોધ કરતો સાધુ સ્વ–પરને અસમાધિમાં નાખે છે. (૯) **ક્રોધન** – ક્યારેક જ ક્રોધ કરે પણ જ્યારે ક્રોધ કરે ત્યારે અત્યંત તીવ્ર ક્રોધ કરે અને સ્વ–પરને અસમાધિમાં નાખે. હવે પછી 'સ્વ–પરને અસમાધિમાં નાખે' એ પ્રમાણેની ક્રિયા બધે સ્વયં કહી દેવી.

(૧૦) **પૃષ્ઠમાંસાશી** : પીઠપાછળ નિંદા કરે. (૧૧) **અભીક્ષ્ણ–અભીક્ષ્ણ–અવધારી** : વારંવાર અપહારિણી= બીજાના ગુણોનો અપહાર કરનારી ભાષા બોલે. જેમ કે, (દાસ કે ચોર

---

७. आसनं –पीठफलकादि तदप्यतिरिक्तमसमाधिना योजयति ४, रात्निकपरिभाषी रात्निकः–आचार्यः अन्यो वा यो महान् जातिश्रुतपर्यायादिभिः तस्य परिभाषी–पराभवकारी अशुद्धचित्तत्वात् आत्मानं परांश्चासमाधिना योजयति ५, स्थविरोपघाती स्थविराः–आचार्याः गुरवः तान् आचारदोषेण शीलदोषेण च ज्ञानादिभिरुपहन्ति, उपघ्नन् दुष्टचित्तत्वादात्मानं परांश्च असमाधिना योजयति ६, भूता एकेन्द्रियाः तान् अनर्थायोपहन्ति उपघ्नन् असमाधिना योजयति ७, संज्वलन इति मुहूर्त्ते २ रुष्यति रुष्यन् आत्मानमन्यांश्चासमाधिना योजयति ८, क्रोधन इति सकृत् क्रुद्धः अत्यन्तक्रुद्धो भवति, स च परमात्मानं-चासमाधिना योजयति९, पृष्ठमांसाद इति पराङ्मुखस्यावर्णं भणति१०, अभीक्ष्णमभीक्ष्णमवधारक इति अभीक्ष्णमवधारिणीं भाषां भाषते यथा दासस्त्वं चौरो वेति यद्वा शङ्कितं

[८] तं निस्संकियं भणइ एवं चेवत्ति११, अहिगरणकरोदीरण अहिगरणाइं करेति अण्णेसिं कलहेइत्ति भणियं होति यन्त्रादीनि वा उदीरति१२, उवसंताणि पुणो उदीरेति१३, अकालसज्झायकारी य कालियसुयं उग्घाडापोरिसीए पढइ, पंतदेवया असमाहीए जोएइ१४, ससरक्खपाणिपाओ भवइ ससरक्खपाणिपाए सह सरक्खेण ससरक्खे अथंडिल्ला थंडिल्लं संकमंतो न पमज्जइ थंडिल्लाओवि अथंडिल्लं कण्हभोमाइसु विभासा ससरक्खपाणिपाए ससरक्खेहिं हत्थेहिं भिक्खं गेण्हइ अहवा

---

ન હોવા છતાં) તું દાસ છે અથવા તું ચોર છે. અથવા (વારંવાર અવધારિણી='જ'કારયુક્ત ભાષા બોલે. જેમ કે,) જે પદાર્થ મનમાં શંકા–અવસ્થામાં હોય, તે પદાર્થને શંકા વિના 'આ આમ જ છે' એ પ્રમાણે બોલે. (૧૨) **અધિકરણકર :** અધિકરણ વિગેરેને કરે એટલે કે (જાતે ઝઘડો ન કરે પણ) બીજાઓ પરસ્પર ઝઘડે એવું કરે. અથવા (અધિકરણ=હિંસા) તે અધિકરણના કારણભૂત એવા યંત્ર વિગેરેને શરૂ કરનારો હોય. (૧૩) **ઉદીરણાકર :** જે ઝઘડા શાંત થઈ ગયા છે, તેને પુનઃ ઊભા કરે.

(૧૪) **અકાલસ્વાધ્યાયકારી :** આચારાંગ વિગેરે કાલિકશ્રુત ઉદ્‌ઘાટપૌરુષીમાં=પાદોન પ્રહરે ભણે. (આશય એ છે કે કાલિકશ્રુતનો દિવસ–રાત્રિના પહેલા–છેલ્લા પ્રહરમાં ભણવાનો કાળ છે. તેમાં સવારે પાદોન પ્રહર થાય ત્યાર પછી ભણાય નહીં જો તે ભણે તો પ્રાંતદેવતા = નજીકના ક્ષેત્રમાં રહેલ મિથ્યાત્વી દેવ તે સાધુને (ગાંડો કરવા દ્વારા કે માંદગી લાવવા દ્વારા વિગેરેથી) અસમાધિમાં નાખે છે. (૧૫) **સરજસ્કહાથપગ :** રજસ્કથી=સચિત્ત રજકણોથી યુક્ત હાથ–પગવાળો જીવ સરજસ્કહાથપગવાળો કહેવાય છે. સચિત્ત રજકણોથી યુકત પગ હોય ત્યારે અસ્થંડિલમાંથી=સચિત્તભૂમિમાંથી સ્થંડિલ=અચિત્તભૂમિમાં કે સ્થંડિલભૂમિમાંથી અસ્થંડિલભૂમિમાં જતાં પગ પ્રમાર્જે નહીં. એ જ પ્રમાણે કાળાવર્ણની માટીવાળી ભૂમિમાંથી લાલમાટીવાળી ભૂમિ વિગેરેમાં જતાં પગ પ્રમાર્જે નહીં વિગેરે વિકલ્પો જાણવા. (આશય એ છે કે અહીં બે પ્રકારના શસ્ત્રો જાણવાં સ્વકાયશસ્ત્ર અને પરકાયશસ્ત્ર. તેમાં અચિત્ત પૃથ્વીથી સચિત્તપૃથ્વીની જે વિરાધના થાય તે અથવા સચિત્ત એવી લાલમાટીથી સચિત્ત એવી કૃષ્ણમાટીની જે વિરાધના થાય તે સ્વકાયરૂપ શસ્ત્રકૃત વિરાધના જાણવી. તથા પાણી વિગેરેને કારણે પૃથ્વીની જે વિરાધના તે પરકાયરૂપ શસ્ત્રકૃત વિરાધના જાણવી. આ રીતે બંને રીતે વિરાધનાનો સંભવ હોય ત્યારે સાધુ જ્યારે જ્યારે પણ અચિત્તભૂમિમાંથી સચિત્તભૂમિમાં કે સચિત્તભૂમિમાંથી અચિત્તભૂમિમાં કે કૃષ્ણભૂમિમાંથી રક્તભૂમિમાં ગમન કરે ત્યારે અવશ્ય પગનું પ્રમાર્જન કરે, જો ન કરે તો સ્વ–પરને અસમાધિમાં જોડે.)

---

૮. तं निःशङ्कितं भणति एवमेवेति ११, अधिकरणकरउदीरकौ अधिकरणानि करोति अन्येषां कलहयतीति भणितं भवति, यन्त्रादीनि वोदीरयति, उपशान्तानि पुनरुदीरयति १२–१३, अकालस्वाध्यायकारी च कालिकश्रुतं चोद्‌घाटपौरुष्यां पठति, प्रान्तदेवताऽसमाधिना योजयेत् १४, सरजस्कपाणिपादो भवति सरजस्कपाणिपादः सह रजसा सरजस्कः अस्थण्डिलात् स्थण्डिलं संक्रामन् न प्रमार्जयति स्थण्डिलादपि अस्थण्डिलं कृष्णभूमादिषु विभाषा ससरजस्कपाणिपादः ससरजस्काभ्यां हस्ताभ्यां भिक्षां गृह्णाति अथवा

[१]अणंतरहियाए पुढवीए निसीयणाइ करेंतो ससरक्खपाणिपाओ भवति१५, सद्दं करेइ असंखडसद्दं करेइ विगालेवि महया सद्देण उल्लवेंति वेरत्तियं वा गारत्थियं भासं भासइ१६, कलहकरेत्ति अप्पणा कलहं करेइ तं करेई जेण कलहो भवइ१७, झंझकारी य जेण २ गणस्स भेओ भवइ सव्वो वा गणो झंझविओ अच्छइ तारिसं भासइ करेइ वा१८, 'सूरप्पमाणभोइ'त्ति सूर एव पमाणं तस्स उदियमेत्ते आरद्धो जाव न अत्थमेइ ताव भुंजइ सज्झायमाई ण करेति, पडिचोइओ रूसइ, अजीरगाई य असमाहि उप्पज्जइ१९, 'एसणाऽसमिए'त्ति अणेसणं न परिहरइ पडिचोइओ

એ જ રીતે પૃથ્વીકાયના સચિત્તરજકણોથી યુક્ત હાથવડે ભિક્ષા ગ્રહણ કરે કે (સચિત્ત પૃથ્વી ઉપર બેસવું જ પડે તો વસ્ત્ર વિ. વચ્ચે પાથરવાનું હોય છે. તે પાથર્યા વિના બેસે તે અનંતરહિત અથવા અનંતરહિત એટલે સચિત્ત. આવી) અનંતરહિત એવી પૃથ્વી ઉપર બેસવા વિગેરેની ક્રિયા કરતો સાધુ સરજસ્કહાથપગવાળો કહેવાય છે. (અને આ રીતે કરે ત્યારે તે સાધુ સ્વ–પરને અસમાધિમાં જોડે છે.)

(૧૬) **શબ્દકર :** બિનજરૂરી અવાજ કરે, ઝઘડાના શબ્દોને કરે અર્થાત્ એવી રીતે બોલે અથવા અવાજ કરે કે જેથી ઝઘડો ઊભો થાય. અથવા સાંજના સમયે કે વહેલી સવારે મોટા–મોટા અવાજે સ્વાધ્યાય વિગેરે કરે. અથવા ગૃહસ્થભાષામાં બોલે. (એટલે કે આવો, બેસો, જતા રહો વિગેરે બોલવાથી જે હિંસા થાય તેનાથી સ્વ–પરને અસમાધિમાં જોડવાનું થાય.)

(૧૭) **કલહ=ઝઘડો કરનાર :** સ્વયં ઝઘડો કરે એટલે કે એવા વર્તન–વાણીનો પ્રયોગ કરે કે જેથી બીજા સાથે પોતાનો ઝઘડો થાય. (૧૮) **ભેદ પાડનારો :** તેવી ભાષા બોલે કે તેવું વર્તન કરે જેથી ગચ્છમાં ભાગલા પડે અથવા આખો ગચ્છ ઉદ્વેગ પામેલો રહે. (૧૯) **સૂર્યપ્રમાણભોજી :** સૂર્ય એ જ પરિમાણ છે અર્થાત્ સૂર્યોદયથી આરંભીને જ્યાં સુધી સૂર્યાસ્ત ન થાય ત્યાં સુધી ભોજન કર્યા કરે, પરંતુ સ્વાધ્યાય વિગેરે કરે નહીં. જો કદાચ કોઈ ઠપકો આપે તો ગુસ્સે થાય. આવો સાધુ અજીર્ણ વિગેરેને કારણે પોતાને અને (અજીર્ણ વિગેરેને કારણે માંદગી આવે ત્યારે જો કોઈ સાધુ બરાબર વૈયાવચ્ચ ન કરે તો કર્કશ વચન બોલવાદ્વારા) બીજાને અસમાધિમાં જોડે.

(૨૦) **એષણામાં અસમિત :** ગોચરીના બેતાલીસદોષોની ગવેષણા બરાબર કરે નહીં. તેથી જો કોઈ ઠપકો આપે તો તેઓ સાથે ઝઘડો કરે. ગવેષણા નહીં કરતો તે સાધુ જીવોની સંઘટ્ટન વિગેરેરૂપ વિરાધના કરે છે અને વિરાધના કરતો તે સાધુ પોતાને અસમાધિમાં જોડે છે. આ પ્રમાણે

१. ऽनन्तर्हितायां पृथ्व्यां निषीदनादि कुर्वन् ससरजस्कपाणिपादो भवति १५, शब्दं करोति–कलहशब्दं करोति विकालेऽपि महता शब्देनोल्लपति वैरात्रिकं वा गार्हस्थभाषां भाषते १६, कलहकर इति आत्मना कलहं करोति तत्करोति येन कलहो भवति १७, झञ्झकारी च येन येन गणस्य भेदो भवति सर्वो वा गणो झञ्झितो वर्त्तते तादृशं भाषते करोति वा १८, सूर्यप्रमाणभोजीति सूर्य एव प्रमाणं तस्योदयमात्रादारब्धः यावत् नास्तमयति तावत् भुनक्ति स्वाध्यायादि न करोति, प्रतिचोदितो रुष्यति, अजीर्णत्वादि चासमाधिरुत्पद्यते १९, एषणाऽसमित इत्यनेषणां न परिहरति प्रतिचोदितः

[१०] साहूहिं समं भंडइ, अपरिहरंतो य कायाणमुवरोहे वट्टइ, वट्टंतो अप्पाणं असमाहीए जोएइत्ति२०, गाथात्रयसमासार्थः, विस्तरस्तु दशाख्याद् ग्रन्थान्तरादवसेय इति ॥

**एक्कवीसाए सबलेहिं बावीसाए परीसहेहिं तेवीसाए सूयगडज्झयणेहिं चउवीसाए देवेहिं पंचवीसाए भावणाहिं छव्वीसाए दसाकप्पववहाराणं उद्देसणकालेहिं सत्तावीसविहे अणगारचरित्ते अट्ठावीसविहे आयारकप्पे एगूणतीसाए पावसुयपसंगेहिं तीसाए मोहणियठाणेहिं एगतीसाए सिद्धाइगुणेहिं बत्तीसाए जोगसंगहेहिं ( सूत्रं )**

एकविंशतिभिः शबलैः क्रिया प्राग्वत्, तत्र शबलं चित्रमाख्यायते, शबलचारित्रनिमित्तत्वात् करकर्मकरणादयः क्रियाविशेषाः शबला भण्यन्ते, तथा चोक्तं-

*"अवराहंमि पयणुए जेण उ मूलं न वच्चई साहू ।*
*सबलेति तं चरित्तं तम्हा सबलत्तणं बेंति ॥१॥"*

तानि चैकविंशतिशबलस्थानानि दर्शयन्नाह—

तंजह उ हत्थकम्मं कुव्वंते[१] मेहुणं च सेवंते[२] । राइं च भुंजमाणे[३] आहाकंमं च भुंजंते[४] ॥१॥ तत्तो य रायपिंडं[५] कीयं[६] पामिच्च[७] अभिहडं[८] छेज्जं[९] । भुंजंते सबले ऊ पच्चक्खियऽभिक्खभुंजइ[१०] य ॥२॥ छम्मासब्भंतरओ गणा गणं संकमं करेंते[११] य मासब्भंतर तिण्णि य दगलेवा ऊ करेमाणो[१२] ॥३॥ मासब्भंतरओ वा माइठाणाइं तिन्नि करेमाणे[१३] । पाणाइवायउट्टिं कुव्वंते[१४] मुसं वयंते[१५]

ત્રણે ગાથાઓનો સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારથી અર્થ દશાશ્રુતસ્કંધનામના અન્યગ્રંથમાંથી જાણવો.

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : એકવીસ શબલોને આશ્રયીને પ્રતિષિદ્ધનું કરણ વિગેરેવડે જે અતિચાર કરાયો છે તેનું...વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણી લેવી. તેમાં શબલ એટલે કાબરચીતરું. અહીં કરકર્મનું કરવું વિગેરે ક્રિયાવિશેષો ચારિત્રને શબલ (= કાબરચીતરું = મલિન) બનાવતા હોવાથી શબલ કહેવાય છે. કહ્યું છે—નાના અપરાધોમાં સાધુ શબલ જાણવો અથવા જે અપરાધોના સેવનથી આલોચના વિગેરેથી લઈ છેદ સુધીનું પ્રાયશ્ચિત્ત આવે છે, મૂલનું પ્રાયશ્ચિત્ત સાધુ પામતો નથી. તેવા અપરાધસ્થાનો સાધુના ચારિત્રને શબલ કરે છે. તે કારણથી તે અપરાધસ્થાનોનું શબલપણું તીર્થંકરાદિ કહે છે, (અર્થાત્ તે ક્રિયાવિશેષોને શબલ તરીકે કહે છે. इति दशाश्रुतस्कंध, द्वि. अध्य. ) ॥૧॥ અને તે એકવીસ શબલસ્થાનોને દર્શાવતા કહે છે ➪

१०. साधुभिः समं कलहयति, अपरिहरंश्च कायानामुपरोधे वर्त्तते, वर्त्तमान आत्मानमसमाधिना योजयति २० । अपराधे प्रतनुके येन तु न मूलं व्रजति साधुः । शबलयति तत् चारित्रं तस्मात् शबलत्वं ब्रुवते ॥१॥ तद्यथा तु हस्तकर्म कुर्वति मैथुनं च सेवमाने । रात्रौ च भुञ्जाने आधाकर्म च भुञ्जाने ॥१॥ ततश्च राजपिण्डं क्रीतं प्रामित्यं अभिहृतमाच्छेद्यम् । भुञ्जाने शबलस्तु प्रत्याख्यायाभीक्ष्णं भुनक्ति च ॥२॥ षण्मास्यभ्यन्तरतो गणाद् गणं संक्रमं कुर्वंश्च । मासाभ्यन्तरे त्रींश्च दकलेपांस्तु कुर्वन् ॥३॥ मासाभ्यन्तरतो वा मातृस्थानानि त्रीणि कुर्वन् । प्राणातिपातमाकुट्टया कुर्वन् मृषा वदन्

य[११] ॥४॥ गिण्हंते य अदिण्णं [१६]आउट्टि तह अणंतरहियाए। पुढवीय ठाणसेज्जं निसीहियं वावि चेतेइ ॥५॥ एवंससणिद्धाए ससरक्खाचित्तमंतसिललेलुं। कोलावासपइट्ठा कोल घुणा तेसि आवासो ॥६॥ संडसपाणसबीओ जाव उ संताणए भवे तहियं। ठाणाइ चेयमाणो सबले आउट्टिआए[१७] उ ॥७॥ [१८]आउट्टि मूलकंदे पुप्फे य फले य बीयहरिए य। भुंजंते सबले ऊ तहेव संवच्छरस्संतो ॥८॥ दस[१९] दगलेवे कुव्वं तह माइट्ठाण दस य वरिसन्तो[२०]। आउट्टिय सीउदगं वग्घारियहत्थमत्ते य ॥९॥ दव्वीए भायणेण व दीयंतं भत्तपाणं घेत्तूणं। भुंजइ[२१] सबलो एसो इगवीसो होइ नायव्वो ॥१०॥

आसां व्याख्या–**हत्थकम्मं सयं करेंति परेण वा करेंते सबले १, मेहुणं च दिव्वाइ ३ अइक्कमाइसु तिसु सालंबणे य सेवंते सबले २, राइं च भुंजमाणेत्ति, एत्थ चउभंगो–दिया गेण्हइ दिया भुंजइ ४ अतिक्कमाइसु ४ सबले, सालंबणे पुण जयणाए संनिहिमाईसु अपडिसेवणाए**

સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

### ❀ એકવીસ શબલસ્થાનો ❀

ટીકાર્થ : એકવીસ શબલસ્થાનોની વ્યાખ્યા : (૧) હસ્તકર્મને સ્વયં કરે અથવા બીજા પાસે કરાવે તે સાધુ શબલ જાણવો (અર્થાત્ તેનું ચારિત્ર શબલ જાણવું.) (૨) દિવ્ય વિગેરે મૈથુનના અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારના સેવનથી શબલ થાય (અનાચારમાં ભંગ જાણવો.) અને પુષ્ટ આલંબન સાથે સેવનારનું ચારિત્ર શબલ થાય છે. (૩) રાત્રિભોજન કરે, આ વિષયમાં ચતુર્ભંગી જાણવી : (A) દિવસે લાવેલું (બીજા) દિવસે વાપરે, (B) દિવસે લાવેલું રાત્રિએ વાપરે, (C) રાત્રિએ લાવેલું દિવસે વાપરે, (D) અને રાત્રિએ લાવેલું રાત્રિએ વાપરે. આ રીતે વાપરનારનું ચારિત્ર શબલ થાય છે. ★પુષ્ટ આલંબન હોય ત્યારે સંનિધિ=પોતાની પાસે રાખી મૂકેલ પદાર્થ વિગેરેનું જો જયણાથી સેવન કરે તો તે સાધુ અપ્રતિસેવનામાં જ (વર્તે છે, અર્થાત્ તેનું ચારિત્ર શબલ બનતું નથી.) આ જ પ્રમાણે અન્યત્ર પણ સમજી લેવું. (અર્થાત્ આગળ બતાવતા રાજપિંડ વિગેરેમાં પણ જો પુષ્ટ આલંબન અને જયણા હોય તો ચારિત્ર શબલ બનતું નથી.)

---

११. च ॥४॥ गृह्णन् चादत्तं आकुट्ट्या तथाऽनन्तर्हितायां। पृथ्व्यां स्थानं शय्यां नैषेधिकीं वाऽपि करोति ॥५॥ एवं सस्निग्धायां सरजस्कचित्तवच्छिलालेलुनि। कोलावासप्रतिष्ठा कोला घुणास्तेषामावासः ॥६॥ साण्डसप्राणसबीजो यावत् ससंतानको भवेत् तत्र। स्थानादि कुर्वन् सबल आकुट्ट्यैव ॥७॥ आकुट्ट्या मूलकन्दान् पुष्पाणि च फलानि च बीजहरितानि च। भुञ्जानः शबल एष तथैव संवत्सरस्यान्तः ॥८॥ दश दकलेपान् कुर्वन् तथा दश मातृस्थानानि च वर्षान्तः। आकुट्ट्या शीतोदकं प्रलम्बिते (अल्पवृष्टौ) हस्तमात्रेण च ॥९॥ दर्व्या भाजनेन वा (उदकार्द्रेण) दीयमानं भक्तपानं गृहीत्वा। भुनक्ति शबल एष एकविंशतितमो भवति ज्ञातव्यः ॥१०॥ हस्तकर्म स्वयं करोति परेण वा कारयति शबलो मैथुनं च दिव्यादि अतिक्रमादिभिस्त्रिभिः सालम्बनश्च सेवमानः शबलः, रात्रौ च भुञ्जाने, अत्र चतुर्भङ्गी–दिवा गृह्णाति दिवा भुङ्क्ते ४ अतिक्रमादिषु शबलः सालम्बने पुनर्यतनया, सन्निध्यादेः प्रतिषेवणायामेव, ★ अतिक्कमवतिक्कम-अइयारअणायारेसु चउसुवि सालंबो वा जयणाए अपडिसेवग एव सन्निहिमादीसु - दशा. चूर्णौ ।

**[१२]चेव, एवमन्यत्रापि द्रष्टव्यं ३, 'आहाकंमं च भुंजंते' प्रकटार्थं ४ रायपिंड ५ कीय ६ पामिच्च ७ अभिहड ८ अच्छेज्ज ९ पसिद्धा, 'पच्चक्खियऽभिक्ख भुंजइ य' असइं पच्चक्खिय २ भुंजए सबले १०, अंतो छण्हं मासाणं गणाओ गणसंकमं करेंते सबले अण्णत्थ णाणदंसणचरित्तट्ठयाए ११, 'मासब्भंतर तिण्णि य दगलेवे ऊ करेमाणे' लेवोत्ति नाभिप्पमाणमुदगं, भणियं च – *"जंघद्धा संघट्टो णाभी लेवो परेण लेवुवरि"* त्ति, अंतो मासस्स तिन्नि उदगलेवे उत्तरंते सबले १२, तिण्णि य माइट्ठाणाइं पच्छायणाईणि कुणमाणे सबले १३, आउट्टिआए–उपेत्य पुढवाइ-पाणाइवायं कुणमाणे सबले १४, मुसं वयंते सबले१५, अदिण्णं च गिण्हमाणे सबले १६,**

(૪) આધાકર્મી વાપરે, (૫) રાજપિંડ, (૬) ખરીદેલું, (૭) ઉછીણું લાવેલું, (૮) સામેથી લાવેલું, (૯) દાસ–દાસી વિગેરેને આપેલું ભોજન તેમની ઇચ્છા વિના તેમની પાસેથી લઈને વહોરાવેલું વાપરે તેનું ચારિત્ર શબલ જાણવું. અહીં રાજપિંડ વિગેરેના અર્થો પ્રસિદ્ધ જ છે. (૧૦) વારંવાર (તે–તે દ્રવ્યોનું) પચ્ચક્ખાણ લઈને (તે–જ દ્રવ્યો) વાપરે અર્થાત્ લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કરે તે સાધુ શબલ જાણવો. (૧૧) જ્ઞાન–દર્શન અને ચારિત્ર માટેનું કોઈ વિશિષ્ટ કારણ ન હોવા છતાં છ મહિનાની અંદર એક ગચ્છમાંથી બીજા ગચ્છમાં જતો સાધુ શબલ જાણવો.

(૧૨) એક મહિનામાં ત્રણ વાર પાણીના લેપને કરતો સાધુ શબલ જાણવો. અહીં લેપ એટલે નાભિપ્રમાણ પાણી. કહ્યું છે – જંઘાર્ધ સુધી પાણી હોય તેને સંઘટ્ટ કહેવાય, નાભિ સુધી પાણી હોય તેને લેપ કહેવાય અને નાભિથી ઉપર પાણી હોય તેને લેપોપરી કહેવાય છે. (અહીં આશય એ છે કે – જે સાધુ મહિનામાં ત્રણ વખત નાભિપ્રમાણ પાણીમાંથી પસાર થાય તેનું ચારિત્ર શબલ થાય છે. જેમાં પગના તળિયાથી લઈને અડધી જંઘા સુધીનો એટલે કે ઘુંટનથી લગભગ એક વેંત નીચેના ભાગ સુધીનો પગ ડૂબે તે પાણી સંઘટ્ટાપ્રમાણ કહેવાય છે. સંઘટ્ટાથી ઉપર નાભિ સુધીનું પાણી લેપ કહેવાય છે. અને નાભિથી ઉપર પાણીનું પ્રમાણ હોય તેને લેપોપરી કહેવાય છે.) તેમાં નાભિપ્રમાણ પાણીમાંથી જે સાધુ મહિનામાં ત્રણ વખત પસાર થાય તેનું ચારિત્ર શબલ જાણવું.

(૧૩) મહિનામાં ત્રણ વખત પોતાના અપરાધોને છુપાવવારૂપ માયાસ્થાનોને (=માયાને) કરતો સાધુ શબલ જાણવો. (૧૪) જાણી જોઈને પૃથ્વી વિગેરે જીવોના પ્રાણાતિપાતને કરતો સાધુ શબલ જાણવો. (૧૫) મૃષાવાદને બોલતો, (૧૬) અદત્તવસ્તુને ગ્રહણ કરનારો, (૧૭) અનંતરહિત

१२. आधाकर्मणि च भुञ्जाने, राजपिण्डं क्रीतं प्रामित्यं अभिहृतं आच्छेद्यं प्रसिद्धानि प्रत्याख्यायाभीक्ष्णं भुनक्ति च–असकृत् प्रत्याख्याय २ भुङ्क्ते शबलः, अन्तः षण्णां मासानां गणात् गणसंक्रमं कुर्वन् शबलः अन्यत्र ज्ञानदर्शनचारित्रार्थात्, मासाभ्यन्तरे त्रींश्चोदकलेपान् कुर्वन्, लेप इति नाभिप्रमाणमुदकं, भणितं च–जङ्घार्धं संघट्टो नाभिर्लेपः परतो लेपोपरीति, अन्तः मासस्य त्रीनुदकलेपानुत्तरन् शबलः, त्रीणि च मातृस्थानानि प्रच्छादनादीनि कुर्वन् शबलः, ज्ञात्वा पृथ्व्यादिप्राणातिपातं कुर्वन् शबलः, मृषा वदन् शबलः, अदत्तं च गृह्णन् शबलः,

**[१३] अणंतरहियाए–सचित्ताए पुढवीए ठाणं–काउस्सग्गं सेज्जं–सयणं निसीहियं च कुणमाणे सबले, ससणिद्धोदगेण, ससरक्खा पुढविरएण, चित्तमंतसिला सचेयणा सिलत्ति भणियं होति, लेलू सचेयणो लेट्ठू, कोला–घुणा तेसिमावासो घुणखइयं कट्ठं, तत्थ ठाणाइं करेमाणे सबले, एवं सह अंडाईहिं जं तत्थवि ठाणाइ चेएमाणो सबले १७, आउट्टिआए मूलाई भुंजंते सबले १८, वरिसस्संतो दस दगलेवे दस य माइट्ठाणाइं कुणमाणे सबले १९–२०, सीओदगवग्घारिय हत्थमत्तेण गलंतेणंति भणियं होइ, एवं दव्वीए गलंतीए भायणेण य दिज्जंतं घेत्तूण भुंजमाणे सबले २१,**

એટલે કે (પૂર્વે કહ્યો તે અર્થ અથવા) સચિત્ત એવી પૃથ્વીને વિશે સ્થાનને એટલે કાયોત્સર્ગને, શય્યાને એટલે સૂવાની ક્રિયાને અને બેસવાની ક્રિયાને કરનારો સાધુ શબલ જાણવો. (એ જ પ્રમાણે હવે બતાવતા સસ્નિગ્ધ વિગેરે પૃથ્વી ઉપર કાયોત્સર્ગાદિને કરનારો શબલ જાણવો.)

તેમાં સસ્નિગ્ધ એટલે પાણીથી કંઈક ભીની પૃથ્વી. સરજસ્ક એટલે સચિત્તરજકણોથી યુક્ત પૃથ્વી. ચિતમંતશિલા એટલે સચિત્ત શિલા. લેલુ એટલે સચિત્ત પૃથ્વીનો પથ્થર. 'કોલાવાસ' તેમાં કોલ એટલે ઘુણનામના બેઈન્દ્રિય જીવો. તેઓનો આવાસ તે કોલાવાસ, અર્થાત્ આવા જીવોથી યુક્ત એવું લાકડું વિગેરે. ('પ્રતિષ્ઠા' એ પ્રમાણે ગાથામાં જે શબ્દ છે તેનો અર્થ જીવથી પ્રતિષ્ઠિત એવું લાકડું અર્થાત્ સચિત્તલાકડું इति दशाश्रुतस्कंधे.) એ જ પ્રમાણે ઇંડા (= લીખ વિગેરે જેવા સૂક્ષ્મ વિગેરે ઇંડા) થી યુક્ત, પ્રાણ= બેઈન્દ્રિય વિગેરે જીવો. તેનાથી યુક્ત, શાલી વિગેરે બીજથી યુક્ત, ('जाव' શબ્દથી લીલી વનસ્પતિથી યુક્ત, ઝાકળથી યુક્ત, કીડી વિગેરેના નગરાથી યુક્ત, શેવાલથી યુક્ત, સચિત્ત પાણીથી ભીની એવી માટીથી યુક્ત,) કરોળિયાના જાળાથી યુક્ત એવા પ્રદેશમાં જાણી જોઈને કાયોત્સર્ગાદિને કરનાર સાધુ શબલ જાણવો.

(૧૮) જાણી જોઈને મૂળ વિગેરેનું (આદિશબ્દથી કંદ, સ્કંધ, ત્વચા, પ્રવાલ=શરૂઆતમાં ઊગતા નાનાં પાંદડાઓ, મોટા પાંદડાઓ, પુષ્પ, ફળ, બીજ, વનસ્પતિનું) ભોજન કરનાર શબલ જાણવો. (૧૯–૨૦) એક વરસમાં દશ વખત પાણીના લેપને કરતો (અર્થાત્ પૂર્વે કહ્યું તેમ નાભિ પ્રમાણ પાણીમાંથી પસાર થનારો) તથા દશ વખત માયાસ્થાનોને કરનાર સાધુ શબલ જાણવો.

(૨૧) સચિત્તપાણીથી વગ્ઘારિય=નીતરતા એવા હાથથી અપાતા ભોજનને ગ્રહણ કરીને વાપરનારો સાધુ શબલ જાણવો. એ જ પ્રમાણે પાણીથી નીતરતી એવી કડછી કે કોઈ વાસણથી અપાતા ભોજનને ગ્રહણ કરીને વાપરનારો સાધુ શબલ જાણવો. આ પ્રમાણે સંક્ષેપથી અર્થ કહ્યો.

१३. अनंतरहितायां सचित्तायां पृथ्व्यां स्थानं कायोत्सर्गं शय्यां (वसतिं) शयनं नैषेधिकीं च कुर्वन् शबलः, सस्निग्धोदकेन सरजस्कः पृथ्वीरजसा चित्तमती शिला सचेतना शिलेति भणितं भवति, लेलु-सचेतनो लेष्टुः, कोलाः-घुणाः तेषामावासो घुणखादितं काष्ठं, तत्र स्थानादि कुर्वन् शबलः, एवं सहाण्डादिभिः यत् तत्रापि स्थानादि कुर्वन् शबलः, ज्ञात्वा मूलादि भुञ्जानः शबलः, वर्षस्यान्तर्दश दकलेपान् दश च मातृस्थानानि कुर्वन् शबलः, शीतोदकार्द्रहस्तमात्राभ्यां गलद्भ्यामिति भणितं भवति, एवं दर्व्या गलन्त्या भाजनेन च दीयमानं गृहीत्वा भुञ्जानः शबलः,

अयं च समासार्थः, व्यासार्थस्तु दशाख्यग्रन्थान्तरादवसेयः, एवमसम्मोहार्थं दशानुसारेण सबलस्वरूपमभिहितं, सङ्ग्रहणिकारस्त्वेवमाह—

वरिसंतो [1]दस मासस्स [2]तिन्नि [3]दगलेवमाइठाणाइं[4] ।
आउट्टिया करेंतो [5]वहा[6]लिया[7]दिण्णमेहुण्णे[8] ॥१॥
निसिभत्त[9]कम्म[10]निव[11]पिंड [12]की[13]य[14]माई[15] अभिक्खसंवरिए[16] ।
[17]कंदाई भुंजंते [18]उदउल्लहत्थाइ गहणं च ॥२॥
[19]सच्चित्तसिलाकोले परविणिवाई ससिणिद्ध ससरक्खो ।
[20]छम्मासंतो गणसंकमं च [21]करकंममिइ सबले ॥३॥

अस्य गाथात्रयस्यापि व्याख्या प्राग्निरूपितसबलानुसारेण कार्या । द्वाविंशतिभिः परीषहैः, क्रिया पूर्ववत्, तत्र "मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्याः परीषहाः" (तत्त्वा. अ. ९ सू.८) सम्यग्दर्शनादिमार्गाच्यवनार्थं ज्ञानावरणीयादिकर्मनिर्जरार्थं च परि—समन्तादापतन्तः क्षुत्पिपासादयो द्रव्यक्षेत्रकालभावापेक्षाः सोढव्याः—सहितव्या इत्यर्थः, परीषहांस्तान् स्वरूपेणाभिधित्सुराह सङ्ग्रहणिकारः.—

---

વિસ્તારથી અર્થ દશાશ્રુતસ્કંધનામના અન્યગ્રંથમાંથી (=દશાશ્રુતસ્કંધના બીજા અધ્યયનમાંથી) જાણી લેવો. આ પ્રમાણે સંમોહ=મૂંજવણ ન થાય તે માટે દશાશ્રુતસ્કધના અનુસારે શબલનું સ્વરૂપ કહેવાયુ. જ્યારે સંગ્રહણિકાર આ પ્રમાણે જણાવે છે ➪

**ગાથાર્થ : (૧–૪) વરસમાં ૧૦ વખત, મહિનામાં ત્રણ વખત દગલેપ અને માયાના સ્થાનોને કરતો, (૫–૮) જાણી જોઈને વધ, મૃષા, અદત્ત અને મૈથુનને કરતો સાધુ શબલ જાણવો.**

**ગાથાર્થ : (૯–૧૫) રાત્રિભોજન, આધાકર્મી, રાજપિંડ, ક્રીત વિગેરે (આદિશબ્દથી પ્રામિત્ય, અભ્યાહૃત, આચ્છેદ્ય) ગ્રહણ કરવા (૧૬) વારંવાર પચ્ચકખાણ ભાંગવું, (૧૭) કંદ વિગેરેનું ભક્ષણ કરવું, (૧૮) ભીના હાથ વિગેરેથી ભોજનનું ગ્રહણ કરવું.**

**ગાથાર્થ : (૧૯) સચિત્ત શિલા, ઘુણથી યુક્ત લાકડું, સચિત્ત પૃથ્વી, ભીની પૃથ્વી, સરજસ્ક પૃથ્વી વિગેરે ઉપર કાયોત્સર્ગાદિને કરતો, (૨૦) છ મહિનામાં ગણનું સંક્રમણ કરતો, (૨૧) હસ્તકર્મને કરનારો શબલ જાણવો.**

**ટીકાર્થ :** આ ત્રણે ગાથાઓની વ્યાખ્યા પૂર્વે કહેવાયેલ શબલને અનુસારે કરવી. બાવીસ પરિષહોવડે જે અતિચાર... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તેમાં સમ્યગ્દર્શન વિગેરે મોક્ષમાર્ગથી ભ્રષ્ટ ન થઈએ તે માટે અને જ્ઞાનાવરણાદિ કર્મોની નિર્જરા માટે પરિષહો સહન કરવાના છે. અહીં 'પરિષહ' માં પરિ એટલે ચારેબાજુથી. ચારેબાજુથી આવી પડતા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાવાળા (અર્થાત્ કેટલાક દ્રવ્યને આશ્રયીને, કેટલાક ક્ષેત્રને, કેટલાક કાળને અને કેટલાક ભાવને આશ્રયીને થતાં) એવા ક્ષુત્પિપાસા વિગેરેને સહન કરવા તે પરિષહ. આ પરિષહોને જ સ્વરૂપથી કહેવાની ઇચ્છાવાળા એવા સંગ્રહણિકાર કહે છે ➪

[१]खुहा [२]पिवासा [३]सी[४]उण्हं [५]दंसा[६]चेल[७]अरइ[८]इत्थिओ ।
[९]चरिया[१०]निसीहिया [११]सेज्जा [१२]अक्कोस [१३]वह जायणा[१४] ॥१॥
[१५]अलाभ [१६]रोग [१७]तणफासा [१८]मल[१९]सक्कारपरीसहा ।
[२०]पण्णा [२१]अण्णाण[२२]सम्मत्तं इइ बावीस परीसहा ॥२॥

व्याख्या–क्षुत्परीषहः–क्षुद्वेदनामुदितामशेषवेदनातिशायिनीं सम्यग्विषहमाणस्य जठरान्त्रविदाहिनीमागमविहितेनान्धसा शमयतोऽनेषणीयं च परिहरतः क्षुत्परीषहजयो भवति, अनेषणीयग्रहणे तु न विजितः स्यात्, क्षुत्परीषहः, १, एवं पिपासापरीषहोऽपि द्रष्टव्यः २, 'सीयं'ति शीते महत्यपि पतति जीर्णवसनः परित्राणवर्जितो नाकल्प्यानि वासांसि परिगृह्णीयात् परिभुञ्जीत वा, नापि शीतार्तोऽग्निं ज्वालयेत् अन्यज्वालितं वा नाऽऽसेवयेत्, एवमनुतिष्ठता शीतपरीषहजयः कृतो भवति ३, 'उण्हं' उष्णपरितप्तोऽपि न जलावगाहनस्नानव्यजनवातादि वाञ्छयेत्, न चातपत्राद्युष्णत्राणायाऽऽददीतेति, उष्णमापतितं सम्यक् सहेत, एवमनुतिष्ठतोष्ण-परीषहजयः कृतो भवति ४, 'दंसं'त्ति दंशमशकादिभिर्दश्यमानोऽपि न ततः स्थानादप-गच्छेत्, न च तदपनयनार्थं धूमादिना यतेत, न च व्यजनादिना निवारयेदिति, एवमनुतिष्ठता

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : (૧) **ક્ષુત્પરિષહ** : બીજી બધી વેદનાઓ કરતા વધુ દુઃખદાયી એવી ઉદયમાં આવેલી ક્ષુધા વેદનાને સમ્યગ્ રીતે સહન કરનાર એટલે કે જઠર અને આંતરડાને દાહ આપનારી એવી ક્ષુધા વેદનાને આગમમાં કહેવાયેલા એવા આહારથી (અર્થાત્ બેતાલીસ દોષોથી રહિત એવા આહારથી) શમાવતો અને અનેષણીય એવા અન્નનો ત્યાગ કરતા સાધુને ક્ષુધા પરિષહનો જય થાય છે. જો અનેષણીય ગ્રહણ કરે તો ક્ષુત્પરિષહનો જય થતો નથી.

(૨) આ જ પ્રમાણે **પિપાસાપરિષહ** પણ જાણવા યોગ્ય છે.

(૩) **શીતપરિષહ** : અતીતીવ્ર ઠંડી પડતી હોય તો પણ જીર્ણવસ્ત્રવાળો, કે ઠંડીથી રક્ષણ વિનાનો સાધુ અકલ્પ્ય વસ્ત્રોને ગ્રહણ ન કરે કે (અજાણતા ગ્રહણ થઈ ગયું હોય તો) વાપરે નહીં. ઠંડીથી પીડાતો તે સાધુ અગ્નિને પણ ઉત્પન્ન કરે નહીં કે બીજાએ ઉત્પન્ન કરેલ અગ્નિને સેવે નહીં (અર્થાત્ પાસે ઊભા રહીને તાપણું કરે નહીં.) આ પ્રમાણેનું પાલન કરતા સાધુવડે શીતપરિષહનો જય કરાયેલો થાય છે.

(૪) **ઉષ્ણપરિષહ** : ગરમીથી પીડાવા છતાં પણ સાધુ પાણીના અવગાહનને (એટલે કે નદી, તળાવ વિગેરેમાં ઉતરવાને), સ્નાનને, પંખા વિગેરેને કે પવન વિગેરેને ઇચ્છે નહીં. તથા ગરમીથી રક્ષણ મેળવવા છત્ર વિગેરે ગ્રહણ પણ ન કરે. પરંતુ આવી પડેલી ગરમીને સમ્યગ્ રીતે સહન કરે. આ રીતે કરતા સાધુવડે ઉષ્ણપરિષહનો જય કરાયેલો થાય છે.

(૫) **દંશમશક** : મચ્છર વિગેરેવડે ડંખાવા છતાં પણ તે સ્થાન છોડીને દૂર જાય નહીં, મચ્છર વિગેરેને દૂર કરવા માટે ધૂમાડો વિગેરે કરવાનો પ્રયત્ન કરે નહીં, અને પંખા વિગેરેવડે

दंशपरिषहजयः कृतो भवति, एवमन्यत्रापि क्रिया योज्या ५, 'अचेल'त्ति अमहाधनमूल्यानि खण्डितानि जीर्णानि च वासांसि धारयेत् , न च तथाविधो दैन्यं गच्छेत्, तथा चागमः

"[१४]परिजुण्णेहिं वत्थेहिं, होक्खामित्ति अचेलए।

*अदुवा सचेलए होक्खं, इति भिक्खु न चिंतए ॥१॥"*

इत्यादि ६, 'अरति'त्ति विहरतस्तिष्ठतो वा यद्यरतिरुत्पद्यते तत्रोत्पन्नारतिनाऽपि सम्यग्धर्मारामरतेनैव संसारस्वभावमालोच्य भवितव्यं ७, 'इत्थीउ'त्ति न स्त्रीणामङ्गप्रत्यङ्गसंस्थान-हसितललितनयनविभ्रमादिचेष्टां चिन्तयेत्, न जातुचिच्चक्षुरपि तासु निवेशयेत् मोक्षमार्गार्गलासु कामबुद्ध्येति ८, 'चरिय'त्ति वर्जितालस्यो ग्रामनगरकुलादिष्वनियतवसतिर्निर्ममत्वः प्रतिमासं

---

મચ્છરાદિને દૂર કરે નહીં. આ પ્રમાણે વર્તવાથી દંશપરિષહનો જય થાય છે. આ જ પ્રમાણે એટલે કે કહેલા પ્રમાણે.વર્તવાથી તે તે પરિષહનો જય થાય છે એ પ્રમાણેની ક્રિયા આગળના પરિષહોમાં પણ જોડવી.

(૬) **અચેલપરિષહ :** મોંઘા ન હોય તેવા, ખંડિત અને જીર્ણ વસ્રોને ધારણ કરે. ('ખંડિત' શબ્દનો ભાવાર્થ-ક્વચિદ્ બાજુનો છેડો ફાટી ગયો હોય અને એટલી છેડાની પટ્ટી કાઢીને વસ્ર વાપરે ત્યારે તે વસ્ર ખંડિત કહેવાય છે. અથવા વસ્રની પર્યાપ્ત ઉપલબ્ધિ ન થતી હોય ત્યારે ફાટેલા એટલે કે નાના-નાના એક-બે છિદ્રો પડેલા હોય તેવું વસ્ર વાપરવું પડે. ત્યારે તે વસ્ર ખંડિત કહેવાય છે. અથવા વસ્રની પર્યાપ્ત ઉપલબ્ધિ ન થતી હોય ત્યારે ફાટેલા એટલે કે નાના-નાના એક-બે છિદ્રો પડેલા હોય તેવું વસ્ર વાપરવું પડે. ત્યારે તે વસ્ર ખંડિત કહેવાય છે. इति बहुश्रुता वदन्ति) આવા વસ્ત્રવાળો એવો પણ સાધુ દીનતાને પામે નહીં. કહ્યું છે – જીર્ણવસ્ત્રોને કારણે હું અચેલક થઈશ, (અર્થાત્ વસ્ત્ર વિનાનો થઈશ એ પ્રમાણે દીનતા ન પામે) કે જીર્ણવસ્ત્રોને કારણે હું સચેલક થઈશ, (અર્થાત્ મારા જીર્ણવસ્ત્રોને જોઈને કોઈક દાતા મને સારા કપડાં વહોરાવશે.) એવું સાધુ વિચારે નહીં. (ઉત્ત. અ. ૨. સૂ. ૧૨) ॥૧॥"

(૭) **અરતિ પરિષહ :** વિહાર વેળાએ કે સ્થાનમાં રહેતા જો અરતિ (સંયમવિષયક અરતિ) ઉત્પન્ન થાય, ત્યારે ઉત્પન્નઅરતિવાળો પણ સાધુ સંસારના સ્વભાવને વિચારીને સમ્યગ્ રીતે ધર્મરૂપ બગીચામાં રહેનારો થાય. (અહીં ધર્મ એ આનંદનું કારણ હોવાથી અને સતત તેનું પરિપાલન કરવાનું હોવાથી બગીચારૂપ છે. તેમાં રહેનારો થાય.)

(૮) **સ્ત્રીપરિષહ :** સ્ત્રીઓના અંગ, ઉપાંગ, આકાર, હાસ્ય, શૃંગારયુક્ત આંખો, વિભ્રમ=શૃંગારયુક્ત ચેષ્ટાવિશેષ વિગેરેરૂપ ચેષ્ટાને સાધુ વિચારે નહીં. મોક્ષમાર્ગ માટે આગળિયા (=નાની સાકળ) સમાન એવી તે સ્ત્રીઓને વિશે સાધુ ક્યારેય કામબુદ્ધિથી પોતાની આંખો સ્થાપિત કરે નહીં (અર્થાત્ કામની બુદ્ધિથી તેને જુએ નહીં.)

(૯) **ચર્યાપરિષહ :** આળસ વિના ગ્રામ, નગર, કુલ વિગેરેને વિશે અનિયત વસતિવાળો

---

१४. परिजीर्णेषु वस्त्रेषु भविष्याम्यचेलकः । अथवा सचेलको भविष्यामीति भिक्षुर्न चिन्तयेत् ॥१॥

**चर्यामाचरेदिति ९, 'निसीहिय'त्ति निषीदन्त्यस्यामिति निषद्या, तां स्त्रीपशुपण्डकविवर्जितां वसतिं सेवेत पश्चाद्भाविनस्त्विष्टानिष्टोपसर्गान् सम्यगधिसहेत १०, 'सेज्ज'त्ति शय्या संस्तारकः– चम्पकादिपट्टो मृदुकठिनादिभेदेनोच्चावचः प्रतिश्रयो वा पांशूत्करप्रचुरः शिशिरो बहुघर्मको वा तत्र नोद्विजेत ११, 'अक्कोस'त्ति आक्रोशः – अनिष्टवचनं तच्छ्रुत्वा सत्येतरालोचनया न कुप्येत १२, 'वह'त्ति वधः–ताडनं पाणिपार्ष्णिलताकशादिभिः, तदपि शरीरमवश्यंतया विध्वंसत एवेति मत्वा सम्यक् सहेत, स्वकृतकर्मफलमुपनतमिदमित्येवमभिसंचिन्त्येति १३, 'जायण'त्ति याचनं– मार्गणं, भिक्षोर्हि वस्त्रपात्रान्नपानप्रतिश्रयादि परतो लब्धव्यं सर्वमेव, शालीनतया च न याञ्चां प्रत्याद्रियते, साधुना तु प्रागल्भ्यभाजा सञ्जाते कार्ये स्वधर्मकायपरिपालनाय याचनमवश्यं कार्यमिति, एवमनुतिष्ठता याञ्चापरीषहजयः कृतो भवति १४, 'अलाभ'त्ति याचितालाभेऽपि प्रसन्नचेतसैवाविकृतवदनेन भवितव्यं १५, 'रोग'त्ति रोगः–ज्वरातिसारकासश्वासादिस्तस्य प्रादुर्भावे**

(અર્થાત્ એક જ સ્થાને ન રહેનારો) મમત્વ વિનાનો સાધુ દર મહિને જુદા જુદા સ્થાને વિચરે.

(૧૦) **નૈષેધિકીપરિષહ** : જેના પર લોકો બેસે તે નિષદ્યા. અહીં નિષદ્યા તરીકે સ્ત્રી, પશુ અને નપુંસકથી રહિત એવી વસતિ (=ઉપાશ્રય) જાણવી. આવી વસતિમાં સાધુ રહે. ત્યાં રહ્યા પછી થયેલાં ઇષ્ટ–અનિષ્ટ એવા ઉપસર્ગોને સમ્યગ્ રીતે સહન કરે.

(૧૧) **શય્યાપરિષહ** : શય્યા એટલે ચંપક (વૃક્ષવિશેષ) વિગેરેમાંથી બનાવેલ કોમળ કે કડક વિગેરે ભેદથી અનેક પ્રકારનો સંથારો, અથવા શય્યા એટલે ઉપાશ્રય (=વસતિ), કે જેમાં ધૂળના પુષ્કળ ઢગલા હોય કે ઘણી ઠંડી લાગે એવો હોય કે ઘણો બફારો થતો હોય એવો હોય. આવો ઉપાશ્રય હોય કે સંથારો હોય સાધુ ઉદ્વેગ પામે નહીં.

(૧૨) **આક્રોશપરિષહ** : અનિષ્ટવચનોને સાંભળીને સત્ય–ઈતરની વિચારણા કરવા દ્વારા ગુસ્સો કરે નહીં. (આશય એ છે કે સામેથી જ્યારે કોઈ અનિષ્ટવચનો સાંભળવા મળે ત્યારે સાધુ વિચારે કે "તે વચનો જો સાચા છે તો મારે સ્વીકારવા જોઈએ અને ખોટા છે તો એવા વચનોથી મારું કંઈ બગડવાનું નથી." આવા વિચારદ્વારા પોતે ઉપશમભાવમાં રહે, પણ ગુસ્સો કરે નહીં.)

(૧૩) **વધપરિષહ** : વધ એટલે હાથ, પગની એડી (લાત), લતા (સોટી), ચાબૂક વિગેરેવડે મારવું. આવા પ્રકારના મારને પણ 'શરીર અવશ્ય નાશ પામવાનું જ છે' એવું વિચારી સમ્યગ્ રીતે સહન કરે. (તે સમયે) સાધુ 'આ મારા કરેલા કર્મોનું જ ફલ પ્રાપ્ત થયું છે' એ પ્રમાણે વિચારે.

(૧૪) **યાચનાપરિષહ** : યાચના એટલે માંગવું. સાધુએ વસ્ત્ર, પાત્ર, અન્ન, પાની, ઉપાશ્રય વિગેરે સર્વ વસ્તુ બીજા પાસેથી (યાચનાદ્વારા જ) મેળવવાની હોય છે અને સામાન્યથી લોક લજ્જાળુ હોવાથી યાચના કરે નહીં. પરંતુ ચતુરાઈને ભજનાર સાધુએ જ્યારે કોઈ કાર્ય=પ્રયોજન આવી પડે ત્યારે સ્વધર્મનું પાલન કરવા માટે અવશ્ય યાચના કરવી જોઈએ. આ રીતે કરવાથી યાચનાપરિષહનો જય થાય છે.

(૧૫) **અલાભપરિષહ** : યાચના કર્યા પછી જો તે વસ્તુની પ્રાપ્તિ ન થાય તો પણ સાધુ મનથી પ્રસન્ન રહે અને મુખ વિકૃત પણ ન કરે. (અર્થાત્ સાધુના મુખની રેખા પણ ફરે નહીં.)

सत्यपि न गच्छनिर्गताश्चिकित्सायां प्रवर्तन्ते, गच्छवासिनस्त्वल्पबहुत्वालोचनया सम्यक् सहन्ते, प्रवचनोक्तविधिना प्रतिक्रियामाचरन्तीति, एवमनुतिष्ठता रोगपरीषहजयः कृतो भवति १६, 'तणफास'त्ति अशुषिरतृणस्य दर्भादेः परिभोगोऽनुज्ञातो गच्छनिर्गतानां गच्छवासिनां च, तत्र येषां शयनमनुज्ञातं निष्पन्नानां ते तान् दर्भान् भूमावास्तीर्य संस्तारोत्तरपट्टकौ च दर्भाणामुपरि विधाय शेरते, चौरापहृतोपकरणो वा प्रतनुसंस्तारपट्टको वात्यन्तजीर्णत्वात्, तथाऽपि तं परुषकुशदर्भादितृणस्पर्शं सम्यक् सहेत १७, 'मल'त्ति स्वेदवारिसम्पर्कात्कठिनीभूतं रजो मलोऽभिधीयते, स वपुषि स्थिरतामितो ग्रीष्मोष्मसन्तापजनितघर्मजलादार्द्रतां गतो दुर्गन्धिर्महान्तमुद्वेगमापादयति, तदपनयनाय न कदाचिदभिलषेत्—अभिलाषं कुर्यात् १८, 'सक्कारपरीसहे'त्ति सत्कारो—भक्तपानवस्त्रपात्रादीनां परतो लाभः, पुरस्कारः—सद्भूतगुणोत्कीर्तनं वन्दनाभ्युत्थानासन-

(૧૬) **રોગપરિષહ :** તાવ, ઝાડા, ખાંસી, દમ વિગેરે રોગો ઉત્પન્ન થાય તો પણ ગચ્છથી નીકળેલા એવા જિનકલ્પિક વિગેરે રોગની ચિકિત્સા કરાવતા નથી. જ્યારે ગચ્છવાસી એવા સ્થવિરકલ્પિક સાધુઓ અલ્પબહુત્વની (=લાભાલાભની) વિચારણા કરવા દ્વારા સમ્યગ્ રીતે સહન કરે, અર્થાત્ અલ્પ દોષ અને ઘણો ફાયદો થવાનો હોય તો આગમમાં કહેલ વિધિવડે ચિકિત્સાને કરાવે. (આશય એ છે કે સ્થવિર સાધુઓએ પણ ઉત્સર્ગમાર્ગે ચિકિત્સા કરાવવાની નથી. પરંતુ ચિકિત્સા કરાવાથી જો સંયમજીવનમાં વધુ ફાયદો થશે એવું લાગે ત્યારે અપવાદમાર્ગે શાસ્ત્રમાં=ઓઘનિર્યુક્તિ–ગા. ૭૦ વિગેરેમાં કહેલ વિધિ પ્રમાણે ચિકિત્સા કરાવે.) આ રીતે આચરવાથી રોગપરિષહનો જય થાય છે.

(૧૭) **તૃણસ્પર્શ પરિષહ :** ગચ્છનિર્ગત એવા જિનકલ્પિક વિગેરેને અને ગચ્છવાસી એવા સ્થવિરકલ્પિક સાધુઓને પોલાણ વિનાના દર્ભ વિગેરે ઘાસનો ઉપયોગ કરવાની અનુજ્ઞા છે. આવા તે ઘાસ ઉપર જે નિષ્પન્ન (=ઉત્સર્ગાપવાદને જાણનારા) સાધુઓને સૂવાની અનુજ્ઞા છે, તેઓ તે ઘાસને ભૂમિ ઉપર પાથરીને તેની ઉપર સંથારો અને ઉત્તરપટ્ટો પાથરીને સૂવે છે. અથવા જો સંથારો વિગેરે ઉપકરણો ચોરે ચોરી લીધા હોય કે સંથારો–ઉત્તરપટ્ટો અત્યંત જીર્ણ હોવાથી પાતળા હોય તો પણ સાધુ કુશ, દર્ભ વિગેરે (આ બધી ઘાસની જુદી જુદી જાત છે.) ઘાસના કર્કશ સ્પર્શને સમ્યગ્ રીતે સહન કરે.

(૧૮) **મલપરિષહ :** પસીનાના સંપર્કથી કઠણ થયેલ રજકણને મલ કહેવાય છે. શરીર ઉપર ચોંટી ગયેલો, ઉનાળાની ગરમીના સન્તાપથી ઉત્પન્ન થયેલ પસીનાથી ભીનો થયેલો (અને માટે જ) દુર્ગંધી એવો તે મલ અત્યંત ઉદ્વેગ=બેચેની પમાડે છે. આવા તે મલને દૂર કરવાની ઇચ્છા સાધુ કરે નહીં.

(૧૯) **સત્કાર–પુરસ્કાર પરિષહ :** સત્કાર એટલે ભોજન, પાન, વસ્ત્ર, પાત્ર વિગેરેની બીજા પાસેથી પ્રાપ્તિ. પુરસ્કાર એટલે સદ્ભૂત એવા ગુણોનું ઉત્કીર્તન, વંદન, ઊભા થવું, અને આસન આપવું વિગેરે વ્યવહાર. તેમાં સાધુનો સત્કાર ન થાય કે પુરસ્કાર ન થાય તો પણ દ્વેષ ન પામે.

**प्रदानादिव्यवहारश्च, तत्रासत्कारितोऽपुरस्कृतो वा न द्वेषं यायात् १९, 'पण्ण'त्ति प्रज्ञायतेऽनयेति प्रज्ञा—बुद्ध्यतिशयः, तत्प्राप्तौ न गर्वमुद्वहेत् २०, 'अण्णाणं'ति कर्मविपाकजादज्ञानान्नोद्विजेत २१, 'असंमत्तं'ति असम्यक्त्वपरीषहः, सर्वपापस्थानेभ्यो विरतः प्रकृष्टतपोऽनुष्ठायी निःसङ्गश्चाहं तथापि धर्माधर्मात्मदेवनारकादिभावान्नेक्षे अतो मृषा समस्तमेतदिति असम्यक्त्वपरीषहः, तत्रैवमालोचयेत्—धर्माधर्मौ पुण्यपापलक्षणौ यदि कर्मरूपौ पुद्गलात्मकौ ततस्तयोः कार्यदर्शनानुमानसमधिगम्यत्वं, अथ क्षमाक्रोधादिकौ धर्माधर्मौ ततः स्वानुभवत्वादात्मपरिणाम-रूपत्वात् प्रत्यक्षविरोधः, देवास्त्वत्यन्तसुखासक्तत्वान्मनुष्यलोके च कार्याभावात् दुष्षमानुभावाच्च न दर्शनगोचरमायान्ति, नारकास्तु तीव्रवेदनार्ताः पूर्वकृतकर्मोदयनिगडबन्धनवशीकृतत्वादस्वतन्त्राः कथमायान्तीत्येवमालोचयतोऽसम्यक्त्वपरीषहजयो भवति, 'बावीस परीसह'त्ति एते द्वाविंशति-परीषहा इति गाथाद्वयार्थः ॥**

**त्रयोविंशतिभिः सूत्रकृताध्ययनैः, क्रिया पूर्ववत्, तानि पुनरमूनि—**

---

(૨૦) **પ્રજ્ઞાપરિષહ :** જેનાવડે પદાર્થ જણાય તે પ્રજ્ઞા અર્થાત્ વિશિષ્ટ બુદ્ધિ. તે પ્રાપ્ત થવા છતાં સાધુ ગર્વ ન પામે. (તે પ્રજ્ઞાપરિષહનો જય જાણવો.)

(૨૧) **અજ્ઞાનપરિષહ :** કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ એવા અજ્ઞાનથી ઉદ્વેગ ન પામે. (અર્થાત્ મને કશું આવડતું નથી, હું સાવ મૂર્ખો છું, બધા મારું અપમાન કરે છે' એ પ્રમાણે દીનતાને પામે નહીં.)

(૨૨) **અસમ્યક્ત્વપરિષહ :** સર્વપાપસ્થાનોથી હું વિરામ પામ્યો છું, પ્રકૃષ્ટ તપને કરનારો છું અને સંગ=આસક્તિ વિનાનો છું, છતાં પણ પુણ્ય, પાપ, આત્મા, દેવ, નારક વિગેરે પદાર્થોને હું જોતો નથી. (અર્થાત્ એનો અનુભવ થતો નથી.) તેથી આ બધું ખોટું છે. આવા પ્રકારનો વિચાર એ અસમ્યક્ત્વપરિષહ છે. તેનો જય કરવા આ પ્રમાણે વિચારે– "ધર્માધર્મ એ જો પુણ્યપાપરૂપ છે એટલે કે પુદ્ગલાત્મક કર્મરૂપ છે તો તે પુણ્ય અને પાપનું કાર્ય=ફળ દેખાતું હોવાથી તે ફળ ઉપરથી પુણ્યપાપરૂપ ધર્માધર્મનું અનુમાન થાય છે. જો ધર્માધર્મ એ ક્ષમા–ક્રોધાદિરૂપ ગુણાત્મક છે તો તેનો પોતાને જ અનુભવ થાય છે, કારણ કે તે આત્મપરિણામરૂપ છે. તેથી તો પ્રત્યક્ષવિરોધ છે (અર્થાત્ ક્ષમા–ક્રોધાદિરૂપ ધર્માધર્મનો પોતાને જ અનુભવ થતો હોવાથી 'ધર્માધર્મ નથી' એવું બોલવું તે પ્રત્યક્ષ = સાક્ષાત્ વિરુદ્ધ છે.)

દેવો (૧) સુખમાં અત્યંત આસક્ત છે. (૨) મનુષ્યલોકમાં આવવાનું એમને કોઈ પ્રયોજન નથી, અને (૩) દુષમ કાળનો પ્રભાવ છે. માટે દેખાતા નથી. નારકો તીવ્રવેદનાથી પીડાયેલા પૂર્વકૃત કર્મોના ઉદયરૂપ સાકળના બંધનને વશ થયેલા હોવાથી પરતંત્ર છે. તેથી તેઓ અહીં કેવી રીતે આવે ? આ પ્રમાણે વિચારવાથી અસમ્યક્ત્વપરિષહનો જય થાય છે. (કેટલાક અન્ય ગ્રંથોમાં આ સ્થાને સમ્યક્ત્વપરિષહ જણાવેલ છે.) આ પ્રમાણે બાવીસ પરિષહો જાણવા.

**અવતરણિકા :** સૂત્રકૃતાંગનામના બીજા અંગના ત્રેવીસ અધ્યયનોની (અશ્રદ્ધાના કારણે) જે અતિચાર...વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તે અધ્યયનો આ પ્રમાણે છે ⇨

पुंडरीय[१]किरिय[२]ट्ठाणं आहारपरिण्ण[३]पच्चक्खाणकिरिया[४] य ।
अणगार[५]अद्द[६]नालंद[७] सोलसाइं[१६] च तेवीसं ॥१॥

गाथा निगदसिद्धैव ॥ चतुर्विंशतिभिर्देवैः, क्रिया पूर्ववत्, तानुपदर्शयन्नाह—

भवणवणजोइवेमाणिया य दसअट्ठपंचएगविहा ।
इइ चउवीसं देवा केइ पुण बेंति अरहंता ॥१॥

इयमपि निगदसिद्धैव ॥ पञ्चविंशतिभिर्भावनाभिः, क्रिया पूर्ववत्, प्राणातिपातादिनिवृत्तिलक्षणमहाव्रतसंरक्षणाय भाव्यन्त इति भावनाः, ताश्चेमाः —

इरियासमिए सया जए, उवेह भुंजेज्ज व पाणभोयणं । आयाणनिक्खेवदुगुंछ संजए, समाहिए संजमए मणोवई ॥१॥ अहस्ससच्चे अणुवीइ भासए, जे कोहलोहभयमेव वज्जए । स दीहरायं समुपेहिया सिया, मुणी हु मोसं परिवज्जए सया ॥२॥ सयमेव उ उग्गहजायणे, घडे मतिमं निसम्म सइ भिक्खु उग्गहं । अणुण्णविय भुंजिज्ज पाणभोयणं, जाइत्ता साहंमियाण उग्गहं ॥३॥ आहारगुत्ते अविभूसियप्पा, इत्थिं न निज्झाइ न संथवेज्जा । बुद्धो मुणी खुड्डकहं न कुज्जा, धम्मप्पेही संधए बंभचेरं ॥४॥ जे सद्दरूवरसगंधमागए, फासे य संपप्प मणुण्णपावए । गिहीपदोसं न करेज्ज पंडिए, स होइ दंते विरए अकिंचणे ॥५॥

---

ગાથાર્થ : (૧) પુંડરિક, (૨) ક્રિયાસ્થાન, (૩) આહારપરિજ્ઞા, (૪) પ્રત્યાખ્યાનક્રિયા, (૫) અનગાર, (૬) આર્દ્રકુમાર, (૭) નાલંદા, અને (સમય, વૈતાલીય વિગેરે પૂર્વે 'सोलसेहिं गाहासोलसेहिं' વડે કહેવાયેલ) સોળ અધ્યયનો એમ મળી ત્રેવીસ અધ્યયનો જાણવા.

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ જ છે. ચોવીસ દેવોને કારણે (અર્થાત્ ચોવીસ દેવોની અશ્રદ્ધા વિગેરે કરવાના કારણે) જે અતિચાર...વિગેરે ક્રિયા પૂર્વની જેમ. તે દેવોને દેખાડતા કહે છે ⇨

ગાથાર્થ : દશ ભવનપતિ, આઠ વ્યંતર, પાંચ જ્યોતિષ્ક, એક પ્રકારના વૈમાનિક એ પ્રમાણે ચોવીસ દેવો જાણવા. કેટલાકો ચોવીસ અરિહંતો કહે છે.

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ જ છે. (અહીં વૈમાનિક બધા દેવો વૈમાનિક તરીકે એક સરખા હોવાથી એક જ પ્રકારમાં સમાવેશ કર્યો છે એમ જાણવું. તથા કેટલાક લોકો 'चउवीसाए देवेहिं' નો અર્થ 'ચોવીસ તીર્થંકરો' કહે છે. તેથી તે ચોવીસ અરિહંતોની અશ્રદ્ધા વિગેરેના કારણે અતિચાર સમજવો.) પચ્ચીસ ભાવનાઓના કારણે (અર્થાત્ પચ્ચીસ ભાવનાઓ નહીં ભાવના વિગેરેને કારણે) જે અતિચાર... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. પ્રાણાતિપાત વિગેરેથી તે ભાવના આ પ્રમાણે જાણવી.

### ❀ પચ્ચીસ ભાવનાઓ ❀

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આ પાંચ ગાથાઓની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી –

### ❀ પ્રથમ મહાવ્રતની પાંચ ભાવનાઓ ❀

गाथा: पञ्च, आसां व्याख्या—ईरणम् ईर्या, गमनमित्यर्थ:, तस्यां समित:—सम्यगित ईर्यासमित:, ईर्यासमितता प्रथमभावना यतोऽसमित: प्राणिनो हिंसेदत: सदा यत:-सर्वकालमुपयुक्त: सन् 'उवेह भुंजेज्ज व पाणभोयणं' 'उवेह'त्ति अवलोक्य भुञ्जीत पानभोजनं, अनवलोक्य भुञ्जान: प्राणिनो हिंसेत्, अवलोक्य भोक्तृता द्वितीयभावना, एवमन्यत्राप्यक्षरगमनिका कार्या, आदाननिक्षेपौ—पात्रादेर्ग्रहणमोक्षौ आगमप्रतिषिद्धौ जुगुप्सति—न करोत्यादाननिक्षेपजुगुप्सक:, अजुगुप्सन् प्राणिनो हिंसेत् तृतीयभावना, संयत:—साधु: समाहित: सन् संयमे 'मणोवइ'त्ति अदुष्टं मन: प्रवर्तयेत्, दुष्टं प्रवर्तयन् प्राणिनो हिंसेत् चतुर्थी भावना, एवं वाचमपि पञ्चमी भावना, गता: प्रथमव्रतभावना: । द्वितीयव्रतभावना: प्रोच्यन्ते—'अहस्ससच्चे'त्ति अहास्यात् सत्य: हास्यपरित्यागादित्यर्थ:, हास्यादनृतमपि ब्रूयात्, अतो हास्यपरित्याग: प्रथमभावना, अनुविचिन्त्य—पर्यालोच्य भाषेत्, अन्यथाऽनृतमपि ब्रूयात् द्वितीयभावना, य: क्रोधं लोभं भयमेव वा त्यजेत्, स इत्थम्भूतो दीर्घरात्रं—मोक्षं समुपेक्ष्य—सामीप्येन दृष्ट्वा 'सिया' स्यात् मुनिरेव मृषां परिवर्जेत

(૧) ઈર્યા એટલે ગમન. તેને વિશે જે સમિત તે ઈર્યાસમિત. ઈર્યાસમિતિ અર્થાત્ ચાલતી વખતે સમ્યગ્ રીતે સાડા ત્રણ હાથપ્રમાણ ભૂમિ ઉપર દૃષ્ટિ સ્થાપીને ચાલવું તે પ્રથમ ભાવના છે, કારણ કે ઈર્યામાં અસમિત સાધુ જીવોની હિંસા કરનારો બને છે. (તેથી ઈર્યાસમિતિમાં) સર્વકાળ ઉપયોગવાળો થાય. (૨) આહાર—પાણીને જોઈને વાપરે, કારણ કે જોયા વિના વાપરનારો સાધુ જીવોની હિંસા કરનારો થાય. માટે જોઈને વાપરવું તે બીજી ભાવના. આ જ પ્રમાણે આગળ પણ અક્ષરાર્થ કરવો. (અર્થાત્ આ ત્રીજી ભાવના, આ ચોથી ભાવના વિગેરે જાતે સમજી લેવું.)

(૩) (અવિધિથી પાત્રા વિગેરેનું ગ્રહણ—મોચન કરવું તે આગમમાં પ્રતિષિદ્ધ છે. તેથી) સાધુ આવા પ્રતિષિદ્ધ ગ્રહણ—મોચનની જુગુપ્સા કરે અર્થાત્ અવિધિથી ગ્રહણ—મોચન કરે નહીં, કારણ કે જુગુપ્સા નહીં કરનાર (અર્થાત્ અવિધિથી ગ્રહણ—મોચન કરનાર) જીવોની હિંસા કરનારો થાય છે. માટે (અવિધિથી થતાં) ગ્રહણ—મોચનની જુગુપ્સા તે ત્રીજી ભાવના છે. (૪) સમાધિમાં રહેલો સાધુ સંયમમાં અદુષ્ટ મનને પ્રવર્તાવે, અર્થાત્ મનને દુષ્ટ થવા ન દે, કારણ કે મનને કલુષિત કરતો સાધુ જીવોની હિંસા કરનારો થાય છે. માટે મનની અદુષ્ટતા એ ચોથી ભાવના જાણવી. એ જ પ્રમાણે (૫) અદુષ્ટ વાણીને બોલનારો થાય. તેથી અદુષ્ટ વાણી એ પાંચમી ભાવના જાણવી. આ પ્રમાણે પ્રથમમહાવ્રતની પાંચ ભાવનાઓ કહી.

### ❋ બીજા મહાવ્રતની ભાવનાઓ ❋

(૧) હાસ્યનો ત્યાગ કરવાથી સત્યવાદી બનાય છે, કારણ કે હાસ્યમાં મૃષાવાદ પણ થઈ શકે. તેથી હાસ્યનો ત્યાગ તે પ્રથમ ભાવના જાણવી. (૨) બોલવું હોય ત્યારે વિચારીને બોલે, કારણ કે વિચાર્યા વિના બોલતા ક્યારેક અસત્ય પણ બોલાય જાય. તેથી વિચારીને બોલવું તે બીજી ભાવના. (૩—૪—૫) જે મુનિ ક્રોધ, લોભ અને ભયને છોડે છે, તે ક્રોધાદિને છોડનારો મુનિ દીર્ઘરાત્રને એટલે કે મોક્ષને નજીકથી જોઈને (મૃષાને છોડનારો) થાય (અને આ રીતે) મુનિ

सदा, क्रोधादिभ्योऽनृतभाषणादिति भावनात्रयं, गता द्वितीयव्रतभावनाः । तृतीयव्रतभावनाः प्रोच्यन्ते–'स्वयमेव' आत्मनैव प्रभुं प्रभुसंदिष्टं वाऽधिकृत्य अवग्रहयाञ्चायां प्रवर्तेत अनुविचिन्त्याऽन्यथाऽदत्तं गृण्हीयात् प्रथमभावना, 'घडे मइमं निसम्म'त्ति तत्रैव तृणाद्यनुज्ञापनायां चेष्टेत मतिमान् निशम्य-आकर्ण्य प्रतिग्रहप्रदातृवचनमन्यथा तददत्तं गृण्हीयात्, परिभोग इति द्वितीया भावना, 'सइ भिक्खु उग्गहं'ति सदा भिक्षुरवग्रहं स्पष्टमर्यादयाऽनुज्ञाप्य भजेत, अन्यथाऽदत्तं गृह्णीयात्, तृतीया भावना, अनुज्ञाप्य गुरुमन्यं वा भुञ्जीत पानभोजनम्, अन्यथाऽदत्तं गृह्णीयात् चतुर्थी भावना, याचित्वा साधर्मिकाणामवग्रहं स्थानादि कार्यमन्यथा तृतीयव्रतविराधनेति पञ्चमी

જ સદા માટે મૃષાને છોડનારો થાય, કારણ કે ક્રોધાદિથી અસત્યવચન બોલાય છે. (ટૂંકમાં બોલતી વેળાએ ક્રોધ, લોભ અને ભયનો ત્યાગ કરવો તે ક્રમશઃ) ત્રીજી–ચોથી અને પાંચમી ભાવના જાણવી. આ પ્રમાણે બીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ કહી.

## ❋ ત્રીજા મહાવ્રતની ભાવનાઓ ❋

(૧) પ્રભુને = માલિકને અથવા માલિકે જેને સોંપ્યું હોય તેને આશ્રયીને અવગ્રહની યાચનામાં જાતે જ વિચારીને પ્રવર્તે, (અર્થાત્ પોતાને કેટલી જગ્યાની જરૂર છે ? વિગેરે વિચારીને સાધુ તે વસતિના માલિક પાસે અથવા માલિકે જેને સોંપી હોય તે વ્યક્તિ પાસે જાતે જ યાચના કરે, પણ બીજા મારફત યાચના કરાવે નહીં.) નહીં તો અદત્તનું ગ્રહણ થવાનો સંભવ રહે. (આશય એ છે કે સાધુ બીજાને કામ સોંપે કે મારી માટે આટલી યાચના કરજો. ત્યારે તે બીજી વ્યક્તિએ કેવી રીતે યાચના કરી ?, કરી કે ન કરી ?, માલિક પાસે કરી કે માલિક ન હોય અથવા માલિકે જેને સોંપ્યું ન હોય તેવી વ્યક્તિ પાસે યાચના કરી ? વિગેરે બાબતમાં ગડબડ ઊભી થવાનો સંભવ રહે જેથી ક્યારેક અદત્તનું ગ્રહણ પણ થઈ જાય. તેથી સાધુ પોતે જાતે જ યાચના કરે.) આ પ્રથમ ભાવના જાણવી.

(૨) (આ રીતે અવગ્રહ=ઉપાશ્રયની યાચના કર્યા બાદ પ્રાપ્ત થયેલ) ઉપાશ્રયમાં જ તણખલા વિગેરેની અનુજ્ઞાપનામાં બુદ્ધિમાન સાધુ અવગ્રહ આપનારાના વચનોને સાંભળીને વર્તે. (અર્થાત્ પ્રતિગ્રહ=ઉપાશ્રય આપનારના 'તમે અમારી વસતિ વાપરી શકો છો' એવા વચનો સાંભળીને એટલે કે ઉપાશ્રય વાપરવાની રજા મળ્યા પછી તેમાં રહેલા તણખલા વિગેરે માટેની યાચના કરે.) અન્યથા પરિભોગ કરવામાં અદત્તનો દોષ લાગે. આ બીજી ભાવના જાણવી.

(૩) હંમેશા સાધુ સ્પષ્ટ મર્યાદાવડે (અર્થાત્ 'મારે આટલી જગ્યાની જરૂર પડશે' એ પ્રમાણેના સ્પષ્ટ કથનવડે) અવગ્રહની અનુજ્ઞા મેળવીને એટલા અવગ્રહનો ઉપયોગ કરે, અન્યથા અદત્તનું ગ્રહણ થાય. એ ત્રીજી ભાવના છે. (૪) ગુરુની અથવા (માંડલીમાં વહેંચનાર ગુરુનિયુક્ત) અન્ય સાધુની અનુજ્ઞા મેળવીને ભોજન–પાન કરે, અન્યથા અદત્તનો દોષ લાગે. આ ચોથી ભાવના છે.

(૫) સાધર્મિકોની = ગીતાર્થ અને સંવિગ્નવિહારી એવા સાધુઓની પાસે અવગ્રહની = વસતિની યાચના કરીને સ્થાનાદિ = રહેવું વિગરે કરે. (આશય એ છે કે - ગીતાર્થ અને સંવિગ્નવિહારી સાધુઓના ક્ષેત્રમાં કે વસતિમાં જ સાધુઓએ રહેવું જોઇએ. એવા ક્ષેત્રમાં કે વસતિમાં

भावना, उक्तास्तृतीयव्रतभावनाः । चतुर्थव्रतभावनाः प्रोच्यन्ते–'आहारगुत्ते'त्ति आहारगुप्तः स्यात् नातिमात्रं स्निग्धं वा भुञ्जीत, अन्यथा ब्रह्मव्रतविराधकः स्यात् प्रथमा भावना, अविभूषितात्मा स्याद्–विभूषां न कुर्याद्, अन्यथा ब्रह्मव्रतविराधकः स्यात् द्वितीया भावना, स्त्रियं न निरीक्षेत तदव्यतिरेकादिन्द्रियाणि नाऽऽलोकयेद्, अन्यथा ब्रह्मविराधकः स्यात् तृतीया भावना, 'न संथवेज्ज'त्ति न स्त्र्यादिसंसक्तां वसतिं सेवेत, अन्यथा ब्रह्मविराधकः स्यात् चतुर्थी भावना, बुद्धः–अवगततत्त्वः मुनिः साधुः क्षुद्रकथां न कुर्यात् स्त्रीकथां स्त्रीणां वेति, अन्यथा ब्रह्मविराधकः स्यात् पञ्चमी भावना, 'धम्मपेही संधए बंभचेरं'ति निगदसिद्धम्, उक्ताश्चतुर्थव्रतभावनाः । पञ्चमव्रतभावनाः प्रोच्यन्ते–यः शब्दरूपरसगन्धानागतान्, प्राकृतशैल्याऽलाक्षणिकोऽनुस्वारः, स्पर्शांश्च संप्राप्य मनोज्ञपापकान्–इष्टानिष्टानित्यर्थः, गृद्धिम्–अभिष्वङ्गलक्षणां, प्रद्वेषः प्रकटस्तं न कुर्यात् पण्डितः, स भवति दान्तो विरतोऽकिञ्चन इति, अन्यथाऽभिष्वङ्गादेः पञ्चममहाव्रतविराधना

જ્યારે રહેવાનું થાય ત્યારે જો ત્યાં પહેલેથી જ બીજા સાધુઓ રોકાયા હોય તો તે ક્ષેત્ર કે વસતિ એમના અવગ્રહરૂપ હોવાથી ત્યાં સ્થાન = રોકાણ વિગેરે કરતા પહેલાં તેમની પાસે યાચના કરીને અનુજ્ઞા મળ્યા બાદ રોકાણ વિગેરે કરે.) નહીં તો ત્રીજા વ્રતની વિરાધના થાય, અર્થાત્ ત્રીજા વ્રતમાં અતિચાર લાગે. આ પાંચમી ભાવના જાણવી. ત્રીજા વ્રતની ભાવના કહી.

### ❀ ચોથા મહાવ્રતની ભાવનાઓ ❀

(૧) આહારને વિષે ગુપ્ત થાય અર્થાત્ સ્નિગ્ધ પદાર્થો વાપરે નહીં. (તથા સ્નિગ્ધ સિવાયના જે પદાર્થો વાપરવાના છે તે પણ) અતિમાત્રાએ વાપરે નહીં. નહીં તો બ્રહ્મચર્યવ્રતનો સાધુ વિરાધક=અતિચાર લગાડનારો થાય છે. આ પ્રથમ ભાવના. (૨) પોતાને વિભૂષિત કરે નહીં અર્થાત્ કોઈપણ પ્રકારની વિભૂષા કરે નહીં. જો વિભૂષા કરે તો બ્રહ્મવ્રતનો વિરાધક બને. આ બીજી ભાવના જાણવી.

(૩) સ્ત્રીઓને જુએ નહીં. તેમજ સ્ત્રી તથા તેની ઇન્દ્રિયો=અંગોપાંગ એક જ હોવાથી સ્ત્રીઓનાં અંગોપાંગને નીરખે નહીં, નહીં તો બ્રહ્મવ્રતવિરાધક બને. આ ત્રીજી ભાવના. (૪) સ્ત્રી, પશુ, નપુંસકથી સંસક્ત=યુક્ત એવા ઉપાશ્રય વિગેરેમાં રહે નહીં. અન્યથા બ્રહ્મવ્રતવિરાધક બને. આ ચોથી ભાવના છે. (૫) તત્ત્વોને જાણનાર સાધુ ક્ષુદ્રકથાને કરે નહીં, અર્થાત્ સ્ત્રીસંબંધી વાતો ન કરે અથવા સ્ત્રીઓ સાથે વાતચીત ન કરે, નહીં તો બ્રહ્મવ્રતવિરાધક બને. આ પાંચમી ભાવના કહી. આ પ્રમાણે ધર્મને ઇચ્છનારો સાધુ બ્રહ્મચર્યને સાંધે=રક્ષણ કરે. ચોથા વ્રતની ભાવના કહી.

### ❀ પાંચમા મહાવ્રતની ભાવનાઓ ❀

(૧–૫) મૂળમાં સદ્દરૂવં... અહીં જે અનુસ્વાર છે તે પ્રાકૃતશૈલી હોવાથી છે અને તે અલાક્ષણિક છે. જે પંડિત સાધુ મનોજ્ઞ=ઇષ્ટ કે પાપક=અનિષ્ટ એવા આવી પડેલા શબ્દ, રૂપ, રસ, ગંધ, અને સ્પર્શને પામીને આસક્તિરૂપ ગૃદ્ધિને=રાગને કે દ્વેષને કરે નહીં, તે સાધુ દાન્ત=ઇન્દ્રિયોનું દમન કરનારો છે, વિરત=સાવદ્યપ્રવૃત્તિઓથી વિરામ પામેલો છે, અકિંચન=

स्यात्, पञ्चापि भावनाः, उक्ताः पञ्चमहाव्रतभावनाः, अथवाऽसम्मोहार्थं यथाक्रमं प्रकटार्थाभिरेव भाष्यगाथाभिः प्रोच्यन्ते – "पणवीस भावणाओ पंचण्ह महव्वयाणमेयाओ । भणियाओ जिणगणहरपुज्जेहिं नवर सुत्तंमि ॥१॥ इरियासमिइ पढमा आलोइयभत्तपाणभोई य । आयाण-भंडनिक्खेवणा य समिई भवे तइया ॥२॥ मणसमिई वयसमिई पाणाइवायंमि होंति पंचेव । हासपरिहारअणुवीइ भासणा कोहलोहभयपरिण्णा ॥३॥ एस मुसावायस्स अदिन्नदाणस्स होंतिमा पंच । पहुसंदिट्ठ पहू वा पढमोग्गह जाए अणुवीई ॥४॥ उग्गहणसील बिइया तत्थोग्गेण्हेज्ज उग्गहं जहियं । तणडगलमल्लगाई अणुण्णवेज्जा तहिं तहियं ॥५॥ तच्चंमि उग्गहं तू अणुण्णवे सारिउग्गहे जा उ । तावइय मेर काउं न कप्पई बाहिरा तस्स ॥६॥ भावण चउत्थ साहंमियाण सामण्णमण्णपाणं तु । संघाडगमाईणं भुंजेज्ज अणुण्णवियए उ ॥७॥ पंचमियं गंतूणं साहम्मियउग्गहं अणुण्णविया । ठाणाई चेएज्जा पंचेव अदिण्णदाणस्स ॥८॥ बंभवयभावणाओ णो अइमायापणीयमाहारे । दोच्च

---

નિષ્પરિગ્રહી છે. પરંતુ જો આવા શબ્દાદિને પામીને રાગ–દ્વેષ કરે તો તે રાગદ્વેષથી પાંચમા વ્રતની વિરાધના થાય છે. પાંચે ભાવનાઓ કહી. આ સાથે પાંચે મહાવ્રતોની ભાવનાઓ કહી.

અથવા અસંમોહ માટે પ્રકટ=સ્પષ્ટ અર્થોવાળી એવી જ ભાષ્યગાથાઓવડે પાંચ મહાવ્રતોની ભાવનાઓ ક્રમશઃ કહેવાય છે – (૧) પૂજ્ય એવા જિનેશ્વરગણધરોવડે સૂત્રમાં પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓ આ પ્રમાણે જણાવી છે. (૨) પ્રથમ ઈર્યાસમિતિ, બીજી જોઈને ભોજન–પાન વાપરનારો, ત્રીજી આદાન–ભંડ નિક્ષેપણાસમિતિ (અર્થાત્ ભંડ=પાત્રાદિ ઉપકરણો. તેની આદાન–નિક્ષેપસમિતિ.) (૩) ચોથી મનસમિતિ અને પાંચમી વચનસમિતિ આ પાંચ ભાવનાઓ પ્રાણાતિપાતનામના પ્રથમ મહાવ્રત માટે જાણવી. (દરેકનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવો.) એ જ પ્રમાણે હવે પછી આગળ પણ પૂર્વની જેમ અર્થ જાણવો.) હાસ્યનો પરિત્યાગ, વિચારીને બોલવું, ક્રોધ, લોભ અને ભયનો ત્યાગ, (૪) આ મૃષાવાદની પાંચ ભાવનાઓ જાણવી.

અદિન્નાદાનની પાંચ ભાવનાઓ આ પ્રમાણે જાણવી. પ્રભુસંદિષ્ટ પાસે કે પ્રભુ પાસે વિચારીને (= કેટલો અવગ્રહ જોઈએ છે ? વિગેરે વિચારીને) અવગ્રહની યાચના એ પ્રથમ ભાવના, (૫) યાચનાનો સ્વભાવ એ બીજી ભાવના એટલે કે જ્યાં ઉપાશ્રય ગ્રહણ કર્યો છે (અર્થાત્ જે ઉપાશ્રયમાં રહેવાનું થાય) ત્યાં તૃણ, ડગલ, વાટકો (શ્લેષ્મ વિગેરે માટેની કુંડી) વિગેરેની યાચના કરીને વાપરે. (૬) ત્રીજી ભાવનામાં અવગ્રહને યાચ્યા પછી જેટલો અવગ્રહ આપ્યો છે તેટલી મર્યાદા કરીને તે મર્યાદાથી બહારનાં ક્ષેત્રનો પરિભોગ કરવો કલ્પે નહીં.

(૭) ચોથી ભાવનામાં જે અન્ન–પાન બીજા સંઘાટક વિગેરે સાધર્મિકોને સામાન્ય છે એટલે કે બીજાની માલિકીના છે તે અન્ન–પાનને તે સાધુઓની રજા લઈને વાપરે. (૮) પાંચમી ભાવના આ પ્રમાણે – સાધર્મિક સાધુઓ પાસે જઈને અવગ્રહની અનુજ્ઞા મેળવીને રોકાણ વિગેરે કરે. આ પાંચે ભાવનાઓ અદિન્નાદાનની જાણવી.

(૯) બ્રહ્મચર્યવ્રતની ભાવનાઓ – અતિમાત્રાએ કે પ્રણીત=સ્નિગ્ધ આહાર–પાણી વાપરે

**अविभूसणा ऊ विभूसवत्ती न उ हवेज्जा ॥९॥ तच्चा भावण इत्थीण इंदिया मणहरा ण णिज्झाए । सयणासणा विवित्ता इत्थिपसुविवज्जिया सेज्जा ॥१०॥ एस चउत्था ण कहे इत्थीण कहं तु पंचमा एसा । सद्दा रूवा गंधा रसफासा पंचमी एए ॥११॥ रागद्दोसविवज्जण अपरिग्गहभावणाउ पंचेता सव्वा पणवीसेया एयासु न वट्टियं जं तु ॥१२॥"**

**षड्विंशतिभिर्दशाकल्पव्यवहाराणामुद्देशनकालैः, क्रिया पूर्ववत्, तानेवोद्देशनकालान्—श्रुतोपचारान् दर्शयन्नाह सङ्ग्रहणिकारः—**

**दस उद्देसणकाला दसाण कप्पस्स होंति छच्चेव ।**
**दस चेव ववहारस्स व होंति सव्वेवि छव्वीसं ॥१॥**

**निगदसिद्धा । सप्तविंशतिप्रकारेऽनगारचारित्रे सति—साधुचारित्रे सति तद्विषयो वा प्रतिषिद्धादिना प्रकारेण योऽतिचारः कृत इति प्राग्वत्, सप्तविंशतिभेदान् प्रतिपादयन्नाह सङ्ग्रहणिकारः—**

---

નહીં. બીજી ભાવના અવિભૂષણા જાણવી એટલે કે વિભૂષામાં વર્તનારો ન થાય. (૧૦) ત્રીજી ભાવના – સ્ત્રીઓની મનને હરનારી ઇન્દ્રિયો = અંગોપાંગ ન જુએ. ચોથી ભાવના – વિવિક્ત સયનાસન અર્થાત્ સ્ત્રી વિગેરેએ સેવેલા સયન, આસનનો ત્યાગ કરે. તથા સ્ત્રી, પશુ (અને ઉપલક્ષણથી નપુંસકથી) રહિત એવા સ્થાનમાં રહે. (૧૧–૧૨) ચોથી ભાવના કહી. સ્ત્રીઓને કથા કહે નહીં એ પાંચમી ભાવના જાણવી. શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ આ પાંચેને મેળવીને રાગ–દ્વેષનો ત્યાગ કરવો. આ પ્રમાણે પાંચ અપરિગ્રહભાવના જાણવી. બધી મળીને આ પચ્ચીસ ભાવનાઓ છે. આ ભાવનાઓમાં જે ભાવનાઓનું પાલન ન કર્યું (તેનાથી જે અતિચાર લાગ્યો તેનું મિચ્છા મિ દુક્કડં.)

દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહારસૂત્રના છવ્વીસ ઉદ્દેશનકાલોવડે (અહીં સૂત્રાદિના ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા માટે ગુરુને વાંદણાં આપવા, કાયોત્સર્ગ કરવો, કાલગ્રહણ લેવા વિગેરે જોગસંબંધી જે ક્રિયાઓ તે ઉદ્દેશનકાલ જાણવા. इति धर्मसंग्रहे. આ કાલગ્રહણ વિગેરેની ક્રિયાઓ અવિધિથી કરવી, તેની અશ્રદ્ધા કરવી વિગેરેને કારણે) જે અતિચાર... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તે જ ઉદ્દેશનકાલ=શ્રુતોપચાર=શ્રુતના પ્રસ્તાવોને જણાવતા સંગ્રહણિકાર કહે છે ⇨

**ગાથાર્થ : દશાશ્રુતસ્કંધના દશ ઉદ્દેશનકાલ, બૃહત્કલ્પના છ અને વ્યવહારસૂત્રના દશ. આ બધા મળીને છવ્વીસ ઉદ્દેશનકાલ થાય છે.**

**ટીકાર્થ :** સ્પષ્ટ જ છે. સત્યાવીસ પ્રકારના અનગારચારિત્ર = સાધુચારિત્રની હાજરીમાં કે અનગારચારિત્રવિષયક પ્રતિષિદ્ધનું કરણ વિગેરે પ્રકારે જે અતિચાર કરાયો... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. ચારિત્રના સત્યાવીસભેદોનું જ પ્રતિપાદન કરતાં સંગ્રહણિકાર કહે છે ⇨

### ❀ સત્યાવીસ અનગારગુણો ❀

वयछक्कमिंदियाणं च निग्गहो भावकरणसच्चं च ।
खमयाविरागयाविय मणमाईणं निरोहो य ॥१॥
कायाण छक्क जोगाण जुत्तया वेयणाऽहियासणया ।
तह मारणंतियऽहियासणा य एएऽणगारगुणा ॥२॥

गाथाद्वयम्, अस्य व्याख्या—व्रतषट्कं—प्राणातिपातादिविरतिलक्षणं रात्रिभोजनविरतिपर्यवसानम्, इन्द्रियाणां च श्रोत्रादीनां निग्रहः—इष्टेतरेषु शब्दादिषु रागद्वेषाकरणमित्यर्थः, भावसत्यं—भावलिङ्गम् अन्तःशुद्धिः, करणसत्यं च बाह्यं प्रत्युपेक्षणादि करणसत्यं भण्यते, क्षमा क्रोधनिग्रहः, विरागता लोभनिग्रहः, मनोवाक्कायानामकुशलानामकरणं कुशलानामपि निरोधश्च कायानां—पृथिव्यादीनां षट्कं सम्यगनुपालनविषयतयाऽनगारगुणा इति, संयमयोगयुक्तता, वेदना—शीतादिलक्षणा तदतिसहना च, तथा मारणान्तिकाऽतिसहना च—कल्याणमित्रबुद्ध्या मारणान्तिकोपसर्गसहनमित्यर्थः एतेऽनगारगुणा इति गाथाद्वयार्थः ॥ अष्टाविंशतिविध आचार एवाऽऽचारप्रकल्पः, क्रिया पूर्ववत्, अष्टाविंशतिभेदान् दर्शयति संङ्ग्रहणिकारः—

सत्थपरिण्णा[१] लोगविजओ[२] य सीओसणिज्ज[३] संमत्तं[४] ।
आवंति[५] धुव[६]विमोहो[७] उवहाणसुय[८] महापरिण्णा[९] य ॥१॥

---

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આ બંને ગાથાઓની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી. (૧–૬) પ્રાણાતિપાત વિગેરેની વિરતિથી લઈને રાત્રિભોજનવિરતિ સુધીના છ વ્રતો, (૭–૧૧) શ્રોત્રેન્દ્રિય વિગેરે પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ એટલે કે ઇષ્ટાનિષ્ટ શબ્દાદિને વિશે રાગ–દ્વેષનું અકરણ, (૧૨) ભાવસત્ય અર્થાત્ ભાવલિંગ એટલે કે અંતઃકરણની શુદ્ધિ, (૧૩) પડિલેહણા વિગેરે બાહ્યક્રિયા એ કરણસત્ય કહેવાય છે, (અર્થાત્ બાહ્યક્રિયાઓની શુદ્ધિ.) (૧૪) ક્રોધના નિગ્રહરૂપ ક્ષમા, (૧૫) લોભના નિગ્રહરૂપ વિરાગતા, (૧૬–૧૮) અકુશલ એવા મન–વચન–કાયાનું અકરણ અને કુશલ એવા પણ મન–વચન–કાયાનો નિરોધ, (૧૯–૨૪) પૃથ્વી વિગેરે જીવો સમ્યગ્ રીતે અનુપાલનના=રક્ષણના વિષય હોવાથી છ અનગારગુણો જાણવા. (આશય એ છે કે પૃથ્વીકાય વિગેરે છ જીવોનું રક્ષણ કરવું એ છ અનગારગુણો જાણવા. જેથી કુલ ચોવીસ પ્રકાર થયા.) (૨૫) સંયમયોગયુક્તતા (અર્થાત્ સતત સંયમયોગોમાં રત રહેવું.) (૨૬) ઠંડી, ગરમી વિગેરેરૂપ વેદનાને સહન કરવું, (૨૭) સામેવાળો કોઈ મારી નાખવા સુધીનો ઉપસર્ગ કરે ત્યારે) આ મારો કલ્યાણમિત્ર છે એવી બુદ્ધિ કરવાદ્વારા તે મારણાન્તિક ઉપસર્ગને સહવું. આ સત્યાવીસ અનગારગુણો જાણવા. અઠ્ઠાવીસ પ્રકારનું આચારાંગ સૂત્ર જ આચારપ્રકલ્પ જાણવો. તે અઠ્ઠાવીસ આચારપ્રકલ્પોને કારણે જે અતિચાર... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તે અઠ્ઠાવીસ ભેદોને સંગ્રહણિકાર દર્શાવે છે ➪

**ગાથાર્થ : શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય, શીતોષ્ણીય, સમ્યક્ત્વ, આવન્તી, ધૂત, વિમોક્ષ ઉપધાનશ્રુત, મહાપરિજ્ઞા, પિંડૈષણા, શય્યા, ઈર્યા, ભાષાજાત, વસ્ત્રૈષણા, પાત્રૈષણા, અવગ્રહપ્રતિમા**

**पिंडेसणसिज्जिरिया भासज्जाया य वत्थपाएसा ।**
**उग्गहपडिमा सत्तेक्कतयं भावणविमुत्तीओ ॥२॥**
**उग्घायमणुग्घायं आरुवणा तिविहमो णिसीहं तु ।**
**इय अट्ठावीसविहो आयारपकप्पणामोऽयं ॥३॥**

गाथात्रयं निगदसिद्धमेव, एकोनत्रिंशद्भिः पापश्रुतप्रसङ्गैः, क्रिया पूर्ववत्, पापोपादानानि श्रुतानि पापश्रुतानि तेषां प्रसङ्गाः–तथाऽऽसेवनारूपा इति, पापश्रुतानि दर्शयन्नाह सङ्ग्रहणिकारः—

**अट्ठनिमित्तंगाइं दिव्वुप्पायंतलिक्खभोमं च ।**
**अंगसरलक्खणवंजणं च तिविहं पुणोक्केक्कं ॥१॥**
**सुत्तं वित्ती तह वत्तियं च पावसुय अउणतीसविहं ।**
**गंधव्वनट्टवत्थुं आउं धणुवेयसंजुत्तं ॥२॥**

**गाथाद्वयम्, अस्य व्याख्या--अष्ट निमित्ताङ्गानि दिव्यं--व्यन्तराद्यट्टहासादिविषयम्, उत्पातं--सहजरुधिरवृष्ट्यादिविषयम्, अन्तरिक्षं--ग्रहभेदादिविषयं, भौमं--भूमिविकारदर्शनादेवास्या इदं भवतीत्यादिविषयम्, अङ्गम्--अङ्गविषयं स्वरं--स्वरविषयं, लक्षणं-लांछनादि तद्विषयं, व्यञ्जनं-**

---

**(પિંડૈષણાથી અવગ્રહપ્રતિમા સુધીના સાતાધ્યયનાત્મક પ્રથમ ચૂલિકા જાણવી.) બીજા સાત સપ્તૈકકા (સાત અધ્યયનાત્મક બીજી ચૂલિકા), ભાવના (ત્રીજી ચૂ.), વિમુક્તિ (ચોથી ચૂ.), તથા ઉદ્ઘાતિક, અનુદ્ઘાતિક અને આરોપણા આ ત્રણ પ્રકારનું નિશીથ અધ્યયન (આ પાંચમી ચૂ.), આ પ્રમાણે અઠ્ઠાવીસ પ્રકારનો આચારપ્રકલ્પ જાણવો.**

**ટીકાર્થ :** ત્રણે ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. (વર્તમાનકાળમાં પ્રાપ્ત આચારાંગસૂત્રમાં સાતમું મહાપરિજ્ઞા, આઠમું વિમોક્ષ અને નવમું ઉપધાનશ્રુત એ પ્રમાણે ક્રમ છે. તેમાં સાતમું મહાપરિજ્ઞા અધ્યયન નાશ પામ્યું છે.) ઓગણત્રીસ પાપશ્રુતપ્રસંગોને કારણે જે અતિચાર.. વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. પાપના કારણભૂત એવું જે શ્રુત તે પાપશ્રુત. તેઓનો પ્રસંગ અર્થાત્ તે રીતે (=તે શ્રુતમાં જણાવ્યું હોય તે રીતે) આચરણ કરવું. સંગ્રહણિકાર તે પાપશ્રુતોને જણાવે છે ⇨

**❀ ઓગણત્રીસ પાપશ્રુતો ❀**

ગાથાર્થ : **ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અષ્ટ નિમિત્તાંગો (અર્થાત્ આઠ નિમિત્તશાસ્ત્રો.) તે આ પ્રમાણે – (૧) દિવ્ય – વ્યંતર વિગેરે દેવોના અટ્ટહાસ વિગેરેવિષયક શાસ્ત્ર, (૨) ઉત્પાત – સહજ (=દેવકૃત ન હોય તેવી) લોહીની વૃષ્ટિ વિગેરેવિષયક શાસ્ત્ર, (૩) અંતરિક્ષ – ગ્રહોનો ભેદ વિગેરેવિષયક શાસ્ત્ર, (૪) ભૌમ – પૃથ્વીને વિષે થતાં ફેરફારને જોઈને જ આનું આમ થશે વિગેરેવિષયક શાસ્ત્ર, (૫–૮) અંગ = અવયવોવિષયક, સ્વરવિષયક, લાંછન વિગેરે લક્ષણવિષયક, મસા વિગેરે ચિહ્નવિષયક શાસ્ત્ર, આ અંગ વિગેરેને જોઈને તેને જાણનારા લોકો ભવિષ્યમાં થનારા સુખ, દુઃખ વિગેરેને જાણે જ છે. (આ પ્રમાણે આ અષ્ટ નિમિત્ત શાસ્ત્રો જાણવા. ટૂંકમાં જે શાસ્ત્રમાં વ્યંતર

मषादि तद्विषयं, तथा च – अङ्गादिदर्शनतस्तद्विदो भाविनं सुखादि जानन्त्येव, त्रिविधं पुनरेकैकं दिव्यादि सूत्रं वृत्तिः[१५] तथा वार्तिकं च, इत्यनेन भेदेन–

*"दिव्वाईण सरूवं अंगविवज्जाण होति सत्तण्हं।*
*सुत्तं सहस्स लक्खो य वित्ति तह कोडि वक्खाणं ॥१॥*
*अंगस्स सयसहस्सं सुत्तं वित्ती य कोडि विन्नेया।*
*वक्खाणं अपरिमियं इयमेव य वत्तियं जाण ॥२॥"*

पापश्रुतमेकोनत्रिंशद्विधं, कथम्?, अष्टौ मूलभेदाः सूत्रादिभेदेन त्रिगुणिताश्चतुर्विंशतिः गन्धर्वादिसंयुक्ता एकोनत्रिंशद्भवन्ति, 'वत्थु'त्ति वास्तुविद्या 'आउ'न्ति वैद्यकं, शेषं प्रकटार्थं॥

त्रिंशद्भिर्मोहनीयस्थानैः, क्रिया पूर्ववत्, सामान्येनैव प्रकृति–कर्म मोहनीयमुच्यते, उक्तं च–*'अट्ठविहंपि य कम्मं भणियं मोहोत्ति जं समासेण'* मित्यादि, विशेषेण चतुर्थी प्रकृतिर्मोहनीयं तस्य स्थानानि–निमित्तानि भेदाः पर्याया मोहनीयस्थानानि, तान्यभिधित्सुराह सङ्ग्रहणिकारः–

વિગેરે દેવોના અટ્ટહાસ વિગેરેનું ફળ વર્ણન કર્યું હોય તે શાસ્ત્ર દિવ્યશાસ્ત્ર જાણવું. આ જ પ્રમાણે અન્ય સાતે શાસ્ત્રો જાણવા.)

દિવ્ય વિગેરે દરેક શાસ્ત્ર ત્રણ પ્રકારનું જાણવું – (૧) સૂત્ર, (૨) વૃત્તિ, અને (૩) વાર્તિક (=વૃત્તિનું વ્યાખ્યાન) આ ભેદવડે (ઓગણત્રીસ પ્રકારનું પાપશ્રુત છે એ પ્રમાણે આગળના શબ્દો સાથે અન્વય કરવો.) "અંગશાસ્ત્રને છોડીને બાકીના દિવ્ય વિગેરે સાત શાસ્ત્રોનું સ્વરૂપ આ પ્રમાણે છે કે (તે સાત શાસ્ત્રોનું) સૂત્ર એકહજાર શ્લોકપ્રમાણ, વૃત્તિ લાખ શ્લોકપ્રમાણ, તથા વાર્તિક એકકરોડ શ્લોકપ્રમાણ છે. ॥૧॥ જ્યારે અંગશાસ્ત્રનું સૂત્ર લાખ શ્લોકપ્રમાણ, વૃત્તિ એકકરોડ શ્લોકપ્રમાણ જાણવી અને વ્યાખ્યાન અપરિમિત જાણવું. વ્યાખ્યાન એ જ વાર્તિક તરીકે જાણ. ॥૨॥" (આ ભેદોવડે) પાપશ્રુત ઓગણત્રીસ પ્રકારનું જાણવું. કેવી રીતે ?– આઠ મૂળભેદોને સૂત્ર વિગેરે ત્રણ–ત્રણ ભેદો સાથે ગુણતા ચોવીસ થાય. તેમાં ગંધર્વ વિગેરેનો (આદિશબ્દથી નાટ્ય, વાસ્તુવિદ્યા, આયુર્વેદ, અને ધનુર્વેદ=શસ્ત્રવિદ્યા આ પાંચનો) ઉમેરો કરતા ઓગણત્રીસ થાય છે. અહીં વસ્તુ એટલે વાસ્તુવિદ્યા, આયુ એટલે વૈદ્યશાસ્ત્ર જાણવું શેષ અર્થો સ્પષ્ટ જ છે.

ત્રીસ એવા મોહનીય સ્થાનોને કારણે જે અતિચાર...વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. સામાન્યથી જ સર્વ પ્રકૃતિ = કર્મો (= આઠે કર્મો) મોહનીય તરીકે કહેવાય છે. કહ્યું છે – "કારણ કે સમાસથી=સામાન્યથી આઠે કર્મો મોહ તરીકે કહેવાયા છે... વિગેરે." વિશેષથી ચોથી પ્રકૃતિ મોહનીય છે. તેના સ્થાનો એટલે કે નિમિત્તો, તે મોહનીય સ્થાનો, અહીં સ્થાન, નિમિત્ત = કારણ, ભેદ, પર્યાય આ બધા સમાનાર્થી શબ્દો જાણવા. તે મોહનીય સ્થાનોને કહવાની ઇચ્છાવાળા સંગ્રહણિકાર કહે છે ➪

---

१५. दिव्यादीनां स्वरूपमङ्गविवर्जितानां भवति सप्तानाम्। सूत्रं सहस्रं लक्षं च वृत्तिस्तथा कोटी व्याख्यानम् ॥१॥ अङ्गस्य शतसहस्रं सूत्रं वृत्तिश्च कोटी विज्ञेया। व्याख्यानमपरिमितं इदमेव वार्त्तिकं जानीहि ॥२॥ अष्टविधमपि च कर्म भणितं मोह इति यत् समासेन।

'वारिमज्झेऽवगाहित्ता, तसे पाणे विहिंसई[१] । छाएउ मुहं हत्थेणं, अंतोनायं गलेरवं[२] ॥१॥ सीसावेढेण वेढित्ता, संकिलेसेण मारए[३] । सीसंमि जे य आहंतुं, दुहमारेण हिंसइ[४] ॥२॥ बहुजणस्स नेयारं, दीवं ताणं च पाणिणं[५] । साहारणे गिलाणंमि, पहू किच्चं न कुव्वइ[६] ॥३॥ साहू अकम्म धम्माउ जे भंसेइ उवट्ठिए[७] । णेयाउयस्स मग्गस्स, अवगारंमि वट्टई ॥४॥ जिणाणं णंतणाणीणं, अवण्णं जो उ भासई[९] । आयरियउवज्झाए, खिंसई मंदबुद्धीए[१०] ॥५॥ तेसिमेव य णाणीणं, संमं नो पडितप्पइ[११] । पुणो पुणो अहिगरणं, उप्पाए तित्थभेयए[१२] ॥६॥ जाणं आहंमिए जोए, पउंजइ पुणो पुणो[१३] । कामे वमित्ता पत्थेइ, इहऽन्नभविए इयं[१४] ॥७॥ भिक्खूणं बहुसुएऽहंति, जो भासइऽबहुस्सुए[१५] । तहा य अतवस्सी उ, जो तवस्सित्तिऽहं वए[१६] ॥८॥ जायतेएण बहुजणं, अंतोधूमेण हिंसइ[१७] । अकिच्चमप्पणा काउं, कयमेएण भासइ[१८] ॥९॥ नियडुवहिपणिहीए, पलिउंचे[१९] साइजोगजुत्ते[२०] य । बेई सव्वं मुसं संयसि[२१], अक्खीणझंझए सया[२२] ॥१०॥ अद्धाणंमि पवेसित्ता जो, धणं हरइ पाणिणं[२३] । वीसंभित्ता उवाएणं, दारे तस्सेव लुब्भई[२४] ॥११॥ अभिक्खमकुमारेहिं, कुमारेऽहंति पासइ[२५] । एवं अबंभयारीवि, बंभयारित्तिऽहं वए[२६] ॥१२॥ जेणेविस्सरियं णीए, वित्ते तस्सेव लुब्भई[२७] । तप्पभावुट्ठिए वावि, अंतरायं करेइ से[२८] ॥१३॥ सेणावइं पसत्थारं, भत्तारं वावि हिंसई । रट्ठस्स वावि निगमस्स, नायगं सेट्ठिमेव वा[२९] ॥१४॥ अपस्समाणो पस्सामि, अहं देवेत्ति वा वए । अवण्णेणं च देवाणं[३०], महामोहं पकुव्वइ ॥१५॥

गाथाः पञ्चदश, आसां व्याख्या–'वारिमज्झे' पाणियमज्झे 'अवगाहित्त'त्ति तिव्वेण मणसा पाएण अक्कमित्ता तसे पाणे–इत्थिमाई विहिंसइ, 'से' तस्स महामोहमुप्पाएमाणे संकिलिट्ठचित्तत्तणओ य भवसयदुहवेयणिज्जं अप्पणो महामोहं पकुव्वइ, एवं सर्वत्र क्रिया वाच्या १, तथा 'छाएउ' ढंकिउं मुहं 'हत्थेणं'ति उवलक्खणमिदमन्नाणि य कन्नाईणि 'अंतोनदं'ति हिदए सदुक्खमारसंतं 'गलेरवं' गलएण अच्चंतं रसंतं हिंसति २, 'सीसावेढेण' अल्लचंमाइणा

## ✽ ત્રીસ મોહનીયસ્થાનો ✽

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આ પંદર ગાથાઓની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી. – (૧) જે જીવ તીવ્ર મન વડે = અશુભ પરિણામથી સ્ત્રી વિગેરે ત્રસ જીવોને પાણીમાં ડુબાડીને તેની ઉપર પગ મૂકવાદ્વારા મારી નાખે છે. (તેવા જીવને મહામોહ ઉત્પન્ન થાય છે અને) મહામોહને ઉત્પન્ન કરતા તે જીવને સંક્લિષ્ટ ચિત્તને કારણે સેંકડો ભવોમાં દુઃખેથી ભોગવવા યોગ્ય (=દુઃખોને આપનાર) એવું મહામોહ કર્મ બંધાય છે. આ 'સેંકડો ભવોમાં... કર્મ બંધાય છે' વિગેરે વાક્યશેષ હવે પછી બધા સ્થાનોમાં જોડવું. (૨) તથા હાથથી મુખને બંધ કરીને, અહીં મુખ એ ઉપલક્ષણ છે તેથી 'મુખ' શબ્દથી

कएणाभिक्खणं वेढेत्ता 'संकिलेसेण' तिव्वासुहपरिणामेण 'मारए' हिंसइ जीवंति ३, सीसंमि जे य आहंतुं–मोग्गराइणा विभिंदिय सीसं 'दुहमारेण' महामोहजणगेण हिंसइत्ति ४, बहुजणस्स नेयारंति–पहुं सामित्ति भणियं होइ, दीवं समुद्दमिव वुज्झमाणाणं संसारे आसासथाणभूयं ताणं च–अण्णपाणाइणा ताणकारिणं 'पाणिणं' जीवाणं तं च हिंसइ, से तं विहंसंते बहुजणसंमोहकारणेण महामोहं पकुव्वइ ५, साहारणे–सामण्णे गिलाणंमि पहू–समत्थो उवएसेण सइंकरणेण वा तप्पिउं तहवि 'किच्चं' ओसहजायणाइ महाघोरपरिणामो न कुव्वइ सेऽवि महामोहं पकुव्वइ, सव्वसामण्णो य गिलाणो भवइ, तथाजिनोपदेशाद्, उक्तं च – *'किं[16] भंते ! जो गिलाणं पडियरइ से धण्णे उदाहु जे तुमं दंसणेण पडिवज्जइ ?, गोयमा ! जे गिलाणं पडियरइ, से केणट्ठेणं भंते ! एवं*

બીજા કર્ણ વિગેરે અંગો પણ જાણી લેવા. તેથી મુખ, કાન વિગેરે અંગોને ઢાંકીને = બંધ કરીને (અને મુખાદિને બંધ કરવાથી જ) હૃદયમાં દુઃખપૂર્વક અવાજ કરતા, (એટલે કે અંદર ગુંગળાતા), ગળેથી અત્યંત રડતા એવા પશુ વિગેરેની જે હિંસા કરે છે (તે સેંકડો ભવોમાં... વિગેરે વાક્યશેષ પૂર્વની જેમ જાણવો.) (૩) તીવ્ર અશુભ પરિણામથી ભીના ચામડા વિગેરેદ્વારા વારંવાર મસ્તકને વીંટીને (અર્થાત્ ભીના ચામડાને મસ્તક ઉપર ત્રણથી ચાર આંટા મારવાદ્વારા) જીવને મારે.

(૪) મસ્તક ઉપર મુદ્ગર (= ગદા જેવું શસ્ત્રવિશેષ) વિગેરેને મારીને મસ્તકના ટુકડા કરવાદ્વારા મહામોહને બંધાવનાર એવા દુઃખમારવડે એટલે કે દુઃખદ મરણ નીપજાવવાદ્વારા જીવને જે હિંસે છે. (૫) નેતા, પ્રભુ, સ્વામી આ બધા સમાનાર્થી શબ્દો છે. તેથી ઘણા લોકોનો નેતા એટલે કે સ્વામી, જેમ દ્વીપ એ સમુદ્રમાં ડૂબતા જીવો માટે આશ્વાસનભૂત=સહાયભૂત છે તેમ જે સ્વામી સંસારમાં ડૂબતા જીવો માટે આશ્વાસનભૂત અને અન્ન–પાની વિગેરેને આપવાદ્વારા ઘણા જીવોનું રક્ષણ કરનાર છે. તેવા સ્વામીની જે હિંસા કરે છે, તે સ્વામીની હિંસા કરતો ઘણા જીવોને દુઃખી કરવાના કારણે મહામોહકર્મને બાંધે છે.

(૬) ગ્લાન સાધારણ છે એટલે કે સર્વ માટે એક સરખી રીતે સેવ્ય છે. એવા સમયે જે ઉપદેશ આપવાદ્વારા કે સ્વયં ગ્લાનની સેવા માટે સમર્થ છે. તે સમર્થ હોવા છતાં પણ મહા ઘોર અશુભ પરિણામને કારણે ગ્લાનની સેવા માટે ઔષધ વિગેરે તૈયાર કરે/કરાવે નહીં કે ઔષધાદિની યાચના કરે/કરાવે નહીં તે જીવ પણ મહામોહકર્મને બાંધે છે. અને ગ્લાન એ સર્વસામાન્ય છે અર્થાત્ બધા માટે એક સરખી રીતે સેવા યોગ્ય છે, કારણ કે જિનેશ્વરે તે રીતનો ઉપદેશ આપ્યો છે. કહ્યું છે – "પ્રભુ ! જે ગ્લાનની સેવા કરે છે શું તે ધન્ય છે ? કે જે તમને શ્રદ્ધાથી સ્વીકારે છે તે ધન્ય છે ?"

"ગૌતમ ! જે ગ્લાનની સેવા કરે છે તે ધન્ય છે. પ્રભુ ! તમે શા માટે આ પ્રમાણે કહો છો ? ગૌતમ ! જે ગ્લાનની સેવા કરે છે તે (જ) મને શ્રદ્ધાથી સ્વીકારે છે, અને જે મને શ્રદ્ધાથી

१६. किं भदन्त ! यो ग्लानं प्रतिचरति स धन्य उताहो यो युष्मान् दर्शनेन प्रतिपद्यते ?, गौतम ! यो ग्लानं प्रतिचरति, तत् केनार्थेन भदन्तैवं

[૧૭]*वुच्चइ?, गोयमा ! जे गिलाणं पडियरइ से मं दंसणेणं पडिवज्जइ जे मं दंसणेण पडिवज्जइ से गिलाणं पडियरइत्ति, आणाकरणसारं खु अरहंताणं दंसणं, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– जे गिलाणं पडियरइत्ति से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडिवज्जईत्यादि* ६, तहा 'साहुं' तवस्सिं अकम्म–बलात्कारेण धम्माओ–सुयचरित्तभेयाओ जे महामोहपरिणामे भंसेतित्ति–विनिवारेइ उवट्ठियं–सामीप्येन स्थितं ७, नेयाउयस्स–नयनशीलस्य मग्गस्स– णाणादिलक्खणस्स दूसणपगारेण अप्पाणं परं च विपरिणामंतो अवगारंमि वट्टइ, णाणे–'काया वया य तेच्चिय' एवमाइणा, दंसणे 'एते जीवाणंता कहमसंखेज्जपएसियंमि लोयंमि ठाएज्जा ?' एवमाइणा, चारित्ते 'जीवबहुत्ताउ कहमहिंसगत्तंति चरणाभाव' इत्यादिना ८, तथा जिणाणं–

સ્વીકારે છે (અર્થાત્ મારી ઉપર જે શ્રદ્ધા રાખે છે તે મારી આજ્ઞાનું પાલન કરે છે અને માટે જ) તે ગ્લાનની સેવા કરે (જ) છે, કારણ કે અરિહંતોનું દર્શન આજ્ઞાકરણસાર છે (અર્થાત્ સમ્યગ્દર્શનનો સાર=રહસ્ય=પરમાર્થ આજ્ઞાપાલન છે.) તે કારણથી હે ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું કે જે ગ્લાનની સેવા કરે છે તે (જ) મને સ્વીકારે છે. જે મને સ્વીકારે છે તે ગ્લાનની સેવા કરે (જ) છે વિગેરે.

(૭) તથા જે મહામોહપરિણામવાળો જીવ (સાધુપણામાં) નજીક રહેલા એવા સાધુને બળાત્કારે શ્રુત અને ચારિત્રધર્મથી ભ્રષ્ટ કરે છે (તે જીવ મહામોહ કર્મને બાંધે છે એ પ્રમાણે પૂર્વની જેમ વાક્યશેષ જોડી દેવો.) (૮) (જીવને મુક્તિ તરફ) લઈ જવાના સ્વભાવવાળા એવા જ્ઞાનાદિરૂપ મોક્ષમાર્ગના દૂષણોને દેખાડવારૂપ પ્રકારવડે (અર્થાત્ જ્ઞાનાદિના ખોટા દૂષણોને ઊભા કરવાદ્વારા) પોતાને અને બીજાને મોક્ષમાર્ગથી દૂર કરતો જીવ (સ્વ–પરનો) અપકાર કરે છે.

જ્ઞાનમાં દૂષણ આ પ્રમાણે ઊભું કરે – (જે ગ્રંથ વાંચો તે બધામાં) તે જ ષડ્જીવનિકાયો અને તે જ છ વ્રતોનું (વર્ણન આવે છે. બીજું કશું નવું તો આવતું જ નથી) વિગેરે. સમ્યગ્દર્શનમાં દૂષણ – અસંખ્યેયપ્રદેશાત્મક એવા લોકમાં અનંતા જીવો કેવી રીતે સમાતા હશે ? (અર્થાત્ લોકના અસંખ્યપ્રદેશમાં અનંતા જીવો વળી કેવી રીતે સમાતા હશે ? ન જ સમાય. માટે આ બધું ખોટું / મિથ્યા છે) વિગેરે. ચારિત્રમાં દૂષણ – (હિંસા ન કરવી તેનું નામ ચારિત્ર અને) લોકમાં જીવો પુષ્કળ પ્રમાણમાં છે તેથી અહિંસાનું પાલન જ થઈ શકે એવું નથી. માટે ચારિત્ર નથી વિગેરે. (આ રીતે જ્ઞાનાદિના દૂષણો બતાવવાદ્વારા જે જીવ સ્વ–પરને ધર્મથી દૂર કરે છે તે મહામોહકર્મને બાંધે છે.)

**१७. उच्यते ?, गौतम ! यो ग्लानं प्रतिचरति स मां दर्शनेन प्रतिपद्यते, यो मां दर्शनेन प्रतिपद्यते स ग्लानं प्रतिचरतीति, आज्ञाकरणसारमेवार्हतां दर्शनं, तदेतेनार्थेन गौतम ! एवमुच्यते– यो ग्लानं प्रतिचरति स मां प्रतिपद्यते यो मां प्रतिपद्यते स ग्लानं प्रतिपद्यते (प्रतिचरति)। काया व्रतानि च तान्येव। एते जीवा अनन्ताः कथमसंख्येयप्रदेशिके लोके तिष्ठेयुः ?। जीवबहुत्वात् कथमहिंसकत्वमिति चरणाभावः।**

**तित्थगराणं अणंतणाणीणं–केवलीणं अवन्नं–निंदं जो महाघोरपरिणामो 'पभासइ' भणति, कथं ?, ज्ञेयाऽनन्तत्वात्सर्वार्थज्ञानस्याभाव एव, तथा च –**

*"[१८]अज्जवि धावति णाणं अज्जवि लोओ अणंतओ तहवि ।*
*अज्जवि न तुहं कोई पावइ सव्वण्णुयं जीवो ॥१॥"*

**एवमाइ पभासइ, न पुणज्जाणति जहा–'खीणावरणो जुगवं लोगमलोगं जिणो पगासेइ । ववगयघणपडलो इव परिमियं देसमाईच्चो ॥१॥' ९, आयरियउवज्झाए पसिद्धे ते 'खिंसइ' निंदइ जच्चाईहिं, अबहुस्सुया वा एए तहावि अम्हेहिं एएसिं तु सगासे किंपि कहंचि अवधारियंति 'मंदबुद्धीए' बालेत्ति भणियं होइ १०, 'तेसिमेव' य आयरिओवज्झायाणं परमबंधूणं परमोवगारीणं 'णाणीण'न्ति गुणोवलक्खणं गुणेहिं पभाविए पुणो तेसिं चेव कज्जे समुप्पण्णे 'संमं न पडितप्पइ' आहारोवगरणाईहिं णोवजुज्जेइ ११, 'पुणो पुणो'त्ति असइं 'अहिगरणं' जोतिसाइ उप्पाए कहेइ निवजत्ताइ 'तित्थभेयए' णाणाइमग्गविराहणत्थंति भणियं होइ १२, जाणं**

(૯) જે મહાઘોરપરિણામી જીવ અનંતજ્ઞાની એવા તીર્થંકરોની નિંદા કરે છે. કેવી રીતે ? – "જાણવા યોગ્ય પદાર્થો અનંત હોવાથી સર્વ પદાર્થોનું જ્ઞાન થઈ શકતું જ નથી. તથા–"આજે પણ જ્ઞાન દોડે છે, છતાં આજે પણ લોક અનંત છે (અર્થાત્ જ્ઞાન લોકની પાછળ દોડી રહ્યું છે, છતાં લોકનો હજુ અંત આવ્યો નથી.) અને તેથી તમારામાંથી કોઈ જીવ સર્વજ્ઞપણાને પામ્યો નથી." આ રીતે તીર્થંકરોની નિંદા કરે છે પરંતુ જાણતો નથી કે–"ઘન વાદળો દૂર થતાં જેમ સૂર્ય પરિમિત એવા ક્ષેત્રને પ્રકાશિત કરે છે તેમ કર્મોના આવરણો દૂર થતાં તીર્થંકરો એક સાથે લોકાલોકનું જ્ઞાન કરે છે."

(૧૦) મંદબુદ્ધિવાળો જીવ જેમનો શબ્દાર્થ જાણેલો છે એવા આચાર્ય–ઉપાધ્યાયની જાતિ વિગેરેદ્વારા નિંદા કરે અથવા 'આ અબહુશ્રુત છે તો પણ અમે એમની પાસે ક્યારેક કંઈક શ્રુત ગ્રહણ કર્યું હતું,' એ પ્રમાણે નિંદા કરે. મંદબુદ્ધિવાળો એટલે બાળ જીવ.

(૧૧) ('[H]णाणी' વિશેષણ શિષ્યનું છે તેથી) આચાર્ય–ઉપાધ્યાયવડે જ જ્ઞાની બનાવાયેલો, અહીં 'જ્ઞાની' શબ્દ દ્વારા જે જ્ઞાન ગુણ કહ્યો તે શેષ ગુણોનું ઉપલક્ષણ જાણવું. તેથી તે આચાર્ય–ઉપાધ્યાયવડે જ શેષગુણોથી પણ પ્રભાવિત કરાયેલો એટલે કે ગૌરવના સ્થાનને પમાડેલો એવો પણ શિષ્ય તે પરમબંધુ અને પરમોપકારી એવા આચાર્ય–ઉપાધ્યાયનું જ કોઈ કાર્ય ઉત્પન્ન થાય ત્યારે આહાર–ઉપકરણ વિગેરે દ્વારા એમની સેવા કરતો નથી (તે શિષ્ય મહામોહકર્મ બાંધે છે.) (૧૨) જ્યોતિષશાસ્ત્રો વિગેરે રૂપ (આ શાસ્ત્રો ભણવાથી આત્મા દુર્ગતિનો અધિકારી બનતો હોવાથી) અધિકરણોને વારંવાર કહે, રાજાની (યુદ્ધ વિગેરે માટે નીકળતી) યાત્રા વિગેરેનું વારંવાર વર્ણન કરે અને આ રીતે તે તીર્થને ભેદનારો= જ્ઞાનાદિ મોક્ષમાર્ગની વિરાધના કરનારો હોવાથી મહામોહ બાંધે. (૧૩) (ન કરવું જોઈએ એવું) જાણતો હોવા છતાં વશીકરણ વિગેરે અધાર્મિક

**१८. अद्यापि धावति ज्ञानमद्यापि लोकोऽनन्तको तथापि । अद्यापि न तव कोऽपि प्राप्नोति सर्वज्ञतां जीवः ॥१॥ क्षीणावरणो युगपद् लोकमलोकं जिनः प्रकाशयति । व्यपगतघनपटक इव परिमितं देशमादित्यः ॥१॥**

**आहंमिए जोए—वसीकरणाइलक्खणे पउंजइ 'पुणो पुणो' असइत्ति१३, 'कामे' इच्छामयणभेयभिण्णे 'वमेत्ता' चइऊण, पव्वज्जमब्भुवगम्म 'पत्थेइ' अभिलसइ इहभविए—माणुस्से चेव अण्णभविए—दिव्वे १४, 'अभिक्खणं २' पुणो २ बहुस्सुएऽहंति जो भासए, ( अ )बहुस्सुए अण्णेण वा पुट्ठो स तुमं बहुस्सुओ ?, आमंति भणइ तुण्हिक्को वा अच्छइ, साहवो चेव बहुस्सुएत्ति भणति १५, अतवस्सी तवस्सित्ति विभासा १६, 'जायतेएण' अग्गिणा बहुजणं घरे छोढुं 'अंतो धूमेण' अब्भितरे धूमं काऊण हिंसइ १७, 'अकिच्चं' पाणाइवायाइ अप्पणा काउं कयमेएण भासइ—अण्णस्स उत्थोभं देइ १८, 'नियडुवहिपणिहीए पलिउंचइ' नियडी—अण्णहाकरणलक्खणा माया उवही तं करेइ जेण तं पच्छाइज्जइ अण्णहाकयं पणिही एवंभूत एव चरइ, अनेन प्रकारेण 'पलिउंचइ' वंचेइत्ति भणियं होइ १९, साइजोगजुत्ते य—अशुभमनोयोगयुक्तश्च २०, 'बेति' भणइ सव्वं मुसं 'सदसि' सभाए २१, 'अक्खीणझंझए सया' अक्षीणकलह इत्यर्थः, झंझा—कलहो २२, 'अद्धाणंमि' पंथे 'पवेसेत्ता' नेऊण विस्संभेण जो धणं-सुवण्णाई हरइ पाणिणं अच्छिदइ २३, जीवाणं विसंभेत्ता—उवाएण केणइ अतुलं पीइं काऊण पुणो दारे—कलत्ते 'तस्सेव' जेण समं पीई कया लुब्भइ २४, 'अभिक्खणं' पुणो २ अकुमारे संते कुमारेऽहंति भासइ २५,**

---

યોગોને વારંવાર કરે. (૧૪) (શેષ પદાર્થોની) ઇચ્છા અને મદનસુખ એમ બે પ્રકારના કામને છોડી પ્રવ્રજ્યા સ્વીકાર્યા બાદ ફરી તે મનુષ્યલોકસંબંધી અને દેવલોકરૂપ પારભવિક કામોને ઇચ્છે. (૧૫) પોતે અબહુશ્રુત હોવા છતાં 'હું બહુશ્રુત છું' એ પ્રમાણે જે વારંવાર બોલે. અથવા બીજા કોઈએ પૂછ્યું કે 'તું બહુશ્રુત છે ?' ત્યારે 'હા' એ પ્રમાણે બોલે અથવા મૌન રહે અથવા સાધુઓ બહુશ્રુત જ હોય એ પ્રમાણે જે બોલે (તે... કર્મ બાંધે.) (૧૬) એ જ પ્રમાણે તપસ્વી ન હોવા છતાં પોતાને તપસ્વી તરીકે જાહેર કરે વિગેરે વર્ણન ઉપર પ્રમાણે જાણવું. (૧૭) ઘર વિગેરેમાં ઘણા બધા લોકોને પૂરીને અગ્નિવડે અંદર ધૂમાડો કરીને મારી નાખે. (૧૮) પોતે પ્રાણાતિપાતાદિ કરે અને 'એણે કર્યું છે' એ પ્રમાણે બોલે એટલે કે બીજા ઉપર આળ ચઢાવે.

(૧૯) નિકૃતિ એટલે અન્યથાકરણરૂપ = વિપરીતઆચરણરૂપ માયા અર્થાત્ બોલવું કંઈક, કરવું કંઈક. ઉપધિ એટલે તેવું કંઈક કરે કે જેથી કરેલી તે માયા એટલે કે અન્યથાનું કરણ છુપાય. પ્રણિધિ એટલે આવા પ્રકારનું જ (=માયાને કરવું અને માયાને છુપાવવારૂપ) આચરણ કર્યા કરે. આ રીતે કરવાદ્વારા તે બીજાને ઠગે. (૨૦) અશુભ એવા મનોયોગથી યુક્ત હોય (અર્થાત્ સતત જે મનથી અશુભ વિચાર કરતો હોય તે મહામોહકર્મને બાંધે છે.)

(૨૧) સભામાં બધું ખોટું બોલે. (૨૨) સદા અક્ષીણકલહ હોય. અહીં झंझ એટલે ઝઘડો. તેથી હંમેશા ઝઘડો કરનાર હોય. (૨૩) મુસાફરીમાં સાથે રહીને વિશ્વાસમાં લઈ સુવર્ણ વિગેરે ધન હરી લે અને તે જીવને મારી નાખે. (૨૪) જીવો સાથે કોઈક ઉપાયદ્વારા અત્યંત પ્રીતિ કરીને (=મૈત્રી કરીને) જેની સાથે પ્રીતિ કરી છે તેની જ પત્ની ઉપર આસક્ત થાય. (૨૫) પોતે અકુમાર=પરિણીત હોવા છતાં વારંવાર 'હું કુમાર = અપરિણીત છું' એમ બોલે.

एवमबंभयारिंमि विभासा २६, जेणेविस्सरियं नीए–ऐश्वर्यं प्रापित इत्यर्थः, 'वित्ते' धणे तस्सेव संतिए लुब्भइ २७, तप्पभावुट्ठिए वावि–लोगसंमयत्तणं पत्ते तस्सेव केणइ पगारेण अंतरायं करेइ २८, सेणावइं रायाणुन्नायं वा चाउरंतसामियं पसत्थारं– लेहारियमाइ भत्तारं वा विहिंसइ रट्ठस्स वावि निगमस्स जहासंखं नायगं सेट्ठिमेव वा, निगमो–वणिसंघाओ २९, अप्पस्समाणो माइट्ठाणेण पासामि अहं देवत्ति वा वए, 'अवन्नेणं च देवाणं' जह किं तेहिं कामगद्दहेहिं जे अम्हं न उवकरेंति, महामोहं पकुव्वइ कलुसियचित्तत्तणओ ३०, अयमधिकृतगाथानामर्थः। एकत्रिंशद्भिः सिद्धादिगुणैः, क्रिया पूर्ववत्, सितं ध्मातमस्येति सिद्धः, आदौ गुणा आदिगुणाः सिद्धस्यादिगुणाः सिद्धादिगुणाः, युगपद्भाविनो न क्रमभाविन इत्यर्थः, तानेवोपदर्शयन्नाह सङ्ग्रहणिकारः —

**पडिसेहेण संठाणवण्णगंधरसफासवेए य।**
**पणपणदुपणट्ठतिहा इगतीसमकायसंगरुहा ॥१॥**

(૨૬) એ જ પ્રમાણે પોતે અબ્રહ્મચારી હોવા છતાં બ્રહ્મચારી કહે. (૨૭) જે શ્રેષ્ઠિ વિગેરેના કારણે પોતે ઐશ્વર્ય પામ્યો હોય તેના જ ધનને પડાવવાની ઇચ્છા રાખે. (૨૮) વળી તેનાથી જ પોતે ઉત્થિત થયો હોય એટલે કે સમાજમાં આદરભાવને પામેલો હોય તો પણ તે શ્રેષ્ઠિ વિગેરેનું સન્માન વિગેરે વધતું હોય ત્યારે તેમાં અંતરાય=વિઘ્ન કરે. (અર્થાત્ તેવું કરે કે જેથી પોતાના ઉપકારી એવા તે શ્રેષ્ઠિ વિગેરેનું ગૌરવ ન વધે પણ પોતાનું વધે.)

(૨૯) સેનાપતિને અથવા રાજાવડે અનુજ્ઞાત એવા સેનાના સ્વામીને, અથવા લેખાચાર્ય = કલાચાર્ય વિગેરેને, અથવા પતિને અથવા રાષ્ટ્રના નાયકને કે નિગમના શ્રેષ્ઠિને એટલે કે વેપારીસમૂહમાં જે મુખ્ય શ્રેષ્ઠિ હોય તેને મારે. (૩૦) દેવોને ન જોવા છતાં પણ માતૃસ્થાનથી= માયાથી 'હું દેવોને જોઉં છું' એમ બોલે અથવા 'હું દેવ છું' એમ બોલે. (૩૧) દેવોની નિંદા કરે જેમ કે; "જે આપણા પર ઉપકાર કરતા નથી તેવા કામગૃદ્ધ દેવોથી શું ?" આવા પ્રકારની નિંદાદ્વારા કલુષિતચિત્તવાળા હોવાથી મહામોહકર્મને બાંધે છે. આ પ્રમાણે આ પ્રસ્તુત ગાથાઓનો અર્થ જાણવો.

## ❀ સિદ્ધના એકત્રીસ આદિગુણો ❀

સિદ્ધના એકત્રીસ આદિગુણોની (અશ્રદ્ધા વિગેરેને કારણે જે અતિચાર... વિગેરે) ક્રિયા પૂર્વની જેમ જાણવી. બંધાયેલા આઠ કર્મો જેમના નાશ પામ્યા છે તે સિદ્ધ. શરૂઆતમાં = સિદ્ધત્વની સાથે પ્રાપ્ત થતાં જે ગુણો તે આદિગુણો. સિદ્ધના આદિગુણો તે સિદ્ધાદિગુણો અર્થાત્ સિદ્ધત્વની સાથે ઉત્પન્ન થયેલા ગુણો, પરંતુ ક્રમસર ઉત્પન્ન થયેલા નહીં. તે ગુણોને જ સંગ્રહણિકાર જણાવતા કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

अस्या व्याख्या—प्रतिषेधेन संस्थानवर्णगन्धरसस्पर्शवेदानां, कियद्भेदानां ?—पञ्चपञ्चद्विपञ्चाष्टत्रिभेदानामिति, किम् ?— एगत्रिंशत्सिद्धादिगुणा भवन्ति, 'अकायसंगरुह'त्ति अकायः—अशरीरः असङ्गः—सङ्गवर्जितः अरुहः—अजन्मा, एभिः सहैकत्रिंशद्भवन्ति, तथा चोक्तं—"[११]*से ण दीहे ण हस्से ण वट्टे न तंसे न चउरंसे न परिमंडले ५ न किण्हे न नीले न लोहिए न हालिद्दे न सुक्किले ५ न सुब्भिगंधे न दुब्भिगंधे २ न तित्ते न कडुए न कसाए न अंबिले न महुरे ५ न कक्खडे न मउए न गरुए न लहुए न सीए न उण्हे न निद्धे न लुक्खे ण संगे न रुहे न काए न इत्थी न पुरिसे न नपुंसए*" ॥

प्रकारान्तरेण सिद्धादिगुणान् प्रदर्शयन्नाह—

**अहवा कंमे णव दरिसणंमि चत्तारि आउए पंच ।**
**आइण अंते सेसे दोदो खीणभिलावेण इगतीसं ॥१॥**

व्याख्या—'अथवे'त्ति व्याख्यान्तरप्रदर्शनार्थः, 'कर्मणि' कर्मविषया क्षीणाभिलापेनै-

**ટીકાર્થ :** પાંચ સંસ્થાન=આકાર, પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને ત્રણ વેદ(આ બધા સિદ્ધાવસ્થામાં ન હોવાથી તેનો) નિષેધ કરતા (અઠ્ઠાવીસ ગુણો અને આગળ બતાવતા બીજા ત્રણ ગુણો ઉમેરતાં) એકત્રીસ સિદ્ધના આદિગુણો થાય છે. અશરીરી, અસંગ અને અજન્મા આ ત્રણ ગુણો સાથે (પૂર્વના અઠ્ઠાવીસ ગુણોનો સરવાળો કરતા) એકત્રીસ ગુણો થાય છે. કહ્યું છે – "(૧-૫) સિદ્ધ એ દીર્ઘ નથી, હ્રસ્વ નથી, ગોળ નથી, ત્રિકોણ નથી, ચોરસ નથી કે પરિમંડળ (=બંગડી આકારે) નથી (એ પ્રમાણે આકારોનો નિષેધ કરતા પાંચ ગુણો થયા.)

(૬-૧૦) સિદ્ધ કૃષ્ણવર્ણી નથી, નીલવર્ણી નથી, લાલવર્ણી નથી, પીતવર્ણી નથી કે શુક્લવર્ણી નથી. (આ રીતે પાંચ વર્ણોનો નિષેધ કરતા બીજા પાંચ ગુણો થયા જેને પૂર્વના ગુણોમાં ઉમેરતા દશ થયા. આ રીતે આગળ–આગળ ગુણો ઉમેરતા–ઉમેરતા એકત્રીસ ગુણો થશે.) (૧૧-૧૨) સિદ્ધ સુરભિગંધવાળા નથી, કે દુરભિગંધવાળા નથી. (૧૩-૧૭) સિદ્ધોને કડવો રસ નથી, તીખો રસ નથી, તુરો રસ નથી, ખાટો રસ નથી કે મધુર રસ નથી. (૧૮-૨૫) સિદ્ધોને કર્કશસ્પર્શ નથી. એ જ રીતે મૃદુ નથી, ગુરુ નથી, લઘુ નથી, શીત નથી, ઉષ્ણ નથી, સ્નિગ્ધ નથી કે રૂક્ષ નથી. (૨૬) સિદ્ધોને સંગ નથી. (૨૭) સિદ્ધો જન્મ લેતા નથી. (૨૮) સિદ્ધોને શરીર નથી. (૨૯-૩૧) સિદ્ધો સ્ત્રી નથી, પુરુષ નથી કે નપુંસક નથી.

**અવતરણિકા :** અન્ય પ્રકારે સિદ્ધાદિગુણોને દેખાડતા કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** 'અથવા' શબ્દ બીજી રીતે થતી વ્યાખ્યાને જણાવનાર છે. કર્મવિષયક ક્ષીણના

११. स न दीर्घः न ह्रस्वो न वृत्तो न त्र्यस्रो न चतुरस्रो न परिमण्डलो न कृष्णो न नीलो न लोहितो न हारिद्रो न शुक्लो न सुरभिर्न दुर्गन्धो न तिक्तो न कटुको न कषायो नाम्लो न मधुरो न कर्कशो न मृदुर्न गुरुर्न लघुर्न शीतो नोष्णो न स्निग्धो न रूक्षो न कायवान् न सङ्गवान् न रुहो न स्त्री न पुरुषो न नपुंसकं,

कत्रिंशद्गुणा भवन्ति, तत्र नव दर्शनावरणीये, नवभेदा इति–क्षीणचक्षुर्दर्शनावरणः ४ क्षीणनिद्रः ५, चत्वार आयुष्के–क्षीणनरकायुष्कः ४ 'पंच आइमे'त्ति आद्ये ज्ञानावरणीयाख्ये कर्मणि पञ्चक्षीणाभिनिबोधिकज्ञानावरणः ५ 'अंते'त्ति अन्त्ये–अन्तराये कर्मणि पञ्चैव क्षीणदानान्तरायः ५ शेषकर्मणि–वेदनीयमोहनीयनामगोत्रलक्षणे द्वौ द्वौ भेदौ भवतः, क्षीणसातावेदनीयः क्षीणासातावेदनीयः क्षीणदर्शनमोहनीयः क्षीणचारित्रमोहनीयः क्षीणाशुभनाम क्षीणशुभनाम क्षीणनीचैर्गोत्रः क्षीणोच्चैर्गोत्र इति गाथार्थः ॥

द्वात्रिंशद्भिर्योगसङ्ग्रहैः क्रिया पूर्ववत्, इह युज्यन्त इति योगाः–मनोवाक्कायव्यापाराः, ते चाशुभप्रतिक्रमणाधिकारात्प्रशस्ता एव गृह्यन्ते, तेषां शिष्याचार्यगतानामालोचनानिरपलापादिना प्रकारेण सङ्ग्रहणानि योगसङ्ग्रहाः, प्रशस्तयोगसङ्ग्रहनिमित्तत्वादालोचनादय एव तथोच्यन्ते, ते च द्वात्रिंशद्भवन्ति, तदुपदर्शनायाह निर्युक्तिकारः—

---

અભિલાપદ્વારા (અર્થાત્ આઠ કર્મો ક્ષીણ થવાથી) એકત્રીસ ગુણો થાય છે. તેમાં દર્શનાવરણીયના નવ ભેદો ક્ષીણ થવાથી નવ ગુણો થાય. તે આ પ્રમાણે – ચક્ષુ, અચક્ષુ વિગેરે ચાર અને નિદ્રા વિગેરે પાંચ એમ નવ દર્શનાવરણીયના ભેદ ક્ષીણ થવાથી નવ ગુણો. નરક વિગેરે ચાર આયુષ્ય ક્ષીણ થવાથી ચાર ગુણો. આભિનિબોધિક વિગેરે આદ્ય એવા જ્ઞાનાવરણીયની પાંચ પ્રકૃતિઓ ક્ષીણ થવાથી પાંચ ગુણો. અંત્ય એટલે કે અંતરાય. તેના દાનાન્તરાય વિગેરે પાંચ કર્મો નાશ થવાથી પાંચ ગુણો. તથા શેષ વેદનીય, મોહનીય, નામ અને ગોત્રકર્મના બે–બે ભેદો છે. તેથી શાતા–અશાતા, દલર્શનમોહનીય, ચારિત્રમોહનીય, શુભ–અશુભ–નામકર્મ, નીચગોત્ર અને ઉચ્ચગોત્ર આ આઠ કર્મો નાશ થવાથી આઠ ગુણો. આમ બધા મળી એકત્રીસ ગુણો થાય છે.

## ❀ બત્રીસ યોગસંગ્રહ ❀

બત્રીસ યોગસંગ્રહોની (અશ્રદ્ધા વિગેરેને કારણે) જે અતિચાર... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. અહીં (જેના કારણે આત્મા સદ્ગતિમાં કે દુર્ગતિમાં) જોડાય છે તે યોગ, અર્થાત્ મન–વચન–કાયાના વ્યાપારો. અહીં અશુભ યોગોના પ્રતિક્રમણનો અધિકાર ચાલતો હોવાથી પ્રશસ્ત એવા વ્યાપારો જ ગ્રહણ કરવાના છે. શિષ્ય અને આચાર્યમાં રહેલા તે પ્રશસ્ત યોગોનો આલોચના, નિરપલાપ વિગેરે (આગળ કહેવાતા) પ્રકારોવડે જે સંગ્રહ તે યોગસંગ્રહ (આશય એ છે કે પ્રશસ્ત એવા મોક્ષસાધક યોગોનો સંગ્રહ કરવા શિષ્યે આચાર્ય પાસે આલોચના કરવી જોઈએ. આલોચના કરવાથી શિષ્યમાં પ્રશસ્તયોગોનો સંગ્રહ થાય છે. આલોચના કર્યા બાદ આચાર્યે પણ બીજાને આલોચનાની વાતો ન કરવી. આ રીતે આચાર્યનો નિરપલાપ થતાં આચાર્યમાં પ્રશસ્ત યોગોનો સંગ્રહ થાય છે.) પ્રશસ્તયોગસંગ્રહનું કારણ હોવાથી આલોચના વિગેરે જ યોગસંગ્રહ તરીકે કહેવાય છે. અને તે આલોચના વિગેરેરૂપ યોગસંગ્રહ બત્રીસ છે. તેને જણાવવા માટે નિર્યુક્તિકાર કહે છે ⇨

आलोयणा[१] निरवलावे[२], आवईसु दढधम्मया[३] ।
अणिस्सिओवहाणे य[४], सिक्खा[५] णिप्पडिकम्मया[६] ॥१२७५॥
अण्णायया[७] अलोहे[८] य, तितिक्खा[९] अज्जवे[१०] सुई[११] ।
सम्मदिट्ठी[१२] समाही[१३] य, आयारे[१४] विणओवए[१५] ॥१२७६॥
धिई[१६] मई य संवेगे[१७], पणिही[१८] सुविहि[१९] संवरे[२०] ।
अत्तदोसोवसंहारो[२१], सव्वकामविरत्तया[२२] ॥१२७७॥
पच्चक्खाणा[२३][२४] विउस्सग्गे[२५], अप्पमाए[२६] लवालवे[२७] ।
झाणसंवरजोगे[२८] य, उदए मारणंतिए[२९] ॥१२७८॥
संगाणं च परिण्णा[३०], पायच्छित्तकरणे[३१] इय ।
आराहणा य मरणंते[३२], बत्तीसं जोगसंगहा ॥१२७९॥

आसां व्याख्या–'आलोयण'त्ति प्रशस्तमोक्षसाधकयोगसङ्ग्रहाय शिष्येणाऽऽचार्याय सम्यगालोचना दातव्या १, 'निरवलावे'त्ति आचार्योऽपि प्रशस्तमोक्षसाधकयोगसङ्ग्रहायैव प्रदत्तायामालोचनायां निरपलापः स्यात्, नान्यस्मै कथयेदित्यर्थः, एकारान्तश्च प्राकृते प्रथमान्तो भवतीत्यसकृदावेदितं यथा–'कयरे आगच्छइ दित्तरूवे' इत्यादि, २, 'आवतीसु दढधम्मत'त्ति तथा योगसङ्ग्रहायैव सर्वेण साधुनाऽऽपत्सु द्रव्यादिभेदासु दृढधर्मता कार्या, आपत्सु सुतरां दृढधर्मेण भवितव्यमित्यर्थः, ३, 'अणिस्सिओवहाणे य'त्ति प्रशस्तयोगसङ्ग्रहायैवानिश्रितोपधानं

ગાથાર્થ : પાંચે ગાથાઓનો ગાથાર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** (૧) આલોચના : મોક્ષસાધકપ્રશસ્તયોગનો સંગ્રહ કરવા માટે શિષ્યે આચાર્ય પાસે સમ્યગ્ રીતે આલોચના (=સ્વદોષોનું કથન) કરવું જોઈએ. (૨) **નિરપલાપ :** આચાર્યે પણ મોક્ષસાધક પ્રશસ્તયોગનો સંગ્રહ કરવા માટે જ કરાયેલ આલોચનાને વિષે (=આલોચના કર્યા બાદ) અપલાપ વિનાના થવું જોઈએ એટલે કે બીજાને કહેવું જોઈએ નહીં. મૂળમાં 'निरवलापे' શબ્દમાં અંતમાં જે 'ए' કાર છે તે પ્રાકૃતમાં પ્રથમાવિભક્તિમાં થાય છે એવું અમે (= ટીકાકારે) વારંવાર જણાવ્યું છે. જેમ કે – 'कयरे आगच्छइ दित्तरुवे...' અર્થાત્ આ તેજસ્વીરૂપવાન કોણ આવે છે ? (અહીં 'कयरे' 'दित्तरुवे' શબ્દો પ્રથમાવિભક્તિમાં છે.)

(૩) **આપત્તિમાં દૃઢધર્મતા :** તથા યોગસંગ્રહ માટે જ (= પ્રશસ્ત એવા મન–વચન–કાયાના વ્યાપારોની પ્રાપ્તિ માટે જ) સર્વસાધુઓએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની આપત્તિમાં દૃઢધર્મતા કરવી જોઈએ અર્થાત્ (આપત્તિ આવે તે સિવાયના કાળમાં તો દૃઢધર્મી થવું જ પણ જ્યારે) આપત્તિ આવી પડે ત્યારે સુતરાં દૃઢધર્મી થવું. (અહીં દ્રવ્યાદિની આપત્તિઓ ઉદાહરણ સહિત આગળની ગાથાઓમાં જણાવશે.)

(૪) **અનિશ્રિતોપધાન :** પ્રશસ્તયોગસંગ્રહ માટે જ અનિશ્રિત=આશંસા વિનાનો તપ કરવો

च कार्यम्, अथवाऽनिश्रित उपधाने च यत्नः कार्यः, उपदधातीत्युपधानं–तपः न निश्रितमनिश्रितम्– ऐहिकामुष्मिकापेक्षाविकलमित्यर्थः, अनिश्रितं च तदुपधानं चेति समासः ४, 'सिक्ख'त्ति प्रशस्तयोगसङ्ग्रहायैव शिक्षाऽऽसेवितव्या, सा च द्विप्रकारा भवति–ग्रहणशिक्षाऽऽसेवनाशिक्षा च ५, 'निप्पडिकम्मय'त्ति प्रशस्तयोगसङ्ग्रहायैव निष्प्रतिकर्मशरीरता सेवनीया, न पुनर्नागदत्तवदन्यथा वर्तितव्यमिति ६ प्रथमगाथासमासार्थः ॥ 'अन्नायय'त्ति तपस्यज्ञातता कार्या, यथाऽन्यो न जानाति तथा तपः कार्यं, प्रशस्तयोगाः सङ्गृहीता भवन्तीत्येतत् सर्वत्र योज्यं ७, 'अलोहे'त्ति अलोभश्च कार्यः, अथवाऽलोभे यत्नः कार्यः ८, 'तितिक्ख'त्ति तितिक्षा कार्या, परीषहादि जय इत्यर्थः ९, 'अज्जवे'त्ति ऋजुभावः–आर्जवं तच्च कर्तव्यं १०, 'सुइ'त्ति शुचिना भवितव्यं, संयमवतेत्यर्थः ११, 'सम्मद्दिट्ठि'त्ति सम्यग्–अविपरीता दृष्टिः कार्या, सम्यग्दर्शनशुद्धिरित्यर्थः १२, 'समाही य'त्ति समाधिश्च कार्यः, समाधानं समाधिः–चेतसः स्वास्थ्यं १३, 'आयारे विणओवए'त्ति द्वारद्वयम्, आचारोपगः स्यात्, न मायां कुर्यादित्यर्थः १४, तथा विनयोपगः स्यात्, न मानं कुर्यादित्यर्थः १५, द्वितीयगाथासमासार्थः ॥ 'धिई मई य'त्ति धृतिर्मतिश्च कार्या, धृतिप्रधाना मतिरित्यर्थः १६,

---

જોઈએ. અથવા અનિશ્રિત એવા ઉપધાનમાં યત્ન કરવો જોઈએ. જે આત્માને મોક્ષમાં સ્થાપે છે તે ઉપધાન એટલે કે તપ. જે નિશ્રા=આશંસા વિનાનું છે તે અનિશ્રિત એટલે કે ઐહિક–આમુષ્મિક અપેક્ષાથી રહિત. અનિશ્રિત એવું તે ઉપધાન તે અનિશ્રિતોપધાન એ પ્રમાણે સમાસ કરવો.

(૫) **શિક્ષા :** પ્રશસ્તયોગસંગ્રહ માટે જ શિક્ષાનું સેવન કરવું જોઈએ. તે બે પ્રકારે છે – ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા. (તેમાં ગ્રહણશિક્ષા એટલે શ્રુતપાઠ અર્થાત્ ભણવું અને આસેવનશિક્ષા એટલે સામાચારીશિક્ષણ અર્થાત્ પોત–પોતાના ગચ્છની સામાચારીનું જ્ઞાન મેળવવું. इति दीपिकायाम्.) (૬) **નિષ્પ્રતિકર્મતા :** પ્રશસ્તયોગસંગ્રહ માટે જ શરીરની પ્રતિકર્મતા કરવી નહીં, અર્થાત્ શરીર પરથી મેલ ન ઉતારવો, રોગ વિગેરે થાય ત્યારે ઔષધાદિ ન કરાવવા વિગેરે. પરંતુ નાગદત્તની જેમ અન્યથા=પ્રતિકર્મતા કરવી નહીં. (દૃષ્ટાન્ત આગળ આવશે.) આ પ્રમાણે પ્રથમ ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૧૨૭૫॥

(૭) **અજ્ઞાતતા :** તપમાં અજ્ઞાતતા કરવી, અર્થાત્ બીજો જાણી ન શકે એ રીતે તપ કરવો. જેથી 'પ્રશસ્તયોગનો સંગ્રહ થાય છે' એ પ્રમાણે વાક્યશેષ હવે પછી બધે સ્વયં જોડી દેવો. (૮) **અલોભ :** લોભ કરવો નહીં. અથવા અલોભમાં યત્ન કરવો. (૯) **તિતિક્ષા :** પરિષહાદિનો જય કરવો. (૧૦) **આર્જવ :** ઋજુભાવ અર્થાત્ સરળતા કેળવવી.

(૧૧) **શુચિ :** સંયમી બનવું. (૧૨) **સમ્યગ્દષ્ટિ :** અવિપરીત દૃષ્ટિ કરવી અર્થાત્ સમ્યગ્દર્શનની શુદ્ધિ કરવી. (૧૩) **સમાધિ :** સમાધિ રાખવી. સમાધિ એટલે ચિત્તનું સ્વાસ્થ્ય. (૧૪) **આચારોપગ :** માયા કરવી નહીં. (પૂર્વે આર્જવદ્વાર પરિણામરૂપ હતું, અહીં આ દ્વાર આચરણરૂપ છે એટલો તફાવત જાણવો.) (૧૫) **વિનયોપગ :** અહંકાર કરવો નહીં. ॥૧૨૭૬॥

(૧૬) **ધૃતિમતિ :** ધૃતિ (=અવિચલિતતા) પ્રધાન મતિ કરવી (અર્થાત્ દીનતા ન કરવી.)

'संवेगे'त्ति संवेगः कार्यः १७, 'पणिहि'त्ति प्रणिधिस्त्याज्या, माया न कार्येत्यर्थः १८, 'सुविहि'त्ति सुविधिः कार्यः १९, 'संवरे'त्ति संवरः कार्यः, न तु न कार्य इति व्यतिरेकोदाहरणमत्र भावि २०, 'अत्तदोसोवसंहारे'त्ति आत्मदोषोपसंहारः कार्यः २१, 'सव्वकामविरत्तय'त्ति सर्वकामविरक्तता भावनीया २२, इति तृतीयगाथासमासार्थः ॥ 'पच्चक्खाणे'त्ति मूलगुणउत्तरगुणविषयं प्रत्याख्यानं कार्यमिति द्वारद्वयं २३–२४, 'विउस्सग्गे'त्ति विविध उत्सर्गो व्युत्सर्गः स च कार्य इति द्रव्य-भावभेदभिन्नः २५, 'अप्पमाए'त्ति न प्रमादोऽप्रमादः, अप्रमादः कार्यः २६, 'लवालवे'त्ति कालोपलक्षणं क्षणे २ सामाचार्यनुष्ठानं कार्यं २७, 'झाणसंवरजोगे'त्ति ध्यानसंवरयोगश्च कार्यः, ध्यानमेव संवरयोगः, २८, 'उदये मारणंतिए'त्ति वेदनोदये मारणान्तिकेऽपि न क्षोभः कार्य इति २९ चतुर्थगाथासमासार्थः ॥ 'संगाणं च परिण्णा'त्ति सङ्गानां च ज्ञपरिज्ञाप्रत्याख्यानपरिज्ञाभेदेन परिज्ञा कार्या ३०, 'पायच्छित्तकरणे इय' प्रायश्चित्तकरणं च कार्यं ३१, 'आराहणा य मरणंते'त्ति आराधना च मरणान्ते कार्या, मरणकाल इत्यर्थः ३२, एते द्वात्रिंशद् योगसङ्ग्रहा इति पञ्चमगाथासमासार्थः ॥१२७५-७९॥ आद्यद्वाराभिधित्सयाऽऽह—

**उज्जेणि अट्टणे खलु सीहगिरिसोपारए य पुहइवई ।**
**मच्छियमल्ले दूरुल्लकूविए फलिहमल्ले य ॥१२८०॥**

(૧૭) **સંવેગ** : સંવેગ = મોક્ષાભિલાષ ધારણ કરવો. (૧૮) **પ્રણિધિ** : માયા કરવી નહીં. (૧૯) **સુવિધિ** : સારી રીતે વિધિનું પાલન કરવું. (૨૦) **સંવર** : સંવર કરવો અર્થાત્ કર્મોને આવતા અટકાવવા, પરંતુ સંવર ન કરવો એવું નહીં. અહીં વ્યતિરેક ઉદાહરણ જણાવશે. (૨૧) **આત્મદોષોપસંહાર** : પોતાના દોષોનો અંત લાવવો. (૨૨) **સર્વકામવિરક્તતા** : બધી જ ઇચ્છાઓથી વિરામ પામવાની ભાવના ભાવવી. ॥૧૨૭૭॥

(૨૩–૨૪) **પચ્ચક્ખાણ** : મૂળગુણ અને ઉત્તરગુણવિષયક પ્રત્યાખ્યાન કરવું. (૨૫) **વ્યુત્સર્ગ** : વિવિધ પ્રકારનો ઉત્સર્ગ=ત્યાગ તે વ્યુત્સર્ગ. દ્રવ્ય–ભાવભેદવાળો વ્યુત્સર્ગ કરવા યોગ્ય છે. (તેમાં અશુદ્ધ આહાર વિગેરેનો જે ત્યાગ તે દ્રવ્યવ્યુત્સર્ગ. ક્રોધાદિનો જે ત્યાગ તે ભાવવ્યુત્સર્ગ.) (૨૬) **અપ્રમાદ** : પ્રમાદ કરવો નહીં. (૨૭) **લવાલવ** : એ કાલનું ઉપલક્ષણ છે એટલે ક્ષણે ક્ષણે સામાચારીનું પાલન કરવું જોઈએ, અર્થાત્ જે સામાચારીનો=ક્રિયાનો જે સમય હોય તે સમયે તે સામાચારી આચરવી. (૨૮) **ધ્યાનસંવરયોગ** : ધ્યાનરૂપ સંવર માટેનો યોગ (એટલે કે ધ્યાન) કરવા યોગ્ય છે. (૨૯) **મારણાંતિક વેદનાનો ઉદય** : મારણાંતિક વેદનાનો ઉદય થવા છતાં પણ ક્ષોભ ન કરવો અર્થાત્ આકુળ–વ્યાકુળ ન થવું. ॥૧૨૭૮॥

(૩૦) **સંગોની પરિજ્ઞા** : સંગોની જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞા એમ બે પ્રકારની પરિજ્ઞા કરવી. (અર્થાત્ સંગોને જાણવા અને પછી તેનો ત્યાગ કરવો.) (૩૧) **પ્રાયશ્ચિત્તકરણ** : પ્રાયશ્ચિત્ત કરવું. (૩૨) **આરાધના** : મરણકાલે આરાધના કરવી. આ બત્રીસ યોગસંગ્રહ થયા. ॥૧૨૭૯॥

**અવતરણિકા** : પ્રથમ આલોચનાદ્વાર કહેવાની ઇચ્છાથી કહે છે ➪

ગાથાર્થ : **ટીકાર્થ પ્રમાણે જાણવો.**

[२०] उज्जेणित्ति णयरी, तीए जियसत्तूरण्णो अट्टणो मल्लो अतीव बलवं, सोपारए पट्टणे पुहइवई राया सिंहगिरी नाम मल्लवल्लहो, पतिवरिसमट्टणजओहामिएण अणेण मच्छियमल्ले कए जिएण अट्टणेण भरुगच्छाहरणीए दूरुल्लकूवियाए गामे फलिहमल्ले य लद्धेत्ति । एवमक्षरगमनिकान्यासामपि स्वबुद्ध्या कार्या, कथानकान्येव कथयिष्यामः, अधिकृतगाथाप्रतिबद्धकथानकमपि विनेयजनहितायोच्यते—उज्जेणीणयरीए जियसत्तू राया, तस्स अट्टणो मल्लो सव्वरज्जेसु अजेओ इओ य समुद्दतीरे सोपारयं णयरं, तत्थ सीहगिरी राया, सो य मल्लाणं जो जिणइ तस्स बहुं दव्वं देइ, सो य अट्टणो तत्थ गंतूण वरिसे २ पडायं हरइ, राया चिंतेइ—एस अन्नाओ रज्जाओ आगंतूण पडायं हरइ, एस मम ओहावणत्ति पडिमल्लं मग्गइ, तेण एगो मच्छिओ दिट्ठो वसं पिबंतो, बलं

**ટીકાર્થ :** ઉજ્જયિની નગરી, તે નગરીના જિતશત્રુરાજાનો અટ્ટનનામનો મલ્લ અત્યંત બલવાન છે. સોપારકશહેરમાં મલ્લ(=મલ્લયુદ્ધ) જેને પ્રિય છે એવો સિંહગિરિનામનો પૃથ્વીપતિ=રાજા છે. દરવર્ષે અટ્ટનનો જય થાય છે. તેથી અપમાનિત થયેલા સિંહગિરિરાજાએ માછીમારને પ્રતિમલ્લ તરીકે કર્યો. પ્રતિમલ્લવડે જિતાયેલ અટ્ટને ભરૂચની બાજુમાં આવેલ દુરુલ્લકૂપિકાનામના ગામમાં જઈને ફલિહમલ્લને (યુદ્ધ માટે) તૈયાર કર્યો. ॥૧૨૮૦॥ આ પ્રમાણે બીજી ગાથાઓનો પણ અક્ષરાર્થ સ્વબુદ્ધિથી કરી લેવો. અમે હવે કથાનક જ કહીશું. આ પ્રસ્તુત ગાથામાં કહેલ કથાનક પણ શિષ્યજનના હિત માટે હવે કહેવાય છે ➪

### ❋ (૧) આલોચના ઉપર અટ્ટનમલ્લ ❋

ઉજ્જયિનીનગરીમાં જિતશત્રુ રાજા છે. તેને સર્વરાજ્યોમાં અજેય એવો (અર્થાત્ સર્વરાજ્યોના મલ્લોને હરાવી શકે) એવો બલવાન અટ્ટનનામે મલ્લ છે. અને આ બાજુ સમુદ્રના કિનારે સોપારકનગર છે, ત્યાં સિંહગિરી રાજા છે. અને તે રાજા મલ્લયુદ્ધમાં જે જિતે એને ઘણું ધન આપે છે. અટ્ટનમલ્લ દર વર્ષે ત્યાં જઈને વિજયધ્વજ ગ્રહણ કરે છે. તેથી રાજા વિચારે છે કે "બીજા રાજ્યમાંથી આવીને આ જીત મેળવે છે (અર્થાત્ મારો મલ્લ હારી જાય અને દર વર્ષે આ જીતે) એમાં મારું અપમાન છે." તેથી તે પ્રતિમલ્લને (કે જે અટ્ટન સામે જીતી શકે એવાને) શોધે છે.

રાજાએ ચરબી ખાતો એક માછીમાર જોયો. તેનું બલ તપાસી જોયું. બલવાન જાણીને રાજાએ

२०. उज्जयिनी नगरी, तस्यां जितशत्रुराज्ञोऽट्टणो मल्लोऽतीव बलवान्, सोपारके पत्तने पृथ्वीपती राजा सिंहगिरिर्नाम मल्लवल्लभः, प्रतिवर्षमट्टनजयापभ्राजितेनानेन मात्स्यिकमल्ले कृते जितेनाट्टनेन भृगुकच्छपार्श्वे दूरुल्लकूपिकाग्रामे कार्पासिकमल्ल च लब्ध इति । उज्जयिनीनगर्यां जितशत्रू राजा, तस्याट्टनो मल्लः सर्वराज्येषु अजेयः, इतश्च समुद्रतीरे सोपारकं नगरं, तत्र सिंहगिरी राजा, स च मल्लानां यो जयति तस्मै बहुद्रव्यं ददाति, स चाट्टनस्तत्र गत्वा वर्षे २ पताकां हरति ( गृह्णाति ), राजा चिन्तयति—एषोऽन्यस्माद् राज्यादागत्य पताकां हरति, एषा ममापभ्राजनेति प्रतिमल्लं मार्गयति, तेनैको मात्स्यिको दृष्टो वसां पिबन्, बलं

[२१] च से विन्नासियं, नाऊण पोसिओ, पुणरवि अट्टणो आगओ, सो य किर महो होहितित्ति अणागयं चेव सयाओ णयराओ अप्पणो पत्थयणस्स अवल्लं भरिऊण अव्वाबाहेणं एइ, संपत्तो य सोपारयं, जुद्धे पराजिओ मच्छियमल्लेणं, गओ य सयं आवासं चिंतेइ, एयस्स वुड्ढी तरुणयस्स मम हाणी, अण्णं मल्लं मग्गइ, सुणइ य –सुरट्ठाए अत्थित्ति, एएण भरुयच्छाहरणीए गामे दूरुल्लकूवियाए करिसगो दिट्ठो–एगेण हत्थेण हलं वाहेइ एगेण फलहिओ उप्पाडेइ, तं च दट्ठूण ठिओ पेच्छामि से आहारंति, अवल्ला मुक्का, भज्जा य से भत्तं गहाय आगया, पत्थिया, कूरस्स ★उब्भज्जीए घडओ पेच्छइ, जिमिओ सण्णाभूमिं गओ, तत्थवि पेच्छइ सव्वं वत्तियं, वेगालियं वसहिं तस्स य

તેને પોષ્યો. ફરીવાર પણ મલ્લયુદ્ધ માટે અટ્ટન આવ્યો. ત્યાં મહોત્સવ (=મલ્લયુદ્ધ ચૂર્ણૌ) થશે (તેથી કદાચ વધારે પણ રોકાવવું પડે એવા વિચારથી) નીકળતા પહેલાં જ પોતાના નગરમાંથી પોતાની માટે ભાતાની પોટલી ભરીને શાંતિથી આવે છે.

સોપારકનગરમાં તે પહોંચ્યો. યુદ્ધમાં માછીમારમલ્લે તેને હરાવ્યો. તેથી અટ્ટન પોતાના આવાસમાં ગયો અને વિચારે છે કે એ યુવાન હોવાથી બળની વૃદ્ધિ છે જ્યારે (હું ઘરડો થવાની તૈયારીમાં હોવાથી) મારા બળની હાનિ થાય છે. તેથી તે બીજા મલ્લને શોધે છે. એવામાં તે સાંભળે છે કે સૌરાષ્ટ્રમાં મલ્લ છે. (તે તરફ જતા રસ્તામાં) અટ્ટને ભરૂચની બાજુના દુરુલ્લકૂપિકાનામના ગામમાં એક ખેડૂત જોયો કે જે એક હાથે હળ ચલાવતો હતો અને બીજા હાથે કપાસને ઉખાડે છે. તેથી તેને જોઈને અટ્ટન તેના ખોરાકને જોઉં એમ વિચારી તે ત્યાં જ ઊભો રહ્યો. ભાતાની પોટલી નીચે મૂકી.

ખેડૂતની પત્ની ભોજન લઈને ત્યાં આવી. બંને જણાએ જમવાનું શરૂ કર્યું. તે સમયે કોદ્રવ (જાતિવિશેષ उब्भज्जि = કોદ્રવ) ભાતથી ભરેલો ઘડો જોયો. આખો ઘડો ભરીને ખેડૂતે ભાત ખાધો, પછી સંજ્ઞાભૂમિ(જંગલ)માં ગયો. અટ્ટને ત્યાં જઈને પણ મળ વિગેરે બધું જોયું. (આશય એ છે કે ખેડૂત કેટલું ખાય છે ? તે જોયું. ત્યાર પછી આટલું ખાધા બાદ પચાવી શકે છે કે મળદ્વારા બધું નીકળી જાય છે ? તે જોવા અટ્ટન સંજ્ઞાભૂમિમાં ગયો અને સુદૃઢ વિષ્ટા વિગેરે તેણે જોયું. આ બધું જોઈને તે ખેડૂતનું બળ વિગેરેનું અનુમાન કર્યું. તે અનુમાનથી તેને આ ખેડૂત જ બળવાન લાગ્યો. તેથી) સાંજના સમયે અટ્ટન તેના ઘરમાં રહેવા માટેની જગ્યા માંગે છે.

२१. च तस्य परीक्षितं, ज्ञात्वा पोषितः, पुनरप्यट्टन आगतः, स च किल महो भविष्यतीति अनागत एव स्वस्मात् नगरात् आत्मनः पथ्यदनस्य गोणीं भृत्वाऽव्याबाधेनायाति, संप्राप्तश्च सोपारकं, युद्धे पराजितो मात्स्यिकमल्लेन, गतश्च स्वकमावासं चिन्तयति, एतस्य वृद्धिस्तरुणस्य मम हानिः, अन्यं मल्लं मार्गयति, शृणोति च–सुराष्ट्रायामस्तीति, एतेन भृगुकच्छपार्श्वे ग्रामे दुरुल्लकूपिकायां कर्षको दृष्टः–एकेन हस्ते हलं वाहयति एकेन कर्पासमुत्पाटयति, तं च दृष्ट्वा स्थितः पश्यामि अस्याहारमिति, गोणी मुक्ता, भार्या च तस्य भक्तं गृहीत्वाऽऽगता, प्रस्थिता, कूरस्य कोद्रवानां घटं प्रेक्षते, जिमितः संज्ञाभूमिं गतः, तत्रापि प्रेक्षते सर्वं वर्त्तितं, वैकालिकं वसतिं तस्यैव ★ उब्भित्थीए–प्रत्य.

[२२] **घरे मग्गइ, दिन्ना, ठिओ, संकहाए पुच्छइ, का जीविया ?, तेण कहिए भणइ–अहं अट्टणो तुमं ईसरं करेमित्ति, तीसे भज्जाए से कप्पासमोल्लं दिन्नं अवल्ला य, सा सवलद्धा उज्जेणिं गया, वमणविरेयणाणि कयाणि पोसिओ निजुद्धं व सिक्खाविओ, पुणरवि महिमाकाले तेणेव विहिणा आगओ, पढमदिवसे फलहिमल्लो मच्छियमल्लो य जुद्धे एगोवि न जिओ, राया बिइयदिवसे होहितित्ति अइगओ इमेवि सए सए आलए गया, अट्टणेण फलहिमल्लो भणिओ–कहेहि पुत्ता ! जं ते दुक्खावियं, तेण कहियं, मक्खित्तासेवित्तेण पुणण्णवीकयं, मच्छियस्सवि रण्णा संमद्दगा पेसिया, भणइ–अहं तस्स पिउंपि ण बीहेमि, को सो वराओ ?, बितियदिवसे समजुज्झा,**

ખેડૂતે દીધી. અટ્ટન તેના ઘરમાં રહ્યો. પરસ્પરની વાતચીતમાં તેણે પૂછ્યું– "તારી આજીવિકા શું છે ?" ખેડૂતે જવાબ આપતા અટ્ટને કહ્યું – "હું અટ્ટન તને શ્રીમંત બનાવી દઈશ." અટ્ટને તેની પત્નીને કપાસનું મૂલ્ય અને તે ભાતાની પોટલી આપી. તે પત્ની આસ્વાસિત (=?) થઈ. અટ્ટન અને તે ખેડૂત બંને ઉજ્જયિની ગયા.

અટ્ટને ખેડૂતને વમન-વિરેચન કરીને ફરીથી પોષવાનું શરૂ કર્યું. (જેથી ખેડૂતનું શરીર પહેલાં કરતા પણ વધુ બળવાન થયું.) યુદ્ધની કળા શિખવાડી અને ફરી યુદ્ધ માટેના મહોત્સવ સમયે પૂર્વેની વિધિ પ્રમાણે જ = ભાતુ વિગેરે લઈને સોપારકનગરમાં આવ્યો. પ્રથમ દિવસે ફલહિમલ્લ (=કપાસને તોડનારો ખેડૂત). અને માછીમારમલ્લ વચ્ચે થયેલા યુદ્ધમાં બેમાંથી એક પણ જીત્યા નહીં. રાજા 'બીજા દિવસે યુદ્ધ થશે' એમ કહીને પોતાના સ્થાને ગયો. મલ્લો પણ પોત–પોતાના સ્થાનમાં ગયા.

સ્થાને જઈને અટ્ટને ફલહિમલ્લને પૂછ્યું – "હે પુત્ર ! બોલ, તને ક્યાં ક્યાં દુઃખે છે ?" મલ્લે તે તે સ્થાનો બતાવ્યા. તે તે સ્થાનોને ઔષધિવડે માલિશ કરી અને ઔષધિનું સેવન કરાવીને ફરી યુદ્ધ માટે તૈયાર કર્યો. રાજાએ માછીમારમલ્લ માટે પણ તેલ–માલિશવાળા મોકલ્યા. (મર્દન કરનારાએ જ્યારે ક્યાં દુઃખે છે ? એવું પૂછ્યું. ત્યારે) માછીમારમલ્લે કહ્યું કે – "હું તેના બાપથી પણ ગભરાતો નથી. તે બિચારો વળી કોણ છે ? (અર્થાત્ બાપથી ડરતો નથી તો તેનાથી શું ડરવાનું ?)" બીજા દિવસે યુદ્ધ કર્યું. (પરંતુ કોઈ જીત્યા નહીં.) ત્રીજા દિવસે (પોતાને વાગેલા ઘાની ઔષધિ

**२२. गृहे मार्गयति, दत्ता, स्थितः, संकथायां पृच्छति–का जीविका ?, तेन कथिते भणति–अहमट्टनस्त्वामीश्वरं करोमीति, तस्य भार्यायै तेन कर्पासमूल्यं दत्तं गोणी च, साऽऽश्वस्ता, तौ उज्जयिनीं गतौ, वमनविरेचनानि कृतानि, पोषितो नियुद्धं च शिक्षितः, पुनरपि महिमकाले तेनैव विधिनाऽऽगतः, प्रथमदिवसे कर्पासमल्लो मात्स्यिकमल्लश्च युद्धे एकोऽपि न जितः, द्वितीयदिवसे भविष्यतीति राजाऽतिगतः, इमावपि स्वक आलये गतौ, अट्टनेन कर्पासमल्लो भणितः–कथय पुत्र ! यत्ते दुःखितं, तेन कथितं, म्रक्षित्वा सेवित्वा पुनर्नवीकृतं, मात्स्यिकायापि राज्ञा संमर्दकाः प्रेषिताः, भणति–अहं तस्य पितुरपि न बिभेमि, कः स वराकः, द्वितीयदिवसे समयुद्धौ + 'बलीवर्दौ च, सा सबलीवर्दोज्जयिनीं गता' - पूर्वमुद्रिते ।**

[२३]**ततियदिवसे ★अंबियपहारो णिस्सहो वइसाहं ठिओ मच्छिओ, अट्टणेण भणिओ फलिहित्ति, तेण फलहिग्गाहेण गहिओ सीसे, तं कुंडियनालगंपिव एगंते पडियं, सक्कारिओ गओ उज्जेणिं, पंचलक्खणाण भोगाण आभागी जाओ, इयरो मओ, एवं जहा पडागा तहा आराहणपडागा, जहा अट्टणो तहा आयरिओ, जहा मल्लो तहा साहू, पहारा अवराहा, जो ते गुरुणो आलोएइ सो निस्सल्लो निव्वाणपडागं तेलोक्करंगमज्झे हरइ, एवं आलोयणं प्रति योगसङ्ग्रहो भवति, एए सीसगुणा ।**

**इयाणिं केरिसस्स अग्गे आलोइयव्वं, निरवलावस्स जो अन्नस्स न कहेइ–एरिसमेतेण पडिसेवियंति, एत्थ उदाहरणगाहा–**

---

ન કરવાને કારણે) સામેવાળા ઉપર પ્રહાર કરવા માટે અસમર્થ અને સામેવાળાનો પ્રહાર ખમવામાં સહનશીલતા વિનાનો માછીમાર વૈશાખમુદ્રામાં (=૧૪ રાજલોકના આકારે) ઊભો રહ્યો.

એ જ સમયે અટ્ટને ફલહિમલ્લને ઇશારો કર્યો. જેથી ફલહિમલ્લે માછીમારને મસ્તકથી કપાસની લતાને પકડે એમ પકડ્યો. (અને લતા તોડે એ રીતે મસ્તક તોડી નાખ્યું.) તે મસ્તક કુંડીના નાલચાની જેમ એક સ્થાને જઈને પડ્યું. ફલહિમલ્લનો જય થયો તેથી તેને સત્કારવામાં આવ્યો. ત્યારબાદ તે ઉજ્જયિની ગયો. અને ત્યાં પાંચ ઇન્દ્રિયોનાં પાંચ શબ્દાદિ ભોગોનો આભાગી થયો. માછીમાર મૃત્યુ પામ્યો.

જેમ અહીં વિજયધ્વજ હતો તેમ આરાધનાધ્વજ જાણવો. જેમ અટ્ટન તેમ આચાર્ય, મલ્લના સ્થાને સાધુઓ, અને પ્રહારોના સ્થાને અપરાધો જાણવા. (જેમ ફલહિમલ્લે પોતાના શરીર ઉપર લાગેલા પ્રહારોને અટ્ટનને જણાવ્યા) તેમ જે સાધુ પોતાના અપરાધોની ગુરુસમક્ષ આલોચના કરે છે, તે સાધુ શલ્ય વિનાનો થયેલો ત્રણલોકરૂપ રંગભૂમિમાં નિર્વાણરૂપધ્વજને જીતે છે. આ પ્રમાણે આલોચનાને આશ્રયીને પ્રશસ્તયોગોનો સંગ્રહ (=શુભ મન–વચન–કાયાની પ્રાપ્તિ) થાય છે. 'આલોચના કરવી' એ શિષ્યોનો ગુણ છે.

**અવતરણિકા :** હવે કેવા પ્રકારના આચાર્ય પાસે આલોચના કરવી જોઈએ ? (તે કહે છે કે–) નિરવલાપ એવા આચાર્ય પાસે, એટલે કે જે આચાર્ય બીજાને કહે નહીં કે એણે આવા પ્રકારનો અપરાધ સેવ્યો છે. (એવા આચાર્ય પાસે આલોચના કરવી જોઈએ.) આ વિષયમાં ઉદાહરણગાથા આ પ્રમાણે છે ⇨

---

२३. तृतीयदिवसे प्रहारार्त्तो निःसहो वैशाखं स्थितो मात्स्यिकः, अट्टनेन भणितः–फलिहीति, तेन फलहिग्राहेण गृहीतः शीर्षे, तत् कुण्डिकानालमिवैकान्ते पतितं, सत्कारितो गत उज्जयिनीं, पञ्चलक्षणानां भोगानामाभागीजातः, इतरो मृतः, एवं यथा पताका तथाऽऽराधनापताका, यथाऽट्टनस्तथा आचार्यः, यथा मल्लस्तथा साधुः, प्रहारा अपराधाः, यतस्तान् गुरूणामालोचयति स निश्शल्यो निर्वाणपताकां त्रैलोक्यरङ्गमध्ये हरति, एवमालोचनां प्रति योगसंग्रहो भवति । एते शिष्यगुणाः, इदानीं किंदृशस्याग्र आलोचितव्यं निरपलापस्य – योऽन्यस्मै न कथयति–ईदृशमेतेन प्रतिसेवितमिति, अत्रोदाहरणगाथा । ★ अप्पपहारो–चूर्णौ.

दंतपुरदन्तचक्के सच्चवदी दोहले य वणयरए।
धणमित्त धणसिरी य पउमसिरी चेव दढमित्तो ॥१२८१॥

अस्या व्याख्या – कथानकादवसेया, तच्चेदं–[२४]दंतपुरे णयरे दंतचक्को राया, सच्चवई देवी, तीसे दोहलो–कहं दंतमए पासाए अभिरमिज्जइ ?, रायाए पुच्छियं, दंतनिमित्तं घोसावियं रण्णा जहा–उचियं मोल्लं देमि, जो न देइ तस्स राया सरीरनिग्गहं करेइ, तत्थेव णयरे धणमित्तो वाणियओ, तस्स दो भारियाओ, धणसिरी महंती पउमसिरी डहरिया पीययरी यत्ति, अण्णया सवत्तीणं भंडणं, धणसिरी भणइ–किं तुं एवं गव्विया ? किं तुज्झ महाओ अहियं, जहा सच्चवईए तहा ते किं पासाओ कीरेज्जा ?, सा भणइ–जइ न कीरइ त्तो अहं नेवत्ति उववरए बारं बंधिता ठिया, वाणियओ आगओ पुच्छइ–कहिं पउमसिरी ?, दासीहिं कहियं, तत्थेव

ગાથાર્થ : દંતપુરનગરમાં દંતચક્ર રાજા, સત્યવતી રાણી, દોહલો, વનચર એવા ભીલો, ધનમિત્ર, ધનશ્રી અને પદ્મશ્રી પત્નીઓ, દૃઢમિત્ર.

ટીકાર્થ : ગાથાની વ્યાખ્યા કથાનકથી જાણવી. તે કથાનક આ પ્રમાણે છે –

### ❋ (૨) નિરપલાપ ઉપર ધનમિત્ર અને દૃઢમિત્ર ❋

દંતપુરનગરમાં દંતચક્રનામે રાજા હતો. તેને સત્યવતીનામે રાણી હતી. રાણીને દોહલો થયો કે 'મારે હાથીદાંતમાંથી બનાવેલ મહેલમાં રહેવું છે.' (દોહલો પૂર્ણ થતો ન હોવાથી રાણી ઉદાસ રહે છે.) તેથી રાજાએ પૂછ્યું. (રાણીએ દોહલાની વાત કરી.) રાજાએ દાંત ભેગા કરવા માટે ઘોષણા કરાવી કે – "જે મને દાંત લાવીને આપશે તેને તેનું ઉચિત મૂલ્ય હું આપીશ." પરંતુ જો પોતાની પાસે હોવા છતાં નહીં આપે તો રાજા તેના શરીરનો નિગ્રહ કરશે. (એટલે કે પકડીને બંદીખાને પૂરશે.)

તે જ નગરમાં ધનમિત્રનામે એક વેપારી હતો. તેને બે પત્નીઓ હતી. તેમાં ધનશ્રી મોટી તથા પદ્મશ્રી નાની અને વધુ પ્રિય હતી. એકવાર બંને પત્નીઓ વચ્ચે ઝઘડો થયો. તેમાં ધનશ્રીએ કહ્યું – "તું આ પ્રમાણે અભિમાન શા માટે કરે છે ? શું મારા કરતા તારી પાસે કંઈ વધારે છે ? સત્યવતીની જેમ શું તારી માટે (પતિ) દાંતોનો મહેલ કરવાનો છે ? (કે જેથી તું આટલું અભિમાન કરે છે.)" પદ્મશ્રીએ કહ્યું – "ધનમિત્ર જો મારી માટે મહેલ નહીં બનાવે તો હું જીવતી રહીશ નહીં." એમ કહીને તે એક ઓરડામાં દરવાજો બંધ કરીને બેસી. ધનમિત્ર ઘરે આવીને પૂછે છે

२४. दन्तपुरे नगरे दन्तचक्रो राज्ञा, सत्यवती देवी, तस्या दौहृदः कथं दन्तमये प्रासादेऽभिरमे, राज्ञा पृष्टं, दन्तनिमित्तं घोषितं राज्ञा यथा उचितं मूल्यं ददामि, यो न दास्यति तस्य राजा शरीरनिग्रहं करोति, तत्रैव नगरे धनमित्रो वणिक्, तस्य द्वे भार्ये, धनश्रीर्महती पद्मश्रीर्लघ्वी प्रियतरा चेति, अन्यदा सपत्न्योर्भण्डनं, धनश्रीर्भणति–किं त्वमेवं गर्विता ? किं तव मत् अधिकं ?, यथा सत्यवत्यास्तव किं प्रासादः क्रियते ?, सा भणति–यदि न क्रियते तदाऽहं नैवेत्यपवरके द्वारं बद्ध्वा स्थिता, वणिगागतः पृच्छति–क्व पद्मश्रीः ?, दासीभिः कथितं, तत्रैव

[२५] अइयओ, पसाएइ, न पसीयइत्ति, जइ नत्थि न जीवामि, तस्स मित्तो दढमित्तो नाम, सो आगओ, तेण पुच्छियं, सव्वं कहेइ, भणइ–कीरउ, मा इमाए मरंतीए तुमंपि मरिज्जासि, तुमंमि मरंते अहं, रायाए य घोसावियं, तो पच्छन्नं कायव्वं ताहे सो दढमित्तो पुलिंदगपाउग्गाणि मणीयअलत्तगं कंकणं च गहाय अडविं गओ, दंता लद्धा पुंजो कओ, तेण तणपिंडिगाण मज्झे बंधित्ता सगडं भरेत्ता आणीया, णयरे पवेसिज्जंतेसु वसहेण तणपिंडगा कड्डिया, तओ खडत्ति दंतो पडिओ, नगरगोत्तिएहिं दिट्ठो गहिओ रायाए उवणीओ, वज्झो णीणिज्जइ, धणमित्तो सोऊण आगओ, रायाए पायवडिओ विन्नवेइ, जहा एए मए आणाविया, सो पुच्छिओ भणइ–अहमेयं न याणामि कोत्ति, एवं ते अवरोप्परं भणंति, रायाए सवहसाविया पुच्छिया, अभओ दिण्णो, परिकहियं,

કે–"પદ્મશ્રી ક્યાં છે ?" દાસીઓએ વાત કરી. ધનમિત્ર ઓરડામાં પ્રવેશ્યો. પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તે પ્રસન્ન થતી નથી–"જો મહેલ નહીં કરાવો તો હું જીવીશ નહીં." ધનમિત્રને દૃઢમિત્રનામે એક મિત્ર હતો. તે આવ્યો. તેણે પૂછ્યું. ધનમિત્રે બધી વાત કરી. દૃઢમિત્રે કહ્યું – "આપણે (મહેલ) બનાવવો પડશે, નહીં તો જો પદ્મશ્રી મરશે તો તું પણ મરી જઈશ. અને તુ મરીશ તો હું પણ મરી જઈશ. રાજાએ ઘોષણા કરાવી છે, તેથી આપણે ગુપ્ત રીતે કરવું પડશે."

ત્યાર પછી તે દૃઢમિત્ર ભીલોને પ્રાયોગ્ય એવા મણિઓ, અલતાનો રસ, કંકણ લઈને જંગલમાં ગયો. (ટૂંકમાં જંગલી આદિવાસીઓને જે વસ્તુ ગમતી હોય તે બધું લઈને જંગલમાં ગયો જેથી તે વસ્તુઓ આપીને દાંતો ખરીદી શકાય.) તેને દાંતો પ્રાપ્ત થયા. તેનો ઢગલો કર્યો. દૃઢમિત્ર તે દાંતોને ઘાસના પૂળાની વચ્ચે બાંધી ગાડામાં નાખીને નગરમાં લાવ્યો. નગરમાં પ્રવેશતી વેળાએ પાછળથી એક બળદે ઘાસનો પૂળો ખેંચ્યો. તેથી 'ખડ' અવાજ સાથે દાંત નીચે પડ્યો.

નગરના રક્ષકોએ દાંત જોયો. દૃઢમિત્રને પકડ્યો અને રાજા પાસે લઈ ગયા. (રાજાએ મારી નાખવાનો આદેશ આપ્યો.) તેથી વધ્ય તરીકે તે લઈ જવાય છે. ધનમિત્ર આ વાત સાંભળીને ત્યાં આવ્યો. રાજાના પગમાં પડીને વિનવવા લાગ્યો કે – "આ દાંતો મેં મંગાવ્યા છે." રાજાએ દૃઢમિત્રને પૂછતા તેણે કહ્યું – "આ કોણ છે ? હું ઓળખતો નથી." આમ તે બંને જણા પરસ્પર પોતાનો દોષ જણાવે છે. તેથી રાજાએ સોગંદ કરાવવા પૂર્વક પૂછ્યું. અભયવચન આપ્યું તેથી

२५. अभिगतः, प्रसादयति, न प्रसीदतीति, यदि नास्ति न जीवामि, तस्य मित्रं दृढमित्रो नाम, स आगतः, तेन पृष्टं, सर्वं कथयति, भणति–क्रियतां, माऽस्यां म्रियमाणायां त्वमपि मृथाः, त्वयि म्रियमाणेऽहं, राज्ञा च घोषितं, ततः प्रच्छन्नं कर्त्तव्यं, तदा स दृढमित्रः पुलिन्द्रप्रायोग्याणि मणिकां अलक्तकं कङ्कणानि च गृहीत्वाऽटवीं गतः, दन्ता लब्धाः पुञ्जः कृतः, तेन तृणपिण्डीनां मध्ये बद्ध्वा शकटं भृत्वाऽऽनीताः, नगरे प्रविश्यमानेषु वृषभेण तृणपिण्डयः कृष्टाः, ततः खटदिति दन्तः पतितः, नगरगुप्तिकैर्दृष्टो गृहीतश्च, राज्ञ उपनीतः, वध्यो निष्काश्यते, धनमित्रः श्रुत्वाऽऽगतः, राज्ञः पादयोः पतितो विज्ञपयति–यथा मयैते आनायिताः, स पृष्टो भणति–अहमेनं न जानामि क इति, एवं तौ परस्परं भणतः, राज्ञा शपथशप्तौ पृष्टौ, अभयं दत्तं, परिकथितं,

[२६] पूएत्ता विसज्जिया, एवं निरवलावेण होयव्वं आयरिएणं । बितिओ–एगेण एगस्स हत्थे भाणं वा किंचि पणामियं, अंतरा पडियं, तत्थ भाणियव्वं–मम दोसो इयरेणावि ममंति । निरवलावेत्ति गयं २ । इयाणिं आवइसु दढधम्मया-आवईसु दढधम्मत्तणं कायव्वं, एवं जोगा संगहिया भवंति, ताओ य आवइओ चत्तारि, तं– दव्वावई खेत्तकालभावावई । तत्थ दव्वावइए उदाहरणगाहा—

**उज्जेणीए धणवसु अणगारे धम्मघोस चंपाए ।**
**अडवीए सत्थविब्भम वोसिरणं सिज्झणा चेव ॥१२८२॥**

अस्या व्याख्या कथानकादवसेया, तच्चेदं–उज्जेणी णयरी, तत्थ धणवसू वाणियओ, सो चंपं जाइउकामो उग्घोसणियं कारेइ जह नाए, तं अणुन्नवेइ धम्मघोसो नामणगारो, तेसु दूरं अडविमइगएसु पुलिंदेहिं विलोलिओ सत्थो इओ तओ नट्ठो, सो अणगारो अण्णेण लोएण समं

સર્વ વાત કરી. રાજાએ સત્કાર કરીને બંનેને છોડી મૂક્યા. આ રીતે આચાર્યે પણ નિરવલાપ થવું જોઈએ. (આશય એ છે કે જેમ દઢમિત્રએ ધનમિત્રના દોષનું કથન કર્યું નહીં, તેમ આચાર્યે પણ શિષ્યનો અપરાધ બીજાને જણાવવો નહીં.) ॥૧૨૮૧॥

આ જ વિષય ઉપર બીજું દૃષ્ટાન્ત : એકે બીજાના હાથમાં વાસણ અથવા કંઈક વસ્તુ આપી. જે સામેવાળો ગ્રહણ કરે તે પહેલાં જ નીચે પડી ગઈ. તે સમયે બંને જણાએ કહેવું જોઈએ કે– 'આમાં મારો દોષ છે.' 'નિરપલાપ' દ્વાર પૂર્ણ થયું.

**અવતરણિકા :** હવે **'આપત્તિમાં દઢધર્મતા'** નામનું ત્રીજું દ્વાર કહેવાય છે. તેમાં આપત્તિ આવે ત્યારે દઢધર્મી થવું જોઈએ, જેથી પ્રશસ્તયોગો સંગૃહીત થાય છે. તે આપત્તિઓ ચાર પ્રકારની છે– દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાપત્તિ. તેમાં દ્રવ્યાપત્તિને વિશે ઉદાહરણગાથા આ પ્રમાણે છે ⇨

ગાથાર્થ : **ઉજ્જયિનીમાં ધનવસુનામે સાર્થવાહ ચંપા તરફ સાર્થને લઈ જાય છે. તે સાર્થમાં ધર્મઘોષ નામે અનગાર છે. જંગલમાં સાર્થ વેરવિખેર થાય છે – ભોજનત્યાગ – અને સિદ્ધગતિ.**

**ટીકાર્થ :** વ્યાખ્યા કથાનકથી જાણવી. તે કથાનક નીચે પ્રમાણે છે –

## ❀ (૩) દ્રવ્યાપત્તિ ઉપર ધર્મઘોષમુનિ ❀

ઉજ્જયિનીનગરી હતી. ત્યાં ધનવસુનામે વેપારી હતો. તેણે ચંપાનગરી જવાની ઇચ્છાથી ઘોષણા કરાવી. જે રીતે જ્ઞાતાધર્મકથામાં ઘોષણાનું વર્ણન છે તે રીતે અહીં જાણી લેવું. ધર્મઘોષનામના સાધુ તે સાર્થમાં સાથે આવવા ધનવસુ પાસે અનુજ્ઞા માંગે છે. જંગલમાં ઘણે દૂર સુધી પહોંચ્યા બાદ આદિવાસીઓએ તે સાર્થ ઉપર આક્રમણ કર્યું. જેથી તે સાર્થ અહીં–તહીં વિખેરાઈ ગયો.

२६. पूजयित्वा विसृष्टौ । एवं निरपलापेन भवितव्यं आचार्येण । द्वितीयः–एकेनैकस्य हस्ते भाजनं वा किञ्चिद्दत्तं, अन्तरा पतितं, तत्र भणितव्यं–मम दोषः, इतरेणापि ममेति । निरपलापमिति गतम् २ । इदानीं 'आपत्सु दृढधर्मता' आपत्सु दृढधर्मता कर्त्तव्या, एवं योगाः संगृहीता भवन्ति, ताश्चापदश्चतस्त्रः, तद्यथा– द्रव्यक्षेत्रकालभावापत्तयः, तत्र द्रव्यापदि उदाहरणगाथा– उज्जयिनी नगरी, तत्र धनवसुर्वणिक्, स चम्पां यातुकाम उद्घोषणां कारयति, यथा ज्ञाते, तमनुज्ञापयति धर्मघोषो नामानगारः, तेषु दूरमटवीमतिगतेषु पुलिन्दैर्विलोलितः सार्थः इतस्ततो नष्टः, सोऽनगारोऽन्येन लोकेन समं

[२७] अडविं पविट्ठो, ते मूलाणि खायंति पाणियं च पियंति, सो निमंतिज्जइ, नेच्छइ आहारजाए, एगत्थ सिलायले भत्तं पच्चक्खायं, अदीणस्स अहियासेमाणस्स केवलणाणमुप्पण्णं सिद्धो, दढधम्मयाए जोगा संगहिया, एसा दव्वावई, खेत्तावई खेत्ताणं असईए कालावई ओमोदरियाइ, भावावईए उदाहरणगाहा—

**महुराए जउणराया जउणावंकेण दंडमणगारे ।**
**वहणं च कालकरणं सक्कागमणं च पव्वज्जा ॥१२८३॥**

**व्याख्या कथानकादवसेया, तच्चेदं—महुराए णयरीए जउणो राया, जउणावंकं उज्जाणं अवरेण, तत्थ जउणाए कोप्परो दिण्णो, तत्थ दंडो अणगारो आयावेइ, सो रायाए निंतेण दिट्ठो, तेण रोसेण असिणा सीसं छिन्नं, अन्ने भणंति—फलेण आहओ, सव्वेहिं मणुस्सेहिं पत्थररासी**

તે સાધુ બીજા કેટલાક લોકોની સાથે (ભાગતા—ભાગતા) જંગલમાં (અન્ય રસ્તે) પ્રવેશ્યો. તે લોકો કંદમૂળ વિગેરે ખાય છે અને સરોવરાદિના સચિત્તજલનું પાન કરે છે.

લોકો આવા ભોજન—પાન માટે સાધુને આમંત્રણ કરે છે. પરંતુ સાધુ તે (જુદા જુદા કંદમૂળ વિગેરે) આહારસમૂહને (અકલ્પ્ય હોવાથી) ઇચ્છતો નથી. પાછળથી એક સ્થાને શિલા ઉપર અનશન કરે છે. દીનતા વિના સમ્યગ્ રીતે ભૂખ—તરસાદિ વેદનાઓને સહન કરતા તે સાધુને કેવલજ્ઞાન પ્રગટ થયું અને તે સિદ્ધ થયો. આ પ્રમાણે દઢધર્મતાથી યોગો સંગૃહીત થાય છે. આ દ્રવ્યાપત્તિ કહી. ॥૧૨૮૨॥ ક્ષેત્રાપત્તિ સંયમયોગ્ય ક્ષેત્રોનો અભાવ હોય ત્યારે, તથા કાલાપત્તિ દુર્ભિક્ષ વિગેરે હોય ત્યારે થાય છે. ભાવાપત્તિમાં ઉદાહરણગાથા ⇨

**ગાથાર્થ : મથુરામાં યમુનરાજા – યમુનાવક્રનામનું ઉદ્યાન—દંડ અનગાર – સાધુનો વધ – કાલ કરવું – ઇન્દ્રનું આગમન અને પ્રવ્રજ્યા.**

**ટીકાર્થ :** વ્યાખ્યા કથાનકથી જાણવી. તે આ પ્રમાણે –

### ❀ (૩) ભાવાપત્તિ ઉપર દંડ—અનગાર ❀

મથુરાનગરીમાં યમુનનામે રાજા હતો. નગરીની પશ્ચિમદિશામાં યમુનાવક્રનામે ઉદ્યાન હતું. ત્યાં યમુનાનદીના વળાંકના કારણે વળેલા હાથના આકાર જેવું ક્ષેત્ર હતું. (कूर्परो नाम समाकुञ्चिताग्रभागस्य बाहोर्यादृश आकारस्तदाकारं यत् क्षेत्रमिति उपदेशपदे.) ત્યાં દંડનામે એક અનગાર આતાપના લે છે. પસાર થતાં રાજાએ સાધુને જોયો. ગુસ્સામાં આવેલા રાજાએ તલવારથી સાધુનું મસ્તક કાપી નાખ્યું. અહીં કેટલાંક આચાર્યો એમ કહે છે કે– રાજાએ તલવારથી નહોતો માર્યો

२७. अटवीं प्रविष्टः, ते मूलानि खादन्ति पानीयं च पिबन्ति, स निमन्त्र्यते नेच्छति आहारजातं, एकत्र शिलातले भक्तं प्रत्याख्यातं, अदीनस्याध्यासीनस्य केवलज्ञानमुत्पन्नं सिद्धः, दृढधर्मतया योगाः संगृहीताः, एषा द्रव्यापद्, क्षेत्रापत् क्षेत्राणामसति कालापत् अवमोदरिकादि भावापद्युदाहरणगाथा । मथुरायां नगर्यां यमुनो राजा यमुनावक्रमुद्यानमपरस्यां, तत्र यमुनायाः कूर्परो दत्तः, तत्र दण्डोऽनगार आतापयति, स राज्ञा निर्गच्छता दृष्टः, तेन रोषेणासिना शीर्षं छिन्नं, अन्ये भणन्ति—बीजपूरेणाहतः, सर्वैरपि मनुष्यैः प्रस्तरराशिः

[२८] कओ, कोवोदयं पइ तस्स आवई, कालगओ सिद्धो, देवागमणं महिमाकरणं सक्कागमणं पालएणं विमाणेण, तस्सवि य रण्णो अधिती जाया, वज्जेण भेसिओ सक्केण—जइ पव्वइसितो मुच्चसि, पव्वइओ, थेराण अंतिए अभिग्गहं गेण्हइ – जइ भिक्खागओ संभरामि ण जेमेमि, जइ दरजिमिओ ता सेसगं विगिंचामि, एवं तेण किर भगवया एगमवि दिवसं नाऽऽहारियं, तस्सवि दव्वावई, दंडस्स भावावई, आवईसु दढधम्मतत्ति गयं ३ ।

इयाणिं अणिस्सिओवहाणेत्ति, न निश्रितमनिश्रितं, द्रव्योपधानं उपधानकमेव भावोपधानं तपः, सो किर अणिस्सिओ कायव्वो इह परत्थ य, जहा केण कओ ?, एत्थोदाहरणगाहा—

**पाडलिपुत्त महागिरि अज्जसुहत्थी य सेट्ठि वसुभूती ।**
**वइदिस उज्जेणीए जियपडिमा एलकच्छं च ॥१२८४॥**

---

પરંતુ ફલ માર્યું હતું. પછીથી બીજા બધા માણસોએ પથ્થરો મારી–મારીને તે સાધુ ઉપર પથ્થરોનો ઢગલો કરી દીધો હતો. ક્રોધોદયને આશ્રયીને તે સાધુને આપત્તિ જાણવી. (અર્થાત્ ક્રોધનો ઉદય થઈ શકે એવી આપત્તિ તે સાધુને આવી પડી હતી.) સાધુ મૃત્યુ પામ્યો. સિદ્ધ થયો. દેવોનું આગમન થયું. દેવોએ આવીને તેની પૂજા કરી. પાલક વિમાનમાં શક્ર ત્યાં આવ્યો. તેથી તે રાજાને અધૃતિ થઈ. ઇન્દ્રે રાજાને વજ્રદ્વારા ડરાવતા કહ્યું – "જો તું દીક્ષા લે તો તને છોડીશ (નહીં તો આ વજ્રથી તારા ટુકડે–ટુકડા કરીશ.)" રાજાએ દીક્ષા લીધી. સ્થવિરો પાસે અભિગ્રહ ધારણ કરે છે કે – "જો ભિક્ષા લેવા ગયો હોઉં ત્યારે સાધુ હત્યા મને યાદ આવશે તો હું વાપરીશ નહીં. અને જો જમતા–જમતા યાદ આવશે તો શેષ ભોજનનો ત્યાગ કરીશ." આ રીતનો અભિગ્રહ કર્યા બાદ તે રાજર્ષિ એક પણ દિવસ વાપરી શક્યો નહીં. આ તેને દ્રવ્યાપત્તિ જાણવી. દંડ અનગારને ભાવાપત્તિ. આ પ્રમાણે આપત્તિમાં દઢધર્મતાનામનું ત્રીજું દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૮૩॥

**અવતરણિકા :** હવે અનિશ્રિતોપધાનનામનું ચોથું દ્વાર જણાવે છે. તેમાં નિશ્રા=આશંસા વિનાનું જે હોય તે અનિશ્રિત. (ઉપધાન બે પ્રકારે – દ્રવ્યથી અને ભાવથી. તેમાં) દ્રવ્યોપધાન તરીકે માથા નીચે રાખવામાં આવતું ઓશિકું. ભાવોપધાન એટલે તપ. તે તપ આલોક અને પરલોકની આશંસા વિના કરવો જોઈએ. કોણે આવો તપ કર્યો ? એ વિષયમાં ઉદાહરણગાથા ⇨

**ગાથાર્થ :** પાટલિપુત્ર – આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિ – વસુભૂતિશ્રેષ્ઠિ – અવંતીદેશની ઉજ્જયિનીનગરી – જીવિતપ્રતિમા – અને એડકાક્ષનગર.

---

२८. कृतः, कोपोदयं प्रति तस्य आपत्, कालगतः सिद्धः, देवागमनं महिमकरणं शक्रागमनं पालकेन विमानेन, तस्यापि च राज्ञोऽधृतिर्जाता, वज्रेण भापितः शक्रेण—यदि प्रव्रजसि तर्हि मुच्यसे, प्रव्रजितः, स्थविराणामन्तिकेऽभिग्रहं गृह्णाति—यदि भिक्षागतः स्मरामि न जेमामि, यदि अर्धजिमितस्तदा शेषं त्यजामि, एवं तेन किल भगवतैकस्मिन्नपि दिवसे नाहृतं, तस्यापि द्रव्यापत्, दण्डस्य भावापत्, आपत्सु दृढधर्मतेति गतं ३ । इदानीमनिश्रितोपधानमिति, तत् किलानिश्रितं कर्त्तव्यं इह परत्र च, यथा केन कृतं ?, अत्रोदाहरणगाथा—

[२९] इमीए वक्खाणं–अज्जथूलभद्दस्स दो सीसा–अज्जमहागिरी अज्जसुहत्थी य, महागिरी अज्जसुहत्थिस्स उवज्झाया, महागिरी गणं सुहत्थिस्स दाऊण वोच्छिण्णो जिणकप्पोत्ति तहवि अपडिबद्धया होउत्ति गच्छपडिबद्धा जिणकप्पपरिकम्मं करेंति, ते विहरंता पाडलिपुत्तं गया, तत्थ वसुभूती सेट्ठी, तेसिं अंतियं धम्मं सोच्चा सावगो जाओ, सो अण्णया भणइ अज्जसुहत्थिं–भयवं ! मज्झ दिन्नो संसारनित्थरणोवाओ, मए सयणस्स परिकहियं तं न तहा लग्गई, तुब्भेवि ता अणभिओगेणं गंतूणं कहेहित्ति, सो गंतूण पकहिओ, तत्थ य महागिरी पविट्ठो, ते दट्ठूण सहसा उट्ठिओ, वसुभूती भणइ–तुब्भवि अन्ने आयरिया ?, ताहे सुहत्थी तेसिं गुणसंथवं करेइ, जहा–जिणकप्पो अतीतो तहावि एए एवं परिकम्मं करेंति, एवं तेसिं सुचिरं कहित्ता अणुव्वयाणि य

---

टीકાર્થ : ❀ (૪) અનિશ્રિતોપધાન ઉપર આર્યમહાગિરિ ❀

આર્ય=પૂજ્ય સ્થૂલભદ્રજીને બે શિષ્યો હતા – આર્ય મહાગિરિ અને આર્યસુહસ્તિ. મહાગિરિ આર્યસુહસ્તિના ઉપાધ્યાય (=વિદ્યાગુરુ) હતા. મહાગિરિ ગચ્છ સુહસ્તિને આપીને જિનકલ્પનો વિચ્છેદ થવાથી જિનકલ્પ સ્વીકારી શકતા નથી. છતાં અપ્રતિબદ્ધતા = અનિશ્રિતતા = નિઃસંગતા થાય તે માટે ગચ્છમાં રહીને જિનકલ્પની પરિકર્મતાને = જિનકલ્પ સ્વીકારતા પહેલાં કરાતી ભૂમિકાને કરે છે. બંને પૂજ્યો વિચરતા વિચરતા પાટલિપુત્રમાં ગયા. ત્યાં વસુભૂતિનામે શ્રેષ્ઠિ હતો. તે આર્યસુહસ્તિ પાસે ધર્મ સાંભળીને શ્રાવક બન્યો.

શ્રેષ્ઠિ એકવાર આર્યસુહસ્તિને કહે છે કે – "ભગવન્ ! સંસારમાંથી નીકળવાનો ઉપાય તમે મને આપ્યો. તે મેં સ્વજનોને કહ્યો. પરંતુ તેઓ તે સ્વીકારતા નથી. તેથી આપ જ બળજબરી વિના ત્યાં જઈને કહો. (= આપ ત્યાં જાઓ જ એવો આગ્રહ નથી પણ, વિનંતિ કરું છું.)" આર્યસુહસ્તિ શ્રેષ્ઠિના ઘરે જઈને ધર્મ સમજાવે છે. તેવામાં ત્યાં આર્યમહાગિરિ ભિક્ષા માટે પ્રવેશે છે. તેમને જોતાની સાથે આર્યસુહસ્તિ ઊભા થાય છે. આ જોઈને વસુભૂતિ પૂછે છે કે – "શું તમારા પણ કોઈ આચાર્ય=ગુરુ છે ?" ત્યારે સુહસ્તિ તેમના ગુણોની સ્તુતિ કરે છે કે – જિનકલ્પ નાશ પામ્યો હોવા છતાં પોતાની અનિશ્રિતતા માટે તેઓ આવા–આવા પ્રકારની પરિકર્મતા કરે છે. ત્યાર પછી લાંબા કાળ સુધી સ્વજનોને ધર્મ સમજાવીને અને અણુવ્રતો આપીને સુહસ્તિ ગયા.

---

२९. अस्या व्याख्यानं–आर्यस्थूलभद्रस्य द्वौ शिष्यौ–आर्यमहागिरिरार्यसुहस्ती च, महागिरिरार्यसुहस्तिन उपाध्यायः, महागिरिर्गणं सुहस्तिने दत्त्वा व्युच्छिन्नो जिनकल्प इति तथाप्यप्रतिबद्धता भवत्विति गच्छप्रतिबद्धाः जिनकल्पपरिकर्मणां कुर्वन्ति, ते विहरन्तः पाटलीपुत्रं गताः, तत्र वसुभूतिः श्रेष्ठी, तेषामन्तिके धर्मं श्रुत्वा श्रावको जातः, सोऽन्यदा भणति आर्यसुहस्तिनं–भगवन् ! मह्यं दत्तः संसारनिस्तरणोपायः, मया स्वजनाय परिकथितं तन्न तथा लगति, यूयमपि तत् अनभियोगेन गत्वा कथयतेति, स गत्वा प्रकथितः, तत्र च महागिरिः प्रविष्टः, तान् दृष्ट्वा सहसोत्थितः, वसुभूतिर्भणति–युष्माकमप्यन्ये आचार्याः ?, तदा सुहस्तिनस्तेषां गुणसंस्तवं कुर्वन्ति यथा-जिनकल्पोऽतीतस्तथाप्येते एवं परिकर्म कुर्वन्ति, एवं तेभ्यः सुचिरं कथयित्वाऽनुव्रतानि च

[૩૦] दाऊण गओ सुहत्थी, तेण वसुभूइणा जेमित्ता ते भणिया–जइ एरिसो साहू एज्ज तो से तुब्भे अग्गतो जहा उज्झंतगाणि एवं करेज्ज, एवं दिण्णे महाफलं भविस्सइ, बीयदिवसे महागिरी भिक्खस्स पविट्ठा, तं अपुव्वकरणं दट्ठूण चिंतेइ–दव्वओ ४, णायं जहा णाओ अहंति तहेव अभमित्ते नियत्ता भणंति–अज्जो ! अणेसणा कया, केणं ? तुमे जेणसि कल्लं अब्भुट्ठिओ, दोवि जणा वतिदिसं गया, तत्थ जियपडिमं वंदित्ता अज्जमहागिरी एलकच्छं गया गयग्गपदगं वंदया, तस्स कहं एलगच्छं नामं ?, तं पुव्वं दसण्णपुरं नगरमासी, तत्थ साविया एगस्स मिच्छद्दिट्ठिस्स दिण्णा, वेयालियं आवस्सयं करेति पच्चक्खाइ य, सो भणइ–किं रत्तिं उट्ठित्ता कोइ जेमेइ ?

વસુભૂતિએ જમ્યા બાદ બધા સ્વજનોને કહ્યું કે – "જો આવા પ્રકારનો સાધુ (=આર્યમહાગિરિ) આવે તો તેમની સામે તમારે એવું વર્તન કરવું જાણે કે તે ભોજન–પાણી ફેંકી દેવાના હોય. (તેથી ઉજ્ઝિત=ફેંકી દેવા યોગ્ય જાણી તેઓ ભોજન–પાણી ગ્રહણ કરે.) આ રીતે વહોરાવવાથી મોટું ફળ પ્રાપ્ત થશે."

બીજા દિવસે મહાગિરી સ્વજનોના ઘરે ભિક્ષા માટે પ્રવેશ્યા. ત્યાં કંઈક જુદુ વર્તન જોઈને દ્રવ્યાદિનો ઉપયોગ મૂકે છે. તેથી તેમણે જાણ્યું કે હું ઓળખાઇ ગયો છું (અર્થાત્ આર્યસુહસ્તિએ કરેલ અનુમોદનાથી તેઓ મારી ભક્તિ કરવા ઇચ્છે છે.) ત્યારે (ગોચરી-પાણી વહોર્યા વિના અને અન્ય ઘરોમાં) ફર્યા વિના જ પાછા વળીને આર્યસુહસ્તિ પાસે જઈને કહે છે કે–"હે આર્ય ! અનેષણા કરી છે." "કોણે કરી છે ?" "તમે કરી છે કારણ કે ગઈકાલે મારા આવતા તમે અભ્યુત્થાન કર્યું હતું."

(હવે તે ગામમાં રહેવું ઉચિત નથી એમ જાણીને) બંને જણા અવંતીદેશમાં (અવંતીદેશમાં આવેલ ઉજ્જયિનીમાં) ગયા. ત્યાં જીવિતસ્વામીની પ્રતિમાને વંદન કરીને આર્યમહાગિરી એડકાક્ષનગરમાં આવેલા ગજાગ્રપદપર્વત ઉપર વંદન કરવા માટે ગયા. આ નગરનું એડકાક્ષનામ કેવી રીતે પડ્યું ? તે કહે છે – આ નગર પૂર્વે દશાર્ણપુરનામે હતું. ત્યાં એક મિથ્યાદૃષ્ટિને શ્રાવિકા અપાઈ હતી. તે શ્રાવિકા સાંજના સમયે પ્રતિક્રમણ કરતી અને તેમાં રાત્રિભોજનનું પચ્ચક્ખાણ કરતી. આ જોઈને તેનો મિથ્યાદૃષ્ટિ પતિ કહે છે – "શું રાત્રિએ ઉઠીને કોઈ ખાય છે કે ? (જેથી તું પચ્ચક્ખાણ કરે છે અર્થાત્ તું વ્યર્થ ક્રિયા કરે છે.)" આ પ્રમાણે પતિ શ્રાવિકાની હાંસી ઉડાવે

૩૦. दत्त्वा गतः सुहस्ती, तेन वसुभूतिना जिमित्वा ते भणिताः–यद्येतादृशः साधुरायायात् तदा तस्य यूयमग्रतो यथा उज्झितकान्येवं कुर्युः, एवं दत्ते महाफलं भविष्यति, द्वितीयदिवसे महागिरिर्भिक्षायै प्रविष्टः, तदपूर्वकरणं दृष्ट्वा चिन्तयति–द्रव्यतः ४, ज्ञातं यथा ज्ञातोऽहमिति तथैवाभ्रान्त्वा निर्गता भणन्ति–आर्य ! अनेषणा कृता, केन ?, त्वं येनासि कल्येऽभ्युत्थितः, द्वावपि जनाववंती विदेशं गतौ, तत्र जीवत्प्रतिमां वन्दित्वा आर्यमहागिरय एडकाक्षं गता गजाग्रपदकवन्दकाः, तस्य कथमेडकाक्षं नाम ?, तत् पूर्वं दशार्णपुरं नगरमासीत्, तत्र श्राविका एकस्मै मिथ्यादृष्टये दत्ता, विकाले आवश्यकं करोति प्रत्याख्याति च, स भणति–किं रात्रावुत्थाय कोऽपि जेमति ?,

[३१] **एवं उवहसइ, अण्णाया सो भणइ—अहंपि पच्चक्खामि, सा भणइ—भंजिहिसि, सो भणइ—किं अण्णयावि अहं रत्तिं उट्ठेत्ता जेमेमि ?, दिन्नं, देवया चिंतेइ-सावियं उप्पासेइ अज्ज णं उवालभामि, तस्स भगिणी तत्थेव वसइ, तीसे रूवेण रत्तिं पहेणयं गहाय आगया, पक्खइओ, सावियाए वारिओ भणइ—तुब्भच्चएहिं आलपालेहिं किं ?, देवयाए पहारो दिण्णो, दोवि अच्छिगोलगा भूमीए पडिया सा मम अयसो होहित्ति काउस्सग्गं ठिया, अद्धरत्ते देवया आगया भणइ—किं साविए ?, सा भणइ—मम एस अजसोत्ति ताहे अण्णस्स एलगस्स अच्छीणि सप्पएसाणि तक्खणमारियस्स आणेत्ता लाइयाणि, तओ से सयणो भणइ—तुब्भं अच्छीणि एलगस्स जारिसाणित्ति, तेण सव्वं कहियं, सड्ढो जाओ, जणो कोउहल्लेण एति पेच्छगो, सव्वरज्जे फुडं**

છે. એકવાર તેણે કહ્યું – "હું પણ આજે પચ્ચક્ખાણ કરીશ." શ્રાવિકાએ કહ્યું –"રહેવા દો. તમે વ્રત ભાંગી નાખશો." તેણે કહ્યું – "શું હું ક્યારે પણ રાત્રિએ ઊઠીને જમ્યો છું ? (કે જેથી પચ્ચક્ખાણની ના પાડે છે.)" તેણીએ પચ્ચક્ખાણ આપ્યું. બીજી બાજુ દેવતાએ વિચાર્યું કે – "આ શ્રાવિકાની મશ્કરી કરે છે. તેથી આજે હું તેને ઠપકો આપું." તેની બહેન તે જ નગરમાં રહેતી હતી. બહેનનું રૂપ લઈને દેવતા રાત્રિએ મોદક વિગેરે પ્રહેણક (ભેટણું) લઈને તેના ઘરે આવી. તે ખાવા લાગ્યો.

શ્રાવિકાએ નિષેધ કર્યો છતાં તે કહેવા લાગ્યો કે – "તારા આ પચ્ચક્ખાણના આલાવાઓથી મારે શું ? (અર્થાત્ મને એનાથી કોઇ નુકશાન થવાનું નથી.)" દેવતાએ જોરથી તેની ઉપર પ્રહાર કર્યો. જેથી બંને આંખના ડોળા ભૂમિ ઉપર પડ્યાં. 'મારો અપયશ થશે' એમ વિચારી શ્રાવિકા કાયોત્સર્ગ કરવા લાગી. અડધી રાતે આવેલ દેવતાએ પૂછ્યું – "હે શ્રાવિકા ! શું કામ છે ?" શ્રાવિકાએ કહ્યું – "આમાં મારો અપયશ થશે, (અર્થાત્ ભલે તમે તેને પાઠ ભણાવવા શિક્ષા કરી, પરંતુ એ જોઈને લોકો મારી નિંદા કરશે.)"

ત્યારે દેવતાએ તે જ ક્ષણે (કો'કવડે) મરાયેલા ઘેટાની પ્રદેશસહિતની (=સજીવ અવસ્થાવાળી) આંખો લાવીને પતિને લગાડી દીધી. તેથી તેના સ્વજનો કહેવા લાગ્યા કે – "તારી આંખો ઘેટા જેવી છે." પતિએ બધી વાત કરી. તે ધર્મમાં શ્રદ્ધાવાળો થયો. લોકો કુતૂહલથી તેને જોવા આવે

**३१. एवमुपहसति, अन्यदा स भणति—अहमपि प्रत्याख्यामि, सा भणति—भङ्क्षयसि, स भणति—किमन्यदाऽप्यहं रात्रावुत्थाय जेमामि ? दत्तं, देवता चिन्तयति—श्राविकामुद्भ्राजते अद्यैनमुपालभे, तस्य भगिनी तत्रैव वसति, तस्या रूपेण रात्रौ प्रहेणकं गृहीत्वाऽऽगता, प्रखादितः श्राविकया वारितो भणति—त्वदीयैः प्रलापैः किं ?, देवतया प्रहारो दत्तः, द्वावप्यक्षिगोलकौ भूमौ पतितौ, सा ममायशो भविष्यतीति कायोत्सर्गे स्थिता, अर्धरात्रे देवताऽऽगता भणति—किं श्राविके ?, सा भणति—ममैतदयश इति, तदाऽन्यस्यैडकस्याक्षिणी सप्रदेशे तत्क्षणमारितस्यानीय योजितानि, ततस्तस्य स्वजनो भणति—तवाक्षिणी एडकस्य यादृशे इति, तेन सर्वं कथितं, श्राद्धो जातः, जनः कुतूहलेनायाति प्रेक्षकः, सर्वराज्ये स्फुटं**

[३२] भण्णइ कओ एसि ?, जत्थ सो एलकच्छओ, अण्णे भणंति–सो चेव राया, ताहे दसण्णपुरस्स एलकच्छं नामं जायं, तत्थ गयग्गपयओ पव्वओ, तस्स उप्पत्ती, तत्थेव दसण्णपुरे दसण्णभद्दो राया, तस्स पंचसयाणि देवीणं ओरोहो, एवं सो जोव्वणेण रूवेण य पडिबद्धो एरिसं अण्णस्स नत्थित्ति, तेणं कालेणं तेणं समएणं भगवओ महावीरस्स दसण्णकूडे समोसरणं, ताहे सो चिंतेइ–तहा कल्ले वंदामि जहा केणइ न अण्णेण वंदियपुव्वो, तं च अज्झत्थियं सक्को णाऊण एइ, इमोवि महया इड्ढीए निग्गओ वंदिओ य सव्विड्ढीए, सक्कोवि एरावणं विलग्गो, तत्थ अट्ठ दंते विउव्वेइ, एक्केक्कके दंते अट्ठ वावीओ एक्केक्काए वावीए अट्ठ पउमाइं एक्केक्कं पउमं अट्ठपत्तं पत्ते एक्केक्कम्मि य बत्तीसइबद्धनाडगं, एवं सो सव्विड्ढीए एरावणविलग्गो आयाहिणं

છે. કોઈ પૂછે કે – "તું ક્યાંથી આવે છે ?" ત્યારે આખા રાજ્યમાં સ્પષ્ટપણે લોકો કહેતા કે – "જ્યાં તે એડકાક્ષ (=ઘેટાની આંખોવાળો) રહે છે ત્યાંથી આવીએ છીએ." (આ રીતે ધીરે ધીરે તે નગરનું નામ એડકાક્ષ પડ્યું.)

કેટલાક કહે છે કે – તે જ રાજા હતો. તેથી દર્શાણપુરનું નામ એડકાક્ષ થયું. તે નગરમાં ગજાગ્રપદનામે પર્વત હતો. તેની ઉત્પત્તિ આ પ્રમાણે – તે જ દર્શાણપુરમાં દર્શાણભદ્રનામે રાજા હતો. તેને પાંચસો રાણીઓનું અંતઃપુર હતું. રાજાને 'મારા જેવો બીજો કોઈ નથી' એ પ્રમાણે યુવાનીનું અને રૂપનું અભિમાન હતું. તે કાલે અને તે સમયે ભગવાન મહાવીરસ્વામી દર્શાણકૂટનામના પર્વત ઉપર પધાર્યા. ત્યારે તે રાજા વિચારે છે કે – "આવતીકાલે હું એ રીતે વંદન કરવા જઈશ કે તે રીતે અત્યાર સુધી કોઈએ વંદન કર્યા નહીં હોય."

દર્શાણભદ્રના આ વિચારને જાણીને શક્રેન્દ્ર ત્યાં આવે છે. રાજા પણ મોટી ઋદ્ધિ સાથે નીકળ્યો અને સર્વઋદ્ધિથી ભગવાનને વંદન કર્યા. શક્રેન્દ્ર પણ ઐરાવણહાથી ઉપર બેઠો. તેના (આઠ મુખ વિકુર્વ્યા. દરેક મુખમાં) આઠ આઠ દાંતો વિકુર્વ્યા. દરેક દાંત ઉપર આઠ–આઠ વાવડીઓ વિકુર્વી. દરેક વાવડીમાં આઠ–આઠ પદ્મકમલો વિકુર્વ્યા. દરેક કમલોને આઠ–આઠ પાંદડાઓ હતાં. દરેક પાંદડે બત્રીસ પાત્રોવાળું નાટક રચ્યું. આ પ્રમાણે સર્વ ઋદ્ધિ સાથે ઐરાવણહાથી ઉપર બેઠેલો શક્રેન્દ્ર પ્રભુ જમણીબાજુ રહે તે રીતે ભગવાનને પ્રદક્ષિણા આપે છે. ત્યારે તે હાથીના પગલાની

३२. भण्यते–कुत आयासि ?, यत्र स एडकाक्षः, अन्ये भणन्ति–स एव राजा, तदा दशार्णपुरस्यैडकाक्षं नाम जातं, तत्र गजाग्रपदः पर्वतः, तस्योत्पत्तिः–दशार्णपुरे दशार्णभद्रो राजा, तस्य पञ्चशतानि देवीनामवरोधः, एवं स यौवनेन रूपेण च प्रतिबद्धोऽन्यस्येदृशं नास्तीति, तस्मिन् काले तस्मिन् समये भगवतो महावीरस्य दशार्णकूटे समवसरणं, तदा स चिन्तयति–तथा कल्ये वन्दिताहे यथा केनचिन्नान्येन वन्दितपूर्वः, तदध्यवसितं च शक्रो ज्ञात्वाऽऽयाति, अयमपि महत्या ऋद्ध्या निर्गतो वन्दितश्च सर्वर्ध्या, शक्रोऽप्यैरावणं विलग्नः, तत्राष्ट दन्तान् विकुर्वति, एकैकस्मिन् दन्ते अष्टाष्ट वापीः, एकैकस्यां वाप्यामष्टाष्ट पद्मानि एकैकं पद्ममष्टपत्रं एकैकस्मिन् पत्रे च द्वात्रिंशद्बद्धं नाटकं, एवं स सर्वर्ध्या ऐरावणविलग्न आदक्षिणं

[३३] पयाहिणं करेइ, ताहे तस्स हत्थिस्स दसण्णकुडे पव्वए पयाणि देवप्पहावेण उट्ठियाणि, तेण णामं कयं गयग्गपदग्गोत्ति, ताहे सो दसन्नभद्दो तं पेच्छिऊण एरिसा कओ अम्हारिसाणमिड्ढी ?, अहो कएल्लओऽणेण धम्मो, अहमवि करेमि, ताहे सो पव्वयइ, एसा गयग्गपयस्स उप्पत्ती, तत्थ महागिरीहिं भत्तं पच्चक्खायं देवत्तं गया, सुहत्थीवि उज्जेणिं जियपडिमं वंदया गया, उज्जाणे ठिया, भणिया य साहुणो—वसहिं मग्गहत्ति, तत्थ एगो संघाडगो सुभद्दाए सिट्ठिभज्जाए घरं भिक्खस्स अइगओ पुच्छिया ताए—कओ भगवंतो ?, तेहिं भणियं—सुहत्थिस्स, वसहिं मग्गामो, जाणसालाउ दरिसियाउ, तत्थ ठिया, अन्नया पओसकाले आयरिया नलिणिगुम्मं अज्झयणं परियट्टंति, तीसे पुत्तो अवंतिसुकुमालो सत्ततले पासाए बत्तीसाहिं भज्जाहिं समं उवललइ, तेण सुत्तविबुद्धेण सुयं, न एयं नाडगंति भूमीओ भूमीयं सुणंतो २ उदिण्णो, बाहिं निग्गओ, कत्थ

---

છાપ દશાર્ણકૂટનામના પર્વત ઉપર દેવના પ્રભાવથી પડી. તેથી તે પર્વતનું નામ ગજાગ્રપદાગ્ર પડ્યું.. ત્યારે તે દશાર્ણભદ્ર ઇન્દ્રની ઋદ્ધિને જોઈને અમારા જેવા પાસે આવી ઋદ્ધિ ક્યાંથી ? અહો ! આ દેવે પૂર્વભવમાં ધર્મ કર્યો છે (માટે આવી ઋદ્ધિ એને પ્રાપ્ત થઈ છે. તેથી) હું પણ ધર્મને કરીશ. એમ વિચારી તેણે પણ પ્રવ્રજ્યા લીધી. આ પ્રમાણે ગજાગ્રપદપર્વતની ઉત્પત્તિ કહી. ત્યાં આર્યમહાગિરિએ ભક્તનું પચ્ચક્ખાણ (=અનશન) કરી દેવલોકમાં ગયા.

## ❁ અવંતીસુકુમાલની કથા ❁

આર્યસુહસ્તિ પણ જીવત્પ્રતિમાના વંદનાર્થે ઉજ્જયિની ગયા. ત્યાં ઉદ્યાનમાં રહ્યાં. અને સાધુઓને કહ્યું – "તમે વસતિની ગવેષણા કરો." તેમાં એક સંઘાટક ટુકડી સુભદ્રાનામની શ્રેષ્ઠિની પત્નીના ઘરે ભિક્ષા માટે ગઈ. સુભદ્રાએ પૂછ્યું – "તમે કોના શિષ્ય છો ?" તેઓએ કહ્યું – "આર્યસુહસ્તિના, અમે વસતિની શોધ કરીએ છીએ." સુભદ્રાએ યાનશાળા (= વાહનો મૂકવાનું સ્થાન) બતાવી. બધા સાધુઓ ત્યાં રહ્યાં. એકવાર આચાર્ય રાત્રિની પહેલી પોરિસીમાં નલિનીગુલ્મ નામના અધ્યયનનું પરાવર્તન કરતા હતા. સુભદ્રાનો પુત્ર અવંતીસુકુમાલ મહેલના સાતમા માળે બત્રીસ પત્નીઓ સાથે રહેતો હતો. સૂઈને ઊઠેલા તેણે આ અધ્યયન સાંભળ્યું. આ નાટક નથી. (તેથી શું છે ? તે જોવા માટે) દરેક માળથી સાંભળતા સાંભળતા તે નીચે ઉતર્યો. મહેલની બહાર

---

३३. प्रदक्षिणं करोति, तदा तस्य हस्तिनो दशार्णकूटे पर्वते पादा देवताप्रभावेनोत्थिताः, तेन नाम कृतं गजाग्रपदाग्र इति, तदा स दशार्णभद्रस्तां प्रेक्ष्य ईदृशी कुतोऽस्माकमृद्धिः ?, अहो कुतोऽनेन धर्मः, अहमपि करोमि, तदा स प्रव्रजति, एषा गजाग्रपदकस्य उत्पत्तिः, तत्र महागिरिभिर्भक्तं प्रत्याख्यातं देवत्वं गताः, सुहस्तिनोऽपि उज्जयिनीं जीवत्प्रतिमावन्दका गताः, उद्याने स्थिताः भणिताश्च साधवः—वसतिं मार्गयतेति, तत्रैकः संघाटकः सुभद्रायाः श्रेष्ठिभार्याया गृहं भिक्षायातिगतः पृष्टास्तया—कुतो भगवन्तः ?, तैर्भणितं—सुहस्तिनः, वसतिं मार्गयामः, यानशाला दर्शिताः, तत्र स्थिताः, अन्यदा प्रदोषकाले आचार्या नलिनीगुल्ममध्ययनं परिवर्त्तयन्ति, तस्याः पुत्रोऽवन्तीसुकुमालः सप्ततले प्रासादे द्वात्रिंशता भार्याभिः सममुपललति, तेन सुप्तावबुद्धेन श्रुतं, नैतन्नाटकमिति भूमेर्भूमिमुत्तीर्णः श्रृण्वन्, बहिर्निर्गतः, क्व

[३४]एरिसंति जाई सरिया, तेसिं मूलं गओ, साहइ—अहं अवंतिसुकुमालोत्ति नलिणिगुम्मे देवो आसि, तस्स उस्सुग्गोमि, पव्वयामि, असमत्थो अहं दीहं सामन्नपरियागं अणुपालेउं, इंगिणिं साहेमि, तेवि माया तेणापुच्छियत्ति नेच्छंति, सयमेव लोयं करेति, मा सयंगिहीयलिंगो हवउत्ति लिंगं दिण्णं, मसाणे कंथारकुडंगं तत्थ भत्तं पच्चक्खायं, सुकुमालएहिं पाएहिं लोहियगंधेण सिवाए सपेल्लियाए आगमणं, सिवा एगं पायं खायइ, एगं चिल्लगाणि, पढमे जामे जण्णुयाणि बीए ऊरू तइए पोट्टं कालगओ, गंधोदगपुप्फवासं, आयरियाणं आलोयणा, भज्जाणं परंपरं पुच्छा, आयरिएहिं कहियं, सव्विड्ढीए सुण्हाहिं समं गया मसाणं, पव्वइयाओ य, एगा गुव्विणी नियत्ता,

નીકળ્યો. ક્યાંક આવું સાંભળ્યું છે એવું વિચારતા તેણે જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તે આચાર્ય પાસે ગયો અને કહ્યું – "હું અવંતીસુકુમાલ છું. પૂર્વે નલિનીગુલ્મવિમાનમાં હું દેવ હતો. ફરી તે સ્થાને જવાની ઉત્સુકતાવાળો છું. માટે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી છે. પરંતુ હું લાંબા કાળ સુધી શ્રામણ્યપર્યાયનું (=દીક્ષાજીવનનું) પાલન કરવા સમર્થ નથી. તેથી હું અનશન કરવા ઇચ્છું છું."

અવંતીસુકુમાલે દીક્ષા કે અનશન માટે પોતાની માતાને પૂછ્યું નહોતું તેથી આર્યસુહસ્તિ તેને અનુજ્ઞા આપવા ઇચ્છતા નથી. અવંતીસુકુમાલે જાતે જ લોચ કર્યો. (તેથી આચાર્યે પોતાના જ્ઞાનમાં જોયું કે આ રીતે જ એનું કાર્ય સિદ્ધ થવાનું છે અને) જાતે જ સાધુવેષ ગ્રહણ કરનારો ન થાય માટે તેને સાધુવેષ આપ્યો. શ્મશાનમાં કંથારનામના વૃક્ષોનું વન હતું. ત્યાં અનશન સ્વીકારીને (કાયોત્સર્ગમુદ્રામાં) અવંતીસુકુમાલ રહ્યાં. (શ્મશાનમાં જતી વેળાએ રસ્તાના કાંટા વિગેરેથી સુકુમાલ હોવાથી પગ વિંધાયા જેથી લોહી નીકળ્યું.)

સુકુમાલ એવા પગોમાંથી નીકળતા લોહીના ગંધથી પોતાના બચ્ચાઓ સહિત શિયાળીણી ત્યાં આવી. એક પગને શિયાળીણી ખાય છે, તો બીજા પગને બચ્ચાઓ ખાય છે. પ્રથમ પ્રહરમાં ઢીંચણ સુધીનો પગ ખાધો. બીજા પ્રહરમાં સાથળોને અને ત્રીજા પ્રહરમાં પેટને ખાદ્યું જેથી અવંતીસુકુમાલમુનિ કાળ પામ્યા. સુગંધી જલ અને પુષ્પોની વૃષ્ટિ થઈ. બીજા દિવસે માતાએ આચાર્યને પુત્ર અંગેની આલોચના=પૃચ્છા કરી. પત્નીઓ પતિ અંગે પરસ્પર પૂછે છે. આચાર્યે સર્વ વાત કરી. માતા સર્વઋદ્ધિ સાથે પુત્રવધૂઓ સહિત શ્મશાનમાં ગઈ. (સઘળો વૃતાન્ત જાણતા વૈરાગ્ય થવાથી) પુત્રવધૂઓ સહિત માતાએ દીક્ષા લીધી. એક પુત્રવધુએ ગર્ભવાળી હોવાથી દીક્ષા ન લીધી.

३४. इदृशमिति जातिः स्मृता, तेषां मूलं गतः, कथयति—अहं अवन्तीसुकुमाल इति नलिनीगुल्मे देवोऽभवं, तस्मायुत्सुकोऽस्मि प्रव्रजामि, असमर्थोऽहं श्रामण्यमनुपालयितुं इङ्गिनीं करोमि, तेऽपि माता तेनापृष्टेति नेच्छन्ति, स्वयमेव लोचं करोति, मा स्वयंगृहीतलिङ्गो भूदिति लिङ्गं दत्तं, श्मशाने कंथारकुटङ्कं, तत्र भक्तं प्रत्याख्यातं, सुकुमालयोः पादयोः रुधिरगन्धेन शिवायाः सशिशुकाया आगमनं, एकं पादं शिवा खादति, एकं शिशवः प्रथमे यामे जानुनी द्वितीये ऊरुणी तृतीये उदरं कालगतः, गन्धोदकपुष्पवर्षं, आचार्येभ्य आलोचना, भार्याणां परम्परकेण पृच्छा, आचार्यैः कथितं, सर्वर्ध्या स्नुषाभिः समं गता स्मशानं, प्रव्रजिताश्च, एका गर्भिणी निवृत्ता,

[35]तेसिं पुत्तो तत्थ देवकुलं करेइ, तं इयाणिं महाकालं जायं, लोएण परिग्गहियं एयं, उत्तरचूलियाए भणियं पाडलिपुत्तेति, समत्तं अणिस्सियतवो महागिरीणं । अणिस्सितोवहाणत्ति गयं ४ ।

इयाणिं सिक्खत्ति पयं, सा दुविहा—गहणसिक्खा आसेवणासिक्खा य, तत्थ—

**खितिचणउसभकुसग्गं रायगिहं चंपपाडलीपुत्तं ।**
**नंदे सगडाले थूलभद्दसिरिए वररुची य ॥१२८५॥**

एईए वक्खाणं—अतीतअद्धाए खिइपइट्ठियं णयरं, जियसत्तू राया, तस्स णयरस्स वत्थूणि उस्सण्णाणि, अण्णं णयरट्ठाणं वत्थुपाढएहिं मग्गावेइ, तेहिं एगं चणयक्खेत्तं अतीव पुप्फेहिं फलेहि य उववेयं दट्ठुं तत्थ चणयपुरं निवेसियं, कालेण तस्स वत्थूणि खीणाणि, पुणोवि मग्गिज्जइ, तत्थ एगो वसहो अण्णेहिं पारद्धो एगंमि रण्णे अच्छइ, न तीरइ अन्नेहिं वसहेहिं

તેનો પુત્ર મોટો થઈને તે શ્મશાનમાં દેવકુલ=મંદિર બનાવે છે (જેમાં પિતાની શરીરપ્રમાણ ઊંચાઈવાળી પ્રતિમા સ્થાપી. उक्तमुपदेशपदे - पिउपडिमासमणुगयं कारियमाययणमुत्तुंगम् - २१८) વર્ષો પછી તે લોકોવડે (=બૌદ્ધભિક્ષુઓવડે – उपदेशपदे, બ્રાહ્મણોવડે – दीपिकायां ) તે મંદિર કબજે કરાયું. જે અત્યારે (=ટીકાકારના સમયે) મહાકાલ નામે પ્રસિદ્ધ છે. ઉત્તરચૂલિકામાં (= ?) પાટલિપુત્ર કહ્યું છે. (અર્થાત્ આ ઘટના ઉજ્જયિનીમાં નહીં પણ પાટલિપુત્રમાં બની તેમ કહ્યું છે.) આર્યમહાગિરિએ અનિશ્રિત તપ કર્યો. આ પ્રમાણે અનિશ્રિતોપધાનનામનું ચોથું દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૮૪॥

**અવતરણિકા :** હવે શિક્ષાપદનું વર્ણન કરાય છે. તે શિક્ષા બે પ્રકારે છે – ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા. તેમાં (ઉદાહરણગાથા) ⇨

**ગાથાર્થ : ક્ષિતિપ્રતિષ્ઠિત–ચણકપુર–ઋષભપુર–કુશાગ્રપુર–રાજગૃહ–ચંપા–પાટલિપુત્ર–નંદા–શકટાલ– સ્થૂલભદ્ર–શ્રિયક અને વરરુચી.**

**ટીકાર્થ :** **❀ (૫) શિક્ષા ઉપર સ્થૂલભદ્રજી ❀**

ભૂતકાળમાં ક્ષિતિપ્રતિષ્ઠિતનામનું નગર હતું. ત્યાં જિતશત્રુ રાજા હતો. તે નગરની વસ્તુઓ નાશ પામતી હતી. તેથી રાજા વાસ્તુશાસ્ત્રને જાણનારાઓ દ્વારા નગર માટે બીજું સ્થાન શોધાવડાવે છે. વાસ્તુશાસ્ત્રજ્ઞોએ પુષ્પો અને ફૂલોવડે સારી રીતે યુક્ત એવા ચણાના ખેતરને જોઈને ત્યાં ચણકપુર સ્થાપિત કર્યું. થોડા સમય પછી તે નગરની વસ્તુઓ પણ નાશ પામવા માંડી. તેથી રાજા ફરીથી બીજું સ્થાન તપાસ કરાવે છે. તેમાં એક બળદ કે જે બીજા બળદોવડે અજેય છે તે એક જંગલમાં

३५. तेषां पुत्रस्तत्र देवकुलं करोति, तदिदानीं महाकालं जातं, लोकेन परिगृहीतमेतत्, उत्तरचूलिकायां भणितं पाटलिपुत्रमिति, समाप्तं अनिश्रितोपधानं महागिरीणां अनिश्रितोपधानमिति गतं ४ । इदानीं शिक्षेति पदं, सा द्विविधा—ग्रहणशिक्षा आसेवनाशिक्षा च, तत्र—तस्या व्याख्यानं—अतीताद्धायां क्षितिप्रतिष्ठितं नगरं, जितशत्रू राजा, तस्य नगरस्य वस्तून्युत्सन्नानि, अन्यन्नगरस्थानं वास्तुपाठकैर्मार्गयति, तैरेकं चणकक्षेत्रं अतीव पुष्पैः फलैश्चोपपेतं दृष्ट्वा तत्र चणकपुरं निवेशितं, कालेन तस्य वस्तूनि क्षीणानि, पुनरपि मार्गयति, तत्रैको वृषभोऽन्यैरजेयरेकस्मिन्नरण्ये तिष्ठति, न शक्यतेऽन्यैर्वृषभैः

[३६] पराजिणिउं, तत्थ उसभपुरं निवेसियं, पुणरवि कालेण उस्सन्नं, पुणोवि मग्गंति, कुसथंबो दिट्ठो अतीवपमाणाकितिविसिट्ठो, तत्थ कुसग्गपुरं जायं, तंमि य काले पसेणई राया, तं च णयरं पुणो २ अग्गिणा डज्झइ, ताहे लोगस्स भयजणणनिमित्तं घोसावेइ—जस्स घरे अग्गी उट्ठेइ सो णगराओ निच्छुब्भइ, तत्थ महाणसियाणं पमाएण रण्णो चेव घराओ अग्गी उट्ठिओ ते सच्चपइण्णा रायाणो—जइ अप्पगं ण सासयामि तो कहं अन्नंति निग्गओ णयराओ, तस्स गाउयमित्ते ठिओ, ताहे दंडभडभोइया वाणियगा य तत्थ वच्चंति भणंति—कहिं वच्चह ?, आह—रायगिहंति, कओ एह ? रायगिहाओ, एवं णयरं रायगिहं जायं, जया य राइणो गिहे अग्गी उट्ठिओ तओ कुमारा जं जस्स पियं आसो हत्थी वा तं तेण णीणियं सेणिएण भिंभा णीणिया, रायाए पुच्छिया-केण

---

રહે છે. કોઈ બીજા બળદો તે બળદને હરાવવા સમર્થ બનતા નથી. તેથી વાસ્તુશાસ્ત્રજ્ઞોએ તે બળદના સ્થાને ઋષભપુર વસાવ્યું. તે નગર પણ થોડા સમય બાદ નાશ પામ્યું. તેથી રાજા અન્ય સ્થાનની તપાસ કરાવે છે. તેમાં એક સ્થાને વિશિષ્ટ આકૃતિ અને પ્રમાણમાં મોટો એવો ઘાસનો ઢગલો જોયો. તેથી ત્યાં કુશાગ્રપુર સ્થપાયું. તે સમયે રાજા તરીકે પ્રસેનજિત્ હતો. તે નગર વારંવાર અગ્નિથી બળી જતું. તેથી લોકોને ભય ઊભો કરવા રાજાએ ઘોષણા કરાવી કે – "જેના ઘરમાં અગ્નિ લાગશે, 'તેને નગરથી બહાર કાઢવામાં આવશે." તેમાં થયું એવું કે એકવાર રાજાના રસોઈયાઓના પ્રમાદને કારણે રાજાના ઘરમાંથી જ આગ નીકળી.

તે સમયના રાજાઓ સત્યપ્રતિજ્ઞાવાળા હતા. (તેથી આ રાજાએ પણ વિચાર્યું કે) "જો હું મારી જાતને દંડ કરીશ નહીં તો બીજા ઉપર શાસન કેવી રીતે ચલાવી શકીશ." તેથી તે રાજા પોતે નગરમાંથી બહાર નીકળ્યો. અને તે નગરથી એક ગાઉ દૂરના સ્થાને જઈને રહ્યો. ત્યારે સેનાપતિ, સૈનિક, ગામનો મુખી અને વેપારીઓ એ તરફ જતી વેળાએ એકબીજાને પૂછે કે – "ક્યાં જાઓ છો ?" ત્યારે તેઓ કહે – "રાજગૃહમાં (=રાજાના ઘરે) જઈએ છીએ." "ક્યાંથી આવો છો ?" ત્યારે કહે – "રાજગૃહથી." આ પ્રમાણે ત્યાં રાજગૃહનગર થયું.

જ્યારે રાજાના ઘરમાં આગ લાગી હતી ત્યારે રાજકુમારો, હાથી કે ઘોડા જેને જે પ્રિય હતું તે તે વસ્તુ લઈને ઘરમાંથી નીકળ્યાં. તેમાં શ્રેણિકે પોતાની સાથે ભંભા લીધી. રાજાએ બધા

---

३६. पराजेतुं, तत्र वृषभपुरं निवेशितं, पुनरपि कालेनोत्सन्नं, पुनरपि मार्गयन्ति, कुशस्तम्बो दृष्टोऽतीवप्रमाणाकृतिविशिष्टः, तत्र कुशाग्रपुरं जातं, तस्मिंश्च काले प्रसेनजित् राजा, तच्च नगरं पुनः २ अग्निना दह्यते, तदा लोकस्य भयजननिमित्तं घोषयति—यस्य गृहेऽग्निरुत्तिष्ठति स नगरात् निष्काश्यते, तत्र महानसिकानां प्रमादेन राज्ञ एव गृहात् अग्निरुत्थितः, ते सत्यप्रतिज्ञा राजानः—यद्यात्मानं न शास्मि तदा कथमन्यमिति निर्गतो नगरात्, तस्मात् गव्यूतमात्रे स्थितः, तदा दण्डिकभटभोजिका वणिजश्च तत्र व्रजन्तः भणन्ति—क्व व्रजथ ?, आह राजगृहमिति, कुत आयाथ ?, राजगृहात्, एवं नगरं राजगृहं जातं, यदा च राज्ञो गृहेऽग्निरुत्थितस्ततः कुमारा यद्यस्य प्रियमश्वो हस्ती वा तत्तेन नीतं श्रेणिकेन भिम्भा नीता, राज्ञा पृष्टाः-केन

**[३७]किं णीणियंति ?, अण्णो भणइ–मए हत्थी आसो एवमाइ, सेणिओ पुच्छिओ भणति–भिंभा, ताहे राया भणइ सेणियं–एस ते तत्थ सारो भिंभित्ति ?, सेणिओ भणइ–आमं, सो य रण्णो सव्वपिओ, तेण से णामं कयं–भिंभिसारोत्ति, सो रण्णो पिओ लक्खणजुत्तोत्ति, मा अण्णेहिं कुमारेहिं मारिज्जिहित्ति न किंचिवि देइ, सेसा कुमारा भडचडगरेण निंति, सेणिओ ते दट्ठूण अधितिं करेति, सो तओ निप्फिडिओ बेण्णायडं गओ, जहा नमोक्कारे–**

***"अचियत्त भोगऽदाणं निग्गम बिण्णायडे य कासवए।***
***लाभ घरनयण नेच्छिय धूया सुस्सूसिया दिण्णा ॥१॥"***

---

કુમારોને પૂછ્યું – "કોણ શું લઈને આવ્યો ?" ત્યારે બીજા કુમારે કહ્યું – "હું હાથી લઈને આવ્યો," કોઈકે કહ્યું – "હું ઘોડો લઈને આવ્યો." વિગેરે. રાજાએ શ્રેણિકને પૂછ્યું. તેણે કહ્યું – "હું ભંભા લાવ્યો છું." રાજાએ શ્રેણિકને કહ્યું –"ઘરમાં તને આ ભંભા સારભૂત લાગી ?" શ્રેણિકે કહ્યું – "હા." રાજાને શ્રેણિક બધા કુમારોમાં વધુ પ્રિય હતો.તેથી તેનું બીજું નામ પાડ્યું – ભિંભસાર.

શ્રેણિક રાજાને પ્રિય અને લક્ષણયુક્ત હતો. (રાજા શેષ કુમારોને પોતાની મિલકતનો અમુક–અમુક ભાગ આપે છે. અને શ્રેણિક લક્ષણયુક્ત હોવાથી તથા જો તેને કંઈક આપીશ તો બીજા કુમારો તેને મારી નાખશે. તેથી) બીજા કુમારો મારી ન નાખે તે માટે શ્રેણિકને કશું આપતો નથી. શેષ કુમારો સૈનિકો સાથે જાય છે. (અર્થાત્ શેષ કુમારો પાસે પુષ્કળ સૈન્ય વિગેરે સમૃદ્ધિ છે.) આ જોઈને શ્રેણિકને અધૃતિ થાય છે (કે પિતાએ મને કશું આપ્યું નહીં. તેથી ત્યાંથી તે નીકળી જાય છે.)

ત્યાંથી નીકળેલો તે બેન્નાતટનગરીમાં આવે છે... વિગેરે વર્ણન જે રીતે નમસ્કારનિર્યુક્તિમાં (ભાગ–૪ ગા. ૯૪૦ દૃષ્ટાન્ત ચોથામાં) આપ્યું છે તે રીતે જાણી લેવું. (તે અહીં લખાય છે.) રાજાએ શ્રેણિકને ભોગો (મિલકતનો અમુક ભાગરૂપ) ન આપતા અપ્રીતિ થઈ. તેથી શ્રેણિક બેન્નાતટનગરમાં ગયો. ત્યાં કાશ્યપગોત્રીય એક વેપારીની દુકાને પહોંચ્યો. આ વેપારીનો ધંધો બરાબર ચાલતો નહોતો. પરંતુ જે દિવસે શ્રેણિક આવ્યો તેની આગલી રાતે વેપારીએ 'મારા ઘરે રત્નાકર આવ્યો' એવું સ્વપ્ન જોયું હતું. તે સ્વપ્નાનુસારે આ જ રત્નાકર હશે એમ માન્યું. અને ખરેખર શ્રેણિકના પ્રભાવે વેપારીને તે દિવસે પુષ્કળ ધનનો લાભ થયો. વેપારી શ્રેણિકને ઘરે લઈ ગયો. તેનો સત્કાર કર્યો. પોતની નંદા નામની દીકરી સેવા કરનાર તરીકે આપી (અર્થાત્ લગ્ન

---

**३७. किं नीतमिति ? अन्यो भणति–मया हस्ती अश्वः एवमादिः, श्रेणिकः पृष्टे भणति भिम्भा, तदा राजा भणति श्रेणिकं–एष ते तत्र सारो भिम्भेति , श्रेणिको भणति–ओम्, स च राज्ञः सर्वप्रियः, तेन तस्य नाम कृतं-भिम्भसार इति, स राज्ञः प्रियो लक्षणयुक्त इति, मा अन्यैः कुमारैर्मारीति न किञ्चिदपि ददाति, शेषाः कुमारा भटसमूहेन निर्गच्छन्ति, श्रेणिकस्तान् दृष्ट्वाऽधृतिं करोति, स ततः निर्गतो बेन्नातटं गतः, यथा नमस्कारे–अप्रीतिर्भोगादानं निर्गमो बेन्नातटे च काश्यपः । लाभो गृहनयनं सत्कारितो ( ? ) दुहिता शुश्रूषिका दत्ता ॥१॥**

*"पेसण[३८] आपुच्छणया पंडरकुड्डत्ति गमणमभिसेओ ।*
*दोहल णाम णिरुत्ती कहं पिया मेत्ति रायगिहे ॥२॥*
*आगमणऽमच्च मग्गण खुड्डग छगणे य कस्स तं ? तुज्झं ।*
*कहणं माऊआणण विभूसणा वारणा माऊ ॥३॥"*

**तं च सेणियं उज्जेणिओ पज्जोओ रोधओ जाइ, सो य उइण्णो, सेणिओ बीहेइ, अभओ**

---

કરાવ્યા.) ॥૧॥ બીજી બાજુ પિતા પ્રસેનજિત્નું શરીર ઢીલું પડ્યું. તેમણે સમાચાર મળતા શ્રેણિકને પાછો લાવવા પોતાના પુરુષોને મોકલ્યા. પુરુષોએ આવીને શ્રેણિકને સમાચાર આપ્યા. તેથી પત્ની અને સસરા પાસે જવા માટેની રજા માંગી અને પત્નીને કહ્યું કે – "અમે ત્યાં રાજગૃહમાં સફેદ ભીંતવાળા (पंडरकुड्ड) તરીકે પ્રસિદ્ધ છીએ. તેથી તારે કામ પડે તો ત્યાં તું આવજે." એમ કહી શ્રેણિકે રાજગૃહ તરફ ગમન કર્યું. રાજગૃહમાં શ્રેણિકનો રાજા તરીકે અભિષેક કરવામાં આવ્યો.

આ બાજુ નંદાપત્નીને ગર્ભના પ્રભાવે દોહલો ઉત્પન્ન થયો. થોડા સમય પછી પુત્રરત્નનો જન્મ થયો. જેનું 'અભય' નામ પાડ્યું. માતાને દોહલામાં અભયદાનની ઘોષણા સાંભળવાનું મન થયું હતું તેથી પુત્રનું 'અભય' એ પ્રમાણેનું નામ નિરુક્તિયુક્ત = વ્યુત્પત્તિયુક્ત = સાન્વર્થ નામ હતું. પુત્ર થોડો મોટો થયો. તેણે માતાને પૂછ્યું – "મારા પિતા ક્યાં છે ?" માતાએ કહ્યું – "રાજગૃહમાં છે." તેથી પુત્ર અભય રાજગૃહમાં પહોંચ્યો. ॥૨॥

ત્યાં રાજા મંત્રી માટેની શોધખોળ અંગે પરીક્ષા કરી રહ્યો હતો. કૂવામાં પડેલી મુદ્રિકાને કૂવાના પાળે ઊભા રહીને જે કાઢે તેને મંત્રીપદ આપવાનું નક્કી કર્યું હતું. અભયે મુદ્રારત્ન લેવા તેની ઉપર છાણ નાખ્યું. અને વિશિષ્ટ ઉપાય કરીને મુદ્રારત્ન કૂવામાંથી બહાર કાઢ્યું. અભયને રાજા પાસે લાવવામાં આવ્યો. રાજાએ પૂછ્યું – "હે વત્સ ! તું કોણ છે ? કોનો દીકરો છે ?" અભયે જવાબ આપ્યો– "તમારો." અભયે બધી વાત કરી. માતાને રાજગૃહ લાવવા રાજા પોતે જાય છે.

નગરની બહાર રહેલ માતાને ખબર પડી કે રાજા પોતે લેવા માટે આવે છે. તેથી માતાએ શણગાર સજ્યો. પરંતુ અભયે તેને શણગાર કરવા માટે નિષેધ કર્યો. માતાએ શણગારનો ત્યાગ કર્યો. રાજા આવ્યો. ભવ્ય મહોત્સવ સાથે માતાનો પ્રવેશ કરાવ્યો. ॥૩॥ એકવાર તે શ્રેણિકરાજાને રુંધવા માટે ઉજ્જયિનીનગરીનો પ્રદ્યોતરાજા આવતો હતો. તે જ્યારે ઘણો નજીક આવી ગયો. ત્યારે શ્રેણિક ગભરાઈ ગયો. અભયે કહ્યું – "તમારે ડરવાની જરૂર નથી. તેના સૈન્યસમૂહને હું દૂર કરું છું."

---

**३८. प्रेषणं आपृच्छा पाण्डुरकुड्या इति गमनमभिषेकः । दौहदः नाम निरुक्तिः क्व पिता मे इति राजगृहे ॥२॥ आगमनं अमात्यमार्गणं मुद्रिका गोमयं च कस्य त्वं ? तव । कथनं मातुरानयनं विभूषणं वारणं मातुः ॥३॥ तं च श्रेणिकं उज्जयिनीतः प्रद्योतो रोधक याति, स चावतीर्णः, श्रेणिको बिभेति, अभयो**

[३९] भणइ–मा संकह, नासेमि से वायंति, तेण खंधावारणिवेसजाणएण भूमीगया दिणारा लोहसंघाडएसु निक्खाया दंडवासत्थाणेसु, सो आगओ रोधति, जुज्झिया कईवि दिवसे, पच्छा अभओ लेहं देइ, जहा तव दंडिया सव्वे सेणिएण भिण्णा णास मा घेप्पिहिसि, अह वि अपच्चओ ते अमुगस्स य अमुगस्स य दंडस्स अमुगं पएसं खणह, तेण खयं, दिट्ठो, नट्ठो य, पच्छतो सेणिएण बलं विलोलियं, ते रायाणो सव्वे पकहिंति – न एयस्स कारी अम्हे , अभएण एसा माया कया, तेण पत्तीयं । अण्णया सो अत्थाणीए भणइ–सो मम नत्थि ? जो तं आणेज्ज, अण्णया एगा गणिया भणइ–अहं आणेमि, नवरं मम बितिज्जिगाउ दिज्जंतु, दिण्णाओ से सत्त बितिज्जिगाओ जाओ से रुच्चंति मज्झिमवयाओ, मणुस्सावि थेरा, तेहिं समं पवहणेहिं सुबहुएण य भत्तपाणेण

---

ત્યાર પછી અભયે સ્કંધાવારના નિવાસસ્થાનને જાણનાર વ્યક્તિદ્વારા શત્રુરાજાઓના નિવાસ સ્થાને લોઢાના ઘડામાં દિનારો મૂકી તે ઘડાઓને ભૂમિમાં છુપાવી દીધા. પ્રદ્યોતરાજા આવીને નગરને ઘેરે છે. કેટલાક દિવસ સુધી યુદ્ધ કર્યું. પછી અભયે પ્રદ્યોતરાજાને એક લેખ મોકલ્યો કે "તારા બધા ખંડિયા રાજાઓને શ્રેણિકે ફોડી નાંખ્યા છે. તેથી તું ભાગી જા નહીં તો પકડાઈ જઈશ. છતાં જો તને વિશ્વાસ ન હોય તો અમુક–અમુક રાજાના અમુક–અમુક પ્રદેશને ખોદ."

પ્રદ્યોતે ખોદ્યું. તેમાં દિનારથી ભરેલો ઘડો દેખાયો. તેથી તે ભાગી ગયો. પાછળથી શ્રેણિકે સૈન્યને ભાંગી નાંખ્યું. આ બાજુ બધા રાજાઓ પ્રદ્યોતરાજાને કહેવા લાગ્યા કે – "અમે આવું કર્યું નથી. (અર્થાત્ તે દિનારો અમે લીધા નથી.) આ બધી અભયકુમારની માયા છે. પ્રદ્યોતે રાજાઓની વાત સ્વીકારી.

### ❋ પ્રદ્યોતરાજાના તાબામાં અભયકુમાર ❋

એકવાર પ્રદ્યોતે રાજ્યસભામાં કહ્યું કે– "શું મારી પાસે એવી કોઈ વ્યક્તિ નથી ? કે જે અભયને પકડી લાવે." થોડાક સમય પછી એક ગણિકાએ કહ્યું – "હું અભયને લાવીશ. પરંતુ તે માટે મને સહાયરૂપે બીજી સ્ત્રીઓ આપો." પ્રદ્યોતે તેને સહાયરૂપે બીજી પોતાને રૂચે એવી સાત સ્ત્રીઓ મધ્યમવયવાળી આપી. તથા પીઢ માણસો પણ આપ્યા. જતા પહેલાં તે ગણિકાએ સાધ્વીજી પાસે કપટીશ્રાવિકાપણું ગ્રહણ કર્યું. (અર્થાત્ શ્રાવિકાનો આચાર શીખી લીધો.) ત્યાર

---

३९. भणति-मा शङ्कध्वं, नाशयामि तस्य व्रातमिति, तेन स्कन्धावारनिवेशज्ञायकेन भूमिगता दीनारा लोहश्रृङ्गाटकेषु निखाता दण्डावासस्थानेषु, स आगतो रुणद्धि, योधिताः कतिचिद्दिवसान्, पश्चादभयो लेखं ददाति, यथा तव दण्डिकाः सर्वे श्रेणिकेन भेदिता नश्य मा गृहीत, अथाप्यप्रत्ययस्तवामुकस्य च अमुकस्य च दण्डिकस्यामुकं प्रदेशं खन, तेन खातं, दृष्टो, नष्टश्च, पृष्टतः श्रेणिकेन बलं विलोलितं, तेऽपि राजानः सर्वे प्रकथयन्ति–नैतस्य कर्त्तारो वयं, अभयेनैषा माया कृता, तेन प्रत्ययितं । अन्यदा स आस्थान्यां भणति–स मम नास्ति ? यस्तमानयेत्, अन्यदैका गणिका भणति–अहमानयामि, नवरं मम साहाय्यिका दीयन्तां, दत्तास्तस्याः सप्त द्वैतीयिका यास्तस्यै रोचन्ते मध्यवयसः, मनुष्या अपि स्थविराः, तै समं प्रवहणैर्बहुकेन च भक्तपानेन

४० य पुव्विं व संजइमूले कवडसड्ढत्तणं गहेऊण गयाओ, अन्नेसु य गामणयरेसु जत्थ संजया सड्ढा य तहिं २ अइंतिओ सुट्ठुयरं बहुसुयाओ जायाओ, रायगिहं गयाओ, बाहिं उज्जाणे ठियाउ चेइयाणि वंदंतीउ घरचेइयपरिवाडीए अभयघरमइगयाओ निसीहियत्ति, अभओ दट्ठूणं उम्मुक्कभूसणाउ उट्ठिओ सागयं निसीहियाएत्ति, चेइयाणि दरिसियाणि वंदियाणि य, अभयं वंदित्ता निविट्ठाओ, जम्मभूमीउ णिक्खमणणाणणिव्वाणभूमीओ वंदावेंति, पुच्छइ–कओ ?, ताओ कहेंति–उज्जेणीए अमुगो वाणियपुत्तो तस्स य भज्जाओ, सो कालगओ, अम्हे पव्वइउंकामाओ, न तीरंति पव्वइएहिं चेइयाणि वंदिउं पढितव्वएण, भणियाओ य पाहुणियाउ होह, भणंति–अब्भत्तट्ठियाओ अम्हे, सुचिरं अच्छित्ता गयाओ, बितियदिवसे अभओ एक्कगो आसेणं पगे पगओ, एह मम घरे

પછી સાત સ્ત્રીઓ, માણસો, વાહનો અને ઘણું બધું ભક્ત–પાન લઈને તે ગણિકા જવા નીકળી. વચ્ચે બીજા ગામ–નગરોમાં જ્યાં–જ્યાં સાધુઓ અને શ્રાવકો હોય ત્યાં ત્યાં બધે જતી સ્ત્રીઓ સહિતની આ ગણિકા સારી રીતે બહુશ્રુત = જ્ઞાનને પામનારી થઈ.

ક્રમે કરીને તેઓ બધા રાજગૃહમાં આવ્યા. બહાર ઉદ્યાનમાં રહ્યાં. ચૈત્યોને વંદન કરતા કરતા ગૃહચૈત્યના ક્રમે નિસીહિ બોલતી અભયના ઘરે તે બધી પહોંચી. ત્યારે આભૂષણો વિનાની (છતાં સુંદરરૂપવાળી) તેણીઓને જોઈને અભય ઊભો થયો અને કહ્યું – "નિસીહિ કરનારનું સ્વાગત છે." અભયે બધા ચૈત્યો (પ્રભુજીઓ) બતાવ્યા અને તેઓએ વંદન કર્યા. ત્યાર પછી અભયને પ્રણામ કરીને તે બધા બેઠા. ત્યાર પછી તીર્થંકરોની જન્મભૂમિ, નિષ્ક્રમણ=દીક્ષાભૂમિ, કેવલજ્ઞાન અને નિર્વાણભૂમિઓને વંદન કરાવે છે.

ત્યાર બાદ અભયે પૂછ્યું– "તમે ક્યાંથી આવો છો ?" તેઓએ કહ્યું – "ઉજ્જયિનીનગરીમાં અમુક વેપારીપુત્ર છે તેની અમે પત્નીઓ છીએ. અમારો પતિ મૃત્યુ પામ્યો છે. તેથી અમે બધી પત્નીઓ દીક્ષા લેવાની ઇચ્છાવાળી છીએ. વળી દીક્ષા લીધા બાદ સ્વાધ્યાયાદિને કારણે ચૈત્યોની વંદના કરવી શક્ય નથી. (તેથી અમે ચૈત્યોની વંદના માટે નીકળ્યા છે.) અભયે કહ્યું – "મારે ત્યાં આજે તમે મહેમાન થાઓ." તેઓએ કહ્યું – "આજે અમારે ઉપવાસ છે." ઘણીવાર સુધી અભયના ઘરે રહીને ત્યાંથી તેઓ નીકળ્યા. બીજા દિવસે અભય સવારે એકલો અશ્વ ઉપર બેસી

४०. च पूर्वमेव संयतीमूले कपटश्राद्धत्वं गृहीत्वा गताः, अन्येषु च ग्रामनगरेषु यत्र संयताः श्राद्धाश्च तत्रातिगच्छन्त्यः सुष्ठुतरं बहुश्रुता जाताः, राजगृहं गताः, बहिरुद्याने स्थितताश्चैत्यानि वन्दमाना गृहचैत्यपरिपाट्याऽभयगृहमतिगता नैषेधिकीति ( भणितवन्त्यः ), अभयो दृष्ट्वोन्मुक्तभूषणा उत्थितः स्वागतं नैषेधिकीनामिति, चैत्यानि दर्शितानि वन्दितानि च, अभयं वन्दित्वा निविष्टाः, जन्मभूमीर्निष्क्रमणज्ञान-निर्वाणभूमीर्वन्दयन्ति पृच्छति–कुतः ?, ताः कथयन्ति–उज्जयिन्याममुको वणिक्पुत्रः तस्य च भार्याः, स कालगतः, पठितव्येन, वयं प्रव्रजितुकामाः, न शक्यते प्रव्रजिताभिश्चैत्यानि वन्दितुं पठितव्येन भणिताश्च–प्राघूर्णिका भवत, भणन्ति–अभक्तस्थिता वयं, सुचिरं स्थित्वा गताः, द्वितीयदिवसे अभयः एकाकी अश्वेन प्रभाते प्रगतः, आयात मम गृहे

[૪૧] **पारेधत्ति, भणंति–इमं पारणं तुब्भे पारेह, चिंतेइ–मा मम घरं न जाहिंति भणइ–एवं होउ, पजिमिओ, संजोइउं महुं पाइओ, सुत्तो, ताहे आसरहेण पलाविओ, अंतरा य अण्णेवि रहा पुव्वट्ठिया एवं परंपरेण उज्जेणिं पाविओ, उवणीओ पज्जोयस्स, भणिओ–कहिं ते पंडिच्चं ?, धम्मच्छलेण वंचिओ, बद्धो, पुव्वाणीया से भज्जा सा उवणीया, तीसे का उप्पत्ती–सेणियस्स विज्जाहरो मित्तो तेण मित्तया थिरा होउत्ति सेणिएण से सेणा नाम भगिणी दिन्ना निबंधे कए, साविय विज्जाहरस्स इट्ठा, एसा धरणिगोयरा अम्हं वहाएत्ति विज्जाहरिहिं मारिया, तीसे धूया सा तेण मा एसावि मारिज्जिहितित्ति सेणियस्स उवणीया खिज्जिओ य, सा जोव्वणत्था**

'મારા ઘરે આજે પારણા માટે પધારો' એ પ્રમાણે આમંત્રણ આપવા ગયો. ત્યારે તેઓએ કહ્યું – "તમે જ આજે અહીં પારણું કરો." અભય વિચારે છે કે "એમનેમ તેઓ મારા ઘરે નહીં આવે." તેથી તેણે કહ્યું – "ભલે એમ થાઓ. (અર્થાત્ ભલે આજે હું અહીં પારણું કરું છું. પછી તમારે આવવું પડશે.) તે જમ્યો. મૂર્છા પમાડનાર અનેક વસ્તુઓ મિશ્રિત કરીને મદિરા પીવડાવી. જેથી તે ત્યાં જ સૂઈ ગયો.

ત્યાર પછી અશ્વરથમાં તેને નાંખી લઈ જવાયો. વચ્ચે વચ્ચે બીજા અશ્વરથો પણ પહેલેથી જ તૈયાર રાખ્યા હતા. આ પ્રમાણે પરંપરાએ અભયકુમારને ઉજ્જયિનીનગરીમાં પહોંચાડ્યો. પ્રદ્યોત પાસે લવાયો. પ્રદ્યોતે કહ્યું – "કેમ અભય ! ક્યાં ગયું તારું પાંડિત્ય ?" અભયે કહ્યું – "તમે મને ધર્મના બહાનાથી ઠગ્યો છે." અભયને બાંધી દેવામાં આવ્યો અને પૂર્વે આવેલી અભયની પત્ની અભયની સામે ઉપસ્થિત કરવામાં આવી.

તે ક્યાંથી આવી ? તે કહે છે – શ્રેણિકરાજાને એક વિદ્યાધર મિત્ર હતો. આ વિદ્યાધર સાથે કાયમ મૈત્રી ટકે તે કારણથી આગ્રહ કરીને શ્રેણિકે પોતાની સેનાનામની બહેન વિદ્યાધરને પરણાવી. તે પણ વિદ્યાધરને ઘણી પ્રિય હતી. (પરંતુ વિદ્યાધરની બીજી પત્નીઓને ઈર્ષ્યા થતાં) 'આ પૃથ્વી ઉપર ચાલનારી સ્ત્રી આપણા વધ માટે થશે' એમ વિચારી વિદ્યાધરીઓએ તેને મારી નાંખી. તેને એક દીકરી હતી. તેને પણ આ સ્ત્રીઓ મારી ન નાંખે તે માટે વિદ્યાધર તે દીકરીને શ્રેણિક પાસે લાવ્યો અને પોતે શોક કરવા લાગ્યો. આ કન્યા જ્યારે યુવાનીમાં આવી ત્યારે અભય

**૪૧. पारयतेति, भणन्ति–इदं पारणकं यूयं पारयत, चिन्तयति–मा मम गृहं नायासिष्ट, भणति–एवं भवतु, प्रजिमितः, सांयोगिकं मधु पाययित्वा स्वपितः, तदाऽश्वरथेन परिप्रापितः, अन्तरा चान्येऽपि रथाः पूर्वस्थापिताः, एवं परम्परकेणोज्जयिनीं प्रापितः, प्रद्योतायोपनीतः, भणितः–क्व ते पाण्डित्यं ?, धर्मच्छलेन वञ्चितो, बद्धः, पूर्वानीता तस्य भार्या सोपनीता, तस्याः कोत्पत्तिः ?, श्रेणिकस्य विद्याधरो मित्रं, ततो मैत्री स्थिरा भवत्विति श्रेणिकेन तस्मै सेनानाम्नी भगिनी दत्ता निर्बन्धं कृत्वा, सापिच विद्याधरस्येष्टा, एषा धरणीगोचराऽस्माकं वधायेति विद्याधरीभिर्मारिता, तस्या दुहिता सा तेन मैषाऽपि मार्यतामिति श्रेणिकायोपनीता, रुष्टश्च, सा यौवनस्था**

**[४२] अभयस्स दिण्णा, सा विज्जाहरी अभयस्स इट्ठा, सेसाहिं महिलाहिं मायंगी उलग्गिया, ताहिं बिज्जाहिं जहा नमोक्कारे चक्खिंदियउदाहरणे जाव पच्चंते उज्झिया तावसेहिं दिट्ठा पुच्छिया कओसित्ति ?, तीए कहियं, ते य सेणियस्स पुव्वया तावसा, तेहिं अम्हं नत्तुगित्ति सारविया, अन्नया पट्ठविया सिवाए उज्जेणीं नेऊण दिण्णा, एवं तीए समयं अभओ वसइ, तस्स पज्जोयस्स चत्तारि रयणाणि– लोहजंघो लेहारिओ अग्गिभीरुरहोऽनलगिरी हत्थि सिवादेवित्ति, अन्नया सो**

સાથે પરણાવી. આ વિદ્યાધરી અભયને અત્યંત પ્રિય હતી. (જેથી અભયની બીજી પત્નીઓને ગમતું નહોતું. આ નવી પત્નીને ઠેકાણે પાડવા) બીજી પત્નીઓએ ચાંડાલણને (કે જેણે મેલી વિદ્યાઓ સિદ્ધ કરી હતી તેને) બોલાવી. પછીની બધી વિધિ જે રીતે નમસ્કારનિર્યુક્તિમાં ચક્ષુ–ઇન્દ્રિયના ઉદાહરણમાં કહી છે તે પ્રમાણે જાણવી. (તે આ પ્રમાણે કે – અભયકુમારની અન્ય પત્નીઓને ચાંડાલણે કહ્યું કે "તેની ઉપર આળ ચઢાવીએ, જેથી પતિ તેના ઉપર તરત વૈરાગ્યવાન થાય અને તેને તરછોડી મૂકે." એમ વિચારીને નગરમાં અતિભયંકર મરકી ફેલાવી. રાજાએ ચાંડાલણોને કહ્યું કે – "તપાસ કરો, આ મરકી થવાનું કારણ શું છે ?"

તે સમયે ચાંડાલણોએ પોતાની વિદ્યાના પ્રભાવથી તે પ્રિયતમાના ઓરડામાં મનુષ્યોના હાડકાં વિગેરે વિકુર્વ્યા. અને તેનું મુખ લોહીથી ખરડીને કદરૂપું બનાવ્યું. પછી રાજાને નિવેદન કર્યું કે મરકીનું કારણ તમારા ઘરમાં જ છે. રાજાએ જાણીને ચાંડાલણને કહ્યું કે અડધી રાતે લઈ જઈ તેને મારી નાખવી. ચાંડાલણ તેને અડધી રાતે લઈ તો ગઈ પરંતુ આ નિર્દોષ છે એવું જાણતી ચાંડાલણને દયા આવવાથી) તેને ગામના સીમાડે છોડી દીધી. ત્યાંથી છૂટીને તે ગહન જંગલમાં આવી.

ત્યાં જંગલમાં તાપસોએ જોઈ. પૂછ્યું – "હે ભદ્રે ! તું ક્યાંથી આવી છે ?" તેણીએ બધી વાત કરી. આ તાપસો શ્રેણિકના પૂર્વજો હતા. તેઓએ – "આ અમારી પૌત્રી છે" એમ વિચારીને અભયની તે પત્નીની સાર-સંભાળ કરી. કેટલાક દિવસ પછી સાર્થ સાથે તે તાપસો ઉજ્જયિની ગયા અને ત્યાં જઈને પ્રદ્યોતની પત્ની શિવાદેવીને સમર્પણ કરી. આ રીતે અભયની પત્ની પ્રદ્યોતરાજા પાસે આવી હતી જે અભયને સોંપતા તેની સાથે અભયકુમાર રહે છે.

## ✻ અભયકુમારને ચાર વરદાનોની પ્રાપ્તિ ✻

તે પ્રદ્યોતને ચાર રત્નો હતા – (૧) લોહજંઘનામે લેખવાહક (દૂત), (૨) અગ્નિભીરુનામે રથ, (૩) અનલગિરિ હાથી, (૪) શિવાદેવી. એકવાર તે લોહજંઘને ભરૂચ મોકલ્યો. ત્યાંના

**૪૨. अभयाय दत्ता, सा विद्याधर्यभयस्येष्टा, शेषाभिर्महिलाभिर्मातङ्गी अवलगिता, ताभिर्विद्याभिर्यथा नमस्कारे चक्षुरिन्द्रियोदाहरणे यावत् प्रत्यन्त उज्झिता तापसैर्दृष्टा पृष्टा–कुतोऽसीति ?, तया कथितं, ते च श्रेणिकस्य पूर्वजास्तापसाः, तैरस्माकं नप्तेति संरक्षिता, अन्यदा प्रस्थापिता उज्जयिनीं नीत्वा शिवायै दत्ता, एवं तया सममभयो वसति, तस्य प्रद्योतस्य चत्वारि रत्नानि–लोहजङ्घो लेखहारकोऽग्निभीरू रथोऽनलगिरिर्हस्ती शिवादेवीति, अन्यदा स**

[४३]लोहजंघो भरुयच्छं विसज्जिओ, ते य चिंतेन्ति–एस एगदिवसेण एइ पंचवीसजोयणाणि, पुणो २ सद्दाविज्जामो, एयं मारेमो, जो अण्णो होहिति सो गणिएहिं दिवसेहिं एहिति, एच्चिरंपि कालं सुहिया होमो, तस्स संबलं पदिण्णं, सो नेच्छइ, ताहे विहीए से दवावियं, तत्थवि से विससंजोइया मोयगा दिण्णा, सेसगं संबलं हरियं, सो कइवि जोयणाणि गंता नदीतीरे खामित्ति जाव सउणो वारेइ, उट्ठेत्ता पहाविओ, पुणो दूरं गंतुं पक्खाइओ, तत्थवि वारिओ ततियंपि वारिओ, तेण चिंतियं–भवियव्वं कारणेणंति पज्जोयस्स मूलं गओ, निवेइयं रायकज्जं, तं च से परिकहियं, अभओ वियक्खणोत्ति सद्दाविओ, तं च से परिकहियं, अभओ तं अग्घाइउं संबलं भणइ–एत्थ दव्वसंजोएण दिट्ठीविसो सप्पो सम्मुच्छिमो जाओ, जइ उग्घाडियं होंतं तो दिट्ठीविसेण सप्पेण

રાજાઓ વિચારે છે કે "આ લોહજંઘ એક જ દિવસમાં પચ્ચીસયોજન આવી જાય છે. (તેથી રાજાને કંઈક નવું કામ પડશે અને) વારંવાર આપણને બોલાવશે. તેથી આ લોહજંઘને મારી નાંખીએ, જેથી એના સ્થાને જે બીજો આવશે તે ઘણા દિવસે પચ્ચીસયોજન દૂર રહેલ ભરૂચનગરે આવશે. જેથી એટલા દિવસ આપણને શાંતિ રહેશે."

ખંડિયા રાજાઓએ લોહજંઘને મારવા માટે ભાતું આપ્યું. પરંતુ તે લેવા ઇચ્છતો નથી. ત્યારે સમજાવવાપૂર્વક(?) અપાવ્યું. તે ભાતામાં વિષથી યુક્ત મોદકો આપ્યા. એની પાસે બીજું જે ભાતું હતું તે હરી લીધું. હવે તે કેટલાક યોજનો ગયા બાદ 'હું ખાવા બેસું' એમ વિચારી નદીના કિનારે બેઠો. ત્યાં જેવો જમવાનું શરૂ કરે છે કે પક્ષી તેને અટકાવે છે, (અર્થાત્ પક્ષીનો અવાજ સાંભળીને કંઈક અપશુકન સમજીને તે પોતે ખાતા અટકે છે.) ત્યાંથી તે આગળ વધ્યો. ફરી થોડે દૂર જઈને ખાવાની શરૂઆત કરવા ગયો તેવામાં ત્યાં પણ પક્ષી અટકાવે છે. એ જ રીતે ત્રીજી વાર પણ અટકાવ્યો.

ત્યારે તેણે વિચાર્યું કે – "નક્કી આમાં કો'ક કારણ હોવું જોઈએ." તેથી તે હવે સીધો પ્રદ્યોત પાસે ગયો. પ્રથમ રાજકાર્યનું નિવેદન કર્યું અને સાથે પોતાના ભાતા અંગેની વાત પણ કરી. આ બાબતમાં અભય વિચક્ષણ છે એમ જાણી અભયને બોલાવ્યો. અને તેને વાત કરી. અભયે તે ભાતાને સુંઘીને કહ્યું – "આમાં અમુક દ્રવ્યનો સંયોગ કરેલ હોવાથી દૃષ્ટિવિષ સાપ ઉત્પન્ન થયો છે. જો તે આને ઉઘાડ્યું હોત તો દૃષ્ટિવિષ સર્પે તને ડંશ્યો હોત." "તો હવે તેનું શું કરવું ?"

૪૩. लोहजङ्घो भृगुकच्छं प्रति विसृष्टः, ते च चिन्तयन्ति–एष एकदिवसेनायाति पञ्चविंशतियोजनानि, पुनः पुनः शब्दापयिष्यामहे, एनं मारयामः, योऽन्यो भविष्यति स बहुभिर्दिनैरायास्यति, इयच्चिरं कालं सुखिनो भविष्यामः, तस्मै शम्बलं प्रदत्तं, स नेच्छति, तदा विधिना तस्मै दापितं, तत्रापि विषसंयुक्ता मोदकास्तस्मै दत्ताः, शेषं शम्बलं हृतं, स कतिचिद्योजनानि गत्वा नदीतीरे खादामीति यावच्छकुणो वारयति, उत्थाय प्रधावितः, पुनर्दूरं गत्वा प्रखादितस्तत्रापि वारितः तृतीयमपि वारितः, तेन चिन्तितं–भवितव्यं कारणेनेति प्रद्योतस्य मूले गतो, निवेदितं राज्यकार्यं, तच्च तस्मै परिकथितं, अभयो विचक्षण इति शब्दायितः, तच्च तस्मै परिकथितं, अभयस्तत् आघ्राय शम्बलं भणति–अत्र द्रव्यसंयोगेन दृष्टिविषः सर्पः संमूर्च्छिमो जातः, यद्युद्घाटितमभविष्यत्तदा दृष्टिविषेण सर्पेण

[४४] खाइओ होन्तो, तो किं कज्जउ ?, वणनिउंजे मुएज्जह, परंमुहो मुक्को, वणाणि दड्ढाणि, सो अन्तोमुहुत्तेण मओ, तुट्ठो राया, भणिओ–बंधणविमोक्खवज्जं वरं वरेहित्ति,भणइ–तुब्भं चेव हत्थे अच्छउ, अण्णयाऽनलगिरी वियट्ठो न तीरइ घेत्तुं, अभओ पुच्छिओ, भणइ–उदायणो गायउत्ति, तो उदायणो कहं बद्धोत्ति–तस्स य पज्जोयस्स धूया वासवदत्ता नाम, सा बहुयाउ कलाउ सिक्खाविया, गंधव्वेण उदयणो पहाणो सो घेप्पउत्ति, केण उवाएणंति ?, सो किर जं हत्थिं पेच्छइ तत्थ गायइ जाव बंधंपि न याणइ, एवं कालो वच्चइ, इमेण जंतमओ हत्थी काराविओ, तं सिक्खावेइ, तस्स विसयंते चारिज्जइ, तस्स वणचरेहिं कहिओ, तो तत्थ सो

ત્યારે અભયે કહ્યું "તેને વનની ઝાડીઓમાં મૂકો." મૂકવા જનારા માણસોએ પોતાનાથી પરાઙ્મુખે સાપને છોડ્યો. તે સાપે સામે રહેલ વનોને બાળી નાંખ્યા. ત્યાર પછીના અંતર્મુહૂર્તે સાપ પણ મરી ગયો. અભયકુમારની બુદ્ધિ જોઈને રાજા ખુશ થયો અને અભયને કહ્યું – "બંધનમુક્તિસિવાયનું વરદાન માંગ." અભયે કહ્યું – "અત્યારે તમારી પાસે રાખી મૂકો (અવસરે માંગીશ.)." એકવાર અનલગિરિ ગાંડો થયો, જેથી તેને પકડવો અશક્ય બન્યો. અભયને પૂછ્યું. તેણે કહ્યું – "ઉદાયનરાજા ગાય (તો હાથી વશમાં થાય.) ઉદાયનને પ્રદ્યોતે કેવી રીતે કબજે કર્યો હતો ? તે કહે છે –

## ❀ પ્રદ્યોતરાજાએ ઉદાયનરાજાને પકડ્યો ❀

પ્રદ્યોતને વાસવદત્તા નામે દીકરી હતી. તેને ઘણી કળાઓ શીખવાડી હતી. ગંધર્વકળામાં ઉદાયનરાજા પ્રધાન=નિપુણ હતો. (દીકરીને આ કળા શીખવાડવા) આને પકડવો એમ પ્રદ્યોતે વિચાર્યું. "કયા ઉપાયથી પકડવો ?" તેનો ઉપાય એ હતો કે તે ઉદાયન જે હાથીને જુએ ત્યાં ગાવા લાગે. જેથી તે હાથી ગીત પાછળ ખેંચાતો ખેંચાતો બંધસ્થાને આવે અને ત્યાં તેને બાંધે તો પણ ખબર પડે નહીં. (ઉદાયન પાસે આવા પ્રકારની ગાંધર્વકળા હતી.)

આ ઉપાય હોવા છતાં ઉદાયનને પકડવો કેવી રીતે ? એના વિચારમાંને વિચારમાં કેટલોક કાળ પસાર થયો. છેવટે પ્રદ્યોતરાજાએ યંત્રમય હાથી તૈયાર કરાવ્યો. સૈનિકોને તે યંત્રમય હાથી ચલાવતા શીખવાડ્યું. પછી ઉદાયન જ્યાં રહે છે તે દેશના સીમાડે હાથીને ચરાવે છે. તે હાથીની વાત ત્યાંના વનચરોએ રાજાને કરી.

४४. खादितोऽभविष्यत्, तत् किं क्रियतां ?, वननिकुञ्जे मुञ्चत, पराङ्मुखो मुक्तः, वनानि दग्धानि, सोऽन्तर्मुहूर्त्तेन मृतः, तुष्टो राजा, भणितः–बन्धनविमोक्षवर्जं वरं वृणुष्वेति, भणति–युष्माकमेव हस्ते तिष्ठतु, अन्यदाऽनलगिरिर्विवृत्तो न शक्यते ग्रहीतुं, अभयः पृष्टः, भणति–उदायनो गायत्विति, तत् उदायनः कथं बद्ध इति, तस्य च प्रद्योतस्य दुहिता वासवदत्ता नाम्नी, सा बहुकाः कलाः शिक्षिता, गान्धर्वेणोदायनः प्रधानः स गृह्यतामिति, केनोपायेनेति, स किल यं हस्तिनं प्रेक्षते तत्र गायति यावद् बन्धमपि न जानाति, एवं कालो व्रजति, अनेन यन्त्रमयो हस्ती कारितः तं शिक्षयति, तस्य विषयान्ते चार्यते, तस्मै वनचरैः कथितः, ततः तत्र स

[૪૫] गओ, तत्थ खंधावारो पेरंतेहिं अच्छइ, सो गायइ हत्थी ठिओ ढुक्को गहिओ य आणिओ य, भणिओ—मम धूया काणा तं सिक्खावेह मा तं पेच्छसु मा सा तुमं दद्धूण लज्जिहिति, तीसेवि कहियं—उवज्झाओ कोढिउत्ति मा दच्छिहिसित्ति, सो य जवणियंतरिओ तं सिक्खावेइ, सा तस्स सरेण हीरइ, कोढिओत्ति न जोएति, अण्णया चिंतेइ—जइ पेच्छेज्झामि तं चिंतेन्ती अण्णहा पढइ, तेण रुट्ठेण भणिया—किं काणे ! विणासेहि ?, सा भणइ—कोढिया ! न याणसि अप्पाणयं, तेण चिंतियं-जारिसो अहं कोढिओ तारिसा एसावि काणत्ति, जवणिया फालिया, दिट्ठा अवरोप्परं संजोगो जाओ, नवरं कंचणमाला दासी जाणइ अम्मधाई य सा चेव, अण्णया

તેથી ઉદાયનરાજા ત્યાં ગયો. સ્કંધાવાર(સેના) દૂર સીમાડે ઉભો રહે છે. રાજા ગાવા લાગે છે. હાથી તે સાંભળીને ઊભો રહ્યો. તેથી રાજા તેની પાસે ગયો. જેવો પાસે ગયો કે (અંદરથી નીકળેલા) પ્રદ્યોતરાજાના સૈનિકોએ તેને પકડ્યો અને રાજા પાસે લાવ્યા. (આ રીતે પ્રદ્યોતરાજાએ ઉદાયનરાજાને પકડ્યો હતો.) પ્રદ્યોતે ઉદાયને કહ્યું—"મારી દીકરી કાણી છે તેને તું ગાંધર્વકળા શીખવાડ. પરંતુ તારે તેને જોવી નહીં, નહીં તો તે તને જોઈને લજ્જા પામશે." બીજી બાજુ પ્રદ્યોતે પોતાની દીકરીને પણ કહ્યું કે "તને જે ભણાવવા આવવાનો છે તે કોઢિયો છે તેથી તું તેને જોતી નહીં."

ઉદાયન તેને પડદા પાછળ રહીને શીખવાડે છે. તે ઉદાયનના સ્વરથી આકર્ષાઈ પરંતુ કોઢિયો હોવાથી જોતી નથી. એકવાર તે વિચારે છે કે "એકવાર ઉપાધ્યાયને જોઉં તો ખરી." આ રીતે વિચારમાં પડેલી તે જે રીતે શીખવાડ્યું તેના કરતા બીજી રીતે.જ બોલે છે. તેથી ગુસ્સે થયેલ ઉદાયન બોલ્યો – "હે કાણી ! કેમ ઊંધુ બોલે છે ?" સામે તે બોલી– "હે કોઢિયા ! પોતાને જાણતો નથી (અર્થાત્ તું મને કાણી કહે છે તો તું વળી કોણ છે ? તે તું જાણતો નથી.)"

ઉદાયને વિચાર્યું કે "જેવા પ્રકારનો હું કોઢિયો છું, તેવા પ્રકારની આ પણ કાણી છે. (અર્થાત્ જો હું કોઢિયો નથી તો એનો મતલબ એ કે તે પણ કાણી નથી.)" વચ્ચે રહેલ પડદો દૂર કર્યો. પ્રદ્યોતની દીકરીને જોઈ એકબીજા તરફ તેઓ આકર્ષાયા. આ વાત કાંચનમાલા નામની દાસી જ જાણતી હતી અને તે જ તેની ધાવમાતા હતી. (આ રીતે ઉદાયન રાજા પ્રદ્યોતના કબજામાં આવ્યો વિગેરે વાત કરી. હવે પૂર્વે જે વાત કરી હતી કે અનલગિરિ હાથી ગાંડો થયો, તેને પકડવું અશક્ય બન્યું. તે કેવી રીતે થયું ? તે વાત ફરી વિસ્તારથી ટીકાકાર કહે છે.)

૪૫. गतः, तत्र स स्कन्धावारः पर्यन्तेषु तिष्ठति, स गायति हस्ती स्थितः आसन्नीभूतो गृहीतश्चानीतश्च, भणितो—मम दुहिता काणा तां शिक्षय मा तं द्राक्षीः मा सा त्वां दृष्ट्वाऽलज्जीदिति, तस्यायपि कथितं—उपाध्यायः कुष्ठीति मा द्राक्षीरिति, स च यवनिकान्तरितस्तां शिक्षयति, सा तस्य स्वरेण ह्रीयते कुष्ठीति न पश्यति, अन्यदा चिन्तयति-यदि पश्यामि, तच्चिन्तयती अन्यथा पठति, तेन रुष्टेन भणिता-किं काणे ! विनाशयति ?, सा भणति—कुष्ठिन् ! न जानास्यात्मानं, तेन चिन्तितं—यादृशोऽहं कुष्ठी तादृशी एषापि काणेति, यवनिका पाटिता दृष्टा, परस्परं संयोगो जातः, नवरं कञ्चनमाला दासी जानाति, अम्बधात्री च सैव, अन्यदा

[४६]आलाणखंभाओऽनलगिरी फिडिओ, रायाए अभओ पुच्छिओ–उदयणो गायउत्ति, ताहे उदयणो भणिओ, सो भणइ–भद्दवतिं हत्थिणिं आरुहिऊणं अहं दारिगा य गायामो, जवणियंतरियाणि गाणिं गायंति, हत्थी गेएण अक्खित्तो गहिओ, इमाणिवि पलायाणि, एस बीतिओ वरो, अभएण भणियं–एसोवि तुब्भं चेव पासे अच्छउ, अण्णे भणंति–उज्जाणियागओ पज्जोओ इमा दारिया णिम्माया तत्थ गाविज्जिहियत्ति, तस्स य जोगंधरायाणो अमच्चो, सो उम्मत्तगवेसेण पढइ–

*"यदि तां चैव तां चैव, तां चैवाऽऽयतलोचनाम् ।*
*न हरामि नृपस्यार्थे, नाहं योगधरायण: ॥१॥ "*

सो य पज्जोएण दिट्ठो, ठिओ काइयं पवोसरिउं, णायरो कओ पिसाउत्ति, सा य कंचणमाला विभिन्नरहस्सा, वसंतमेंठेणवि चत्तारि मुत्तघडियाओ विलइयाओ, घोसवती वीणा,

એકવાર અનલગિરિ હાથી આલાનસ્થંભથી (હાથીને બાંધવાના સ્થાનો આલાનસ્થંભ કહેવાય છે.) ગમે તે રીતે છૂટી ગયો. (મહાવત વિગેરેએ પકડવાનો પ્રયત્ન કર્યો પરંતુ કેમે કરીને તે પકડાતો નથી. તેથી હવે શું કરવું ? એ વિચારમાં) રાજાએ અભયને પૂછ્યું.એટલે અભયે કહ્યું કે તમારે ત્યાં રહેલ ઉદાયન જો ગાય તો હાથી વશમાં આવે.) ઉદાયનને કહેવામાં આવ્યું. તેણે કહ્યું – "ભદ્રવતીનામની હાથિણી ઉપર આરુઢ થઈને હું અને તારી દીકરી ગાઈશું."

બે વચ્ચે પડદો કરવાદ્વારા તે બે જણા ગીત ગાય છે. ગીતવડે આકર્ષાયેલ હાથીને પકડ્યો. આ બંને જણા પણ ભાગી ગયા. તે પહેલાં પ્રદ્યોતે અભય ઉપર ખુશ થઈને બીજું વરદાન માંગવાનું કહ્યું. ત્યારે અભયે કહ્યું – "આ પણ તમારી પાસે જ રાખી મૂકો (અવસરે માંગીશ.)

અહીં (=ઉદાયન અને પ્રદ્યોતની દીકરી કેવી રીતે ભાગ્યા ? તે વિષયમાં) કેટલાક અન્ય આચાર્યો આ પ્રમાણે કહે છે – એકવાર પ્રદ્યોત ઉદ્યાપન=ઉજમણા માટે ગયો. અને ત્યાં આ દીકરી ગાવામાં નિષ્ણાત થયેલી હોવાથી ગીતો ગાશે. (એવા વિચારથી દીકરીને પણ ત્યાં લઈ ગયા.) ઉદાયનરાજાને યોગંધરાજ નામે મંત્રી હતો. તે ત્યાં ઉદ્યાપનમાં પાગલ જેવો વેષ ધારણ કરીને બોલે છે કે – "તે જ, તે જ, તે જ લાંબી આંખોવાળી સ્ત્રીને જો હું રાજા માટે ન લઈ જાઉં તો હું યોગંધરાજ નહીં. ॥૧॥" પાગલ થઈને આ રીતે બોલતા મંત્રીને પ્રદ્યોતે જોયો. માત્રુ કરીને તે ઊભો રહ્યો. આ પાગલ છે એમ વિચારી પ્રદ્યોતે મંત્રીની વાતનો આદર ન કર્યો (અર્થાત્ બહું ધ્યાન ન આપ્યું.) કાંચનમાલા કે જેણે ઉદાયન અને દીકરીનું રહસ્ય ખબર હતું તે તથા

४६. आलानस्तम्भादनलगिरिः स्फिटितः, राज्ञाऽभयः पृष्टः–उदायनो गीयतामिति, तदोदायनो भणितः, स भणति–भद्रवतीं हस्तिनीमारुह्याहं दारिका च गायावः, यवनिकान्तरिते गानं गायतः, हस्ती गेयेनाक्षिप्तो गृहीतः, इमे अपि पलायिते, एष द्वितीयो वरः, अभयेन भणितं– एषोऽपि युष्माकमेव पार्श्वे तिष्ठतु, अन्ये भणन्ति–उद्यानिकागतः प्रद्योत इयं च दारिका निष्णाता तत्र गास्यतीति, तस्य च योगन्धरायणोऽमात्यः, स उन्मत्तकवेषेण पठति–स च प्रद्योतेन दृष्टः, स्थितः कायिकीं प्रव्युत्स्रष्टुं, नादारः कृतः पिशाच इति, सा च कञ्चनमाला विभिन्नरहस्या, वसन्तमेण्ठेनापि चतस्रो मूत्रघटिका विलगिताः, घोषवती वीणा,

[४७] कच्छाए बज्झंतीए सक्कुरओ नाम मंती अंधलो भणइ–कक्षायां बध्यमानायां, यथा रसति हस्तिनी । योजनानां शतं गत्वा, प्राणत्यागं करिष्यति ॥१॥ ताहे सव्वजणसमुदयमज्झे उदयणो भणइ–एष प्रयाति सार्थः काञ्चनमाला वसन्तकश्चैव । भद्रवती घोषवती वासवदत्ता उदयनश्च ॥१॥ पहाविया हत्थिणी, अनलगिरी जाव संनज्झइ ताव पणुवीसं जोयणाणि गयाणि, संनद्धो ★मग्गउ लग्गो, अदूरागए घडिया भग्गा, जाव तं उस्सिंघइ ताव अण्णाणिवि पंचवीसं, एवं तिण्णिवि, नगरं च अइगओ । अण्णया उज्जेणीए अग्गी उट्ठिओ, णयरं डज्झइ, अभओ पुच्छिओ, सो भणइ–विषस्य विषमौषधं अग्नेरग्निरेव, ताहे अग्गीउ अण्णो अग्गी कओ, ताहे ठिओ,

વસંતનામના મહાવતે પહેલેથી જ ભદ્રવતી હાથિણી ઉપર ચાર મૂત્રના ઘડા લગાવ્યા હતા. સાથે ઘોષવાળી વીણા લીધી. ત્યાર પછી હાથિણીને બગલથી જોરથી બાંધતા હાથિણીએ અવાજ કર્યો. ત્યારે સક્કુરનામના આંધળા મંત્રીએ (=જોષીએ) કહ્યું કે – "આ રીતે બગલમાં બાંધતા હાથિણી જે રીતે મોટેથી અવાજ કરે છે તેથી લાગે છે કે તે એકસો યોજન સુધી ભાગીને પોતાનો પ્રાણત્યાગ કરશે. ॥૧॥"

(આ રીતે જ્યારે બધા તૈયાર થઈ ગયા ત્યારે) સર્વલોકો વચ્ચે રહેલા ઉદાયને કહ્યું – "આ અમારો સાર્થ જઈ રહ્યો છે. (જેમાં) કાંચનમાલા, વસંત, ભદ્રવતીહાથિણી, ઘોષવાળી વીણા,વાસવદત્તા અને ઉદાયન છે. ॥૧॥ (આ રીતે બધા ભાગ્યા.) હાથિણી ભાગી. પાછળ જવા જેટલી વારમાં અનલગિરિ હાથીને તૈયાર કરવામાં આવ્યો, તેટલી વારમાં ભદ્રવતી હાથિણી પચ્ચીસ યોજન દૂર જતી રહી. તૈયાર થયેલો અનલગિરિ તેઓની પાછળ ગયો.

તદ્દન નજીક આવતા માત્રાના જે ચાર ઘડા લીધા હતા તેમાંનો એક ઘડો ફોડ્યો. પાછળ આવતો અનલગિરિ એને સૂંઘવા લાગ્યો. એટલી વારમાં ભદ્રવતી હાથિણી બીજા પચ્ચીસ યોજન આગળ વધી ગઈ. જ્યારે બીજી વાર હાથી નજીક આવ્યો ત્યારે બીજો ઘડો ફોડ્યો. જેથી જ્યાં સુધી તેને સૂંઘે છે એટલી વારમાં બીજા પચ્ચીસ યોજન આગળ વધી. આ રીતે બધા ઘડા ફોડ્યા. અને તે ઉદાયન પોતાના નગરમાં પહોંચી ગયો.

એકવાર ઉજ્જયિનીમાં અચાનક આગ લાગી. નગર બળવાનું ચાલું થયું. અભયને પૂછતા તેણે કહ્યું – "વિષનું ઔષધ વિષ છે, અગ્નિનું ઔષધ અગ્નિ છે." ત્યારે આ અગ્નિને શાંત કરવા બીજો અગ્નિ ઉત્પન્ન કરવામાં આવ્યો. જેથી પેલો અગ્નિ શાંત થયો. અભય ઉપર ખુશ થઈને ત્રીજું વરદાન માંગવાની વાત કરતા અભયે કહ્યું – "આ પણ તમારી પાસે રાખી મૂકો."

४७. कक्षायां बध्यमानायां सक्तुरतो नाम मन्त्र्यन्धो भणति–तदा सर्वजनसमुदयमध्ये उदायनो भणति–प्रधाविता हस्तिनी, अनलगिरिर्यावत् संनह्यते तावत् पञ्चविंशतिर्योजनानि गतानि, संनद्धो मार्गतो लग्नः, अदूरागते घटिका भग्ना, यावत्तामुज्जिघ्रति तावदन्यान्यपि पञ्चविंशतिः, एवं त्रीन् वारान्, नगरं चातिगतः । अन्यदोज्जयिन्यामग्निरुत्थितः, नगरं दह्यते, अभयः पृष्टः, स भणति–तदाऽग्नेरन्योऽग्निः कृतस्तदा स्थितः,

★ 'पच्छउ लग्गो'–प्रत्य. ।

[૪૮] तइओ वरो, एसवि अच्छउ। अण्णया उज्जेणीए असिवं उट्ठियं, अभओ पुच्छिओ भणइ–अब्भिंतरियाए अत्थाणीए देवीओ विहूसियाओ एज्जंतु, जा तुब्भे रायालंकारविभूसिए दिट्ठिए जिणइ तं मम कहेज्जह, तहेव कयं, राया पलोएति, सव्वा हेट्ठाहुत्तीउ ठायंति, सिवाए राया जिओ, कहियं तव चुल्लमाउगाए, भणइ–रत्तिं अवसण्णा कुंभबलिए अच्चणियं करेत्तु, जं भूयं उट्ठेइ तस्स मुहे कूरं छुब्भतु, तहेव कयंति, तियचउक्के अट्टालएसु य जाहे सा देवया सिवारूवेणं वासइ ताहे कूरं छुब्भइ, भणइ य–अहं सिवा गोपालगमायत्ति, एवं सव्वाणिवि निज्जियाणि, संती जाया, तत्थ चउत्थो वरो। ताहे अभओ चिंतेइ–केच्चिरं अच्छामो ?, जामोत्ति, भणइ–भट्टारगा ! वरा दिज्जंतु, वरेहि पुत्ता !, भणइ–नलगिरिंमि हत्थिमि तुब्भेहिं मिण्ठेहिं सिवाए उच्छंगे निवन्नो

એકવાર ઉજ્જયિનીમાં ભયંકર રોગચાળો ઉત્પન્ન થયો. તેનો નાશ કરવા અભયને પૂછ્યું. તેણે કહ્યું – "તમારી અભ્યંતર પર્ષદામાં એટલે કે રાણીઓની બેઠકસભામાં તમારી બધી રાણીઓ શૃંગાર સજીને આવે. તેમાંથી જે રાણી રાજ–અલંકારોથી વિભૂષિત એવા તમને દૃષ્ટિથી જીતે તે મને કહેજો." એ જ પ્રમાણે પ્રદ્યોતે કર્યું. રાજા રાણીઓ સામે જુએ છે. બીજી બધી રાણીઓના મોં નીચાં થઈ ગયા, અર્થાત્ ન જીતી શકી માત્ર શિવાદેવીએ રાજાને હરાવ્યો. પ્રદ્યોતે અભયને કહ્યું કે – "તારી નાની માએ (=શિવાદેવીએ) મને જીત્યો છે." અભયે પ્રદ્યોતને કહ્યું કે – "તે શિવાદેવી ખેદસહિત રાત્રિના સમયે કુંભ(ઘડો)પ્રમાણ બલિદ્વારા (મહેલના ઉપરના ભાગે ઊભા રહીને) પૂજા કરે. જે ભૂત ઊભું થાય, તેના મુખમાં તે ભાત=બલિ નાખે."

એ જ પ્રમાણે કરવામાં આવ્યું. એ જ પ્રમાણે ત્રિક, ચતુષ્ક અને મહેલના ઉપરના ભાગમાં પણ કર્યું. જ્યારે તે દેવતા(=ભૂત) શિયાળના રૂપમાં અવાજ કરે ત્યારે તેના મુખમાં કૂર નાખે છે, અને કહે છે કે–"હું ગોપાલકની (=રાજાની) માતા શિવા છું." આ પ્રમાણે બધા જ ભૂતોને જીતી લીધા. જેથી નગરમાં શાંતિ થઈ. તેમાં ચોથું વરદાન અભયને માંગવાનું કહ્યું. તે વખતે અભય વિચારે છે–"અહીં હજુ કેટલું મારે રહેવું ? હવે હું જાઉં." એમ વિચારી તે પ્રદ્યોતને કહે છે કે–"હે પૂજ્યપુરુષ ! તમે મને હવે બધા વરદાન (પૂર્વે રાખી મૂકેલા ત્રણ અને આ ચોથું એમ ચારે) ભેગા આપો." પ્રદ્યોતે કહ્યું–"હે પુત્ર ! માંગ." અભયે કહ્યું–"અગ્નિભીરુ રથના

૪૮. तृतीयो वरः, एषोऽपि तिष्ठतु। अन्यदोज्जयिन्यामशिवमुत्थितं, अभयः पृष्टो भणति–अभ्यन्तरिकायामास्थान्यां देव्यो विभूषिता आयान्तु, या युष्मान् राजालङ्कारविभूषितान् दृष्ट्या जयति तां मह्यं कथयत, तथैव कृतं, राजा प्रलोकयति, सर्वा अधोमुखास्तिष्ठन्ति, शिवया राजा जितः, कथितं तव लघुमात्रा, भणति–रात्राववसन्नाः कुम्भबलिकयाऽर्चनिकां करोतु, यो भूत उत्तिष्ठति तस्य मुखे कूरं क्षिप्यताम् तथैव कृतमिति, त्रिके चतुष्केऽट्टालकेषु च यदा सा देवता शिवारूपेण रटति तदा कूरः क्षिपति, भणति च–अहं शिवा गोपालकमातेति, एवं सर्वेऽपि निर्जिताः, शान्तिर्जाता, तत्र चतुर्थो वरः। तदाऽभयश्चिन्तयति–कियच्चिरं तिष्ठामः ?, याम इति, भणति–भट्टारकाः वरान् ददतु, वृणुष्व पुत्र !, भणति–अनलगिरौ हस्तिनि युष्मासु मेण्ठेषु शिवाया उत्सङ्गे निषण्णो

[૪૯]अग्गिभीरुस्स रहस्स दारुएहिं चियगा कीरउ, तत्थ पविसामि, राया विसन्नो, तुट्ठो सक्कारेउं विसज्जिओ, ताहे अभओ भणइ—अहं तुब्भेहिं छलेणं आणिओ, तुब्भे दिवसओ आइच्चं दीवियं काऊण रडंतं णयरमज्झेण जइ न हरामि तो अग्गिं अतीमित्ति, तं भज्जं गहाय गओ, किंचि कालं रायगिहे अच्छित्ता दो गणियादारियाओ पडिरूवाओ गहाय वाणियगवेसेण उज्जेणीए रायमग्गोगाढं आवासिं गेण्हइ, अण्णया दिट्ठाउ पज्जोएण, ताहिंवि सविलासाहिं दिट्ठीहिं निज्झाइओ अंजली य से कया, अइयओ नियगभवणं, दूतीं पेसेइ, ताहिं परिकुवियाहिं धाडिया, भणइ—राया ण होहित्ति, बीयदिवसे सणियगं आरुसियाउ, तइयदिवसे भणिया—सत्तमे दिवसे देवकुले अम्ह देवजण्णगो तत्थ विरहो, इयरहा भाया रक्खइ, तेण य सरिसगो मणूसो पज्जोउत्ति नाम

લાકડાંની ચિતા તૈયાર કરો, તેમાં અનલગિરિ હાથી ઉપર તમે મહાવત બનો અને હું શિવાદેવી માતાના ખોળામાં બેઠેલો અગ્નિમાં પ્રવેશ કરું." રાજા વિલખો પડ્યો. અભયની બુદ્ધિ ઉપર ખુશ થયો. તેનો સત્કાર કરીને બંધનમુક્ત કર્યો. જતી વેળાએ અભયે કહ્યું – "તમે મને છલથી પકડ્યો હું દિવસે સૂર્યરૂપ દીપકની હાજરીમાં રડતા એવા તમને નગરની વચ્ચેથી ન લઈ જાઉં તો અગ્નિમાં પ્રવેશ કરીશ." પોતાની પત્નીને લઈને અભય નીકળી ગયો.

કેટલોક સમય રાજગૃહમાં રહીને ગણિકાની બે એક સરખા રૂપવાળી કન્યાઓને લઈને પોતે વેપારીનો વેષ ધારણ કરી ઉજ્જયિનીમાં આવે છે અને રાજમાર્ગ ઉપર આવેલ મકાનને રહેવાના સ્થાન તરીકે ગ્રહણ કરે છે. કોઈક વાર ત્યાંથી પસાર થતાં પ્રદ્યોતે આ બે કન્યાઓને જોઈ. કન્યાઓએ પણ વિલાસયુક્ત દૃષ્ટિથી પ્રદ્યોતને જોયો અને તેની સામે અંજલિ કરી. (જેથી પ્રદ્યોત તેમની તરફ આકર્ષાયો.) તે સમયે તો તે પોતાના ભવનમાં ગયો. પરંતુ ત્યાં જઈને તે દૂત તરીકે દાસીને મોકલે છે. દાસીની માંગણી સાંભળીને કુપિત થયેલી તે બે કન્યાઓએ દાસીને કાઢી મૂકી અને કહ્યું – 'રાજા આવો ન હોય.' (અર્થાત્ રાજાનું ચારિત્ર આવું ન હોવું જોઈએ.)

બીજા દિવસે ફરી દાસી માંગણી કરવા આવી. તેથી તે બે કન્યાઓએ ધીમેથી ક્રોધ કર્યો. ત્રીજા દિવસે ફરી આવતા દાસીને કહ્યું – "આજથી સાતમા દિવસે દેવકુલમાં અમારે દેવયાત્રા છે ત્યારે એકાંત હશે (અર્થાત્ તે સમયે અમારી સાથે ભાઈ નહીં હોય અમે ઘરે એકલા હોઈશું.) તે સિવાયના સમયમાં ભાઈ અમારું રક્ષણ કરે છે. બીજી બાજુ અભયે પ્રદ્યોતરાજા જેવી આકૃતિવાળા

૪૯. अग्निभीरो रथस्य दारुभिश्चितिका क्रियतां, तत्र प्रविशामि, राजा विषण्णः, तुष्टः सत्कृत्य विसृष्टः, तदाऽभयो भणति—अहं युष्माभिश्छलेनानीतः, युष्मान् दिवस आदित्यं दीपिकां कृत्वा रटन्तं नगरमध्येन हरामि न यदि तदाऽग्निं प्रविशामीति, तां भार्यां गृहीत्वा गतः, कञ्चित्कालं राजगृहे स्थित्वा द्वे गणिकादारिके प्रतिरूपे गृहीत्वा वणिग्वेषेणोज्जयिन्यां राजमार्गावगाढमास्पदं गृह्णाति, अन्यदा दृष्टे प्रद्योतेन, ताभ्यामपि, सविलासाभिर्दृष्टिभिर्निध्यातः अञ्जलिश्च तस्मै कृतः, अतिगतो निजभवनं, दूतीं प्रेषते, ताभ्यां परिकुपिताभ्यां घाटिता, भणति—राजा न भवतीति, द्वितीयदिवसे शनैरारुष्टे, तृतीयदिवसे भणिता—सप्तमे दिवसे देवकुलेऽस्माकं देवयात्रा तत्र विरहः, इतरथा भ्राता रक्षति, तेन च सदृशो मनुष्यः प्रद्योत इति नाम

[૫૦] काऊण उम्मत्तओ कओ, भणइ–मम एस भाया सारवेमि णं, किं करेमि ? एरिसो भाईणेहो, सो रुद्धो रुद्धो नासइ, पुणो हक्कविऊण रडंतो पुणो २ आणिज्जइ उट्ठेह रे अमुगा अमुगा अहं पज्जोओ हीरामित्ति, तेण सत्तमे दिवसे दूती पेसिया, एउ एक्कल्लउत्ति भणिओ आगओ, गवक्खए विलग्गो, मणुस्सेहिं पडिवण्णो बद्धो पल्लंकेण समं, हीरइ दिवसओ णयरमज्झेण विहीकरणमूलेण, पुच्छिज्जइ, भणइ–विज्जघरं णेज्जइ, अग्गओ आसरहेहिं उक्खित्तो पाविओ रायगिहं, सेणियस्स कहियं, असिं अछित्ता आगओ, अभएण वारिओ, किं कज्जउ ?, सक्कारित्ता विसज्जिओ, पीई जाया परोप्परं, एवं ताव अभयस्स उट्ठाणपरियावणिया, तस्स सेणियस्स चेल्लणा देवी, तीसे उट्ठाणपारियावणिया कहिज्जइ, तत्थ रायगिहे पसेणइसंतिओ नागनामा रहिओ, तस्स सुलसा

મનુષ્યને તેનું 'પ્રદ્યોત' નામ પાડીને ગાંડો બનાવ્યો અને લોકોને કહ્યું – "આ મારો ભાઈ છે, હું આની સંભાળ રાખું છું. શું કરું ? આવો પ્રકારનો ભાઈ પ્રત્યેનો સ્નેહ છે.

તેને રોકી રાખું છતાં તે ભાગી જાય છે. ફરી ઠપકો આપીને રડતા (અને આવા પ્રકારના વચનોને બોલતા એવા) તેને ફરી ફરી પાછો લાવું છું. (તે કેવા પ્રકારના વચનો બોલે છે તે કહે છે કે) "હે અમુક લોકો ! મને બચાવો હું ચંડપ્રદ્યોતરાજા આનાદ્વારા લઈ જવાઈ રહ્યો છું." (આ રીતે રોજ અભય આ માણસને બૂમો પાડતો નગર વચ્ચેથી લઈ જાય છે.) અભયે કન્યાઓ દ્વારા સાતમા દિવસે દૂતી મોકલી. અને કહેવડાવ્યું કે "તમારે એકલાએ મળવા આવવું."

પ્રદ્યોત સાતમા દિવસે એકલો આવ્યો અને ઘરની ગવાક્ષની (=ગેલેરીની) દિવાલ પાસેથી ઉપર ચઢ્યો. પૂર્વે ગોઠવી રાખેલા માણસોએ તેને પકડ્યો અને પલંગ સાથે બાંધી દીધો. બીજા દિવસે નગરના મધ્યથી અભય તેને ચિકિત્સાવિધિ કરવા હેતુથી લઈ જાય છે. આ જોઈને લોકો જ્યારે પૂછે છે ત્યારે અભય કહે છે – "તેને વૈદ્યના ઘરે લઈ જઈએ છે." આ રીતે આગળ જઈને અશ્વરથમાં બેસાડીને અભય પ્રદ્યોતને રાજગૃહમાં લઈ ગયો.

શ્રેણિકને વાત કરી. તે તલવાર કાઢીને મારવા આવ્યો. અભયે રાજાને અટકાવ્યો. "શું કરવું ?" એમ પૂછાતા અભયે તેનો સત્કાર કરી છોડી મૂક્યો. પરસ્પર પ્રીતિ બંધાણી. આ પ્રમાણે અભયકુમારના ઉત્થાનનું વર્ણન કર્યું. તે શ્રેણિકને ચેલ્લણા રાણી હતી. હવે તે ચેલ્લણા રાણીના ઉત્થાનનું વર્ણન કહેવાય છે.

૫૦. कृत्वोन्मत्तः कृतः, भणति–ममैष भ्राता सारयाम्येनं, किं करोमि ईदृशः भ्रातृस्नेहः, स रुद्धो रुद्धो नश्यति, पुनः हक्कारयित्वा रटन् पुनः २ आनीयते उत्तिष्ठत रे अमुकाः ! २ अहं प्रद्योतो ह्रिये इति, तेन सप्तमे दिवसे दूती प्रेषिता, एकाकी आयात्विति भणित आगतः, गवाक्षे विलग्नः मनुष्यैः प्रतिपन्नोबद्धः पल्यङ्केन समं, ह्रियते दिवसे नगरमध्येन वीथिकरणमूलेन, पृच्छयते, भणति–वैद्यगृहं नीयते, अग्रतोऽश्वरथैरुत्क्षिप्तः प्रापितो राजगृहं, श्रेणिकाय कथितं, असिमाकृष्यागतः, अभयेन वारितः, किं क्रियतां ?, सत्कारयित्वा विसृष्टः, प्रीतिर्जाता परस्परं, एवं तावत् अभयस्योत्थानपर्यापणिका, तस्य श्रेणिकस्य चिल्लणादेवी, तस्या उत्थानपर्यापनिका कथ्यते, तत्र राजगृहे प्रसेनजित्सत्को नागनामा रथिकः, तस्य सुलसा

[૫૧]भज्जा, सो अपुत्तओ इंदक्खंदादी णमंसइ, सा साविया नेच्छइ, अन्नं परिणेहित्ति, सो भणइ— जति तव पुत्तो तेण कज्जं, तेण वेज्जोवएसेण तिहिं सयसहस्सेहिं तिण्णि तेलकुडवा पक्का, सक्कालए संलावो—एरिसा सुलसा सावियत्ति, देवो आगओ साहू, तज्जातियरूवेण निसीहिया कया, उट्ठित्ता वंदइ, भणइ—किमागमणं तुज्झं ?, सयसहस्सपायगतेल्लं तं देहि, वेज्जेण उवइट्ठं, देमित्ति अतिगया, उत्तारंतीए भिन्नं, अन्नपक्कं गहाय निग्गया, तंपि भिण्णं, तइयंपि भिण्णं, तुट्ठो य साहइ जहाविहिं, बत्तीसं गुलियाउ देइ, कमेण खाहि, बत्तीसं पुत्ता होहिन्ति, जया य ते

## ❀ ચેલ્લણા અને સુલસાનું કથાનક ❀

રાજગૃહનગરમાં પ્રસેનજિત્ રાજાને નાગનામે સારથી હતો. તેને સુલસા નામે પત્ની હતી. નાગસારથી પોતાને પુત્ર ન હોવાથી પુત્રપ્રાપ્તિ માટે ઇન્દ્ર, સ્કંદ વિગેરે દેવતાઓને નમસ્કાર કરે છે. સુલસા શ્રાવિકા હોવાથી આવા દેવતાઓને નમસ્કાર કરવાની ઇચ્છા રાખતી નથી. પુત્રપ્રાપ્તિના ઉપાયરૂપે સુલસાએ પતિને કહ્યું – "તમે બીજી કન્યા સાથે પરણો. તેણે કહ્યું – "જો તને પુત્ર થતો હોય તો તેનાથી મારે કામ છે. (મારે બીજી કન્યા પરણવી નથી.)" પતિએ વૈદ્યના ઉપદેશથી લક્ષપાક તેલના ત્રણ શીશા તૈયાર કરાવ્યા.

શક્રેન્દ્રે પોતાની દેવસભામાં પ્રશંસા કરતા કહ્યું કે – "આવા–આવા પ્રકારની સુલસા શ્રાવિકા છે." સભામાં બેઠેલા દેવને શ્રદ્ધા ન થવાથી પરીક્ષા કરવા સાધુનું રૂપ લઈને સુલસા શ્રાવિકાના ઘરે નિસીહિપૂર્વક પ્રવેશ કર્યો. સાધુને આવેલ જોઈને સુલસા તરત ઊભી થઈને વંદન કરે છે. અને કહે છે – "ભગવન્ ! શા માટે આવવાનું થયું ?" સાધુએ કહ્યું – "તમારી પાસે લક્ષપાક તેલ હોય તો તે આપો, વૈદ્યે લેવાનું કહ્યું છે." "આપું છું ભગવન્ !" એ પ્રમાણે કહીને સુલસા લક્ષપાક લેવા અંદર ગઈ.

ઉપરથી નીચે ઉતારવામાં તેલનો શીશો નીચે પડતા ફૂટી ગયો. તેથી બીજો શીશો લઈને આવી. પરંતુ આવતા રસ્તામાં જ તે પણ ફૂટી ગયો. એ જ રીતે વહોરવાતી વેળાએ ત્રીજો પણ ફૂટી ગયો. (પોતાને આ તેલની અત્યંત આવશ્યકતા હોવા છતાં સાધુને વહોરાવવા જતાં ત્રણ શીશીઓ ફૂટી જવા છતાં મનમાં આંશિક પણ ખેદ ન થવાથી) દેવ ખુશ થયો અને પ્રગટ થઈને બધી વાત કરી. (અર્થાત્ દેવે પરીક્ષા કરવા આવ્યાની વાત કરી. પછી ખુશ થઈને ઇચ્છિત વસ્તુ માંગવાનું કહ્યું. ત્યારે સુલસાએ કહ્યું – "હે દેવ ! જો તમે સંતુષ્ટ થયા હો તો હું અપુત્રા છું, માટે મને પુત્ર આપો, તે સિવાય મારે બીજી કોઈ ઇચ્છા નથી.")

૫૧. भार्या, सोऽपुत्र इन्द्रस्कन्दादीन् नमस्यति, सा श्राविका नेच्छति, अन्यां परिणयेति, स भणति–यदि तव पुत्रस्तेन कार्यं, तेन वैद्योपदेशेन त्रिभिः शतसहस्रैस्त्रयः तैलकुडवाः पक्वाः, शक्रालये संलापः–ईदृशी सुलसा श्राविकेति, देव आगतः साधुः, तज्जातीयरूपेण नैषेधिकी कृता, उत्थाय वन्दते, भणति– किमर्थमागमनं युष्माकं ?, शतसहस्रपाकतैलं तद्देहि, वैद्येनोपदिष्टं, ददामीत्यतिगता, अवतारयन्त्या भिन्नं अन्यपक्वं गृहीत्वा निर्गता, तदपि भिन्नं, तृतीयमपि भिन्नं, तुष्टश्च कथयति यथाविधि, द्वात्रिंशद्गुटिका ददाति, क्रमेण खादयेः, द्वात्रिंशत् पुत्रा भविष्यन्तीति, यदा च ते

[૫૨] किंचि पओयणं ताहे संभरिज्जासि एहामित्ति, ताए चिंतियं–केच्चिरं बालरूवाणं असुइयं मल्लेस्सामि ?, एयाहिं सव्वाहिंवि एगो पुत्तो हुज्जा, खइयाओ, तओ आहूया बत्तीसं, पोट्टं वड्ढइ, अद्धितीए काउस्सग्गं ठिया, देवो आगओ, पुच्छइ, साहइ–सव्वाओ खइयाओ, सो भणइ–दुट्ठु ते कयं, एगाउया होहिंति, देवेण उवसामियं असायं, कालेणं बत्तीसं पुत्ता जाया, सेणियस्स सरिसव्वया वड्ढंति, तेऽविरहिया जाया, देवदिन्नत्ति विक्खाया। इओ य वेसालिए चेडओ हेहयकुलसंभूओ तस्स देवीणं अन्नमन्नाणं सत्त धूयाओ, तंजहा–पभावई पउमावई मियावई सिवा जेट्ठा सुजेट्ठा चेल्लणत्ति सो चेडओ सावओ परविवाहकरणस्स पच्चक्खायं धूयाओ कस्सइ न देइ, ताओ मादिमिस्सिगाहिं रायाणं पुच्छित्ता अन्नेसिं इच्छियाणं सरिसयाणं देन्ति, पभावती

દેવ સુલસાને બત્રીસ ગુટિકાઓ આપે છે અને કહે છે કે – "તું એક–એક ખાજે જેથી બત્રીસ પુત્રો તને થશે તથા જયારે તને મારું કંઈક કામ પડે ત્યારે યાદ કરજે હું આવીશ." સુલસાએ વિચાર્યું "આટલા લાંબા કાળ સુધી ઘણા ઘણા બાળકોની અશુચિને હું ક્યાં વહન કરું ? તેના કરતા આ બત્રીસ ગુટિકાઓદ્વારા એક જ પુત્ર થાવો" એમ વિચારી એક સાથે બત્રીસ ગુટિકાઓ તેણે ખાધી. તેથી બત્રીસ ગર્ભ રહ્યા. પેટ વધતું ચાલ્યું. અધૃતિ થવાથી કાયોત્સર્ગ કર્યો.

દેવ આવ્યો. સુલસાએ કહ્યું–"બધી ગુટિકાઓ મેં ખાધી (તેથી તકલીફ વધી ગઈ છે.)" દેવે કહ્યું–"તે આ બરાબર કર્યું નથી. (આનાથી તને બત્રીસ પુત્રો ઉત્પન્ન થશે. પરંતુ) તે બધા એક સરખા આયુષ્યવાળા થશે." દેવે અશાતાને શાંત કરી. થોડા સમય પછી બત્રીસ પુત્રો ઉત્પન્ન થયા. તે બધા શ્રેણિક જેટલી ઉંમરવાળા વધે છે (અર્થાત્ શ્રેણિક સાથે મોટા થાય છે.) ભવિષ્યમાં તે બત્રીસપુત્રો શ્રેણિકથી અવિરહિત થયા (અર્થાત્ શ્રેણિકના અંગરક્ષક થયા. તેથી હંમેશા શ્રેણિક સાથે રહેતા હોવાથી શ્રેણિકથી અવિરહિત થયા.) તથા દેવદત્ત (=દેવના દીધેલ) તરીકે પ્રસિદ્ધ થયા.

આ બાજુ વૈશાલીનગરીમાં હૈહયકુલમાં ઉત્પન્ન થયેલો ચેટકનામે રાજા હતો. તેને જુદી જુદી રાણીઓથી સાત પુત્રીઓ થઈ – પ્રભાવતી, પદ્માવતી, મૃગાવતી, શિવા, જયેષ્ઠા, સુજયેષ્ઠા અને ચેલ્લણા. તે ચેટકરાજા શ્રાવક હતો. તેને બીજાના વિવાહ કરાવવાનું પચ્ચક્ખાણ હોવાથી પોતાની દીકરીઓનો વિવાહ કરતો નથી. ત્યારે માતા, મિશ્ર=પૂજ્ય પુરુષો (=કુંટુંબમાં જે પૂજ્ય

૫૨. किञ्चित् प्रयोजनं तदा संस्मरेः आयास्यामीति, तया चिन्तितं–कियच्चिरं बालरूपाणामशुचिं मर्दयिष्यामि, एताभिः सर्वाभिरपि एकः पुत्रो भवतु, खादिताः, तत उत्पन्ना द्वात्रिंशत्, उदरं वर्धते, अधृत्या कायोत्सर्गे स्थिता, देव आगतः, पृच्छति, कथयति, सर्वाः खादिताः, स भणति–दुष्टं त्वया कृतं, एकायुष्का भविष्यन्ति, देवेनोपशमितमसातं, कालेन द्वात्रिंशत् पुत्राः जाताः, श्रेणिकस्य सदृग्वयसो वर्धन्ते, तेऽविरहिता जाताः, देवदत्ता इति विख्याताः, इतश्च वैशालियां चेटको हैहयकुलसंभूतो तस्य देवीनामन्यान्यासां सप्त दुहितरः, तद्यथा–प्रभावती पद्मावती मृगावती शिवा ज्येष्ठा सुज्येष्ठा चेल्लणेति, स चेटकः श्रावकः परवीवाहकरणस्य प्रत्याख्यातं, दुहितॄः कस्मैचित् न ददाति, ता मातृमिश्रकादिभिः राजानं पृष्ट्वाऽन्येभ्य इष्टेभ्यः सदृशेभ्यो दीयन्ते, प्रभावती

[५३] वीईभए णयरे उदायणस्स दिण्णा पउमावई चंपाए दहिवायणस्स मियावई कोसंबीए सयाणियस्स सिवा उज्जेणीए पज्जोयस्स जेट्ठा कुंडग्गामे वद्धमाणसामिणो जेट्ठस्स णंदिवद्धणस्स दिण्णा, सुजेट्ठा चेल्लणा य कण्णयाओ अच्छंति, तं अंतेउरं परिव्वायगा अइगया ससमयं तासिं कहेइ, सुजेट्ठाए निप्पिट्ठपसिणवागरणा कया मुहमक्कडियाहिं निच्छूढा पओसमावण्णा निग्गया, अमरिसेणं सुजेट्ठाए चित्तफलए रुवं काऊण सेणियघरमागया, दिट्ठा सेणिएण, पुच्छिया, कहियं अधितिं करेइ, दूओ विसज्जिओ वरगो, तं भणइ चेडगो–किह वाहियकुले देमि न देमित्ति पडिसिद्धो, घोरतरा अधिती जाया, अभयागमो जहा णाए, पुच्छिए कहियं–अच्छह वीसत्था, आणेमित्ति,

વડિલ હોય તે) વિગેરે ભેગા થઈ રાજાને પૂછીને દીકરીઓનો ઇષ્ટ અને કુળને સમાન એવા પુરુષો સાથે દીકરીઓના લગ્ન કરે છે. તેમાં પ્રભાવતી વીતભયનગરના ઉદાયનરાજાને આપી. પદ્માવતી ચંપાનગરીના દધિવાહનરાજાને આપી. મૃગાવતી શતાનિકરાજાને, શિવા ઉજ્જયિનીના ચંડપ્રદ્યોતરાજાને, જ્યેષ્ઠા કુંડગ્રામમાં મહાવીરસ્વામીના મોટાભાઈ નંદિવર્ધનને આપી. સુજ્યેષ્ઠા અને ચેલ્લણા આ બે કન્યાઓ હજું પરણાવાઈ નહોતી. તે કન્યાઓના અંતઃપુરમાં એકવાર એક પરિવ્રાજિકા પ્રવેશી. તેણે કન્યાઓને પોતાના શાસ્ત્રની વાત કરી. (અર્થાત્ પરિવ્રાજિકાએ પોતાનો ધર્મ મહાન છે એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો.) ત્યારે સુજ્યેષ્ઠાએ સામ સામે ચર્ચામાં પારિવ્રાજિકાને નિરુત્તર કરી અને મુખને મચકોડવાવડે તેને કાઢી મૂકી. જેથી પરિવ્રાજિકા સુજ્યેષ્ઠા ઉપર દ્વેષ પામી અને ત્યાંથી નીકળી ગઈ.

દ્વેષને કારણે ચિત્ર માટેના પાટિયા ઉપર સુજ્યેષ્ઠાનું ચિત્ર દોરીને તે પરિવ્રાજિકા શ્રેણિકના ઘરે આવી. શ્રેણિકે તેને જોઈ. તેથી આગમનનું કારણ પૂછ્યું. પરિવ્રાજિકાએ શ્રેણિકને સુજ્યેષ્ઠાના રૂપનું વર્ણન કર્યું. (જેથી શ્રેણિક તેના ઉપર મુગ્ધ થયો.) અધૃતિને કરવા લાગ્યો. કન્યા માંગણી માટે તેણે દૂત મોકલ્યો. ચેટકરાજા તે દૂતને કહે છે – "હું મારી કન્યા વાહિકકુલમાં કેવી રીતે આપું ? હું આપવાનો નથી" એ પ્રમાણે દૂતને ના પાડી. તેથી શ્રેણિકને પહેલાં કરતાં પણ વધારે અધૃતિ થઈ. ત્યાં અભય આવ્યો. તેનું વર્ણન જ્ઞાતાધર્મકથામાં જે રીતે આપ્યું છે તે રીતે અહીં જાણી લેવું.

શ્રેણિકે અભયને પૂછ્યું. તેણે કહ્યું – "તમે નિશ્ચિંત રહો, હું સુજ્યેષ્ઠાને લાવીશ." અભય

५३. वीतभये उदायनाय दत्ता पद्मावती चम्पायां दधिवाहनाय मृगावती कौशाम्ब्यां शतानीकाय शिवोज्जयिन्यां प्रद्योताय ज्येष्ठा कुण्डग्रामे वर्धमानस्वामिनो ज्येष्ठस्य नन्दिवर्धनस्य दत्ता, सुज्येष्ठा चेल्लणा च कन्ये तिष्ठतः, तदन्तःपुरं प्रव्राजिकाऽतिगता स्वसमयं ताभ्यां कथयति, सुज्येष्ठया निस्पृष्टप्रश्नव्याकरणा कृता मुखमर्कटिकाभिर्निष्काशिता प्रद्वेषमापन्ना निर्गता, अमर्षेण सुज्येष्ठाया चित्रफलके रूपं कृत्वा श्रेणिकगृहमागता, दृष्टा श्रेणिकेन, पृष्टा, कथितं, अधृतिं करोति, दूतो विसृष्टो वरकः, तं भणति चेटकः, कथमहं वाहिककुलाय दद्मि न ददामीति प्रतिषिद्धः, घोरतराऽधृतिः जाता, अभयागमो यथा ज्ञाते, पृष्टे कथितं–तिष्ठत विश्वस्ताः, आनयामीति

[५४] अतिगओ निययभवणं उवायं चिंतेत्ता वाणियरूवं करेइ, सरभेयवण्णभेयाउ काऊण वेसालिं गओ, कण्णंतेउरसमीवे आवणं गिण्हइ, चित्तपट्टए सेणियस्स रूवं लिहइ, जाहे ताओ कण्णंतेउर-दासीओ केज्जगस्स एइ ताहे सुबहुं देइ, ताओवि य दाणमाणसंगहियाओ करेइ, पुच्छंति–किमेयं चित्तपट्टए ?, भणइ–सेणिओ अम्ह सामी, किं एरिसं तस्स रूवं ?, अभओ भण–को समत्थो तस्स रूवं काउं ?, जं वा तं वा लिहियं, दासचेडीहिं कण्णंतेउरे कहियं, ताओ भणियाओ–आणेह ताव तं पट्टगं, दासीहि मग्गिओ न देइ, मा मज्झ सामिए अवन्नं काहिहि, बहुयाहि जायणियाहिं दिण्णो, पच्छण्णं पवेसिओ, दिट्ठो सुजेट्ठाए, दासीओ विभिण्णरहस्साओ कयाओ, सो वाणियओ भणिओ–कहं सेणिओ भत्ता भवेज्जत्ति ?, सो भणइ–जइ एवं तो इहं चेव सेणियं

પોતાના ભવનમાં ગયો. ત્યાં ઉપાયને વિચારીને તે વેપારીનું રૂપ કરે છે. સ્વર અને શરીરવર્ણને બદલીને તે વૈશાલિનગરીમાં ગયો. કન્યાઓના અંતઃપુર પાસે એક દુકાન ખરીદે છે. ચિત્રના પાટિયા ઉપર શ્રેણિકનું ચિત્ર દોરે છે. જ્યારે અંતઃપુરની દાસીઓ કંઈક ખરીદવા માટે દુકાને આવે ત્યારે અભય તેઓને ઓછી કિંમતે ઘણું બધું આપે છે. આ રીતે દાન અને માન આપવાદ્વારા અભય તે દાસીઓને પોતાના તરફ આકર્ષે છે.

એકવાર તે દાસીઓ પૂછે છે –"આ કોનું ચિત્ર છે ?" અભયે કહ્યું – "મારા સ્વામી શ્રેણિકનું છે." દાસીઓએ પૂછ્યું – "શું આવા પ્રકારનું સુંદર તેનું રૂપ છે ?" અભયે કહ્યું – "તેમનું રૂપ ચિતરવા કોણ સમર્થ છે ? આ તો જેમ–તેમ ચિત્ર દોર્યું છે." દાસીઓએ કન્યાઓના અંતઃપુરમાં વાત કરી. કન્યાઓએ દાસીઓને કહ્યું – "તે ચિત્રને તમે અહીં લઈને આવો." દાસીઓએ અભય પાસે ચિત્ર માંગ્યું છતાં અભય આપતો નથી, કારણ ક્યાંય તે કન્યાઓ મારા સ્વામીનો અવર્ણવાદ=નિંદા કરે નહીં.

વારંવાર માંગણી કરતા અભયે ચિત્ર આપ્યું. દાસીઓ તે ચિત્રપટ્ટકને છુપી રીતે અંતઃપુરમાં લઈને આવ્યા. સુજ્યેષ્ઠાએ ચિત્ર જોયું. (તે પણ શ્રેણિક ઉપર મોહિત થઈ.) દાસીઓને તેણે વાત કરી. દાસીઓએ અભયને પૂછ્યું – "શ્રેણિક કેવી રીતે અમારી રાજકુમારીનો પતિ થાય ?" અભયે કહ્યું – "જો તમારી રાજકુમારી પરણવા ઇચ્છતી હોય તો હું શ્રેણિકને અહીં જ લાવું." શ્રેણિકને

५४. अतिगतो निजभवनं, उपायं चिन्तयित्वा वणिग्रूपं करोति, स्वरभेदवर्णभेदौ कृत्वा विशालां गतः, कन्याऽन्तःपुरसमीपे आपणं गृह्णाति, चित्रपटके श्रेणिकस्य रूपं लिखति, यदा ता अन्तःपुरदास्यः क्रय्यायायान्ति तदा सुबहुं ददाति, ता अपिच दानमानसंगृहीताः करोति, पृच्छन्ति–किमेतत् चित्रपट्टके ?, भणति–श्रेणिकोऽस्माकं स्वामी, किमीदृशं तस्य रूपं ?, अभयो भणति–कः समर्थस्तस्य रूपं कर्तुं ?, यद्वा तद्वा लिखितं, दासचेटीभिः कन्याऽन्तःपुरे कथितं, ता भणिताः–आनयत तावत् तं पट्टकं, दासीभिर्मार्गितो न ददाति, मा मम स्वामिनोऽवज्ञां कार्षीत्, बहुकाभिर्याचनाभिर्दत्तः, प्रच्छन्नं प्रवेशितः, दृष्टः सुज्येष्ठया, दास्यो विभिन्नरहस्याः कृताः, स वणिग् भणितः–कथं श्रेणिको भर्त्ता भवेदिति ?, स भणति–यद्येवं तदेहैव श्रेणिकं

[૫૫] **आणेमि, आणिओ सेणिओ, पच्छन्ना सुरंगा खया जाव कण्णंतेउरं सुजेट्ठा चेल्लणं आपुच्छइ– जामि सेणिएण समंति, दोवि पहावियाओ, जाव सुजेट्ठा आभरणाणं गया ताव मणुस्सा सुरंगाए उब्बुडा चेल्लणं गहाय गया, सुजेट्ठाए आराडी मुक्का, चेडगो संनद्धो, वीरंगओ रहिओ भणइ– भट्टारगा ! मा तुब्भे वच्चेह, अहं आणेमित्ति निग्गओ, पच्छओ लग्गइ, तत्थ दरीए एगो रहमग्गो, तत्थ ते बत्तीसंपि सुलसापुत्ता ठिता, ते वीरंगएण एक्केण सरेण मारिया, जाव सो ते रहे ओसारेइ ताव सेणिओ पलाओ, सोवि नियत्तो, सेणिओ सुजेट्ठं संलवइ, सा भणइ–अहं चेल्लणा, सेणिओ**

---

અભય વૈશાલીમાં લાવ્યો. કન્યાના અંતઃપુરથી લઈને રાજગૃહ સુધીની ગુપ્ત સુરંગ ખોદાવી. સુજ્યેષ્ઠા ચેલ્લણાને કહે છે કે "હું શ્રેણિક સાથે જાઉં છું." (ચેલ્લણાએ પણ બહેન પ્રત્યેના અતિ સ્નેહને કારણે સાથે આવવાની વાત કરી. એટલે) બંને જણી શ્રેણિક સાથે સુરંગ મારફતે રાજગૃહ તરફ જવા નીકળી.

આગળ જતાં સુજ્યેષ્ઠાને પોતાના આભૂષણોનો ડબ્બો યાદ આવ્યો. જેથી શ્રેણિકને કહ્યું – "તમે અહીં ઊભા રહો હું આભૂષણોનો ડબ્બો લઈને પાછી આવું છું." એમ કહીને આભૂષણોનો ડબ્બો લેવા સુજ્યેષ્ઠા ગઈ. (ત્યારે ચેલ્લણાએ શ્રેણિકને કહ્યું શત્રુસ્થાને ઊભા રહેવામાં જોખમ છે તેથી આપણે ધીરે ધીરે આગળ વધીએ એમ વિચારી) સુરંગમાં પહેલેથી તૈયાર રાખેલા માણસો શ્રેણિક સાથે ચેલ્લણાને લઈને આગળ વધ્યા. (સુજ્યેષ્ઠા ઝડપથી ત્યાં આવી પરંતુ ત્યાં કોઈને જોયા નહીં અને આગળ વધીને તપાસ કર્યા વિના જ પાછી ફરી અને ઘરે જઈને 'ચેલ્લણાને કોઈ લઈ ગયું, બચાવો... વિગેરે) બૂમો પાડવા લાગી.

ચેટક ચેલ્લણાને લેવા તૈયાર થયો. તેવામાં વીરાંગદનામના સારથીએ ચેટકને કહ્યું – "હે સ્વામી ! તમે જાઓ નહીં. હું એને અહીં લઈને આવું છું." એમ કહી તે સુરંગ મારફતે પાછળ ગયો. આગળ વધતાં એક ગુફા આવી જ્યાં રથ જઈ શકે એટલો જ માર્ગ હતો. ત્યાં તે બત્રીસે સુલસાપુત્રો ઊભા હતા. તે બધાને વીરાંગદે એક જ બાણવડે મારી નાખ્યા. જેટલી વારમાં તે વીરાંગદ બત્રીસ પુત્રોના રથોને દૂર કરીને આગળ વધે છે તેટલી વારમાં શ્રેણિક ભાગી છૂટ્યો. જેથી તે વીરાંગદ પણ પાછો ફર્યો.

શ્રેણિક 'સુજ્યેષ્ઠા' એ પ્રમાણે ચેલ્લણાને જ્યારે બોલાવે છે. ત્યારે ચેલ્લણા કહે છે – "હું ચેલ્લણા છું." શ્રેણિકે કહ્યુ–"તું સુજ્યેષ્ઠા જેવી જ રૂપવાન છે." શ્રેણિકને આનંદ પણ હતો, વિષાદ =

---

૫૫. आनयामि, आनीतः श्रेणिकः, प्रच्छन्ना सुरङ्गा खाता, यावत्कन्याऽन्तःपुरं , सुज्येष्ठा चेल्लणामापृच्छति– यामि श्रेणिकेन सममिति,, द्वे अपि प्रधाविते, यावत् सुज्येष्ठा आभरणेभ्यो गता तावत् मनुष्याः सुरङ्गायां उद्याताश्चेल्लणां गृहीत्वा गताः, सुज्येष्ठयाऽऽराटिर्मुक्ता, चेटकः सन्नद्धः, वीराङ्गदो रथिको भणति–भट्टारका ! मा यूयं व्रजिष्ट, अहमानयामीति निर्गतः, पृष्ठतो लगति, तत्र दर्यामेको रथमार्गः, तत्र ते द्वात्रिंशदपि सुलसापुत्राः स्थिताः, ते वीराङ्गदेनैकेन शरेण मारिताः, स यावत्तान् रथान् अपसारयति तावत् श्रेणिकः पलायितः, सोऽपि निवृत्तः श्रेणिकः सुज्येष्ठां संलपति, सा भणति–अहं चेल्लणा, श्रेणिको

[૫૬] भणइ—सुजेट्ठसरिया तुमं चेव, सेणियस्स हरिसोवि विसाओवि विसाओ रहियमारणेण हरिसो चेल्लणालंभेण, चेल्लणाएवि हरिसो तस्स रूवेणं विसादो भगिणीवंचणेण, सुजिट्ठावि धिरत्थु कामभोगाणंति पव्वतिया, चेल्लणाएवि पुत्तो जाओ कोणिओ नाम, तस्स का उप्पत्ती ? एगं पच्चंतणयरं, तत्थ जियसत्तुस्स रण्णो पुत्तो सुमंगलो, अमच्चपुत्तो सेणगोत्ति पोट्टिओ, सो हसिज्जइ, पाणिए उच्चोलएहिं मारिज्जइ सो दुक्खाविज्जइ सुमंगलेण, सो तेण निव्वेएण बालतवस्सी पव्वइओ, सुमंगलो राया जाओ, अण्णया सो तेण ओगासेण वोलेंतो पेच्छइ तं बालतवस्सिं, रण्णा पुच्छियं—को एसत्ति ?, लोगो भणइ—एस एरिसं तवं करेति, रायाए अणुकंपा जाया, पुव्विं दुक्खावियगो, निमंतिओ, मम घरे पारेहित्ति, मासक्खमणे पुण्णे गओ, राया पडिलग्गो, न दिण्णं

શોક પણ હતો. વીરાંગદ સારથીએ પોતાના બત્રીસ અંગરક્ષકોને મારી નાખ્યાનો વિષાદ હતો અને ચેલ્લણા પ્રાપ્ત થઈ તેનો આનંદ હતો. ચેલ્લણાને પણ શ્રેણિક જેવા રૂપવાનની પ્રાપ્તિ થવાથી આનંદ હતો, જ્યારે પોતાની બહેન છેતરાઇ ગયાનો શોક પણ હતો. આ બાજુ સુજ્યેષ્ઠાએ પણ 'કામ—ભોગોનો ધિક્કાર થાઓ' એમ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. ચેલ્લણાને કોણિકનામે પુત્ર થયો.

## ❀ શ્રેણિકપુત્ર કોણિકનો પૂર્વભવ ❀

તે કોણિકનું વર્ણન આ પ્રમાણે છે – સીમાડે એક નગર હતું. તેમાં જિતશત્રુરાજાને સુમંગલનામે પુત્ર હતો. ત્યાં જ સેનકનામે મંત્રીપુત્ર હતો કે જેનું પેટ ઘણું મોટું હતું. તેથી બધા તેની મશ્કરી કરતા હતા. હાથથી મુઠ્ઠિઓવડે (= ?) મારતા. સુમંગલ તેને વારંવાર દુઃખી કરતો. છેવટે આ બધાથી કંટાળી સેનકે પ્રવ્રજ્યા લીધી અને અજ્ઞાનતપ આચરવા લાગ્યો. પિતાના મૃત્યુ બાદ સુમંગલ રાજા થયો. એકવાર ત્યાંથી પસાર થતાં સુમંગલે તે બાળતપસ્વીને જોયો. રાજાએ લોકોને પૂછ્યું – "આ કોણ છે ?"

લોકોએ કહ્યું – "આ આવા પ્રકારનો તપ કરે છે." રાજાએ પૂર્વે મેં આને ઘણો દુઃખી કર્યો છે એવા વિચારથી ભક્તિભાવ જાગતા તેને પોતાને ત્યાં પારણા માટે આમંત્રણ આપ્યું કે "મારે ત્યાં તપનું પારણું કરજો." તે માસક્ષપણ પૂર્ણ થતાં રાજાના ઘરે ગયો. પરંતુ થયું એવું કે તે દિવસે રાજા બિમાર હતો. તેથી દ્વારપાલે દરવાજો બંધ રાખ્યો હોવાથી સેનકને અંદર જવા

૫૬. भणति—सुज्येष्ठासदृशा त्वमेव, श्रेणिकस्य हर्षोऽपि विषादोऽपि, विषादो रथिकमारणेन हर्षश्चेल्लणालाभेन, चेल्लणाया अपि हर्षस्तस्य रूपेण विषादो भगिनीवञ्चनेन, सुज्येष्ठापि धिगस्तु कामभोगानिति प्रव्रजिता चेल्लणाया अपि पुत्रो जातः कोणिकनामा, तस्य कोत्पत्तिः ? एकं प्रत्यन्तनगरं, तत्र जितशत्रो राज्ञः पुत्रः सुमङ्गलः, अमात्यपुत्रः सेनक इति महोदरः, स हस्यते, पाणिभ्यां उच्चुलुकैर्मार्यते, स दुःख्यते सुमङ्गलेन, स तेन निर्वेदेन बालतपस्वी प्रव्रजितः, सुमङ्गलो पितरि मृते राजा जातः, अन्यदा स तेनावकाशेन व्यतिव्रजन् पश्यति तं बालतपस्विनं, राज्ञा पृष्टं—क एष इति ?, लोको भणति—एष ईदृशं तपः करोति, राज्ञोऽनुकम्पा जाता, पूर्वं दुःखितो, निमन्त्रितः मम गृहे पारयेति, मासक्षपणे पूर्णे गतः, राजा प्रतिलग्नः ( ग्लानो जातः ), न दत्तं

[57] **दारपालेहिं दारं, पुणोवि उट्ठियं पविट्ठो, संभरिओ, पुणो गओ निमंतेइ, आगओ, पुणोवि पडिलग्गो राया, पुणोवि उट्ठियं पविट्ठो, पुणोवि निमंतेइ तइयं, सो तइयाए वि आगओ दुवारपालेहिं पिट्टिओ, जइवारा एइ तइवारा राया पडिलग्गइ, सो निग्गओ, अह अधितीए निग्गओ पव्वइओ एतेण धरिसिओ, नियाणं करेइ—एयस्स वहाए उववज्जामित्ति, कालगओ, अप्पिड्ढिओ वाणमंतरो जाओ, सोऽवि राया तावसभत्तो तावसो पव्वइओ, सोवि वाणमंतरो जाओ, पुव्वि राया सेणिओ जाओ, कुंडीसमणो कोणिओ, जं चेव चेल्लणाए पोट्टे उववण्णो तं चेव चिंतेइ—कहं रायाणं अक्खीहिंवि न पेक्खेज्जा ?, तीए चिंतियं—एयस्स गब्भस्स दोसोत्ति गब्भं साडणेहिंवि न पडइ,**

---

દીધો નહીં. સેનકે પારણું કર્યા વગર જ ફરીથી ઉષ્ટ્રિકાવ્રત=માસક્ષપણ ગ્રહણ કર્યું ('गृह्णाति स्मोष्ट्रिकाव्रतम्' इति त्रिषष्ठ्यां) તબિયત સારી થતાં રાજાને તપસ્વી યાદ આવ્યો. જેથી ફરી ગયો અને આમંત્રણ આપ્યું. બીજી વાર સેનક આવ્યો પરંતુ આ વખતે પણ રાજા બિમાર પડ્યો.

તપસ્વી ત્યાંથી ફરી પાછો ફર્યો અને તપ શરૂ કર્યો. રાજાએ આવીને ત્રીજીવાર આમંત્રણ આપ્યું. તે ત્રીજીવાર રાજમહેલ પાસે આવ્યો. દ્વારપાલોએ વિચાર્યું કે "અહીં જેટલી વાર સેનક આવે છે, તેટલી વાર રાજા બિમાર પડે છે." એમ વિચારી આ વખતે સેનકને માર્યો. તેથી સેનક પાછો ફર્યો પરંતુ અધૃતિ કરતો નીકળ્યો કે સંસારમાં હતો ત્યારે તો તેણે મને દુઃખી કર્યો હતો પરંતુ દીક્ષા લીધા બાદ પણ તે મને દુઃખી કરે છે એમ વિચારી નિયાણું કરે છે કે – "આના વધને કરનારો હું થાઉં."

અમુક સમય પછી તે મૃત્યુ પામ્યો. અલ્પ ઋદ્ધિવાળો વાણવ્યંતર થયો. તે રાજા પણ તાપસભક્ત હોવાથી તાપસધર્મમાં દીક્ષા લીધી. મૃત્યુ પામી વાણવ્યંતર થયો. આ રાજા પ્રથમ ચ્યવી શ્રેણિકરૂપે જન્મ પામ્યો. કુંડીશ્રમણનો જીવ (= સેનકનો જીવ) કોણિક થયો. ચેલ્લણાના ગર્ભમાં જેવો કોણિકનો જીવ આવ્યો તે જ સમયે ચેલ્લણા વિચારે છે કે – "આ આંખોથી પણ રાજાને કેવી રીતે ન જોઉં ? (અર્થાત્ રાજાના દર્શન પણ કરવા નથી.)" ચેલ્લણાએ વિચાર્યું કે "આ ગર્ભનો જ દોષ છે (કે જેથી મને આવા વિચારો આવે છે.)" એમ વિચારી ગર્ભને પાડવા માટે પ્રયત્ન કરવા છતાં ગર્ભનો પાત થતો નથી.

---

५७. द्वारपालैर्द्वारं पुनरप्युष्ट्रिकां प्रविष्टः, संस्मृतः, पुनर्गतो निमन्त्रयति, आगतः, पुनरपि प्रतिभग्नो राजा, पुनरप्युष्ट्रिकां प्रविष्टः, पुनरपि निमन्त्रयति तृतीयं स तृतीयेऽपि आगतो द्वारपालैः पिट्टितः यतिवारा आयाति ततिवारा राजा प्रतिभज्यते, स निर्गतः, अस्याधृत्या निर्गतः प्रव्रजित एतेन धर्षितः, निदानं करोति-एतस्य वधायोपपद्ये इति, कालगतः, अल्पर्द्धिको व्यन्तरो जातः, सोऽपि राजा तापसभक्तः तापसः प्रव्रजितः, सोऽपि व्यन्तरो जातः, पूर्वं राजा श्रेणिको जातः, कुण्डीश्रमणः कोणिकः, यदैव चेल्लणाया उदरे उत्पन्नस्तदैव चिन्तयति—कथं राजानमक्षिभ्यामपि न प्रेक्षेय, तया चिन्तितं—एतस्य गर्भस्य दोष इति गर्भं शातनैरपि न पतति,

[५८]दोहलकाले दोहलो, किह ?, सेणियस्स उदरवलिमंसाणि खायज्जा, अपूरंते परिहायइ, न य अक्खाइ, णिब्बंधे सवहसावियाए कहियं, तओ अभयस्स कहियं, ससगचंमेण समं मंसं कप्पेत्ता वलीए उवरिं दिन्नं, तीसे ओलोयणगयाए पिच्छमाणीए दिज्जइ, राया अलियपमुच्छियाणि करेइ, चेल्लणा जाहे सेणियं चिंतेइ ताहे अद्धिती उप्पज्जइ, जाहे गब्भं चिंतेइ ताहे कहं सव्वं खाएज्जति ?, एवं विणीए दोहले, णवहिं मासेहिं दारगो जाओ, रण्णो णिवेइयं, तुट्ठो, दासीए छड्डाविओ असोगवणियाए, कहियं सेणियस्स, आगओ, अंबाडिया, किस ते पढमपुत्तो उज्झिओत्ति ?, गओ असोगवणियं, तेणं सा उज्जोविया, असोगचंदो से नामं कयं, तत्थवि कुक्कुडिपिच्छएणं कोणंगुलीविद्धा सुकुमालिया सा न पउणइ, कूणिया जाया, ताहे से दारएहि नामं कयं कूणिओत्ति,

દોહલાના સમયે ચેલ્લણાને દોહલો થાય છે. કેવા પ્રકારનો દોહલો થાય છે ? શ્રેણિકના પેટના મધ્યભાગનું માંસ ખાવાની ઇચ્છા જાગે છે. દોહલો પૂરો ન થવાથી ચેલ્લણા દુર્બળ થઈ. દુર્બળ થવાનું કારણ પૂછવા છતાં તે કહેતી નથી. ઘણો આગ્રહ કર્યો, સોગંદ આપ્યા (ન કહ્યું તો મારા સોગંદ...). ચેલ્લણાએ પોતાના દોહલાની વાત કરી. શ્રેણિકે આ વાત માત્ર અભયને કરી. ચામડા સાથે સસલાનું માંસ કાપીને શ્રેણિકના પેટ ઉપર બાંધી દીધું. બારીમાં ઊભી રહેલી ચેલ્લણાની સામે શ્રેણિકના પેટ ઉપર બાંધેલા માંસને કાપીને ચેલ્લણાને આપે છે તે સમયે શ્રેણિક બેભાન થવાનું નાટક કરે છે.

ચેલ્લણા જ્યારે શ્રેણિકનો વિચાર કરે છે ત્યારે અધૃતિ થાય છે. (અર્થાત્ મારે કારણે શ્રેણિકરાજાને કષ્ટ પડ્યું વિગેરે શોક કરે છે.) અને જ્યારે ગર્ભનો વિચાર કરે છે ત્યારે આ બધું મને ક્યારે જલદીથી ખાવા મળે ? (વિગેરે વિચાર કરે છે.) આ પ્રમાણે દોહલો પૂર્ણ કર્યો. ત્યારબાદ નવ મહિને પુત્રનો જન્મ થયો. રાજાને કહેવામાં આવ્યું. તે ખુશ થયો. ચેલ્લણાએ દાસી મારફત બાળકને અશોકવનમાં મૂકાવ્યો. આ વાત શ્રેણિકને કરવામાં આવી. તે ચેલ્લણારાણી પાસે આવ્યો. તેણીને ઠપકો આપ્યો અને કહ્યું – તે પ્રથમ પુત્રને શા માટે જંગલમાં મૂકાવ્યો ?

શ્રેણિક પોતે અશોકવાટિકામાં ગયો. કોણિકના તેજથી અશોકવાટિકા પ્રકાશિત થઈ તેથી તેનું નામ અશોકચંદ્ર પાડ્યું. ત્યાં અશોકવાટિકામાં કૂકડીના પિંછાથી કોમળ એવી કનિષ્ઠિકા આંગળી વીંધાઈ ગઈ. તે ચિકિત્સા કરવા છતાં સારી ન થઈ. તે આંગળી કૂણિત= સંકુચિત જ રહી. તેથી

५८. दोहदकाले दोहदः, कथं ?, श्रेणिकस्योदरवलिमांसानि खादेयं, अपूर्यमाणे परिहीयते, न चाख्याति, निर्बन्धे शपथशापितया कथितं, ततोऽभयाय कथितं, शशकचर्मणा समं मांसं कल्पयित्वा वल्या उपरि दत्तं, तस्यावलोकनगतायै प्रेक्षमाणायै दीयते, राजा अलीकप्रमूर्च्छनानि करोति, चेल्लणा यदा श्रेणिकं चिन्तयति तदाऽधृतिरुत्पद्यते, यदा गर्भं चिन्तयति यदा कथं सर्वं खादेयमिति, एवं विनीते दौर्हृदे नवसु मासेषु दारको जातः, राज्ञे निवेदितं, तुष्टः, दास्या त्याजितोऽशोकवनिकायां, कथितं श्रेणिकाय, आगतः, उपालब्धा, किं तया प्रथमपुत्र उज्झित इति ?, गतोऽशोकवनिकां, तेन सा उद्योतिता, अशोकचन्द्रस्तस्य नाम कृतं, तत्रापि कुक्कुटपिच्छेन कोणांऽगुलिर्विद्धा सुकुमालिका, सा न प्रगुणीभवति, वक्रा जाता, तदा तस्य दारकैर्नाम कृतं कूणिक इति,

[५९]जाहे य तं अंगुलिं पूयं गलंति सेणिओ मुहे करेइ ताहे ठाति, इयरहा रोवइ, सो य संवड्ढइ, इओ य अण्णे दो पुत्ता चेल्लणाए जाया—हल्लो विहल्लो य, अण्णे य सेणियस्स बहवे पुत्ता अण्णासिं देवीणं, जाहे य किर उज्जाणियाए खंधावारो जाइ, ताहे चेल्लणा कोणियस्स गुलमोयए पेसेइ हल्लविहल्लाणं खंडकए, तेण वेरेण कोणिओ चिंतेइ एए सेणिओ मम देइत्ति पओसं वहइ, अण्णया कोणियस्स अट्ठहिं वररायकन्नाहिं समं विवाहो कओ, जाव उप्पिं पासायवरगओ विहरइ, एसा कोणियस्स उप्पत्ती परिकहिया। सेणियस्स किर रण्णो जावतियं रज्जस्स मोल्लं तावतियं देवदिन्नस्स हारस्स सेयणगस्स गंधहत्थिस्स, एएसिं उट्ठाणं परिकहेयव्वं, हारस्स का उप्पत्ती—कोसंबीए णयरीए धिज्जाइणी गुव्विणी पतिं भणइ—घयमोल्लं विढवेहि,, कं मग्गामि ?, भणइ—

અન્ય બાળકોએ તેનું કૂણિક નામ પાડ્યું. જ્યારે તે આંગળીમાંથી પરૂ ગળતું ત્યારે શ્રેણિક તેની આંગળી મુખમાં લે જેથી કોણિક રડવાનું બંધ કરે. પરંતુ બહાર કાઢે ત્યારે દુઃખાવા વિગેરેને કારણે કોણિક રડતો. ધીરે ધીરે કોણિક મોટો થાય છે. કોણિક પછી ચેલ્લણાને બીજા બે પુત્રો થયા – હલ્લ અને વિહલ્લ. તે સિવાય શ્રેણિકને બીજી રાણીઓથી અનેક પુત્રો થયા. જ્યારે સ્કંધાવાર = સૈન્યનો સમૂહ ઉજવણી માટે જાય ત્યારે (ચેલ્લણા, સાથે ગયેલ કોણિક માટે પિતાનો દ્વેષી હોવાથી ગોળના લાડવા અને હલ્લ–વિહલ્લ માટે ખાંડના લાડવા મોકલે છે. પરંતુ પૂર્વભવના વૈરને કારણે કોણિક વિચારે છે કે – આવા ગોળના લાડવા શ્રેણિક મને આપે છે. (આશય એ છે કે ખરેખર લાડવા ચેલ્લણા મોકલે છે છતાં પૂર્વભવના વૈરને કારણે શ્રેણિક આવા લાડવા મોકલવાદ્વારા ભેદભાવ કરે છે એવું કોણિકને લાગે છે.) તેથી શ્રેણિક ઉપર તે દ્વેષ પામે છે.

થોડાંક સમય બાદ રૂપવતી એવી આઠ રાજકન્યાઓ સાથે કોણિકનો વિવાહ થયો. વિગેરેથી લઈ વર્ણન ત્યાં સુધીનું સમજવું કે કોણિક પોતાની આઠ રાણીઓ સાથે મહેલના ઉપરના ભાગમાં સુખ પૂર્વક દિવસો પસાર કરે છે. આ રીતે કોણિકની ઉત્પત્તિ કહી.

શ્રેણિકરાજાને મન જેટલું રાજ્યનું મૂલ્ય હતું, તેટલું જ દેવે દીધેલ એવા હારનું અને સેચનક ગંધહસ્તિનું હતું. તે હારાદિ કેવી રીતે પ્રાપ્ત થયા ? તે કહેવા યોગ્ય છે. તેમાં હારની ઉત્પત્તિ આ પ્રમાણે જાણવી – કોશાંબી નગરીમાં એક ગર્ભવતી બ્રાહ્મણી પોતાના પતિને કહે છે કે – "(મારે ગર્ભ હોવાથી ઘી વિના ચાલે એવું નથી. તેથી) તમે ઘી માટેના પૈસા મેળવો." બ્રાહ્મણે

५९. यदा च तस्या अङ्गुल्याः पूतिः स्रवति श्रेणिको मुखे करोति तदा उपरतरुदितो भवति, इतरथा रोदिति, स च संवर्धते, इतश्चान्यौ द्वौ पुत्रौ चेल्लणाया जातौ, हल्लो विहल्लश्च, अन्ये च श्रेणिकस्य बहवः पुत्रा अन्यासां देवीनां, यदा च किल उद्यानिकायां स्कन्धावारो यातिस्तदा चेल्लणा कोणिकाय गुडमोदकान् प्रेषते हल्लविहल्लाभ्यां खण्डकृतान्, तेन वैरेण कोणिकश्चिन्तयति, एतान् श्रेणिको मह्यं ददातीति प्रद्वेषं वहति, अन्यदा कोणिकस्याष्टभिर्वरं राजकन्याभिः समं विवाहो कृतः यावत् उपरि प्रासादवरस्थ गतो विहरति, एषा कोणिकस्योत्पत्तिः परिकथिता। श्रेणिकस्य किल यावत् राज्यस्य मूल्यं तावत् देवदत्तस्य हारस्य सेचनकस्य गन्धहस्तिनः, एतयोरुत्थानं परिकथयितव्यं, हारस्य कोत्पत्तिः ?—कोशाम्ब्यां नगर्यां धिग्जातीया गुर्वी पतिं भणति—घृतमूल्यमुपार्जय, कं मार्गयामि ?, भणति—

[६०] रायाणं पुप्फेहि ओलग्गाहि, न य वारिज्जिहिसि, सो य उलग्गिओ पुप्फफलादीहिं, एवं कालो वच्चइ, पज्जोओ य कोसंबिं आगच्छइ, सो य सयाणिओ तस्स भएण जउणाए दाहिणं कूलं उव्ववित्ता उत्तरकूलं एइ, सो य पज्जोओ न तरइ जउणं उत्तरिउं, कोसंबीए दक्खिणपासे खंधावारं निवेसित्ता चिट्ठइ, तावइ जे य तस्स तणहारिगाई तेसिं वायस्सिएहिं गन्तुं कन्ननासादि छिंदइ सयाणि य मणुस्सा एवं परिखीणा, एगाए रत्तीए पलाओ, तं च तेण पुप्फपुडियागएण दिट्ठं, रण्णो य निवेइयं, राया तुट्ठो भणइ—किं देमि ? भणति—जाव बंभणिं पुच्छामि, पुच्छित्ता भणइ—अग्गासणे कूरं मग्गाहित्ति, एवं सो जेमेइ दिवसे २ दीणारं देइ दक्खिणं, एवं ते कुमारामच्चा चिंतेंति—

કહ્યું – "કોની પાસે માંગુ ?" ત્યારે બ્રાહ્મણીએ કહ્યું – "તમે રાજાની પુષ્પોવડે સેવા કરો. (અર્થાત્ રાજાને જેવા પ્રકારના પુષ્પો વિગેરેની જરૂર હોય તેવા પ્રકારના પુષ્પો તમે પહોંચતા કરો.) જેથી રાજા સુધી જવામાં તમને કોઈ રોકશે નહીં. (આ રીતે પૈસા પ્રાપ્ત થતાં તમે ઘી વિગેરે લાવી શકો.) બ્રાહ્મણ પુષ્પ–ફળોવડે રાજાની સેવામાં લાગી ગયો. આ રીતે સમય પસાર થાય છે. એવામાં એકવાર પ્રદ્યોતરાજા કોશાંબી ઉપર ચઢાઈ કરવા આવે છે. તેથી કોશાંબીનો શતાનિકારાજા પ્રદ્યોતના ભયથી યમુનાનદીના સામેના કિનારે જતો રહે છે. પરંતુ સાથે દક્ષિણકિનારેથી ઉત્તર કિનારે આવવાના માર્ગને તોડી નાખે છે જેથી પ્રદ્યોત સામે કિનારે પહોંચી શકતો નથી. કોશાંબીમાં જ દક્ષિણકિનારે પોતાના સૈન્યનો પડાવ નાખીને પ્રદ્યોત ત્યાં તે રહે છે. પરંતુ ત્યાં સૈન્ય ઘણું હેરાન થયું.

ઘાસ વિગેરે લેવા માટે પ્રદ્યોતરાજાના જે માણસો આવે છે. તેમને શતાનિકરાજાના માણસો વેગવંતા ઘોડાઓ ઉપર જઈને કાન–નાક વિગેરે છેદી નાખે છે. આ પ્રમાણે પ્રદ્યોતરાજાના માણસો ધીરે ધીરે ઓછા થયા. તેથી એક રાત્રીએ પ્રદ્યોતરાજા પાછો ફરી ગયો. પાછા જતા તેને પુષ્પોના પુડા= પુષ્પોનો સમૂહ લેવા માટે ગયેલા બ્રાહ્મણે જોયા. આ વાત તેણે શતાનિકરાજાને જઈને કરી. (તેથી સૈન્ય ઓછું થવાને કારણે શતાનિકરાજા પ્રદ્યોતરાજાને હરાવવા તેની પાછળ જાય છે. ખબર પડતા પ્રદ્યોત અને તેનું સૈન્ય નાસી જાય છે. તેથી તેના હાથી વિગેરે બધું શતાનિકરાજા પોતાના કબજે કરે છે. બ્રાહ્મણને કારણે આ સફળતા પ્રાપ્ત થઈ એવું વિચારી બ્રાહ્મણ ઉપર) રાજા ખુશ થયો અને કહ્યું – "બોલ, શું આપું તને ?" બ્રાહ્મણે કહ્યું – "હું મારા પત્નીને પૂછીને આવું છું." બ્રાહ્મણીને પૂછતા તેણીએ કહ્યું કે – "તમારે અગ્રાસને કૂર માંગવા. (અગ્રાસન એટલે દાન આપતાં

६०. राजानमवलग पुष्पैः, न च वार्यसे, स चावलग्नः पुष्पफलादिभिः, एवं कालो व्रजति, प्रद्योतश्च कौशाम्बीमागच्छति, स च शतानीकस्तस्य भयेन यमुनाया दक्षिणं कूलं उत्थाप्योत्तरकूलं गच्छति, स च प्रद्योतो न तरति यमुनामुत्तरीतुं, कौशाम्ब्या दक्षिणपार्श्वे स्कन्धावारं निवेश्य तिष्ठति, तप्यते, ये च तस्य तृणहारकादयस्तेषां वातघोटकैर्मत्वा कर्णनासादि छिनत्ति शतानि च मनुष्याणां एवं परिक्षीणानि, एकस्यां रात्रौ पलायितः, तच्च तेन पुष्पपुटिकागतेन दृष्टं, राज्ञे च निवेदितं, राजा तुष्टो भणति—किं ददामि ?, भणति—यावद् ब्राह्मणीं पृच्छामि, पृष्ट्वा भणति—अग्रासनेन सह कूरं मार्गयेति, एवं स जेमति दिवसे २ ददाति दीनारं दक्षिणां, एवं ते कुमारामात्याश्चिन्तयन्ति—

[६१] एस रण्णो अग्गासणिओ दाणमाणगहीओ कीरउत्ति ते दीणारा देंति, खद्धादाणिओ जाओ, पुत्तावि से जाया, सो तं बहुयं जेमेयव्वं, न जीरइ, ताहे दक्खिणालोभेण वमेति जिमिता २ पच्छा से कोढो जाओ, अभिग्रस्तस्तेन, ताहे कुमारमच्चा भणंति–पुत्ते विसज्जेह, ताहे से पुत्ता जेमंति, ताणवि तहेव, संतती कालंतरेण पिउणा लज्जिउमारद्धा, ★पच्छओ से निलओ कओ, ताओवि से सुण्हाओ न तहा वट्टिउमारद्धाओ, पुत्तावि नाढायंति, तेण चिंतियं–एयाणि मम दव्वेण वड्डियाणि मम चेव नाढायंति, तहा करेमि जहेयाणिवि वसणं पाविंति, अन्नया तेण पुत्ता सद्दाविया,

---

પહેલાં બ્રાહ્મણને અપાતું આસન. એ આસન ઉપર સન્માન પૂર્વક બેસાડીને ભોજન મળે અને સાથે દક્ષિણામાં એક સોનામહોર મળે એવું માંગવાની સલાહ આપી. આ પ્રમાણે બ્રાહ્મણે રાજા પાસે માંગણી કરી.) આ પ્રમાણે રોજેરોજ તે જુદા જુદા ઘરમાં જમે છે અને દક્ષિણામાં લોકો એક સોનામહોર તેને દે છે. એ જ પ્રમાણે મંત્રીઓ પણ (પોતાને ત્યાં જમવા આવે ત્યારે) વિચારે છે કે – "આ રાજાનો અગ્રાસનિક (=અગ્રાસન અપાયેલો હોવાથી) દાન અને સન્માનથી ગ્રહણ કરવા યોગ્ય છે" એમ વિચારી તેઓ પણ તેને સોનામહોર આપે છે.

આ રીતે તે ઋદ્ધિસંપન્ન થયો. તેને (સમય જતાં) પુત્રો પણ થયા. (જેથી તે પુત્રો માટે પૈસા વધારે કમાવવા પડશે તેથી) ઘણું જમવું પડશે (જેથી દરેક ઘરેથી સોનામહોરો પ્રાપ્ત થાય. એમ વિચારી ઘણાં ઘરોમાં જઈને જમે છે.) પરંતુ તે પચતું નથી. તેથી દક્ષિણાના લોભમાં ઘરે–ઘરે જમી–જમીને ઉલ્ટી કરે છે. આવું કરવાથી તેને કોઢરોગ ઉત્પન્ન થયો. તે કોઢરોગથી ગ્રસ્ત થયો. તેથી મંત્રીઓએ કહ્યું – "તું તારા પુત્રોને મોકલ." ત્યાર પછી તેના પુત્રો જમવા આવે છે. તેઓને પણ એ જ રીતે સોનામહોર પ્રાપ્ત થાય છે.

થોડા સમય બાદ કુટુંબના સભ્યો પિતાથી લજ્જા પામવા લાગ્યા. (અર્થાત્ પિતાને થયેલ કોઢરોગ પુત્રાદિને પણ ગમતો નથી.) તેથી પિતા માટે તેઓએ જુદું ઘર કર્યું. (અર્થાત્ જુદા–અલાયદા ઓરડામાં પિતાને રાખ્યા.) પુત્રવધુઓ પણ બ્રાહ્મણ સાથે સારું વર્તન કરતી નથી. પુત્રો પણ આદર કરતા નથી. તેથી એક દિવસ તેણે વિચાર્યું કે – "પુત્ર–પુત્રવધુઓ મારા પૈસાથી સુખી થયા હવે મારો જ આદર કરતા નથી. તેથી એવું કંઈક કરું કે જેથી તેઓ પણ દુઃખમાં પડે." આમ વિચારી તેણે એકવાર પુત્રોને બોલાવ્યા અને કહ્યું – "હે પુત્રો ! હવે હું જીવવા ઇચ્છતો

---

६१. एष राज्ञोऽग्रासनिको दानमानगृहीतः क्रियतामिति दीनारान् ददति, बहुदानीयो जातः, पुत्रा अपि तस्य जाताः, स तत् बहुकं जेमितव्यं, न जीर्यते, तदा दक्षिणालोभेन वमति जिमित्वा२ पश्चात्तस्य कुष्ठं जातं, तदा कुमारामात्या भणन्ति–पुत्रान् विसृज, तदा तस्य पुत्रा जेमन्ति, तेषामपि तथैव, संततिः कालान्तरे पितुर्लज्जितुमारब्धा, पश्चात्तस्य निलयः कृतः, ता अपि तस्य स्नुषा न तथा वर्त्तितुमारब्धाः, पुत्रा अपि नाद्रियन्ते, तेन चिन्तितं–एते मम द्रव्येण वृद्धा मामेव नाद्रियन्ते, तथा करोमि यथैतेऽपि व्यसनं प्राप्नुवन्ति, अन्यदा तेन पुत्राः शब्दिताः, ★ 'पच्छाओ से घरं कयं' – प्रत्य.

[६२] भणइ–पुत्ता ! किं मम जीविएणं ?, अम्ह कुलपरंपरागओ पसुवहो तं करेमि, तो अणसणं काहामि, तेहिं से कालओ छगलओ दिण्णो, सो तेण अप्पगं उल्लिहावेइ, उल्लोलियाओ य खवावेइ, जाहे नायं सुगहिओ एस कोढेणंति ताहे लोमाणि उप्पाडेइ फुसिति एन्ति, ताहे मारेत्ता भणइ– तुब्भेहिं चेव एस खाएयव्वो, तेहिं खइओ, कोढेण गहियाणि, सोवि उट्ठेत्ता नट्ठो, एगत्थ अडवीए पव्वयदरीए णाणाविहाणं रुक्खाणं तयापत्तफलाणि पडंताणि तिफला य पडिया, सो सारएण उण्हेण कक्को जाओ, तं निव्विण्णो पियइ, तेणं पोट्टं भिण्णं, सोहिए सज्जो जाओ, आगओ सगिहं, जणो भणइ–किह ते नट्ठं, भणइ–देवेहि मे नासियं, ताणि पेच्छइ सडसडिताणि, किह तो तुब्भेवि मम खिंसह ?, ताहे ताणि भणंति–किं तुमे पावियाणि ?, भणइ–बाढंति,

---

નથી. તેથી આપણી કુલપરંપરાથી જે પશુવધનો આચાર આવ્યો છે (અર્થાત્ પોતાના કુટુંબને એક મંત્રેલો પશુ આપવો એવો જે આચાર છે.) તે કરવા ઇચ્છું છું. ત્યાર પછી હું અનશન કરીશ.

પુત્રોએ પિતાને કૃષ્ણવર્ણી એવો બોકડો લાવીને સોંપ્યો. બ્રાહ્મણ બોકડાને કોઢરોગથી ગ્રસ્ત એવું પોતાનું શરીર ચટાવે છે, અને પોતાના શરીર ઉપરથી પરુ લઈને તેની સાથે અન્નને ચોળી તે પશુને ખવરાવે છે. જ્યારે ખબર પડી કે હવે બરાબર કોઢરોગથી આ બોકડો ગ્રસ્ત થયો છે ત્યારે તેના રોમ કાઢી નાખે છે. જેથી અવાજ થતાં પુત્રો આવે છે. ત્યારે તે બોકડાને મારીને પુત્રોને કહે છે– "તમારે આ બોકડાનું માંસ ખાવું." તેઓએ તેનું માંસ ખાધું. જેથી તે બધા કોઢરોગી થયા. બ્રાહ્મણ પણ ઉઠીને ત્યાંથી ભાગી ગયો.

એક જંગલમાં પર્વતની ગુફા પાસેની નદીમાં જુદા–જુદા પ્રકારના વૃક્ષોની છાલ, પત્રો, ફલો અને ત્રિફલા પડ્યા. તથા શરદઋતુનો તડકો પડવાથી તે પાણી ક્વાથરૂપે બની ગયું હતું. તે બ્રાહ્મણ થાકેલો હોવાથી તે પાણી પીએ છે. તેનું પેટ ફાટ્યું. (અર્થાત્ ઉલ્ટી થઇ.) જેથી કોઢ બધો બહાર નકળી ગયો, અને તે નિરોગી બની ગયો. પાછો પોતાના ઘરે આવ્યો. લોકોએ પૂછ્યું – "તમારો રોગ કેવી રીતે નષ્ટ થયો ?" તેણે કહ્યું – "દેવે આ રોગ દૂર કર્યો છે." પોતાના ઘરે આવીને પરિવાર લોકોને કોઢરોગથી સડતા જુએ છે. ત્યારે તેઓને કહે છે – "કેમ, તમે પણ મારી નિંદા કરતા હતા ને. (હવે કેવું સડવું પડ્યું.) ત્યારે તેઓ કહે છે – "શું તમે અમારી આવી અવસ્થા

---

६२. भणति–पुत्राः ! मम किं जीवितेन ?, अस्माकं कुलपरम्परागतः पशुवधः तं करोमि, ततोऽनशनं करिष्यामि, तैस्तस्मै कृष्णश्छगलो दत्तः, स तेनात्मीयं (तनुं) चुम्बयति, मलगुटिकाश्च खादयति, यदा ज्ञातं सुगृहीत एष कुष्ठेनेति तदा रोमाण्युत्पाटयति झटित्यायान्ति, तदा मारयित्वा भणति–युष्माभिरेवैष खादितव्यः, तैः खादितः, कुष्ठेन गृहीताः, सोऽप्युत्थाय नष्ट, एकत्र अटव्यां पर्वतदर्यां नानाविधानां वृक्षाणां त्वक्पत्रफलानि पतन्ति त्रिफला च पतिता, स शारदेन उष्णेन कल्को जातः, ततो निर्विण्णस्तं पिबति, तेनोदरं भिन्नं, शुद्धौ सज्जो जातः, आगतः स्वगृहं, जनो भणति–कथं तव नष्टं ?, भणति–देवैर्मे नाशितं, तान् पश्यति–शटितशटितान् (पूतीनि स्वाङ्गानि), कथं तत् यूयमपि मां निन्दत ?, तदा ते भणन्ति–किं त्वया प्रापिताः ?, भणति–बाढमिति,

**[६३] सो जणेण खिंसिउमारद्धो ताहे नट्ठो गओ रायगिहं दारवालिएण समं दारे वसइ, तत्थ बारजक्खणीए सो मरुओ तं भुंजइ, अण्णया बहू उंडेरया खइया, सामिस्स समोसरणं, सो बारवालिओ तं ठवेत्ता भगवओ वंदओ गओ, सो बारं न छड्डेइ, तिसाइओ मओ वावीए मंडुक्को जाओ, पुव्वभवं सरति उत्तिण्णो वावीए पहाइओ सामिवंदओ, सेणिओ य नीति, तत्थेगेण आसकिसोरेण अक्कंतो मओ देवो जाओ, सक्को सेणियं पसंसइ, सो समोसरणे सेणियस्स मूले कोढियरूवेणं निविट्ठो तं चिरिका फोडितार्हि फाडित्ता सिंचइ, तत्थ सामिणा छियं, भणइ–मर, सेणियं जीव, अभयं जीव वा मर वा , कालसोरियं मा मर मा जीव, सेणिओ कुविओ भट्टारओ मरत्ति भणिओ,**

કરી ?" તેણે કહ્યું – "હા." લોકો તેની નિંદા કરવાનું ચાલું કરે છે. તેથી ત્યાંથી ભાગીને તે રાજગૃહનગરમાં ગયો. અને ત્યાં દ્વારપાલ સાથે દ્વાર ઉપર રહે છે. (અર્થાત્ દ્વારપાલ સાથે રહે છે.) ત્યાં દ્વારની યક્ષિણી માટે જે ભોજન ચઢાવવામાં આવે તેને તે બ્રાહ્મણ ખાય છે. તેમાં એકવાર તેણે ઉંડેરય (=પેયવિશેષ) ઘણી બધી પીધી. તે દિવસે સ્વામી નગરમાં પધાર્યા. તેથી તે દ્વારપાલ બ્રાહ્મણને દ્વાર ઉપર સ્થાપી પોતે વંદન કરવા ગયો.

બ્રાહ્મણને ઘણી તરસ લાગવા છતાં (ભયથી) તે દ્વાર છોડીને પાણી પીવા જતો નથી. તેથી તૃષાથી પીડાયેલો તે મૃત્યુ પામીને વાવડીમાં દેડકા તરીકે ઉત્પન્ન થયો. ત્યાં તેને (જાતિસ્મરણજ્ઞાન થવાથી) પૂર્વભવનું સ્મરણ થાય છે. તેથી વાવડીમાંથી બહાર નીકળીને સ્વામીને વંદન કરવા જાય છે. બીજી બાજુ શ્રેણિક પોતાના પરિવારસહિત ભગવાનને વંદન કરવા જાય છે. તેમાં એક અશ્વકિશોરના પગ નીચે આવતા તે દેડકો મરીને (દર્દુરાંક) દેવ થાય છે.

શકેન્દ્ર પોતાની દેવસભામાં શ્રેણિકના ગુણોની પ્રશંસા કરે છે. (દર્દુરાંકદેવને શક્રની વાત ઉપર શ્રદ્ધા ન બેસતા) શ્રેણિકની પરીક્ષા કરવા માટે તે દેવ સમોવસરણમાં શ્રેણિકની બાજુમાં કોઢિયાનું રૂપ લઈને બેઠો. ત્યાં તે કોઢિયો પુરુષ (=દેવ) પોતાના શરીર ઉપરના ગુમડાંઓને ફોડીને તેમાંથી નીકળતા પરુથી ભગવાનની પૂજા કરે છે. તેવામાં સ્વામીને છીંક આવી. એટલે તે પુરુષે કહ્યું – "તમે જલ્દી મરો." થોડીવાર પછી શ્રેણિકને છીંક આવી. એટલે શ્રેણિકને કહ્યું – "તમે જીવો." અભયને છીંક આવતા કહ્યું – "જીવો અથવા મરો." અને કાલશૌકરિકને છીંક આવતા કહ્યું – "તું મરતો નહીં કે જીવતો નહીં." ભગવાનને 'મરો' એવું બોલતાં તે પુરુષ ઉપર શ્રેણિકને

**६३. स जनेन निर्भर्त्सितुमारब्धस्तदा नष्टो गतो राजगृहं द्वारपालकेन समं द्वारे वसति, तत्र द्वारयक्षिण्यै स मरुको तं भुङ्क्ते, अन्यदा बहवो वटका भुक्ताः, स्वामिनः समवसरणं, स द्वारपालस्तं स्थापयित्वा भगवद्वन्दको गतः, स द्वारं न त्यजति, तृषार्दितो मृतो वाप्यां मण्डूको जातः , पूर्वभवं स्मरति, अवतीर्णो वाप्याः, प्रधावितः स्वामिवन्दकः, श्रेणिकश्च निर्गच्छति, तत्रैकेन अश्वकिशोरेणाक्रान्तो मृतो देवो जातः, शक्रः श्रेणिकं प्रशंसति, स समवसरणे श्रेणिकस्य मूले ( अन्तिके ) कुष्ठिरूपेण निविष्टः तं चिरिकास्फोटकान् स्फोटयित्वा सिञ्चति, तत्र स्वामिना क्षुतं, भणति–म्रियस्व, श्रेणिकं जीव, अभयं जीव वा म्रियस्व वा, कालशौकरिकं मा म्रियस्व मा जीव, श्रेणिकः कुपितः भट्टारको म्रियस्वेति भणितो,**

[६४] मणुस्सा सण्णिया, उट्ठिए समोसरणे पलोइओ, न तीरइ णायो देवोत्ति, गओ घरं बिइयदिवसे पए आगओ, पुच्छइ–सो कोत्ति ?, तओ सेडुगवुत्तंतं सामी कहेइ, जाव देवो जाओ, तुब्भेहिं छीए किं एवं भणइ ?, आह भगवं ममं भणइ–किं संसारे अच्छसि निव्वाणं गच्छेति, तुमं पुण जाव जीवसि ताव सुहं मओ नरयं जाहिसित्ति, अभओ इहवि चेइयसाहुपूयाए पुण्णं समज्जिणइ मओ वि देवलोगं जाहिति, कालो जइ जीवइ दिवसे २ पंच महिससयाइं वावाएइ मओ नरगं गच्छइ, राया भणइ–अहं तुब्भेहिं नाहेहिं कीस नरयं जामि ? केण उवाएण वा न गच्छेज्जा ?, सामी भणइ–जइ कविलं माहणिं भिक्खं दावेसि कालसूयरियं सूणं मोएसि तो न गच्छसि नरयं,

ગુસ્સો આવ્યો. શ્રેણિકે પોતાના માણસોને તૈયાર કર્યા (અને કહ્યું – "દેશના પૂર્ણ થતાં આ અધમને પકડી લેજો.) સમોવસરણ વિખેરાતાં તે પુરુષને શોધ્યો. પરંતુ તેઓ શોધી ન શક્યા. તેથી જાણ્યું કે તે કોઈ દેવ હોવો જોઈએ. શ્રેણિક ઘરે ગયો. બીજા દિવસે સવારના સમોવસરણે આવ્યો. પૂછ્યું – "પ્રભુ ! તે કોણ હતો ?" ત્યારે ભગવાન શ્રેણિકને સેડુકબ્રાહ્મણનું (કે જે મરીને દેડકો થયો અને પછી દર્દુરાંકદેવ થયો, તેનું) વર્ણન કરે છે. તેમાં ભગવાન સેડુકબ્રાહ્મણના ભવનું, પછી દેડકાનાં ભવનું અને પછી આ દેવ થયો ત્યાં સુધીનું સર્વ વર્ણન કરે છે.

વર્ણન સાંભળ્યા પછી શ્રેણિક આશ્ચર્યસહિત પૂછે છે કે – "તો પછી પ્રભુ ! તમને છીંક આવતા 'તમે જલ્દી મરો' એવું શા માટે તે બોલ્યો ?" ભગવાને ઉત્તર આપ્યો – "હે શ્રેણિક ! તે મને કહેતો હતો કે હજુ સુધી કેમ તમે સંસારમાં રહ્યા છો, મોક્ષમાં જાઓ." (પ્રભુ ! તે મને કેમ 'જીવો' એમ બોલ્યો. પ્રભુએ કહ્યું–) તું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી સુખી રહીશ, મર્યા પછી તું નરકમાં જઈશ. અભય અહીં પણ ચૈત્ય, સાધુની પૂજાથી પુણ્ય ઉપાર્જન કરે છે અને મર્યા પછી પણ દેવલોકમાં જશે. (તેથી તેને જીવો અથવા મરો એમ કહ્યું.) કાલસૌકરિક જીવે છે તેમાં રોજ પાંચસો પાડાઓને મારે છે, અને મરીને વળી નરકમાં જશે. (તેથી જીવે કે મરે બંનેમાં નુકશાન હોવાથી 'જીવે પણ નહીં અને મરે પણ નહીં' એમ કહ્યું.)

શ્રેણિકે કહ્યું – "પ્રભુ ! તમારા જેવા નાથ હોવા છતાં મારે નરકમાં કેમ જવાનું ? અથવા કોઈ ઉપાય ખરો કે જેથી હું નરકમાં ન જઉં ? સ્વામીએ કહ્યું – "બ્રાહ્મણી એવી કપિલાદાસી પાસે જો તું ભિક્ષા અપાવે તો, અથવા કાલસૌકરિકને પશુવધથી અટકાવે તો તું નરકમાં જઈશ

६४. मनुष्याः संज्ञिताः, उत्थिते समवसरणे प्रलोकितः, न शक्यते ज्ञातो देव इति, गतो गृहं, द्वितीयदिवसे प्रगे आगतः, पृच्छति–स क इति, ततः सेटुकवृत्तान्तं स्वामी कथयति, यावद्देवो जातः, तर्हि युष्माभिः क्षुते किमेवं भणति ?, आह भगवान् मां भणति–किं संसारे तिष्ठ निर्वाणं गच्छेति, त्वं पुनर्यावज्जीवसि तावत्सुखितो मृतो नरकं यास्यसीति, अभय इहापि चैत्त्यसाधुपूजया पुण्यं समुपार्जयति मृतोऽपि देवलोकं यास्यति, कालिको यदि जीवेत् दिवसे २ महिषपञ्चशतीं व्यापादयति मृतो नरकं गमिष्यति, राजा भणति–अहं युष्मासु नाथेषु कथं नरकं गमिष्यामि ?, केन वोपायेन न गच्छेयं ?, स्वामी भणति–यदि कपिलां ब्राह्मणीं भिक्षां दापयसि कालशौकरिकात् सूनां मोचयसि तदा न गच्छसि नरकं,

[६५]वीमंसियाणि सव्वप्पगारेण नेच्छंति, सो य किर अभवसिद्धीओ कालो, धिज्जाइयाणी कविला न पडिवज्जइ जिणवयणं, सेणिएण धिज्जाइणी भणिया सामेण—साहू वंदाहि, सा नेच्छइ, मारेमि ते, तहावि नेच्छइ, कालोवि नेच्छइ, भणइ—मम गुणेण एत्तिओ जणो सुहिओ नगरं च, एत्थ को दोसो ?, तस्स पुत्तो ★पालगो नाम सो अभएण उवसामिओ, कालो मरिउमारद्धो, तस्स पंचमहिसगसयघातेहिं ऊणं अहे सत्तमपाउग्गं, अण्णया महिसगसयाणि पंच पुत्तेण से पलावियाणि, तेण विभंगेण दिट्ठाणि मारियाणि य, सोलस य रोगायंका पाउब्भूया विवरीया इंदियत्था जाया जं दुग्गंधं तं सुगंधं मन्नइ, पुत्तेण य से अभयस्स कहियं, ताहे चंदणिउदगं दिज्जइ, भणइ—अहो

નહીં." (શ્રેણિક આ બંને જણા પાસે ગયો.) બંનેને બધી જ રીતે સમજાવવા છતાં તે તે કાર્ય કરવા ઇચ્છતા નથી.. તેમાં કાલસૌકરિક અભવી હતો. બ્રાહ્મણી એવી કપિલાદાસી જિનવચનને સ્વીકારતી નથી. શ્રેણિકે સૌમ્યભાવે કપિલાને કહ્યું – "તું ભક્તિપૂર્વક સાધુઓને વાંદ." તે ઇચ્છતી નથી. શ્રેણિકે કહ્યું – "હું તને મારીશ." તો પણ તે ઇચ્છતી નથી.

કાલસૌકરિક પણ પશુવધને છોડવા ઇચ્છતો નથી. પરંતુ તે કહે છે – "મારા આ પશુવધને કારણે આટલા લોકો અને નગર સુખી છે. (અર્થાત્ આટલા લોકોને ખાવા હું માંસ પૂરું પાડું છું.) તેથી એમાં દોષ શું છે ?" (એમ કહી તે કસાઈ પશુવધથી અટકતો નથી. અમુક કાળ પસાર થતાં તે કસાઈ વૃદ્ધ થયો એટલે તેણે પોતાનો ધંધો પુત્ર પાલકને સોંપ્યો.) પરંતુ કાલસૌકરિકના પુત્ર પાલકને અભયકુમારે સમજાવીને પશુવધથી અટકાવ્યો. સમય જતાં કાલસૌકરિક મરું–મરું થવા લાગ્યો. તેણે રોજના પાંચસો પાડા મારવાના કારણે સાતમી નરકને પ્રાયોગ્ય આયુષ્ય બાંધ્યું.

એકવાર પાલગપુત્રે પાંચસો પાડા ભગાડી દીધા. ત્યારે કાલસૌકરિકે પોતાના વિભંગજ્ઞાનથી તે પાડાઓને જોયા અને માર્યા. કાલસૌકરિકને એક સાથે સોળ મોટા રોગો ઉત્પન્ન થયા. ઇન્દ્રિયના અર્થો (=શબ્દ, રૂપ વિગેરે) વિપરીત થયા, અર્થાત્ જે દુર્ગંધ હોય તેને સુગંધ માને. (કડવો આહાર મીઠો માને, કાગડા–ગધેડાના સ્વર મધુર લાગે, અશુચિનું વિલેવન ચંદન જેવું લાગે.) આ વિપરીતતાની વાત પુત્રે અભયને કરી. તેથી અભયના કથનાનુસાર કાલસૌકરિકને શાંતિ થાય તે માટે ગટરનું પાણી તેને આપે છે, જેથી તે કહે છે – અહો ! કેટલું સરસ છે. વિષ્ટા તેને લગાડે

---

६५. विमर्शितौ सर्वप्रकारेण नेच्छतः, स किलाभव्यसिद्धिकः कालिकः, धिग्जातीया च कपिला न प्रतिपद्यते जिनवचनं, श्रेणिकेन धिग्जातीया भणिता साम्ना—साधून् वन्दस्व, सा नेच्छति, मारयामि त्वां, तथापि न प्रतिपद्यते, कालिकोऽपि नेच्छति, भणति—मम गुणेनेयान् जनः सुखी नगरं च, अत्र को दोषः, तस्य पुत्रः पालको नामाभयेन स उपशमितः, कालो मर्तुमारब्धः, तस्य महिषपञ्चशतघातैरूनमधःसप्तमप्रायोग्यं, अन्यदा महिषपञ्चशती पुत्रेण तस्य पलायिता, तेन विभङ्गेन दृष्टा मारिता च, षोडश रोगातङ्काश्च प्रादुर्भूताः विपरीता इन्द्रियार्था जाता यत् दुर्गन्धं तत्सुगन्धि मन्यते, पुत्रेण च तस्याभयाय कथितं, तदा वर्चोगृहोदकं दीयते, भणति—अहो ★ 'सुलसो'—चूर्णौ.

[६६] मिट्ठं, विट्ठेण आलिप्पइ पूइमंसं आहारो, एवं किस्सिऊण मओ अहे सत्तमं गओ, ताहे सयणेण पुत्तो से ठविज्जइ सो मा नरगं जाइस्सामित्ति नेच्छइ, ताइं भणंति–अम्हे विरिंचिस्सामो तुमं नवरं एक्कं मारेहि सेसए सव्वे परियणो मारेहिति, इत्थीए महिसओ बिइए कुहाडो य रत्तचंदणेणं रत्तकणवीरेहिं य दोवि मंडीया, तेण कुहाडएण अप्पा हओ पडिओ विलवइ, सयणं भणइ–एयं दुक्खं अवणेह, भणंती–न तीरंति, तो कहं भणह–अम्ह विरिंचामोत्ति ?, एयं पसंगेण भणियं, तेण देवेणं सेणियस्स तुट्ठेण अट्ठारसवंको हारो दिण्णो दोण्णि य अक्खलियवट्टा दिण्णा, सो हारो चेल्लणाए दिण्णो पियत्ति काउं, वट्टा नंदाए, ताए रुट्ठाए किमहं चेडरूवत्तिकाऊण

છે. દુર્ગંધી એવું માંસ તેને ખાવા માટે આપે છે. આ પ્રમાણે ઘણું કષ્ટ સહન કરીને તે મૃત્યુ પામી સાતમી નરકમાં ગયો. ત્યાર પછી સ્વજનો પુત્રને તેના સ્થાને બેસાડવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તે 'નરકમાં જવું ન પડે' તે માટે પિતાનો ધંધો કરવા ઇચ્છતો નથી. સ્વજનો તેને કહે છે કે – "(જો તને એવું લાગે છે કે આ ધંધાથી પાપ લાગે તો તે પાપ) આપણે વહેંચી લઈશું, અત્યારે તું એક પાડો માર બીજા પાડાઓને પરિજન મારશે." એમ કહી એક સ્ત્રીએ પાડો લાવ્યો, અને બીજી સ્ત્રીએ કુહાડો લાવ્યો. બંનેને રક્તચંદન અને લાલ કણવીરના (વૃક્ષવિશેષના) પુષ્પોથી સુશોભિત કર્યા. (એકે કરેલું પાપ ઘણાઓ વચ્ચે વહેંચી શકાતું નથી એ શીખવાડવા માટે પાલકે) તે કુહાડો પોતાના પગ ઉપર માર્યો, જેથી પોતે પડી ગયો અને વિલાપ કરવા લાગ્યો.

પછી તેણે સ્વજનોને કહ્યું – "આ મારી પીડા દૂર કરો (અર્થાત્ પરસ્પર વહેંચી લો.) તેઓએ કહ્યું – તારી આ પીડા દૂર કરવા અમે સમર્થ નથી. (અર્થાત્ તારી આ પીડા અમે પરસ્પર વહેંચી શકયે એમ નથી. આ પીડા તો તારે જ ભોગવવી પડે.) તો પછી શા માટે કહો છો કે અમે પાપ વહેંચી લઈશું ? (આશય એ છે કે જો પીડા વહેંચી શકાય નહીં તો પશુવધથી જે પાપ લાગશે એ કેવી રીતે વહેંચાશે ? અર્થાત્ વહેંચાશે નહીં. તેથી મારે પશુવધ કરીને પાપ બાંધવું નથી.) એમ પુત્રે કહ્યું. આ પ્રાસંગિક વાત કરી.

(પ્રસ્તુત વાત એ હતી કે દર્દુરાંકદેવના પૂર્વભવો સ્વામીએ કહ્યા. ત્યાર બાદ શ્રેણિક પોતાના સ્થાને જાય છે. ત્યારે જિનશાસન પ્રત્યેની તેની શ્રદ્ધાની પરીક્ષા આ દર્દુરાંક દેવે કરી. તે પરીક્ષામાં સફળ થવાથી) દેવે શ્રેણિકને અઢારસેરનો હાર અને બે તદનગોળ એવા ગોળા દીધા. શ્રેણિકે તે હાર પોતાને પ્રિય હોવાથી ચેલ્લણાને આપ્યો, અને નંદાને તે બે ગોળા આપ્યા. (ચેલ્લણાને આવો

६६. मिष्टं विष्टयोपलिप्यते पूतिमांसमाहारः, एवं क्लिष्ट्वा मृतोऽधः सप्तम्यां गतः, तदा स्वजनेन तस्य पुत्रः स्थाप्यते स मा नरकं गममिति नेच्छति, ते भणन्ति–वयं विभक्ष्यामस्त्वं परमेकं मारय शेषान् सर्वान् परिजनो मारयिष्यति, स्त्रिया महिषो द्वितीयया कुठारो रक्तचन्दनेन रक्तकणवीरैर्मण्डितौ, द्वावपि मण्डिता, तेन कुठारेणात्मा हतः पतितो विलपति, स्वजनं भणति–एतद्दुःखमपनयत, भणन्ति–न शक्यते, तत् कथं भणत–वयं विभक्ष्याम इति ?, एतत्प्रसङ्गेन भणितं, तेन देवेन श्रेणिकाय तुष्टेनाष्टादशसरिको हारो दत्तः द्वौ चास्फाल्यवृत्तौ दत्तौ, स हारश्चेल्लणायै दत्तः प्रियेतिकृत्वा, वृत्तौ नन्दायै, तया रुष्टया किमहं चेटरूपेतिकृत्वा

[६७] अक्खिया खंभे आवडिया भग्गा, तत्थ एगंमि कुंडलजुयलं एगंमि देवदूसजुयलं, तुट्ठाए गहियाणि, एवं हारस्स उप्पत्ती । सेयणगस्स का उप्पत्ती ?, एगत्थ वणे हत्थिजूहं परिवसइ, तंमि जूहे एगो हत्थी जाए जाए हत्थिचेल्लए मारेइ, एगा गुव्विणी हत्थिणिगासणियं२ ओसरित्ता एक्कल्लिया चरइ, अण्णया कयाइ तणपिंडियं सीसे काऊण तावसासमं गया, तेसिं तावसाणं पाएसु पडिया, तेहिं णायं-सरणागया वराई, अण्णया तत्थ चरंती वियाया पुत्तं, हत्थिजूहेण समं चरंती छिद्देण आगंतूण थणं देइ, एवं संवड्ढइ, तत्थ तावसपुत्ता पुप्फजाईओ सिंचंति, सोवि सोंडाए पाणियं नेऊण सिंचइ, ताहे नामं कयं सेयणओत्ति, संवड्ढिओ मयगलो जाओ, ताहे णेण सो जूहवई

સુંદર હાર અને મને આ રમકડાં જેવા બે ગોળા આપ્યા એમ વિચારી) ગુસ્સે થયેલી નંદાએ શું હું નાની બાલિકા છું ? (કે જેથી આવા રમકડાં જેવા ગોળા મને આપે છે એમ વિચારી) બંને ગોળા લઈને ફેંક્યા. બંને ગોળા થાંભલા સાથે અથડાતા તૂટી ગયા. તેમાં એક ગોળામાંથી કુંડલયુગલ અને એક ગોળામાંથી દિવ્યવસ્ત્રયુગલ નીકળ્યા. તે જોઈને ખુશ થયેલી નંદાએ તે ગ્રહણ કર્યા. આ પ્રમાણે હારની પ્રાપ્તિ કેવી રીતે થઈ ? તે કહ્યું.

સેચનકહાથી કેવી રીતે પ્રાપ્ત થયો ? તે કહે છે – એક વનમાં હાથીઓનું જૂથ રહેતું હતું. તે જૂથમાં એક હાથી ઉત્પન્ન થયેલા નાના–નાના હાથીઓને મારી નાખે છે (કે જેથી તે જૂથનું આધિપત્ય કોઈ બીજો હાથી મોટો થઈને લઈ ન લે.) તેવામાં એક ગર્ભવતી હાથિણી (જ્યારે આખું જૂથ ચરવા નીકળે ત્યારે જૂથમાંથી જુદા પડવા) ધીરે ધીરે ચાલતી–ચાલતી પાછળ પડેલી એકલી ચરે છે. (આવું રોજ કરતી હોવાથી મુખ્ય હાથીને શંકા પણ પડતી નથી.) એક વાર આ રીતે ધીરે ધીરે જૂથથી પાછળ પડીને તે હાથિણી ઘાસના પુળાને પોતાના મસ્તક ઉપર મૂકીને તાપસોના આશ્રમમાં ગઈ.

ત્યાં તે તાપસોના પગમાં પડી. જેથી તાપસોએ જાણ્યું કે – આ બિચારી આપણા શરણે આવેલી છે. એકવાર ત્યાં ચરતી એવી તે હાથિણીએ પુત્રને જન્મ આપ્યો. (પોતાના પુત્રને આશ્રમમાં તાપસો પાસે મૂકી ખબર ન પડે એ રીતે તે જૂથમાં આવીને ભળી જતી.) હાથીના સમૂહ સાથે ચરતી તે અવસર જોઈને તેમાંથી છૂટી પડીને પુત્રને સ્તનપાન કરાવતી. આ પ્રમાણે ધીરે ધીરે તે બચ્ચું મોટું થાય છે. આશ્રમમાં તાપસપુત્રો પુષ્પોની જુદી જુદી જાતિઓને (=જુદા જુદા પુષ્પોને) પાણી સિંચે છે. તે જોઈ હાથી પણ સૂંઢમાં પાણી ભરી પુષ્પોને સિંચે છે. તેથી તેનું નામ 'સેચનક'

६७. आक्षिप्तौ स्तम्भे आपतितौ भग्नौ, तत्रैकस्मिन् कुण्डलयुगलमेकस्मिन् देवदुष्ययुगलं, तुष्टया गृहीतानि, एवं हारस्योत्पत्तिः । सेचनकस्य कोत्पत्तिः ? एकत्र वने हस्तियूथं परिवसति, तस्मिन् यूथे एको हस्ती जातान् जातान् हस्तिकलभान् मारयति, एका गुर्व्वी हस्तिनी शनैः शनैरपसृत्यैकाकिनी चरति, अन्यदा कदाचित् तृणपिण्डिकां शीर्षे कृत्वा तापसाश्रमं गता, तेषां तापसानां पादयोः पतिता, तैर्ज्ञातं–शरणागता वराकी, अन्यदा तत्र चरन्ती प्रजनितवती पुत्रं, हस्तियूथेन समं चरन्ती अवसरे आगत्य स्तनं ददाति, एवं संवर्धते, तत्र तापसपुत्राः पुष्पजातीः सिञ्चन्ति, सोऽपि शुण्डया पानीयमानीय सिञ्चति, तदा नाम कृतं सेचनक इति, संवृद्धो मदकलो जातः, तदाऽनेन स यूथपतिः

[६८] मारिओ, अप्पणा जुहं पडिवण्णो, अण्णया तेहिं तावसेहिं राया गामं दाहित्ति मोयगेहि लोभित्ता रायगिहं नीओ, णयरं पवेसेत्ता बद्धो सालाए, अण्णया कुलवती तेण चेव पुव्वब्भासेण ढुक्को किं पुत्त सेयणग ! ओच्छगं च से पणामेइ, तेण सो मारिओ, अण्णे भणंति–जूहवइत्तणे ठिएणं मा अण्णावि वियातित्ति ते तावसउडया भग्गा तेहिं तावसेहिं रुट्ठेहिं सेणियस्स रण्णो कहियं, ताहे सेणिएण गहिओ, एसा सेयणगस्स उप्पत्ती । पुव्वभवो तस्स–एगो धिज्जाइओ जन्नं जयइ, तस्स दासो तेण जन्नवाडे ठविओ, सो भणइ–जइ सेसं मम देहि तो ठामि इयरहा ण, एवं होउत्ति सोवि ठिओ, सेसं साहूण देइ, देवाउयं निबद्धं देवलोगाओ चुओ सेणियस्स पुत्तो नंदिसेणो जाओ, धिज्जाइओऽवि संसारं हिंडित्ता सेयणगो जाओ, जाहे किर नंदिसेणो विलग्गइ ताहे

પડ્યું. મોટો થઈને તે મદઝરતો હાથી થયો. જૂથમાં આવીને એણે જૂથના યૂથપતિને મારી નાખ્યો અને પોતે યુથપતિ બન્યો. એકવાર તે તાપસો 'રાજા (ઇનામમાં) ગામને આપશે' એવા લોભથી મોદકોદ્વારા લલચાવીને તે હાથીને રાજગૃહ લઈ ગયા. નગરમાં લાવીને હસ્તિશાળામાં તેને બાંધી દીધો. એકવાર આશ્રમનો કુલપતિ પૂર્વના રાગથી ત્યાં આવ્યો અને હાથીને કહ્યું – "હે પુત્ર સેચનક ! (સારું છે ને ?)" અને ત્યાર પછી તે કુલપતિ પોતાનો હાથ તેને આપે છે. (અર્થાત્ કુલપતિ હાથીને સ્પર્શ કરવા જાય છે.) હાથીએ તે કુલપતિને મારી નાખ્યો. અહીં કેટલાક આચાર્યો કહે છે કે –"યૂથપતિપણામાં રહેલા સેચનકહાથીએ બીજી ગર્ભવતી હાથિણી (મારી માતાની જેમ) આશ્રમમાં જઈને પુત્રને જન્મ ન આપે તે માટે તાપસોની બધી ઝુંપડી તોડી નાખી.

તેથી ગુસ્સે થયેલા તાપસોએ આ વૃત્તાંત શ્રેણિકને જઈને કહ્યો. શ્રેણિકે સેચનકહાથીને પકડ્યો. આ સેચનકહાથીની ઉત્પત્તિ કહી. અહીં તે હાથીનો પૂર્વભવ આ પ્રમાણે જાણવો – એક બ્રાહ્મણ યજ્ઞ કરે છે. તેણે પોતાના દાસને યજ્ઞ કરવાના સ્થાને સ્થાપ્યો. દાસે કહ્યું – "જો યજ્ઞમાં બનાવેલ ભોજનમાંથી વધેલ શેષ મને આપો તો હું રહું, બાકી મારે રહેવું નથી." બ્રાહ્મણે શેષ આપવાની કબૂલાત સાથે તેને રાખ્યો. (બ્રાહ્મણ વધેલી શેષ તે દાસને આપતો.) તે દાસ તે શેષ વધેલ ભોજન સાધુઓને દાનમાં આપતો. જેથી તે દાસે દેવાયુષ્ય બાંધ્યું. દેવલોકમાં ગયો. ત્યાંથી ચ્યવીને શ્રેણિકરાજાનો પુત્ર નંદિષેણ થયો. બ્રાહ્મણ પણ સંસારમાં રખડીને સેચનકહાથી થયો.

६८. मारितः, आत्मना यूथं प्रतिपन्नं, अन्यदा तैस्तापसै राजा ग्रामं दास्यतीति लोभयित्वा मोदकै राजगृहं नीतः, नगरं प्रवेश्य बद्धः शालायां, अन्यदा कुलपतिस्तेनैव पूर्वाभ्यासेनागतः, किं पुत्र सेचनक ! हस्तं च तस्मै अर्पयति, तेन स मारितः, अन्ये भणन्ति–यूथपतित्वे स्थितेन माऽन्यापि प्रजीजनदिति ते तापसोटजा भग्नास्तैस्तापसै रुष्टैः श्रेणिकस्य राज्ञः कथितं, तदा श्रेणिकेन गृहीतः, एषा सेचनकस्योत्पत्तिः । तस्य पूर्वभवः–एको धिग्जातीयो यज्ञं यजते, तस्य दासो यज्ञपाटे तेन स्थापितः, स भणति–यदि शेषं मह्यं दास्यसि तर्हि तिष्ठामि इतरथा न, एवं भवत्विति सोऽपि स्थितः, शेषं साधुभ्यो ददाति, देवायुर्निबद्धं, देवलोकाच्च्युतः श्रेणिकस्य पुत्रो नन्दिषेणो जातः, धिग्जातीयोऽपि संसारं हिण्डित्वा सेचनको जातः, यदा किल नन्दिषेण आरोहति तदा

[૬૯] ओहयमणसंकप्पो भवइ, विमदो होइ, ओहिणा जाणइ, सामी पुच्छिओ, एयं सव्वं कहेइ, एस सेयणगस्स पुव्वभवो। अभओ किर सामिं पुच्छइ-को अपच्छिमो रायरिसित्ति ?, सामिणा उदायणो वागरिओ, अओ परं बद्धमउडा न पव्वयंति, ताहे अभएण रज्जं दिज्जमाणं न इच्छियं, पच्छा सेणिओ चिंतेइ-कोणियस्स दिज्जिहित्ति हलस्स हत्थी दिन्नो विहल्लस्स देवदिन्नो हारो, अभएण विपव्वयंतेण नंदाए खोमजुयलं कुंडलजुयलं च हल्लविहल्लाणं दिण्णाणि, महया विभवेण अभओ समाऊओ पव्वइओ, अण्णया कोणिओ कालादीहि दसहिं कुमारेहिं समं मंतेइ-सेणियं

(આશ્રમમાં જઈને બીજી હાથિણી પુત્રને જન્મ ન આપે તે માટે સેચનકહાથીએ તાપસોની ઝુંપડી વિગેરે બધું તોડી નાંખ્યું. તેને પકડીને શ્રેણિકે હસ્તિશાળામાં બાંધ્યો. ત્યાં આવીને તાપસો તે હાથીનો તિરસ્કાર કરે છે ત્યારે ગુસ્સામાં આવીને હાથી આલાનસ્તંભ તોડીને તાપસોને મારવા દોડે છે. શ્રેણિકના સૈનિકો હાથીને પકડવા જાય છે ત્યારે વ્યંતરગ્રસ્ત થયો હોય તેમ મહાવત વિગેરેને ગણકારતો નથી. એ વખતે નંદિષેણના વચનો સાંભળીને તે હાથી શાંત થયો.) જ્યારે નંદિષેણ હાથી ઉપર ચઢે છે ત્યારે હાથી હણાયેલા મનસંકલ્પવાળો=શાંત થાય છે, મદ વિનાનો થાય છે. ત્યારે અવધિજ્ઞાનવડે (=વિભંગજ્ઞાનવડે) તે હાથી પોતાનો પૂર્વભવ અને નંદિષેણ સાથેનો સંબંધ જાણે છે. નંદિષેણ વિગેરેએ આ રીતે શાંત થવાનું કારણ ભગવાનને પૂછ્યું. ત્યારે ભગવાન તે બધી વાત કરે છે. આ પ્રમાણે સેચનકહાથીનો પૂર્વભવ જાણવો.

(એકવાર શ્રેણિકરાજાએ અભયકુમારને રાજ્ય સંભાળવાની = રાજા બનવાની વાત કરી ત્યારે અભયે શ્રેણિકરાજાને થોડી રાહ જોવાની વાત કરી. આ વાત ચાલતી હતી, તેવામાં ત્યાં વીરપ્રભુ પધાર્યા. તેથી અભય પ્રભુ પાસે આવ્યો.) અભય સ્વામીને પૂછે છે – "છેલ્લો રાજર્ષિ કોણ થશે ?" સ્વામીએ ઉદાયનરાજાનું નામ આપ્યું અને કહ્યું કે – "તેના પછી બદ્ધમુકુટવાળા (=અભિષેક થયો હોય તેવા રાજા) દીક્ષા લેશે નહીં." (અભયને દીક્ષા લેવાની ભાવના હતી. હવે જો પોતે રાજા બને તો ઉદાયન પછી બીજા કોઈ રાજર્ષિ=રાજા બન્યા બાદ દીક્ષા લેનાર થવાના ન હતા. તેથી દીક્ષા થાય નહીં.) માટે રાજાવડે અપાતા એવા રાજ્યને અભયે સ્વીકાર્યું નહીં. અભયના ના પાડ્યા પછી શ્રેણિકે વિચાર્યું કે રાજ્ય કોણિકને આપીશું. આમ વિચારીને હલ્લને હાથી આપ્યો, વિહલ્લને દેવે આપેલ અઢારસેરનો હાર આપ્યો.

અભયકુમારે દીક્ષા લીધી ત્યારે માતા નંદાએ વસ્ત્રયુગલ અને કુંડલયુગલ હલ્લ–વિહલ્લને આપી દીધા. મોટા વૈભવપૂર્વક અભયકુમારે માતાસહિત દીક્ષા લીધી. એકવાર કાલ વિગેરે પોતાના

૬૯. उपहतमनःसंकल्पो भवति, विमदो भवति, अवधिना (विभङ्गेन) जानाति, स्वामी पृष्टः एतत् सर्वं कथयति, एष सेचनकस्य पूर्वभवः। अभयः किल स्वामिनं पृच्छति-कोऽपश्चिमो राजर्षिरिति ?, स्वामिनोदायनो व्याकृतः, अतः परं बद्धमुकुटा न प्रव्रजिष्यन्ति, तदाऽभयेन राज्यं दीयमानं नेष्टं, पश्चात् श्रेणिकश्चिन्तयति-कोणिकाय दास्यते इति हल्लाय हस्ती दत्तः विहल्लाय देवदत्तो हारो दत्तः, अभयेनापि प्रव्रजता नन्दायाः क्षौमयुगलं कुण्डलयुगलं च हल्लविहल्लाभ्यां दत्ते, महता विभवेनाभयः समातृकः प्रव्रजितः, अन्यदा कोणिकः कालादिभिर्दशभिः कुमारैः समं मन्त्रयति-श्रेणिकं

**[७०] बंधेत्ता एक्कारसभाए रज्जं करेमोत्ति, तेहिं पडिस्सुयं, सेणिओ बद्धो, पुव्वण्हे अवरण्हे य कससयं दवावेइ, चेल्लणाइ कयाइ ढोयं न देइ, भत्तं वारियं, पाणियं न देइ, ताहे चेल्लणा कहवि कुम्मासे वालेहिं बंधित्ता सयाउं च सुरं पवेसेइ, सा किर धोवइ सयवारे, सुरा पाणियं सव्वं होइ, तीए प्रभावेण वेयणा न होइ, अण्णया तस्स पउमावईए देवीए पुत्तो उदायीकुमारो जेमंतस्स उच्छंगे ठिओ, सो थाले मुत्तेति, न चालेइ मा दूमिज्जिहित्ति जत्तिए मुत्तियं तत्तियं कूरं अवणेइ, मायं भणति–अम्मो ! अण्णस्सवि कस्सवि पुत्तो एप्पिओ अत्थि ?, मायाए सो भणिओ–दुरात्मन् ! तव अंगुली किमिए वमंती पिया मुहे काऊण अच्छियाइओ, इयरहा तुमं रोवंतो अच्छियाइओ,**

---

દશ ભાઈઓ સાથે કોણિકે મંત્રણા કરી કે – "શ્રેણિકને બાંધીને આપણે રાજ્યના અગિયારભાગ કરી પરસ્પર વહેંચી લઈએ." ભાઈઓએ વાત સ્વીકારી. શ્રેણિકને બાંધવામાં આવ્યો. રોજ સવાર–સાંજ શ્રેણિકને એકસો ચાબૂકો મરાવે છે. ચેલ્લણાને પણ ગમે ત્યારે જવા મળતું નહીં (અર્થાત્ અમુક ચોક્કસ સમયે જ ચેલ્લણાને શ્રેણિક પાસે જવા મળતું. તે સિવાયના સમયમાં નહીં.)

કોણિકે શ્રેણિકના ભોજન–પાણી પણ બંધ કરાવી દીધા હતા. તેથી ચેલ્લણા કોઈક રીતે અડદોને પોતાના વાળમાં બાંધીને અને સો વાર ધોયેલ દારૂને (= દારૂથી પોતાના વાળ ભીના કરીને શ્રેણિક પાસે) પ્રવેશે છે.. (શ્રેણિક પાસે પ્રવેશતા પહેલાં) ચેલ્લણા તે દારૂને સોવાર ધોય છે. (અડદોને ખાધા બાદ શ્રેણિકને પાણીના સ્થાને ચેલ્લણા પોતાના વાળમાંથી દારૂના ટીપાં ટપકાવવા દ્વારા દારૂનું પાન કરાવે છે.) આ દારૂનું પાન જ શ્રેણિક માટે બધા પાણીરૂપ થાય છે. (અર્થાત્ બીજું કોઈ પાણી ન હોવાથી આ દારૂને પીને જ શ્રેણિક પોતાની તૃષા દૂર કરે છે.) દારૂ પીવાના કારણે શ્રેણિકને ઘાની વેદના થતી નથી.

એકવાર જમતી વેળાએ કોણિકે પદ્માવતીરાણીથી ઉત્પન્ન થયેલ ઉદાયીનામનો પુત્ર પોતાના ખોળામાં રાખ્યો હતો. પુત્રે જમવાની થાળીમાં પેશાબ કર્યો. છતાં કોણિક હલનચલન કરતો નથી કે ક્યાંય પુત્રને વાગી ન જાય. પછી જેટલા ભાગમાં પેશાબ પડ્યું તેટલા ભાત તેણે દૂર કર્યા. પછી માતાને કહ્યું – "હે માતા ! શું બીજા કોઈ પિતાને પુત્ર આટલો પ્રિય હોઈ શકે ?" માતાએ કહ્યું – "હે દુરાત્મન્ ! જ્યારે તારી આંગળીમાંથી કૃમિઓ પડતા હતા ત્યારે તારી તે આંગળી તારા પિતા મુખમાં રાખી મૂકતા (જેથી તને વેદના ઓછી થાય.) નહીં તો તું રોવા લાગતો."

---

**७०. बद्ध्वा एकादश भागान् राज्यस्य कुर्म इति, तैः प्रतिश्रुतं, श्रेणिको बद्धः, पूर्वाह्ने अपराह्ने च कशशतं दापयति, चेल्लणायाः कदाचिदपि गमनं ( कर्तुं ) न ददाति, भक्तं वारितं, पानीयं न ददाति, तदा चेल्लणा कथमपि कुल्माषान् वालेषु बद्ध्वा शतधौतं च सुरां प्रविशति, सा किल प्रक्षालयति शतकृत्वः, सुरा पानीयं सर्वं भवति, तस्याः प्रभावेन वेदना न भवति । अन्यदा तस्य पद्मावत्या देव्याः पुत्र उदायिकुमारो जेमत उत्सङ्गे स्थितः, स स्थाले मूत्रयति, न चालयति मा दौषीदिति ( यावति ) मूत्रितं तावन्तं कूरमपनयति, मातरं भणति–अम्ब ! अन्यस्यापि कस्यापि पुत्र इयत्प्रियोऽस्ति ?, मात्रा स भणितः–तवाङ्गुली कृमीन् वमन्ती पिता मुखे कृत्वा स्थितवान्, इतरथा त्वं रुदन् स्थितवान्,**

[७१]ताहे से चित्तं मउयं जायं, भणइ–किह खाइं पुण मम गुलमोयए पेसेइ ?, देवी भणइ–मए ते कया, जेण तुमं सदा पिइवेरिओ उदरे आरद्धोत्ति सव्वं कहेइ, तहावि तुज्झ पिया न विरज्जइ, तो तुमे पिया एवं वसणं पाविओ, तस्स अरती जाया, सुणेंतओ चेव उट्ठाय लोहदंडं गहाय नियलाणि भंजामित्ति पहाविओ, रक्खवालगा नेहेणं भणंति–एस सो पावो लोहदंडं गहाय एइत्ति, सेणिएण चिंतियं–न नज्जइ केणइ कुमारेण मारेहितित्ति तालउडं विसं खइयं जाव एइ ताव मओ, सुट्ठुयरं अधिती जाया ताहे डहिऊण घरमागओ रज्जधुरामुक्कतत्तीओ तं चेव चिंतंतो अच्छइ, कुमारामच्चेहिं चिंतियं–नट्ठं रज्जं होइत्ति तंबिए सासणे लिहित्ता अक्खराणि जुण्णं

આ સાંભળીને કોણિકનું ચિત્ત પીગળી ગયું. તેણે પૂછ્યું – "તો પિતા મને શા માટે ગોળના મોદક મોકલતા હતા ?" (खाइं = 'पुनः' અર્થમાં છે.) માતાએ કહ્યું – "તે મોદક મેં મોકલ્યા હતા, પિતાએ નહીં. કારણ કે તું ગર્ભકાળથી લઈને પિતાનો વૈરી હતો વિગેરે સર્વ વાત કરી. (તે પિતાને આટલું કષ્ટ આપ્યું છે) છતાં તારા પિતા તારાથી નારાજ થયા નથી. છતાં તું પિતાને બંદીખાનામાં નાખી દુઃખ આપી રહ્યો છે." કોણિકને અરતિ થઈ. માતાની વાતો સાંભળતા સાંભળતા જ ઊઠીને લોહદંડને લઈ 'બેડીઓ તોડી નાખું' એમ વિચારી દોડ્યો.

રક્ષા કરનારા પહેરેગીરો શ્રેણિક પ્રત્યેના સ્નેહથી શ્રેણિકને કહે છે – "જુઓ, આ તે પાપી લોહદંડને લઈને (તમને મારવા) આવે છે." શ્રેણિકે વિચાર્યું – "જણાતું નથી કે આ હવે કયા પ્રકારના ખરાબ મારથી મને મારશે ?" એમ વિચારી પોતાની પાસે રહેલ તાલપુટ ઝેર ખાય છે. જેટલી વારમાં કોણિક આવે છે તેટલી વારમાં શ્રેણિક મૃત્યુ પામે છે. પિતાના મરણથી કોણિકને વધારે અધૃતિ થાય છે. પિતાના શરીરને બાળીને તે ઘરે આવ્યો. રાજ્યની ચિંતા છોડીને આખો દિવસ પિતા સાથેના કુવર્તનને તે વિચારતો રહે છે.

મંત્રીઓએ વિચાર્યું કે – "જો રાજા આ રીતે શોકમાં રહ્યા કરશે તો રાજ્ય નાશ પામશે." તેથી તેઓએ તામ્રપત્રમાં (પિંડ વિગેરેના દાનથી મરેલા પિતા પણ પ્રાપ્ત થાય છે इति त्रिषष्ट्याम् એવા) અક્ષરો લખાવીને તે તામ્રપત્રને જીર્ણ જેવું કરીને (જીર્ણ કરવાથી મહાપુરુષોના આ વચનો છે એવું કોણિકને લાગે) રાજા પાસે લાવવામાં આવ્યું. અને તે વંચાવીને મંત્રીઓએ કહ્યું કે –

७१. तदा तस्य चित्तं मृदु जातं, भणति–कथं पुनर्मह्यं गुडमोदकान् अप्रैषीत् ?, देवी भणति–मया ते कृताः, येन त्वं सदा पितृवैरिकः, उदरे (आगमनात्) आरभ्येति सर्वं कथितं, तथापि तव पिता न व्यरङ्क्षीत्, स त्वया पितैवं व्यसनं प्रापितः, तस्यारतिर्जाता, श्रृण्वन्नेवोत्थाय लोहदण्डं गृहीत्वा निगडान् भनज्मि इति प्रधावितः, स्नेहेन रक्षपालकाः भणन्ति–एष स पापो लोहदण्डं गृहीत्वाऽऽयाति, श्रेणिकेन चिन्तितं न ज्ञायते केनचित् कुमरणेन मारयिष्यतीति तालपुटं विषं खादितं यावदेति तावन्मृतः, सुष्ठुतराधृतिर्जाता, तदा दग्ध्वा गृहमागतो मुक्तराज्यधूस्तप्तिस्तदेव चिन्तयन् तिष्ठति, कुमारामात्यैश्चिन्तितं–राज्यं नङ्क्षयतीति ताम्रिके शासने लिखित्वाऽक्षराणि जीर्णं

[૭૨] काऊण राइणो उवणीयं, एवं पिउणो कीरइ पिंडदाणादी, णित्थारिज्जइ, तप्पभिति पिंडनिवेयणा पवत्ता, एवं कालेण विसोगो जाओ, पुणरवि सयणपरिभोए य पियसंतिए दट्ठूण अद्धिती होहित्ति तओ निग्गओ चंपारायहाणीं करेइ, ते य हल्लविहल्ला सेयणएण गंधहत्थिणा समं सभवणेसु य उज्जाणेसु य पुक्खरिणीएसु अभिरमंति, सोवि हत्थी अंतेउरियाओ अभिरमावेइ, ते य पउमावई पेच्छइ, णयरमज्झेण य ते हल्लविहल्ला हारेण कुंडलेहि य देवदूसेण विभूसिया हत्थिखंधवरगया दट्ठूण अद्धितिं पगया कोणियं विण्णवेइ, सो नेच्छइ पिउणा दिण्णंति, एवं बहुसो २ भणंतीए चित्तं उप्पण्णं, अण्णया हल्लविहल्ले भणइ—रज्जं अद्धं अद्धेण विरिंचामो सेयणगं मम देह, ते

"આ પ્રમાણે પિતાને પિંડદાનાદિ કરાય છે જેથી તેમનો નિસ્તાર થાય. (આ સાંભળી કોણિક પિંડદાનાદિ કરે છે.) ત્યારથી લઈને જગતમાં પિંડદાનનો આચાર શરૂ થયો. આ પ્રમાણે અમુક સમય પછી કોણિક શોક વિનાનો થયો.

પરંતુ પિતાની શય્યા, આસન વિગેરેરૂપ પરિભોગને જોઈને ફરી શોક ન થાય તે માટે કોણિક રાજગૃહનગર છોડી દેવાનો વિચાર કરે છે. (તેની માટે વાસ્તુશાસ્ત્રમાં ચતુર એવા પુરુષોને મોકલીને નગર વસાવવા યોગ્ય ભૂમિની તપાસ કરાવે છે. પુરુષો અમુક સ્થાને ચંપકવૃક્ષને પ્રફુલ્લિત થયેલું જોય છે. તેથી ત્યાં નગર વસાવવા લાયક ભૂમિ જાણીને રાજાને નિવેદન કરે છે. તે ભૂમિમાં નગર વસાવવા) રાજા નીકળે છે. અને ચંપાનામની રાજધાની વસાવે છે.

ત્યાં તે હલ્લ અને વિહલ્લ સેચનકહાથી ઉપર આરૂઢ થઈને પોતાના ભવનોમાં, ઉદ્યાનોમાં અને વાવડીઓમાં ક્રીડા કરે છે. તે હાથી પણ અંતઃપુરની રાણીઓને રમાડે છે. આ બધું કોણિકની પત્ની પદ્માવતી જુએ છે. તથા જ્યારે તે હલ્લ–વિહલ્લ હાર, કુંડલ અને દિવ્યવસ્ત્રોથી વિભૂષિત થયેલા નગરમધ્યથી હાથી ઉપર બેસીને જતા પદ્માવતી જુએ છે ત્યારે અધૃતિને પામેલી તે કોણિકને વિનંતિ કરે છે (કે આ હાર વિગેરે ભાઈઓ પાસેથી તમે પ્રાપ્ત કરો.) કોણિક એ ઇચ્છતો નથી, કારણ એ પિતાએ આપેલા છે. છતાં પદ્માવતી વારંવાર વિનંતિ કરતી હોવાથી એકવાર કોણિકને તે લેવાની ઇચ્છા થઈ.

એકવાર કોણિક હલ્લ–વિહલ્લને કહે છે કે – "આપણે રાજ્ય અડધું–અડધું વહેંચી લઈએ બદલામાં તમે સેચનકહાથી મને આપો." "અહીં આપણી સુરક્ષા રહેશે નહીં" એમ વિચારી તેઓએ

૭૨. कृत्वा राज्ञ उपनीतं, एवं पितुः क्रियते पिण्डदानादि, निस्तार्यते, तत्प्रभृति पिण्डनिवेदना प्रवृत्ता, एवं कालेन विशोको जातः, पुनरपि शयनपरिभोगांश्च पितृसत्कान् दृष्ट्वाऽधृतिर्भविष्यतीति निर्गतस्ततश्चम्पां राजधानीं करोति, तौ च हल्लविहल्लौ सेचनकेन हस्तिना समं स्वभवनेषु उद्यानेषु पुष्करिणीषु चाभिरमंते, सोऽपि हस्ती अन्तःपुरिका अभिरमयते, तौ च पद्मावती प्रेक्षते, नगरमध्येन च तौ हल्लविहल्लौ हारेण कुण्डलाभ्यां देवदुष्येण च विभूषितौ वरहस्तिस्कन्धगतौ दृष्ट्वाऽधृतिं प्रगता कोणिकं विज्ञपयति, स नेच्छति पित्रा दत्तमिति, एवं बहुशो २ भणन्त्या चित्तमुत्पादितं, अन्यदा हल्लविहल्लौ भणति—राज्यमर्धमर्धं विभजामः सेचनकं मह्यं दत्तं, तौ

हिं[७३] मा सुरक्खं चिंतियं देमोत्ति भणंति, गया सभवणं, एक्काए रत्तीए सअंतेउरपरिवारा वेसालिं अज्जमूलं गया, कोणियस्स कहियं-नट्ठा कुमारा, तेण चिंतियं—तेवि न जाया हत्थीवि नत्थि, चेडयस्स दुयं पेसइ अमरिसिओ-जइ गया कुमारा गया नाम, हत्थिं पेसेह, चेडगो भणइ—जहा तुमं मम नत्तुओ तहा एएवि, कह इयाणिं सरणागयाण हरामि, न देमित्ति दूओ पडिगओ, कहियं च, पुणोवि दुयं पट्ठवेइ—देह, न देह तो जुज्झसज्जो होह एमित्ति, भणइ—जहा ते रुच्चइ, ताहे कोणिएण कालाइया कुमारा दसवि आवाहिया, तत्थेक्केक्कस्स तिन्नि २ हत्थिसहस्सा तिन्नि २ रहसहस्सा तिन्नि २ ★आससहस्सा तिन्नि २ मणुस्सकोडिओ कोणियस्सवि एत्तियं संखेवेण सव्वाणिवि तित्तीसं ३३, तं सोऊण चेडएणवि अट्ठारसगणरायाणो मेलिया, एवं ते चेडएण समं

કોણિકને કહ્યું કે – "વિચારીને આપીશું." એમ કહીને તેઓ પોતાના ભવનમાં ગયા. (ત્યાં જઈને બંને ભાઈઓ વિચારવા લાગ્યા કે આપણે બીજા સ્થાને જવું જોઈએ. એમ વિચારી) તેઓ એક રાત્રિએ અંતઃપુર અને પરિવારસહિત વૈશાલીનગરીમાં પોતાના નાના (માતાના પિતા) પાસે ગયા. આ બાજુ કોણિકને સમાચાર મળ્યા કે – કુમારો ભાગી છૂટ્યા છે. તેણે વિચાર્યું – "મારે તે પણ ન રહ્યા અને હાથી પણ પ્રાપ્ત ન થયો."

ગુસ્સે થયેલો કોણિક ચેટકરાજા પાસે દૂત મોકલે છે અને કહેવરાવે છે કે – "કુમારો ગયા તો ભલે ગયા પરંતુ હાથીને મોકલી આપો." ચેટક કહે છે – "જેમ તું મારો પૌત્ર છે તેમ આ લોકો પણ મારા પૌત્ર છે. તેથી શરણે આવેલા એ લોકો પાસેથી હું કેવી રીતે હાથીને લઈ લઉં. તેથી હાથીને હું મોકલી શકું એમ નથી." આ સમાચાર લઈને દૂત પાછો ફર્યો. કોણિકને વાત કરી. કોણિકે ફરીથી દૂત સાથે સમાચાર મોકલ્યા કે – "હાથી દો, ન દેવો હોય તો યુદ્ધ માટે તૈયાર થાઓ, હું આવું છું." ચેટકે જણાવ્યું કે – તારી ઇચ્છા પ્રમાણે તું કર.

### ❀ કોણિક અને ચેટકરાજાનું યુદ્ધ ❀

કોણિકે કાલ વિગેરે દશે કુમારોને બોલાવ્યા. દરેકને ત્રણ–ત્રણ હજાર હાથીઓ, ત્રણ–ત્રણ હજાર રથો, ત્રણ–ત્રણ હજાર ઘોડાઓ અને ત્રણ–ત્રણ કરોડ સૈનિકો હતા. આટલું જ સૈન્ય કોણિક પાસે પણ હતું. સંક્ષેપથી = સામાન્યથી બધું મળીને ૩૩ હજાર ઘોડા, ૩૩ હજાર હાથીઓ, ૩૩ હજાર રથો અને ૩૩ કરોડ સૈનિકો હતા. આ સાંભળીને ચેટકરાજાએ પણ અઢાર ગણરાજાઓને=સામન્ત

૭૩. तु मा सुरक्षं चिन्तितं दद्म इति भणन्तौ गतौ स्वभवनं, एकया रात्र्या सान्तःपुरपरिवारौ वैशाल्यामार्य-(मातामह)पादमूलं गतौ, कोणिकाय कथितं—नष्टौ कुमारौ, तेन चिन्तितं—तावपि न जातौ हस्त्यपि नास्ति, चेटकाय दूतं प्रेषयति, अमर्षितो, यदि गतौ कुमारौ गतौ नाम हस्तिनं प्रेषय, चेटको भणति—यथा त्वं नप्ता तथैतावपि, कथमिदानीं शरणागतयोर्हरामि, न ददामीति दूतः प्रतिगतः, कथितं च, पुनरपि दूतं प्रस्थापयति—देहि, न दद्यास्तदा युद्धसज्जो भवैमीति, भणति—यथा ते रोचते, तदा कोणिकेन कालादिकाः कुमारा दशाप्याहूताः, तत्रैकैकस्य त्रीणि २ हस्तिसहस्राणि त्रीणि २ रथसहस्राणि त्रीणि २ अश्वसहस्राणि तिस्रो २ मनुष्यकोटयः कोणिकस्याप्येतावत् संक्षेपेण सर्वाण्यपि त्रयस्त्रिंशत्, तत् श्रुत्वा चेटकेनाप्यष्टादश गणराजा मेलिताः, एवं ते चेटकेन समं ★ 'आससयसहस्सा'—प्रत्य. ।

૭૪ एगूणवीसं रायाणो, तेसिंपि तिन्नि २ हत्थिसहस्साणि तह चेव नवरं सव्वं संखेवेण सत्तावण्णं, ताहे जुद्धं संपलग्गं, कोणियस्स कालो दंडणायगो, दो वूहा कया, कोणियस्स गरुडवूहो चेडगस्स सागरवूहो, सो जुज्झंतो कालो ताव उवगओ जाव चेडगो, चेडएण य एगस्स य सरस्स अभिग्गहो कओ, सो य अमोहो, तेण सो कालो मारिओ, भग्गं कोणियबलं, पडिनियत्ता सए २ आवासे गया, एवं दसहि दिवसेहिं दसवि मारिया चेडएण कालादीया, एक्कारसमे दिवसे कोणिओ अट्ठमभत्तं गिण्हइ, सक्कचमरा आगया, सक्का भणइ–चेडगो सावगोत्ति, अहं न पहरामि नवरं सारक्खामि, एत्थ दो संगामा महासिलाकंडओ रहमुसलो य भाणियव्वो जहा पण्णत्तीए, ते किर चमरेण विउव्विया, ताहे चेडगस्स सरो वइरपडिरूवगे अप्फिडति,

રાજાઓને ભેગા કર્યા. આ પ્રમાણે ચેટકરાજા સાથે ગણવાથી બધા મળીને ઓગણીસ રાજાઓ થયા. તે દરેક રાજા પાસે પણ ત્રણ–ત્રણ હજાર હાથી વિગેરે બધું કોણિકની જેમ જ હતું. પરંતુ સામાન્યથી બધું મળીને સત્તાવન હજાર હાથી, એટલા જ ઘોડા અને એટલા જ રથો તથા સત્તાવન કરોડ સૈનિકો હતા. બંને વચ્ચે યુદ્ધ શરૂ થયું. કાલનામનો કોણિકનો ભાઈ દંડનાયક = સૈન્યનાયક હતો. બે વ્યૂહ (=યુદ્ધ ખેલવાની પદ્ધતિવિશેષ) રચવામાં આવ્યા. તેમાં કોણિકનું ગરુડવ્યૂહ અને ચેટકરાજાનું સાગરવ્યૂહ હતું. કાલ લડતા–લડતા છેક ચેટકરાજા સુધી પહોંચી ગયો. ચેટકને એક બાણનો અભિગ્રહ હતો. (અર્થાત્ દિવસમાં એક જ બાણ છોડવાનો અભિગ્રહ હતો.) તે બાણ (દેવના વરદાનરૂપ હોવાથી) અમોઘ હતું. તેનાવડે કાલ મૃત્યુ પામ્યો. મૃત્યુ પામ્યો જાણી કોણિકનું સૈન્ય ભાંગી ગયું. બંનેનું સૈન્ય પાછું ફરી પોત–પોતાના આવાસમાં ગયું.

(બીજ દિવસે બીજા ભાઈને દંડનાયક તરીકે મોકલી યુદ્ધ ખેલ્યું. તેમાં પણ ચેટકરાજાએ બીજા ભાઈને બાણથી માર્યો.) આ રીતે દશ દિવસોમાં કાલાદિ દશ ભાઈઓને ચેટકે માર્યા. અગિયારમે દિવસે કોણિક અઠ્ઠમ કરે છે જેથી શક્રેન્દ્ર અને ચમરેન્દ્ર આવ્યા. (કોણિકે બંને ઇન્દ્રોને કહ્યું – "જો તમે પ્રસંન્ન થયા હો તો ચેટકરાજાને હણી નાંખો.") શક્રેન્દ્રે કહ્યું – "ચેટકરાજા એ શ્રાવક છે તેથી હું તેની ઉપર પ્રહાર કરીશ નહીં પરંતુ તારું રક્ષણ કરીશ." અહીં મહાશિલાકંટક અને રથમુશલ એમ બે યુદ્ધોનું વર્ણન ભગવતી સૂત્રમાં (શ. ૭, ઉ. ૯માં) જે રીતે કર્યું છે તે રીતે જાણી લેવું. આ બંને યુદ્ધો ચમરેન્દ્રએ વિકુર્વ્યાં. (તેમાં મહાશિલાકંટક યુદ્ધમાં શત્રુ તરફથી મહાશિલા

૭૪. एकोनविंशती राजानः, तेषामपि हस्तिनां त्रिसहस्री २ तथैव नवरं सर्वं संक्षेपेण सप्तपञ्चाशत्, तदा युद्धं प्रवृत्तं, कोणिकस्य कालो दण्डनायकः, द्वौ व्यूहौ कृतौ, कोणिकस्य गरुडव्यूहश्चेटकस्य सागरव्यूहः, स युध्यमानः कालस्तावदुपगतो यावच्चेटकः, चेटकेन चैकस्य शरस्याभिग्रहः कृतः, स चामोघः, तेन स कालो मारितः, भग्नं कोणिकबलं, प्रतिनिवृत्ताः स्वके २ आवासे गताः, एवं दशभिर्दिवसैर्दशापि मारिताश्चेटकेन कालादयः, एकादशे दिवसे कोणिकोऽष्टमभक्तं गृह्णाति, शक्रचमरावागतौ, शक्रो भणति–चेटकः श्रावक इत्यहं न प्रहरामि नवरं संरक्षयामि, अत्र द्वौ संग्रामौ महाशिलाकण्टकरथमुशलौ च भणितव्यौ यथा प्रज्ञप्तौ, तौ किल चमरेण विकुर्वितौ, तदा चेटकस्य शरो वज्रप्रतिरूपके स्खलति,

**[૭૫] गणरायाणो नट्ठा सणयरेसु गया, चेडगोवि वेसालिं गओ, रोहगसज्जो ठिओ एवं बारस वरिसा जाया रोहिज्जंतस्स, एत्थ य रोहए हल्लविहल्ला सेयणएण निग्गया बलं मारेंति दिवे दिवे, कोणिओवि परिखिज्जइ हत्थिणा, चिंतेइ–को उवाओ जेण मारिज्जेज्जा ?, कुमारामच्चा भणंति–जइ नवरं हत्थी मारिज्जइ, अमरिसिओ भणइ–मारिज्जउ, ताहे इंगालखड्डा कया, ताहे सेयणओ ओहिणा पेच्छइ न वोलेइ खड्डं, कुमारा भणंति–तुज्झ निमित्तं इमं आवइं पत्ता तोवि निच्छसि ?, ताहे**

આવે તો તે કાંકરા જેવી થઈ જાય અને દુશ્મન તરફ એક કાંકરો નાંખ્યો હોય તો તે મોટી શિલા જેવું લાગે. બીજા રથમૂશલ સંગ્રામમાં મુશલ=ગદા જેવું શસ્ત્ર, તેનાથી યુક્ત એવો રથ ચારે બાજુ શીઘ્રગતિએ ભમે અને ઘણા લોકોને મારી નાખે.)

(સામસામે યુદ્ધો થયા. તેમાં ગણરાજાસહિતના ચેટકના સૈન્યદ્વારા પોતાના સૈન્યને ખરાબ રીતે કૂટાતા જોઈને કોણિક ક્રોધથી ઉદ્ધત થઈને પોતે રણમાં દોડી આવ્યો. પલવારમાં શત્રુસૈન્યને વિખેરી નાંખ્યું. તેથી કુણિકને દુર્જય જાણીને ચેટકે ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું. તે સમયે શક્રેન્દ્રે કોણિકની આગળ વજ્રકવચ રાખ્યું અને ચમરેન્દ્રએ પાછળ લોહકવચ રાખ્યું.) ચેટકે બાણ છોડ્યું પરંતુ તે કોણિકની આગળ રહેલા વજ્રસમાન કવચ સાથે અથડાયું. (તે અમોઘ શસ્ત્રને નિષ્ફળ થયેલું જાણીને ચેટકરાજાનું સૈન્ય તેના પુણ્યનો ક્ષય માનવા લાગ્યું. તેથી) ગણરાજાઓ બધા પોતાના નગરમાં ગયા. ચેટકરાજા પણ વૈશીલાનગરીમાં જતો રહ્યો.

કોણિકે આવીને વૈશાલીનગરી રૂંધી લીધી. કુણિકે બાર વર્ષ સુંધી વૈશાલીનગરીને રૂંધી. તે દરમિયાન રોજે–રોજ (રાત્રિના સમયે જ્યારે બધા સૈનિકો સૂઈ ગયા હોય ત્યારે) છાવણીમાં સેચનક હાથીની સાથે હલ્લ–વિહલ્લ આવીને શત્રુસૈન્યનો વિનાશ કરે છે. (આ હાથી કોઈથી પકડાતો નથી.) તેથી તે હાથીને કારણે કોણિક પણ ખિજાય છે અને વિચારે છે કે – "કયા ઉપાયથી આ લોકોને મારવા ?" મંત્રીઓએ કહ્યું – "જો હાથી મરે તો બધું શક્ય છે." ગુસ્સામાં આવેલા કોણિકે કહ્યું – "મારી નાંખો હાથીને."

મંત્રીઓએ (હલ્લ–વિહલ્લ હાથી ઉપર બેસીને જે રસ્તેથી રોજ શત્રુસૈન્યનો વિનાશ કરવા આવતા હતા તે રસ્તા ઉપર) ખાડા કરાવીને તેમાં અંગારા ભરાવ્યા. રાત્રિના સમયે શત્રુસૈન્યનો વિનાશ કરવા સેચનકહાથી ઉપર બેસીને હલ્લ–વિહલ્લ વૈશાલીનગરથી નીકળ્યા. રસ્તામાં હાથી અવધિજ્ઞાનથી (વિભંગજ્ઞાથી इति त्रिषष्ट्यां)જુએ છે, તે ખાડાને ઓળંગતો નથી. કુમારોએ કહ્યું – "તારા નિમિત્તે તો આ આપત્તિ અમને આવી છે છતાં હવે તું (યુદ્ધ કરવા આગળ જવા) ઇચ્છતો

**૭૫. गणराजा नष्टाः स्वनगरेषु गताः, चेटकोऽपि वैशालीं गतः, रोधकसज्जः स्थितः, एवं द्वादश वर्षाणि जातानि रुध्यमाने, अत्र च रोधके हल्लविहल्लौ सेचनकेन निर्गतौ बलं मारयतः दिवसे दिवसे, कोणिकोऽपि परिखिद्यते हस्तिना, चिन्तयति–क उपायो येन मार्येते, कुमारामात्या भणन्ति–यदि नवरं हस्ती मार्येत, अमर्षितो भणति–मार्यतां, तदाऽङ्गारगर्ता कृता, तदा सेचनकोऽवधिना पश्यति, नातिक्रामति गर्तां, कुमारौ भणतः– तव निमित्तमियमापत्तिः प्राप्ता तथापि नेच्छसि, तदा**

**[७६]सेयणएण खंधाओ ओयारिया, सो य ताए खड्डाए पडिओ मओ रयणप्पहाए नेरइओ उववण्णो, तेवि कुमारा सामिस्स सीसत्ति वोसिरंति देवयाए साहरिया जत्थ भयवं तित्थयरो विहरइ, तहवि णयरी न पडइ, कोणियस्स चिंता, ताहे कूलवालगस्स रुट्ठा देवया आगासे भणइ–समणे जइ कूलवालए मागहियं गणियं लभेहिती। लाया य असोगचंदए, वेसालिं नगरिं लभिस्सइ ॥१॥ सुणेंतओ चेव चंपं गओ कूलवालयं पुच्छइ, कहियं, मागहिया सद्दाविया, विडसाविया जाया, पहाविया, का तस्स उप्पत्ती जहा णमोक्कारे पारिणामियाए बुद्धीए थूभेत्ति–'सिद्धसिलायलगमणं**

નથી ?" સેચનકહાથીએ બંનેને પોતાની પીઠ ઉપરથી નીચે ઉતાર્યા. પોતે તે ખાડામાં પડ્યો અને મર્યો. રત્નપ્રભાપૃથ્વીમાં (=પહેલી નરકમાં) નારક તરીકે ઉત્પન્ન થયો.

(ખાડામાં હાથીને પડેલો જોઈને તે કેમ આગળ વધતો નહોતો ? તેનો ખ્યાલ આવ્યો. બંનેને પુષ્કળ પશ્ચાત્તાપ થયો. તેથી) તે બંને કુમારોએ અમે ભગવાનના શિષ્ય છીએ એમ કહીને બધું વોસિરાવી દીધું. તેથી દેવતાએ જ્યાં ભગવાન વિચરતા હતા ત્યાં બંનેનું સંહરણ કર્યું. (બંનેએ પ્રભુ પાસે દીક્ષા લીધી. એમના ગયા પછી પણ કોણિક નગરી જીતી શકતો નથી. ત્યારે તે પ્રતિજ્ઞા કરે છે કે જો હું આ નગરીને ગધેડા જોડેલા હળવડે ન ખેડું તો મારે અગ્નિપ્રવેશ કે ભૃગુપાત કરવો." આવી પ્રતિજ્ઞા સાથે કોણિક નગરી જીતવા ઘણો પ્રયત્ન કરે છે. इति त्रिषष्ट्याम्) છતાં નગરીના કિલ્લા તૂટતા નથી. કોણિકને વધારે ચિંતા થઈ.

તે સમયે કૂલવાલકમુનિ ઉપર ગુસ્સે થયેલી દેવતા આકાશમાં રહીને કોણિકને કહે છે – "જો કૂલવાલક શ્રમણ માગધિકાનામની વેશ્યાને વશ થશે તો રાજા અશોકચંદ્ર (=કોણિક) વૈશાલીનગરીને પ્રાપ્ત કરી શકશે. ॥૧॥" સાંભળતાની સાથે કોણિક ચંપાનગરીમાં ગયો. ત્યાં કૂલવાલકમુનિ માટે પૃચ્છા કરે છે. (અને સાથે માગધિક વૈશ્યા માટે પણ પૂછે છે.) લોકો પાસેથી સમાચાર જાણ્યા પછી કોણિક માગધિકાગણિકાને બોલાવે છે. (અને કહે છે કે કૂલવાલકમુનિને વશ કરીને તારે અહીં લાવવાનો છે. ગણિકાએ વાતનો સ્વીકાર કર્યો. અને મુનિને લાવવાના ઉપાયરૂપે) કપટી શ્રાવિકા બની. કેટલાક સથવારા સહિત તેણીએ પ્રયાણ કર્યું.

### ❋ કૂલવાલકમુનિની કથા ❋

કૂલવાલકમુનિ કોણ હતા ? તેમનું કથાનક જે રીતે પૂર્વે નમસ્કારનિર્યુક્તિમાં પારિણામિકી બુદ્ધિના દૃષ્ટાંતોમાં જે સ્તૂપનું (ભા.૪ – પૃ. ૧૯૩) દૃષ્ટાન્ત કહ્યું હતું તે પ્રમાણે જાણવું. તે આ પ્રમાણે – સિદ્ધશિલાતલ=ઉજ્જયંતપર્વત ઉપર આચાર્યનું ગમન, તેમની ઉપર ક્ષુલ્લક સાધુ દ્વારા

**७६. सेचनकेन स्कन्धादवतारितौ, स च तस्यां गर्तायां पतितो मृतो रत्नप्रभायां नैरयिक उत्पन्नः, तावपि कुमारौ स्वामिनः शिष्याविति व्युत्सृजन्तौ देवतया संहृतौ यत्र भगवान् तीर्थकरो विहरति, तथापि नगरी न पतति, कोणिकस्य चिन्ता, तदा कूलवालकाय रुष्टा देवताऽऽकाशे भणति–श्रमणः कूलवालको यदि मागधिकां वेश्यां लप्स्यति। राजा चाशोकचन्द्रो वैशालीं नगरीं लप्स्यति ॥१॥ श्रृण्वन्नेव चम्पां गतः कूलवालकं पृच्छति, कथितं, मागधिका शब्दिता विटश्राविका जाता, प्रधाविता, का तस्योत्पत्तिर्यथा नमस्कारे पारिणामिक्या बुद्ध्या स्तूप इति, सिद्धशिलातलगमनं**

**[૭૭] खुड्डुगसिललोट्टणा य विक्खंभो । सावो मिच्छावाइत्ति निग्गओ कूलवालतवो ॥१॥ तावसपल्ली नइवारणं च कोहे य कोणिए कहणं । मागहियगमणं वंदण मोदगअइसार आणणया ॥२॥ पडिचरणो-भासणया कोणियगणियत्ति गमण निग्गमणं । वेसालि जहा घेप्पइ उदिक्ख जओ गवेसामि ॥३॥ वेसालिगमण मग्गण सातिंकारावेणे य आउट्टा । थूभ नरिंदनिवारण इट्टगनिक्कालणविणासो ॥४॥ पडियागमणे रोहण गद्दभहलवाहणापइण्णाय । चेडगनिग्गम वहपरिणओ य माया उवालद्धो ॥५॥"**

શિલા ગબડાવવી, પગનું પસારવું, શાપ આપવો, 'આચાર્ય મિથ્યાવાદી થાઓ' તે માટે મુનિનું નીકળવું, નદીના કિનારે રહીને નદીના પ્રવાહને વાળી શકે એવો ઉગ્ર તપનું કરવું, આજુબાજુ તાપસોની પલ્લી હતી, નદીમાં પૂર આવતા મુનિની રક્ષા નિમિત્તે દેવતાવડે નદીના પ્રવાહને બદલવો, વૈશાલીનગરી ન જીતવાના કારણે કોણિકને ગુસ્સો, વૈશ્યાને મુનિને લાવવા માટેનું કથન, માગધિકવૈશ્યાનું ગમન, મુનિને વંદન, તપના કારણે મોદક વહોરાવવા, મોદકને વાપરવાથી ઝાડા થવા, અતિસાર રોગને દૂર કરવા ઔષધીઓનું લાવવું. ॥૧–૨॥

તે ઔષધિઓદ્વારા સેવા કરવી, વૈયાવચ્ચથી વશ થયેલા મુનિ પાસે ભોગોની માંગણી કરવી, મુનિદ્વારા કોણિકે મોકલેલ ગણિકાનું ગમન (=ભોગવવું), બંનેનું કોણિક પાસે જવા માટે નિર્ગમન, કોણિકે મુનિને કહ્યું – "જે રીતે વૈશાલી ગ્રહણ કરાય તે રીતે કર." મુનિએ કહ્યું – "રાહ જુઓ, પ્રયત્નપૂર્વક હું તપાસ કરું છું." ॥૩॥ મુનિનું વૈશાલી તરફ ગમન, ત્યાં નગરીના કિલ્લા ન તૂટવાના કારણની તપાસ, તપાસ કરતા મુનિસુવ્રતસ્વામીનો સ્તૂપ કારણ તરીકે લાગ્યો. લોકોએ મુનિને પૂછ્યું કે – હે ભદંત ! અમે આ નગરીના રોધથી બહુ જ દુઃખી થઈ ગયા છીએ, તો હવે આમાંથી અમારો છૂટકારો ક્યારે થશે ? તે આપ જાણતા હો તો કહો."

મુનિએ લોકોને કહ્યું – "આ સ્તૂપ છે ત્યાં સુધી શત્રુસૈન્ય દૂર થશે નહીં. તેથી તમે આ સ્તૂપને દૂર કરો." લોકોએ પૂછ્યું – "તેની ખાતરી શું ?" મુનિએ કહ્યું – "જેવું તમે આ સ્તૂપ તોડવાનું શરૂ કરશો તેવું શત્રુસૈન્ય પોતાના દેશ તરફ જવાનું ચાલું કરશે." આ રીતે ખાત્રી કરાવવા દ્વારા (સાતિંકાર) પોતાના વિશ્વાસમાં લીધા. સ્તૂપને તોડવાનું શરૂ થયું. મુનિએ કોણિરાજાને સમાચાર મોકલાવ્યા કે – "તમે થોડા દૂર થઈ જાઓ." આ જોઈને લોકોને પાક્કો વિશ્વાસ થયો. તેથી સ્તૂપની ઇંટો વિગેરે બધું તોડી નાંખીને સ્તૂપનો વિનાશ કર્યો. ॥૪॥

કોણિક પાછો નગરી તરફ આવ્યો. નગરીને ઘેરી લીધી. અને ગધેડાથી જોડેલા હળવડે નગરીને ખોદવાની પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાનો અવસર આવ્યો. ચેટકરાજા બહાર નીકળવાની

---

**૭૭. क्षुल्लकेन शिलालोठनं च विष्कम्भः ( पादप्रसारिका ) । शापो मिथ्यावादीति निर्गतः कूलवालकतपः ॥१॥ तापसपल्ली नदीवारणं च क्रोधे कोणिकाय ( देवतया ) कथितं । मागधिकागमनं वन्दनं मोदकाः अतीसारः आनयनं ॥२॥ प्रतिचरणमवभासनं कोणिकगणिकेति गमनं निर्गमनं । वैशाली यथा गृह्यते उद्वीक्षस्व प्रयतो गवेषयामि ॥३॥ वैशालीगमनं मार्गणं सत्यङ्कारकारणेनावर्जिता । स्तूपः नरेन्द्रनिवारणं इष्टिकानिष्काशनं विनाशः ॥४॥ पतिते गमनं रोधः ( पूर्त्तिः ) गर्दभहलवाहनप्रतिज्ञायाः । चेटकनिर्गमो वधपरिणतश्च मात्रोपालब्धः ॥५॥**

[७८]कोणिओ भणइ-चेडग किं करेमि ?, जाव पुक्खरिणीओ उद्धेमि ताव मा नगरीं अतीहि, तेण पडिवण्णं, चेडगो सव्वलोहियं पडिमं गलए बंधिऊण उइण्णो, धरणेण सभवणं नीओ कालगओ देवलोगं गओ, वेसालिजणो सव्वो महेसरेण नीलवंतंमि साहरिओ। को महेसरोत्ति ?, तस्सेव चेडगस्स धूया सुजेट्ठा वेरग्गेण पव्वइया, सा उवस्सयस्संतो आयावेइ, इओ य पेढालगो नाम परिव्वायओ विज्जासिद्धो विज्जाउ दाउकामो पुरिसं मग्गइ, जइ बंभचारिणीए पुत्तो होज्जा तो समत्थो होज्जा, तं आयावेंतीं दट्ठूणं धूमिगावामोहं काऊण विज्जाविवज्जासो, तत्थ से उउकाले जाए गब्भे अतिसयणाणीहिं कहियं–न एयाए कामविकारो जाओ, सड्ढयकुले वड्ढाविओ,

તૈયારી કરે છે. કોણિક ચેટકરાજાનો વધ કરવા ઇચ્છે છે ત્યારે તેની માતા તેને ઠપકો આપે છે. ॥૫॥ તેથી કોણિક કહે છે – "હે ચેટક ! તમે મારા પૂજ્ય છો. બોલો, મારે શું કરવું ?" ચેટકરાજાએ કહેવરાવ્યું કે – તું નગરીને જીતવા માંગે છે પરંતુ જ્યાં સુધી હું વાવડીમાંથી બહાર ન નીકળું ત્યાં સુધી તું નગરીમાં પ્રવેશ કરતો નહીં." કોણિકે વાત સ્વીકારી. ચેટકે લોખંડની પ્રતિમા ગળે બાંધીને વાવડીમાં પડતું મૂક્યું. ધરણેન્દ્ર તેને પોતાનો સાધર્મિક જાણીને પોતાના ભવનમાં લઈ ગયો. ત્યાં ચેટકરાજા મૃત્યુ પામી દેવલોકમાં ગયો. વૈશાલીનગરીના લોકોને મહેશ્વર પોતાની વિદ્યાના પ્રભાવથી નીલવંતપર્વત ઉપર લઈ ગયો. મહેશ્વર કોણ હતો ? તે કહે છે –

### ❋ મહેશ્વરની (=શંકરની = સત્યકીની) કથા ❋

તે ચેટકરાજાની દીકરી સુજયેષ્ઠાએ વૈરાગ્યથી દીક્ષા લીધી. તે ઉપાશ્રયની અંદર અમુક સ્થાને આતાપના લેતી હતી. આ બાજું પેઢાલનામે એક વિદ્યાસિદ્ધ પરિવ્રાજક વિદ્યાઓ કો'કને આપવાની ઇચ્છાથી યોગ્ય પુરુષને શોધે છે. તેણે વિચાર્યું કે કોઈ બ્રહ્મચારિણી સ્ત્રીથી જો પુત્ર ઉત્પન્ન થાય તો તે પુત્ર વિદ્યાપ્રાપ્તિ માટે સમર્થ = યોગ્ય થાય. એવા સમયે આતાપના લેતી આ સાધ્વીને જોઈને આજુબાજુ પુષ્કળ ધુમાડો ઉત્પન્ન કરીને વિદ્યાવડે વિપર્યાસ કર્યો, એટલે કે અકાર્ય કર્યું. (આશય એ છે કે સમર્થ પુત્રપ્રાપ્તિ માટે આ સાધ્વી યોગ્ય છે એમ જાણીને જ્યાં સાધ્વીજી આતાપના લેતા હતા તેની આજુબાજુ ધુમાડો ઉત્પન્ન કરીને સાધ્વીજીને દિગ્મૂઢ કરી. સાધ્વીજી હજુ કઈ વિચારે તે પહેલા પેઢાલે પોતાની વિદ્યાથી ભ્રમરનું રૂપ કરી સાધ્વી સાથે અકાર્ય કર્યું.)

ત્યાં ઋતુકાલમાં (ઋતુકાળના ત્રણ દિવસ પૂર્ણ થયા બાદ) સાધ્વીને ગર્ભ રહ્યો. અતિશયજ્ઞાનીએ કહ્યું – "આ સાધ્વીજીને કામવિકાર જાગ્યો નથી." (અર્થાત્ સાધ્વીજી શુદ્ધ છે એમનો દોષ નથી.)

७८. कोणिको भणति–चेटक ! किं करोमि ?, यावत् पुष्करिण्या आगच्छामि तावन्मा नगरीं यासीः, तेन प्रतिपन्नं, चेटकः सकललोहमयीं प्रतिमां गले बद्ध्वा अवतीर्णः, धरणेन स्वभवनं नीतः कालगतो देवलोकं गतः, वैशालीजनः सर्वो महेश्वरेण नीलवति संहृतः। को महेश्वर इति ?, तस्यैव चेटकस्य दुहिता सुज्येष्ठा वैराग्येन प्रव्रजिता, सोपाश्रयस्यान्तरातापयति, इतश्च पेढालको नाम परिव्राट् विद्यासिद्धो विद्या दातुकामः पुरुषं मार्गयति, यदि ब्रह्मचारिण्याः पुत्रो भवेत् तर्हि समर्थो भवेत्, तामातापयन्तीं दृष्ट्वा धूमिकाव्यामोहं कृत्वा विद्याविपर्यासः, तत्र तस्या ऋतुकाले जाते गर्भेऽतिशयज्ञानिभिः कथितं–नैतस्याः कामविकारो जातः, श्राद्धकुले वर्धितः,

[७९] समोसरणं गओ साहुणीहिं सह, तत्थ य कालसंदीवो वंदित्ता सामिं पुच्छइ—कओ मे भयं ?, सामिणा भणियं—एयाओ सच्चतीओ, ताहे तस्स मूलं गओ, अवण्णाए भणइ—अरे तुमं ममं मारेहिसित्ति पाएसु बला पाडिओ, संवड्ढिओ, परिव्वायगेण तेण संजतीणं हिओ, विज्जाओ सिक्खाविओ, महारोहिणिं च साहेइ, इमं सत्तमं भवं, पंचसु मारिओ, छट्ठे छम्मासावसेसाउएण नेच्छिया, अह साहेत्तुमारद्धो अणाहमडए चितियं काऊण उज्जालेत्ता अल्लचम्मं वियडित्ता वामेण अंगुट्ठएण ताव चंकमइ जाव कट्ठाणि जलंति, एत्थंतरे कालसंदीवो आगओ कट्ठाणि छुब्भइ, सत्तरत्ते गए देवया सयं उवट्ठिया—मा विग्घं करेहि, अहं एयस्स सिज्झिउकामा, सिद्धा भणइ—एगं अंगं परिच्चय

શ્રાવકકુળમાં તે પુત્ર મોટો થાય છે. તેવામાં એકવાર તે સાધ્વીજીઓ સાથે સમોવસરણમાં ગયો. ત્યાં કાલસંદીપવિદ્યાધર પ્રભુને વંદન કરીને પૂછે છે કે – "મને કોનાથી ભય છે ? (અર્થાત્ મારું મૃત્યુ કોનાથી થશે ?)" સ્વામીએ કહ્યું – "આ સત્યકીથી તારે ભય છે." કાલસંદીપ સત્યકી પાસે ગયો. તિરસ્કાર કરતા કહ્યું કે – "અરે બાળક ! તું મને મારીશ, (તારી શું તાકાત ? 'ચલ, મારા પગમાં પડ' એમ કહી) બળાત્કારે પોતાના પગમાં તેને પાડ્યો. બાળક સત્યકી મોટો થાય છે. ત્યાં પેલા પરિવ્રાજકે (=પિતાએ) સાધ્વીજીઓ પાસેથી તેને આંચકી લીધો. (કારણ કે તેણે આ બાળકને વિદ્યાઓ આપવી હતી.)

સત્યકીને વિદ્યાઓ શીખવાડી. તેમાં સત્યકી મહારોહિણીનામની વિદ્યા માટે સાધના કરે છે. પૂર્વના પાંચ ભવોમાં આ વિદ્યા માટે તેણે સાધના કરી, પરંતુ દરેક ભવમાં વિદ્યાથી જ સત્યકીનો જીવ મૃત્યુ પામ્યો. છઠ્ઠા ભવમાં આયુષ્યના છ મહિના જ બાકી હતા તેથી તે વિદ્યા સિદ્ધ થવા ઇચ્છતી નથી. (કારણ છ મહિનામાં વિશેષ કંઈ ઉપયોગ થાય કે ન પણ થાય.) સત્યકી તરીકેનો આ સાતમો ભવ હતો. વિદ્યા સિદ્ધ કરવાની શરૂઆત કરી. તેમાં અનાથમૃતકને ચિતા ઉપર મૂકી ચિતાને સળગાવી. તેની ઉપર ભીનું ચામડું પાથરીને તેની ઉપર ડાબા અંગુઠા ઉપર રહીને ત્યાં સુધી ચાલે છે કે જ્યાં સુધી લાકડા બળતા રહે.

એ જ સમયે ત્યાં કાલસંદીપ વિદ્યાધર આવે છે અને પોતાને મારનાર સત્યકીને વિદ્યા સિદ્ધ કરતો જોઈને તેમાં વિઘ્ન પાડવા ચિતામાં લાકડાંઓ ઉમેરે છે. એક દિવસ, બે દિવસ એમ કરતા કરતા સાત દિવસ નીકળી ગયા. છેવટે રોહિણી દેવી જાતે પ્રત્યક્ષ થઈ અને કાલસંદીપને કહ્યું – "તું વિઘ્ન કર નહીં, હું આને સિદ્ધ થવા ઇચ્છું છું." (કાલસંદીપ જતો રહ્યો. વિદ્યા સિદ્ધ

७९. समवसरणं गतः साध्वीभिस्सह, तत्र च कालसंदीपको वन्दित्वा स्वामिनं पृच्छति—कुतो मे भयं ?, स्वामिना भणितं—एतस्मात् सत्यकेः, तदा तस्य पार्श्वं गतः, अवज्ञया भणति—अरे त्वं मां मारयिष्यसीति पादयोर्बलात् पातितः, संवृद्धः, परिव्राजकेन तेन संयतीभ्यो हृतः, विद्या शिक्षयिताः, महारोहिणीं च साधयति, अयं सप्तमो भवः, पञ्चसु मारितः, षष्ठे षण्मासावशेषायुष्कतया नेष्टा, अथ साधयितुमारब्धः अनाथमृतकेन चितिकां कृत्वा प्रज्वाल्य आर्द्रचर्म विस्तार्य वामेनाङ्गुष्ठेन तावत् चङ्क्राम्यति यावत् काष्ठानि ज्वलन्ति, अत्रान्तरे कालसंदीपक आगतः काष्ठानि क्षिपति, सप्तरात्रे गते देवता स्वयमुपस्थिता—मा विघ्नं कार्षीः, अहमेतस्य सेधितुकामा, सिद्धा भणति—एकमङ्गं परित्यज

[८०]जा तेण पविसामि सरीरं, तेण निलाडेण पडिच्छिया, तेण अइयया, तत्थ बिलं जायं, देवयाए से तुट्ठाए तइयं अच्छि कयं, सो णेण पेढालो मारिओ, कीस णेणं मम माया रायधूयत्ति विद्धंसिया, तेण से रुद्दो नामं जायं, पच्छा कालसंदीवं आभोएइ, दिट्ठो, पलाओ, मग्गओ लग्गइ, एवं हेट्ठा उवरिं च नासइ, कालसंदीवेण तिन्नि पुराणि विउव्वित्ताणि, विउव्वित्ता सामिपायमूले अच्छइ, ताणि देवयाणि पहओ, ताहे ताणि भणंति–अम्हे विज्जाओ सो भट्टारगपायमूलं गओत्ति तत्थ गओ, एक्कमेक्को खामिओ, अण्णे भणंति–लवणे महापायाले मारिओ, पच्छा सो विज्जा-चक्कवट्टी तिसंझं सव्वतित्थगरे वंदित्ता णट्टं च दाइत्ता पच्छा अभिरमइ, तेण इंदेण नामं कयं

થઈ.) સિદ્ધ થયેલી દેવી બોલી–"હે સત્યકી ! કોઈ એક શરીરના અંગનો તું ત્યાગ કર કે જ્યાંથી હું તારા શરીરમાં પ્રવેશ કરું." સત્યકીએ પોતાનું કપાલ બતાવ્યું. તે દેવી કપાલના ભાગમાંથી શરીરમાં પ્રવેશી. તે કપાલના ભાગમાં એક કાણું પડ્યું. ખુશ થયેલી દેવીએ ત્યાં ત્રીજું નેત્ર કર્યું.

સત્યકીએ "શા માટે આને રાજપુત્રી એવી મારી માતા (=સાધ્વી સુજ્યેષ્ઠા)નું શીલ ભાંગ્યું ?" એમ વિચારી પેઢાલપિતાને મારી નાંખ્યો. તેથી સત્યકી રુદ્રના નામથી પ્રસિદ્ધ થયો. ત્યાર પછી વિઘ્ન કરનાર કાલસંદીપવિદ્યાધરને તે શોધે છે. તે મળ્યો. પરંતુ તે ભાગવા લાગ્યો એટલે સત્યકી તેની પાછળ દોડે છે. આ પ્રમાણે તે નીચે અને ઉપર ભાગવાનો પ્રયત્ન કરે છે. તેમાં કાલસંદીપે (સત્યકીથી પોતાને બચાવવા) ત્રણ નગરોને = વિદ્યાઓને વિકુર્વી. અને તેમને વિકુર્વીને પોતે ભગવાન પાસે ચાલ્યો ગયો. આ બાજુ જ્યારે સત્યકી તે નગરોને = વિદ્યાઓને મારવા લાગ્યો ત્યારે તેમણે કહ્યું – "અમે તો વિદ્યાઓ છીએ, તે કાલસંદીપ ભગવાન પાસે ગયો છે."

સત્યકી ભગવાન પાસે ગયો. (ત્યાં ભગવાનની દેશનાથી બંને પ્રતિબોધ પામ્યા અને) પરસ્પર ક્ષમાપના માંગી. કેટલાક આ પ્રમાણે કહે છે કે – સત્યકીના ડરથી કાલસંદીપ લવણસમુદ્રના મહાપાતાલમાં જતો રહ્યો અને સત્યકીએ ત્યાં તેને માર્યો.

પાછળથી = જ્યારથી પ્રતિબોધ પામ્યો ત્યારથી વિદ્યાધરોમાં ચક્રવર્તી સમાન તે સત્યકી ત્રિકાળ સર્વ તીર્થંકરોને વંદન કરીને પ્રભુ સામે નૃત્ય કરે છે અને પછી ભોગો ભોગવવામાં લીન થાય છે. તે કારણથી ઇન્દ્રે તેનું નામ મહેશ્વર પાડ્યું.

---

૮૦. यावत्तेन प्रविशामि शरीरं, तेन ललाटेन प्रतीष्टा, तेनातिगता, तत्र बिलं जातं, देवतया तस्मै तुष्टया तृतीयमक्षि कृतं, सोऽनेन पेढालो मारितः, कथं मम माता राजदुहितेति विध्वस्ता, तेन तस्य रुद्रो नाम जातं, पश्चात् कालसंदीपमाभोगयति, दृष्टः, पलायितः, पृष्ठतो लगति, एवमधस्तादुपरि च नश्यति, कालसंदीपेन त्रीणि पुराणि विकुर्वितानि विकुर्वित्वा स्वामिपादमूले तिष्ठति, ता देवताः प्रहतः, तदा ता भणन्ति–वयं विद्याः, स भट्टारकपादमूलं गत इति गतः, तत्र एकैकेन क्षमितः, अन्ये भणन्ति–लवणे महापाताले मारितः, पश्चात् स विद्याचक्रवर्त्ती त्रिसन्ध्यं सर्वतीर्थकरान् वन्दित्वा नृत्यं च दर्शयित्वा पश्चादभिरमते, तेनेन्द्रेण नाम कृतं

[૮૧] महेसरोत्ति, सोवि किर धेज्जाइयाण पओसमावण्णो धिज्जाइयकन्नगाण सयं २ विणासेइ, अन्नेसु य अंतेउरेसु अभिरमइ, तस्स य भणंति दो सीसा—नंदीसरो नंदी य, एवं पुप्फएण विमाणेण अभिरमइ, एवं कालो वच्चइ, अन्नया उज्जेणीए पज्जोयस्स अंतेउरे सिवं मोत्तूणं सेसाओ विद्धंसेइ, पज्जोओ चिंतेइ – को उवाओ होज्जा जेण एसो विणासेज्जा ?, तत्थेगा उमा नाम गणिया रूवस्सिणी, सा किर धूवपडिग्गहणं गेण्हइ जाहे तेणंतेण एइ, एवं वच्चंतं काले उइण्णो, ताए दोण्णि पुप्फाणि वियसियं मउलियं च पणामियं, महेसरेण वियसियस्स हत्थो पसारिओ, सा मउलं पणामेइ एयस्स तुब्भे अरहत्ति, कहं ?, ताहे भणइ—एरिसिओ कण्णाओ ममं

---

તે સત્યકી બ્રાહ્મણોનો દ્વેષી છે. બ્રાહ્મણોની સેંકડો કન્યાઓને તે વિદ્યાબળથી ભ્રષ્ટ કરે છે. અને બીજા અંતઃપુરોમાં પણ ભોગો ભોગવે છે. સત્યકીના બે શિષ્યો છે – નંદીશ્વર અને નંદી. આ પ્રમાણે સત્યકી પોતાની વિદ્યાના બળે પુષ્પકવિમાનદ્વારા બધે (પહોંચીને) ભોગો ભોગવે છે. આ પ્રમાણે કાળ પસાર થાય છે. એકવાર ઉજ્જયિનીનગરીમાં પ્રદ્યોતરાજાના અંતઃપુરમાં શિવાદેવીને છોડીને બીજી બધી રાણીઓને સત્યકીએ ભ્રષ્ટ કરી. પ્રદ્યોત વિચારે છે – "કયો ઉપાય કરાય ? કે જેથી તે વિનાશ પામે." ત્યાં ઉમાનામે રૂપવતી ગણિકા હતી. (તે ગણિકાને સત્યકીને વશ કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું. તે માટે) ગણિકા જ્યારે સત્યકી તે માર્ગેથી પસાર થાય છે ત્યારે તેને ધૂપ કરે છે.

આ પ્રમાણે કાળ પસાર થતાં એકવાર સત્યકી નીચે ઉતરે છે. ઉમા તેને એક ખીલેલું અને એક બીડેલું એમ બે પુષ્પો અર્પણ કરતા કહે છે કે "આમાંથી તમને જે ગમે તે પુષ્પ ગ્રહણ કરો." સત્યકીએ ખીલેલું પુષ્પ લેવા માટે હાથ લંબાવ્યો. ઉમાએ બીડેલા પુષ્પને આપતા કહ્યું – "તમારી માટે આ પુષ્પ યોગ્ય છે." "શા માટે ?" ત્યારે ઉમાએ કહ્યું – "આવા પ્રકારની કન્યાઓ છે. તમે મને જુઓ." (આશય એ છે કે – ઉમાએ કહ્યું કે – તમે જે કન્યાઓને ઇચ્છો છો તે વિષયરસ=કામરસની અજાણ છે અને માટે જ બીડેલા પુષ્પ જેવી છે જ્યારે મારા જેવી રૂપવતી કન્યા કામકળામાં કુશળ છે તેથી હું ખીલેલા પુષ્પ જેવી છું અને માટે જ તમે કન્યાઓ તરફની દૃષ્ટિ છોડી મારી તરફ દૃષ્ટિ કરો.)

---

૮૧. महेश्वर इति, सोऽपि किल धिग्जातीयानां प्रद्वेषमापन्नो धिग्जातीयकन्यकानां शतं २ विनाशयति, अन्येषु चान्तःपुरेषु अभिरमते, तस्य च भण्येते द्वौ शिष्यौ—नन्दीश्वरो नन्दी च, एवं पुष्पकेण विमानेन अभिरमते, एवं कालो व्रजति, अन्यदोज्जयिन्यां प्रद्योतस्यान्तःपुरे शिवां मुक्त्वा शेषा विध्वंसयति, प्रद्योतश्चिन्तयति—क उपायो भवेत् येन एष विनाश्येत ?, तत्रैकोमानाम्नी गणिका रूपिणी, सा किल धूपप्रतिग्रहणं गृह्णाति यदा तेन मार्गेणैति, एवं व्रजति काले अवतीर्णः, तया द्वे पुष्पे विकसितं मुकुलितं चार्पिते, महेश्वरेण विकसिताय हस्तः प्रसारितः, सा मुकुलमपर्यत्येतस्य त्वमर्हेति, कथं ?, तदा भणति—ईदृश्यः कन्या मां

[८२] ताव पेक्खह, तीए सह संवसइ हयहियओ कओ, एवं वच्चइ कालो, सा पुच्छइ—काए वेलाए देवयाओ ओसरंति ?, तेण सिट्ठं—जाहे मेहुणं सेवामित्ति, तीए रण्णो सिट्ठं मा ममं मारेहिंत्ति, पुरिसेहिं अंगस्स उवरिं जोगा दरिसिया, एवं रक्खामो, ते य पज्जोएण भणिया—सह एयाए मारेह मा य दुरारद्धं करेहिह, ताहे मणुस्सा पच्छण्णं गया, तेहिं संसट्ठो मारिओ सह तीए, ताहे नंदीसरो ताहिं विज्जाहिं अहिट्ठिओ आगासे सिलं विउव्वित्ता भणइ—हा दास ! मओसित्ति, ताहे सनगरो राया उल्लपडसाडगो पडियो पाएसु खमाहि एगावराहंति, सो भणइ—एयस्स जइ तव्वत्थं अच्चेह तो मुयामि, एयं च णयरे २ एवं अवाउडियं ठावेहत्ति तो मुयामि, तो पडिवण्णो,

આ પ્રમાણે ઉમાના કામપુષ્ટ વચનોને સાંભળીને આકર્ષાયેલો સત્યકી તેની સાથે રહે છે. તે દરમિયાન ઉમાએ સત્યકીનું મન હરી લીધું. આ પ્રમાણે કેટલોક કાળ પસાર થાય છે. એકવાર ઉમા પૂછે છે કે "કયા સમયે તમે તમારી વિદ્યાઓ દૂર મૂકો છો ?" સત્યકીએ કહ્યું – "જ્યારે હું મૈથુન સેવન કરું છું ત્યારે." આ વાત ગણિકાએ રાજાને કરી કે "સત્યકીને મારવો હોય તો માત્ર મૈથુનસમયે જ મારવો શક્ય છે. પરંતુ તે સમયે મને મારે નહીં અને તેને મારે એવો નિપુણ માણસ જોઈએ."

(એવા નિપુણ માણસોને બોલાવીને તેઓની ઉમાને ખાતરી કરાવવા એક ઉપાય કર્યો. તેમાં) રાજાના પુરુષોએ અંગ ઉપર પોતાની કળા દેખાડી. (અર્થાત્ સ્ત્રીના પેટ ઉપર કમળપત્રોની થપ્પી રાખી. માણસોએ એ રીતે ઘા કર્યો કે કમળના બધા પત્રોના ટુકડા થયા પરંતુ સ્ત્રીના પેટને કશું થયું નહીં.) માણસોએ ઉમાને કહ્યું – "તમે ચિંતા કરો નહીં આ રીતે અમે તમારી પણ રક્ષા કરીશું." પરંતુ પ્રદ્યોતરાજાએ માણસોને કહ્યું કે – "દુરારાદ્ધ કાર્ય ન થાય. (આ પંક્તિનો આશય એવો લાગે છે કે ઉમાને બચાવવામાં ક્યાંય સત્યકી પણ બચી ન જાય તે માટે) તેની સાથે જ સત્યકીને મારવો." રાત્રિએ માણસો ગુપ્ત રીતે ગણિકાના મહેલમાં ગયા. તેઓએ ઉમા સાથે સંસર્ગને પામેલા એવા સત્યકીને ઉમા સાથે જ મારી નાંખ્યો.

સત્યકીના મૃત્યુના સમાચાર મળતા વિદ્યાઓથી યુક્ત એવા તેના નંદીશ્વરનામના શિષ્યે આકાશમાં મોટી શિલાને વિકુર્વીને કહ્યું – "હે દાસ ! (= હે રાજન્ !) તું હવે મર્યો સમજજે." ત્યારે નગરસહિત રાજા ભીના ઉત્તરીય વસ્ત્રને પહેરીને પગમાં પડેલો ક્ષમા માંગે છે કે "આ એક અપરાધની અમને ક્ષમા આપો." તેણે કહ્યું – "તે જ અવસ્થામાં (=જે મૈથુનસેવનની અવસ્થામાં

८२. तावत् प्रेक्षस्व, तया सह संवसति हतहृदयः कृतः, एवं व्रजति कालः, सा पृच्छति—कस्यां वेलायां देवता अपसरन्ति, तेनोक्तं—यदा मैथुनं सेवे, तया राज्ञे कथितं मा मां मारयतेति, पुरुषैरङ्गस्योपरि योगा दर्शिताः, एवं रक्षयामः, ते च प्रद्योतेन भणिता—सहैतया मारयत मा दुरारब्धं कार्ष्ट, तदा मनुष्याः प्रच्छन्नं गताः, तैः संश्लिष्टो मारितः सह तया, तदा नन्दीश्वरस्ताभिर्विद्याभिरधिष्ठित आकाशे शिलां विकुर्व्य भणति—हा दास ! मृतोऽसीति, तदा सनागरो राजाऽऽर्द्रशाटिकापटः पतितः पादयोः क्षमस्वैकमपराधमिति, स भणति यदि एनमेतदवस्थं अर्चयत तदा मुञ्चामि, एनं च नगरे २ एवमप्रावृतं स्थापयतेति तदा मुञ्चामि, तदा प्रतिपन्नः,

**[८३]ताहे आययणाणि ★कारावियाणि, एसा महेसरस्स उप्पत्ती । ताहे नगरिं सुण्णियं कोणिओ अइगओ गद्दभनंगलेण वाहाविया, एत्थंतरे सेणियभज्जाओ कालियादिगाओ पुच्छंति भगव तित्थयरं— अम्हं पुत्ता संगामाओ ( ग्रं. १७५०० ) एहिंति नवत्ति जहा निरयावलियाए ताहे पव्वइयाओ, ताहे कोणिओ चंपं आगओ, तत्थ सामी समोसढो, ताहे कोणिओ चिंतेइ—बहुया मम हत्थी चक्कवट्टीओ एवं आसरहाओ जामि पुच्छामि सामीं अहं चक्कवट्टी होमि न होमित्ति निग्गओ सव्वबलसमुदएण, वंदित्ता भणइ—केवइया चक्कवट्टी एस्सा ?, सामी भणइ—सव्वे अतीता, पुणो भणइ—कहिं**

મૃત્યુ થયું છે તે જ અવસ્થામાં) તેની તમે પૂજા કરો તો હું તમને છોડીશ. અને આ પ્રમાણે દરેક નગરમાં વસ્ત્રરહિત એવી પ્રતિમાને સ્થાપો, તો જ હું છોડીશ." રાજાએ દેવને સ્વીકાર્યો. (અર્થાત્ દેવના વચનો સ્વીકાર્યા.) અને દરેક નગરમાં સત્યકીના મંદિરો કરાવ્યા. આ પ્રમાણે મહેશ્વરની ઉત્પત્તિ જાણવી.

(મહેશ્વરે "મારી માતા સુજ્યેષ્ઠાના પિતા ચેટકરાજા છે માટે મારે પણ કંઈક મદદ કરવી જોઈએ" એમ વિચારી આખી નગરી નીલવંતપર્વતની પાસે ખસેડી. તેથી) શૂન્ય બનેલી વૈશાલીનગરીમાં કોણિક આવ્યો. ગધેડા જોડેલા હળથી આખી નગરી ખેડાવી. તે સમયે કાલી વિગેરે શ્રેણિકની પત્નીઓ તીર્થંકર ભગવંતને પૂછે છે કે – અમારા પુત્રો યુદ્ધમાંથી પાછા આવશે કે નહીં... વિગેરે વર્ણન નિરયાવલી પ્રમાણે જાણવું. (તે આ પ્રમાણે – કાલી પ્રભુને વંદન કરીને પૂછે છે કે "ભંતે ! મારો પુત્ર કાલ યુદ્ધમાં જીતશે કે નહીં ? તે જીવશે કે નહીં ? શત્રુસૈન્યનો પરાભવ કરશે કે નહીં કરે ? હું એને જીવતો જોઈશ કે નહીં ?" ત્યારે ભગવાન કહે છે – "હે કાલિ ! તારો પુત્ર કાલ એ ચેટકરાજાના હાથે મૃત્યુ પામ્યો હોવાથી તું એને જીવતો જોઈશ નહીં." આ જ રીતે સુકાલી વિગેરે બીજી રાણીઓએ પણ પોત–પોતાના પુત્રો માટે પૃચ્છા કરી. પ્રભુએ સર્વને એ જ રીતે જવાબ આપ્યો. જેથી બધાને વૈરાગ્ય થયો.) તે બધી રાણીઓએ દીક્ષા લીધી.

કોણિક ચંપાનગરીમાં ગયો. ત્યાં ભગવાન પધાર્યા. કોણિક વિચારે છે કે – "એક ચક્રવર્તીને હોય તે રીતે મારી પાસે ઘણા બધા હાથીઓ, ઘોડાઓ અને રથો છે. તેથી હું પ્રભુ પાસે જાઉં અને સ્વામીને પૂછું કે હું ચક્રવર્તી થઈશ કે નહીં થાઉં ?" એ પ્રમાણે વિચારીને સર્વ સૈન્યસમુદાય સાથે તે પ્રભુ પાસે જવા નીકળ્યો. પ્રભુને વંદન કરીને પૂછ્યું કે – "ભવિષ્યમાં કેટલા ચક્રવર્તીઓ થશે ?" સ્વામીએ કહ્યું – "બધા જ ચક્રવર્તીઓ થઈ ગયા છે, હવે કોઈ બાકી નથી." કોણિકે

**८३. तदाऽऽयतनानि कारितानि, एषा महेश्वरस्योत्पत्तिः । तदा नगरीं शून्यां कोणिकोऽतिगतः गर्दभलाङ्गूलेन वाहिता, अत्रान्तरे श्रेणिकभार्याः कालिकादिकाः पृच्छन्ति भगवन्तं तीर्थकरं—अस्माकं पुत्राः संग्रामात् आगमिष्यन्ति नवेति ?, यथा निरयावलिकायां, तदा प्रव्रजिताः, तदा कोणिकश्चम्पामागतः, तत्र स्वामी समवसृतः, तदा कोणिकश्चिन्तयति—बहवो मम हस्तिनः ( यथा ) चक्रवर्त्तिनः, एवमश्वरथाः ( इति ) यामि पृच्छामि स्वामिनं अहं चक्रवर्त्ती भवामि न भवामीति ? निर्गतः सर्वबलसमुदयेन, वन्दित्वा भणति— कियन्तश्चक्रवर्त्तिन एष्याः ?, स्वामी भणति—सर्वेऽतीताः, पुनर्भणति—क्व ★ कारितानि इति प्रत्य.-।**

[૮૪] उववज्जिस्सामि ?, छट्ठीए पुढवीए, तमसद्दहंतो सव्वाणि एगिंदियाणि लोहमयाणि रयणाणि करेइ, ताहे सव्वबलेणं तिमिसगुहं गओ अट्ठमेणं भत्तेणं, भणइ कयमालगो—अतीता बारस चक्कवट्टिणो जाहित्ति, नेच्छइ, हत्थिविलग्गो मणिं हत्थिमत्थए काऊण दंडेण दुवारं आहणइ, ताहे कयमालगेण आहओ मओ छट्ठिं गओ, ताहे ते रायाणो उदाइं ठावंति, उदाइस्स चिंता जाया—एत्थ णयरे मम पिया आसि, अद्धितीए अण्णं णयरं कारावेइ, मग्गह वत्थुंति पेसिया, तेवि एगाए पाडलाए उवरिं अवयत्थितेण तुंडेण चासं पासंति, कीडगा से अप्पणा चेव मुहं अतिंति, किह सा पाडलित्ति, दो महुराओ—दक्खिणा उत्तरा य, उत्तरमहुराओ वाणियगदारगो दक्खिणमहुरं

ફરી પૂછ્યું – "પ્રભુ ! હું પછીના ભવમાં ક્યાં જઈશ ?" પ્રભુએ "છઠ્ઠી નારકીમાં" કહ્યું. પ્રભુના વચનો ઉપર અશ્રદ્ધા કરતો કોણિક (પોતે ચક્રવર્તી જ છે અને ચક્રવર્તીઓને ચક્રાદિ રત્નો હોય છે એવું પ્રભુ પાસે સાંભળેલું હોવાથી) લોઢાના સર્વ એકેન્દ્રિય રત્નો તૈયાર કરાવે છે.

ત્યાર પછી પોતાના સર્વ સૈન્ય સાથે તિમિસ્રાગુફા પાસે આવે છે અને અઠ્ઠમ તપ કરે છે. જેથી તે ગુફાના દ્વારનો અધિષ્ઠાયિક કૃતમાળદેવ કહે છે કે – "બાર ચક્રવર્તીઓ થઈ ગયા છે તેથી તું પાછો ફર." કોણિક પાછો વળવા ઇચ્છતો નથી, અને હાથી ઉપર બેઠેલો તે હાથીના મસ્તક ઉપર મણિને સ્થાપીને ગુફાના દ્વાર ઉપર દંડવડે તાડન કરે છે. જેથી ગુસ્સામાં આવેલો કૃતમાળદેવ કોણિકને હણે છે. ત્યાં કોણિક મૃત્યુ પામીને છઠ્ઠી નરકમાં ગયો. ત્યાર પછી કોણિકના સ્થાને ખંડિયા રાજાઓ તેના દીકરા ઉદાયીને સ્થાપે છે. તે વખતે ઉદાયીને વિચાર આવે છે કે આ નગરમાં મારા પિતા રહેતા હતા. એટલે તેને અધૃતિ થવાથી તે બીજું નગર કરાવે છે.

તે માટે વાસ્તુવિદ્યાના જાણકારોને 'સારું સ્થાન ગોતી લાવો' એમ કહી મોકલે છે. વાસ્તુપાઠકો પણ એક સ્થાને પાટલનામના વૃક્ષ ઉપર ઉઘાડા મુખવાળા ચાસપક્ષીને જુએ છે, તેના મુખમાં કીડાઓ જાતે જ પ્રવેશ કરે છે. ત્યાં પાટલવૃક્ષ કેવી રીતે આવ્યું ? તે કહે છે –

## ❁ અર્ણિકાપુત્રની કથા ❁

બે મથુરા હતી – એક દક્ષિણમથુરા અને બીજી ઉત્તરમથુરા. ઉત્તરમથુરાથી એક વેપારીનો પુત્ર દક્ષિણમથુરામાં દેશાટન માટે ગયો. ત્યાં તેની એક વેપારી સાથે મૈત્રી થઈ. તે વેપારીને

૮૪. उत्पत्स्ये ?, षष्ठ्यां पृथ्व्यां, तदश्रद्दधानः सर्वाण्येकेन्द्रियाणि रत्नानि लोहमयानि करोति, तदा सर्वबलेन तमिश्रगुहां गतः अष्टमभक्तेन, भणति कृतमालकः—अतीता द्वादश चक्रवर्त्तिनो याहीति, नेच्छति, हस्तिविलग्नो मणिं हस्तिमस्तके कृत्वा दण्डेन द्वारमाहन्ति, तदा कृतमालकेनाहतो मृतः षष्ठीं गतः, तदा ते राजान उदायिनं स्थापयन्ति, उदायिनश्चिन्ता जाता—अत्र नगरे मम पिताऽऽसीत्, अधृत्याऽन्यन्नगरं कारयति, मार्गयत वास्तु इति प्रेषिताः, तेऽप्येकस्याः पाटलायाः उपर्यवस्तृतेन तुण्डेन चाषं पश्यन्ति, कीटिकास्तस्यात्मनैव मुखमायान्ति, कथं सा पाटलेति ?, द्वे मथुरे—दक्षिणा उत्तरा च, उत्तरमथुराया वणिग्दारको दक्षिणमथुरां

[८५]दिसाजत्ताए गओ, तस्स तत्थ एगेण वाणियगेण सह मित्तया, तस्स भगिणी अण्णिया, तेण भत्तं कयं, सा य जेमंतस्स वीयणगं धरेइ, सो तं पाएसु आरब्भ णिवण्णेति अज्झोववन्नो, मग्गाविया, ताणि भणंति–जइ इहं चेव अच्छसि जाव एक्कंपि ता दारगरूवं जायं तो देमो, पडिवण्णं, दिण्णा, एवं कालो वच्चइ, अण्णया तस्स दारगस्स अंमापितीहिं लेहो विसज्जिओ–अम्हे अंधलीभूयाणि जइ जीवंताणि पेच्छसि तो एहि, सो लेहो उवणीओ, सो तं वाएइ अंसूणि मुयमाणो, तीए दिट्ठो, पुच्छइ, न किंचि साहइ, तीए लेहो गहिओ वाएत्ता भणइ–मा अधितिं करेहि, आपुच्छामि, ताए कहियं सव्वं अम्हापिऊणं, कहिए विसज्जियाणि, निग्गयाणि दक्खिणमहुराओ, सा य अण्णिया गुव्विणी, सा अंतरा पंथे वियाया, सो चिंतेइ–अम्मापियरो

અર્ણિકાનામે બહેન હતી. આ વેપારીના ઘરે તે વેપારીપુત્ર જમવા બેઠો. તે સમયે તે અર્ણિકા જમતા વેપારીના પુત્રને પંખાથી હવા નાખે છે. વેપારીપુત્ર અર્ણિકાને પગથી લઈને માથા સુધી જુએ છે. તે તેની ઉપર આસક્ત થયો. વેપારી પાસે બહેન માટે વેપારીપુત્રે માંગણી કરી. સ્વજનોએ કહ્યું– "લગ્ન બાદ જયાં સુધી એક સંતાન ન થાય ત્યાં સુધી જો તું અહીં રહેવા તૈયાર હોય તો અમે કન્યા આપીએ."

વેપારીપુત્રે વાત સ્વીકારી. લગ્ન થયા. કાલ પસાર થાય છે. એકવાર તે વેપારીપુત્રના માતા–પિતાએ એક પત્ર મોકલ્યો કે – "આંધળા થયેલા અમને જો તું જીવતા જોવા ઇચ્છતો હોય તો પાછો આવ. તેને પત્ર મળ્યો. અશ્રુઓ પાડતો તે પત્રને વાંચે છે. અર્ણિકાએ જોયું – 'પતિના આંખમાં આંસુઓ છે.' એટલે તેનું કારણ પૂછ્યું. પરંતુ પતિ કશું બોલતો નથી. તેથી અર્ણિકાએ પત્ર લીધો અને વાંચીને કહ્યું – "તમે ખેદ ન કરો, હું મારા માતા–પિતાને પૂછુ છું." અર્ણિકાએ પોતાના માતા–પિતાને બધી વાત કરી. તેથી માતા–પિતાએ જમાઈ–દીકરીને પોતાને દેશ જવાની અનુજ્ઞા આપી મોકલ્યા.

તે બંને જણા દક્ષિણમથુરાથી ઉત્તરમથુરા માટે નીકળ્યા. તે સમયે અર્ણિકા ગર્ભવતી હતી. તેણીએ રસ્તામાં જ પુત્રને જન્મ આપ્યો. પતિએ વિચાર્યું કે – "માતા–પિતા તેનું નામ પાડશે."

८५. दिग्यात्रायै गतः, तत्र तस्य एकेन वणिजा सह मैत्री, तस्य भगिनी अर्णिका, तेन भक्तं कृतं, सा च जेमतो व्यजनकं धारयति, स तां पादादारभ्य पश्यति अध्युपपन्नः, मार्गिता, ते भणन्ति–यदीहैव स्थास्यसि यावदेकमपि तावत् दारकरूपं जातं ( भवेत् ) तदा दद्मः, प्रतिपन्नं, दत्ता, एवं कालो व्रजति, अन्यदा तस्य दारकस्य मातापितृभ्यां लेखो विसृष्टः वयमन्धीभूतौ यदि जीवन्तौ प्रेक्षितुमिच्छसि तदाऽऽयाः, स लेख उपनीतः, स तं वाचयति मुञ्चन्नश्रूणि, तया दृष्टः, पृच्छति, न किञ्चिदपि कथयति, तया लेखो गृहीतो, वाचयित्वा भणति-माऽधृतिं कार्षीः, आपृच्छामि, तया कथितं सर्वं मातापितृभ्यां, कथिते विसृष्टौ, निर्गतौ दक्षिणमथुरातः, सा चार्णिका गुर्वी, साऽन्तरा पथि प्रजनितवती, स चिन्तयति–मातरपितरं

[८६] नामं कहिंतित्ति न कयं, ताहे रमावेंतो परियणो भणइ–अण्णियाए पुत्तोत्ति, कालेण पत्ताणि तेहिवि से तं चेव नामं कयं अण्णं न पइड्डिहित्ति, ताहे सो अण्णियपुत्तो उम्मुक्कबालभावो भोगे अवहाय पव्वइओ, थेरत्तणे विहरमाणो गंगायडे पुप्फभद्दं नामं णयरं गओ ससीसपरिवारो, पुप्फकेऊ राया पुप्फवती देवी, तीसे जमलाणि दारगो दारिगा य जायाणि पुप्फचूलो पुप्फचूला य अण्णमण्णमणुरत्ताणि, तेण रायाए चिंतियं–जइ विओइज्जंति तो मरंति, ता एयाणि चेव मिहुणगं करेमि, मेलित्ता नागरा पुच्छिया–एत्थं जं रयणमुप्पज्जइ तस्स को ★वसाइ राया णयरे वा अंतेउरे वा ?, एवं पत्तियावेइ, मायाए वारंतीए संजोगो घडाविओ, अभिरमंति, सा देवी साविया तेण निव्वेएण पव्वइया, देवो जाओ, ओहिणा पेच्छइ धूयं, तओ से अब्भहिओ नेहो,

એમ વિચારી પોતે કોઈ નામ પાડ્યું નહીં. પુત્રને રમાડતા પરિજનો (=આજુબાજુ વીંટળાયેલા લોકો) પુત્રને 'અર્ણિકાનો પુત્ર' કહીને બોલાવે છે. થોડા કાળ પછી બંને જણા ઘરે પહોંચ્યા. ત્યાં માતા–પિતાએ પણ બીજું કોઈ નામ રહેશે નહીં (અર્થાત્ 'અર્ણિકાપુત્ર'નામ લોકજીભે ચઢી ગયું હોવાથી બીજું નામ પડશે તો પણ તે બીજા નામથી કોઈ બોલાવશે નહીં) એમ વિચારી તે જ નામ રાખ્યું. યુવાન થતાં તે અર્ણિકાપુત્રે ભોગોનો ત્યાગ કરી દીક્ષા લીધી.

સ્થવિરકલ્પમાં વિચરતો તે પોતાના શિષ્યપરિવાર સહિત ગંગાકિનારે આવેલ પુષ્પભદ્રનગરમાં ગયો. ત્યાં પુષ્પકેતુ રાજા અને પુષ્પવતીનામે તેની રાણી હતી. તેમને એક સાથે પુત્ર–પુત્રીરૂપ યુગલનો જન્મ થયો હતો. પુત્રનું નામ પુષ્પચૂલ અને પુત્રીનું નામ પુષ્પચૂલા હતું. બંને એકબીજાના અનુરાગી હતા. તેથી રાજાએ વિચાર્યું કે – "જો આ બંને ભાઈ–બહેનનો વિયોગ થશે તો મરી જશે. તેથી આ બંનેના જ પરસ્પર લગ્ન કરું." રાજાએ નગરજનોને ભેગા કરીને પૂછ્યું – "અંતઃપુરમાં કે નગરમાં જે રત્ન ઉત્પન્ન થાય તેનો સંયોગ કરનારો વેપારી (માલિક) કોણ ? (લોકો એ કહ્યું –) "રાજા." આ રીતે રાજા બધાને પોતાના વિશ્વાસમાં લે છે. માતાનો નિષેધ હોવા છતાં રાજા ભાઈ–બહેનના લગ્ન કરે છે, બંને ભોગો ભોગવે છે.

માતા પુષ્પવતી શ્રાવિકા હોવાથી આ પ્રસંગને કારણે વૈરાગ્ય થવાથી દીક્ષા લે છે. મૃત્યુ પામી દેવ થાય છે. અવધિથી પોતાની દીકરીને જુએ છે. માતાને પુત્રી ઉપર વધુ સ્નેહ હતો.

८६. नाम करिष्यतीति न कृतं, तदा रमयन् परिजनो भणति–अर्णिकायाः पुत्र इति, कालेन प्राप्तौ, ताभ्यामपि तस्य तदेव नाम कृतमन्यत् न प्रस्थास्यतीति, तदा सोऽर्णिकापुत्र उन्मुक्तबालभावो भोगानपहाय प्रव्रजितः, स्थविरत्वे विचरन् गङ्गातटे पुष्पभद्रं नाम नगरं गतः सशिष्यपरीवारः, पुष्पकेतू राजा पुष्पवती देवी, तस्या युग्मं दारको दारिका च जाते –पुष्पचूलः पुष्पचूला चान्योऽन्यमनुरक्ते, तेन राज्ञा चिन्तितं–यदि वियोज्येते तर्हि म्रियेते, तदेतावेव मिथुनं करोमि, मेलयित्वा नागराः पृष्टाः–अत्र यद्रत्नमुत्पद्यते तस्य को व्यवस्यति राजा नगरं वा अन्तःपुरं वा ?, एवं प्रत्याययति, मातरि वारयन्त्यां संयोगो घटितः, अभिरमेते, सा देवी श्राविका तेन निर्वेदेन प्रव्रजिता, देवो जातः, अवधिना प्रेक्षते दुहितरं, ततस्तस्याभ्यधिकः स्नेहः,

★ 'वसाइ'–प्रत्य. ।

[૮૭] मा नरगं गच्छिहिति सुमिणए नरए दंसेइ, सा भीया रायाणं अवयासेइ, एवं रत्तिं २, ताहे पासंडिणो सद्दाविया, कहेह केरिसा नरया ?, ते कहिंति, ते अण्णारिसगा, पच्छा अण्णियपुत्ता पुच्छिया, ते कहेउमारद्धा—'निच्चंधयारतमसा०, सा भणइ—किं तुब्भेहिवि सुमिणओ दिट्ठो ?, आयरिया भणंति—तित्थयरोवएसोत्ति, एवं गओ, कालेणं देवो देवलोए दरिसेइ, तत्थवि तहेव पासंडिणो पुच्छिया जाहे न याणंति ताहे अण्णियपुत्ता पुच्छिया, तेहिं कहिया देवलोगा, सा भणइ—किह नरगा न गमंति ? किहं वा देवलोगा गमंति ?, ताहे तेण साहुधम्मो कहिओ, रायाणं च आपुच्छइ, तेण भणियं—तो देमि जइ इहं चेव मम गेहे भिक्खं गिण्हइत्ति, तीए पडिस्सुयं,

દીકરી નરકમાં ન જાય તે માટે દેવ સ્વપ્નમાં નરકનું દર્શન કરાવે છે. તેથી ડરી ગયેલી પૂષ્પચૂલા રાજાને=પૂષ્પચૂલને વાત કરે છે. એ જ રીતે બીજી–ત્રીજી રાત્રિએ પણ સ્વપ્નમાં નરકનું દર્શન થાય છે. તેથી રાજા પાખંડીઓને (=અન્યદર્શનીઓને) બોલાવે છે. અને પૂછે છે કે – "કહો, નારક કેવા હોય ?" તેઓ નારકનું વર્ણન કરે છે. પરંતુ નરકમાં રહેલ નારકના જીવો વર્ણન કરાયેલ સ્વરૂપ કરતા જુદા જ પ્રકારના સ્વપ્નમાં દેખાયા હોવાથી રાજાને વિશ્વાસ પડતો નથી.

પછીથી અર્ણિકાપુત્રાચાર્યને પૂછે છે. તેઓએ નારકોનું વર્ણન શરૂ કર્યું કે – "હંમેશા અંધકારથી યુક્ત, ગ્રહ, ચન્દ્ર, સૂર્ય, નક્ષત્રોનો જ્યાં પ્રકાશ નથી, માંસ–ચરબી–પરૂ–લોહી વિગેરે અશૂચિથી તે નરકાવાસના ભૂમિતલો લેપાયેલા છે... વિગેરે." વર્ણન આબેહૂબ લાગતા પૂષ્પચૂલાએ પૂછ્યું કે – "શું તમે પણ સ્વપ્ન જોયું છે ?" આચાર્યે કહ્યું – આવો અમારા તીર્થંકરોનો ઉપદેશ છે." દેવ પોતાના સ્થાને ગયો. અમુક સમય પછી તે દેવ દેવલોકોને દેખાડે છે. આ વખતે પણ એ જ રીતે પાખંડીઓને પૂછે છે પરંતુ તેઓ જ્યારે બરાબર જાણતા નથી ત્યારે અર્ણિકાપુત્રાચાર્યને પૂછે છે. તેઓ દેવલોકનું વર્ણન કરે છે. પૂષ્પચૂલા આચાર્યને પૂછે છે કે "કયા ઉપાયે નરકમાં ન જવાય ? અથવા દેવલોકમાં જવું હોય તો શું કરવું જોઈએ ?"

ત્યારે આચાર્યે બંનેના ઉપાયરૂપે સાધુધર્મ કહ્યો. પૂષ્પચૂલા દીક્ષા માટે રાજાને પૂછે છે. રાજાએ કહ્યું – "હું રજા આપું પણ જો મારા જ ઘરેથી ભિક્ષા ગ્રહણ કરવાની હોય તો." પૂષ્પચૂલાએ વાત સ્વીકારી. તેણીએ દીક્ષા લીધી. તે અર્ણિકાપુત્ર આચાર્ય જંઘાબલ ક્ષીણ થવાથી બીજા સાધુઓને

૮૭. मा नरकं गादिति स्वप्ने नरकान् दर्शयति, सा भीता राजानं कथयति, एवं रात्रौ रात्रौ, तदा पाषण्डिकाः शब्दिताः, कथयत कीदृशा नरकाः ?, ते कथयन्ति, तेऽन्यादृशः, पश्चादर्णिकापुत्राः पृष्टाः, ते कथयितुमारब्धाः—नित्यान्धकारतमिस्राः०, सा भणति—किं युष्माभिरपि स्वप्नो दृष्टः, आचार्या भणन्ति—तीर्थकरोपदेश इति, एवं गतः, कालेन देवो देवलोकान् दर्शयति, तत्रापि तथैव पाषण्डिनः पृष्टा यदा न जानन्ति तदाऽऽचार्याः पृष्टाः, तैः कथिता देवलोकाः, सा भणति—कथं नरका न गम्यन्ते ? कथं वा देवलोका गम्यन्ते ?, तदा तेन साधुधर्मः कथितः, राजानं चापृच्छते, तेन भणितं, यदीहैव मम गृहे भिक्षां गृह्णासि, तया प्रतिश्रुतं,

[૮૮] पव्वइया, तत्थ य ते आयरिया जंघाबलपरिहीणा ओमे पव्वइयगे विसज्जेत्ता तत्थेव विहरंति, ताहे सा भिक्खं अंतेउराओ आणेइ, एवं कालो वच्चइ, अण्णया तीसे भगवईए सोभणेण-ऽज्झवसाणेण केवलणाणमुप्पण्णं, केवली य किर पुव्वपउत्तं विणयं न भंजेइ, अण्णया जं आयरियाण हियइच्छियं तं आणेइ, सिंभकाले य जेण सिंभो ण उप्पज्जइ, एवं सेसेहिवि, ताहे ते भणंति—जं मए चिंतियं तं चेव आणीयं, भणइ—जाणामि, किह ?, अइसएण, केण ?, केवलेण, केवली आसाइओत्ति खामिओ, अण्णे भणंति—वासे य पडंते आणियं, ताहे भणंति—किह अज्जे ! वासे पडंते आणेसि ?, सा भणइ—जेण २ अंतेण अच्चित्तो तेण २ अन्तेणाहमागया, कह जाणासि ?, अइसएण, खामेइ, अद्धित्ति पगओ, ताहे सो केवली भणइ—तुब्भेवि

અન્ય સ્થાને મોકલી દઈને તે જ નગરમાં રોકાય છે. પૂષ્પચૂલાસાધ્વી રોજ અંતઃપુરમાંથી ભિક્ષા લાવે છે. આ પ્રમાણે કેટલોક કાળ પસાર થાય છે. એકવાર તે સાધ્વીજીને શુભ અધ્યવસાયને કારણે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. (રોજની જેમ સાધ્વીજી આચાર્ય માટે ભિક્ષા લઈને આવે છે, કારણ કે) કેવલી પણ સામેવાળાને ખબર ન પડે ત્યાં સુધી કેવલજ્ઞાનપ્રાપ્તિ પહેલાં જે રીતનો વિનય કરતા હોય તે વિનયને છોડતા નથી.

એકવાર આચાર્યને જેવા પ્રકારની ભિક્ષાની ઇચ્છા થાય છે, તેવા જ પ્રકારની ભિક્ષાને સાધ્વીજી લાવે છે, જેથી શીતકાળમાં જેનાથી શરદી ન થાય. એ જ પ્રમાણે અન્ય દિવસોમાં અનુકૂળ એવો આહાર લાવે છે. તેથી આચાર્ય કહે છે – "મેં મનથી જે વિચાર્યું હોય તેવો જ તમે આહાર લાવો છો." સાધ્વીજીએ કહ્યું – "આપના મનના વિચારોને હું જાણું છું (માટે એ જ પ્રમાણે લાવું છું.)" "તમે એ કેવી રીતે જાણો છો ?" એમ આચાર્યે પૂછ્યું. ત્યારે સાધ્વીજીએ કહ્યું – "અતિશય એવા જ્ઞાનથી." "કેવા પ્રકારના જ્ઞાનથી ?" સાધ્વીજીએ કહ્યું – "કેવલજ્ઞાનથી." આચાર્યે "મેં કેવલીની આશાતના કરી" એમ વિચારી ક્ષમા માંગી.

અહીં કેટલાક એમ કહે છે કે – "ચાલુ વરસાદમાં ભિક્ષા લાવી. એટલે આચાર્યે પૂછ્યું કે – "હે આર્યા ! ચાલુ વરસાદમાં કેમ તમે ભિક્ષા લાવ્યા ?" તેમણે કહ્યું – "જે માર્ગે અચિત્ત પાણી હતું તે માર્ગે હું આવી છું." "તમે કેવી રીતે જાણ્યું કે અહીં અચિત્ત છે ને અહીં સચિત્ત

૮૮. प्रव्रजिता, तत्र च ते आचार्याः परिहीणजङ्घाबला अवमे प्रव्रजितान् विसृज्य तत्रैव विहरन्ति, तदा सा भिक्षामन्तःपुरादानयति, एवं कालो व्रजति, अन्यदा तस्या भगवत्याः शोभनेनाध्यवसानेन केवलज्ञानमुत्पन्नं, केवली च किल पूर्वप्रवृत्तं विनयं न भनक्ति, अन्यदा यदाचार्याणां हृदीप्सितं तदानयति, श्लेष्मकाले च येन श्लेष्मा नोत्पद्यते, एवं शेषैरपि, तदा ते भणन्ति—यन्मया चिन्तितं तदेवानीतं, भणति—जानामि, कथं ?, अतिशयेन, केन ?, केवलेन, क्षमितः केवल्याशातित इति, अन्ये भणन्ति—वर्षायां पतन्त्यां आनीतं, तदा भणन्ति—कथमार्ये ! वर्षायां पतन्त्यामानयसि ?, सा भणति—येन येन मार्गेणाचित्तस्तेन २ मार्गेणाहमागता, कथं जानीषे ?, अतिशयेन, क्षमयति, अधृतिं प्रगतः, तदा स केवली भणति—यूयमपि

[८९] चरिमसरीरा सिज्झिहिह गंगं उत्तरंता, तो ताहे चेव पउत्तिण्णो, णावावि जेण २ पासेणऽवलग्गइ तं तं निबुड्डइ मज्झे पविट्ठो सव्वा य निबुड्डा, तेहिं पाणीए छूढो, नाणं उप्पण्णं, देवेहिं महिमा कया, पयागं तत्थ तित्थं पवत्तं, सा सीसकरोडी मच्छकच्छभेहिं खज्जंती एगत्थ उच्छलिया पुलिणे, सा इओ तओ छुब्भमाणा एगत्थ लग्गा, तत्थ पाडलिबीयं कहवि पविट्ठं, दाहिणाओ हणुगाओ करोडिं भिंदंतो पायगो उट्ठिओ, विसालो पायवो जाओ, तत्थ तं चासं पेच्छंति, चिंतेंति–एत्थ णयरे रायस्स सयमेव रयणाणि एहिंति तं णयरं निवेसिंति, तत्थ सुत्ताणि पसारिज्जंति, नेमित्तिओ भणइ–ताव जाहि जाव सिवाए वासितं तओ नियत्तेज्जासित्ति, ताहे पुव्वाओ अंताओ अवरामुहो गओ तत्थ सिवा उट्ठिया नियत्तो, उत्तराहुत्तो तत्थवि, पुणोवि पुव्वाहुत्तो गओ

છે ?" સાધ્વીજીએ કહ્યું – "અતિશયથી=કેવલજ્ઞાનથી." આચાર્ય સાધ્વીજીને=કેવલીને ખમાવે છે. પરંતુ સાથે પોતાને કેવલજ્ઞાન ન થવાથી ખેદ પામે છે. ત્યારે તે કેવલી કહે છે – "તમે પણ ચરમશરીરી છો. જ્યારે તમે ગંગાને ઉતરતા હશો ત્યારે તમને પણ કેવલજ્ઞાન પ્રાપ્ત થશે." તે જ ક્ષણે આચાર્ય ગંગા પાર કરવા ચાલી પડ્યા. તે ગંગાને પાર ઉતારવા નાવડીમાં બેઠા. પરંતુ તેઓ જે બાજુ નાવડીમાં બેસે તે બાજુથી નાવડી ડૂબવા લાગે છે.

તેથી તેઓ વચ્ચોવચ્ચ બેઠા. તેથી સંપૂર્ણ નાવડી ડૂબવા લાગી. એટલે નાવડીમાં બેઠા બીજા લોકોએ તેમને ઉંચકીને પાણીમાં ફેંક્યા. તે જ વખતે તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. દેવોએ જ્ઞાનની પૂજા કરી. ત્યાં 'પ્રયાગ' તીર્થ થયું. આચાર્યના મસ્તકની ખોપરી માછલી–કાચબાઓવડે ખવાતી ઉછળીને એક કિનારે આવીને પડી. અહીં–તહીં ફેંકાતી એક સ્થાને ચોંટી ગઈ. કોઈ રીતે તે ખોપરીમાં પાટલાવૃક્ષનું બીજ પ્રવેશ્યું. જમણી બાજુની હડપચીથી નીકળીને ખોપરીને તોડતું વૃક્ષ ઊગ્યું. અમુક કાળ પછી વિશાળ મોટું વૃક્ષ થયું. (આ રીતે તે સ્થાને પાટલાવૃક્ષ ઊગ્યું હતું.) તે વૃક્ષ ઉપર વાસ્તુપાઠકો ચાસપક્ષીને જુએ છે અને વિચારે છે કે – "જો અહીં નગર વસાવવામાં આવે તો રાજાને સામેથી રત્નોની પ્રાપ્તિ થશે."

નગર વસાવવા માટે ચારે દિશામાં સીમા કરવા દોરડાં નાંખવાના હતા. તેથી નૈમિત્તિકે કહ્યું – "દરેક દિશામાં ત્યાં સુધી દોરો લઈને જવું કે જ્યાં સુધી શિયાલણનો અવાજ ન સંભળાય. (અર્થાત્ જેવો અવાજ સંભળાય કે ત્યાં તમારે અટકી જવું.) પ્રથમ પૂર્વ દિશાના છેડાથી (મધ્યબિંદુથી) પશ્ચિમદિશા અભિમુખ દોરો લઈને જાય છે. જ્યાં શિયાલણનો અવાજ સંભળાયો

८९. चरमशरीराः सेत्स्यथ गङ्गामुत्तरन्तः, ततस्तदैव प्रोत्तीर्णः, नौरपि यस्मिन् २ पार्श्वेऽवलगति तेन २ ब्रूडति मध्ये प्रविष्टः सर्वा च ब्रूडिता, तैः पानीये क्षिप्तः, ज्ञानमुत्पन्नं, देवैर्महिमा कृतः, प्रयागं तत्र तीर्थं जातं, सा शीर्षकरोटिका मत्स्यकच्छपैः खाद्यमानैकत्रोच्छलिता पुलिने, सेतस्ततः क्षिप्यमाणैकत्र लग्नाः, तत्र पाटलाबीजं कथमपि प्रविष्टं, दक्षिणाद्धनोः करोटिं भिन्दन् पादप उत्थितः, पादपो विशालो जातः, तत्र तं चाषं पश्यन्ति, चिन्तयन्ति–अत्र नगरे राज्ञः स्वयमेव रत्नान्येष्यन्ति तत्र नगरं निवेशितमिति, तत्र सूत्राणि प्रसार्यन्ते, नैमित्तिको भणति–तावद्यात यावच्छिवया वासितं ततो निवर्त्तयध्वमिति, तदा पूर्वस्माद् अन्तादपराभिमुखो गतस्तत्र शिवा रसिता निवृत्तः, उत्तराभिमुखस्तत्रापि, पुनरपि पूर्वाभिमुखो गतः

[૧૦] तत्थवि, दक्खिणहुत्तो तत्थवि सिवाए वासियं, तं किर वीयणगसंठियं नयरं, णयरणाभिए य उदाइणा चेइहरं काराविय, एसा पाडलिपुत्तस्स उप्पत्ती । सो उदाई तत्थ ठिओ रज्जं भुंजइ, सो य राया ते डंडे अभिक्खणं ओलग्गावेइ, ते चिंतेंति–कह होज्ज तो एयाए धाडीए मुच्चिज्जामो, इओ य एगस्स रायाणस्स कम्हिवि अवराहे रज्जं हियं, सो राया नट्ठो, तस्स पुत्तो भमंतो उज्जेणिमागओ, एगं रायायं ओलग्गइ, सो य बहुसो २ परिभवइ उदाइस्स, ताहे सो रायपुत्तो पायवडिओ विण्णवेइ–अहं तस्स पीइं पिबामि नवरं मम बितिज्जिओ होज्जासि, तेण पडिस्सुयं, गओ पाडलिपुत्तं, बाहिरिगमज्झमिगपरिसासु ओलग्गिऊण छिद्दमलभमाणो साहूणो अतिंति, ते अतीतमाणे पेच्छइ, ताहे एगस्स आयरियस्स मूले पव्वइओ, सव्वा परिसा आराहिया तंमया

કે ત્યાંથી માણસ દોરો મૂકી (અથવા નિશાની કરી) પાછો ફર્યો. પછી મધ્યબિંદુથી ઉત્તરાભિમુખ ગયો. ત્યાં જ્યાં શિયાલણે અવાજ કર્યો ત્યાંથી પાછો ફર્યો. એ જ રીતે પૂર્વાભિમુખ ગયો. ત્યાં પણ એ જ પ્રમાણે થયું. પછી દક્ષિણાભિમુખ ગયો. ત્યાં પણ શિયાલણે અવાજ કર્યો. સ્થાપના : ⊕ આ પ્રમાણે વીંજવા માટેના પંખા જેવા આકારવાળું નગર થયું.

બરાબર નગરની મધ્યમાં ઉદાયીરાજાએ દેરાસર કરાવ્યું. આ રીતે પાટલિપુત્રનગરની ઉત્પત્તિ થઈ. ત્યાં રહીને ઉદાયી રાજ્ય ભોગવે છે. તે રાજા હોવાથી પોતાના ખંડિયા રાજાઓ ઉપર વારંવાર આજ્ઞા ચલાવે છે. તેથી ખેદ પામેલા તે રાજાઓ વિચારે છે કે – "આ જો કોઈક રીતે ન રહે તો આપણે આ આપત્તિથી મૂકાઈએ." બીજી બાજુ કોઈક અપરાધ થતાં એક રાજાનું રાજ્ય ઉદાયીએ છીનવી લીધું. તેથી તે રાજા ભાગી ગયો. તેનો પુત્ર ભમતો–ભમતો ઉજ્જયિનીમાં આવ્યો. ત્યાં તે રાજાની સેવામાં લાગ્યો.

આ રાજાનો ઉદાયી વારંવાર પરાભવ કરે છે. તેથી સેવક બનેલો તે રાજપુત્ર પગમાં પડીને રાજાને વિનંતિ કરે છે કે – "હું ઉદાયીના જીવનને પીવું છું (અર્થાત્ તેને મારવાની પ્રતિજ્ઞા કરું છું.) પરંતુ તે માટે જો તમે મને સાથ આપો તો આ કાર્ય થાય." તે રાજાએ આ વાત સ્વીકારી. રાજપુત્ર પાટલિપુત્ર ગયો. ત્યાં ઉદાયીરાજાની બાહ્ય–મધ્યમ પર્ષદાની ઉચિત સેવા કરવા છતાં અંદર પેસવા માટેની તક તેણે મળી નહીં. તે સમયે સાધુઓ મહેલમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરતા સાધુઓને તે જુએ છે. તેથી તે રાજપુત્ર એક આચાર્ય પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. આચાર્યની સર્વ પર્ષદાની આરાધના=સેવા કરવાથી તે પર્ષદા તન્મય બની ગઈ (અર્થાત્ રાજપુત્રને વશ થઈ.) ઉદાયીરાજા

૧૦. तत्रापि, दक्षिणामुखस्तत्रापि शिवया वासितं, तत्किल व्यजनकसंस्थितं नगरं, नगरनाभौ चोदायिना चैत्यगृहं कारितं, एषा पाटलिपुत्रस्योत्पत्तिः । स उदायी तत्र स्थितो राज्यं भुनक्ति, स च राजा तान् न भवेत्तत दण्डान् अभीक्ष्णं अवलगयति, ते चिन्तयन्ति–कथं न भवेत्तत एतस्या धाट्या मुच्येमहि, इतश्चैकस्य राज्ञः कस्मिंश्चिदपि अपराधे राज्यं हृतं, स राजा नष्टः, तस्य पुत्रो भ्राम्यन् उज्जयिनीमागतः, एकं राजानमवलगयति, स च बहुशः २ परिभूयते उदायिना, तदा स राजपुत्रः पादपतितो विज्ञपयति–अहं तस्य प्रीतिं पिबामि परं मम द्वितीयो भव, तेन प्रतिश्रुतं, गतः पाटलिपुत्रं, बाह्यमध्यमृगपर्षत्सु अवलग्य छिद्रमलभमानः साधव आयान्ति, तान् आयातः प्रेक्षते, तदैकस्याचार्यस्य मूले प्रव्रजितः, सर्वा पर्षत् आराद्धा तन्मया

[११]जाया, सो राया अट्ठमिचउद्दसीसु पोसहं करेइ, तत्थायरिया अतिंति धम्मकहानिमित्तं, अण्णया वेयालियं आयरिया भणंति—गेण्हह उवगरणं राउलमतीमो, ताहे सो झडित्ति उट्ठिओ, गहियं उवगरणं, पुव्वसंगोविया कंकलोहकत्तिया सावि गहिया, पच्छण्णं कया, अतिगया राउलं, चिरं धम्मो कहिओ, आयरिया पसुत्ता, रायावि पसुत्तो, तेण उट्ठित्ता रण्णो सीसे निवेसिया, तत्थेव अट्ठिए लग्गा, निग्गओ, थाणइल्लावि न वारिंति पव्वइओत्ति, रुहिरेण आयरिया ★पवाहिया, उट्ठिया, पेच्छंति रायाणगं वावाइयं, मा पवयणस्स उड्डाहो होहिइत्ति आलोइयपडिक्कंतो अप्पणो सीसं छिंदेइ, कालगओ सो य एवं । इओ य ण्हावियसालिगाए ण्हावियदुयक्खरओ उवज्झायस्स कहेइ सुमणयं जहा—मम अंतेण णयरं वेढियं, पहाए दिट्ठं, सो सुमिणसत्थं जाणइ, ताहे घरं नेऊण मत्थओ

આઠમ-ચૌદસને દિવસે પૌષધ કરે છે. ત્યાં રાજમહેલમાં આચાર્ય ધર્મકથાનિમિત્તે જતાં હોય છે. એકવાર સાંજના સમયે આચાર્યે આ રાજપુત્રને કહ્યું – "તું ઉપકરણો લઈ લે આપણે રાજકુલમાં જવાનું છે." તે રાજપુત્ર તરત જ ઊભો થયો. ઉપકરણો ગ્રહણ કર્યા. તેની સાથે પૂર્વે છુપાવી રાખેલી કંકજાતિના લોઢાની છરી પણ ગ્રહણ કરી. છરી છુપાવી દીધી, અને આચાર્ય તથા રાજપુત્ર રાજકુલમાં ગયા. લાંબાકાળ સુધી ધર્મકથા ચાલી. ત્યાર પછી આચાર્ય સૂઈ ગયા. રાજા પણ સૂઈ ગયો. રાજપુત્ર ઊઠ્યો. તેણે ઊઠીને રાજાના મસ્તકમાં (= કંઠના પ્રદેશમાં) છરી મારી. તે છરી હાડકાં સુધી પહોંચી ગઈ. તે છરીને એ જ રીતે રાખીને નીકળ્યો. દ્વારપાલો પણ સાધુ હોવાથી એને રોકતા નથી. રુધિરનો પ્રવાહ આચાર્ય પાસે આવ્યો. તે ઊભા થયા. મરેલા રાજાને જુએ છે.

જિનશાસનની અપભ્રાજના ન થાય તે માટે આલોચના અને પ્રતિક્રમણ કરીને પોતાના મસ્તકને છેદે છે. આ પ્રમાણે (તે આચાર્ય કાળ પામ્યા) અને રાજા પણ મૃત્યુ પામ્યો. આ બાજુ હજામની દુકાને રહેલ હજામનો દાસ ઉપાધ્યાયને રાત્રિના સમયે પોતાને આવેલ સ્વપ્નની વાત કરે છે કે "સ્વપ્નમાં મેં મારા આંતરડાવડે આખું નગર વીંટ્યું." આ સ્વપ્ન મેં પ્રભાતે = રાત્રિના અંતસમયે જોયું છે." તે ઉપાધ્યાય સ્વપ્નશાસ્ત્રનો જાણકાર હતો. (તેણે સ્વપ્નનું ફળ જાણી લીધું કે આ કોઈ મોટો રાજા જેવો થશે. એમ જાણી) ઉપાધ્યાય તે દાસને પોતાના ઘરે લઈ જઈ તેને

११. जाता, स राजाऽष्टमीचतुर्दश्योः पोषधं करोति, तत्राचार्या आयान्ति धर्मकथानिमित्तं, अन्यदा वैकालिकं आचार्या भणन्ति—गृहाणोपकरणं राजकुलमतिगच्छामः, तदा स झटिति उत्थितः, गृहीतमुपकरणं पूर्वसंगोपिता कङ्कलोहकर्त्तरिका सापि गृहीता, प्रच्छन्ना कृता, अतिगतौ राजकुलं, चिरं धर्मः कथितः, आचार्याः प्रसुप्ताः, राजाऽपि प्रसुप्तः, तेनोत्थाय राज्ञः शीर्षे निवेशिता, तत्रैव अस्थिनि लग्ना, निर्गतः, प्रातीहारिका अपि न वारयन्ति प्रव्रजित इति, रुधिरेणाचार्याः प्रत्यार्द्रिताः, उत्थिताः प्रेक्षन्ते राजानं व्यापादितं, मा प्रवचनस्योड्डाहो भूदित्यालोचितप्रतिक्रान्ता आत्मनः शीर्षं छिन्दन्ति, कालगतो स च एवं । इतश्च नापितशालायां नापितद्व्यक्षर उपाध्यायाय कथयति स्वप्नं यथा—ममान्त्रेण नगरं वेष्टितं, प्रभाते दृष्टं, स स्वप्नशास्त्रं जानाति, तदा गृहं नीत्वा मस्तकं ★ 'पच्चालिया'—पूर्वमुद्रिते ।

[१२]धोओ धूया य से दिण्णा, दिप्पिउमारद्धो, सीयाए णयरं हिंडाविज्जइ, सोवि राया अंतेउरसेज्जावलीहिं दिट्ठो सहसा, कुवियं णातुं अउत्तोत्ति अण्णेण दारेणं नीणिओ, सक्कारिओ, आसो अहियासिओ, अब्भितरा हिंडाविओ मज्झे हिंडाविओ बाहिं निग्गओ रायकुलाओ तस्स ण्हावियदासस्स पट्टिं अड्डेइ पेच्छइ य णं तेयसा जलंतं, रायाभिसेएण अहिसित्तो राया जाओ, ते य डंडभडभोइया दासोत्ति न तहा विणयं करेंति, सो चिंतेइ जइ विणयं ण करेंति कस्स अहं रायत्ति अत्थाणीओ उट्ठेत्ता निग्गओ, पुणो पविट्ठो, ते ण उट्ठेंति, तेण भणियं–गेण्हह एए गोहेत्ति, ते अवरोप्परं दट्ठूण हसंति, तेण अमरिसेण अत्थाणिमंडवियाए लिप्पकम्मनिम्मियं पडिहारजुयलं पलोइयं, ताहे तेण सरभसुद्धाइएण असिहत्थेण मारिया केइ नट्ठा, पच्छा विणयेण उवट्ठिया,

મસ્તક સુધી નવરાવ્યો અને પોતાની દીકરી પરણાવી. તે વખતે તે શોભવા લાગ્યો. શિબિકામાં બેસાડી આખું નગર ફેરવ્યો. જ્યારે તે નગર ફરવા નીકળ્યો તે સમયે એકાએક અંતઃપુરની શય્યાપાલિકાઓએ ઉદાયીરાજાને મરેલો જોયો. રાજાને મરેલો જાણીને તેઓએ બૂમરાણ મચાવી.

(તેથી બધા ભેગા થયા.) મંત્રીઓએ રાજા અપુત્ર મરણ પામ્યો હોવાથી પાછલા બારણે બહાર લઈ ગયા. આ બાજુ રાજાના સ્થાને અન્ય રાજાને બનાવવા મંત્રીઓએ ઘોડાને શણગાર્યો અને અધિવાસિત કર્યો. તે ઘોડાને રાજકુલની અંદર ફેરવ્યો, મધ્યમાં ફેરવ્યો અને પછી રાજકુલની બહાર લઈ ગયા. ત્યાં તે ઘોડો પેલા હજામના દાસની પીઠને અડે છે. અને મંત્રી તેજથી દેદીપ્યમાન એવા તેને જુએ છે. મંત્રીઓએ રાજ્યાભિષેકદ્વારા તેનો અભિષેક કર્યો. દાસ રાજા બન્યો. ખંડિયા રાજાઓ 'આ તો દાસ છે' એમ વિચારી રાજાનો વિનય કરતા નથી. તેથી રાજા વિચારે છે કે જો આ લોકો મારો વિનય કરતા નથી તો હું કોનો રાજા કહેવાઉં.

રાજા રાજસભામાંથી ઊઠીને બહાર જાય છે અને ફરી પાછો પ્રવેશ કરે છે. છતાં ખંડિયા રાજાઓ ઊભા થતાં નથી. તેથી રાજા સૈનિકોને આદેશ આપે છે કે "આ અધમોને પકડી લો." રાજાઓ એકબીજા સામે જોઈને હસે છે. તેથી ગુસ્સે થયેલા રાજાએ સભામંડપમાં માટી વિગેરેથી બનેલા પરિહારયુગલને=બે દ્વારપાલોને જોયા. ત્યારે ઉતાવળે ભાગતા એવા તે દ્વારપાલયુગલે હાથમાં તલવાર લઈને આ ખંડિયા રાજાઓને મારવાનું શરૂ કર્યું. જેથી કેટલાક રાજાઓ ભાગી ગયા. ત્યાર પછીથી તે ખંડિયા રાજાઓ આ રાજાનો વિનય કરવા લાગ્યા. બધાએ રાજા પાસે ક્ષમા માંગી.

१२. धौतं दुहिता च तस्मै दत्ता, दीपितमारब्धः, शिबिकया नगरं हिण्ड्यते, सोऽपि राजा अन्तःपुरिकाशय्यापालिकाभिर्दृष्टः सहसा, कूजितं ज्ञातुं, अपुत्र इत्यन्येन द्वारेण नीतः, सत्कारितः, अश्वोऽधिवासितः, अभ्यन्तरे हिण्डितो मध्ये हिण्डितः वहिर्निर्गतो राजकुलात् तं नापितदारकस्य पृष्टं स्पर्शति लगयति प्रेक्षते च तं तेजसा ज्वलन्तं, राज्याभिषेकेणाभिषिक्तो राजा जातः, ते च दण्डिकसुभटभोजिका दास इति न तथा विनयं कुर्वन्ति , स चिन्तयति–यदि विनयं न कुर्वन्ति कस्याहं राजेति आस्थानिकाया उत्थाय निर्गतः, पुनः प्रविष्टः, ते नोत्तिष्ठन्ति, तेन भणितं–गृह्णीतैतान् अधमानिति, ते परस्परं दृष्ट्वा हसन्ति, तेनामर्षेणास्थानमण्डपिकायां लेप्यकर्मनिर्मितं प्रतीहारयुगलं प्रलोकितं, तदा तेन सरभसोद्धावितेन असिहस्तेन मारिताः केचिन्नष्टाः, पश्चाद्विनयेनोपस्थिताः, ★ 'पच्चालिया' – मुद्रितप्रतौ.

[૧૩]**खामिओ राया, तस्स कुमारामच्चा नत्थि, सो मग्गइ । इओ य कविलो नाम बंभणो णयरबाहिरियाए वसइ, वेयालियं च साहुणो आगया दुक्खं वियाले नगरं अतियंतुमित्ति तस्स अग्गिहोत्तस्स घरए ठिया, सो बंभणो चिंतेइ—पुच्छामि ता णे किंचि जाणंति नवत्ति ?, पुच्छिया, परिकहियं आयरिएहिं, सड्ढो जाओ तं चेव रयणिं, एवं काले वच्चंते अण्णया अण्णे साहुणो तस्स घरे वासारत्तिं ठिया, तस्स य पुत्तो जायमेत्तओ अंमरेवईए गहिओ, सो साहूण भायणाणि कप्पेंताणं भायणाणं हेट्ठा ठविओ, नट्ठा वाणमंतरी, तीसे य पया थिरा जाया, कप्पओत्ति से नामं कयं, ताणि दोवि कालगयाणि, इमोवि चोद्दससु विज्जाट्ठाणेसु परिणिट्ठिओ णाम लभइ पाडलिपुत्ते,**

## ❀ કલ્પકમંત્રીની કથા ❀

આ રાજાને કોઈ મંત્રી નહોતો તેથી રાજા મંત્રીની શોધ કરે છે. આ બાજુ કપિલનામનો બ્રાહ્મણ નગરની બહાર રહે છે. વિહાર કરીને ત્યાં આવેલા સાધુઓ સાંજના સમયે નગરમાં જવામાં તકલીફ પડશે એમ વિચારી નગરની બહાર જ તે અગ્નિહોત્રી કપિલબ્રાહ્મણના ઘરે રોકાયા. (પોતાને પંડિત માનતો) તે બ્રાહ્મણ વિચારે છે કે – "લાવ પૂછી જોઉં. આ સાધુઓ કંઈ જાણે છે કે નહીં ?" એમ વિચારી તેણે સાધુઓને (અમુક પ્રશ્નો) પૂછ્યા. આચાર્યે સારી રીતે તેના જવાબ આપ્યા. જેથી તે જ રાત્રિએ તે ધર્મમાં શ્રદ્ધાવાળો થયો.

આ પ્રમાણે કેટલોક કાળ પસાર થયા બાદ એકવાર બીજા કો'ક સાધુઓ તેને ત્યાં ચોમાસા દરમિયાન રહ્યા. તે સમયે તે બ્રાહ્મણનો પુત્ર કે જેનામાં જન્મતાની સાથે અંમરેવતીનામની વાણવ્યંતરીએ પ્રવેશ કર્યો હતો તે બાળકને માતાએ પાત્રાઓને કલ્પ કરતા એટલે કે ધોતા એવા સાધુઓના પાત્રા નીચે સ્થાપિત કર્યો. (તેના પ્રભાવથી) વાણવ્યંતરી શરીરમાંથી નીકળી ગઈ. પછીથી તે માતાની પ્રજા (= બીજા જન્મતા બાળકો) સ્થિર થઈ. (કલ્પના પ્રભાવે આ પુત્ર સાજો થયો હોવાથી) તેનું 'કલ્પક' નામ પાડ્યું. કપિલબ્રાહ્મણ અને તેની પત્ની (એટલે કે કલ્પકના માતા–પિતા) બંને મૃત્યુ પામ્યા.

ચૌદ વિદ્યાસ્થાનોમાં(=છ અંગો, ચાર વેદ, મીમાંસા, ન્યાયશાસ્ત્ર, પુરાણ અને ધર્મશાસ્ત્રોમાં) પરિનિષ્ઠિત થયેલો તે કલ્પક આખા પાટલિપુત્રમાં (બીજા બ્રાહ્મણોમાં પ્રથમ) નામ પ્રાપ્ત કરે છે. તે કલ્પક સંતોષી હોવાથી દાનને ઇચ્છતો નથી. ઘણી કન્યાઓના માંગા આવવા છતાં તે કોઈ

---

**१३. क्षामितो राजा, तस्य कुमारामात्या न सन्ति, स मार्गयति । इतश्च कपिलो नाम ब्राह्मणो नगरबाहिरिकायां वसति, विकाले च साधव आगता दुःखं विकाले नगरमतिगन्तुमिति तस्याग्निहोत्रस्य गृहे स्थिताः, स ब्राह्मणश्चिन्तयति—पृच्छामि तावत् एते किञ्चिज्जानन्ति न वेति ?, पृष्टाः, परिकथितमाचार्यैः, श्राद्धो जातस्तस्यामेव रजन्यां, एवं व्रजति काले अन्यदाऽन्ये साधवस्तस्य गृहे वर्षारात्रे स्थिताः, तस्य च पुत्रः जातमात्रोऽम्मरेवत्या गृहीतः, स साधुषु भाजनानि कल्पयत्सु भाजनानामधस्तात् स्थापितः, नष्टा व्यन्तरी तस्याश्च प्रजा स्थिरा जाता, कल्पक इति तस्य नाम कृतं, तौ द्वावपि कालगतौ, अयमपि चतुर्दशसु विद्यास्थानेषु परिनिष्ठितो नाम लभते पाटलिपुत्रे,**

[१४] सो य संतोसेण दाणं न इच्छइ, दारियाओवि लभमाणीओ नेच्छइ, अणेगेहिं खंडिगसएहिं परिवारिओ हिंडइ, इओ य तस्स अइगमणनिग्गमणपहे एगो मरुओ, तस्स धूया जलूसगवाहिणा गहिया, लाघवं सरीरस्स नत्थि अतीवरूविणिं तं न कोइ वरेइ, महती जाया, रुहिरं से आगयं तस्स कहियं मायाए से, सो चिंतेइ–बंभवज्झा एसा, कप्पगो सच्चसंधो तस्स उवाएण देमि, तेण दारे अगडे खओ, तत्थ ठविया, तेण य अंतेण कप्पगो नीति, इमो य महया सद्देण पकूविओ– भो भो कविला ! अगडे पडिया जो नित्थारेइ तस्सेवेसा, तं सोऊण कप्पगो किवाए धाविओ उत्तारिया यऽणेण, भणिओ य–सच्चसंधो होज्जासि पुत्तगत्ति, ताहे तेण जणवायभएण पडिवण्णा, तेण पच्छा ओसहसंजोएण लट्ठी कया, रायाए सुयं–कप्पओ पंडिओत्ति, सद्दाविओ विण्णविओ

સાથે પરણવા ઇચ્છતો નથી. અનેક સેંકડો વિદ્યાર્થીઓથી વીંટળાયેલો તે નગરમાં ફરે છે. તેના રોજના આવવા–જવાના રસ્તે એક બ્રાહ્મણ રહેતો હતો. તેની દીકરીને જલોદરનામનો રોગ થયો હતો તેથી તેણીનું શરીર પાતળું નહોતું (અર્થાત્ તે રોગને કારણે શરીર ઘણું જાડું થયું હતું.) તેથી તે અત્યંત રૂપાળી હોવા છતાં કોઈ તેને પરણતું નહોતું. તે મોટી થઈ. લોહી પડવા લાગ્યું (અર્થાત્ ઋતુવંતી થઈ.) માતાએ પિતાને વાત કરી. તેથી તે વિચારવા લાગ્યો કે "(શાસ્ત્રમાં કહ્યું છે કે જે અપરિણત સ્ત્રીને રુધિરની શરૂઆત થાય તે બ્રહ્મચર્યને હણનારી થાય. તેથી) આ મારી દીકરી બ્રહ્મચર્યને હણનારી થશે." (તે ન થાય માટે) કલ્પક સત્યપ્રતિજ્ઞાવાળો છે, કોઈ ઉપાય કરી તેની સાથે મારી દીકરીને પરણાવું.

એમ વિચારી પિતાએ (ઘરના) દરવાજા પાસે કૂવો ખોદાવ્યો. દીકરીને તેમાં રાખી. જ્યારે કલ્પક એ રસ્તેથી પસાર થાય છે ત્યારે પિતા મોટા મોટા શબ્દોવડે બૂમો પાડે છે કે હે કાપિલ (= કપિલ બ્રાહ્મણના પુત્ર કલ્પક) ! મારી દીકરી કૂવામાં પડી ગઈ છે તેને જે બહાર કાઢશે તેની આ થશે." આ સાંભળીને કરુણાથી કલ્પક તે તરફ દોડ્યો અને કૂવામાંથી દીકરીને બહાર કાઢી. પિતાએ કલ્પકને કહ્યું – "હે પુત્ર ! તું સત્યપ્રતિજ્ઞાવાળો થા (અર્થાત્ મારી શરત સાંભળીને જ તે આને બહાર કાઢી હોવાથી હવે તું એની સાથે પરણ.)" તે સમયે લોકોની નિંદાના ભયથી કલ્પકે દીકરીને સ્વીકારી. પાછળથી કલ્પકે ઔષધોના સંયોગોદ્વારા તેણીને રોગમુક્ત કરી. રાજાએ સાંભળ્યું – "કલ્પક પંડિત છે." તેથી રાજાએ કલ્પકને બોલાવ્યો અને મંત્રીપદ ગ્રહણ કરવા વિજ્ઞપ્તિ

१४. स च संतोषेण दानं नेच्छति, दारिकाऽपि लभ्यमाना नेच्छति, अनेकैश्छात्रशतैः परिवृतो हिण्डते, इतश्च तस्य प्रवेशनिर्गमपथे एको मरुकः, तस्य दुहिता जलोदरव्याधिना गृहीता, लाघवं शरीरस्य नास्तीति अतीवरूपिणीं तां न कोऽपि वृणुते, महती जाता, रुधिरं तस्या आगतं, तस्मै कथितं मात्रा तस्याः, स चिन्तयति–ब्रह्महत्यैषा, कल्पकः सत्यसन्धस्तस्मै उपायेन ददामि, तेन द्वारि अवटः खातः, तत्र स्थापिता, तेनाध्वना च कल्पक निर्याति, महता शब्देन प्रकूजितः–भो भोः ! कपिल अवटे पतिता यो निस्तारयति तस्यैवैषा, तच्छ्रुत्वा कल्पकः कृपया धावितः, उत्तारिता चानेन, भणितश्च सत्यसन्धो भव पुत्रक इति, तदा तेन जनापवादभीतेन प्रतिपन्ना, तेन पश्चादौषधसंयोगेन लष्टा कृता, राज्ञा श्रुतं–कल्पकः पण्डित इति, शब्दायितो विज्ञप्तः

य[૯૫] रायाणं भणइ—अहं ग्रासाच्छादनं विमुच्य परिग्रहं न करोमि, कहं इमं किच्चं संपडिवज्जामि ?, न तीरइ निरवराहस्स किंची काउं, ताहे से राया छिद्दाइ मग्गइ, अण्णया रायाए जो ताए साहीए निल्लेवगो सो सद्दाविओ, तुमं कप्पगस्स पोत्ताइं धोवसि नवत्ति ?, भणइ—धोवामि, ताहे रायाए भणिओ—जइ एत्ताहे अप्पेइ तो मा दिज्जासित्ति, अण्णया इंदमहे सा भणइ भज्जा से— ममवि ताइं पोत्ताइं रयाविहित्ति, सो नेच्छइ, सा अभिक्खणं वड्डेइ, तेण पडिवण्णं, तेण णीयाणि रयगहरं, सो भणइ—अहं विणा मोल्लेण रयामि, सो छणदिवसे पमग्गिओ, अज्ज दिज्जत्ति कालं हरइ, सो छणो वोलीणो, तहवि न देइ, बीए वरिसे न दिण्णाणि, तइएवि वरिसे दिवे २ मग्गइ न देइ, तस्स रोसो जाओ, भणइ—कप्पगो न होमि जइ तव रुहिरेण न रयामि, अग्गिं पविसामि,

કરી. કલ્પકે રાજાને કહ્યું – "હું ખાવા અને ઓઢવા સિવાય કોઈ જાતનો અન્ય પરિગ્રહ કરતો નથી. તો આ મંત્રીપદનું કાર્ય હું કેવી રીતે સ્વીકારું ?" (આ રીતે જ્યારે મંત્રીપદ લેવા કલ્પક તૈયાર થતો નથી ત્યારે રાજા વિચારે છે કે) અપરાધમાં ફસાવ્યા વિના આને કંઈ કરવું શક્ય નથી. તેથી રાજા તેના અપરાધોને શોધવાનું શરૂ કરે છે.

એકવાર કલ્પકના આવવા—જવાના માર્ગે જે ધોબી રહે છે તેને રાજાએ બોલાવ્યો અને પૂછ્યું કે – "કલ્પકના વસ્ત્રો તું ધૂવે છે કે નહીં ?" તેણે કહ્યું – "હું ધોઉં છું." ત્યારે રાજાએ તેને કહ્યું – "હવે જો તે વસ્ત્રો તને ધોવા આપે તો તે વસ્ત્રો તારે પાછા આપવા નહીં." એકવાર ઇન્દ્રમહોત્સવમાં પત્નીએ કલ્પકને કહ્યું – "તમે મારી માટે સારા કપડાં રંગાવો." પરંતુ તે નવા કપડાં રંગાવા ઇચ્છતો નથી. પત્ની વારંવાર કહે છે. તેથી તે તૈયાર થયો. તે ધોબીના ઘરે વસ્ત્રો લઈને ગયો. ધોબીએ કહ્યું – "હું વિના મૂલ્યે તમારા વસ્ત્રો રંગી આપીશ." કલ્પકે મહોત્સવના દિવસે વસ્ત્રો માંગ્યા.

પરંતુ તે ધોબી "આજે આપીશ, કાલે આપીશ" એમ દિવસો પસાર કરે છે. એવામાં તે મહોત્સવ પૂરો થઈ ગયો. છતાં ધોબી વસ્ત્રો આપતો નથી. એ જ રીતે બીજા વર્ષે પણ તે આપતો નથી. ત્રીજા વર્ષે પણ રોજે રોજ માંગવા છતાં તે વસ્ત્રો આપતો નથી. તેથી કલ્પકને ગુસ્સો આવે છે. તે કહે છે કે – "જો તારા (=ધોબીના) લોહીથી વસ્ત્રો ન રંગુ તો હું કલ્પક નહીં, હું અગ્નિમાં

९५. च राजानं भणति-अहं ग्रासाच्छादनं विमुच्य परिग्रहं न करोमि, कथमिदं कृत्यं संप्रतिपत्स्ये ?, न शक्यते निरपराधस्य किञ्चित् कर्त्तुं, तदा तस्य राजा छिद्राणि मार्गयति, अन्यदा राज्ञा यो तस्यां रथ्यायां निर्लेपकः स शब्दायितः, त्वं कल्पकस्य वस्त्राणि प्रक्षालयसि नवेति ?, भणति—प्रक्षालयामि, तदा राज्ञा भणितः—यद्यधुनाऽर्पयति तर्हि मा दद्या इति, अन्यदेन्द्रमहे सा भणति भार्या तस्मै-ममापि तानि वस्त्राणि रञ्जयतेति, स नेच्छति, साऽभीक्ष्णं कलहयति, तेन प्रतिपन्नं, तेन नीतानि रजकगृहं, स भणति—अहं विना मूल्येन रजामि, स क्षणदिवसे प्रमार्गितः, अद्य देय इति कालं हरति, स क्षणो व्यतिक्रान्तः, तथापि न ददाति, द्वितीये वर्षे न दत्ताणि, तृतीयेऽपि वर्षे दिवसे २ मार्गयति न ददाति, तस्य रोषो जातः, भणति—कल्पको न भवामि यदि तव रुधिरेण न रजामि, अग्निं प्रविशामि,

[९६] अण्णदिवसे गओ छुरियं घेत्तूण, सो रयओ भज्जं भणइ–आणेहित्ति, दिण्णाणि, तस्स पोट्टं फालित्ता रुहिरेण रयाणि, रयगभज्जा य भणइ–रायाए एसो वारिओ किमेएण अवरद्धं ?, कप्पस्स चिंता जाया–एस रण्णो माया, तया मए कुमारामच्चत्तणं नेच्छियंति, जइ पव्वइओ होंतो तो किमेयं होन्तं, वच्चामि सयं मा गोहेहि नेज्जीहामित्ति गओ रायउलं, राया उट्ठिओ, भणइ–आदिसह किं करेमि ?, तं मम विण्णत्तं चिंतियंति, सो भणइ–महाराय ! जं भणसि तं करेमि, रयगसेणी आगया, रायाए समं उल्लवेंतं दट्ठूण नट्ठा, कुमारामच्चो ठिओ, एवं सव्वं रज्जं तदायत्तं जायं, पुत्तावि से जाया तीसे अण्णाणं च ईसरधूयाणं, अण्णया कप्पगपुत्तस्स विवाहो, तेण चिंतियं–संतेउरस्स रण्णो भत्तं दायव्वं, आहरणाणि रण्णो निजोगो घडिज्जइ, जो य नंदेण कुमारामच्चो फेडिओ सो तस्स छिद्दाणि मग्गइ, कप्पगदासी दाणमाणसंगहिया कया, जो य तव

પ્રવેશ કરીશ.". એક દિવસ છરી લઈને તે ગયો. તે ધોબીએ પોતાની પત્નીને કહ્યું – "કલ્પકના વસ્ત્ર લાવ." તેણે તે વસ્ત્રો કલ્પકને આપ્યા. કલ્પકે ધોબીનું પેટ ચીરીને તેના લોહીથી વસ્ત્રો રંગ્યા. ધોબીની પત્નીએ કહ્યું – "રાજાએ વસ્ત્રો આપવાની ના પાડી હતી. તેમાં એમનો શું અપરાધ ?" કલ્પકને ખ્યાલ આવ્યો કે તે સમયે મેં મંત્રીપણું ન લીધું તેથી રાજાએ આ કાવતરું કર્યું છે. એના કરતા જો મેં પ્રવ્રજ્યા લીધી હોત તો આવું શું થયું હોત ? (અર્થાત્ ન થાત.) મને સૈનિકો પકડીને લઈ ન જાય તે માટે હું પોતે જ રાજકુળમાં જઉં" એમ વિચારી તે રાજકુળમાં ગયો. રાજા ઊભો થયો. કલ્પકે રાજાને કહ્યું – "આદેશ આપો. મારે શું કરવાનું છે ?" રાજાએ કહ્યું – "પૂર્વે મેં જે કહ્યું હતું તે વિચાર્યું ?" કલ્પકે કહ્યું – "હે રાજન્ ! તમે જે કહેશો તે કરીશ."

એવામાં ધોબીઓનું ટોળું ત્યાં આવ્યું. પરંતુ કલ્પકને રાજા સાથે વાતચીત કરતો જોઈને તેઓ પાછા જતા રહ્યા. કલ્પકને મંત્રીપદે સ્થાપ્યો. આ પ્રમાણે સંપૂર્ણ રાજ્ય કલ્પકને આધીન થયું. કલ્પકને તે બ્રાહ્મણપુત્રી અને બીજી પણ શ્રેષ્ઠિપુત્રીઓદ્વારા પુત્રો થયા. એકવાર કલ્પકના પુત્રનો વિવાહપ્રસંગ આવ્યો. તેણે વિચાર્યું – "અંતઃપુરસહિત રાજાને ભોજન કરાવવું છે." રાજાને આપવા યોગ્ય આભૂષણો, હથિયાર વિગેરે સામગ્રી તે ઘડાવે છે. બીજી બાજુ નંદરાજાએ પૂર્વે જે મંત્રીને પદભ્રષ્ટ કર્યો હતો તે કલ્પકમંત્રીના છિદ્રો શોધે છે. તે પૂર્વમંત્રીએ કલ્પકની દાસીને દાન–માનથી પોતાને

९६. अन्यदिवसे गतः क्षुरिकां गृहीत्वा, स रजको भार्यां भणति–आनयेति, दत्तानि, तस्योदरं पाटयित्वा रुधिरेण रक्तानि, रजकभार्या च भणति–राज्ञैष वारितः किमेतेनापराद्धं ?, कल्पस्य चिन्ता जाता एषा राज्ञो माया, तदा मया कुमारामात्यत्वं नेष्टमिति, यदि प्रव्रजितोऽभविष्यं तदा किमिदमभविष्यदिति, व्रजामि स्वयं मा दण्डिकैर्नायिषि इति गतो राजकुलं, राजोत्थितः, भणति–आदिश किं करोमि ? तं मम विज्ञप्तं चिन्तितमिति, स भणति–महाराज ! यद्भणसि तत् करोमि, रजकश्रेणिरागता, राज्ञा सममुल्लापयन्तं दृष्ट्वा नष्टा, कुमारामात्यः स्थितः, एवं सर्वं राज्यं तदायत्तं जातं, पुत्रा अपि तस्य जाताः तस्या अन्यानां चेश्वरदुहितृणाञ्च, अन्यदा कल्पकपुत्रस्य विवाहो ( जातः ), तेन चिन्तितं–सान्तःपुरस्य राज्ञो भक्तं दातव्यं, आभरणानि राज्ञो निर्योगो घट्यते, यो नन्देन कुमारामात्यः स्फेटितः स तस्य छिद्राणि मार्गयति, कल्पकदास्यो दानमानसंगृहीताः कृताः, यश्च तव

[१७]सामिस्स दिवसोदंतो तं कहेह दिवे २, तीए पडिवण्णं, अण्णया भणइ–रण्णो निज्जोगो घडिज्जइ, पुव्वामच्चो य जो फेडिओ तेण छिद्दं लद्धं, रायाए पायवडिओ विण्णवेइ–जइवि अम्हे तुम्हेहिं अवगीया तहावि तुब्भं संतिगाणि सित्थाणि धरंति अज्जवि तेण अवस्सं कहेयव्वं जहा किर कप्पओ तुज्झं अहियं चिंतिन्तो पुत्तं रज्जे ठविउकामो, रज्जनिज्जोगो सज्जिज्जइ, पेसविया रायपुरिसा, सकुडुंबो कूवे छूढो, कोद्दवोदणसेइया पाणियगलंतिया य दिज्जइ, सव्वं ताहे सो भणइ–एएण सव्वेहिंवि मरियव्वं, जो णे एगो कुलुद्धारयं करेइ वेरनिज्जायणं च सो जेमेउ, ताणि भणंति–अम्हे असमत्थाणि, भत्तं पच्चक्खामो, पच्चक्खायं, गयाणि देवलोगं, कप्पगो जेमेइ, पच्चंतरातीहि य सुयं जहा कप्पगो विणासिओ, जामो गेण्हामोत्ति, आगएहिं

વશ કરી, અને કહ્યું કે – "તારા સ્વામીના દિવસ દરમિયાનના જે સમાચાર હોય તે તારે મને રોજે રોજ કહેવા." દાસીએ વાત સ્વીકારી. એકવાર દાસીએ પૂર્વના મંત્રીને કહ્યું કે – "કલ્પક રાજાને આપવા માટે હથિયાર વિગેરે સામગ્રી તૈયાર કરાવે છે." પૂર્વમંત્રી કે જેને મંત્રીપદથી કાઢી મૂક્યો હતો તેણે આ તક પ્રાપ્ત કરી. તે સીધો રાજા પાસે ગયો અને પગમાં પડીને રાજાને વિનંતી કરે છે કે – "જો કે આપે અમારો તિરસ્કાર કર્યો છે તો પણ અમે તમારું અન્ન ખાધું છે તેથી આજે પણ અમારે અવશ્ય આપના હિતની વાત કરવી જોઈએ તે એ છે કે કલ્પક આપના અહિતને ઇચ્છતો પોતાના પુત્રને રાજ્ય ઉપર બેસાડવાની ઇચ્છા રાખે છે. અને તે માટે તે હથિયારો વિગેરે સામગ્રી તૈયાર કરાવે છે." રાજાએ તપાસ કરવા રાજપુરુષોને મોકલ્યા. (હથિયારો તૈયાર કરવાની વાત સાચી પડી. તેથી) કુટુંબસહિત કલ્પકને રાજાએ કૂવામાં ઉતાર્યો.

આખા કુટુંબને ખાવા–પીવા માટે સેતિકાપ્રમાણ કોદ્રવ ભાત અને અમુક પ્રમાણ (ગભંતિયા=ગળું ભીનું થાય તેટલું = ?) પાણી આપે છે. ત્યારે તે કલ્પક સર્વ કુટુંબને કહે છે કે – "આટલા ભોજનથી તો આપણે બધા મરી જઈશું. તેની બદલે આપણામાંથી જે એક કુલનો ઉદ્ધાર (એટલે કે આપણા બધાનું રક્ષણ) કરવા અને વૈરનો બદલો વાળવા સમર્થ હોય તે જમે, બીજાએ જમવું નહીં." કુટુંબે કહ્યું – "અમે અસમર્થ છીએ. તેથી અનશન કરીશું." તેઓએ અનશન સ્વીકાર્યું. મરીને દેવલોકમાં ગયા. કલ્પક ભોજન કરે છે. સીમાડાના રાજાઓએ સાંભળ્યું કે કલ્પક મૃત્યુ પામ્યો છે. (તેથી તેઓએ વિચાર કર્યો કે) હવે આપણે જઈએ અને પાટલીપુત્રને ગ્રહણ કરીએ.

१७. स्वामिनो दिवसोदन्तस्तं कथयेर्दिवा दिवा, तया प्रतिपन्नं, अन्यदा भणति-राज्ञो निर्योगो घट्यते, पूर्वामात्यश्च यः स्फेटितस्तेन छिद्रं लब्धं, राज्ञे पादपतितो विज्ञपयति-यद्यपि वयं युष्माभिरवगीतास्तथापि युष्मत्सत्कानि सिक्थूनि ध्रियन्तेऽद्यापि तेनावश्यं कथयितव्यं यथा किल कल्पको युष्माकमहितं चिन्तयन् पुत्रं राज्ये स्थापयितुकामः, राज्यनिर्योगः सर्जयति, प्रेषिता राजपुरुषाः, सकुटुम्बः कूपे क्षिप्तः, कोद्रवौदनसेतिका पानीयस्य गलन्तिका ( गर्गरी ) च दीयते, सर्वान् तदा स भणति-एतेन सर्वैरपि मर्तव्यं, योऽस्माकमेकः कुलोद्धारं करोति वैरनिर्यातनं च स जेमतु, ते भणन्ति–वयमसमर्थाः, भक्तं प्रत्याख्यामः, प्रत्याख्यातं, गता देवलोकं, कल्पको जेमति, प्रत्यन्तराजभिश्च श्रुतं यथा कल्पको विनाशितः, यामो गृह्णीम इति, आगतैः

[૯૮] पाडलिपुत्तं रोहियं, नंदो चिंतेइ–जइ कप्पगो होंतो तो नवि एए एवं अभिद्दवंतो, पुच्छिया बारवाला–अत्थि तत्थ कोइ भत्तं पडिच्छइ ?, जो तस्स दासो सोवि महामंतित्ति, तेहिं भणियं–अत्थि, ताहे आसंदएण उक्खोएत्ता नीणिओ, पिल्लुक्किओ विज्जेहिं संधुकिओ आउसे कारिए पागारे दरिसिओ, कप्पगोत्ति ते भीया दंडा सासंकिया जाया, नंदं च परिहीणं णाऊण सुट्ठुतरं अभिद्दवंति, ताहे लेहो विसज्जिओ, जो तुज्झ सव्वेसिं अभिमओ सो एउ तो संधी जं वा तुब्भे भणिहिह तं करेहित्ति, तेहिं दूओ विसज्जिओ, कप्पओ विनिग्गओ, नदीमज्झे मिलिया, कप्पगो नावाए हत्थसण्णाहिं लवइ, उच्छुकलावस्स हेट्ठा उवरिं च छिन्नस्स मज्झे किं होहित्ति दहिकुंडस्स हेट्ठा उवरिं च छिन्नस्स धसत्ति पडियस्स व किं होहिइत्ति ?, एवं भणित्ता तं पयाहिणं करेंतो पडिनियत्तो,

શત્રુરાજાઓ આવ્યા અને પાટલીપુત્ર ઉપર ઘેરો નાંખ્યો. નંદરાજા વિચારે છે કે – "જો આજે કલ્પક હોત તો આ લોકો આ રીતે સામા આવત નહીં." નંદરાજાએ દ્વારપાલોને પૂછ્યું – "ત્યાં કૂવામાં ભોજન ગ્રહણ કરનાર કોઈ જીવતો રહ્યો છે ?" જીવતો રહેનાર કદાચ કલ્પકનો દાસ હશે. તો પણ તે મહામંત્રી જ હશે. (અર્થાત્ તે કલ્પકનો દાસ પણ મહામંત્રી જેવો હશે એટલે કદાચ તે જીવતો હશે તો પણ ચાલશે.) દ્વારપાલોએ કહ્યું – "છે." ત્યારે માંચડાંદ્વારા કલ્પકને બહાર કાઢ્યો. શરીરથી કૃશ થયેલા તેને વૈદ્યોએ શરીરથી પુષ્ટ કર્યો. આ રીતે આયુષ્ય કરાતે છતે (અર્થાત્ ઔષધો વિગેરેવડે તેને આયુષ્યમાન કર્યો અને) પછી કિલ્લા ઉપર ચઢાવી શત્રુરાજાઓને કલ્પકના દર્શન કરાવ્યા.

આ કલ્પક છે એમ જાણીને ડરેલા તે રાજાઓ (વિજયપ્રાપ્તિમાં) શંકાવાળા થયા. છતાં નંદરાજા રાજ્યભંડાર વિગેરેથી હીન થયેલો છે એવું જાણીને સારી રીતે સામા પડે છે. રાજાએ એક લેખ મોકલ્યો અને કહેવડાવ્યું કે "તમને સૌને જે માન્ય હોય તેને તમે અહીં મોકલો જેથી તેની સાથે વાતચીત કરી કાં તો સંધિ કરીએ અથવા તમે જેમ કહેશો તેમ કરીશું." શત્રુરાજાઓએ એક દૂત મોકલ્યો. આ બાજુથી કલ્પક પણ નીકળ્યો. બંને જણા નદીમાં વચ્ચો–વચ્ચ આવીને સામ–સામે ભેગા થયા. નાવડીમાં રહેલો કલ્પક હાથની સંજ્ઞાઓવડે આ પ્રમાણે વાતચીત કરે છે કે, "શેરડીના સમૂહને ઉપર–નીચેથી છેદ્યા પછી વચ્ચે શું રહે ? અથવા દહીં ભરેલ કુંડાને ઉપર–નીચેથી છેદતા નીચે પડેલા તેમાં શું બાકી રહે ?" આ પ્રમાણે કહીને કલ્પક તેને પ્રદક્ષિણા કરીને

९८. पाटलिपुत्रं रुद्धं, नन्दश्चिन्तयति–यदि कल्पकोऽभविष्यत्तदा नैवमभ्यद्रोष्यं, पृष्टा द्वारपालाः–अस्ति तत्र कश्चित् ?, भक्तं प्रतीच्छति ? यस्तस्य दासः सोऽपि महामन्त्रीति, तैर्भणितं–अस्ति, तदाऽऽस्यन्दकेनोत्क्षिप्य निष्काशितः, कृशशरीरो वैद्यैः संधुक्षितः, आयुषि कारिते प्राकारे दर्शितः, कल्पक इति ते भीताः दण्डाः साशङ्का जाताः, नन्दं परिहीणं ज्ञात्वा सुष्ठुतरामभिद्रवन्ति, तदा लेखो विसृष्टः यो युष्माकं सर्वेषामभिमतः स आयातु, ततः सन्धि यद्वा यूयं भणिष्यथ तत् करिष्याम इति, तैर्दूतो विसृष्टः, कल्पको विनिर्गतः, नदीमध्ये मिलिताः, कल्पको नावि हस्तसंज्ञाभिर्लपति, इक्षुकलापस्याधस्तादुपरि च छिन्नस्य मध्ये किं भवति ?, दधिकुण्डस्याधस्तादुपरि च छिन्नस्य धसगिति पतितस्य वा किं भवतीति, एवं भणित्वा तान् प्रदक्षिणां कुर्वन् प्रतिनिवृत्तः,

[११]इयरोवि विलक्खओ नियत्तो पुच्छिओ लज्जइ अक्खिउं, पलवइ बडुगोत्ति अक्खायं, नट्ठा, नंदोवि कप्पएण भणिओ–सण्णह, पच्छा आसहत्थी य गहिया, पुणोवि ठविओ तंमि ठाणे, सो य निओगामच्चो विणासिओ, तस्स कप्पगस्स वंसो णंदवंसेण समं अणुवत्तइ, नवमए नंदे कप्पगवंसपसूओ सगडालो कुमाराच्चो, तस्स दो पुत्ता-थूलभद्दो सिरिओ य, सत्त धीयरो तंजहा– जक्खा जक्खदिन्ना भूया भूयदिण्णा सेणा वेणा रेणा, इओ य वररुइ धिज्जाइओ नंदं अट्ठसएणं सिलोगाणमोलग्गइ, सो राया तुट्ठो सगडालमुहं पलोएइ, सो मिच्छत्तंतिकाउं न पसंसेइ, तेण भज्जा से ओलग्गिया, पुच्छिओ भणइ–भत्ता ते ण पसंसइ, तीए भणियं–अहं पसंसावेमि, तओ सो तीए

પાછો ફર્યો. સામાપક્ષનો દૂત પણ (કલ્પકની આવા પ્રકારની ચેષ્ટાઓ જોઈને) વિલખો પડી ગયો (અર્થાત્ તેને કંઈ સમજણ પડી નહીં.) તે પણ પાછો ફર્યો. રાજાઓએ સમાચાર પૂછ્યા પરંતુ તેને કહેતાં શરમ આવી (કે પોતે સમજી શક્યો નથી.) માત્ર એણે કહ્યું કે તે કલ્પક પ્રલાપો કરતો હતો. (રાજાઓએ વિચાર્યું– નક્કી આમાં કલ્પકમંત્રીની કંઈક માયા છે. તેથી આપણે ભાગી જઈએ એમાં જ કલ્યાણ છે એમ વિચારી) તેઓ ભાગી છૂટ્યા. કલ્પકે નંદરાજાને પણ કહ્યું કે – "તમે તૈયાર થાઓ. (અર્થાત્ તેમની સાથે યુદ્ધ કરો.)" પાછળથી નંદરાજાએ શત્રુરાજાઓ ઉપર આક્રમણ કરીને હાથી–ઘોડા વિગેરે જીતી લીધું. નંદરાજાએ કલ્પકને ફરી મંત્રીપદે સ્થાપ્યો અને જે તે પૂર્વમંત્રી હતો તેને મારી નાંખ્યો. નંદરાજાના વંશ સાથે કલ્પકનો વંશ આગળ વધે છે. (અર્થાત્ રાજા તરીકે નંદનો વંશ અને મંત્રી તરીકે કલ્પકનો વંશ પેઢી–દરપેઢીએ ચાલે છે.)

નવમાં નંદ વખતે કલ્પકના વંશમાં થયેલો શકટાલ મંત્રીપદે આવે છે. તેને બે પુત્રો હતા – સ્થૂલભદ્ર અને શ્રીયક, તથા સાત પુત્રીઓ હતી – યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણા. ત્યાં વરરુચિનામનો એક બ્રાહ્મણ ૧૦૮ શ્લોકોવડે નંદરાજાની પ્રશંસા કરે છે. ખુશ થયેલો રાજા શકટાલમંત્રીના મુખ તરફ જુએ છે. પરંતુ શકટાલમંત્રી આ વરરુચિ એ મિથ્યાત્વી છે માટે તેની પ્રશંસા કરતો નથી. વરરુચિ શકટાલમંત્રીની પત્નીની સેવા કરવા લાગ્યો. ખુશ થયેલી તેણીએ વરરુચિને પ્રયોજન પૂછ્યું. તેથી તેણે કહ્યું કે તારો પતિ મારી પ્રશંસા કરતો નથી. (તેથી રાજા ખુશ થઈને મને કાંઈ દાન આપતો નથી.)

તેણીએ કહ્યું – "હું પ્રશંસા કરાવીશ." તેણીએ મંત્રીને વાત કરી. પાછળથી મંત્રીએ કહ્યું

११. इतरोऽपि विलक्षो निवृत्तः पृष्टो लज्जते आख्यातुं, प्रलपति बटुक इति आख्यातं, नष्टाः, नन्दोऽपि कल्पकेन भणितः–सन्नध्व, पश्चादश्वा हस्तिनश्च गृहीताः, पुनरपि स्थापितस्तस्मिन् स्थाने, स च नियोगामात्यो विनाशितः, तस्य कल्पकस्य वंशो नन्दवंशेन सममनुवर्त्तते, नवमे नन्दे कल्पकवंशप्रसूतः शकटालः कुमारामात्यस्तस्य द्वौ पुत्रौ स्थूलभद्रः श्रीयकश्च, सप्त दुहितरस्तद्यथा– यक्षा यक्षदत्ता भूता भूतदत्ता सेना वेणा रेणा, इतश्च वररुचिर्धिग्जातीयो नन्दमष्टशतेन श्लोकानां सेवते, स राजा तुष्टः शकटालमुखं प्रलोकयति, स मिथ्यात्वमितिकृत्वा न प्रशंसति, तेन भार्या तस्याराद्धा, पृष्टो भणति–भर्त्ता तव न प्रशंसति, तया भणितं–अहं प्रशंसयामि, ततः स तया

[१]भणिओ, पच्छा भणइ–किह मिच्छत्तं पसंसामित्ति ?, एवं दिवे २ महिलाए करणिं कारिओ अण्णया भणइ–सुभासियंति, ताहे दीणाराणं अट्ठसयं दिण्णं, पच्छा दिणे २ पदिण्णो, सगडालो चिंतेइ–निट्ठिओ रायकोसोत्ति, नंदं भणइ–भट्टारगा ! किं तुब्भे एयस्स देह ?, तुब्भे पसंसिओत्ति, भणइ–अहं पसंसामि लोइयकव्वाणि अविनट्ठाणि पढइ, राया भणइ–कहं लोइयकव्वाणि ?, सगडालो भणइ–मम धूयाओवि पढंति, किमंग पुण अण्णो लोगो ?, जक्खा एगंपि सुयं गिण्हइ, बितिया दोहि तइया तिहि वाराहि, ताओ अण्णया पविसंति अंतेउरं, जवणियंतरियाओ ठवियाओ, वररुई आगओ थुणइ, पच्छा जक्खाए पढियं बितियाए दोण्णि तइयाए

– "હું મિથ્યાત્વીની કેવી રીતે પ્રશંસા કરું ?" છતાં રોજે રોજ પ્રશંસા કરવા માટેની ભલામણ કરવાદ્વારા પત્નીએ પતિ પાસે પ્રશંસાની પ્રતિજ્ઞા કરાવી. તેથી એક દિવસ સભામાં મંત્રી કહે છે કે – "સરસ કાવ્ય રચ્યું છે." જેથી વરરુચિને ૧૦૮ દીનાર ભેટરૂપે આપવામાં આવ્યા. આ રીતે વરરુચિ રોજે રોજ નવું નવું કાવ્ય રચીને રાજાને ખુશ કરવા લાગ્યો જેથી રાજા ખુશ થઈને રોજે રોજ દીનારો આપે છે. ત્યારે શકટાલ વિચારે છે કે – "(જો રાજા રોજે રોજ આ રીતે દીનારો આપ્યા કરશે તો) રાજ્યભંડાર ખાલી થઈ જશે." એમ વિચારી તેણે નંદરાજાને વાત કરી કે – "હે ભટ્ટારક (=પૂજ્ય) ! તમે શા માટે એને દીનારો આપો છો ?" રાજાએ કહ્યું – "તમે જ તો તેની પ્રશંસા કરી હતી." મંત્રીએ કહ્યું – "હું તો આ વરરુચિ અવિનષ્ટ (= નાશ ન પામેલા એવા) લૌકિકકાવ્યોને બોલે છે માટે પ્રશંસા કરું છું." રાજાએ કહ્યું – આ જે કાવ્યો બોલે છે તે લૌકિક (=લોકમાં પ્રસિદ્ધ) કાવ્યો છે એવું તમે કેવી રીતે કહો છો ?" શકટાલે કહ્યું – "આ કાવ્યો તો મારી દીકરીઓ પણ બોલી શકે છે તો બીજા લોકોની તો શું વાત કરવી ?" (મંત્રીની દીકરીઓમાં આ પ્રમાણેની શક્તિ હતી કે) યક્ષા એક વાર સાંભળે એટલે યાદ રહી જાય. બીજી યક્ષદિન્ના બે વાર સાંભળે એટલે સાંભળેલું યાદ રહી જાય.

ભૂતા ત્રણ વાર સાંભળે એટલે યાદ રહી જાય. એકવાર સાતે દીકરીઓને અંતઃપુરમાં લાવે છે. દીકરીઓને પડદા પાછળ રાખે છે. વરરુચિ આવીને રાજાની પ્રશંસા કરે છે. તે એકવાર સાંભળવાથી યક્ષા તે જ કાવ્ય પાછળથી આખું બોલી જાય છે (વરરુચિ અને યક્ષા બંને જણા બોલવાથી) બે વાર સાંભળતા યક્ષદિન્ના તે જ કાવ્ય બોલે છે. એ જ રીતે (વરરુચિ, યક્ષા અને

१. भणितः, पश्चात् भणति–कथं मिथ्यात्वं प्रशंसामि ? इति,एवं दिवसे दिवसे महिलया करणिं कारितोऽन्यदा भणति–सुभाषितमिति, तदा दीनाराणामष्टशतं दत्तं, पश्चाद्दिने दिने प्रदातुमारब्धः, शकटालश्चिन्तयति–निष्ठितो राजकोश इति, नन्दं भणति–भट्टारकाः ! किं यूयमेतस्मै दत्त ?, त्वया प्रशंसित इति, भणति–अहं प्रशंसामि लौकिककाव्यानि अविनष्टा पठति, राजा भणति–कथं लौकिककाव्यानि ?, शकटालो भणति–मम दुहितरोऽपि पठन्ति किमङ्ग पुनरन्यो लोकः ?, यक्षा एकशः श्रुतं गृह्णाति द्वितीया द्विकृत्वः तृतीया त्रिभि र्वाराभिः ता अन्यदा प्रवेशयन्ति अन्तःपुरं, यवनिकान्तरिताः स्थापिताः, वररुचिरागतः स्तौति, पश्चात् यक्षया पठितं द्वितीयया द्विकृत्वस्तृतीयया

**[२]तिण्णि वारा सुयं पढियं एवं सत्तहिवि, रायाए पत्तियं, वररुईस्स दाणं वारियं, पच्छा सो ते दीणारे रत्तिं गंगाजले जंते ठवेइ, ताहे दिवसओ थुणइ गंगं, पच्छा पाएण आहणइ, गंगा देइत्ति एवं लोगो भणइ, कालंतरेण रायाए सुयं, सगडालस्स कहेइ–तस्स किर गंगा देइ, सगडालो भणइ–जइ मए गए देइ तो देइ, कल्लं वच्चामि, तेण पच्चइगो पुरिसो विसज्जिओ–विगाले पच्छन्नं अच्छसु जं वररुई ठवेइ तं आणेज्जासि, गएण आणिया पोट्टलिया सगडालस्स दिण्णा, गोसे नंदोवि गओ, पेच्छइ थुणंतं, थुए निब्बुडो, हत्थेहि पाएहि य जंतं मग्गइ, नत्थि, विलक्खओ जाओ, ताहे सगडालो पोट्टलियं रण्णो दरिसेइ, ओहामिओ गओ, पुणो छिद्दाणि मग्गइ**

યક્ષદિન્ના એમ ત્રણ જણા બોલવાથી) ત્રણ વાર સાંભળતા ભૂતા પણ તે જ કાવ્ય બોલે છે. આ રીતે ભૂતદિન્ના વિગેરે સાતે દીકરીઓ પાસે ક્રમશઃ તે જ કાવ્ય રાજા સાંભળે છે. તેથી રાજાને વિશ્વાસ બેસે છે કે વરરુચિ કોઈ નવું કાવ્ય બોલતો નથી પણ, બધા લોકોમાં જે પ્રસિદ્ધ જ છે એવું લૌકિકકાવ્ય જ બોલે છે. તેથી વરરુચિને મળતી દિનારો રાજાએ અટકાવી.

રાજા પાસેથી મળેલી તે દિનારોને વરરુચિ રાત્રિના સમયે ગંગાનદીમાં અંદર યંત્ર ગોઠવીને તેમાં (તે દીનારોને) મૂકે છે. અને દિવસે ગંગાનદીની સ્તુતિ કરે છે. સ્તુતિ કર્યા બાદ એવી રીતે ભૂમિ ઉપર પગ પછાડે છે કે જેથી નદીના પાણીમાંથી દીનારો નીકળીને બહાર આવે છે. આ જોઈને લોકો પરસ્પર એવી વાતો કરે છે કે વરરુચિને ગંગાનદી દીનાર આપે છે. થોડા સમય પછી આ સમાચાર રાજાએ સાંભળ્યા. રાજાએ મંત્રીને કહ્યું – "વરરુચિને ગંગા દીનાર આપે છે." ત્યારે શકટાલે જવાબ આપ્યો કે – "જો મારી સામે ગંગાનદી દીનાર આપે તો હું માનું. હું આવતી કાલે ત્યાં જઈશ."

તે પહેલાં મંત્રીએ એક વિશ્વાસુ માણસને આ પ્રમાણે કહીને ત્યાં મોકલ્યો કે "સાંજના સમયે ગુપ્તપણે તારે ત્યાં રહેવું અને વરરુચિ જે કંઈ ત્યાં રાખે તે લઈ આવવું." માણસ ત્યાં ગયો અને દીનારની પોટલી લઈ શકટાલમંત્રીને આપી. બીજા દિવસે સવારે નંદરાજા પણ ત્યાં ગયો. સ્તુતિ કરતા વરરુચિને જુએ છે. સ્તુતિ કર્યા બાદ (જ્યારે યંત્ર ઉપર પગ પછાડવા છતાં દીનાર પાણીમાંથી નીકળતી નથી એટલે તે) પાણીમાં ડૂબ્યો. પાણીમાં હાથ–પગદ્વારા યંત્રને શોધે છે. (અર્થાત્ યંત્ર પાસે મૂકેલી દીનારની પોટલીને શોધે છે.) પરંતુ મળતી નથી. તેથી તે વિલખો પડ્યો. ત્યારે શકટાલમંત્રી તે પોટલી રાજાને બતાવે છે. તે વરરુચિ અપમાનિત થયો. મંત્રીએ મારું બધું બગાડ્યું

**२. त्रिणि वाराः श्रुतं पठितं एवं सप्तभिरपि, राज्ञा प्रत्ययितं, वररुचये दानं वारितं, पश्चात्स तान् दीनारान् रात्रौ गङ्गाजले यन्त्रे स्थापयति, तदा दिवसे स्तौति गङ्गां पश्चात्पादेनाहन्ति, गङ्गा ददातीत्येवं लोको भणति, कालान्तरेण राज्ञा श्रुतं, शकटालाय कथयति–तस्मै किल गङ्गा ददाति, शकटालो भणति–यदि मयि गते ददाति तर्हि ददाति, कल्ये व्रजावः, तेन प्रत्ययितः पुरुषो विसर्जितो, विकाले प्रच्छन्नं तिष्ठ यद्वररुचिः स्थापयति तदानयेः, गतेनानीता पोट्टलिका शकटालाय दत्ता, प्रत्यूषसि नन्दोऽपि गतः, प्रेक्षते स्तुवन्तं, स्तुत्वा मग्नः हस्ताभ्यां पादाभ्यां च यन्त्रं मार्गयति, नास्ति, विलक्षो जातः, तदा शकटालः पोट्टलिकां राज्ञे दर्शयति, अपमानितो गतः, पुनः छिद्राणि मार्गयति**

[३]सगडालस्स एएण सव्वं चेतियंति, अण्णया सिरीयस्स विवाहो, रण्णो आयोगो सज्जिज्जइ, वररुइणा तस्स दासी ओलग्गिया, तीए कहियं–रण्णो भत्तं सज्जिज्जइ आजोगो य, ताहे तेण चिंतियं–एयं छिड्डं, डिंभरूवाणि मोयगे दाऊण इमं पाढेइ–'रायनंदु नवि जाणइ जं सगडालो काहिइ । रायनंदं मारेत्ता तो सिरियं रज्जे ठवेहित्ति ॥१॥' ताइ पढंति, रायाए सुयं, गवेसामि, तं दिट्ठं, कुविओ राया, जओ जओ सगडालो पाएसु पडइ तओ तओ पराहुत्तो ठाइ, सगडालो घरं गओ, सिरिओ नंदस्स पडिहारो, तं भणइ–किमहं मरामि सव्वाणिवि मरंतु ? तुमं ममं रण्णो पायवडियं मारेहि, सो कन्ने ठएइ, सगडालो भणइ–अहं तालउडं विसं खामि, पायवडिओ य पमओ,

એમ વિચારી તે મંત્રીના દોષો શોધે છે. એવામાં એકવાર મંત્રીપુત્ર શ્રીયકનો વિવાહપ્રસંગ ઉપસ્થિત થયો. વિવાહનિમિત્તે રાજાને આપવા માટે સામગ્રી મંત્રી તૈયાર કરાવે છે. વરરુચિએ મંત્રીની દાસીને પોતાના હાથમાં લીધી. તેણીએ વરરુચિને સમાચાર આપ્યા કે – "મંત્રી રાજા માટે ભોજન અને રાજ્યયોગ્ય હથિયાર વિગેરે સામગ્રી તૈયાર કરાવે છે." ત્યારે વરરુચિએ વિચાર્યું કે – "આ છિદ્ર છે. (અર્થાત્ મંત્રીનો વિનાશ કરવા માટેનો આ યોગ્ય અવસર છે.) તેણે બાળકોને મોદક આપીને તેમની પાસે આ પ્રમાણે કહેવડાવે છે કે – "શકટાલમંત્રી જે કરે છે તે નંદરાજા જાણતો નથી. નંદરાજાને મારીને પોતાના પુત્ર શ્રીયકને રાજ્ય ઉપર સ્થાપશે. ॥૧॥" તે બાળકો એ પ્રમાણે બોલે છે.

રાજાએ આ સાંભળ્યું. 'તપાસ કરાવું' એમ વિચારી તપાસ કરાવી. સામગ્રીઓ તૈયાર થઈ રહી છે એ જાણ્યું. તેથી રાજા ગુસ્સે થયો. જેમ જેમ પગમાં પડીને શકટાલ પ્રણામ કરે છે, તેમ તેમ તે રાજા મંત્રીથી વિમુખ થાય છે. શકટાલ ઘરે ગયો. શ્રીયક નંદરાજાનો સેવક (=અંગરક્ષક) હતો. મંત્રીએ શ્રીયકને કહ્યું – "શું હું મરું ? કે બધા મરે ? (અર્થાત્ જો હું નહીં મરું તો રાજા આખા કુટુંબને મારી નાંખશે. એટલે) જ્યારે હું રાજાના પગમાં પડું ત્યારે તું મને મારી નાંખજે." પિતાના આ વચનો સાંભળતાની સાથે શ્રીયક પોતાના કર્ણોને બંધ કરી દે છે.

શકટાલ કહે છે કે "હું પગમાં પડીશ તે પહેલાં જ તાલપુટ વિષનું ભક્ષણ કરીશ, જેથી પગમાં પડતા જ હું મૃત્યુ પામીશ. ત્યાર પછી તું પગમાં પડેલા મને મારજે, (જેથી પિતૃહત્યાનું પાપ તને લાગશે નહીં.) શ્રીયકે વાત સ્વીકારી. શ્રીયકે પગમાં પડેલા પિતાને માર્યા. આ જોઈને

३. शकटालस्य एतेन सर्वं चेतितमिति, अन्यदा श्रीयकस्य विवाहः, राज्ञो नियोगः सज्ज्यते, वररुचिना तस्य दासी अवलगिता, तथा कथितं–राज्ञो भक्तं सज्ज्यते आयोगश्च, तदा तेन चिन्तितं–एतत् छिद्रं, डिम्भान् मोदकान् दत्त्वैतत् पाठयति–'नन्दो राजा नैव जानाति यत् शकटालः करिष्यति । नन्दराजं मारयित्वा ततः श्रीयकं राज्ये स्थापयिष्यती'ति, ते पठन्ति, राज्ञा श्रुतं, गवेषयामि, तद्दृष्टं, कुपितो राजा, यतो यतः शकटालः पादयोः पतति ततस्ततः पराङ्मुखस्तिष्ठति, शकटालो गृहं गतः, श्रीयको नन्दस्य प्रतीहारः, तं भणति–किमहं म्रिये सर्वेऽपि म्रियन्तां ?, त्वं मां राज्ञः पदोः पतितं मारय, स कर्णौ स्थगयति, शकटालो भणति–अहं तालपुटं विषं खादामि, पादपतितः प्रमृतः,

[४]तुमं ममं पायवडियं मारेहिसि, तेण पडिस्सुयं, ताहे मारिओ, राया उट्ठिओ, हाहा अकज्जं !, सिरियत्ति, भणइ–तो तुज्झ पावो सो अम्हवि पावोत्ति, सक्कारिओ सिरियओ, भणिओ–कुमारामच्चत्तणं पडिवज्जसु, सो भणइ–ममं जेट्ठो भाया थूलभद्दो बारसमं वरिसं गणियाघरं पविट्ठस्स, सो सद्दाविओ भणइ–चिंतेमि, सो भणइ–असोगवणियाए चिंतेहि, सो तत्थ अइयओ चिंतेइ–केरिसया भोगा रज्जवक्खित्ताणं ?, पुणरवि णरयं जाइयव्वं होहितित्ति, एते णामेरिसया भोगा तओ पंचमुट्ठियं लोयं काऊण पाउयं कंबलरयणं छिंदित्ता रयहरणं करेत्ता रण्णो पासमागओ धम्मेण वड्ढाहि एवं चिंतियं, राया भणइ–सुचिंतियं, निग्गओ, राया भणइ–पेच्छह कवडत्तणेण गणियाघरं पविसइ न वत्ति, आगासतले गओ पेच्छइ, जहा मतकडेवरस्स जणो अवसरइ मुहाणि य ठएइ,

રાજા તરત ઊભો થયો અને કહ્યું – "હા–હા શ્રીયક ! તે આ અકાર્ય કર્યું." શ્રીયકે કહ્યું – "તમારી માટે જે પાપી છે તે અમારી માટે પણ પાપી છે." નંદરાજાએ શ્રીયકને સત્કાર્યો અને કહ્યું – "મંત્રીપદનો તું સ્વીકાર કર." તેણે કહ્યું – "મારે સ્થૂલભદ્રનામે મોટો ભાઈ છે જે બાર વરસથી ગણિકાના ઘરે છે." રાજાએ તેને બોલાવીને મંત્રીપદ સ્વીકારવા કહેતા સ્થૂલભદ્રે કહ્યું – "હું વિચારીને કહું." રાજાએ કહ્યું – "અશોકવનમાં બેસીને વિચાર કરી લો."

અશોકવનમાં ગયેલો તે વિચારે છે કે – "રાજ્યસંબંધીકાર્યમાં વ્યસ્તને વળી ભોગો કેવા ? (અર્થાત્ ભોગો ભોગવવાનો સમય જ ક્યાં મળે ? વળી કદાચ સમય મળે તે દરમિયાન પણ મનમાં સતત રાજ્ય ચિંતા વિગેરેને કારણે મન સતત ઉદ્વિગ્ન રહે.) તથા ભોગોથી નરકમાં જવું પડશે, (અર્થાત્ ભોગસુખમાં મગ્ન એવા મારી નરક થશે.) આમ, આ ભોગો નરક વિગેરે દુર્ગતિને આપનારા છે." એમ વિચારી સ્થૂલભદ્રે પંચમુષ્ટિ લોચ કર્યો. પોતે પહેરેલી કાંબળીને ફાડીને તેમાંથી રજોહરણ બનાવીને રાજા પાસે આવીને તેણે કહ્યું–"હે રાજન્ ! ધર્મલાભ, મેં આ પ્રમાણે વિચાર્યું છે (અર્થાત્ મેં સાધુપણું લીધું છે.)" રાજાએ કહ્યું–"બહું સારું વિચાર્યું છે." સ્થૂલભદ્ર નીકળી ગયો. રાજાએ માણસોને કહ્યું – "જઈને જુઓ કે કપટ કરીને આ વેશ્યાના ઘરે જાય છે કે નહીં ?"

પોતે રાજા અગાસી ઉપર જઈને જુએ છે કે લોકો મૃતકલેવરથી દૂર થઈને પસાર થાય છે અને પોતાનું મોં ઢાંકી દે છે. જ્યારે તે ભગવાન સ્થૂલભદ્ર મોં ઢાંક્યા વગર બાજુમાંથી પસાર

४. त्वं मां पादपतितं मारयेः, तेन प्रतिश्रुतं, तदा मारितः, राजोत्थितः-हा हा अकार्यं श्रीयक इति, भणति यस्तव पापः सोऽस्माकमपि पाप इति, सत्कृतः श्रीयकः, भणितः–कुमारामात्यत्वं प्रतिपद्यस्व, स भणति–मम ज्येष्ठो भ्राता स्थूलभद्रः द्वादशं वर्षं गणिकागृहं प्रविष्टस्य, स शब्दितो भणति–चिन्तयामि, स भणति–अशोकवनिकायां चिन्तय, स तत्रातिगतश्चिन्तयति कीदृशा भोगा राज्यव्याक्षिप्तानां ? पुनरपि नरकं यातव्यं भविष्यतीति, एते नामेदृशा भोगास्ततः पञ्चमुष्टिकं लोचं कृत्वा पावृतां कम्बलरत्नं छित्त्वा रजोहरणं कृत्वा राज्ञः पार्श्वमागत्य धर्मेण वर्धस्वैवं चिन्तितं, राजा भणति–सुचिन्तितं, निर्गतो, राजा भणति–पश्यामि कपटेन गणिकागृहं प्रविशति नवेति, आकाशतले गतः प्रेक्षते, यथा मृतकलेवरात् जनोऽपसरति मुखानि च स्थगयति

**सो भगवं तहेव जाइ, राया भणइ–निव्विण्णकामभोगो भगवंति, सिरिओ ठविओ, सो संभूयविजयस्स पासे पव्वइओ, सिरिओवि किर भाईनेहेण कोसाए गणियाए घरं अल्लियइ, सा य अणुरत्ता थूलभद्दे अण्णं मणुस्सं नेच्छइ, तीसे कोसाए डहरिया भगिणी उवकोसा, तीए सह वररुई चिट्ठइ, सो सिरिओ तस्स छिद्दाणि परिमग्गइ, सा भाउज्जायाए मूले भणइ–एयस्स निमित्तेण अम्हे पितिमरणं भाइविओगं च पत्ता, तुज्झ विओओ जाओ, एयं सुरं पाएहि, तीए भगिणी भणिया–तुमं मत्तिया एस अमत्तओ जं वा तं वा भणिहिसि, एयंपि पाएहि, सा पपाइया, सो नेच्छइ, सा भणइ-अलाहि ममं तुमे, ताहे सो तीए अविओगं मग्गंतो चंदप्पभं सुरं पियइ, लोगो जाणइ खीरंति, कोसाए सिरियस्स कहियं; राया सिरियं भणइ–एरिसो मम हिओ तव पियाऽऽसी, सिरिओ भणइ–सच्चं सामि ! एएण मत्तवालएण एयं अम्ह कयं, राया भणइ–किं मज्जं**

થાય છે. તેથી નક્કી તે ભગવાન કામભોગોથી વિરક્ત થયા છે. શ્રીયકને મંત્રીપદે સ્થાપ્યો. સ્થૂલભદ્રે સંભૂતિવિજય પાસે વિધિપૂર્વક દીક્ષા લીધી. શ્રીયક ભાઈ પ્રત્યેના સ્નેહને કારણે કોશાવેશ્યાના ઘરે જાય છે. પરંતુ તે સ્થૂલભદ્રમાં રાગી થયેલી બીજા કોઈ અન્ય પુરુષને ઇચ્છતી નથી. તે કોશાવેશ્યાને ઉપકોશાનામે નાની બહેન હતી. તેની સાથે વરરુચિ રહે છે. તે શ્રીયક વરરુચિના અપરાધોને શોધે છે, (અર્થાત્ તેને મારવા માટેની તક શોધે છે.) તે શ્રીયકે કોશાવેશ્યાને કહ્યું – "આ વરરુચિના કારણે અમે પિતૃમરણ અને ભાઈના વિયોગને પામ્યા છીએ તથા તને પ્રિયનો વિયોગ પણ આના કારણે જ થયો છે. તેથી તું (તારી બહેનદ્વારા) એને દારુ પીવડાવ.

કોશાએ પોતાની બહેનને કહ્યું–"તું દારુ પીનારી છે, આ વરરુચિ દારુ પીતો નથી. તેથી ગમે તે રીતે તું એને કહે અને એને પણ દારુ પીવડાવ." ઉપકોશાએ દારુ પીવડાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ વરરુચિ દારુ પીવા ઇચ્છતો નથી. તેથી ઉપકોશાએ કહ્યું–"(જો તારે દારુ પીવો ન હોય તો) તારી મને જરૂર નથી." ત્યારે તેની સાથેના વિયોગને નહીં ઇચ્છતો તે વરરુચિ ચન્દ્રપ્રભાનામનો દારુ (જે દેખાવમાં સફેદ હોવો જોઈએ. તે) પીએ છે. જેથી લોકો એમ વિચારે છે કે આ ખીર પીએ છે. આ વાત કોશાએ શ્રીયકને કહી. એકવાર રાજા શ્રીયકને કહે છે–"તારા પિતા મારા હિતકર હતા." શ્રીયકે કહ્યું–"સ્વામિ ! તમારી વાત સાચી છે. પરંતુ આ દારુ પીનારા વરરુચિએ

૫. स भगवान् तथैव याति, राजा भणति–निर्विण्णकामभोगो भगवानिति, श्रीयकः स्थापितः, स संभूतिविजयस्य पार्श्वे प्रव्रजितः, श्रीयकोऽपि किल भ्रातृस्नेहेन कोशाया गृहमाश्रयति, सा चानुरक्ता स्थूलभद्रेऽन्यं मनुष्यं नेच्छति, तस्याः कोशाया लघ्वी भगिन्युपकोशा, तया सह वररुचिस्तिष्ठति, स श्रीयकस्तस्य छिद्राणि परिमार्गयति, स भ्रातृजायाया मूले भणति–एतस्य निमित्तेन वयं पितृमरणं भ्रातृवियोगं च प्राप्ताः, तव वियोगो जातः, एनं सुरां पायय, तया भगिनी भणिता–त्वं मत्ता एषोऽमत्तो यद्वा तद्वा भणिष्यसि, एनमपि पायय, सा प्रपायिता, स नेच्छति, सा भणति–अलं मम त्वया, तदा स तस्या अवियोगं मृगयमाणश्चन्द्रप्रभां सुरां पिबति, लोको जानाति–क्षीरमिति, कोशया श्रीयकाय कथितं, राजा श्रीयकं भणति–ईदृशो मम हितस्तव पिताऽऽसीत्, श्रीयको भणति–सत्यं स्वामिन् ! एतेन पुनर्मद्यपायिना एतदस्माकं कृतं, राजा भणति–किं मद्यं

पियइ[६] ?, पियइ, कहं ?, तो पेच्छह, सो राउलं गओ, तेणुप्पलं भावियं मणुस्सहत्थे दिण्णं, एयं वररुइस्स दिज्जाहि, इमाणि अण्णेसिं, सो अत्थाणीए पहाइओ, तं वररुइस्स दिन्नं, तेणुस्सिंघियं, भिंगारेण आगयं निच्छूढं, चाउव्वेज्जेण पायच्छित्तं से तत्तं तउयं पज्जाविओ, मओ । थूलभद्दसामीवि संभूयविजयाणं सगासे घोराकारं तवं करेइ, विहरंतो पाडलिपुत्तमागओ, तिण्णि अणगारा अभिग्गहं गिण्हंति–एगो सीहगुहाए, तं पेच्छंतो सीहो उवसंतो, अण्णो सप्पवसहीए, सोवि दिट्ठीविसो उवसंतो, अण्णो कूवफलए, थूलभद्दो कोसाए घरे, सा तुट्ठा परीसहपराइओ आगओत्ति, भणइ–किं करेमि ?, उज्जाणघरे ठायं देहि, दिण्णो, रत्तिं सव्वालंकारविभूसिया आगया, चाडुयं पकया, सो मंदरो इव निक्कंपो न सक्कए खोहेउं, ताहे धम्मं पसुता, साविया जाया,

અમારા પિતાનું મરણ કરાવ્યું છે." રાજાએ પૂછ્યું–"શું તે દારુ પીએ છે ?" શ્રીયકે કહ્યું–"હા, પીએ છે." "કેવી રીતે ?" શ્રીયકે કહ્યું– જુઓ, (હું તમને બતાવું.) તે રાજકુલમાં ગયો. ત્યાં જઈ (અમુક દ્રવ્યથી) ભાવિત કરેલું કમળ શ્રીયકે માણસના હાથમાં આપ્યું અને કહ્યું – "આ કમળ તારે વરરુચિને આપવું અને આ બધા કમળો બીજાને આપવા." તે માણસ સભામંડપમાં ગયો. તે ભાવિત કમળ વરરુચિને આપ્યું તેણે તે સૂંઘ્યું. એટલે જેવું સૂંઘ્યું કે તરત જ ઓડકારમાં આવેલ દારૂ થૂંક્યો, (અર્થાત્ ઊલ્ટી થઈ.) ચાતુર્વેદ્યે (= બ્રાહ્મણોના ધર્મગુરુએ) પ્રાયશ્ચિત્તરૂપે વરરુચિને તપાવેલું સીસુ પીવડાવ્યું. જેથી તે મૃત્યુ પામ્યો.

સ્થૂલભદ્રસ્વામી પણ સંભૂતિવિજય પાસે ઘોર તપ કરે છે. એ રીતે વિચરતા તેઓ પાટલિપુત્રમાં આવ્યા. ત્યાં ત્રણ સાધુઓ અભિગ્રહ ધારણ કરે છે. તેમાં એક સિંહગુફા પાસે ચોમાસુ કરે છે. કાયોત્સર્ગમાં ઊભેલા તે મહાત્માને જોઈને સિંહ ઉપશાંત થયો. બીજો સાધુ સર્પના બીલ પાસે ચોમાસુ કરે છે. તેના પ્રભાવે તે દૃષ્ટિવિષ સર્પ ઉપશાંત થાય છે. ત્રીજો સાધુ કૂવાના પાળ પાસે ચોમાસુ કરે છે. સ્થૂલભદ્ર કોશાના ઘરે ચોમાસુ કરે છે. પોતાને ત્યાં આવેલા સ્થૂલભદ્રને જોઈને કોશા ખુશ થાય છે. અને વિચારે છે – "જોયું, પરિષહોથી હારેલો આવ્યો ને ?" કોશાએ પૂછ્યું – "બોલો આપની માટે હું શું કરું ?" સ્થૂલભદ્રજીએ કહ્યું – "ઉદ્યાનમાં રહેલા ઘરમાં મને રહેવા સ્થાન આપ." સ્થાન આપ્યું. રાત્રિના સમયે સર્વ અલંકારોથી વિભૂષિત થયેલી કોશા ત્યાં આવી. કામકટાક્ષો વિગેરે કર્યા. પરંતુ મેરુપર્વત જેવા નિષ્પ્રકંપ સ્થૂલભદ્રને ક્ષોભિત કરવા સમર્થ ન બની. અંતે તેણીએ

६. पिबति ?, पिबति, कथं ?, तर्हि प्रेक्षध्वं, स राजकुलं गतः, तेनोत्पलं भावितं मनुष्यहस्ते दत्तं, एतत् वररुचये दद्याः, इमान्यन्येभ्यः, स आस्थान्यां प्रधावितः, तत् वररुचये दत्तं, तेनाघ्रातं भृङ्गारेणागतं निष्ठ्यूतं, चातुर्वैद्येन प्रायश्चित्ते स तप्तं त्रपुः पायितः, मृतः । स्थूलभद्रस्वाम्यपि संभूतिविजयानां सकाशे घोराकारं तपः करोति, विहरन् पाटलिपुत्रमागतः, त्रयोऽनगारा अभिग्रहं गृह्णन्ति–एकः सिंहगुहायां, तं प्रेक्षमाणः सिंह उपशान्तः, अन्यः सर्पवसतौ, सोऽपि दृष्टिविष उपशान्तः, अन्यः कूपफलके, स्थूलभद्रः कोशाया गृहे, सा तुष्टा परीषहपराजित आगत इति, भणति–किं करोमि ?, उद्यानगृहे स्थानं देहि, दत्तं रात्रौ सर्वालङ्कारविभूषिता आगता, चाटु प्रकृता, स मेरुरिव निष्प्रकम्पो न शक्यते क्षोभयितुं, तदा धर्मं प्रश्रुता श्राविका जाता,

[७]भणइ–जइ रायावसेणं अण्णेण समं वसेज्जा इयरहा बंभचारिणियवयं सा गिण्हइ, ताहे सीहगुहाओ आगओ चत्तारि मासे उववासं काऊण, आयरिएहि ईसित्ति अब्भुट्ठिओ, भणियं–सागयं दुक्करकारगस्सत्ति, एवं सप्पइत्तो कूवफलइत्तोवि, थूलभद्दसामीवि तत्थेव गणियाघरे भिक्खं गेण्हइ, सोवि चउमासेसु पुण्णेसु आगओ, आयरिया संभमेण अब्भुट्ठिया, भणियं-सागयं ते अइदुक्कर २ कारगस्सत्ति ?, ते भणंति तिण्णिवि–पेच्छह आयरिया रागं वहंति अमच्चपुत्तोत्ति, बितिये वरिसारत्ते सीहगुहाखमगो गणियाघरं वच्चामित्ति अभिग्गहं गेण्हइ, आयरिया उवउत्ता, वारिओ, अपडिसुणेंतो गओ, वसही मग्गिया, दिन्ना, सा सभावेणं उरालियसरीरा विभूसिया अविभूसिया वा, धम्मं सुणेइ, तीसे सरीरे सो अज्झोववन्नो, ओभासइ, सा नेच्छइ, भणइ–जइ किंचि नवरि

ધર્મ સાંભળ્યો. તે શ્રાવિકા બની. તેણીએ કહ્યું – "રાજાના આદેશથી બીજા પુરુષ સાથે મારે રહેવું પડે." તે સિવાય બ્રહ્મચર્યનું વ્રત તે ગ્રહણ કરે છે. આ બાજુ સિંહગુફા પાસે ચાર મહિનાના ઉપવાસ કરીને એક સાધુ આવ્યો. તેના સન્માન માટે ગુરુ કંઈક ઊભા થયા અને કહ્યું – "દુષ્કર કરનારાનું સ્વાગત છે." એ જ પ્રમાણે સર્પના બીલ પાસે રહેલ સાધુ અને કૂવાની પાળ પાસે રહેલ સાધુઓનું પણ ગુરુએ યોગ્ય સન્માન કર્યું.

સ્થૂલભદ્રસ્વામી ત્યાં જ ગણિકાના ઘરે ચારે મહિના ભિક્ષા ગ્રહણ કરે છે. આ રીતે ચાર મહિના પૂર્ણ થતાં તે પણ આવ્યા. આચાર્ય આદરપૂર્વક ઊભા થયા અને કહ્યું – "અતિદુષ્કર – અતિદુષ્કર કરનારા એવા તારું સ્વાગત છે." તે ત્રણ સાધુઓ કહે છે કે – "જુઓ, મંત્રીપુત્ર હોવાથી ગુરુ એની ઉપર વધારે રાગ=સ્નેહ ધારણ કરે છે. બીજું ચોમાસુ આવતા સિંહગુફા પાસે રહેનાર ક્ષપક "વેશ્યાઘરે હું જઈશ" એ પ્રમાણે અભિગ્રહ ધારણ કરે છે. ત્યારે આચાર્યે ઉપયોગ મૂક્યો. (અર્થાત્ પોતાના જ્ઞાનમાં જોયું કે આ ક્ષપક આરાધક થશે કે વિરાધક થશે ? પરંતુ વિરાધક થશે એવું જાણીને) ગુરુએ તેને ત્યાં જવા નિષેધ કર્યો. ગુરુવચનને નહીં સાંભળતો તે ત્યાં ગયો.

વેશ્યાગૃહમાં ઉતરવા માટેના સ્થાનની યાચના કરી. સ્થાન આપ્યું.આ વેશ્યા વિભૂષા કરે કે ન કરે છતાં સ્વભાવથી જ સુંદર રૂપવાળી હતી. એવી તે વેશ્યા સાધુ પાસે ધર્મ સાંભળે છે. પરંતુ તે સાધુ વેશ્યાના શરીરમાં=રૂપમાં આસક્ત થયો. ભોગોની યાચના કરે છે. ગણિકા ઇચ્છતિ

७. भणति–यदि राजवशेनान्येन समं वसामि इतरथा ब्रह्मचारिणीव्रतं सा गृह्णति, तदा सिंहगुहाया आगतश्चतुरो मासानुपवासं कृत्वा, आचार्यैरीषदिति अभ्युत्थितः, भणितं–स्वागतं दुष्करकारकस्येति ?, एवं सर्पबिलसत्कः कूपफलकसत्कोऽपि, स्थूलभद्रोऽपि स्वामी तत्रैव गणिकागृहे भिक्षां गृह्णाति, सोऽपि चतुर्मास्यां पूर्णायामागतः, आचार्याः संभ्रमेणोत्थिताः, भणितं–स्वागतं तेऽतिदुष्करदुष्करकारकस्येति ?, ते भणन्ति त्रयोऽपि–पश्यत आचार्या रागं वहन्ति अमात्यपुत्र इति, द्वितीये वर्षारात्रे सिंहगुहाक्षपको गणिकागृहं व्रजामीति अभिग्रहं गृह्णाति, आचार्या उपयुक्ताः, वारितोऽप्रतिशृण्वन् गतः, वसतिर्मार्गिता, दत्ता, सा स्वभावेणोदारशरीरा विभूषिता अविभूषिता वा, धर्मं शृणोति, तस्याः शरीरं सोऽध्युपपन्नः, याचते, सा नेच्छति, भणति–यदि किंचिन्नवरं

**देसि, किं देमि ?, सयसहस्सं, सो मग्गिउमारद्धो नेपालविसए सावगो राया, जो तहिं जाइ तस्स सयसहस्समोल्लं कंबलं देइ, तो तहिं गओ, दिन्नो रायाणएण, एइ, एगत्थ चोरेहिं पंथो बद्धो, सउणो वासइ–सयसहस्सं एइ, सो चोरसेणावई जाणइ, नवरं एज्जंतं संजयं पेच्छइ, वोलीणो, पुणो वासइ–सयसहस्सं गयं, तेण सेणावइणा गंतूण पलोइओ, भणइ–अत्थि कंबलो गणियाए नेमि, मुक्को, गओ, तीसे दिन्नो, ताए चंदणियाए छूढो, सो वारेइ–मा विणासेहि, सा भणइ–तुमं एयं सोयसि अप्पयं न सोयसि, तुमंपि एरिसो चेव होहिसि, उवसामिओ लद्धबुद्धी, इच्छामित्ति मिच्छा मि दुक्कडं, गओ, पुणोवि आलोएत्ता विहरइ, आयरिएण भणियं–एवं अइदुक्कर-**

નથી. છતાં કહે છે કે – "જો કંઈ આપે (તો વિચારું)." સાધુએ પૂછ્યું – "શું આપું ?" "લાખ રૂપિયા આપ." તે લાખ રૂપિયા શોધવા લાગ્યો. નેપાળદેશમાં રાજા શ્રાવક હતો. જે (સાધુ પ્રથમવાર) ત્યાં જાય તેને તે રાજા લાખરૂપિયાના મૂલ્યવાળું કંબળ આપે છે. તે સાધુ ત્યાં ગયો. રાજાએ કંબળ આપ્યું. લઈને તે પાછો આવે છે. એક સ્થાને ચોરો રસ્તો રોકીને બેઠા હતા. તેવામાં પક્ષીએ અવાજ કર્યો કે "લાખ આવે છે." પક્ષીની ભાષા ચોરનો સેનાપતિ જાણે છે. પરંતુ સામેથી સાધુને આવતા જુએ છે. (તેથી વિચારે છે કે સાધુ પાસે પૈસા ક્યાંથી આવે ? પક્ષી નકામો અવાજ કરે છે. એમ વિચારી) તે પાછો ફર્યો. પક્ષીએ ફરી અવાજ કર્યો – "લાખ ગયો." તે સેનાપતિએ જઈને સાધુ પાસે તપાસ કરી.

સાધુએ કહ્યું – "લાખરૂપિયાની કાંબળી છે જે ગણિકા માટે લઈ જવું છું." દયા આવતા સેનાપતિએ સાધુને છોડી મૂક્યો. ત્યાંથી તે નીકળ્યો. આવીને ગણિકાને કંબળ આપે છે. ગણિકા તે કંબળને અશુચિસ્થાનમાં (ગટરમાં) નાખવા જાય છે. તે જોઈને સાધુ અટકાવે છે – "અરે ! તું કંબળનો નાશ કર નહીં." તેણીએ કહ્યું – "તું કંબળ માટે શોક કરે છે, પરંતુ પોતાના આત્મા માટે શોક કરતો નથી. તું પણ આ કંબળની જેમ નાશ પામીશ (અર્થાત્ જેમ આ કંબળ અશુચિસ્થાનમાં પડેલું નાશ પામે છે તેમ તું પણ દુર્ગતિમાં પડીને નાશ પામીશ.) સદ્બુદ્ધિ પ્રાપ્ત થતાં તે (ભોગેચ્છાથી) વિરામ પામ્યો. (તમારી હિતશિક્ષા) હું ઇચ્છું છું એમ કહી મિચ્છા મિ દુક્કડં આપ્યું. ત્યાર પછી તે ગુરુ પાસે ગયો. બધી આલોચના કરીને ફરી સંયમમાં સ્થિર થયો.

આચાર્યે સાધુને કહ્યું – "આ પ્રમાણે તે સ્થૂલભદ્ર અતિદુષ્કર–દુષ્કર કરનારો છે. પૂર્વપરિચિત

---

८. ददासि, किं ददामि ?, शतसहस्रं, स मार्गितुमारब्धः, नेपालविषये श्रावको राजा, यस्तत्र याति तस्मै शतसहस्रमूल्यं कम्बलं ददाति, स तत्र गतः, दत्तो राज्ञा, आयाति, एकत्र चौरैः स्थानं बद्धं, शकुनो रटति–शतसहस्रमायाति, स चौरसेनापतिर्जानाति, नवरमायान्तं संयतं पश्यति, पश्चाद्गतः, पुना रटति–शतसहस्रं गतं, तेन सेनापतिना गत्वा प्रलोकितः, भणति–अस्ति कम्बलो गणिकायै नयामि, मुक्तो, गतः, तस्यै दत्तः, तया वर्चोगृहे क्षिप्तः, स वारयति–मा विनाशय, सा भणति–त्वमेनं शोचसे आत्मानं न शोचसे, त्वमपीदृशो भविष्यसि चैव, उपशान्तः, लब्धबुद्धिः, इच्छामीति मिथ्या दुष्कृतमिति, गतः, पुनरपि आलोच्य विहरति, आचार्येण भणितं–एवमतिदुष्कर

[१]दुक्करकारगो थूलभद्दो, पुव्वपरिचिया असाविया य थूलभद्देण अहियासिया य, इयाणिं सड्ढी तुमे अदिट्ठदोसा पत्थियत्ति उवालद्धो, एवं ते विहरंति, एवं सा गणिया रहियस्स दिण्णा नंदेण, थूलभद्दसामिणो अभिक्खणं २ गुणगहणं करेइ, न तहा उवचरइ, सो तीए अप्पणो विण्णाणं दरिसिउकामो असोगवणियं नेइ, भूमीगएण अंबगपिंडी पाडिया, कंडपुंखे अण्णोण्णं लायंतेण हत्थब्भासं आणेत्ता अद्धचंदेण छिन्ना गहिया, तहवि न तूसइ, भणइ–किं सिक्खियस्स दुक्करं ?, सा भणइ–पेच्छ ममंति, सिद्धत्थगरासिंमि नच्चिया सूईणं अग्गयंमि य, सो आउट्टो, सा भणइ– 'न दुक्करं तोडिय अंबलुंबिया न दुक्करं नच्चिउ सिक्खियाए। तं दुक्करं तं च महाणुभावं, जं सो मुणी पमयवणंमि वुच्छो ॥१॥ तीए सोवि सावओ कओ। तंमि य काले बारस

અશ્રાવિકા એવી પણ તે ગણિકાને સ્થૂલભદ્રે સહન કરી અને હવે તે શ્રાવિકા બની ગઈ છે. જ્યારે તમે દોષો જોયા વિના જ કોશા પાસે માંગણી કરી." આ પ્રમાણે આચાર્યે સાધુને ઠપકો આપ્યો. પાછળથી સારી રીતે પ્રાયશ્ચિત્ત કરીને વિચરે છે. નંદરાજાએ એક દિવસ એક રથિકને કોશાવેશ્યા પાસે મોકલ્યો. રથિક સામે કોશા વારંવાર સ્થૂલભદ્રના ગુણોની સ્તુતિ કરે છે. પરંતુ રથિકની ભક્તિ કરતી નથી. તેથી તે રથિક પોતાની કળા બતાવવાની ઇચ્છાથી વેશ્યાને અશોકવનમાં લઈ જાય છે. ભૂમિ ઉપર રહીને જ તેણે પોતાની કળાથી આંબાના સમૂહને નીચે પાડ્યો. (તે આ પ્રમાણે-) બાણની પાછળ બીજા બાણને લગાવવાદ્વારા તે બાણોની પંરપરાને પોતાના હાથ પાસે લાવીને અર્ધચન્દ્રાકારવાળા બાણવડે આંબાના સમૂહને છેદીને ગ્રહણ કર્યો. આ જોઈને પણ વેશ્યા ખુશ ન થઈ. તેણીએ કહ્યું – "વારંવાર અભ્યાસ કરનારને વળી શું દુષ્કર હોય ? હવે તું મારી કળા જો." સરસવના ઢગલા ઉપર સોય રાખી અને તેના અગ્રભાગ ઉપર તેણીએ નૃત્ય કર્યું. આ જોઈને તે આકર્ષાયો. ત્યારે કોશાએ કહ્યું – "આંબાના સમૂહને તોડવો દુષ્કર નથી કે અભ્યાસ કરનારીને નૃત્ય કરવું દુષ્કર નથી. પરંતુ તે દુષ્કર છે અને તે મહાપ્રભાવયુક્ત છે કે જે તે મુનિ સ્ત્રીવનમાં રહ્યો. ॥૧॥" કોશાએ તે રથિકને શ્રાવક બનાવ્યો.

તે સમયે બાર વર્ષનો દુષ્કાળ ઉત્પન્ન થયો. ત્યારે સર્વ સાધુ વિગેરે સમુદ્રકિનારે રહેલા

१. दुष्करकारकः स्थूलभद्रः पूर्वपरिचिता अश्राविका च स्थूलभद्रेण अध्यासिता च, इदानी श्राद्धी त्वयाऽदृष्टदोषा प्रार्थितेति उपालब्धः, एवं ते विहरन्ति, एवं सा गणिका रथिकाय दत्ता नन्देन, स्थूलभद्रस्वामिनोऽभीक्ष्णं२ गुणग्रहणं करोति, न तथोपचरति स तस्यात्मनो विज्ञानं दर्शयितुकामोऽशोकवनिकां नयति, भूमिगतेनाम्रपिण्डी पातिता, बाणपृष्ठेऽन्योऽन्यं लाता हस्तेनानीयार्धचन्द्रेण छित्त्वा गृहीता, तथापि न तुष्यति, भणति–किं शिक्षितस्य दुष्करं ?, सा भणति–पश्य ममेति, सिद्धार्थकराशौ नर्त्तिता सूचीनां चाग्रे, स आवर्जितः, सा भणति–न दुष्करं त्रोटितायामाम्रपिण्डयां न दुष्करं सर्षपनर्त्तने (शिक्षितायाः)। तद्दुष्करं तच्च महानुभावं यत्स मुनिः प्रमदावने उषितः ॥१॥ तया सोऽपि श्रावकः कृतः। तस्मिंश्च काले द्वादश

[१०]वरिसिओ दुक्कालो जाओ, संजयाइओ तओ समुद्दतीरे अच्छित्ता पुणरवि पाडलिपुत्ते मिलिया, तेसिं अण्णस्स उद्देसो अण्णस्स खंडं एवं संघातंतेहिं एक्कारस अंगाणि संघाइयाणि, दिट्ठिवाओ नत्थि, नेपालवत्तिणीए य भद्दबाहू अच्छंति चोद्दसपुव्वी, तेसिं संघेण संघाडओ पट्ठविओ दिट्ठिवायं वाएहित्ति, गंतूण निवेइयं संघकज्जं, ते भणंति—दुक्कालनिमित्तं महापाणं न पविट्ठोमि, इयाणिं पविट्ठो, तो ण जाइ वायणं दाउं, पडिणियत्तेहिं संघस्स अक्खायं, तेहिं अन्नो सिंघाडओ विसज्जिओ, जो संघस्स आणं अइक्कमइ तस्स को दंडो ?, ते गया, कहियं, भणइ—ओघाडिज्जइ, ते भणंति, मा उग्घाडेह पेसेह मेहावी सत्त पडिपुच्छगाओ देमि, भिक्खायरियाए आगओ १ कालवेलाए २ सण्णाए आगओ ३ वेयालियाए ४ आवस्सए तिण्णि ७, महापाणं किर जया

---

પ્રદેશોમાં રોકાવા જતાં રહ્યાં. બારવર્ષ પછી ફરી બધા પાટલીપુત્રમાં ભેગા થયા. તેમાં કોઈક સાધુને ઉદ્દેશ યાદ રહ્યા, કોઈકને અમુક વિભાગ યાદ રહ્યો. એમ બધા પાસે જેને જે ઉપસ્થિત હતું તે બધું ભેગું કરતા અગિયાર અંગ ભેગા થઈ ગયા. પરંતુ કોઈ પાસે દૃષ્ટિવાદ નહોતું. નેપાલ જવાના માર્ગમાં ચૌદપૂર્વી ભદ્રબાહુસ્વામી હતા. તેમની પાસે સંઘે 'અમને દૃષ્ટિવાદ ભણાવો' એવી વિનંતી માટે એક સંઘાટક=સાધુયુગલને મોકલ્યો. તે સંઘાટકે સંઘકાર્યનું નિવેદન કર્યું. ભદ્રબાહુસ્વામીએ કહ્યું – "દુષ્કાળ હોવાથી તે સમયે મેં મહાપ્રાણધ્યાન શરૂ કર્યું નહોતું. હવે મેં તે ધ્યાન શરૂ કર્યું છે. તેથી વાચના આપવા હું સમર્થ નથી.

પાછા ફરેલા સંઘાટકે સંઘને સમાચાર આપ્યા. સંઘે ફરી બીજો સંઘાટક મોકલ્યો અને કહેવડાવ્યું કે – "જે સંઘની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તેને કયો દંડ આવે ?" સંઘાટકસાધુઓ ત્યાં ગયા. વાત કરી. તેથી ભદ્રબાહુસ્વામીએ કહ્યું – "તેને સંઘબાહ્ય કરવામાં આવે છે." (ભદ્રબાહુસ્વામીને ખ્યાલ આવી ગયો કે પોતે જ સંઘ–આજ્ઞાનું ઉલ્લંઘન કરી રહ્યા છે. તેથી) તેઓએ કહ્યું – "મને સંઘબાહ્ય કરશો નહીં, તમે મેધાવી સાધુઓને મોકલો હું રોજ તેઓને સાત પ્રતિપૃચ્છાઓને (= વાચનાઓને) આપીશ. (૧) ભિક્ષાચર્યાથી આવે ત્યારે, (૨) બીજી કાલવેલાએ (= મધ્યાહ્નવેળાએ), (૩) સંજ્ઞાભૂમિથી આવ્યા બાદ, (૪) સાંજના સમયે, (૫–૬–૭) બાકીની ત્રણ સાંજના પ્રતિક્રમણ પછી. (મહાપ્રાણધ્યાન કેવું છે ? તે જણાવે છે–) મહાપ્રાણધ્યાન જ્યારે સિદ્ધ થાય ત્યારે જો કોઈ કાર્ય

---

१०. वार्षिको दुष्कालो जातः, संयतादिकाः ततः समुद्रतीरे स्थित्वा पुनरपि पाटलिपुत्रे मिलिताः, तेषामन्यस्योद्देशोऽन्यस्य खण्डमेवं संघातयद्भिरेकादशाङ्गानि संघातितानि, दृष्टिवादो नास्ति, नेपालदेशे च भद्रबाहवस्तिष्ठन्ति चतुर्दशपूर्वधराः, तेषां सङ्घेन संघाटकः प्रेषितो दृष्टिवादं वाचयेति, गत्वा निवेदितं संघकार्यं, ते भणन्ति—दुष्कालनिमित्तं महाप्राणं न प्रविष्टोऽस्मि, इदानीं प्रविष्टस्ततो न वाचनां दातुं समर्थः, प्रतिनिवृत्तैः संघायाख्यातं, तैरन्यः संघाटको विसृष्टः, यः संघस्याज्ञामतिक्राम्यति तस्य को दण्डः ?, ते गताः, कथितं, भणति—उद्घाट्यते, ते भणन्ति, मा उज्जीघटः, प्रेषयत मेधाविनः सप्त प्रतिपृच्छा ददामि, भिक्षाचर्याया आगतः कालवेलायां संज्ञाया आगतो विकाले आवश्यके कृते तिस्रः, महाप्राणं किल यदा

[११] अइयओ होइ तया उप्पण्णे कज्जे अंतोमुहुत्तेण चोद्दस पुव्वाणि अणुपेहइ, उक्कइओवक्कइयाणि करेइ, ताहे थूलभद्दप्पमुहाणं पंच मेहावीणं सयाणि गयाणि, ते य पढिता वायणं, मासेणं एगेणं दोहिं तिहिं सव्वे ऊसरिया न तरंति पडिपुच्छएण पढिउं, नवरं थूलभद्दसामी ठिओ, थेवावसेसे महापाणे पुच्छिओ–न हु किलंमसि ?, भणइ–न किलंमामि, खमाहि कंचि कालं तो दिवसं सव्वं वायणं देमि, पुच्छइ–किं पढियं कित्तियं वा सेसं ?, आयरिया भणंति–अट्ठासीति सुत्ताणि, सिद्धत्थगमंदरे उवमाणं भणिओ–एत्तो ऊणतरेणं कालेणं पढिहिसि मा विसायं वच्च, समत्ते महापाणे पढियाणि नव पुव्वाणि दसमं च दोहिं वत्थूहिं ऊणं, एयंमि अंतरे विहरंता गया पाडलिपुत्तं★, थूलभद्दस्स य ताओ सत्तवि भगिणीओ पव्वइयाओ, आयरिए भाउगं च वंदिउं

ઉત્પન્ન થાય તો અંતર્મુહૂર્તમાં ચૌદપૂર્વોની અનુપ્રેક્ષા (પરાવર્તન) કરી શકે છે. તથા પહેલેથી છેલ્લે સુધી, છેલ્લેથી પહેલે સુધી પરાવર્તન કરી શકે છે.

આ બાજુથી સ્થૂલભદ્ર વિગેરે પાંચસો સાધુઓ (ભણવા માટે) ગયા. તે બધાએ વાચના લેવાની ચાલુ કરી. પરંતુ એક મહિનો થયો, બીજો મહિનો થયો, ત્રીજો મહિનો થયો. [H] સતત વાચનાઓ વિના માત્ર સાત વાચનાઓથી ભણી ન શકાય એમ માનીને સ્થૂલભદ્ર વિના બીજા બધા સાધુઓ ત્યાંથી પાછા ફર્યા. માત્ર સ્થૂલભદ્રમુનિ એકલા રહ્યા. મહાપ્રાણધ્યાન જ્યારે થોડું બાકી હતું ત્યારે સ્થૂલભદ્રને ભદ્રબાહુસ્વામીએ પૂછ્યું – "થાક્યો નથીને ?" તેણે કહ્યું – "ના, થાક્યો નથી." ત્યારે ગુરુએ કહ્યું – "જો તું થોડો કાળ થોભે તો પછી આખો દિવસ હું વાચના આપીશ." સ્થૂલભદ્રે ગુરુને પૂછ્યું – "હું કેટલું ભણ્યો અથવા કેટલું બાકી છે ?" આચાર્યે કહ્યું – "અઠ્યાસી સૂત્રો (અહીં 'અઠ્યાસી' એ પૂર્વમાં કહેલા આલાવાઓની સંખ્યા હોય એવું લાગે છે.) તે ભણ્યા છે, અર્થાત્ સરસવ જેટલું ભણ્યો છે, મેરુ જેટલું બાકી છે. છતાં આના કરતા ઓછા સમયમાં તું ભણી લઈશ, વિષાદ કર નહીં."

મહાપ્રાણધ્યાન પૂર્ણ થયું ત્યાં સુધીમાં નવ પૂર્વો અને બે વસ્તુઓથી ન્યૂન એવા દશમા પૂર્વ જેટલું શ્રુત સ્થૂલભદ્રજીએ ભણી લીધું. તે સમયે તેઓ વિચરતા–વિચરતા પાટલિપુત્ર ગયા. સ્થૂલભદ્રની સાતે બહેનોએ દીક્ષા લીધી હતી. તે સાધ્વીજીઓ આચાર્ય અને ભાઈ મહારાજને વંદન

११. अतिगतो भवति तदोत्पन्ने कार्येऽन्तर्मुहूर्त्तेन चतुर्दश पूर्वाणि अनुप्रेक्ष्यते, उत्क्रमिकापक्रमिकानि करोति, तदा स्थूलभद्रप्रमुखाणां पञ्च मेधाविनां शतानि गतानि, ते च पाठिता वाचनां मासेनैकेन द्वाभ्यां त्रिभिः सर्वेऽपसृता न शक्नुवन्ति प्रतिपृच्छकेन ( विना ) पठितुं, नवरं स्थूलभद्रस्वामी स्थितः, स्तोकावशेषे महाप्राणे पृष्टः–नैव क्लाम्यसि ?, भणति–न क्लाम्यामि, प्रतीक्षस्व कञ्चित् कालं ततो दिवसं सर्वं वाचनां दास्यामि, पृच्छति–किं पठितं कियत् शेषं ?, आचार्या भणन्ति–अष्टाशीतिः सूत्राणि, सिद्धार्थकमन्दरे उपमानेन भणितः, इत ऊनतरेण कालेन पठिष्यसि मा विषादं व्राजीः, समाप्ते महाप्राणे पठितानि नव पूर्वाणि दशमं च द्वाभ्यां वस्तुभ्यामूनं, एतस्मिन्नन्तरे विहरन्तो गताः पाटलिपुत्रं, स्थूलभद्रस्य च ताः सप्तापि भगिन्यः प्रव्रजिताः, आचार्यान् भ्रातरं च वन्दितुं ★ '०पुत्तं महानयरं' – प्रत्य० ।

[१२]निग्गयाओ, उज्जाणे किर ठविएल्लगा आयरिया, वंदित्ता पुच्छंति–कहिं जेट्ठज्जो ?, एयाए देवउलियाए गुणेइत्ति, तेणं ताओ दिट्ठाओ, तेण चिंतियं–भगिणीणं इड्ढिं दरिसेमित्ति सीहरूवं विउव्वइ, ताओ सीहं पेच्छंति, ताओ नट्ठाओ, भणंति–सीहेण खइओ, आयरिया भणंति–न सो सीहो थूलभद्दो सो, जाह एत्ताहे, आगयाओ वंदिओ, खेमं कुसलं पुच्छइ, जहा सिरियओ पव्वइओ अब्भत्तट्ठेण कालगओ, महाविदेहे य पुच्छिया तित्थयरा, देवयाए नीया अज्जा, दो अज्झयणाणि भावणाविमुत्ती आणियाणि, एवं वंदित्ता गयाओ, बिइयदिवसे उद्देसकाले उवट्ठिओ, न उद्दिसंति, किं कारणं ?, अजोगो, तेण जाणियं, कल्लत्तणगेण, भणइ–न पुणो काहामि, ते भणंति–न तुमं काहिसि, अन्ने काहिंति, पच्छा महया किलेसेण पडिवण्णा, उवरिल्लाणि

કરવા નીકળી. આચાર્ય ઉદ્યાનમાં રોકાયા હતા. આચાર્યને વંદન કરીને સાધ્વીજીઓએ પૂછ્યું – "અમારા જયેષ્ઠાર્ય = મોટાભાઈ ક્યાં છે ?" "પેલી દેવકુલિકામાં પુનરાવર્તન કરે છે." સ્થૂલભદ્રે પોતાની બહેનોને જોઈ. તેણે વિચાર્યું – "બહેનોને મારી ઋદ્ધિ બતાવું." એમ વિચારી સિંહનું રૂપ વિકુર્વ્યું. આવેલી તે સાધ્વીજીઓ દેવકુલિકામાં સિંહને જુવે છે. તેથી ત્યાંથી તરત ભાગે છે.

આચાર્યને કહ્યું – "અમારા ભાઈ મહારાજને સિંહ ખાઈ ગયો છે." આચાર્યે કહ્યું – "તે સિંહ નથી તે સ્થૂલભદ્ર છે. તેથી હવે તમે ત્યાં જાઓ." સાધ્વીજીઓ પાછા આવ્યા અને સ્થૂલભદ્રને વંદન કર્યા. તે સાધ્વીજીઓને ક્ષેમકુશલ પૂછે છે. ત્યારે સાધ્વીજીઓએ કહ્યું – "શ્રીયકે દીક્ષા લીધી. (અમારી પ્રેરણાથી પર્વદિવસે) ઉપવાસ કરવાના કારણે તે કાળધર્મ પામ્યો. (જેથી ઋષિહત્યાથી ડરેલી એવી અમે તપવડે દેવતાને આકર્ષી અને) દેવતાવડે આર્યા = યક્ષાસાધ્વી મહાવિદેહમાં લઈ જવાઈ. ત્યાં જઈને આર્યાએ (શ્રીયકવિષયક) તીર્થંકરોને પૂછ્યું. તથા (યક્ષાસાધ્વી) ભાવના અને વિમુક્તિ (આચારાંગસૂત્રમાં આપેલા) બે અધ્યયનો લઈને આવી... વિગેરે સમાચાર આપ્યા. આ પ્રમાણે વંદન કરીને તેઓ ગઈ. બીજા દિવસે સ્થૂલભદ્ર ઉદ્દેશ કરવાના સમયે (= નવું ભણવાનું શરૂ કરવના સમયે) ઉપસ્થિત થયો. પરંતુ આચાર્ય ઉદ્દેશો કરતા નથી. શા માટે ? કારણ કે તે અયોગ્ય હતો.

સ્થૂલભદ્રે જાણી લીધું કે ગઈકાલે જે મેં સિંહનું રૂપ કર્યું તે મારી ભૂલ હતી. તેણે કહ્યું – "હું ફરી આવું કરીશ નહીં." આચાર્યે કહ્યું – "તું નહીં કરે પરંતુ બીજા આવું કરશે (તેથી આગળ

१२. निर्गताः, उद्याने किल स्थिता आचार्याः, वन्दित्वा पृच्छन्ति–क्व ज्येष्ठार्य ?, एतस्यां देवकुलिकायां गुणयति, तेन ता दृष्टाः, तेन चिन्तितं–भगिनीनां ऋद्धिं दर्शयामीति सिंहरूपं विकुर्वति, ताः सिंहं पश्यन्ति, ता नष्टाः, भणन्ति–सिंहेन खादितः, आचार्या भणन्ति– न स सिंहः स्थूलभद्रः सः, याताधुना, आगताः वन्दितः, क्षेमं कुशलं च पृच्छति, यथा श्रीयकः प्रव्रजितोऽभक्तार्थेन कालगतः, महाविदेहेषु च पृष्टास्तीर्थकराः, देवतया नीता आर्या, द्वे अध्ययने भावनाविमुक्ती आनीते, एवं वन्दित्वा गताः, द्वितीयदिवसे उद्देसकाले उपस्थितः, नोद्दिशन्ति, किं कारणं ?, अयोग्यः, तेन ज्ञातं ह्यस्तनीयेन, भणाति–न पुनः करिष्यामि, ते भणन्ति–न त्वं करिष्यसि, अन्ये करिष्यन्ति, पश्चात् महता क्लेशेन प्रतिपन्नवन्तः, उपरितनानि

[१३]चत्तारि पुव्वाणि पढाहि, मा पुण अण्णस्स दाहिसि, ते चत्तारि तओ वोच्छिण्णा, दसमस्स दो पच्छिमाणि वत्थूणि वोच्छिण्णाणि, दस पुव्वाणि अणुसज्जंति ॥ एवं शिक्षां प्रति योगाः सङ्गृहीता भवन्ति यथा स्थूलभद्रस्वामिना । शिक्षेति गतं ५ ।

इयाणिं निप्पडिक्कंमयत्ति, निप्पडिकम्मत्तणेण योगाः सङ्गृह्यन्ते, तत्र वैधर्म्योदाहरणगाथा—

**पइठाणे नागवसू नागसिरी नागदत्त पव्वज्जा ।**
**एगविहारुट्ठाणे देवय साहू य बिज्जगिरे ॥१२८६॥**

**अस्याश्चार्थः कथानकादवसेयः, तच्चेदम् – पइट्ठाणे णयरे नागवसू सेट्ठी णागसिरी भज्जा, सड्ढाणि दोवि, तेसिं पुत्तो नागदत्तो निव्विण्णकामभोगो पव्वइओ, सो य पेच्छइ जिणकप्पियाण पूयासक्कारे, विभासा जहा ववहारे जा पडिमापडिवन्नाण य पडिनियत्ताणं पूयाविभासा, सो भणइ–अहंपि जिणकप्पं पडिवज्जामि, आयरिएहिं वारिओ, न ठाइ, सयं चेव**

ભણાવવું યોગ્ય નથી.) પાછળથી ખૂબ આગ્રહ કરતા આચાર્યે સ્વીકાર્યું. ઉપરના ચાર પૂર્વો તું ભણ પરંતુ બીજા કોઈને તારે ભણાવવું નહીં. ત્યારથી તે ચાર પૂર્વો અને દશમાં પૂર્વના છેલ્લા બે વસ્તુઓ નાશ પામ્યા. તે સિવાયના દશ પૂર્વો (પરંપરામાં) આગળ વધ્યા. આ પ્રમાણે સ્થૂલભદ્રની જેમ શિક્ષાને આશ્રયીને યોગો સંગૃહીત થાય છે. શિક્ષાદ્વાર પૂર્ણ થયું. ॥૧૨૮૫॥

**અવતરણિકા :** હવે **'નિષ્પ્રતિકર્મ'** દ્વાર જણાવે છે. નિષ્પ્રતિકર્મતાથી યોગો સંગૃહીત થાય છે. તેમાં વૈધર્મ્યઉદાહરણગાથા (આ પ્રમાણે જાણવી –)

**ગાથાર્થ : પ્રતિષ્ઠાનનગર – નાગવસુશ્રેષ્ઠિ – નાગશ્રી પત્ની – નાગદત્તપુત્રની દીક્ષા – એકવિહાર(=જિનકલ્પ)માં ઉદ્યમ – દેવતા – સાધુઓ મોકલવા – બીજોરું.**

**ટીકાર્થ :** આ ગાથાનો અર્થ કથાનકથી જાણવો. તે કથાનક આ પ્રમાણે છે –

## ❀ (૬) નિષ્પ્રતિકર્મતા ઉપર નાગદત્તનું વૈધર્મ્યદષ્ટાન્ત ❀

પ્રતિષ્ઠાનનગરમાં નાગવસુનામે શ્રેષ્ઠિ અને નાગશ્રીનામે તેની પત્ની હતી. બંને ધર્મમાં શ્રદ્ધાવાળા હતા. તેમનો પુત્ર નાગદત્ત કામભોગોથી નિર્વેદ પામીને દીક્ષિત થયો. તે જિનકલ્પિકોના પૂજા–સત્કારને જુએ છે... વિગેરે વર્ણન જે રીતે વ્યવહારસૂત્રમાં આપ્યું છે તે રીતે ત્યાં સુધી સમજી લેવું કે પ્રતિમા સ્વીકારેલા સાધુ ભગવંતો કે જેઓ પ્રતિમા પૂર્ણ કરીને પાછા ફરે તે સમયે જે રીતે પૂજા–સત્કાર વિગેરે પામે છે તે બધું જોઈને નાગદત્ત ગુરુને કહે છે કે – "હું પણ જિનકલ્પ સ્વીકારવા ઇચ્છું છું." આચાર્યે તેને તેમ કરતા અટકાવ્યો, પરંતુ તે માનતો નથી. જાતે જ જિનકલ્પ સ્વીકારે

१३. चत्वारि पूर्वाणि पठ मा पुनरन्यस्मै दाः, तानि चत्वारि ततो व्युच्छिन्नानि, दशमस्य द्वे पश्चिमे वस्तुनी व्यवच्छिन्ने, दश पूर्वाणि अनुसज्यन्ते । प्रतिष्ठाने नगरे नागवसुः श्रेष्ठी नागश्रीर्भार्या, श्राद्धे द्वे अपि, तयोः पुत्रो नागदत्तो निर्विण्णकामभोगः प्रव्रजितः, स च प्रेक्षते जिनकल्पिकानां पूजासत्कारौ,विभाषा यथा व्यवहारे या प्रतिमाप्रतिपन्नानां च प्रतिनिवृत्तानां पूजाविभाषा, स भणति–अहमपि जिनकल्पं प्रतिपद्ये, आचार्यैर्वारितः, न तिष्ठति, स्वयमेव

[१४] पडिवज्जइ, निग्गओ, एगत्थ वाणमंतरघरे पडिमं ठिओ, देवयाए सम्मद्दिट्ठियाए मा विणिस्सिहितित्ति इत्थिरूवेण उवहारं गहाय आगया, वाणमंतरं अच्चित्ता भणइ–गिण्ह एयं खमणत्ति, पललभूयं कूरं भक्खरूवाणि नाणापगाररूवाणि गहियाणि, खाइत्ता रत्तिं पडिमं ठिओ, जिणकप्पिया न सुवंति पोट्टसरणी जाया, देवयाए आयरियाण कहियं–सो सीसो अमुगत्थ, साहू पेसिया, आणिओ, देवयाए भणियं–बिल्लगिरं दिज्जहित्ति दिन्नं, ठियं, सिक्खविओ य – न य एवं कायव्वं। निप्पडिकंमत्ति गयं ६। इयाणिं अन्नायएत्ति, कोऽर्थः ?–पुव्विं परीसहसमत्थेणं जं उवहाणं कीरइ तं जहा लोगो न याणइ तहा कायव्वं, नायं वा कयं न नज्जेज्जा, पच्छन्नं वा कयं नज्जेज्जा, तत्रोदाहरणगाथा—

---

છે. ગચ્છમાંથી નીકળીને એક સ્થાને વાણવ્યંતરના મંદિરમાં પ્રતિમામાં=કાયોત્સર્ગમાં રહ્યો.

એક સમ્યગ્દૃષ્ટિ દેવ આ અનધિકૃત રીતે જિનકલ્પ સ્વીકારીને પોતાના આત્માને દુર્ગતિમાં ન નાંખે તે માટે સ્ત્રીનું રૂપ કરી પૂજાની સામગ્રી લઈને તે મંદિરમાં આવ્યો. વાણવ્યંતરની પ્રતિમાની પૂજા કરીને તે સ્ત્રી સાધુને કહે છે કે – "હે ક્ષપક ! આ ગ્રહણ કરો." ત્યાં તે સાધુએ ચૂર્ણિભૂત એવા કૂર અને જુદા જુદા પ્રકારના ભક્ષ્ય પદાર્થો ગ્રહણ કર્યા. તે વાપરીને રાત્રિએ પ્રતિમામાં=કાયોત્સર્ગમાં રહ્યો. (કારણ કે) જિનકલ્પિકોને રાત્રિએ સૂવાનું હોતું નથી. (આ સાધુએ ઘણું ખાધું અને રાત્રિએ સૂતો નહીં તેથી અજીર્ણ થવાથી તેને) ઝાડા થયા. દેવે આચાર્યને વાત કરી કે – "તમારો તે શિષ્ય અમુક સ્થાને (બિમાર પડ્યો) છે. આચાર્યે સાધુઓને મોકલ્યા. સાધુઓ તેને લઈને આવ્યા. દેવે કહ્યું – "(તેને ઝાડા અટકાવવા) બીજોરામાંથી બનાવેલી વસ્તુ આપો." આપી. જેથી ઝાડા અટકી ગયા. અને તે સાધુને હિતશિક્ષા આપી. આ પ્રમાણે સાધુએ કરવું નહીં. (અર્થાત્ નાગદત્ત સાધુએ નિષ્પ્રતિકર્મતારૂપ જિનકલ્પ સ્વીકાર્યા બાદ જે ઔષધ ગ્રહણ કર્યું તે રીતે સાધુએ પ્રતિકર્મ કરવું જોઇએ નહીં. નાગદત્તે જે ઔષધગ્રહણ કર્યું તે નિષ્પ્રતિકર્મતા માટે વૈધર્મ્ય છે.) નિષ્પ્રતિકર્મતારૂપ છઠ્ઠું દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૮૬॥

**અવતરણિકા :** હવે **'અજ્ઞાતતા'** દ્વાર જણાવે છે. 'અજ્ઞાતતા' એટલે શું ? – પરિષહને સહન કરવામાં સમર્થ એવા સાધુએ, જે તપ કરવાનો છે તે પ્રથમથી જ લોકો ન જાણે તે રીતે કરવો જોઈએ. જણાવેલો તપ જણાતો નથી. (જેમ કે હવે જણાવતા દૃષ્ટાંતમાં ધર્મઘોષમુનિ પોતાનો તપ જણાવવા ગયા છતાં લોકોએ ધ્યાન આપ્યું નહીં.) ગુપ્ત તપ સામેથી જણાય જાય છે. (જેમ કે ધર્મયશમુનિ ગુપ્ત તપ કરે છે છતાં લોકોને ખબર પડી જાય છે.) અહીં ઉદાહરણ ગાથા –

---

१४. प्रतिपद्यते, निर्गतः, एकत्र व्यन्तरगृहे प्रतिमया स्थितः, देवता सम्यग्दृष्टिः मा विनङ्क्षदिति स्त्रीरूपेणोपहारं गृहीत्वाऽऽगता, व्यन्तरमर्चयित्वा भणति–गृहाणैतत्क्षपक इति, पललभूतं कूरं भक्ष्यरूपाणि नानाप्रकारस्वरूपाणि गृहीतानि, खादित्वा रात्रौ प्रतिमां स्थितः, जिनकल्पिका न स्वपन्ति, अतिसारो जातः, देवतयाऽऽचार्याणां कथितं–स शिष्योऽमुकस्थः, साधवः प्रेषिताः, आनीतः, देवतया भणिताः–बीजपूरगर्भं दत्त, दत्तः, स्थितः, शिक्षयितश्च – न चैवं कर्त्तव्यं। निष्प्रतिकर्मेति गतं। इदानीमज्ञात इति, पूर्वं परीषहसमर्थेन यदुपधानं क्रियते तत् यथा लोको न जानाति तथा कर्त्तव्यम्, ज्ञातं वा कृतं न ज्ञायेत प्रच्छन्नं वा कृतं ज्ञायेत।

**कोसंबि अजियसेण धम्मवसू धम्मघोस धम्मजसे ।**
**विगयभया विणयवई इड्डिविभूसा य परिकम्मे ॥१२८७॥**

[१५]इमीए वक्खाणं–कोसंबीए अजियसेणो राया, धारिणी तस्स देवी, तत्थवि धम्मवसू आयरिया, ताणं दो सीसा–धम्मघोसो धम्मजसो य, विगयभया महत्तरिया, विणयवई तीए सिस्सिणीया, तीए भत्तं पच्चक्खायं, संघेण महया इड्डिसक्कारेण निज्जामिया, विभासा, ते धम्मवसूसीसा दोवि परिकम्मं करेंति, इओ य —

**उज्जेणिवंतिवद्धणपालगसुयरट्ठवद्धणे चेव ।**
**धारिणि अवंतिसेणे मणिप्पभा वच्छगातीरे ॥१२८८॥**

व्याख्या–उज्जेणीए पज्जोयसुया दो भायरो पालगो गोपालओ य, गोपालओ पव्वइओ, पालगस्स रण्णो दो पुत्ता–अवंतिवद्धणो रट्ठवद्धणो य, पालगो अवंतिवद्धणं रायाणं रट्ठवद्धणं जुवरायाणं ठवेत्ता पव्वइओ, रट्ठवद्धणस्स भज्जा धारिणी, तीसे पुत्तो अवंतिसेणो । अन्नया

---

ગાથાર્થ : કોશાંબીનગરી – અજિતસેન રાજા – ધર્મવસૂ આચાર્ય – ધર્મઘોષ અને ધર્મયશ નામે બે શિષ્યો – વિગતભયા મહત્તરિકા – તેની શિષ્યા વિનયવતી – ઋદ્ધિ વિભૂષા – પરિકર્મ.

ટીકાર્થ : આ ગાથાનું વ્યાખ્યાન આ પ્રમાણે જાણવું–

**❀ (૭) અજ્ઞાતતપ ઉપર ધર્મયશમુનિનું દૃષ્ટાન્ત ❀**

કોશાંબીનગરીમાં અજિતસેનનામે રાજા હતો. તેને ધારિણીનામે રાણી હતી. તે નગરીમાં ધર્મવસૂનામે આચાર્ય બિરાજમાન હતા. તેમને ધર્મઘોષ અને ધર્મયશનામે બે શિષ્યો હતા. મહત્તરિકા (=મુખ્ય) વિગતભયાનામે સાધ્વીજી હતા. તેમને વિનયવતી નામે શિષ્યા હતી. વિનયવતી સાધ્વીજીએ અનશન કર્યું. સંઘે મોટા ઋદ્ધિ-સત્કારવડે આરાધના કરાવી... વિગેરે વર્ણન સમજી લેવું. ધર્મવસૂ આચાર્યના બંને શિષ્યો (કોઈ જિનકલ્પાદિ વિશેષ આરાધના કરવા માટેની) અભ્યાસ = પૂર્વ તૈયારીઓ કરે છે. ॥૧૨૮૭॥ અને આ બાજુ –

**ગાથાર્થ : ઉજ્જયિનીનગરી – પાલકરાજાના બે દિકરા – અવંતિવર્ધન અને રાષ્ટ્રવર્ધન – ધારિણીદેવી – તેને અવંતિસેનનામે પુત્ર – મણિપ્રભ – વત્સકાનદીનો કિનારો.**

ટીકાર્થ : ઉજ્જયિનીનગરીમાં પ્રદ્યોતરાજાના દીકરા એવા બે ભાઈઓ પાલગ અને ગોપાલક હતા. ગોપાલકે દીક્ષા લીધી. પાલગરાજાને બે દિકરા હતા – અવંતિવર્ધન અને રાષ્ટ્રવર્ધન. પાલકે અવંતિવર્ધનને રાજગાદી અને રાષ્ટ્રવર્ધનને યુવરાજપદે સ્થાપીને દીક્ષા લીધી. રાષ્ટ્રવર્ધનને

---

१५. अस्या व्याख्यानं– कोशाम्ब्यामजितसेनो राजा धारिणी तस्य देवी, तत्रापि धर्मवसव आचार्याः, तेषां द्वौ शिष्यौ–धर्मघोषो धर्मयशाश्च, विगतभया महत्तरिका, विनयवती तस्याः शिष्या, तया भक्तं प्रत्याख्यातं, सङ्घेन महता ऋद्धिसत्कारेण निर्यामिता, विभाषा, तौ धर्मवसुशिष्यौ द्वावपि परिकर्म कुर्वतः, इतश्च– उज्जयिन्यां प्रद्योतसुतौ द्वौ भ्रातरौ–पालको गोपालकश्च, गोपालकः प्रव्रजितः, पालकस्य राज्ञो द्वौ पुत्रौ– अवन्तीवर्धनो राष्ट्रवर्धनश्च, पालकोऽवन्तीवर्धनं राजानं राष्ट्रवर्धनं युवराजं स्थापयित्वा प्रव्रजितः, राष्ट्रवर्धनस्य भार्या धारिणी, तस्याः पुत्रोऽवन्तीषेणः । अन्यदा

[१६]उज्जाणे रायाए धारिणी सव्वंगेहिं वीसत्था अच्छंती दिट्ठा, अज्झोववन्नो, दूती पेसिया, सा नेच्छइ, पुणो २ पेसइ, तीए अधाभावेण भणियं—भाउस्सवि न लज्जसि ?, ताहे तेण सो मारिओ, विभासा, तंमि वियाले सयाणि आभरणाणि गहाय कोसंबिं सत्थो वच्चइ, तत्थ एगस्स वुड्ढस्स वाणियगस्स उवल्लीणा, गया कोसंबिं, संजइओ पुच्छित्ता रण्णो जाणसालाए ठियाओ तत्थ गया, वंदित्ता साविगा य पव्वइया, तीए गब्भो अहुणोववन्नो मा ण पव्वाविहिंति( त्ति ) तं न अक्खियं, पच्छ णाए मयहरियाए पुच्छिया—सब्भावो कहिओ जहा रट्ठवद्धणभज्जाऽहं, संजतीमज्झे अप्पसागारियं अच्छाविया, वियाया रत्तिं, मा ★साहूणं ( साधुणीणं ) उड्डाहो होहितित्ति णाममुद्दं आभरणाणि

ધારિણીનામે પત્ની હતી. તેને અવંતિસેનનામે પુત્ર હતો. એકવાર રાજાએ ઉદ્યાનમાં સર્વ અંગોવડે વિશ્વસ્ત એવી ધારિણીને જોઈ. (અર્થાત્ ઉદ્યાનમાં કોઈ ન હોવાથી નિર્વસ્ત્ર થઈને રહેલી ધારિણીને જોઈ.) તેના રૂપ ઉપર તે રાજા અત્યંત આસક્ત થયો. તેણે દૂતી મોકલી. પરંતુ ધારિણી ઇચ્છતી નથી. રાજા દેવીને મનાવવા વારંવાર દૂતીને મોકલે છે. તેથી દેવીએ સહજ ભાવે કહ્યું કે – "તમારા નાના ભાઈથી પણ તમે શરમાતા નથી ?"

(રાજાએ વિચાર્યું કે ભાઈને કારણે તે મારી વિનંતિ સ્વીકારતી નથી. એમ વિચારી) રાજાએ ભાઈને મરાવી નાખ્યો... ત્યારપછીનું વર્ણન (અન્ય વાર્તાઓની જેમ) જાણી લેવું. ધારિણીદેવી એકવાર સાંજના સમયે પોતાના બધા આભૂષણો સાથે લઈ ભાગી નીકળી અને કોશાંબી તરફ જે સાર્થ જતો હતો તેમાં એક વૃદ્ધ વેપારી પાસે રક્ષણ મેળવવા પહોંચી ગઈ. તે કોશાંબી ગઈ. ત્યાં સાધ્વીજીઓ ક્યાં છે ? એ પૂછીને રાજાની યાનશાળામાં (=વાહનો મૂકવાના સ્થાનમાં) સાધ્વીજીઓ રહેલા હતા તેથી તે ત્યાં ગઈ. વંદન કરીને તે શ્રાવિકાએ દીક્ષા લીધી. તેણીને હમણાં જ ગર્ભ રહ્યો હતો. સાધ્વીજીઓ મને દીક્ષા આપશે નહીં એમ વિચારી ધારિણીએ ગર્ભની વાત કરી નહીં. પાછળથી મહત્તરિકાને ખબર પડતા ધારિણીને પૂછતાં ધારિણીએ સત્ય હકીકત જણાવી કે હું રાષ્ટ્રવર્ધનની પત્ની હતી. મહત્તરિકાએ અન્ય સાધ્વીજીઓ સાથે તેણીને એકાંતમાં રાખી. એક રાત્રિએ તેણીએ પુત્રને જન્મ આપ્યો. સાધુઓની (સાધ્વીજીઓની) અપભ્રાજના ન થાય તે માટે નામમુદ્રાને અને (રાષ્ટ્રવર્ધનના) આભૂષણોને પહેરાવીને તે પુત્રને રાજાના આંગણે મૂકીને પોતે છુપાઈને ઊભી રહે છે.

१६. उद्याने राज्ञा धारिणी सर्वाङ्गेषु विश्वस्ता तिष्ठन्ती दृष्टा, अध्युपपन्नः, दूती प्रेषिता, सा नेच्छति, पुनः २ प्रेषते, तया यथाभावेन भणितं—भ्रातुरपि न लज्जसे ?, तदा तेन स मारितः, विभाषा, तस्मिन् विकाले स्वकान्याभरणानि गृहीत्वा कौशाम्ब्यां सार्थो व्रजति तत्रैकस्य वृद्धस्य वणिजः पार्श्वमाश्रिता, गता कौशाम्बीं, संयत्यः पृष्ट्वा राज्ञो यानशालायां स्थिताः तत्र गता, वन्दित्वा श्राविका प्रव्रजिता, तया गर्भोऽधुनोत्पन्नः मा प्रव्राजिष्यन्तीति तन्नाख्यातं, पश्चात् ज्ञाते महत्तरिकया पृष्टा—सद्भावः कथितः यथा राष्ट्रवर्धनस्य भार्याऽहं, संयतीमध्येऽल्पसागारिकं स्थापिता, प्रजनितवती रात्रौ, मा साधूनामुड्डाहो भूदिति नाममुद्रामाभरणानि

★ 'साधुणीणं' – चूर्णौ ।

[१७]यं उक्खिणित्ता रण्णो अंगणए ठवित्ता पच्छन्ना अच्छइ, अजियसेणेणागासतलगएणं पभा मणीण दिव्वा दिट्ठा, दिट्ठो य, गहिओ णेण अग्गमहिसीए दिन्नो अपुत्ताए सो य पुत्तो, सा य संजतीहिं पुच्छिया भणइ–उद्दाणगं जायं तं मए विगिंचियं, खइयं होहिति, ताहे अंतेउरं णीइ अतीइ य, अंतेउरियाहिं समं मित्तिया जाया, तस्स मणिप्पहोत्ति णामं कयं, सो राया मओ, मणिप्पभो राया जाओ, सो य तीए संजईए निरायं अणुरत्तो, सो य अवंतिवद्धणो पच्छायावेण भायावि मारिओ सावि देवी ण जायत्ति भाउनेहेण अवंतिसेणस्स रज्जं दाऊण पव्वइओ, सो य मणिप्पहं कप्पगं मग्गइ, सो न देइ, ताहे सव्वबलेण कोसंबिं पहाविओ । ते य दोवि अणगारा परिकम्मे समत्ते एगो भणइ–जहा विणयवत्तीए इड्डी तहा ममवि होउ, णयरे भत्तं पच्चक्खायं, बीओ

---

મહેલની અગાસીએ રહેલા કોશાંબીના રાજા અજિતસેને (પુત્રના ગળામાં પહેરેલા આભૂષણોમાં રહેલા) મણિઓની દિવ્ય પ્રભા જોઈ. એનાદ્વારા રાજાએ બાળકને જોયો. નીચે આવીને તેણે બાળકને ગ્રહણ કર્યો. રાજાએ પટરાણીને પુત્ર ન હોવાથી તે પુત્ર તેણીને આપ્યો. બીજી બાજુ સાધ્વીજીઓએ આ સાધ્વીજીને બાળક વિશે પૂછતાં તેણીએ કહ્યું – "મૃત બાળક જન્મ્યો હોવાથી જંગલમાં હું મૂકીને આવી છું. કોઈ એને ખાઈ જશે." તે સાધ્વીજી રોજ અંતઃપુરમાં આવ–જાવ કરે છે. સાધ્વીજીની અંતઃપુરની સ્ત્રીઓ સાથે મૈત્રી થઈ ગઈ. રાજા–રાણીએ તે બાળકનું મણિપ્રભ નામ પાડ્યું. (થોડાં સમય બાદ) તે રાજા મૃત્યુ પામ્યો. મણિપ્રભ રાજા બન્યો. તે ધારિણીસાધ્વીજી ઉપર સહજ અનુરાગી થયો. (અર્થાત્ સહજ રીતે સ્નેહ ધારણ કરવા લાગ્યો.)

આ બાજુ તે અવંતિવર્ધને 'ભાઈને પણ મારી નાંખ્યો અને તે પણ મારી પત્ની બની શકી નહીં' એવા પ્રકારના પશ્ચાત્તાપના કારણે ભાઈના સ્નેહથી અવંતિસેનને રાજ્ય આપીને દીક્ષા લીધી. અવંતિસેન મણિપ્રભ પાસે કલ્પકને (અથવા કરવેરાને=?) માંગે છે. પરંતુ તે આપતો નથી. તેથી અવંતિસેન સર્વસૈન્ય સાથે કોશાંબી તરફ ઉપડ્યો. આ બાજુ તે બે સાધુઓનું પરિકર્મ પૂર્ણ થતાં બેમાંથી એકે કહ્યું – "જેમ વિનયવતીને ઋદ્ધિની પ્રાપ્તિ થઈ તેમ મને પણ પ્રાપ્ત થાઓ" એમ વિચારી કોશાંબીનગરીમાં રહીને અનશન શરૂ કર્યું. ધર્મયશનામનો બીજો સાધુ પોતાની વિભૂષા

---

१७. चोत्क्षिप्य राज्ञोऽङ्गणे स्थापयित्वा प्रच्छन्ना तिष्ठति, अजितसेनेनाकाशतलगतेन मणीनां प्रभा दिव्या दृष्टा, दृष्टश्च, गृहीतः, अनेन अग्रमहिष्यै अपुत्रायै दत्तः स च पुत्रः, सा च संयतीभिः पृष्टा भणति–अवद्रातं जातं तन्मया त्यक्तं, खादितं भविष्यतीति, तदाऽन्तःपुरं गच्छत्यायाति च, अन्तःपुरिकाभिः समं मैत्री जाता, तस्य मणिप्रभ इति नाम कृतं, स राजा मृतः, मणिप्रभो राजा जातः, स च तस्यां संयत्यां नितरामनुरक्तः, स चावन्तिवर्धनः पश्चात्तापेन भ्राताऽपि मारितः साऽपि देवी न जातेति भ्रातृस्नेहेनावन्तीषेणस्य राज्यं दत्त्वा प्रव्रजितः, स च मणिप्रभं कल्पकं मार्गयति, स न ददाति, तदा सर्वबलेन कौशाम्बीं प्रधावितः । तौ च द्वावपि अनगारौ परिकर्मणि समाप्ते ( अनशनोद्यतौ ) एको भणति–यथा विनयवत्या ऋद्धिस्तथा ममापि भवतु, नगरे भक्तं प्रत्याख्यातं, द्वितीयो

धम्मजसो[१८] विभूसं नेच्छंतो कोसंबीए उज्जेणीए य अंतरा वच्छगातीरे पव्वयकंदराए भत्तं पच्चक्खायं । ताहे तेण अवंतिसेणेण कोसंबी रोहिया, तत्थ जणो अप्पणो अद्दण्णो, न कोइ धम्मघोसस्स समीवं अल्लियइ, सो य चिंतियमत्थमलभमाणो कालगओ, वारेण निप्फेडो न लब्भइ पागारस्स उवरिएण अहिक्खित्तो । सा पव्वइया चिंतेइ–मा जणक्खओ होउत्ति रहस्सं भिंदामि, अंतेउरमइगया, मणिप्पहं ओसारेत्ता भणइ–किं भाउगेण समं कलहेसि ?, सो भणइ–कहन्ति, ताहे तं सव्वं पबंधं अक्खाइ, जइ न पत्तियसि तो मायरं पुच्छाहि, पुच्छइ, तीए णायं अवस्सं रहस्सभेओ, कहियं जहावत्तं रट्ठवद्धणसंतगाणि य आभरणगाणि नाममुद्दाइ दाइया, पत्तीओ भणइ–जइ एत्ताहे ओसरामि तो ममं अयसो, अज्जा भणइ–अहं तं पडिबोहेमि, एवं

(=ઋદ્ધિસત્કાર) ઇચ્છતો ન હતો. તેથી તેણે કોશાંબી અને ઉજ્જયિનીનગરીની વચ્ચે આવેલ વત્સકાનદીને કિનારે રહેલ પર્વતની ગુફામાં અનશન શરૂ કર્યું.

(ધર્મઘોષસાધુએ માન–સન્માનની અપેક્ષા સાથે કોશાંબીમાં અનશન શરૂ કર્યું. પરંતુ તે જ સમયે) અવંતિસેનરાજાએ કોશાંબીનગરીને રુંધી લીધી. જેથી ત્યાંના લોકો આકુલ–વ્યાકુલ થઈ ગયા. તે કારણે કોઈ ધર્મઘોષમુનિ પાસે જતું નથી. એવામાં તે મુનિ પોતાના ઇચ્છિત માનસન્માનરૂપ અર્થને પ્રાપ્ત કર્યા વિના જ કાળ પામ્યો. નગરી રુંધાયેલી હોવાથી તે સાધુના મૃતકલેવરને નગરના દરવાજાથી બહાર લઈ જવાય એવું નહોતું તેથી કિલ્લા ઉપરથી બહાર નાખી દીધું. (યુદ્ધ કરવા આવેલા અવંતિસેનને જોઈને) તે ધારિણીસાધ્વીજી વિચારે છે કે – "યુદ્ધમાં નિર્દોષ લોકો મૃત્યુ ન પામે તેથી રહસ્ય ખોલી નાખું." એમ વિચારી તે સાધ્વીજી અંતઃપુરમાં ગઈ. મણિપ્રભને ત્યાંથી દૂર લઈ જઈને કહ્યું – "તું ભાઈ સાથે શા માટે યુદ્ધ કરવા તૈયાર થયો છે ?"

મણિપ્રભે કહ્યું – "તે વળી મારો ભાઈ કંઈ રીતે ?" ત્યારે સાધ્વીજીએ સર્વ વાત કરી, અને છેલ્લે કહ્યું કે "જો તને મારી વાત ઉપર વિશ્વાસ બેસતો ન હોય તો તું તારી માતાને પૂછી જો." તે માતાને પૂછે છે. માતાએ જાણ્યું કે નક્કી રહસ્યનો ભેદ થયો છે. તેથી માતાએ યથાવસ્થિત બધી વાત કરી. તથા રાષ્ટ્રવર્ધનસંબંધી આભૂષણો અને નામમુદ્રા મણિપ્રભને બતાવ્યા. તેને વિશ્વાસ બેઠો. તેણે કહ્યું – "જો હું યુદ્ધમાંથી પાછો હઠીશ તો મારો અપયશ થશે." સાધ્વીજીએ કહ્યું – "હું અવંતિસેનને સમજાવીશ." મણિપ્રભે કહ્યું – "ભલે એમ થાઓ." સાધ્વી અવંતિસેન પાસે

१८. धर्मयशा विभूषामनिच्छन् कौशम्ब्या उज्जयिन्याश्चान्तरा वत्सकातीरे पर्वतकन्दरायां भक्तं प्रत्याख्यातवान् । तदा तेनावन्तीषेणेन कौशाम्बी रुद्धा, तत्र स्वयं जनः पीडितः, न कश्चिद्धर्मघोषस्य समीपमागच्छति, स च चिन्तितमर्थमलभमानः कालगतः, द्वारेण निष्काशनं न लभ्यते ( इति) प्राकारस्योपरिकया बहिरधिक्षिप्तः । सा प्रव्रजिता चिन्तयति–मा जनक्षयो भूदिति रहस्यं भिनद्मि, अन्तःपुरमतिगता, मणिप्रभमपसार्य भणति–किं भ्रात्रा समं कलहयसि ?, स भणति–कथमिति, तदा तं सर्वं सम्बन्धमाख्याति, यदि न प्रत्येषि तर्हि मातरं पृच्छ, पृच्छति, तया ज्ञातं–अवश्यं रहस्यभेदः, कथितं यथावृत्तं राष्ट्रवर्धनसत्कानि चाभरणानि नाममुद्रादीनि दर्शितानि, प्रत्ययितो भणति–यद्यधुनापसरामि तर्हि मेऽयशः , आर्या भणति–अहं तं प्रतिबोधयामि, एवं

[१९] होउत्ति, निग्गया, अवंतिसेणस्स निवेइयं–पव्वइया दट्ठुमिच्छइ, अइयया, पाए दट्ठूण णाया अंगपाडिहारियाहिं, पायवडियाओ परुन्नाओ, कहियं तस्स तव मायत्ति, सो य पायवडिओ परुन्नो, तस्सवि कहेइ–एस ते भाया, दोवि बाहाहिं मिलिया, अवरोप्परमवयासेऊणं परुण्णा, किंचि कालं कोसंबीए अच्छित्ता दोवि उज्जेणिं पहाविया, मायावि सह मयहरियाए पणीया, जाहे य वच्छयातीरं पव्वयं पत्ता, ताहे जे तंमि जणवए साहुणो ते पव्वए ओरुभंते चडंते य दट्ठूण पुच्छिया, ताहे ताओवि वंदिउं गयाओ, बितियदिवसे राया पहाविओ, ताओ भणंति–भत्तं पच्चक्खायओ एत्थ साहू अम्हे अच्छामो, दोवि रायाणो ठिया, दिवसे २ महिमं करेंति, कालगओ, एवं ते य गया रायाणो, एवं तस्स अनिच्छमाणस्सवि जाओ इयरस्स इच्छमाणस्सवि

જવા નીકળી. અવંતિસેનને કહેવામાં આવ્યું કે "કોઈ સાધ્વી આપને મળવા ઇચ્છે છે." સાધ્વી અંદર આવી. સાધ્વીજીના ચરણોને જોઈને જ દાસીઓ જાણી ગઈ (કે "આ ધારિણીદેવી છે.") બધી દાસીઓ પગમાં પડીને રડવા લાગી. દાસીઓએ અવંતિસેનને કહ્યું કે "આ તારી માતા છે." ચરણોમાં પડેલો તે પણ રડવા લાગ્યો. સાધ્વીજીએ તેને પણ કહ્યું કે "મણિપ્રભ તારો ભાઈ છે." બંને જણા બાહુઓવડે ભેટી પડ્યાં. પરસ્પર આલિંગન કરીને રડવા લાગ્યા. કેટલોક કાલ બંને ભાઈઓ કોશાંબીમાં રહીને ઉજ્જયિની તરફ નીકળ્યા. માતા પણ મહત્તરિકા સાથે નીકળી. જ્યારે બંને રાજાઓ વિગેરે બધા વત્સકાનદીના કિનારે રહેલા પર્વત પાસે પહોંચ્યા ત્યારે તે ગામમાં જે સાધુઓ હતા તે પર્વત ઉપર ચઢ–ઉતર કરતા હતા. તેઓને જોઈને સાધ્વીજીઓએ પૂછ્યું (તમે શા માટે ઉપર જાઓ છો ? ત્યારે સાધુઓએ અનશન કરનારા ધર્મયશ મહાત્માની વાત કરી.) તેથી તે સાધ્વીજીઓ પણ તે મહાત્માને વંદન કરવા ગઈ.

બીજા દિવસે રાજા ત્યાંથી આગળ જવા નીકળ્યો. સાધ્વીજીઓએ રાજાને કહ્યું કે "અહીં એક સાધુ અનશન કરે છે તેથી અમે અહીં જ રહીશું." અનશની મહાત્માની વાત સાંભળીને બંને રાજાઓ પણ ત્યાં જ રોકાઈ ગયા. રોજે રોજ તેઓ તેની પૂજા કરે છે. છેવટે તે સાધુ કાળ પામ્યો. રાજાઓ પણ પોતાના સ્થાને ગયા. આ પ્રમાણે નહીં ઇચ્છતા એવા પણ તે સાધુનો પૂજાસત્કાર થયો, જ્યારે ધર્મઘોષમુનિનો ઇચ્છવા છતાં પૂજાસત્કાર થયો નહીં. તેથી જે રીતે ધર્મયશમુનિ

१९. भवत्विति, निर्गता, अवन्तीषेणाय निवेदितं–प्रव्रजिता द्रष्टुमिच्छति, अतिगता, पादौ दृष्ट्वा ज्ञाताऽन्तःपुरप्रतिहारिणीभिः, पादपतिताः प्ररुदिताः, कथितं तस्य तव मातेति, स च पादपतितः प्ररुदितः, तस्यापि कथयति, एष तव भ्राता, द्वावपि बाहाभिर्मिलितौ परस्परमालिङ्ग्य प्ररुदितौ, कञ्चित्कालं कौशाम्ब्यां स्थित्वा द्वाप्युज्जयिनीं प्रधावितौ, मातापि सह महत्तरिकया नीता, यदा च वत्सकातीरं पर्वतं प्राप्ता तदा ये तस्मिन् जनपदे साधवस्तान् पर्वतादवतरत आरोहतश्च दृष्ट्वा पृष्टवती, तदा ता अपि वन्दितुं गताः, द्वितीयदिवसे राजा प्रस्थितः, ता भणन्ति–प्रत्याख्यातभक्तोऽत्र साधुः ततो वयं तिष्ठामः द्वावपि राजानौ स्थितौ, दिवसे २ महिमानं कुरुतः, कालगतः, एवं ते राजानौ च गताः। एवं तस्यानिच्छतोऽपि जात ऋद्धिसत्कारः, इतरस्येच्छतोऽपि

[२०] नं जाओ पूयासक्कारो, जहा धम्मजसेण तहा कायव्वं । अण्णायतेत्तिगयं ७।

इयाणिं अलोभे यत्ति, लोभविवेगयाए जोगा संगहिया भवंति अलोभया तेण कायव्वा, कहं ? तत्थोदाहरणमाह—

साएए पुंडरीए कंडरिए चेव देविजसभद्दा ।
सावत्थिअजियसेणे कित्तिमई खुड्डगकुमारो ॥१२८९॥
जसभद्दे सिरिकंता जयसंधी चेव कण्णपाले य ।
नट्टविही परिओसे दाणं पुच्छा य पव्वज्जा ॥१२९०॥
सुट्ठु गाइयं सुट्ठु वाइयं सुट्ठु नच्चियं साम सुंदरि ! ।
अणुपालिय दीहराइयओ सुमिणंते मा पमायए ॥१२९१॥

गाथात्रयम्, अस्य व्याख्या कथानकादवसेया, तच्चेदं—सागेयं णयरं, पुंडरिओ राया, कंडरिओ जुवराया, जुवरन्नो देवी जसभद्दा, तं पुंडरीओ अण्णया चंकमंती दट्ठूण अज्झोववन्नो, नेच्छइ, तहेव जुवराया मारिओ, सावि सत्थेण समं पयाया, अहुणोववन्नगब्भा पत्ता य सावत्थिं,

(પૂજાસત્કાર માટે) નિસ્પૃહ રહ્યા તે રીતે સર્વ સાધુઓએ તપ કરવો જોઈએ. 'અજ્ઞાતતા' દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૮૮॥

અવતરણિકા : હવે 'અલોભ' દ્વાર જણાવાય છે. લોભના ત્યાગથી યોગો સંગૃહીત થાય છે તેથી અલોભતા કરવા યોગ્ય છે. કેવી રીતે ? તેમાં ઉદાહરણ કહે છે ➪

ગાથાર્થ : સાકેતનગર – પુંડરિક, કંડરિક બે ભાઈઓ – યશભદ્રાદેવી – શ્રાવસ્તીનગરી – અજિતસેનાચાર્ય – કીર્તિમતી સાધ્વીજી – ક્ષુલ્લકકુમાર.

ગાથાર્થ : યશભદ્રયુવરાજ – શ્રીકાંતા – જયસંધી – કર્ણપાલમહાવત – નાટ્યવિધિ – પરિતોષ = સંતોષ થતાં લોકોએ દાન આપ્યું – પૃચ્છા થઈ – પ્રવ્રજ્યા.

ગાથાર્થ : હે સુંદરી ! રાત્રિમાં સારું ગાયું, સારા વાજિંત્રો વગાડ્યા, સારું નૃત્ય કર્યું, સંપૂર્ણ રાત્રિ આ રીતે પસાર કરી. હવે સ્વપ્નાંતે = થોડા સમય માટે તું પ્રમાદ કર નહીં.

ટીકાર્થ : આ ત્રણે ગાથાની વ્યાખ્યા કથાનકથી જાણવી. તે કથાનક નીચે પ્રમાણે છે—

### ❀ (૮) લોભના ત્યાગમાં ક્ષુલ્લકકુમારનું દૃષ્ટાન્ત ❀

સાકેતનામનું નગર હતું. ત્યાં પુંડરિક રાજા હતો અને કંડરિક યુવરાજ હતો. યુવરાજને યશભદ્રાનામે પત્ની હતી. એકવાર પુંડરિક હરતી–ફરતી યશભદ્રાને જોઈને તેના રૂપમાં મોહિત થયો. પરંતુ તે ઇચ્છતી નથી. પુંડરિક તે જ રીતે (અર્થાત્ પૂર્વના દૃષ્ટાન્તમાં અવંતિવર્ધને રાષ્ટ્રવર્ધનને

२०. न जातः पूजासत्कारः, यथा धर्मयशसा तथा कर्त्तव्यं । अज्ञाततेति गतं, इदानीं अलोभश्च इति लोभविवेकितया योगाः संगृहीता भवन्ति, अलोभता तेन कर्त्तव्या, कथं ?, तत्रोदाहरणमाह । साकेतं नगरं, पुण्डरीको राजा, कण्डरीको युवराजः, युवराजस्य देवी यशोभद्रा, तामन्यदा पुण्डरिकश्चङ्क्रमन्तीं दृष्ट्वाध्युपपन्नः, नेच्छति, तथैव युवराजो मारितः, साऽपि सार्थेन समं प्रयाता, अधुनोत्पन्नगर्भा-प्राप्ता च श्रावस्तीं,

[21]तत्थ य सावत्थीए अजियसेणो आयरिओ, कित्तिमती मयहरिया, सा तीए मूले तेणेव कमेण पव्वइया जहा धारिणी तहा विभासियव्वा, नवरं तीए दारओ न छड्डिओ खुड्डगकुमारोत्ति से नामं कयं, पव्वइओ, सो जोव्वणत्थो जाओ, चिंतेइ–पव्वज्जं न तरामि काउं, मायरं आपुच्छइ–जामि, सा अणुसासइ तहवि न ठाइ, सा भणइ–तो खाइं मन्निमित्तं बारस वरिसाणि करेहि, भणइ–करेमि, पुन्नेसु आपुच्छइ, सा भणइ–महत्तरियं आपुच्छाहित्ति, तीसेवि बारस वरिसाणि, ताहे आयरियस्सवि वयणेण बारस, उवज्झायस्स बारस, एवं अडयालीसं वरिसाणि अच्छाविओ तह वि न ठाइ, विसज्जिओ, पच्छा मायाए भण्णइ–मा जहिं वा तहिं वा वच्चाहि, महल्लपिया तुज्झ

જેમ માર્યો તે રીતે) કંડરિકને મારી નાખ્યો. તેની પત્ની યશભદ્રા પણ સાર્થ સાથે ત્યાંથી નીકળી ગઈ. બહુ નજીકના કાળમાં જ ગર્ભવાળી થયેલી તે શ્રાવસ્તીનગરીમાં પહોંચી. ત્યાં શ્રાવસ્તીનગરીમાં અજિતસેનનામે આચાર્ય હતા. કીર્તિમતીનામે મહત્તરિકા (=મુખ્ય) સાધ્વીજી હતા. તે યશભદ્રાએ તેમની પાસે તે જ ક્રમે દીક્ષા લીધી કે જે રીતે પૂર્વના દૃષ્ટાન્તમાં ધારિણીદેવીએ લીધી હતી. તે બધું વર્ણન અહીં સમજી લેવું. માત્ર ફરક એટલો કે અહીં યશભદ્રાએ પોતાને ઉત્પન્ન થયેલ પુત્રનો ત્યાગ કર્યો નહોતો.

ક્ષુલ્લકકુમાર એનું નામ પાડવામાં આવ્યું. તેણે દીક્ષા લીધી. તે યુવાનીમાં આવ્યો. ત્યારે તેણે વિચાર્યું કે હું દીક્ષા પાળવા સમર્થ નથી. તેથી તેણે માતાને પૂછ્યું કે – "હું અહીંથી જાઉં છું." માતાએ હિતશિક્ષા આપી છતાં તે અટકતો નથી. તેથી માતાએ કહ્યું કે –"તો પછી મારા ખાતર તું બારવર્ષ દીક્ષાનું પાલન કર." ('खाइं' શબ્દ 'पुनः' અર્થમાં જાણવો.) તેણે કહ્યું – "સારું હું બારવર્ષ પાલન કરીશ." બારવર્ષ પૂર્ણ થતાં તે ફરી માતાને પૂછે છે. માતાએ કહ્યું – "મહત્તરિકાને પૂછી જો..." મહત્તરિકાએ પણ બારવર્ષ રહેવાની વાત કરી. એ જ પ્રમાણે આચાર્યના કહેવાથી તે બારવર્ષ દીક્ષાપાલન કરે છે. એ જ પ્રમાણે ઉપાધ્યાયના કહેવાથી પણ બારવર્ષ કાઢે છે. બધાં મળી ૪૮ વર્ષ દીક્ષામાં ટકાવા છતાં ૪૮ વર્ષ પૂર્ણ થયા બાદ તે દીક્ષામાં રહેવા તૈયાર થતો નથી. છેવટે જવાની રજા આપી.

પરંતુ માતાએ કહ્યું કે – "તું અહીં તહીં જતો નહીં. તારા મોટાબાપા (=કાકા) પુંડરિક રાજા છે. આ તારા પિતાસંબંધી મુદ્રિકા (=વીંટી) અને કંબલરત્ન ત્યાંથી નીકળતી એવી હું સાથે

२१. तत्र च श्रावस्त्यामजितसेन आचार्यः, कीर्तिमतिर्महत्तरिका, सा तस्या मूले तेनैव क्रमेण प्रव्रजिता यथा धारिणी तथा विभाषितव्या, नवरं तया दारको न त्यक्तः, क्षुल्लककुमार इति तस्य नाम कृतं, प्रव्रजितः, स यौवनस्थो जातः, चिन्तयति–प्रव्रज्यां न शक्नोमि कर्त्तुं, मातरमापृच्छते–यामि, सा अनुशास्ति तथापि न तिष्ठति, सा भणति–तदा मम्निमित्तं द्वादश वर्षाणि कुरु, भणति–करोमि, पूर्णेषु आपृच्छते, सा भणति–महत्तरिकामापृच्छेति, तस्या अपि द्वादश वर्षाणि, तत आचार्यस्यापि वचनेन द्वादश उपाध्यायस्य द्वादश, एवमष्टचत्वारिंशत् वर्षाणि स्थापितस्तथापि न तिष्ठति, विसृष्टः, पश्चाद् मात्रा भण्यते–मा यत्र वा तत्र वा व्राजीः, पितृव्यस्तव

[२२]पुंडरीओ राया, इमा ते पितिसंतिया मुद्दिया कंबलरयणं च मए निंतीए नीणीयं एयाणि ता गहाय वच्चाहित्ति, गओ णयरं, रण्णो जाणसालाए आवासिओ कल्ले रायाणं पेच्छिहामित्ति, अब्भंतरपरिसाए पेच्छणयं पेच्छइ, सा नट्टिया सव्वरत्तिं नच्चिऊण पभायकाले निद्दाइया, ताहे सा धोरिगिणी चिंतेइ–तोसिया परिसा बहुगं च लद्धं जइ एत्थ वियट्टइ तो धरिसियामोत्ति, ताहे इमं गीतियं पगाइया–'सुट्ठु गाइयं सुट्ठु वाइयं सुट्ठु नच्चियं साम सुंदरि ! अणुपालिय दीहराइयओ सुमिणंते मा पमायए ॥१॥ इयं च गीतिका निगदसिद्धैव, एत्थंतरे खुड्डएण कंबलरयणं छूढं, जसभद्देण जुवराइणा कुंडलं सयसहस्समोल्लं, सिरिकंताए सत्थवाहिणीए हारो सयसहस्समोल्लो, जयसंधिणा अमच्चेण कडगो सयसहस्समोल्लो, कण्णवालो मिंठो तेण अंकुसो सयसहस्सो, कंबलं कुंडलं

---

લઈને નીકળી હતી તે તું લઈને જા." તે નગરમાં ગયો. 'આવતીકાલે હું રાજાને મળીશ' એમ વિચારી તે રાજાની યાનશાળામાં રોકાયો. (તે રાત્રિએ એક નર્તિકાના નૃત્યનો કાર્યક્રમ હતો.) તે ક્ષુલ્લક અભ્યંતરપર્ષદામાં તે નૃત્યને જુએ છે. તે નર્તિકા આખી રાત્રિ નૃત્ય કરીને પ્રભાતકાળે નિદ્રાથી પીડિત થઈ, અર્થાત્ નૃત્ય કરતા–કરતા તે થાકી ગઈ, આંખો ઘેરાવા લાગી. ત્યારે તે નર્તિકાની માતા વિચારે છે કે–"મારી પુત્રીએ પર્ષદાને ખુશ કરી છે અને ઘણું બધું ધન વિગેરે પ્રાપ્ત કર્યું છે. હવે જો તે (થોડા માટે) થાકી જશે તો જોઈએ એવો ફાયદો થશે નહીં." એમ વિચારી માતાએ (દીકરીને શીખામણ આપવા) આ પ્રમાણેનું ગીત ગાયું. (અર્થાત્ ગીતના બહાને શીખામણ આપી.)

"હે સુંદરી ! રાત્રિમાં સુંદર ગાયું, સુંદર વાજિંત્રો વગાડ્યા, સુંદર નૃત્ય કર્યું, આ રીતે આખી રાત્રિ સારી રીતે પસાર કરી છે તો હવે સ્વપ્નના અંતે = રાત્રિના છેલ્લા સમયે (થોડા માટે) તું પ્રમાદ કર નહીં (અર્થાત્ હવે થોડોક જ સમય બાકી છે તેથી તુ થાક નહીં, ઉલ્લાસથી નૃત્ય કર.)" ॥૧॥ આ ગીતનો અર્થ સ્પષ્ટ જ છે. (આ ગીત સાંભળીને સભામાં બેઠેલ ક્ષુલ્લકને ભાન આવ્યું. તે પ્રતિબોધ પામ્યો. એટલે ખુશ થયેલા) તેણે તે સમયે પોતાની પાસે રહેલ કંબલરત્ન (નર્તિકાને) ભેટમાં આપ્યું, યશભદ્રયુવરાજે લાખમૂલ્યનું કુંડલ દાનમાં આપ્યું, શ્રીકાંતનામની સાર્થવાહિણીએ લાખમૂલ્યનો હાર આપ્યો, જયસંધિમંત્રીએ લાખમૂલ્યના કડા=હાથના આભૂષણો આપ્યા, કર્ણપાલ મહાવતે લાખમૂલ્યનું અંકુશ આપ્યું. કંબલ, કુંડલ, એકસેરો હાર, કડા અને અંકુશ

---

२२. पुण्डरीको राजा, इयं च ते पितृसत्का मुद्रिका कम्बलरत्नं मया निर्गच्छन्त्याऽऽनीतं, एते ततो गृहीत्वा व्रज, गतो नगरं राज्ञो यानशालायामुषितः कल्ये राजानं प्रेक्षिष्य इति, अभ्यन्तरपर्षदि प्रेक्षणकं प्रेक्षते, सा नटी सर्वरात्रं नर्त्तित्वा प्रभातकाले निद्रायिता, तदा सा धोरुकिणी चिन्तयति–तोषिता पर्षत् बहु च लब्धं यद्यधुना प्रमाद्यति तर्हि धर्षिताः स्म इति, तदेमां गीतिकां प्रगीतवती–सुष्ठु गीतं सुष्ठु वादितं सुष्ठु नर्त्तितं श्यामायां सुन्दरि !। अनुपालितं दीर्घरात्रं स्वप्नान्ते मा प्रमादीः ॥१॥ अत्रान्तरे क्षुल्लककुमारेण कम्बलरत्नं क्षिप्तं, यशोभद्रेण युवराजेन कुण्डलं शतसहस्रमूल्यं, श्रीकान्तया सार्थवाह्या हारः शतसहस्रमूल्यः, जयसन्धिनाऽमात्येन कटकं शतसहस्रमूल्यं, कर्णपालो मेण्ठस्तेनाङ्कुशः शतसहस्रमूल्यः, कम्बलं कुण्डलं

**[२३]हारेगावलि कडयं अंकुसोत्ति एयाइ सयसहस्समोल्लाइ, जो य किर तत्थ तूसइ वा देइ वा सो सव्वो लिखिज्जइ, जइ जाणइ तो तुट्ठो अह न याणइ तो दंडो तेसिंति सव्वे लिहिया, पभाए सव्वे सद्दाविया, पुच्छिया, खुड्डगो ! तुब्भे कीस दिन्नं ?, सो जहा पियामारिओ तं सव्वं परिकहेइ जाव न समत्थो संजममणुपालेउं, तुब्भं मूलमागओ रज्जं अहिलसामित्ति, सो भणइ–देमि, सो खुड्डगो भणइ–अलाहि, सुमिणंतयं वट्टइ, मरिज्जा, पुव्वकओवि संजमो नासिहित्ति, जुवराया भणइ–तुमं मारेउं मग्गामि थेरो राया रज्जं न देइत्ति, सोवि दिज्जंतं नेच्छइ, सत्थवाहभज्जा भणइ–बारस वरिसाणि पउत्थस्स, पहे वट्टइ, अन्नं पवेसेमि नवत्ति वीमंसा वट्टइ, अमच्चो–**

આ બધાં લાખમૂલ્યના હતા. જે કોઈ ત્યાં ખુશ થાય કે ભેટણાં આપે તે બધાની નોંધ લેવામાં આવતી. (કારણ કે) જો જાણે તો રાજા ખુશ થાય અને જો ન જાણે તો તેઓને રાજા દંડ કરે માટે બધાની નોંધ લેવાતી. (આશય એવો લાગે છે કે નર્તકીને જે ખુશ થઈને દાન આપે તેમાં જો દાન આપવાનું યોગ્ય કારણ હોય તો રાજા દાન આપવા બદલ ખુશ થાય અને જો યોગ્ય કારણ ન હોય તો રાજા તેને દંડ કરે.) દાન આપવા પાછળનું કારણ જાણવા માટે પ્રભાતસમયે રાજાએ ક્ષુલ્લક વિગેરે બધાને બોલાવ્યા. તેમાં પ્રથમ ક્ષુલ્લકને પૂછ્યું કે–"તે શા માટે કંબલરત્ન આપ્યું ?" ક્ષુલ્લકે પિતાના મૃત્યુથી લઈને પોતે સંયમ પાળવામાં અસમર્થ થયો છે ત્યાં સુધીની બધી વાત કરીને છેલ્લે કહ્યું કે "આ રીતે હું તમારી પાસે આવ્યો છું અને રાજ્યની ઇચ્છા રાખું છું."

રાજાએ કહ્યું – "હું રાજ્ય દેવા તૈયાર છું." ત્યારે ક્ષુલ્લકે કહ્યું – "(અત્યાર સુધી મને રાજ્યપ્રાપ્તિની ઇચ્છા હતી. પરંતુ આ નર્તકીની માતાએ નર્તકીને જે શીખામણ આપી તેનાથી હું પણ પ્રતિબોધ પામ્યો છું.) મારો પણ સ્વપ્નાંતસમય ચાલે છે અર્થાત્ આયુષ્યનો અંતિમ સમય ચાલે છે, હું પણ મરી જવાનો છું. પૂર્વે કરાયેલ સંયમપાલન નાશ થશે (જો હું રાજ્ય ગ્રહણ કરીશ તો.) તેથી મારે રાજ્ય ગ્રહણ કરવું નથી. (રાજાએ યુવરાજને પણ દાનનું કારણ પૂછ્યું ત્યારે) યુવરાજે કહ્યું – "હે રાજન્ ! આ ઘરડો રાજા મને એમનેમ રાજ્ય આપશે નહીં' એમ વિચારી હું તમને મારી નાખવા ઇચ્છતો હતો (પરંતુ આ ગીત સાંભળીને હું પણ વૈરાગ્ય પામ્યો છું.)" આ રીતે તે યુવરાજ પણ અપાતા એવા રાજ્યને ઇચ્છતો નથી.

સાર્થવાહની પત્નીને કારણ પૂછતા તેણીએ કહ્યું – "મારા પતિને બહાર ગામ ગયાને બારવર્ષ વીતી ગયા છે. (હું યુવાનીથી પીડિત થઈ હતી તેથી) મને વિચાર આવ્યો કે "હું અન્ય પુરુષને

२३. हार एकावलिकः कटकं अङ्कुश इत्येतानि शतसहस्रमूल्यानि, यश्च किल तत्र तुष्यति ददाति वा स सर्वो लिख्यते, यदि जानाति तदा तुष्टः, अथ न जानाति तदा दण्डस्तेषामिति सर्वे लिखिताः, प्रभाते सर्वे शब्दिताः पृष्टाः, क्षुल्लक ! त्वया किं दत्तं ?, स यथा पिता मारितः तत् सर्वं परिकथयति यावन्न समर्थः संयममनुपालयितुं, युष्माकं पार्श्वमागतः राज्यमभिलष्यामीति, स भणति–ददामि, स क्षुल्लको भणति अलं, स्वप्नान्तो वर्त्तते, म्रिये, पूर्वकृतोऽपि संयमो नश्येदिति, युवराजो भणति–त्वां मारयितुं मृगये स्थविरो राजा राज्यं ददातीति सोऽपि दीयमानं नेच्छति, सार्थवाहभार्या भणति–द्वादश वर्षाणि प्रोषितस्य, पथि वर्त्तते, अन्यं प्रवेशयामि नवेति विमर्शो वर्त्तते, अमात्यः–

[२४] अण्णेहिं रायाणएहिं समं घडामि, पच्चंतरायाणो हत्थिमेंठं भणंति–हत्थिं आणेहि मारेह वत्ति, भणंति ते तहा करेहित्ति भणिया नेच्छंति, खुड्डगकुमारस्स मग्गेण लग्गा पव्वइया, सव्वेहिं लोभो परिचत्तो, एवं अलोभया कायव्वा, अलोभेत्ति गयं ८ । इयाणिं तितिक्खत्ति दारं, तितिक्खा कायव्वा–परीसहोवसग्गाणं अतिसहणंत्ति भणियं होइ, तत्रोदाहरणगाथाद्वयम्—

इंदपुर इंददत्ते बावीस सुया सुरिंददत्ते य ।
महुराए जियसत्तू सयंवरो निव्वुईए उ ॥१२९२॥
अग्गियए पव्वयए बहुली तह सागरे य बोद्धव्वे ।
एगदिवसेण जाया तत्थेव सुरिंददत्ते य ॥१२९३॥

મારા ઘરે પ્રવેશ આપું કે નહીં ?" આવા પ્રકારની મારી વિચારણા ચાલતી હતી (અને આ ગીત મેં સાંભળ્યું તેથી મને થયું કે બાર–બાર વર્ષ તો મેં કાઢી નાંખ્યા હવે તો મારા પતિ) માર્ગમાં જ હશે (અર્થાત્ અહીં આવવાની તૈયારીમાં જ હશે તો શા માટે મારું શીયલ ખંડિત કરું ? એમ વિચારી આ ગીતથી પ્રતિબોધ પામેલી મેં હાર દાનમાં આપ્યો.) રાજાએ મંત્રીને કારણ પૂછ્યું. મંત્રીએ કહ્યું – "હું અન્ય=શત્રુ રાજાઓ સાથે કાવતરું કરતો હતો (પરંતુ આ ગીત સાંભળીને વિચાર્યું કે આટલા વર્ષોથી મેં આ રાજાની દિલથી સેવા કરી છે હવે મારે કેટલું જીવવાનું બાકી છે ? થોડા વરસ માટે શા માટે હું દગો આપું ? એમ વિચારી હું પાછો ફર્યો અને ખુશ થઈને દાનમાં કડા આપ્યા.")

(મહાવતને કારણ પૂછતા તેણે કહ્યું કે) "સીમાડાના રાજાઓએ મહાવતને = મને કહ્યું કે હસ્તિરત્નને તું અમારી પાસે લાવ અથવા આ રાજાને તું મારી નાખ. (પરંતુ આ ગીત સાંભળવાથી પ્રતિબોધ પામતા મેં કંઈ અકાર્ય કર્યું નથી.) આ બધાની વાત સાંભળ્યા પછી રાજાએ તે બધાને કહ્યું કે – "તમે જે રીતે ઇચ્છતા હતા તે રીતે તમે કરો." આ પ્રમાણે રાજાવડે કહેવા છતાં કોઈ પોતાના વિચારોને અમલમાં મૂકવા ઇચ્છતા નથી. ઊલટું ક્ષુલ્લકકુમારની પાછળ બધાએ દીક્ષા લીધી. બધાએ લોભનો ત્યાગ કર્યો. આ પ્રમાણે લોભતા કરવા યોગ્ય છે. 'અલોભ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૮૯–૧૨૯૧॥

**અવતરણિકા :** હવે **'તિતિક્ષા'** દ્વાર જણાવે છે. તિતિક્ષા કરવા યોગ્ય છે એટલે કે પરિષહો અને ઉપસર્ગોનું અતિસહન કરવા યોગ્ય છે. તેમાં ઉદાહરણ માટે બે ગાથા કહેવાય છે ➩

**ગાથાર્થ : ઇન્દ્રપુરનગર – ઇન્દ્રદત્તરાજા – બાવીસ પુત્રો – સુરેન્દ્રદત્ત – મથુરામાં જિતશત્રુરાજા – નિર્વૃતિનો સ્વયંવર – અગ્નિતક, પર્વતક, બહુલિક તથા સાગર આ ચારે એક દિવસે જન્મેલા જાણવા. અને સુરેન્દ્રદત્ત પણ તે જ દિવસે જન્મેલો જાણવો.**

२४. अन्यै राजभिः समं मन्त्रयामि, प्रत्यन्तराजानो हस्तिमेण्ठं भणन्ति–हस्तिनमानय मारय वेति, भणन्ति ते तथा कुर्विति, भणिता नेच्छन्ति, क्षुल्लककुमारस्य मार्गेण लग्नाः प्रव्रजिताः, सर्वैर्लोभः परित्यक्तः, एवमलोभता कर्त्तव्या, अलोभ इति गतं । इदानीं तितिक्षेतिद्वारं, तितिक्षा कर्त्तव्या–परीषहोपसर्गाणां अधिसहनं भणितं भवति ।

अस्य व्याख्या कथानकादवसेया, तच्चेदम्–इंदपुरं[२५] णयरं, इंददत्तो राया, तस्स इट्ठाण वराण देवीणं बावीसं पुत्ता, अण्णे भणंति–एगाए देवीए, ते सव्वे रण्णो पाणसमा, अन्ना एगा धूया अमच्चस्स, सा जं परं परिणंतेण दिट्ठा, सा अण्णया कयाइ ण्हाया समाणी अच्छइ, ताहे रायाए दिट्ठा, कस्सेसा ?, तेहिं भणियं–तुब्भं देवी, ताहे सो ताए समं एक्कं रत्तिं वुच्छो, सा य रितुण्हाया तीसे गब्भो लग्गो, सा य अमच्चेण भणिएल्लिया–जया तुब्भ गब्भो लग्गइ तया ममं साहेज्जासि, ताहे सो दिवसो सिट्ठो मुहुत्तो वेला जं च रायाए उल्लवियं साइतंकारो तेण तं पत्तए लिहियं, सो य सारवेइ, नवण्हं मासाणं दारओ जाओ, तस्स दासचेडाणि तद्दिवसं जायाणि, तं०–अग्गियओ पव्वयओ बहुलिगो सागरगो, ताणि सहजायाणि, तेण कलायरियस्स

ટીકાર્થ : આ બંને ગાથાઓની વ્યાખ્યા કથાનકથી જાણવી. તે કથાનક આ પ્રમાણે છે –

### ❀ (૯) તિતિક્ષા ઉપર નિર્વૃતિકન્યાનું દૃષ્ટાન્ત ❀

ઇન્દ્રપુરનામનાં નગરમાં ઇન્દ્રદત્તનામે રાજા હતો. તેને ઇષ્ટ અને પ્રધાનદેવીઓથી બાવીસ પુત્રો થયા. કેટલાક આચાર્ય કહે છે કે તેને એક જ દેવીથી બાવીસ પુત્રો થયા. તે બધા રાજાને પોતાના પ્રાણસમાન હતા. મંત્રીને એક દીકરી હતી. તેણીને રાજાએ લગ્ન કરતી વખતે જ જોઈ હતી. (અર્થાત્ આ દીકરી સાથે રાજાએ લગ્ન કર્યા. તે સમયે જ રાજાએ એને જોઈ હતી. ત્યાર પછી બીજી વાર જોઈ નહોતી.) એકવાર તે ઋતુસ્નાતા હતી, (અર્થાત્ ઋતુકાળના ત્રણ દિવસ પૂર્ણ થયા હતા.) ત્યારે રાજાએ તેણીને જોઈ. રાજાએ પૂછ્યું – "આ સ્ત્રી કોની છે ?" સેવકાદિએ કહ્યું – "રાજન્ ! આ તમારી જ રાણી છે." ત્યારે રાજા તેણી સાથે એક રાત્રિવાસ કર્યો. તે સમયે સ્ત્રી ઋતુસ્નાત હતી તેથી તેણીને ગર્ભ રહ્યો.

લગ્ન કર્યા તે સમયે મંત્રીએ આ દીકરીને કહી રાખ્યું હતું કે "જ્યારે તને ગર્ભ રહે ત્યારે તું મને કહેજે." (આ પ્રમાણેની મંત્રી સાથે વાત થયેલી હોવાથી જ્યારે ગર્ભ રહ્યો) ત્યારે દીકરીએ પોતાના મંત્રીપિતાને તે દિવસ, મુહૂર્ત, વેળા કહ્યાં. તથા રાજા સાથે રાત્રિસમયે જે કંઈ વાતચીત થઈ હતી તે બધી ખાતરી માટે વાતો કરી. મંત્રીએ તે બધું એક પત્રમાં લખી નાખ્યું. મંત્રી તે પત્ર અને દીકરીનું રક્ષણ કરે છે. નવ મહિના પૂર્ણ થતા બાળકનો જન્મ થયો. તે જ સમયે મંત્રીના દાસોને ત્યાં પણ પુત્રોનો જન્મ થયો તે આ પ્રમાણે – અગ્નિતક, પર્વતક, બહુલિક અને સાગર. આ બધા એક સાથે જન્મ્યા હતા. મંત્રી દૌહિત્રને કલાચાર્ય પાસે લઈ ગયો.

२५. इन्द्रपुरं नगरं, इन्द्रदत्तो राजा, तस्येष्टानां वराणां देवीनां द्वाविंशतिः पुत्राः, अन्ये भणन्ति–एकस्या देव्याः, ते सर्वे राज्ञः प्राणसमाः अन्यैका दुहिता अमात्यस्य सा यत्परं परिणयता दृष्टा, सा अन्यदा ऋतुस्नाता सती तिष्ठति, तदा राज्ञा दृष्टा, कस्यैषा ?, तैर्भणितं–युष्माकं देवी, तदा स तया सममेकां रात्रिमुषितः, सा च ऋतुस्नाता, तस्यां गर्भो लग्नः, सा चामात्येन भणितपूर्वा–यदा तव गर्भो भवेत्तदा मह्यं कथयेः, तया स दिवसो मुहूर्त्तो वेला यच्च राज्ञोल्लप्तं सत्यङ्कारः ( तत् सर्वमुक्तं ) तेन तत् पत्रके लिखितं, स च सारयति, नवसु मासेषु दारको जातः, तस्य दासचेटास्तद्दिवसे जाताः तद्यथा–अग्निः पर्वतकः बहुलिकः सागरः, ते सहजाताः, तेन कलाचार्याय

[26] उवणीओ, तेण लेहाइयाओ बावत्तरिं कलाओ गाहियाओ, जाहे य ताओ गाहेइ आयरिओ ताहे ताणि कड्ढंति विकड्ढंति य, पुव्वपरिच्चएण ताणि रोडंति सोवि ताणि न गणेइ, गहियाओ कलाओ, ते अन्ने गाहिज्जंति बावीसंपि कुमारा, जस्स ते अप्पिज्जंति आयरियस्स तं पिट्टेंति मत्थएहि य हणंति, अह उवज्झाओ ते पिट्टेइ अपढंते ताहे साहेंति माइमिस्सिगाणं, ताहे ताओ भणंति–किं सुलभाणि पुत्तजम्माणि ? ताहे न सिक्खिया । इओ य महुराए जियसत्तू राया, तस्स सुया निव्वुई नाम कण्णया, सा अलंकिया रण्णो उवणीया, राया भणइ–जो ते रोयइ सो ते भत्ता, ताहे ताए णायं– जो सूरो वीरो विक्कंतो से पुण रज्जं दिज्जा, ताहे सा य बलवाहणं गहाय गया इंदपुरं णयरं, रायस्स बहवे पुत्ता सुए, दूओ पयट्टीओ ताहे आवाहिया सव्वे रायाणो, ताहे तेण रायाणएण सुयं–जहा एइ, हट्ठतुट्ठो, उस्सियपडागं णयरं कयं, रंगो कओ, एत्थ एगंमि

કલાચાર્ય પાસે દૌહિત્રએ લેખ વિગેરે બહોત્તેર કળાઓ ગ્રહણ કરી. પરંતુ જ્યારે કલાચાર્ય બધાને કલાઓ શીખવાડે છે ત્યારે તે દાસપુત્રો આચાર્યની નિંદા કરે છે અને આકુળ–વ્યાકુળ કરે છે. પૂર્વપરિચયને કારણે તે બાળકો વિઘ્નો નાખે છે, છતાં આચાર્ય તે બધાની પરવા કર્યા વગર મંત્રીદૌહિત્રને કળાઓ શીખવાડે છે. એ જ પ્રમાણે આચાર્ય તે બાવીસ કુમારોને પણ કળાઓ શીખવાડે છે. જે આચાર્યને આ બાવીસ કુમારો સોંપાયા છે તે આચાર્યને જ તે કુમારો મારે છે અને મસ્તકવડે હણે છે. જ્યારે તે કુમારોને ભણતા ન હોવાથી આચાર્ય મારે છે. ત્યારે તે કુમારો પોતાના માતા–પિતાને ફરિયાદ કરે છે. તેઓ આચાર્યને કહે છે કે – 'શું પુત્રજન્મ=પુત્રપ્રાપ્તિ સુલભ છે ? (કે જેથી તમે અમારા સંતાનોને મારો છો.) તેઓ શીખ્યા નહીં.

બીજી બાજુ મથુરામાં જિતશત્રુરાજા હતો. તેને નિર્વૃતિનામે દીકરી હતી. અલંકારોથી વિભૂષિત કરીને તેણીને રાજા પાસે લાવવામાં આવી. રાજાએ કહ્યું – "તને જે પસંદ પડે તે તારો પતિ થશે." ત્યારે તેણીએ જણાવ્યું કે – "જે પુરુષ શૂરવીર, અને પરાક્રમી હોય તેને (તમારી દીકરી અને) રાજ્ય આપવું." નિર્વૃતિ સૈન્યને લઈને ઇન્દ્રપુરનગરમાં ગઈ. તેણીએ રાજાને ઘણા પુત્રો છે એવું પૂર્વે સાંભળ્યું હતું. દૂત મોકલવામાં આવ્યો. બધા રાજાઓને (સ્વયંવર માટે) બોલાવવામાં આવ્યા. ઇન્દ્રપુરના રાજા ઇન્દ્રદત્તે સાંભળ્યું કે – "જિતશત્રુરાજાની દીકરી અહીં આવે છે." તેથી

२६. उपनीतः तेन लेखादिका द्वासप्ततिः कला ग्राहिताः यदा ता ग्राहयत्याचार्यस्तान् ते कर्षयन्ति विकर्षयन्ति च, पूर्वपरिचयेन ते तिरस्कुर्वन्ति, सोऽपि तान्न गणयति, गृहीताः कलाः, तेऽन्ये ग्राह्यन्ते द्वाविंशतिरपि कुमाराः यस्मै ते अर्प्यन्ते आचार्याय तं पिट्टयन्ति मस्तकेन च घ्नन्ति, अथोपाध्यायस्तान् पिट्टयति अपठतः तदा कथयन्ति मातृप्रभृतीनां, तदा ता भणन्ति–किं सुलभानि पुत्रजन्मानि ? तदा ( ते ) न शिक्षिताः । इतश्च मथुरायां जितशत्रू राजा, तस्य सुता निर्वृतिर्नाम कन्या, साऽलङ्कृता राज्ञ उपनीता, राजा भणति–यो रोचते स ते भर्त्ता, तदा तया ज्ञातं–यः शूरो वीरो विक्रान्तः तस्य पुना राज्यं दद्यात्, तदा सा बलवाहनं गृहीत्वा गतेन्द्रपुरं नगरं, राज्ञो बहवः सुताः श्रुताः, दूतः प्रवर्त्तितः, तदाऽऽहूता अखिला राजानः, तदा तेन राज्ञा श्रुतं यथा सैति, हृष्टतुष्टः, उच्छ्रितपताकं नगरं कृतं, रङ्गः कृतः, अत्रैकस्मिन्

**[२७] अक्खे अट्ठ चक्काणि, तेसिं पुरओ धीइया ठविया, सा पुण अच्छिंमि विंधियव्वा, राया सन्नद्धो निग्गओ सह पुत्तेहिं, ताहे सा कण्णा सव्वालंकारविहूसिया एगंमि पासे अच्छइ, सो रंगो रायाणो य ते डंडभडभोइया जारिसो दोवतीए, तत्थ रण्णो जेट्ठपुत्तो सिरिमाली कुमारो, भणिओ-एसा दारिया रज्जं च भोत्तव्वं, सो वि तुट्ठो, अहं नूणं अण्णेहिंतो राईहिं अब्भहिओ, ताहे सो भणिओ–विंधहत्ति, ताहे सो अकयकरणो तस्स समूहस्स मज्झे तं धणुं घेत्तूण चेव न चाएइ, किहवि अणेण गहियं, तेण जत्तो वच्चइ तत्तो वच्चइत्ति कंडं मुक्कं तं भग्गं, एवं कस्सइ एगं अरयं वोलियं कस्स दो तिण्णि अण्णेसिं बाहिरेण चेव नीति, तेणवि अमच्चेण सो नत्तुगो पसाहिउ तद्दिवसमाणीओ तत्थऽच्छइ, ताहे सो राया ओहयमणसंकप्पो करयलपल्हत्थमुहो–अहो अहं**

ઇન્દ્રદત્તરાજા ઘણો ખુશ થયો. તેણે આખા નગરમાં ધજાઓ ફરકાવડાવી. (સ્વયંવર માટે) રંગમંડપ તૈયાર કરાવ્યો. (તેમાં વ્યવસ્થા આ પ્રમાણે હતી કે) એક ખીલામાં આઠ ચક્રો લગાડવામાં આવ્યા. તે આઠ ચક્રો પછી એક પૂતળી સ્થાપી. તે પૂતળીની આંખ વિંધવાની હતી. ઇન્દ્રદત્તરાજા પોતાના પુત્રો સાથે તૈયાર થઈને સ્વયંવરમંડપમાં આવે છે. ત્યાં તે કન્યા સર્વ અલંકારોથી વિભૂષિત થયેલી એક ખૂણે રહી છે. રંગમંડપ, રાજાઓ, ખંડિયા રાજાઓ, તેના સૈનિકો, અને મુખી વિગેરે બધાનું સ્વરૂપવર્ણન જે રીતે દ્રૌપદીના ચરિત્રમાં કહ્યું છે તે રીતે અહીં જાણી લેવું. રાજાનો મોટો દીકરો શ્રીમાળીકુમાર હતો. રાજાએ તેને કહ્યું – "આ દીકરી અને રાજ્ય તારે મેળવવાનું છે." તે પણ ખુશ થયો– "બીજા રાજાઓ કરતાં હું વધારે છું અર્થાત્ સારો, હોંશિયાર છું." રાજાએ કહ્યું – "આ પૂતળીની આંખને તું વિંધ."

શ્રીમાળીએ ધનુર્વિદ્યા શીખેલી ન હોવાથી બધાની વચ્ચે તે ધનુષ્યને ઉપાડવામાં પણ સમર્થ બન્યો નહીં. છતાં ગમે–તેમ કરીને તેણે ધનુષ્ય ઉપાડ્યું. 'જ્યાં જવું હોય ત્યાં જાય' એમ વિચારી બાણ છોડ્યું. પરંતુ તે (બીજે અથડાતા) તૂટી ગયું. એ જ પ્રમાણે બીજા કુમારે બાણ છોડ્યું જે એક ચક્રને ઓળંગ્યું. કોઈનું બાણ બે ચક્રને ઓળંગ્યું. કેટલાકના બાણ બહારથી જ પસાર થઈ ગયા. આ બાજુ તે મંત્રીએ પણ પોતાના દૌહિત્રને બોલાવીને એને તે જ દિવસે રંગમંડપમાં હાજર જ રાખ્યો હતો. (પોતાના બાવીસ કુમારોની નિષ્ફળતા જોઈને) તે રાજા હણાયેલા મનસંકલ્પવાળો હાથના તળિયે મુખ સ્થાપીને 'અરે ! આ પુત્રોને કારણે લોકોમાં મારી હીનતા થઈ' (એમ વિચારતો)

**२७. चक्रेऽष्ट चक्राणि तेषां पुरतः पुत्तलिकाः स्थापिता, सा पुनरक्षिण वेद्धव्या, राजा सन्नद्धो निर्गतः सह पुत्रैः, तदा सा कन्या सर्वालङ्कारविभूषिता एकस्मिन् पार्श्वे तिष्ठति, स रङ्गः ते राजानो दण्डिकभटभोजिका यादृशो द्रौपद्याः, तत्र राज्ञो ज्येष्ठः पुत्रः श्रीमाली कुमारो, भणित–एषा दारिका राज्यं च भोक्तव्यं, सोऽपि तुष्टः, अहं नूनमन्यराजभ्योऽभ्यधिकः, तदा स भणितः–विध्येति, तदा सोऽकृतकरणस्तस्य समूहस्य मध्ये तद्धनुर्ग्रहीतुमेव न शक्नोति, कथमप्यनेन गृहीतं, तेन यतो व्रजति ततो व्रजत्विति काण्डं मुक्तं, तद्भग्नं एवं कस्यचिदेकमरकं व्यतिक्रान्तं कस्यचिद् द्वे त्रीणि अन्येषां बहिरेव निर्गच्छति, तेनाप्यमात्येन स नप्ता प्रसाध्य तद्दिवसानीतस्तत्र तिष्ठति, तदा स राजोपहतमनःसंकल्पः करतलस्थापितमुखः अहो अहं**

[२८]पुत्तेहिं लोगमज्झे विगोविओत्ति अच्छइ, ताहे सो अमच्चो पुच्छइ–किं तुब्भे देवाणुप्पिया ओहय जाव झायह ?, ताहे सो भणइ-एएहिं अहं लहुईकओ, ताहे भणइ–अत्थि पुत्तो तुब्भं अण्णोवि, कहिं ?, सुरिंददत्तो नाम कुमारो, तं सोवि ता विण्णासेउ मे, ताहे तं राया पुच्छइ–कओ मम एस पुत्तो ?, ताहे ताणि सिट्ठाणि रहस्साणि, ताहे राया तुट्ठो भणइ–सेयं तव पुत्ता ! एए अट्ठ चक्के भेत्तूण रज्जसुक्खं निव्वुत्तिदारियं पावित्तए, ताहे सो कुमारो ठाणं आलीढं ठाइऊण गिण्हइ धणू, लक्खाभिमुहं सरं संधेइ, ताणि चेडरूवाणि ते य कुमारा सव्वओ रोडंति, अण्णे य दोण्णि पुरिसा असिव्यग्रहस्तौ, ताहे सो पणामं रण्णो उवज्झायस्स य करेइ, सोवि से उवज्झाओ भयं दावेइ–एए दोण्णि पुरिसा जइ फिडसि सीसं ते फिड्डइ तेसिं दोण्हवि पुरिसाण ते य चत्तारि ते य बावीसं अगणंतो ताण अट्ठण्हं रहचक्काणं छिद्दाणि जाणिऊण एगंमि छिद्दे

ઉદાસીન બેઠો છે. ત્યારે મંત્રીએ પૂછ્યું – "હે રાજન્ ! તમે શા માટે આ રીતે મનથી હણાયેલા સંકલ્પવાળા ઉદાસીન છો ?" રાજાએ કહ્યું – "આલોકોએ મારી લઘુતા કરી છે." મંત્રીએ કહ્યું – "(તમે ચિંતા કરો નહીં) તમારે બીજો પણ એક પુત્ર છે." "તે ક્યાં છે ?" "તે સુરેન્દ્રદત્તકુમારનામે તમારો પુત્ર છે." "તો તેને મારી પાસે ઉપસ્થિત કરો" એમ રાજાએ કહ્યું. રાજાએ મંત્રીને પૂછ્યું – "આ મારો દીકરો કેવી રીતે ?" (પોતાની પાસે પૂર્વે રાખેલ દિવસ, મૂહુર્ત વિગેરે બતાવવા દ્વારા) રહસ્ય ખોલ્યું. ખુશ થયેલ રાજાએ સુરેન્દ્રદત્તને કહ્યું – "હે પુત્ર ! તારે આ આઠ ચક્રોને ભેદીને નિર્વૃતિકન્યાને અને રાજ્યને પ્રાપ્ત કરવું તે કલ્યાણકારી છે."ત્યારે તે કુમાર આલીઢ (=યુદ્ધ માટેની મુદ્રાવિશેષ) મુદ્રામાં રહીને ધનુષ્યને ગ્રહણ કરે છે અને લક્ષ્ય તરફ પોતાના બાણને તાકે છે. તે સમયે તે દાસપુત્રો અને બાવીસ કુમારો ચારેબાજુથી વિઘ્નો કરે છે.

બીજા બે પુરુષો હાથમાં તલવાર લઈને આજુબાજુ ઊભા છે. સુરેન્દ્રદત્ત રાજા અને ઉપાધ્યાયને પ્રણામ કરે છે. સુરેન્દ્રદત્તનો તે ઉપાધ્યાય પણ તેને ડરાવે છે કે – "જો તું ચૂકીશ તો આ બે પુરુષો તારું મસ્તક છેદી નાંખશે." સુરેન્દ્રદત્ત તે બે પુરુષો, ચાર દાસપુત્રો, અને તે બાવીસ કુમારો આ બધાને ગણકાર્યા વિના તે આઠ ચક્રોનાં છિદ્રોને જાણીને એક છિદ્રમાં સ્થિર એવી દૃષ્ટિવડે બીજી વસ્તુમાં મનને રાખ્યા વગર તે જ લક્ષ્યમાં મનને કરતો તે પૂતળીની આંખને વિંધે છે. તેથી

२८. पुत्रैर्लोकमध्ये विगोपित इति तिष्ठति, तदा सोऽमात्यः पृच्छति–किं यूयं देवानुप्रिया उपहतमनःसंकल्पा यावत् ध्यायत ?, तदा स भणति–एतैरहं लघूकृतः, तदा भणति–अस्ति पुत्रो युष्माकमन्योऽपि, क्व ?, सुरेन्द्रदत्तो नाम कुमारः तत् सोऽपि तावत् विन्यस्यतां मम, तदा तं राजा पृच्छति–कुतो मम पुत्र एषः, तदा तानि शिष्टानि रहस्यानि, तदा राजा तुष्टो भणति–श्रेयस्तव पुत्र ! एतानि अष्ट चक्राणि भित्त्वा राज्यसुखं निर्वृतिदारिकां च प्राप्तुं, तदा स कुमारः स्थानमालीढं स्थित्वा गृह्णाति धनुः, लक्ष्याभिमुखं शरं संदधाति, ते चेटास्ते च कुमाराः सर्वतो बोलं कुर्वन्ति, अन्यौ च द्वौ पुरुषौ, तदा स प्रणामं राज्ञ उपाध्यायस्य च करोति, सोऽपि तस्योपाध्यायो भयं दर्शयति–एतौ द्वौ पुरुषौ यदि स्खलसि शीर्षं ते पातयिष्यतः, तौ द्वावपि पुरुषौ तांश्च चतुरस्तांश्च द्वाविंशतिं अगणयन् तेषामष्टानां रथचक्राणां छिद्राणि ज्ञात्वैकस्मिंश्छिद्रे

[२१]नाऊण अप्फिडियाए दिट्ठीए तंमि लक्खे तेणं अण्णंमि य मणं अकुणमाणेण सा धीतीगा अच्छिमि विद्धा, तत्थ उक्कुट्ठिसीहनायसाहुक्कारो दिण्णो, एसा दव्वतितिक्खा, एसा चेव विभासा भावे, उवसंहारो जहा कुमारो तहा साहू जहा ते चत्तारि तहा चत्तारि कसाया जहा ते बावीसं कुमारा तहा बावीसं परीसहा जहा ते दुवे मणूसा तहा रागद्दोसा जहा धितिगा विंधेयव्वा तहा आराहणा जहा निव्वुत्तीदारिया तहा सिद्धी, तितिक्खत्ति गयं १।

इयाणिं अज्जवत्ति, अज्जवं नाम उज्जुयत्तणं तं कायव्वं तत्थुदाहरणगाहा—

**चंपाए कोसियज्जो अंगरिसी रुद्दए य आणत्ते ।**
**पंथग जोइजसाविय अब्भक्खाणे य संबोही ॥१२९५॥**

इमीए वक्खाणं—चंपाए कोसिअज्जो नाम उवज्झाओ, तस्स दो सीसा—अंगरिसी रुद्दओ य, अंगओ भद्दओ, तेण से अंगरिसी नामं कयं, रुद्दओ सो गंठिछेदओ, ते दोवि तेण उवज्झाएण

ત્યાં લોકોએ હર્ષ અને સિંહનાદ સાથે 'બહુ સરસ, બહુ સરસ,' એ પ્રમાણે સાધુકાર કર્યો. (પૂતળીને વીંધતા સુરેન્દ્રદત્તે જે આજુ–બાજુના લોકોદ્વારા થતી વિટંબણાઓ સહન કરી તે) દ્રવ્યતિતિક્ષા જાણવી. આ જ બધું વર્ણન ભાવતિતિક્ષામાં ઘટાડવું. ઉપસંહાર આ પ્રમાણે કે સુરેન્દ્રદત્તના સ્થાને સાધુ જાણવો, ચાર દાસપુત્રોના સ્થાને ચાર કષાયો જાણવા, બાવીસ કુમારોના સ્થાને બાવીસ પરિષહો જાણવા, બે પુરુષોના સ્થાને રાગ–દ્વેષ જાણવા. પૂતળી વિંધવી એટલે આરાધના કરવી, અને નિર્વૃતિ કન્યાના સ્થાને સિદ્ધિ જાણવી. 'તિતિક્ષા' દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૯૨–૧૨૯૩॥

અવતરણિકા : હવે **'આર્જવ'** દ્વાર જણાવે છે. તેમાં આર્જવ એટલે સરળતા. તે રાખવા યોગ્ય છે. તેમાં ઉદાહરણગાથા આ પ્રમાણે જાણવી ⇨

**ગાથાર્થ : ચંપાનગરીમાં કૌશિકાર્ય – અંગર્ષિ અને રુદ્રને આજ્ઞા – પંથકપુત્ર –જ્યોતિર્યશા – અભ્યાખ્યાન – સંબોધન.**

**ટીકાર્થ :** આ ગાથાની વ્યાખ્યા (કથાનકથી જાણવી.)

### ❋ (૧૦) સરળતા ઉપર અંગર્ષિનું દૃષ્ટાન્ત ❋

ચંપાનગરીમાં કૌશિકાર્યનામે ઉપાધ્યાય હતો. તેને અંગર્ષિ અને રુદ્ર એમ બે શિષ્યો હતા. અંગ એ સરળ હતો તેથી તેનું નામ અંગર્ષિ પાડ્યું. રુદ્ર ગ્રંથિને છેદનારો = ચોર હતો. ઉપાધ્યાયે

२१. ज्ञात्वाऽस्फिटितया दृष्ट्या तस्माल्लक्ष्यात् अन्यस्मिन् मनोऽकुर्वता तेन सा पुत्तलिकाऽक्षिण विद्धा, तत्रोत्कृष्टिसिंहनादपुरस्साधुकारो दत्तः, एषा द्रव्यतितिक्षा, एषैव विभाषा भावे, उपसंहारो यथा कुमारस्तथा साधुः यथा ते चत्वारस्तथा चत्वारः कषाया यथा ते द्वाविंशतिः कुमारास्तथा द्वाविंशतिः परीषहा यथा तौ द्वौ पुरुषौ तथा रागद्वेषौ यथा पुत्तलिका वेद्धव्या तथाऽऽराधना यथा निर्वृतिदारिका तथा सिद्धिः । तितिक्षिते गतं, इदानीमार्जवमिति, आर्जवं नाम ऋजुत्वं, तत्कर्त्तव्यं, तत्रोदाहरणगाथा, अस्या व्याख्यानं–चम्पायां कौशिकार्यो नामोपाध्यायः, तस्य द्वौ शिष्यौ–अङ्गर्षिः रुद्रश्च, अङ्गको भद्रकस्तेन तस्याङ्गर्षिः नाम कृतं, रुद्रः स ग्रन्थिच्छेदकः, तौ–द्वावपि तेनोपाध्यायेन

[३१]दारुगाणं पड्डविया, अंगरिसी अडवीओ भारगं गहाय पडिएति, रुद्दओ दिवसे रमित्ता वियाले संभरियं ताहे पहाविओ अडविं, तं च पेच्छइ दारुगभारएण एंतगं चिंतेइ – निच्छूढोमि उवज्झाएणंति, इओ य जोइजसा नाम वच्छवाली पुत्तस्स पंथगस्स भत्तं नेऊण दारुगभारएण एइ, रुद्दएण सा एगाए खड्डाए मारिया, तं दारुगभारगं गहाय अण्णेण मग्गेण पुरओ आगओ उवज्झायस्स हत्थे धुणमाणो कहेइ–जहा तेण तुज्झ सुंदरसीसेण जोइजसा मारिया, रमएण विभासा, सो आगओ, धाडिओ, वणसंडे चिंतेइ–सुहज्झवसावेण जाती सरिया संजमो केवलनाणं देवा महिमं करेंति, देवेहिं कहियं, जहा एएण अब्भक्खाणं दिन्नं, रुद्दगो लोगेण हीलिज्जइ, सो चिंतेइ–सच्चं मए अब्भक्खाणं दिन्नं, सो चिंतेंतो संबुद्धो पत्तेयबुद्धो, इयरो बंभणो बंभणी य

બંનેને લાકડાં લેવા જંગલમાં મોકલ્યા. અંગર્ષિ જંગલમાંથી લાકડાનો ભારો લઈને પાછો ફરે છે. રુદ્ર દિવસે રમત–ગમતમાં લીન હોવાથી લાકડાં લાવવાનું ભૂલી જાય છે. તેને સાંજના સમયે યાદ આવે છે તેથી લાકડાં લેવા તે જંગલ તરફ દોડે છે. રસ્તામાં લાકડાંના ભારને લઈને આવતા અંગર્ષિને તે જુએ છે અને વિચારે છે કે "મને ઉપાધ્યાય નક્કી કાઢી મૂકશે." બીજી બાજુ જ્યોતિર્યશાનામની ગોવાલણ પંથકપુત્ર માટે ભોજન લઈને લાકડાના ભાર સાથે આવી રહી હતી. રુદ્રે તેણીને એક ખાડામાં પાડીને મારી નાંખી.

તેણીના લાકડાંનો ભાર લઈને અન્ય રસ્તેથી પ્રથમ પહોંચીને ઉપાધ્યાયના હાથમાં તે ભારને આપતો આ પ્રમાણે કહે છે કે તમારા સુંદરશિષ્યે જ્યોતિર્યશાને મારી નાંખી. તે દિવસે રમતો હતો વિગેરે પોતાનું વર્ણન અંગર્ષિના નામે ઉપાધ્યાયને કહ્યું. અંગર્ષિ આવ્યો. ઉપાધ્યાયે તેને કાઢી મૂક્યો. વનખંડમાં જઈને તે વિચારે છે. ત્યાં તેને શુભ અધ્યવસાયને કારણે જાતિસ્મરણજ્ઞાન થયું. સંયમ ગ્રહણ કર્યું. કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. દેવોએ આવીને જ્ઞાનનો મહિમા કર્યો. દેવોએ ઉપાધ્યાયને કહ્યું કે રુદ્રે અભ્યાખ્યાન કર્યું છે અર્થાત્ ખોટું આળ ચઢાવ્યું છે. લોકોએ રુદ્રનો તિરસ્કાર કર્યો. તે વિચારવા લાગ્યો કે "વાત સાચી છે મેં આળ ચઢાવ્યું હતું." પશ્ચાત્તાપ કરતો તે પ્રતિબોધ પામ્યો, પ્રત્યેકબુદ્ધ થયો. તે બ્રાહ્મણ=ઉપાધ્યાય અને તેની પત્ની બંનેએ પણ દીક્ષા લીધી, કેવલજ્ઞાન

३१. दारुकेभ्यः प्रस्थापितौ, अङ्गर्षिरटवीतो भारं गृहीत्वा प्रत्येति, रुद्रको दिवसे रन्त्वा विकाले स्मृतं यदा तदा प्रधावितोऽटवीं, तं च प्रेक्षते दारुकभारेणायान्तं, चिन्तयति च निष्काशितोऽस्मि उपाध्यायेनेति, इतश्च ज्योतिर्यशा नाम वत्सपालिका पुत्रस्य पन्थकस्य भक्तं नीत्वा दारुकभारकेणायाति, सा रुद्रकेणैकस्यां गर्तायां मारिता, तं दारुकभारं गृहीत्वाऽन्येन मार्गेण पुरत आगत उपाध्यायस्य हस्ते ददत् कथयति–यथा तेन तव सुन्दरशिष्येण ज्योतिर्यशा मारिता, रमणेण विभाषाः स आगतः, निर्धाटितो वनषण्डे चिन्तयति–शुभाध्यवसानेन जातिः स्मृता संयमः केवलज्ञानं महिमानं देवाः कुर्वन्ति, देवैः कथितं यथैतेनाभ्याख्यानं दत्तं, रुद्रको लोकेन हील्यते, स चिन्तयति–सत्यं मयाऽभ्याख्यानं दत्तं, स चिन्तयन् संबुद्धः, प्रत्येकबुद्धः जातः, इतरो ब्राह्मणो ब्राह्मणी च

[32]दोवि पव्वइयाणि, उप्पण्णणाणाणि सिद्धाणि चत्तारिवि, एवं कायव्वं वा न कायव्वं वेति, अज्जवत्ति गयं १०। इयाणिं सुइत्ति, सुई नाम सच्चं, सच्चं च संजमो, सो चेव सोयं, सत्यं प्रति योगाः सङ्गृहीता भवन्ति, तत्रोदाहरणगाथा—

**सोरिअ सुरंवरेवि अ सिट्ठी अ धणंजए सुभद्दा य।**
**वीरे अ धम्मघोसे धम्मजसेऽसोगपुच्छा य ॥१२९५॥**

सोरियपुरं णयरं, तत्थ सुरवरो जक्खो, तत्थ सेट्ठी धणंजओ नाम, तस्स भज्जा सुभद्दा, तेहिं सुरवरो नमंसिओ, पुत्तकामेहिं उवाइयं सुरवरस्स कयं—जइ पुत्तो जायइ तो महिसगसएणं जण्णं करेमि, ताणं संपत्ती जाया, ताणि संबुज्झिहिन्तित्ति सामी समोसढो, सेट्ठी निग्गओ, संबुद्धो, अणुव्वयाणि गिण्हामित्ति जइ जक्खो अणुजाणइ, सोवि जक्खो उवसामिओ, अण्णे भणंति—

ઉત્પન્ન થયું. ચારે જણા સિદ્ધ થયા. આ પ્રમાણે અંગર્ષિની જેમ સરળતા રાખવી અથવા રુદ્ર જેવું કરવું નહીં. 'આર્જવ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૯૪॥

**અવતરણિકા :** હવે **'શુચિ'** દ્વાર જણાવે છે. શુચિ એટલે સત્ય અને સંયમ એ સત્ય છે. તથા સંયમ એ જ-શૌચ છે. સત્ય=સંયમને કારણે યોગો સંગૃહીત થાય છે. તેમાં ઉદાહરણગાથા ⇨

**ગાથાર્થ : શૌર્યપુરનગર – સુરવરયક્ષ – ધનંજયશ્રેષ્ઠિ – સુભદ્રાપત્ની – પ્રભુવીરનું પધારવું – પ્રભુવીરને બે શિષ્યો ધર્મઘોષ અને ધર્મયશ – અશોકવૃક્ષ – પૃચ્છા.**

**ટીકાર્થ : ❀ (૧૧) શુચિ (દેશસુચિ) ઉપર ધનંજયશ્રેષ્ઠિનું દૃષ્ટાન્ત ❀**

શૌર્યપુરનામનું નગર હતું. ત્યાં સુરવરનામે યક્ષ હતો. ધનંજયનામે શ્રેષ્ઠી અને સુભદ્રાનામે તેની પત્ની હતી. આ દંપતી યક્ષને નમસ્કાર કરે છે. પુત્રની ઇચ્છાથી તે દંપતીએ યક્ષની માનતા માની કે "જો અમને પુત્ર ઉત્પન્ન થશે તો એકસો પાડાઓની બલિ આપવાદ્વારા યજ્ઞ કરાવીશું." તેઓને પુત્રપ્રાપ્તિ થઈ. એવામાં આ દંપતી પ્રતિબોધ પામશે એવું જાણીને તે નગરમાં ભગવાન પધાર્યા. શ્રેષ્ઠિ વંદનાર્થે નીકળ્યો. પ્રતિબોધ પામ્યો. જો યક્ષ અનુજ્ઞા = રજા આપે તો હું અણુવ્રતો ગ્રહણ કરું (એમ તેણે કહ્યું.) તે યક્ષને પણ ભગવાને પ્રતિબોધ કર્યો.

કેટલાક આચાર્યો આ પ્રમાણે જણાવે છે કે (ધનંજયશ્રેષ્ઠિએ એકસો પાડાઓ યજ્ઞમાં આપીશ એવી માનતા માની હતી. તેથી જ્યારે) શ્રેષ્ઠિએ પ્રભુવીર પાસે અણુવ્રતો ગ્રહણ કર્યા ત્યારે (યક્ષે

**३२. द्वे अपि प्रव्रजिते, उत्पन्नज्ञानाश्चत्वारोऽपि सिद्धाः । एवं कर्तव्यं वा न कर्त्तव्यं वेति । आर्जवमिति गतं, इदानीं शुचिरिति, शुचिर्नाम सत्यं, सत्यं च संयमः स एव शौचं, शौर्यपुरं नगरं, तत्र सुरवरो यक्षः, तत्र श्रेष्ठी धनञ्जयो नाम, तस्य भार्या सुभद्रा, ताभ्यां सुरवरो नमस्कृतः पुत्रकामाभ्यामुपयाचितं सुरवरस्य कृतं—यदि पुत्रो भविष्यति तर्हि महिषशतेन यज्ञं करिष्यामि, तयोः संपत्तिर्जाता, तौ संभोत्स्यन्त इति स्वामी समवसृतः, श्रेष्ठी निर्गतः, संबुद्धः, अनुव्रतानि गृह्णामीति यदि यक्षोऽनुजानीते, सोऽपि यक्ष उपशान्तः, अन्ये भणन्ति—**

[33]वएहिं ★गहिएहिं मग्गिओ, दयाए न देइ, नियसरीरसयखंडपवज्जणेण कतिवयखंडेसु कएसु सेट्ठी चिंतेइ अहोऽहं धण्णो ! जेण इमाए वेयणाए पाणिणो ण जोइयत्ति, सत्तं परिक्खिऊण सुरवरो सयं चेव पडिबुद्धो, पिट्ठमया वा कया, एष देशशुचिः श्रावकत्वं, सर्वशुची सामिस्स दो सीसा– धम्मघोसो धम्मजसो य, एगस्स असोगवरपायवस्स हेट्ठा गुणेंति, ते पुव्वण्हे ठिया अवरण्हेवि छाया ण परावत्तइ, एगो भणइ–तुज्झ लद्धी, बीओ भणइ–तुज्झ लद्धी, एगो काइगभूमिए गओ, बितिओवि तहेव, नायं जहा एगस्सवि न होइ एस लद्धीत्ति पुच्छिओ सामी–कहेइ तस्स उप्पत्ती—

सोरियसमुद्दविजए जन्नजसे चेव जन्नदत्ते य ।
सोमित्ता सोमजसा उंछविही नारदुप्पत्ती ॥१२९६॥
अणुकंपा वेयड्ढो मणिकंचण वासुदेव पुच्छा य ।

---

શ્રેષ્ઠિ પાસે એકસો પાડાઓ) માંગ્યા. શ્રેષ્ઠિ જીવદયામાં પરિણત થયેલો હોવાથી પાડાઓ આપતો નથી. પરંતુ પોતાના શરીરના એકસો ટુકડા આપવા તૈયાર થાય છે. એટલે પોતાના શરીરના કેટલાક ટુકડા થયા બાદ શ્રેષ્ઠિ વિચારે છે કે અહો ! હું ધન્ય છું કે જેથી આવી વેદના સાથે મેં પ્રાણીઓને જોડ્યા નહીં (અર્થાત્ એકસો પાડાઓને મરાવવાદ્વારા આવી વેદના તે પાડાઓને સહન કરવી પડી નહીં.)

સત્ત્વની પરીક્ષા કરીને સુરવરયક્ષ પોતે જાતે જ પ્રતિબોધ પામ્યો. અથવા (કેટલાક એમ પણ કહે છે કે) તેને લોટમાંથી બનાવેલા પાડાઓ આપ્યા. શ્રેષ્ઠિનું શ્રાવકપણું એ દેશશુચિ (=દેશસંયમ) જાણવો. સર્વશુચિ આ પ્રમાણે જાણવી – પ્રભુવીરને બે શિષ્યો હતા ધર્મઘોષ અને ધર્મયશ. બંને મહાત્માઓ એક અશોકવૃક્ષની નીચે બેસીને પોતાનો સ્વાધ્યાય કરે છે. તેઓ પૂર્વાહ્ન સમયે ત્યાં બેઠા હતા. (સ્વાધ્યાય કરતા–કરતા સાંજનો સમય થયો.) સાંજના સમયે પણ તેમની ઉપર પડતો છાંયડો ખસતો નથી. તેથી એક કહે છે "આ તારી લબ્ધિ છે." બીજો કહે છે "આ તારી લબ્ધિ છે." બેમાંથી એક માત્રુભૂમિ તરફ ગયો. બીજો પણ તે જ રીતે માત્રુ કરવા ગયો. (છતાં છાંયડો ખસતો નથી. તેથી) બંનેએ જાણ્યું કે "બંનેમાંથી કોઈની આ લબ્ધિ નથી." બંનેએ સ્વામીને પૂછ્યું ॥૧૨૯૫॥ સ્વામી તેની ઉત્પત્તિ કહે છે ⇨

**ગાથાર્થ : શૌર્યપુરનગર – સમુદ્રવિજય રાજા – યજ્ઞયશ તાપસ – તેનો પુત્ર યજ્ઞદત્ત – તાપસની પત્ની સૌમિત્રા – પુત્રવધૂ સોમયશા – ભિક્ષાવૃત્તિ – નારદની ઉત્પત્તિ – અનુકંપા –**

---

३३. व्रतेषु गृहीतेषु मार्गितः, दयया न ददाति, निजशरीरशतखण्डैः प्रपद्यमाने कतिपयेषु खण्डेषु कृतेषु श्रेष्ठी चिन्तयति–अहो अहं धन्यो येन मयाऽनया वेदनया प्राणिनो न योजिता इति, सत्त्वं परीक्ष्य सुरवरः स्वयमेव प्रतिबुद्धः, पिष्टमया वा कृताः । स्वामिनो द्वौ शिष्यौ–धर्मघोषो धर्मयशाश्च, एकस्य वराशोकपादपस्याधस्ताद् गुणयन्तौ तौ पूर्वाह्ने स्थितौ अपराह्नेऽपि छाया न परावर्त्तते, एको भणति–तव लब्धिः, द्वितीयो भणति–तव लब्धिः, एकः कायिकीभूमिं गतः, द्वितीयोऽपि तथैव, ज्ञातं यथा नैकस्याप्येषा लब्धिरिति, पृष्टः स्वामी कथयति तस्योत्पत्तिं । ★ 'सण्णिहिएहिं'– प्रत्य. ।

सीमंधरजुगबाहू जुगंधरे चेव महबाहू ॥१२९७॥

गाथा द्वितयम्, अस्य व्याख्या– [३४]सोरियपुरे समुद्दविजओ जया राया आसि तया जण्णजसो तावसो आसी, तस्स भज्जा सोमित्ता, तीसे पुत्तो जन्नदत्तो, सोमजसा सुण्हा, ताण पुत्तो नारदो, ताणि उंछवित्तीणि, एगदिवसं जेमेंति एगदिवसं उववासं करेंति, ताणि तं नारदं असोगरुक्खहेट्ठे पुव्वण्हे ठविऊण दिवसं उंछंति, इओ य वेयड्ढाए वेसमणकाइया देवा जंभगा तेणं २ वीतीवयंति, पेच्छंति दारगं, ओहिणा आभोएंति, सो ताणं देवनिकायाओ चुओ, तो तं अणुकंपाए तं छाहिं थंभेंति–दुक्खं उण्हे अच्छइत्ति, पडिनियत्तेहिं ★नीओ सिक्खाविओ य–प्रद्युम्नवत्, केइ भणंति–

वैताढ्य – મણિ – કંચન – વાસુદેવ – પૃચ્છા – સીમંધર – યુગબાહુવાસુદેવ – યુગંધરતીર્થંકર – મહાબાહુવાસુદેવ.

ટીકાર્થ : બંને ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી –

## ❀ (૧૧) શુચિ (સર્વશુચિ) ઉપર નારદનું દૃષ્ટાન્ત ❀

શૌર્યપુરનગરમાં જ્યારે સમુદ્રવિજય રાજા હતો ત્યારે ત્યાં યજ્ઞયશનામનો તાપસ હતો. તેને સૌમિત્રાનામે પત્ની હતી. તેણીને યજ્ઞદત્તનામે પુત્ર અને સોમયશાનામે પુત્રવધૂ હતી. તે પુત્ર–પુત્રવધૂને નારદનામે પુત્ર હતો. તેઓ ભિક્ષાવૃત્તિથી જીવનારા હતા. તેઓ એક દિવસ જમતા અને એક દિવસ ઉપવાસ કરતા..તે બંને પોતાના દીકરા નારદને અશોકવૃક્ષની નીચે પૂર્વાહ્નસમયે મૂકીને દિવસ દરમિયાન ભિક્ષા માંગતા હતા.

બીજી બાજુ વૈતાઢ્યપર્વત ઉપર રહેતા વૈશ્રમણનિકાયના જૃંભક દેવો એકવાર ત્યાંથી પસાર થાય છે. તેઓ તે બાળકને જુએ છે. અવધિવડે ઉપયોગ મૂકે છે (કે આ કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? વિગેરે.) તે બાળક તેમની જ = જૃંભગદેવનિકાયમાંથી જ ચ્યવીને બાળકરૂપે જન્મ્યો છે (એવું તેઓએ જોયું.) તેથી તેની ઉપરની અનુકંપાથી દેવો 'તડકામાં આ બાળકને પીડા થશે' એમ વિચારી તે છાંયડાને સ્થંભિત = સ્થિર કરે છે. પાછા ફરતા દેવો તે બાળકને વૈતાઢ્યપર્વત ઉપર લઈ ગયા અને ત્યાં પ્રદ્યુમ્નની જેમ (પ્રજ્ઞપ્તિ વિગેરે વિદ્યાઓ) શીખવાડી. (આશય એ છે કે પ્રદ્યુમ્ન જ્યારે બાળક હતો ત્યારે પૂર્વભવનો વૈરી ધૂમકેતુનામનો દેવ તે બાળકને મારી નાખવાની ઇચ્છાથી વૈતાઢ્યપર્વત ઉપર લઈ ગયો. પુણ્યપ્રભાવે ત્યાં તે બાળક બચી જાય છે અને સંવરનામના વિદ્યાધરના હાથમાં આવે છે. તે પોતાની પત્નીને પુત્રરૂપે રાખવા આપે છે. ત્યાં તેને મોટો થયા બાદ પ્રજ્ઞપ્તિ વિગેરે વિદ્યાઓની પ્રાપ્તિ થાય છે. એની જેમ જ અહીં પ્રસ્તુતમાં જૃંભગદેવો નારદને

३४. शौर्यपुरे नगरे समुद्रविजयो यदा राजाऽऽसीत् तदा यज्ञयशास्तापस आसीत्, तस्य भार्या सौमित्री आसीत्, तस्याः पुत्रो यज्ञदत्तः सोमयशाः स्नुषा, तयोः पुत्रो नारदः तावुञ्छवृत्ती, एकस्मिन् दिवसे जेमत एकस्मिन् दिवसे उपवासं कुरुतः, तौ तं नारदमशोकवृक्षस्याधस्तात् पूर्वाह्णे स्थापयित्वोञ्छतः, इतश्च वैताढ्ये वैश्रमणकायिका देवा जृम्भकास्तेनाध्वना व्यतिव्रजन्ति, प्रेक्षन्ते दारकं, अवधिनाऽऽभोगयन्ति, स तेषां देवनिकायाच्च्युतः, ततस्तदनुकम्पया तां छायां स्तम्भयन्ति–दुःखमुष्णे तिष्ठतीति, प्रतिनिवृत्तैर्नीतः शिक्षितश्च, केचिद् भणन्ति– ★ 'नीसीहिओ' पूर्वमुद्रिते ।

[३५]ऍसा असोगपुच्छा, नारदुप्पत्ती य—सो उम्मुक्कबालभावो तेहिं देवेहिं पुव्वभवपिययाए विज्जाजंभएहिं पन्नत्तिमादियाओ सिक्खाविओ, सो मणिपाउआहिं कंचणकुंडियाए आगासेण हिंडइ, अण्णया बारवइमागओ, वासुदेवेण पुच्छिओ—किं शौचं इति ?, सो ण तरति णिव्वेढेउं, वक्खेवो कओ अण्णाए कहाए, उट्ठेत्ता पुव्वविदेहे सीमंधरसामिं जुगबाहूवासुदेवो पुच्छइ—किं शौचं ?, तित्थगरो भणइ—सच्चं सोयंति, तेण एगेण पएण सव्वपज्जाएहि अवधारियं, पुणो अवरविदेहं गओ, जुगंधरतित्थगरं महाबाहू नाम वासुदेवो पुच्छइ तं चेव, तस्सवि सव्वं उवगयं, पच्छा बारवइमागओ वासुदेवं भणइ—किं ते तया पुच्छियं ?, ताहे सो तं भणइ—सोयंति, भणइ—सच्चंति, पुच्छिओ—

---

વૈતાઢ્યઉપર લઈ જાય છે અને ત્યાં પ્રજ્ઞપ્તિ વિગેરે વિદ્યાઓ આપે છે.) કેટલાક આચાર્યો કહે છે કે અશોકવૃક્ષની છાયાની પૃચ્છા કે જે શિષ્યોએ (ગા. ૧૨૯૫માં) પ્રભુવીરને કરી તે પૃચ્છાનું આ વર્ણન કર્યું અને નારદઉત્પત્તિનું વર્ણન (હવે બતાવે છે –)

નારદ બાળક મટીને જ્યારે મોટો થયો ત્યારે પૂર્વભવની મૈત્રીને કારણે તે જૃંભકદેવોએ પ્રજ્ઞપ્તિ વિગેરે વિદ્યાઓ શીખવાડી. તે નારદ મણિઓથી યુક્ત પાદુકા પહેરીને સોનાની કુંડી સાથે રાખીને આકાશમાં ફરે છે. તેવામાં એકવાર તે દ્વારિકાનગરીમાં ગયો. ત્યાં વાસુદેવે નારદને પૂછ્યું કે કઈ વસ્તુ શૌચાત્મક છે ? (અર્થાત્ કઈ વસ્તુ પવિત્ર છે ?) નારદ જવાબ આપવા શક્તિમાન બનતો નથી. તેથી બીજી વાતો કરવાદ્વારા વ્યાક્ષેપ કર્યો (અર્થાત્ વાત બદલવાદ્વારા કાળ પસાર કર્યો.) ત્યાંથી ઊઠીને (નારદ પૂર્વમહાવિદેહમાં ગયો.) પૂર્વવિદેહમાં યુગબાહુવાસુદેવ સીમંધરસ્વામિને પૂછે છે કે – "કઈ વસ્તુ શૌચ છે ?" તીર્થંકરે કહ્યું – "સત્ય શૌચ છે." યુગબાહુવાસુદેવે તે એકપદવડે જ સર્વપર્યાયોથી યુક્ત સત્યનું અવધારણ કરી લીધું. (પરંતુ નારદને તો એટલો જ ખ્યાલ આવ્યો કે સત્ય એ શૌચ છે, પણ સત્ય એટલે શું ? વિગેરે કઈ ખ્યાલ આવ્યો નહીં.) નારદ ત્યાંથી પશ્ચિમવિદેહમાં ગયો. ત્યાં મહાબાહુવાસુદેવ યુગંધરતીર્થંકરને તે જ પ્રશ્ન પૂછે છે.

(ભગવાન તે જ ઉત્તર આપે છે. તે એકપદવડે જ) મહાબાહુને પણ બધો ખ્યાલ આવી ગયો. (પરંતુ નારદને પૂર્વની જેમ જ માત્ર સત્ય એ શૌચ છે એટલો જ ખ્યાલ આવ્યો.) ત્યાંથી નીકળી તે નારદ દ્વારિકામાં આવીને વાસુદેવને કહે છે કે – "ત્યારે તે મને શું પૂછ્યું હતું ?" વાસુદેવે કહ્યું–"શૌચ શું છે ?" નારદે જવાબ આપ્યો કે "સત્ય એ શૌચ છે." વાસુદેવે ફરી

---

३५. एषाऽशोकपृच्छा, नारदोत्पत्तिश्च—स उन्मुक्तबालभावस्तैर्देवैः पूर्वभवप्रियतया विद्याजृम्भकैः प्रज्ञप्त्यादिकाः शिक्षितः, स मणिपादुकाभ्यां काञ्चनकुण्डिकयाऽऽकाशेन हिण्डते, अन्यदा द्वारवतीमागतो, वासुदेवेन पृष्टः—स न शक्नोत्युत्तरं दातुं, व्याक्षेपः कृतः अन्यया कथया, उत्थाय पूर्वविदेहेषु सीमन्धरस्वामिनं युगबाहुवासुदेवः पृच्छति— तीर्थकरो भणति—सत्यं शौचमिति, तेनैकेव पदेन सर्व्वपर्यायैरवधारितं, पुनरपरविदेहेषु युगन्धरतीर्थकरं महाबाहुर्नाम वासुदेवः पृच्छति तदेव, तस्मादपि सर्वमुपगतं, पश्चाद् द्वारवतीमागतो वासुदेवं भणति—किं त्वया तदा पृष्टं ?, तदा स तं भणति—शौचमिति, भणति—सत्यमिति, पृष्टः—

[३६] किं सच्चं ?, पुणो ओहाइओ, वासुदेवेण भणियं–जेहिं ते एयं पुच्छियं तहिं एयंपि पुच्छियं होंतंति खिंसिओ, तेण भणियं–सच्चं भट्टारओ न पुच्छिओ, विचिंतेउमारद्धो, जाई सरिया, पच्छा अतीव सोयवंतो पत्तेयबुद्धो जाओ, पढममज्झयणं सो चेव वदइ, एवं सोएण जोगा संगहिया भवंति, सोएत्ति गयं ११।

इयाणिं सम्मद्दिट्ठित्ति, संमद्दंसणविसुद्धीएवि किल योगाः सङ्गृह्यन्ते, तत्थ उदाहरणगाहा —

**सागेयम्मि महाबल विमलवहे चेव चित्तकम्मे य ।**
**निप्फत्ति छट्ठमासे भुमीकम्मस्स करणं च ॥ १२९८ ॥**

अस्या व्याख्या–कथानकादवसेया तच्चेदं-साकेते महब्बलो राया, अत्थाणीए दूओ पुच्छिओ–किं नत्थि मम जं अन्नेसिं राईणं अत्थित्ति ?, चित्तसभत्ति, कारिया, तत्थ दोवि चित्तकरावप्रतिमौ विख्यातौ विमलः प्रभाकरश्च, तेसिं अद्धद्धेणं अप्पिया, जवणियंतरिया

પૂછ્યું કે – "સત્ય શું છે ?" આ સાંભળીને નારદનું મુખ પાછું નીચું થઈ ગયું. વાસુદેવે કહ્યું – "જ્યાં તે શૌચ માટે પૂછ્યું હતું ત્યાં સત્ય માટે પણ પૂછ્યું હોત તો" એમ કહી ઠપકો આપ્યો. નારદે જવાબ આપ્યો કે – "સત્ય માટે તો મેં પૂજ્યને = તીર્થંકરને પૂછ્યું નહીં." નારદ વિચારવા લાગ્યા. જાતિસ્મરણજ્ઞાન થયું. પાછળથી નહીં પૂછવા બદલ અત્યંત શોક કરતો તે નારદ પ્રત્યેકબુદ્ધ થયો. શૌચસંબંધી જ પ્રથમ અધ્યયન તે કહે છે. (અર્થાત્ શૌચવિષયક પ્રથમ દેશના આપે છે.) આ પ્રમાણે શૌચવડે યોગો સંગૃહીત થાય છે. 'શૌચ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૯૬–૯૭॥

**અવતરણિકા :** હવે 'સમ્યગ્દષ્ટિ' દ્વાર જણાવે છે. (સમ્યગ્ દષ્ટિ = સમ્યગ્દર્શનની શુદ્ધિ.) સમ્યગ્દર્શનની શુદ્ધિદ્વારા પણ યોગો સંગૃહીત થાય છે. તેમાં ઉદાહરણ ગાથા ⇨

**ગાથાર્થ :** **સાકેતનગર – મહાબળરાજા – વિમલ અને પ્રભાકર બે ચિત્રકારો – એકે ચિત્ર પૂર્ણ કર્યું – બીજાએ છ મહિના સુધી ભૂમિકર્મ કર્યું.**

**ટીકાર્થ :** ગાથાની વ્યાખ્યા કથાનકથી જાણવી. તે આ પ્રમાણે –

### ❀ (૧૨) સમ્યગ્દષ્ટિ ઉપર પ્રભાકરનું દૃષ્ટાન્ત ❀

સાકેતનગરમાં મહાબળરાજા હતો. સભામંડપમાં તેણે દૂતને પૂછ્યું કે – "મારી પાસે એવું શું નથી કે જે બીજા રાજાઓ પાસે હોય ?" દૂતે કહ્યું – "ચિત્રસભા નથી." રાજાના આદેશથી ચિત્રસભા માટે ભૂમિનું ગ્રહણ થયું. તે નગરમાં બે અપ્રતિમ (તેમના જેવા બીજા ન હોય તેવા) ચિત્રકારો પ્રસિદ્ધ હતા વિલમ અને પ્રભાકર. બંનેને અડધી–અડધી ભૂમિ વહેંચી આપી. બંને વચ્ચે

३६. किं सत्यं ?, पुनरपभ्राजितः, वासुदेवेन भणितं–यत्र त्वयैतत् पृष्टं तत्रैतदपि पृष्टमभविष्यदिति निर्भर्त्सितः, तेन भणितं–सत्यं भट्टारको पृष्टः, विचिन्तयितुमारब्धः, जातिः स्मृता, पश्चादतीव शौचवान् प्रत्येकबुद्धो जातः, प्रथममध्ययनं स एव वदति । एवं शौचेन योगाः संगृहीता भवन्ति । शौचमिति गतं, इदानीं सम्यग्दृष्टिरिति, सम्यग्दर्शनविशुद्ध्यापि, तत्रोदाहरणगाथा । साकेते महाबलो राजा, आस्थान्यां दूतः पृष्टः–किं नास्ति मम यदन्येषां राज्ञां अस्ति ?, चित्रसभेति, कारिता, तत्र द्वौ चित्रकरौ, ताभ्यामर्धामर्धा अर्पितवान्, यवनिकान्तरितौ

[३७]चिंत्तेइ, एगेण निम्मवियं, एगेण भूमी कया, रायाए तस्स दिट्ठं तुट्ठो, पूइयो य, प्रभाकरो पुच्छिओ भणइ–भूमी कया, न ताव चित्तेमित्ति, राया भणइ–केरिसया भूमी कयत्ति ?, जवणिया अवणीया, इयरं चित्तकम्मं निम्मलयरं दीसइ, राया कुविओ, विन्नविओ–पभा एत्थं संकंतत्ति, तं छाइयं, नवरि कुड्डं, तुट्ठेण एवं चेव अच्छउत्ति भणिओ, एवं संमत्तं विसुद्धं कायव्वं, तेनैव योगाः सङ्गृहीता भवन्ति, सम्यग्दृष्टिरिति गतं १२।

इयाणिं समाहित्ति समाधानं–चित्तसमाधानं तत्थोदाहरणगाहा–

**णयरं सुदंसणपुरं सुसुणाए सुजस सुव्वए चेव ।**
**पव्वज्ज सिक्खमादी एगविहारे य फासणया ॥१२९९॥**

व्याख्या–कथानकादवसेया, तच्चेदम्–सुंदसणपुरे सुसुनागो गाहावई, सुजसा भज्जा,

---

પડદો કરીને બંને જણા પોત–પોતાનું ચિત્ર દોરવા લાગે છે. તેમાં વિમલે ચિત્ર દોરીને પૂર્ણ કર્યું. જ્યારે પ્રભાકરે માત્ર ભૂમિને સ્વસ્છ કરવાનું કામ કર્યું. રાજા વિમલના ચિત્રને જોઈને ખુશ થયો અને તેનો પૂજાસત્કાર કર્યો.

પ્રભાકરને પૂછતાં પ્રભાકરે કહ્યું કે "મેં હજુ ભૂમિ જ સ્વસ્છ કરી છે પણ ચિત્ર દોર્યું નથી." રાજાએ પૂછ્યું – "કેવા પ્રકારની ભૂમિ તે તૈયાર કરી છે ?" પડદો દૂર કર્યો. વિમલે જે ચિત્ર દોર્યું હતું તેનું પ્રતિબિંબ આ દિવાલ ઉપર પડતા તે વધુ નિર્મલતર ચિત્ર દેખાતું હતું. રાજા (એનું એ જ ચિત્ર જોઈને) ગુસ્સે થયો. પ્રભાકરે રાજાને જણાવ્યું કે (આ ચિત્ર નથી. પરંતુ) સામે રહેલ ચિત્રની પ્રભા અહીં સંક્રાંત થઈ છે. (રાજાને વિશ્વાસ ન બેઠો તેથી પ્રભાકરની વાત સાચી છે કે નહીં તે જોવા) વિમલનું ચિત્ર ઢાંકી દીધું. ત્યારે ચિત્રને બદલે માત્ર ભિંત જુએ છે. તેથી ખુશ થયેલ રાજા પ્રભાકરને કહે છે કે "ચિત્ર દોરવાની જરૂર નથી આને એમ જ રહેવા દે" (જેમ પ્રભાકરે દિવાલ ચોખ્ખી કરી) એ જ પ્રમાણે સમ્યક્ત્વ વિશુદ્ધ કરવા યોગ્ય છે. તે વિશુદ્ધસમ્યક્ત્વથી જ યોગો સંગૃહીત થાય છે. 'સમ્યગ્દષ્ટિ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૯૮॥

**અવતરણિકા :** હવે **'સમાધિ'** દ્વાર જણાવે છે. સમાધિ એટલે સમાધાન અર્થાત્ ચિત્તનું સ્વાસ્થ્ય. તેમાં ઉદાહરણગાથા ⇨

**ગાથાર્થ : સુદર્શનપુરનગર – શિશુનાગશ્રેષ્ઠિ – તેની પત્ની સુયશા – પુત્ર સુવ્રત – દીક્ષા – શિક્ષા વિગેરે – એકવિહારની સ્પર્શના.**

**ટીકાર્થ :** વ્યાખ્યા કથાનકથી જાણવી. તે આ પ્રમાણે છે –

---

३७. चित्रयतः, एकेन निर्मितं, एकेन भूमी कृता, राज्ञा तस्य दृष्टं, तुष्टः पूजितश्च, प्रभाकरः पृष्टो भणति–भूमी कृता, न तावत् चित्रयामीति, राजा भणति–कीदृशी भूमिः कृतेति, यवनिकाऽपनीता, इतरच्चित्रकर्म निर्मलतरं दृश्यते, राजा कुपितः, विज्ञप्तः–प्रभाऽत्र संक्रान्तेति, तच्छादितं, नवरं कुड्यं, तुष्टेनैवमेव तिष्ठत्विति भणितः, एवं सम्यक्त्वं विशुद्धं कर्त्तव्यं । इदानीं समाधिरिति, तत्रोदाहरणगाथा । सुदर्शनपुरे शिशुनागः श्रेष्ठी, सुयशास्तस्य भार्या,

[३८] सड्ढाणि, ताण पुत्तो सुव्वओ नाम सुहेण गब्भे अच्छिओ सुहेण वड्डिओ एवं जाव जोव्वणत्थो संबुद्धो आपुच्छित्ता पव्वइओ पढिओ, एक्कल्लविहारपडिमं पडिवण्णो, सक्कपसंसा, देवेहिं परिक्खिओ अणुकूलेण, धण्णो कुमारबंभचारी एगेण, बीएण को एयाओ कुलसंताणच्छेदगाओ अधण्णोत्ति ?, सो भगवं समो, एवं मायापित्ताणि सविसयपसत्ताणि दंसियाणि, पच्छा मारिज्जंतगाणि कलुणं कूवेंति, तहावि समो, पच्छा सव्वे उऊ विउव्विता दिव्वाए इत्थियाए सविब्भमं पलोइयं मुक्कदीहनीसासमवऊढो, तहावि संजमे समाहिततरो जाओ, णाणमुप्पण्णं, जाव सिद्धो, समाहित्ति गयं १३ ।

आयारेत्ति इयाणिं, आयारउवगच्छणयाए योगाः सङ्गृह्यन्ते, एत्थोदाहरणगाहा—

## ❀ (૧૩) સમાધિ ઉપર સુવ્રતમુનિનું દૃષ્ટાન્ત ❀

સુદર્શનપુરમાં શિશુનાગનામે શ્રેષ્ઠિ હતો. તેને સુયશાનામે પત્ની હતી. બંને જણા ધર્મમાં શ્રદ્ધાવાળા હતા. તેઓને સુવ્રતનામે પુત્ર સુખપૂર્વક ગર્ભમાં રહ્યો. (સુખપૂર્વક તેનો જન્મ થયો.) સુખપૂર્વક મોટો થયો. આમ ક્રમશઃ યુવાન અવસ્થામાં આવ્યા બાદ તે પ્રતિબોધ પામ્યો. માતા–પિતાને પૂછીને તેણે દીક્ષા લીધી. (ગ્રહણ–આસેવનશિક્ષા) તે ભણ્યો. એકલવિહારપ્રતિમાને તેણે સ્વીકારી. દેવલોકમાં ઇન્દ્રે તેની પ્રશંસા કરી. બે દેવોએ અનુકૂલ ઉપસર્ગોદ્વારા તેની પરીક્ષા કરી. (પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી)'એક દેવે 'કુમારાવસ્થામાં આ બ્રહ્મચારી હોવાથી ધન્ય છે' એમ પ્રશંસા કરી.

બીજા દેવે 'કુલ અને સંતાનનો ઉચ્છેદ કરનાર એવી (આ દીક્ષાને) કોણ સ્વીકારે ? (જ્યારે આ મુનિએ આવી દીક્ષાઓ સ્વીકારી છે માટે) અધન્ય છે' એમ નિંદા કરી. નિંદા અને પ્રશંસા થવા છતાં તે ભગવાન સમભાવમાં રહ્યાં. એ જ પ્રમાણે દેવો મુનિના માતા–પિતાને પોતાના ગામમાં આપત્તિમાં પડેલા બતાવે છે. પાછળથી મરણ અવસ્થાને પામતા તેઓ કરુણ રીતે વિલાપ કરે છે. છતાં મુનિ સમભાવમાં જ રહે છે. ત્યાર પછી સર્વ ઋતુઓને વિકુર્વી, (જેથી મોહનો ઉદય થાય.) દિવ્ય એવી સ્ત્રીએ = દેવલોકની દેવીએ વિલાસપૂર્વક મુનિ તરફ જોયું. દીર્ઘનિઃશ્વાસને મૂકવા સાથે તે દેવીએ સાધુ સાથે આલિંગન કર્યું છતાં તે સાધુ સંયમમાં વધુ સ્થિર થયો. કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ક્રમશઃ સિદ્ધ થયો. 'સમાધિ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૯૯॥

**અવતરણિકા :** હવે **'આચારોપગ'** દ્વારા જણાવે છે. આચારપાલનમાં માયારહિતતાથી યોગો સંગૃહીત થાય છે. અહીં ઉદાહરણગાથા ➪

३८. श्राद्धौ, तयोः पुत्र सुव्रतो नाम सुखेन गर्भे स्थितः सुखेन वृद्धः एवं यावत् यौवनस्थः संबुद्धः, आपृच्छ्य प्रव्रजितः पठितः, एकाकिविहारप्रतिमां प्रतिपन्नः, शक्रप्रशंसा, देवैः परीक्षितोऽनुकूलेन, धन्यः कुमारब्रह्मचारी एकेन, द्वितीयेन क एतस्मात् कुलसन्तानच्छेदकादधन्य इति ?, स भगवान् समः, एवं मातापितरौ स्वविषयप्रसक्तौ दर्शितौ, पश्चात् मार्यमाणौ करुणं कूजतः, तथाऽपि समः, पश्चात् सर्वा ऋतवो विकुर्विता दिव्यया स्त्रिया सविभ्रमं प्रलोकितं मुक्तदीर्घनिःश्वासमुपगूढः तथाऽपि संयमे समाहिततरो जातः, ज्ञानमुत्पन्नं यावत् सिद्धः । समाधिरिति गतं, आचार इतीदानीं, आचारोपगततया योगाः, अत्रोदाहरणगाथा ।

**पाडलिपुत्त हुयासण जलणसिहा चेव जलणडहणे य ।**
**सोहम्मपलियपणए आमलकप्पाइ णट्टविही ॥१३००॥**

व्याख्या कथानकादवसेया, तच्चेदं—[३१]पाडलिपुत्ते हुयासणो माहणो, तस्स भज्जा जलणसिहा, सावगाणि, तेसिं दो पुत्ता जलणो डहणो य, चत्तारिवि पव्वइयाणि, जलणो उज्जुसंपण्णो, डहणो मायाबहुलो, एहित्ति वच्चइ, वच्चाहि एइ, सो तस्स ठाणस्स अणालोइयपडिक्कंतो कालगओ, दोवि सोधम्मे उववन्ना सक्कस्स अब्भितरपरिसाए, पंच पलिओवमाति ठिती, सामी समोसढो आमलकप्पाए अंबसालसवणे चेइए, दोवि देवा आगया, नट्टविहिं दाएंति दोवि जणा, एगो उज्जुगं विउविस्सामित्ति उज्जुगं विउव्वइ, इमस्स विवरीयं जायं, तं च दट्ठूण गोयमसामिणा सामी पुच्छिओ, ताहे सामी तेसिं पुव्वभवं कहेइ—मायादोसोत्ति, एवं आयारोवगत्तणेण जोगा संगहिया

**ગાથાર્થ : પાટલિપુત્ર – હુતાશનબ્રાહ્મણ – જ્વલનશિખાપત્ની – જ્વલન અને દહન બે પુત્રો – સૌધર્મદેવલોક – પાંચ પલ્યોપમની સ્થિતિ – આમલકલ્પાનગરી – નાટ્યવિધિ.**

**ટીકાર્થ :** વ્યાખ્યા કથાનકથી જાણવી. તે કથાનક આ પ્રમાણે છે –

### ❋ (૧૪) 'આચારોપગ' ઉપર જ્વલનબ્રાહ્મણનું દૃષ્ટાન્ત ❋

પાટલિપુત્રમાં હુતાશનનામે બ્રાહ્મણ હતો. તેને જ્વલનશિખાનામે પત્ની હતી. બને શ્રાવક–શ્રાવિકા હતા. તેઓને બે પુત્રો હતા – જ્વલન અને દહન. ચારે જણાએ દીક્ષા લીધી. તેમાં જ્વલન સરળ હતો અને દહન માયાભરપૂર હતો. તેને આવવાનું કહો તો જાય અને જાવાનું કહો તો આવે. દહન પોતાની માયાની આલોચના–પ્રતિક્રમણ કર્યા વિના કાળ પામ્યો. બંને મરીને સૌધર્મદેવલોકમાં ઇન્દ્રની અભ્યંતરપર્ષદામાં ઉત્પન્ન થયા. બંનેની પાંચ પલ્યોપમની આયુસ્થિતિ હતી.

આ બાજુ આમલકલ્પાનગરીના અંબશાલવનચૈત્યમાં ભગવાન પધાર્યા. બંને દેવો ત્યાં આવે છે. બંને જણા નાટ્યવિધિને દેખાડે છે. એક દેવ 'ઋજુ વિકુર્વિશ' એમ વિચારી ઋજુ વિકુર્વે છે (અર્થાત્ જે પ્રમાણે વિકુર્વાની ઇચ્છા રાખે છે તે પ્રમાણે વિકુર્ણા થાય છે.) જ્યારે બીજા દેવને વિપરીત થાય છે (અર્થાત્ ઋજુ વિકુર્ણા કરવા જતા વક્ર વિકુર્ણા થાય. આમ, પોતાની ઇચ્છા પ્રમાણેની વિકુર્ણા થવાને બદલે વિપરીત વિકુર્ણા થાય છે.) આ જોઈને ગૌતમસ્વામી ભગવાન વીરને પૂછે છે (કે આવું થવાનું કારણ શું ?) ત્યારે સ્વામી તે બંનેના પૂર્વભવને કહે છે – (એમાં આવું થવાના કારણ તરીકે તે દેવે પૂર્વભવમાં કરેલ) માયાદોષ જણાવે છે. આમ આચારોપગપણાથી

३१. पाटलिपुत्रे हुताशनो ब्राह्मणः, तस्य भार्या ज्वलनशिखा, श्रावकौ, तयोर्द्वौ पुत्रौ—ज्वलनो दहनश्च, चत्वारोऽपि प्रव्रजिताः, ज्वलन ऋजुतासंपन्नः दहनो मायाबहुलः, आयाहीति व्रजति व्रजेत्यायाति, स तस्य स्थानस्यानालोचितप्रतिक्रान्तः कालगतः, द्वावपि सौधर्मे उत्पन्नौ शक्रस्याभ्यन्तरपर्षदि, पञ्च पल्योपमानि स्थितिः, स्वामी समवसृतः आमलकल्पायामाम्रशालवने चैत्ये, द्वावपि देवावागतौ नृत्यविधिं दर्शयतः द्वावपि जनौ, एक ऋजु विकुर्वविष्यामीति ऋजुकं विकुर्वति, अस्य विपरीतं जातं, तच्च दृष्ट्वा गौतमस्वामिना स्वामी पृष्टः, तदा स्वामी तयोः पूर्वभवं कथयति—मायादोष इति, एवमाचारोपगतया योगाः संगृहीता

[૪૦] भवंति, आयारोवगेत्ति गयं १४।

इयाणिं विणओवगत्तणेण जोगा संगहिया भवंति, तत्थ उदाहरणगाहा—

**उज्जेणी अंबरिसी मालुग तह निंबए य पव्वज्जा।**
**संकमणं च परगणे अविणय विणए य पडिवत्ती ॥१३०१॥**

व्याख्या कथानकादवसेया, तच्चेदं—उज्जेणीए अंबरिसी माहणो, मालुगा से भज्जा, सड्ढाणि, निंबगो पुत्तो, मालुगा कालगया, सो पुत्तेण समं पव्वइओ, सो दुव्विणीओ काइयभूमीए कंटए निक्खणइ, सज्झायं पट्ठविन्ताणं छीयइ, कालं उवहणइ, असज्झायं करेइ, सव्वं च सामायारीं वितहं करेइ, ताहे पव्वइया आयरियं भणंति—अथवा एसो अच्छउ अहवा अम्हेत्ति, निच्छूढो, पियावि से पिट्ठओ जाइ, अन्नस्स आयरियस्स मूलं गओ, तत्थवि निच्छूढो, एवं किर

એટલે કે આચારસેવનમાં માયા ન કરવાથી (જ્વલનની જેમ) યોગો સંગૃહીત થાય છે. 'આચારોપગ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૦૦॥

**અવતરણિકા :** હવે **'વિનયોપગ'** દ્વાર જણાવે છે. વિનયોપગપણાથી એટલે કે અહંકાર ન કરવાથી યોગો સંગૃહીત થાય છે. તેમાં ઉદાહરણગાથા ⇨

**ગાથાર્થ : ઉજ્જયિની – અંબર્ષિબ્રાહ્મણ – માલુકાપત્ની – નિંબકપુત્ર – દીક્ષા – પરગણમાં સંક્રમણ – અવિનય – વિનયનો સ્વીકાર.**

**ટીકાર્થ :** વ્યાખ્યા કથાનકથી જાણવી. તે કથાનક આ પ્રમાણે છે –

### ❋ (૧૫) 'વિનયોપગ' ઉપર નિંબકમુનિનું દૃષ્ટાન્ત ❋

ઉજ્જયિનીનગરીમાં અંબર્ષિબ્રાહ્મણ હતો. તેને માલુકાનામે પત્ની હતી. બંને શ્રાવકો હતા. તેઓને નિંબકનામે પુત્ર હતો. માલુકા મૃત્યુ પામી. અંબર્ષિએ પુત્ર સાથે દીક્ષા લીધી. પુત્ર નિંબક દુર્વિનીત હોવાથી માત્રાની ભૂમિમાં કાંટાઓ નાખે છે. જેથી સ્વાધ્યાય કરતા સાધુઓ જ્યારે માત્રુ કરવા જાય ત્યારે તે કાંટાઓ તેમને પગમાં લાગે જેથી કાલ હણાય છે. અર્થાત્ (લોહી વિગેરે નીકળવાને કારણે) અસજ્ઝાય થાય છે. તે નિંબક બધી સામાચારી ખોટી રીતે કરે છે. જેથી અન્ય સાધુઓ આચાર્યને કહે છે કે – કાં તો આ રહે, કાં તો અમે રહીએ.

આચાર્યે તેને ગચ્છમાંથી બહાર કાઢ્યો. તેના પિતા તેની પાછળ ગચ્છમાંથી નીકળી જાય છે. નિંબક બીજા આચાર્ય પાસે જાય છે. ત્યાં પણ આચાર્ય તેના અવિનયને કારણે ગચ્છમાંથી બહાર

૪૦. भवन्ति। आचारोपग इति गतं, इदानीं विनयोपगतत्वेन योगाः संगृहीता भवन्ति, तत्रोदाहरणगाथा। उज्जयिन्यामम्बर्षिर्ब्राह्मणः, मालुका तस्य भार्या, श्राद्धौ, निम्बकः पुत्रः, मालुका कालगता, स पुत्रेण समं प्रव्रजितः, स दुर्विनीतः कायिकीभूमौ कण्टकान् निखनति स्वाध्यायं प्रस्थापयत्सु (साधुषु) क्षौति, कालमुपहन्ति, अस्वाध्यायं करोति, सर्वां च समाचारीं वितथां करोति, तदा प्रव्रजिता आचार्यं भणन्ति—अथ चैष तिष्ठतु अथवा वयमिति, निष्काशितः, पिताऽपि तस्य पृष्ठे याति, अन्यस्याचार्यस्य मूलं गतः, तत्रापि निष्काशितः, एवं किल

[४१] उज्जेणीए पंच पडिस्सगसयाणि सव्वाणि हिंडियाणि, निच्छूढो य सो खंतो सन्नाभूमीए रोवइ, सो भणइ—किं खंता ! रोवसित्ति?, तुमं नामं कयं निंबओत्ति एयं न अण्णहत्ति, एएहिं अणायारेहिं तुज्झंतणएण च अहंपि ठायं न लभामि, न य वट्टइ उप्पव्वइउं, तस्सवि अधिती जाया, भणइ—खंत्ता ! एक्कसिं कहिंचि ठायं मग्गाहि, भणइ—मग्गामि जइ विणीओ होसि एक्कसि नवरं, पव्वइयाणं मूलं गया, पव्वइयगा खुहिया, सो भणइ—न करेहित्ति, तहवि निच्छंति, आयरिया भणंति—मा अज्जो ! एवं होह, पाहुणगा ताव अज्जकल्लं जाहिंति, ठिया, ताहे खुल्लओ तिण्णि २ उच्चारपासवणाणं बारस भूमीओ पडिलेहित्ता सव्वा सामायारी विभासियव्वा सा अवितहा, साहू तुट्ठा, सो निंबओ अमयखुड्डगो जाओ, तरतमजोगेण पंचवि पडिस्सगसयाणि

કાઢે છે. આ રીતે ઉજ્જયિનીમાં પાંચસો ઉપાશ્રયો હતા. તે બધા બાપ–દિકરો ફરી વળ્યા. બધેથી કાઢી મૂકેલ તે પિતામુનિ સંજ્ઞાભૂમિમાં બેઠા રડે છે. ત્યારે પુત્રમુનિ પૂછે છે – "હે પિતા ! તમે શા માટે રડો છો ?" પિતાએ કહ્યું – "તારું નામ નિંબક છે તે ખોટું નથી. (અર્થાત્ તું ખરેખર અવિનયી હોવાથી ખરેખર લીંબડા જેવો જ કડવો છે.) તારા આ અનાચારોને કારણે મને પણ ક્યાંય સ્થાન મળતું નથી. અને દીક્ષા છોડવી પણ યોગ્ય નથી.

નિંબકને પણ અધૃતિ થઈ. તેણે કહ્યું – "હે પિતા ! એકવાર ક્યાંક સ્થાન પ્રાપ્ત કરો." પિતામુનિએ કહ્યું – "હું ક્યાંક સ્થાન ગોતું પરંતુ જો તું વિનયી બનવાનો હોય તો." બંને જણા સાધુઓ પાસે ગયા. સાધુઓ બંનેને જોઈને ગભરાયા. પિતામુનિએ કહ્યું – (ચિંતા ન કરો મારો પુત્ર હવે અવિનય વિગેરે) કરશે નહીં. છતાં સાધુઓ ગચ્છમાં રાખવા ઇચ્છતા નથી. આચાર્યે કહ્યું – હે આર્ય ! તમે આવા બનો નહીં. આ બંને મહેમાન છે આજ–કાલમાં જતા રહેશે. બંને તે ગચ્છમાં રહ્યા. ત્યારે તે પુત્રમુનિ માત્રુ–સ્થંડિલની ત્રણ–ત્રણ એમ બાર ભૂમિઓનું પડિલેહણ કરે છે વિગેરે સર્વ સામાચારી સુવ્યવસ્થિત રીતે કરે છે. આ જોઈને સાધુઓ ખુશ થયા. તે નિંબક અમરક્ષુલ્લક થયો (અર્થાત્ હવે કોઈપણ સાધુના હૃદયમાંથી તે મરતો નથી.)

તરતમ યોગવડે (અર્થાત્ કોઈ ગચ્છમાં ૧૦ દિવસ તો કોઈ ગચ્છમાં ૧૫ દિવસ રોકાણ કરીને ધીરે ધીરે) પાંચસો ઉપાશ્રયો તેનાદ્વારા સંમાનિત કરાયા, આરાધિત કરાયા. કોઈ ગચ્છ તેને

४१. उज्जयिन्यां पञ्च प्रतिश्रयशतानि सर्वाणि हिण्डितौ, निष्काशितश्च स वृद्धः संज्ञाभूमौ रोदिति, स भणति—किं वृद्ध ! रोदिषीति ?, तव नाम कृतं निम्बक इति एतन्नान्यथेति, एतैरनाचारैस्त्वदीयैश्चाहमपि स्थानं न लभे, न च वर्त्तते उत्प्रव्रजितुं, तस्याप्यधृतिर्जाता, भणति—वृद्ध !, एकशः कुत्रापि स्थानमन्वेषय, भणति—मार्गयामि यदि विनीतो भवस्येकशः परं, प्रव्रजितानां मूलं गतौ, प्रव्रजिताः क्षुब्धाः, स भणति—न करिष्यतीति, तथापि नेच्छन्ति, आचार्या भणन्ति—मैवं भवतार्याः, प्राघूर्णकौ तावदद्य कल्ये यास्यत इति, स्थितौ, तदा क्षुल्लकः तिस्रः २ उच्चारप्रश्रवणयोर्द्वादश भूमीः प्रतिलिख्य सर्वाः समाचारीः ( करोति ), विभाषितव्याः सा अवितथाः, साधवस्तुष्टाः, स निम्बकोऽमृतक्षुल्लको जातः, तरतमयोगेन पञ्चापि प्रतिश्रयशतानि

[४२]समाणियाणि आराहियाणि, निग्गंतुं न दिंति, एवं पच्छा सो विणओवगो जाओ, एवं कायव्वं, विणओवएत्ति गयं १५ ।

इयाणिं धिइमई यत्ति, धित्तीए जो मतिं करेइ तस्य योगाः सङ्गृहीता भवन्ति, तत्थोदाहरणगाहा—

**नयरी य पंडुमहुरा पंडववंसे मई य सुमई य ।**
**वारीवसभारुहणे उप्पाइय सुट्ठियविभासा ॥१३०२॥**

अस्यापि व्याख्या कथानकादवसेया, तच्चेदं–णयरी य पंडुमहुरा, तत्थ पंच पंडवा, तेहिं पव्वयंतेहिं पुत्तो रज्जे ठविओ, ते अरिट्ठनेमिस्स पायमूले पट्ठिया, हत्थिकप्पे भिक्खं हिंडंता सुर्णेति–जहा सामी कालगओ, गहियं भत्तपाणं विगिंचित्ता सेत्तुंजे पव्वए भत्तपच्चक्खाणं करेंति, णाणुप्पत्ती, सिद्धा य । ताण वंसे अण्णो राया पंडुसेणो नाम, तस्स दो धूयाओ –मई सुमई य, ताओ उज्जंते चेइयवंदियाओ सुरट्ठं वारिवसभेण – वारिवसभो नाम वाहणं तेण–

નીકળવા દેતા નથી. આ પ્રમાણે પાછળથી તે નિંબક વિનયોપગ થયો. આ પ્રમાણે કરવા યોગ્ય છે. 'વિનયોપગ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૦૧॥

**અવતરણિકા :** હવે **'ધૃતિમતિ'** દ્વાર જણાવે છે. ધૃતિને વિશે જે મતિને કરે છે તેને યોગો સંગૃહીત થાય છે. તેમાં ઉદાહરણગાથા ⇨

**ગાથાર્થ : પાંડુમથુરાનગરી – પાંડવવંશમાં મતિ અને સુમતિ નામે બે કન્યાઓ – વારિવૃષભવાહણમાં ચઢવું – ઉત્પાત થવો – સુસ્થિતદેવનું વર્ણન.**

**ટીકાર્થ :** વ્યાખ્યા કથાનકથી જાણવા યોગ્ય છે. તે આ પ્રમાણે છે –

### ❀ (૧૬) 'ધૃતિમતિ' ઉપર મતિ–સુમતિનું દૃષ્ટાન્ત ❀

પાંડુમથુરાનામની નગરી હતી. ત્યાં પાંચ પાંડવો હતા. દીક્ષા લેવા સમયે તેઓએ પુત્રને રાજ્ય ઉપર સ્થાપ્યો. તે પાંચે અરિષ્ટનેમિપ્રભુ પાસે જવા નીકળ્યા. વચ્ચે હસ્તિકલ્પનામના ગામમાં ભિક્ષા માટે ફરતા તેઓ સાંભળે છે કે પ્રભુનું નિર્વાણ થયું. ગ્રહણ કરેલા ભોજન–પાનીને પરઠવીને શત્રુંજયપર્વત ઉપર અનશન કરે છે. ત્યાં તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને સિદ્ધિ પામ્યા. તેઓના વંશમાં પાંડુસેનનામે એક બીજો રાજા થયો. તેને બે કન્યાઓ હતી મતિ અને સુમતિ. તે બંને કન્યાઓ ઉજ્જયંતપર્વત ઉપર ચૈત્યોને વંદન કરવા માટે સૌરાષ્ટ તરફ વારિવૃષભનામના વહાણદ્વારા સમુદ્રના માર્ગે આવે છે.

४२. सन्मानितानि आराद्धानि, निर्गन्तुं न ददति, एवं स पश्चात् स विनयोपगो जातः, एवं कर्त्तव्यं । विनयोपग इति गतं, इदानीं धृतिमतिरिति, धृतौ यो मतिं करोति तस्य–तत्रोदाहरणगाथा । नगरी च पाण्डुमथुरा, तत्र पञ्च पाण्डवाः, तैः प्रव्रजद्भिः पुत्रो राज्ये स्थापितः, तेऽरिष्ठनेमेः पादमूलं प्रस्थिताः, हस्तिकल्पे हिण्डमानाः श्रृण्वन्ति–यथा स्वामी कालगतः, गृहीतं भक्तपानं त्यक्त्वा शत्रुञ्जये पर्वते भक्तप्रत्याख्यानं कुर्वन्ति, ज्ञानोत्पत्तिः सिद्धाश्च । तेषां वंशे अन्यो राजा पाण्डुषेणो नाम, तस्य द्वे दुहितरौ–मतिः सुमतिश्च, ते उज्जयन्ते चैत्यवन्दिके सुराष्ट्रं वारिवृषभेन–वारिवृषभो नाम वाहनं तेन–

[४३]समुद्देण एंतित्ति, उप्पाइयं उट्ठियं लोगो खंदरुद्दे नमंसइ, इमाहि थणियतरागं अप्पा संजमे जोइओ, एसो सो कालोत्ति, भिन्नं वहणं संजयत्तंपि सिणायगत्तंपि कालगयाओ सिद्धाओ, एगत्थ सरीराणि उच्छल्लियाणि, सुट्ठिएण लवणाहिवइणा महिमा कया, देवुज्जोए ताहे तं पहासं तित्थं जायं, दोहिंवि तहिं धीतीए मतिं करेंतीहि जोगा संगहिया, धिइमई यत्ति गयं १६।

इयाणिं संवेगेत्ति, सम्यग् उद्वेगः संवेगः, तेण संवेगेण जोगा संगहिया भवंति, तत्रोदाहरणगाथाद्वयं—

**चंपाए मित्तपभे धणमित्ते धणसिरी सुजाते य ।**
**पियंगू धम्मघोसे य अरक्खुरी चेव चंदज्झए य ॥१३०३॥**
**चंदजसा रायगिहे वारत्तपुरे अभयसेण वारत्ते ।**
**सुंसुमारे धुंधुमारे अंगारवई य पज्जोए ॥१३०४॥**

अस्या व्याख्या कथानकादवसेया तच्चेदं–चंपाए मित्तप्पभो राया, धारिणी देवी, धणमित्तो

એકાએક સમુદ્રમાં ઉત્પાત (=સમુદ્રમાં જોરદાર પવન ફુંકાવાને કારણે થનારી આપત્તિવિશેષ) થયો. તેથી વહાણમાં બેઠેલા લોકો સ્કંધ અને રુદ્રને (=દેવવિશેષોને) નમસ્કાર કરવા લાગ્યા. આ બંને કન્યાઓએ પણ પોતાનો આત્મા વધુ દૃઢ રીતે સંયમમાં જોડ્યો, કારણ કે આ જ તે કાલ છે (અર્થાત્ આત્માને બચાવવાનો આ સમય છે.) વહાણ તૂટ્યું. બંને કન્યાઓ સંયમ અને કેવલજ્ઞાન પામે છે, મૃત્યુ પામે છે, સિદ્ધ થાય છે. એક સ્થાને બંનેના શરીરો ઉછળીને પડે છે. લવણસમુદ્રના અધિપતિ એવા સુસ્થિતનામના દેવે બંનેનો મહિમા કર્યો. દેવે ત્યાં પ્રકાશ કર્યો. તેથી ત્યાં 'પ્રભાસ' નામનું તીર્થ બન્યું. ધૃતિમાં મતિને કરતી તે બંને કન્યાઓએ યોગો સંગૃહીત કર્યા. 'ધૃતિમતિ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૦૨॥

**અવતરણિકા :** હવે 'સંવેગ' દ્વાર જણાવે છે. તેમાં સમ્યગ્ એવો જે (સંસાર પ્રત્યેનો) ઉદ્વેગ તે સંવેગ. તે સંવેગદ્વારા યોગો સંગૃહીત થાય છે. તેમાં બે ઉદાહરણગાથા જાણવી ⇨

**ગાથાર્થ : ચંપાનગરીમાં મિત્રપ્રભરાજા – ધનમિત્રસાર્થવાહ – ધનશ્રીપત્ની – સુજાતપુત્ર – ધર્મઘોષમંત્રી – પ્રિયંગુનામે પત્ની – અરક્ષુરીનગરી – ચંદ્રધ્વજ.**

**ગાથાર્થ : ચન્દ્રયશા – રાજગૃહનગર – વાસ્ત્રપુરનગર – અભયસેનરાજા – વારત્રકમંત્રી – સુંસુમારપુર – ધુંધુમારરાજા – અંગારવતી દીકરી અને પ્રદ્યોતરાજા.**

**ટીકાર્થ :** આ ગાથાદ્વયની વ્યાખ્યા કથાનકથી જાણવા યોગ્ય છે. તે આ પ્રમાણે છે –

४३. समुद्रेणायातः, उत्पात उत्थितः, लोकः स्कन्दरुद्रौ नमस्यति, आभ्यां बाढतरमात्मा संयमे योजितः, एष स काल इति, भिन्नं प्रवहणं, संयतत्वमपि स्नातकत्वमपि कालगते सिद्धे, एकत्र शरीरे उच्छलिते, सुस्थितेन लवणाधिपतिना महिमा कृतः, देवोद्योते तत्र प्रभासाख्यं तत् तीर्थं जातं, द्वाभ्यामपि तदा धृतौ मतिं कुर्वतीभ्यां योगाः संगृहीताः । धृतिमतिरिति गतं, इदानीं संवेग इति, तेन संवेगेन योगाः संगृहीता भवन्ति । चम्पायां मित्रप्रभो राजाः, धारिणी देवी धनमित्रः

[४४]सत्थवाहो, धणसिरी भज्जा,, तीसे ओवाइयलद्धओ पुत्तो जाओ, लोगो भणइ–जो एत्थ धणसमिद्धे सत्थवाहकुले जाओ तस्स सुजायंति, निव्वित्ते बारसाहे सुजाओत्ति से नामं कयं, सो य किर देवकुमारो जारिसो तस्स ललियं भणियमण्णे अणुसिक्खंति, ताणि सावगाणि, तत्थेव णयरे धम्मघोसो अमच्चो, तस्स पियंगू भज्जा, सा सुणेइ–जहा एरिसो सुजाओत्ति, अण्णया दासीओ भणइ–जाहे सुजाओ इओ वोलेज्जा ताहे मम कहेज्जा जाव तं णं पेच्छेज्जामित्ति, अण्णया सो मित्तवंदपरिवारिओ तेणंतेण एति, दासीए पियंगूए कहियं, सा निग्गया, अण्णाहि य सवत्तीहिं दिट्ठो, ताए भण्णइ–धण्णा सा जीसे भागावडिओ, अण्णया ताओ परोप्परं भणंति–अहो लीला तस्स, पियंगू सुजायस्स वेसं करेइ, आभरणविभूसणेहिं विभूसिया रमइ, एवं वच्चइ

## ❀ (૧૭) સંવેગ ઉપર સુજાત વિગેરેનું દૃષ્ટાન્ત ❀

ચંપાનગરીમાં મિત્રપ્રભનામે રાજા હતો. તેને ધારિણીદેવી હતી. તે નગરમાં ધનમિત્રસાર્થવાહ અને ધનશ્રી તેની પત્ની હતી. તેમને માનતા માનવાદ્વારા એક પુત્રની પ્રાપ્તિ થઈ. લોકોએ કહ્યું – "આ ધનથી સમૃદ્ધ એવા સાર્થવાહના કુલમાં જે જન્મ્યો છે તેનો સારી રીતે જન્મ થયો છે." લોકો આવું બોલતા હોવાથી બાર દિવસ પૂર્ણ થતાં તે બાળકનું 'સુજાત' નામ પાડવામાં આવ્યું. તે (રૂપથી) દેવકુમાર જેવો હતો. જેવું તેનું લાવણ્ય કહેવાયેલું તેને બીજા લોકો શીખે છે (એટલે કે તેના લાવણ્યને જોઈને/સાંભળીને બીજાઓ પણ એવું મેળવવાનો પ્રયત્ન કરે છે.)

સાર્થવાહ અને તેની પત્ની બંને શ્રાવક–શ્રાવિકા હતા. તે જ નગરમાં ધર્મઘોષનામે મંત્રી હતો. તેને પ્રિયંગુનામે પત્ની હતી. તેણીએ સાંભળ્યું કે – સુજાત આવા આવા પ્રકારનો છે. એકવાર તેણીએ દાસીઓને કહ્યું કે – "જ્યારે સુજાત અહીંથી પસાર થાય ત્યારે મને કહેજો મારે તેને જોવો છે." એકવાર સુજાત પોતાના મિત્રો સાથે ત્યાંથી પસાર થાય છે. દાસીએ પ્રિયંગુને વાત કરી. પ્રિયંગુ જોવા નીકળી. બીજી શોક્યાઓએ પણ તેને જોયો. પ્રિયંગુએ કહ્યું – "તે સ્ત્રી ધન્ય છે જેના ભાગ્યમાં આ પુરુષ લખાયેલો છે." એકવાર શોક્યાઓ પરસ્પર વાત કરે છે કે – "અહો ! કેવી તેની લીલા છે."

(બધી સ્ત્રીઓ ભેગી થઈ છે.) તેમાં પ્રિયંગુ સુજાતનો વેષ ધારણ કરે છે. (સુજાત જેવા

४४. सार्थवाहः, धनश्रीर्भार्या, तस्या उपयाचितैर्लब्धः पुत्रो जातः, लोको भणति–योऽत्र धनसमृद्धे सार्थवाहकुले जातस्तस्य सुजातमिति, निर्वृत्ते द्वादशाहे सुजात इति तस्य नाम कृतं, स च किल देवकुमारो यादृशः तस्य ललितं भणितमन्येऽनुशिक्षन्ते, तौ च श्रावकौ, तत्रैव नगरे धर्मघोषोऽमात्यः, तस्य प्रियङ्गुः भार्या, सा श्रृणोति यथेदृशः सुजात इति, अन्यदा दासीर्भणति–यदा सुजातोऽनेन वर्त्मना व्यतिक्राम्येत् तदा मम कथयेत यावत्तं प्रेक्षयिष्ये इति, अन्यदा स मित्रवृन्दपरिवारितस्तेनाध्वना याति, दास्या प्रियङ्गवे कथितं, सा निर्गता, अन्याभिश्च सपत्नीभिर्दृष्टः, तया भण्यते–धन्या सा यस्या भाग्ये आपतितः, अन्यदा ताः परस्परं भणन्ति–अहो लीला तस्य, प्रियङ्गुः सुजातस्य वेषं करोति, आभरणविभूषणैर्विभूषिता रमते, एवं व्रजति

[૪૫] सविलासं, एवं हत्थच्छोभा विभासा, एवं मित्तेहि समंवि भासइ, अमच्चो अइगओ, नीसद्दं अंतेउरंति पाए सणियं २ निक्खिवंतो बारच्छिद्देणं पलोएइ, दिट्ठा विखुड्डंती, सो चिंतेइ–विनट्ठं अंतेउरंति, भणइ–पच्छण्णं होउ, मा भिण्णे रहस्से सइरायाराउ होहिंति, मारेउं मग्गइ सुजायं, बीहेइ य, पिया य से रण्णो निरायं अच्छिओ, मा तओ विणासो होहित्ति, उवायं चिंतेइ, लद्धो उवाओत्ति, अण्णया कूडलेहेहिं पुरिसा कया, जो मित्तप्पहस्स विपक्खो, तेण लेहा विसज्जिया तेणंति, सुजाओ वत्तव्वो–मित्तप्पभरायाणं मारेहि, तुमं पगओ राउले, तओ अद्धरज्जियं करेमि, तेण ते लेहा रण्णो पुरओ वाइया, जहा तुमं मारेयव्वोत्ति, राया कुविओ, तेवि लेहारिया वज्झा

પ્રકારના આભૂષણો વિગેરે પહેરે છે તેવા પ્રકારના) આભૂષણો – વિગેરેવડે વિભૂષિત તે રમે છે. (અર્થાત્ તેવા પ્રકારના આભૂષણો વિગેરે પહેરીને સુજાત જેવો દેખાવ કરવાદ્વારા પરસ્પર સ્ત્રીઓ ક્રીડા કરે છે.) સુજાત આ પ્રમાણે વિલાસપૂર્વક ચાલે છે (એમ બોલતી સ્ત્રી સુજાતની જેમ ચાલી બતાવે છે.) આ પ્રમાણે સુજાતની હાથની શોભા છે વિગેરે (તે સ્ત્રીઓ સુજાત જેવો હાવ–ભાવ કરે છે.) તે સુજાત આ પ્રમાણે મિત્રો સાથે વાતચીત કરે છે. (આ પ્રમાણે જ્યારે મંત્રીની બધી પત્નીઓ ભેગી થઈને સુજાતસંબંધી વાતચીત કરતી હતી તે સમયે) મંત્રી ઘરમાં પ્રવેશ્યો.

ઘરમાં કોઈનો અવાજ આવતો નથી એમ વિચારી સ્ત્રીઓના ઓરડા સુધી ધીરે ધીરે પગ મૂકતો આવે છે અને દરવાજાના કાણામાંથી અંદર જુએ છે. પરસ્પર આ રીતે મજાક–મશ્કરી કરતી પોતાની સ્ત્રીઓને તે જુએ છે. મંત્રી વિચારે છે કે મારું અંતઃપુર ભ્રષ્ટ થયું છે. છતાં બધું ગુપ્ત રહે તે સારું, નહીં તો જો રહસ્ય ખુલી જશે તો આ બધી સ્ત્રીઓ સ્વચ્છંદાચારી બની જશે. મંત્રી સુજાતને મારી નાખવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ ડરે છે, કારણ કે સુજાતનો પિતા ધનમિત્ર રાજાનો પ્રિય-ઇષ્ટ છે. તેથી ક્યાંય પોતાનો વિનાશ ન થાય તે માટે ઉપાયને વિચારે છે. ઉપાય મળી ગયો.

મંત્રીએ ખોટો લેખ લઈને જઈ શકે એવા પુરુષો તૈયાર કર્યા. જાણે કે જે મિત્રપ્રભરાજાનો શત્રુ છે, તેણે લેખ મોકલ્યો હોય કે "સુજાતને કહેવું કે મિત્રપ્રભરાજાને તું મારી નાંખ. રાજકુલમાં તું પરિચિત છે. (અર્થાત્ રાજકુલમાં આવન-જાવન કરનારો છે અને રાજાના મરણથી તારી ઉપર કોઈ શંકા પણ કરશે નહીં.) તથા રાજાના મૃત્યુ બાદ આપણે અડધું–અડધું રાજ્ય વહેંચી લઈશું." મંત્રીએ આ લેખ લઇ રાજાની સામે વાંચ્યો કે તમને (=રાજાને) મારી નાંખવો. રાજા આ લેખ

૪૫. सविलासं, एवं हस्तशोभा विभाषा, एवं मित्रैः सममपि भाषते, अमात्योऽतिगतः, निशब्दमन्तःपुरमिति पादौ शनैः २ निक्षिपन् द्वारच्छिद्रेण प्रलोकयति, दृष्टा क्रीडन्ती, स चिन्तयति–विनष्टमन्तःपुरमिति, भणति–प्रच्छन्नं भवतु, मा भिन्ने रहस्ये स्वैराचारा भूवन्निति, मारयितुं मार्गयति सुजातं, बिभेति च, पिता च तस्य राज्ञो नितरां स्थितः, मा ततो विनाशो भूदिति, उपायं चिन्तयति, लब्ध उपाय इति, अन्यदा कूटलेखैः (युक्ताः) पुरुषाः कृताः, यो मित्रप्रभस्य विपक्षः तेन लेखा विसृष्टास्तस्मै इति, सुजातो वक्तव्यः–मित्रप्रभराजं मारय, त्वं प्रगतो राजकुले, तत आर्धराजिकं करोमि, तेन ते लेखा राज्ञः पुरतो वाचिता यथा त्वं मारयितव्य इति, राजा कुपितः, ते लेखहारका वध्या

[४६] **आणत्ता, तेणं ते पच्छण्णा कया, मित्तप्पभो चिंतेइ–जइ लोगनायं कज्जिहि तो पउरे खोभो होहित्ति, ममं च तस्स रण्णो अयसं दिज्ज, तो उवाएण मारेमि, तस्स मित्तप्पहस्स एगं पच्चंतणयरं अरक्खुरी नाम, तत्थ तस्स मणूसो चंदज्झओ नाम, तस्स लेहं देइ ( ग्रं. १८००० ) जहा सुजायं पेसेमि तं मारेहित्ति, पेसिओ, सुजायं सद्दावेत्ता भणइ–वच्च अरक्खुरीं, तत्थ रायकज्जाणि पेच्छाहि, गओ तं णयरिं अरक्खुरिं नाम, दिट्ठो अच्छउ वीसत्थो मारिज्जिहितित्ति दिणे २ एगट्ठा अभिरमंति, तस्स रूवं सीलं समुदायारं दट्ठूणं चिंतेइ–नूणं अंतेउरियाए समं विणट्ठोत्ति तेण मारिज्जइ, किह वा एरिसं रूवं विणासेमित्ति उस्सारित्ता सव्वं परिकहेइ, लेहं च दरिसेइ, तेण सुजाएण भण्णइ–जं जाणसि तं करेइ, तेण भणियं–तुमं न मारेमित्ति, नवरं पच्छण्णं अच्छाहि,**

વાંચીને ગુસ્સે થયો. લેખને લાવનારા પુરુષોને મારી નાખવાનો આદેશ આપ્યો. મંત્રીએ તે પુરુષોને ગુપ્તવાસમાં મોકલી દીધા. મિત્રપ્રભરાજા વિચારે છે કે "લોકોને જો જણાવવામાં આવશે કે સુજાતને રાજાએ મૃત્યુદંડ કર્યો છે તો નગરમાં ચારે બાજુ લોકો આકુળ–વ્યાકુળ થઈ જશે અને રાજા એવા મને તેનો અપયશ આપશે. (અર્થાત્ રાજાએ સુજાતને મારી નાંખ્યો એ પ્રમાણે લોકો મારો અપયશ ગાશે.) તેથી તેને ઉપાયથી મારું." મિત્રપ્રભરાજાએ રાજ્યના સીમાડે અરક્ષુરીનામની નગરી હતી. ત્યાં ચન્દ્રધ્વજ નામે તેનો ખંડિયો રાજા હતો. મિત્રપ્રભ તેની માટે લેખ તૈયાર કરે છે કે "હું તારી પાસે સુજાતને મોકલું છું તું એને મારી નાંખજે." લેખ ત્યાં મોકલ્યો. સુજાતને બોલાવીને કહે છે કે – "તું અરક્ષુરીમાં જા, ત્યાં રાજકાર્યોને તું જો."

સુજાત અરક્ષુરીનગરીમાં ગયો. ચન્દ્રધ્વજે તેને જોયો. હમણાં ભલે શાંતિથી રહે વિશ્વાસમાં લઈને અવસર જોઈને તેને મારશું એમ વિચારી ચન્દ્રધ્વજ અને સુજાત બંને ભેગા થઈને રોજે રોજ રમતો રમે છે. ચન્દ્રધ્વજ તેના રૂપ, શીલ, આચારને જોઈને વિચારે છે કે "નક્કી રાજાની કોઈ રાણી સાથે એણે અકાર્ય કર્યું હશે માટે જ રાજાએ તેને મારી નાંખવા કહ્યું છે, નહીં તો આવા રૂપવાનને હું શા માટે હણું." એમ વિચારી (આજુબાજુના લોકોને) દૂર કરીને બધી વાત ચન્દ્રધ્વજે સુજાતને કરી, અને લેખ બતાવ્યો. તેની સામે સુજાતે કહ્યું કે "તમને જે ઠીક લાગે તે તમે કરો."

ચન્દ્રધ્વજે કહ્યું કે –"હું તને મારીશ નહીં, પરંતુ તારે ગુપ્ત રહેવું." ચન્દ્રધ્વજે પોતાની

**४६. आज्ञप्ताः, तेन ते प्रच्छन्नाः कृताः, मित्रप्रभश्चिन्तयति-यदि लोकज्ञातं क्रियते तदा पुरे क्षोभो भविष्यतीति, मह्यं च तस्य राज्ञ अयशो दास्यति, तत उपायेन मारयामि, तस्य मित्रप्रभस्यैकं प्रत्यन्तनगरमारक्षुरं नाम, तत्र तस्य मनुष्यश्चन्द्रध्वजो नाम, तस्मै लेखं ददाति–यथा सुजातं प्रेषयामि तं मारयेरिति, प्रेषितः, सुजातं शब्दयित्वा भणाति–व्रजारक्षुरं, तत्र राजकार्याणि प्रेक्षस्व, गतः तां नगरीमारक्षुरीं नाम, दृष्टः, तिष्ठतु विश्वस्तो मार्यते इति दिने २ एकस्थौ अभिरमेते, तस्य रूपं शीलं समुदाचारं दृष्ट्वा चिन्तयति–नूनमन्तःपुरिकया समं विनष्ट इति तेन मार्यते, कथं वेदृशं रूपं विनाशयामीति ?, उत्सार्य सर्वं परिकथयति, लेखं च दर्शयति, तेन सुजातेन भण्यते–यज्जानासि तत् कुरु, तेन भणितं–त्वां न मार- यामीति, नवरं प्रच्छन्नं तिष्ठ,**

तेंण[४७] चंदजसा भगिणी दिण्णा, सा य तज्जाइणी तीए सह अच्छइ, परिभोगदोसेण तं वट्टइ सुजायस्स ईसि संकंतं, सावि तेण साविया कया, चिंतेइ–मम तणएण एसो विणट्ठोत्ति संवेगमावण्णा भत्तं पच्चक्खाइ, तेणं चेव निज्जामिया, देवो जाओ, ओहिं पउंजइ, दट्ठूणागओ, वंदित्ता भणइ–किं करेमि ?, सोवि संवेगमावण्णो चिंतेइ–जइ अम्मापियरो पेच्छिज्जामि तो पव्वयामि, तेण देवेण सिला विउव्विया नगरस्सुवरिं, नागरा पयता धूवपडिग्गहहत्था पायवडिया विण्णवेंति, देवो तासेइ–हा ! दासत्ति सुजाओ समणोवासओ अमच्चेण अकज्जे दूसिओ, अज्ज भे चूरेमि, तो नवरि मुयामि जइ तं आणेह पसादेह णं, कहिं सो ? भणइ–एस उज्जाणे, सणागरो राया निग्गओ खामिओ, अम्मापियरो रायाणं च आपुच्छित्ता पव्वइओ, अम्मापियरोवि अणुपव्वइयाणि, ताणि सिद्धाणि, सोऽवि धम्मघोसो निव्विसओ आणत्तो जेणं तस्स गुणा लोए

ચન્દ્રયશાબહેન તેની સાથે પરણાવી. પરંતુ તે બહેન કોઢરોગવાળી સુજાત સાથે રહે છે. તેની સાથેના પરિભોગદોષથી કંઈક કોઢ સુજાતમાં પણ ફેલાયો. સુજાતે ચન્દ્રયશાને પણ શ્રાવિકા બનાવી. ત્યારે તેણી વિચારે છે કે "મારા કોઢરોગને કારણે સુજાતને પણ કોઢ રોગ થયો" એમ વિચારી સંવેગને પામેલી તેણીએ અનશન કર્યું. સુજાતે તેને નિર્યામણા કરાવ્યા. જેથી મરીને દેવ બની. દેવે અવધિનો ઉપયોગ મૂક્યો. અવધિથી જોઈને તે દેવ સુજાત પાસે આવ્યો. વંદન કરીને સુજાતને પૂછ્યું – "બોલો, આપની માટે હું શું કરું ?" સુજાત પણ સંવેગને પામેલો વિચારે છે કે – "જો મને માતા–પિતાના દર્શન કરાવે તો પછી હું દીક્ષા લઉં."

તે દેવે ચંપાનગરની ઉપર મોટી શિલા વિકુર્વી. નગરના લોકો પ્રયત્નપૂર્વક પગમાં પડીને હાથમાં ધૂપ લઈને વિનંતી કરે છે. દેવે કહ્યું – "હે દાસો ! શ્રમણોપાસક સુજાતને મંત્રીએ અકાર્યમાં ખોટો ફસાવ્યો છે. તેથી હું તમારો ચૂરો કરી નાંખીશ. પરંતુ તો જ હું તમને છોડું જો તમે તેને આ નગરીમાં પાછો લાવો અને તેને ખુશ કરો." નગરજનોએ પૂછ્યું – "તે ક્યાં છે ?" દેવે કહ્યું – "તે ઉદ્યાનમાં છે." નગરજનો સાથે રાજા ઉદ્યાનમાં જવા નીકળ્યો. સુજાત પાસે ક્ષમા માંગી. ત્યાર પછી સુજાતે માતા–પિતા અને રાજાને પૂછીને દીક્ષા લીધી. તેની પાછળ માતા–પિતાએ પણ દીક્ષા લીધી. તે બધા સિદ્ધ થયા. તે ધર્મઘોષમંત્રીને દેશનિકાલનો આદેશ આપ્યો, જેથી તેના ગુણો (= દોષો) ચારેબાજુ લોકમાં ફેલાય. (અર્થાત્ ચારે બાજુ લોકોને ખબર પડે કે મંત્રીએ કેવું

४७. तेन चन्द्रयशा भगिनी दत्ता, सा च तज्जातीया ( त्वग्दोषदुष्टा ) तया सह तिष्ठति, परिभोगदोषेण तत् वर्त्तते सुजातस्येषत् संक्रान्तं, साऽपि तेन श्राविकीकृता, चिन्तयति मम कृतेनैष विनष्ट इति संवेगमापन्ना भक्तं प्रत्याख्याति, तेनैव निर्यामिता, देवो जातः, अवधिं प्रयुणक्ति, दृष्ट्वा आगतः, वन्दित्वा भणति–किं करोमि ?, सोऽपि संवेगमापन्नश्चिन्तयति–यदा मातापितरौ प्रेक्षेयं तदा प्रव्रजेयं, तेन देवेन शिला विकुर्विता नगरस्योपरि, नागराः प्रयता धूमप्रतिग्रहहस्ताः पादपतिता विज्ञपयन्ति, देवस्त्रासयति–हा दासा इति, सुजातः श्रमणोपासकोऽमात्येनाकार्ये दूषितः, अथ भवतश्चूरयामि, तर्हि परं मुञ्चामि यदि तमानयत प्रसादयतैनं, क्व स ?, भणति–एष उद्याने, सनागरो राजा निर्गतः क्षामितः, मातापितरौ राजानं चापृच्छ्य प्रव्रजितः, मातापितरावपि अनुप्रव्रजितौ, ते सिद्धाः । सोऽपि धर्मघोषो निर्विषय आज्ञप्तो येन तस्य गुणा लोके

पयरंति, *यथा नेत्रे तथा शीलं, यथा नासा तथाऽऽर्जवम् । यथा रूपं तथा वित्तं, यथा शीलं तथा गुणाः ॥१॥ अथवा–विषमसमैर्विषमसमाः, विषमैर्विषमाः समैः समाचाराः । करचरणकर्णनासिकदन्तोष्ठनिरीक्षणैः पुरुषाः ॥२॥* पच्छा सो वि निव्वेयमावण्णो सच्चं मए भोगलोभेण विणासिओत्ति निग्गओ, हिंडंतो रायगिहे णयरे थेराणं अंतिए पव्वइओ, विहरंतो बहुस्सुओ वारत्तपुरं गओ, तत्थ अभयसेणो राया, वारत्तओ अमच्चो, भिक्खं हिंडंतो वारत्तगस्स घरं गओ धम्मघोसो, तत्थ महुघयसंजुत्तं पायसथालं नीणीयं, तओ बिंदू पडिओ, सो पारिसाडित्ति निच्छइ, वारत्तओ ओलोयणगओ पेच्छइ, किं मन्ने नेच्छइ ?, एवं चिंतेइ जाव तत्थ मच्छिया उलीणा, ताओ घरकोइलिया पेच्छइ, तंपि सरडो, सरडंपि मज्जारो, तंपि पच्चंतियसुणओ, तंपि वत्थव्वगसुणओ, ते दोवि भंडणं लग्गा, सुणयसामी उवट्ठिया, भंडणं जायं, जाया मारामारी, बाहिं निग्गया

ખરાબ કામ કર્યું છે.) (કહ્યું છે–) જેવા નેત્રો હોય તેવો આચાર હોય, જેવી નાસિકા હોય તેવી સરળતા હોય, જેવું રૂપ હોય તેવું ધન હોય, જેવો આચાર હોય તેવા ગુણો હોય ॥૧॥ અથવા – જેના હાથ, પગ, કાન, નાક, દાંત અને હોઠ વિષમસમ હોય તે પુરૂપ વિષમસમ આચારવાળો જાણવો. જેના હાથ વિગેરે અવયવો વિષમ હોય તે વિષમ આચારવાળો અને જેના તે અવયવો સમાન હોય તે સમ=સમ્યગ્ આચારવાળો જાણવો. ॥૨॥

પાછળથી તે મંત્રી પણ 'ખરેખર, મેં ભોગના લોભથી સુજાતને હેરાન કર્યો' એ પ્રમાણે નિર્વેદને પામીને રાજ્યમાંથી બહાર નીકળી ગયો. ફરતા–ફરતા તેણે રાજગૃહનગરમાં સ્થવિરસાધુભગવંતો પાસે દીક્ષા લીધી. બહુશ્રુત એવો તે વિચરતો વારત્રપુરમાં ગયો. ત્યાં અભયસેન રાજા હતો. વારત્રક મંત્રી હતો. ભિક્ષા માટે ફરતો ધર્મઘોષમુનિ વારત્રકમંત્રીના ઘરે ગયો. ત્યાં તેને વહોરાવવા માટે સાકર–ઘીથી યુક્ત એવી ખીરની થાળી લાવી. તેમાંથી એક બિંદુ નીચે પડ્યું. નીચે એક ટીપું પડ્યું હોવાથી મુનિ તે ભિક્ષા લેવા ઇચ્છતો નથી. ગવાક્ષમાં રહેલો મંત્રી આ બધું જોઈ રહ્યો હતો. તેણે વિચાર્યું કે "સાધુ ભિક્ષા લેવા કેમ ઇચ્છતા નથી ?" આટલું વિચારે છે ત્યાં તો તે પડેલા ટીપાં ઉપર માખી બેઠી. તે માખીને ગરોળી જુવે છે. (અર્થાત્ માખીને પકડવા તે તરફ જાય છે.) ગરોળીને કાચિંડો જુવે છે. કાચિંડાને બિલાડી જુવે છે. તે બિલાડીને બાજુનો કૂતરો જુવે છે. તે કૂતરાને ઘરનો કૂતરો જુવે છે. તે બંને કૂતરા લડવા લાગ્યા. બંને કૂતરાના માલિક આવ્યા. તે બે વચ્ચે પણ ઝઘડો થયો. મારામારી થઈ. મારામારી કરતાં ઘરમાંથી બહાર નીકળ્યા.

૪૮. प्रचरन्ति, पश्चात् सोऽपि निर्वेदमापन्नः सत्यं मया भोगलोभेन विनाशित इति निर्गतः, हिण्डमानो राजगृहे नगरे स्थविराणामन्तिके प्रव्रजितः, विहरन् बहुश्रुतो वारत्रकपुरं गतः, तत्राभयसेनो राजा, वारत्रकोऽमात्यः, भिक्षां हिण्डमानो वारत्रकस्य गृहं गतो धर्मघोषः, तत्र घृतमधुसंयुक्तं पायसस्थालमानीतं, ततो बिन्दुः पतितः, स परिशाटिरिति नेच्छति, वारत्रकोऽवलोकनगतः पश्यति, किं मन्ये नेच्छति ?, एवं यावच्चिन्तयति तावत्तत्र मक्षिका आगताः, ता गृहकोकिला पश्यति, तामपि सरटः, सरटमपि मार्जारः, तमपि प्रत्यन्तिकः श्वा, तमपि वास्तव्यः श्वा, तौ द्वावपि भण्डयितुं लग्नौ, श्वस्वामिनावुपस्थितौ, युद्धं जातं, जाता मारामारी, बहिर्निर्गताः

[४१]पोहुणगा बलं पिंडेत्ता आगया, महासमरसंघाओ जाओ, पच्छा वारत्तगो चिंतेइ–एएण कारणेण भगवं नेच्छइत्ति, सोभणं अज्झवसाणं उवगओ, जाई संभरिया, संबुद्धो देवयाए भंडगं उवणीयं, सो वारत्तगरिसी विहरंतो सुंसुमारपुरं नगरं आगओ, तत्थ धुंधुमारो राया, तस्स अंगारवई धूया, साविया, तत्थ परिवायगा उवागया, वाए पराजिया, पदोसमावन्ना से सावत्तए पाडेमित्ति चित्तफलए लिहित्ता उज्जेणीए पज्जोयस्सं तेणं अइगया, दिट्ठं चित्तफलगं पज्जोएण पुच्छियं, कहियं चणाए, पज्जोओ तस्स अंतियं दूयं पेसइ, सो धुंधुमारेण असक्कारिओ निच्छूढो, भणइ पिवासाए विणएणं वरिज्जइ, दूएण पडियागएण बहुतरगं पज्जोयस्स कहियं, आसुरुत्तो, सव्वबलेणं निग्गओ, सुंसुमारपुरं वेढेइ, धुंधुमारो अंतो अच्छइ अप्पबलो य, सो य वारत्तगरिसी एगत्थ नागघरे चच्चरमूले ठिएल्लगो, सो राया भीओ एस महाबलवंत्ति, नेमित्तगं पुच्छइ, सो भणइ–जाह ताव

પોત–પોતાના પક્ષના લોકો ભેગા થઈને આવ્યા. મોટું યુદ્ધ થયું. આ બધું જોઈને વારકત્રમંત્રી વિચારે છે કે – "આ કારણથી ભગવાન ખીર લેવા ઇચ્છતા નથી." મંત્રી શુભ અધ્યવસાયને પામ્યો. જાતિસ્મરણજ્ઞાન થયું. તે પ્રતિબોધ પામ્યો. દેવે તેને દીક્ષાના ઉપકરણો આપ્યા. તે વારત્રકઋષિ વિચરતો સુંસુમારપુરનગરમાં આવ્યો. ત્યાં ધુંધુમાર રાજા હતો. તેને અંગારવતીનામે દીકરી હતી. તે શ્રાવિકા હતી. ત્યાં એક સંન્યાસિની આવી. આ સંન્યાસિનીને અંગારવતીએ ધર્મવાદમાં પરાજિત કરી.

તેથી ક્રોધી થયેલી સંન્યાસિની 'આને ધર્મમાંથી હું ભ્રષ્ટ કરીશ' એ પ્રમાણે વિચારીને એક પાટિયા ઉપર તેણીનું ચિત્ર દોરીને ઉજ્જયિનીનગરીમાં પ્રદ્યોતરાજા પાસે ગઈ. પ્રદ્યોતે ચિત્ર જોયું. તેણે પૂછ્યું. (–આ કોણ છે ?) પરિવ્રાજિકાએ અંગારવતીની ઓળખ આપી. પ્રદ્યોત રાજા પાસે દૂત મોકલે છે. પરંતુ ધુંધુમાર તે દૂતને સત્કાર્યા વિના જ કાઢી મૂકે છે અને કહે છે કે (તારા રાજાને કહેજે કે) જો પિપાસા હોય તો વિનયથી વરવું જોઈએ. પાછા આવેલા દૂતે પ્રદ્યોતને વાત વધારીને કરી. જેથી તે ગુસ્સે ભરાયો. સર્વસૈન્ય સાથે તે નીકળ્યો. સુંસુમારપુરને ચારે બાજુથી ઘેરી લીધું. ધુંધુમારરાજા અંદર જ રહ્યો. કારણ તેની પાસે સૈન્ય ઓછું હતું.

અને તે વારત્રકઋષિ એકસ્થાને ચોક પાસે યક્ષના ઘરમાં રહ્યો હતો. પ્રદ્યોત મહાબળવાન છે માટે તે રાજા ડરતો હતો. તેણે નૈમિત્તિકને પૂછ્યું. નૈમિત્તિકે કહ્યું – "તમે જાઓ, પ્રથમ હું

४१. प्राघूर्णकाः बलं पिण्डयित्वा आगताः, महासमरसंघातो जातः, पश्चाद्वारत्रकश्चिन्तयति–एतेन कारणेन भगवान्नैषीदिति, शोभनमध्यवसानमुपगतः, जातिः स्मृता, संबुद्धः, देवतयोपकरणमुपनीतं, स वारत्रकऋषिर्विहरन् शुंशुमारपुरं गतः, तत्र धुन्धुमारो राजा, तस्याङ्गारवती दुहिता, श्राविका, तत्र परिव्राजिका आगता, वादे पराजिता, तस्याः प्रद्वेषमापन्ना सापत्न्ये पातयामीति चित्रफलके लिखित्वोज्जयिन्यां प्रद्योतस्यान्तेऽतिगता दृष्टं चित्रफलकं, प्रद्योतेन पृष्टं, कथितं चानया, प्रद्योतस्तस्यान्ते दूतं प्रेषयति, स धुन्धुमारेणासत्कृतो निष्काशितः, भणितः पिपासया विनयेन व्रियते, दूतेन प्रत्यागतेन बहुतरं प्रद्योतस्य कथितं, क्रुद्धः सर्वबलेन निर्गतः, शुंशुमारपुरं वेष्टयति, धुन्धुमारोऽन्तः तिष्ठत्यल्पबलः, स च वारत्रकर्षिरेकत्र चत्वरमूले स्थितोऽस्ति, स राजा भीत एष महाबलवानिति नैमित्तिकं पृच्छति, स भणति–यात तावद्

[५०]नेमित्तं गेण्हामि, चेडगरूवाणि रमंति ताणि भेसावियाणि, तस्स वारत्तगस्स मूलं आगयाणि रोवंताणि, तेण भणियाणि–मा बीहेहित्ति, सो आगंतूण भणइ–मा बीहेहित्ति, तुज्झं जओ, ताहे मज्झण्हे ओसण्णद्धाणं उवरिं पडिओ, पज्जोओ वेढित्ता गहिओ, णयरिं आणिओ, बाराणि बद्धाणि, पज्जोओ भणिओ–कओमुहो ते वाओ वाइ ?, भणइ–जं जाणसि तं करेह, भणइ–किं तुमे महासासणेण वहिएण ?, ताहे से महाविभूईए अंगारवई पदिण्णा, दाराणि मुक्काणि, तत्थ अच्छइ, अण्णे भणंति–तेण धुंधुमारेण देवयाए उववासो कओ, तीए चेडरूवाणि विउव्विया णिमित्तं गहियंति, ताहे पज्जोओ णयरे हिंडइ, पेच्छइ अप्पसाहणं रायाणं, अंगारवतिं पुच्छइ–कहं अहं गहिओ ?, सा साधुवयणं कहेइ, सो तस्स मूलं गओ, भणइ–वंदामि निमित्तिगखमणंति,

નિમિત્ત ગ્રહણ કરી લઉં." નૈમિત્તિકે ત્યાં જે બાળકો રમતા હતા તેને ડરાવ્યા. તેથી રોતા–રોતા બાળકો વારત્રક પાસે આવ્યા. તેણે કહ્યું–"તમારે ડરવું નહીં." નૈમિત્તિકે રાજા પાસે આવીને કહ્યું – "રાજન્ ! તમારે ડરવાની જરૂર નથી, તમારો જ વિજય થશે." (આ સાંભળીને રાજાને હિંમત આવી. તેથી) તે મધ્યાહ્નસમયે પ્રદ્યોતનું સૈન્ય જ્યારે સન્નદ્ધ=તૈયાર નહોતું ત્યારે રાજા તેમની ઉપર તૂટી પડ્યો. પ્રદ્યોતને ઘેરી લઈને પકડી લીધો. નગરીમાં લાવ્યા. દરવાજા બંધ કરી દીધા.

રાજાએ પ્રદ્યોતને કહ્યું – "તારો પવન કંઈ બાજુ વહે છે ?" (અર્થાત્ તારા ભાગ્યમાં શું લખાયું છે ?) પ્રદ્યોતે કહ્યું – "તમને જે ઠીક લાગે તે કરો." (અર્થાત્ તમને જે ઠીક લાગે તે ભાગ્યમાં લખો.) રાજાએ કહ્યું – "મહાશાસનવાળા એવા તારા વધથી શું ?" (અર્થાત્ તારો વધ કરવો નથી.) રાજાએ મહાવિભૂતિ સાથે પોતાની દીકરી અંગારવતી તેને આપી. દરવાજા ખોલી નાંખ્યા. પ્રદ્યોત (થોડો સમય) ત્યાં રહે છે. કેટલાક આચાર્યો આ પ્રમાણે કહે છે કે – (પ્રદ્યોતને જીતવા માટે) તે ધુંધુમારરાજાએ દેવ માટે ઉપવાસ કર્યો. દેવે બાળકોને વિકુર્વીને નિમિત્ત ગ્રહણ કર્યું. (અને તે નિમિત્તના આધારે પ્રદ્યોતને જીત્યો.)

પ્રદ્યોત નગરમાં ફરે છે. તેને જોયું કે રાજા પાસે સૈન્ય વધારે નથી. તેણે અંગારવતીને પૂછ્યું કે "તારા પિતાએ મને કેવી રીતે પકડ્યો ?" તે વારત્રકઋષિના બાળકોને કહેલા વચનોની વાત કરે છે. પ્રદ્યોત વારત્રકમુનિ પાસે જાય છે અને કહે છે – "હું નૈમિત્તિકસાધુને વંદન કરું છું."

५०. निमित्तं गृह्णामि, चेटा रमन्ते ते भापितास्तस्य वारत्रकस्य पार्श्वमागता रुदन्तः, तेन भणिता–मा भैष्टेति, स आगत्य भणति–मा भैष्टेति, तव जयः, तदा मध्याह्ने उत्सन्नद्धानामुपरि पतितः, प्रद्योतो वेष्टयित्वा गृहीतः, नगरीमानीतः, द्वाराणि बद्धानि, प्रद्योतो भणितः–कुतोमुखस्ते वातो वाति ?, भणति–यज्जानासि तत्कुरु, भणति–किं त्वया महाशासनेन विनाशितेन ?, तदा तस्मै धुन्धुमारेण महाविभूत्याङ्गारवती दत्ता, द्वाराणि मुत्कलितानि, तत्र तिष्ठति, अन्ये भणन्ति–तेन धुन्धुमारेण देवतायै उपवासः कृतः, तया चेटा विकुर्विता निमित्तं गृहीतमिति, तदा प्रद्योतो नगरे हिण्डमानः प्रेक्षते राजानमल्पसाधनं, अङ्गारवतीं पृच्छति–अहं कथं गृहीतः ?, सा साधुवचनं कथयति, स तस्य पार्श्वं गतः, भणति–वन्दे नैमित्तिकक्षपणकमिति,

[५१] सो उवउत्तो जाव पव्वज्जाउ, चेडरूवाणि संभरियाणि। चंदजसाए सुजायस्स धम्मघोसस्स वारत्तगस्स सव्वेसिं संवेगेणं जोगा संगहिया भवंति, केई तु सुरवरं जाव मियावई पव्वइया परंपरओ एयंपि कहेंति, संवेगेत्ति गयं १७।

इयाणिं पणिहित्ति, पणिही नाम माया, सा दुविहा—दव्वपणिही य भावपणिही य, दव्वपणिहीए उदाहरणगाहा—

भरुयच्छे जिणदेवो भयंतमित्ते कुलाण भिक्खू य।
पइठाण सालवाहण गुग्गुलभगवं च णहवाणे ॥१३०५॥

व्याख्या कथानकादवसेया, तच्चेदं—भरुयच्छे णयरे नहवाहणो नाम राया कोससमिद्धो, इओ य पइट्ठाणे सालवाहणो राया बलसमिद्धो, सो नहवाहणं रोहेइ, सो कोससमिद्धो जो हत्थं

વારત્રકઋષિએ પોતાના ભૂતકાળથી લઈ પ્રવ્રજ્યા લીધી ત્યાં સુધી ઉપયોગ મૂકીને વિચાર્યું કે (મેં ક્યાં કંઈ નિમિત્તનું કામ કર્યું છે કે જેથી આ મને નૈમિત્તિક કહે છે.) તરત જ સાધુને બાળકોની યાદ આવી. (તરત જ તે સમજી ગયો કે તે દિવસે મેં જે બાળકોને કહ્યું કે "તમે ડરો નહીં" એ નિમિત્તને આશ્રયીને આ મને નૈમિત્તિક કહે છે.) અહીં ચન્દ્રયશા, સુજાત, ધર્મઘોષ, અને વારત્રક આ બધાને સંવેગને કારણે યોગો સંગૃહીત થયા. કેટલાક આચાર્યો સંવેગવિષયમાં મૃગાવતીજીનું દૃષ્ટાન્ત પણ કહે છે કે તે આ પ્રમાણે કે – "સુરવરોથી પૂજિત પ્રભુ નગરમાં પધાર્યા... વિગેરેથી લઈ પરંપરાએ મૃગાવતીએ પ્રવ્રજ્યા લીધી. (દૃષ્ટાન્તનો વિસ્તાર ભાષાંતર ભાગ. ૧ પૃ. ૧૮૫ માં જોવો.) 'સંવેગ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૦૩–૪॥

**અવતરણિકા :** હવે **'પ્રણિધિ'** દ્વાર જણાવે છે. પ્રણિધિ એટલે માયા. તે બે પ્રકારે છે – દ્રવ્યપ્રણિધિ અને ભાવપ્રણિધિ. દ્રવ્યપ્રણિધિમાં ઉદાહરણગાથા ⇨

**ગાથાર્થ : ભૃગુકચ્છનગર – જિનદેવઆચાર્ય – ભદંતમિત્ર અને કુણાલ બે ભિક્ષુઓ – પ્રતિષ્ઠાનમાં શાલવાહનરાજા – ગુગ્ગુલભગવાન અને નભવાહન રાજા.**

**ટીકાર્થ :** વ્યાખ્યા કથાનકથી જાણવી. તે કથાનક આ પ્રમાણે જાણવું –

**❋ (૧૮) 'દ્રવ્યપ્રણિધિ' ઉપર ગુગ્ગુલભગવાનનું દૃષ્ટાન્ત ❋**

ભૃગુકચ્છ (=ભરૂચ) નગરમાં ભંડારથી સમૃદ્ધ નભવાહનનામે રાજા હતો. બીજી બાજુ પ્રતિષ્ઠાનનગરમાં સૈન્યથી સમૃદ્ધ એવો શાલવાહન રાજા હતો. તે નભવાહનરાજાને ઘેરે છે. એટલે ભંડારથી સમૃદ્ધ એવો તે નભવાહન જાહેરાત કરે છે કે – "જે હાથ કે મસ્તક લાવે તેને હું લાખદ્રવ્ય

५१. स उपयुक्तो यावत् प्रव्रज्यां चेटाः स्मृताः। चन्द्रयशसः सुजातस्य धर्मघोषस्य वारत्रकस्य सर्वेषां संवेगेन योगाः संगृहीता भवन्ति, केचित्तु सुरवरं यावत् मृगावती प्रव्रजिता (एषः) परम्परतः एनमपि कथयन्ति। संवेग इति गतं, इदानीं प्रणिधिरिति, प्रणिधिर्माया, सा द्विविधा—द्रव्यप्रणिधिश्च भावप्रणिधिश्च, द्रव्यप्रणिधावुदाहरणगाथा—भृगुकच्छे नगरे नभोवाहनो नाम राजा कोशसमृद्धः, इतश्च प्रतिष्ठाने शालवाहनो राजा बलसमृद्धः, स नभोवाहनं रुणद्धिः, स कोशसमृद्धो यो हस्तं

[५२]वा सीसं वा आणेइ तस्स सयसहस्सगं वित्तं देति, ताहे तेण नहवाहणमणूसा दिवे २ मारंति, सालवाहणमणुस्सावि केवि मारित्ता आणेंति, सो तेसिं न किंचि देइ, सो खीणजणो पडिजाइ, नासित्ता पुणोवि बितियवरिसे एइ, तत्थवि तहेव नासइ, एवं कालो वच्चइ, अण्णया अमच्चो भणइ–ममं अवराहेत्ता निव्विसयं आणवेह माणुसगाणि य बंधाहि, तेण तहेव कयं, सोवि निग्गंतूण गुग्गुलभारं गहाय भरुयच्छमागओ, एगत्थ देवउले अच्छइ, सामंतरज्जेसु फुट्टं– सालवाहणेणं अमच्चो निच्छूढो, भरुयच्छे य न णाओ, केणति पुच्छिओ–कोऽसित्ति, भणइ– गुग्गुलभगवं नाम अहंति, जेहिं णाओ ताण कहेइ जेण विहाणेण निच्छूढो अथालहुसगेणंति, पच्छा नहवाहणेण सुयं, मणुस्सा विसज्जिया नेच्छइ कुमारामच्चत्तणस्स गंधंपि सोउं, सो य राया

આપીશ." તેથી નભવાહનના મનુષ્યો રોજે રોજ શત્રુના માણસોને મારે છે. શાલવાહનના મનુષ્યો પણ મારીને લાવે છે. છતાં નભવાહન તેઓને કંઈ દેતો નથી. શાલવાહન સૈન્ય ઓછું થવાને કારણે પાછો જતો રહે છે. પાછા જઈ તે બીજા વર્ષે પાછો આવે છે. તે વખતે પણ પૂર્વની જેમ તે નાસી જાય છે. આ પ્રમાણે કેટલોક કાળ પસાર થાય છે.

એકવાર શાલવાહનના મંત્રીએ સલાહ આપી કે – "મને કોઈ અપરાધમાં સંડોવીને રાજ્યમાંથી બહાર કઢાવી નાંખો અને મારા કુટુંબના માણસોને બાંધી દો." રાજાએ તે જ રીતે કર્યું. (મંત્રીને રાજ્યબહાર કર્યો.) મંત્રી પણ રાજ્યમાંથી નીકળીને ગુગ્ગુલ (સુગંધીદ્રવ્યવિશેષ)ના ભારને લઈને ભૃગુકચ્છમાં ગયો. એક સ્થાને દેવકુલમાં રોકાયો. આજુબાજુના રાજાઓએ જાણ્યું કે શાલવાહને મંત્રીને રાજ્યબહાર કર્યો છે. પરંતુ ભૃગુકચ્છમાં ખબર પડી નહીં. કોઈએ પૂછ્યું – "તું કોણ છે ?" તેણે કહ્યું – "મારું નામ ગુગ્ગુલભગવાન છે." જેઓએ આને ઓળખી લીધો હતો તેઓને તે કહે છે કે નાના એવા અપરાધમાં રાજાએ મને આ રીતે બહાર કાઢી નાંખ્યો. (પંક્તિનો અર્થ આ પ્રમાણે કે જે પ્રકારથી એટલે કે નાના એવા અપરાધને કારણે રાજાએ મને બહાર કાઢ્યો. ટૂંકમાં જે કારણે તેને બહાર કાઢ્યો હતો તે કારણ તેણે દર્શાવ્યું.)

પાછળથી નભવાહનરાજાએ સાંભળ્યું (કે મંત્રીને રાજ્યબહાર કર્યો છે.) તેણે (મંત્રીપદ સ્વીકારવા) માણસો મોકલ્યા પરંતુ તે મંત્રીપણાની ગંધને પણ સાંભળવા ઇચ્છતો નથી. તે રાજા

५२. वा शीर्षं वाऽऽनयति तस्मै शतसहस्रद्रव्यं ददाति, तदा तेन नभोवाहनमनुष्या दिवसे २ मारयन्ति, शालवाहनमनुष्या अपि कांश्चनापि मारयित्वाऽऽनयन्ति, स तेभ्यः किञ्चिदपि न ददाति, स क्षीणजनः प्रतियाति, नंष्ट्वा पुनरपि द्वितीयवर्षे आयाति, तत्रापि तथैव नश्यति, एवं कालो व्रजति, अन्यदाऽमात्यो भणति–मामपराध्य निर्विषयमाज्ञपयत मनुष्यांश्च बधान, तेन तथैव कृतं, सोऽपि निर्गत्य गुग्गुलभारं गृहीत्वा भृगुकच्छमागतः, एकत्र देवकुले तिष्ठति, सामन्तराजेषु वित्तं–शालवाहनेनामात्यो निष्काशितः, भृगुकच्छे च न ज्ञातः, केनचित् पृष्टः–कोऽसि इति, भणति–गुग्गुलभगवान् नामाहमिति, यैर्ज्ञातस्तान् कथयति येन विधानेन निष्काशितो यथा– लघ्वा (अपराधेन), पश्चान्नभोवाहनेन श्रुतं, मनुष्या विसृष्टा नेच्छति कुमारामात्यगन्धमपि श्रोतुं, स च राजा

**[५३]सयं आगओ, ठविओ अमच्चो, वीसंभं जाणिऊण भणइ—पुण्णेण रज्जं लब्भइ, पुणोवि अण्णस्स जम्मस्स पत्थयणं करेहि, ताहे देवकुलाणि थूभतलागवावीण खणावणादिएहिं दव्वं खइयं, सालवाहणो आवाहिओ, पुणोवि ताविज्जइ, अमच्चं भणइ—तुमं घडिओत्ति, सो भणइ-न घडामि अंतेउरियाण आभरणेणंति, पुणो गओ पइट्ठाणंति, पच्छा पुणो अंतेउरिओ णिव्वाहेइ, तम्मि णिट्ठिए सालवाहणो आवाहिओ, नत्थि दायव्वं, सो विणट्ठगो, नयरंपि गहियं, एसा दव्वपणिही, भावपणिहीए उदाहरणं—भरुयच्छे जिणदेवो नाम आयरिओ, भदंतमित्तो कुणालो य तच्चण्णिया दोवि भायरो वाई, तेहिं पडहओ निक्कालिओ, जिणदेवो चेइयवंदगो गओ सुणेइ,**

સ્વયં મનાવવા આવ્યો. મંત્રી તરીકે સ્થાપ્યો. પોતાની ઉપર રાજાને પૂર્ણ વિશ્વાસ છે એવું જાણીને મંત્રીએ રાજાને કહ્યું કે "હે રાજન્ ! પુણ્યથી રાજ્યની પ્રાપ્તિ થાય છે. તેથી તું ફરીથી આવતા ભવનું ભાતુ બાંધી દે." તેથી રાજા દેવકુલો, સ્તૂપો, તળાવો, વાવડીઓ વિગેરે કરાવવાદ્વારા સારું એવું ધન ખર્ચી નાખે છે. (નભવાહન હવે પૈસાથી ઓછો થયો છે. એવું જાણીને મંત્રીએ) શાલવાહનને બોલાવ્યો. પરંતુ ફરીથી તે (પૂર્વની જેમ) હેરાન કરાય છે. તેથી શાલવાહને મંત્રીને કહ્યું કે "તે જ (અમને હેરાન કરવા માટેનું કાવતરું) ઘડ્યું છે."

મંત્રીએ કહ્યું – "મેં (કાવતરું) ઘડ્યું નથી પરંતુ રાજાએ (રાજ્યભંડાર ઓછો થવાથી) પોતાની સ્ત્રીઓના આભરણોદ્વારા (તમારા માણસોને પૂર્વની જેમ મારી નંખાવ્યા છે.) શાલવાહન પાછો પ્રતિષ્ઠાનનગરમાં જતો રહ્યો. હવે અંતઃપુરની રાણીઓ નિર્વાહ કરે છે એટલે કે એમના ધનથી રાજ્ય ચાલે છે. જ્યારે તે ધન પણ પુરું થયું ત્યારે મંત્રીએ શાલવાહનરાજાને બોલાવ્યો. હવે નભવાહન પાસે દેવા યોગ્ય કોઈ ધન રહ્યું નહીં. તેથી શાલવાહનરાજાએ તેનો નાશ કર્યો. નગર પોતે ગ્રહણ કર્યું. આ દ્રવ્યપ્રણિધિ જાણવી. (અર્થાત્ શાલવાહનના મંત્રીએ માયાપૂર્વક નભવાહનનો નાશ કરાવ્યો. આ માયા તે દ્રવ્યપ્રણિધિ.)

### ❀ 'ભાવપ્રણિધિ' ઉપર બે ભાઈઓનું દૃષ્ટાન્ત ❀

ભાવપ્રણિધિમાં ઉદાહરણ આ પ્રમાણે છે : ભૃગુકચ્છમાં જિનદેવનામે આચાર્ય હતા. તે જ નગરમાં ભદંતમિત્ર અને કુણાલનામના બૌદ્ધ બે ભાઈઓ વાદી હતા. તે બંનેએ વાદ માટેની ઘોષણા કરાવી. ચૈત્યોના વંદન માટે ગયેલા જિનદેવઆચાર્યે આ ઘોષણા સાંભળી અને પડહ અટકાવ્યો

---

५३. स्वयमागतः, स्थापितोऽमात्यः, विश्रम्भं ज्ञात्वा भणति—पुण्येन राज्यं लभ्यते, पुनरप्यन्यस्य जन्मनः पथ्यदनं कुरु, तदा देवकुलानि स्तूपतटाकवापीनां खाननादिभिः सर्वं द्रव्यं खादितं, शालवाहन आहूतः, पुनरपि ताप्यते, अमात्यं भणति—त्वं घाटितोऽसि, स भणति—न घटयाम्यन्तःपुरिकाणामाभरणानि, पुनर्गतः प्रतिष्ठानमिति, पश्चात् पुनरान्तःपुरिको निर्वाहयति, तस्मिन्निष्ठिते शालवाहन आहूतः, नास्ति दातव्यं, स विनष्टः, नगरमपि गृहीतं, एषा द्रव्यप्रणिधिः । भावप्रणिधावुदाहरणं—भृगुकच्छे जिनदेवो नामाचार्यः, भदन्तमित्रः कुणालश्च तच्चनिकौ द्वावपि भ्रातरौ वादिनौ, ताभ्यां पटहको निष्काशितः, जिनदेवः चैत्यवन्दनार्थं गतः श्रृणोति,

[૫૪]वारिओ, राउले वादो जाओ, पराजिया दोवि, पच्छा ते विचिंतेइ–विणा एएसिं सिद्धंतेण न तीरइ एएसिं उत्तरं दाउं, पच्छा माइठाणेण ताण मूले पव्वइया, विभासा गोविन्दवत्, पच्छा पढंताण उवगयं, भावओ पडिवन्ना, साहू जाया, एसा भावपणिहित्ति । पणिहित्ति गयं १८ ।

इयाणिं सुविहित्ति, सुविहीए जोगा संगहिया, विधिरनुज्ञा विधी जहा जस्स इट्ठा, शोभनो विधिः सुविधिः, तत्रोदाहरणं जहा सामाइयनिज्जुत्तीए अणुकंपाए अक्खाणगं—

**बारवई वेयरणी धन्नंतरि भविय अभविए विज्जे ।**
**कहणा य पुच्छियंमि य गइनिद्देसे य संबोही ॥१३०६॥**
**सो वानरजूहवई कंतारे सुविहियाणुकंपाए ।**

(અર્થાત્ વાદ માટેનો સ્વીકાર કર્યો.) રાજકુળમાં બંને પક્ષ વચ્ચે વાદ થયો. બંને ભાઈઓ હારી ગયા. તેથી બંને વિચારે છે કે – "આ લોકોના સિદ્ધાન્તોને જાણ્યા વિના જવાબ આપવો શક્ય નથી." તેથી માયા કરીને બંને ભાઈઓએ આચાર્ય પાસે દીક્ષા લીધી. અહીં ગોવિન્દની જેમ વર્ણન સમજી લેવું. (અર્થાત્ જેમ ગોવિન્દનામનો બૌદ્ધપંડિત પોતાની હાર જાણીને અન્ય આચાર્ય પાસે સિદ્ધાન્તો ભણવા દીક્ષા સ્વીકારે છે અને સિદ્ધાન્તો ભણે છે. પછી પાછો આ આચાર્ય પાસે આવીને વાદ કરે છે છતાં હાર થવાથી અન્ય દિશામાં રહેલા આચાર્ય પાસે ભણવા જાય છે. ફરી પાછો આવીને વાદ કરે છે. ત્રીજી વાર હારે છે. ફરી અન્ય દિશામાં રહેલ આચાર્ય પાસે જાય છે. પરંતુ ત્યાં ભણતા–ભણતા સાચો બોધ થાય છે. તેમ અહીં પણ) ભણતા આ બંને ભાઈઓને સાચું જ્ઞાન થયું. બંને ભાવથી દીક્ષા સ્વીકારે છે, સાધુ બને છે. આ ભાવપ્રણિધિ જાણવી. 'પ્રણિધિ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૦૫॥

અવતરણિકા : હવે **'સુવિધિ'** દ્વાર જણાવે છે. સુવિધિથી યોગો સંગૃહીત થાય છે. વિધિ એટલે અનુજ્ઞાવિધિ, અર્થાત્ જે અનુષ્ઠાનની જે રીતની વિધિ ઇષ્ટ છે તે. સુંદર એવી જે વિધિ તે સુવિધિ. તેમાં ઉદાહરણ તરીકે જે રીતે સામાયિકનિર્યુક્તિમાં (ભાષાંતર ભા. ૩ પૃ. ૨૮૨) દૃષ્ટાન્ત કહ્યું છે તે અહીં પણ જાણવું ➪

ગાથાર્થ : **દ્વારિકાનગરી – વૈતરણી અને ધનવંતરી બે વૈદ્યો – વૈતરણી ભવ્ય અને ધનવંતરી અભવી – (કૃષ્ણવડે બંનેની પરભવની ગતિ માટેની) પૃચ્છા થતાં તીર્થંકરદ્વારા કથન થયું અને પરભવની ગતિનો નિર્દેશ થયો. (અર્થાત્ ગતિ જણાવી. વૈતરણીનો ભવાન્તરમાં) બોધ પામવો.**

ગાથાર્થ : **તે વૈતરણી (ભવાન્તરમાં) જંગલમાં વાનરોના યૂથનો અધિપતિ થયો – સુવિહિતોની**

૫૪. वारितः राजकुले वादो जातः, पराजितौ द्वावपि, पश्चात्तौ विचिन्तयतः–विनैतेषां सिद्धान्तेन न एतेषामुत्तरं दातुं शक्यते, पश्चात् मातृस्थानेन तेषां पार्श्वे प्रव्रजितौ, विभाषा गोविन्दवत्, पश्चात् पठतोरुपगतं, भावतः प्रतिपन्नौ, साधू जातौ, एषा भावप्रणिधिरिति । प्रणिधिरिति गतं, इदानीं सुविधिरिति, सुविधिना योगाः संगृह्यन्ते, विधिर्यथा यस्येष्टः, यथा सामायिकनिर्युक्तौ अनुकम्पायामाख्यानकं–द्वारवती वैतरणिः धन्वन्तरिर्भव्योऽभव्यश्च वैद्यौ । कथनं च पृष्टे च गतिनिर्देशश्च संबोधिः ॥१॥ स वानरयूथपतिः कान्तारे सुविहितानुकम्पया ।

**[५५]भासुरवरबोंदिधरो देवो वेमाणिओ जाओ ॥१३०७॥**

जाव साहू साहरिओ साहूण समीवं। सुविहित्ति गयं ११।

इयाणिं संवरेत्ति, संवरेणं जोगा संगिज्झंति, तत्थ पडिवक्खेणं उदाहरणगाहा—

**वाणारसी य कोट्ठे पासे गोवालभद्दसेणे य।**
**नंदसिरी पउमसिरी रायगिहे सेणिए वीरो ॥१३०८॥**

व्याख्या कथानकादवसेया, तच्चेदं-रायगिहे सेणिएण वद्धमाणसामी पुच्छिओ, एगा देवी णट्टविहिं उवदंसेत्ता गया का एसा ?, सामी भणइ—वाणारसीए भद्दसेणो जुन्नसेट्ठी, तस्स भज्जा नंदा, तीसे धूया नंदसिरी वरगविवज्जिया, तत्थ कोट्ठए चेइए पासस्सामी समोसढो, नंदसिरी पव्वइया, गोवालीए सिस्सिणिया दिण्णा, पुव्वं उग्गेण विहरित्ता पच्छा ओसन्ना जाया, हत्थे पाए धोवेइ, जहा दोवती विभासा, वारिज्जंती उट्ठेऊणं विभत्ताए वसहीते ठिया, तस्स ठाणस्स

**અનુકંપાથી (=ભક્તિથી) દેદિપ્યમાન ઉત્કૃષ્ટશરીરને ધારણ કરનારો વૈમાનિકદેવ થયો.**

**ટીકાર્થ :** (પૂર્વે કહ્યા પ્રમાણે સંપૂર્ણ દૃષ્ટાન્ત જાણી લેવું.) ત્યાં સુધી કે તે દેવે સાધુને પોતાના ગચ્છમાં ભેગો કરી દીધો. 'સુવિધિ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૦૬-૭॥

**અવતરણિકા :** હવે **'સંવર'** દ્વાર જણાવે છે. સંવરદ્વારા યોગો સંગૃહીત થાય છે. અહીં પ્રતિપક્ષ ઉદાહરણ છે. તેની ગાથા ⇨

**ગાથાર્થ : વાણારસીનગરીના કોષ્ટકચૈત્યમાં પાર્શ્વપ્રભુ પધાર્યા – ગોપાલી સાધ્વી – ભદ્રસેનરાજા – નંદશ્રી – પદ્મશ્રી – રાજગૃહ – શ્રેણિક – વીર.**

**ટીકાર્થ :** વ્યાખ્યા કથાનકથી જાણવી. તે કથાનક આ પ્રમાણે છે –

### ❋ (૨૦) 'સંવર' ઉપર નંદશ્રીનું પ્રતિપક્ષ દૃષ્ટાન્ત ❋

રાજગૃહનગરમાં શ્રેણિકરાજાએ વર્ધમાનસ્વામિને પૂછ્યું છે કે – "એક દેવી નાટ્યવિધિ બતાવીને જતી રહી તે કોણ હતી ?" સ્વામીએ કહ્યું – "વાણારસીનગરીમાં ભદ્રસેનનામે જૂનો શ્રેષ્ઠિ હતો. તેને નંદાનામે પત્ની હતી. તેણીને (યોગ્ય પતિ મળતો ન હોવાથી) પતિ વિનાની નંદશ્રીનામે દીકરી હતી. તે નગરના કોષ્ટકચૈત્યમાં પાર્શ્વપ્રભુ પધાર્યા. નંદશ્રીએ દીક્ષા લીધી, અને ગોપાલીનામની સાધ્વીજીને શિષ્યા તરીકે આપી. તે નંદશ્રી શરૂઆતમાં સારી રીતે સંયમનું પાલન કરતી હતી. પાછળથી તે શિથિલ થઈ. હાથ-પગ ધોવે છે. અહીં દ્રૌપદીના પૂર્વભવની જેમ વર્ણન જાણી લેવું. શિથિલાચારથી અટકાવવાનો પ્રયત્ન કરાતા તે ઊઠીને જુદી વસતિમાં રહેવા લાગી.

५५. भासुरवरबोन्दीधरो देवो वैमानिको जातः ॥२॥ यावत् साधुः संहृतः साधूनां समीपं सुविधिरिति गतं। इदानीं संवर इति, संवरेण योगाः संगृह्यन्ते, तत्र प्रतिपक्षेणोदाहरणगाथा। राजगृहे श्रेणिकेन वर्धमानस्वामी पृष्टः, एका देवी नृत्यविधिमुपदर्श्य गता कैषा ?, स्वामी भणति—वाराणस्यां भद्रसेनो जीर्णश्रेष्ठी, तस्य भार्या नन्दा, तस्या दुहिता नन्दश्रीरिति, वरविवर्जिता तत्र कोष्टके चैत्ये पार्श्वस्वामी समवसृतः, नन्दश्रीः प्रव्रजिता, गोपाल्यै शिष्या दत्ता, पूर्वमुग्रेण विहृत्य पश्चादवसन्ना जाता, हस्तौ पादौ प्रक्षालयति, यथा द्रौपदी विभाषा, वार्यमाणोत्थाय विभक्तायां वसतौ स्थिता, तस्य स्थानस्य

[56]अणालोइयपडिक्कंता चुल्लहिमवंते पउमदहे सिरी जाया देवगणिया, एतीए संवरो न कओ, पडिवक्खो सो न कायव्वो, अण्णे भणंति–हत्थिणियारूवेण वाउक्काएइ, ताहे सेणिएण पुच्छिओ, संवरेत्ति गयं २०।

इयाणिं 'अत्तदोसोवसंहारो'त्ति अत्तदोसोवसंहारो कायव्वो, जइ किंचि काहामि तो दुगुणो बंधो होहिति, तत्थ उदाहरणगाहा—

**बारवइ अरहमित्ते अणुद्धरी चेव तहय जिणदेवो ।**
**रोगस्स य उप्पत्ती पडिसेहो अत्तसंहारो ॥१३०९॥**

व्याख्या कथानकादवसेया, तच्चेदं–बारवतीए अरहमित्तो सेट्ठी, अणुद्धरी भज्जा, सावयाणि, जिणदेवो पुत्तो, तस्स रोगा उप्पण्णा, न तीरइ तिगिंच्छिउं, वेज्जो भणइ–मंसं खाहि, नेच्छइ, सयणपरियणो अम्मापियरो य पुत्तणेहेणाणुजाणंति, णेच्छइ निब्बंधेवि कहं सुचिरं रक्खियं वयं

---

પોતે સેવેલા શિથિલાચારોની આલોચના–પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરીને લઘુહિમવંત પર્વતના પદ્મહ્રદમાં દેવોની વેશ્યા શ્રીદેવી થઈ. નંદશ્રીએ સંવર કર્યો નહીં. આ રીતે સંવરનો પ્રતિપક્ષ=અસંવર કરવા યોગ્ય નથી. કેટલાક આચાર્યો આ પ્રમાણે કહે છે કે સમોવસરણમાં પ્રભુ આગળ હાથિણીનું રૂપ કરીને દેવી જ્યારે અવાજ કરે છે (?) ત્યારે શ્રેણિકે ભગવાનને પૂછ્યું– (કે આ કોણ છે?) 'સંવર' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૦૮॥

**અવતરણિકા :** હવે **'આત્મદોષ–ઉપસંહાર'** દ્વાર જણાવે છે. આત્મદોષોની સમાપ્તિ કરવા યોગ્ય છે. (તે કરવા જીવે આ પ્રમાણે વિચારવું જોઈએ કે –) જો કંઈક (આજ્ઞાવિરુદ્ધ) કરીશ તો દ્વિગુણ કર્મબંધ થશે. અહીં ઉદાહરણગાથા ➪

ગાથાર્થ : **દ્વારિકાનગરીમાં અર્હમિત્રશ્રેષ્ઠિ – અનુદ્ધરીપત્ની – જિનદેવપુત્ર – રોગની ઉત્પત્તિ – પ્રતિષેધ – આત્મસંહાર.**

**ટીકાર્થ :** વ્યાખ્યા કથાનકથી જાણવી. તે કથાનક આ પ્રમાણે જાણવું –

## ❀ (૨૧) 'આત્મદોષઉપસંહાર' ઉપર જિનદેવનું દૃષ્ટાન્ત ❀

દ્વારિકાનગરીમાં અર્હમિત્રશ્રેષ્ઠિ હતો. તેને અનુદ્ધરીનામે પત્ની હતી અને જિનદેવનામે પુત્ર હતો. તેઓ શ્રાવક–શ્રાવિકા હતા. જિનદેવપુત્રને રોગો ઉત્પન્ન થયા.કોઈ ચિકિત્સા રોગોને શાંત કરી શકતી નથી. છેલ્લે વૈદ્યે કહ્યું – "તું માંસ ખા (જેથી તારો રોગ નાશ થશે.)" તે માંસ ખાવા તૈયાર થતો નથી. સ્વજનો–પરિજનો અને માતા–પિતા પુત્રસ્નેહને વશ થઈ માંસ ખાવા અનુજ્ઞા

---

૫૬. अनालोचितप्रतिक्रान्ता क्षुल्लकहिमवति पद्महूदे श्रीर्जाता देवगणिका, एतया संवरो न कृतः, प्रतिपक्षः स न कर्त्तव्यः, अन्ये भणन्ति–हस्तिनीरूपेण वातमुद्गिरति, ( रावान् करोति ), तदा श्रेणिकेन पृष्टः, संवर इति गतं, इदानीमात्मदोषोपसंहारेति, आत्मदोषोपसंहारः कर्त्तव्यः, यदि किञ्चिद् करिष्यामि तर्हि द्विगुणो बन्धो भविष्यतीति, तत्रोदाहरणगाथा–द्वारवत्यां अर्हमित्रः श्रेष्ठी, अनुद्धरी भार्या, श्रावकौ, जिनदेवः पुत्रः, तस्य रोगा उत्पन्नाः, न शक्यन्ते चिकित्सितुं, वैद्यो भणति–मांसं खादय, नेच्छति, स्वजनपरिजनो मातापितरौ च पुत्रस्नेहेनानुजानन्ति, नेच्छति निर्बन्धेऽपि कथं सुचिरं रक्षितं व्रतं

भंजामि[57], उक्तं च- *"वरं प्रवेष्टुं ज्वलितं हुताशनं, न चापि भग्नं चिरसञ्चितं व्रतम्"* अत्तदोसोवसंहारो कओ, मरामित्ति सव्वं सावज्जं पच्चक्खायं, कहवि कम्मक्खओवसमेणं पउणो, तहावि पच्चक्खायं चेव, पव्वज्जं कयाइओ, सुहज्झवसाणस्स णाणमुप्पण्णं जाव सिद्धो । अत्तदोसोवसंहारोत्ति गयं २१ ।

इयाणिं सव्वकामविरत्तयत्ति, सव्वकामेसु विरंज्जियव्वं, तत्रोदाहरणगाथा—

**उज्जेणिदेविलासुय अणुरत्ता लोयणा य पउमरहो ।**
**संगयओ मणुमइया असियगिरी अद्धसंकासा ॥१३१०॥**

व्याख्या कथानकादवसेया, तच्चेदं—उज्जेणीए नयरीए देविलासुओ राया, तस्स भज्जा अणुरत्ता लोयणा नाम, अन्नया सो राया सेज्जाए अच्छइ, देवी वाले वीयरेइ, पलियं दिट्ठं,

આપે છે છતાં તે ઈચ્છતો નથી. ઘણો આગ્રહ કરતાં તેણે કહ્યું – "લાંબાકાળથી જે અહિંસાવ્રતનું મેં પાલન કર્યું છે તે વ્રતને હું કેવી રીતે ભાંગુ ?" કહ્યું છે – "બળતા અગ્નિમાં પ્રવેશ કરવો સારો પરંતુ લાંબા કાળથી પાલન કરેલા વ્રતનો ભંગ સારો નથી." તેણે આત્મદોષોનો ઉપસંહાર કર્યો. (અર્થાત્ પોતાના નિમિત્તે થતાં દોષને અટકાવ્યો.)

(હવે કોઈ રીતે રોગની ચિકિત્સા થઈ શકે એમ નથી એમ વિચારી) 'ભલે મારું મૃત્યુ થાઓ' સર્વ સાવદ્યપાપોનું પચ્ચક્ખાણ કર્યું. કોઈપણ રીતે કર્મના ક્ષયોપશમથી તેનો રોગ શાંત થયો. છતાં તેણે પચ્ચક્ખાણ ચાલું જ રાખ્યું. દીક્ષા લીધી. શુભ અધ્યવસાયથી તેને જ્ઞાન ઉત્પન્ન થયું. છેલ્લે સિદ્ધ થયો. 'આત્મદોષ–ઉપસંહાર' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૦૯॥

**અવતરણિકા :** હવે **'સર્વકામવિરક્તતા'** દ્વાર જણાવે છે. સર્વકામોમાં (=શબ્દ, રૂપ વિગેરે સર્વ વિષયોમાં) વિરક્ત થવા યોગ્ય છે. તેમાં ઉદાહરણગાથા ⇨

**ગાથાર્થ :** **ઉજ્જયિનીનગરી – દેવિલાસુતરાજા – અનુરાગી એવી લોચનારાણી – પદ્મરથ – સંગતદાસ – મનુમતિકાદાસી – અસિતગિરિ – અર્ધસંકાશકન્યા.**

**ટીકાર્થ :** ગાથાની વ્યાખ્યા કથાનકથી જાણવી. તે કથાનક આ પ્રમાણે –

### ❋ (૨૨) 'સર્વકામવિરક્તતા' ઉપર દેવિલાસુતરાજાનું દૃષ્ટાન્ત ❋

ઉજ્જયિનીનગરીમાં દેવિલાસુતનામે રાજા હતો. તેના ઉપર અનુરાગી એવી લોચના નામે રાણી હતી. એકવાર તે રાજા શય્યા ઉપર બેઠો હતો. દેવી રાજાના વાળ ઓળે છે. તેમાં એક સફેદવાળ જોયો. તેથી રાણીએ કહ્યું – "હે પૂજ્ય ! દૂત આવેલો છે." રાજા ઉત્સૂકતા સાથે (કંઈક)

૫૭. भनज्मि, आत्मदोषोपसंहारः कृतः म्रिय इति सर्वं सावद्यं प्रत्याख्यातं, कथमपि कर्मक्षयोपशमेन प्रगुणः तथापि प्रत्याख्यातमेव, प्रव्रज्यां कृतवान्, शुभाध्यवसायस्य ज्ञानमुत्पन्नं यावत् सिद्धः । आत्मदोषोपसंहार इति गतं, इदानीं सर्वकामविरक्ततेति, सर्वकामेषु विरक्तव्यं । उज्जयिन्यां नगर्यां देविलासुतो राजा तस्य भार्याऽनुरक्ता लोचना नाम्नी, अन्यदा स राजा शय्यायां तिष्ठति, देवी वालान् वीणयति (शोधयति), देव्या वाले पलितं दृष्टं,

[५८] भणइ—भट्टारगा ! दूओ आगओ, सो ससंभमं भयहरिसाइओ उट्ठिओ, कहिं सो ?, पच्छा सा भणइ—धम्मदूओत्ति, सणियं अंगुलीए वेढित्ता उक्खयं, सोवण्णे थाले खोमजुयलेण वेढित्ता णयरे हिंडावियं, पच्छा अधितिं करेइ—अजाए पलिए अम्ह पुव्वया पव्वयंति, अहं पुण न पव्वइओ, पउमरहं रज्जे ठवेत्ता पव्वइओ, देवीवि, संगयओ दासो मणुमणिया दासी ताणिवि अणुरागेण पव्वइयाणि, सव्वाणिवि असियगिरिम्मि तावसासमं तत्थ गयाणि, संगयओ मणुमतिगा य केणइ कालंतरेण उप्पव्वइयाणि, देवीएवि गब्भो नक्खाओ पुव्वं रण्णो, वड्ढिउमारद्धो, राया अधितिं पगओ—अयसो जाओत्ति, अथ तावसो पच्छन्नं सारवेइ, सुकुमाला देवी वियायंती मया, तीए दारिया जाया, सा अन्नासिं तावसीणं थणयं पियंती, संवड्ढिया, ताहे से अद्धसंकासत्ति नामं कयं, सा जोव्वणत्था जाया, सा पियरं अडवीओ आगयं विस्सामेइ, सो तीए जोव्वणे

ભય અને હર્ષવાળો ઊભો થયો – "ક્યાં છે તે ?" દેવીએ કહ્યું – "ધર્મદૂત આવ્યો છે." ધીરેથી આંગળીમાં વીંટાળીને તે વાળ ખેંચી નાંખ્યો. સુવર્ણની થાળમાં સુતરાઉ બે વસ્ત્રો સાથે વિંટીને નગરમાં તે વાળ ફેરવ્યો. પાછળથી રાજા અધૃતિ કરે છે કે – "સફેદ વાળ આવ્યા પહેલા જ અમારા પૂર્વજો દીક્ષા લેતા હતા. મેં હજુ દીક્ષા લીધી નહીં." પોતાના પુત્ર પદ્મરથને રાજ્ય ઉપર સ્થાપીને પોતે દીક્ષા લીધી. દેવીએ પણ દીક્ષા લીધી.

સંગતનામનો દાસ અને મનુમતિકા દાસી હતા. તેઓએ પણ રાજા—રાણી પ્રત્યેના અનુરાગથી દીક્ષા લીધી. બધા અસિતગિરિ ઉપર જે તાપસ આશ્રમ હતો ત્યાં ગયા. સંગત અને મનુમતિકાએ કોઈક કારણથી કેટલાક કાળ પછી દીક્ષા છોડી દીધી. દેવીએ પણ દીક્ષા લેતા પહેલાં રાજાને ગર્ભ સંબંધી વાત કરી નહોતી. તે ગર્ભ હવે વધવા લાગ્યો. રાજા અધૃતિને પામ્યો કે આ તો અપયશ થયો. તાપસરાજા ગુપ્ત રીતે ગર્ભની સંભાળ રાખે છે. સુકુમાર હોવાથી પ્રસુતિ વેળાએ દેવી મૃત્યુ પામી. તેના થકી દીકરી ઉત્પન્ન થઈ. તે બીજી તાપસીનું સ્તનપાન કરે છે. મોટી થઈ. ત્યારે તેનું અર્ધસંકાશ એવું નામ પાડ્યું. તે યુવાનીમાં આવી.

તે રોજે રોજ જંગલમાંથી આવેલા પોતાના પિતાની સેવા કરે છે. તે તાપસ પિતા યુવાન કન્યા ઉપર આસક્ત થયો. 'આજે, આવતીકાલે હું એને ગ્રહણ કરીશ' એવા વિચારથી તે (રાહ

५८. भणति—भट्टारक ! दूत आगतः, स ससंभ्रमं भयहर्षवान् उत्थितः क्व सः ?, पश्चात् सा भणति—धर्मदूत इति, शनैरङ्गुल्या वेष्टयित्वोत्खातं, सौवर्णे स्थाले क्षौमयुगलेन वेष्टयित्वा नगरे हिण्डितः, पश्चादधृतिं करोति—अजाते पलितेऽस्माकं पूर्वजाः प्राव्रजिषुः, अहं पुनर्न प्रव्रजितः, पद्मरथं राज्ये स्थापयित्वा प्रव्रजितः, देव्यपि, संगतो दासो मनुमतिका दासी तावप्यनुरागेण प्रव्रजितौ, सर्वेऽप्यसितगिरौ तापसाश्रमस्तत्र गताः, संगतो मनुमतिका च केनचित्कालान्तरेणोत्प्रव्रजितौ, देव्याऽपि गर्भो नाख्यातः पूर्वं राज्ञः, वर्धितुमारब्धः, राजाऽधृतिं प्रगतः अयशा जात इति, अथ तापसः प्रच्छन्नं संरक्षति, सुकुमाला देवी प्रजनयन्ती मृता, तस्या दारिका जाता, साऽन्यासां तापसीनां स्तनं पिबति, संवर्धिता, तदा तस्या अर्धसंकाशेति नाम कृतं, सा यौवनस्था जाता, सा पितरमटवीत आगतं विश्रमयति, स तस्या यौवने

[५९]अज्झोववन्नो, अज्जं हिज्जो लएमित्ति अच्छइ, अण्णया पहाविओ गिण्हामित्ति उडगकट्ठे आवडिओ, पडिओ चिंतेइ–धिद्धी इहलोए फलं परलोए न नज्जइ किं होतित्ति संबुद्धो, ओहिनाणं भणइ– भवियव्वं भो खलु सव्वकामविरत्तेणं, अज्झयणं भासइ, धूया विरत्तेण संजतीण दिण्णा, सोवि सिद्धो । सावि सिद्धा एवं सव्वकामविरज्जिएण जोगा संगहिया भवंति । सव्वकामविरत्तयति गयं २२ । इयाणिं पच्चक्खाणेत्ति, पच्चक्खाणं च दुविहं–मूलगुणपच्चक्खाणं उत्तरगुणपच्चक्खाणं च, मूलगुणपच्चक्खाणे उदाहरणगाहा—

**कोडीवरिसचिलाए जिणदेवे रयणपुच्छ कहणा य ।**
**साएए सत्तुंजे वीरकहणा य संबोही ॥१३११॥**

व्याख्या कथानकादवसेया, तच्चेदं– साएए सत्तुंजए राया, जिणदेवो सावगो, सो दिसाजत्ताए गओ कोडीवरिसं, ते मिच्छा, तत्थ चिलाओ राया, तेण तस्स रयणाणि पण्णागारो

જોતો) રહે છે. એકવાર તે તાપસપિતા કન્યાને પકડું એવા આશયથી એ તરફ દોડે છે, પરંતુ ઝુંપડીનાં લાકડાં સાથે અથડાવાથી નીચે પડેલો તે વિચારે છે કે– ધિક્કાર છે મને. (આવું અકાર્ય કરવા જતા હું લાકડાં સાથે અથડાઈને પડ્યો એ તો) આલોકનું ફળ મળ્યું પરલોકમાં કોણ જાણે કેવું ફળ પ્રાપ્ત થશે ?" તે પ્રતિબોધ પામ્યો. અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. તે (લોકોને) કહે છે – "સર્વકામોમાં વિરક્ત થવા જેવું છે." અધ્યયન કહે છે. (અર્થાત્ સર્વકામવિરક્તનામના અધ્યયનની રચના કરીને તેની દેશના આપે છે.) વિરક્ત થતાં તેણે પોતાની દીકરી સાધ્વીજીઓને સોંપી દીધી. પોતે સિદ્ધ થયો. દીકરી પણ સિદ્ધ થઈ. આ પ્રમાણે સર્વકામવિરક્તથી યોગો સંગૃહીત થાય છે. 'સર્વકામવિરક્તતા' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૧૦॥

**અવતરણિકા :** હવે **'પચ્ચક્ખાણ'** દ્વાર જણાવે છે. પચ્ચક્ખાણ બે પ્રકારે છે – મૂળગુણ પચ્ચક્ખાણ અને ઉત્તરગુણપચ્ચક્ખાણ. મૂળગુણપચ્ચક્ખાણને વિશે ઉદાહરણગાથા ⇨

**ગાથાર્થ : કોટીવર્ષનામનો દેશ – ચિલાતરાજા – જિનદેવશ્રાવક – રત્નોની પૃચ્છા – કથન – સાકેતનગરમાં શત્રુંજયરાજા – વીરપ્રભુની દેશના – ચિલાતરાજાનો પ્રતિબોધ.**

**ટીકાર્થ :** ગાથાની વ્યાખ્યા કથાનકથી જાણવી. તે આ પ્રમાણે –

### ❋ (૨૩) 'મૂળગુણપચ્ચક્ખાણ' ઉપર ચિલાતરાજાનું દૃષ્ટાન્ત ❋

સાકેતનગરમાં શત્રુંજયરાજા હતો. જિનદેવશ્રાવક હતો. તે કોટીવર્ષનામના દેશમાં દેશાટન

५९. अध्युपपन्नः, अद्य श्वो लास्यामीति तिष्ठति, अन्यदा प्रधावितो गृह्णामीति उटजकाष्ठे आपतितः, पतितश्चिन्तयति–धिग् धिग् इहलोके फलं परलोके न ज्ञायते किं भविष्यतीति संबुद्धः, अवधिज्ञानं, भणति– भवितव्यं भोः खलु सर्वकामविरक्तेन, अध्ययनं भाषते, दुहिता विरक्तेन संयतीभ्यो दत्ता, सोऽपि सिद्धः साऽपि सिद्धा, । एवं सर्वकामविरक्तेन योगाः संगृहीता भवन्ति । सर्वकामविरक्ततेति गतं, इदानीं प्रत्याख्यानमिति, प्रत्याख्यानं च द्विविधं–मूलगुणप्रत्याख्यानमुत्तरगुणप्रत्याख्यानं च, मूलगुणप्रत्याख्याने उदाहरणगाथा–साकेते शत्रुञ्जयो राजा, जिनदेवः श्रावकः स, दिग्यात्रया गतः कोटीवर्षं, ते म्लेच्छाः, तत्र चिलातो राजा, तेन तस्मै रत्नानि पण्याकारो

[६०]पोत्ताणि जाणि तत्थ नत्थि ताणि ढोइयाणि, सो चिलाओ पुच्छइ–अहो रयणाणि रूवियाणि, कहिं एयाणि रयणाणि ?, साहइ–अण्णरज्जे, चिंतेइ–जइ नाम संबुज्झेज्जा, सो राया भणइ–अहं जामि रयणाणि पेच्छामि, तुज्झं तणगस्स रण्णो बीहेमि, जिणदेवो भणइ–मा बीहेहि, ताहे तस्स रण्णो लेहं पेसेइ, तेण भणिओ–एउत्ति, आणिओ सावगेण, सामी समोसढो, सेत्तुंजओ निग्गओ सपरिवारो महया इड्ढीए, जणसमूहो निग्गओ, चिलाओ जिणदेवं पुच्छइ–कहिं जणो जाइ ?, सो भणइ–एस सो रयणवाणियओ, भणइ–तो जामो पेच्छामोत्ति, दोवि जणा निग्गया, पेच्छंति सामिस्स छत्ताइछत्तं सीहासणं, विभासा, पुच्छइ–कहं ★लब्भति ? ताहे सामी दव्वरयणाणि भावरयणाणि य वण्णेइ, चिलाओ भणइ–मम भावरयणाणि देहित्ति, भणिओ–रयहरणगोच्छगादीहिं

માટે ગયો. ત્યાં મ્લેચ્છો હતા. ત્યાંનો રાજા ચિલાત હતો. જિનદેવશ્રાવકે રત્નો, કરિયાણું, વસ્ત્રો જે કાંઈ તે દેશમાં નહોતું તે બધું તે રાજાને આપ્યું. તે ચિલાતરાજાએ શ્રાવકને પૂછ્યું – "અહો ! આ રત્નો કેટલા સુંદર છે. ક્યાં છે આવા રત્નો ?" શ્રાવકે કહ્યું – "અન્યરાજ્યમાં (= અમારા રાજ્યમાં) છે." (આવી બધી વસ્તુઓ આપવાદ્વારા) શ્રાવક વિચારે છે કે "કદાચ આ રીતે ચિલાતરાજા પ્રતિબોધ પામે." તે રાજાએ કહ્યું – "હું ત્યાં જઉં અને રત્નોને જોઉં. પરંતુ તારા તે રાજાથી હું ડરું છું." જિનદેવે કહ્યું – "તમારે ડરવાની જરૂર નથી." શ્રાવકે શત્રુંજયરાજાને એક પત્ર મોકલ્યો. શત્રુંજયરાજાએ જણાવ્યું કે – "તમે આવી શકો છો." જિનદેવે તે રાજાને સાકેતનગરમાં લાવ્યો.

ત્યાં વીરપ્રભુ પધાર્યા. શત્રુંજયરાજા સપરિવાર મોટી ઋદ્ધિ સાથે વંદન કરવા નીકળ્યો. નગરના લોકો પણ નીકળ્યા. ચિલાતરાજા જિનદેવને પૂછે છે – "આ લોકો ક્યાં જાય છે ?" તેણે કહ્યું – આ તે (મહાવીર) રત્નોનો વેપારી છે." ચિલાતે કહ્યું – "તો આપણે જઈએ અને જોઈએ." બંને જણા નીકળ્યા. બંને જણા પ્રભુના છત્રાતિછત્ર, સિંહાસન વિગેરે જુએ છે. (અહીં અષ્ટ મહાપ્રાતિહાર્યોનું) વર્ણન સમજી લેવું. ચિલાતરાજા પ્રભુને પૂછે છે કે "રત્નો કેવી રીતે પ્રાપ્ત થાય છે ?" ત્યારે પ્રભુ દ્રવ્યરત્નો અને ભાવરત્નોનું વર્ણન કરે છે. ચિલાતરાજા પ્રભુને કહે છે – "મને ભાવરત્નો આપો." પ્રભુએ તેને કહ્યું – "ભાવરત્નો રજોહરણ–ગુચ્છા વિગેરે દ્વારા

६०. वस्त्राणि यानी तत्र न सन्ति तानि ढौकितानि, स चिलातः पृच्छति–अहो रत्नानि सुरूपाणि, क्वैतानि रत्नानि ?, कथयति–अन्यराज्ये, चिन्तयति–यदि नाम संबुध्येत, स राजा भणति–अहं यामि रत्नानि प्रेक्षे, परं त्वदीयात् राज्ञो बिभेमि, जिनदेवो भणति–मा भैषीः, तदा तस्मै राज्ञे लेखं ददाति, तेन भणितं-आयात्विति, आनीतः श्रावकेण, स्वामी समवसृतः, शत्रुञ्जयो निर्गतः सपरीवारो महत्या ऋद्ध्या, जनसमूहो निर्गतः, चिलातः जिनदेवं पृच्छति-क्व जनो याति ?, स भणति–एष रत्नवणिक् सः, भणति–तर्हि यावः प्रेक्षावहे, द्वावपि जनौ निर्गतौ, प्रेक्षेते–स्वामिनश्छत्रातिच्छत्रं सिंहासनं, विभाषा, पृच्छति–कथं लभ्यते ?, तदा स्वामी द्रव्यरत्नानि भावरत्नानि च वर्णयति, चिलातो भणति–मम भावरत्नान्यर्पयत इति, भणितो–रजोहरणगोच्छकादिभिः ★ 'रयणाइं' मुद्रितप्रतौ.

[61]साहिज्जंति, पव्वइओ, एयं मूलगुणपच्चक्खाणं २३ ।

इयाणिं उत्तरगुणपच्चक्खाणं, तत्थोदाहरणगाहा—

**वाणारसी य णयरी अणगारे धम्मघोस धम्मजसे ।**
**मासस्स य पारणए गोउलगंगा व अणुकंपा ॥१३१२॥**

व्याख्या कथानकादवसेया, तच्चेदं—वाणारसी नगरी तत्थ दो अणगारा वासावासं ठिया— धम्मघोसो धम्मजसो य, ते मासं मासं खमणेण अच्छंति, चउत्थपारणए मा णियावासो होहितित्ति पढमाए सज्झायं बीयाए अत्थपोरुसिं तइयाए उग्गाहेत्ता पहाविया, सारइएणं उण्हेणं अब्भाहया तिसाइया गंगं उत्तरमाणा मणसावि पाणियं न पत्थेंति, उत्तिण्णा, गंगादेवया आउट्टा, गोउलाणि विउव्वित्ता सपाणीया गोवग्गा दधिविभासा, ताहे सद्दावेइ—एह साहू भिक्खं गेण्हह,

સાધી શકાય છે = પ્રાપ્ત કરી શકાય છે. તેણે દીક્ષા લીધી. આ એનું મૂળગુણપચ્ચક્ખાણ થયું. ॥૧૩૧૧॥

**અવતરણિકા :** હવે ઉત્તરગુણપચ્ચક્ખાણ જણાવે છે. તેમાં ઉદાહરણગાથા આ પ્રમાણે જાણવી➩

**ગાથાર્થ : વાણારસીનગરીમાં બે સાધુઓનું ચોમાસુ ધર્મઘોષ અને ધર્મયશ – માસક્ષપણનું પારણું – ગંગાદેવીવડે ગોકુળો વિકુર્વ્યા – અનુકંપા.**

**ટીકાર્થ :** ગાથાના વ્યાખ્યા કથાનકથી જાણવી. તે આ પ્રમાણે –

**❋ (૨૪) 'ઉત્તરગુણપચ્ચક્ખાણ' ઉપર બે સાધુઓનું દૃષ્ટાન્ત ❋**

વાણારસીનગરી હતી. ત્યાં બે સાધુઓ ચોમાસા માટે રહ્યા – ધર્મઘોષ અને ધર્મયશ. તે બંને દર મહિને માસક્ષપણ કરે છે. ચોથા માસક્ષપણના પારણે (ચોમાસું પૂર્ણ થયું હોવાથી) અમારો નિત્યવાસ ન થાય તે માટે તે બંને મુનિવરો પ્રથમપોરિસીમાં સૂત્રપોરિસીને, બીજી પોરિસીમાં અર્થપોરિસીને કરીને ત્રીજી પોરિસીમાં પોતાની ઉપધિ – ઉપકરણ વિગેરે બધું લઈને તે ક્ષેત્રમાંથી નીકળી ગયા. શરદઋતુના તડકાથી પીડાયેલા અને માટે તરસવાળા થયેલા તેઓ ગંગાને ઉતરતા હોવા છતાં મનથી પણ પાણીની પ્રાર્થના કરતા નથી. ગંગાનદી તેઓ ઉતરી ગયા. ગંગાની અધિષ્ઠાયિકાદેવી તેમના તરફ આકર્ષાઈ.

ભક્તિથી તે દેવીએ (આગળ વધતા સાધુઓના માર્ગમાં) ગાયના વર્ગોવાળા પાણીસહિતના ગોકુળો વિકુર્વ્યા. ત્યાં દહી, દૂધ વિગેરે પુષ્કળ પ્રમાણમાં હતું. ત્યાં તે ગોવાળો સાધુઓને બોલાવે

६१. साध्यन्ति, प्रव्रजितः, एतत् मूलगुणप्रत्याख्यानं, इदानीमुत्तरगुणप्रत्याख्यानं, तत्रोदाहरणगाथा—वाराणसी नगरी तत्र द्वावनगारौ वर्षावासं स्थितौ—धर्मघोषो धर्मयशाश्च, तौ मासक्षपणमासक्षपणेन तिष्ठतः, चतुर्थपारणके मा नित्यवासिनौ भूवेति प्रथमायां स्वाध्यायं द्वितीयस्यामर्थपौरुषीं ( कृत्वा ) तृतीयस्यामुद्ग्राह्य प्रधावितौ, शारदिकेनौष्ण्येनाभ्याहतौ तृषार्दितौ गङ्गामुत्तरन्तौ मनसाऽपि पानीयं न प्रार्थयतः, उत्तीर्णौ, गङ्गादेवताऽऽवर्जिता, गोकुलानि विकुर्व्य सपानीयान् गोवर्गान् दधि विभाषा, तदा शब्दयति—आयातं साधू ! भिक्षां गृह्णीतं,

[६२]ते उवउत्ता दट्ठूण ताण रूवं, सा भिक्खा तेहिं पडिसिद्धा पहाविया, पच्छा ताए अणुकंपाए वासवद्दलं विउव्वियं भूमी उल्ला, सीयलेण वाएण अप्पाइया गामं पत्ता, भिक्खं गहियं, एवं उत्तरगुणा न भग्गा। एयं उत्तरगुणपच्चक्खाणं, पच्चक्खाणेत्ति गयं २४।

इयाणिं विउस्सग्गेत्ति, विउस्सग्गो दुविहो–दव्वविउस्सग्गो भावविउस्सग्गो य, तत्थ दव्वविउस्सग्गे करकंडादओ उदाहरणं, तथाऽऽह भाष्यकारः–

**करकंडु कलिंगेसु, पंचालेसु य दुम्मुहो।**
**नमीराया विदेहेसु, गंधारेसु य णग्गती ॥२०८॥ ( भा० )**
**वसभे य इंदकेऊ वलए अंबे य पुप्फिए बोही।**
**करकंडुदुम्मुहस्सा, नमिस्स गंधाररन्नो य ॥२०९॥ ( भा० )**

इमीणं वक्खाणं–चंपाए दहिवाहणो राया, चेडगधूया पउमावई देवी, तीसे दोहलगो – किहऽहं रायनेवत्थेण नेवत्थिया उज्जाणकाणणाणि विहरेज्जा ?, ओलुग्गा, राया पुच्छति, ताहे

છે – હે સાધુઓ ! અહીં આવો, ભિક્ષા ગ્રહણ કરો. તેઓના રૂપ જોઈને સાધુઓએ ઉપયોગ મૂક્યો. (શંકા પડવાથી) સાધુઓએ તે ભિક્ષા લેવાની ના પાડી. પછીથી તે દેવીએ ભક્તિથી વરસતા વાદળો વિકુર્વ્યાં. ભૂમિને ભીની કરી. શીતલ પવનદ્વારા (ઠંડક થવાને કારણે) અલ્પપીડાવાળા થયેલા ગામમાં પહોંચ્યા. ત્યાં ભિક્ષા ગ્રહણ કરી. આ પ્રમાણે (પોતે માસક્ષપણ તપવાળા, તરસ વિગેરેથી પીડાયેલા હોવા છતાં ગોકુળ વિગેરેમાં ભિક્ષા મળવા છતાં દોષિત હોવાથી) ઉત્તરગુણોનો ભંગ કર્યો નહીં. આ તેમનું ઉત્તરગુણપચ્ચક્ખાણ જાણવું. 'પચ્ચક્ખાણ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૧૨॥

**અવતરણિકા :** હવે **'વ્યુત્સર્ગ'** દ્વાર જણાવે છે. વ્યુત્સર્ગ બે પ્રકારે છે – દ્રવ્યવ્યુત્સર્ગ અને ભાવવ્યુત્સર્ગ. તેમાં દ્રવ્યવ્યુત્સર્ગમાં કરકંડુ વિગેરેનું ઉદાહરણ જાણવું. તે ભાષ્યકાર કહે છે ⇨

**ગાથાર્થ : કલિંગદેશમાં કરકંડુ – પંચાલદેશમાં દુર્મુખ – વિદેહમાં નમિરાજા – અને ગંધારમાં નગ્ગતિ (બોધ પામ્યા.)**

**ગાથાર્થ : (બોધના નિમિત્તો આ પ્રમાણે હતા–)કરકુંડને બળદ, દુર્મુખને ઇન્દ્રધ્વજ, નમિરાજાને કડાઓ અને ગંધારરાજાને પુષ્પિતઆંબાનું વૃક્ષ, (આ નિમિત્તોને લઈને તેઓ) બોધ પામ્યા.**

**ટીકાર્થ : ❀ (૨૫) 'દ્રવ્યવ્યુત્સર્ગ' ઉપર કરકંડુ વિગેરેનું દૃષ્ટાન્ત ❀**

ચંપાનગરીમાં દધિવાહનરાજા, ચેટકરાજાની દીકરી પદ્માવતી તેની રાણી છે, તેણીને દોહલો થયો કે – રાજાનો વેષ ધારણ કરીને કેવી રીતે હું ઉદ્યાન– જંગલોમાં ફરું ?" (દોહલો પૂર્ણ ન

६२. तावुपयुक्तौ दृष्ट्वा तेषां रूपं, सा भिक्षा ताभ्यां प्रतिषिद्धा प्रधाविता, पश्चात् तयाऽनुकम्पया वर्षद्दर्दलकं विकुर्वितं, भूमिरार्द्रा, शीतलेन वायुनाऽल्पार्दितौ ग्रामं प्राप्तौ, भैक्षं गृहीतं, एवमुत्तरगुणा न भग्नाः, एतदुत्तरगुणप्रत्याख्यानं। प्रत्याख्यानमिति गतं, इदानीं व्युत्सर्ग इति, व्युत्सर्गो द्विविधः–द्रव्यव्युत्सर्गो भावव्युत्सर्गश्च, तत्र द्रव्यव्युत्सर्गे करकण्ड्वादय उदाहरणं, तत्राह–अनयोर्व्याख्यानं–चम्पायां दधिवाहनो राजा, चेटकदुहिता पद्मावती देवी, तस्या दौहृदं–कथमहं राजनेपथ्येन नेपथ्यितोद्यानकाननानि विहरेयं ?, क्षीणा, राजा पृच्छति, तदा

[६३] राया य सा य देवी जयहत्थिमि, राया छत्तं धरेइ, गया उज्जाणं, पढमपाउसो य वट्टइ, सो हत्थी सीयलएण मट्टियागंधेण अब्भाहओ वणं संभरिऊण वियट्टो वणाभिमुहो पयाओ, जणो न तरइ ओलग्गिउं, दोवि अडविं पवेसियाणि, राया वडरुक्खं पासिऊण देविं भणइ—एयस्स वडस्स हेट्ठेण जाहिति तो तुमं सालं गेण्हिज्जासित्ति, सुसंपउत्ता अच्छ, तहत्ति पडिसुणेइ, राया दच्छो तेण साला गहिया, इयरी हिया, सो उइण्णो, निराणंदो गओ चंपं णयरिं, सावि इत्थिगा नीया णिम्माणुसं अडविं जाव तिसाइओ पेच्छइ दहं महइमहालयं, तत्थ उइण्णो, अभिरमइ हत्थी, इमावि ★सणियं उत्तिण्णा, उत्तिण्णा दहाओ, दिसाओ अयाणंती एगाए दिसाए सागारं भत्तं पच्चक्खाइत्ता पहाविया, जाव दूरं गया ताव तावसो दिट्ठो, तस्स मूलं गया, अभिवादिओ, तत्थ अच्छइ, तेण

---

થવાથી) તે ક્ષીણશરીરવાળી થઈ. રાજા કૃશ થવાનું કારણ પૂછે છે. (દેવી કારણ જણાવે છે. પછી) જયહસ્તિ ઉપર રાજા–રાણી બેસે છે. રાજા છત્ર ધારણ કરે છે. એ રીતે તેઓ ઉદ્યાનમાં ગયા. એવામાં પહેલો વરસાદ પડે છે. તે હાથી ઠંડી એવી માટીની ગંધથી વાસિત થયેલો પોતાના વનને યાદ કરવા લાગ્યો. તેથી તે વન તરફ દોડવા લાગ્યો. સૈનિકો વિગેરે તેને પકડવા સમર્થ બનતા નથી. હાથીએ રાજા–રાણી બંનેને જંગલમાં પ્રવેશ કરાવ્યો.

રાજાએ વટવૃક્ષને જોઈને દેવીને કહ્યું – "હાથી જ્યારે આ વૃક્ષની નીચેથી પસાર થાય ત્યારે તું તેની શાખાને પકડી લેજે. તેથી બરાબર તૈયાર થઈને બેસ." તહત્તિ કરીને પદ્માવતી સાંભળે છે. રાજા નિપુણ હોવાથી તેણે શાખા પકડી લીધી. પદ્માવતી (પકડી ન શકી તેથી) હાથીવડે હરણ કરાઈ. રાજા નીચે ઉતર્યો. દુઃખી થયેલો તે ચંપાનગરીમાં પાછો ગયો. હાથી પદ્માવતીને નિર્જન જંગલમાં લઈ ગયો. ત્યાં તે તરસ્યો થયેલો પાણીના મોટા હ્રદને જૂએ છે. હ્રદમાં પાણી પીવા ઉતર્યો. ત્યાં તે હાથી પાણી સાથે રમવા લાગ્યો. પદ્માવતી પણ ધીરેથી હાથી ઉપરથી નીચે ઉતરી. હ્રદમાંથી બહાર નીકળી. દિશાઓને નહીં જાણતી પદ્માવતી એક દિશા તરફ સાગાર ભક્તનું પચ્ચક્ખાણ લઈને ગઈ. ઘણી દૂર નીકળ્યા પછી ત્યાં એક તાપસને જોયો.

તેની પાસે તે ગઈ. નમસ્કાર કર્યા. ત્યાં તે બેઠી. તાપસે પૂછ્યું – "હે માત ! ક્યાંથી તમે

---

६३. राजा सा च देवी जयहस्तिनि, राजा छत्रं धारयति, गतोद्यानं, प्रथमप्रावृट् च वर्त्तते, स हस्ती शीतलेन मृत्तिकागन्धेनाभ्याहतो वनं स्मृत्वा विवृत्त वनाभिमुखं प्रयातः, जनो न शक्नोत्यवलगितुं, द्वावपि अटवीं प्रवेशितौ, राजा वटवृक्षं दृष्ट्वा देवीं भणति–एतस्य वटस्याधस्तात् यास्यति ततस्त्वं शालां गृह्णीया इति सुसंप्रयुक्ता तिष्ठ, तथेति प्रतिश्रृणोति, राजा दक्षस्तेन शाला गृहीता, इतरा हृता, सोऽवतीर्णः, निरानन्दो गतश्चम्पां नगरीं, साऽपि स्त्री नीता निर्मानुषामटवीं यावत्तृषार्दितः प्रेक्षते ह्रदं महातिमहालयं, तत्रावतीर्णः, अभिरमते हस्ती, इयमपि शनैरुत्तीर्णा, उत्तीर्णा ह्रदात्, दिशोऽजानन्ती एकस्यां दिशि साकारं भक्तं प्रत्याख्याय प्रधाविता, यावद्दूरं गता तावत्तापसो दृष्टः, तस्य मूलं गता, अभिवादितः, तत्राऽऽस्ते तेन ★ 'सणिइमोइत्ता' प्रत्य. ।

[६४]पुच्छिया-कओ अम्मो ! इहागया ?, ताहे कहेइ-जहाऽहं चेडगस्स धूया, जाव हत्थिणा आणिया, सो य तावसो चेडगस्स नियल्लओ तेण आसासिया–मा बीहिहित्ति, ताहे वणफलाणि देइ, अच्छावेत्ता कइवि दियहे अडवीओ निप्फेडित्ता एत्तोहिंतो अम्हं अगइविसओ, एत्तो परेण हलवाहिया भूमी, तं न कप्पइ मम अतिक्कमिउं, जाहि एस दंतपुरस्स विसओ, दंतचक्को राया, निग्गयातो ततो अडवीओ, दंतपुरे अज्जाण मूले पव्वइया, पुच्छियाए गब्भो नाइक्खिओ, पच्छा नाए महत्तरियाण आलोवेइ, सा वियाता समाणी पुत्तं सह णाममुद्दियाए कंबलरयणेण य वेढिउं मसाणे उज्झेइ, पच्छा मसाणपालो पाणो, तेण गहिओ, तेण अप्पणो भज्जाए समप्पिओ, सा अज्जा तीए पाणीए समं मित्तत्तं घडेइ, सा य अज्जा संजतीहिं पुच्छिया–किं गब्भो ?, भणइ–मयगो जाओ तो मए उज्झिओत्ति, सोवि संवड्ढइ, ताहे दारगरुवेहिं समं रमंतो डिक्करुवाणि

આવ્યા છો.?" તેણીએ કહ્યું–"હું ચેટકરાજાની દીકરી છું વિગેરેથી લઈ હું અહીં હાથીવડે લવાઈ છું." તે તાપસ ચેટકરાજાનો આત્મીય હતો તેથી તેણે પદ્માવતીને આશ્વાસન આપતા કહ્યું કે "તારે ડરવાની જરૂર નથી." તેણીને ખાવા માટે વનના ફલો આપે છે. કેટલાક દિવસો ત્યાં રાખીને એક દિવસ તાપસે તેણીને જંગલમાંથી બહાર લાવીને કહ્યું–"અહીંથી અમારી માટે ગતિનો વિષય નથી. (અર્થાત્ અહીંથી આગળ અમે જઈ શકતા નથી.) અહીંથી હળથી ખેડાયેલી જમીન શરૂ થાય છે. તેથી તેને ઓળંગવું મને કલ્પતું નથી. તું હવે જા આ દંતપુરનગર છે. ત્યાં દંતચક્ર રાજા છે.

પદ્માવતી તે જંગલમાંથી નીકળી. દંતપુરનગરમાં સાધ્વીજીઓ પાસે દીક્ષા લીધી. પૂછતા તેણીએ ગર્ભની વાત કરી નહીં. ગર્ભની વાત ખબર પડતા પ્રવર્તિની સાધ્વીજી પાસે આલોચના કરે છે. (અર્થાત્ તેમને ગર્ભની વાત જણાવે છે.) તે બાળકનો જન્મ થતાં બાળકને નામમુદ્રા સાથે કંબલરત્નમાં વીંટાળીને સ્મશાનમાં છોડી દે છે. પાછળથી શ્મશાનપાલક એવો ચંડાળ જે હતો તેણે તે બાળકને લીધો અને પોતાની પત્નીને સોંપ્યો. પદ્માવતીસાધ્વી તે ચંડાળણ સાથે મૈત્રી કરે છે. અન્ય સાધ્વીજીઓ આને પૂછે છે કે – "ગર્ભનું શું થયું ?" તેણીએ કહ્યું – "મરેલો બાળક જન્મ્યો તેથી મેં એને વોસિરાવી દીધો." આ બાજુ તે બાળક ધીરે ધીરે મોટો થાય છે. થોડો મોટો થયા

६४. पृष्टा–कुतोऽम्ब ! इहागता ?, तदा कथयति यथाहं चेटकस्य दुहिता, यावद्धस्तिनाऽऽनीता, स च तापसश्चेटकस्य निजकः, तेनाश्वसिता–मा भैषीरिति तदा वनफलानि ददाति, स्थापयित्वा कतिचिद्दिवसान् अटवीतो निष्काश्येतोऽस्माकमगतिविषयो अतः परेण हलकृष्टा भूमिः, तत् न कल्पते ममातिक्रान्तुं याहि दन्तपुरस्य विषय एषः, दन्तचक्रो राजा, निर्गता ततोऽटव्याः, दन्तपुरे आर्याणां मूले प्रव्रजिता, पृष्टया गर्भो नाख्यातः, ज्ञाते पश्चान्महत्तरिकाया आलोचयति, सा प्रसूता सती पुत्रं सह नाममुद्रया रत्नकम्बलेन च वेष्टयित्वा श्मशाने उज्झति, पश्चात् श्मशानपालः पाणस्तेन गृहीतः, तेनात्मनो भार्यायै समर्पितः, सा आर्या तया पाण्या समं मित्रतां घटयति, सा चार्या संयतीभिः पृष्टा–क्व गर्भः ?, भणति–मृतको जातस्ततो मयोज्झित इति, सोऽपि संवर्धते, तदा दारकरूपैः समं रममाणो डिम्भान्

[६५]भणइ–अहं तुब्भं राया मम तुब्भे करं देह, सो सुक्ककच्छूए गहितो, ताणि भणइ–ममं कंडुयह, ताहे से करकंडुत्ति नामं कयं, सो य तीए संजतीए अणुरत्तो, सा से मोदगे देइ, जं वा भिक्खं लट्ठं लहइ, संवड्ढिओ मसाणं रक्खइ, तत्थ य दो संजया तं मसाणं केणइ कारणेण गया, जाव एगत्थ वंसीकुडंगे दंडगं पेच्छंति, तत्थेगो दंडलक्खणं जाणइ, सो भणइ–जो एयं दंडगं गेण्हइ सो राया हवई, किंतु पडिच्छियव्वो जाव अण्णाणि चत्तारि अंगुलाणि वड्ढइ, ताहे जोगोत्ति, तेण मायंगेण एगेण य धिज्जाइएण सुयं, ताहे सो मरुगो अप्पसागारिए तं चउरंगुलं खणिऊण छिंदइ, तेण य चेडेण दिट्ठो,, उद्दालिओ, सो तेण मरुएण करणं णीओ, भणइ–देहि दंडगं, सो भणइ मम मसाणे न देमि, धिज्जाइओ भणिओ – अण्णं गिण्ह, सो नेच्छइ, भणइ–मम एएण कज्जं, सोवि दारओ णेच्छति, सो दारगो पुच्छिओ–किं न देसि ?, भणइ–अहं एयस्स दंडगस्स पहावेणं

બાદ બાળકો સાથે રમતો તે બાળકોને કહે છે – "હું તમારો રાજા છું, તમે મને કર આપો." તે બાળકને સૂકી ખણજ થવાનું ચાલું થયું. તેથી તે બાળકોને કહે છે "તમે મને ખણી આપો." તે બાળકનું 'કરકંડુ' નામ પડ્યું. તે કરકંડુ તે સાધ્વી ઉપર અનુરક્ત થયો. સાધ્વી તેને મોદક લાવીને આપે છે. અથવા જે ભિક્ષામાં સારું પ્રાપ્ત થયું હોય તે આપે છે. મોટો થયેલો તે સ્મશાનનું રક્ષણ કરે છે. ત્યાં બે સાધુઓ કોઈ કારણથી તે સ્મશાનમાં ગયા. ત્યાં ફરતા–ફરતા તેઓએ એક સ્થાને વાંસની ઝાડીઓમાં એક દંડ જોયો. આ બે સાધુઓમાં એક સાધુ દંડના લક્ષણો જાણતો હતો. તેણે કહ્યું – "જે આ દંડને ગ્રહણ કરશે તે રાજા બનશે. પરંતુ અત્યારે એમનેમ રહેવા દેવો હજુ તે ચાર આંગળ મોટો થશે ત્યારે તે યોગ્ય બનશે."

સાધુના આ વચનો કરકંડુચાંડાળે અને એક બ્રાહ્મણે સાંભળ્યા. ત્યારે બ્રાહ્મણ એકાંતમાં જઈને તે દંડને નીચેથી ચાર આંગળ ખોદીને કાપે છે. કરકંડુએ બ્રાહ્મણને જોયો. કરકંડુએ તે દંડ લઈ લીધો. તેથી બ્રાહ્મણ તેને પકડીને ન્યાયાલયમાં લઈ ગયો. બ્રાહ્મણે કહ્યું – "મારો દંડ આપ." તેણે કહ્યું આ દંડ મારા સ્મશાનમાં હતો હું નહીં આપું." ન્યાયાધીશોએ બ્રાહ્મણને કહ્યું – "બીજો દંડ લઈ લે." પરંતુ બીજો દંડ લેવા તે તૈયાર થતો નથી અને કહે છે – "મારે આ જ દંડ જોઈએ છે." કરકંડુ પણ દંડ પાછો આપવા ઇચ્છતો નથી. કરકંડુને પૂછ્યું – "તું કેમ દેતો નથી ?"

६५. भणति–अहं भवतां राजा मह्यं यूयं करं दत्त, स शुष्ककण्ड्वा गृहीतः, तान् भणति–मां कण्डूयत, तदा तस्य करकण्डूरिति नाम कृतं, स च तस्यां संयत्यां अनुरक्तः, सा तस्मै मोदकान् ददाति, यां वा भिक्षां सुष्ठु लभते, संवृद्धः श्मशानं रक्षति, तत्र च द्वौ साधू तत् श्मशानं केनचित्कारणेन गतौ, यावदेकत्र वंशीकुडङ्गे दण्डं प्रेक्षेते, तत्रैको दण्डलक्षणं जानाति, स भणति–य एनं दण्डकं गृह्णाति स राजा भवति, किंतु प्रतीक्षितव्यो यावदन्यान् चतुरोऽङ्गुलान् वर्धते तदा योग्य इति, तत्तेन मातङ्गेनैकेन च धिग्जातीयेन श्रुतं, तदा स ब्राह्मणोऽल्पसागरिके तं चतुरङ्गुलं खनित्वा छिनत्ति, तेन च चेटेन दृष्टः, उद्दालितः, स तेन ब्राह्मणेन करणं ( न्यायालयं ) नीतः, भणति–देहि दण्डकं, स भणति मम श्मशाने, न ददामि, धिग्जातीयो भणितः–अन्यं गृहाण, स नेच्छति, भणति-ममैतेन कार्यं, स दारको नेच्छति, स दारकः पृष्टः–किं न ददासि ?, भणति–अहमेतस्य दण्डकस्य प्रभावेण

**[६६]रीया भविस्सामि, ताहे कारणिया हसिऊण भणंति–जया तुमं राया भविज्जासि तया एयस्स मरुयस्स गामं देज्जाहि, पडिवण्णं तेण, मरुएण अण्णे मरुया बितिज्जा गहिया जहा मारेत्ता हरामो तं, तस्स पिउणा सुयं, ताणि तिण्णिवि नट्ठाणि जाव कंचणपुरं गयाणि, तत्थ राया मरइ, रज्जारिहो अण्णो नत्थि, आसो अहिवासिओ, सो तस्स सुत्तगस्स मूलमागओ पयाहिणं काऊण ठिओ, जाव लक्खणपाढएहि दिट्ठो लक्खणजुत्तोत्ति जयसद्दो कओ, नंदितूराणि आहयाणि, इमोवि जंभंतो वीसत्थो उट्ठिओ, आसे विलग्गो, मायंगोत्ति धिज्जाइया न देंति पवेसं, ताहे तेण दंडरयणं गहियं, जलिउमारद्धं, भीया ठिया, ताहे तेण वाडहाणगा हरिएसा धिज्जाइया कया, उक्तं च–दधिवाहनपुत्रेण, राज्ञा तु करकण्डुना। वाटहानकवास्तव्याश्चाण्डाला ब्राह्मणीकृताः ॥१॥ तस्स य घरनामं अवइन्नगोत्ति, पच्छा से तं चेडगरूवकयं नामं पइट्ठियं करकंडुत्ति, ताहे सो मरुगो**

તેણે કહ્યું – "હું આ દંડના પ્રભાવે રાજા થઈશ." ત્યારે ન્યાયાધીશો હસીને કહે છે – "જ્યારે તું રાજા થાય ત્યારે આ બ્રાહ્મણને (ભેંટમાં) ગામ આપજે." કરકંડુએ તે વાત સ્વીકારી. આ બ્રાહ્મણે બીજા–ત્રીજા બ્રાહ્મણોને ભેગા કર્યા અને કહ્યું – "તેને મારીને આપણે તે દંડ ગ્રહણ કરીએ." આ સમાચાર તેના પિતાએ સાંભળ્યા. માતા–પિતા અને પુત્ર ત્રણે જણા તે નગરમાંથી ભાગી નીકળ્યા અને કંચનપુરમાં આવ્યા. ત્યાં રાજા મૃત્યુ પામે છે. રાજ્યને યોગ્ય પુત્ર વિગેરે કોઈ હોતું નથી. મંત્રી વિગેરેએ ઘોડો અધિવાસિત કર્યો. તે ઘોડો સૂતેલા એવા કરકંડુ પાસે આવ્યો. તેને પ્રદક્ષિણા આપીને ઊભો રહ્યો. લક્ષણપાઠકોએ કરકંડુને જોયો. આ રાજલક્ષણોથી યુક્ત છે એમ જાણી બધાએ ત્યાં જય–જયકાર કર્યો, વાજિંત્રો વગાડ્યા. તેથી કરકંડુ બગાસા ખાતો કોઈ પણ જાતની ચિંતા વિના ઊભો થયો. ઘોડા ઉપર બેસી ગયો. પરંતુ 'આ ચંડાળ છે' એમ જાણી બ્રાહ્મણો નગરમાં પ્રવેશવા દેતા નથી.

ત્યારે કરકંડુએ તે દંડરત્ન ગ્રહણ કર્યું. તે અચાનક બળવા લાગ્યું. જેથી બ્રાહ્મણો ગભરાઈને શાંત થયા. ત્યારે તે કરકંડુએ વાટહાનકમાં (ચંડાળો માટેના પાડામાં) રહેનારા ચંડાળોને બ્રાહ્મણ બનાવ્યા. કહ્યું છે – "દધિવાહનના પુત્ર કરકંડુરાજાએ વાટહાનકમાં રહેનારા ચંડાળોને બ્રાહ્મણ બનાવ્યા ॥૧॥" કરકંડુનું ઘરમાં 'અવકીર્ણક' નામ હતું. પછીથી તેનું બાળકોએ 'કરકંડુ' નામ પાડ્યું. કરકંડુ રાજા બન્યો એટલે તે બ્રાહ્મણ (ગામની માંગણી કરવા) આવ્યો. તેણે રાજાને કહ્યું – "મને

**६६. राजा भविष्यामि, तदा कारणिका हसित्वा भणन्ति यदा त्वं राजा भवेस्तदैतस्मै ब्राह्मणाय ग्रामं दद्याः, प्रतिपन्नं तेन, मरुकेण अन्ये ब्राह्मणाः साहाय्यका गृहीता यथा मारयित्वा हरामस्तत्तस्य पित्रा श्रुतं, ते त्रयोऽपि नष्टाः यावत् काञ्चनपुरं गताः, तत्र राजा मृतः राज्यार्होऽन्यो नास्ति, अश्वोऽधिवासितः, स तस्य सुप्तस्य पार्श्वमागतः प्रदक्षिणां कृत्वा स्थितो, यावल्लक्षणपाठकैर्दृष्टो लक्षणयुक्त इति जयशब्दः कृतः, नन्दीतूर्याण्याहतानि, अयमपि जृम्भमाणो विश्वस्त उत्थितः, अश्वे विलग्नः, मातङ्ग इति धिग्जातीया न ददति प्रवेशं, तदा तेन दण्डरत्नं गृहीतं, ज्वलितुमारब्धं, भीताः स्थिताः, तदा तेन वाटहानकवास्तव्या हरिकेशा धिग्जातीयाः कृताः। तस्य च गृहनामावकीर्णक इति, पश्चात्तस्य तत् चेटककृतं नाम प्रतिष्ठितं करकण्डूरिति, तदा स ब्राह्मणः**

[६७] **आगओ, भणइ– देहि मम गामंति, भणइ-जो ते रुच्चइ तं गेण्ह, सो भणइ–ममं चंपाए घरं तहिं देहि, ताहे दहिवाहणस्स लेहं देइ–देहि मम एगं गामं अहं तुज्झ जं रुच्चइ गामं वा णयरं वा तं देमि, सो रुट्ठो–दुट्ठमायंगो न जाणइ अप्पयं तो मम लेहं देइत्ति, दूएण पडियागएण कहियं, करकंडु रुट्ठो, गओ चंपां रोहिज्जइ, जुद्धं च वट्टइ, तीए संजतीए सुयं, मा जणक्खओ होउत्ति करकंडुं ओसारेत्ता रहस्सं भिंदइ–एस तव पियत्ति, तेण ताणि अम्मापियराणि पुच्छियाणि, तेहिं सब्भावो कहिओ, नाममुद्दा कंबलरयणं च दावियं, भणइ माणेण–ण ओसरामि, ताहे सा चंपं अइगया, रण्णो घरमइंती णाया, पायवडियाओ दासीओ परुण्णाओ, रायाएवि सुयं, सोवि आगओ वंदित्ता आसणं दाऊण तं गब्भं पुच्छइ, सा भणइ–एस तुमं जेण रोहिओत्ति, तुट्ठो निग्गओ, मिलिओ, दोवि रज्जाइं दहिवाहणो तस्स दाऊण पव्वइओ, करकंडू महासासणो जाओ,**

---

એક ગામ (ભેટમાં) આપો." રાજાએ કહ્યું–"તને જે ગામ ગમે તે તું ગ્રહણ કર." બ્રાહ્મણે કહ્યું – "મારું ઘર ચંપાનગરીમાં છે તેથી તે નગરી મને આપો." કરકંડુ દધિવાહનરાજાને લેખ મોકલે છે કે "તમે મને એક ગામ આપો તેની સામે હું તમને જે ગામ કે નગર તમને ગમે તે આપું."

દધિવાહનરાજા ગુસ્સે થયો કે – "આ દુષ્ટ ચંડાળ પોતાની જાતને ઓળખતો નથી અને મને લેખ મોકલે છે." આ વાત પાછા આવેલા દૂતે કરકંડુરાજાને કહી. કરકંડુ ગુસ્સે થયો. તે ચંપાનગરી તરફ ગયો અને તેને રુંધે છે. બે વચ્ચે યુદ્ધ ચાલું થયું. આ વાત તે સાધ્વીજીએ સાંભળી. લોકો મૃત્યુ ન પામે એ હેતુથી કરકંડુને બોલાવીને રહસ્ય ભેદે છે કે – "આ તારા પિતા છે." તેણે પોતાના માત–પિતાને પૂછ્યું. તેઓએ સત્ય હકીકત કહી. નામવાળી વીંટી અને કંબલરત્ન આપ્યા. છતાં અહંકારમાં આવીને કહે છે કે "હું પાછો હઠીશ નહીં." સાધ્વી ચંપાનગરીમાં ગઈ. રાજાના ઘરમાં પ્રવેશતી સાધ્વીજીને દાસીઓએ ઓળખી લીધી. પગમાં પડેલી દાસીઓ રડવા લાગી. રાજાએ પણ સાંભળ્યું.

તે પણ નીચે આવ્યો. વંદન કરીને આસન આપીને ગર્ભસંબંધી વાતો પૂછે છે. તેણીએ કહ્યું – "આ તમારો જ દીકરો છે કે જેણે નગરી રુંધી છે." રાજા ખુશ થયો નગર બહાર નીકળ્યો. બંને ભેગા થયા દધિવાહને બંને રાજ્યો કરકંડુને સોંપીને દીક્ષા લીધી. કરકંડુ મહાશાસનવાળો (=

---

६७. आगतः, भणति–देहि मह्यं ग्राममिति, भणति–यस्ते रोचते तं गृहाण, स भणति–मम चम्पायां गृहं तत्र देहि, तदा दधिवाहनाय लेखं ददाति, देहि मे एकं ग्रामं अहं तव यो रोचते ग्रामो वा नगरं वा तं ददामि, स रुष्टः–दुष्टमातङ्गो न जानाति आत्मानं ततो मह्यं लेखं ददातीति, दूतेन प्रत्यागतेन कथितं, करकण्डू रुष्टः, गतो चम्पां रोधयति, युद्धं च वर्त्तते, तया संयत्या श्रुतं, मा जनक्षयो भूदिति करकण्डूमपसार्य रहस्यं भिनत्ति–एष तव पितेति, तेन तौ मातापितरौ पृष्टौ, ताभ्यां सद्भावः कथितः, नाममुद्रा कम्बलरत्नं च दर्शिते, भणति मानेन–नापसरामि, तदा सा चम्पामतिगता, राज्ञो गृहमायान्ती ज्ञाता, पादपतिता दास्यो रोदितुं लग्नाः, राज्ञाऽपि श्रुतं, सोऽपि आगतो वन्दित्वाऽऽसनं दत्त्वा तं गर्भं पृच्छति, सा भणति–एष त्वं येन रुद्ध इति, तुष्टो निर्गतः, मिलितौ, द्वे अपि राज्ये दधिवाहनस्तस्मै दत्त्वा प्रव्रजितः, करकण्डूर्महाशासनो जातः,

[६८] सो य किर गोउलप्पिओ, तस्स अणेगाणि गोउलाणि, अण्णया सरयकाले एगं गोवच्छगं घोरगत्तं सेयं पेच्छइ, भणइ–एयस्स मायरं मा दुहेज्जाह, जया वड्ढिओ होइ तया अन्नाणं गावीणं दुद्धं पाएज्जह, तो गोवा पडिसुणेंति सो उच्चत्तविसाणो खंधवसहो जाओ, राया पेच्छइ, सो जुद्धिक्कओ कओ, पुणो कालेण आगओ पेच्छइ महाकायं वसहं पड्डुएहिं परिघडिज्जंतं, गोवे पुच्छइ–कहिं सो वसहोत्ति ?, तेहिं दाविओ, पेच्छंतो तओ विसण्णो चिंतेंतो संबुद्धो, तथा चाह भाष्यकारः —

सेयं सुजायं सुविभत्तसिंगं, जो पासिया वसभं गोट्ठमज्झे ।
रिद्धिं अरुद्धिं समुपेहिया णं, कलिंगरायावि समिक्ख धम्मं ॥२१०॥ ( भा० )
गोट्ठंगणस्स मज्झे ढेक्कियसद्देण जस्स भज्जंति ।
दित्तावि दरियवसहा सुतिक्खसिंगा सरीरेण ॥२११॥ ( भा० )
पोराणयगयदप्पो गलंतनयणो चलंतवसभोट्ठो ।
सो चेव इमो वसहो पड्डुयपरिघट्टणं सहइ ॥२१२॥ ( भा० )

મોટા રાજ્યવાળો) થયો. તેણે ગોકુળો પ્રિય હતા. તેના રાજ્યમાં અનેક ગોકુળો હતા. એકવાર શરદઋતુના કાળમાં કરકંડુરાજા ગાયના હૃષ્ટ–પુષ્ટશરીરવાળા સફેદ વાછરડાંને જુએ છે. તે ગોવાળીયાઓને કહે છે કે'– "આ વાછરડાંની માતાને તમારે દોહવી નહીં. જ્યારે તે મોટો થાય ત્યારે તે વાછરડાંને બીજી ગાયોનું દૂધ પાવવું. (અર્થાત્ અત્યારે તે માતાનું દૂધ સારી રીતે પી શકે તે માટે તેની માતાને દોહવી નહીં અને જ્યારે હજુ મોટો થાય ત્યારે જેમ જેમ વધારે દૂધની આવશ્યકતા પડતી જાય તેમ તેમ બીજી–ત્રીજી ગાયોનું દૂધ પણ તેને પીવડાવવું જેથી તે મજબુત શરીરવાળો થાય.)

ગોવાળો રાજાની વાત સ્વીકારે છે. તે વાછરડું પણ ઊંચા શિંગડાવાળો અને મોટા સ્કંધવાળો બળદ થયો. રાજા તેને જુએ છે. તે બળદ યુદ્ધ માટે રાખવામાં આવ્યો. કેટલાક કાળ પછી પાછો આવેલો રાજા તે જ મહાકાય બળદને સામાન્ય એવા પાડાઓવડે હેરાન કરાતો જુએ છે. ત્યારે ગોપાલોને પૂછે છે કે – "તે બળદ ક્યાં છે ?" ગોપાલોએ બળદને દેખાડ્યો. પાડાઓથી હેરાન કરાતા તે બળદને જોતો રાજા ખેદ પામ્યો (કે આવા હૃષ્ટ–પુષ્ટ બળવાન બળદને પણ ઘરડો થયા બાદ સામાન્ય પાડાઓ હેરાન કરે છે. આ બળ વિગેરે બધું નાશવંત છે વિગેરે) વિચારતો તે રાજા પ્રતિબોધ પામ્યો. ॥ભા૦-૨૦૮-૨૦૯॥ આ જ વાતને ભાષ્યકાર જણાવે છે ⇨

**ગાથાર્થ : ત્રણે ગાથાર્થ ટીકાર્થ પ્રમાણે જાણવા.**

६८. स च किल गोकुलप्रियः, तस्यानेकानि गोकुलानि, अन्यदा शरत्काले एकं गोवत्सकं घोरगात्रं श्वेतं प्रेक्षते, भणति–एतस्य मातरं मा दोग्ध, यदा वर्धितो भवेत् तदाऽन्यासां गवां दुग्धं पाययेत, ततो गोपाः प्रतिशृण्वन्ति, स उच्चतमविषाणः स्कन्धवृषभो जातः, राजा प्रेक्षते, स युद्धीयः कृतः, पुनः प्रेक्षते महाकायं वृषभं महिषीवत्सैः परिघट्यमानं, गोपान् पृच्छति–क्व स वृषभ इति, तैर्दर्शितः, प्रेक्षमाणस्ततो विषण्णश्चिन्तयन् संबुद्धः । ★ समत्थाइ प्र० ।

गाथात्रयस्य व्याख्या—श्वेतं—शुक्लं सुजातं—गर्भदोषविकलं सुविभक्तशृङ्गं—विभागस्थ-समशृङ्गं यो राजा दृष्ट्वा—अभिसमीक्ष्य वृषभं—प्रतीतं गोष्ठमध्ये—गोकुलान्तः पुनश्च तेनैवानुमानेन ऋद्धि—समृद्धि सम्पदं विभूतिमित्यर्थः, तद्विपरीतां चाऋद्धिं संप्रेक्ष्य—असारतयाऽऽलोच्य कलिङ्गा—जनपदास्तेषु राजा कलिङ्गराजः, असावपि 'समीक्ष्य धर्मं'—पर्यालोच्य धर्मं सम्बुद्ध इति वाक्यशेषः । किं चिन्तयन् ? — 'गोट्ठंगणस्स मज्झे'त्ति गोष्ठाङ्गण-स्यान्तः, 'ढेक्कियसद्देण जस्स भज्जंति' ढेक्कितशब्देन यस्य भग्नवन्तः, के ? दीप्ता अपि—रोषणा अपीत्यर्थः, दर्पित-वृषभाः—बलोन्मत्त-बलीवर्दा इत्यर्थः, सुतीक्ष्णशृङ्गाः समर्था अपि शारीरेण बलेन । पौराणः गतदर्पः गलन्नयनः चलद्वृषभोष्ठः, स एवायं वृषभोऽधुना पड्डगपरिघट्टणं सहइ, धिगसारः संसार इति, सर्वप्राणभृतां चैवेयं वार्तेति तस्मादलमनेनेति, [६९]एवं सम्बुद्धो, जातीसरणं, निग्गओ, विहरइ । इओ पंचालेसु जणवएसु कंपिल्ले णयरे दुम्मुहो राया, सोवि इंदकेउं पासइ लोएण महिज्जंतं अणेयकुडभी-सहस्सपडिमंडियाभिरामं, पुणोवि विलुप्पंतं पडियं च अमेज्झमुत्ताणमुवरिं, सोवि संबुद्धो, तथाऽऽह भाष्यकारः —

ટીકાર્થ : ત્રણે ગાથાઓની વ્યાખ્યા : શ્વેત એટલે કે સફેદ, સુજાત એટલે કે ગર્ભના દોષથી રહિત (અર્થાત્ અહીન અંગોપાંગવાળા) સુવિભક્તશૃંગ એટલે કે (પરસ્પર ભેગા ન થવારૂપ) વિભાગથી રહેલા એક સરખા શિંગડાવાળા, ગોકુળમાં રહેલા એવા વૃષભને જોઈને જે કલિંગદેશોના રાજા કરકંડુ ફરી તે જ અનુમાનવડે (અર્થાત્ તે વૃષભના જ દૃષ્ટાન્તથી વૃષભની) ઋદ્ધિ એટલે કે સમૃદ્ધિ, સંપત્તિ, વિભૂતિ (આ બધા સમાનાર્થી શબ્દો જાણવા.) અને અઋદ્ધિને વિચારીને અર્થાત્ અસારરૂપે ચિંતવીને ધર્મને વિચારીને બોધ પામ્યો. (ટૂંકમાં પૂર્વે બળદની ઋદ્ધિ=બળવત્તા વિગેરે જોઈ અને ઘરડો થતાં અઋદ્ધિ=પરવશતા વિગેરે જોઈ કરકંડુ ધર્મને પામ્યો.) ॥ભા.-૨૧૦॥

શું વિચારતો તે રાજા ધર્મને પામ્યો ? — ગોકુળના આંગણામાં જેના ઢેક્કિતશબ્દથી (બળદ જેવા પ્રકારનો અવાજ કરે તેવા અવાજમાત્રથી) ભાગી જતા હતા. કોણ ભાગી જતા હતા ? — ક્રોધી, સુતીક્ષ્ણશિંગડાવાળા, શારીરિક બળથી સમર્થ, અને બળથી ઉન્મત્ત થયેલા એવા બળદો પણ (જેના શબ્દથી) ભાગી જતા હતા, તે ઘરડો થયેલો, બળના અહંકાર વિનાનો, ઉંડી ઉતરી ગયેલી આંખોવાળો, (લબડતા અને માટે જ) ચંચળ હોઠોવાળો તે જ આ બળદ હવે પાડાઓના મારને સહન કરે છે. ધિક્ આ સંસાર ખરેખર અસાર છે. સર્વ જીવોની કથા આવા પ્રકારની જ છે. તેથી આવા સંસારથી સર્યું. આ પ્રમાણે રાજા બોધ પામ્યો. જાતિસ્મરણજ્ઞાન થયું. (સંસારમાંથી) તે નીકળ્યો. (દીક્ષા લઈ તે) વિચરે છે. ॥ભા.-૨૧૧—૧૨॥

બીજી બાજુ પંચાલ દેશના કાંપિલ્યનગરમાં દુર્મુખ રાજા છે. તે પણ જુદા જુદા અનેક પ્રકારની હજારો નાની ધજાઓથી શોભિત અને માટે જ મનોહર, લોકોવડે પૂજાતા એવા ઇન્દ્રધ્વજને જુએ

६९. एवं संबुद्धः, जातेः स्मरणं, निर्गतः विहरति । इतश्च पाञ्चालेषु जनपदेषु काम्पील्ये नगरे दुर्मुखो राजा, सोऽपि इन्द्रकेतुं पश्यति लोकेन मह्यमानं अनेकलघुपताकासहस्रपरिमण्डिताभिरामं, पुनरपि विलुप्यमानं, पतितं चामेध्यमूत्राणामुपरि, सोऽपि संबुद्धः,

**जो इंदकेउं समलंकियं तु, दट्ठुं पडंतं पविलुप्पमाणं ।**

**रिद्धिं अरिद्धिं समुपेहिया णं, पंचालरायावि समिक्ख धम्मं ॥२१३॥ ( भा० )**

निगदसिद्धैव, विहरइ[७०] । इओ य विदेहजणवए मिहिलाए णयरीए नमी राया, गिलाणो जाओ, देवीओ चंदणं घसंति तस्स दाहपसमणनिमित्तं, वलयाणि खलखलंति, सो भणइ– कन्नाघाओ, न सहामि, एक्केक्कं अवणीए जाव एक्केक्को अच्छइ, सद्दो नत्थि, राया भणइ– ताणि वलयाणि न खलखलेंति ?, भणंति अवणीयाणि, सो तेण दुक्खेण अब्भाहओ परलोगाभिमुहो चिंतेइ–बहुयाण दोसो एगस्स न दोसो, संबुद्धो, तथा चाह–

**बहुयाण सद्दयं सोच्चा, एगस्स य असद्दयं ।**

**बलयाणं नमीराया, निक्खंतो मिहिलाहिवो ॥२१४॥ ( भा० )**

कण्ठ्या, विहरइ । इओ य गंधारविसए पुरिमपुरे णयरे नग्गई राया, सो अन्नया अणुजत्तं

છે. પછીથી ફરી વિષ્ટા–મૂત્ર ઉપર પડેલા અને માટે જ અશુચિથી ખરડાયેલા તે ઇન્દ્રધ્વજને જુએ છે. (સુશોભિત એવા પણ પાછળથી મલિન થયેલા ધ્વજને જોઈને) તે રાજા પણ બોધ પામે છે. આ જ વાત ભાષ્યકાર કહે છે ➪

**ગાથાર્થ :** **જે પંચાલરાજા પણ (પૂર્વે) અલંકૃત અને (પછીથી) અશુચિ ઉપર પડેલા, નાશ પામતા ઇન્દ્રધ્વજને જોઈને (તે ધ્વજની) ઋદ્ધિ અને અઋદ્ધિને ચિંતવીને ધર્મને વિચારીને બોધ પામ્યો.**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. તે પંચાલરાજા પણ દીક્ષા લઈને વિચરે છે. ॥ભા.-૨૧૩॥ ત્રીજી બાજુ વિદેહજનપદમાં મિથિલાનગરીમાં નમિ રાજા હતો. તે ગ્લાન થયો. (અર્થાત્ શરીરમાં ભયંકર દાહ ઉત્પન્ન થયો.) તેના દાહને શાંત કરવા માટે રાણીઓ ચંદન ઘસે છે. રાણીઓએ હાથમાં પહેરેલા કડાઓ ખખડે છે. નમિરાજા કહે છે– "તમારા આ કડાઓનો અવાજ મારા કર્ણને વાગે છે. તે હું સહન કરી શકતો નથી." દરેક રાણીએ પોતાના હાથમાં એક–એક કડા નીકળતા છેલ્લે એક કડુ રાખ્યું. જેથી હવે અવાજ આવતો નથી. રાજા કહે છે કે – " તે કડાઓનો અવાજ કેમ નથી આવતો ?" રાણીઓએ કહ્યું – "તે કડાઓ અમે દૂર કર્યા છે. નમિરાજા તે દુઃખથી પીડાયેલો પરલોકને અભિમુખ થયેલો વિચારે છે કે "ઘણા ભેગા થવામાં દોષ છે એકલાને દોષ નથી." આ રીતે વિચારતો તે બોધ પામ્યો. આ જ વાત ભાષ્યકાર કહે છે. ➪

**ગાથાર્થ :** **ઘણા બધાં કડાઓના શબ્દને સાંભળીને અને એક કડું રાખવાથી શબ્દ નહીં સંભળાતા મિથિલાનો અધિપતિ નમિરાજા પ્રવ્રજિત થયો.**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. ॥ભા.–૨૧૪॥ દીક્ષા લઈને તે વિચરે છે. ચોથા સ્થાને

૭૦. विहरति । इतश्च विदेहजनपदे मिथिलायां नगर्यां नमी राजा, ग्लानो जातः, देव्यश्चन्दनं घर्षयन्ति तस्य दाहप्रशमननिमित्तं, वलयानि शब्दयन्ति, स भणति–कर्णाघातः, न सहे, एकैकस्मिन्नपनीते यावदेकैकस्तिष्ठति, शब्दो नास्ति, राजा भणति–तानि वलयानि न शब्दयन्ति ?, भणन्त्यपनीतानि, स तेन दुःखेनाभ्याहतः परलोकाभिमुखश्चिन्तयति–बहूनां दोषो नैकस्य दोषः, संबुद्धः, विहरति, इतश्च गान्धारविषये पुरिमपुरे नगरे नग्गती राजा, सोऽन्यदाऽनुयात्रायै

[७१]निग्गओ, पेच्छइ चूयं कुसुमियं, तेण एगा मंजरी गहिया, एवं खंधावारेण लयंतेण कट्ठावसेसो कओ, पडिनियत्तो पुच्छइ—कहिं सो चूयरुक्खो ?, अमच्चेण कहियं—एस सोत्ति, कहं कट्ठाणि कओ ?, तओ भणइ— जं तुब्भेहिं मंजरी गहिया पच्छा सव्वेण खंधावारेण गहिया, सो चिंतेइ— एवं रज्जसिरित्ति, जाव ऋद्धी ताव सो भणति— अलाहि एयाए, संबुद्धो । तथा चाह—

**जो चूयरुक्खं तु मणाहिरामं, समंजरिपल्लवपुप्फचित्तं ।**

**रिद्धिं अरिद्धिं समुपेहिया णं, गंधाररायावि समिक्ख धम्मं ॥२१५॥ ( भा० ) ॥**

कण्ठ्या । एवं सो विहरइ । ते चत्तारि विहरमाणा खिइपइट्ठिये णयरे चउद्दारं देवउलं, पुव्वेण करकंडू पविट्ठो, दक्खिणेणं दुम्मुहो, एवं सेसावि, किह साहुस्स अन्नहामुहो अच्छामित्ति तेण दक्खिणपासेवि मुहं कयं, नमी अवरेण, तओवि मुहं, गंधारो उत्तरेण, तओ वि मुहं कयंति ।

ગંધારદેશના પુરિમપુરનગરમાં નગ્ગતિ રાજા હતો. તે એકવાર યાત્રા માટે નીકળ્યો. રસ્તામાં તેણે પુષ્પિત થયેલ આંબાનું વૃક્ષ જોયું. તેણે એક મંજરી ગ્રહણ કરી. પાછળથી આવતાં આખા સૈન્યે એક–એક મંજરી ગ્રહણ કરતા આખું વૃક્ષ લાકડાનું ઠુંઠુ બની ગયું. પાછા ફરતા રાજાએ પૂછ્યું – "તે આંબાનુ વૃક્ષ ક્યાં ગયું ?" મંત્રીએ કહ્યું – "આ તે જ છે." "ઠુંઠુ કેવી રીતે બની ગયું ?" મંત્રીએ કહ્યું – "તમે મંજરી ગ્રહણ કરી એટલે આખા સ્કંધાવારે મંજરીઓ ગ્રહણ કરી (તેથી તે વૃક્ષ ઠુંઠું બની ગયું છે.) રાજા વિચારે છે – (તો પછી) રાજ્યલક્ષ્મી પણ આ પ્રમાણે જ છે અર્થાત્ જ્યાં સુધી ઋદ્ધિ છે (ત્યાં સુધી બધું છે.) તેણે કહ્યું – "આવી રાજ્યલક્ષ્મીથી સર્યું." તે બોધ પામ્યો. આ જ વાતને ભાષ્યકાર જણાવે છે ⇨

**ગાથાર્થ : જે ગંધારરાજા પણ મંજરી, પલ્લવ અને પુષ્પોથી યુક્ત હોવાથી ચિત્ર, મનને આનંદદાયક એવા આંબાના વૃક્ષને (જોઈને તેની) ઋદ્ધિ–અઋદ્ધિને વિચારીને ધર્મને ચિંતવીને (બોધ પામ્યો.)**

**ટીકાર્થ :** સ્પષ્ટ જ છે. ॥ભા.-૨૧૫॥ દીક્ષા લઈને તે પણ વિચરે છે. તે ચારે વિચરતા વિચરતા ક્ષિતિપ્રતિષ્ઠિતનગરમાં જે ચાર દરવાજાવાળું દેવકુળ=યક્ષમંદિર હતું (ત્યાં ભેગા થયાં.) તેમાં કરકંડુ પૂર્વદિશાના દરવાજાથી દેવકુળમાં પ્રવેશ્યો. દક્ષિણ દરવાજેથી દુર્મુખ પ્રવેશ્યો. શેષ બંને જણા પણ ક્રમશઃ પશ્ચિમ–ઉત્તરથી પ્રવેશ્યાં. (દુર્મુખ જ્યારે દક્ષિણથી પ્રવેશ્યો ત્યારે વ્યંતરનું મુખ પૂર્વાભિમુખ હતું. તેથી) વ્યંતરે વિચાર્યું કે "સાધુથી પરાઙ્મુખ મારાથી કેવી રીતે રહેવાય ?" એમ વિચારી વ્યંતરે દક્ષિણ તરફ પોતાનું મુખ વિકુર્વ્યું. નમિ પશ્ચિમથી પ્રવેશ્યો તેથી વ્યંતરે તે

७१. निर्गतः, प्रेक्षते चूतं कुसुमितं, तेनैका मञ्जरी गृहीता, एवं स्कन्धारेण गृह्णता काष्ठावशेषः कृतः, प्रतिनिवृत्तः पृच्छति—क्व स चूतवृक्षः ?, अमात्येन कथितं—स एष इति, कथं काष्ठीकृतः, ?, ततो भणति— यत्त्वया मञ्जरी गृहीता पश्चात् सर्वेण स्कन्धारेण गृहीता, स चिन्तयति—एवं राज्यश्रीरिति, यावदृद्धिस्तावत्, स भणति, अलमनया, संबुद्धः । एवं स विहरति । ते चत्वारो विहरन्तः क्षितिप्रतिष्ठिते नगरे चतुर्द्वारं देवकुलं ( तत्र ) पूर्वेण करकण्डूः प्रविष्टः, दक्षिणेन दुर्मुखः, एवं शेषावपि, कथं साधोरन्यतोमुखस्तिष्ठामीति तेन दक्षिणपार्श्वेऽपि मुखं कृतं, नमिरपरेण, तस्यामपि मुखं, गान्धार उत्तरेण, तस्यामपि मुखं कृतमिति ।

[७२] तस्स य करकंडुस्स आबालत्तणा कंडू अत्थि चेव, तेण कंडूयणगं गहाय मसिणं मसिणं कण्णो कंडूइओ, तं तेण एगत्थ संगोवियं, तं दुम्मुहो पेइच्छ – 'जया रज्जं च रट्ठं च, पुरं अंतेउरं तहा। सव्वमेयं परिच्चज्ज, संचयं किं करेसिमं ? ॥१॥ सिलोगो कंठो जाव करकंडू पडिवयणं न देइ ताव नमी वयणमिमं भणइ–जया ते पेइए रज्जे, कया किच्चकरा बहू। तेसिं किच्चं परिच्चज्ज, अन्नकिच्चकरो भवं ? ॥२॥ सिलोगो कंठो, किं तुमं एयस्स आउत्तगोत्ति। गंधारो भणइ–जया सव्वं परिच्चज्ज मोक्खाय घडसी भवं। परं गरिहसी कीस ?, अत्तनीसेसकारए ॥३॥ सिलोगो कंठो, तं करकंडू भणइ–मोक्खमग्गं पवण्णाणं, साहूणं बंभयारिणं। अहियत्थं निवारन्ते, न दोसं वत्तुमरिहसि ॥४॥ सिलोगो–'रूसउ वा परो मा वा, विसं वा परिअत्तउ। भासियव्वा

---

તરફ પણ મુખ કર્યું. ગંધાર ઉત્તરદિશાથી પ્રવેશ્યો તેથી વ્યંતરે તે તરફ પણ મુખ કર્યું. (આ પ્રમાણે વ્યંતર પણ ચતુર્મુખી થયો.) તે કરકંડુને નાનપણથી જ ખણજ આવતી હતી. તેથી તેણે એક સળી લઈને હળવે હળવે કાનને ખણ્યો. પછી તે સળીને એક સ્થાને છુપાવી દીધી. દૂર્મુખે આ જોયું અને કહ્યું–"જ્યારે તમે રાજ્ય, રાષ્ટ્ર, નગર તથા અંતઃપુર આ બધું છોડી દીધું છે તો એક આ સળીનો પરિગ્રહ શા માટે કરો છો ? ॥૧॥" આ શ્લોકનો અર્થ સ્પષ્ટ જ છે. આનો પ્રત્યુત્તર હજુ કરકંડુ આપે તે પહેલાં જ નમિ આ પ્રમાણે વચન બોલે છે કે–"જ્યારે તે પિતૃસંબંધી રાજ્યમાં ઘણા બધા નોકરો કર્યા હતા. તે બધાંના કાર્યોને છોડીને તું હવે ફરી બીજાના કાર્યને (ચિંતાને) કરનારો છે (કે જેથી તેને હિતશિક્ષા આપવાનું કામ કરે છે.) શું તું એનો ધ્યાન રાખનાર છે ?" ॥૨॥

આ સાંભળીને ગંધાર નમિને કહે છે કે – "જ્યારે બધું છોડીને તું મોક્ષ માટે પ્રયત્ન કરી રહ્યો છે તો હે પોતાના મોક્ષને કરનાર ! તું શા માટે ગર્હા કરે છે ? ॥૩॥" આ શ્લોકાર્થ પણ સ્પષ્ટ જ છે. કરકંડુ ગંધારને કહે છે – "મોક્ષમાર્ગને સ્વીકારેલા, બ્રહ્મચારી સાધુઓને અહિત અર્થમાંથી નિવારણ કરનારના દોષો કહેવા ઉચિત નથી. (અર્થાત્ નિવારણ કરનાર નિંદક કહેવાતો નથી.) ॥૪॥ સામેવાળો ગુસ્સે થાય કે ન થાય અથવા હિત ભાષા ભલે વિષ જેવી કડવી લાગે છતાં સ્વપક્ષને ગુણ કરનારી (અર્થાત્ સામેવાળાને અને પોતાને ગુણ કરનારી) હિતશિક્ષા અવશ્ય

---

૭૨. तस्य च करकण्डोर्बाल्यकालात् कण्डूरस्त्येव, तेन कण्डूयनं गृहीत्वा मसृणं मसृणं कर्णः कण्डूयितः, तत् तेनैकत्र संगोपितं, तत् दुर्मुखः प्रेक्षते, यदा राज्यं च राष्ट्रं च, पुरमन्तःपुरं तथा। सर्वमेतत्परित्यज्य, सञ्चयं किं करिष्यसीमं ? ॥१॥ श्लोकः कण्ठ्यः यावत् करकण्डूः प्रतिवचनं न ददाति तावत् नमिर्वचनमिदं भणति–यदा त्वया पैतृके राज्ये, कृता कृत्यकरा बहवः। तेषां कृत्यं परित्यज्य, अन्यकृत्यकरो भवसि ? ॥२॥ श्लोकः कण्ठ्यः, किं त्वमेतस्याऽऽयुक्तक इति ?, गान्धारो भणति–यदा सर्वं परित्यज्य मोक्षाय घटते भवान्। परं गर्हसि किम् ? आत्मनिःश्रेयसकारकः ॥३॥ श्लोकः कण्ठ्यः, तं करकण्डूर्भणति–मोक्षमार्गं प्रपन्नानां, साधूनां ब्रह्मचारीणां। अहितार्थं निवारयतर्न दोषं वक्तुमर्हसि ॥४॥ श्लोकः, रूष्यतु वा परो मा वा विषं वा परिवर्ततां। भाषितव्या

हिंया[७३] भासा, सपक्खगुणकारिणी ॥५॥ सिलोगो, श्लोकद्वयमपि कण्ठ्यं । तथा —

जहा जलंताइ( त )कट्ठाइं, उवेहाइ न चिरं जले ।
घट्टिया घट्टिया झत्ति, तम्हा सहह घट्टणं ॥१३१३॥
सुचिरंपि वंकुडाइं होहिंति अणुपमज्जमाणाइं ।
करमद्दिदारुयाइं गयंकुसागारबेंटाइं ॥१३१४॥

इदमपि गाथाद्वयं कण्ठ्यमेव, ताण सव्वाण दव्वविउस्सग्गो, जं रज्जाणि उज्झियाणि, भावविउस्सग्गो कोहादीणं, विउस्सग्गेत्ति गयं २५।

इयाणिं अप्पमाएत्ति, ण पमाओ अप्पमाओ, तत्थोदाहरणगाहा—

रायगिहमगहसुंदरि मगहसिरी पउमसत्थपक्खेवो ।
परिहरियअप्पमत्ता नट्टं गीयं नवि य चुक्का ॥१३१५॥

---

કહેવી જોઈએ. ॥૫॥'' બંને શ્લોકાર્થ સ્પષ્ટ જ છે તથા ⇨

**ગાથાર્થ :** જેમ બળતા લાકડાંઓની ઉપેક્ષા કરવાથી (અર્થાત્ એને આગળ આગળ ચૂલામાં ખસેડવામાં ન આવે તો) તે લાકડાં બળતા નથી. પરંતુ આગળ–આગળ ખસેડતા જાઓ તો તે બળે છે એ જ પ્રમાણે ઘટ્ટનને=બીજાની પ્રેરણાને તમે સહન કરો. (અર્થાત્ તેઓ પણ આપણને ટોક–ટોક કરે તો આપણું કાર્ય સિદ્ધ થાય.)

**ગાથાર્થ :** લાંબા કાળથી વાંકા એવા પણ હાથીના અંકુશ જેવા આકારના મૂળીયાવાળા કરમંદનામના વૃક્ષના લાકડાં પણ સારી રીતે તેલ વિગેરેદ્વારા માલિશ કરાતા સીધા થાય છે. (એ જ પ્રમાણે લાંબા કાળથી દોષ સેવનારને સમ્યક્ પ્રેરણા કરવાથી તેઓ દોષને ત્યજી દે છે. માટે હિતકારી ભાષા કહેવા યોગ્ય છે.)

**ટીકાર્થ :** બંને ગાથાર્થ સ્પષ્ટ જ છે. ॥૧૩૧૩–૧૪॥ આ ચારે જણાએ જે રાજ્યનો ત્યાગ કર્યો તે દ્રવ્યવ્યુત્સર્ગ જાણવો અને ક્રોધાદિ કષાયોનો ત્યાગ તે ભાવવ્યુત્સર્ગ જાણવો. 'વ્યુત્સર્ગ' દ્વાર પૂર્ણ થયું.

**અવતરણિકા :** હવે **'અપ્રમાદ'** દ્વાર જણાવે છે. પ્રમાદ ન કરવો તે અપ્રમાદ. તેમાં ઉદાહરણ ગાથા આ પ્રમાણે છે ⇨

**ગાથાર્થ :** રાજગૃહનગરમાં મગધસુંદરી અને મગધશ્રી બેગણિકાઓ – પદ્મમાં સોયરૂપ શસ્ત્રોનો પ્રક્ષેપ – ત્યાગ – અપ્રમત્ત – નાટ્ય – ગીત – ગણિકા ચૂકી નહીં.

**ટીકાર્થ :** ગાથાર્થ આ પ્રમાણે જાણવો –

---

७३. हिता भाषा स्वपक्षगुणकारिणी ॥५॥ श्लोकः, श्लोकद्वयमपि कण्ठ्यं, तेषां सर्वेषां द्रव्यव्युत्सर्गः, यत् राज्यान्युज्झितानि, भावव्युत्सर्गः क्रोधादीनां । व्युत्सर्ग इति गतं, इदानीमप्रमाद इति, न प्रमादोऽप्रमादः, तत्रोदाहरणगाथा ।

[૭૪]इमीए वक्खाणं–रायगिहे णयरे जरासंघो राया, तस्स सव्वप्पहाणाओ दो गणियाओ–मगहसुंदरी मगहसिरी य, मगहसिरी चिंतेइ–जइ एसा न होज्जा ता मम अन्नो माणं न खंडेज्जा, राया य करयलत्थो होज्जत्ति जसो यत्ति, तीसे छिद्दाणि मग्गइ, ताहे मगहसिरीए नट्टदिवसंमि कण्णियारेसु सोवन्नियाओ विसधूवियाओ सूचीओ केसरसरिसियाओ खित्ताओ, ताओ पुण तीसे मगहसुंदरीए मयहरियाए ऊहियाओ, कहं भमरा कण्णियाराणि न अल्लियंति चूएसु निलेंति ?, नूणं सदोसाणि पुप्फाणि, जइ य भणीहामि एएहिं पुप्फेहिं अच्चणिया अचोक्खा विसभावियाणि वा तो गामेल्लगत्तणं होहित्ति उवाएणं वारेमित्ति, सा य रंगं ओइण्णिया, अण्णया मंगलं गिज्जइ, सा इमं गीतियं पगीया—

पत्ते वसंतमासे आमोअ पमोअए पवत्तंमि ।
मुत्तूण कण्णिआरए भमरा सेवंति चूअकुसुमाइं ॥१३१६॥

## ❀ (२६) 'અપ્રમાદ' ઉપર મગધસુંદરીનું દૃષ્ટાન્ત ❀

રાજગૃહનગરમાં જરાસંધ રાજા હતો. તેને સર્વમાં મુખ્ય એવી બે ગણિકાઓ હતી – મગધસુંદરી અને મગધશ્રી. એકવાર મગધશ્રી વિચારે છે કે – "જો આ મગધસુંદરી ન હોય તો બીજી કોઈ મારા માનને ખંડિત કરી શકે એમ નથી. (અર્થાત્ મારી સ્પર્ધા કરનાર બીજી કોઈ રહે નહીં.) અને રાજા પણ મારા હાથમાં આવી જશે. મારો યશ પણ ફેલાશે." તે મગધસુંદરીના દોષો શોધે છે. તેમાં એકવાર મગધશ્રીએ (મગધસુંદરીના) નૃત્યના દિવસે સુવર્ણની બનેલી સોયના સમૂહને વિષથી વાસિત કરીને તથા કેસર જેવા રંગની કરીને કર્ણિકારપુષ્પોમાં લગાવી દીધી.

મગધસુંદરીએ પોતાની મહત્તરિકા સાથે પુષ્પોસંબંધી વિચારણા કરી કે – "ભમરાઓ કર્ણિકારપુષ્પો ઉપર કેમ બેસતા નથી ?, આંબાના પુષ્પો ઉપર બેસે છે." નક્કી આ પુષ્પોમાં કંઈક દોષો હોવો જોઈએ. પરંતુ જો હું એમ કહીશ કે આ પુષ્પોથી કરેલી પૂજા શુદ્ધ ન કહેવાય અથવા આ પુષ્પો વિષથી મિશ્રિત છે તો મારું ગામડિયાપણું થશે (અર્થાત્ મને ગામડાની સ્ત્રી છે એવું કહેશે.) તેથી આ આપત્તિને કોઈ ઉપાયથી દૂર કરું. તે રંગમંચ ઉપરથી નીચે ઉતરી. એકવાર મંગલ ગવાય છે. તે દિવસે મગધસુંદરીએ આ પ્રમાણેનું ગીત ગાયું ⇨

**ગાથાર્થ : વસંતમાસ પ્રાપ્ત થતાં પુષ્પોની સુગંધ ચારે બાજુ ફેલાતા ભમરાઓ આનંદિત થાય છે. ત્યારે તેઓ કર્ણિકારને છોડીને આંબાના પુષ્પોને સેવે છે.**

૭૪. अस्या व्याख्यानं–राजगृहे नगरे जरासन्धो राजा, तस्य सर्वप्रधाने द्वे गणिके–मगधसुन्दरी मगधश्रीश्च, मगधश्रीश्चिन्तयति, यद्येषा न भवेत् तदा मम नान्यो मानं खण्डयेत्, राजा च करतलस्थो भवेदिति यशश्च, तस्याश्छिद्राणि मार्गयति, तदा मगधश्रिया नृत्यदिवसे कर्णिकारेषु सौवर्णिका विषवासिताः सूचयः केशरसदृशाः क्षेपितवती, ताः पुनस्तस्या मगधसुन्दर्या महत्तरिकया ज्ञाता, कथं भ्रमराः कर्णिकारेषु नागच्छन्ति ? चूतेषु लगन्ति नून सदोषाणि पुष्पाणि, यदि चाभणिष्यं एतैः पुष्पैरर्चनिकाऽचोक्षा विषभावितानि वा तदा ग्रामेयकत्वमभविष्यदिति उपायेन वारयामि इति, सा च रङ्गमवतीर्णाऽन्यदा मङ्गलं गीयते, सेमां गीतिं प्रगीतवती—

गीतिका निगदसिद्धैव, [૭૫]सो चिंतेइ–अपुव्वा गीतिया, तीए णायं–सदोसा कणियारत्ति परिहरंतीए गीयं नच्चियं च सविलासं, न य तत्थ छलिया, परिहरिय अप्पमत्ता नट्टं गीयं न कीर चुक्का, एवं साहुणावि पंचविहे पमाए रक्खंतेणं जोगा संगहिया भवंति, अप्पमाएत्ति गतं २६ ।

इयाणिं लवालवेत्ति, सो य अप्पमाओ लवे अद्धलवे वा पमायं न जाइयव्वंत्ति, तत्थोदाहरणगाहा—

**भरुयच्छंमि य विजए नडपिडए वासवासनागघरे ।**
**ठवणा आयरियस्स ( उ ) सामायारीपउंजणया ॥१३१७॥**

इमीए वक्खाणं–भरुअच्छे णयरे एगो आयरिओ, तेण विजओ नाम सीसो उज्जेणी कज्जेण पेसिओ, सो जाइ, तस्स गिलाणकज्जेण केणइ वक्खेवो, सो य अंतरा अकालवासेण रुद्धो,

---

**ટીકાર્થ :** આ ગીત સ્પષ્ટાર્થવાળું છે. મગધશ્રી વિચારે છે કે – આ નવું જ ગીત છે. મગધસુંદરીએ જાણી લીધું કે કર્ણિકાર પુષ્પો દોષવાળા છે. તેથી તેનો ત્યાગ કરી તે વિલાસપૂર્વક ગીત અને નૃત્ય કરવા લાગી. ત્યાં તે ઠગાઈ નહીં. જેમ મગધસુંદરી કર્ણિકારપુષ્પોને ત્યાગીને અપ્રમત્ત થઈને ગીત–નૃત્ય કરવા લાગી પણ ઠગાઈ નહીં. એ જ પ્રમાણે સાધુએ પણ પાંચ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરવો જોઈએ. તેનાથી યોગો સંગૃહીત થાય છે. 'અપ્રમાદ' દ્વાર પૂર્ણ થયું. **॥૧૩૧૬॥**

**અવતરણિકા :** હવે **'લવાલવ'** દ્વાર જણાવે છે. તે અપ્રમાદ છે કે લવ જેટલા કાળ કે અર્ધલવ જેટલા કાળ માટે પણ પ્રમાદ ન કરવો. (ટૂંકમાં અલ્પ ક્ષણ માટે પણ પ્રમાદ ન કરવો તે અપ્રમાદ છે.) તેમાં ઉદાહરણ ગાથા આ પ્રમાણે છે ⇨

**ગાથાર્થ :** ભૃગુકચ્છનગર – વિજયશિષ્ય – નટપિટકનામના ગામમાં **નાગઘરમાં ચોમાસુ – આચાર્યની સ્થાપના – સામાચારીનું** પાલન.

## ❀ (૨૭) 'લવાલવ' ઉપર વિજયશિષ્યનું દૃષ્ટાન્ત ❀

**ટીકાર્થ :** ગાથાનો વિસ્તાર આ પ્રમાણે – ભૃગુકચ્છ (ભરૂચ) નગરમાં એક આચાર્ય હતા. તેમણે વિજયનામના પોતાના શિષ્યને અમુક કામથી ઉજ્જયિની મોકલ્યો. તે શિષ્ય ઉજ્જયિની જવા નીકળે છે. રસ્તામાં કોઈક ગ્લાન માટેના કાર્યથી તેને વ્યાક્ષેપ ઊભો થયો. (અર્થાત્ રોકાવું પડ્યું.) ત્યાં જ ગામમાં અકાલે વરસાદ પડવાથી તે આગળ વધી શક્યો નહીં. ઈંડા (કલ્પસૂત્રમાં કહેલા પાંચ પ્રકારના સૂક્ષ્મ ઈંડા), તણખલા વિગેરે ઉત્પન્ન થયું સમજીને તે શિષ્ય નટપિટકનામના

---

૭૫. सा चिन्तयति–अपूर्वा गीतिः, तया ज्ञातं–सदोषाणि कर्णिकाराणि इति परिहरन्त्या गीतं नर्तितं च सविलासं, न च तत्र छलिता, परिहृत्य ( तानि ), अप्रमत्ता नृत्ये गीते च न किल स्खलिता, एवं साधुनाऽपि पञ्चविधान् प्रमादान् रक्षयता योगाः संगृहीता भवन्त्यप्रमादेति गतं । इदानीं लवालव इति, स चाप्रमादः लवेऽर्धलवे वा प्रमादं न यातव्यमिति तत्रोदाहरणगाथा–अस्या व्याख्यानं–भृगुकच्छे नगरे एक आचार्यः, तेन विजयो नाम शिष्य उज्जयिनीं कार्येण प्रेषितः, स याति, तस्य ग्लानकार्येण केनचिद् व्याक्षेपः, स चान्तराऽकालवर्षेण रुद्धः,

[७६]अंडगतणंउट्ठियंति नडपिडए गामे वासावासं ठिओ, सो चिंतेइ–गुरुकुलवासो न जाओ, इहंपि करेमि जो उवएसो, तेण ठवणायरिओ कओ, एवमावासगमादीचक्कवालसामायारी सव्वा विभासियव्वा, एवं किल सो सव्वत्थ न चुक्को, खणे २ उवजुज्जइ–किं मे कयं ?, एवं किर साहुणा कायव्वं, एवं तेण जोगा संगहिया भवंति, लवालवेत्ति गयं २७।

इयाणिं झाणसंवरजोगेत्ति, झाणेण जोगा संगहिया, तत्थोदाहरणगाहा—

**णयरं च सिंबवद्धण मुंडिम्बयअज्जपूसभूई य ।**
**आयाणपूसमित्ते सुहुमे झाणे विवादो य ॥१३१८॥**

इमीए वक्खाणं–सिंबवद्धणे णयरे मुंडिम्बगो राया, तत्थ पूसभूई आयरिया बहुस्सुया, तेहिं सो राया उवसामिओ सड्ढो जाओ, ताण सीसो पूसमित्तो बहुस्सुओ ओसण्णो अण्णत्थ अच्छइ, अण्णया तेसिं आयरियाणं चिंता जाया-सुहुमं झाणं पविस्सामि, तं महापाणसमं, तं पुण

તે ગામમાં જ નાગનામના વ્યક્તિના ઘરમાં ચોમાસા માટે રહ્યો. ત્યાં તેણે વિચાર્યું કે – "અહીં રહ્યો તો ખરો પણ ગુરુકુલવાસ ન થયો. તેથી જે પ્રમાણેનો ભગવાનનો ઉપદેશ છે તે પ્રમાણે હું અહીં પણ કરું" એમ વિચારી તેણે ગુરુની સ્થાપના કરી. અને તે ગુરુની નિશ્રામાં યથાયોગ્ય કાલે પ્રતિક્રમણ વિગેરે સર્વ ચક્રવાલસામાચારીનું પાલન કરતો રહ્યો. આ પ્રમાણે તે સાધુ સર્વત્ર ચૂક્યો નહીં. દરેક ક્ષણે તે ઉપયોગ મૂકે છે કે – મેં શું કર્યું ? શું બાકી છે ? વિગેરે. આ પ્રમાણે સાધુએ પણ કરવા યોગ્ય છે. આ પ્રમાણે કરવાથી યોગો સંગૃહીત થાય છે. 'લવાલવ'દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૧૭॥

**અવતરણિકા :** હવે **'ધ્યાનસંવરયોગ'** દ્વાર જણાવે છે. (ધ્યાનરૂપ સંવરયોગ તે ધ્યાનસંવરયોગ અર્થાત્ ધ્યાન.) ધ્યાનથી યોગો સંગૃહીત થાય છે. તેમાં ઉદાહરણગાથા ⇨

**ગાથાર્થ :** શિંબવર્ધનનગર – મુંડિકામ્રક રાજા – પૂષ્પભૂતિ આચાર્ય – પુષ્પમિત્રને બોલાવવો – સૂક્ષ્મધ્યાનમાં પ્રવેશ – વિવાદ.

### ❋ (૨૮) 'ધ્યાન' ઉપર પુષ્પભૂતિ આચાર્યનું દૃષ્ટાન્ત ❋

**ટીકાર્થ :** શિંબવર્ધનનગરમાં મુંડિકામ્રક રાજા હતો. ત્યાં બહુશ્રુત એવા પુષ્પભૂતિ આચાર્ય હતા. તેઓએ તે રાજાને પ્રતિબોધ કર્યો જેથી તે ધર્મમાં શ્રદ્ધાવાળો થયો. તેમનો બહુશ્રુત શિષ્ય પુષ્પમિત્ર શિથિલ હોવાથી અન્ય વસતિમાં રહે છે. એકવાર તે આચાર્યને વિચાર આવ્યો કે –

७६. अण्डकतृणोत्थितमिति नटपिटके ग्रामे वर्षावासं स्थितः, स चिन्तयति–गुरुकुलवासो न जातः, इहापि करोमि य उपदेशः, तेन स्थापनाचार्यः कृतः, एवमावश्यकादिचक्रवालसामाचारी सर्वा विभाषितव्या, एवं किल स सर्वत्र न स्खलितः, क्षणे क्षणे उपयुज्यते–किं मे कृतं ?, एवं किल साधुना कर्त्तव्यं, एवं तेन योगाः संगृहीता भवन्ति । लवालव इति गतं, इदानीं ध्यानसंवरयोग इति, ध्यानेन योगाः संगृहीता, तत्रोदाहरणं । अस्या व्याख्यानं–शिम्बावर्धने नगरे मुण्डिकाम्रको राजा, तत्र पुष्पभूतय आचार्या बहुश्रुताः, तैः स राजोपशमितः श्राद्धो जातः, तेषां शिष्यः पुष्पमित्रो बहुश्रुतोऽवसन्नोऽन्यत्र तिष्ठति, अन्यदा तेषामाचार्याणां चिन्ता–सूक्ष्मं ध्यानं प्रविशामि, तत् महाप्राणसमं, तत् पुनः

[૭૭]**जाहे पविसइ ताहे एवं जोगसंनिरोहं करेइ जह न किंचि चेएइ, तेसिं च जे मूले ते अगीयत्था, तेसिं पूसमित्तो सद्दाविओ, आगओ, कहियं से, तेण पडिवन्नं, ताहे एगत्थ उवरए निव्वाघाए झाएंति, सो य तेसिं न ढोयं देइ, भणइ–एत्तो ठियगा वंदह, आयरिया वाउला, अण्णया ते अवरोप्परं मंतंति–किं मण्णे होज्जा गवेसामोत्ति, एगो ओवरगबारे ठिओ निवन्नेइ, चिरं च ठिओ, आयरिओ न चलइ न भासइ न फंदइ ऊसासनिस्सासोवि नत्थि, सुहुमो किर तेसिं भवइ, सो गंतूण कहेइ अण्णेसिं, ते रुट्ठा, अज्जो ! तुमं आयरिए कालगएवि न कहेसि, सो भणइ–न कालगयत्ति, झाणं झायइत्ति, मा वाघायं करेहित्ति, अण्णे भणंति पव्वइयगा–एसो लिंगी मन्ने वेयालं साहेउकामो लक्खणजुत्ता आयरिया तेण ण कहेइ, अज्ज रत्तिं पेच्छहिह, ते आरद्धा तेण**

મારે સૂક્ષ્મધ્યાનમાં પ્રવેશ કરવો છે. તે સૂક્ષ્મધ્યાન મહાપ્રાણધ્યાન સમાન છે. તેમાં જ્યારે પ્રવેશ કરવાનો હોય ત્યારથી એ રીતે યોગોનો નિરોધ કરવો પડે જાણે કે કશું કરતા જ નથી. (અર્થાત્ જાણે કે મડદું ન હોય.) તે આચાર્ય પાસે જે સાધુઓ હતા તે બધા અગીતાર્થ હતા (તેથી આચાર્યસંબંધી જવાબદારી સંભાળે એવું કોઈ નહોતું.)

તેથી આચાર્યે પુષ્પમિત્રને બોલાવ્યો. તે આવ્યો. બોલાવવાનું કારણ જણાવ્યું. પુષ્પમિત્રે વાત સ્વીકારી. ત્યારે આચાર્ય વ્યાઘાત વિનાના એક ઓરડામાં ધ્યાન લગાવીને બેઠા. પુષ્પમિત્ર કોઈ શિષ્યોને તે ઓરડામાં પ્રવેશવા દેતો નથી, અને કહે છે – " અહીં જ રહીને વંદન કરી લો, આચાર્ય અમુક કાર્યમાં વ્યસ્ત છે." શિષ્યો પરસ્પર મંત્રણા કરે છે કે શું ખબર તે આચાર્ય જીવે છે કે નહીં ? ચલો આપણે તપાસ કરીએ." એક શિષ્ય છુપી રીતે દરવાજા પાસે ઊભો રહીને જુએ છે. તે લાંબા કાળ સુધી ઊભો રહ્યો છતાં આચાર્ય ચાલતા નથી, બોલતા નથી, હલન–ચલન કરતા નથી. શ્વાસોચ્છ્વાસ પણ કરતા નથી. (એવું લાગવાનું કારણ એ હતું કે આચાર્ય) શ્વાસોચ્છ્વાસ સૂક્ષ્મ રીતે લેતા હતા.

શિષ્યે આવીને બીજા સાધુઓને કહ્યું. તે બધા ગુસ્સે ભરાયા અને પુષ્પમિત્રને કહ્યું – "હે આર્ય ! આચાર્ય કાળ પામવા છતાં તું કહેતો નથી." પુષ્પમિત્રે કહ્યું – "આચાર્ય કાળ પામ્યા નથી. તેઓ ધ્યાન ધરે છે. તેથી તમારે કોઈએ વિક્ષેપ કરવો નહીં." ત્યારે બીજા સાધુઓએ કહ્યું – "એવું લાગે છે કે આ વેષધારી (અર્થાત્ શિથિલાચારી પુષ્પમિત્ર) વેતાલને સાધવાની ઇચ્છાવાળો

**૭૭. यदा प्रविशति तदैवं योगसंनिरोधः क्रियते यथा न किञ्चित् चित्यते, तेषां च ये पार्श्वे तेऽगीतार्थाः, तैः पुष्पमित्रः शब्दितः, आगतः, कथितं तस्य, तेन प्रतिपन्नं, तदैकत्रापवरके निर्व्याघाते ध्यायन्ति, स च तेषां नागन्तुं ददाति, भणति–अत्र स्थिता वन्दध्वं, आचार्या व्यापृताः, अन्यदा ते परस्परं मन्त्रयन्ते–किं मन्ये भवेद् गवेषयाम इति, एकोऽपरकद्वारे स्थितो निभालयति, चिरं च स्थितः, आचार्यो न चलति न भाषते न स्पन्दते उच्छ्वासनिःश्वासावपि न स्तः, सूक्ष्मौ किल तेषां भवतः, स गत्वा कथयति अन्येषां, ते रुष्टा, आर्य ! त्वमाचार्यान् कालं गतानपि न कथयसि, स भणति–न कालगता इति, ध्यानं ध्यायन्ति, मा व्याघातं कार्ष्टेति, अन्ये भणन्ति प्रव्रजिता–एष लिङ्गी मन्ये वैतालं साधयितुकामो लक्षणयुक्ता आचार्यास्तेन न कथयति, अथ रात्रौ प्रेक्षध्वं, ते आरब्धास्तेन**

[૭૮] समं भंडिउं, तेण वारिया, ताहे तेहिं राया उस्सारेऊण कहित्ता आणीओ, आयरिया कालगया सो लिंगी न देइ नीणेउं, सोवि राया पिच्छइ, तेणवि पत्तीयं कालगओत्ति, पूसमित्तस्स ण पत्तियइ, सीया सज्जीया, ताहे णिच्छयो णायो, विणासिया होहिंति, पुव्वं भणिओ सो आयरिएहिं– जाहे अगणी अन्नो वा अच्चओ होज्जत्ति ताहे मम अंगुट्ठए छिवेज्जाहि, छिन्नो, पडिबुद्धो भणइ– किं अज्जो ! वाघाओ कओ ? पेच्छह एएहिं सीसेहिं तुज्झ कयंति, अंबाडिया, एरिसयं किर झाणं पविसियव्वं, तो जोगा संगहिया भवंति २८ । झाणसंवरजोगे यत्ति गयं,

इयाणिं उदए मारणंतिएत्ति, उदए जइ किर उदओ मारणंतिओ मारणंती वेयणा वा तो अहियासेयव्वं, तत्थोदाहरणगाहा—

આ આચાર્ય લક્ષણયુક્ત હોવાથી (સત્ય હકીકત) બોલતો નથી. તેથી આજે રાત્રિએ તપાસ કરીશું." બધા સાધુઓ પુષ્પમિત્ર સાથે બોલાચાલી કરવા લાગ્યા. પુષ્પમિત્રે બધાને અટકાવ્યા. ત્યારે બધા સાધુઓએ રાજાને સમાચાર આપીને બોલાવ્યો અને કહ્યું – "આચાર્ય કાળ પામ્યા હોવા છતાં આ લિંગધારી આચાર્યને લઈ જવા દેતો નથી."

તે રાજા પણ જુએ છે. ત્યારે તેને પણ એવું લાગ્યું કે ખરેખર આચાર્ય કાળ પામ્યા છે. તેથી તે પુષ્પમિત્ર ઉપર વિશ્વાસ કરતો નથી. પાલખી તૈયાર કરાવી. તેથી પુષ્પમિત્રને નિશ્ચય થયો કે નક્કી આ લોકો આચાર્યને મારી નાખશે. આચાર્યે ધ્યાનમાં બેસતા પહેલાં પુષ્પમિત્રને કહી રાખ્યું હતું કે – "જ્યારે કોઈ અગ્નિનો ભય કે બીજો કોઈ અનર્થ થાય તો તારે મારા અંગૂઠાને સ્પર્શ કરવો." પુષ્પમિત્રે અંગૂઠાને સ્પર્શ કર્યો. એટલે આચાર્ય ધ્યાનમાંથી જાગેલા પૂછે છે કે "આર્ય ! શા માટે વ્યાક્ષેપ કર્યો ?" તેણે કહ્યું – "જુઓ તમારા શિષ્યોએ તમારી માટે પાલખી તૈયાર કરી છે."

આચાર્યે બધા શિષ્યોને ખખડાવ્યા. આ રીતે ધ્યાનમાં સાધુઓએ પ્રવેશ કરવો જોઈએ. (અર્થાત્ આચાર્યની જેમ સાધુઓએ ધ્યાન કરવું જોઈએ.) એવા ધ્યાનથી યોગો સંગૃહીત થાય છે. 'ધ્યાનસંવરયોગ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૧૮॥

**અવતરણિકા :** હવે **'મારણાન્તિક ઉદય'** દ્વાર જણાવે છે. જો ઉદય મારણાન્તિક હોય અથવા વેદના મારણાન્તિક હોય તો પણ સહન કરવા યોગ્ય છે. તેમાં ઉદાહરણગાથા આ પ્રમાણે છે ⇨

૭૮. समं भण्डयितुं, तेन वारिताः, तदा तै राजानमपसार्य कथयित्वाऽऽनीतः, आचार्याः कालिगताः स लिङ्गी न ददाति निष्काशयितुं, सोऽपि राजा प्रेक्षते, तेनापि प्रत्ययितं कालगत इति, पुष्पमित्राय न प्रत्याययति शिबिका सज्जिता, तदा निश्चयो ज्ञातो, विनाशिता भविष्यन्ति, पूर्वं भणितः स आचार्यैः–यदाऽग्निरन्यो वाऽत्ययो भवेद् तदा ममाङ्गुष्ठः स्प्रष्टव्यः, स्पृष्टः प्रतिबुद्धो भणति–किमार्य ! व्याघातः कृतः, प्रेक्षध्वमेतैर्युष्माकं शिष्यैः कृतमिति, निर्भर्त्सिताः, ईदृशं किल ध्यानं प्रवेष्टव्यं, ततो योगाः संगृहीता भवन्ति । ध्यानसंवरयोगा इति गतं, इदानीमुदयो मारणान्तिक इति, यदि किलोदयो मारणान्तिको मारणान्तिकी वेदना वा तदाऽध्यासितव्यं तत्रोदाहरणगाथा ।

**रोहीडगं च नयरं ललिआ गुट्ठी अ रोहिणी गणिआ।**
**धम्मरुइ कडुअदुद्धियदाणायणे अ कंमुदए ॥१३११॥**

[७९] इमीए वक्खाणं–रोहिडए णयरे ललियागोट्ठी रोहिणी जुण्णगणिया अण्णं जीवणिउवायं अलभंती तीसे गोट्ठीए भत्तं परंधिया, एवं कालो वच्चइ, अण्णया तीए कडुयदोद्धियं गहियं, तं च बहुसंभारसंभियं उवक्खडियं विण्णास्सइ जाव मुहे ण तीरइ काउं, तीए चिंतियं–खिंसीया होमि गोट्ठीएत्ति अण्णं उवक्खडेइ, एयं भिक्खचराण दिज्जहित्ति, मा दव्वमेवं चेव णासउ, जाव धम्मरुई णाम अणगारो मासक्खमणपारणए पविट्ठो, तस्स दिन्नं, सो गओ उवस्सयं, आलोएइ गुरूणं तेहिं भायणं गहियं, खारगंधो य णाओ अंगुलीए, विण्णासियं, तेहि चिंतियं–जो एयं आहारेइ सो मरइ, भणिओ विगिंचेहित्ति, सो तं गहाय अडविं गओ, एगत्थ रुक्खदड्ढच्छायाए

ગાથાર્થ : રોહિડકનગર – મોજશોખવાળી ટોળકી – રોહિણીનામે ગણિકા – ધર્મરૂચિ અણગાર – કડવીદૂધીનું દાન – ગુરુ પાસે લાવવું – કર્મોદય.

### ❀ (૨૯) 'મારણાન્તિક ઉદય' ઉપર ધર્મરુચિ અણગારનું દૃષ્ટાન્ત ❀

**ટીકાર્થ :** રોહિડકનગરમાં મોજશોખ કરનાર સરખા ઉંમરવાળાની એક ટોળકી હતી. તે જ નગરમાં રોહિણીનામે ઘરડી ગણિકા હતી. પોતાની આજીવિકા ચલાવવા બીજો કોઈ ઉપાય ન મળવાથી તે ગણિકા તે ટોળકી માટે રોજ ભોજન તૈયાર કરવાનું કામ કરે છે. આ પ્રમાણે કાળ પસાર થાય છે. એવામાં એક દિવસ રોહિણીએ કડવી દૂધી ગ્રહણ કરી. (એને ખબર નહોતી કે આ કડવી છે.) ઘણા મસાલા સાથેનું દૂધીનું શાક તેણીએ તૈયાર કર્યું. પરંતુ કડવું હોવાથી તે બગડી ગયું કે છેક ત્યાં સુધી કે મોંમા પણ નખાય નહીં. તેણીએ વિચાર્યું – "ટોળકી મારી ઉપર ખીજાશે." તેથી તેણીએ "આ કડવું શાક ભિક્ષાચરોને આપીશ. જેથી નકામા પૈસા બગડે નહીં" એમ વિચારી બીજું શાક તૈયાર કર્યું.

એવામાં તેણીના ઘરે માસક્ષપણના પારણે ધર્મરૂચિઅણગાર પધાર્યો. રોહિણીએ તે કડવું શાક સાધુને વહોરાવી દીધું. તે ઉપાશ્રયે ગયો. ગુરુને બતાવ્યું. આચાર્યે ભાજન હાથમાં લીધું. આંગળીમાં લઈને સુંઘવાથી ક્ષારગંધ જણાઈ. તેથી તેમણે જાણ્યું (કે આ શાક વિષયુક્ત છે.) તેઓએ વિચાર્યું કે – જે આને ખાશે તે મરી જશે. સાધુને કહ્યું – "તું આનો ત્યાગ કર." સાધુ તે શાકને લઈને નિર્જનસ્થાને = જંગલમાં પહોંચ્યો. બળેલા વૃક્ષની છાયામાં હું આને પરઠવવું. એમ વિચારી

૭૯. अस्या व्याख्यानं–रोहिडके नगरे ललितागोष्ठी रोहिणी जीर्णगणिका अन्यं आजीविकोपायमलभमाना तस्या गोष्ठ्या भक्तं प्रराद्धवती, एवं कालो व्रजति, अन्यदा तया कटुकं दौग्धिकं गृहीतं, तच्च बहुसंभारसंभृतमुपस्कृतं विनश्यति यावत् मुखे न शक्यते कर्तुं, तया चिन्तितं–निन्दिता भविष्यामि गोष्ठ्यां इति, अन्यदुपस्करोति, एतत् भिक्षाचरेभ्यो दीयते इति, मा द्रव्यमेवमेव विनङ्क्षीद्, यावत् धर्मरुचिरनगारो मासक्षपणपारणके प्रविष्टः, तस्मै दत्तं, स गत उपाश्रयं, आलोचयति गुरून्, तैर्भाजनं गृहीतं, विषगन्धश्च ज्ञातः अङ्गुल्या, विज्ञासितं, तैश्चिन्तितं–य एनमाहारयति स म्रियते, भणितः–त्यजेति, स तं गृहीत्वाऽटवीं गतः, एकत्र दग्धवृक्षच्छायायां

विगिंचामित्ति, पत्ताबंधं मुयंतस्स हत्थो लित्तो, सो तेण एगत्थ फुसिओ, तेण गंधेण कीडियाओ आगयाओ, जा जा खाइ सा सा मरइ, तेण चिंतियं–मए एगेण समप्पउ मा जीवघाओ होउत्ति एगत्थ थंडिले आलोइयपडिक्कंतेणं मुहणंतगं पडिलेहित्ता अणिंदंतेण आहारियं, वेयणा य तिव्वा जाया अहियासिया, सिद्धो, एवं अहियासेयव्वं, उदए मारणंतियत्ति गयं २९। इयाणिं संगाणं च परिहण्णंति, संगो नाम 'षञ्ज सङ्गे' भावतोऽभिष्वङ्गः स्नेहगुणतो रागः भावो उ अभिसंगो येनास्य सङ्गेन भयमुत्पद्यते तं जाणणापरिण्णाए णाऊण पच्चक्खाणपरिण्णाए पच्चक्खाएयव्वं, तत्थोदाहरणगाहा—

**नयरी य चंपनामा जिणदेवो सत्थवाहअहिछत्ता।**
**अडवी य तेण अगणी सावयसंगाण वोसिरणा ॥१३२०॥**

---

પાત્રબંધને છોડતા તે સાધુનો હાથ શાકવાળો થયો. સાધુએ ખરડાયેલા હાથથી એક સ્થાને સ્પર્શ કર્યો. તેના ગંધથી ત્યાં કીડીઓ આવી. જે જે કીડી ખાય છે તે તે મરે છે. તેથી સાધુએ વિચાર્યું – "વધારે જીવોનો ઘાત ન થાય તે માટે હું એક જ મરું તો સારું." એમ વિચારી એક સ્થાને અચિત્તભૂમિએ આલોચના પ્રતિક્રમણ કરી મુહપત્તિનું પ્રતિલેખન કરીને નિંદા કર્યા વિના તે શાક સાધુએ વાપર્યું. વાપરતાની સાથે તીવ્ર વેદના ઉત્પન્ન થઈ. સમતાપૂર્વક તે સહન કરી. સિદ્ધ થયો. આ પ્રમાણે અન્ય સાધુઓએ પણ સહન કરવું જોઈએ. 'મારણાન્તિક ઉદય' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૧૯॥

**અવતરણિકા :** હવે **'સંગની પરિજ્ઞા'** દ્વાર જણાવે છે. 'સञ्' ધાતુ સંગમાં વપરાતો હોવાથી સંગ એટલે ભાવથી અભિષ્વંગ, [ii]અર્થાત્ સ્નેહનો ગુણ હોવાથી (=ચોંટવાનો સ્વભાવ હોવાથી) રાગ એટલે કે ભાવ (=જીવનો પરિણામ) એ અભિષ્વંગ છે. (શું જીવના બધા પરિણામો અભિષ્વંગરૂપ છે ? ના) જે (ધન–ધાન્ય પત્ની વિગેરેની ગૃદ્ધિના) પરિણામથી આ જીવને (ભવિષ્યમાં નારકાદિભવના દુઃખોરૂપ) ભય ઉત્પન્ન થાય છે તે પરિણામ અભિષ્વંગ છે. આવા અભિષ્વંગરૂપ સંગને જ્ઞપરિજ્ઞાવડે (=જ્ઞાનથી) જાણીને પચ્ચક્ખાણપરિજ્ઞાવડે તેનું પચ્ચક્ખાણ કરવા યોગ્ય છે. તેમાં ઉદાહરણગાથા આ પ્રમાણે છે ⇨

**ગાથાર્થ :** ચંપાનામની નગરી – જિનદેવસાર્થવાહનું અહિછત્રાનગરીમાં ગમન – જંગલ – તેની આગળ અગ્નિ – પાછળ વાઘ – સંગોનો ત્યાગ.

## ❋ (૩૦) 'સંગનો ત્યાગ' ઉપર જિનદેવસાર્થવાહનું દૃષ્ટાન્ત ❋

---

૮૦. त्यजामीति, पात्रबन्धं मुञ्चतो हस्तो लिप्तः, स तेनैकत्र स्पृष्टः, तेन गन्धेन कीटिका आगताः, या या खादति सा म्रियते, तेन चिन्तितं–मयैकेन समाप्यतां मा जीवघातो भूदिति एकत्र स्थण्डिले मुखानन्तकं प्रतिलिख्य आलोचितप्रतिक्रान्तेनानिन्दयताहारितं, वेदना च तीव्रा जाताऽध्यासिता, सिद्धः, एवमध्यासितव्यं, उदयो मारणान्तिक इति गतं, इदानीं सङ्गानां च परिहरणमिति, सङ्गो नाम, भावस्त्वभिष्वङ्गः, स ज्ञानपरिज्ञया ज्ञात्वा प्रत्याख्यानपरिज्ञया प्रत्याख्यातव्यः, तत्रोदाहरणगाथा।

८१इमीए वक्खाणं–चंपाए जिणदेवो नाम सावगो सत्थवाहो उग्घोसेत्ता अहिछत्तं वच्चइ, सो सत्थो पुलिंदएहिं विलोलिओ, सो सावगो नासंतो अडविं पविट्ठो जाव पुरओ से अग्गिभयं मग्गओ वग्घभयं दुहओ पवायं, सो भीओ, असरणं णाऊण सयमेव भावलिंगं पडिवज्जित्ता कयसामाइओ पडिमं ठिओ, सावएहिं खइओ, सिद्धो, एवं संगपरिण्णाए जोगा संगहिया भवंति ३० । संगाणं च परिण्णत्ति गयं, इयाणिं पायच्छित्तकरणन्ति, जहा विहीए देंतस्स, विही नाम जहा सुत्ते भणियं जो जेत्तिएण सुज्जइ तं सुट्ठ उव उंजिउं देंतेण जोगा संगहिया भवंति दोण्हवि करेंतदेंतयाणं, तत्थोदाहरणं प्रति गाथापूर्वार्धमाह—

**पायच्छित्तपरूवण आहरणं तत्थ होइ धणगुत्ता ।**

इमस्स वक्खाणं–एगत्थ णयरे धणगुत्ता आयारिया, ते किर पायच्छित्तं जाणंति दाउं

**ટીકાર્થ :** ચંપાનગરીમાં શ્રાવક એવો જિનદેવનામનો સાર્થવાહ જાહેરાત કરીને અહિછત્રાનગરી તરફ જાય છે. તે સાર્થને જંગલના ચોરોએ લૂટ્યો. તે શ્રાવક ભાગી છૂટતાં જંગલમાં પ્રવેશ્યો. (તેવામાં વાઘ તેની પાછળ પડ્યો.) આગળ અગ્નિનો ભય, પાછળ વાઘનો ભય અને આજુ–બાજુ મોટી ખાઈ હતી. તે ડરી ગયો. પોતાને હવે કોઈ શરણ નથી એમ જાણીને જાતે જ ભાવલિંગને સ્વીકારીને સામાયિક કરીને કાયોત્સર્ગમાં ઊભો રહી ગયો. હિંસક પશુઓએ તેને ખાઈ લીધો. તે સિદ્ધ થયો. આ પ્રમાણે સંગોનો ત્યાગ કરવાથી યોગો સંગૃહીત થાય છે. 'સંગોની પરિજ્ઞા' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૨૦॥

**અવતરણિકા :** હવે **'પ્રાયશ્ચિત્તકરણ'** દ્વાર જણાવે છે. યથાવિધિથી પ્રાયશ્ચિત્ત આપનારને (અને યથાવિધિથી લેનારને યોગો સંગૃહીત થાય છે.) વિધિ એટલે સૂત્રમાં કહ્યું તે પ્રમાણે. જે જેટલા પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે, તેને તેટલું પ્રાયશ્ચિત્ત બરાબર ઉપયોગ રાખીને આપતા ગુરુને યોગો = મન–વચન–કાયાના પ્રશસ્ત વ્યાપારો સંગૃહીત થાય છે. પ્રાયશ્ચિત્ત દેતા અને કરતા બંનેના યોગો સંગૃહીત થાય છે. તેમાં ઉદાહરણ માટે ગાથાનો પૂર્વાર્ધ કહે છે ➪

**ગાથાર્થ : (૧૩૨૧ – પૂર્વાર્ધ) પ્રાયશ્ચિત્તની પ્રરૂપણામાં ધનગુપ્ત ઉદાહરણ છે.**

### ❋ (૩૧) 'પ્રાયશ્ચિત્તકરણ' ઉપર ધનગુપ્તઆચાર્યનું દૃષ્ટાન્ત ❋

**ટીકાર્થ :** એક નગરમાં ધનગુપ્ત આચાર્ય હતા. તેઓ છદ્મસ્થ હોવા છતાં પ્રાયશ્ચિત્તને આપવું

८१. अस्या व्याख्यानं–चम्पायां जिनदेवो नाम श्रावकः सार्थवाह उद्घोष्याहिच्छत्रां व्रजति, स सार्थः पुलिन्द्रैर्विलोलितः, स श्रावको नश्यन् अटवीं प्रविष्टो यावत् पुरतस्तस्याग्निभयं पृष्ठतो व्याघ्रभयं द्विधातः प्रपातं, स भीतः, अशरणं ज्ञात्वा स्वयमेव भावलिङ्गं प्रतिपद्य कृतसामायिकः प्रतिमां स्थितः, श्वापदैः खादितः, सिद्धः, एवं सङ्गपरिज्ञया योगाः संगृहीता भवन्ति। सङ्गानां च परिज्ञेति गतं। इदानीं प्रायश्चित्तकरणमिति यथाविधि ददतः, विधिर्नाम यथा सूत्रे भणितं यो यावता शुध्यति तं सुष्ठु उपयुज्य ददता योगाः संगृहीता भवन्ति द्वयोरपि कुर्वद्ददतोः, तत्रोदाहरणं । अस्य व्याख्यानं–एकत्र नगरे धनगुप्ता आचार्याः, ते किल प्रायश्चित्तं जानन्ति दातुं

[૮૨]छउमत्थावि होंतगा जहा एत्तिएण सुज्झइ वा नवात्ति, इंगिएण जाणइ, जो य ताण मूले वहइ सो सुहेण णित्थरइ तं चाइयारं सोधेति अब्भहियं च निज्जरं पावेइ, तहा कायव्वं, एवं दाणे य करणे य जोगा संगहिया भवंति, पायच्छित्तकरणेत्ति गयं ३१। इयाणिं आराहणा य मारणंतितित्ति, आराहणाए मरणकाले योगाः सङ्गृह्यन्ते, तत्रोदाहरणं प्रति गाथापश्चार्धमाह—

**आराहणाए मरुदेवा ओसप्पिणीए पढम सिद्धो ॥१३२१॥**

अस्य व्याख्यानं – विणीयाए णयरीए भरहो राया, उसहसामिणो समोसरणं, प्राकारादिःसर्वः समवसरणवर्णकोऽभिधातव्यो यथा कल्पे,-सा मरुदेवा भरहं विभूसियं दट्ठूण भणइ–तुज्झ पिया एरिसिं विभूतिं चइत्ता एगो समणो हिंडइ, भरहो भणइ–कत्तो मम तारिसा विभूई जारिसा तातस्स ?, जइ न पत्तियसि तो एहि पेच्छामो, भरहो निग्गओ सव्वबलेण, मरुदेवावि निग्गया,

---

જાણતા હતા.-કે આટલા પ્રાયશ્ચિત્તથી આ જીવની શુદ્ધિ થશે કે નહીં. તેઓ ઇંગિત આકારથી (સામેવાળાના ભાવો) જાણે છે. જે તેમની પાસે રહીને પ્રાયશ્ચિત્ત વહન કરે છે તે સુખેથી નિસ્તાર પામે છે અને તે અતિચારની શુદ્ધિ કરે છે. તથા ઘણી નિર્જરાને પ્રાપ્ત કરે છે. આ રીતે અન્ય સાધુઓએ પણ કરવું જોઈએ. આ પ્રમાણે પ્રાયશ્ચિત્તના દાનથી અને કરણથી યોગો સંગૃહીત થાય છે. 'પ્રાયશ્ચિત્તકરણ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૨૧ – પૂર્વાર્ધ ॥

**અવતરણિકા :** હવે **'મરણકાલે આરાધના'** દ્વાર જણાવે છે. મરણકાલે આરાધના કરવાથી મન–વચન–કાયાના પ્રશસ્ત વ્યાપારો સંગૃહીત થાય છે. તેમાં ઉદાહરણ માટે ગાથાનું પાછલું અડધિયું કહે છે ➪

**ગાથાર્થ : (૧૩૨૧ – પશ્ચાર્ધ) અવસર્પિણીમાં મરુદેવામાતા આરાધનાથી પ્રથમ સિદ્ધ થયા.**

### ❀ (૩૨) 'મરણકાલે આરાધના' ઉપર મરુદેવામાતા ❀

**ટીકાર્થ :** વિનીતાનગરીમાં ભરત રાજા હતો. ઋષભસ્વામીનું સમવસરણ મંડાયું. બૃહત્કલ્પમાં કહ્યાં પ્રમાણે પ્રથમ ગઢ વિગેરે સમવસરણનું વર્ણન જાણવું. તે મરુદેવા ભરતને વિભૂષિત જોઈને કહે છે કે – "તારા પિતા આવા પ્રકારની ઋદ્ધિને છોડીને એકલા સાધુ થઈને વિચરે છે." ભરત કહે છે – "મારે વળી તેવા પ્રકારની ઋદ્ધિ ક્યાં, જેવા પ્રકારની પિતાને છે ? જો તમને વિશ્વાસ ન બેસતો હોય તો ચલો આપણે જોઈએ." સર્વ સૈન્ય સાથે ભરત વંદનાર્થે નીકળ્યો. મરુદેવા પણ તેમની સાથે નીકળ્યા.

---

૮૨. छद्मस्था अपि सन्तो यथेयता शुध्यति वा नवेति, इङ्गितेन जानाति, यश्च तेषां मूले वहति स सुखेन निस्तरति तं चातिचारं शोधते अभ्यधिकां च प्राप्नोति निर्जरां, तथा कर्त्तव्यं, एवं दाने करणे च योगाः संगृहीता भवन्ति, प्रायश्चित्तकरणमिति गतं। इदानीमाराधना च मारणान्तिकीति, आराधनया मरणकाले योगाः संगृह्यन्ते, विनीतायां नगर्यां भरतो राजा, ऋषभस्वामिनः समवसरणं, सा मरुदेवी भरतं विभूषितं दृष्ट्वा भणति–तव पितेदृशीं विभूतिं त्यक्त्वैकः श्रमणो हिण्डते, भरतो भणति–कुतो मम तादृशी विभूतिर्यादृशी तातस्य ?, यदि न प्रत्येषि तदेहि प्रेक्षावहे, भरतो निर्गतः सर्वबलेन, मरुदेव्यपि निर्गता,

[८३]एगंमि हत्थिमि विलग्गा, जाव पेच्छइ छत्ताइछत्तं सुरसमूहं च ओवयंतं, भरहस्स वत्थाभरणाणि ओमिलायंताणि दिट्ठाणि, ताहे भरहो भणइ-दिट्ठा पुत्तविभूई ? कओ मम एरिसत्ति, सा तोसेण चिंतिउमारद्धा, अपुव्वकरणमणुपविट्ठा, जातीसरणं नत्थि, जेण वणस्सइकाएहिंतो उवट्टित्ता, तत्थेव हत्थिवरगयाए केवलनाणं उप्पण्णं, सिद्धा, इमीए ओसप्पिणीए पढमसिद्धो मरुदेवा । एवमाराधनां प्रति योगः कर्तव्य इति ३२।

तेत्तीसाए आसायणाहिं ( सूत्रं )

त्रयस्त्रिंशद्भिराशातनाभिः, क्रिया पूर्ववत्, आयः सम्यग्दर्शनाद्यवाप्तिलक्षणः तस्य शातनाः- खण्डना आशातनाः, तदुपदर्शनायाह सङ्ग्रहणिकारः —

**पुरओ पक्खासन्ने गंता चिट्ठणनिसीयणायमणे ।**
**आलोयणअपडिसुणणे पुव्वालवणे य आलोए ॥१॥**
**तह उवदंसनिमंतण खद्धाईयण तह अपडिसुणणे ।**
**खद्धंति य तत्थ गए किं तुम तत्जात णो सुमणो ॥२॥**
**णो सरसि कहं छेत्ता परिसं भित्ता अणुट्ठियाए कहे ।**
**संथारपायघट्टण चिट्ठुच्चसमासणे यावि ॥३॥**

એક હાથી ઉપર તેઓ બેઠા. (સમવસરણ પાસે આવે છે અને ત્યાં) છત્રાતિછત્રને અને સમવસરણમાં ઉતરતાં એવા દેવસમૂહને જુએ છે.એની સામે ભરતના વસ્ત્રો, આભૂષણો નિસ્તેજ જુએ છે. ત્યારે ભરત માતાને કહે છે – "જોઈ તે તમારા પુત્રની ઋદ્ધિ ? આવી ઋદ્ધિ મારી પાસે ક્યાં છે." મરુદેવા પ્રસન્ન થઈને વિચારવા લાગ્યા. અપૂર્વકરણમાં પ્રવેશી. એમને જાતિસ્મરણજ્ઞાન થયું નહીં કારણ કે તેઓ વનસ્પતિકાયમાંથી આવ્યા હતા. હાથી ઉપર રહેલા એવા જ મરુદેવાને ત્યાં જ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. સિદ્ધ થયા. આ અવસર્પિણીમાં તેઓ પ્રથમ સિદ્ધ થયા. આ પ્રમાણે આરાધના દ્વારા યોગોનો સંગ્રહ કરવા યોગ્ય છે. ॥**૧૩૨૧ – પશ્ચાર્ધ**॥

**સૂત્રાર્થ :** તેત્રીસ આશાતનાઓના કારણે (જે અતિચાર સેવાયો છે તેનું મિચ્છા મિ દુક્કડં.)

**❀ તેત્રીસ આશાતના ❀**

**ટીકાર્થ :** તેત્રીસ આશાતનાઓના કારણે જે અતિચાર... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. આય એટલે સમ્યગ્દર્શન વિગેરેની પ્રાપ્તિ. તેની જે શાતના એટલે કે ખંડના (=નાશ) તે આશાતના. તે તેત્રીસ આશાતાનાઓને દેખાડવા માટે સંગ્રહણિકાર કહે છે ➪

**ગાથાર્થ :** ત્રણે ગાથાઓનો અર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.

८३. एकस्मिन् हस्तिनि विलग्ना, यावत् प्रेक्षते छत्रातिच्छत्रं सुरसमूहं चावपतन्तं, भरतस्य वस्त्राभरणान्यवम्लायमानानि दृष्टानि, तदा भरतो भणति–दृष्टा पुत्रविभूतिः कुतो ममेदृशी ? इति, सा तोषेण चिन्तयितुमारब्धा, अपूर्वकरणमनुप्रविष्टा, जातिस्मृतिर्नास्ति येन वनस्पतिकायिकादुद्वृत्ता, तत्रैव वरहस्तिस्कन्धगतायाः केवलज्ञानमुत्पन्नं, सिद्धा, अस्यामवसर्पिण्यां प्रथमः सिद्धो मरुदेवा ।

आसां व्याख्या—इहाकारणे रत्नाधिकस्याऽऽचार्यादेः शिक्षकेणाऽऽशातनाभीरुणा सामान्येन पुरतो गमनादि न कार्यं, कारणे तु मार्गापरिज्ञानादौ ध्यामलदर्शनादौ च विपर्ययः, अयं च विपर्ययः सर्वत्र सामाचार्यनुसारेण स्वबुद्ध्याऽऽलोचनीयः, तत्र पुरतः — अग्रतो गन्ताऽऽशातनावानेव, तथाहि—अग्रतो न गन्तव्यमेव, विनयभङ्गादिदोषात्, 'पक्ख'त्ति पक्षाभ्यामपि गन्ताऽऽशातनावानेव, अतः पक्षाभ्यामपि न गन्तव्यमुक्तदोषप्रसङ्गादेव, 'आसन्ने'ति पृष्ठतोऽप्यासन्नं गन्तैवमेव वक्तव्यः, तत्र निःश्वासक्षुतश्लेष्मकणपातादयो दोषाः, ततश्च यावता भूभागेन गच्छत एते न भवन्ति तावता गन्तव्यमिति, एवमक्षरगमनिका कार्या, असम्मोहार्थं तु दशासूत्रैरेव प्रकटार्थैर्व्याख्यायन्ते, तद्यथा—'[८४]पुरओ'त्ति सेहे राइणियस्स पुरओ गंता भवइ आसायणा सेहस्स १, पक्खत्ति सेहे राइणियस्स पक्खे गंता भवइ आसायणा सेहस्स २, आसण्णत्ति सेहे राइणियस्स आसन्नं गंता भवइ

**ટીકાર્થ**: આશાતનાના ભીરુ એવા સાધુએ નિષ્કારણ આચાર્ય વિગેરે રત્નાધિકની આગળ ચાલવું વિગેરે કૃત્યો સામાન્યથી કરવા જોઈએ નહીં. પરંતુ જો કારણ હોય અર્થાત્ આચાર્યને રસ્તાનો ખ્યાલ ન હોય વિગેરે અને ધ્યામલથી (=આંખનો રોગ વિશેષ. તેનાથી) ધુધળું દેખાતું હોય એટલે કે સ્પષ્ટ ન દેખાતું હોય વિગેરે કારણમાં વિપર્યય જાણવો. (અર્થાત્ જ્યાં જેનો નિષેધ કહ્યો છે ત્યાં તેનું જ વિધાન સમજવું.) અને આ વિપર્યય સર્વત્ર સામાચારી અનુસારે પોતાની બુદ્ધિથી વિચારવો.

તેમાં આગળ જનારો શિષ્ય આશાતનાવાળો જ છે. તે આ પ્રમાણે – ગુરુથી આગળ ચાલવાનું જ નથી, કારણ કે વિનયભંગ વિગેરે દોષો થાય. ગુરુની આજુ–બાજુ ચાલનારો આશાતનાવાળો જ છે. તેથી વિનયભંગ વિગેરે દોષોને કારણે આજુ–બાજુ પણ ચાલવાનું નથી. એ જ પ્રમાણે ગુરુની પાછળ પણ એકદમ નજીક ચાલનારો પણ આશાતનાવાળો જ છે, કારણ કે એકદમ નજીક ચાલતાં શિષ્યના નિઃશ્વાસ, છીંક ખાતા શ્લેષ્મના કણિયા ગુરુને સ્પર્શવા વિગેરે દોષો લાગે છે. તેથી જેટલા દૂર રહીને આ દોષો ન લાગે તેટલા ગુરુથી દૂર ચાલવું જોઈએ. આ પ્રમાણે સંગ્રહણિકારની ત્રણે ગાથાઓની અક્ષરવ્યાખ્યા કરવી.

છતાં શિષ્યાદિને સંમોહ ન થાય તે માટે સ્પષ્ટ અર્થવાળા દશાશ્રુત સ્કંધના (૩જા અધ્યયનના) સૂત્રોદ્વારા ગુરુની તેત્રીસ આશાતનાઓનું વ્યાખ્યાન કરાય છે. તે આ પ્રમાણે ➪

(૧) 'पुरओ' – શૈક્ષ (=રત્નાધિક સિવાયના બધા સાધુઓ) રત્નાધિકની (=ગુરુ અથવા પર્યાયથી જે મોટા હોય તેની) આગળ ચાલનારો થાય છે ત્યારે શૈક્ષને આશાતના થાય છે. (આ અને આગળ જણાવાતી આશાતનાઓ નિષ્કારણ હોય ત્યારે સમજવી. કારણ હોય તો પોત–પોતાની સામાચારી અનુસારે જયણા સમજી લેવી.) (૨) '**पक्खं**' – રત્નાધિકની આજુ–બાજુ ચાલતા શૈક્ષને આશાતના થાય છે. (૩) '**आसण्ण**' – રત્નાધિકની પાછળ પણ ઘણા નજીકમાં ચાલનારને

૮૪. पुरत इति शैक्षो रात्निकस्य पुरतो गन्ता भवत्याशातना शैक्षस्य १, पक्षेति शैक्षो रात्निकस्य पक्षयोर्गन्ता भवत्याशातना शैक्षस्य, २ आसन्नमिति शैक्षो रत्नाधिकस्य आसन्नं गन्ता भवति आशातना शैक्षस्य ३, 'चिट्ठ'ति शैक्षो रत्नाधिकस्य पुरतः स्थाता भवति

[८५]आसायणा सेहस्स ३, चिट्ठत्ति सेहे राइणियस्स पुरओ चिट्ठेत्ता भवइ आसायणा सेहस्स ४, सेहे राइणियस्स पक्खं चिट्ठेत्ता भवइ आसायणा सेहस्स ५, सेहे राइणियस्स आसण्णं चिट्ठेत्ता भवइ आसायणा सेहस्स ६, निसीयणत्ति सेहे रायणियस्स पुरओ निसीइत्ता भवइ आसायणा सेहस्स ७, सेहे राइणियस्स सपक्खं निसीइत्ता भवइ आसायणा सेहस्स ८, सेहे राइणियस्स आसण्णं निसीयित्ता भवइ आसायणा सेहस्स ९, 'आयमणे'त्ति सेहे राइणिएणं सद्धिं बहिया विचारभूमीं निक्खंते समाणे तत्थ सेहे पुव्वतरायं आयामति पच्छा राइणिए आसायणा सेहस्स १०, 'आलोयणे'त्ति सेहे राइणिएणं सद्धिं बहिया विचारभूमीं निक्खंते समाणे तत्थ सेहं पुव्वतरायं आलोएइ आसायणा सेहस्स, 'गमणागमणे'त्ति भावणा ११ 'अपडिसुणणे'ति सेहे राइणियस्स राओ वा वियाले वा वाहरमाणस्स अज्जो ! के सुत्ते ? के जागरति ?, तत्थ सेहे जागरमाणे राइणियस्स अपडिसुणेत्ता भवइ आसायणा सेहस्स १२, 'पुव्वालवणे'त्ति केइ राइणियस्स

આશાતના થાય છે. (૪) **'चिट्ठ'** – રત્નાધિકની આગળ ઊભા રહેતા શૈક્ષને આશાતના થાય છે. (૫) **'पक्खचिट्ठ'** – રત્નાધિકની આજુ–બાજુ ઊભા રહેતા શૈક્ષને આશાતના થાય છે. (૬) **'आसण्णचिट्ठ'** – રત્નાધિકની પાછળ પણ નજીકમાં ઊભા રહેલા શૈક્ષને આશાતના થાય છે.

(૭) **'निसीयण'** – રત્નાધિકની આગળ બેસનારા શૈક્ષને આશાતના થાય છે. (૮) **'पक्खनिसीयण'** – રત્નાધિકની આજુ–બાજુ બેસનારા શૈક્ષને આશાતના થાય છે. (૯) **'आसण्णनिसीयण'** – રત્નાધિકની પાછળ પણ નજીકમાં બેસનારા શૈક્ષને આશાતના થાય છે. (૧૦) **'आयमण'** – શૈક્ષ રત્નાધિકની સાથે બહાર સ્થંડિલભૂમિ જઈ આવ્યા બાદ કદાચિત્ બ્રાહ્મણ વિગેરે જોતા હોય ત્યારે હાથ-પગ વિગેરે ધોવા પડે તે સમયે રત્નાધિક કરતા પહેલાં જ શૈક્ષ હાથ-પગ ધોવે અને રત્નાધિક પછી ધોવે તો શૈક્ષને આશાતના થાય છે.

(૧૧) **'आलोयण'** – શૈક્ષ રત્નાધિકની સાથે બહાર સ્થંડિલભૂમિ ગયો હોય ત્યારે પાછો આવી જો ગમનાગમનસંબંધી ઈરિયાવહી પહેલાં કરે તો આશાતના થાય છે. (૧૨) **'अपडिसुणणे'** – રાત્રિ કે સંધ્યાસમયે રત્નાધિક શૈક્ષને પૂછે કે "કોણ સૂતા છે ? કોણ જાગે છે ?" ત્યારે શૈક્ષ જાગતો હોય તો પણ રત્નાધિકને જવાબ આપે નહીં તો તેને આશાતના થાય છે. (૧૩) **'पुव्वालवणे'**

८५. आशातना शैक्षस्य ४, शैक्षो रत्नाधिकस्य पार्श्वे स्थाता भवत्याशातना शैक्षस्य ५, शैक्षो रत्नाधिकस्यासन्नं स्थाता भवत्याशातना शैक्षस्य ६, 'निषदन'मिति शैक्षो रत्नाधिकस्य पुरतो निषीदयिता भवत्याशातना शैक्षस्य ७, शैक्षो रत्नाधिकस्य निषीदयिता भवत्याशातना शैक्षस्य ८, शैक्षो रत्नाधिकस्यासन्नं निषीदयिता भवत्याशातना शैक्षस्य ९, 'आचमन'मिति शैक्षो रत्नाधिकस्य सार्धं बहिर्विचारभूमिं निष्क्रान्तः सन् तत्र शैक्षः पूर्वमेवाचामति पश्चाद् रात्निकः आशातना शैक्षस्य १०, 'आलोचने'ति शैक्षो रात्निकेन सार्धं बहिर्विचारभूमिं निष्क्रान्तः सन् तत्र शैक्षः पूर्वमेवालोचयति आशातना शैक्षस्य, गमनागमनमिति भावना-११, अप्रतिश्रवणमिति शैक्षो रत्नाधिके रात्रौ वा विकाले वा व्याहरति आर्य ! कः सुप्तो कः जागर्ति ?, तत्र शैक्षो जागरन् रात्निकस्याप्रतिश्रोता भवत्याशातना शैक्षस्य १२, 'पूर्वालपन'मिति कश्चित् रत्नाधिकस्य

[८६]पुव्वसंलत्तए सिया तं सेहे पुव्वतरायं आलवइ पच्छा राइणिए आसायणा सेहस्स १३, आलोएइत्ति असणं वा ४ पडिग्गाहेत्ता तं पुव्वामेव सेहतरागस्स आलोएति पच्छा रायणियस्स आसायणा सेहस्स १४, 'उवदंसे'त्ति सेहे असणं वा ४ पडिग्गाहेत्ता तं पुव्वामेव सेहतरागस्स उवदंसेइ पच्छा राइणियस्स आसायणा सेहस्स १५, निमंतणेत्ति सेहे असणं वा ४ पडिग्गाहेत्ता पुव्वामेव सेहतरागं उवनिमंतेइ पच्छा राइणियं आसायणा सेहस्स १६, खद्धत्ति सेहे राइणिएण सद्धिं असणं वा ४ पडिग्गाहेत्ता तं राइणियं अणापुच्छित्ता जस्स जस्स इच्छइ तस्स २ खद्धं खद्धं दलयइ आसायणा सेहस्स १७, 'आइयण'त्ति सेहे असणं वा ४ पडिगाहित्ता राइणिएण सद्धिं भुंजमाणे तत्थ सेहे खद्धं २ डायं २ ऊसढं २ रसियं २ मणुण्णं २ मणामं २ णिद्धं २ लुक्खं २ आहरेत्ता भवइ आसायणा सेहस्स, इहं च खद्धं खद्धंति वड्डवड्डेणं लंबणेणं, डायं डायंति पत्रशाकः वाइंगणचिब्भिडिगवत्तिगादि, ऊसढंति वन्नगंधरसफरिसोववेयं, रसियंति रसालं रसियं दाडिमंबादि,

— કોઈ શ્રાવક વિગેરે રત્નાધિક સાથે વાતચીત કરવાનો હોય અને શૈક્ષ જો તે શ્રાવક વિગેરે સાથે પહેલાં વાતચીત કરે અને પછી રત્નાધિક કરે તો શૈક્ષને આશાતના થાય છે.

(૧૪) 'आलोएइ' — અશન, પાન, ખાદિમ, સ્વાદિમને ગ્રહણ કરીને પહેલાં બીજા સાધુને આલોચે (અર્થાત્ મને આ મળ્યું, આ મળ્યું વિગેરે કહે) અને પછી રત્નાધિકને આલોચે તો શૈક્ષને આશાતના થાય છે. (૧૫) "उवंदंस'—અશનાદિને વહોરીને પહેલાં બીજા સાધુને બતાવે અને પછી રત્નાધિકને બતાવે તો શૈક્ષને આશાતના થાય છે. (૧૬) 'निमंतण' — શૈક્ષ અશનાદિને વહોરીને પહેલાં અન્ય સાધુને નિમંત્રણ કરે અને પછી રત્નાધિકને કરે તો શૈક્ષને આશાતના થાય છે.

(૧૭) 'खद्ध' — શૈક્ષે રત્નાધિક સાથે જઈને અશનાદિ ગ્રહણ કર્યાં. હવે તે શૈક્ષ જેને જેને (જે જે દ્રવ્ય) આપવા ઇચ્છતો હોય તેને તેને રત્નાધિકને પૂછ્યા વગર વધારે વધારે આપે, તો શૈક્ષને આશાતના થાય છે (૧૮) 'आइयण' — રત્નાધિકની સાથે વાપરતી વેળાએ શૈક્ષ ખદ્ધ, ડાય, ઊસઢ, રસાળ, મનોજ્ઞ, મનામ, સ્નિગ્ધ, રુક્ષને વાપરે તો શૈક્ષને આશાતના થાય છે. અહીં ખદ્ધ એટલે મોટા–મોટા કોળિયા ખાય. ડાય એટલે પાંદડાઓમાંથી બનાવેલું શાક. વાંઇગણ વિગેરે શાકવિશેષના નામો જાણવા. ઊસઢ એટલે વર્ણ, ગંધ, રસ(=સ્વાદ) અને સ્પર્શથી યુક્ત, રસિય

८६. पूर्वसंलप्तः स्यात् तं शैक्षः पूर्वमेवालपति पश्चात् रात्निकः आशातना शैक्षस्य १३, 'आलोचयती'ति अशनं वा ४ प्रतिगृह्य तत् पूर्वमेवावमरात्निकस्य आलोचयति पश्चाद्रात्निकस्याशातना शैक्षस्य १४, 'उपदर्शन'मिति शैक्षोऽशनं वा ४ प्रतिगृह्य तत् पूर्वमेवावमरात्निकायोपदर्शयति पश्चाद्रात्निकायाशातना शैक्षस्य १५, निमन्त्रणमिति शैक्षोऽशनं वा ४ प्रतिगृह्य पूर्वमेवावमरात्निकं निमन्त्रयते पश्चाद् रात्निकं आशातना शैक्षस्य १६ 'खद्ध'मिति शैक्षो रात्निकेन सार्धमशनं वा ४ प्रतिगृह्य तत् रात्निकमनापृच्छ्य यो य इच्छति तं तं प्रचुरं प्रचुरं ददाति आशातना शैक्षस्य १७, 'अदन'मिति शैक्षोऽशनं वा ४ प्रतिगृह्य रात्निकेन सार्धं भुञ्जानस्तत्र शैक्षः प्रचुरं २ शाकं २ संस्कृतं रस्यं मनोज्ञं मनामं स्निग्धं रूक्षं२ आहारयिता भवति आशातना शैक्षस्य, इह च खद्धंति बृहता बृहता लम्बनेन, ऊसढमिति वर्णगन्धरसस्पर्शोपेतं, रसितमिति रसयुक्तं दाडिमाम्रादि,

'मणुण्णं'ति मणसो इट्ठं, 'मणामं'ति २ मणसा मणते मणामं 'निद्धं'ति २ नेहावगाढं 'लुक्खं'ति नेहवज्जियं १८, 'अप्पडिसुणणे'त्ति सेहे राइणियस्स वाहरमाणस्स अपडिसुणेत्ता भवइ आसायणा सेहस्स, सामान्येन दिवसओ अपडिसुणेता भवइ १९, 'खद्धंति य'त्ति सेहे राइणियं खद्धं खद्धं वत्ता भवइ आसायणा सेहस्स, इमं च खद्धं–वड्डसद्देणं खरकक्कसनिट्ठुरं भणइ २०, 'तत्थ गए'त्ति सेहे राइणिएण वाहिते जत्थ गए सुणइ तत्थ गए चेव उल्लावं देइ आसायणा सेहस्स २१, 'किंति'त्ति सेहे राइणिएण आहूए किंति वत्ता भवइ आसायणा सेहस्स, किंति–किं भणसित्ति भणइ, मत्थएण वंदामोत्ति भाणियव्वं २२, 'तुमं'ति सेहे राइणियं तुमंति वत्ता भवइ आसायणा सेहस्स, को तुमंति चोएत्तए २३, 'तज्जाए'त्ति सेहे राइणियं तज्जाएणं पडिहणित्ता भवति

એટલે રસાળ = રસથી ભરપૂર જેમકે દાડમ, આંબો વિગેરે. મનોજ્ઞ એટલે મનને ઈષ્ટ, મનામ એટલે મનથી મનાય અર્થાત્ મનને આનંદ આપનાર, સ્નિગ્ધ એટલે ઘી-તેલથી યુક્ત, રુક્ષ એટલે ઘી-તેલ વિનાનું, (આવા દ્રવ્યો રત્નાધિકનો વિચાર કર્યા વિના શૈક્ષ વાપરે તો શૈક્ષને આશાતના.)

(૧૯) **'अप्रतिश्रवण'** – રત્નાધિક બોલાવે છતાં શૈક્ષ જવાબ ન આપે તો શૈક્ષને આશાતના થાય છે. આ આશાતના સામાન્યથી દિવસસંબંધી જાણવી. (૨૦) **'खद्धंति य'** – શૈક્ષ રત્નાધિકને ખદ્ધ બોલનારો થાય અર્થાત્ જોર–જોરથી રત્નાધિકની સામે બોલે અથવા ખર, કર્કશ, નિષ્ઠુર વચનો બોલે તો શૈક્ષને આશાતના થાય છે. (૨૧) **'तत्थ गए'** – રત્નાધિક શૈક્ષને બોલાવે ત્યારે શૈક્ષ જ્યાં રહેલો સાંભળે છે ત્યાં જ રહેલો તે જવાબ આપે (અર્થાત્ દૂરથી જ જવાબ આપે) તો શૈક્ષને આશાતના થાય છે.

(૨૨) **'किंति'** – રત્નાધિક શૈક્ષને બોલાવે ત્યારે શૈક્ષ 'શું છે ?' એમ બોલે તો શૈક્ષને આશાતના થાય છે. અહીં 'किंति' એટલે "શું કહેવું છે તમારે ?" એ પ્રમાણે બોલે. ખરેખર જ્યારે રત્નાધિક બોલાવે ત્યારે શૈક્ષમુનિએ પાસે જઈ 'મત્થએણ વંદામિ' કહી બોલાવવાનું પ્રયોજન પૂછવું જોઈએ. (૨૩) **'तुमं'** – શૈક્ષ રત્નાધિકને 'તું' એવા શબ્દો બોલનારો થાય તો શૈક્ષને આશાતના થાય છે. (અર્થાત્ ગુરુ કંઈક ઉપદેશ આપે તો તેમને) તું કોણ વળી ઉપદેશ આપનારો ? એ પ્રમાણે બોલે. (૨૪) **'तज्जाए'** – શૈક્ષ રત્નાધિકને તેવા જ પ્રકારના વચનોવડે સામે બોલનારો

८७. 'मनोज्ञ'मिति मनस इष्टं, 'मनाम'मिति मनसा मन्यते मनामं, स्निग्धमिति स्नेहावगाढं 'रूक्षमिति स्नेहवर्जितं, १८ अप्रतिश्रवणमिति शैक्षकः रात्निके व्याहरति अप्रतिश्रोता भवति आशातना शैक्षकस्य, सामान्येन दिवसेऽप्रतिश्रोता भवति १९, खद्धेति चेति शैक्षो रात्निकं खद्धं खद्धं वक्ता भवति आशातना शैक्षस्य, इदं च खद्धं-बृहच्छब्देन खरकर्कशनिष्ठुरं भणति २०, 'तत्र गते' इति शैक्षो रात्निकस्य व्याहृते यत्र गतः श्रृणोति तत्र गत एवोल्लापं ददाति आशातना शैक्षस्य २१, 'किं'मितीति शैक्षो रात्निकेनाहूतः किमिति वक्ता भवत्याशातना शैक्षस्य, किमिति किं भणसीति भणति, मस्तकेन वन्द इति भणितव्यं २२, 'त्व'मिति शैक्षो रात्निकं त्वमिति वक्ता भवति आशातना शैक्षस्य, कस्त्वमिति नोदयिता २३, 'तज्जात' इति शैक्षो रात्निकं तज्जातेन प्रतिहन्ता भवति

[88]आसायणा सेहस्स, 'तज्जाएणं'ति कीस अज्जो ! गिलाणस्स न करेसि ?, भणइ–तुमं कीस न करेसि ?, आयरिओ भणइ–तुमं आलसिओ, सो भणइ–तुमं चेव आलसिओ इत्यादि २४, 'णो सुमणो'त्ति सेहे राइणियस्स कहं कहेमाणस्स नो सुमणसो भवइ आसायणा सेहस्स, इह णो सुमणसेत्ति ओहयमणसंकप्पे अच्छइ न अणुबूहइ कहं अहो सोहणं कहियंति २५, 'णो सरसि'त्ति सेहे राइणियस्स कहं कहेमाणस्स णो सुमरसित्ति वत्ता भवइ आसायणा सेहस्स, इह च 'णो सुमरसि'त्ति न सुमरसि तुमं एयं अत्थं, न एस एवं भवइ २६, 'कह छेत्त'त्ति राइणियस्स कहं कहेमाणस्स तं कहं अच्छिंदित्ता भवइ आसायणा सेहस्स, अच्छिंदित्ता भवइत्ति भणइ अहं कहेमि २७, 'परिसं भेत्ते'ति राइणियस्स कहं कहेमाणस्स परिसं भेत्ता भवति आसायणा सेहस्स, इह च परिसं भेत्तत्ति, एवं भणइ–भिक्खावेला समुद्दिसणवेला सुत्तत्थपोरिसिवेला, भिंदइ वा परिसं २८,

થાય તો શૈક્ષને આશાતના થાય છે. જેમ કે, ગુરુ કહે કે – "હે આર્ય ! તું કેમ ગ્લાનની સેવા કરતો નથી ?" ત્યારે શિષ્ય સામે બોલે કે – "તમે જ કેમ કરતા નથી ?" આચાર્ય કહે – "તું આળસુ છે" ત્યારે શિષ્ય કહે – "તમે જ આળસી છો" વિગેરે.

(૨૫) **'णो सुमणो'** – રત્નાધિક કથાને કહેતા હોય ત્યારે શૈક્ષ મોઢું ચઢાવીને બેસે તો શૈક્ષને આશાતના થાય. 'સુમનવાળા ન થવું' એટલે મોઢું ચઢાવીને બેસે પણ ઉપબૃંહણા ન કરે. કેવી રીતે ઉપબૃંહણા ન કરે ? – અહો ! આપે કેવી સરસ વાત કરી. એ પ્રમાણે ઉપબૃંહણા કરે નહીં. (૨૬) **'णो सरसि'** – રત્નાધિક કથા = ધર્મકથા કહેતા હોય ત્યારે શૈક્ષ તેમને 'તમને યાદ નથી' એ પ્રમાણે બોલનારો થાય તો શૈક્ષને આશાતના થાય છે. અહીં 'णो सुमरसि' એટલે તમને આ અર્થ બરાબર યાદ નથી, આ અર્થ આ પ્રમાણે નથી. (એ પ્રમાણે બોલનારો થાય.)

(૨૭) **'कहं छेत्ता'** – રત્નાધિક કથાને કહેતા હોય ત્યારે શૈક્ષ આચ્છેત્તા થાય છે. આચ્છેત્તા એટલે '(તમે રહેવા દો) હું કથાને કહું છું' એ પ્રમાણે સ્વયં કથાને કરનારો થાય છે. આવા શૈક્ષને આશાતના થાય છે. (૨૮) **'परिसं भेत्ता'** – રત્નાધિક કથાને કહેતા હોય ત્યારે શૈક્ષ પર્ષદાને ભેદનારો થાય તો શૈક્ષને આશાતના થાય છે. 'પર્ષદાને ભેદનારો થાય' એટલે કે તે શૈક્ષ પર્ષદાને કહે કે – ચલો ભિક્ષા લેવા જવાનો સમય થઈ ગયો છે અથવા વાપરવાનો સમય થઈ ગયો છે અથવા સૂત્રપોરિસી કે અર્થપોરિસીનો સમય છે. (એમ કહી પર્ષદાને ઊભી કરે.) અથવા પર્ષદાને

૮૮. आशातना शैक्षस्य, तज्जातेनेति कथमार्य ! ग्लानस्य न करोषि ?, भणति–त्वं कथं न करोषि, आचार्यो भणति–त्वमलसः, स भणति–त्वमेवालस इत्यादि २४, 'न सुमना' इति शैक्षो रात्निके कथां कथयति नो सुमना भवत्याशातना शैक्षस्य, इह न सुमना इति उपहतमनःसंकल्पस्तिष्ठति नानुबृंहति कथां अहो शोभनं कथितमिति २५, न स्मरसीति शैक्षो रात्निके कथां कथयति न स्मरसीति वक्ता भवति आशातना शैक्षस्य, इह च न स्मरसीति न स्मरसि त्वमेनमर्थं नैष एवं भवति २६, कथां छेत्तेति रात्निके कथां कथयति तां कथां छेदयति आशातना शैक्षस्य, आच्छेत्ता भवतीति भणति–अहं कथयामि २७, पर्षदं भेत्तेति रात्निके कथां कथयति पर्षदो भेत्ता भवति आशातना शैक्षस्य, इह च पर्षदो भेत्तेति एवं भणति–भिक्षावेला भोजनवेला सूत्रार्थपौरुषीवेला, भिनत्ति वा पर्षदं २८,

'[૮૧]अणुट्ठियाए कहेइ' राइणियस्स कहं कहेमाणस्स तीए परिसाए अणुट्ठियाए अव्वोच्छिन्नाए अव्वोगडाए दोच्चंपि तच्चंपि कहं कहेंतो भवइ आसायणा सेहस्स, इह तीसे परिसाए अणुट्ठियाएत्ति–निविट्ठाए चेव, अवोच्छिन्नाएत्ति–जावेगोवि अच्छइ, अव्वोगडाएत्ति–अविसंसरियाएत्ति भणियं होइ, दोच्चंपि तच्चंपि–बिहिं तिहिं चउहिं तमेवत्ति जो आयरिएण कहिओ अत्थो तमेवाहिगारं विगप्पइ, अयमवि पगारो अयमवि पगारो तस्सेवेगस्स सुत्तस्स २९, 'संथारपायघट्टण'त्ति सेहो राइणियस्स सेज्जासंथारगं पाएण संघट्टेत्ता हत्थेण अणणुण्णवित्ता गच्छति आसायणा सेहस्स, इह च सेज्जा–सव्वंगिया संथारो–अड्डाइज्जहत्थो, सेज्जा–जत्थ वा ठाणे अच्छइ संथारो विदलकट्ठमओ वा, अहवा सेज्जा एव संथारओ सेज्जासंथारओ, तं पाएण संघट्टेइ, णाणुजाणावेइ– न खामेइ,

---

ભેદે (એટલે કે આ પાર્શ્વસ્થ વિગેરે છે કે જેઓ માત્ર ઉપદેશ આપે છે, પોતે તો કશું કરતા નથી એ પ્રમાણે રત્નાધિકસંબંધી ખોટું–ખોટું બોલી પર્ષદાને તોડવાનું કામ કરે.)

(૨૯) **'अणुट्ठियाए कहेइ'** – રત્નાધિક કથાને કહેતા હોય તે સમયે પર્ષદા હજુ ઊભી થઈ ન હોય, વ્યુચ્છિન્ન થઈ ન હોય, છુટી છવાઈ ન થઈ હોય, તે સમયે બીજીવાર–ત્રીજીવાર કથાને કહેતા શૈક્ષને આશાતના થાય છે. અહીં અનુત્થિત એટલે હજુ પર્ષદા બેઠેલી જ હોય, અવ્યુચ્છિન્ન એટલે છેલ્લે એક પણ વ્યક્તિ હજુ બેઠી હોય, અવ્યાકૃત એટલે હજુ પર્ષદા વિસર્જન ન કરાઈ હોય, બીજી–ત્રીજીવાર એટલે બેવાર–ત્રણવાર–ચારવાર, 'તે જ અર્થને' એટલે કે જે અર્થ આચાર્યે કહ્યો હોય તે જ અર્થને વિકલ્પિત કરે. (તે આ પ્રમાણે કે –) આ એક સૂત્રનો આ રીતે પણ અર્થ થઈ શકે, આ રીતે પણ અર્થ થઈ શકે. (ભાવાર્થ : હજુ પર્ષદા ઉઠી ન હોય, અથવા છેલ્લે એક પણ હજુ બેઠો હોય, કે પર્ષદા હજુ વિખેરાઈ ન હોય તે સમયે સાધુ આચાર્યે જે સૂત્રનો અર્થ કહ્યો હોય તે જ સૂત્રના જુદા જુદા અર્થો કરી બતાવે.)

(૩૦) **'संथारपायघट्टण'** – શૈક્ષ રત્નાધિકના શય્યા – સંથારાને પગ લાગ્યા બાદ હાથથી ક્ષમા માગ્યા વિના જતો રહે તો આશાતના થાય છે. અહીં પોતાના શરીરની ઊંચાઈ જેટલો સંથારો 'શય્યા' તરીકે જાણવો. અઢી હાથ લાંબો જે હોય તે 'સંથારો' જાણવો. અથવા શય્યા એટલે જે સ્થાનમાં રહેવાનું હોય અર્થાત્ ઉપાશ્રય. અને સંથારો એટલે ટુકડા કરેલા લાકડામાંથી બનાવેલ સૂવા માટેની વસ્તુવિશેષ. અથવા શય્યા એ જ સંથારો તે શય્યાસંથારો. તેને પગથી સ્પર્શે.

---

૮૧. 'अनुत्थितायां कथयति' रात्निके कथां कथयति तस्यां पर्षदि अनुत्थितायामव्युच्छिन्नायामव्याकृतायां द्विरपि त्रिरपि कथायाः कथयिता भवत्याशातना शैक्षस्य, इह तस्यां पर्षदि अनुत्थितायामिति निविष्टायामेव, अव्युच्छिन्नायामिति यावदेकोऽपि तिष्ठति, अव्याकृतायामिति अविसंसृतायामिति भणितं भवति, द्विरपि त्रिरपि–द्विकृत्वस्त्रिकृत्वः चतुर्भिः तमेवेति य आचार्येण कथितोऽर्थस्तमेवाधिकारं विकल्पयति, अयमपि प्रकारः अयमपि प्रकारः तस्यैवैकस्य सूत्रस्य २९, संस्तारपादघट्टनमिति शैक्षो रात्निकस्य शय्यासंस्तारकौ पादेन संघट्टयित्वा हस्तेनाननुज्ञापयिता गच्छति आशातना शैक्षस्य, इह च शय्या–सर्वाङ्गिकी संस्तारः–अर्धतृतीयहस्तः, शय्या–यत्र वा स्थाने तिष्ठति संसारको द्विदलकाष्ठमयो वा, अथवा शय्यैव संस्तारकः शय्यासंस्तारकः, तं पादेन संघट्टयति, नानुज्ञापयति–न क्षमयति,

[१०]भणियं च–'संघट्टेत्ता काएणे' त्यादि ३०, 'चिट्ठ'त्ति सेहे राइणियस्स सेज्जासंथारगं चिट्ठित्ता वा निसिइत्ता वा तुयट्टित्ता वा भवइ आसायणा सेहस्स ३१, 'उच्च'त्ति सेहे राइणियस्स उच्चासणं चिट्ठित्ता वा निसिइत्ता वा तुयट्टित्ता वा भवइ आसायणा सेहस्स ३२, 'समासणे यावि'त्ति सेहे राइणियस्स समासणं चिट्ठित्ता वा निसीइत्ता वा तुयट्टित्ता वा भवइ आसायणा सेहस्सत्ति ३३ गाथात्रितयार्थः ॥ सूत्रोक्ताशातनासम्बन्धाभिधित्सयाह सङ्ग्रहणिकारः—

**अहवा अरहंताणं आसायणादि सज्झाएँ किंचि णाहीयं ।**
**जा कंठसमुद्दिट्ठा तेत्तीसासायणा एया ॥१॥**

**॥ प्रतिक्रमणसङ्ग्रहणी समाप्ता ॥**

**व्याख्या–अथवा–अयमन्यः प्रकारः, 'अर्हतां' तीर्थकराणामाशातना, आदिशब्दात्सिद्धादिग्रहः यावत्स्वाध्याये किञ्चिन्नाधीतं 'सज्झाए न सज्झाइयंति वुत्तं भवइ, एताः 'कण्ठसमुद्दिष्टाः' निगदसिद्धा एवेत्यर्थः, त्रयस्त्रिंशदाशातना इति गाथार्थः ॥**

---

'णाणुजाणावेइ' એટલે પગથી સ્પર્શ થયા બાદ એની ક્ષમા માંગે નહીં. (ક્ષમા કેવી રીતે માંગવી? તે માટે) કહ્યું છે – "संघट्टेत्ता काएणं तधा उवहिणामवि । खमेज्ज अवराहो मे वदेज्जा न पुणोत्ति य ॥१॥"અર્થાત્ – "તથા ઉપધિ વિગેરેનો પણ કાયાથી=પગથી સંઘટ્ટો=સ્પર્શ થયા બાદ (સાધુ કહે છે કે –) મારા આ અપરાધની મને ક્ષમા આપજો. કહે કે – ફરીથી હું આવું કરીશ નહીં."

(૩૧) 'चिट्ठ' – શૈક્ષ રત્નાધિકના શય્યા–સંથારા (આનો અર્થ પૂર્વની જેમ જાણવો.) ઉપર ઉભો રહે, બેસે, સૂવે તો શૈક્ષને આશાતના થાય છે. (૩૨) 'उच्च' – શૈક્ષ રત્નાધિકથી ઊંચા આસને ઊભો રહે, બેસે કે સૂવે તો શૈક્ષને આશાતના થાય છે. (૩૩) 'समासणे यावि' – શૈક્ષ રત્નાધિકને સમાન આસન ઉપર ઊભો રહે, બેસે કે સૂવે તો શૈક્ષને આશાતના થાય છે.

**અવતરણિકા :** હવે સૂત્રમાં કહેવાયેલ આશાતના સાથે સંબંધ જોડી આપવા માટે સંગ્રહણિકાર કહે છે ➪

**ગાથાર્થ : અથવા અરિહંતની આશાતના વિગેરેથી લઈ સ્વાધ્યાયકાળે સ્વાધ્યાય ન કર્યો સુધીની કંઠથી (=સૂત્રમાં સાક્ષાત્ સ્પષ્ટ રીતે) કહેવાયેલી આ તેત્રીસ આશાતનાઓ જાણવી.**

**ટીકાર્થ :** અથવા આ બીજો પ્રકાર જાણવો. (અર્થાત્ બીજી રીતે તેત્રીસ આશાતનાઓ જાણવી. તે આ પ્રમાણે –) તીર્થંકરોની આશાતના, આદિશબ્દથી સિદ્ધ વિગેરે લેવા. આમ તીર્થંકર, સિદ્ધો વિગેરેની આશાતનાથી લઈ છેલ્લે સ્વાધ્યાયમાં કંઈ ભણ્યા નહીં એટલે કે સ્વાધ્યાયકાળે સ્વાધ્યાય ન કર્યો સુધીની કંઠથી કહેવાયેલ એટલે કે સ્પષ્ટ અર્થવાળી આ તેત્રીસ આશાતનાઓ જાણવી.

---

१०. भणितं च 'कायेन संघट्टयित्वेत्यादि ३०, स्थातेति शैक्षो रात्निकस्य शय्यासंस्तारके स्थाता वा निषीदयिता वा त्वग्वर्त्तयिता वा भवत्याशातना शैक्षस्य ३१, उच्च इति शैक्षो रात्निकासनात् उच्च आसने स्थाता निषीदयिता वा त्वग्वर्त्तयिता वा भवत्याशातना शैक्षस्य ३२, समासने चापीति शैक्षो रात्निकासनस्य सम आसने स्थाता वा निषीदयिता वा त्वग्वर्त्तयिता वा भवत्याशातना शैक्षस्येति ३३।

साम्प्रतं सूत्रोक्ता एव त्रयस्त्रिंशद्व्याख्यायन्ते, तत्र—

**अरिहंताणं आसायणाए सिद्धाणं आसायणाए आयरियाणं आसायणाए उवज्झायाणं आसायणाए साहूणमासायणाए साहुणीणं आसायणाए सावगाणं आसायणाए सावियाणं आसायणाए देवाणं आसायणाए देवीणं आसायणाए इहलोगस्सासायणाए परलोगस्स आसायणाए केवलिपन्नत्तस्स धम्मस्स आसायणाए सदेवमणुयासुरस्स लोगस्स आसायणाए सव्वपाणभूयजीवसत्ताणं आसायणाए कालस्स आसायणाए सुयस्स आसायणाए सुयदेवयाए आसायणाए वायणायरियस्स आसायणाए ( सूत्रं )**

**अर्हतां**—प्राग्निरूपितशब्दार्थानां सम्बन्धिन्याऽऽशातनया यो मया दैवसिकोऽतिचारः कृतस्तस्य मिथ्या दुष्कृतमिति क्रिया, एवं सिद्धादिपदेष्वपि योज्यते, इत्थं चाभिदधतोऽर्हतामाशातना भवति—

[११]नत्थी अरहंतत्ती जाणंतो कीस भुंजई भोए। पाहुडियं उवजीवे एव वयंतुत्तरं इणमो ॥१॥
भोगफलनिव्वत्तियपुण्णपगडीणमुदयबाहल्ला। भुंजइ भोए एवं पाहुडियाए इमं सुणसु ॥२॥

---

**અવતરણિકા :** હવે સૂત્રમાં કહેવાયેલી એવી જ તેત્રીસ આશાતનાઓનું વ્યાખ્યાન કરાય છે. તેમાં ⇨

**સૂત્રાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** પૂર્વે જેના શબ્દનો અર્થ કહી ગયા છીએ એવા તે અરિહંતોસંબંધી આશાતનાને કારણે જે મારાદ્વારા દૈવસિક અતિચાર સેવાયો છે તેનું મિચ્છા મિ દુક્કડં એ પ્રમાણે અન્વય જોડવો. આ જ પ્રમાણેનો અન્વય હવે પછી આપેલા સિદ્ધ વિગેરે પદોને વિશે જોડવો. હવે આગળ કહેવાતા પ્રકારે બોલતા જીવને **અરિહંતોની આશાતના** થાય છે – (૧) [H]પ્રત્યક્ષ વિગેરે પ્રમાણોથી જણાતા ન હોવાથી કોઈ અરિહંતો નથી, (અથવા) જો અરિહંતો છે તો ગૃહવાસમાં પણ તેઓ ત્રણ જ્ઞાનથી યુક્ત હોવાથી ભોગો પરિણામે કડવા ફળવાળા છે એવું જાણવા છતાં શા માટે ભોગોને ભોગવે છે ? (અથવા) કેવલજ્ઞાન ઉત્પન્ન થયા બાદ વીતરાગ બનવા છતાં તે અરિહંતો દેવકૃત સમવસરણ, અષ્ટમહાપ્રાતિહાર્ય વિગેરેરૂપ પ્રાભૃતિકાને શા માટે ભોગવે છે ? (માટે અરિહંતો યુક્તિયુક્ત નથી આવું બોલનારને અરિહંતોની આશાતના થાય છે.) આ રીતે બોલનારને આ પ્રમાણે જવાબ આપવો –

(૨) ભોગ[H] એ છે ફળ જેનું એવી પૂર્વ જન્મમાં બાંધેલી જે પુણ્ય પ્રકૃતિઓ છે તેના ઉદયપ્રાબલ્યથી તેઓ ભોગોને ભોગવે છે. (આ ભોગો શા માટે ભોગવે છે ? તેનો ઉત્તર કહ્યો. હવે પ્રાભૃતિકાસંબંધી જવાબ આપે છે કે) પ્રાભૃતિકામાં ઉત્તર આ પ્રમાણે સાંભળ. (૩) જ્ઞાન–

---

११. न सन्ति अर्हन्त इति जानानो व्वा कथं भुनक्ति भोगान् ?। प्राभृतिकां ( समवसरणादिकं ) उपजीवति कथं ? एवं वदत उत्तरमिदम् ॥१॥ भोगफलनिर्वर्त्तितपुण्यप्रकृतीनामुदयबाहुल्यात्। भुनक्ति भोगान् एवं प्राभृतिकायां इदं श्रृणु ॥२॥

[१२]णाणाइंअणुवरोहकअघातिसुहपायवस्स वेयाए। तित्थंकरनामाए उदया तह वीयरायत्ता ॥३॥ **सिद्धानामाशातनया, क्रिया पूर्ववत्–सिद्धाणं आसायण एव भणंतस्स होइ मूढस्स। नत्थी निच्चेट्ठा वा सइवावी अहव उवओगे ॥१॥ रागद्दोसधुवत्ता तहेव अण्णान्नकालमुवओगो। दंसणणाणाणं तू होइ असव्वण्णुया चेव ॥२॥ अण्णोण्णावरणाहव एगत्तं वावि णाणदंसणओ। भण्णइ नवि एएसिं दोसो एगोवि संभवइ ॥३॥ अत्थित्ति नियम सिद्धा सद्दाओ चेव गम्मए एयं।**

દર્શન અને ચારિત્રને કોઈપણ જાતનું નુકશાન નહીં કરનાર એવા અઘાતિસુખપાદપો એટલે કે શાતાવેદનીય અને ઉપલક્ષણથી યશઃકીર્તિ વિગેરે કર્મોનો ક્ષય કરવા માટે, તથા તીર્થંકરનામકર્મના ઉદયને લીધે તેઓ દેવકૃત સમવસરણ વિગેરે પૂજાને ભોગવે છે. અઘાતિકર્મોના ક્ષય માટે તીર્થંકરોને આ સિવાય અન્ય ઉપાય નથી. વળી, આ રીતે પૂજાને ભોગવવા છતાં તેમના જ્ઞાનાદિને કોઈ હાનિ થતી નથી, કારણ કે તીર્થંકરનામકર્મના ઉદયથી ચામરાદિપૂજાને તીર્થંકર અનુભવે છે. અને તીર્થંકરનામકર્મનું ફળ બીજું કઈ નહીં પણ ત્રણ લોકની પૂજ્યતા જ છે. તથા પોતે વીતરાગ હોવાથી આવી દેવપૂજાને ભોગવવા છતાં પણ તેઓ તેમાં લેપાતા નથી.

(૨) **સિદ્ધોની આશાતનાના** કારણે જે અતિચાર... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. (૧) આગળ કહેશે તે પ્રમાણે બોલતા મૂઢ જીવને સિદ્ધોની આશાતના થાય છે. તે આ પ્રમાણે – પ્રત્યક્ષ વિગેરે પ્રમાણથી અગ્રાહ્ય હોવાથી સિદ્ધો નથી. અથવા સિદ્ધો છે પરંતુ સદા પથ્થરની જેમ ચેષ્ટા વિનાના છે. (કેવલજ્ઞાનનો ઉપયોગ હોવાથી સિદ્ધો પથ્થર જેવા નિષ્ચેષ્ટ નથી. એવું જો તમે કહેતા હો તો –) જો સિદ્ધો ઉપયોગવાળા હોય તો (૨) દરેક વસ્તુમાં ઉપયોગ હોવાથી સતત રાગ–દ્વેષ થવાના જ. વળી જ્ઞાન–દર્શનનો ઉપયોગ તમે જુદા જુદા સમયે માનેલો હોવાથી સિદ્ધોની અસર્વજ્ઞતા જ પ્રાપ્ત થાય છે. (૩) (વળી – જ્ઞાનકાળે દર્શન થતું નથી અને દર્શનસમયે જ્ઞાન થતું નથી તેનું કારણ શું ? – તેના કારણ તરીકે જ્ઞાનાવરણ કે દર્શનાવરણ નથી, કારણ કે તેનો સંપૂર્ણ ક્ષય થઈ ગયો છે. તેથી એના સિવાય બીજું કારણ ન હોવાથી માનવું જ પડે કે જ્ઞાનકાળે જ્ઞાન દર્શનને ઢાંકે છે અને દર્શનકાળે દર્શન જ્ઞાનને ઢાંકે છે. આમ) જ્ઞાન-દર્શન બંને એકબીજાના આવારક માનવા રહ્યા.

અથવા (જો તમે આ બંનેને એકબીજાના આવારક ઇચ્છતા નથી તો જ્ઞાન-દર્શન બંને એકસમયે પ્રર્વતવા જોઈએ. અને એવું થતાં) બંનેનું એકપણું થઈ જશે. (આ પ્રમાણે પૂર્વપક્ષે પોતાનો મત રજૂ કર્યો. હવે ઉત્તરપક્ષ) જવાબ આપે છે. સિદ્ધોને તમે કહેલામાંથી એક પણ દોષ સંભવતો નથી. (૪) (તે આ પ્રમાણે કે) 'સિદ્ધ' એ પ્રમાણેના શબ્દથી જ આ જણાય છે કે સિદ્ધો નિયમથી છે.

**१२. ज्ञानाद्यनुपरोधकाघातिसुखपादपस्य वेदनाय। तीर्थकरनाम्न उदयात् तथा वीतरागत्वात् ॥३॥ सिद्धानामाशातना एवं भणतो भवति मूढस्य। न सन्ति निश्चेष्टा वा सदा वाऽपि उपयोगेऽथवा ॥१॥ ध्रुवरागद्वेषत्वात्तथैवान्यान्यकाल उपयोगात्। दर्शनज्ञानयोस्तु भवत्यसर्वज्ञतैव ॥२॥ अन्योऽन्यावरणाथवा तत् एकत्वं वाऽपि ज्ञानदर्शनयोः। भण्यते नैवैतेषां दोष एकोऽपि संभवति ॥३॥ सन्तीति नियमतः सिद्धाः शब्दादेव गम्यन्ते एतत्।**

**[93]निच्चिट्ठावि भवंती वीरियक्खयओ न दोसो हु ॥४॥ रागद्दोसा न भवे सव्वकसायाण निरवसेसखया । जियसाभव्वा ण जुगवमुवओगो नयमयाओ य ॥५॥ न पिहूआवरणाओ दव्वट्ठिनयस्स वा मयेणं तु । एगत्तंपी भवई दंसणणाणाण दोण्हंपि ॥६॥ णाणणय दंसणणए**

(આશય એ છે કે જે પદાર્થ વ્યુત્પત્તિવાળા એવા શુદ્ધ પદથી વાચ્ય હોય તેની સત્તા નિયમથી હોય જ. જેમ કે, જીવ, ઘટ, પટ, વિગેરે.) સિદ્ધો કરણવીર્યને આશ્રયીને ચેષ્ટા વિનાના પણ છે કારણ કે કાયયોગથી ઉત્પન્ન થયેલ કરણવીર્યનો સંપૂર્ણ ક્ષય થઈ ગયો છે તેથી એમાં કોઈ દોષ નથી. (૫) સર્વ કષાયોનો સંપૂર્ણ ક્ષય થયો હોવાથી વિશિષ્ટ-સામાન્ય બોધ હોવા છતાં તેમને રાગ–દ્વેષ સંભવતા નથી. તથા જીવનો તેવા પ્રકારનો જ સ્વભાવ હોવાથી સિદ્ધને એક સમયે જ્ઞાન–દર્શન બંનેનો ઉપયોગ હોતો નથી.

(વળી તમે જે અસર્વજ્ઞતા કહી તે પણ ઘટતી નથી કારણ કે તેમાં) નયમતનો આશ્રય કરેલ છે (આશય એ છે કે – જે ક્ષણે સિદ્ધો સામાન્યમાં ઉપયુક્ત છે તે જ સમયે તેમને વિશેષવસ્તુના પરિજ્ઞાનની લબ્ધિ હોય જ છે અથવા જે સમયે વિશેષવસ્તુમાં ઉપયુક્ત હોય છે તે જ સમયે તેમને સામાન્યવસ્તુના પરિજ્ઞાનની લબ્ધિ હોય જ છે. તેથી આ વિષયમાં જે નૈગમ વિગેરે નયો લબ્ધિને ઇચ્છનારા છે તેઓના મતે સિદ્ધોની સર્વજ્ઞતા ક્યારેય હણાતી નથી.

વળી આ વાત આ રીતે જ માનવી પડે નહીં તો એક સમયે કોઈપણ જીવને એક જ જ્ઞાનમાં ઉપયોગ હોય પણ ઘણાં જ્ઞાનમાં ઉપયોગ હોય નહીં, છતાં છદ્મસ્થ અવસ્થામાં કોઈ જીવ બે જ્ઞાનવાળો (મતિ–શ્રુત), કોઈ જીવ ત્રણ જ્ઞાનવાળો (મતિ–શ્રુત–અવધિ), કોઈ જીવ ચારજ્ઞાની (મતિ–શ્રુત–અવધિ–મન:પર્યવ) વિગેરે હંમેશા=દરેક ક્ષણે બોલાય તો છે જ. એટલે જેમ અહીં એક જ જ્ઞાનમાં ઉપયોગ હોવા છતાં પણ લબ્ધિથી શેષજ્ઞાનોની વિદ્યમાનતાને લઈને બે જ્ઞાનવાળો વિગેરે બોલાય છે. તેમ અહીં પણ સિદ્ધને એક સમયે દર્શન ઉપયોગ હોવા છતાં પણ તે જ સમયે લબ્ધિથી જ્ઞાનની પણ હાજરી માનવાથી અસર્વજ્ઞતા થતી નથી.)

(૬) તથા જે રીતે જ્ઞાન–દર્શનની એકત્વ થઈ જવાની આપત્તિ આપી તે પણ આવશે નહીં, કારણ કે બંનેના આવારક કર્મ જુદા જુદા છે. (આશય એ છે કે જે જે ગુણના આવારક કર્મો જુદા જુદા હોય તે કર્મો નાશ થયા પછી તે તે ગુણો એક સાથે પ્રગટ થવા છતાં પણ એક થઈ જતાં નથી. જેમ કે, દર્શનાવરણ અને વીર્યાન્તરાયકર્મનો ક્ષય થયા પછી ઉત્પન્ન થતાં ક્ષાયિકસમ્યક્ત્વ અને અનંતવીર્ય. એ જ પ્રમાણે જ્ઞાન–દર્શનના આવારક કર્મો પણ જુદા જુદા હોવાથી તે કર્મોનો સંપૂર્ણ ક્ષય થયા બાદ તે બંનેની એકસાથે પ્રવૃત્તિ થવા છતાં પણ બંને એક બની જતા નથી, કારણ કે બંનેના આવાકર કર્મો જુદા–જુદા છે.) અથવા દ્રવ્યાર્થિકનયના મતથી જ્ઞાન–દર્શન બંનેનું એકત્વ

**९३. निश्चेष्टा अपि भवन्ति वीर्यक्षयतो नैव दोषः ॥४॥ रागद्वेषौ न स्यातां सर्वकषायाणां निरवशेषक्षयात् । जीवस्वाभाव्यात् नोपयोगयौगपद्यं नयमताच्च ॥५॥ न पृथगावरणात् ( ऐक्यं ) द्रव्यार्थिकनयस्य वा मतेन तु । एकत्वं वा भवति ज्ञानदर्शनयोर्द्वयोरपि ॥६॥ ज्ञाननयदर्शननयौ**

[૧૪]पडुच्च णाणं तु सव्वमेवेयं । सव्वं च दंसणंती एवमसव्वण्णुया का उ ? ॥७॥ पासणयं व पडुच्चा जुगवं उवओग होइ दोण्हंपि । एवमसव्वण्णुत्ता एसो दोसो एसिं न संभवइ ॥८॥ 'आयरियाणं आसायणाए' आचार्याणामाशातनया, क्रिया पूर्ववत्, आशातना तु–डहरो अकुलीणोवि य दुम्मेहो दमगमंदबुद्धित्ति । अवियप्पलाभलद्धी सीसो परिभवइ आयरियं ॥१॥ अहवावि वए एवं उवएस परस्स देंति एवं तु । दसविहवेयावच्चं कायव्वं सयं न कुव्वंति ॥२॥ डहरोवि णाणवुड्ढो अकुलीणोत्ति य गुणालओ किह णु ? । दुम्मेहाईणिवि ते भणंतऽसंताइं दुम्मेहो ॥३॥ जाणंति नविय एवं निद्धम्मा मोक्खकारणं णाणं । निच्चं पगासयंता वेयावच्चाइ कुव्वंति ॥४॥

પણ થઈ શકે છે. (૭) (તે આ રીતે કે) જ્ઞાનનય અને દર્શનનય બંને દ્રવ્યાર્થિકનયના ભેદો જ છે. અને દ્રવ્યાર્થિકનય સામાન્યવાદી હોવાથી બોધસામાન્યને આશ્રયીને બધું જ જ્ઞાન દર્શનરૂપ અથવા બધું જ દર્શન જ્ઞાનાત્મક માને છે. આમ બંનેની એકતા થવાથી અસર્વજ્ઞતા ક્યાં રહી ? (અર્થાત્ ન રહી.) (૮) (પૂર્વે પૂર્વપક્ષે જ્ઞાન–દર્શનનો ક્રમશઃ ઉપયોગ હોવાથી જે અસર્વજ્ઞતા કહી તે અસર્વજ્ઞતાને જ ફરી બીજી રીતે દૂર કરતા કહે છે –) પશ્યત્તાને આશ્રયીને દર્શન–જ્ઞાન બંનેનો એક સાથે ઉપયોગ છે. ([(H)]આશય એ છે કે – પ્રજ્ઞાપનાસૂત્રમાં ૩૦માં પશ્યત્તાપદમાં કેવલજ્ઞાન અને કેવલદર્શન બંનેની પશ્યત્તા જણાવી છે. તે આ પ્રમાણે – कतिविहा णं भंते ! पासणया पण्णत्ता ? गोयमा ! दुविहा पासणया पण्णत्ता, तं जहा - सागारपासणया, अणागारपासणया. અહીં પશ્યત્તા એટલે બોધ એવો અર્થ જાણવો. જ્ઞાન–દર્શન બંને પશ્યત્તા=બોધરૂપ હોવાથી જે સમયે જ્ઞાનોપયોગ છે તે સમયે દર્શન પણ છે અને જે સમયે દર્શનોપયોગ છે તે સમયે જ્ઞાન પણ છે. આમ પશ્યત્તાને આશ્રયીને બંનેનો એક સાથે ઉપયોગ સંભવતો હોવાથી) અસર્વજ્ઞતારૂપ દોષ સિદ્ધોને સંભવતો નથી.

(૩) **આચાર્યની આશાતનાના** કારણે જે અતિચાર... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. આશાતના આ પ્રમાણે – (૧) આ આચાર્ય નાના છે, અકુલીન છે, દુષ્ટબુદ્ધિ છે, રાંક છે, મંદબુદ્ધિવાળા છે. એ પ્રમાણે આત્મલાભલબ્ધિવાળો (=આપમેળે વસ્તુઓની પ્રાપ્તિ કરવાની લબ્ધિવાળો) શિષ્ય આચાર્યનું અપમાન કરે છે. (૨) અથવા આ પ્રમાણે શિષ્ય બોલે કે – આ આચાર્ય બીજાને દશ પ્રકારની વૈયાવચ્ચ કરવાનો ઉપદેશ આપે છે પરંતુ પોતે જાતે તો કરતા નથી. (૩) (આ શિષ્યને જવાબ આપવો કે) આચાર્ય નાના હોવા છતાં જ્ઞાનથી વૃદ્ધ છે = બહુશ્રુત છે. જો તે અકુલીન હોય તો ગુણોના સ્થાનભૂત કેવી રીતે બન્યા ? (અર્થાત્ ઘણા ગુણો દેખાય છે માટે અકુલીન નથી.) તથા દુર્મેધ વિગેરે અસદ્દોષોને તે કહે છે. (૪) વળી તે નિર્ધર્મ શિષ્યો

૧૪. प्रतीत्य सर्वमेवेदं ज्ञानं सर्वमेवेदं दर्शनमिति एवमसर्वज्ञता का तु ? ॥७॥ पश्यत्तां वा प्रतीत्य युगपदुपयोगो भवति द्वयोरपि । एवमसर्वज्ञता एव दोषो न संभवति ॥८॥ बालोऽकुलीनोऽपि च दुर्मेधा द्रमको मन्दबुद्धिरिति । अपि चात्मलाभलब्धिः शिष्यः परिभवत्याचार्यान् ॥१॥ अथवाऽपि वदत्येवं–उपदेशं परस्मै ददति एवं तु । दसविधं वैयावृत्यं कर्त्तव्यं स्वयं न कुर्वन्ति ॥२॥ बालोऽपि ज्ञानवृद्धोऽकुलीन इति गुणालयः कथं नु ? । दुर्मेधादीन्यपि एवं भणति असन्ति दुर्मेधः ॥३॥ जानन्ति नापि चैवं च निर्धर्माणो मोक्षकारणं ज्ञानं । नित्यं प्रकाशयन्तो वैयावृत्त्यादि कुर्वन्ति ॥४॥

'उवज्झायाणं आसायणाए'[९५]— उपाध्यायानामाशातनया, क्रिया पूर्ववत्, आशातनाऽपि साक्षेपपरिहारा यथाऽऽचार्याणां नवरं सूत्रप्रदा उपाध्याया इति, 'साहूणमासायणाए' साधूनामाशातनया, क्रिया पूर्ववत्, — जोऽमुणियसमयसारो साहुसमुद्दिस्स भासए एवं । अविसहणातुरियगई भंडण काउं च तह चेव ॥१॥ पाणसुणया व भुंजंति एगओ तह विरूवनेवत्थं । एमाइ वयदवण्णं मूढो न मुणेइ एयं तु ॥२॥ अविसहणादिसमेया संसारसहावजाणणा चेव । साहू थोव कसाया जओ य भुंजंति ते तहवि ॥३॥ 'साहुणीणं आसायणाए'— साध्वीनामाशातनया, क्रिया पूर्ववत्,— कलहणिया बहुउवही अहवावि समणुवद्दवो समणी । गणियाण पुत्तभण्डा दुमवल्लि जलस्स सेवालो ॥१॥ अत्रोत्तरं—कलहंति नेव नाऊण कसाए कम्मबंधबीए त्ति । संजलणाणमुदयओ ईसिं कलहेवि को

આ પ્રમાણે જાણતા નથી કે જ્ઞાન એ મોક્ષનું કારણ છે. આવા જ્ઞાનને નિત્ય પ્રકાશિત કરતા આચાર્ય વૈયાવચ્ચ વિગેરે કરે જ છે (એવું કહેવાય.)

(૪) **ઉપાધ્યાયની આશાતના** કરવાના કારણે જે અતિચાર...વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. અહીં ઉપાધ્યાયની આશાતના પણ આચાર્યની જેમ જ પૂર્વપક્ષ—ઉત્તરપક્ષ સહિતની સમજી લેવી. ફરક માત્ર એટલો કે ઉપાધ્યાય સૂત્રને આપનારા જાણવા.

(૫) **સાધુની આશાતના** કરવાના કારણે... ક્રિયા પૂર્વની જેમ જાણવી. આશાતના આ પ્રમાણે — (૧—૨) સિદ્ધાન્તરહસ્યો જેણે જાણ્યા નથી એવો જીવ સાધુઓને ઉદ્દેશીને આ પ્રમાણે બોલે છે — સાધુઓ સહન કરતા નથી, ધીમીગતિવાળા છે, તથા પરસ્પર ઝઘડો કર્યા પછી પણ ચંડાળ અને કૂતરાની જેમ એક સાથે ભેગા મળીને ગોચરી વાપરે છે. તથા વિચિત્ર વેષને ધારણ કરનારા છે. આવા પ્રકારના અવર્ણને બોલતો મૂઢ જીવ આ તો જાણતો નથી (કે,—) (૩) સાધુઓ અસહિષ્ણુતા વિગેરેથી યુક્ત હોવા છતાં સંસારના સ્વભાવને જાણતા હોવાથી જ સ્તોકકષાયવાળા છે. અને તેથી જ તેઓનો પરસ્પર કલહ થવા છતાં ભેગા વાપરે છે.

(૬) **સાધ્વીજીઓની આશાતનાના** કારણે...વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. આશાતના આ પ્રમાણે કે — (૧) આ સાધ્વીજીઓ કલહને કરનારી છે, બહુ ઉપધિવાળી છે, અથવા (સાધ્વીજીઓની ઉપધિ વિગેરે બધી જવાબદારી ગણાવચ્છેદક સાધુની હોવાથી) સાધ્વીજીઓ સાધુ માટે ઉપદ્રવસમાન છે. જેમ કે — વેશ્યા માટે પુત્રો ઉપદ્રવ સમાન છે (અર્થાત્ વેશ્યાઓને દીકરી જન્મે તો મહોત્સવ, પુત્ર જન્મે તો ઉપદ્રવ.) વૃક્ષ માટે વલ્લી અને જલ માટે શેવાળ ઉપદ્રવસમાન છે. (૨) અહીં ઉત્તર આપવો કે — કષાય એ કર્મબંધનું કારણ છે એવું જાણીને સાધ્વીજીઓ કલહ

९५. योऽज्ञातसमयसारः साधून् समुद्दिश्य भाषते एवम् । अविषहणा अत्वरितगतय भण्डनं कृत्वा च तथा चैव ॥१॥ पाणा इव श्वान इव भुञ्जन्ति एकतस्तथा विरूपनेपथ्याः । एवमादि वदत्यवर्णं मूढो न जानात्येतत्तु ॥२॥ अविषहणादिसमेतः संसारस्वभावज्ञानादेव । साधव स्तोककषाया यतश्च भुञ्जन्ति ते तथैव ॥३॥ कलहकारिका बहूपधिका अथवाऽपि श्रमणोपद्रवः श्रमणी । गणिकानां पुत्रभाण्डा द्रुमस्य वल्ली जलस्य शैवालः ॥१॥ कषायान् कर्मबन्धबीजानीति ज्ञात्वा नैव कलहयन्ति । संज्वलनानामुदयात् ईषत् कलहेऽपि को

[१६]दोसो ? ॥२॥ उवही य बहुविगप्पो बंभव्वयरक्खणत्थमेयासिं । भणिओ जिणेहि जम्हा तम्हा उवहिंमि नो दोसो ॥३॥ समणाण नेय एया उवद्दवो सम्मसारवंताण । आगमविहिं महत्थं जिणवयणसमाहियप्पाणं ॥४॥ 'सावयाणं आसायणाए' श्रावकाणामाशातनया, क्रिया तथैव, जिनशासनभक्ता गृहस्थाः श्रावका भण्यन्ते, आशातना तु–लद्धूण माणुसत्तं नाऊणवि जिणमयं न जे विरइं । पडिवज्जंति कहं ते धण्णा वुच्चंति लोगंमि ? ॥१॥ सावगसत्तासायणमित्थुत्तरं कम्मपरिणइवसाओ । जइवि पवज्जंति न तं तहावि धण्णत्ति मग्गठिया ॥२॥ सम्यग्दर्शनमार्ग-स्थितत्वेन गुणयुक्तत्वादित्यर्थः, 'साविया़णं आसायणाए' श्राविकाणामाशातनया, क्रियाऽऽक्षेप-परिहारौ पूर्ववत्, 'देवाणं आसायणाए' देवानामाशातनया, क्रिया तथैव, आशातना तु–कामपसत्ता विरईए वज्जिया अणिमिसा य निच्चिट्ठा । देवा सामत्थंमिवि न य तित्थस्सुन्नइकरा य ॥१॥ एत्थ

કરતી નથી. વળી કદાચ સંજ્વલનના ઉદયથી કંઈક કલહ થાય તો પણ એમાં કયો દોષ છે ? (અર્થાત્ તે ક્ષન્તવ્ય છે.) (૩) તથા ઘણા પ્રકારની જે તેઓ ઉપધિ રાખે છે તે તેઓના બ્રહ્મચર્યના રક્ષણ માટે રાખવાનું જિનેશ્વર ભગવંતોએ જ કહ્યું હોવાથી આટલી ઉપધિ રાખવા છતાં તેમને કોઈ દોષ નથી. (૪) મહાઅર્થવાળી આગમવિધિ પ્રમાણે સમ્યગ્ રીતે રક્ષણ કરતા અને જિનવચનમાં જ સ્થાપિત કરેલ છે આત્મા જેમણે એવા સાધુઓને સાધ્વીજીઓ ઉપદ્રવરૂપ નથી.

(૭) **શ્રાવકોની આશાતનાના** કારણે... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. જિનશાસનના ભક્ત એવા ગૃહસ્થો શ્રાવક તરીકે જાણવા. તેઓની આશાતના – (૧) મનુષ્યભવને પામીને, જિનમતને જાણીને પણ જે આ શ્રાવકો વિરતિને સ્વીકારતા નથી તેઓ આ લોકમાં ધન્ય કેવી રીતે કહેવાય ? (૨) આ પ્રમાણે શ્રાવકોના સત્ત્વની આશાતના કરનારને ઉત્તર આપવો કે – "તે શ્રાવકો પોતાના કર્મોની વિચિત્ર પરિણતિને કારણે જો કે વિરતિને સ્વીકારતા નથી છતાં પણ માર્ગસ્થિત હોવાથી તેઓ ધન્ય છે. (૩) અર્થાત્ સમ્યગ્દર્શનરૂપ માર્ગમાં રહેલા હોવાથી તેઓ ગુણયુક્ત જ છે (અને માટે જ ધન્ય છે.) (૮) **શ્રાવિકાઓની આશાતનાના** કારણે... વિગેરે ક્રિયા, પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ શ્રાવકોની જેમ જાણવા.

(૯) **દેવોની આશાતનાના** કારણે... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. આશાતના – (૧) દેવો કામમાં આસક્ત છે, વિરતિ વિનાના છે, અનિમેષનયનવાળા છે, (વળી અનુત્તરવાસી દેવો તો) નિષ્ચેષ્ટ છે. વળી પોતાનું સામર્થ્ય હોવા છતાં દેવો તીર્થની ઉન્નતિ કરનારા નથી. (૨) આનો

१६. दोषः ? ॥२॥ उपधिश्च बहुविकल्पो ब्रह्मव्रतरक्षणार्थमेतासाम् । भणितो जिनैर्यस्मात् तस्मादुपधौ न दोषः ॥३॥ श्रमणानां नैता उपद्रवः सम्यक्सारवताम् । आगमविधिं महार्थं जिनवचनसमाहितात्मनां ॥४॥ लब्ध्वा मानुष्यं ज्ञात्वाऽपि जिनवचनं न ये विरतिं । प्रतिपद्यन्ते कथं ते धन्या उच्यन्ते लोके ? ॥१॥ श्रावकसत्त्वाशातनमत्रोत्तरं कर्मपरिणतिवशात् । यद्यपि न तां प्रतिपद्यन्ते तथापि धन्या मार्गस्थिता इति ॥२॥ कामप्रसक्ता विरत्या वर्जिता अनिमेषा निश्चेष्टाश्च देवाः सामर्थ्येऽपि न च तीर्थोन्नतिकारकाश्च ॥१॥ अत्र

[१७]पसिद्धी—मोहणियसायवेयणियकम्मउदयाओ । कामपसत्ता विरई कम्मोदयउ च्चिय न तेसिं ॥२॥ अणिमिस देवसहावा णिच्चिट्ठाणुत्तरा उ कयकिच्चा । कालाणुभावा तित्थुन्नईवि अन्नत्थ कुव्वंति ॥३॥ 'देवीणं आसायणाए' देवीनामाशातनया, क्रियाक्षेपपरिहारौ प्राग्वत् । 'इहलोगस्स आसायणाए' इहलोकस्याऽऽशातनया, क्रिया प्राग्वत्, इहलोको—मनुष्यलोकः, आशातना तस्य वितथप्ररूपणादिना, 'परलोगस्स आसायणाए' परलोकस्याऽऽशातनया, क्रिया प्राग्वत्, परलोकः—नारकतिर्यगमराः, आशातना तस्य वितथप्ररूपणादिनैव, द्वितयेऽप्याक्षेपपरिहारौ स्वमत्या कार्यौ । 'केवलिपन्नत्तस्स धम्मस्स आसायणाए' केवलिप्रज्ञप्तस्य धर्मस्याऽऽशातनया, क्रिया प्राग्वत्, स च धर्मो द्विविधः—श्रुतधर्मश्चारित्रधर्मश्च, आशातना तु—पाययभासनिबद्धं को वा जाणेइ पणीय केणेयं ? । किं वा चरणेणं तू दाणेण विणा उ हवइत्ति ॥१॥ उत्तरं— "बालस्त्रीमूढमूर्खाणां, नृणां चारित्रकाङ्क्षिणाम् । अनुग्रहार्थं तत्त्वज्ञैः, सिद्धान्तः प्राकृतः कृतः ॥१॥" निपुणधर्मप्रतिपादकत्वाच्च सर्वज्ञप्रणीतत्वमिति, चरणमाश्रित्याह—'दानमौरभ्रिकेणापि, चाण्डालेनापि दीयते । येन वा तेन

ઉત્તર આ પ્રમાણે જાણવો કે – દેવો મોહનીય અને શાતાવેદનીયના ઉદયથી કામમાં આસક્ત હોય છે. વળી કર્મના ઉદયથી જ તેઓને વિરતિ હોતી નથી. (૩) તથા દેવભવમાં તેઓ સ્વભાવથી અનિમેષનયનવાળા હોય છે. અનુત્તરવાસી દેવો કૃતકૃત્ય હોવાથી નિષ્ચેષ્ટ છે. તથા તીર્થની ઉન્નતિ પણ કાળના પ્રભાવે તેઓ અહીં કરતા નથી. પરંતુ અન્ય ક્ષેત્રમાં તો કરે જ છે. (૧૦) **દેવીની આશાતનાના** કારણે...વિગેરે ક્રિયા, પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ દેવોની જેમ જાણવા.

(૧૧) **આલોકની આશાતનાના** કારણે... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. આલોક એટલે મનુષ્યલોક. આ મનુષ્યલોકની ખોટી પ્રરૂપણા વિગેરેદ્વારા તેની આશાતના જાણવી. (૧૨) **પરલોકની આશાતનાના** કારણે... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. પરલોક એટલે નારક, તિર્યંચ, દેવો. પરલોકની પણ ખોટી પ્રરૂપણા વિગેરેવડે જ આશાતના જાણવી. આલોક અને પરલોક બંનેમાં પૂર્વપક્ષ–ઉત્તરપક્ષ પોતાની બુદ્ધિથી જાણી લેવા.

(૧૩) **કેવલિપ્રજ્ઞપ્ત ધર્મની આશાતનાના** કારણે... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. તે ધર્મ બે પ્રકારે છે – શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. તેની આશાતના આ પ્રમાણે – (૧) શ્રુતધર્મ પ્રાકૃતભાષામાં રચેલ છે. (અર્થાત્ સામાન્યભાષામાં રચેલ છે.) અથવા કોણ જાણે કોણે આ શ્રુત રચ્યું છે ? અથવા દાન વિનાની ચારિત્રક્રિયાથી શું થવાનું છે ? (૨) ઉત્તર – "ચારિત્રના ઈચ્છુક એવા બાળ, સ્ત્રી, મૂઢ અને મૂર્ખ મનુષ્યો ઉપર ઉપકાર કરવા તત્ત્વજ્ઞોએ સિદ્ધાન્ત પ્રાકૃતમાં રચ્યો છે." વળી નિપુણધર્મનો પ્રતિપાદક હોવાથી જ શ્રુત સર્વજ્ઞપ્રણિત સિદ્ધ થાય છે. હવે ચારિત્રને આશ્રયીને કહે છે – ભરવાડ (=ઘેટા પાળનાર) હોય કે ચાંડાળ હોય દાન તો તેઓ પણ આપી

१७. उत्तरं मोहनीयसातवेदनीयकर्मोदयात् । कामप्रसक्ता विरतिश्च कर्मोदयत एव न तेषाम् ॥२॥ अनिमेषा देवस्वाभाव्यात् निश्चेष्टा अनुत्तरास्तु कृतकृत्याः । कालानुभावा तीर्थोन्नतिमपि अन्यत्र कुर्वन्ति ॥३॥ प्राकृतः सूत्रनिबन्ध इति को वा जानाति केनेदं प्रणीतमिति । किं वा चारित्रेणैव दानेन विना तु भवतीति ॥१॥

वा शीलं, न शक्यमभिरक्षितुम् ॥१॥ दानेन भोगानाप्नोति, यत्र यत्रोपपद्यते । शीलेन भोगान् स्वर्गं च, निर्वाणं चाधिगच्छति ॥२॥ तथाऽभयदानदाता चारित्रवान्नियत एवेति । 'सदेवमणुयासुरस्स लोगस्स आसायणाए' सदेवमनुष्यासुरस्य लोकस्याऽऽशातनया, क्रिया प्राग्वत्, आशातना तु वितथप्ररूपणादिना, आह च भाष्यकारः—

देवाँदीयं लोयं विवरीयं भणइ सत्तदीवुदही ।
तह कय पयावईणं पयईपुरिसाण जोगो वा ॥२१६॥
उत्तरं—सत्तसु परिमियसत्ता मोक्खो सुण्णत्तणं पयावइणा ।
केण कउत्तऽणवत्था पयडीए कहं पवित्तित्ति ? ॥२१७॥
जमचेयणत्ति पुरिसत्थनिमित्तं किल पवत्तती सा य ।
तीसे च्चिय अपवत्ती परोत्ति सव्वं चिय विरुद्धं ॥२१८॥ ( भा० )

શકે છે. પરંતુ શીલ = ચારિત્ર પાળવા જે તે વ્યક્તિ સમર્થ બની શકતી નથી. જીવ દાન આપે તેનાથી પરલોકમાં જ્યાં જ્યાં ઉત્પન્ન થાય ત્યાં ભોગોને જ પ્રાપ્ત કરી શકે છે જ્યારે શીલના = ચારિત્રના પ્રાલનથી ભોગો, સ્વર્ગ અને છેલ્લે મોક્ષની પ્રાપ્તિ થાય છે. તથા ચારિત્રવાન જીવ અભયનું દાન આપનારો તો છે જ. (માટે 'દાનરહિતની ચારિત્રક્રિયાથી શું ?' એવું કહેવું નહીં.)

(૧૪) **દેવ, મનુષ્ય અને અસુરોથી યુક્ત લોકની આશાતનાના** કારણે... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. આવા લોકની આશાતના વિપરીતપ્રરૂપણા વિગેરેને કારણે જાણવી. આ જ વાત ભાષ્યકાર કહે છે ➪

ગાથાર્થ : **દેવાદિકલોકને વિપરીત રીતે કહે અર્થાત્ આ લોક સાત દ્વીપ–સમુદ્ર જેટલો છે. તથા પ્રજાપતિએ આ લોકની રચના કરી છે. અથવા આ લોક પ્રકૃતિ (=કર્મ) અને પુરુષ (=આત્મા)ના સંયોગથી થાય છે.**

ગાથાર્થ : **ઉત્તર – જો આ લોક સાત દ્વીપ–સમુદ્રરૂપ માનો તો તે સાતમાં પરિમિત સત્ત્વો હોવાના, અને તે બધા ધીરે ધીરે મોક્ષમાં જવાથી લોક શૂન્ય બની જશે. વળી જો લોક પ્રજાપતિએ કર્યો છે એવું માનો તો પ્રજાપતિને કોણે બનાવ્યો ? એ પ્રમાણે અનવસ્થા ઊભી થાય. તથા પ્રકૃતિ અને પુરુષના સંયોગથી લોક થાય છે એવું માનો તો પ્રકૃતિની પ્રવૃત્તિ જ કેવી રીતે ઘટે ?**

ગાથાર્થ : **કારણ કે પ્રકૃતિ અચેતન=જડ છે. અને જડ હોવા છતાં પણ પુરુષના પ્રયોજનને સાધવા માટે પ્રવૃત્તિ કરે છે (એમ તમે જો સ્વીકારતા હો તો, તે ઘટતું નથી કારણ કે પથ્થરની જેમ કોઈપણ જડ વસ્તુ સ્વતંત્ર રીતે પ્રવૃત્તિ કરી શકતી નથી. 'પુરુષ અચેતન એવી પ્રકૃતિને**

१८. देवादिकं लोकं विपरीतं वदसि सप्त द्वीपोदधयः । तथा कृतिः प्रजापतेः प्रकृतिपुरुषयोः संयोगो वा ॥१॥ उत्तरं—सप्तसु परिमिताः सत्त्वा मोक्षः शून्यत्वं वा प्रजापतिना । केन कृत इत्यनवस्था प्रकृतेः कथं प्रवृत्तिरिति ? ॥२॥ यदचेतनेति पुरुषार्थनिमित्तं किल प्रवर्त्तते सा च । तस्या एवाप्रवर्त्ता पर इति सर्वं चैव विरुद्धम् ॥३॥

'सव्वपाणभूयजीवसत्ताणं आसायणाए' सर्वप्राणभूतजीवसत्त्वानामाशातनया, क्रिया प्राग्वत्, तत्र प्राणिनः द्वीन्द्रियादयः व्यक्तोच्छ्वासनिःश्वासा, अभूवन् भवन्ति भविष्यन्ति चेति भूतानि—पृथिव्यादयः, जीवन्तीति जीवा—आयुःकर्मानुभवयुक्ताः सर्व एवेत्यर्थः सत्त्वाः—सांसारिकसंसारातीतभेदाः, एकार्थिका वा ध्वनय इति, आशातना तु विपरीतप्ररूपणादिनैव, तथाहि—अङ्गुष्ठपर्वमात्रो द्वीन्द्रियाद्यात्मेति, पृथिव्यादयस्त्वजीवा एव, स्पन्दनादिचैतन्यकार्यानुपलब्धेः, जीवाः क्षणिका इति, सत्त्वाः संसारिणोऽङ्गुष्ठपर्वमात्रा एव भवन्ति, संसारातीता न सन्त्येव, अपि तु प्रध्यातदीपकल्पोपमो मोक्ष इति, उत्तरं—देहमात्र एवात्मा, तत्रैव सुखदुःखादितत्कार्योपलब्धेः, पृथिव्यादीनां त्वल्पचैतन्यत्वात् कार्यानुपलब्धिर्नाजीवत्वादिति, जीवा अप्येकान्तक्षणिका न भवन्ति,

---

પ્રવર્તાવશે.' એવું જો તમે કહેશો તો તે પણ નહીં ઘટે કારણ કે તમે) પ્રકૃતિના પ્રવર્તક તરીકે પરને=પુરુષને સ્વીકારેલો નથી. (નહીં તો પુરુષ કર્તા થઈ જશે. આમ, પ્રકૃતિ જડ હોવાથી લોકને બનાવવામાં તેની પ્રવૃત્તિ ઘટતી ન હોવાથી પ્રકૃતિ—પુરુષના સંયોગથી પણ લોક બનેલો નથી. માટે) તમે જે કંઈ કહ્યું તે બધું જ વિરુદ્ધ છે = યુક્તિક્ષમ નથી. ॥ભા૦ ૨૧૬-૧૭-૧૮॥

(૧૫) સર્વ પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વોની આશાતનાના કારણે... ક્રિયા પૂર્વની જેમ જાણવી. તેમાં સ્પષ્ટપણે ઉચ્છ્વાસ—નિઃશ્વાસવાળા બેઇન્દ્રિય વિગેરે પ્રાણી તરીકે જાણવા. જે થયા, જે થાય છે અને જે થશે તે ભૂતો અર્થાત્ પૃથ્વી વિગેરે. જે જીવે છે તે જીવો અર્થાત્ આયુષ્યકર્મના અનુભવથી યુક્ત એટલે કે બધાં જ. તથા સાંસારિકજીવો અને સિદ્ધના જીવો સત્ત્વ તરીકે જાણવા. અથવા પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ આ બધા શબ્દો એકાર્થિક જાણવા. આ બધાની આશાતના વિપરીતપ્રરૂપણા વિગેરેવડે જ જાણવી.

તે આ પ્રમાણે – (૧) બેઇન્દ્રિય વિગેરેનો આત્મા અંગુઠાના પર્વમાત્રમાં જ રહેલો છે. (પરંતુ સંપૂર્ણ શરીરવ્યાપી નથી.) (૨) પૃથ્વી વિગેરે જીવ નહીં પણ અજીવ જ છે કારણ કે હલન—ચલન થવું વિગેરે ચૈતન્યના કાર્યો = ફળ છે અર્થાત્ જો ચૈતન્ય હોય તો તે હલન—ચલન વિગેરે કરે. પરંતુ આવા કોઈ કાર્યો પૃથ્વી વિગેરે જીવોમાં જણાતા નથી તેથી તે અજીવ=જડ જ છે. (૩) જીવો ક્ષણિક છે. (૪) સાંસારિકસત્ત્વ (=તેમનો આત્મા) અંગુઠાના પર્વમાત્રમાં જ રહેલો છે. વળી (૫) સિદ્ધો તો છે જ નહીં. અને મોક્ષ ઓળવાયેલ દીપક જેવી ઉપમાવાળો છે. (અર્થાત્ જેમ ઘી-તેલ પૂરું થતાં જ્યોત બૂઝાઈ જાય છે, તે સમયે જ્યોત ક્યાં ગઈ ? નાશ પામી. બસ, તેની જેમ સર્વ કર્મો પૂર્ણ થતાં આત્માનું બ્રહ્માંડમાં વિલીનીકરણ = સ્વતંત્ર અસ્તિત્વનો નાશ થાય છે. આનું નામ જ મોક્ષ.)

આ બધી જ દલીલોનો હવે ઉત્તર અપાય છે કે – (૧) બેઈન્દ્રિયાદિ સર્વજીવોનો આત્મા અંગુઠાના પર્વમાત્રમાં રહેલો છે એવું નથી પરંતુ સંપૂર્ણ દેહમાં વ્યાપીને રહેલો છે, કારણ કે સુખ, દુઃખ વિગેરે આત્માના કાર્યો સંપૂર્ણ દેહમાં જણાય છે. (૨) પૃથ્વી વિગેરે જીવોમાં કાર્યની જે અનુપલબ્ધિ થાય છે. તે તેઓમાં અલ્પચૈતન્ય હોવાને લીધે થાય છે. પરંતુ અજીવ છે માટે અનુપલબ્ધિ થાય છે એવું નથી. (૩) જીવો પણ એકાન્તે ક્ષણિક નથી, કારણ કે (જીવોને એકાન્તે ક્ષણિક

निरन्वयनाशे उत्तरक्षणस्यानुत्पत्तेर्निर्हेतुकत्वादेकान्तनष्टस्यासदविशेषत्वात्, सत्त्वाः संसारिणः प्रत्युक्ता एव संसारातीता अपि विद्यन्त एवेति, जीवस्य सर्वथा विनाशाभावात्, तथाऽन्यैरप्युक्तं– "नासतो विद्यते भावो, नाभावो विद्यते सतः । उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥१॥" इत्यादि । **'कालस्स आसायणाए'** कालस्याऽऽशातनया, क्रिया पूर्ववत्, आशातना तु नास्त्येव काल इति कालपरिणतिर्वा विश्वमिति, तथा च दुर्नयः – "कालः पचति भूतानि, कालः संहरते प्रजाः । कालः सुप्तेषु जागर्ति, कालो हि दुरतिक्रमः ॥१॥" इत्यादि, उत्तरं–कालोऽस्ति, तमन्तरेण बकुलचम्पकादीनां नियतः पुष्पादिप्रदानभावो न स्यात्, न च तत्परिणतिर्विश्वं, एकान्तनित्यस्य

માનવા એટલે જીવ જે ક્ષણે ઉત્પન્ન થયો તે જ ક્ષણે આત્માનો સંપૂર્ણ નાશ થવો, એટલે કે જે ક્ષણે આત્મા ઉત્પન્ન થયો તે ક્ષણ પછીની ક્ષણે આત્માનો અન્વય થતો નથી, અર્થાત્ તે આત્મા પછીની ક્ષણમાં અનુસરતો નથી. આને નિરન્વયનાશ કહેવાય છે. આ રીતે જો નિરન્વયનાશ માનવામાં આવે તો, પ્રથમક્ષણ પછીની ઉત્તરક્ષણે તે જ આત્માની વિદ્યમાનતા તો જણાય જ છે, એટલે કે 'આ તે જ છે' એવી બુદ્ધિ તો થાય જ છે તે નહીં થવાની આપત્તિ આવશે.

છતાં ઉત્તરક્ષણની ઉત્પત્તિ માનતા હો તો આનું કારણ કોણ ? અર્થાત્ પૂર્વક્ષણ નાશ પામેલ હોવાથી ઉત્તરક્ષણને ઉત્પન્ન કરનારું કોઈ નથી. તેથી) નિરન્વયનાશ માનવામાં ઉત્તરક્ષણને ઉત્પન્ન કરનાર કોઈ કારણ હાજર ન હોવાથી ઉત્તરક્ષણની અનુત્પત્તિ થવાની આપત્તિ આવે છે. વળી તમારા મતે પૂર્વક્ષણ એકાન્તે નાશ થઈ ગઈ હોવાથી તે અસત્ જેવી જ છે. તેથી તે કોઈ કાર્ય કરી શકે નહીં. માટે તમારો ક્ષણિકવાદ યોગ્ય નથી.

(૪) સંસારી સત્ત્વો દેહવ્યાપી છે. એવું અમે પૂર્વે જ કહી દીધું છે. તથા જીવનો સર્વથા નાશ ન થતો હોવાથી સિદ્ધો પણ વિદ્યમાન છે જ. સત્ નો સર્વથા નાશ થતો નથી એ વાત અન્ય લોકોએ પણ કહી છે – "અસત્ વસ્તુની ક્યારેય વિદ્યમાનતા થતી નથી, કે સત્ વસ્તુનો અભાવ થતો નથી. એ પ્રમાણે તત્ત્વદર્શીઓએ સત્–અસત્ બંનેનો અંત=નિશ્ચય જોયેલો છે, અર્થાત્ બંનેનો એ પ્રમાણેનો પરમાર્થ જોયેલો છે." ॥૧॥ વિગેરે.

(૧૬) **કાળની આશાતનાના** કારણે... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. આશાતના આ પ્રમાણે – કાળ છે જ નહીં અથવા આખું જગત્ કાળનો વિકાર છે. તે દુર્નય આ પ્રમાણે છે – "કાળ જીવોને પકાવે છે, (અર્થાત્ જન્મ, બાળપણ, યુવા વિગેરે જુદી જુદી અવસ્થાઓ પમાડે છે.) કાળ પ્રજાનો સંહાર કરે છે. બધા સૂતા હોય તો પણ કાળ જાગે જ છે. (અર્થાત્ કાળ પોતાનું કામ યથાવસર બજાવી લે છે. તે કોઈની શરમ રાખતો નથી.) કાળ એ દૂરાતિક્રમ છે અર્થાત્ કાળને ઓળંગવો કે પરાજિત કરવો શક્ય નથી. ॥૧॥" વિગેરે. **ઉત્તર** – કાળ છે કારણ કે તે કાળ વિના બકુલ, ચંપક વિગેરે વૃક્ષો જે અમુક સમયે જ પુષ્પ વિગેરેનું દાન કરે છે તે ઘટે નહીં. અને વિશ્વ એ કાળની પરિણતિ નથી કારણ કે તમે કાળને નિત્ય માનો છો અને જે એકાન્તે નિત્ય હોય તેમાં જુદા જુદા પરિણામો ઘટતા નથી. (આશય એ છે કે તમારા મતે એકાન્તે નિત્ય વસ્તુ

**परिणामानुपपत्तेः । 'सुत्तस्स आसायणाए' श्रुतस्याऽऽशातनया, क्रिया पूर्ववत्, आशातना तु–[११] को आउरस्स कालो ? मइलंबरधोवणे य को कालो ? । जइ मोक्खहेउ नाणं को कालो तस्सऽकालो वा ? ॥१॥ इत्यादि, उत्तरं–जोगो जोगो जिणसासणंमि दुक्खक्खया पउंजंतो । अण्णोण्णमबाहिंतो असवत्तो होइ कायव्वो ॥२॥ प्राग् धर्मद्वारेण श्रुताशातनोक्ता इह तु स्वतन्त्रश्रुतविषयेति न पौनरुक्त्यम् । 'सुयदेवयाए आसायणाए' श्रुतदेवताया आशातनया, क्रिया पूर्ववत्, आशातना तु श्रुतदेवता न विद्यतेऽकिञ्चित्करी वा, उत्तरं–न ह्यनधिष्ठितो मौनीन्द्रः खल्वागमः अतोऽसावस्ति, न चाकिञ्चित्करी, तामालम्ब्य प्रशस्तमनसः कर्मक्षयदर्शनात् । 'वायणारियस्स आसायणाए' वाचनाचार्यस्याऽऽशातनया, क्रिया पूर्ववत्, तत्र वाचनाचार्यो**

અનુત્પન્નાવિનષ્ટસ્થિરૈકસ્વભાવવાળી છે, અર્થાત્ જે ઉત્પન્ન થતું નથી, કે નાશ પામતું નથી અને સ્થિર એક સ્વભાવવાળું છે તે નિત્ય છે. આ રીતે તમારા મતે કાળ પણ એક સ્વભાવવાળો હોવાથી કાળનો કાં તો જીવોને પકાવવાનો સ્વભાવ માનો, કાં તો સંહાર કરવાનો સ્વભાવ માનો. પરંતુ બંને સ્વભાવ મનાય નહીં. તેથી કાળની પરિણતિરૂપ વિશ્વ નથી.)

(૧૭) **શ્રુતની આશાતનાના** કારણે... વિગેરે ક્રિયા પૂર્વની જેમ જાણવી. આશાતના આ પ્રમાણે – **પૂર્વપક્ષ :** રોગીને વળી કાળ કયો ? (અર્થાત્ અમુક સમયે ઔષધ વિગેરે આપવું, અમુક સમયે ન આપવું આવું શ્રુતમાં લખ્યું છે. પરંતુ એ ઘટતું નથી.) મેલા વસ્ત્રોને ધોવામાં વળી કયો કાળ જોવાનો ? જો જ્ઞાન એ મોક્ષનું કારણ હોય તો તેને ભણવા માટે કાળ કયો અને અકાળ કયો ? (અર્થાત્ ગમે ત્યારે ભણો તો શું વાંધો છે ? શ્રુતમાં ફોગટ તે અંગે સ્વાધ્યાય–અસ્વાધ્યાયની વાત કરી છે. આવું વિચારતો શ્રુતની આશાતના કરનાર થાય છે.)

**ઉત્તર :** "જિનશાસનમાં દુઃખક્ષય માટે સેવાતો દરેકે દરેક યોગ એકબીજાને બાધિત ન થાય તે રીતે અવિરુદ્ધ કરવા યોગ્ય છે. ॥૧॥" પૂર્વે કેવલિપ્રજ્ઞપ્તધર્મની આશાતનામાં શ્રુતની જે આશાતના કહી તે ધર્મને આશ્રયીને કહી હતી. જ્યારે અહીં સ્વતંત્ર રીતે માત્ર શ્રુતની જ આશાતના કહેલી હોવાથી પુનરુક્તિ નથી.

(૧૮) **શ્રુતદેવતાની આશાતનાના** કારણે... ક્રિયા પૂર્વની જેમ જાણવી. આશાતના : શ્રુતદેવતા જ નથી અથવા તે કશું કરનારી નથી. **ઉત્તર :** મૌનીન્દ્ર આગમ એ અનધિષ્ઠિત ન હોવાથી શ્રુતદેવતા છે જ અને તે અકિંચિત્કર નથી કારણ કે તે શ્રુતદેવતાનું આલંબન લઈને પ્રશસ્તમનવાળા જીવને કર્મક્ષય થતો દેખાય છે. [મ] (અર્થાત્ શ્રુતદેવતાને આશ્રયીને પ્રશસ્તમનથી મંત્રજાપ કરનારને કાવ્ય વિગેરે રચવાની શક્તિ અને વિશિષ્ટ શ્રુતની પ્રાપ્તિ થઈ દેખાય છે કે, જે કર્મના ક્ષય વિના સંભવિત નથી.)

(૧૯) **વાચનાચાર્યની આશાતનાના** કારણે... વિગેરે ક્રિયા પૂર્વવત્ જાણવી. ઉપાધ્યાયદ્વારા

**११. क आतुरस्य ( औषधादाने ) कालो मलिनाम्बरप्रक्षालने च कः कालः । यदि मोक्षहेतुर्ज्ञानं कस्तस्य कालोऽकालो वा ?, ॥१॥ योगो योगो जिनशासने दुःखक्षयात् प्रयुज्यमानः । अन्योऽन्यमबाधमान असपत्नो भवति कर्त्तव्यः ॥२॥**

ह्युपाध्यायसंदिष्टो य उद्देशादि करोति, आशातना त्वियं–निर्दुःखसुखः प्रभूतान् वारान् वन्दनं दापयति, उत्तरं तु–श्रुतोपचार एषः क इव तस्यात्र दोष इति—

**जं वाइद्धं वच्चामेलियं हीणक्खरियं अच्चक्खरियं पयहीणं विणयहीणं घोसहीणं जोगहीणं सुट्ठुदिन्नं दुट्ठु पडिच्छियं अकाले कओ सज्झाओ काले न कओ सज्झाओ असज्झाइए सज्झाइयं सज्झाइए न सज्झाइयं तस्स मिच्छा मि दुक्कडं ( सूत्रं )**

[1]एए चोद्दस सुत्ता पुव्विल्लिया य एगूणवीसंति एए तेत्तीसमासायणसुत्तत्ति । एतानि चतुर्दश सूत्राणि श्रुतक्रियाकालगोचरत्वान्न पौनरुक्त्यभाञ्जीति, तथा दोषदुष्टं श्रुतं यत्पठितं तद्यथा–व्याविद्धं विपर्यस्तरत्नमालावद्, अनेन प्रकारेण याऽऽशातना तया हेतुभूतया योऽतिचारः कृतस्तस्य मिथ्यादुष्कृतमिति क्रिया, एवमन्यत्रापि योज्या, व्यत्याम्रेडितं कोलिकपायसवत्, हीनाक्षरम्–

રજા અપાયેલ જે સાધુ ઉદ્દેશ વિગેરે કરે તે વાચનાચાર્ય જાણવો. આશાતના આ પ્રમાણે – (સામેવાળી વ્યક્તિના = શિષ્યના) સુખ-દુઃખને જાણી ન શકતો આ કેટલી બધી વાર વંદન કરાવે છે. **ઉત્તર** : વાચનાચાર્ય વાચના સાંભળવા ઉપસ્થિત સાધુવર્ગ પાસે વારંવાર વંદન કરાવે તે શ્રુતનો વિનય છે. તેથી આ રીતે કરતા વાચનાચાર્યને વળી કયો દોષ છે ? (અર્થાત્ કોઈ દોષ નથી.)

**સૂત્રાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ ચૌદ સૂત્રો અને પૂર્વે કહેલા ઓગણીસ સૂત્રો એમ બધા મળીને તેત્રીસ આશાતના સૂત્રો જાણવા. આ ચૌદ સૂત્રો શ્રુતક્રિયાકાળવિષયક હોવાથી પૌનરુક્ત્યને ભજનારા નથી. ([H]આશય એ છે કે કેવલિપ્રજ્ઞપ્તધર્મની આશાતનાના સૂત્રમાં શ્રુતધર્મની આશાતનાદ્વારા શ્રુતની આશાતના કહી. ત્યાર પછી 'सुयस्स आसायणाए' સૂત્રદ્વારા પણ શ્રુતની આશાતના કહી. એ જ રીતે આ ચૌદ સૂત્રોદ્વારા પણ આ શ્રુતઆશાતના જ કહેવાઈ છે, છતાં પુનરુક્તિદોષ નથી, કારણ કે પૂર્વના બંને સૂત્રોમાં કહેવાયેલી આશાતના સામાન્યથી જાણવી. જ્યારે અહીં શ્રુતક્રિયાકાળવિષયક એટલે કે શ્રુત ભણવામાં પ્રવૃત્ત થયેલાને લાગતી આશાતના જણાવી છે.)

તથા દોષોથી દુષ્ટ જે રીતે થાય તે રીતે જે શ્રુત ભણ્યા (તેનું મિચ્છા મિ દુક્કડં એ પ્રમાણે અન્વય જોડવો.) તે દોષોથી દુષ્ટ આ પ્રમાણે – (૨૦) **વ્યાવિદ્ધ** – ખોટી રીતે=ઊંધી–ચત્તી રીતે પરોવાયેલા રત્નોની માળાની જેમ ઊંધી–ચત્તી રીતે ભણ્યા. આવા પ્રકારની આશાતનાને કારણે જે અતિચાર થયો તેનું મિચ્છામિ દુક્કડં એ પ્રમાણે અન્વય જોડવો. આ જ પ્રમાણેનો અન્વય હવે પછીના દોષોમાં પણ જોડી દેવો. (૨૧) **વ્યત્યામ્રેડિત** – જેમ કોલિક (એક હલકી મનુષ્ય–જાતિ) ખીરમાં જુદા જુદા અયોગ્ય ખાદ્યદ્રવ્યો ભેગા કરે તેમ એક શાસ્ત્રમાં અન્ય–અન્ય શાસ્ત્રમાં રહેલા એક અર્થવાળા સૂત્રોને ભેગા કરી વાંચે તે વ્યત્યામ્રેડિત. (અથવા આચારાંગ વિગેરે શાસ્ત્રોમાં તેના જેવા પોતે રચેલા સૂત્રો નાંખે તે વ્યત્યામ્રેડિત.)

१. एतानि चतुर्दश सूत्राणि पूर्वाणि चैकोनविंशतिः, एतानि त्रयस्त्रिंशदाशातनासूत्रानि ।

अक्षरन्यूनम्, अत्यक्षरम्–अधिकाक्षरं, पदहीनं–पदेनैवोनं, विनयहीनम्–अकृतोचितविनयं, घोषहीनम्–उदात्तादिघोषरहितं, योगरहितं–सम्यगकृतयोगोपचारं, सुष्ठुदत्तं गुरुणा दुष्ठु प्रतीच्छितं कलुषितान्तरात्मनेति, अकाले कृतः स्वाध्यायो–यो यस्य श्रुतस्य कालिकादेरकाल इति, काले न कृतः स्वाध्यायः–यो यस्याऽऽत्मीयोऽध्ययनकाल उक्त इति, अस्वाध्यायिके स्वाध्यायितं ॥ किमिदमस्वाध्यायिकमित्यनेन प्रस्तावेनाऽऽयाताऽस्वाध्यायिकनिर्युक्तिरस्यामेवाऽऽद्याद्वारगाथा—

**असज्झाइयनिज्जुत्ती( त्तीं ) वुच्छामी धीरपुरिसपण्णत्तं ।**
**जं नाऊण सुविहिया पवयणसारं उवलहंति ॥१३२२॥**
**असज्झायं तु दुविहं आयसमुत्थं च परसमुत्थं च ।**
**जं तत्थ परसमुत्थं तं पंचविहं तु नायव्वं ॥१३२३॥**

**व्याख्या–**अध्ययनमाध्यायः शोभन आध्यायः स्वाध्यायः स एव स्वाध्यायिकं न

---

(૨૨) **હીનાક્ષર** – અક્ષરથી ઓછું બોલ્યા, ભણ્યા હોય. (૨૩) **અત્યક્ષર** – અધિક અક્ષર બોલ્યા, ભણ્યા હોય. (૨૪) **પદહીન** – પદથી ન્યૂન ભણ્યા હોય. (૨૫) **વિનયહીન** – ઉચિત વિનય કર્યા વિના ભણ્યા. (૨૬) **ઘોષહીન** – ઉદાત્ત, અનુદાત્ત વિગેરે યોગ્ય ઘોષ વિના શ્રુતનું ઉચ્ચારણ કર્યું. (૨૭) **યોગરહિત** – જે શ્રુત માટે જે તપ (ઉપધાન-જોગ) કરવાનો હોય તે કર્યા વિના શ્રુત ભણ્યા. (૨૮) **સુષ્ઠુ દત્ત** – ગુરુએ વિદ્યાર્થીને યોગ્યતા કરતાં વધારે આપ્યું હોય. (૨૯) **દુષ્ઠુ પ્રતીચ્છિત** – હૃદયની કલુષિતતા સાથે શ્રુત ગ્રહણ કર્યું. (અર્થાત્ વિદ્યાગુરુ પ્રત્યે બહુમાન ન રાખ્યું, એમના દોષો જોયા, એમના પ્રત્યે મનમાં દ્વેષભાવ રાખી ભણ્યા વિગેરે.)

(૩૦) જે કાલિક વિગેરે શ્રુતનો જે અકાલ હોય તેમાં તે કાલિકાદિ શ્રુત ભણ્યા. (૩૧) જે શ્રુતનો જે અધ્યયન કાલ કહેવાયેલો છે તેમાં તે શ્રુત ન ભણ્યા. (અર્થાત્ દીક્ષાના ત્રીજા વર્ષે આચારપ્રકલ્પ, ચોથા વર્ષે સૂયગડાંગ વિગેરે ક્રમ પ્રમાણે યોગ્યતા હોવા છતાં ન ભણે ત્યારે આ દોષ લાગે.) (૩૨) અસ્વાધ્યાય સમયે સ્વાધ્યાય કરવા બેઠાં [અને (૩૩) સ્વાધ્યાય સમયે સ્વાધ્યાય ન કર્યો. આ પ્રમાણે તેત્રીસ આશાતના પૂર્ણ થઈ.]

## ❀ અસજ્ઝાય – નિર્યુક્તિ ❀

**અવતરણિકા :** 'આ અસ્વાધ્યાયિક = અસજ્ઝાય શું છે ?' આવી શંકાના અવસરે અસ્વાધ્યાયનિર્યુક્તિ આવેલી છે. તેમાં જ પ્રથમ દ્વારગાથા જણાવે છે ⇨

**ગાથાર્થ : ધીરપુરુષોવડે કહેવાયેલી અસજ્ઝાયનિર્યુક્તિને હું કહીશ, જેને જાણીને સુવિહિતસાધુઓ પ્રવચનના રહસ્યને પ્રાપ્ત કરે છે.**

**ગાથાર્થ : બે પ્રકારે અસજ્ઝાય છે – આત્મસમુત્થ અને પરસમુત્થ. તેમાં જે પરસમુત્થ છે તે પાંચ પ્રકારનું જાણવું.**

**ટીકાર્થ :** અધ્યયન (ભણવું) તે આધ્યાય. સુંદર એવો જે આધ્યાય તે સ્વાધ્યાય. તે જ

स्वाध्यायिकमस्वाध्यायिकं तत्कारणमपि च रुधिरादि कारणे कार्योपचारात् अस्वाध्यायिकमुच्यते, तदस्वाध्यायिकं द्विविधं–द्विप्रकारं, मूलभेदापेक्षया द्विविधमेव, द्वैविध्यं दर्शयति–'आयसमुत्थं च परसमुत्थं च' आत्मसमुत्थं–स्वव्रणोद्भवं रुधिरादि, चशब्दः स्वगतानेकभेदप्रदर्शकः, परसमुत्थं–संयमघातकादि, चः पूर्ववत्, तत्थ जं परसमुत्थं–परोद्भवं तं 'पञ्चविधं तु'–पञ्चप्रकारं 'मुणेयव्वं' विज्ञातव्यमिति गाथार्थः ॥१३२२–१३२३॥

तत्र बहुवक्तव्यत्वात् परसमुत्थमेव पञ्चविधमादावुपदर्शयति—

**संजमघाउप्पाते सादिव्वे वुग्गहे य सारीरे ।**
**घोसणयमिच्छरण्णो कोई छलिओ पमाएणं ॥१३२४॥**

**व्याख्या–'संयमघातकं' संयमविनाशकमित्यर्थः, तच्च महिकादि, उत्पातेन निर्वृत्तमौत्पातिकं, तच्च पांशुपातादि, सह दिव्यैः सादिव्यं तच्च गन्धर्वनगरादि दिव्यकृतं सदिव्यं वेत्यर्थः, व्युद्ग्रहश्चेति व्युद्ग्रहः–सङ्ग्रामः, असावप्यस्वाध्यायिकनिमित्तत्वात् तथोच्यते, शारीरं तिर्यग्मनुष्यपुद्गलादि, [2]एयंमि पंचविहे असज्जाइए सज्झायं करेंतस्स आयसंजमविराहणा, तत्थ दिट्ठंतो–'घोसणयमिच्छ'**

સ્વાધ્યાયિક. સ્વાધ્યાયિકનો અભાવ તે અસ્વાધ્યાયિક. આ અસ્વાધ્યાયિકનું કારણ એવું લોહી વિગેરે પણ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી અસ્વાધ્યાયિક કહેવાય છે. આ લોહી વિગેરેરૂપ અસ્વાધ્યાયિક બે પ્રકારે છે. તે અસ્વાધ્યાયિક મૂળભેદોની અપેક્ષાએ બે જ પ્રકારે જાણવું. તે બે પ્રકારને દેખાડે છે – આત્મસમુત્થ એટલે કે પોતાને લાગેલા ઘા વિગેરેમાંથી નીકળતું લોહી વિગેરે. 'च' શબ્દ આત્મસમુત્થના અનેક પેટાભેદોને દેખાડનારો છે. પરસમુત્થ એટલે કે સંયમઘાતક વિગેરે. અહીં પણ 'च' શબ્દ પરસમુત્થના અનેક ભેદોને જણાવનારો જાણવો. તેમાં જે પરથી ઉત્પન્ન થનારું છે તે પાંચ પ્રકારે જાણવું. ॥૧૩૨૨–૧૩૨૩॥

**અવતરણિકા :** તેમાં પરસમુત્થને વિશે ઘણું બધું કહેવાનું હોવાથી તે જ પાંચ પ્રકારના પરસમુત્થને શરૂઆતમાં દેખાડે છે ⇨

**ગાથાર્થ : સંયમઘાતક, ઔત્પાતિક, સાદિવ્ય, વ્યુદ્ગ્રહ અને શારીરિક. ઘોષણા – મ્લેચ્છરાજા – કોઈક પ્રમાદથી છલિત થયો.**

**ટીકાર્થ :** સંયમઘાતક એટલે સંયમનો વિનાશ કરનાર. અને તે સંયમઘાતક તરીકે ધુમ્મસ વિગેરે જાણવા. ઉત્પાતના કારણે થયેલ અસ્વાધ્યાયિક ઔત્પાતિક કહેવાય છે. અને તે ધૂળની વૃષ્ટિ વિગેરે જાણવા. દિવ્ય સાથે જે હોય તે સાદિવ્ય અથવા સદિવ્ય. આ સાદિવ્ય કે સદિવ્ય તરીકે દેવકૃત ગાન્ધર્વનગર વિગેરે જાણવા. વ્યુદ્ગ્રહ એટલે યુદ્ધ. આ યુદ્ધ પણ અસ્વાધ્યાયિકનું કારણ હોવાથી અસ્વાધ્યાયિક કહેવાય છે. તથા તિર્યંચ-મનુષ્યના માંસ, હાડકાં વિગેરે શારીરિક અસ્વાધ્યાયિક જાણવા. આ પાંચ પ્રકારના અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાય કરનારને આત્મવિરાધના અને સંયમવિરાધના થાય છે. તેમાં દૃષ્ટાન્ત આ પ્રમાણે જાણવું – ઘોષણા – મ્લેચ્છરાજા વિગેરે ગાથાના

२. एतस्मिन् पञ्चविधेऽस्वाध्यायिके स्वाध्यायं कुर्वत आत्मसंयमविराधना, तत्र दृष्टान्तः ।

इत्यादेर्गाथाशकलस्यार्थः कथानकादवसेय इति गाथासमुदायार्थः, अधुना गाथापश्चार्धावयवार्थ-प्रतिपादनायाह—

**मिच्छभयघोसण निवे हियसेसा ते उ दंडिया रण्णा।**

**एवं दुहओ दंडो सुरपच्छित्ते इह परे य ॥१३२५॥**

व्याख्या—खिइपइट्ठियं[3] णयरं, जियसत्तू राया, तेण सविसए घोसावियं जहा मेच्छो राया आगच्छइ, तं गामकूलणयराणि मोत्तुं समासन्ने दुग्गेसु ठायह, मा विणस्सिहिह, जे ठिया रण्णो वयणेण दुग्गादिसु ते ण विणट्ठा, जे पुण ण ठिया ते मिच्छादीहिं विलुत्ता, ते पुणो रण्णा आणाभंगो मम कओत्ति जंपि कंपि हियसेसं तंपि दंडिया, एवमसज्झाए सज्झायं करेंतस्स उभओ दंडो, सुरत्ति देवयाए छलिज्जइ पच्छित्तेत्ति—पायच्छित्तं च पावइ 'इहं'त्ति इहलोए 'परे'त्ति परलोए णाणादि विफलंत्ति भावार्थः ॥१३२५॥ (१९५००) इमो दिट्ठंतोवणओ—

પાછલા અડધા ભાગનો અર્થ કથાનકથી જાણવા યોગ્ય છે. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૧૩૨૪॥ હવે ગાથાના પાછલા ભાગનો વિસ્તારથી અર્થ પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

**ગાથાર્થ : મ્લેચ્છોનો ભય – રાજાની ઘોષણા – ચોરાયા પછી કંઈક શેષ બાકી રહ્યું છે જેમને તેવા લોકોને રાજાએ દંડ કર્યો. આ પ્રમાણે બંને રીતે દંડ થાય છે – આ લોકમાં દેવની છલના અને પ્રાયશ્ચિત્ત તથા પરલોકમાં (જ્ઞાનાદિ નિષ્ફલ થાય.)**

**ટીકાર્થ :** ક્ષિતિપ્રતિષ્ઠિતનગર હતું. જિતશત્રુ રાજા હતો. તેણે પોતાના દેશમાં ઘોષણા કરાવી કે મ્લેચ્છ=અનાર્ય રાજા (આપણું રાજ્ય લૂંટવા) આવે છે. તેથી તે ગામ, કુલ, નગરોને છોડીને પાસે રહેલા કિલ્લાઓમાં આવીને રહો જેથી તમે નાશ ન પામો. રાજાનું વચન સાંભળીને જે લોકો તે કિલ્લા વિગેરેમાં આવીને રહ્યા, તેઓ બચી ગયા. જે વળી આવ્યા નહીં, તે લોકો મ્લેચ્છ વિગેરેદ્વારા લૂંટાયા. (અર્થાત્ તેઓનું ધન, રત્ન વિગેરે સર્વસ્વ મ્લેચ્છોએ લૂંટી લીધું.)

(એક બાજુ મ્લેચ્છોએ લૂંટ્યા અને બીજી બાજુ) આ લોકોએ મારી આજ્ઞાનો ભંગ કર્યો છે એમ જાણી રાજાએ એમની પાસે ચોરાયા પછી જે કંઈ પણ બાકી હતું તેનો પણ દંડ કર્યો (અર્થાત્ શેષ જે બાકી હતું તે રાજાએ દંડ પેઠે લઈ લીધું.) આ પ્રમાણે અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરતાને બંને રીતે દંડ થાય છે. તે આ રીતે કે આલોકમાં દેવ તે સાધુને છલના (=ગાંડો બનાવે, રોગ ઉત્પન્ન કરે વિગેરે ) કરે અને અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કર્યો તેનું પ્રાયશ્ચિત્ત તે સાધુ પામે. તથા પરલોકમાં જ્ઞાનાદિ નિષ્ફળ થાય. (અર્થાત્ આ ભવમાં જે જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના કરી તેનું કોઈ વિશિષ્ટ ફળ પરલોકમાં મળે નહીં.) ॥૧૩૨૫॥ દૃષ્ટાન્તનો ઉપનય આ પ્રમાણે –

३. क्षितिप्रतिष्ठितं नगरं जितशत्रू राजा, तेन स्वविषये घोषितं यथा म्लेच्छो राजा आगच्छति तानि ग्रामकूलनगरादीनि मुक्त्वा समासन्ने दुर्गेषु तिष्ठत, मा विनङ्क्षत, ये स्थिता राज्ञो वचनेन दुर्गादिषु ते न विनष्टाः, ये पुनर्न स्थितास्ते म्लेच्छादिभिर्विलुप्ताः, ते पुना राज्ञा आज्ञाभङ्गो मम कृत इति यदपि किमपि हृतशेषं तदपि दण्डिताः, एवमस्वाध्यायिके स्वाध्यायं कुर्वत उभयतो दण्डः, सुर इति देवतया छल्यते, प्रायश्चित्तमिति प्रायश्चित्तं च प्राप्नोति, इहेति इहलोके पर इति परलोके ज्ञानादीनि विफलानीति । अयं दृष्टान्तोपनयः

**राया इह तित्थयरो जाणवया साहू घोसणं सुत्तं ।**
**मेच्छो य असज्झाओ रयणधणाइं च नाणाई ॥१३२६॥**

व्याख्या–[४]जहा राया तहा तित्थयरो, जहा जाणवया तहा साहू, जहा घोसणं तहा सुत्तं–असज्झाइए सज्झायपडिसेहगंति, जहा मेच्छो तहा असज्झाओ महिगादि, जहा रयणधणाइ तहा णाणादीणि महिगादीहि अविहीकारिणो हीरंतित्ति गाथार्थः ॥१३२६॥

**थोवावसेसपोरिसिमज्झयणं वावि जो कुणइ सोच्चा ।**
**णाणाइसाररहियस्स तस्स छलणा उ संसारे ॥१३२७॥**

व्याख्या–'थोवावसेसपोरिसि' कालवेलत्ति जं भणियं होइ, एवं सोउंत्ति संबंधो, 'अज्झयणं वावि' अज्झयणं–पाठो अविसद्दाओ वक्खाणं वावि जो कुणइ आणादिलंघणे णाणाइसाररहियस्स तस्स छलणा उ संसारेत्ति–णाणादिवेफल्लत्तणओ चेव गाथार्थः ॥१३२७॥ तत्राऽऽद्यद्वारावयवार्थप्रतिपादनायाह—

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** રાજાના સ્થાને તીર્થંકર જાણવા. પ્રજાના સ્થાને સાધુઓ, ઘોષણાના સ્થાને અસજ્ઝાયમાં સ્વાધ્યાયનો પ્રતિષેધ કરનાર સૂત્ર જાણવું. મ્લેચ્છના સ્થાને ધુમ્મસ વિગેરે અસ્વાધ્યાય જાણવા. રત્ન–ધન વિગેરેના સ્થાને જ્ઞાનાદિ જાણવા. (જેમ મ્લેચ્છોદ્વારા લોકો લૂંટાયા તેમ) ધુમ્મસ વિગેરે દ્વારા અવિધિ કરનારા સાધુના જ્ઞાનાદિ ચોરાય છે. ॥૧૩૨૬॥ ('कोई छलिओ पमाएणं' એ પ્રમાણે પૂર્વે ગા. ૧૩૨૪ માં જે કહ્યું હતું તેનું પ્રતિપાદન કરે છે ⇨)

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** પોરિસી પૂર્ણ થવામાં જયારે થોડો કાળ બાકી હોય ત્યારે અર્થાત્ કાળવેલા ચાલુ થાય ત્યારે 'કાળવેલા થઈ' એ પ્રમાણે સાંભળ્યા પછી પણ જે સાધુ ભણે, अपि શબ્દથી અથવા વ્યાખ્યાન કરે, તે સાધુ જ્ઞાનાદિના સારથી રહિત જાણવો અને તીર્થંકર વિગેરેની આજ્ઞા વિગેરેનું ઉલ્લંઘન થવાથી જ્ઞાનાદિના સારથી રહિત તે સાધુને દેવતા છલના કરે અને તેના જ્ઞાનાદિ નિષ્ફળ થવાથી સંસારમાં ભમે છે. ॥૧૩૨૭॥

**અવતરણિકા :** પ્રથમ **'સંયમઘાતક'** નામના પહેલા દ્વારનો અર્થ વિસ્તારથી પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

४. यथा राजा तथा तीर्थकरो यथा जानपदास्तथा साधवो यथा घोषणं तथा सूत्रं अस्वाध्यायिके स्वाध्यायप्रतिषेधकमिति, यथा म्लेच्छस्तथाऽस्वाध्यायो महिकादिः, यथा रत्नधनादि तथा ज्ञानादीनि महिकादिभिरविधिकारिणो ह्रियन्ते । स्तोकावशेषा पौरुषीति कालवेलेति यद्भणितं भवति, एवं श्रुत्वेतिसम्बन्धः, 'अध्ययनं वापि' अध्ययनं–पाठः अपिशब्दात् व्याख्यानं वापि यः करोति आज्ञाद्युल्लङ्घने ज्ञानादिसाररहितस्य तस्य छलना तु संसार इति ज्ञानादेर्वैफल्यादेव ।

महिया य भिन्नवासे सच्चित्तरए य संजमे तिविहं ।
दव्वे खित्ते काले जहियं वा जच्चिरं सव्वं ॥१३२८॥

व्याख्या–'महिय'त्ति धूमिगा 'भिन्नवासे य'त्ति बुद्बुदादौ 'सचित्तरए य'त्ति अरण्णे वाउद्धुयपुढविरए यत्ति भणियं होति, संजमेत्ति–संजमघाइयं एवं तिविहं होंति, इदं च 'दव्वे'त्ति तं चेव दव्वं महिगादि 'खेत्ते काले जहियं व'ति जहिं खेत्ते महिगादि पडइ जच्चिरंति–जच्चिरं कालं 'सव्वं'ति भावओ ठाणभासादि परिहरिज्जइ इति गाथासमुदायार्थः, अवयवार्थं तु भाष्यकारः स्वयमेव व्याचष्टे ॥१३२८॥

इह पञ्चविधासज्झाइयस्स किं★ कहं परिहरियव्वमिति ?, तप्पसाहगो इमो दिट्ठंतो—

दुग्गाइतोसियनिवो पंचण्हं देइ इच्छियपयारं ।
गहिए य देइ मुल्लं जणस्स आहारवत्थाई ॥१३२९॥

व्याख्या–एगस्स रण्णो पंच पुरिसा, ते बहुसमरलद्धविजया, अण्णया तेहिं अच्चंतविसमं

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : (૧) ધુમ્મસ, (૨) બુદ્બુદ્ વર્ષા વિગેરે, (૩) જંગલમાં પવનથી ઉડેલી પૃથ્વીકાયની સચિત્ત રજકણો. આ પ્રમાણે સંયમઘાતક ત્રણ પ્રકારનું છે. (આ ત્રણે પ્રકારના અસ્વાધ્યાયમાં દ્રવ્ય વિગેરેને આશ્રયીને ચાર પ્રકારે પરિહાર કરવાનો હોય છે. તેમાં) દ્રવ્યને આશ્રયીને તે જ ધુમ્મસ વિગેરે ત્રણ પ્રકારના દ્રવ્યનો ત્યાગ કરવો. (એટલે કે ધુમ્મસ વિગેરે પડે ત્યારે સ્વાધ્યાયનો પરિહાર કરવો.) ક્ષેત્ર–કાળને આશ્રયીને જે ક્ષેત્રમાં જેટલા કાળ સુધી ધુમ્મસ વિગેરે પડે તે ક્ષેત્રને તેટલા કાળ માટે છોડી દેવું. (અર્થાત્ કાં તો તે ક્ષેત્રને છોડવું, કાં તો તે ક્ષેત્રમાં તેટલા કાળ સુધી સ્વાધ્યાય છોડવો.) ભાવને આશ્રયીને (જો તે ક્ષેત્રમાં કારણથી રહેવાનું આવ્યું હોય તો) જેટલા કાળ માટે ધુમ્મસ વિગેરે પડે તેટલા કાળ દરમિયાન ભાવથી કાયોત્સર્ગ, વાતચીત વિગેરે બધી જ ચેષ્ટાઓ છોડી દેવી. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારથી અર્થ ભાષ્યકાર પોતે જ કહેશે. ॥૧૩૨૮॥

અવતરણિકા : આ પાંચ પ્રકારના અસ્વાધ્યાય હોય ત્યારે કંઈ વસ્તુનો કેવી રીતે ત્યાગ કરવો ? એને જણાવનાર દૃષ્ટાન્ત આ પ્રમાણે જાણવું ⇨

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : એક રાજા પાસે પાંચ પુરુષો હતા. તેઓએ ઘણા બધા યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. એકવાર પાંચ પુરુષોએ (શત્રુરાજાના) અત્યંત વિષમ એવા કિલ્લાને જીતી લીધો. તેથી તેમની

५. महिकेति धूमिका, भिन्नवर्षमिति बुद्बुदादौ सति, सचित्तं रज इति अरण्ये वातोद्धूतं पृथ्वीरज इति भणितं भवति, संयमेति–संयमघातकमेवं त्रिविधं भवति, इदं च द्रव्य इति तदेव द्रव्यं महिकादि क्षेत्रे काले यत्रैवेति–यत्र क्षेत्रे महिका पतति यावन्तं कालं ( वा पतति ) सर्वमिति भावतः स्थानभाषादि परिह्रियते । इह पञ्चविधास्वाध्यायिकस्य किं कथं परिहर्त्तव्यमिति ?, तत्प्रसाधकोऽयं दृष्टान्तः–एकस्य राज्ञः पञ्च पुरुषाः, ते बहुसमरलब्धविजयाः, अन्यदा तैरत्यन्तविषमो ★ 'तं' – पूर्वमुद्रिते प्रत्य. च ।

[६]दुग्गं गहियं, तेसिं तुट्ठो राया इच्छियं नगरे पयारं देइ, जं ते किंचि असणादिगं वत्थाइगं वा जणस्स गिण्हंति तस्स वेयणाइयं सव्वं राया पयच्छइ इति गाथार्थः ॥१३२९॥

एगेण तोसियतरो गिहमगिहे तस्स सव्वहिं वियरे ।
रत्थाईसु चउण्हं एवं पढमं तु सव्वत्थ ॥१३३०॥

व्याख्या–तेसिं पंचण्हं पुरिसाणं एगेण तोसिययरो तस्स गिहावणरत्थासु सव्वत्थ इच्छियपयारं पयच्छइ, जो एते दिण्णपयारे आसाएज्जा तस्स राया दंडं करेइ, एस दिट्ठंतो, इमो उवसंहारो–जहा पंच पुरिसा तहा पंचविहासज्झाइयं, जहा सो एगो अब्भहिततरो पुरिसो एवं पढमं संजमोवघाइयं +सव्वत्थ ठाणासणादिसु, तंमि वट्टमाणे ण सज्झाओ नेव पडिलेहणादिकावि चेट्ठा कीरइ, इयरेसु चउसु असज्झाइएसु जहा ते चउरो पुरिसा रत्थाइसु चेव अणासायणिज्जा तहा तेसु सज्जाओ चेव न कीरइ, सेसा सव्वा चेट्ठा कीरइ आवस्सगादि उक्कालियं पढिज्जइ ॥१३३०॥

ઉપર ખુશ થઈને રાજા તેમને નગરમાં ઇચ્છા પ્રમાણે હરવા–ફરવાની રજા આપે છે. તથા તે પાંચે જણા નગરના લોકો પાસેથી જે કંઈ પણ ખાવા–પીવાની વસ્તુ કે વસ્ત્ર વિગેરે ગ્રહણ કરે તેના પૈસા વિગેરે બધું રાજા આપે છે. ॥૧૩૨૯॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** તે પાંચ પુરુષોમાંથી એક પુરુષદ્વારા વધારે ખુશ થયેલો રાજા તે પુરુષને ઘર, દુકાન, શેરીઓમાં બધે ઇચ્છા પ્રમાણે હરવા–ફરવાની છૂટ આપે છે. છૂટ આપેલા આ લોકોની જેઓ આશાતના = હેરાન/નિષેધ કરે તેને રાજા દંડ કરે છે. આ દષ્ટાન્ત કહ્યું. તેનો ઉપસંહાર આ પ્રમાણે – જેમ તે પાંચ પુરુષો તેમ પાંચ પ્રકારનો અસ્વાધ્યાયયિકકાળ જાણવો. રાજાને વધારે ખુશ કરનાર પુરુષના સ્થાને સંયમઘાતકનામનું પ્રથમ અસ્વાધ્યાયિક જાણવું. કાયોત્સર્ગ, આસન વિગેરે સર્વમાં (આ પ્રથમ અસ્વાધ્યાયિકની આશાતના કરવી નહીં. અર્થાત્) આ પ્રથમ અસ્વાધ્યાય હોય ત્યારે સ્વાધ્યાય કે પ્રતિલેખન વિગેરે કોઈ ક્રિયા કરાતી નથી. તે સિવાયના ચાર અસ્વાધ્યાયકાળમાં અન્ય ચાર પુરુષો શેરી વિગેરેમાં જેમ અટકાવતા નથી તેમ તે ચાર કાળમાં સ્વાધ્યાય જ કરાતો નથી.

(આશય એ છે કે રાજાને વધારે ખુશ કરનાર પુરુષને રાજાએ ઘર, દુકાન, શેરી વિગેરે

६. दुर्गो गृहीतः, तेभ्यस्तुष्टो राजा ईप्सितं नगरे प्रचारं ददाति, यत्ते किञ्चिदशनादिकं वस्त्रादिकं वा जनस्य गृह्णन्ति तस्य वेतनादिकं सर्वं राजा प्रयच्छति । तेषां पञ्चानां पुरुषाणामेकेन तोषिततरः, तस्मै गृहापणरथ्यासु सर्वत्रेच्छितप्रचारं प्रयच्छति, य एतान् दत्तप्रचारान् आशातयेत् तस्य राजा दण्डं करोति, एष दृष्टान्तोऽयमुपसंहारः–यथा पञ्च पुरुषास्तथा पञ्चविधास्वाध्यायिकं, यथा स एकोऽभ्यधिकतरः पुरुष एवं प्रथमं संयमोपघातिकं सर्वत्र स्थानासनादिषु, तस्मिन् वर्त्तमाने न स्वाध्यायो नैव प्रतिलेखनादिकाऽपि चेष्टा क्रियते, इतरेषु चतुर्षु अस्वाध्यायिकेषु यथा ते चत्वारः पुरुषा रथ्यादिष्वेवानाशातनीयास्तथा तेषु स्वाध्याय एव न क्रियते शेषा सर्वा चेष्टा क्रियते आवश्यकादि उत्कालिकं पठ्यते । + 'सव्वं तत्थ ठाणासणादि'–पूर्वमुद्रिते ।

[७]महियाइतिविहस्स संजमोवघाइस्स इमं वक्खाणं—

**महिया उ गब्भमासे सच्चित्तरओ अ ईसिआयंबो ।**
**वासे तिन्नि पयारा बुब्बुअ तव्वज्ज फुसिए य ॥२११॥ ( भा० )**

व्याख्या—'महिय'त्ति धूमिया, सा य कत्तियमग्गसिराइसु गब्भमासेसु हवइ, सा य पडणसमकालं चेव सुहुमत्तणओ सव्वं आउक्कायभावियं करेति, तत्थ तत्कालसमं चेव सव्वचेट्ठा निरुंभंति, ववहारसच्चित्तो पुढविक्काओ आरण्णो वाउब्भूओ आगओ रओ भन्नइ, तस्स सचित्तलक्खणं वण्णओ ईसिं आयंबो दिसंतरे दीसइ, सोवि निरंतरपाएण तिण्हं—तिदिणाणं

બધે રજા આપી તેથી કોઈપણ તેની આશાતના કરી શકે નહીં એટલે કોઈ તેને અટકાવી શકે નહીં જ્યારે શેષ ચાર પુરુષોને રાજાએ ઘર, દુકાનમાં નહીં પરંતુ માત્ર શેરી વિગેરેમાં જ હરવા–ફરવા વિગેરેની છૂટ આપી હોવાથી શેરી વિગેરેમાં જ તે ચાર અનાશાતનીય હતા. તેની જેમ પ્રથમ અસ્વાધ્યાયકાળમાં સ્વાધ્યાય અને પ્રતિલેખનાદિ સર્વ ક્રિયાનો ત્યાગ કરવો. જ્યારે શેષ ચાર અસ્વાધ્યાયમાં માત્ર સ્વાધ્યાયનો જ ત્યાગ કરવો.) શેષ બધી ક્રિયા કરવામાં કોઈ વાંધો નથી. (સ્વાધ્યાયમાં પણ બધા સ્વાધ્યાયનો ત્યાગ કરવો એવું નહીં. તેમાં) આવશ્યકસૂત્ર વિગેરે ઉત્કાલિક ગ્રંથો ભણવામાં કોઈ વાંધો નથી. ॥૧૩૩૦॥

**અવતરણિકા :** ધુમ્મસ વિગેરે ત્રણ પ્રકારના સંયમઘાતક અસ્વાધ્યાયિકનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું ⇨

**ગાથાર્થ : ગર્ભમાસમાં ધુમ્મસ અને સચિત્તરજ તે કંઈક લાલ જાણવી. ભિન્નવર્ષા ત્રણ પ્રકારે – બુદ્બુદ, તદ્વર્જ અને સૂક્ષ્મકણિયાવાળી વર્ષા.**

**ટીકાર્થ :** (૧) મહિકા એટલે ધુમ્મસ. અને તે કાર્તિક–માગશર વિગેરે ગર્ભમાસમાં થાય છે. (गर्भमासो नाम कार्तिकादिर्यावत् माघमासरिति प्रवच. सारो. કાર્તિકથી મહા સુધીના મહિનાઓમાં ધુમ્મસનો ગર્ભ રહેતો હોવાથી તે મહિનાઓને ગર્ભમાસ કહેવાય છે.) આ ધુમ્મસ પડતાની સાથે પોતે સૂક્ષ્મ હોવાથી ચારે બાજુ બધી વસ્તુને અપ્કાયથી યુક્ત કરે છે. તે વખતે સાધુઓ તે જ સમયે ઉઠવા–બેસવા–હરવા–ફરવા વિગેરે બધી જ ક્રિયાઓ બંધ કરે છે. (૨) જંગલમાંથી પવનથી પ્રેરાઈને આ બાજુ આવેલા વ્યવહારથી સચિત્ત એવા પૃથ્વીકાયના રજકણોને સચિત્તરજ કહેવાય છે. તેનું સચિત્ત હોવાનું લક્ષણ એ છે કે દિશાઓમાં કંઈક લાલાશ દેખાય. તે સચિત્તરજ પણ જો સતત પડતી રહે તો ત્રણ દિવસ પછી બધી જ વસ્તુને પૃથ્વીકાયથી યુક્ત કરે છે. તે સમયે ઉત્પાત (=ધૂળની વૃષ્ટિવિગેરેરૂપ ઉત્પાત કે જે કુદરતી રીતે થાય તે) થયો હોવાની શંકાનો સંભવ છે.

७. महिकादित्रिविधस्य संयमोपघातिकस्येदं व्याख्यानं—महिकेति धूमिका, सा च कार्त्तिकमार्गशिरादिषु गर्भमासेषु भवति, सा च पतनसमकालमेव सूक्ष्मत्वात् सर्वमप्कायभावितं करोति, तत्र तत्कालसमयमेव सर्वा चेष्टां निरुणद्धि, व्यवहारसचित्तः पृथ्वीकाय आरण्यं वायूद्धूतं आगतं रजो भण्यते, तस्य सचित्तलक्षणं वर्णत ईषदाताम्रं दिगन्तरे दृश्यते, तदपि निरन्तरपातेन त्रिदिन्याः

परओ सव्वं पुढवीकायभावियं करेति, तत्रोत्पातशङ्कासंभवश्च । भिन्नवासं तिविहं–बुद्बुदादि, जत्थ वासे पडमाणे उदगे बुद्बुदा भवन्ति तं बुद्बुयवरिसं, तेहिं वज्जियं तव्वज्जं तव्वज्जं, सुहुमफुसारेहिं पडमाणेहिं फुसियवरिसं, एतेसु जहासंखं तिण्हपंचसत्तदिणपरओ सव्वं आउकायभावियं भवइ ॥२१९॥ संजमघायस्स सव्वभेदाणं इमो चउव्विहो परिहारो–'दव्वे खेत्ते' पच्छर्द्धं, अस्य व्याख्या—

दव्वे तं चिय दव्वं △खेत्ते तु जहिं पडई जच्चिरं कालं ।
★ठाणाभासइ भावे +मुत्तुं उस्सासउम्मेसे ॥२२०॥ ( भा० )

अस्य व्याख्या–दव्वओ तं चेव दव्वं महिया सच्चित्तरओ भिण्णवासं वा परिहरिज्जइ । 'खेत्ते जहिं पडइत्ति'–जहिं खेत्ते तं महियाइ पडइ तहिं चेव परिहरिज्जइ, 'जच्चिरं काल'न्ति पडणकालाओ आरब्भ जच्चिरं कालं पडति '★ठाणभासाइ भावे'त्ति भावओ 'ठाणे'त्ति काउस्सग्गं

(૩) ભિન્નવર્ષા ત્રણ પ્રકારે છે. બુદ્‌બુદ્‌, તદ્‌વર્જ અને ફૂસિત. (A) જે વરસાદ પડતા પાણીમાં પરપોટા ઉત્પન્ન થાય તે બુદ્‌બુદ્‌વર્ષા. (B) પરપોટા ન થાય તેવો સામાન્ય વરસાદ તે તદ્‌વર્જ. અને (C) સૂક્ષ્મ કણિયારૂપે જે વરસાદ પડે તે ફૂસિત કહેવાય છે. બુદ્‌બુદ્‌વર્ષા ત્રણ દિવસ પછી, તદ્‌વર્જવર્ષા પાંચ દિવસ પછી અને ફૂસિતવર્ષા સાત દિવસ પછી સર્વ વસ્તુને અપ્કાયથી યુક્ત કરે છે. ॥ભા.–૨૧૯॥

**અવતરણિકા :** સંયમઘાતકના સર્વભેદોનો આ ચાર પ્રકારે પરિત્યાગ જાણવો. 'दव्वे-खेत्ते' (ગા. ૧૩૨૮ માં આપેલ) પશ્ચાર્ધની વ્યાખ્યા ➪

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** દ્રવ્યથી તે જ ધુમ્મસ, સચિત્તરજ અથવા ભિન્નવર્ષારૂપ દ્રવ્યનો ત્યાગ કરવો. (અર્થાત્ ધુમ્મસાદિ પડે ત્યારે સ્વાધ્યાય વિગેરેનો ત્યાગ કરવો.) જે ક્ષેત્રમાં ધુમ્મસ પડતું હોય તે ક્ષેત્રમાં (સ્વાધ્યાય વિગેરેનો) ત્યાગ કરવો. પડવાની શરૂઆતથી લઈને તે ધુમ્મસ જ્યાં સુધી પડતું હોય ત્યાં સુધી તે કાળનો ત્યાગ કરવો. (અર્થાત્ તેટલા કાળ દરમિયાન સ્વાધ્યાય વિગેરે કરવા નહીં.) ભાવથી – શ્વાસોચ્છ્‌વાસ, આંખના પલકારાને છોડીને સ્થાન, ભાષા વિગેરેનો ત્યાગ કરે. અહીં

૮. परतः सर्वं पृथ्वीकायभावितं करोति । भिन्नवर्षः त्रिविधः, यत्र वर्षे पतति उदके बुद्बुदा भवन्ति स बुद्बुदवर्षः, तैर्वर्जितः तद्वर्जः, सूक्ष्मैर्बिन्दुभिः पतद्भिः बिन्दुवर्षः । एतेषु यथासंख्यं त्रिपञ्चसप्तदिनेभ्यः परतः सर्वं अप्कायभावितं भवति, संयमघातकानां सर्वभेदानामयं चतुर्विधः परिहारः– द्रव्यतस्तदेव द्रव्यं महिका सचित्तरजो भिन्नवर्षो वा परिह्रियते, 'क्षेत्रे यत्र पतति'–यत्र क्षेत्रे तत् महिकादि पतति तत्रैव परिह्रियते, यावच्चिरं कालमिति पतनकालादारभ्य यावच्चिरं कालं पतति, 'स्थानभाषादि भाव' इति भावतः स्थानमिति कायोत्सर्गं △ 'खित्ते जहियं तु जच्चिरं कालं'–पूर्वमुद्रिते ★ 'ठाणाइभास'– पूर्वमुद्रिते + "मोत्तुं उस्सासउम्मेसं" इति पाठान्तरं ।

[1]न करेंति, न य भासंति, आइसद्दाओ गमणागमणपडिलेहणसज्झायादि न करेंति, 'मोत्तुं उस्सासउम्मेसे'त्ति 'मोत्तुं' ति ण पडिसिज्झंति उस्सासादिया, अशक्यत्वात् जीवितव्याघातकत्वाच्च, शेषाः क्रियाः सर्वा निषिध्यन्ते, एस उस्सग्गपरिहारो, आइण्णं पुण सच्चित्तरए तिण्णि भिण्णवासे तिण्णि पंच सत्त अहोरत्ता, अओ परं सज्झायादि सव्वं न करेंति, अण्णे भणंति—बुब्बुयवरिसे अहोरत्तं, △तव्वज्जे दो अहोरत्ता फुसियवरिसे सत्त, अओ परं आउक्कायभाविए सव्वा चेट्ठा निरूभंतित्ति गाथार्थः ॥२२०॥ कहं ? –

**वासत्ताणावरिया निक्कारण ठंति कज्जि जयणाए।**

**★हत्थऽच्छिंगुलिसन्ना पोत्तावरिया व भासंति ॥१३३१॥**

**व्याख्या—निक्कारणे वासाकप्पकंबलीए पाउया निहुया सव्वब्भंतरे चिट्ठंति, अवस्सकायव्वे वत्तव्वे वा कज्जे इमा जयणा—हत्थेण भमुहादिअच्छिवियारेण वा अंगुलीए वा सन्नत्ति—इमं**

સ્થાન એટલે કાયોત્સર્ગ કરે નહીં, વાતચીત કરે નહીં. 'આદિ' શબ્દથી જવું–આવવું, પ્રતિલેખન, સ્વાધ્યાય વિગેરે ક્રિયાઓ કરે નહીં. શ્વાસોચ્છ્વાસ વિગેરેનો નિષેધ નથી, કારણ કે શ્વાસોચ્છ્વાસ વિગેરેને રોકવા અશક્ય છે અને તેઓનો નિરોધ જીવનનો વિઘાતક છે. તે સિવાયની શેષ સર્વ ક્રિયાઓનો નિષેધ જાણવો. આ પરિત્યાગ ઉત્સર્ગમાર્ગે જાણવો.

આચરણા એટલી છે કે – સચિત્તરજ હોય ત્યારે ત્રણ અહોરાત્ર, ભિન્નમાસમાં (=બુદ્બુદ્ વિગેરે હોય ત્યારે અનુક્રમે) ત્રણ, પાંચ અને સાત અહોરાત્ર પછી સ્વાધ્યાય વિગેરે બધી ક્રિયા કરે નહીં. કેટલાક આચાર્ય એમ કહે છે કે – બુદ્બુદ્ વર્ષા હોય ત્યારે એક અહોરાત્ર, તદ્વર્જમાં બે અહોરાત્ર અને ફૂસિતવર્ષામાં સાત અહોરાત્ર પછી બધું અપ્કાયથી ભાવિત થવાથી બધી જ ક્રિયાઓ અટકાવી દે. ॥ભા.–૨૨૦॥ કેવી રીતે બધી ચેષ્ટાઓને અટકાવે ? તે કહે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જો કોઈ કારણ ન હોય તો મોટા કંબળ જેવી કાંબળીને પહેરીને અંગોપાંગ સંકોચી રાખીને સર્વ અભ્યંતર (= ઓરડામાં પણ ઓરડો હોય એવા) ક્ષેત્રમાં રહે. પરંતુ જો અવશ્યકર્તવ્ય કાર્ય આવી પડે અથવા અવશ્ય કાર્ય બોલવું જ પડે એવું હોય ત્યારે આ પ્રમાણે જયણા કરે કે હાથથી અથવા ભ્રકુટી વિગેરે આંખના વિકારોદ્વારા અથવા આંગળીવડે ઇશારો કરે કે – "આ

१. न कुर्वन्ति न च भाषन्ते, आदिशब्दात् गमनागमनप्रतिलेखनास्वाध्यायादि न कुर्वन्ति, मुक्त्वोच्छ्वासोन्मेषानिति मुक्त्वेति न प्रतिषिध्यन्ते उच्छ्वासादयः। एष उत्सर्गपरिहारः, आचरणा पुनः सचित्तरजसि त्रीणि भिन्नवर्षे त्रीणि पञ्च सप्त अहोरात्राः, अतः परं स्वाध्यायादि सर्वं न कुर्वन्ति, अन्ये भणन्ति—बुद्बुदवर्षे अहोरात्रः तद्वर्जे द्वौ अहोरात्रौ बिन्दुवर्षे सप्त, अतः परमप्कायभावितत्वात् सर्वाश्चेष्टा निरुणद्धि। कथं। निष्कारणे वर्षाकल्पकम्बलेन प्रावृता निभृताः सर्वाभ्यन्तरे तिष्ठन्ति, अवश्यकर्त्तव्ये अवश्यवक्तव्ये वा कार्ये इयं यतना—हस्तेन भ्रकुट्याद्यक्षिविकारेण वाङ्गुल्या वा संज्ञयन्ति—इदं △ 'बुब्बुयवज्जिए य अहोरत्ता पंच' – पूर्वमुद्रिते। ★ हत्थत्थंगु. – पूर्वमुद्रिते।

[१०]करेहि मा वा करेहित्ति, अह एवं णावगच्छइ, मुहपोत्तीयअंतरियाए जयणाए भासंति, गिलाणादिकज्जे वासाकप्पपाउया गच्छंतित्ति गाथार्थः ॥१३३१॥ संजमघाएत्ति दारं गयं । इयाणिं उप्पाएत्ति, तत्थ—

**पंसू य मंसरुहिरे केससिलावुट्ठि तह रउग्घाए ।**
**मंसरुहिरे अहोरत्त अवसेसे जच्चिरं सुत्तं ॥१३३२॥**

व्याख्या—धूलीवरिसं मंसवरिसं रुहिरवरिसं 'केस'त्ति वालवरिसं करगादिसिलावरिसं रयुग्घायपडणं च, एएसिं इमो परिहारो—मंसरुहिरे अहोरत्तं सज्झाओ न कीरइ, अवसेसा पंसुमाइया जच्चिरं कालं पडंति तत्तियं कालं सुत्तं नंदिमाइयं न पढंतित्ति गाथार्थः ॥१३३२॥

पंसुरयुग्घायाण इमं वक्खाणं—

**पंसू अच्चित्तरओ रयस्सिलाओ दिसा रउग्घाओ ।**
**तत्थ सवाए निव्वाए य सुत्तं परिहरंति ॥१३३३॥**

---

પ્રમાણે કર અથવા આ પ્રમાણે કર નહીં." ઇશારાથી જો ન સમજે તો, મોં આગળ મુહપત્તિ રાખીને જયણાપૂર્વક બોલે. ગ્લાન વિગેરે સંબંધી કોઈ કાર્ય આવી પડે તો વર્ષાકલ્પને (= જાડી કાંબળીને) પહેરીને જાય. 'સંયમઘાતક' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૩૧॥

અવતરણિકા : હવે 'ઉત્પાત' દ્વારનું વર્ણન કરે છે. તેમાં ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (પાંશુ = ધૂળ) ધૂળની વર્ષા, માંસના ટુકડા પડે, લોહીના ટીપાં પડે, વાળની વૃષ્ટિ થાય, કરા વિગેરેરૂપ શિલાની વૃષ્ટિ થાય (અર્થાત્ પથ્થર જેવા કઠીન કરા વિગેરે પડે.) રજોદ્ઘાત પડે (આ બધા ઉત્પાતના પ્રકારો છે.) આ બધા હોય ત્યારે આ પ્રમાણેનો ત્યાગ કરવો – માંસ અને લોહીની વર્ષા થાય તો એક અહોરાત્ર સ્વાધ્યાય કરે નહીં. બાકીના પાંશુવર્ષા વિગેરેમાં તે જ્યાં સુધી પડે ત્યાં સુધી નંદી વિગેરે સૂત્રો ભણે નહીં. ॥૧૩૩૨॥

અવતરણિકા : પાંશુ અને રજોદ્ઘાતનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું ➪

**ગાથાર્થ : પાંશુ એટલે અચિત્તરજ, રજસ્વલા=ધૂળવાળી દિશાઓ થાય એ રીતનો રજકણોનો પાત તે રજોદ્ઘાત કહેવાય છે. તેમાં આ પાંશુ વિગેરે પવન સહિત હોય કે પવન વિના હોય સૂત્રપૌરુષિનો ત્યાગ કરે.**

---

१०. कुरु मा वा कुर्विति, अथैवं नावगच्छति मुखवस्त्रिकयाऽन्तरितया यतनया भाषन्ते, ग्लानादिकार्ये वर्षाकल्पप्रावृता गच्छन्तीति । संयमघातक इति द्वारं गतं । इदानीमौत्पातिकमिति, तत्र धूलिवर्षो मांसवर्षो रुधिरवर्षः केशेति वालवर्षः करकादिशिलावर्षः रजउद्घातपतनं च, एतेषामयं परिहारः मांसरुधिरयोरहोरात्रं स्वाध्यायो न क्रियते, अवशेषाः पांश्वादिका यावच्चिरं कालं पतन्ति तावन्तं कालं सूत्रं—नन्द्यादिकं न पठन्तीति । पांशुरजउद्घातयोरिदं व्याख्यानं—

व्याख्या—[११]धूमागारो आपंडुरो रओ अच्चित्तो य पंसू भणइ, महास्कन्धावारगमनसमुद्भूत इव विश्रसापरिणामतः समन्ताद्रेणुपतनं रजउद्घातो भण्यते, अहवा एस रओ उग्घाउ पुण पंसुरिया भण्णइ । एएसु वायसहिएसु निव्वाएसु वा सुत्तपोरिसिं न करेंतित्ति गाथार्थः ॥१३३३॥ किं चान्यत्—

**साभाविय तिन्नि दिणा सुगिम्हए निक्खिवंति जइ जोगं ।**
**तो तंमि पडंतंमी करंति संवच्छरज्झायं ॥१३३४॥**

व्याख्या—एए पंसुरउग्घाया साभाविया हवेज्जा असाभाविया वा, तत्थ असाभाविया जे णिग्घायभूमिकंपचंदोपरागादिदिव्वसहिया, एरिसेसु असाभाविएसु कएवि उस्सग्गे न करेंति सज्झायं, 'सुगिम्हए'त्ति जदि पुण चित्तसुद्धपक्खदसमीए अवरण्हे जोगं निक्खिवंति दसमीओ परेण जाव पुण्णिमा एत्थंतरे तिण्णि दिणा उवरुवरिं अचित्तरउग्घाडावणं काउस्सग्गं करेंति तेरसिमादीसु वा तिसु दिणेसु तो साभाविगे पडंतेऽवि संवच्छरं सज्झायं करेंति, अह उस्सग्गं न करेंति तो

**ટીકાર્થ :** ધૂમાડાના આકારવાળી કંઈક સફેદ અને અચિત્ત એવી રજ તે પાંશુ કહેવાય છે. તથા રાજાના મોટા સૈન્યના પસાર થવાથી ઉડતી ધૂળ જેવી કુદરતી રીતે ચારે બાજુથી જે રજ પડે તે રજોદ્ઘાત કહેવાય છે. અથવા આને રજ જાણવી. ઉદ્ઘાત એટલે ધૂમાડા જેવી સફેદ રજકણો (=?) આ પાંશુ વિગેરે પવનસહિત હોય કે પવન વિના હોય સૂત્રપોરિસીનો ત્યાગ કરે. ॥૧૩૩૩॥ વળી બીજું ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ પાંશુ અને રજોદ્ઘાત સ્વાભાવિક અથવા અસ્વાભાવિક હોય છે. તેમાં જે પાંશુ–રજોદ્ઘાત ગર્જના, ભૂમિકંપ, ચન્દ્રગ્રહણ વિગેરે દિવ્ય સહિત હોય તે અસ્વાભાવિક જાણવા. આ અસ્વાભાવિક પાંશુ – રજોદ્ઘાત હોય ત્યારે અચિત્તરજનો કાયોત્સર્ગ કર્યો હોવા છતાં સાધુઓ સ્વાધ્યાય કરે નહીં. ગ્રીષ્મઋતુમાં ચૈત્ર સુદદશમીની સાંજે જો યોગનો નિક્ષેપ કરે. (હવે આ જ પંક્તિનો વિસ્તારથી અર્થ કરે છે કે) દશમથી લઈને પુનમ સુધીમાં કોઈપણ ત્રણ દિવસ સતત અચિત્તરજ દૂર કરવા માટે (યોગનો નિક્ષેપ કરે =) કાયોત્સર્ગ કરે તો અથવા તેરસ વિગેરે ત્રણ દિવસ દરમિયાન કાયોત્સર્ગ કરે તો સ્વાભાવિક એવા પાંશુ–રજોદ્ઘાત પડવા છતાં એક વર્ષ સુધી (= આવતી ચૈત્રસુદ દશમ સુધી) સ્વાધ્યાય સાધુઓ કરી શકે છે. પરંતુ જો કાયોત્સર્ગ કર્યો નથી

---

११. धूमाकार आपाण्डुश्च रजः अचित्तश्च पांशुर्भण्यते अथवैष रज उद्घातस्तु पुनः पांशुरिका भण्यते, एतेषु वातसहितेषु निवातेषु वा सूत्रपौरुषीं न करोतीति । एतौ पांसुरजउद्घातौ स्वाभाविकौ भवेतामस्वाभाविकौ वा, तत्रास्वाभाविकौ यौ निर्घातभूमिकम्पचन्द्रोपरागादिदिव्यसहितौ, ईदृशयोरस्वाभाविकयोः कृतेऽपि कायोत्सर्गे न कुर्वन्ति स्वाध्यायं, सुग्रीष्मक इति यदि पुनश्चैत्रशुद्धपक्षदशम्या अपराह्ने योगं निक्षिपन्ति दशमीतः परतः यावत् पूर्णिमा अत्रान्तरे त्रीन् दिवसान् उपर्युपरि अचित्तरजउद्घातनार्थं कायोत्सर्गं कुर्वन्ति त्रयोदश्यादिषु वा त्रिषु दिवसेषु तदा स्वाभाविकयोः पततोरपि संवत्सरं स्वाध्यायं कुर्वन्ति, अथोत्सर्गं न कुर्वन्ति तदा

[१२]सोभाविए य पडंते सज्झायं न करेंति त्ति गाथार्थः ॥१३३४॥ उप्पाएत्ति गयं, इदाणिं सादिव्वेति दारं तत्थ य—

**गंधव्वदिसाविज्जुक्कगज्जिए जूअजक्खआलित्ते ।**
**इक्किक्क पोरिसी गज्जियं तु दो पोरसी हणइ ॥१३३५॥**

अस्य व्याख्या—गंधर्वनगरविउव्वणं, दिसादाहकरणं विज्जुभवणं उक्कापडणं गज्जियकरणं, जूवगो वक्खमाणलक्खणो, जक्खालित्तं—जक्खुद्दित्तं आगासे भवइ । एत्थ गंधव्वनगरं जक्खुद्दित्तं च एए नियमा दिव्वकया, सेसा भयणिज्जा, जओ फुडं न नज्जंति तेण तेसिं परिहारो, एए पुण गंधव्वाइया सव्वे एक्केक्कं पोरिसिं उवहणंति, गज्जियं तु दो पोरिसीउ उवहणतित्ति गाथार्थः ॥१३३५॥

**दिसिदाह छिन्नमूलो उक्क सरेहा पगासजुत्ता वा ।**
**संझाछेयावरणो उ जूवओ सुक्कि दिण तिन्नि ॥१३३६॥**

अस्य व्याख्या – अन्यतमदिगन्तरविभागे महानगरप्रदीप्तमिवोद्योतः किन्तूपरि प्रकाशो

---

તો સ્વાભાવિક પાંશુ–રજોદ્ઘાત પડે ત્યારે સ્વાધ્યાય થાય નહીં. 'ઉત્પાત' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૩૪॥

**અવતરણિકા :** હવે **'સાદિવ્ય'** દ્વાર જણાવે છે. તેમાં ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ગંધર્વનગરની (ચક્રવર્તી વિગેરેના નગરના ઉત્પાતને સૂચવનાર સંધ્યા સમયે તે–તે નગર ઉપર કિલ્લા, ઝરૂખો વિગેરે આકારોવાળું બીજું નગર દેખાય તે ગંધર્વનગર કહેવાય. તેની) વિકુર્વા, દિશાઓમાં દાહનું કરણ, વીજળી થવી, ઉલ્કાપાત, ગર્જનાનું કરણ, આગળ કહેવાતા સ્વરૂપવાળો યૂપક, યક્ષાલિપ્ત એટલે કે યક્ષાદિપ્ત (એટલે કોઇ એક દિશામાં આંતરે-આંતરે વીજળી જેવો જે પ્રકાશ દેખાય તે.) આ યક્ષાદિપ્ત આકાશમાં થાય છે. અહીં ગંધર્વનગર અને યક્ષાદિપ્ત આ બંને નિયમથી દેવકૃત હોય છે. શેષ દેવકૃત હોય અથવા સ્વાભાવિક પણ થયા હોય. (જો દેવકૃત ન હોય તો સ્વાધ્યાય થઇ શકે.) પરંતુ તે દેવકૃત છે કે નહીં ? એનો સ્પષ્ટ ખ્યાલ ન આવવાથી દિગ્દાહ વિગેરે બધાનો પરિત્યાગ થાય છે (એટલે કે એ વખતે સ્વાધ્યાય કરાતો નથી.) આ ગંધર્વનગર વિગેરે બધા એક પ્રહર અસજ્ઝાય કરે છે. ગર્જના બે પ્રહર સુધી અસજ્ઝાય કરે છે. ॥૧૩૩૫॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (અહીં દિગ્દાહ વિગેરેનું સ્વરૂપ જણાવે છે.) કોઈ એક દિશાના અમુક વિભાગમાં

---

१२. स्वाभाविके पतति स्वाध्यायं न करोति । औत्पातिकमिति गतं, इदानीं सादिव्यमिति द्वारं, तत्र च गन्धर्वनगरविकुर्वणं दिग्दाहकरणं विद्युद्भवनं उल्कापतनं गर्जितकरणं यूपको—वक्ष्यमाणलक्षणः यक्षादीप्तं—यक्षोद्दीप्तमाकाशे भवति, तत्र गन्धर्वनगरं यक्षोद्दीप्तं च एते नियमात् देवकृते, शेषाणि भजनीयानि, यतः स्फुटं न ज्ञायन्ते तेन तेषां परिहारः । एते गान्धर्वादिकाः पुनः सर्वे एकैकां पौरुषीमुपघ्नन्ति, गर्जितं तु द्वे पौरुष्यावुपहन्तीति,

अधस्तादन्धकारः ईदृक् छिन्नमूलो दिग्दाहः, [१३]उक्कालक्खणं–सदेहवण्णं रेहं करेंती जा पडइ सा उक्का, रेहविरहिया वा उज्जोयं करेंती पडइ सावि उक्का । जूवगो'त्ति संझप्पहा चंदप्पहा य जेणं जुगवं भवंति तेण जूवगो, सा य संझप्पहा ते चंदप्पभावरिया फिट्टंती न नज्जइ सुक्कपक्खपडिवगादिसु दिणेसु, संझाछेएय अणज्जमाणे कालवेलं न मुणंति तओ ते तिन्नि दिणे पाउसियं कालं न गेण्हंति–तेसु तिसु दिणेसु पाउसियसुत्तपोरिसिं न करेंति त्ति गाथार्थः ॥१३३६॥

**केसिंचि हुंतिऽमोहा उ जूवओ ता य हुंति आइन्ना ।**
**जेसिं तु अणाइन्ना तेसिं किर पोरिसी तिन्नि ॥१३३७॥**

**व्याख्या–जगस्स सुभासुभकम्मनिमित्तुप्पाओ अमोहो आइच्चकिरणविकारजणिओ,**

મહાનગરના બળવા જેવો પ્રકાશ થાય. પરંતુ ઉપરના ભાગમાં પ્રકાશ દેખાય જ્યારે નીચેના ભાગમાં અંધારું દેખાય. આવા પ્રકારની અવસ્થાને છેદાયેલા મૂળવાળો દિગ્દાહ કહેવાય છે. ઉલ્કાનું લક્ષણ આ પ્રમાણે કે – પોતાના જેવી વર્ણવાળી રેખાને કરતી જે પડે તે ઉલ્કા અથવા વર્ણવાળી રેખા વિના પ્રકાશ કરતી જે પડે તે ઉલ્કા કહેવાય છે. સંધ્યાની પ્રભા અને ચન્દ્રની પ્રભા જે કારણથી એક સાથે થાય છે તે કારણથી યૂપક કહેવાય છે. (આશય એ છે કે – શુક્લપક્ષના પ્રથમ ત્રણ દિવસ સુધી (પ્રવ. સારો. વિગેરેના મતે બીજ-ત્રીજ-ચોથ સુધી) સંધ્યાછેદ = સંધ્યાનો વિભાગ ચંદ્રની પ્રભાથી આવરણ કરાય છે. તેથી ચંદ્ર સંધ્યાછેદનો આવરણ કરનારો બને છે. આ સંધ્યાછેદનો આવરણ કરનાર ચંદ્ર યૂપક કહેવાય છે. આ યૂપકને કારણે) તે સંધ્યાપ્રભા ચંદ્રપ્રભાથી આવરિત હોવાથી સંધ્યાનો સમય ક્યારે પૂર્ણ થયો ? તેનો ખ્યાલ આવતો નથી. અને સંધ્યા દૂર થતી દેખાતી ન હોવાથી સમય પણ જણાતો નથી. તેથી તે ત્રણ દિવસોમાં સાંજનું કાલગ્રહણ લેવાતું નથી અને તેને કારણે સાંજની સૂત્રપોરિસી સાધુઓ કરતા નથી. ॥૧૩૩૬॥

**ગાથાર્થ : કેટલાકોના મતે અમોઘરૂપ યૂપક થાય છે. આ યૂપકો આચીર્ણ છે એટલે કે આ યૂપકો હોય ત્યારે સ્વાધ્યાય છોડાતો નથી. જે આચાર્યોના મતે આ યૂપકો અનાચીર્ણ છે, તેમના મતે આ યૂપક હોય ત્યારે ત્રણ પ્રહરની (સુદ ૧,૨,૩ના એક-એક પ્રહરની) અસજ્ઝાય જાણવી.**

***ટીકાર્થ*** : જગતના શુભાશુભ કાર્ય થવામાં જેનો ઉત્પાદ કારણ છે (અર્થાત્ જેની ઉત્પત્તિ જગતમાં શુભાશુભ કાર્યની સૂચક છે) તે અમોઘ કહેવાય છે. તે યૂપક સૂર્યના કિરણોનાં થતાં ફેરફારોથી ઉત્પન્ન થાય છે. સૂર્યના ઉદય અને અસ્તસમયે લાલાશ પડતો અથવા કાળો-શ્યામ,

१३. उल्कालक्षणं–स्वदेहवर्णां रेखां कुर्वन्ती या पतति सोल्का रेखाविरहिता वोद्योतं कुर्वन्ती पतति साप्युल्का । यूपक इति सन्ध्याप्रभा चन्द्रप्रभा च येन युगपद् भवतस्तेन यूपकः सा च सन्ध्याप्रभा चन्द्रप्रभावृता गच्छन्ती न ज्ञायते शुक्लपक्षप्रतिपदादिषु दिनेषु, सन्ध्याच्छेदे चाज्ञायमाने कालवेलां न जानन्ति ततस्तान्त्रीन् दिवसान् प्रादोषिकं कालं न गृह्णन्ति, तेषु त्रिषु दिवसेषु प्रादोषिकसूत्रपौरुषीं न कुर्वन्तीति । जगतः शुभाशुभकर्मनिमितोत्पातोऽमोघः, आदित्यकिरणविकारजनितः

[१४] आइच्चमुदयत्थमे आयंबो किण्हसामो वा सगडुद्धिसंठिओ दंडो अमोहत्ति स एव जूवगो, सेसं कंठं ॥१३३७॥ किं चान्यत्—

चंदिमसूरुवरागे निग्घाए गुंजिए अहोरत्तं ।
संझा चउ पाडिवए जं जहि सुगिम्हए नियमा ॥१३३८॥

अस्या व्याख्या – चंदसूरूवरागो गहणं भन्नइ, एयं वक्खमाणं, साभ्रे निरभ्रे वा गगने व्यन्तरकृतो महागर्जितसमो ध्वनिनिर्घातः, तस्यैव विकारो गुञ्जावद्गुञ्जमानो, महाध्वनिर्गुञ्जितम् । सामण्णओ एएसु चउसुवि अहोरत्तं सज्झाओ न कीरइ, निग्घायगुंजिएसु विसेसो—बितियदिणे जाव सा वेलत्ति णो अहोरत्तछेएण छिज्जइ जहा अन्नेसु असज्झाइएसु, 'संझा चउ'त्ति अणुदिए सूरिए मज्झण्हे अत्थमणे अड्ढरत्ते य, एयासु चउसु सज्झायं न करेंति पुव्वुत्तं, 'पाडिवए'त्ति

ગાડાંની ધુંસરી જેવા આકારવાળો અમોઘ એવો દંડ તે જ યૂપક તરીકે જાણવો. (અર્થાત્ આકાશમાં જેમ ઇન્દ્રધનુષ વિગેરેની રચના થાય છે તેમ આવા પ્રકારની રચના તે યૂપક છે અને તે અમુક વર્ણ વિ. વાળું હોય તો શુભસૂચક અને અમુક વર્ણ વિ. વાળું હોય તો અશુભસૂચક હોય છે.) શેષ મૂળસૂત્રનો અર્થ સ્પષ્ટ જ છે. ॥૧૩૩૭॥ વળી બીજું ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ચન્દ્ર અને સૂર્યનો ઉપરાગ તે ગ્રહણ કહેવાય છે. આ સંબંધી વાત આગળ (ગા. ૧૩૪૩ માં) કહેશે. વાદળોવાળા કે વાદળો વિનાના આકાશમાં વ્યંતરદ્વારા કરાયેલો મહાગર્જના સમાન જે અવાજ તે નિર્ઘાત કહેવાય છે. તેનો જ એક પ્રકારનો પરિણામ કે જે ગુંજાની (= અવાજ કરતા એક પ્રકારના વાયુની) જેમ અવાજ કરતો મોટો શબ્દ તે ગુંજિત કહેવાય છે. સામાન્યથી ચન્દ્રગ્રહણ, સૂર્યગ્રહણ, નિર્ઘાત અને ગુંજિત આ ચારે હોય ત્યારે એક અહોરાત્ર સ્વાધ્યાય કરાતો નથી. નિર્ઘાત અને ગુંજિતમાં આટલો વિશેષ ભેદ છે કે જેમ બીજા કોઈ પ્રકારના અસજ્ઝાયમાં બીજા દિવસે સૂર્યોદય થાય એટલે અહોરાત્ર પૂર્ણ થયું કહેવાય, તેમ આ બે અસજ્ઝાયમાં બીજા દિવસના સૂર્યોદયે અહોરાત્રના છેદદ્વારા=પૂર્ણાહૂતિદ્વારા અસજ્ઝાયની પૂર્ણાહુતિ થતી નથી. પરંતુ આગલા દિવસે જે સમયે આ બે અસજ્ઝાય થઈ તે સમયથી લઈને બીજા દિવસે તેટલા જ સમયે (= બરાબર ૮ પ્રહરે) અસજ્ઝાય પૂર્ણ થાય છે.

ચાર સંધ્યા એટલે કે સૂર્યોદય પહેલાં, મધ્યાહ્ન સમયે, સૂર્યાસ્તસમયે અને અડધી રાતે. આ ચાર કાળે સાધુઓ પૂર્વે કહેવાયેલ સ્વાધ્યાય કરે નહીં. ચાર મહામહોત્સવની ચાર એકમે (કઈ

१४. आदित्योद्गमनास्तगमने आताम्रः कृष्णश्यामो वा शकटोर्द्धिसंस्थितो दण्डोऽमोघ इति स एव यूपक इति, शेषं कण्ठ्यं । चन्द्रसूर्योपरागो ग्रहणं भण्यते, एतत् वक्ष्यमाणं, सामान्यत एतेषु चतुर्ष्वपि अहोरात्रं स्वाध्यायो न क्रियते, निर्घातगुञ्जितयोर्विशेषः—द्वितीयदिने यावत् सा वेलेति नाहोरात्रच्छेदेन छिद्यते यथाऽन्येष्वस्वाध्यायिकेषु, 'सन्ध्याचतुष्क'मिति अनुदिते सूर्ये मध्याह्ने अस्तमने अर्धरात्रे च, एतासु चतसृषु स्वाध्यायं न कुर्वन्ति पूर्वोक्तं, 'प्रतिपद' इति

[१५]चउण्हं महामहाणं चउसु पाडिवएसु सज्झायं न करेंतित्ति, एवं अन्नंपि जंति—महं जाणेज्जा जहिंति—गामनगरादिसु तंपि तत्थ वज्जेज्जा, सुगिम्हए पुण सव्वत्थ नियमा असज्झाओ भवति, एत्थ अणागाढजोगा निक्खिवंति नियमा आगाढं न निक्खिवंति, न पढंतित्ति गाथार्थः ॥१३३८॥ के य ते पुण महामहाः ?, उच्यन्ते—

**आसाढी इंदमहो कत्तिय सुगिम्हए य बोद्धव्वे ।**
**एए महामहा खलु एएसिं चेव पाडिवया ॥१३३९॥**

व्याख्या—आसाढी आसाढपुन्निमाए इह लाडाण सावणपुन्निमाए भवति, इंदमहो आसोयपुन्निमाए भवति, 'कत्तिय'त्ति कत्तियपुन्निमाए चेव सुगिम्हओ—चेत्तपुण्णिमाए एते अंतदिवसा गहिया, आईउ पुण जत्थ जत्थ विसए जओ२ दिवसाओ महमहा पवत्तंति तओ दिवसाओ आरब्भ जाव अंतदिवसो ताव सज्झाओ न कायव्वो, एएसिं चेव पुण्णिमाणंतरं जे बहुलपाडिवगा चउरो

ચાર એકમ ? વિગેરે ખુલાસો ગા. ૧૩૩૯ માં આપશે.) સ્વાધ્યાય કરે નહીં. એ જ પ્રમાણે જે ગામ–નગર વિગેરેમાં જે મહોત્સવની જાણ થાય ત્યાં તે મહોત્સવમાં પણ સ્વાધ્યાયનો ત્યાગ કરે. (અર્થાત્ જે ગામમાં મહોત્સવ થતો હોય, તે જ ગામમાં મહોત્સવ દરમિયાન સ્વાધ્યાયનો ત્યાગ કરે, અન્યત્ર નહીં. પરંતુ) ગ્રીષ્મમાં એટલે કે ચૈત્રપૂર્ણિમાના મહોત્સવમાં સર્વત્ર=દરેક ગામ–નગર વિગેરે બધે નિયમથી (= તે ગામમાં મહોત્સવ ન થતો હોય તો પણ નિયમથી) અસ્વાધ્યાય થાય છે. તે સમયે અનાગાઢ યોગવાળાઓને નિયમથી જોગમાંથી નિક્ખેવો કરાવવો. આગાઢજોગવાળાનો નિક્ખેવો ન કરાવે, પરંતુ તે સમયે તેઓ સ્વાધ્યાય કરે નહીં. ॥૧૩૩૮॥

**અવતરણિકા :** તે મહામહોત્સવ કયા છે ? તે કહેવાય છે ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** (૧) અષાઢપૂર્ણિમાએ અષાઢીમહોત્સવ, લાડદેશમાં શ્રાવણપૂર્ણિમાએ આ મહોત્સવ થાય છે. (૨) ઇન્દ્રમહોત્સવ આસોપૂર્ણિમાએ થાય છે. (૩) કાર્તિકપૂર્ણિમાએ કાર્તિકમહોત્સવ થાય છે. (૪) અને ચૈત્રપૂર્ણિમાએ ગ્રીષ્મકાલિન મહોત્સવ થાય છે. આ બધા અંતિમ દિવસો ગ્રહણ કર્યા છે. તેથી જે જે દેશમાં જે જે દિવસથી મહોત્સવની શરૂઆત થતી હોય તે તે દિવસથી આરંભીને મહોત્સવના છેલ્લા દિવસ સુધી સ્વાધ્યાય કરવો નહીં. સાથે સાથે તે તે પૂર્ણિમા પછીની જે વદપક્ષની

१५. चतुर्णां महामहानां चतसृषु प्रतिपत्सु स्वाध्यायं न कुर्वन्तीति, एवमन्यमपि यमिति महं जानीयात् यत्रेति ग्रामनगरादिषु तमपि तत्र वर्जयेत्, सुग्रीष्मके पुनः सर्वत्र नियमादस्वाध्यायो भवति, अत्रानागाढयोगाद् निक्षिप्यन्ते नियमात्, आगाढं न निक्षिपन्ति, न पठन्तीति । के च पुनस्ते महामहाः ?, उच्यन्ते—आषाढी आषाढपूर्णिमायां, इह लाटानां श्रावणपूर्णिमायां भवति, इन्द्रमह अश्वयुक्पूर्णिमायां भवति, कार्त्तिक इति कार्त्तिकपूर्णिमायामेव, सुग्रीष्मकः चैत्रपूर्णिमायां, एतेऽन्त्यदिवसा गृहीताः आदिस्तु पुनर्यत्र यत्र देशे यतो दिवसात् महामहाः प्रवर्त्तन्ते ततो दिवसादारभ्य यावदन्त्यो दिवसस्तावत् स्वाध्यायो न कर्त्तव्यः, एतासामेव पूर्णिमानामनन्तरा याः कृष्णप्रतिपदश्चतस्रः

[16]तेवि वज्जियत्ति गाथार्थः ॥१३३९॥ पडिसिद्धकाले करेंतस्स इमे दोसा–

**कामं सुओवओगो तवोवहाणं अणुत्तरं भणियं ।**
**पडिसेहियंमि काले तहावि खलु कम्मबंधाय ॥१३४०॥**
**छलयावसेसएणं पाडिवएसुं छणाणुसज्जंति ।**
**महवाउलत्तणेणं असारिआणं च संमाणो ॥१३४१॥**
**अन्नयरपमायजुयं छलिज्ज अप्पिड्ढिओ न उण जुत्तं ।**
**अद्धोदहिट्ठिइ पुण छलिज्ज जयणोवउत्तंपि ॥१३४२॥**

अस्या व्याख्या–सरागसंजओ सरागसंजयत्तणओ इंदियविसयादिअन्नयरमपमायजुत्तो हविज्ज विसेसओ महामहेसु, तं पमायजुत्तं पडणीया देवया छलेज्ज । अप्पिड्ढिया खित्तादि छलणं करेज्ज, जयणाजुत्तं पुण साहुं जो अप्पिड्ढिओ देवो अद्धोदहीओ ऊणठिईओ सो न सक्केइ छलेउं,

એકમ આવે તે ચારે એકમોના દિવસે પણ સ્વાધ્યાય કરવો નહીં. ॥૧૩૩૯॥

**અવતરણિકા :** પ્રતિષિદ્ધ કરાયેલ કાળમાં સ્વાધ્યાય કરનારને આ પ્રમાણેના દોષો થાય છે ⇨

**ગાથાર્થ :** માન્ય છે કે શ્રુતમાં ઉપયોગ અને તપ એ અનુત્તર=ઉત્તમ છે. છતાં પ્રતિષેધ કાળમાં તે ભણવું અને ભણવા માટે તપ કરવો તે કર્મબંધ માટે થાય છે. ([11]પૂર્વપક્ષ : મહોત્સવો તો પૂનમ સુધીમાં પ્રાયઃ પૂર્ણ થઈ જાય છે તો તમે વદ એકમને છોડવાનું પૂર્વે શા માટે કહ્યું ?)

**ગાથાર્થ :** (સમાધાન : અષાઢી વિગેરે મહોત્સવોમાં ચારે બાજુ ભમતાં ક્રીડાપ્રિય વ્યંતરોદ્વારા સાધુઓને છલનાનો સંભવ છે અને તે છલનાનો અવશેષ એટલે કે તેનો કંઈક અંશ એકમે પણ સંભવિત છે કારણ કે તે એકમ પણ પૂનમને અત્યંત નજીક છે. તેથી તે) છલનાના અવશેષને કારણે મહોત્સવો એકમને પણ અનુસરે છે. (અર્થાત્ તે એકમને દિવસે પણ છલના થવાની સંભાવના હોવાથી તે એકમને પણ મહોત્સવની જેમ ત્યાગવામાં આવે છે. વળી) મહોત્સવમાં વ્યસ્ત હોવાથી જે લોકોને પૂનમે જમાડવાના બાકી રહી ગયા છે, તેવા પૂનમને દિવસે અસારિતોનું = અસન્માનિતોનું સન્માન એકમે સંભવતું હોવાથી એકમનો પણ ત્યાગ કરાય છે.

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** સરાગસંયમી સાધુ સરાગસંયમને કારણે (સામાન્યથી) ઇન્દ્રિયોના વિષયો વિગેરે કોઈ પ્રમાદવાળો થાય છે. અને જ્યારે આવા મહામહોત્સવો ચાલતાં હોય ત્યારે તે સાધુ વિશેષથી આવા પ્રમાદવાળો થાય છે. તે પ્રમાદથી યુક્ત સાધુને શત્રુદેવતા છલના કરે છે. અલ્પઋદ્ધિવાળા દેવો તે સાધુને પાગલ બનાવી દે, લાંબાકાળ સુધી ચાલે એવા રોગો ઉત્પન્ન કરે વિગેરેરૂપ છલના કરે છે. જે સાધુ જયણાયુક્ત છે તેને તે અલ્પઋદ્ધિવાળો દેવ કે જેનું આયુષ્ય અર્ધા સાગરોપમથી

१६. ता अपि वर्जिता इति । प्रतिषिद्धकाले कुर्वत इमे दोषाः– सरागसंयतः सरागसंयतत्वादिन्द्रियविषयाद्यन्यतरप्रमादयुक्तो भवेत् स विशेषतो महामहेषु तं प्रमादयुक्तं प्रत्यनीका देवता छलेत् – अल्पर्द्धिका क्षिप्तादिच्छलनां कुर्यात्, यतनायुक्तं पुनः साधुं योऽल्पर्द्धिको देवोऽर्धोदधित ऊनस्थितिः स न शक्नोति छलयितुं,

[१७]अद्धसागरोवमठितीओ पुण जयणाजुत्तंपि छलेज्जा । अत्थि से सामत्थं जं तंपि पुव्ववेरसंबंधसरणओ कोइ छलेज्जत्ति गाथार्थः ॥१३४२॥ 'चंदिमसूरुवरागत्ति' अस्या व्याख्या—

**उक्कोसेण दुवालस चंदु जहन्नेण पोरिसी अट्ठ ।**

**सूरो जहन्न बारस पोरिसि उक्कोस दो अट्ठ ॥१३४३॥**

अस्या व्याख्या – चंदो उदयकाले चेव गहिओ संदूसियराईए चउरो अण्णं च अहोरत्तं एवं दुवालस, अहवा उप्पायगहणे सव्वराइयं गहणं, सग्गहो चेव निबुड्डो संदूसियराईए चउरो अण्णं च अहोरत्तं एवं बारस । अहवा अजाणओ, अब्भच्छण्णे संकाए न नज्जइ, कं वेलं गहणं ? परिहरिया राई पहाए दिट्ठं सग्गहो निब्बुडो अण्णं अहोरत्तं एवं दुवालस । एवं चंदस्स, सूरस्स

ઓછું છે તે દેવ છલના કરવા સમર્થ નથી. અર્ધા સાગરોપમનું આયુષ્ય ધરાવતો દેવ વળી જયણાયુક્ત સાધુને પણ છલના કરે. (શંકા : જયણાયુક્ત સાધુને છલના કરવાનું તેનું શું સામર્થ્ય ખરું ? તો કહે છે હા,) તેનું સામર્થ્ય ખરું કે કોઈ દેવ પૂર્વભવના વૈરના સંબંધોને યાદ કરી સાધુની છલના કરે ॥૧૩૪૨॥

**અવતરણિકા :** (પૂર્વે ગા. ૧૩૩૮ માં) જે ચન્દ્ર–સૂર્યના ઉપરાગની વાત કરી તેની હવે વ્યાખ્યા કરે છે ➪

ગાથાર્થ : **ચન્દ્રગ્રહણમાં ઉત્કૃષ્ટથી બાર અને જઘન્યથી આઠ પ્રહર તથા સૂર્યગ્રહણમાં જઘન્યથી બાર અને ઉત્કૃષ્ટથી ૧૬ પ્રહર અસજ્ઝાય જાણવી.**

**ટીકાર્થ :** ચન્દ્રના ઉદયસમયે જ ચન્દ્ર જો ગ્રહણ કરાયો હોય એટલે કે ચન્દ્રગ્રહણ થયું હોય તો તે દૂષિતરાત્રિના ચાર પ્રહર અને તેના પછીના અહોરાત્રના આઠ પ્રહર એમ બાર પ્રહરની અસજ્ઝાય સમજવી. અથવા જો ઉત્પાત હોય તો સંપૂર્ણ રાત્રિ ગ્રહણ રહે (અર્થાત્ ધૂળ, માંસ, રુધિર વિગેરેની વૃષ્ટિ સહિતનું ચન્દ્રગ્રહણ સંપૂર્ણ રાત્રિ રહે.) અને ગ્રહણ સાથે જ ચન્દ્ર અસ્ત પામેલો હોવાથી રાત્રિના ચાર અને બીજા અહોરાત્રના આઠ પ્રહર એમ બાર પ્રહરની અસજ્ઝાય જાણવી. અથવા ખ્યાલ ન આવવાથી એટલે કે વાદળોથી આકાશ ઘેરાયેલું છે, ચન્દ્રગ્રહણની શંકા પણ છે પરંતુ કયા સમયે ચન્દ્રગ્રહણ થયું ? તેનો ખ્યાલ નથી. તેથી તે સંપૂર્ણ રાત્રિમાં સ્વાધ્યાયનો ત્યાગ કર્યો. પરોઢિયે ગ્રહણ સહિત ડૂબતો ચન્દ્ર દેખાયો તેથી એક અહોરાત્રના બીજા આઠ પ્રહર પણ સ્વાધ્યાયનો ત્યાગ કરતા બાર પ્રહર થાય છે. આ પ્રમાણે ચન્દ્રને આશ્રયીને બાર પ્રહર કહ્યાં.

१७. अर्धसागरोपमस्थितिकः पुनर्यतनायुक्तमपि छलेत्, अस्ति तस्य सामर्थ्यं यत्तमपि पूर्ववैरसम्बन्धस्मरणतः कश्चित् छलेदिति । चन्द्र उदयकाले चैव गृहीतः संदूषितरात्रेश्चत्वारः अन्यच्चाहोरात्रमेवं द्वादश, अथवा उत्पातग्रहणे सर्वरात्रिकं ग्रहणं, सग्रह एव ब्रूडितः संदूषितरात्रेश्चत्वारः अन्यच्चाहोरात्रमेवं द्वादश, अथवा अजानतः–अभ्रच्छन्ने शङ्कायां न ज्ञायते कं वेलं ग्रहणं ? परिहृता रात्रिः, प्रभाते दृष्टं, सग्रहो ब्रूडितः, अन्यदहोरात्रमेवं द्वादश, एवं चन्द्रस्य, सूर्यस्य

[૧૮]अत्थमणगहणे सग्गहनिब्बुडो, उवहयरादीए चउरो अण्णं च अहोरत्तं परिहरइ एवं बारस। अह उदेंतो गहिओ तो संदूसिए अहोरत्ते अट्ठ अवरं च अहोरत्तं परिहरइ एवं सोलस, अहवा उदयवेलाए गहिओ उप्पाइयगहणेण सव्वं दिणं गहणं होउण सग्गहो चेव निब्बुडो, संदूसिय अहोरत्तस्स अट्ठ अण्णं च अहोरत्तं एवं सोलस। अहवा अब्भच्छन्ने न नज्जइ, केवलं होहिति गहणं, दिवसओ संकाए न पढियं, अत्थमणवेलाए दिट्ठं गहणं सग्गहो निब्बुडो, संदूसियस्स अट्ठ अण्णं च अहोरत्तं एवं सोलसत्ति गाथार्थः ॥१३४३॥

सग्गहनिब्बुड एवं सूराई जेण हुंतिऽहोरत्ता।
आइन्नं दिणमुक्के सुच्चिय दिवसो अ राई य ॥१३४४॥

व्याख्या—सग्गहनिब्बुडे एवं अहोरत्तं उवहयं, कहं?, उच्यते, 'सूरादी जेण होंतिऽहोरत्तं'

સૂર્યનું અસ્ત સમયે ગ્રહણ થયું અને ગ્રહણ સહિત તે અસ્ત પામ્યો. તેથી (તે રાત્રિ હણાયેલી હોવાથી ઉપહતરાત્રિ કહેવાય.) તે ઉપહતરાત્રિના ચાર પ્રહર અને તેના પછીના અહોરાત્રના આઠ એમ મળી બાર પ્રહાર અસજ્ઝાય. (સૂર્યનો આ જઘન્ય કાળ સમજવો. ઉત્કૃષ્ટકાળ આ પ્રમાણે —) ઉદયસમયે સૂર્યગ્રહણ થયું. તો તે સંપૂર્ણ અહોરાત્રના આઠ પ્રહર દૂષિત થયા અને તે પછીનું બીજું પણ અહોરાત્ર ત્યજાતું હોવાથી ૧૬ પ્રહરની અસજ્ઝાય જાણવી. અથવા ઉદયવેળાએ ધૂળ, માંસ વિગેરેની વૃષ્ટિ સાથે સૂર્યનું ગ્રહણ આખો દિવસ રહ્યું અને ગ્રહણ સહિત જ સૂર્ય અસ્ત પામ્યો. તેથી સંદૂષિત અહોરાત્રના આઠ અને એના પછીના અહોરાત્રના આઠ એમ મળી કુલ ૧૬ પ્રહરની અસજ્ઝાય જાણવી. અથવા વાદળોથી ઘેરાયેલ આકાશમાં ક્યારે ગ્રહણ થશે ? એ ખબર નથી પરંતુ થવાનું છે એટલું જ ખબર છે. તેથી દિવસે ગ્રહણની શંકા હોવાથી સ્વાધ્યાય ન કર્યો. સાંજે સૂર્યાસ્તસમયે ગ્રહણ દેખાયું અને તે સૂર્ય ગ્રહણ સહિત જ અસ્ત પામ્યો. તેથી સંદૂષિત એવા અહોરાત્રના આઠ અને બીજા અહોરાત્રના આઠ એમ મળીને કુલ ૧૬ પ્રહરની અસજ્ઝાય જાણવી. ॥૧૩૪૩॥

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : (શિષ્ય પ્રશ્ન પૂછે છે કે —) ગ્રહણસહિત અસ્ત થાય ત્યારે ઉપર કહ્યા પ્રમાણે અહોરાત્ર હણાય છે. (જે સમયે ગ્રહણ થયું તે સમયથી અહોરાત્રની ગણતરી કરવી ? ના, તો)

१८. तु अस्तमयनग्रहणे सग्रहो ब्रूडितः, उपहतरात्र्याश्चत्वारोऽन्यच्चाहोरात्रं द्वादश, अथोदितो गृहीतः ततः संदूषिताहोरात्रस्याष्टौ अपरं चाहोरात्रं परिह्रियते एवं षोडश, अथवोदयवेलायां गृहीतः औत्पातिकग्रहणेन, सर्वं दिनं ग्रहणं भूत्वा सग्रह एव ब्रूडितः, संदूषिताहोरात्रस्याष्टौ अन्यच्चाहोरात्रमेवं षोडश, अथवाऽभ्रच्छन्ने न ज्ञायते केवलं भविष्यति ग्रहणं, दिवसे शङ्कया न पठितं, अस्तमयनवेलायां दृष्टं ग्रहणं सग्रहो ब्रूडितः, संदूषितस्याष्ट अन्यच्चाहोरात्रमेवं षोडशेति। सग्रहे ब्रूडिते एवमहोरात्रमुपहतं, कथं ? उच्यते, सूर्यादीनि येन भवन्त्यहोरात्राणि—

[१९]सूरउदयकालाओ जेण अहोरत्तस्स आदी भवति तं परिहरित्तुं संदूसिअं अण्णंपि अहोरत्तं परिहरियव्वं । इमं पुण आइन्नं—चंदो रातीए गहिओ राईए चेव मुक्को तीसे चेव राईइ सेसं वज्जणीज्जं, जम्हा आगामिसूरुदए अहोरत्तसमत्ती, सूरस्सवि दियागहिओ दिया चेव मुक्को तस्सेव दिवसस्स सेसं राई य वज्जणिज्जा । अहवा सग्गहनिब्बुडे एवं विही भणिओ, तओ सीसो पुच्छइ—कहं चंदे दुवालस सूरे सोलस जामा ?, आचार्य आह—सूरादी जेण होंतिऽहोरत्ता, चंदस्स नियमा अहोरत्तद्धे गए गहणसंभवो, अण्णं च अहोरत्तं, एवं दुवालस, सूरस्स पुण अहोरत्तादीए संदूसितअहोरत्तं परिहरिउं अण्णंपि अहोरत्तं परिहरियव्वं, एवं सोलसत्ति गाथार्थः सादिव्वेत्ति द्वारं गयं ॥१३४४॥

इयाणिं वुग्गहेत्ति दारं, तत्थ—

---

કેવી રીતે અહોરાત્રની ગણતરી કરવી ? **સમાધાન :** જે કારણથી સૂર્યોદયના સમયથી અહોરાત્રની શરૂઆત થાય છે. (તે કારણથી જે દિવસે ગ્રહણ સહિત સૂર્ય અસ્ત થયો તે પછીની) સંદૂષિત રાત્રી અને તેના પછીનું બીજું એક અહોરાત્ર છોડવા યોગ્ય છે.

આચરણા આ પ્રમાણે છે – ચન્દ્રનું રાત્રિએ ગ્રહણ થયું અને રાત્રિએ જ ગ્રહણ પૂર્ણ થયું, તો તે રાત્રિનો શેષ સમય છોડી દેવો, કારણ કે તેના પછીના સૂર્યોદયે અહોરાત્રની સમાપ્તિ થાય છે. સૂર્યગ્રહણ પણ દિવસે થયું અને દિવસે જ પૂર્ણ થયું, તો તે દિવસનો શેષ સમય અને રાત્રિ છોડી દેવી. અથવા (આ સંપૂર્ણ ગાથાનો બીજી રીતે અર્થ કરે છે –) ગ્રહણસહિત અસ્ત થાય ત્યારે (ઉપરોક્ત) વિધિ કહી. તેથી શિષ્ય પૂછે છે કે – "ચન્દ્રગ્રહણમાં ૧૨ પ્રહર અને સૂર્યગ્રહણમાં ૧૬ પ્રહર એવું કેમ ?" આચાર્ય કહે છે કે જે કારણથી સૂર્યોદયથી અહોરાત્રની શરૂઆત થાય છે. (અહીં આશય એ છે કે) નિયમથી અડધું અહોરાત્ર (એટલે કે દિવસ) પૂર્ણ થયાં પછી જ ચન્દ્રના ગ્રહણનો સંભવ છે. તેથી તેના ચાર પ્રહર અને બીજું એક અહોરાત્ર એમ મળી બાર પ્રહર થાય છે. જ્યારે સૂર્યના ગ્રહણનો સંભવ અહોરાત્રની શરૂઆતથી છે. તેથી જ્યારે સૂર્યોદયે સૂર્યનું ગ્રહણ થયું હોય તો તે સંદુષિત અહોરાત્ર અને તેના પછીનું બીજું પણ અહોરાત્ર ત્યાગવું. આ પ્રમાણે ૧૬ પ્રહર થાય છે. 'સાદિવ્ય' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૪૪॥

**અવતરણિકા :** હવે 'વ્યુદ્ગ્રાહ' દ્વાર જણાવે છે. તેમાં ➪

---

१९. सूर्योदयकालात् येनाहोरात्रस्यादिर्भवति, तत् परिहृत्य संदूषितमन्यदप्यहोरात्रं परिहर्त्तव्यं, इदं पुनराचीर्णं—चन्द्रो रात्रौ गृहीतो रात्रावेव मुक्तस्तस्याश्चैव रात्रेः शेषं वर्जनीयं, यस्मादागामिनि सूर्योदयेऽहोरात्रसमाप्तिः, सूर्यस्यापि दिवा गृहीतो दिवैव मुक्तस्तस्यैव दिवसस्य शेषं रात्रिश्च वर्जनीया । अथवा सग्रहे ब्रूडिते एवं विधिर्भणितः, ततः शिष्यः पृच्छति—कथं चन्द्रे द्वादश सूर्ये षोडश यामाः ?, सूर्यादीनि येनाहोरात्राणि भवन्ति, चन्द्रस्य नियमादहोरात्रेऽर्धे गते ग्रहणसंभवः अन्यच्चाहोरात्रमेवं द्वादश, सूर्यस्य पुनरहोरात्रादित्वात् संदूषिताहोरात्रं परिहर्यान्यदप्यहोरात्रं परिहर्तव्यम्, एवं षोडश । सादिव्यमिति द्वारं गतं, इदानीं व्युद्ग्रह इति द्वारं, तत्र—

वोग्गह दंडियमादी संखोभे दंडिए य कालगए ।
अण्णरायए य सभए जच्चिर निद्दोच्चऽहोरत्तं ॥१३४५॥

अस्या एव व्याख्यानगाथा—

सेणाहिवई भोइय मयहरपुंसित्थिमल्लजुद्धे य ।
लोट्टाइभंडणे वा गुज्झगमुड्डाहमचियत्तं ॥१३४६॥

[२०]इमीणं दोण्हवि वक्खाणं – दंडियस्स दंडियस्स य वुग्गहो, आदिसद्दाओ सेणाहिवस्स सेणाहिवस्स य एवं दोण्हं भोइयाणं दोण्हं मयहराणं दोण्हं पुरिसाणं दोण्हं इत्थीणं दोण्हं मल्लाणं वा जुद्धं, पिट्ठायगलोट्टभंडणे वा, आदिसद्दाओ विसयप्पसिद्धासु भंसुलासु । विग्रहाः प्रायो व्यन्तरबहुलाः । तत्थ पमत्तं देवया छलेज्जा, उड्डाहो निद्दुक्खत्ति, जणो भणेज्जा–अम्हं आवइपत्ताणं

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આ ગાથાની વ્યાખ્યાને જણાવનાર બીજી ગાથા જણાવે છે ➪

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : બંને ગાથાઓની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી – (૧) રાજા–રાજા વચ્ચે યુદ્ધ થાય, 'આદિ' શબ્દથી સેનાધિપતિ–સેનાધિપતિ વચ્ચે યુદ્ધ થાય. એ જ પ્રમાણે ગામના બે મુખીઓ વચ્ચે, મોટી બે વ્યક્તિઓ વચ્ચે, બે પુરુષો વચ્ચે, બે સ્ત્રીઓ વચ્ચે કે બે મલ્લો વચ્ચે યુદ્ધ થાય. અથવા पिष्ट = મગ, અડદ વિગેરેનું ચૂર્ણ, लोट्ट = યોવારિ (=?) વિગેરે ધાન્યનો લોટ. જેમ અમુક દેશમાં લોકો ધૂળથી રમે તેમ, અમુક બીજા દેશોમાં આવા પિષ્ટ, લોટ્ટ વિગેરેથી ક્રીડા કરે છે. તેથી જ્યાં સુધી આવી ક્રીડા ચાલે ત્યાં સુધી સ્વાધ્યાય બંધ રાખે. (આ ટીપ્પણી પ્રમાણેનો અર્થ કહ્યો. વ્યવહારસૂત્રમાં 'लोट्टादिभंडणे' શબ્દનો અર્થ આ પ્રમાણે છે – બે ગામ વચ્ચે ઝઘડો થતાં યુવાનો પરસ્પર 'लोष्टादिभिः' = પથ્થરો વિગેરેવડે ભંડણ = યુદ્ધ કરે.) 'लोटाइ' માં રહેલ આદિશબ્દથી તે–તે દેશોમાં પ્રસિદ્ધ એવા ભંસુલામાં ([H]અર્થાત્ ભંસુલા = ક્રીડાદ્વારા થયેલા રેતી વિગેરેના ઢગલા, તેવા ઢગલા વિશે ક્રીડા કરતા હોય ત્યારે) જ્યાં સુધી તે યુદ્ધ વિગેરે ચાલે ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં, કારણ કે યુદ્ધોમાં પ્રાયઃ ઘણા વ્યંતરો ફરતા હોય છે.

તે યુદ્ધોના સમયે જો સાધુ સ્વાધ્યાય કરે તો દેવ (गुज्झग = દેવ) સાધુની છલના કરે, પ્રવચનહીલના થાય કે આ સાધુઓ દુઃખ વિનાના છે (અર્થાત્ બીજાના દુઃખની આલોકોને કોઈ ચિંતા નથી.) તથા લોકો કહે કે – "અમે આપત્તિમાં સપડાયા છીએ અને આ લોકો સ્વાધ્યાય

२०. अनयोर्द्वयोरपि व्याख्यानं–दण्डिकस्य दण्डिकस्य च व्युद्ग्रहः, आदिशब्दात् सेनाधिपतेः सेनाधिपतेश्च, एवं द्वयोर्भोजिकयोर्द्वयोर्महत्तरयोर्द्वयोः पुरुषयोर्द्वयोः स्त्रियोर्द्वयोर्मल्लयोर्वा युद्धं, पृष्ठायतलोष्टभण्डने वा, आदिशब्दाद्विषयप्रसिद्धासु भंसुलासु ( कलहविशेषेषु ) । तत्र प्रमत्तं देवता छलयेत् । उड्डाहो निर्दुःखा इति, जनो भणेत् –अस्मासु आपत्प्राप्तेषु

[२१]इमे सज्झायं करेंतित्ति, अचियत्तं हवेज्जा, विसयसंखोहो परचक्कागमे, दंडिओ कालगओ भवति, 'अण्णरायए'त्ति रण्णा कालगए निब्भएवि जाव अन्नो राया न ठविज्जइ, 'सभए'त्ति जीवंतस्सवि रण्णो बोहिगेहिं समंतओ अभिदुयं, जच्चिरं भयं तत्तियं कालं सज्झायं न करेंति, जद्दिवसं सुयं निद्दोच्चं तस्स परओ अहोरत्तं परिहरइ। एस दंडिए कालगए विहित्ति गाथाद्वयार्थः ॥१३४५-१३४६॥ सेसेसु इमा विही—

**तद्दिवस भोइआई अंतो सत्तण्ह जाव सज्झाओ।**
**अणहस्स य हत्थसयं दिट्ठि विवित्तंमि सुद्धं तु ॥१३४७॥**

अस्या एव व्याख्यानगाथा—

**मयहरपगए बहुपक्खिए य सत्तघर अंतरमए वा।**
**निद्दुक्खत्ति य गरिहा न पढंति सणीयगं वावि ॥१३४८॥**

इमीण दोण्हवि वक्खाणं—गामभोइए कालगए 'तद्दिवसंति'—अहोरत्तं परिहरंति, आदिसद्दाओ

કરે છે." એ પ્રમાણે લોકોને અપ્રીતિ થાય. (૨) શત્રુસૈન્યનું આગમન થતાં દેશમાં સંક્ષોભ=આકુળવ્યાકુળતા થાય. (તેથી અસ્વાધ્યાય થાય.) (૩) રાજા મૃત્યુ પામે (તો અસ્વાધ્યાય થાય.) (૪) રાજાના મૃત્યુ બાદ કોઈ પણ જાતનો (= ચોર વિગેરેનો) ભય ન હોવા છતાં જ્યાં સુધી બીજો રાજા સ્થાપિત ન થાય ત્યાં સુધી અસ્વાધ્યાય જાણવો. (૬) રાજા જીવતો હોવા છતાં જો તે નગર મનુષ્યની ચોરી કરનારા ચોરોવડે ઉપદ્રવિત હોય (તો સ્વાધ્યાય બંધ કરે. આ સ્વાધ્યાય ક્યાં સુધી બંધ રાખવો ? તે હવે કહે છે કે) સેનાપતિ વિગેરે બધાના યુદ્ધોમાં જ્યાં સુધી ભય (अनिद्दोच्च = અનિર્દોષ = ભય इति व्यवहारसूत्रे) હોય ત્યાં સુધી સ્વાધ્યાય કરે નહીં. જે દિવસે સાંભળ્યું કે હવે કોઈ ભય નથી. તો તે દિવસ પછીનું એક અહોરાત્ર છોડે. (ત્યાર પછી સ્વાધ્યાય ચાલું કરે.) રાજાનું મૃત્યુ થાય ત્યારે આ (ઉપરોક્ત) વિધિ જાણવી. ॥૧૩૪૫-૧૩૪૬॥

**અવતરણિકા :** શેષ ભોજિક વિગેરે મૃત્યુ પામે ત્યારે હવે જણાવાતી વિધિ જાણવી ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ ગાથાની વ્યાખ્યા જણાવનાર બીજી ગાથા આ પ્રમાણે જાણવી ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ બંને ગાથાઓનું વ્યાખ્યાન આ પ્રમાણે જાણવું – ગામનો મુખી મૃત્યુ પામે તો તે દિવસને એટલે કે જે દિવસે તે મૃત્યુ પામ્યો હોય તે અહોરાત્રનો સાધુઓ ત્યાગ કરે.

२१. इमे स्वाध्यायं कुर्वन्तीति अप्रीतिकं भवेत्, विषयसंक्षोभः परचक्रागमे, दण्डिकः कालगतो भवति, राज्ञि कालगते निर्भयेऽपि यावत् अन्यो राजा न स्थाप्यते, सभय इति जीवतोऽपि राज्ञो बोधिकैः समन्ततोऽभिद्रुतं, यावच्चिरं भयं तावन्तं कालं स्वाध्यायं न कुर्वन्ति, यद्दिवसे श्रुतं निर्दौत्यं तस्मात्परतोऽहोरात्रं परिह्रियते। एष दण्डिके कालगते विधिः। शेषेष्वयं विधिः। अनयोर्द्वयोर्व्याख्यानं—ग्रामभोजिके कालगते तद्दिवसमिति अहोरात्रं परिहरन्ति, आदिशब्दात्

[२२]गामरट्ठमयहरो अहिगार निउत्तो बहुसम्मओ य पगओ बहुपक्खिउत्ति—बहुसयणो, वाडगसाहिअहिवो सेज्जायरे अण्णंमि वा अणंयरघराओ आरब्भ जाव सत्तघरं एएसु मएसु अहोरत्तं सज्झाओ न कीरंति, अह करेंति तो निद्दुक्खत्तिकाउं जणो गरहति अक्कोसेज्ज वा निच्छुब्भेज्ज वा, अप्पसद्देण वा सणियं करेंति अणुपेहंति वा, जो पुण अणाहो मरति तं जइ उब्भिण्णं हत्थसयं वज्जेयव्वं, अणुब्भिन्नं असज्झाइयं न हवइ तहवि कुच्छियंतिकाउं आयरणाओ दिट्ठं हत्थसयं वज्जिज्जइ । विवित्तंमि-परिट्ठवियंमि 'सुद्धं तु' तं ठाणं सुद्धं भवइ, तत्थ सज्झाओ कीरइ ॥१३४८॥ जइ य तस्स न कोइ परिठवेंतओ ताहे—

सागारियाइ कहणं अणिच्छ रत्तिं वसहा विगिंचति ।
विक्किन्ने व समंता जं दिट्ठ सढेयरे सुद्धा ॥१३४९॥

व्याख्या—जदि नत्थि परिट्ठवेंतओ ताहे सागारियस्स आइसद्दाओ पुराणसड्ढस्स अहाभद्दगस्स

આદિશબ્દથી ગામ કે રાજ્યના પ્રધાન પુરુષો કે જેઓ મોટા અધિકારી હોય, ગામમાં ઘણાને માન્ય એવો પ્રકૃત=પ્રધાન પુરુષ હોય, બહુ પરિવારવાળો કોઈ હોય, પોળ—શેરીનો સ્વામી હોય, શય્યાતર હોય કે પછી ઉપાશ્રય પછીના સળંગ સાત ઘરમાંનો કોઈ હોય, આ બધામાંથી જ્યારે કોઈનું મૃત્યુ થાય ત્યારે અહોરાત્ર સ્વાધ્યાય કરે નહીં. જો કરે તો 'આ સાધુઓ દુઃખ વિનાના છે' એમ માની લોકો ગર્હા કરે અથવા આક્રોશ કરે અથવા ઉપાશ્રયમાંથી બહાર કાઢી મૂકે. અથવા સાધુઓ ધીમા અવાજે ધીરે ધીરે સ્વાધ્યાય કરે અથવા અનુપ્રેક્ષા કરે.

કોઈ વ્યક્તિ જો અનાથ મૃત્યુ પામી હોય તો જો તેનું શરીર ભેદાયેલું હોય (અર્થાત્ કાગડા વિગેરેદ્વારા કે કોઈ બીજી રીતે શરીરમાંથી રુધિર, માંસ બહાર આવ્યું હોય) તો સો હાથ સુધીમાં હોય તો સ્વાધ્યાય વર્જવો. જો તે શરીર ભેદાયેલું ન હોય તો જો કે અસજ્ઝાય થતી નથી છતાં આ ખરાબ વસ્તુ હોવાથી આચરણા સો હાથ સુધીમાં હોય તો સ્વાધ્યાય વર્જવાની છે. સો હાથ દૂર પરઠવતા તે સ્થાન શુદ્ધ થાય છે, ત્યાં સ્વાધ્યાય કરાય છે. ॥૧૩૪૮॥ પરંતુ જો તે મડદાને પરઠવનાર કોઈ નથી તો ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** જો તે મડદાને પરઠવનાર કોઈ નથી તો ગૃહસ્થને કહે આદિશબ્દથી પુરાણશ્રાદ્ધને

२२. ग्रामराष्ट्रमहत्तरोऽधिकारनियुक्तो बहुसंमतश्च प्रकृतः, बहुपाक्षिक इति बहुस्वजनो, वाटकसाहिअधिपे वा शय्यातरे अन्यस्मिन् वा अनंतरगृहादारभ्य यावत् सप्तगृहं एतेषु मृतेषु अहोरात्रं स्वाध्यायो न कुर्वन्ति, अथ कुर्वन्ति निर्दुःखा इति कृत्वा जनो गर्हते आक्रोशेद्वा निष्काशेद्वा, अल्पशब्देन वा शनैः कुर्वन्ति अनुप्रेक्षन्ते वा, यः पुनरनाथो म्रियते तस्य यदि पुनरुद्भिन्नं हस्तशतं वर्जयितव्यं, अनुद्भिन्नं अस्वाध्यायिकं न भवति तथापि कुत्सितमितिकृत्वा आचरणातो दृष्टं हस्तशताद् वर्जयितव्यं, विविक्ते—परिष्ठापिते शुद्धमिति तत् स्थानं शुद्धं भवति—तत्र स्वाध्यायः क्रियते, यदि च तस्य न कोऽपि परिष्ठापकस्तदा—यदि नास्ति परिष्ठापकस्तदा सागारिकस्य आदिशब्दात् पुराणश्राद्धस्य यथाभद्रकस्य

[२३]वा इमं छड्डेह अम्ह सज्झाओ न सुज्झइ, जदि तेहिं छड्डितं तो सुद्धं, अह नेच्छंति ताहे अण्णं वसहिं मग्गंति, अह अण्णा वसही न लब्भइ ताहे वसहा अप्पसागारिए विगिंचंति । एस अभिण्णे विही, अह भिन्नं ढंकमादिएहिं समंता विक्किण्णं तंमि दिट्ठंमि विवित्तंमि सुद्धा, असढभावं गवेसेंतेहिं जं दिट्ठं तं सव्वं विवित्तंति छड्डियं, इयरंमि अदिट्ठंमि तत्थत्थेवि सुद्धा—सज्झायं करेंताणवि न पच्छित्तं, एत्थ एयं पसंगओ भणियंति गाथार्थः, वुग्गहेत्ति गयं ॥१३४९॥

इयाणिं सारीरेत्ति दारं, तत्थ—

**सारीरंपि य दुविहं माणुस तेरिच्छियं समासेणं ।**
**तेरिच्छं तत्थ तिहा जलथलखहजं चउद्धा उ ॥१३५०॥**

व्याख्या—सारीरमवि असज्झाइयं दुविहं - माणुससरीररुहिरादि असज्झाइयं तिरिच्छसरीररुहिरादि असज्जाइयं च । एत्थ माणुसं ताव चिट्ठउ, तेरिच्छं ताव भणामि, तं तिविहं—

(અર્થાત્ ઘણા વર્ષોથી જે ધર્મમાં જોડાયેલો હોય તેવા શ્રાવકને) અથવા સાધુ પ્રત્યે બહુમાન ધારણ કરનાર ભદ્રકપરિણામી જીવને કહે કે – "આ મડદાને દૂર કરો આનાથી અમારે સ્વાધ્યાય થતો નથી." જો તે લોકો મડદાને દૂર નાંખે તો સ્થાન શુદ્ધ થાય. પરંતુ જો દૂર કરવા ન ઇચ્છે તો સાધુઓ બીજા ઉપાશ્રયની શોધ કરે. હવે જો બીજી વસતિ મળતી નથી તો ગચ્છમાં રહેલા વૃષભ સાધુઓ (રાત્રિના સમયે) કોઇ જોતા ન હોય ત્યારે અન્ય સ્થાને જઈને પરઠવે. આ વિધિ જો મડદુ અભિન્ન હોય તો જાણવી.

જો મડદું કાગડા વિગેરેદ્વારા ચૂંથી નંખાયું હોય અને માંસ વિગેરેના ટુકડા ચારેબાજુ વિખેરાઈ ગયા હોય તો જેટલા ટુકડા દેખાય તેટલાને દૂર કરતા સાધુઓ શુદ્ધ જાણવા. (અર્થાત્ સ્વાધ્યાય કરી શકે.) અશઠભાવે ગવેષણા કરતા જે દેખાય તે બધું દૂર કર્યું. હવે કંઈ દેખાતું નથી તો ત્યાં જ રહેવા છતાં સાધુઓ શુદ્ધ છે અર્થાત્ સ્વાધ્યાય કરતા હોવા છતાં પણ સાધુઓને પ્રાયશ્ચિત્ત આવતું નથી. આ વાત અહીં પ્રસંગથી કહી. 'વ્યુદ્ગ્રાહ' દ્વાર પૂર્ણ થયું. ॥૧૩૪૯॥

**અવતરણિકા :** હવે **'શારીરિક'** દ્વાર જણાવે છે. તેમાં ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** શારીરિક અસ્વાધ્યાય પણ બે પ્રકારે છે – મનુષ્યના શરીરના લોહી વિગેરે અસ્વાધ્યાય અને તિર્યંચશરીરના લોહી વિગેરે અસ્વાધ્યાય. અહીં મનુષ્યસંબંધી અસ્વાધ્યાયની વાત હમણાં ઊભી રાખો, પ્રથમ તિર્યંચસંબંધી અસ્વાધ્યાય હું કહું છું – તિર્યંચસંબંધી અસ્વાધ્યાય ત્રણ

---

२३. वेमं त्यज अस्माकं स्वाध्यायो न शुध्यति, यदि तैस्त्यक्तः शुद्धः, अथ न त्यजन्ति तदाऽन्यां वसतिं मार्गयन्ति, अथान्या वसतिर्न लभ्यते तदा वृषभा अल्पसागारिके त्यजन्ति, एषोऽभिन्ने विधिः, अथ भिन्नं ढङ्कादिभिः समन्तात् विकीर्णं दृष्टे विविक्ते शुद्धाः, गवेषयद्भिर्यद्दृष्टं तत् सर्वं परिष्ठापितं, इतरस्मिन्- अदृष्टे तत्रस्थेऽपि शुद्धाः—स्वाध्यायं कुर्वतामपि न प्रायश्चित्तं, अत्रैतत् प्रसङ्गतो भणितं । व्युद्ग्रह इति गतं, इदानीं शारीरमिति द्वारं तत्र—शारीरमपि अस्वाध्यायिकं द्विविधं—मानुष्यशरीररुधिरादि अस्वाध्यायं तैरश्चशरीररुधिरादि अस्वाध्यायं च, अत्र मानुष्यं तावत्तिष्ठतु तैरश्चं तावद्भणामि—तत्त्रिविधं—

[२४] मच्छादियाण जलजं गवाइयाण थलजं मयूराइयाण खहचरं । एएसिं एक्केक्कं दव्वाइयं चउव्विहं, एक्केक्कस्स वा दव्वादिओ इमो चउद्धा परिहारोत्ति गाथार्थः ॥१३५०॥ तत्थ–

**पंचिंदियाण दव्वे खेत्ते सट्ठिहत्थ पुग्गलाइन्नं ।**

**तिकुरत्थ महंतेगा नगरे बाहिं तु गामस्स ॥१३५१॥**

**व्याख्या–दव्वओ– पंचिदियाण रुहिराइदव्वं असज्झाइयं, खेत्तओ सट्ठिहत्थब्भंतरे असज्झाइयं, परओ न भवइ, अहवा खेत्तओ पोग्गलाइण्णं–पोग्गलं मंसं तेण सव्वं आकिण्णं–व्याप्तं, तस्सिमो परिहारो–तिहिं कुरत्थाहिं अंतरियं सुज्झइ, आरओ न सुज्झइ, महंतरत्थाए एक्काए अंतरियं सुज्झइ, अणंतरियं दूरट्ठियं पि न सुज्झइ । महंतरत्था–रायमग्गो जेण राया बलसमग्गो गच्छइ देवजाणरहो वा विविहा य आसवाहणा गच्छंति, सेसा कुरत्था, एसा नगरे**

પ્રકારનો છે – (૧) જળમાં ઉત્પન્ન થયેલા માછલા વિગેરે તિર્યંચોનું લોહી વિગેરે. (૨) સ્થળમાં ઉત્પન્ન થયેલા ગાય વિગેરે તિર્યંચોનું લોહી વિગેરે. અને (૩) ખેચર એવા મોર વિગેરે પક્ષીઓનું લોહી વિગેરે. આ દરેકના દ્રવ્યાદિભેદથી ચાર પ્રકાર જાણવા. અથવા આ દરેકનો દ્રવ્ય વિગેરેથી ચાર પ્રકારનો ત્યાગ જાણવો. ॥૧૩૫૦॥ તેમાં ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ : દ્રવ્યથી –** પંચેન્દ્રિય જીવોના લોહી વિગેરે દ્રવ્યો અસજ્ઝાય તરીકે જાણવા. **ક્ષેત્રથી** – સાઠ હાથની અંદર લોહી વિગેરે દ્રવ્યો હોય તો અસજ્ઝાય. સાઠ હાથથી વધારે દૂર હોય તો અસજ્ઝાય થતી નથી. અથવા ક્ષેત્રથી – પુદ્ગલ=માંસ, તેનાથી સંપૂર્ણ ક્ષેત્ર વ્યાપ્ત હોય તો તેનો આ રીતે ત્યાગ કરવો કે તે ક્ષેત્ર જો ત્રણ નાની શેરીઓથી અંતરિત (દૂર) હોય તો સ્વાધ્યાય કરવો કલ્પે. ત્રણ શેરીની અંદર હોય તો ન કલ્પે અથવા મોટા એક રાજમાર્ગથી પણ અંતરિત હોય તો સ્વાધ્યાય કરવો કલ્પે. જો તે ક્ષેત્ર અંતરિત ન હોય તો દૂર (=૫૦-૫૫ ડગલા દૂર) હોય તો પણ સ્વાધ્યાય કરવો કલ્પે નહીં. (૬૦ હાથથી દૂર હોય તો કલ્પે.)

અહીં મહંતરત્થા એટલે રાજમાર્ગ કે જેના ઉપરથી રાજા પોતાના સમગ્ર સૈન્ય સાથે પસાર થતો હોય. અથવા જે માર્ગ ઉપરથી દેવતા વિશેષને લઈ જવા માટેનો રથ અને વિવિધ પ્રકારના ઘોડારૂપ વાહનો પસાર થતા હોય. આ સિવાયના માર્ગો કુરથ્યા=નાની શેરીઓ જાણવી. આ વિધિ નગર હોય ત્યારની સમજવી. જો ગામડું હોય તો નિયમથી ગામની બહાર જ શુદ્ધિ થાય.

२४. मत्स्यादीनां जलजं गवादीनां स्थलजं मयूरादीनां खचरजं, एतेषामेकैकं द्रव्यादिकं चतुर्विधं, एकैकस्य वा द्रव्यादिकोऽयं चतुर्धा परिहार इति । द्रव्यतः–पञ्चेन्द्रियाणां रुधिरादिद्रव्यं अस्वाध्यायिकं, क्षेत्रतः षष्टिहस्ताभ्यन्तरेऽस्वाध्यायिकं, परतो न भवति, अथवा क्षेत्रतः 'पुद्‌गलाकीर्णं' पुद्‌गलं–मांसं तेन सर्वमाकीर्णं, तस्यायं परिहारः–तिसृभिः कुरथ्याभिरन्तरितं शुध्यति, आरात् न शुध्यति, महद्रथ्याया एकस्या अपि अंतरितं शुध्यति अनन्तरितं दूरस्थितमपि न शुध्यति, महद्रथ्या–राजमार्गः येन राजा बलसमग्रो गच्छति देवयानरथो वा विविधान्यश्ववाहनानि गच्छन्ति, शेषाः कुरथ्याः, एष नगरे

[२५]विही, गामस्स नियमा बाहिं, एत्थ गामो अविसुद्धणेगमनयदरिसणेण सीमापज्जंतो, परगामे सीमाए सुज्झइत्ति गाथार्थः ॥१३५१॥

**काले तिपोरसिऽट्ठ व भावे सुत्तं तु नंदिमाईयं ।**
**सोणिय मंसं चम्मं अट्ठी विय हुंति चत्तारि ॥१३५२॥**

अस्या व्याख्या – तिरियमसज्झाइयं संभवकालाओ जाव तइया पोरुसी ताव असज्झाइयं परओ सुज्जइ, अहवा अट्ठ जामा असज्झाइयंति–ते जत्थाघायणट्ठाणं तत्थ भवंति । भावओ पुण परिहरंति सुत्तं, तं च नंदिमणुओगदारं तंदुलवेयालियं चंदगविज्झयं पोरुसिमंडलमादी, अहवा असज्झाइयं चउव्विहं इमं–मंसं सोणियं चम्मं अट्ठि यत्ति गाथार्थः ॥१३५२॥

मंसासिणा उक्खित्ते मंसे इमा विही—

**अंतो बहिं च धोअं सट्ठीहत्थाउ पोरिसी तिन्नि ।**
**महकाएँ अहोरत्तं रद्धे वुड्ढे अ सुद्धं तु ॥१३५३॥**

અહીં ગામ તરીકે અવિશુદ્ધ એવા નૈગમનયના મત પ્રમાણે ગામના સીમાડા સુધીનો ભાગ જાણવો. તેથી ગામની બહાર એટલે કે પરગામના સીમાડે (= આ ગામના સીમાડે) શુદ્ધિ થાય. (**ભાવાર્થ :** ગામ કે નગરમાં વસતિ માંસથી વ્યાપ્ત હોય તો પૂર્વોક્ત વિધિ પ્રમાણે તે ક્ષેત્ર નાની ત્રણ શેરીઓથી અથવા એક મોટા રાજમાર્ગથી અંતરિત થતાં કલ્પે. જો સંપૂર્ણ ગામડું માંસથી વ્યાપ્ત હોય તો ગામની બહાર જ સ્વાધ્યાય કરવો કલ્પે इति प्रव. सारो.) ॥૧૩૫૧॥

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** કાળથી : તિર્યંચ અસજ્ઝાય (= તિર્યંચના લોહી વિગેરે પડવાથી થતી અસજ્ઝાય) જ્યારથી થઈ ત્યારથી ત્રણ પ્રહર અસજ્ઝાય રહે, પછી શુદ્ધ. અથવા આઠ પ્રહર અસજ્ઝાય જાણવી. તે આઠ પ્રહરની અસજ્ઝાય જ્યાં પંચેન્દ્રિય જીવનો ઘાત થયો હોય તે આઘાતનસ્થાનમાં જાણવી. (અર્થાત્ બિલાડા, કૂતરા વિગેરેદ્વારા મારેલા ઉંદર, બિલાડી વિગેરે પંચેન્દ્રિય જીવના કલેવર હોય તો આઠ પ્રહરની અસજ્ઝાય.) **ભાવથી** – નંદીસૂત્ર, અનુયોગદ્વાર, તંદુલવૈચારિક, ચન્દ્રાવેધ્યક, પોરિસીમંડલ વિગેરે સૂત્રોનો અભ્યાસ ત્યાગે. અથવા ચાર પ્રકારનો અસ્વાધ્યાય આ પ્રમાણે જાણવો – માંસ, લોહી, ચામડી અને હાડકાં. ॥૧૩૫૨॥

**અવતરણિકા :** માંસને ખાનાર પુરુષે (સાધુની વસતિમાં) માંસ લાવ્યું હોય ત્યારે આ પ્રમાણેની વિધિ જાણવી ➪

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

२५. विधिः, ग्रामात् नियमतो बहिः, अत्र ग्रामोऽविशुद्धनैगमनयदर्शनेन सीमापर्यन्तः, परग्रामे सीमनि शुध्यति । तैरश्चमस्वाध्यायिकं संभवकालात् यावत्तृतीया पौरुषी तावदस्वाध्यायिकं परतः शुध्यति, अथवा अष्ट यामान् अस्वाध्यायिकमिति–ते यत्राघातस्थानं तत्र भवन्ति, भावतः पुनः परिहरन्ति सूत्रं, तच्च नन्दी-अनुयोगद्वाराणि तन्दुलवैचारिकं चन्द्रावेध्यकं पौरुषीमण्डलादि, अथवा अस्वाध्यायिकं चतुर्विधमिदं–मांसं शोणितं चर्म अस्थि चेति । मांसाशिनोत्क्षिप्ते मांसेऽयं विधिः,

अस्या एव व्याख्यानगाथा—

**बहिधोयरद्धपक्के अंतो धोए उ अवयवा हुंति ।**

**महकाय बिरालाई अविभिन्ने केइ इच्छंति ॥१३५४॥**

[२६]ईमीणं दोण्हवि वक्खाणं—साहुवसहीओ सट्ठीहत्थाणं अंतो बहिं च धोअन्ति भंगदर्शनमेतत्, अंतोधोयं अंतो पक्कं, अंतोधोयं बहिपक्कं, बहिं धोयं अंतो पक्कं, अंतग्गहणाउ पढमबितिया भंगा बहीग्गहणाउ ततिओ भंगो, एएसु तिसुवि असज्झाइयं, जंमि पएसे धोयं आणेत्तु वा रद्धं सो पएसो सट्ठिए हत्थेहिं परिहरियव्वो, कालओ तिन्नि पोरुसिओ । तथा द्वितीयगाथायां पूर्वार्द्धेन यदुक्तं 'बहिधोयरद्धपक्के' एस चउत्थो भंगो, एरिसं जइ सट्ठीए हत्थाणं अब्भंतरे आणीयं तहावि तं असज्झाइयं न भवइ, पढमबितियभंगेसु अंतो धोवित्तु णीते रद्धे वा तंमि धोयठाणे अवयवा पडंति तेण असज्झाइयं, तइयभंगे बहिं धोवित्तु अंतो य णीए मंसमेव असज्झाइयंति, तं च

**ટીકાર્થ :** આ ગાથાની વ્યાખ્યાને જણાવનાર બીજી ગાથા જણાવે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ બંને ગાથાઓની વ્યાખ્યા – સાધુની વસતિથી સાઠ હાથની અંદર અને બહાર માંસને ધોયું હોય. અહીં આ વાક્ય ચતુર્ભંગી જણાવનાર છે. (૧) સાઠ હાથની અંદર માંસ ધોયું અને અંદર પકાવ્યું. (૨) અંદર ધોયું, બહાર પકાવ્યું. (૩) બહાર ધોયું, અંદર પકાવ્યું. ગા. ૧૩૫૩ માં રહેલ 'अंतो' શબ્દથી પહેલો–બીજો એમ બે ભાંગા ગ્રહણ કરાયા. અને 'बहि' શબ્દથી ત્રીજો ભાંગો ગ્રહણ કરાયો. આ ત્રણે ભાંગામાં અસજ્ઝાય જાણવી. જે પ્રદેશમાં માંસ ધોયું હોય કે ત્યાં લાવીને રાધ્યું હોય, તે પ્રદેશ જો સાઠ હાથની અંદર હોય તો સ્વાધ્યાય છોડી દેવો. કાળથી ત્રણ પ્રહર સુધી તે પ્રદેશમાં સ્વાધ્યાયનો ત્યાગ કરવો.

તથા ગા. ૧૩૫૪ માં પૂર્વાર્ધવડે જે કહ્યું કે (૪) 'બહાર ધોયું અને બહાર રાંધ્યું કે પકાવ્યું' આના દ્વારા ચોથો ભાંગો કહ્યો છે. આવા પ્રકારનું માંસ જો સાઠ હાથની અંદર લાવે તો પણ તેના કારણે અસ્વાધ્યાય થતો નથી. પહેલા–બીજા ભાંગામાં માંસ સાઠ હાથની અંદર ધોઈને બહાર લઈ ગયા હોય કે બહાર પકાવ્યું હોય છતાં તે ધોવાના સ્થાને અવયવો પડ્યા હોવાથી અસજ્ઝાય થાય છે. ત્રીજા ભાંગામાં બહાર ધોઈને અંદર માંસ લાવ્યું હોવાથી માંસ પોતે જ અસજ્ઝાય છે (અર્થાત્ તે સ્થાને માંસ હોવાથી અસજ્ઝાય થાય છે.)

२६. अनयोर्द्वयोर्व्याख्यानं—साधुवसतेः षष्टिहस्तानामन्तर्बहिश्च धौतमिति, अन्तर्धौतं अन्तःपक्वं अन्तर्धौतं बहिः पक्वं बहिर्धौतमन्तः पक्वं, अन्तर्ग्रहणात् प्रथमद्वितीयौ भङ्गौ गृहीतौ बहिर्ग्रहणात्तु तृतीयो भङ्गः । एतेषु त्रिष्वप्यस्वाध्यायिकं, यस्मिन् प्रदेशे धौतं आनीय वा राद्धं स प्रदेशः षष्टिहस्ताभ्यन्तरे परिहर्त्तव्यः, कालतस्तिस्रः पौरुषीः, बहिर्धौतपक्वं, एष चतुर्थो भङ्गः, ईदृशं यदि षष्टेर्हस्तेभ्योऽन्तरमानीतं तथाऽपि तदस्वाध्यायिकं न भवति, प्रथमद्वितीयभङ्गयोरन्तः प्रक्षाल्य नीते राद्धे वा तस्मिन् धावनस्थानेऽवयवाः पतन्ति तेनास्वाध्यायिकं, तृतीयभङ्गे बहिः प्रक्षाल्यान्तश्चानीते मांसमेवास्वाध्यायिकमिति, तच्च

[२७]उक्खित्तमंसं आइण्णपोग्गलं न भवइ, जं कालसाणादीहिं अणिवारियविप्पकिन्नं निज्जइ तं आइन्नपोग्गलं भाणियव्वं । 'महाकाए'त्ति, अस्या व्याख्या—महाकायो पंचिंदिओ जत्थ हओ तं आघायठाणं वज्जेयव्वं, खेत्तओ सट्ठिहत्था, कालओ अहोरत्तं, एत्थ अहोरत्तछेओ सूरुदएण, रद्धं पक्कं वा मंसं असज्झाइयं न हवइ, जत्थ य धोयं तेण पएसेण महंतो उदगवाहो वूढो तं तिपोरिसिकाले अपुन्नेवि सुद्धं, आघायणं न सुज्झइ, 'महाकाए'त्ति अस्य व्याख्या—महाकाएत्ति पच्छद्धं, मूसगादि महाकाओ सोऽवि बिरालाइणा आहओ, जदि तं अभिन्नं चेव गिलिउं घेत्तुं वा सट्ठीए हत्थाणं बाहिं गच्छइ तो केई आयरिया असज्झायं नेच्छंति । गाथायां तु यदुक्तं केइ इच्छंति, तत्र स्वाध्यायोऽभिसंबध्यते, विधितपक्खो पुण असज्झाइयं चेवत्ति गाथार्थः ॥१३५३-५४॥

અને આ રીતે બહારથી લવાયેલ માંસ આકિર્ણપુદ્ગલ (= તે સ્થાન ચારેબાજુ માંસથી વ્યાપ્ત) બનતું નથી. પરંતુ જે કાગડા, કૂતરા વિગેરેદ્વારા ચારેબાજુ માંસના અવયવો પાડતા—પાડતા લઈ જવાય છે અને એ રીતે લઈ જતાં તે કાગડા વિગેરેને કોઈ રોકતું પણ નથી ત્યારે તે સ્થાન ચારેબાજુથી વ્યાપ્ત થાય છે. (ગા. ૧૩૫૩ માં રહેલ) 'મહાકાય' શબ્દની વ્યાખ્યા – મોટા શરીરવાળો (ઉંદર વિગેરે) પંચેન્દ્રિય જીવ જ્યાં હણાયો હોય તે સ્થાન આઘાતસ્થાન છે. (સ્વાધ્યાય માટે) તે સ્થાન છોડવું, ક્ષેત્રથી સાઠ હાથની અંદર હોય ત્યારે, કાલથી એક અહોરાત્ર સુધી તે સ્થાનમાં સ્વાધ્યાય છોડવો. અહીં બીજા દિવસે સૂર્યોદયે અહોરાત્રની સમાપ્તિ જાણવી.

રાંધેલા કે પાકેલા માંસની અસજ્ઝાય હોતી નથી. જે સ્થાને માંસને ધોયું હોય તે સ્થાનેથી મોટા પ્રમાણમાં પાણીનો પ્રવાહ વહેતો હોય ત્યારે (ત્યાં પડેલાં માંસના અવયવો તે પાણીના પ્રવાહ સાથે વહી જતા હોવાથી) તે સ્થાનમાં ત્રણ પ્રહર પૂર્ણ થયા ન હોય તો પણ સ્વાધ્યાય કરવો કલ્પે. જ્યારે આઘાતસ્થાનમાં અહોરાત્ર સુધી સ્વાધ્યાય કરવો કલ્પે નહીં. (ગા. ૧૩૫૪ માં રહેલ) 'મહાકાય...' વિગેરે પશ્ચાર્ધની વ્યાખ્યા – ઊંદર વિગેરે મહાકાય તરીકે જાણવા. તેને પણ બિલાડી વિગેરેએ માર્યો હોય ત્યારે જો બિલાડી તે ઊંદર વિગેરેને આખે—આખો ગળીને કે પકડીને સાઠ હાથની બહાર લઈ જાય તો કેટલાક આચાર્યો અસજ્ઝાય ઇચ્છતા નથી. ગાથામાં જે કહ્યું કે 'કેટલાકો ઇચ્છે છે, ત્યાં સ્વાધ્યાયનો સંબંધ જોડવો, (અર્થાત્ તેવા સ્થાને સ્વાધ્યાય કરવો કલ્પે છે એમ સંબંધ જોડવો.) જ્યારે પ્રમાણપક્ષ (મૂળમત) અસજ્ઝાયનો જ છે. (અર્થાત્ આવા સ્થાને સ્વાધ્યાય કરવો કલ્પે નહીં.) ॥૧૩૫૩-૫૪॥

२७. उत्क्षिप्तमांसं आकीर्णपुद्गलं न भवति, यत् कालश्वादिभिरनिवारितं विप्रकीर्णं नीयते तत् आकीर्णपुद्गलं भणितव्यं । महाकाय इति, महाकायः पञ्चेन्द्रियो यत्र हतस्तत् आघातस्थानं वर्जयितव्यं, क्षेत्रतः षष्टेर्हस्तेभ्यः कालतोऽहोरात्रं, अत्राहोरात्रच्छेदः सूर्योद्गमेन, राद्धं पक्वं वा मांसं अस्वाध्यायिकं न भवति, यत्र च धौतं तेन प्रदेशेन महान् उदकप्रवाहो व्यूढस्तर्हि त्रिपौरुषीकालेऽपूर्णेऽपि शुद्धं, आघातनं न शुध्यति, महाकाय इत्यस्य व्याख्या—महाकाय इति पश्चार्धं, मूषकादिर्महाकायः सोऽपि मार्जारादिनाऽऽहतः यदि तमभिन्नमेव गिलित्वा गृहीत्वा वा षष्टेर्हस्तेभ्यो बहिर्गच्छति ततः केचिदाचार्या अस्वाध्यायिकं नेच्छन्ति, केचिदिच्छन्ति, विहितपक्षः पुनरस्वाध्यायिकमेवेति ।

अस्यैवार्थस्य प्रकटनार्थमाह भाष्यकारः —

**मूसाइ महाकायं मज्जाराईहयाघयण केई ।**
**अविभिन्ने गिण्हेउं पढंति एगे जइ पलाहि ॥२२१॥ ( भा० )**

गतार्थैवेयं ॥ तिरियमसज्झाइयाहिगार एव इमं भन्नइ—[२८]

**अंतो बहिं च भिन्नं अंडग बिंदू तहा विआया य ।**
**रायपह वूढ सुद्धे परवयणं साणमादीणि ॥१३५५॥ दारं**

व्याख्या त्वस्या भाष्यकार एव प्रतिपदं करिष्यति । लाघवार्थं त्विह न व्याख्यायते 'अंतो बहिं च भिन्नं अंडग बिंदु'त्ति अस्य गाथाशकलस्य व्याख्या—

**अंडगमुज्जियकप्पे न य भूमि खणंति इहरहा तिन्नि ।**
**असज्झाइयपमाणं मच्छियपाओ जहिं निबुड्डे ॥२२२॥ ( भा० )**

साहुवसहीओ सट्ठीओ हत्थाणंतो भिन्ने अंडए असज्झायं बहिभिन्ने न भवइ । अहवा साहुवसहिए अंतो बहिं वा अंडयं भिन्नंति वा उज्झियंति वा एगट्ठं, तं च कप्पे वा उज्झियं भूमीए वा, जइ कप्पे तो कप्पं सट्ठीए हत्थाणं बाहिं नीणेऊण धोवंति तओ सुद्धं, अह भूमीए भिन्नं

અવતરણિકા : આ જ અર્થને પ્રગટ કરવા માટે ભાષ્યકાર કહે છે ➪

ગાથાર્થ : ઉંદર વિગેરે મહાકાય જીવો બિલાડી વિગેરેદ્વારા જ્યાં હણાયા તે આઘાતનસ્થાનથી અભિન્ન કલેવર ગ્રહણ કરીને સાઠ હાથની બહાર જો બિલાડી વિગેરે પલાયન થઈ જાય તો કેટલાક આચાર્યો સ્વાધ્યાયને કરે છે. (અર્થાત્ સ્વાધ્યાય કરવો ત્યાં કલ્પે છે એમ કહે છે.)

ટીકાર્થ : ગાથાર્થ સ્પષ્ટ જ છે. ॥ભા.–૨૨૧॥

અવતરણિકા : તિર્યંચ અસજ્ઝાયના અધિકારમાં આગળ કહેવાય છે ➪

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : (આ દ્વાર ગાથા છે.) આ ગાથાના દરેક પદનો અર્થ ભાષ્યકાર પોતે જ આગળ કરશે. લાઘવ થાય તે માટે અહીં જણાવાતો નથી. ॥૧૩૫૫॥ 'अंतो बहिं च...' વિગેરે ગાથાખંડની ટુકડાની વ્યાખ્યા ➪

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : સાધુની વસતિથી સાઠ હાથની અંદર જો ઈંડુ ફૂટે તો અસજ્ઝાય, બહાર ફૂટે તો અસજ્ઝાય થતી નથી. અથવા સાધુની વસતિની અંદર કે બહાર ઈંડુ ફૂટ્યું. અહીં भिन्नं કે उज्झितं બંને શબ્દો એકાર્થિક છે. તે ઈંડુ વસ્ત્ર ઉપર ફૂટ્યું કે જમીન ઉપર ફૂટ્યું. તેમાં જો વસ્ત્ર ઉપર ફૂટ્યું હોય તો તે વસ્ત્રને સાઠ હાથથી બહાર લઈ જઈને ધોવાથી વસતિ શુદ્ધ થાય છે. હવે જો

२८. तैरश्चास्वाध्यायिकाधिकार एवेदं भण्यते । साधुवसतेः षष्टेर्हस्तेभ्योऽर्वाग् भिन्नेऽण्डेऽस्वाध्यायिकं बहिर्भिन्ने न भवति, अथवा साधुवसतेरन्तर्बहिर्वाऽण्डं भिन्नमिति वोज्झितं वैकार्थौ, तच्च कल्पे वोज्झितं भूमौ वा, यदि कल्पे तर्हि कल्पं षष्टेर्हस्तेभ्यो बहिः नीत्वा धोवन्ति ततः शुद्धं, अथ भूमौ भिन्नं

[२९] तो भूमी खणेउं ण छड्डिज्जइ, न शुध्यतीत्यर्थः। 'इयरह'त्ति तत्थत्थे सट्ठिहत्था तिन्नि य पोरुसीओ परिहरिज्जइ, इदाणिं बिंदुत्ति–'असज्झाइयस्स पमाणं'ति, किं बिंदुपमाणमेत्तेण पुण हीणेण अहिययरेण वा असज्झाओ भवइ ?, पुच्छा, उच्यते, मच्छियाए पाओ जहिं निबुड्डइ तं असज्झाइयपमाणं। इयाणिं वियायत्ति' तत्थ—

**अजराउ तिन्नि पोरिसि जराउआणं जरे पडे तिन्नि।**
**रायपह बिंदु पडिए कप्पइ वूढे पुणऽन्नत्थ ॥२२३॥ ( भा. )**

व्याख्या–जरु जेसिं न भवति तेसिं पसूयाणं वग्गुलिमाइयाणं, तासिं पसूइकालाओ आरब्भ तिण्णि पोरुसीओ असज्झाओ मुत्तुमहोरत्तछेदं, आसन्नपसूयाएवि अहोरत्तछेदेण सुज्झइ, गोमादिजराउजाणं पुण जाव जरुं पतति ताव असज्झाइयं 'जरे पडिए'त्ति जाहे जरुं पडियं ताहे ताओ पडणकालाओ आरब्भ तिन्नि पहरा परिहरिज्जंति। 'रायपह वूढ सुद्धे'त्ति अस्या व्याख्या–

ભૂમિ ઉપર ફૂટ્યું હોય તો ભૂમિના તેટલા ભાગને ઉખેડીને બહાર ફેંકાતો નથી, અર્થાત્ વસતિ શુદ્ધ થતી નથી. આવા સ્થાને ક્ષેત્રથી સાઠ હાથ અને કાળથી ત્રણ પૌરુષિનો ત્યાગ કરાય છે. (અર્થાત્ ૬૦ હાથની ભૂમિમાં અને ત્રણ પ્રહર સુધી સ્વાધ્યાયનો ત્યાગ કરે.)

હવે (ગા. ૧૩૫૫ માં રહેલ) 'બિંદુ' શબ્દનો અર્થ જણાવે છે – 'અસજ્ઝાયનું પ્રમાણ' એટલે કે ઇંડાના રસનું કે લોહીનું પ્રમાણ એક બિંદુથી ઓછું હોય કે વધારે હોય; કેટલું હોય તો અસજ્ઝાય ગણાય ? – **સમાધાન :** જેમાં માખીનો પગ ડૂબે એટલું પણ બિંદુ ભૂમિ ઉપર પડે તો અસજ્ઝાય ગણાય. ॥**ભા.–૨૨૨**॥ હવે 'विआया' પદની વ્યાખ્યા કરે છે. તેમાં ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** પ્રસૂતિ વખતે જેને જરા=ઓર પડતી નથી તેવા વલ્ગુલિ (પક્ષીવિશેષ) વિગેરે જીવોના પ્રસૂતિ સમયથી આરંભીને ત્રણ પોરિસી સુધી અહોરાત્રના છેદને છોડીને અસજ્ઝાય જાણવી. સૂર્યોદયની થોડી મિનિટો પૂર્વે પ્રસૂતિ થાય તો પણ અહોરાત્ર પૂર્ણ થતાં (= સૂર્યોદય થતાં) સ્વાધ્યાય કલ્પે. (ટૂંકમાં પ્રસૂતિ થયા પછી (૧) ૩ પ્રહર પૂર્ણ થાય કે (૨) સૂર્યોદય થાય, જે પહેલું થાય ત્યારે સ્વાધ્યાય કલ્પે.)

ગાય વિગેરે જરાયુજ જીવોની પ્રસૂતિ સમયે જ્યાં સુધી જરા=ઓર પડે ત્યાં સુધી અસજ્ઝાય. જ્યારે જરા પડવાની બંધ થાય ત્યારથી ત્રણ પ્રહર સુધી અસજ્ઝાય જાણવી. (ગા. ૧૩૫૫ માં

२९. तर्हि भूमिः खनित्वा न त्यज्यते। इतरथेति तत्रस्थे षष्टिर्हस्ताः तिस्रश्च पौरुष्यः परिह्रियन्ते, इदानीं 'बिन्दु' इति अस्वाध्यायिकस्य प्रमाणमिति–किं बिन्दुप्रमाणमात्रेण पुनर्हीनेनाधिकतरेण वाऽस्वाध्यायो भवति ?, पृच्छा, उच्यते, मक्षिकायाः पादो यत्र निब्रूडते तदस्वाध्यायिकप्रमाणं। इदानीं प्रसूतेति, तत्र। जरायुर्येषां न भवति तेषां प्रसूतानां वल्गुल्यादीनां, तासां प्रसूतिकालात् आरभ्य तिस्रः पौरुषीरस्वाध्यायः, मुक्त्वाऽहोरात्रच्छेदं–आसन्नप्रसूतानामपि अहोरात्रच्छेदेन शुध्यति, गवादीनां जरायुजानां पुनर्यावत् जरायुः पतति तावदस्वाध्यायिकं, 'जरायौ पतिते' इति यदा जरायुः पतितः, तदा तस्मात् पतनकालात् आरभ्य त्रयः प्रहराः परिह्रियन्ते। राजपथव्यूढे शुद्धमिति

'रायपह बिंदु'[30] पच्छद्धं साहुवसही आसण्णेण गच्छमाणस्स तिरियस्स जदि रुहिरबिंदु गलिया ते जइ रायपहंतरिया तो सुद्धा, अह रायपहे चेव बिंदू गलिया तहावि सज्झाओ कप्पतित्तिकाउं, अह अण्णम्मि पहे अण्णात्थ वा पडियं तो जइ उदगवुड्डिवाहेण हियं तो सुद्धो, 'पुण'त्ति विशेषार्थप्रतिपादने, पलीवणगेण वा दड्ढे सुज्झइत्ति गाथार्थः ॥२२३॥

मूल गाथायां 'परवयणं साणमादीणि'त्ति परोत्ति चोयगो तस्स वयणं जइ साणो पोग्गलं समुद्दिसित्ता जाव साहुवसहीसमीवे चिट्ठइ ताव असज्झाइयं, आदिसद्दाओ मज्जारादी । आचार्य आह—

**जइ फुसइ तहिँ तुंडं अहवा लेच्छारिएण संचिक्खे ।**
**इहरा न होइ चोयग ! वंतं वा परिणयं जम्हा ॥२२४॥ ( भा. )**

**व्याख्या–साणो भोत्तुं मंसं लेच्छारिएण तोंडेण वसहिआसण्णेण गच्छंतो तस्स जइ तोंडं रुहिरेण लित्तं खोडादिसु फुसति तो असज्झाइयं, अहवा लेच्छारियतुंडो वसहिआसन्ने चिट्ठइ तहवि**

રહેલ) 'रायपह वूढ सुद्धे' પદની વ્યાખ્યા – (ભા.– ૨૨૩ માં આપેલ) 'रायपह बिंदु' વિગેરે પશ્ચાર્ધ – સાધુની વસતિની નજીકથી પસાર થતાં તિર્યંચના લોહીના ટીપાં નીચે પડ્યા. તે જો રાજમાર્ગથી અંતરિત હોય તો વસતિ શુદ્ધ જાણવી. હવે જો રાજમાર્ગ ઉપર જ તે ટીપાં પડ્યાં હોય તો પણ સ્વાધ્યાય કરવો કલ્પે છે. પરંતુ જો રાજમાર્ગને બદલે બીજા કોઈ નાના રસ્તા ઉપર પડ્યા હોય કે અન્યત્ર (= વસતિની આજુબાજુ) પડ્યા હોય તો જો તે ટીપાં પાણીના મોટા પ્રવાહ સાથે વહી જાય તો વસતિ શુદ્ધ જાણવી. 'पुण' શબ્દ વિશેષ વાતને જણાવનાર છે. (તે આ પ્રમાણે) કે અગ્નિને કારણે તે ટીપાં બળી જાય તો પણ વસતિ શુદ્ધ જાણવી. ॥ભા.–૨૨૩॥

**અવતરણિકા :** મૂળગાથામાં (ગા. ૧૩૫૫માં) 'परवयणं साणमादीणि' જે કહ્યું તેની વ્યાખ્યા – પર એટલે પ્રશ્ન કરનાર શિષ્ય. તેનું વચન આ પ્રમાણે છે કે જો કૂતરો માંસ ખાઈને જ્યાં સુધી સાધુની વસતિ પાસે ઊભો રહે ત્યાં સુધી અસજ્ઝાય. આદિશબ્દથી બિલાડી વિગેરે જાણવા. આ પ્રશ્નનું સમાધાન આચાર્ય કરે છે કે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કૂતરો માંસને ખાધા બાદ લેપાયેલા મુખ સાથે વસતિની બાજુમાંથી પસાર થતો હોય ત્યારે જો લોહીથી ખરડાયેલા પોતાના મોંને તે કૂતરો ઉપાશ્રયના લાકડાં વિગેરેને (પહેલાં કાળમાં લાકડામાંથી મકાન બનતા હતા તેથી અહીં લાકડાં વિગેરે લીધા છે બાકી વર્તમાનમાં મકાનની

**૩૦. राजपथे बिन्दवः । पश्चार्धं । साधुवसतेरासन्नेन गच्छतस्तिरश्चो यदि रुधिरबिन्दवो गलितास्ते यदि राजपथान्तरितास्तर्हि शुद्धाः, अथ राजपथ एव बिन्दुः गलितः तथापि स्वाध्यायः कल्पते इतिकृत्वा, अथान्यस्मिन् पथेऽन्यत्र वा पतितः तर्हि यद्युदकवेगेन व्यूढं तर्हि शुद्धः, प्रदीपनकेन वा दग्धे शुध्यतीति । पर इति नोदकः तस्य वचनं–यदि श्वा पुद्गलं भुक्त्वा यावत् साधुवसतिसमीपे तिष्ठति तावदस्वाध्यायिकं, आदिशब्दात् मार्जारादयः । श्वा भुक्त्वा मांसं लिप्तेन मुखेन वसत्यासन्नेन गच्छन् ( स्यात् ), तस्य मुखं यदि रुधिरेण लिप्तं काष्ठादिषु स्पृशति तदाऽस्वाध्यायिकं, अथवा लिप्तमुखो वसत्यासन्ने तिष्ठति तथापि**

[31]असज्झाइयं, 'इयरह'त्ति आहारिएण चोयग ! असज्झाइयं ण भवति, जम्हा तं आहारियं वंतं अवंतं वा आहारपरिणामेण परिणयं, आहारपरिणयं च असज्झाइयं न भवइ, अण्णपरिणामओ मुत्तपुरीसादिवत्ति गाथार्थः, तेरिच्छसारीरं गयं ॥२२४॥

इयाणिं माणुससरीरं, तत्थ—

**माणुस्सयं चउद्धा अट्ठिं मुत्तूण सयमहोरत्तं ।**
**परिआवन्नविवन्ने सेसे तियसत्त अट्ठेव ॥१३५६॥**

व्याख्या—तं माणुस्ससरीरं असज्झाइयं चउव्विहं चंमं मंसं रुहिरं अट्ठियं च, अट्ठिं मोत्तुं सेसस्स तिविहस्स इमो परिहारो—खेत्तओ हत्थसयं, कालओ अहोरत्तं, जं पुण सरीराओ चेव वणादिसु आगच्छइ परियावण्णं विवण्णं वा तं असज्झाइयं न होति, परियावण्णं जहा रुहिरं चेव पूयपरिणामेणं ठियं, विवण्णं खइरकक्कसमाणं रसिगाइयं च, सेसं असज्झाइयं हवइ ।

ભીંત વિગેરેને) સ્પર્શે તો અસજ્ઝાય, અથવા ખરડાયેલા મોં સાથે તે કૂતરો જો વસતિની આજુબાજુ ઊભો રહે તો પણ અસજ્ઝાય ગણવી. બાકી હે શિષ્ય ! જો તે કૂતરાએ માંસ ખાઈ લીધું હોય (અને મોં ખરડાયેલું ન હોય તો) અસજ્ઝાય ગણાય નહીં, કારણ કે ખાઈ લીધા બાદ અગર તે ઉલટી કરે કે ન કરે છતાં તે માંસ આહારરૂપે પરિણામ પામી ગયું છે અને આહારરૂપે પરિણામ પામેલ માંસથી અસજ્ઝાય થતી નથી, કારણ કે માત્રુ, વિષ્ટા વિગેરેની જેમ તે માંસ અન્ય પરિણામ પામ્યું છે. તિર્યંચશરીરસંબંધી અસજ્ઝાય કહી. ॥ભા.–૨૨૪॥

**અવતરણિકા :** હવે મનુષ્યશરીરસંબંધી અસજ્ઝાય કહે છે. તેમાં ⇨

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** મનુષ્યશરીરસંબંધી અસજ્ઝાય ચાર પ્રકારે છે – ચામડી, માંસ, લોહી અને હાડકું. હાડકાંને છોડીને શેષ ત્રણ સંબંધી ત્યાગ આ પ્રમાણે જાણવો – ક્ષેત્રથી સો હાથ અને કાળથી એક અહોરાત્રનો ત્યાગ કરવો. (અર્થાત્ સોહાથની અંદર એક અહોરાત્ર સુધી સ્વાધ્યાયનો ત્યાગ કરવો.) જે વળી શરીર ઉપર પડેલા ઘા વિગેરેમાં લોહી આવ્યું હોય તે જો પર્યાયાન્તરને પામ્યું હોય કે વિપરીત વર્ણવાળું હોય તો અસજ્ઝાય થતી નથી. અહીં પર્યાયાન્તર એટલે જે લોહી પરુરૂપે થયું હોય. વિવર્ણ એટલે ખેરવૃક્ષના લાકડાના માવા જેવા ફિકાવર્ણવાળું અને રસ વિગેરેવાળું લોહી. (આવું લોહી હોય તો અસજ્ઝાય નથી. પરંતુ) તે સિવાય લોહી વિગેરે હોય તો અસજ્ઝાય થાય.

---

૩૧. अस्वाध्यायः, इतरथेति आहारितेन चोदक ! अस्वाध्यायिकं न भवति, यस्मात् तदाहारितं वान्तमवान्तं वाऽऽहारपरिणामेन परिणतं, आहारपरिणामपरिणतं चास्वाध्यायिकं न भवति, अन्यपरिणामात्, मूत्रपुरीषादिवत् । तैरश्चं शारीरं गतं, इदानीं मानुषशरीरं, तत्र—तत् मानुषशारीरमस्वाध्यायिकं चतुर्विधं—चर्म मांसं रुधिरं अस्थि च, तत्रास्थि मुक्त्वा शेषस्य त्रिविधस्यायं परिहारः—क्षेत्रतो हस्तशतं कालतोऽहोरात्रं, यत् पुनः शरीरादेव व्रणादिष्वागच्छति पर्यापन्नं विवर्णं वा तत् अस्वाध्यायिकं न भवति, पर्यापन्नं यथा रुधिरं पूयपरिणामेन स्थितं, विवर्णं खदिरकल्कसमानं रसिकादिकं, शेषमस्वाध्यायिकं भवति,

[३२]अहवा सेसं अगारीरिउसंभवं तिण्णि दिणा, वियाताए वा जो स्रावो सो सत्त वा अट्ठ वा दिणे असज्झाइयं भवतित्ति । पुरिसपसूयाए सत्त, जेण सुक्कुक्कडा तेण तस्स सत्त दिणा, जं पुण इत्थीए अट्ठ एत्थ उच्यते ॥१३५६॥

**रत्तुक्कडा उ इत्थी अट्ठ दिणा तेण सत्त सुक्कहिए ।**
**तिन्नि दिणाण परेणं अणोउगं तं महोरत्तं ॥१३५७॥**

व्याख्या–निसेगकाले रत्तुक्कडयाए इत्थि पसवइ, तेण तस्स अट्ठ दिणा परिहरणिज्जा, सुक्काहियत्तणओ पुरुसं पसवइ तेण तस्स सत्त दिणा । जं पुण इत्थीए तिण्हं रिउदिणाणं परेण भवइ तं सरोगजोणित्थीए अणोउयं तं महोरत्तं भण्णइ, तस्सुस्सग्गं काउं सज्झायं करेंति । एस रुहिरे विहित्ति गाथार्थः ॥१३५७॥ जं पुव्वुत्तं 'अट्ठिं मोत्तूणं'ति तस्सेदाणीं इमो विही भण्णइ–

અથવા 'શેષ' શબ્દથી સ્ત્રીના ઋતુકાળ સમયે સંભવતું લોહી લેવું. આવું લોહી આવે ત્યારે ત્રણદિવસ સ્વાધ્યાયનો ત્યાગ કરવો. અથવા પ્રસૂતિ વખતે જે લોહી નીકળે ત્યારે સાત અથવા આઠ દિવસ અસ્વાધ્યાય જાણવો. તેમાં પુત્ર જન્મે તો સાત દિવસ વર્જવા કારણ કે ત્યાં વીર્યની અધિકતા હોય છે (અર્થાત્ પુરુષનું વીર્ય અને સ્ત્રીનું લોહી આ બેમાં જ્યારે વીર્યની અધિકતા હોય ત્યારે પુત્રનો જન્મ થાય અને લોહીની અધિકતા હોય તો પુત્રીનો જન્મ થાય. તેથી જ્યારે પુત્રનો જન્મ થાય ત્યારે વીર્યની અધિકતા હોય છે.) તેથી સાત દિવસ વર્જવાના છે. પુત્રીનો જન્મ થાય ત્યારે આઠ દિવસ વર્જવાના છે. તેનું કારણ આગળ કહે છે ॥૧૩૫૬॥

ગાથાર્થ : **ટીકાર્થ પ્રમાણે જાણવો.**

ટીકાર્થ : મૈથુનસમયે લોહીની અધિકતા હોય તો સ્ત્રી પુત્રીને જન્મ આપે છે. તેથી તેના આઠ દિવસ વર્જવાના હોય છે. વીર્યની અધિકતા હોય તો પુત્રને જન્મ આપે છે. તેથી તેના સાત દિવસ છોડાય છે. (ટૂંકમાં પુત્રીજન્મ સમયે લોહીનું પ્રમાણ વધારે હોવાથી આઠ દિવસ અને પુત્રસમયે લોહીનું પ્રમાણ ઓછું હોવાથી સાત દિવસ છોડવાના છે.) જે વળી સ્ત્રીને ઋતુકાળના ત્રણ દિવસ પછી પણ લોહી પડે છે તે યોનિ રોગવાળી હોવાથી પડે છે. તે અનૃતુકાળ છે. તેને મહોરક્ત કહેવાય છે. તેનો કાયોત્સર્ગ (=અનૃતુકાળ ઉડ્ડાવણાર્થં કાઉસગ્ગ કરું ? એ પ્રમાણે કહીને ૧ લોગસ્સનો કાયોત્સર્ગ) કરીને સ્વાધ્યાય કરાય છે. આ લોહીસંબંધી વિધિ કહી. ॥૧૩૫૭॥

**અવતરણિકા :** જે પૂર્વે કહ્યું કે 'હાડકાંને છોડીને' તે હાડકાંસંબંધી વિધિ હવે કહેવાય છે ➪

३२. अथवा शेषमगारिऋतुसंभवं त्रीन् दिवसान् प्रसूतायां वा यः श्रावः स सप्താष्टौ वा दिनान् अस्वाध्यायिकं (करोतीति) । पुरुषे प्रसूते सप्त, येन शुक्रोत्कटा तेन तस्य सप्त दिनाः, यत् पुनः स्त्रिया अष्ट, अत्रोच्यते– निषेककाले रक्तोत्कटतायां स्त्रिं प्रसूते, तेन तस्या अष्टौ दिनाः परिह्रियन्ते, शुक्राधिकत्वात् पुरुषं प्रसूते तेन तस्य सप्त दिनाः । यत् पुनः स्त्रियास्त्रिभ्यः ऋतुदिनेभ्यः परतो भवति तत् सरोगयोनिकायाः स्त्रिया, अनुतृकं तत् महोरक्तं भण्यते तस्योत्सर्गं कृत्वा स्वाध्यायं कुर्वन्ति, एष रुधिरे विधिरिति । यत्पूर्वमुक्तं 'अस्थि मुक्त्वे'ति तस्येदानीं विधिर्भण्यते –

दंते दिट्ठि विगिंचण सेसट्ठी बारसेव वासाइं ।
झामिय वूढे सीआण पाणरुद्दे य मायहरे ॥१३५८॥

व्याख्या–[३३]जइ दंतो पडिओ सो पयत्तओ गवेसियव्वो, जइ दिट्ठो तो हत्थसया उपरि विगिंचियव्वो अह न दिट्ठो तो उग्घाडकाउस्सग्गं काउं सज्झायं करेंति । सेसट्ठिएसु जीवविप्पमुक्कदिणाऽऽरब्भाउ हत्थसतब्भंतरठिएसु बारसवरिसे असज्झाइयंति गाथापूर्वार्द्धः, पश्चार्द्धस्य तु भाष्यकार एव व्याख्यां कुर्वन्नाह—

सीयाणे जं दिड्ढं तं तं मुत्तूणऽनाहनिहयाणि ।
आडंबरे य रुद्दे माइसु हिड्डिया बारे ॥२२५॥ ( भा. )

व्याख्या–'सीयाणे'त्ति सुसाणे जाणि चितारोवियाणि दड्ढाणि उदगवाहेण वा वूढाणि न ताणि अट्ठियाणि असज्झाइयं करेंति, जाणि पुण तत्थ अण्णत्थ वा अणाहकडेवराणि परिट्ठवियाणि सणाहाणि वा इंधणादिअभावे 'निहय'त्ति निक्खित्ताणि ते असज्झाइयं करेंति । पाणत्ति मायंगा, तेसिं आडंबरो–जक्खो हिरिमेक्कोऽवि भण्णइ, तस्स हेट्ठा सज्जोमयट्ठीणि ठविज्जंति, एवं

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : જો દાંત પડ્યો હોય તો તે પ્રયત્નપૂર્વક શોધવો. જો મળી જાય તો સો હાથ દૂર જઈ ત્યાગવો. હવે જો ન મળે તો દંતઉદ્ઘાવણાર્થે કાયોત્સર્ગ કરીને સ્વાધ્યાય કરે. શેષ હાડકાં હોય તો જીવથી જે દિવસે છૂટા પડે તે દિવસથી લઈને જો તે હાડકું સો હાથમાં હોય તો બાર વરસ અસજ્ઝાય જાણવી. આ પ્રમાણે ગાથાનો પૂર્વાર્ધ કહ્યો. ॥૧૩૫૮॥ પશ્ચાર્ધ ભાગની વ્યાખ્યા ભાષ્યકાર પોતે જ કરતા કહે છે ⇨

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : શ્મશાનમાં ચિતા ઉપર મૂકેલા જે અસ્થિઓ બળી ગયા છે કે પાણીના પ્રવાહમાં જે હાડકાંઓ વહી ગયા છે તે અસ્થિઓથી અસજ્ઝાય થતી નથી. પરંતુ જે ત્યાં શ્મશાનમાં કે બીજે કોઈ સ્થળે અનાથ કલેવરો લાવીને નંખાયા છે કે સનાથ હોવા છતાં ઈંધન ન હોવાથી એમનેમ મૂકીને લોકો જતા રહ્યા છે તે કલેવરોને કારણે અસજ્ઝાય થાય છે. 'પાણ' એટલે ચાંડાળો. તેઓનો આડંબર એટલે કે યક્ષ કે જેને 'હ્રિમિક્ક' શબ્દથી પણ બોલાવાય છે. તે યક્ષની નીચે તરત મરેલી વ્યક્તિના હાડકાં રાખવામાં આવે છે. એ જ પ્રમાણે રુદ્રનામના યક્ષવિશેષના મંદિરમાં પણ સ્થાપે

३३. यदि दन्तः पतितः स प्रयत्नेन गवेषणीयो यदि दृष्टस्तर्हि हस्तशतात् उपरि त्यज्यते, अथ न दृष्टस्तदोद्घाटकायोत्सर्गं कृत्वा स्वाध्यायं कुर्वन्ति । शेषास्थिषु जीवविप्रमुक्तदिनादारभ्य तु हस्तशताभ्यन्तरस्थितेषु द्वादश वर्षाण्यस्वाध्यायिकमिति, सीयाणमिति श्मशाने यानि चित्तारोपितानि दग्धानि उदकवाहेन वा व्यूढानि न तान्यस्थीनि अस्वाध्यायिकं कुर्वन्ति, यानि पुनस्तत्रान्यत्र वाऽनाथकलेवराणि परिष्ठापितानि सनाथानि वा इन्धनाद्यभावे निक्षिप्तानि तान्यस्वाध्यायिकं कुर्वन्ति । पाणा इति मातङ्गास्तेषामाडम्बरो यक्षो ह्रीमैक्कोऽपि भण्यते, तस्याधस्तात् सद्यो मृतास्थीनि स्थाप्यन्ते, एवं

[३४]रुद्दघरे मादिघरे य, ते कालओ बारस वरिसा, खेत्तओ हत्थसयं परिहरणिज्जा इति गाथार्थः ॥२२५॥

**आवासियं च वूढं सेसे दिट्ठंमि मग्गण विवेगो ।**
**सारीरगाम वाडग साहीइ न नीणियं जाव ॥१३५९॥**

एताए पुव्वद्धस्स इमा विभासा —

**असिवोमाघयणेसुं बारस अविसोहियंमि न करंति ।**
**झामिय वूढे कीरइ आवासिय सोहिए चेव ॥१३६०॥**

अस्य गाथाद्वयस्य व्याख्या–जं सीयाणं जत्थ वा असिवोमे मताणि बहूणि छड्डियाणि, 'आघातणं'ति जत्थ वा महासंगामे मया बहू, एएसु ठाणेसु अविसोहिएसु कालओ बारस वरिसे, खेत्तओ हत्थसयं परिहरंति, सज्झायं न करंतीत्यर्थः । अह एए ठाणा दवग्गिमाइणा दड्ढा उदगवाहो वा तेणंतेण वूढो गामनगरेण वा आवासंतेण अप्पणो घरट्ठाणा सोहिया, 'सेसं'त्ति जं गिहीहिं न सोहियं, पच्छा तत्थ साहू ठिया अप्पणो वसही समंतेण मग्गिता, जं दिट्ठं तं विगिंचित्ता अदिट्ठे

છે અને ચામુંડા વિગેરે માતાઓના મંદિરમાં પણ તરત મરેલા જીવોનાં હાડકાં સ્થાપે છે. તે હાડકાંઓ કાળથી બાર વર્ષ સુધી અને ક્ષેત્રથી સો હાથમાં હોય તો અસજ્ઝાય કરે છે. ॥ભા.–૨૨૫॥

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આ ગાથાના પૂર્વાર્ધની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી ⇨

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : બંને ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી – શ્મશાન અથવા અશિવને કારણે એટલે કે દેવતાકૃત ઉપદ્રવને કારણે કે ઓમ=દુર્ભિક્ષને કારણે ઘણા મરેલા માણસો જે સ્થળે લાવીને નંખાયા હોય અથવા મોટા યુદ્ધમાં જ્યાં ઘણા લોકો મર્યા હોય. આવા અવિશુદ્ધિવાળા સ્થાનો કાળથી બારવર્ષ સુધી અને ક્ષેત્રથી સો હાથમાં હોય તો સ્વાધ્યાયનો ત્યાગ કરવો. પરંતુ જો આ સ્થાનો દાવાગ્નિવડે બળી ગયા હોય કે ત્યાંથી મોટા પાણીનો પ્રવાહ વહ્યો હોય અથવા (ગા. ૧૩૫૯ માં આપેલ 'आवासियं' પદનો અર્થ –) ગામ કે નગર વસતું હોય ત્યારે દરેકે પોતાના ઘરો તૈયાર કરવા તે સ્થાનો શુદ્ધ કર્યા હોય. (આવા સ્થાનોમાં જ્યારે સાધુઓ આવીને રહે ત્યારે) શેષ જે હાડકાં ગૃહસ્થોએ દૂર કર્યા ન હોય અને પાછળથી ત્યાં સાધુઓ રહ્યા. ત્યારે સાધુઓએ પોતાની વસતિમાં ચારેબાજુ હાડકાં વિગેરે શોધવા. જે દેખાય તેને સો હાથ દૂર કરીને સ્વાધ્યાય કરે અથવા

३४. रुद्रगृहे मातृगृहे च, तानि कालतो द्वादश वर्षाणि, क्षेत्रतो हस्तशतं परिहरणीयानि । एतस्याः पूर्वार्धस्येयं विभाषा । यत् श्मशानं यत्र वाऽशिवावमयोर्मृतकानि बहूनि त्यक्तानि, आघातनमिति यत्र वा महासङ्ग्रामे मृतानि बहूनि, एतेषु स्थानेष्वविशोधितेषु कालतो द्वादश वर्षाणि क्षेत्रतो हस्तशतं परिहरन्ति–स्वाध्यायं न कुर्वन्तीत्यर्थः । अथैतानि स्थानानि दवाग्न्यादिना दग्धानि उदकवाहो वा तेनाध्वना व्यूढः ग्राम नगरेण वाऽऽवसताऽऽत्मनो गृहस्थानानि शोधितानि शेषमिति यद्गृहस्थैर्न शोधितं पश्चात् तत्र साधवः स्थिताः, आत्मनो वसतिः समन्तात् मार्गिता, यद्दृष्टं तत् त्यक्त्वाऽदृष्टे

[३५]वो तिण्णि दिणा उग्घाडणकाउस्सग्गं करेत्ता असढभावा सज्झायं करेंति । 'सारीरगाम' पच्छद्धं, इमा विभासा 'सारीरं'त्ति मयस्स सरीरं जाव डहरग्गामे ण निप्फिडियं ताव सज्झायं ण करेंति, अह नगरे महंते वा गामे तत्थ वाडगसाहीउ जाव न निप्फेडियं ताव सज्झायं परिहरंति, मा लोगो निदुक्खत्ति उड्डाहं करेज्जा ॥ तथा चाह भाष्यकारः—

**डहरगगाममए न करेंति जा ण नीणियं होइ ।**
**पुरगामे व महंते वाडगसाही परिहरंति ॥२२६॥ ( भा० )**

उक्तार्थेयं ॥२२६॥ चोदक आह—साहुवसहिसमीवेण मयस्स सरीरस्स निज्जमाणस्स जइ पुप्फवत्थादि किंचि पडियं तंपि असज्झाइयं ? आचार्य आह—

**निज्जंतं मुत्तूणं परवयणे पुप्फमाइपडिसेहो ।**
**जम्हा चउप्पगारं सारीरमओ न वज्जंति ॥१३६१॥**

व्याख्या—मयसरीरं उभओ वसहीए हत्थसतब्भंतरं जाव निज्जइ ताव तं असज्झाइयं, सेसा

---

જો શોધવા છતાં કોઈ હાડકાં દેખાય નહીં તો ત્રણ દિવસ સુધી રોજ ઉદ્ઘાવણાર્થનો કાયોત્સર્ગ કરીને અસઢભાવાવાળા તે સાધુઓ સ્વાધ્યાય કરે.

(ગા. ૧૩૫૯ માં આપેલ) 'सारीरगाम...' પશ્ચાર્ધની વ્યાખ્યા–તેમાં 'शारीरं' એટલે મૃતકનું શરીર. જો નાનું ગામ હોય તો જ્યાં સુધી ગામમાંથી બહાર નીકળે નહીં ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં. જો તે નગર હોય અથવા મોટું ગામ હોય તો જ્યાં સુધી તે પોળમાંથી કે શેરીમાંથી બહાર નીકળે નહીં ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં, કે જેથી લોકો 'આ સાધુઓ નિર્દુઃખી છે' એ પ્રમાણે પ્રવચનહીલના કરે નહીં. ॥૧૩૬૦॥

**અવતરણિકા :** આ જ વાતને ભાષ્યકાર કહે છે ⇨

**ગાથાર્થ : નાના ગામમાં મૃત્યુ પામે તો જ્યાં સુધી બહાર નીકળે નહીં ત્યાં સુધી સ્વાધ્યાય કરે નહીં. અથવા નગર કે મોટું ગામ હોય તો પોળ–શેરીનો ત્યાગ કરવો.** (ભાવાર્થ પૂર્વે કહેવાઈ ગયો છે.)

**ટીકાર્થ :** આ ગાથાનો અર્થ પૂર્વે કહેવાઈ ગયો છે. ॥ભા.–૨૨૬॥

**શંકા :** સાધુવસતિની બાજુમાંથી જ્યારે મૃતકનું શરીર લઈ જવાતું હોય તે સમયે જો પુષ્પ–વસ્ત્ર વિગેરે કંઈક ત્યાં પડે તો અસજ્ઝાય થાય કે નહીં ? તેનું સમાધાન આચાર્ય આપે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** વસતિની બંને બાજુથી સોહાથની અંદરથી મૃતક લઈ જવાતો હોય તો જ્યાં સુધી

---

३५. वा त्रीन् दिवसान् उद्घाटनकार्योत्सर्गं कृत्वाऽशठभावाः स्वाध्यायं कुर्वन्ति । शारीरग्राम पश्चार्धं, इयं विभाषा–शरीरमिति मृतस्य शरीरं यावल्लघुग्रामे न निष्काशितं तावत् स्वाध्यायं न कुर्वन्ति, अथ नगरे महति वा ग्रामे तत्र वाटकात् शाखाया वा यावन्न निष्काशितं तावत् स्वाध्यायं परिहरन्ति, मा लोको निर्दुःखा इत्यपभ्राजनां कुर्यात् । साधुवसतेः समीपे मृतकशरीरस्य नीयमानस्य यदि पुष्पवस्त्रादि किञ्चित्पतेत् तमप्यस्वाध्यायिकं ? मृतकशरीरं वसतेरुभयतः हस्तशताभ्यन्तरं यावन्नीयते तावत्तदस्वाध्यायिकं, शेषाः

[३६] परवयणभणिया पुप्फाई पडिसेहियव्वा ते असज्झाइयं न भवंति, जम्हा सारीरमसज्झाइयं चउव्विहं–सोणियं मंसं चम्मं अड्डियं च तओ तेसु सज्झाओ न वज्जणिज्जो इति गाथार्थः ॥१३६१॥

**एसो उ असज्झाओ तव्वज्जिउझाउ तत्थिमा मेरा ।**
**कालपडिलेहणाए गंडगमरुएहिं दिट्ठंतो ॥१३६२॥**

व्याख्या–एसो संजमघाताइओ पंचविहो असज्झाओ भणिओ, तेहिं चेव पंचहिं वज्जिओ सज्झाओ भवति, 'तत्थ'त्ति तंमि सज्झायकाले 'इमा' वक्ष्यमाणा 'मेर'त्ति सामाचारी–पडिक्कमित्तु जाव वेला न भवति ताव कालपडिलेहणाए कयाए गहणकाले पत्ते गंडगदिट्ठंतो भविस्सइ, गहिए सुद्धे काले पट्ठवणवेलाए मरुयगदिट्ठंतो भविस्सतित्ति गाथार्थः ॥१३६२॥

स्याद्बुद्धिः – किमर्थं कालग्रहणम् ?, अत्रोच्यते—

**पंचविहअसज्झायस्स जाणणट्ठाय पेहए कालं ।**
**चरिमा चउभागवसेसियाइ भूमिं तओ पेहे ॥१३६३॥**

व्याख्या–पंचविधः संयमघातादिको योऽस्वाध्यायः तत्परिज्ञानार्थं प्रेक्षते ( कालं ) कालवेलां,

---

સો હાથથી બહાર નીકળે નહીં ત્યાં સુધી અસજ્ઝાય થાય છે. શેષ કે જે શિષ્યના વચનમાં કહ્યાં તે પુષ્પ વિગેરેનો નિષેધ જાણવો અર્થાત્ પુષ્પ–વસ્ત્ર વિગેરે કંઈ પડે તો તેટલા માત્રથી અસજ્ઝાય થતી નથી, કારણ કે શારીરિક અસજ્ઝાય ચાર પ્રકારે છે – લોહી, માંસ, ચામડી અને હાડકાં. તેથી પુષ્પ વિગેરે હોય ત્યારે સ્વાધ્યાય છોડવાની જરૂર નથી. ॥૧૩૬૧॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : આ સંયમઘાત વિગેરે પાંચ પ્રકારનો અસ્વાધ્યાય કહ્યો. આ પાંચ ન હોય ત્યારે સ્વાધ્યાયકાળ જાણવો. તે સ્વાધ્યાયકાળમાં આગળ કહેવાતી સામાચારી જાણવી. તે આ પ્રમાણે– (ષડાવશ્યકરૂપ) પ્રતિક્રમણ કરીને જ્યાં સુધી કાલગ્રહણનો સમય ન થાય તે પહેલાં કાલનું પ્રતિલેખન કરે, કાલનું પ્રતિલેખન કર્યા બાદ જ્યારે કાલગ્રહણનો સમય પ્રાપ્ત થાય ત્યારે ગંડગદષ્ટાન્ત થશે. શુદ્ધકાલનું ગ્રહણ કર્યા પછી પ્રસ્થાપનસમયે બ્રાહ્મણનું દૃષ્ટાન્ત થશે. ॥૧૩૬૨॥

**અવતરણિકા :** શંકા : કાલનું ગ્રહણ શા માટે કરવાનું ? **સમાધાન ⇨**

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ** : સંયમઘાતક વિગેરે પાંચ પ્રકારનો જે અસ્વાધ્યાય છે, તે જાણવા માટે સાધુ કાલ જુએ એટલે કે કાલનું નિરૂપણ કરે અર્થાત્ કાલનું ગ્રહણ કરે. આથી કાલનું ગ્રહણ કરવાનું છે,

---

३६. परवचनभणिताः पुष्पादयः प्रतिषेद्धव्यास्ते–अस्वाध्यायिकं न भवंति, यस्मात् शरीरमस्वाध्यायिकं चतुर्विधं–शोणितं मांसं चर्म अस्थि च, ततस्तेषु स्वाध्यायो न वर्जनीयः ॥ एतत् संयमघातादिकं पञ्चविधमस्वाध्यायिकं भणितं, तैरेव पञ्चभिर्वर्जितः स्वाध्यायो भवति, तत्रेति तस्मिन् स्वाध्यायकाले इयं–वक्ष्यमाणा मेरेति–सामाचारी–प्रतिक्रम्य यावद्वेला न भवति तावत् कालप्रतिलेखनायां कृतायां ग्रहणकाले प्राप्ते गण्डकदृष्टान्तो भविष्यति, गृहीते शुद्धे च काले प्रस्थापनवेलायां मरुकदृष्टान्तो भविष्यतीति,

निरूपयतीत्यर्थः । अतः कालो निरूपणीयः, कालनिरूपणमन्तरेण न ज्ञायते पञ्चविध-संयमघातादिकं । जइ[३७] कालं अघेत्तुं करेंति ता चउलहुगा, तम्हा कालपडिलेहणाए इमा सामाचारी– दिवसचरिमपोरिसीए चउभागावसेसाए कालग्गहणभूमिओ ततो पडिलेहियव्वा, अहवा तओ उच्चारपासवणकालभूमीयत्ति गाथार्थः ॥१३६३॥

**अहियासियाइं अंतो आसन्ने चेव मज्झि दूरे य ।**
**तिन्नेव अणहियासी अंतो छ छच्च बाहिरओ ॥१३६४॥**

व्याख्या–'अंतो'त्ति निवेसणस्स तिन्नि उच्चारअहियासियथंडिले आसण्ण–मज्झ–दूरे य पडिलेहेइ, अणहियासियाथंडिलेवि अंतो एवं चेव तिण्णि पडिलेहेति, एवं अंतो थंडिल्ला छ, बाहिं पि निवेसणस्स एवं चेव छ भवंति, एत्थ अहियासिया दूरयरे अणहियासिया आसन्नयरे कायव्वा ॥१६६४॥

કારણ કે કાલને ગ્રહણ કર્યા વિના પંચવિધ અસજ્ઝાયની ખબર પડે નહીં. (આશય એ છે કે સાધુએ સ્વાધ્યાય કરવાનો છે. પરંતુ જો અસજ્ઝાય હોય તો કરાય નહીં. તેથી અસજ્ઝાય છે કે નહીં ? તે જોવા કાલનું ગ્રહણ કરવાનું છે.) જો કાલગ્રહણ લીધા વિના સ્વાધ્યાય કરે તો ચતુર્લઘુનું પ્રાયશ્ચિત્ત આવે. તેથી (કાલગ્રહણ લેવું જરૂરી છે. અને તે માટે) કાલની પ્રતિલેખનામાં આ પ્રમાણેની સામાચારી છે – દિવસના ચોથા પ્રહરમાં ચોથો ભાગ બાકી રહે ત્યારે કાલગ્રહણ માટેની ત્રણ ભૂમિઓ જોવાની હોય છે. અથવા 'ત્રણ' શબ્દથી ઉચ્ચારભૂમિ, પ્રશ્રવણભૂમિ અને કાલગ્રહણમાટેની ભૂમિ એમ ત્રણ ભૂમિ જોવી એવો અર્થ જાણવો. ॥૧૩૬૩॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ઉપાશ્રયની અંદર ઉચ્ચાર=વડીનીતિ માટેની સહન કરી શકાય (એટલે કે વડીનીતિની શંકા થયા બાદ જે ભૂમિ પાસે સુખેથી જઈ શકાય તે અધિકાસિકા=સહન કરી શકાય એવી ભૂમિ કહેવાય છે.) એવી ત્રણ ભૂમિઓનું (ઉપાશ્રયની અંદર દ્વાર પાસે) નજીકમાં, મધ્યમાં અને દૂર સ્થાને પ્રતિલેખન કરવું. એ જ પ્રમાણે ઉપાશ્રયની અંદર જ (સંથારા પાસે) નજીકમાં, મધ્યમાં અને દૂર સહન ન થાય ત્યારે અનધિકાસિકાભૂમિઓ (એટલે કે વડીનીતિની વધારે શંકા થતાની સાથે દૂર ન જઈ શકાય તે અનધિકાસિકા ભૂમિ.) ત્રણ શોધવી. આ પ્રમાણે ઉપાશ્રયની અંદર વડીનીતિ માટેની છ ભૂમિઓ જોવી. એ જ પ્રમાણે ઉપાશ્રયની બહાર પણ છ ભૂમિઓ જોવી. તેમાં અધિકાસિકાભૂમિઓ દૂર (ઉપાશ્રયથી બહાર પણ સો ડગલાની અંદર) જોવી. અને અનાધિકાસિકાભૂમિઓ નજીકમાં (ઉપાશ્રયના દ્વારના બહારના ભાગમાં) જોવી. ॥૧૩૬૪॥

३७. यदि कालमगृहीत्वा कुर्वन्ति तर्हि चतुर्लघुकं, तस्मात् कालप्रतिलेखनायामियं सामाचारी– दिवसचरमपौरुष्यां चतुर्भागावशेषायां कालग्रहणभूमयस्तिस्रः प्रतिलेखितव्याः, अथवा तिस्रः–उच्चार-प्रश्रवणकालभूमयः । अन्तरिति निवेशनस्य त्रीणि उच्चारस्याधिकासिकास्थण्डिलानि आसन्ने मध्ये दूरे च प्रतिलेखयति, अनधिकासिकास्थण्डिलान्यपि अन्तरेवमेव त्रीणि प्रतिलेखयन्ति, एवमन्तः स्थण्डिलानि षट्, बहिरपि निवेशनादेवमेव षट् भवन्ति, अत्राधिकासिकानि दूरतरे अनधिकासिकानि आसन्नतरे कर्त्तव्यानि ।

एमेव य पासवणे बारस चउवीसतिं तु पेहेत्ता ।
कालस्स य तिन्नि भवे अह सूरो अत्थमुवयाई ॥१३६५॥

व्याख्या–[३८]पासवणेवि एएणेव कमेणं बारस, एते सव्वे चउवीसं, अतुरियमसंभंतं उवउत्तो पडिलेहत्ता पच्छा तिन्नि कालगहणथंडिले पडिलेहेति । जहण्णेणं हत्थंतरिए, 'अह'त्ति अनंतरं थंडिलपडिलेहाजोगाणंतरमेव सूरो अत्थमेति, ततो आवस्सगं करेइ ॥१३६५॥ तस्सिमो विही—

अह पुण निव्वाघाओ आवासं तो करंति सव्वेऽवि ।
सड्ढाइकहणवाघाययाइ पच्छा गुरू ठंति ॥१३६६॥

व्याख्या–अथेत्यानन्तर्ये सूरत्थमणाणंतरमेव आवस्सयं करेंति, पुनर्विशेषणे, दुविहमावस्सगकरणं विसेसेइ – निव्वाघायं वाघाइमं च, जदि निव्वाघायं ततो सव्वे गुरुसहिया आवस्सयं करेंति, अह गुरु सड्ढेसु धम्मं कहेंति तो आवस्सगस्स साहूहिं सह करणिज्जस्स वाघाओ भवति, जंमि वा काले तं करणिज्जं तं ह्रासेंतस्स वाघाओ भन्नइ, तओ गुरू निसिज्जधरो य पच्छा

---

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** માત્રા માટે પણ આ જ ક્રમથી બાર ભૂમિ જોવી. બધી મળીને ચોવીસ ભૂમિઓ થાય. આ ચોવીસ ભૂમિઓને ઉતાવળ કર્યા વિના, આકુળતા વિના, ઉપયોગપૂર્વક જોઈને પછીથી ત્રણ કાલગ્રહણ માટેની ભૂમિઓ જોવી. આ છેલ્લી ત્રણ કાલગ્રહણ માટેની ભૂમિઓ જઘન્યથી એક એક હાથના આંતરે જોવી. ત્યાર પછી એટલે કે આ સત્યાવીસ ભૂમિઓ જોયા પછી તરત સૂર્યાસ્ત થાય (એ રીતે આ ભૂમિ જોવાનું શરૂ કરવું.) તે સૂર્યાસ્ત પછી પ્રતિક્રમણ કરે. ॥૧૩૬૫॥

**અવતરણિકા :** પ્રતિક્રમણ માટેની વિધિ આ પ્રમાણે જાણવી ⇨

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** 'अथ' શબ્દ 'પછી' અર્થમાં છે. સૂર્યાસ્ત પછી તરત જ સાધુઓ પ્રતિક્રમણ કરે છે. 'पुनः' શબ્દ વિશેષ અર્થને જણાવનાર છે. તે આ પ્રમાણે કે પ્રતિક્રમણનું કરણ બે પ્રકારે છે – વ્યાઘાત વિનાનું અને વ્યાઘાતવાળું. જો કોઈ પણ જાતનો વ્યાઘાત ન હોય તો ગુરુ સહિત બધા સાધુઓ પ્રતિક્રમણ કરે છે. હવે જો ગુરુ શ્રાવકોને ધર્મ કહેતા હોય તો સાધુઓની સાથે કરણીય એવા પ્રતિક્રમણનો વ્યાઘાત થાય છે, કારણ કે જે કાળે તે કરણીય છે તે કાળનો હ્રાસ=હાનિ કરતાને વ્યાઘાત કહેવાય છે. (અર્થાત્ ગુરુએ પ્રતિક્રમણ સાધુઓની સાથે કરવાનું હોય છે. પરંતુ

---

३८. प्रश्रवणेऽनेनैव क्रमेण द्वादश, एवं चतुर्विंशतिमत्वरितमसंभ्रममुपयुक्तः प्रतिलिख्य पश्चात् त्रीणि कालग्रहणस्थण्डिलानि प्रतिलेखयन्ति, जघन्येन हस्तान्तरिते, अथेत्यनन्तरं स्थण्डिलप्रतिलेख-नायोगानन्तरमेव सूर्योऽस्तमेति, तत आवश्यकं कुर्वन्ति । तस्यायं विधिः–सूर्यास्तमयनानन्तरमेवावश्यकं कुर्वन्ति, द्विविधमावश्यककरणं विशेषयति–निर्व्याघातं व्याघातवच्च, यदि निर्व्याघातं ततः सर्वे गुरुसहिताः आवश्यकं कुर्वन्ति, अथ गुरुः श्राद्धानां धर्मं कथयति तदाऽऽवश्यकस्य साधुभिः सह करणीयस्य व्याघातो भवति, यस्मिन् वा काले तत् कर्त्तव्यं तं ह्रासयतो व्याघातो भण्यते, ततो गुरुर्निषद्याधरश्च पश्चात्

[३९]चरित्तातियारजाणणट्ठा काउस्सग्गं ठाहिंति ॥१३६६॥

**सेसा उ जहासत्तिं आपुच्छित्ताण ठंति सट्ठाणे ।**
**सुत्तत्थकरणहेउं आयरिएँ ठियंमि देवसियं ॥१३६७॥**

**व्याख्या–सेसा साहू गुरुं आपुच्छित्ता गुरुठाणस्स मग्गओ आसन्ने दूरे अहाराइणियाए जं जस्स ठाणं तं तस्स सठाणं तत्थ पडिक्कमंताणं इमा ठवणा–**  **गुरु पच्छा ठायंतो मज्झेण गंतुं सठाणे ठायइ, जे वामओ ते अणंतरसव्वेण गंतुं सठाणे ठायन्ति, जे दाहिणओ अणंतर-सव्वेण गंतुं ठायंति, तं च अणागयं ठायंति सुत्तत्थसरणहेउं, तत्थ य पुव्वामेव ठायंता**

જો ગુરુ ધર્મકથા વિગેરે કોઈપણ કારણે તે સમયે સાથે કરી શકે તેમ ન હોય તો જે સમયે પ્રતિક્રમણ કરવાનું હોય તેના કરતા મોડું થવાનું છે. તેથી સાધુઓની સાથે કરણીય એવા પ્રતિક્રમણનો ગુરુને વ્યાઘાત થયો એમ કહેવાય છે.) આ વ્યાઘાતને કારણે ગુરુ અને ગુરુનું આસન ધારણ કરનાર શિષ્ય બંને ચારિત્રના અતિચારો વિચારવા માટેના કરાતા કાયોત્સર્ગને પછીથી કરશે. ॥૧૩૬૬॥ (જ્યારે બીજા બધા સાધુઓ શું કરે ? તે હવે પછી કહે છે ⇨)

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** શેષ સાધુઓ (જો થાક વિગેરે કારણ ન હોય અને કાયોત્સર્ગમાં ઊભા રહેવાની શક્તિ હોય તો પોતાની) શક્તિ પ્રમાણે ગુરુને પૂછીને ગુરુના સ્થાનથી કંઈક પાછળ નજીકમાં, દૂરમાં એ રીતે રત્નાધિકના ક્રમથી જ્યાં જેમનું સ્થાન હોય ત્યાં તેમના સ્થાનમાં ઊભા રહીને પ્રતિક્રમણ કરતાં સાધુઓની સ્થાપના આ પ્રમાણે (= શ્રીવત્સાકારે) જાણવી. ગુરુ પાછળથી બધાની વચ્ચેથી જઈને વચ્ચે પોતાના સ્થાને ઊભા રહે. જે [(મ)]ડાબી બાજુ સ્વાધ્યાય વિગેરેમાં લીન સાધુઓ હોય છે તે સાધુઓ ડાબીબાજુથી જ આવીને પ્રતિક્રમણભૂમિમાં સ્વસ્થાનમાં ઊભા રહે. એ જ રીતે જે સાધુઓ દક્ષિણબાજુ સ્વાધ્યાયાદિમાં લીન હોય છે તેઓ દક્ષિણબાજુથી જ આવીને ઊભા રહે. (પરંતુ ગોળ ફરીને આવી ઊભા રહે નહીં. (યતિદિનચર્યામાં નવ સાધુઓની સ્થાપના આ પ્રમાણે જણાવી છે – પ્રથમ ગુરુ ઊભા રહે, તેના પછી બે સાધુઓ, પછી ત્રણ, પછી બે, અને પછી એક. એમ શ્રીવત્સાકારે માંડલી સ્થપાય.)

(ગુરુ ધર્મકથામાં વ્યગ્ર હોવાથી પાછળથી આવશે પરંતુ) સાધુઓ સૂત્ર–અર્થ સ્મરણ કરવા પહેલેથી જ આવીને પ્રતિક્રમણભૂમિમાં સ્વસ્થાને ઊભા રહે છે. અને ત્યાં ગુરુથી પહેલાં આવેલા તેઓ 'करेमि भंते ! सामायिअं...સૂત્ર બોલીને સૂત્રાર્થનું સ્મરણ કરવા કાયોત્સર્ગમાં ઊભા રહે છે.

**३९. चारित्रातिचारज्ञानार्थं कायोत्सर्गं स्थास्यतः, शेषाः साधवो गुरुमापृच्छ्य गुरुस्थानस्य पृष्ठत आसन्ने दूरे यथारात्निकतया यस्य यत् स्थानं तत् तस्य स्वस्थानं, तत्र प्रतिकाम्यतामियं स्थापना–गुरुः पश्चात् तिष्ठन् मध्येन गत्वा स्वस्थाने तिष्ठति, ये वामतस्तेऽनन्तरं सव्येन गत्वा स्वस्थाने तिष्ठन्ति, ये दक्षिणतोऽनन्तरापसव्येन गत्वा तिष्ठन्ति, तत्र चानागतं तिष्ठन्ति सूत्रार्थस्मरणहेतोः, तत्र च पूर्वमेव तिष्ठन्तः**

[४०]करेमि भंते ! सामाइयमिति सुत्तं करेंति, पच्छा जाहे गुरू सामाइयं करेत्ता वोसिरामित्ति भणित्ता ठिया उस्सग्गं, ताहे पुव्वठिया देवसियाइयारं चिंतंति, अन्ने भणंति–जाहे गुरूसामाइयं करेंति ताहे पुव्वट्ठियावि तं सामाइयं करेंति, सेसं कंठं ॥१३६७॥

**जो हुज्ज उ असमत्थो बालो वुड्ढो गिलाण परितंतो ।**
**सो विकहाइ विरहिओ अच्छिज्जा निज्जरापेही ॥१३६८॥**

व्याख्या–परिस्संतो–पाहुणगादि सोवि सज्झायझाणपरो अच्छति, जाहे गुरू ठंति ताहे तेवि बालादिया ठायंति ॥१३६८॥ एएण विहिणा—

**आवासगं तु काउं जिणोवइट्ठं गुरूवएसेणं ।**
**तिण्णि थुई पडिलेहा कालस्स इमा विही तत्थ ॥१३६९॥**

પાછળથી જ્યારે ગુરુ આવે અને તેઓ સામાયિકસૂત્ર બોલીને 'વોસિરામિ' કહી કાયોત્સર્ગમાં ઊભા રહે ત્યારે કાયોત્સર્ગમાં જ રહેલા બધા સાધુઓ દૈવસિકઅતિચાર વિચારવાનું ચાલુ કરે છે. અહીં કેટલાક આચાર્યો કહે છે કે – "સાધુઓ પ્રથમ સૂત્રાર્થના સ્મરણ માટે કાયોત્સર્ગમાં રહે પછી જ્યારે ગુરુ આવીને સામાયિસૂત્ર બોલે ત્યારે પૂર્વે કાયોત્સર્ગમાં રહેલા સાધુઓ પણ (મનમાં જ) સામાયિકસૂત્ર બોલે અને પછી દૈવસિકઅતિચારો ચિંતવે. શેષ અર્થ સ્પષ્ટ જ છે. ॥૧૩૬૭॥ (હવે આ ગાથામાં ઊભા રહીને કાયોત્સર્ગ કરવાનું જે કહ્યું તેમાં અપવાદ જણાવે છે ➪)

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** (જે સાધુ ગુરુ આવે તે પહેલાં લાંબા કાળ સુધી કાયોત્સર્ગ કરવામાં અસમર્થ છે. જેમ કે, કોઈ બાળક હોય, કોઈ વૃદ્ધ હોય, કોઈ ગ્લાન હોય.) અહીં પરિશ્રાંત તરીકે (વિહાર કરીને આવેલા હોવાથી થાકેલા) પ્રાઘૂર્ણક વિગેરે સાધુઓ લેવા. આવો જે કોઈ સાધુ હોય તે પણ (વિકથા વિગેરેથી રહિત થયેલો નિર્જરાનો અપેક્ષી) સ્વાધ્યાયધ્યાનમાં તત્પર રહે. (અર્થાત્ ઊભા રહેવામાં અસમર્થ સાધુઓ પ્રતિક્રમણભૂમિમાં આવીને બેઠા–બેઠા કાયોત્સર્ગ કરે. પરંતુ બેઠા–બેઠા પણ જો કાયોત્સર્ગમાં લાંબા કાળ સુધી ન રહી શકે તો કાયોત્સર્ગ વિના સ્વાધ્યાયધ્યાનમાં મગ્ન રહે પણ પ્રતિક્રમણભૂમિમાં આવીને વાતોચીતો કરે નહીં.) પછી જ્યારે ગુરુ માંડલીમાં આવીને કાયોત્સર્ગ કરે ત્યારે તે બાળ વિગેરે પણ (ઊભા થઈને) કાયોત્સર્ગ કરે. ॥૧૩૬૮॥ આ પ્રમાણેની વિધિથી (પ્રતિક્રમણ કરીને... એમ આગળ સાથે અન્વય જોડવો.)

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

---

४०. करोमि भदन्त ! सामायिकमिति सूत्रं कर्षयन्ति, पश्चाद्यदा गुरवः सामायिकं कृष्ट्वा व्युत्सृजामीति भणिता स्थिता उत्सर्गे तदा पूर्वस्थिता दैवासिकातिचारं चिन्तयन्ति, अन्ये भणन्ति–यदा गुरवः सामायिकं कुर्वन्ति तदा पूर्वं स्थिता अपि तत् सामायिकं कुर्वन्ति शेषं कण्ठ्यम् । परिश्रान्तः–प्राघूर्णकादिः सोऽपि स्वाध्यायध्यानपरस्तिष्ठति, यदा गुरवस्तिष्ठन्ति तदा तेऽपि बालाद्यास्तिष्ठन्ति । एतेन विधिना–

व्याख्या–[41]जिणेहिं गणहराणं उवइट्ठं ततो परंपरएण जाव अम्हं गुरूवएसेण आगयं तं काउं आवस्सयं अंते तिण्णि थुतीओ करेंति अहवा एगा एगसिलोगिया, बितिया बिसिलोइया ततिया ततियसिलोगिया, तेसिं समत्तीए कालपडिलेहणविही इमा कायव्वा ॥१३६९॥

अच्छउ ताव विही इमो, कालभेओ ताव वुच्चइ–

**दुविहो उ होइ कालो वाघाइम एतरो य नायव्वो ।**
**वाघातो घंघसालाए घट्टणं सड्ढकहणं वा ॥१३७०॥**

व्याख्या–पुव्वद्धं कंठं, पच्छद्धस्स व्याख्या–जा अतिरित्ता वसही कप्पडिगसेविया य सा घंघसाला, ताए णिंतअतिंताणं घट्टणपडणाइ वाघायदोसो, सड्ढकहणेण य वेलाइक्कमण-दोसोत्ति ॥१३७०॥ एवमादि

**ટીકાર્થ :** જિનોએ ગણધરોને પ્રતિક્રમણનો ઉપદેશ આપ્યો. ત્યાર પછી પરંપરાએ અમારા ગુરુ સુધી તે પ્રતિક્રમણ આવ્યું. ગુરુના ઉપદેશથી અમારી પાસે આવેલ એવા તે પ્રતિક્રમણને કરીને અંતે ત્રણ સ્તુતિઓ સાધુઓ બોલે છે. અથવા એક સ્તુતિ એક શ્લોકની, બીજી બે શ્લોકની અને ત્રીજી ત્રણ શ્લોકની જાણવી. તે સ્તુતિઓની પૂર્ણાહુતિ પછી આગળ કહેવાતી કાલપડિલેહણની (= કાલને ગ્રહણ કરવાનો સમય થયો કે નહીં ? તે જોવાની) વિધિ કરવી. ॥૧૩૬૯॥

**અવતરણિકા :** આ વિધિ હાલ રહેવા દો પ્રથમ કાલના ભેદો કહેવાય છે ⇨

**ગાથાર્થ : બે પ્રકારના કાલ છે – વ્યાઘાત અને અવ્યાઘાત. વ્યાઘાત એટલે ઘંઘશાળામાં અથડાવવું અથવા શ્રાવકોને ધર્મનું કથન કરવું.**

**ટીકાર્થ :** ગાથાનો પૂર્વાર્ધ સ્પષ્ટ જ છે. પશ્ચાર્ધની વ્યાખ્યા આ પ્રમાણે છે – જે અતિરિક્ત વસતિ હોય (અર્થાત્ મોટા હોલ જેવું જે સ્થાન હોય કે જ્યાં) અન્યભિક્ષુઓ પણ આવતા હોય, રહેતા હોય, તે ઘંઘશાળા જાણવી. તેમાં જતા-આવતા કાલપ્રત્યુપેક્ષક સાધુઓને (બીજા ભિક્ષુ વિગેરે કોઇની સાથે) અથડામણ થવું, નીચે પડી જવું વિગેરે વ્યાઘાતરૂપ દોષ થાય અથવા (પ્રતિક્રમણ બાદ કાલપ્રત્યુપેક્ષકોને ગુરુ પાસે કાલનું નિવેદન કરવા આવવાનું હોય પરંતુ ત્યારે) ગુરુએ શ્રાવકોને ધર્મકથા કરવાની હોવાથી કાલનું નિવેદન કરવામાં વેળાનો અતિક્રમ થવાનો દોષ થાય. ॥૧૩૭૦॥ (આમ સ્ખલનારૂપ કે ધર્મકથારૂપ વ્યાઘાત હોય તો ત્યાં કાલગ્રહણ થઈ શકતું નથી. તેથી શું કરવું ? તે હવે પછીની ગાથામાં જણાવે છે.) આમ આવા બધા પ્રકારનો (વ્યાઘાત હોય... વિગેરે અન્વય પછીની ગાથા સાથે જોડવો.)

---

૪૧. जिनैर्गणधरेभ्य उपदिष्टं ततः परम्परकेण यावदस्माकं गुरूपदेशेन आगतं तत् कृत्वाऽऽवश्यकं अन्ये तिस्रः स्तुतीः कुर्वन्ति, अथवा एका एकश्लोकिका द्वितीया द्विश्लोकिका तृतीया त्रिश्लोकिका, तासां समाप्तौ कालप्रतिलेखनाविधिरयं कर्त्तव्यः । तिष्ठतु तावत् विधिरयं, कालभेदस्तावदुच्यते । पूर्वार्धं कण्ठ्यं, पश्चार्धस्य व्याख्या–याऽतिरिक्ता वसतिः कार्पटिकासेविता च सा घङ्घशाला तस्यां गच्छागच्छतां घट्टन-पतनादिर्व्याघातदोषः, श्राद्धकथनेन च वेलातिक्रमणदोष इति, एवमादि । + 'अण्णे'–पूर्वमुद्रिते प्रत्य. च ।

**वाघाए तइओ सिं दिज्जइ तस्सेव ते निवेएंति ।**
**इयरे पुच्छंति दुवे जोगं कालस्स घेच्छामो ॥१३७१॥**

व्याख्या–[४२]तंमि वाघातिमे दोण्णि जे कालपडियरगा ते निगच्छंति, तेसिं ततिओ उवज्झायादि दिज्जइ, ते कालग्गाहिणो आपुच्छण संदिसावण कालपवेयणं च सव्वं तस्सेव करेंति, एत्थ गंडगदिट्ठंतो न भवइ, इयरे उवउत्ता चिट्ठंति, सुद्धे काले तत्थेव उवज्झायस्स पवेएंति । ताहे दंडधरो बाहिं कालपडिचरगो चिट्ठइ, इयरे दुयगावि अंतो पविसंति, ताहे उवज्झायस्स समीवे सव्वे जुगवं पट्ठवेंति, पच्छा एगो नीति दंडधरो अतीति, तेण पट्ठविए सज्झायं करेंति, ॥१३७१॥ 'निव्वाघाए' पच्छद्धं अस्यार्थः —

**आपुच्छण किइकम्मे आवासिय खलियपडिय वाघाते ।**
**इंदिय दिसा य तारा वासमसज्झाइयं चेव ॥१३७२॥**

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** આવા પ્રકારનો વ્યાઘાત હોય ત્યારે બે સાધુઓ કે જેઓ કાલનું ગ્રહણ કરનારા છે તેઓ ઘંઘશાળામાંથી બહાર નીકળે છે. તે વખતે તેમની સાથે ત્રીજા તરીકે ઉપાધ્યાય વિગેરે આપવામાં આવે છે. તે કાલગ્રહણ લેનારા સાધુઓ (આગળ ગા.– ૧૩૭૨ વિગેરેમાં કહેલ) આપૃચ્છા, સંદિસાવવું અને કાલનું નિવેદન કરવું વિગેરે બધું ઉપાધ્યાય પાસે જ કરે છે. અહીં ગંડગદૃષ્ટાન્ત સંભવતું નથી. તે સમયે બીજા સાધુઓ ઉપયુક્ત થઈને રહે છે. કાલ શુદ્ધ હોય તો બધા સાધુઓ ત્યાં જ ઉપાધ્યાયને પ્રવેદન કરે છે. તે સમયે દાંડીધર ઘંઘશાળાની બહાર કાલનું પડિલેહણ કરવા ઊભો રહે. કાલગ્રહી અને ઉપાધ્યાય બંને અંદર પ્રવેશ કરે. ત્યારે ઉપાધ્યાય પાસે બધા એક સાથે પ્રસ્થાપન કરે. પછી એક સાધુ બહાર આવે અને દાંડીધર અંદર જાય. તે સ્વાધ્યાયનું પ્રસ્થાપન કરે ત્યાર પછી બધા સ્વાધ્યાય કરે. (આ સંપૂર્ણ વિધિ વિસ્તારથી આગળ કહેશે.) (પશ્ચાર્ધનો અર્થ – इयरे = इतरस्मिन् = નિર્વ્યાઘાત હોય ત્યારે બે જણા ગુરુને પૂછે કે અમે "કાલના જોગને = વ્યાપારને કરીએ ? અર્થાત્ કેટલો સમય થયો છે એ જોઈએ ?") ॥૧૩૭૧॥

**અવતરણિકા :** જો કોઈપણ જાતનો વ્યાઘાત ન હોય તો (ગા. ૧૩૭૧ માં આપેલ) પશ્ચાર્ધની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી ➪

**ગાથાર્થ :** ટીકાર્થ પ્રમાણે જાણવો.

---

४२. तस्मिन् व्याघातवति द्वौ यौ कालप्रतिचारकौ तौ निर्गच्छतः, तयोस्तृतीय उपाध्यायादिर्दीयते, तौ कालग्राहिणौ आपृच्छासंदिशनकालप्रवेदनानि सर्वं तस्मै एव कुरुतः, अत्र गण्डगदृष्टान्तो न भवति, इतरे उपयुक्तास्तिष्ठन्ति, शुद्धे काले तत्रैवोपाध्यायाय प्रवेदयतः, तदा दण्डधरो बहिः कालं प्रतिचरन् तिष्ठति, इतरौ द्वावपि अन्तः प्रविशतः, तदोपाध्यायस्य समीपे सर्वे युगपत् प्रस्थापयन्ति, पश्चादेको निर्गच्छति दण्डधर आगच्छति, तेन प्रस्थापिते स्वाध्यायं कुर्वन्ति । 'निर्व्याघाते' पश्चार्धं,

व्याख्या—[४३]निव्वाघाते दोन्नि जणा गुरुं आपुच्छंति—कालं घेच्छामो ? गुरुणा अणुण्णाया 'कितिकम्मं'ति वंदण काउं दंडगं घेत्तुं उवउत्ता आवासियमासज्जं करेत्ता पमज्जन्ता य निग्गच्छंति, अंतरे य जइ पक्खलंति पडंति वा वत्थादि वा विलग्गति कितिकम्मादि किंचि वितहं करेंति गुरु वा किंचि पडिच्छंतो वितहं करेति तो कालवाघाओ, इमा कालभूमिए पडियरणविही— इंदिएहिं उवउत्ता पडियरंति, 'दिस'त्ति जत्थ चउरोवि दिसाउ दीसंति, उडुंमि जइ तिन्नि तारगा दीसंति, जई पुण अणुवउत्ता अणिट्ठो वा इंदियविसओ 'दिस'त्ति दिसामोहो दिसाओ वा तारगाओ वा न दीसंति वासं वा पडइ, असज्झाइयं वा जायं तो कालवहो ॥१३७२॥ किं च—

**जइ पुण गच्छंताणं छीयं जोइं ततो नियत्तेंति ।**
**निव्वाघाए दोण्णि उ अच्छंति दिसा निरिक्खंता ॥१३७३॥**

टीकार्थ : વ્યાઘાત ન હોય ત્યારે કાલગ્રહી અને દાંડીધર બંને જણા ગુરુને પૂછે છે કે – "અમે કાલને ગ્રહણ કરીએ ?" (વ્યાઘાત હોય તો આ જ પૃચ્છા પૂર્વે કહ્યા પ્રમાણે ઉપાધ્યાયને કરે.) ગુરુવડે રજા અપાયેલા બંને સાધુઓ ગુરુને વંદન કરે છે. ત્યાર પછી દંડને લઈને ઉપયોગ પૂર્વક આવસ્સહિ કહીને આસજ્જ–આસજ્જ બોલતા પ્રમાર્જના કરતા–કરતા બહાર નીકળે છે. તેમાં જતા વચ્ચે જો ક્યાંય ઠોકર લાગે, પડે અથવા વસ્ત્ર વિગેરે અડે, વંદન વિગેરે ક્રિયા જો ખોટી કરે કે ગુરુ વાંદણા સ્વીકારતી વખતે કંઈક ખોટું કરે તો કાલનો વ્યાઘાત જાણવો, (અર્થાત્ કાલનું ગ્રહણ કરે નહીં.)

હવે કાલભૂમિમાં ગયા પછી પ્રતિચરણની = કાલને જોવાની વિધિ જણાવે છે – ઇન્દ્રિયોવડે ઉપયુક્ત થઈને કાલને જુએ (અર્થાત્ પાંચે ઇન્દ્રિયોના વિષયો પ્રતિકૂલ હોય તો કાલગ્રહણ લે નહીં, જેમ કે, છેદી નાંખ, ભેદી નાંખ વિગેરે શબ્દો સંભળાતા હોય, ભયંકર દુર્ગંધ આવે, ભયાનક સ્વરૂપ દેખાય વિગેર હોય તો કાલગ્રહણ લે નહીં. इति ओघनिर्युक्त्याम् )

'દિશા' – જ્યાં ચારે દિશા દેખાતી હોય (પણ દિગ્મોહ ન હોય તો કાલગ્રહણ લે.) ચોમાસા સિવાયના ઋતુકાળમાં જો ત્રણ તારા દેખાતા હોય તો (કાલગ્રહણ લે.) પરંતુ જો પોતે ઇન્દ્રિયોથી ઉપયુક્ત ન હોય અથવા ઇન્દ્રિયના વિષયો (પૂર્વે કહ્યા તે પ્રમાણે) અનિષ્ટ હોય અથવા દિગ્મોહ હોય, તારાઓ દેખાતા ન હોય કે વરસાદ પડતો હોય અથવા કોઈ અસજ્ઝાય થઈ હોય તો કાલનો વધ જાણવો, (અર્થાત્ કાલને ગ્રહણ કરે નહીં.) ॥૧૩૭૨॥ વળી ➪

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

४३. निर्व्याघाते द्वौ जनौ गुरुमापृच्छेते—कालं ग्रहीष्याव: गुरुणाऽनुज्ञातौ कृतिकर्मेति वन्दनं कृत्वा दण्डकं गृहीत्वोपयुक्तौ आवश्यिकीमासज्जं कुर्वन्तौ प्रमार्जयन्तौ च निर्गच्छत:, अन्तरा च यदि प्रस्खलत: पततो वा वस्त्रादि वा विलगति कृतिकर्मादि वा किञ्चिद्वितथं कुरुतर्गुरुर्वा किञ्चित् प्रतिच्छन् वितथं करोति तत: काल व्याघात:, अयं कालभूमौ प्रतिचरणविधि:–इन्द्रियेषूपयुक्तौ प्रतिचरत:, दिश इति यत्र चतस्रोऽपि दिशो दृश्यन्ते, ऋतौ यदि तिस्रस्तारका दृश्यन्ते, यदि पुनर्नोपयुक्तौ अनिष्टो वेन्द्रियविषयो दिगिति दिग्मोहो दिशो वा तारका वा न दृश्यन्ते वर्षा वा पतति अस्वाध्यायिकं वा जातं तर्हि कालवध: ।

व्याख्या–[४४]तेसिं चेव गुरुसमीवा कालभूमी गच्छंताणं अंतरे जइ छीतं जोति वा फुसइ तो नियत्तंति । एवमाइकारणेहिं अव्वाहया ते दोवि निव्वाघाएण कालभूमिं गया संडासगादि विहीए पमज्जित्ता निसन्ना उद्धट्ठिया वा एक्केक्को दो दिसाओ निरिक्खंतो अच्छइत्ति गाथार्थः ॥१३७३॥ किं च – तत्थ कालभूमिए ठिया—

**सज्झायमचिंतंता कणगं दट्ठूण पडिनियत्तंति ।**
**पत्ते य दंडधारी मा बोलं गंडए उवमा ॥१३७४॥**

व्याख्या–तत्थ सज्झायं अकरेंता अच्छन्ति, कालवेलं च पडियरंता, जइ गिम्हे तिण्णि सिसिरे पंच वासासु सत्त कणगा पेक्खेज्ज तहावि नियत्तंति, अह निव्वाघाएणं पत्ता कालग्गहणवेला ताहे जो दंडधारी सो अंतो पविसित्ता साहुसमीवे भणइ–बहुपडिपुण्णा कालवेला मा बोलं करेह, एत्थ गंडगोवमा पुव्वभणिया कज्जइत्ति गाथार्थः ॥१३७४॥

**ટીકાર્થ :** ગુરુ પાસેથી કાલભૂમિ તરફ જતા તે બંનેને જો વચ્ચે છીંક આવે કે ઉજ્જઈ સ્પર્શે તો તેઓ પાછા ફરે છે. (અર્થાત્ કાલગ્રહણ લેવા જતા નથી.) આવા બધા (અર્થાત્ ગા. ૧૩૭૨–૭૩માં કહ્યાં તે ઇન્દ્રિયવિષયો પ્રતિકૂલ હોય વિગેરેથી લઈ છીંક, ઉજ્જઈ સ્પર્શે વિગેરે) કારણોથી અવ્યાહત હોય (= આવા બધા કોઈ કારણો ન હોય) તો તે બંને સાધુઓ નિર્વ્યાઘાત હોવાથી કાલભૂમિમાં ગયેલા સંડાસા (= ૧૭ સંડાસા) વિગેરેની વિધિપૂર્વક પ્રમાર્જના કરીને બેઠેલા અથવા ઊભા ઊભા બે–બે દિશાઓ જુએ. ॥૧૩૭૩॥ વળી ત્યાં કાલભૂમિમાં હોય ત્યારે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ત્યાં કાલભૂમિમાં ગયેલા તે સાધુઓ સ્વાધ્યાયને કર્યા વિના એકાગ્રમને કાલનું નિરૂપણ કરતા રહે. તે સમયે જો આકાશમાં ગ્રીષ્મઋતુમાં ત્રણ, શિયાળામાં પાંચ અને વર્ષાકાળમાં સાત કનક (=ગ્રહવિશેષ) જુએ તો પણ તેઓ પાછા ફરે (અર્થાત્ કાલને ગ્રહણ કરે નહીં.) પરંતુ જો કોઈ પણ જાતના વ્યાઘાત વિના કાલને ગ્રહણ કરવાનો સમય પ્રાપ્ત થઈ જાય તો જે દાંડીધર છે તે અંદર જઈને સાધુઓ પાસે કહે કે – "કાલવેલા ઘણી બધી પૂર્ણ થઈ છે (અર્થાત્ કાલગ્રહણ લેવાનો સમય થયો છે) તેથી અવાજ કરશો નહીં." આ સમયે પૂર્વે કહેવાયેલ ગંડગનું દૃષ્ટાન્ત થાય છે. ॥૧૩૭૪॥

४४. तयोरेव गुरुसमीपात् कालभूमिं गच्छतोरन्तरा यदि क्षुतं ज्योतिर्वा स्पृशति तदा निवर्त्तेते, एवमादिकारणैरव्याहतौ तौ द्वावपि निर्व्याघातेन कालभूमिं गतौ संदंशकादि विधिना प्रमृज्य निषण्णौ ऊर्ध्वस्थितौ वा एकैको द्वे दिशे निरीक्षमाणस्तिष्ठति, तत्र कालभूमौ स्थितौ । तत्र स्वाध्यायमकुर्वन्तौ तिष्ठतः कालवेलां च प्रतिचरन्तौ, यदि ग्रीष्मे त्रीन् शिशिरे पञ्च वर्षासु सप्त कणकान् पश्येतां पततस्तदा विनिवर्त्तेते, अथ निर्व्याघातेन प्राप्ता कालग्रहणवेला तदा यो दण्डधरः सोऽन्तः प्रविश्य साधुसमीपे भणति–बहुप्रतिपूर्णा कालवेला मा बोलं कुरुत, अत्र गण्डकोपमा पूर्वभणिता क्रियते ।

**आघोसिए बहूहिं सुयंमि सेसेसु निवडए दंडो ।**
**अह तं बहूहिं न सुयं दंडिज्जइ गंडओ ताहे ॥१३७५॥**

व्याख्या—जहा[४५] लोए गामादिगंडगेण आघोसिए बहूहिं सुए थोवेहिं असुए गामादिचिंता अकरेंतेसु दंडो भवति, बहूहिं असुए गंडगस्स दंडो भवति, तहा इहंपि उवसंहारेयव्वं ॥१३७५॥ ततो दंडधरे निग्गए कालग्गही उट्ठेइत्ति गाथार्थ:, सो य इमेरिसो—

**पियधम्मो दढधम्मो संविग्गो चेव वज्जभीरू य ।**
**खेअण्णो य अभीरू कालं पडिलेहए साहू ॥१३७६॥**

व्याख्या—पियधम्मो दढधम्मो य, एत्थ चउभंगो, तत्थिमो पढमभंगो, निच्चं संसारभउव्विग्गचित्तो संविग्गो, वज्जं—पावं तस्स भीरू—जहा तं न भवति तहा जयइ, एत्थ कालविहीजाणगो खेदण्णो, सत्तवंतो अभीरू । एरिसो साहू कालपडिलेहओ, प्रतिजागरकश्च—ग्राहकश्चेति

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** જેમ લોકમાં ગામ વિગેરેના ગંડકવડે (=ગામ વિગેરેમાં ચારે બાજુ સમાચાર પહોંચાડનાર પુરુષવડે) કોઈક કાર્ય માટેની જાહેરાત થઈ. તે જાહેરાત ઘણાઓએ સાંભળી, થોડાકોએ સાંભળી નહીં. ન સાંભળવાના કારણે જેઓએ ગામાદિની ચિંતા ન કરી તેઓને દંડ થાય છે. હવે જો ઘણાએ ન સાંભળી અને થોડાકોએ સાંભળી હોય તો ગંડકને દંડ થાય છે. તે જ રીતે અહીં પણ ઉપસંહાર કરવો. (અર્થાત્ દંડધારીએ આવીને બધા સાધુઓને કહ્યું કે – "કાલગ્રહણ લેવાનો સમય થઈ ગયો છે તેથી તમે બધા ગર્જના વિગેરે થાય છે કે નહીં ? તે જાણવા ઉપયુક્ત થાઓ." આવું કહ્યા પછી ઘણા સાધુઓએ સાંભળ્યું અને થોડાકોએ ન સાંભળ્યું તો નહીં સાંભળનારને દંડ થાય છે એટલે કે સૂત્ર–અર્થ ભણવાની અનુજ્ઞા મળતી નથી. અને જો દંડધારી જ ધીમા અવાજે બોલ્યો કે જેથી ઘણાઓએ સાંભળ્યું નહીં તો દંડધારીને અનુજ્ઞા મળતી નથી.) ॥૧૩૭૫॥

**અવતરણિકા :** દંડધારી અંદરથી બહાર નીકળ્યા બાદ કાલગ્રહી ઊભો થાય છે અને તે આવા પ્રકારનો હોય છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** પ્રિયધર્મી અને દઢધર્મી હોય. અહીં ચતુર્ભંગી જાણવી. મૂળમાં પ્રિયધર્મી અને દઢધર્મી જે કહ્યું તે પ્રથમ ભાંગો જાણવો. વળી તે કાલગ્રહી સંવિગ્ન હોય એટલે કે હંમેશા સંસારના ભયથી ઉદ્વિગ્નચિત્તવાળો હોય. વદ્ય એટલે પાપ, તે પાપનો ભીરુ હોય અર્થાત્ જે રીતે પાપ થાય નહીં તે રીતે યત્ન કરનારો હોય, તથા ખેદજ્ઞ એટલે કે કાલને ગ્રહણ કરવાની વિધિને જાણનારો હોય, અને અભીરું એટલે કે સત્ત્વશાળી હોય. આવા પ્રકારનો સાધુ કાલનું પ્રતિલેખન કરનારો અને

૪૫. यथा लोके ग्रामादिगण्डकेनाघोषिते बहुभिः श्रुते स्तोकैरश्रुते ग्रामादिचिन्तामकुर्वतो दण्डो भवति, बहुभिरश्रुते गण्डकस्य दण्डो भवति तथेहाप्युपसंहारयितव्यं, ततो दण्डधरे निर्गते कालग्राह्युत्तिष्ठति । स च ईदृशः—प्रियधर्मा दृढधर्मा च, अत्र चत्वारो भङ्गाः, तत्रायं प्रथमो भङ्गः, नित्यं संसारभयोद्विग्नचित्तः संविग्नः, वज्रं—पापं तस्माद् भीरुः—यथा तन्न भवति तथा यतते, अत्र कालविधिज्ञायकः खेदज्ञः, सत्त्ववानभीरुः, ईदृशः साधुः कालप्रतिचरकः,

गाथार्थः ॥१३७६॥ [४६]ते य तं वेलं पडियरंता इमेरिसं कालं तुलेंति—

कालो संझा य तहा दोवि समप्पंति जह समं चेव ।
तह तं तुलेंति कालं चरिमं च दिसं असज्झाए ॥१३७७॥

व्याख्या–संझाए धरेंतीए कालग्गहणमाढत्तं तं कालग्गहणं सज्झाए य जं सेसं एते दोवि समं जहा समप्पंति तहा तं कालवेलं तुलेंति, अहवा तिसु उत्तरादियासु ससंझं गिण्हंति, 'चरिमं'ति अवराए अवगयसंझाएवि गेण्हंति तहावि न दोसोत्ति गाथार्थः ॥१३७७॥ सो कालग्गाही वेलं तुलेत्ता कालभूमीओ संदिसावणनिमित्तं गुरुपायमूलं गच्छति । तत्थेमा विही—

आउत्तपुव्वभणियं अणपुच्छा खलियपडियवाघाओ ।
भासंत मूढसंकिय इंदियविसए तु अमणुण्णे ॥१३७८॥

व्याख्यां – जहा निग्गच्छमाणो आउत्तो निग्गतो तहा पविसंतोवि आउत्तो पविसति, पुव्वनिग्गओ चेव जइ अणापुच्छाए कालं गेण्हति, पविसंतोवि जइ खलइ पडइ वा एत्थवि

---

પ્રતિજાગરણ=ગ્રહણ કરનારો હોય છે. ॥૧૩૭૬॥

**અવતરણિકા :** તે બંને જણા કાલગ્રહણનાં સમયનું પડિલેહણ કરતા આવા પ્રકારના કાલની તુલના કરે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સંધ્યાની હાજરીમાં કાલગ્રહણ શરૂ કર્યું. હવે તે કાલગ્રહણ અને સંધ્યાનો શેષ જે સમય બાકી છે તે બંને જે રીતે એક સાથે પૂર્ણ થાય તે રીતે તે કાલવેલાને તોલે (અર્થાત્ તે રીતે કાલગ્રહણ લેવાનું શરૂ કરે.) અથવા પશ્ચિમ સિવાયની ઉત્તર વિગેરે ત્રણ દિશામાં જ્યારે સંધ્યા હોય ત્યારે કાલને ગ્રહણ કરવાની શરૂઆત કરે. (એમ ગ્રહણ કરતા-કરતા છેલ્લે) પશ્ચિમદિશામાં સંધ્યા નાશ પામવા છતાં કાલનું ગ્રહણ કરે તો કોઈ દોષ નથી. ॥૧૩૭૭॥

**અવતરણિકા :** તે કાલગ્રહી સમયની તુલના કરીને સંદિસાવણનિમિત્તે કાલભૂમિથી ગુરુ પાસે જાય છે. તેમાં આ પ્રમાણેની વિધિ જાણવી ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જેમ નીકળતી વેળાએ ઉપયોગપૂર્વક નીકળ્યો હતો તે જ રીતે ઉપાશ્રયમાં પ્રવેશતી વેળાએ પણ ઉપયોગપૂર્વક પ્રવેશ કરે છે. પૂર્વે જ્યારે નીકળ્યા હતા ત્યારે ગુરુને પૂછ્યા વિના

---

४६. तौ च तां वेलां प्रतिचरन्तौ ईदृशं कालं तोलयतः, सन्ध्यायां विद्यमानायां कालग्रहणमादृतं, तत् कालग्रहणं सन्ध्यायाश्च यत् शेषं एते द्वे अपि समं यथा समाप्नुतस्तथा तां कालवेलां तोलयन्ति, अथवोत्तरादिषु तिसृषु ससन्ध्यां गृह्णन्ति चरमामिति अपरस्यामपगतसन्ध्यायामपि गृह्णन्ति, न दोष इति । स कालग्राही वेलां तोलयित्वा कालभूमिसंदिशननिमित्तं गुरुपादमूले गच्छति, तत्रायं विधिः यथा निर्गच्छन्नायुक्तो निर्गतस्तथा प्रविशन्नपि आयुक्तः प्रविशति, पूर्वनिर्गत एव यद्यनापृच्छ्य कालं गृह्णाति प्रविशन्नपि यदि स्खलति पतति वात्रापि

[૪૭]कालुवघाओ, अहवा वाघाउत्ति लेट्ठुइंट्ठालादिणा। 'भासंत मूढसंकिय इंदियविसए अमणुण्णे' इत्यादि पच्छद्धं सांन्यासिकमुपरि वक्ष्यमाणं। अहवा इत्थवि इमो अत्थो भाणियव्वो—वंदणं देंतो अन्नं भासंतो देइ वंदणदुगं उवओगेण उ न ददाति किरियासु वा मूढो आवत्तादीसु वा संका कया न कयत्ति वंदणं देंतस्स इंदियविसओ वा अमणुण्णमागओ ॥१३७८॥

**निसीहिया नमुक्कारे काउस्सग्गे य पंचमंगलए।**
**किइकम्मं च करिन्ता बीओ कालं तु पडियरइ ॥१३७९॥**

**व्याख्या—पविसंतो तिण्णि निसीहियाओ करेइ नमो खमासमणाणंति नमुक्कारं च करेइ, इरियावहियाए पंचउस्सासकालियं उस्सग्गं करेइ, उस्सारिए नमोअरहंताणंति पंचमंगलं चेव कहइ, ताहे 'कितिकम्मं'ति बारसावत्तं वंदणं देइ, भणइ य—संदिसह पाउसियं कालं गेण्हामो,**

જ (નીકળીને) જો કાલનું ગ્રહણ કર્યું હોય તો (તે કાલગ્રહણ નકામું થાય છે. એ જ રીતે હમણાં) પ્રવેશ કરતી વખતે જો અથડાય, કે પડે તો ત્યાં પણ કાલનો વિનાશ જાણવો. અથવા વ્યાઘાત એટલે ઢેફુ – ઇંટ વિગેરેની સાથે અથડામણ થવી. (આવું થાય ત્યારે પણ કાલનો વ્યાઘાત જાણવો.) ભાસંત... વિગેરે ગાથાનો પશ્ચાર્ધ છે તે હમણાં રાખી મૂકો તેનો અર્થ આગળ જણાવશે. અથવા અહીં પણ એનો અર્થ કહેવો. તે આ પ્રમાણે – વાંદણા આપતા કંઈક બીજું બોલતો વાંદણા આપે, કે વાંદણા ઉપયોગપૂર્વક ન આપે કે ક્રિયામાં મૂઢ બને (અર્થાત્ વિધિ ભૂલી જાય વિગેરે.) અથવા વાંદણામાં આવર્ત વિગેરે ૨૫ આવશ્યકોમાં શંકા પડે કે આવર્ત વિગેરે કર્યા કે ન કર્યા ? અથવા વાંદણા આપતી વેળાએ અમનોજ્ઞ ઇન્દ્રિયવિષય પ્રાપ્ત થાય (અર્થાત્ અનિષ્ટ શબ્દાદિ પ્રાપ્ત થાય, આવું બધું થાય ત્યારે કાલગ્રહણનો વ્યાઘાત થાય છે.) ॥૧૩૭૮॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કાલગ્રહી ગુરુ પાસે જવા માટે ઉપાશ્રયમાં પ્રવેશતા ત્રણ વાર નિસીહિ કરે છે અને ગુરુ પાસે પહોંચીને 'નમો ખમાસમણાણં' એ પ્રમાણે બોલવાપૂર્વક નમસ્કાર કરે છે. ત્યાર પછી ઇરિયાવહી કરે છે. તેમાં પાંચ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ કરે છે. પાર્યા પછી 'નમો અરિહંતાણં' એ પ્રમાણે નવકાર બોલે (અર્થાત્ આખો નવકાર બોલે.) ત્યાર પછી દ્વાદશાવર્ત વંદન = વાંદણા આપે, વાંદણા આપ્યા પછી બોલે – "ભગવન્ ! અનુજ્ઞા આપો તો પ્રાદોષિક (=સાંજના) કાલને ગ્રહણ કરીએ." એ સમયે ગુરુ – "ગ્રહણ કરો" એ પ્રમાણે અનુજ્ઞા આપે છે. આ પ્રમાણે

**૪૭. कालोपघातः अथवा व्याघात इति अभिघातो लेष्टिवट्टालादिना, भाषमाणेत्यादि, अथवाऽत्राप्ययमर्थो भणितव्यः—वन्दनं ददद् अन्यत् भाषमाणो ददाति वन्दनद्विकमुपयोगेन न ददाति क्रियासु वा मूढ आवर्त्तादिषु वा शङ्का कृता न कृता वेति वन्दनं ददतोऽमनोज्ञो वेन्द्रियविषय आगतः, प्रविशन् तिस्रो नैषेधिकीः करोति नमः क्षमाश्रमणानामिति नमस्कारं च करोति, ईर्यापथिक्यां पञ्चोच्छ्वासकालिकमुत्सर्गं करोति, उत्सारिते नमोऽर्हद्भ्यः ( कथयित्वा ) पञ्चमङ्गलमेव कथयति, तदा कृतिकर्मेति द्वादशावर्त्तं वन्दनं ददाति, भणति च—संदिशत प्रादोषिकं कालं गृह्णामि,**

[४८]गुरुवयणं गेण्हहत्ति, एवं जाव कालग्गाही संदिसावेत्ता आगच्छइ ताव बितिओत्ति दंडधरो सो कालं पडियरइ, गाथार्थः ॥१३७९॥ पुणो पुव्वुत्तेण विहिणा निग्गओ कालग्गाही —

**थोवावसेसियाए संझाए ठाति उत्तराहुत्तो ।**
**चउवीसगदुमपुप्फियपुव्वगमेक्केक्कि अ दिसाए ॥१३८०॥**

व्याख्या—'उत्तराहुत्तो' उत्तरामुखः दंडधारीवि वामपासे ऋजुतिरियदंडधारी पुव्वाभिमुहो ठाति, कालगहणनिमित्तं च अट्ठुस्सासकालियं काउस्सग्गं करेइ, अण्णे पंचुस्सासियं करेंति, उस्सारिते चउवीसत्थयं दुमपुप्फियं सामण्णपुव्वं च, एते तिण्णि अक्खलिए अणुपेहेत्ता पच्छा पुव्वाए एते चेव तिण्णि अणुपेहेति, एवं दक्खिणाए अवराए इति गाथार्थः ॥१३८०॥

गेण्हंतस्स इमे उवघाया जाणियव्वा—

**बिंदू य छीए य परिणय सगणे वा संकिए भवे तिण्हं ।**
**भासंत मूढ संकिय इंदियविसए य अमणुण्णे ॥१३८१॥**

---

જ્યારે કાલગ્રહી સંદિસાવીને કાલભૂમિ પાસે આવે છે. ત્યારે બીજો એટલે કે દંડધર કાલનું પ્રતિલેખન કરે છે. ॥૧૩૭૯॥

**અવતરણિકા :** ત્યાર પછી ફરી કાલગ્રહી પૂર્વોક્ત વિધિ પ્રમાણે ઉપાશ્રયથી નીકળેલો (અને અહીં કાલભૂમિમાં આવેલો) ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સંધ્યાસમય કંઈક બાકી હોય ત્યારે તે કાલગ્રહી ઉત્તરાભિમુખ ઊભો રહે છે. દંડધારી પણ કાલગ્રહીની ડાબી બાજુ સીધી અને તીર્છી દાંડીને લઈને પૂર્વાભિમુખ ઊભો રહે છે. કાલગ્રહી કાલગ્રહણ માટે આઠ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ કરે છે. અન્ય સાધુઓ પાંચ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગને કરે છે. કાલગ્રહી કાયોત્સર્ગ પાર્યા પછી લોગસ્સ, દ્રુમપુષ્પિકાઅધ્યયન અને શ્રામણ્યપૂર્વકઅધ્યયન (= દશવૈ. સૂત્રનું પહેલું–બીજું અધ્યયન) આ ત્રણે અસ્ખલિત રીતે મનમાં વિચારીને પછી પૂર્વાભિમુખ ફરેલો કાલગ્રહી આ જ ત્રણને મનમાં વિચારે છે. આ જ પ્રમાણે દક્ષિણદિશામાં અને પશ્ચિમદિશામાં પણ લોગસ્સાદિ ત્રણને વિચારે. ॥૧૩૮૦॥

**અવતરણિકા :** કાલગ્રહણ લેતા સાધુને હવે બતાવાતા ઉપઘાતો જાણવા ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

---

४८. गुरुवचनं गृहाणेति, एवं यावत् कालग्राही संदिश्यागच्छति तावद्वितीय इति दण्डधरः स कालं प्रतिचरति, पुनः पूर्वोक्तेन विधिना निर्गतः कालग्राही । दण्डधार्यपि वामपार्श्वे ऋजुतिर्यग्दण्डधारी पूर्वाभिमुखः तिष्ठति, कालग्रहणनिमित्तमष्टोच्छ्वासकालिकं कायोत्सर्गं करोति, अन्ये पञ्चोच्छ्वासिकं कुर्वन्ति, उत्सारिते चतुर्विंशतिस्तवं द्रुमपुष्पिकां श्रामण्यपूर्वकं च, एतानि त्रीण्यस्खलितान्यनुप्रेक्ष्य पश्चात् पूर्वस्यामेतान्येव त्रिण्यनुप्रेक्षते एवं दक्षिणस्यामपरस्याम् । गृह्णत इमे उपघाता ज्ञातव्याः—

व्याख्या–गे[४९]ण्हंतस्स अंगे जइ उदगबिंदू पडेज्जा, अहवा अंगे पासओ वा रुधिरबिंदू, अप्पणा परेण वा जदि छीयं, अज्झयणं वा वारेंतस्स जइ अन्नओ भावो परिणओ, अनुपयुक्त इत्यर्थः, 'सगणे'त्ति सगच्छे तिण्हं साहूणं गज्जिए संका, एवं विज्जुच्छीयाइसुवि ॥१३८१॥ 'भासंत' पच्छद्धस्स पूर्वन्यस्तस्य वा विभाषा—

मूढो व दिसिज्झयणे भासंतो यावि गिण्हति न सुज्झे ।
अन्नं च दिसज्झयणे संकंतोऽनिट्ठविसए वा ॥१३८२॥

व्याख्या–दिसामोहो से जाओ अहवा मूढो दिसं पडुच्च अज्झयणं वा, कहं ?, उच्यते, पढमे उत्तराहुत्तेण ठायव्वं सो पुण पुव्वहुत्तो ठायति, अज्झयणेसुवि पढमं चतुवीसत्थओ सो पुण मूढत्तणओ दुमपुप्फियं सामण्णपुव्वयं वा कड्ढति । फुडमेव वंजणाभिलावेण भासंतो कड्ढति, बुडुबुडेंतो वा गिण्हइ, एवं न सुज्झति, 'संकंतो'त्ति पुव्वं उत्तराहुत्तेण ठातियव्वं, ततो पुव्वहुत्तेण ठातव्वं, सो पुण उत्तराउ अवराहुत्तो ठायति, अज्झयणेसु वि चउवीसत्थयाउ अन्नं चेव

**ટીકાર્થ :** કાલગ્રહણ લેતી વખતે જો તે સાધુના શરીર ઉપર પાણીના ટીપાં પડે, અથવા શરીર ઉપર કે બાજુમાં લોહીના ટીપાં પડ્યા હોય, પોતાને કે બીજાને જો છીંક આવે, અથવા અધ્યયન કરતી વેળાએ અન્ય ભાવ આવ્યો હોય એટલે કે અધ્યયનમાં ઉપયોગ ન રહ્યો હોય, પોતાના ગચ્છમાં ત્રણ સાધુઓને ગર્જનાની શંકા હોય, એ જ પ્રમાણે ત્રણ સાધુઓને વીજળી, છીંક વિગેરેની શંકા હોય (તો કાલનો નાશ થાય છે.) ॥૧૩૮૧॥ (ગા. ૧૩૮૧ માં આપેલ) 'भासंत...' પશ્ચાર્ધ અથવા પૂર્વે (= ગા. ૧૩૭૮ માં) કહેલ 'भासंत...' પદોની વ્યાખ્યા ⇨

ગાથાર્થ : **ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કાલગ્રહીને દિશાનો મોહ થયો અથવા દિશા કે અધ્યયનને ભૂલી ગયો. કેવી રીતે ? તે કહે છે – પ્રથમ ઉત્તરાભિમુખ ઊભું રહેવું જોઈએ તેની બદલે તે પૂર્વાભિમુખ ઊભો રહે છે. અધ્યયનમાં પણ પ્રથમ લોગસ્સ બોલવો જોઈએ તેની બદલે ભૂલી જવા વિગેરેને કારણે પ્રથમ દ્રુમપુષ્પિકા અથવા શ્રામણ્યપૂર્વિકા અધ્યયન બોલે. મનમાં બોલવાને બદલે સ્પષ્ટ રીતે શબ્દોને ઉચ્ચારવાપૂર્વક બોલે, અથવા બુડ્બુડ્ (ગણગણ) અવાજ થતો હોય એ રીતે બોલે. આવું બધું થાય ત્યારે કાલ શુદ્ધ થતો નથી, (અર્થાત્ નાશ પામે છે.) એ જ રીતે પ્રથમ ઉત્તરાભિમુખ ઊભું રહેવું જોઈએ અને ત્યાર પછી પૂર્વાભિમુખ સંક્રમવું=ફરવું જોઈએ તેની બદલે તે કાલગ્રહી ઉત્તર પછી

४९. गृह्णतोऽङ्गे यद्युदकबिन्दुः पतेत् अथवाऽङ्गे पार्श्वयोर्वा रुधिरबिन्दुः, आत्मना परेण वा यदि क्षुतं, अध्ययनं वा कुर्वतो यद्यन्यतो भावः परिणतः, स्वगच्छे त्रयाणां साधूनां गर्जिते शङ्का, एवं विद्युत्क्षुतादिष्वपि, भाषमाण–पश्चार्धस्य विभाषा । दिग्मोहस्तस्य जातोऽथवा मूढो दिशं प्रतीत्याध्ययनं वा, कथं ?, उच्यते, प्रथममुत्तरोन्मुखेन स्थातव्यं स पुनः पूर्वोन्मुखस्तिष्ठति, अध्ययनेष्वपि प्रथमं चतुर्विंशतिस्तवः स पुनर्मूढत्वात् द्रुमपुष्पिकं श्रामण्यपूर्वकं वा कथयति । स्फुटमेव व्यञ्जनाभिलापेन भाषमाणो कथयति, बूडबूडायमानो वा गृह्णाति, एवं न शुध्यति, शङ्कमान इति पूर्वमुत्तरोन्मुखेन स्थातव्यं ततः पूर्वोन्मुखेन स्थातव्यं स पुनरुत्तरस्या अपरोन्मुखस्तिष्ठति, अध्ययनेष्वपि चतुर्विंशतिस्तवादन्यदेव

[५०]खुड्डियायारगादि अज्झयणं संकमइ, अहवा संकइ किं अमुगीए दिसाए ठिओ ण वत्ति, अज्झयणेवि किं कड्डियं णवित्ति । 'इंदियविसए य अमणुण्णे'त्ति अणिट्ठो पत्तो, जहा सोइंदिएण रुइयं वंतरेण वा अट्टहासं कयं, रूवे विभीसिगादि विकृतरूपं दृष्टं, गंधे कलेवरादिगन्धो रसस्तत्रैव स्पर्शोऽग्निज्वालादि, अहवा इट्ठेसु रागं गच्छइ, अणिट्ठेसु इंदियविसएसु दोसत्ति गाथार्थः ॥१३८२॥

एवमादिउवघायवज्जियं कालं घेत्तुं कालनिवेयणाए गुरुसमीवं गच्छंतस्स इमं भण्णइ—

**जो वच्चंतंमि विही आगच्छंतंमि होइ सो चेव ।**
**जं एत्थं णाणत्तं तमहं वोच्छं समासेणं ॥१३८३॥**

**व्याख्या—एसा भद्दबाहुकया गाहा—तीसे अतिदेसे कएवि सिद्धसेणखमासमणो पुव्वद्धभणियं अतिदेसं वक्खाणेइ—**

પશ્ચિમામુખ સંક્રમે=ફરે છે. અધ્યયનમાં પણ લોગસ્સ પછી દ્રુમપુષ્પિકાઅધ્યયનમાં સંક્રમવું જોઈએ તેની બદલે લોગસ્સ પછી ક્ષુલ્લકાચાર (દશવૈ. અ. ૩) વિગેરે અધ્યયનોમાં સંક્રમે છે (અર્થાત્ બોલે છે.) અથવા 'संकंतो' એટલે શંકા કરતો અર્થાત્ શું હું અમુક દિશામાં ઊભો રહ્યો કે નહીં ? અધ્યયનમાં પણ—શું હું લોગસ્સ વિગેરે બોલ્યો કે નહીં ?, ઇન્દ્રિયવિષય અનિષ્ટ પ્રાપ્ત થયો જેમ કે – શ્રોતેન્દ્રિયવડે રડવાનો અવાજ સાંભળ્યો કે વ્યંતરનું અટ્ટહાસ્ય સાંભળ્યું, ચક્ષુઇન્દ્રિયમાં—ભય ઉત્પન્ન કરે તેવું વિકૃતરૂપ જોયું, ગંધમાં—કલેવરની દુર્ગંધ આવી, રસમાં—દુર્ગંધના પુદ્ગલોમાં જ રસ હોવાનો જ છે (જેમ કે ઉપાશ્રયની આજુબાજુ મોટા રસોડામાં બનતી વાનગીઓની ગંધ આવે ત્યારે તેની સાથે તે વાનગીના રસનો અનુભવ થતો દેખાય છે.) સ્પર્શમાં અગ્નિની જ્વાલા વિગેરેનો સ્પર્શ થતો હોય, અથવા ઇષ્ટ વિષયોમાં રાગ થાય અને અનિષ્ટ ઇન્દ્રિયોના વિષયોમાં દ્વેષ થાય (તો કાલ નાશ પામે છે.) ॥૧૩૮૨॥

**અવતરણિકા :** આવા બધા પ્રકારના ઉપઘાતોથી રહિત કાલને ગ્રહણ કરીને કાલનું નિવેદન કરવા માટે ગુરુ પાસે જતા સાધુનો (વિધિ) આ પ્રમાણે કહેવાય છે ➪

**ગાથાર્થ : બહાર નીકળતી વખતે જે વિધિ (=આવસ્સહિ, આસજ્જ, આસજ્જ વિગેરે) કહી તે જ વિધિ પ્રવેશતી વખતે પણ જાણવી. જે અહીં ફેરફાર છે તેને હું સંક્ષેપથી કહીશ.**

**ટીકાર્થ :** આ ભદ્રબાહુસ્વામીકૃત ગાથા છે ॥૧૩૮૩॥ આ ગાથા જતા—આવતા સાધુને કરવાની વિધિનો અતિદેશ કરવા છતાં પણ સિદ્ધસેનનામના આચાર્ય આ ગાથાના પૂર્વાર્ધમાં કહેવાયેલ અતિદેશનું વ્યાખ્યાન કરે છે ➪

५०. क्षुल्लकाचारादिअध्ययनं संक्राम्यति, अथवा शङ्कते किममुकस्यां दिशि स्थितो नवेति, अध्ययनेऽपि किं कृष्टं नवेति, 'इन्द्रियविषयश्चामनोज्ञ' इत्यनिष्टः प्राप्तः यथा श्रोत्रेन्द्रियेण रुदितं व्यन्तरेण वाऽट्टहासं कृतं रूपे बिभीषिकादि विकृतं रूपं दृष्टं गन्धे कलेवरादिगन्धः । अथवेष्टेषु रागं गच्छति अनिष्टेष्विन्द्रियविषयेषु द्वेषमिति । एवमाद्युपघातवर्जितं कालं गृहीत्वा कालनिवेदनाय गुरुसमीपं गच्छत इदं भण्यते । एषा भद्रबाहुकृता गाथा एतस्यां अतिदेशे कृतेऽपि सिद्धसेनक्षमाश्रमणः पूर्वार्धभणितं अतिदेशं व्याख्यानयति ।

निसीहिआ आसज्जं अकरणे खलिय पडिय वाघाए ।
अपमज्जिय भीए वा छीए छिन्ने व कालवहो ॥१॥ (सि.)

व्याख्या—[५१]जदि णिंतो आवस्सियं न करेइ, पविसंतो वा निसीहियं न करेइ अहवा अकरणमिति आसज्जं न करेइ । कालभूमीउ गुरुसमीवं पट्ठियस्स जइ अंतरेण साणमज्जाराई छिंदंति, सेसपदा पुव्वभणिया, एएसु सव्वेसु कालवधो भवति ॥१॥

गोणाइ कालभूमीइ हुज्ज संसप्पगा व उट्ठिज्जा ।
कविहसिअ विज्जुयंमी गज्जिय उक्काइ कालवहो ॥२॥ (सि.)

व्याख्या—पढमयाए आपुच्छित्ता गुरू कालभूमिं गओ, जइ कालभूमिए गोणं निसन्नं संसप्पगादि वा उट्ठित्ता देक्खेज्ज तो नियत्तए, जइ कालं पडिलेहंतस्स वा गिण्हंतस्स वा निवेयणाए वा गच्छंतस्स कविहसियादि, एतेहिं कालवहो भवति, कविहसियं नाम आगासे विकृतं मुखं वानरसरिसं हासं करेज्जा । सेसा पया गतत्था इति गाथार्थः ॥२॥

---

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** જો બહાર નીકળતા આવસ્સહિ ન કરે, અથવા પ્રવેશતા નિસીહિ ન કરે અથવા 'आसज्ज' શબ્દ ન બોલે, કાલભૂમિથી ગુરુ પાસે જનારને વચ્ચે જો કૂતરો, બિલાડી વિગેરે છેદે એટલે આડા ઉતરે, શેષ પદો પૂર્વ કહેવાઈ ગયા છે (અર્થાત્ જતી વખતે વચ્ચે સ્ખલના=ઠોકર લાગે, પડી જાય, પ્રમાર્જન કર્યા વગર જાય, વિકૃતરૂપ વિગેરે જોઈને ડરી જાય, છીંક આવે) આ બધામાં કાલનો વધ=નાશ થાય છે. ॥સિદ્ધ. પ્રક્ષિપ્તગાથા—૧॥

ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :** પ્રથમ વખત ગુરુને પૂછીને કાલભૂમિમાં સાધુ ગયો. જો ત્યાં ગાય બેઠી હોય અથવા કીડી વિગેરે જીવોનો ઉપદ્રવ થયેલો જુવે તો તે સાધુ પાછો ફરી જાય છે. તથા કાલનું પડિલેહણ કરતી વખતે કે ગ્રહણ કરતી વખતે કે કાલનું નિવેદન કરવા માટે ગુરુ પાસે જતી વખતે જો વાનરહાસ્ય વિગેરે થાય, તો તે વાનરહાસ્ય વિગેરેથી કાલનો વધ થાય છે. વાનરહાસ્ય એટલે આકાશમાં વિકૃત મુખ કરીને (કોઈ વ્યંતર) વાનર જેવું હાસ્ય કરે. શેષ પદો સ્પષ્ટ જ છે. (અર્થાત્ વીજળી પડે, ગર્જના થાય કે ઉલ્કા વિગેરે પડે તો પણ કાલવધ થાય છે.) ॥સિ. પ્ર.—૨॥

---

५१. यदि निर्गच्छन्तं आवश्यिकीं न कुर्वन्ति प्रविशन्तो वा नैषेधिकीं न कुर्वन्ति अथवा 'अकरण'मिति आशय्यं न करोति, कालग्रहणभूमेः प्रस्थितस्य गुरुसमीपं यद्यन्तरा श्वमार्जारादि छिन्दति, शेषाणि पदानि पूर्वं भणितानि, एतेषु सर्वेषु कालवधो भवति । प्रथमतया आपृच्छ्य गुरुं कालभूमिं गतः यदि कालभूमौ गां निषण्णां संसर्पकादि वा उत्थिता पश्येत् तर्हि निवर्त्तेत, यदि कालं प्रतिलिखतो गृह्णतः निवेदने वा गच्छतः कपिहसितादि, एतैः कालवधो भवति, कपिहसितं नामाकाशे वानरसदृशं विकृतं मुखं हासं कुर्यात्, शेषाणि पदानि गतार्थानि ।

[५२]कालग्गाही णिव्वाघातेण गुरुसमीवमागतो —

**इरियावहिया हत्थंतरेऽवि मंगल निवेयणा दारे ।**
**सव्वेहि वि पट्ठविए पच्छा करणं अकरणं वा ॥१३८४॥**

व्याख्या—जदिवि गुरुस्स हत्थंतरमेत्ते कालो गहिओ तहावि कालपवेयणाए इरियावहिया पडिक्कमियव्वा, पंचुस्सासमेत्तकालं उस्सग्गं करेंति, उस्सारिएऽवि पंचमंगलयं कड्ढंति, ताहे वंदणं दाउं कालं निवेएति—सुद्धो पाओसिओ कालोत्ति, ताहे डंडधरं मोत्तुं सेसा सव्वे जुगवं पट्ठवेंति ॥१३८४॥

किं कारणम् ?, उच्यते, पुव्वुत्तं जं मरुगदिट्ठंतोत्ति —

**सन्निहियाण वडारो पट्ठविय पमादि णो दए कालं ।**
**ब्राहि ठिए पडियरए विसई ताएऽवि दंडधरो ॥१३८५॥**

व्याख्या—वडो वंटगो विभागो एगट्ठं, आरिओ आगारिओ सारिओ वा एगट्ठं, वडेण आरिओ

---

**અવતરણિકા :** કોઈપણ જાતના વ્યાઘાત વિના ગુરુ પાસે આવેલો કાલગ્રહી (હવે શું કરે છે ? તે કહે છે) ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જો કે ગુરુથી એક હાથ માત્ર પણ દૂર રહીને કાલગ્રહણ લીધું હોય તો પણ ગુરુ પાસે આવીને કાલનું નિવેદન કરવા માટે ઇરિયાવહી કરવી. તેમાં પાંચ ઉચ્છ્વાસપ્રમાણ કાયોત્સર્ગ કરવો. કાયોત્સર્ગ પાર્યા પછી નવકાર બોલે. ત્યાર પછી વાંદણા આપીને કાલનું નિવેદન કરે કે – 'પ્રાદોષિક કાલ શુદ્ધ છે.' ત્યાર પછી દાંડીધરને છોડીને શેષ બધા સાધુઓ એક સાથે સ્વાધ્યાય પઠાવે. (સ્વાધ્યાય પ્રસ્થાપિત કર્યા બાદ જો કાલ નિઃશંકિત હોય તો સ્વાધ્યાય કરે અને જો શંકા હોય તો સ્વાધ્યાય કરે નહીં.) ॥૧૩૮૪॥

**અવતરણિકા : શંકા :** શા માટે બધા સાધુઓ સ્વાધ્યાય પઠાવે ? **સમાધાન :** અહીં પૂર્વે (ગા. ૧૩૬૨માં) કહેલ બ્રાહ્મણનું દૃષ્ટાન્ત જાણવું. તે આ પ્રમાણે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (અહીં 'વડાર' શબ્દનો અર્થ કરે છે તેમાં) વડ એટલે વંટગ અર્થાત્ વિભાગ. (આર એટલે) આરિઓ = આગારિઓ = સારિઓ અર્થાત્ બોલાવેલો = પામેલો. વડવડે આરિઓ તે વડારો. (અર્થાત્ ભાગને પામેલો તે વડારો. ટૂંકમાં વડાર એટલે અમુક દ્રવ્યનો વિભાગ. કોઈક

---

५२. कालग्राही गुरुसमीपे निर्व्याघातेनागतः । यद्यपि गुरोर्हस्तान्तरमात्रे कालो गृहीतस्तथापि कालप्रवेदने ईर्यापथिकी प्रतिक्रान्तव्या, पञ्चोच्छ्वासमात्रकालमुत्सर्गं कुर्वन्ति, उत्सारितेऽपि पञ्चमङ्गलं कथयन्ति, ततो वन्दनं दत्त्वा कालं निवेदयति-प्रादोषिकः कालः शुद्ध इति, तदा दण्डधरं मुक्त्वा शेषाः सर्वे युगपत् स्वाध्यायं प्रस्थापयन्ति, किं कारणं ?, उच्यते, पूर्वमुक्तं यस्मात् मरुकदृष्टान्त इति । वाटो वण्टको विभागः एकार्थाः, आरिक आगारिकः सारिक इति एकार्थाः । वाटेनारिको

[५३]वंडारो, जहा सो वडारो सन्निहियाण मरुगाण लब्भइ न परोक्खस्स तहा देसकहादिपमादिस्स पच्छा कालं न देंति, 'दारे'ति अस्य व्याख्या 'बाहि ठिए' पच्छद्धं कंठं ॥१३८५॥

'सव्वेहिवि' पच्छद्धं अस्य व्याख्या —

**पट्ठविय वंदिए वा ताहे पुच्छति किं सुयं ? भंते ! ।**
**तेवि य कहेंति सव्वं जं जेण सुयं व दिट्ठं वा ॥१३८६॥**

व्याख्या—दंडधरेण पट्ठविए वंदिए, एवं सव्वेहि वि पट्ठविए पुच्छा भवइ—अज्जो ! केण किं सुयं दिट्ठं वा ? दंडधरो पुच्छइ अण्णो वा, तेवि सव्वं कहेंति, जति सव्वेहिवि भणियं—न किंचि दिट्ठं सुयं वा, तो सुद्धे करेंति सज्झायं । अह एगेणवि किंचि विज्जुमादि फुडं दिट्ठं गज्जियादि वा सुयं ततो असुद्धे न करेंतित्ति गाथार्थः ॥१३८६॥ अह संकिए —

---

નગરમાં રાજાને બ્રાહ્મણોને દાન દેવાની ઈચ્છા થઈ. તેથી તેણે બ્રાહ્મણોમાં ઘોષણા કરાવી કે – જે સામાન્યસ્થિતિવાળો હોય તે આવીને અમુક ભાગ લઈ જાય. તેમાં) જે બ્રાહ્મણો નજીકમાં હતા એટલે કે ગામમાં હાજર હતા, તેમને ભાગ પ્રાપ્ત થયો. પરંતુ જેઓ પરોક્ષ હતા એટલે કે તે સમયે ગામથી બહાર ગયા હતા તેમને પ્રાપ્ત થયો નહીં. એ જ પ્રમાણે પ્રસ્તુતમાં (જયારે કાલનું નિવેદન થયું અને જેમણે એક સાથે સ્વાધ્યાયનું પ્રસ્થાપન કર્યું તેમને સ્વાધ્યાય કરવાની રજા અપાય છે. પરંતુ) જેઓ નિવેદન સમયે દેશકથા વિગેરે પ્રમાદમાં પડ્યા તેમને પછીથી ગુરુ કાલ આપતા નથી. (એટલે કે સ્વાધ્યાયની રજા આપતા નથી. તેમનો કાલ અશુદ્ધ ગણાય છે.) ગા. ૧૩૮૪માં આપેલ 'દ્વાર' શબ્દની વ્યાખ્યા – (સ્વાધ્યાય પ્રસ્થાપિત કર્યા બાદ કાલગ્રહી અથવા અન્ય સાધુ કાલનું ધ્યાન રાખવા બહાર મોકલાય છે અને ) તે પ્રતિચારક બહાર ઊભો રહે ત્યારે દંડધારી અંદર પ્રવેશ કરે. **॥૧૩૮૫॥**

**અવતરણિકા :** (ગા. ૧૩૮૪માં આપેલ) 'સવ્વેહિવિ...' પશ્ચાર્ધની વ્યાખ્યા ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

***ટીકાર્થ*** : દંડધરે આવીને સ્વાધ્યાયનું પ્રસ્થાપન કર્યું, વંદન કર્યા. એ જ પ્રમાણે બધા સાધુઓએ પ્રસ્થાપન કર્યા બાદ દંડધારી બધા સાધુને પૂછે છે કે – "હે આર્ય ! તમારામાંથી કોઈએ કંઈક સાંભળ્યું કે જોયું ?" આ પ્રશ્ન દંડધારી પૂછે અથવા બીજો કોઈ સાધુ પૂછે. સાધુઓ પણ જેણે જે કંઈક સાંભળ્યું કે જોયું હોય તે બધું કહે છે. જો સાધુઓ કહે કે – અમે કંઈ જોયું કે સાંભળ્યું નથી તો, કાલ શુદ્ધ જાણીને બધા સાધુઓ સ્વાધ્યાય કરે. જો એક પણ સાધુએ વીજળી વિગેરે કંઈક સ્પષ્ટ રીતે જોયું હોય કે ગર્જના વિગેરે સ્પષ્ટ સાંભળ્યું હોય તો કાલ અશુદ્ધ જાણી સ્વાધ્યાય કરે નહીં. **॥૧૩૮૬॥** હવે જો શંકા હોય તો ➪

---

५३. वाटारः, यथा स वाटारः सन्निहितैर्मरुकैर्लभ्यते न परोक्षेण, तथा देशादिविकथाप्रमादवतः पश्चात् कालं न ददति । द्वारमित्यस्य व्याख्या-बाह्यस्थितः पश्चार्धं, कण्ठ्यं । सर्वैरपि पश्चार्धं । दण्डधरेण प्रस्थापिते वन्दिते, एवं सर्वैरपि प्रस्थापिते पृच्छा भवति-आर्य ! केनचित् किञ्चिद् श्रुतं दृष्टं वा ?, दण्डधरः पृच्छति अन्यो वा, तेऽपि सत्यं कथयन्ति, यदि सर्वैरपि भणितं-न किञ्चिद् श्रुतं दृष्टं वा, तदा शुद्धे कुर्वन्ति स्वाध्यायं, अथैकेनापि किञ्चिद्विद्युदादि स्फुटं दृष्टं गर्जितादि वा श्रुतं तदाऽशुद्धे न कुर्वन्ति । अथ शङ्किते-

इक्कस्स दोण्ह व संकियंमि कीरइ न कीरती तिण्हं ।
सगणंमि संकिए परगणं तु गंतुं न पुच्छंति ॥१३८७॥

व्याख्या—[५४]जंदि एगेण संदिद्धं दिट्ठं सुयं वा, तो कीरइ सज्झाओ, दोण्हवि संदिद्धे कीरति, तिण्हं विज्जुमादि एगसंदेहे ण कीरइ सज्झाओ, तिण्हं अण्णाण्णसंदेहे कीरइ, सगणंमि संकिए परवयणाओऽसज्झाओ न कीरइ । खेत्तविभागेण तेसिं चेव असज्झाइयसंभवो ॥१३८७॥

'जं एत्थं णाणत्तं तमहं वोच्छं समासेणं'ति अस्यार्थः —

कालचउक्के णाणत्तगं तु पाओसियंमि सव्वेवि ।
समयं पट्ठवयंती सेसेसु समं च विसमं वा ॥१३८८॥

व्याख्या—एयं सव्वं पाओसियकाले भणियं, इयाणिं चउसु कालेसु किंचि सामण्णं किंचि

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જો એક સાધુને જોયાની કે સાંભળ્યાની શંકા હોય (નિશ્ચય ન હોય) તો સ્વાધ્યાય કરે. એ જ રીતે બે સાધુઓને પણ શંકા હોય તો પણ સ્વાધ્યાય કરે. પરંતુ ત્રણ–ત્રણ સાધુઓને જો વીજળી વિગેરેમાંની એક સરખી શંકા હોય તો સ્વાધ્યાય કરે નહીં. અને જો ત્રણમાંથી એકને વીજળીની, બીજાને ગર્જનાની, ત્રીજાને છીંક વિગેરેની આ રીતે અન્ય–અન્ય વસ્તુસંબંધી શંકા હોય તો સ્વાધ્યાય કરે. જો આ રીતની શંકા પોતાના ગચ્છમાં હોય તો પરગચ્છના વચનથી અસ્વાધ્યાય કરવો નહીં. (આશય એ છે કે જો આવી શંકા પોતાના ગચ્છમાં હોય તો શંકાનું નિવારણ કરવા બીજા ગચ્છને જઈને પૂછવું નહીં, કારણ કે ક્યારેક એવું બને કે ત્યાં કાલગ્રહીને લોહીં વિગેરે ક્યાંય લાગેલું હોય અને તેને કારણે દેવ ત્યાં કાલગ્રહણ લેવા દેતો ન હોય. તેવા સમયે આ ગચ્છમાં આવું કોઈ કારણ ન હોવાથી અસજ્ઝાય ન હોય. તેથી બીજા ગચ્છને પૂછવું નહીં. આ જ વાત સ્પષ્ટ કરતા કહે છે કે – પોતાના અને બીજાના ગચ્છ વચ્ચે) ક્ષેત્રનો વિભાગ હોવાથી તેઓને જ (= પગરચ્છના સાધુઓને જ દેવકૃત) અસ્વાધ્યાયનો સંભવ હોય. (માટે બીજા ગચ્છમાં જઈને પૂછવું નહીં.) ॥૧૩૮૭॥

**અવતરણિકા :** (ગા. ૧૩૮૩માં આપેલ) 'જે કંઈ અહીં જુદાપણું છે, તેને હું સંક્ષેપથી કહીશ' આ વાક્યની વ્યાખ્યા કરે છે ➪

**ગાથાર્થ : ચારે કાલગ્રહણમાં થોડુંક જુદાપણું છે. સાંજના કાલગ્રહણમાં બધા સાધુઓ એક સાથે સજ્ઝાય પઠાવે. શેષ ત્રણ કાલગ્રહણમાં સાથે અથવા જુદા જુદા સ્વાધ્યાય પઠાવે.**

**ટીકાર્થ :** આ બધી જ વિધિ સાંજના કાલગ્રહણ માટે કહી. હવે ચારે કાલગ્રહણમાં કંઈક સરખું

૫૪. यद्येकेन संदिग्धं-दृष्टं श्रुतं वा, तर्हि क्रियते स्वाध्यायः, द्वयोरपि संदेहे क्रियते, त्रयाणां विद्युदादिके एक( समान )संदेहे न क्रियते स्वाध्यायः, त्रयाणामन्यान्यसंदेहे क्रियते, स्वगणे शङ्किते परवचनात् अस्वाध्यायो न क्रियते, क्षेत्रविभागेन तेषामेवास्वाध्यायिकसंभवः । यदत्र नानात्वं तदहं वक्ष्ये समासेनेति । एतत् सर्वं प्रादोषिककाले भणितं, इदानीं चतुर्ष्वपि कालेषु किञ्चित् सामान्यं किञ्चित्

विसेसियं भणामि–पाओसिए दंडधरं एक्कं मोत्तुं सेसा सव्वे जुगवं पट्ठवेंति, सेसेसु तिसु अद्धरत्त वेरत्तिय पाभाइए य समं वा विसमं वा पट्ठवेंति ॥१३८८॥ किं चान्यत् —

इंदियमाउत्ताणं हणंति कणगा उ तिन्नि उक्कोसं ।
वासासु य तिन्नि दिसा उउबद्धे तारगा तिन्नि ॥१३८९॥

व्याख्या–सुट्ठु इंदियउवओगे उवउत्तेहिं सव्वकाला पडिजागरियव्वा–घेत्तव्वा, कणगेसु कालसंखाकओ विसेसो भण्णइ–तिण्णि सिग्घमुवहणंतित्ति, तेण उक्कोसं भण्णइ, चिरेण उवघाउत्ति तेण सत्त जहण्णे सेसं मज्झिमं, अस्य व्याख्या —

कणगा हणंति कालं ति पंच सत्तेव गिम्हि सिसिरवासे ।
उक्का उ सरेहागा रेहारहितो भवे कणओ ॥१३९०॥

व्याख्या–कणगा गिम्हे तिन्नि सिसिरे पंच वासासु सत्त उवहणंति, उक्का पुणेगेव, अयं चासिं

અને કંઈક જુદું છે તેને હું કહું છું – સાંજના કાલગ્રહણમાં દંડધરને છોડીને શેષ બધા સાથે સજ્ઝાય પઠાવે. શેષ અધરત્તિ, વેરત્તિ અને પાભાઈ કાલગ્રહણમાં સાથે અથવા જુદા જુદા પઠાવે છે. ॥૧૩૮૮॥ અને બીજું

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (કણગ = રેખારહિત જ્યોતિષ્પિંડ. આ કણગ કાલગ્રહણનો નાશ કરે છે. તેથી આકાશમાં કણગ છે કે નહીં ? તે જોવા) સાધુઓએ શ્રોત્રેન્દ્રિય વિગેરે ઇન્દ્રિયોના ઉપયોગમાં સારી રીતે ઉપયુક્ત થઈને બધા કાલગ્રહણ લેવા જોઈએ. કણગમાં કાલવડે સંખ્યાકૃત ભેદ કહેવાય છે – ત્રણ કણગો કાલને શીઘ્ર હણે છે, તેથી આ કાલનો નાશ ઉત્કૃષ્ટ છે. સાત કણગોવડે થતો કાલનો નાશ એ જઘન્ય જાણવો કારણ કે તે લાંબા કાળે થાય છે. (આશય એ છે કે ગ્રીષ્મઋતુમાં ત્રણ કણગ પડે એટલે કાલ શીઘ્ર હણાય છે. જ્યારે વર્ષાકાળમાં સાત કણગ પડે ત્યારે કાલ હણાય છે. ૩ની અપેક્ષાએ ૭ને પડવાનો સમય વધારે લાગે તેથી કાલગ્રહણ ધીમે ધીમે હણાય છે. તેથી વર્ષાકાળે થતો કાલગ્રહણનો નાશ એ જઘન્ય કહેવાય છે.) શેષ સંખ્યાવડે થતો કાલનાશ એ મધ્યમ જાણવો. આ જ ગાથાની વ્યાખ્યા કરે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** કણગો કાલને હણે છે. તેઓનો ક્રમ આ પ્રમાણે છે – ગ્રીષ્મકાળમાં ત્રણ, શિયાળામાં પાંચ અને વર્ષાકાળમાં સાત કણગો કાલને હણે છે. જ્યારે એક જ ઉલ્કા કાલને હણે છે. ઉલ્કા અને

૫૫. विशेषितं भणामि - प्रादोषिके दण्डधरमेकं मुक्त्वा शेषाः सर्वे युगपत् प्रस्थापयन्ति, शेषेषु त्रिषु अर्धरात्रिके वैरात्रिके प्राभातिके च समं वा वियुक्ता वा प्रस्थापयन्ति । सुष्ठु इन्द्रियोपयोगे उपयुक्तैः सर्वे कालाः प्रतिजागरितव्या-ग्रहीतव्याः, कनकविषये कालकृतः संख्याविशेषो भण्यते-त्रयो शिघ्रमुपघ्नन्तीति तेनोत्कृष्टं भण्यते चिरेणोपघात इति तेन सप्त जघन्यतः शेषं मध्यमं । कनका ग्रीष्मे त्रयः शिशिरे पञ्च वर्षासु सप्तोपघ्नन्ति, उल्का पुनरेकैव, अयं चानयोः

विसेसो–कणगो सण्हरेहो पगासविरहिओ य, उक्का महंतरेहा पकासकारिणी य, अहवा रेहाविरहिओवि फुलिंगो पभासकरो उक्का चेव ॥१३९०॥

'वासासु तिण्णि दिसा' अस्य व्याख्या –

वासासु य तिन्नि दिसा हवंति पाभाइयंमि कालंमि ।
सेसेसु तीसु चउरो उडुंमि चउरो चउदिसिंपि ॥१३९१॥

व्याख्या–जत्थ ठिओ वासकाले तिन्निवि दिसा पेक्खइ तत्थ ठिओ पाभाइयं कालं गेण्हइ, सेसेसु तिसुवि कालेसु वासासु जत्थ ठिओ चउरोवि दिसाभागे पेच्छइ तत्थ ठिओ गेण्हइ ॥१३९१॥

'उडुबद्धे तारगा तिन्नि'त्ति अस्य व्याख्या —

तिसु तिन्नि तारगाओ उडुंमि पाभातिए अदिट्ठेऽवि ।
वासासु [ य ] तारगाओ चउरो छन्ने निविट्ठोऽवि ॥१३९२॥

व्याख्या–तिसु कालेसु पाओसिए अड्ढरत्तिए वेरत्तिए, जति तिन्नि ताराओ जहण्णेण पेच्छंति

---

કણગમાં ભેદ આ પ્રમાણે જાણવો કે – કણગ પાતળી રેખાવાળો અને પ્રકાશવિનાનો જ્યોતિષ્પિંડ છે જ્યારે ઉલ્કા મોટી રેખાવાળી અને પ્રકાશવાળી છે. (આ બંને આકાશમાંથી ખરતા તારા છે.) અથવા રેખા વિનાનો = લીસોટા વિનાનો પણ તણખા ઝરતો, પ્રકાશને કરનારો જ્યોતિષ્પિંડ ઉલ્કા જાણવો. ॥૧૩૯૦॥

**અવતરણિકા :** (ગા. ૧૩૮૯માં આપેલ) 'વર્ષાકાળમાં ત્રણ દિશા' વાક્યની વ્યાખ્યા કરે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

***ટીકાર્થ* :** વર્ષાકાળમાં જ્યાં ઊભા રહીને ત્રણ દિશા દેખાતી હોય ત્યાં રહીને તે સાધુ પ્રાભાતિક કાલગ્રહણ લે છે. શેષ ત્રણ કાલગ્રહણો વર્ષાકાળમાં જ્યાં રહીને ચારે દિશાભાગો દેખાય ત્યાં રહીને ગ્રહણ કરે. (उडुंमि चउरो... નો અર્થ – ઋતુબદ્ધ (શેષ) કાળમાં ચારે કાલગ્રહણ ચારે દિશા દેખાય ત્યાં લેવાય.) ॥૧૩૯૧॥

**અવતરણિકા :** (ગા. ૧૩૮૯માં આપેલ) 'ઋતુબદ્ધકાળમાં ત્રણ તારાઓ' વાક્યની વ્યાખ્યા કરે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

***ટીકાર્થ* :** સાંજનું, અર્ધરાત્રિનું અને વહેલી સવારનું=વેરત્તિનું–આ ત્રણે કાલગ્રહણો ઋતુબદ્ધકાળમાં લેવાના હોય ત્યારે આકાશમાં જો જઘન્યથી ત્રણ તારાઓ દેખાય તો કાલગ્રહણ લે. અને એ જ

---

૫૬. विशेषः-कनकः श्लक्ष्णरेखः प्रकाशविरहितश्च, उल्का महद्रेखा प्रकाशकारिणी च, अथवा रेखाविरहितोऽपि स्फुलिङ्गः प्रकाशकर उल्कैव । वर्षासु तिस्रो दिशः यत्र स्थितो वर्षारात्रकाले तिस्रोऽपि दिशः प्रेक्षते तत्र स्थितः प्राभातिकं कालं गृह्णाति, शेषेषु त्रिष्वपि कालेषु वर्षासु यत्र स्थितश्चतुरो दिग्विभागान् प्रेक्षते तत्र स्थितो गृह्णाति । ऋतुबद्धे तारकास्तिस्र इति । त्रिषु कालेषु प्रादोषिके अर्धरात्रिके वैरात्रिके यदि तिस्रस्तारका जघन्येन प्रेक्षेत

[५७]तो गिण्हंति, उडुबद्धे चेव अब्भादिसंथडे जइवि एक्कंपि तारं न पिच्छंति तहावि पाभाइयं कालं गेण्हंति, वासाकाले पुण चउरोवि काला अब्भासंथडे तारासु अदीसंतासुवि गेण्हंति ॥१३९२॥

'छन्ने निविट्ठो'त्ति अस्य व्याख्या —

ठाणासइ बिंदूसु अ गिण्हं चिट्ठोवि पच्छिमं कालं ।
पडियरइ बहिं एक्को एक्को अंतट्ठिओ गिण्हे ॥१३९३॥

व्याख्या–जदिवि वसहिस्स बाहिं कालग्गाहिस्स ठाओ नत्थि ताहे अंतो छण्णे उद्धट्ठिओ गेण्हति, अह उद्धट्ठियस्सवि अंतो ठाओ नत्थि ताहे छण्णे चेव निविट्ठो गिण्हइ, बाहिट्ठिओवि एक्को पडियरइ, वासबिंदुसु पडंतिसु नियमा अंतोठिओ गिण्हइ, तत्थवि उद्धट्ठिओ निसण्णो वा, नवरं पडियरगोवि अंतो ठिओ चेव पडियरइ, एस पाभाइए गच्छुवग्गहट्ठा अववायविही, सेसा काला

ઋતુબદ્ધકાળમાં જો વાદળો વિગેરેથી આકાશ ઢંકાયેલું હોય ત્યારે જો એક પણ તારો ન દેખાય તો પણ સવારનું પાભાઈ કાલગ્રહણ લે. વર્ષાકાળમાં વાદળો વિગેરે હોય ત્યારે તારાઓ ન દેખાય તો પણ ચારે કાલગ્રહણો લે. ॥૧૩૯૨॥

**અવતરણિકા :** (ગા. ૧૩૯૨માં આપેલ) 'ઉપાશ્રયમાં બેઠેલો' વાક્યની વ્યાખ્યા કરે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જો ઉપાશ્રયની બહાર કાલગ્રહીને ઊભા રહેવાનું સ્થાન ન હોય તો અંદર ઉપાશ્રયમાં ઊભો–ઊભો કાલનું ગ્રહણ કરે. હવે અંદર ઊભા રહેવાનું સ્થાન ન હોય તો અંદર જ બેઠા–બેઠા કાલનું ગ્રહણ કરે. તે વખતે બીજો એક સાધુ બહાર રહીને કાલનું ધ્યાન રાખે. (હવે બહાર બંને સાધુ ઊભા રહીને કાલગ્રહણ લઈ શકે એટલી જગ્યા છે પરંતુ બહાર) વરસાદના છાંટા પડતા હોય તો કાલગ્રહી નિયમથી અંદર આવીને જ કાલગ્રહણ લે. તે પણ અંદર જગ્યા હોય તો ઊભા–ઊભા, જગ્યા ન હોય તો બેઠા–બેઠા લે. તે સમયે પ્રતિચારક = કાલનું ધ્યાન રાખનાર બીજો સાધુ પણ અંદર આવીને ઊભા–ઊભા જ કાલનું ધ્યાન રાખે. ગચ્છના ઉપકાર માટે પાભાઈકાલગ્રહણ માટેની આ અપવાદવિધિ કહી.

(આશય એ છે કે પાભાઈકાલગ્રહણ ન લેવાય તો દિવસના પહેલા–છેલ્લા પ્રહરમાં સ્વાધ્યાય થઈ શકે નહીં તેથી સ્વાધ્યાયની હાનિ થાય. માટે માત્ર પાભાઈ માટે સ્થાન ન હોય તો અંદર આવે, બેઠા–બેઠા ગ્રહણ કરે વિગેરે અપવાદવિધિ બતાવી.) શેષ કાલગ્રહણો માટે જો બહાર સ્થાન ન હોય

५७. तदा गृह्णीयात्, ऋतुबद्धे एव अभ्राद्याच्छादिते यद्यपि एकामपि तारिकां न पश्यन्ति तथापि प्राभातिकं कालं गृह्णन्ति, वर्षाकाले पुनश्चत्वारोऽपि काला अभ्राच्छादिते तारास्वदृश्यमानास्वपि गृह्णन्ति । छन्ने निविष्ट इति–यद्यपि वसतेर्बहिः कालग्राहिणः स्थानं नास्ति तदाऽन्तश्छन्ने ऊर्ध्वस्थितो गृह्णाति, अथोर्ध्वस्थितस्याप्यन्तः स्थानं नास्ति तदा छन्ने एव निविष्टो गृह्णाति, बहिःस्थितोऽप्येकः प्रतिचरति, वर्षाबिन्दुषु पतत्सु नियमादन्तः स्थितो गृह्णाति, तत्राप्यूर्ध्वस्थितो निषण्णो वा, नवरं प्रतिचरकोऽपि अन्तःस्थित एव प्रतिचरति, एष प्राभातिके गच्छोपग्रहार्थायापवादविधिः, शेषाः कालाः

[५८]ठाणासति न घेत्तव्वा, आइण्णतो वा जाणियव्वं ॥१३९३॥

**कस्स कालस्स कं दिसमभिमुहेहिं ठायव्वमिति भणणति —**

**पाओसि अड्डरत्ते उत्तरदिसि पुव्व पेहए कालं ।**
**वेरत्तियंमि भयणा पुव्वदिसा पच्छिमे काले ॥१३९४॥**

व्याख्या—पाओसिए अड्डरत्तिए नियमा उत्तराभिमुहो ठाइ, 'वेरत्तिए भयण'त्ति इच्छा उत्तराभिमुहो पुव्वाभिमुहो वा, पाभाइए नियमा पुव्वमुहो ॥१३९४॥

इयाणिं कालग्गहणपरिमाणं भण्णइ —

**कालचउक्कं उक्कोसएण जहन्न तियं तु बोद्धव्वं ।**
**बीयपएणं तु दुगं मायामयविप्पमुक्काणं ॥१३९५॥**

**व्याख्या—उस्सग्गे उक्कोसेणं चउरो काला घेप्पंति, उस्सग्गे चेव जहण्णेण तिगं भवति, 'बितियपए'त्ति अववाओ, तेण कालदुगं भवति, अमायाविनः कारणे अगृहाणस्येत्यर्थः, अहवा उक्कोसेणं चउक्कं भवति, जहण्णेण हाणिपदे तिगं भवति, एक्कंमि अगहिए इत्यर्थः, बितिए**

તો તે લેવા નહીં. અથવા તે માટેની વિધિ જુદા–જુદા ગચ્છમાં ચાલતી આચરણાથી = સામાચારીથી જાણી લેવી. **॥૧૩૯૩॥**

**અવતરણિકા :** કયા કાલગ્રહણમાં કઈ દિશા સન્મુખ રહેવું ? તે કહેવાય છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** વાઘાઈ, અધરત્તિ વખતે નિયમથી ઉત્તરાભિમુખ ઊભો રહે. વેરત્તિમાં ઈચ્છા પ્રમાણે એટલે કે ઉત્તરાભિમુખ અથવા પૂર્વાભિમુખ ઊભો રહે. પાભાઈ વખતે નિયમથી પૂર્વાભિમુખ ઊભો રહે. **॥૧૩૯૪॥**

**અવતરણિકા :** હવે કાલગ્રહણ કેટલા લેવા ? તેનું પરિમાણ કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** ઉત્સર્ગથી ઉત્કૃષ્ટપણે ચારે–ચાર કાલગ્રહણ લે. અને ઉત્સર્ગથી ° જઘન્યપણે ત્રણ કાલગ્રહણ લે. દ્વિતીયપદ એટલે અપવાદપદ. કોઈક કારણસર નહીં ગ્રહણ કરનાર અમાયાવીને અપવાદથી બે કાલગ્રહણ જાણવા. અથવા ઉત્કૃષ્ટથી ચાર જાણવા. જઘન્યથી હાનિપદમાં = ઓછા કરતા એક ન લેવાનું થાય ત્યારે ત્રણ જાણવા. અપવાદથી હાનિપદમાં બે ન લો તો બીજા બે લેવાના

५८. स्थानेऽसति न ग्रहीतव्याः, आचरणातो वा ज्ञातव्यं । कस्मिन् काले कां दिशमभिमुखैः स्थातव्यमिति भण्यते- प्रादोषिके अर्धरात्रिके नियमादुत्तराभिमुखस्तिष्ठति, वैरात्रिके भजनेति इच्छा उत्तराभिमुखः पूर्वाभिमुखो वा, प्राभातिके नियमात् पूर्वमुखः । इदानीं कालग्रहणपरिमाणं भण्यते-उत्सर्गे उत्कृष्टतश्चत्वारः काला गृह्यन्ते, उत्सर्गे एव जघन्येन त्रिकं भवति, द्वितीयपदमिति अपवादः, तेन कालद्विकं भवति । अथवोत्कृष्टतश्चतुष्कं भवति, जघन्येन हानिपदे त्रिकं भवति, एकस्मिन्नगृहीते । द्वितीयस्मिन्

हाणिपदे कए दुगं—भवति, द्वयोरग्रहणत इत्यर्थः, एवममायाविणो तिन्नि—वा अगिण्हंतस्स एक्को भवति, अहवा मायाविमुक्तस्य कारणे एकमपि कालमगृह्णतो न दोषः, प्रायश्चित्तं वा न भवतीति गाथार्थः ॥१३९५॥ कहं पुण कालचउक्कं ?, उच्यते —

फिडियंमि अड्ढरत्ते कालं घित्तुं सुवंति जागरिया ।
ताहे गुरू गुणंती चउत्थि सव्वे गुरू सुअइ ॥१३९६॥

व्याख्या—पादोसियं कालं घेत्तुं सव्वे सुत्तपोरिसिं काउं पुन्नपोरिसीए सुत्तपाढी सुवंति, अत्थचिंतया उक्कालियपाढिणो य जागरंति, जाव अड्ढरत्तो, ततो फिडिए अड्ढरत्ते कालं घेत्तुं जागरिया सुयंति, ताहे गुरू उट्ठेत्ता गुणेंति, जाव चरिमो पत्तो, चरिमजामे सव्वे उट्ठित्ता वेरत्तियं घेत्तुं सज्झायं करेंति, ताहे गुरू सुवंति । पत्ते पाभाइयकालवेलाए जो पाभाइयं कालं घेच्छिहति सो कालस्स पडिक्कमिउं पाभाइयकालं गेण्हइ, सेसा कालवेलाए पाभाइय( वेरत्ति )कालस्स

થાય છે. એ જ પ્રમાણે અમાયાવી સાધુ ઓછા કરતા કરતા (કારણે) ત્રણ કાલગ્રહણ ન લે તો એક લેવાનું થાય છે. અથવા માયાથી રહિત (મૂળમાં આપેલ 'मायामयविप्पमुक्काणं' શબ્દનો અર્થ — માયા રૂપ આમય = રોગ તે માયામય. તેનાથી મૂકાયેલો) સાધુ કારણે એક પણ કાલગ્રહણ ન લે તો પણ કોઈ દોષ નથી, અર્થાત્ તેને કોઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી. ॥૧૩૯૫॥

**અવતરણિકા : શંકા :** ચાર કાલગ્રહણ કેવી રીતે જાણવા ? તે કહેવાય છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** વાઘાઈ કાલગ્રહણ લઈને બધા સાધુઓ સૂત્રપોરિસી કરે છે. પોરિસી પૂર્ણ થયા બાદ સૂત્ર ભણનારા સાધુઓ સૂઈ જાય છે. તે સમયે અર્થપોરિસી કરનારા અને ઉત્કાલિકસૂત્ર ભણનારા સાધુઓ અર્ધરાત્રિ સુધી જાગે છે. ત્યાર બાદ અર્ધરાત્રિ પૂર્ણ થતાં જાગતા સાધુઓ અધરત્તિનું કાલગ્રહણ લઈને સૂઈ જાય છે. તે સમયે ગુરુ જાગે છે અને ત્રીજો પ્રહર પૂર્ણ થાય ત્યાં સુધી પોતાનો સ્વાધ્યાય કરે છે. છેલ્લા પ્રહરમાં બધા સાધુઓ જાગે છે અને વેરત્તિનું કાલગ્રહણ લઈને સ્વાધ્યાય કરે છે. તે સમયે ગુરુ સૂઈ જાય છે. પછી જ્યારે પાભાઈ કાલગ્રહણ લેવાનો સમય થાય ત્યારે જે સાધુ પાભાઈ કાલગ્રહણ લેવાનો છે તે કાલનું પ્રતિક્રમણ કરીને એટલે કે વેરત્તિના બે આદેશો (= વેરત્તિકાલગ્રહણની છેલ્લી પાટલીમાં છેલ્લે વેરત્તિકાલ પડિક્કમું ? અને વેરત્તિકાલસ્સ પડિક્કમાવણીયં કાઉસ્સગ્ગ કરું ? આ બે આદેશો) માંગીને પાભાઈ કાલગ્રહણ લે. શેષ સાધુઓ કાલવેલા થાય ત્યારે પાભાઈ (વેરત્તિ)કાલનું પ્રતિક્રમણ કરે છે. (અહીં નિયમ એવો છે કે જે કાલનું પ્રતિક્રમણ થાય એટલે કે પૂર્વે

५९. हानिपदे कृते द्विकं भवति, एवममायाविनस्त्रीन् वाऽगृह्णत एको भवति, अथवा, कथं पुनः कालचतुष्कं ? । प्रादोषिकं कालं गृहीत्वा सर्वे सूत्रपौरुषीं कृत्वा पूर्णायां पौरुष्यां सूत्रपाठिनः स्वपन्ति, अर्थचिन्तका उत्कालिक[illegible]काश्च जागरन्ति यावदर्धरात्रः, ततः स्फिटितेऽर्धरात्रे कालं गृहीत्वा जागरिताः स्वपन्ति, तदा गुरव उत्थाय गुणयन्ति यावच्चरमः प्राप्तः, चरमे यामे सर्वे उत्थाय वैरात्रिकं गृहीत्वा स्वाध्यायं कुर्वन्ति, तदा गुरवः [illegible]न्ति. प्राप्तायां प्राभातिककालवेलायां यः प्राभातिकं कालं गृह्णाति स कालं प्रतिक्रम्य [illegible]भातिक[illegible] गृह्णाति, शेषाः कालवेलायां प्राभातिक( वैरात्रिक )कालस्य

[६०]पडिक्कमंति, ततो आवस्सयं करेंति, एवं चउरो काला भवंति ॥१३९६॥

तिण्णि कहं ?; उच्यते, पाभाइए अगहिए सेसा तिन्नि, अहवा —

गहियंमि अड्ढरत्ते वेरत्तिय अगहिए भवइ तिन्नि ।
वेरत्तिय अड्ढरत्ते अइ उवओगा भवे दुण्णि ॥१३९७॥
पडिजग्गियंमि पढमे बीयविवज्जा हवंति तिन्नेव ।
पाओसिय वेरत्तिय अइउवओगा उ दुण्णि भवे ॥१३९८॥

गाथाद्वयस्यापि व्याख्या–वेरत्तिए अगहिए सेसेसु तिसु गहिएसु तिण्णि, अड्ढरत्तिए वा अगहिए तिण्णि, [ पादोसिए वा अगहिते तिण्णि, ] दोण्णि कहं ?, उच्यते, पाउसियअड्ढरत्तिएसु गहिएसु सेसेसु अगहिएसु दोण्णि भवे, अहवा पाउसियवेरत्तिए गहिए य दोन्नि, अहवा पाउसियपाभाइएसु गहितेसु सेसेसु अगहिएसु दोण्णि, एत्थ विकप्पे पाउसिए चेव अणुवहएण

કહ્યા પ્રમાણે બે આદેશો મંગાય એટલે તે કાલસંબંધી સ્વાધ્યાય પૂર્ણ થાય છે. તેથી જો ત્યાર પછી સ્વાધ્યાય કરવો હોય તો નવું કાલગ્રહણ લેવું પડે. અહીં 'पाभाइयकालस्स' પાઠ લઈએ તો પાભાઈકાલનો સ્વાધ્યાય પૂર્ણ થયો કહેવાય જ્યારે ખરેખર અવસર તો વેરત્તિકાલસંબંધી સ્વાધ્યાયની પૂર્ણાહુતિનો છે. પાભાઈકાલસંબંધી સ્વાધ્યાય તો હવે શરૂ થવાનો છે. તેથી શેષ સાધુઓ કાલવેલાએ પાભાઈનું નહીં પણ વેરત્તિકાલનું પ્રતિક્રમણ કરે છે એવો અર્થ વધુ સંગત લાગે છે કારણ કે પાભાઈકાલનું પ્રતિક્રમણ સાંજના સમયે કરવાનું હોય છે. इति बहुश्रुता वदन्ति )ત્યાર પછી બધા ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણ કરે છે. આ પ્રમાણે ચાર કાલગ્રહણ થાય છે. ॥૧૩૯૬॥

**અવતરણિકા :** ત્રણ કાલગ્રહણ કેવી રીતે થાય ? તે કહે છે કે પાભાઈ કાલગ્રહણ ન લે અને શેષ ત્રણ લે ત્યારે ત્રણ કાલગ્રહણ થાય છે. અથવા ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** બંને ગાથાનો અર્થ આ પ્રમાણે જાણવો – વેરત્તિ ન લો અને શેષ ત્રણ લો ત્યારે ત્રણ કાલગ્રહણ થાય. અથવા અધરત્તિ સિવાય ત્રણ લેતા ત્રણ કાલગ્રહણ થાય. (અથવા વાઘાઈ ન લો ત્યારે ત્રણ થાય. इति चूर्णौ) બે કાલગ્રહણ કેવી રીતે થાય ? તે કહે છે – વાઘાઈ અને અધરત્તિ લેવાય અને શેષ બે ન લેવાય ત્યારે બે કાલગ્રહણ થાય છે. અથવા વાઘાઈ અને વેરત્તિ લો ત્યારે બે થાય. અથવા વેરત્તિ અને અધરત્તિ સિવાય વાઘાઈ અને પાભાઈ લો ત્યારે બે થાય. આ વિકલ્પમાં એટલું જાણવું કે જો વાઘાઈ કાલગ્રહણ શુદ્ધ આવ્યું હોય તો ઉપયોગપૂર્વક સારી રીતે જાગવા સાથે આખી

६०. प्रतिक्राम्यन्ति, तत आवश्यकं कुर्वन्ति, एवं चत्वारः काला भवन्ति, त्रयः कथं ?, उच्यते, प्राभातिकेऽगृहीते शेषास्त्रयः, अथवा वैरात्रिकेऽगृहीते शेषेषु त्रिषु गृहीतेषु त्रयः, अर्धरात्रिके वाऽगृहीते त्रयः, द्वौ कथं ?, उच्यते, प्रादोषिकार्धरात्रिकयोर्गृहीतयोः शेषयोरगृहीतयोर्द्वौ भवतः, अथवा प्रादोषिकवैरात्रिकयोर्गृहीतयोर्द्वौ च अथवा प्रादोषिकप्राभातिकयोर्गृहीतयोः शेषयोरगृहीतयोर्द्वौ, अत्र विकल्पे प्रादोषिकेण चैवानुपहतेन [ ] एतदन्तर्गतः पाठः चूर्णावधिकः ।

[६१]उवओगओ सुपडिजग्गिएण सव्वकालेण पढंति न दोसो, अहवा अड्डरत्तियवेरत्तिय गहिए दोण्णि अहवा अड्डरत्तियपाभाइयगहिएसु दोण्णि अहवा वेरत्तियपाभाइएसु गहिएसु, जदा एक्को तदा अण्णतरं गेण्हइ । कालचउक्ककारणा इमे कालचउक्के गहणं उस्सग्गविही चेव, अहवा पाओसिए गहिए उवहए अड्डरत्तं घेत्तुं सज्झायं करेंति, तंमि वि उवहते वेरतियं घेतुं सज्झायं करेंति । पाभाइओ दिवसट्ठा घेतव्वो चेव, एवं च कालचउक्कं दिट्ठं, अणुवहए पुण पाओसिए सुपडिजग्गिए सव्वराइं पढंति, अड्डरत्तिएणवि वेरत्तियं पढंति, वेरत्तिएणवि अणुवहएण सुपडिजग्गिएण पाभाइयमसुद्धे उद्दिट्ठं दिवसओवि पढंति । कालचउक्के अग्गहणकारणा इमे—पाउसियं न गिण्हंति

રાત સ્વાધ્યાય કરે તો કોઈ દોષ નથી. અથવા અધરત્તિ અને વેરત્તિ લેતા બે થાય. અથવા અધરત્તિ–પાભાઈ લેતા બે થાય. અથવા વેરત્તિ–પાભાઈ લેતા બે થાય. જ્યારે એક કાલગ્રહણ લેવાનું હોય ત્યારે કોઈપણ એક લે.

ચાર કાલગ્રહણ લેવાના કારણો આ પ્રમાણે જાણવા કે ઉત્સર્ગમાર્ગથી જ ચાર કાલગ્રહણ લેવાની વિધિ છે. અથવા જો પ્રાદોષિક=વાઘાઈ કાલગ્રહણ લેવા જતા તે હણાયું તો (અધરત્તિ સમયે) અધરત્તિ કાલગ્રહણ લઈને સ્વાધ્યાય કરે. અધરત્તિ હણાય તો વેરત્તિ લઈને સ્વાધ્યાય કરે. દિવસે સ્વાધ્યાય કરવા માટે પાભાઈ કાલગ્રહણ તો ગ્રહણ કરે જ. આ પ્રમાણે ચાર કાલગ્રહણ લેવાની વિધિ જાણવી. (બાકી) વાઘાઈકાલ જો શુદ્ધ હોય તો સારી રીતે જાગવાવડે સર્વ રાત્રિ ભણે. અધરત્તિવડે પણ વેરત્તિને ભણે, (અર્થાત્ વાઘાઈ શુદ્ધ આવ્યું નહીં. પછી અધરત્તિના સમયે અધરત્તિ લીધું. હવે એ જ અધરત્તિવડે શેષ રાત્રિ જાગવાદ્વારા સ્વાધ્યાય કરે તો અધરત્તિ શુદ્ધ આવ્યું હોવાથી અને શેષ રાત્રિ જાગરણ કરેલું હોવાથી વેરત્તિના સમયે વેરત્તિ લીધા વિના જ સ્વાધ્યાય ચાલુ રાખે તો કોઈ દોષ નથી.) એ જ પ્રમાણે જો વેરત્તિ શુદ્ધ આવ્યું હોય અને ત્યાર પછીના સમયે જાગરણ કરેલું હોય તો પાભાઈ અશુદ્ધ હોવા છતાં પૂર્વે આરંભેલા સૂત્રો દિવસે પણ ભણે. (નવા સૂત્રો આરંભે નહીં, કારણ કે પાભાઈ અશુદ્ધ છે.)

ચારે–ચાર કાલગ્રહણો ન લેવા પાછળના કારણો આ પ્રમાણે જાણવા – અશિવ વિગેરેના કારણે વાઘાઈકાલ લેવાનું ન હોય અથવા તે શુદ્ધ આવ્યું ન હોય. એ જ પ્રમાણે કોઈ કારણવિશેષથી

६१. उपयोगतः सुप्रतिजागरितेन सर्वकालेषु पठति न दोषः, अथवा अर्धरात्रिकवैरात्रिकगृहीते द्वौ अथवा अर्धरात्रिकप्राभातिकयोर्गृहीतयोर्द्वौ, अथवा वैरात्रिकप्राभातिकयोर्गृहीतयोर्द्वौ, यदैकस्तदाऽन्यतरं गृह्णाति । कालचतुष्ककारणानीमानि-कालचतुष्कग्रहणं उत्सर्गविधिरेव, अथवा प्रादोषिके गृहीते उपहतेऽर्धरात्रं गृहीत्वा स्वाध्यायं कुर्वन्ति, तस्मिन्नप्युपहते वैरात्रिकं गृहीत्वा स्वाध्यायं कुर्वन्ति । प्राभातिको दिवसार्थं ग्रहीतव्य एव, एवं च कालचतुष्कं दृष्टं, अनुपहते पुनः प्रादोषिके सुप्रतिजागरिते सर्वरात्रिं पठन्ति, अर्धरात्रिकेणापि वैरात्रिके पठन्ति, वैरात्रिकेणाप्यनुपहतेन सुप्रतिजागरितेन प्राभातिकमशुद्धे उद्दिष्टं दिवसतोऽपि पठन्ति । कालचतुष्केऽग्रहणकारणानीमानि-प्रादोषिकं न गृह्णन्ति

[६२]असिवादिकारणओ न सुज्झति वा, अड्डरत्तियं न गिण्हंति कारणतो ण सुज्झति वा पाओसिएण वा सुपडिजग्गिएण पढंतित्ति न गेण्हंति, वेरत्तियं कारणओ न गिण्हंति न सुज्झइ वा, पाओसिय अड्डरत्तेण वा पढंतित्ति णो गेण्हंति, पाभाइयं कारणओ न गेण्हंति न सुज्झइ वा वेरत्तिएणेव दिवसओ पढंति ॥१३९७–९८॥

इयाणिं पाभाइयकालग्गहणविहिं पत्तेयं भणामि —

**पाभाइयकालंमि उ संचिक्खे तिन्नि छीयरुन्नाणि ।**
**परवयणे स्वरमाई पावासिय एवमादीणि ॥१३९९॥**

व्याख्या–त्वस्या भाष्यकारः स्वयमेव करिष्यति । तत्थ पाभाइयंमि काले गहणविही पट्ठवणविही य, तत्थ गहणविही इमा —

**नवकालवेलसेसे उवग्गहियअट्ठया पडिक्कमइ ।**
**न पडिक्कमइ वेगो नववारहए धुवमसज्झाओ ॥२२७॥ (भा०)**

व्याख्या–दिवसओ सज्झायविरहियाण देसादिकहासंभववज्जणट्ठा मेहावीतराण य

અધરત્તિ લેવાનું ન હોય અથવા શુદ્ધ આવ્યું ન હોય, અથવા વાઘાઈમાં અધરત્તિની સ્થાપના કરીને સારી રીતે જાગવાપૂર્વક સ્વાધ્યાય કરવો છે માટે અધરત્તિ ગ્રહણ ન કરે. વેરત્તિ કોઈ કારણથી લેવાનું ન હોય અથવા વાઘાઈમાં કે અધરત્તિમાં વેરત્તિની સ્થાપના કરીને સારી રીતે જાગવાપૂર્વક ભણવાનું હોવાથી વેરત્તિ લે નહીં. કારણવશાત્ પાભાઈ લે નહીં અથવા તે શુદ્ધ ન આવે ત્યારે વેરત્તિમાં પાભાઈની સ્થાપના કરીને (= વેરત્તિ કાલગ્રહણ શુદ્ધ આવેલું હોવાથી તેનાદ્વારા જ) દિવસે સ્વાધ્યાય કરે. ॥૧૩૯૭–૯૮॥

**અવતરણિકા :** હવે પાભાઈકાલને ગ્રહણ કરવાની દરેકે–દરેક વિધિને હું કહું છું ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ ગાથાની વ્યાખ્યા ભાષ્યકાર પોતે જ આગળ કરશે. **॥૧૩૯૯॥** પાભાઈકાલમાં (બે પ્રકારની વિધિ છે –) ગ્રહણવિધિ અને પ્રસ્થાપનવિધિ. તેમાં ગ્રહણવિધિ આ પ્રમાણે જાણવી ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** દિવસે સ્વાધ્યાય વિના સાધુઓ દેશ વિગેરે વિકથા કરે એવું સંભવતિ છે. તે ન થાય તે માટે અને તીવ્ર ક્ષયોપશમવાળા સાધુઓને સ્વાધ્યાયનો વ્યાઘાત ન થાય તે માટે, આમ બધા જ

६२. अशिवादिकारणतः न शुध्यति वा, अर्धरात्रिकं न गृह्णन्ति कारणतो न शुध्यति वा, प्रादोषिकेण वा सुप्रतिजागरितेन पठन्तीति न गृह्णन्ति, वैरात्रिकं कारणतो न गृह्णन्ति न शुध्यति वा, प्रादोषिकार्धरात्रिकाभ्यां वा पठन्तीति न गृह्णन्ति, प्राभातिकं कारणतो न गृह्णन्ति न शुध्यति वा, वैरात्रिकेणैव दिवसे पठन्ति । इदानीं प्राभातिककालग्रहणविधिं प्रत्येकं भणामि-तत्र प्राभातिके काले ग्रहणविधिः प्रस्थापनविधिश्च-तत्र ग्रहणविधिरयं-दिवसे स्वाध्यायविरहितानां देशादिकथासंभववर्जनाय मेधाविनामितरेषां च

[63]पलिभंगवज्जणट्ठा, एवं सव्वेसिमणुग्गहट्ठा नवकालग्गहणकाला पाभाइए अणुण्णाया, अओ नवकालग्गहणवेलाहिं सेसाहिं पाभाइयकालग्गाही कालस्स पडिक्कमति, सेसावि तं वेलं उवउत्ता चिट्ठंति कालस्स तं वेलं पडिक्कमंति वा न वा, एगो नियमा न पडिक्कमइ, जइ छीयरुदाहिं न सुज्झइ तो सो चेव वेरत्तिओ पडिजग्गिओ होहितित्ति । सोवि पडिक्कंतेसु गुरुणो कालं निवेदित्ता अणुदिए सूरिए कालस्स पडिक्कमति, जइय घेप्पमाणो नववारे उवहओ कालो तो नज्जइ धुवमसज्झाइयमत्थित्ति न करेंति सज्झायं ॥२२७॥

नववारगहणविही इमो 'संचिक्खे तिण्णि छीतरुण्णाणि'त्ति अस्य व्याख्या —

इक्किक्क तिन्नि वारे छीयाइहयंमि गिण्हए कालं ।
चोएइ खरो बारस अणिट्ठविसए अ कालवहो ॥२२८॥ ( भा० )

સાધુઓના ઉપકાર માટે પાભાઈકાલ નવ વાર લેવાની છૂટ આપેલ છે. તેથી નવ વખત કાલગ્રહણ લઈ શકે એટલો સમય બાકી રહે ત્યારથી પાભાઈકાલગ્રહી વેરત્તિકાલનું પ્રતિક્રમણ કરે છે. (અર્થાત્ પૂર્વે કહ્યા તે પ્રમાણે વેરત્તિકાલના બે આદેશ માંગે છે.) તે સમયે શેષ સાધુઓ પણ ઉપયુક્ત રહે છે અને તે વેળાએ વેરત્તિકાલનું પ્રતિક્રમણ (= બે આદેશ) કરે અથવા ન કરે.

એક સાધુ વેરત્તિકાલનું પ્રતિક્રમણ નિયમથી ન કરે. કારણ કે જો પાભાઈકાલ છીંક, રુદન વિગેરેને કારણે શુદ્ધ ન આવે તો તે સમયે (તે સાધુ વેરત્તિમાં પાભાઈકાલનું સ્થાપન કરી શકે. પરંતુ જો તે સાધુએ પણ વેરત્તિકાલનું પ્રતિક્રમણ કરી લીધું હોય તો તે સ્થાપન કરી શકે નહીં. તેથી એક સાધુ વેરત્તિનું પ્રતિક્રમણ કરે નહીં. પાભાઈકાલ કદાચ શુદ્ધ ન આવે તો બીજો સાધુ વેરત્તિમાં પાભાઈનું સ્થાપન કરી શકે માટે કોઈ એક સાધુ પાસે વેરત્તિનું પ્રતિક્રમણ કરાવે નહીં. પરંતુ જો પાભાઈકાલ શુદ્ધ આવી જોય તો જે સાધુએ વેરત્તિનું પ્રતિક્રમણ કર્યું નથી.) તે સાધુ પણ જ્યારે બીજા બધા સાધુઓ વેરત્તિનું પ્રતિક્રમણ કરી રહે ત્યાર પછી ગુરુને પાભાઈકાલનું નિવેદન કરીને (= પાભાઈકાલ શુદ્ધ આવ્યો છે તેથી હું પણ વેરત્તિનું પ્રતિક્રમણ કરી લઉં એમ કહીને) સૂર્યોદય પહેલાં વેરત્તિનું પ્રતિક્રમણ કરે છે. અને જો પાભાઈકાલ નવ વખત ગ્રહણ કરવા છતાં હણાય તો નક્કી જાણવું કે અસજ્ઝાય છે. તેથી સાધુઓ સ્વાધ્યાય કરે નહીં. ||ભા.–૨૨૭||

**અવતરણિકા :** પાભાઈકાલ નવ વખત લેવાની વિધિ – 'संचिक्खे....' (ગા. ૧૩૯૯માં આપેલ) વાક્યની વ્યાખ્યા ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

६३. विघ्नवर्जनार्थं, एवं सर्वेषामनुग्रहार्थाय नव कालग्रहणकालाः प्राभातिकेऽनुज्ञाताः, अतो नवकालग्रहणवेलासु शेषासु प्राभातिककालग्राही कालस्य प्रतिक्राम्यति, शेषास्तु तस्यां वेलायामुपयुक्तास्तिष्ठन्ति कालस्य तां वेलां प्रतिक्राम्यन्ति वा वा, एको नियमान्न प्रतिक्राम्यति, यदि क्षुतरोदनादिभिर्न शुध्यति तदा स एव वैरात्रिकः प्रतिजागरितो भविष्यतीति । सोऽपि प्रतिक्राम्य गुरोः कालं निवेद्यानुदिते सूर्ये कालात् प्रतिक्राम्यति, यदि च गृह्यमाणो नववारानुपहतः कालस्तर्हि ज्ञायते ध्रुवमस्वाध्यायिकमस्ति इति न कुर्वन्ति स्वाध्यायं । नववारग्रहणविधिरयं- + 'पडिग्गहिओ' - निशीथचूर्णौ ।

व्याख्या–[६४]एक्कस्स गिण्हओ छीयरुदादिहए संचिक्खइत्ति ग्रहणाद्विरमतीत्यर्थः, पुणो गिण्हइ, एवं तिण्णि वारा, तओ परं अण्णो अण्णंमि थंडिले तिण्णि वाराउ, तस्सवि उवहए अण्णो अण्णंमि थंडिले तिण्णि वारा, तिण्हं असई दोण्णि जणा णव वाराओ पूरेइ, दोण्हवि असतीए एक्को चेव णववाराओ पूरेइ, थंडिलेसुवि अववाओ, तिसु दोसु वा एक्कंमि वा गिण्हंति ॥२२८॥

'परवयणे खरमाई'त्ति अस्य व्याख्या 'चोएइ खरो पच्छद्धं' चोदक आह–जदि रुदितममिट्ठे कालवहो ततो खरेण रडिते बारह वरिसे उवहंमउ, अण्णेसुवि अणिट्ठइंदियविसएसु एवं चेव कालवहो भवतु ?, आचार्य आह —

चोअग माणुसऽणिट्ठे कालवहो सेसगाण उ पहारो ।
पावासिआइ पुव्विं पन्नवणमणिच्छ उग्घाडे ॥२२९॥ ( भा० )

व्याख्या–माणुससरे अणिट्ठे कालवहो 'सेसग'त्ति तिरिया तेसिं जइ अणिट्ठो पहारसद्दो सुव्वइ

**ટીકાર્થ :** પાભાઇકાલ એકવાર ગ્રહણ કરતી વેળાએ જો છીંક, રુદન વિગેરેથી તે કાલ હણાય તો પાભાઇકાલને લેતા અટકે. ફરીથી બીજી વાર લેવાનું શરૂ કરે. આ પ્રમાણે ત્રણ વાર એક સાધુ કાલગ્રહણ લે. ત્યાર પછી બીજો સાધુ બીજી સ્થંડિલભૂમિમાં ત્રણવાર લે. ત્યારે પણ જો ન આવે તો ત્રીજો સાધુ ત્રીજી સ્થંડિલભૂમિમાં = વનસ્પતિ વિગેરેથી રહિત ભૂમિમાં ત્રણવાર કાલગ્રહણ લે. જો ત્રણ સાધુ ન હોય તો બે જણા નવ વખત લે. બે ન હોય તો એકલો પણ નવ વખત લે. ભૂમિમાટે પણ અપવાદ જાણવો, અર્થાત્ ત્રણ ભૂમિ હોય તો પૂર્વે કહ્યાં પ્રમાણે ત્રણભૂમિમાં ત્રણ–ત્રણ વાર લે. ત્રણ ભૂમિ ન હોય તો બેમાં લે. બે ન હોય તો એક ભૂમિમાં નવ વખત લે. **॥ભા.–૨૨૮॥**

**અવતરણિકા :** (ગા. ૧૩૯૯ માં આપેલ) 'परवयणे खरमाई' વાક્યની વ્યાખ્યા – શિષ્ય પ્રશ્ન કરે છે કે – જો અનિષ્ટ રુદનમાં કાલનો વધ = નાશ થતો હોય તો ગધેડાના રડવાથી બાર વર્ષ હણાશે (અર્થાત્ બાર વર્ષ સુધી કાલનો નાશ થશે, કારણ કે ગધેડાનો અવાજ અત્યંત અનિષ્ટતર છે.) અને બીજા પણ ઇન્દ્રિયના અનિષ્ટ વિષયોમાં આ જ પ્રમાણે કાલનો નાશ થાઓ. સમાધાનમાં આચાર્ય કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** હે શિષ્ય ! મનુષ્યનો જો અવાજ અનિષ્ટ હોય તો કાલનો નાશ થાય છે. શેષ એટલે કે તિર્યંચો, જો તેઓના અનિષ્ટ પ્રહારશબ્દો (= કોઇ પ્રહારો મારતું હોય તે વખતે રડવા વિગેરેનો

६४. एकस्मिन् गृह्णति क्षुतरुदितादिभिर्हते प्रतीक्षते । पुनर्गृह्णाति, एवं त्रीन् वारान्, ततः परमन्योऽन्यस्मिन् स्थण्डिले त्रीन् वारान्, तस्याप्युपहतेऽन्योऽन्यस्मिन् स्थण्डिले त्रीन् वारान्, त्रिष्वसत्सु द्वौ जनौ नव वारान् पूरयतः, द्वयोरप्यसतोरेक एव नव वारान् पूरयति, स्थण्डिलेष्वप्यसत्सु अपवादः, त्रिषु द्वयोर्वा एकस्मिन् वा गृह्णन्ति । परवचने खरमादिरिति-चोदयति खरः पश्चार्धं, यदि रोदत्यनिष्टे कालवधस्ततः खरेण रटिते द्वादश वर्षाण्युपहव्यतां, ( कालं )अन्येष्वपि अनिष्टेन्द्रियविषयेष्वप्येवमेव कालवधो भवतु । मनुष्यस्वरेऽनिष्टे कालवधः शेषाः-तिर्यञ्चस्तेषां यदि अनिष्टः प्रहारशब्दः श्रूयते

[६५]तो कालवधो, 'पावासिय'त्ति मूलगाथायां योऽवयवः अस्य व्याख्या—'पावासियाय' पच्छद्धं, जइ पाभाइयकालग्गहणवेलाए पवासियभज्जा पइणो गुणे संभरंती दिवे दिवे रोएज्जा तो तीए रुवणवेलाए पुव्वयरो कालो घेत्तव्वो, अहवा सावि पच्चुसे रोवेज्जा ताहे दिवा गंतुं पण्णविज्जइ, पण्णवणमनिच्छाए उग्घाडणकाउस्सग्गो कीरइ ॥२२९॥

'एवमादीणि'त्ति अस्यावयवस्य व्याख्या —

**वीसरसद्दरुअंते अव्वत्तगडिंभगंमि मा गिण्हे ।**
**गोसे दरपट्ठविए छीए छीए तिगी पेहे ॥२३०॥ ( भा० )**

व्याख्या—अच्चायासेण रुयंतं वीसरं भन्नइ, तं उवहणए, जं पुण महुरसद्दं घोलमाणं च तं न उवहणंति, जावमजंपिरं तावमव्वत्तं, तं अप्पेणवि वीसरेण उवहणइ, महंतं उस्सुंभरोवणेणावि उवहणइ, पाभाइयकालग्गहणविही गया, इयाणिं पाभाइयपट्ठवणविही, 'गोसे दर' पच्छद्धं,

અવાજ) સંભળાય તો કાલનો નાશ થાય છે. 'पावासिय' એ પ્રમાણે મૂળગાથામાં (= ગા. ૧૩૯૯માં) આપેલ શબ્દની વ્યાખ્યા – જેનો પતિ બહારગામ ગયો હોય તે પ્રવાસિતપત્ની કહેવાય. જો પાભાઇકાલગ્રહણ સમયે તે સ્ત્રી પોતાના પતિના ગુણોને યાદ કરતી રોજે રોજ રડતી હોય તો, તેના રડવાના સમય પહેલાં જ પાભાઇકાલગ્રહણ લઈ લેવું. અથવા કદાચ તે સવારે જ રડતી હોય તો દિવસે જઈને તેને સમજાવવી. સમજાવવા છતાં જો રડવાનું બંધ કરવાનું ન ઈચ્છે તો સાધુઓ સ્વાધ્યાય માટે ઉદ્‌ઘાટનકાયોત્સર્ગ કરે **॥ભા.–૨૨૯॥**

**અવતરણિકા :** (હવે ગા. ૧૩૯૯માં આપેલ) 'एवमादीणि' શબ્દની વ્યાખ્યા કરે છે ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** અત્યંત પ્રયત્નદ્વારા (એટલે કે કરુણ વિલાપ કરવાદ્વારા) રડવું તે વિસ્વર કહેવાય છે. તે કાલનો નાશ કરે છે. જે વળી મધુરશબ્દોવાળું અને એક સરખા અવાજવાળું (એટલે કે પહેલાં ધીમું, પછી એકદમ જોરથી પછી પાછું ધીમું એ રીતે જે ન હોય તેવું રુદન એટલે કે બાળકનું બનાવટી રુદન ઊં–ઊં–ઊં કે જે મધુર હોય. આવું રુદન) કાલને હણતું નથી. જ્યાં સુધી બાળક બોલતો ન થાય ત્યાં સુધી તેનું રુદન અવ્યક્ત છે. તેવું અવ્યક્ત વિસ્વર રૂદન અલ્પ હોય તો પણ કાલ હણાય છે. એ જ રીતે મોટેથી છાતી કૂટવાવડે રડવાથી પણ કાલ હણાય છે. આ પ્રમાણે પાભાઇકાલગ્રહણની વિધિ કહી.

હવે પ્રાભાતિક સ્વાધ્યાય પઠાવવાની વિધિ કહે છે – સૂર્યોદયે દિશાઓનું અવલોકન કરીને

६५. तर्हि कालवधः, यदि प्राभातिककालग्रहणवेलायां प्रोषितपतिका स्त्री पत्युर्गुणान् स्मरन्ती दिवसे २ रोदिति, तदा तस्या रोदनवेलायाः पूर्वमेव कालो ग्रहीतव्यः, अथ च साऽपि प्रत्युषसि रुद्यात् तदा दिवसे गत्वा प्रज्ञाप्यते, प्रज्ञापनामनिच्छन्त्यां उद्घाटनकायोत्सर्गः क्रियते । अत्यायासेन रोदनं तत् विस्वरं भण्यते, तदुपहन्ति, यत् पुनर्घोलमानं मधुरशब्दं च तन्नोपहन्ति यावदजल्पाकं तावदव्यक्तं, तदल्पेनापि विस्वरेणोपहन्ति, महान् उदश्रुभररोदनेनोपहन्ति, प्राभातिककालग्रहणविधिर्गतः, इदानीं प्राभातिकप्रस्थापनविधिः-

'गोसि'त्ति—[६६]उदितमादिच्चे दिसालोयं करेत्ता पट्ठवेंति, 'दरपट्ठविए'त्ति अद्धपट्ठविए जइ छीतादिणा भंग्गं पट्ठवणं अण्णो दिसालोयं करेत्ता तत्थेव पट्ठवेति, एवं ततियवाराएवि ।

दिसावलोयकरणे इमं कारणं —

**आइन्न पिसिय महिया पेहित्ता तिन्नि तिन्नि ठाणाइं ।**
**नववारहए काले हउत्ति पढमाए न पढंति ॥१४००॥**

व्याख्या—'आइण्णपिसिय'त्ति आइण्णं पोग्गलं तं कागमादीहिं आणियं होज्जा, महिया वा पडिउमारद्धा, एवमाई एगठाणे ततो वारा उवहए हत्थसयबाहिं अण्णं ठाणं गंतुं पेहंति— पडिलेहेंति, पट्ठविंतित्ति वुत्तं भवति, तत्थवि पुव्वुत्तविहाणेण तिन्नि वारा पट्ठवेंति, एवं बितियठाणेवि असुद्धे तओवि हत्थसयं अन्नं ठाणं गंतुं तिन्नि वारा पुव्वुत्तविहाणेण पट्ठवेंति, जइ सुद्धं तो करेंति सज्झायं, नववारहए खुताइणा णियमा हओ कालो, पढमाए पोरिसीए न करेंति सज्झायमिति गाथार्थः ॥१४००॥

સાધુઓ સ્વાધ્યાય પઠાવવાની ક્રિયા કરે છે. જો સજ્ઝાયપઠાવવાની ક્રિયા અડધી થયા બાદ છીંક વિગેરે દ્વારા પ્રસ્થામન ભંગાય તો, બીજો સાધુ દિશાઓને જોઈને ત્યાં જ પઠાવે છે. તે વખતે પણ છીંક વિગેરે દ્વારા પ્રસ્થાપન ભાંગે તો ત્રીજો સાધુ દિશાઓને જોઇને સજ્ઝાય પઠાવે. **॥ભા.—૨૩૦॥**

**અવતરણિકા :** દિશાઓ જોવાનું કારણ આ પ્રમાણે જાણવું ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આકીર્ણ=કાગડા વિગેરેવડે લવાયેલું એવું પિશિત=પુદ્ગલ=માંસ (સજ્ઝાય પઠાવવાના સ્થાને) હોય અથવા તે સ્થાને ધુમ્મસ પડવાનું ચાલું થયું હોય, આવા બધા કારણોને લીધે એક સ્થાનમાં જો ત્રણ વાર પ્રસ્થાપન હણાય તો સો હાથની બહાર અન્ય સ્થાને જઇને સજ્ઝાય પઠાવે. ત્યાં પણ પૂર્વે કહેવાયેલ પ્રકારવડે ત્રણ વાર પઠાવે. તે બીજા સ્થાને પણ ત્રણ વાર લેવા છતાં જો અશુદ્ધ આવે તો ત્યાંથી પણ સો હાથ દૂર જઇને અન્ય સ્થાને પૂર્વોક્ત વિધિ પ્રમાણે સજ્ઝાય પઠાવે. તે વખતે જો પ્રસ્થાપન શુદ્ધ આવે તો સ્વાધ્યાય કરે. છીંક વિગેરેવડે જો પ્રસ્થાપન નવ વાર લેવા છતાં હણાય તો નિયમથી કાલગ્રહણ હણાયેલું જાણવું. તેથી પ્રથમ પોરિસીએ સ્વાધ્યાય કરે નહીં. **॥૧૪૦૦॥**

६६. उदिते आदित्ये दिगवलोकं कृत्वा प्रस्थापयन्ति, अर्धप्रस्थापिते यदि क्षुतादिना भग्नं प्रस्थापनं अन्यो दिगवलोकं कृत्वा तत्रैव प्रस्थापयति, एवं तृतीयवारायामपि, दिगवलोककरणे इदं पुनः कारणं । आकीर्णं पुद्गलं तत् काकादिभिरानीतं भवेत् महिका वा पतितुमारब्धा, एवमादिभिरेकस्थाने उपहते त्रीन् वारान् हस्तशतात् बहिरन्यस्मिन् स्थाने गत्वा प्रतिलेखयन्ति प्रस्थापयन्ति इत्युक्तं भवति, तत्रापि पूर्वोक्तविधानेन तिस्रो वाराः प्रस्थापयन्ति, एवं द्वितीयस्थानेऽप्यशुद्धे ततोऽपि हस्तशतात्परतोऽन्यस्मिन् स्थाने गत्वा त्रीन् वारान् पूर्वोक्तविधानेन प्रस्थापयन्ति, यदि शुद्धं तर्हि कुर्वन्ति स्वाध्यायं, नववारहते क्षुतादिना नियमात् हतः कालः, प्रथमायां पौरुष्यां न कुर्वन्ति स्वाध्यायं ।

पट्ठवियंमि सिलोगे छीए पडिलेह तिन्नि अन्नत्थ ।
सोणिय मुत्तपुरीसे घाणालोअं परिहरिज्जा ॥१४०१॥

व्याख्या—[६७]जदा पट्ठवणाए तिन्नि अज्झयणा समत्ता, तदा उवरिमेगो सिलोगो कड्डियव्वो, तंमि समत्ते पट्ठवणं समप्पइ, बितियपादो गयत्थो ।

'सोणिय'त्ति अस्य व्याख्या —

आलोअंमि चिलमिणी गंधे अन्नत्थ गंतु पकरंति ।
वाघाइयकालंमी दंडग मरुआ नवरि नत्थि ॥१४०२॥

व्याख्या—जत्थ सज्झायं करेंतेहिं सोणियवच्चिगा दीसंति तत्थ न करेंति सज्झायं, कडगं चिलिमिलिं वा अंतरे दातुं करेंति, जत्थ पुण सज्झायं चेव करेन्ताण मुत्तपुरीसकलेवरादीयाण गंधे अण्णंमि वा असुभगंधे आगच्छंते तत्थ सज्झायं न करेंति, अण्णंपि बंधणसेहणादिआलोयं

---

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સજ્ઝાય પઠાવતી વખતે ત્રણ અધ્યયનો એટલે કે લોગસ્સ = ચતુર્વિંશતિનામનું એક અને દશવૈ. ના પ્રથમ બે એમ ત્રણ અધ્યયનો સમાપ્ત થયા. ત્યાર પછી દશવૈ. ના ત્રીજા અધ્યયનનો એક શ્લોક બોલવો. તે બોલ્યા બાદ પઠાવવાની વિધિ પૂર્ણ થાય છે. ગા. ૧૪૦૧ નો બીજો પાદ (= छीए पडिलेह तिन्नि अन्नत्थ) સ્પષ્ટાર્થ જ છે. (તેનો અર્થ આ પ્રમાણે જાણવો કે પઠવવાની ક્રિયા ચાલતી હોય તે દરમિયાન છીંક આવે તો ફરીથી દિશાનું અવલોકન કરીને ફરી પઠાવવાનું શરૂ કરે. આ રીતે ત્રણ વાર કરવું. છતાં છીંક વિગેરેથી ત્રીજી વાર પણ અશુદ્ધ થાય તો અન્યત્ર = સો હાથ દૂરના સ્થાને જવું.)

**અવતરણિકા :** (ગા. ૧૪૦૧ માં આપેલ) सोणिय... વિગેરે પદોની વ્યાખ્યા ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** જ્યાં સ્વાધ્યાય કરતાં સાધુઓ લોહી, વિષ્ટા જુએ ત્યાં સ્વાધ્યાય કરે નહીં. અથવા વચ્ચે સાદડી કે પડદો કરીને સ્વાધ્યાય કરે. જ્યાં સ્વાધ્યાય કરતાં સાધુઓને માત્રુ, વિષ્ટા, મડદુ વિગેરેની ગંધ આવે કે બીજી કોઇ અશુભ ગંધ આવતી હોય તો ત્યાં સ્વાધ્યાય કરે નહીં. તે જ પ્રમાણે જ્યાં કોઈએ કોઇને બાંધી રાખ્યો હોય કે કોઇ કોઈને મારતો હોય વિગેરે જોઇને તેનો ત્યાગ કરે (અર્થાત્ એવા સ્થાનનો ત્યાગ કરે અથવા એવા સ્થાને સ્વાધ્યાય કરે નહીં.) આ બધી વિધિ નિર્વ્યાઘાત કાલ

---

६७. यदा प्रस्थापने त्रीण्यध्ययनानि समाप्तानि तदोपर्येकः श्लोकः कथयितव्यः, तस्मिन् समाप्ते प्रस्थापनं समाप्यते, द्वितीयपादो गतार्थः, यत्र स्वाध्यायं कुर्वद्भिः शोणितवर्चिका दृश्यन्ते तत्र न कुर्वन्ति स्वाध्यायं, कटकं चिलिमिलिं वाऽन्तरा दत्त्वा कुर्वन्ति, यत्र पुनः स्वाध्यायमेव कुर्वतां मूत्रपुरीषादिकलेवरादिकानां गन्धेऽन्यस्मिन् वा अशुभगन्धे आगच्छति तत्र स्वाध्यायं न कुर्वन्ति, अन्यमपि बन्धनसेधनाद्यालोकं

[६८]परिहरेज्जा, एयं सव्वं निव्वाघाए काले भणियं ॥ वाघाइमकालेऽपि एवं चेव, नवरं गंडगमरुगदिट्ठंता न भवंति ॥१४०२॥

**एएसामन्नयरेऽसज्झाए जो करेइ सज्झायं ।**
**सो आणा अणवत्थं मिच्छत्त विराहणं पावे ॥१४०३॥**

व्याख्या—निगदसिद्धा ॥१४०३॥ 'असज्झाइयं तु दुविहं' इत्यादिमूलद्वारगाथायां परसमुत्थमस्वाध्यायिकद्वारं सप्रपञ्चं गतं, इदानीमात्मसमुत्थास्वाध्यायिकद्वारावयवार्थप्रतिपादनायाह —

**आयसमुत्थमसज्झाइयं तु एगविध होइ दुविहं वा ।**
**एगविहं समणाणं दुविहं पुण होइ समणीणं ॥१४०४॥**

व्याख्या—पूर्वार्द्धं कण्ठ्यं, पश्चार्द्धव्याख्या त्वियं—एगविहं समणाणं तच्च व्रणे भवति,

હોય (અર્થાત્ પૂર્વે ગા. ૧૩૭૦ વિગેરેમાં આપેલ વ્યાઘાત ન હોય) ત્યારે જાણવી. વ્યાઘાતકાલ હોય ત્યારે પણ આ જ પ્રમાણેની વિધિ જાણવી, પરંતુ તે વખતે ગંડગ–મરુકના દૃષ્ટાન્તો કહેવા નહીં. ॥૧૪૦૨॥

**ગાથાર્થ : અત્યાર સુધીમાં બતાવેલ પાંચ પ્રકારની અસજ્ઝાયમાંથી કોઈપણ પ્રકારની અસજ્ઝાયમાં જે સાધુ સ્વાધ્યાયને કરે છે તે આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધનાને પામે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. (આજ્ઞાભંગ વિગેરે આ પ્રમાણે – તેમાં આજ્ઞાભંગ સ્પષ્ટ જ છે. અનવસ્થા એટલે અસજ્ઝાયમાં સજ્ઝાય કરતાં સાધુને જોઈને બીજો સાધુ પણ સ્વાધ્યાય કરે, તેને જોઈને ત્રીજો પણ કરે આ પ્રમાણે અનવસ્થા ચાલે. મિથ્યાત્વ એટલે પોતે અસજ્ઝાયમાં સજ્ઝાય કરવાથી દેશથી મિથ્યાત્વ પામે અને તેને સ્વાધ્યાય કરતાં જોઈને બીજાને શંકા થાય કે – "શું આ લોકો જે રીતે બોલે છે તે રીતે કરતાં નહીં હોય જેથી આ રીતે સ્વાધ્યાય કરે છે ? તેથી જેમ આ સાધુઓનું આ ખોટું છે તેમ બીજું પણ ખોટું હશે." એ પ્રમાણે સામેવાળાને મનમાં શંકા ઊભી થાય. પરિણામે ધર્મ ઊપરની શ્રદ્ધા ડગે વિગેરે સમજી લેવું. વિરાધના એટલે અસજ્ઝાયમાં સજ્ઝાય કરવાથી કોઈ મિથ્યાત્વી દેવ સાધુને રોગ ઉત્પન્ન કરે, ગાંડો બનાવી દે વિગેરેરૂપ આત્મવિરાધના થાય. તથા જ્ઞાનોપચારનો = જ્ઞાનાચારનો ઉપઘાત થવાથી સંયમવિરાધના થાય. કહ્યું છે કે – 'ज्ञानोपचारोपघातात् संयमविराधनां प्राप्नोति' इति व्यवहारसूत्रे) ॥**૧૪૦૩**॥ 'असज्झाइयं....' વિગેરે મૂલદ્વારગાથામાં કહેલ પરસમુત્થ અસ્વાધ્યાયિકદ્વાર સવિસ્તર પૂર્ણ થયું. હવે આત્મસમુત્થ અસ્વાધ્યાયિકદ્વારનું વિસ્તારથી પ્રતિપાદન કરવા માટે કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આત્મસમુત્થ–અસ્વાધ્યાયિક એક પ્રકારનું અથવા બે પ્રકારનું છે. તેમાં સાધુઓને એક પ્રકારનું છે અને તે પણ જ્યારે સાધુઓને કોઈ ઘા થયો હોય ત્યારે થાય છે. સાધ્વીજીઓને બે પ્રકારે

६८. परिहरेत्, एतत् सर्वं निर्व्याघाते काले भणितं, व्याघातकालेऽप्येवमेव, नवरं गण्डगमरुकदृष्टान्तौ न भवन्ति ।

[६९]समणीणं दुविहं—व्रणे ऋतुसंभवे चेति गाथार्थः ॥१४०४॥

इमं व्रणे विधानं —

**धोयंमि उ निप्पगले बंधा तिन्नेव हुंति उक्कोसं ।**
**परिगलमाणे जयणा दुविहंमि य होइ कायव्वा ॥१४०५॥**

व्याख्या—पढमं चिय वणो हत्थसय बाहिरतो धोवित्तु निप्पगलो कओ, ततो परिगलंते तिण्णि बंधा जाव उक्कोसेणं करेंतो वाएइ, तत्थ जयणा वक्खमाणा, 'दुविह'मिति दुविहं वणसंभवं उउयं च । दुविहेऽवि एवं पट्टगजयणा कायव्वा ॥१४०५॥

**समणो उ वणिव्व भगंदरिव्व बंधं करित्तु वाएइ ।**
**तहवि गलंते छारं दाउं दो तिन्नि बंधा उ ॥१४०६॥**

व्याख्या—वणे ( भगंदरे वा ) धोवंमि निप्पगले हत्थसय बाहिरओ पट्टगं दाउं वाएइ, परिगलमाणेण भिन्ने तंमि पट्टगे तस्सेव उवरिं छारं दाउं पुणो पट्टगं देइ वाएइ य, एवं तइयंपि पट्टगं बंधेज्ज वायणं च देज्जा, तओ परं गलमाणे हत्थसय बाहिरं गंतुं व्रणपट्टगे य धोविय

છે – એક ઘા હોય ત્યારે અને બીજું ઋતુકાળ હોય ત્યારે. ॥૧૪૦૪॥

**અવતરણિકા :** ઘા પડ્યો હોય ત્યારે આ પ્રમાણેની વિધિ જાણવી ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** પ્રથમ એટલે વ્રણસંબંધી વિધિ એ કે સો હાથની બહાર ઘાને ધોઈને લોહી ન નીકળે તેમ કરવું. છતાં જો લોહી નીકળતું હોય તો ઉત્કૃષ્ટથી ત્રણ બંધ કરીને વાચના આપે કે ભણે. (ત્રણ પાટા બાંધવાની વિધિ ગા. ૧૪૦૬માં આપશે.) પાટો બાંધવા છતાં લોહી વિગેરે નીકળે તો આગળ કહેવાતી જયણા કરવી. બે પ્રકારનું એટલે કે ઘાથી ઉત્પન્ન થયેલ અને ઋતુકાલમાં થયેલ અસ્વાધ્યાય. આ બંને પ્રકારના અસ્વાધ્યાયમાં આ જ પ્રમાણે પાટો બાંધવાની જયણા કરવી. ॥૧૪૦૫॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** સાધુ ઘાને (કે ભગન્દરને) સો હાથની બહાર ધોઈને ફરી લોહી વિગેરે નીકળે નહીં તે રીતે કરીને ઉપર પાટો બાંધીને વાચના આપે. પાટો બાંધવા છતાં નીકળતા લોહીને કારણે પાટો ભેદાય જાય = ભીનો થાય ત્યારે તે જ પાટા ઉપર રખિયા નાંખીને તેની ઉપર ફરી પાટો બાંધીને વાચના આપે. બીજી વારનો પાટો પણ પૂર્વની જેમ ભેદાય તો ત્રીજો પાટો બાંધીને વાચના આપે. ત્યાર પછી પણ લોહી નીકળે તો સો હાથ બહાર જઈને વ્રણ અને પાટાને ધોઈને ફરી એ જ પ્રમાણેના

६९. एकविधं श्रमणानां तच्च व्रणे भवति, श्रमणीनां द्विविधं । इदं व्रणे विधानं-प्रथममेव व्रणो हस्तशतात् बहिः प्रक्षाल्य निष्प्रगलः कृतः, ततः परिगलति त्रीन् बन्धान् यावदुत्कृष्टेन कुर्वन् वाचयति, तत्र यतना वक्ष्यमाणा, द्विविधं व्रणसंभवमार्त्तवं च, द्विविधेऽप्येवं पट्टकयतना कर्त्तव्या, व्रणे ( भगंदरे वा ) धौते निष्प्रगले हस्तशतात् बहिः पट्टकं दत्त्वा वाचयति, परिगलता भिन्ने तस्मिन् पट्टके तस्यैवोपरि भस्म दत्त्वा पुनः पट्टकं ददाति वाचयति च, एवं तृतीयमपि पट्टकं बध्नीयात् वाचनां च दद्यात्, ततः परं गलति हस्तशतात् बहिर्गत्वा व्रणं पट्टकांश्च धावित्वा

[७०]पुनरनेनैव क्रमेण वाएइ । अहवा अण्णत्थगंतुं पढंति ॥१४०६॥

**एमेव य समणीणं वणंमि इअरंमि सत्त बंधा उ ।**
**तहवि य अठायमाणे धोएउं अहव अन्नत्थ ॥१४०७॥**

अस्या व्याख्या–इयरं ति–उतुतं, तत्थवि एवं चेव नवरं सत्त बंधा उक्कोसेणं कायव्वा, तहवि अट्ठायंते हत्थसय बाहिरओ धोवेउं पुणो वाएति । अहवा अण्णत्थ पढंति ॥१४०७॥

**एएसामन्नयरेऽसज्झाए अप्पणो उ सज्झायं ।**
**जो कुणइ अजयणाए सो पावइ आणमाईणि ॥१४०८॥**

व्याख्या–निगदसिद्धा ॥१४०८॥

न केवलमाज्ञाभङ्गादयो दोषा भवन्ति, इमे य —

**सुअनाणंमि अभत्ती लोअविरुद्धं पमत्तछलणा य ।**
**विज्जासाहणवइगुन्नधम्मयाए य मा कुणसु ॥१४०९॥**

अस्या व्याख्या–सुयणाणे अणुपयारओ अभत्ती भवति, अहवा सुयणाणभत्तिराएण

ક્રમથી પાટો બાંધીને વાચના આપે. અથવા (જો વાચના આપનાર બીજા હોય તો) સાધુઓ અન્યત્ર જઈને ભણે. (વાચના આપનાર બીજા ન હોય તો સ્વયં પુનરાવર્તન વિગેરે અન્યત્ર જઈને કરે.) ॥૧૪૦૬॥

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** આ જ પ્રમાણે સાધ્વીજીઓને ઘા હોય કે ઇતર = ઋતુકાલ સંબંધી લોહી વિગેરે હોય ત્યારે પૂર્વોક્ત વિધિ જાણવી. માત્ર અહીં ઉત્કૃષ્ટથી સાત પાટા બાંધવા. સાત પાટા બાંધ્યા પછી પણ લોહી નીકળતું અટકે નહીં તો સો હાથની બહાર જઈને ઘા અને પાટાઓને ધોઈને ફરી એ જ ક્રમે વાચના આપે. અથવા (પૂર્વે કહ્યાં પ્રમાણે) અન્યત્ર જઈને ભણે. **॥૧૪૦૭॥**

**ગાથાર્થ : પોતાના શરીરમાંથી ઉત્પન્ન થયેલ આવા કોઈપણ પ્રકારનાં અસ્વાધ્યાયમાં જે સાધુ અજયણાથી સ્વાધ્યાય કરે છે તે આજ્ઞાભંગ વિગેરે પામે છે.**

**ટીકાર્થ :** ગાથાર્થ સ્પષ્ટ જ છે. **॥૧૪૦૮॥**

**અવતરણિકા :** માત્ર આજ્ઞાભંગ વિગેરે દોષો પામે છે એટલું જ નહીં પરંતુ સાથે આગળ કહેવાતા દોષો પણ થાય છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** શ્રુતજ્ઞાન અનુપચારથી = જ્ઞાનની ઉચિત વિધિ ન સાચવવાથી અભક્તિ થાય છે. અથવા (अभत्ती શબ્દમાં अ અને भत्ती શબ્દો છૂટા પાડીને અર્થ કરવો કે) 'सुयनाणंमि अ भत्ती' આ

७०. वाचयति, अथवाऽन्यत्र गत्वा पठन्ति । इतरमिति-आर्त्तवं, तत्राप्येवमेव नवरं सप्त बन्धाः उत्कृष्टेन कर्त्तव्याः, तथाप्यतिष्ठति हस्तशताद्बहिर्धावित्वा पुनर्वाचयति, अथवाऽन्यत्र पठन्ति, इमे च । श्रुतज्ञानेऽनुपचारतोऽभक्तिर्भवति, अथवा श्रुतज्ञानभक्तिरागेण

[७१]असज्झाइए सज्झायं मा कुणसु, उवएसो एस, जंपि लोयधम्मविरुद्धं च तं न कायव्वं, अविहीए पमत्तो लब्भइ, तं देवया छलेज्जा, जहा विज्जासाहणवइगुण्णयाए विज्जा न सिज्झइ तहा इहंपि कम्मक्खओ न होइ । वैगुण्यं–वैधर्म्यं विपरीतभाव इत्यर्थः । धम्मयाए–सुयधम्मस्स एस धम्मो जं असज्झाइए सज्झाइयवज्जणं, करंतो य सुयणाणायारं विराहेइ, तम्हा मा कुणसु ॥१४०९॥

चोदक आह–जइ दंतमंससोणियाए असज्झाओ नणु देहो एयमओ एव, कहं तेण सज्झायं कुणह ?, आचार्य आह —

**कामं देहावयवा दंताई अवजुआ तहवि वज्जा ।**
**अणवजुआ न वज्जा इति लोए तह उत्तरे चेवं ॥१४१०॥**

व्याख्या–कामं चोदकाभिप्रायअणुमयत्थे सच्चं तम्मओ देहो, तहावि जे सरीराओ अवजुत्तत्ति–पृथग्भूताः ते वज्जणिज्जा । जे पुण अणवजुत्ता–तत्थत्था ते नो वज्जणिज्जा,

વાક્યદ્વારા એવો ઉપદેશ અપાય છે કે શ્રુતજ્ઞાનમાં ભક્તિના રાગને કારણે અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરવો નહીં. અને જે વળી લોકવિરુદ્ધ કે ધર્મવિરુદ્ધ છે તે પણ કરવું નહીં. અવિધિ કરવાથી જીવ પ્રમાદી છે એમ નક્કી થાય છે. આવા પ્રમાદી જીવને દેવ છલના કરે છે. અને તેથી જેમ વિદ્યા એ વિદ્યાસાધનના વૈગુણ્યતાને કારણે એટલે કે વિપરીતભાવને = અવિધિને કારણે સિદ્ધ થતી નથી તેમ અહીં પણ કર્મક્ષય પ્રાપ્ત થતો નથી. વૈગુણ્ય એટલે વિપરીતભાવ અર્થાત્ અવિધિ. ધર્મતાને કારણે અર્થાત્ શ્રુતધર્મનો આ ધર્મ = સ્વભાવ છે કે અસજ્ઝાયમાં સ્વાધ્યાય છોડવો. જે સાધુ અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરે છે તે શ્રુતજ્ઞાનના આચારની વિરાધના કરે છે. તેથી સ્વાધ્યાય કરવો નહીં. (ટૂંકમાં ભક્તિ = સ્વાધ્યાયનો રાગ વિગેરેના કારણે અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરવો નહીં.) ॥૧૪૦૯॥

**અવતરણિકા : શંકા :** જો (શરીરથી બહાર પડેલા) દાંત, માંસ, લોહીથી અસજ્ઝાય થતી હોય તો દેહ પણ દાંત (= હાડકાં), માંસ વિગેરેથી જ બનેલો છે. તો તેવા દેહથી કેવી રીતે સ્વાધ્યાય કરવો ? આચાર્ય સમાધાન આપે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** 'कामं' શબ્દ 'શિષ્યનો અભિપ્રાય માન્ય છે' એવા અર્થમાં જાણવો. તેથી હે શિષ્ય ! તારી વાત સાચી છે કે દાંત–વિગેરેથી દેહ બનેલો છે. તો પણ જે દાંત વિગેરે શરીરથી છૂટા પડ્યા તે ત્યાજવા યોગ્ય છે. (અર્થાત્ તેની અસજ્ઝાય માનવી.) જે વળી શરીરમાં જ રહેલા છે તે ત્યાજ્ય નથી. 'इति' શબ્દ ઉપદર્શન અર્થમાં છે, અર્થાત્ લોકમાં આ પ્રમાણે દેખાય છે. (એટલે કે શરીરથી

७१. अस्वाध्यायिके स्वाध्यायं मा कार्षीः, उपदेश एषः, यदपि लोकधर्मविरुद्धं, च तन्न कर्त्तव्यं, अविधौ प्रमत्तो जायते, तं देवता छलयेत्, यथा विद्यासाधनवैगुण्यतया विद्या न सिध्यति तथेहापि कर्मक्षयो न भवति । धर्मतया–श्रुतधर्मस्यैष धर्मो यदस्वाध्यायिके स्वाध्यायस्य वर्जनं, कुर्वंश्च श्रुतज्ञानाचारं विराधयति, तस्मात् मा कार्षीः । यदि दन्तमांसशोणितादिष्वस्वाध्यायिकं ननु देह एतन्मय एव, कथं तेन स्वाध्यायं कुरुत ?, चोदकाभिप्रायानुमतार्थे, सत्यं तन्मयो देहः, तथापि ये शरीरात् पृथग्भूतास्ते वर्जनीयाः, ये पुनः तत्रस्थास्ते न वर्जनीयाः ।

इत्युपदर्शने । एवं लोके दृष्टं लोकोत्तरेऽप्येवमेवेत्यर्थः ॥१४१०॥ किं चान्यत् —

**अब्भिंतरमललित्तोवि कुणइ देवाण अच्चणं लोए ।**
**बाहिरमललित्तो पुण न कुणइ अवणेइ य तओ णं ॥१४११॥**

व्याख्या–अभ्यंतरा मूत्रपुरीषादयः, [७२]तेहिं चेव बाहिरे उवलित्तो न कुणइ, अणुवलित्तो पुण अब्भितरगतेसुवि तेसु अह अच्चणं करेइ ॥१४११॥ किं चान्यत् —

**आउट्टियाऽवराहं संनिहिया न खमए जहा पडिमा ।**
**इह परलोए दंडो पमत्तछलणा इह सिआ उ ॥१४१२॥**

व्याख्या–जा पडिमा 'सन्निहिय'त्ति देवयाहिट्ठिया सा जइ कोइ अणाढिएण 'आउट्टिय'त्ति जाणंतो बाहिरमललित्तो तं पडिमं छिवइ अच्चणं व से कुणइ तो ण खमए–खित्तादि करेइ रोगं वा जणेइ मारइ वा, 'इय'त्ति एवं जो असज्झाइए सज्झायं करेइ तस्स णाणायारविराहणाए कम्मबंधो, एस से परलोइओ दंडो, इहलोए पमत्तं देवया छलेज्ज स्यात्, आणाइविराहणा धुवा चेव ॥१४१२॥

---

છૂટા પડેલા દાંત વિગેરે લોકોમાં અશુચિ ગણાય છે જ્યારે શરીરમાં રહેલા હોય ત્યાં સુધી અશુચિ ગણાતા નથી.) તેમ લોકોત્તર શાસનમાં પણ આ જ પ્રમાણે જાણવું. **॥૧૪૧૦॥** વળી ⇨

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** મળ–મૂત્ર વિગેરે અભ્યંતર મલ શરીરમાં હોવા છતાં દેવની પૂજા થતી લોકમાં દેખાય છે. તે જ મળ–મૂત્રથી બહારના ભાગમાં શરીર લેપાયેલું હોય (એટલે કે શરીર ઉપર બહારથી મળ–મૂત્ર લેપાયેલા હોય) તો તેવા શરીરથી દેવપૂજા કોઇ કરતું નથી. **॥૧૪૧૧॥** વળી ⇨

**ગાથાર્થ : જેમ દેવાધિષ્ઠિત પ્રતિમા જાણી જોઇને કરાયેલા અપરાધની ક્ષમા આપતી નથી. તેમ પરલોકમાં દંડ અને આલોકમાં પ્રમત્ત સાધુને છલના થાય છે.**

**ટીકાર્થ :** જે પ્રતિમા દેવાધિષ્ઠિત છે તે પ્રતિમા – જો કોઇ બહારથી મળ–મૂત્રથી લેપાયેલ શરીરવાળો જાણતો હોવા છતાં અનાદરથી તે પ્રતિમાને સ્પર્શે કે તેની સેવા–પૂજા કરે તો તે (દેવ) સહન કરતો નથી અર્થાત્ તેને ગાંડો વિગેરે કરે કે રોગ ઉત્પન્ન કરે કે પછી મારી પણ નાંખે. (તેથી જેમ દેવ તે વ્યક્તિને દંડ આપે છે) એ જ પ્રમાણે જે સાધુ અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરે છે તેને જ્ઞાનાચારની વિરાધના કરેલી હોવાથી કર્મબંધ થાય છે. આ કર્મબંધ તે પરલોકસંબંધી દંડ જાણવો. આલોકમાં દેવ આ રીતનો પ્રમાદ કરનારા સાધુને છલે છે (અર્થાત્ ગાંડો વિગેરે કરે છે.) તથા આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને આત્મસંયમવિરાધના તો નક્કી થવાની જ છે. **॥૧૪૧૨॥**

---

७२. तैरेव बहिरुपलिप्तो न करोति, अनुपलिप्तः पुनरभ्यन्तरगतेष्वपि तेष्वथार्चनां करोति, या प्रतिमा देवताधिष्ठिता सा यदि कोऽपि अनादरेण जानानो बाह्यमललिप्तस्तां प्रतिमां स्पृशति अर्चनं वा तस्याः करोति तर्हि न क्षमते-क्षिप्तचित्तादिं करोति रोगं वा जनयति मारयति वा, एवं योऽस्वाध्यायिके स्वाध्यायं करोति तस्य ज्ञानाचारविराधनया कर्मबन्धः, एष तस्य पारलौकिको दण्डः, इहलोके प्रमत्तं देवता छलयेत्, आज्ञादिविराधना ध्रुवा चैव ।

[७३]कोई इमेहिं अप्पसत्थकारणेहिं असज्झाइए सज्झायं करेज्जा —

**रागेण व दोसेण वऽसज्झाए जो करेइ सज्झायं ।**
**आसायणा व का से ? को वा भणिओ अणायारो ? ॥१४१३॥**

व्याख्या—रागेण वा दोसेण वा करेज्जा, अहवा दरिसणमोहमोहिओ भणेज्जा—का अमुत्तस्स णाणस्स आसायणा ? को वा तस्स अणायारो ?, नास्तीत्यर्थः ॥१४१३॥ एतेसिं इमा विभासा —

**गणिसद्दमाइमहिओ रागे दोसंमि न सहए सद्दं ।**
**सव्वमसज्झायमयं एमाई हुंति मोहाओ ॥१४१४॥**

व्याख्या—'महितो'त्ति हृष्टस्तुष्टो नन्दितो परेण गणिवायगो वाहरिज्जंतो भवति, तदभिलाषी असज्झाइएवि सज्झायं करेइ, एवं रागे, दोसे किं वा गणी वाहरिज्जति वायगो वा, अहंपि अहिज्जामि जेण एयस्स पडिसवत्तीभूओ भवामि, जम्हा जीवसरीरावयवो असज्झाइयं तम्हा

**અવતરણિકા :** કોઇ સાધુ હવે બતાવતાં અપ્રશસ્ત કારણોને આગળ કરીને અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** રાગથી કે દ્વેષથી જે સાધુ અસ્વાધ્યાયમાં સ્વાધ્યાયને કરે છે. (તે ઉન્માદને પામે છે વિગેરે અન્વય આગળ ગા. ૧૪૧૫ સાથે જોડવો.) અથવા દર્શનમોહનીયકર્મથી (= મિથ્યાત્વથી) મોહિત થયેલો બોલે કે – અમૂર્ત એવા જ્ઞાનની (= से) વળી આશાતના શું થવાની ? અથવા તે જ્ઞાનનો વળી અનાચાર કયો ? અર્થાત્ તેનો કોઈ અનાચાર નથી. **॥૧૪૧૩॥**

**અવતરણિકા :** રાગ–દ્વેષ અને મોહથી કેવી રીતે અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરે ? તે કહે છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** રાગથી સ્વાધ્યાય આ પ્રમાણે જાણવો – બીજાવડે ગણિ કે વાચક એવા શબ્દોથી બોલાવાયેલો સાધુ હૃષ્ટ–તુષ્ટ આનંદિત થાય છે. (આશય એ છે કે સ્વાધ્યાય કરતાં સાધુને લોકો 'ગણિ', 'વાચક' એવા શબ્દોથી સન્માનિત કરે છે. તેથી હું પણ સ્વાધ્યાય કરીશ તો લોકો મને પણ 'ગણિ', 'વાચક' એવા શબ્દોથી સન્માનિત કરશે.) એવી ઈચ્છાથી આ સાધુ પણ અસજ્ઝાય હોવા છતાં સ્વાધ્યાય કરે છે. દ્વેષથી આ પ્રમાણે – લોકો આને શું ગણિ કે વાચક કહે છે, અરે ! હું પણ ભણું કે જેથી આનો પ્રતિપક્ષીભૂત થાઉં (અર્થાત્ લોકો આને શું ગણિ કે વાચક બોલે, હું પણ ભણી–ગણીને તૈયાર થઈ જાઉં. જેથી બે ગણિ હોય તો એનું માન–સન્માન ઘટે. આમ તે સાધુ બીજા સાધુના

૭૩. कश्चिदेभिरप्रशस्तकारणैरस्वाध्यायिके स्वाध्यायं कुर्यात् । रागेण वा द्वेषेण वा कुर्यात्, अथवा दर्शनमोहमोहितो भणेत्-अमूर्तस्य ज्ञानस्य काऽऽशातना ? को वा तस्यानाचारः ?, एतेषामियं विभाषा- परेण गणी वाचको व्याहियमाणो वा भवति । अस्वाध्यायिकेऽपि स्वाध्यायं करोति, एवं रागे, द्वेषे किं वा गणी व्याह्रियते वाचको वा, अहमप्यध्येष्ये येनैतस्य प्रतिसपत्नीभूतो भवामि, यस्मात् जीवशरीरावयवोऽस्वाध्यायिकं तस्माद्

[74]असज्झाइयमयं न श्रद्दधातीत्यर्थः ॥१४१४॥ इमे य दोसा —

**उम्मायं च लभेज्जा रोगायंकं व पाउणे दीहं ।**
**तित्थयरभासियाओ भस्सइ सो संजमाओ वा ॥१४१५॥**

व्याख्या–खित्तादिगो उम्माओ चिरकालिओ रोगो, आसुघाती आयंको, एतेण वा पावेज्जा, धम्माओ वा भंसेज्जा–मिच्छदिट्ठी वा भवति, चरित्ताओ वा परिवडइ ॥१४१५॥

**इहलोए फलमेयं परलोए फलं न दिंति विज्जाओ ।**
**आसायणा सुयस्स उ कुव्वइ दीहं च संसारं ॥१४१६॥**

व्याख्या–सुयणाणायारविवरीयकारी जो सो णाणावरणिज्जं कम्मं बंधति, तदुदया य विज्जाओ कओवयाराओवि फलं न देंति, न सिध्यन्ति इत्यर्थः । विहीए अकरणं परिभवो, एवं सुयासायणा, अविहीए वट्टंतो नियमा अट्ठ पगडीओ बंधति, हस्सठितियाओ य दीहठितियाओ करेइ

'ગણિ' કે 'વાચક' શબ્દોને સહન કરી શકતો નથી.) મોહથી સ્વાધ્યાય આ પ્રમાણે કે – જીવશરીરથી છૂટા પડેલા અવયવો જો અસજ્ઝાયરૂપ કહેવાતા હોય તો આ આખું શરીર જ (લોહી, માંસ વિગેરેથી યુક્ત હોવાથી) અસ્વાધ્યાયરૂપ છે તેથી અસ્વાધ્યાય શું ? અને સ્વાધ્યાય શું ? બધું અસ્વાધ્યાયમય જ છે. એ પ્રમાણે અસ્વાધ્યાય અને સ્વાધ્યાયને જણાવનારા ભગવાનના વચનોને અનુસારે અસ્વાધ્યાયની શ્રદ્ધા કરતો નથી. ॥૧૪૧૪॥

**અવતરણિકા :** અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરનારને આ દોષો થાય છે ➪

**ગાથાર્થ : ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :** (દેવ સાધુને ગાંડો બનાવવો વિગેરે કરે, તેથી) ગાંડો બનવું વિગેરે ઉન્માદને પામે, અથવા લાંબા કાળ સુધી ચાલે એવો રોગ ઉત્પન્ન થાય, અથવા શીઘ્ર મારી નાંખે એવો આતંક (= રોગ વિશેષ) ઉત્પન્ન થાય, અથવા તીર્થંકરભાષિત ધર્મથી ભ્રષ્ટ થાય એટલે કે મિથ્યાત્વી બને અથવા સંયમમાંથી ભ્રષ્ટ થાય. ॥૧૪૧૫॥

**ગાથાર્થ : ઉપર કહ્યાં તે આલોકસંબંધી ફળો જાણવા. પરલોકમાં વિદ્યાઓ ફળ આપતી નથી. શ્રુતની આશાતના દીર્ઘ સંસારને આપે છે.**

**ટીકાર્થ :** જે સાધુ શ્રુતજ્ઞાનના આચારોથી વિપરીત કરનારો છે તે જ્ઞાનાવરણીયકર્મને બાંધે છે. અને પરલોકમાં તે કર્મના ઉદયથી સંપૂર્ણ વિધિ સાચવવાદ્વારા આરાધાયેલી મળેલી પણ વિદ્યાઓ (= જ્ઞાન) ફળ આપતી નથી એટલે કે તે વિદ્યાઓ સિદ્ધ થતી નથી (= જ્ઞાન ચડતું નથી.) વિધિથી ન કરવું તે પરિભવ છે. આવું કરવાથી શ્રુતની આશાતના થાય છે. અવિધિમાં વર્તતો જીવ નિયમા આઠ

७४. अस्वाध्यायिकमयं । इमे च दोषाः-क्षिप्तचित्तादिक उन्मादः चिरकालिको रोगः, आशुघाती आतङ्कः, एतेन वा प्राप्नुयात्, धर्माद्वा भ्रश्येत्-मिथ्यादृष्टिर्वा भवेत्, चारित्राद्वा परिपतेत् । श्रुतज्ञानाचारविपरीतकारी यः स ज्ञानावरणीयं कर्म बध्नाति, तदुदयाच्च विद्याः कृतोपचारा अपि फलं न ददति, विधेरकरणं परिभवः एवं श्रुताशातना, अविधौ वर्त्तमानो नियमात् अष्ट प्रकृतीर्बध्नाति ह्रस्वस्थितिकाश्च दीर्घस्थितिकाः करोति

[૭૫]मंदाणुभावा य तिव्वाणुभावा करेइ, अप्पपदेसाओ बहुपदेसाओ करेइ । एवंकारी य नियमा दीहं संसारं निवत्तेइ । अहवा नाणायारविराहणाए दंसणविराहणा, णाणदंसणविराहणाहिं नियमा चरणविराहणा, एवं तिण्ह विराहणाए अमोक्खे, अमोक्खे नियमा संसारो, तम्हा असज्झाइए ण सज्झाइव्वमिति गाथार्थः ॥१४१६॥

**असज्झाइयनिज्जुत्ती कहिया भे धीरपुरिसपन्नत्ता ।**
**संजमतवड्डगाणं निग्गंथाणं महरिसीणं ॥१४१७॥**

**असज्झाइयनिज्जुत्तिं जुंजंता चरणकरणमाउत्ता ।**
**साहू खवेंति कम्मं अणेगभवसंचियमणंतं ॥१४१८॥**

**॥ असज्झाइयनिज्जुत्ती समत्ता ॥**

व्याख्या—गाथाद्वयं निगदसिद्धं ॥१४१७–१४१८॥ अस्वाध्यायिकनिर्युक्तिः समाप्ता इति ॥

---

કર્મોને બાંધે છે. તેમ જ પૂર્વે બાંધેલા કર્મોની ઓછી સ્થિતિને વધારે છે. મંદરસવાળા કર્મો તીવ્રરસવાળા કરે છે. અલ્પપ્રદેશોવાળા કર્મો બહુ પ્રદેશવાળા કરે છે. અને આવું (= સ્થિતિ, રસ, વિ.બંધ) કરનારો સાધુ નિયમથી દીર્ઘ સંસાર ઊભો કરે છે.

અથવા જ્ઞાનાચારની વિરાધનાથી દર્શનની વિરાધના થાય છે. જ્ઞાન–દર્શનની વિરાધનાથી નિયમા ચારિત્રની વિરાધના થાય છે. આ પ્રમાણે જ્ઞાનાદિત્રિકની વિરાધનાથી મોક્ષ થતો નથી. મોક્ષ ન થવાથી નિયમા સંસાર ઊભો થાય છે. તેથી અસજ્ઝાયમાં સ્વાધ્યાય કરવો જોઈએ નહીં. ॥**૧૪૧૬**॥

**ગાથાર્થ : (આ પ્રમાણે મારાવડે) સંયમ–તપથી યુક્ત, મહર્ષિ, નિર્ગ્રંથ એવા તમને ધીરપુરુષોવડે કહેવાયેલી અસ્વાધ્યાયનિર્યુક્તિ કહેવાઈ.**

**ગાથાર્થ : ચરણ–કરણમાં ઉપયોગવાળા સાધુઓ અસ્વાધ્યાયનિર્યુક્તિ પ્રમાણે પ્રયત્ન કરતા અનેકભવોથી ભેગા કરાયેલા અનંત કર્મોને ખપાવે છે.**

**ટીકાર્થ :** બંને ગાથાઓનો અર્થ સ્પષ્ટ જ છે. ॥**૧૪૧૭–૧૮**॥ આ પ્રમાણે અસ્વાધ્યાયનિર્યુક્તિ પૂર્ણ થઈ. (આના દ્વારા 'असज्झाए सज्झाइयं' વાક્યનો અર્થ પૂર્ણ થયો.) તથા અસ્વાધ્યાયથી વિપરીત એવા સ્વાધ્યાયકાળમાં સ્વાધ્યાય ન કરવાના કારણે જે અતિચાર કરાયો 'તેનું મિચ્છા મિ દુક્કડં' એ પ્રમાણે પૂર્વની જેમ જાણી લેવું.

**॥ इति निर्युक्तिक्रमाङ्काद् १२७३ तमादारभ्य १४१८ क्रमाङ्कं यावत् सनिर्युक्तिहरिभद्रीयवृत्ते-गुर्जरानुवादस्य षष्ठतमो विभागः समाप्तः ॥**

---

૭૫. मन्दानुभावाश्च तीव्रानुभावाः करोति, अल्पप्रदेशाग्रा बहुप्रदेशाग्राः करोति, एवंकारी च नियमात् दीर्घं संसारं निर्वर्त्तयति, अथवा ज्ञानाचारविराधनायां दर्शनविराधना ज्ञानदर्शनविराधनयोर्नियमाच्चरणविराधना, एवं त्रयाणां विराधनयाऽमोक्षः, अमोक्षे नियमात् संसारः, तस्मादस्वाध्यायिके न स्वाध्येयमिति ।

# परिशिष्टम्-१

## श्रीमन्मलधारगच्छीयश्रीमद्धेमचन्द्रसूरिसूत्रितं

# हरिभद्रीयावश्यकवृत्तिटीप्पणकम्

'**जीवनेसत्थीया रायाइसंदेसातो जहा उदगस्स जंत्ताईहि**'मित्यादि, (७–८)★ जीवाज्जीवेन वा हेतुभूतेन वस्तूदकादि निसृजति यस्यां जीवनिपातनात् सा जीवनैसृष्टिकी, अत्र हि राजादिजीवात्– तदादेशादित्यर्थः तेन वा राज्ञा हेतुभूतेनोदकं यन्त्रादिभिः कूपादेराकृष्य निसृजति, एवमजीवादजीवेन वा धनुरादिना शिलीमुखादि निसृजति यस्यां सा अजीवनैसृष्टिकी, अथवा जीवे–गुर्व्वादौ जीवं– स्वशिष्यं पुत्रं वा अविधिना निसृजति–ददाति यस्यां सा जीवनैसृष्टिकी, अजीवे–अचित्तस्थण्डिलादौ अनाभोगादिनाऽनेषणीयं स्वीकृतमजीवं वस्त्रं पात्रं वा सूत्रव्यपेतं यथा भवत्यप्रमार्जिताद्यविधिना निसृजति–परित्यजति यस्यां सा अजीवनैसृष्टिकी, एतदेव व्युत्पत्त्यन्तरं चेतसि व्यवस्थाप्याह– '**अहवा नेसत्थिया जीवे जीव**'मित्यादि व्याख्यातमेवेति। '**तत्र काम्यन्त इति कामाः–शब्दादयस्त एव स्वस्वरूपे**'त्यादि, (१२–९) तेषां शब्दादिकामानां स्वकीयं यत्स्वरूपं तदेव गुण इव गुणो– दवरकस्तेन यः प्राणिनां बन्धः–सङ्गस्तद्धेतुत्वाद् गुणाः शब्दादयः उच्यन्ते प्राणिनां बन्धहेतुत्वेन रज्जव इतियावत्। एषणासमित्युदाहरणे '**तस्स य धारणिभज्जा**' गाहा, (१६–१) सुगमा, नवरं षाण्मासिके गर्भे धिग्जातीयो गौतमो मृतो धिग्जातिका ब्राह्मणी जाते नन्दिषेणे मृतेति शेषः। '**मंदभग्गफुक्किय**'त्ति (१७–७) चितायां प्रक्षिप्य फूमितस्त्वमिति देशीभाषया आक्रोशः। '**सामाइये निसिद्धो मा पिय'त्ति** (२०–८) एतदुक्तं भवति–सामायिके समभावेऽङ्गीकृते सत्यात्मनोऽपि पीडा निषिद्धा सिद्धान्ते, अतो यथा त्वमस्य साधोः पीडां रक्षसि तथाऽऽत्मनोऽप्यसौ रक्षणीयैव, तदुक्तम्–*भावियजिणवयणाणं ममत्तरहियाण नत्थि हु विसेसो। अप्पाणम्मि परम्मि अ तो वज्जे पीडमुभओवि ॥१॥* तस्मात् प्रश्रवणमिदं मा पिबेति तं निवार्यावृत्तः–तुष्टो देव इति। इदानीं पारिस्थापनिका प्रारभ्यते–अत्र च वृत्तिकृता प्रभूता चूर्णिर्लिखिता तद्भावार्थस्तु विशिष्टश्रुतधरगम्यत्वात् तथाविधाम्नायाभावाच्च नास्मादृशां गम्यस्तथापि यथोपलब्धार्थस्याऽऽत्मस्मृत्यर्थं विषमतरपदानां कियतामपि गमनिकामात्रमुच्यते–तत्र '**एवं लोणंपि जाणंतो**'इत्यादि. (२५–२) एतदुक्तं भवति– इह पृथ्वीकायस्यात्मसमुत्थं परसमुत्थं च ग्रहणं पुनः प्रत्येकं द्विधा–आभोगतः अनाभोगतश्चेत्युक्तं, तत्र–आत्मसमुत्थं आभोगतो मृत्तिकाया ग्रहणमुक्त लवणस्याप्यतिदेशमाह–एवं लवणमपि जानानो गृह्णाति, मृत्तिकावल्लवणमपि ग्लानादिकारणत आभोगेन गृह्णातीत्यर्थः, अनाभोगत आत्मसमुत्थं पृथ्वीकायस्य ग्रहणं कथमितिचेद्? इत्याह–**अणाभोएण तेण लोणं मग्गित**'मित्यादि (२५–३) तेन साधुना क्वचित्प्रयोजने लवणं याचितं तत्त्वनाभोगतो मिश्रं सचित्तं वा गृहीत्वा आगतो ज्ञाते

---

★ પ્રથમ અંક પાના નંબર અને બીજો અંક પંક્તિ નંબર સૂચવે છે.

सति यत एव स्थाल्यादेर्भाजनाद् दात्र्या समुद्धृत्य तद्दत्तं तत्रैव क्षेप्तव्यं, अथ सा दात्री तत्र भाजने प्रक्षेप्तुं न ददाति तदा ताहे पुच्छिज्जइ—कओ तुब्भेहिं आणीयमित्याद्युत्तरवक्ष्यमाणविधिना परिस्थाप्यं, खण्डभ्रान्तिगृहीतलवणे परसमुत्थसचित्तपृथ्वीग्रहणेऽपि चैवमेव द्रष्टव्यमिति। सूत्रगाथानामपि वृत्तिकृता भावार्थमात्रमेव कथितं न प्रत्यक्षरं व्याख्यातं अतस्तासामपि यथावैषम्यं किञ्चिद्व्याख्यायते—'**अजिअं तु जाइउं लेज्जे**'त्यादि कदाचिदजीवमिति बुद्ध्या याचित्वा अनाभोगतो मिश्रं सचित्तं वा किञ्चिल्लवणादि गृह्णीयादिति, शेषगाथा सुगमा व्याख्यानुसारतस्तु भावनीया इति पृथ्वीकायवक्तव्यता समाप्ता॥ इदानीमप्कायविधिरुच्यते—'**विसकुंभो**'त्ति, (२६—५) वातादिविकारजनितो महास्फोटक उच्यते। '**कुङ्कणेसु पाणिय**'मित्यादि, (२६—९) कुङ्कुणदेशे एकस्यां वेदिकायां—काष्ठमयमञ्जिकायां जलमाचाम्लं च तिष्ठतस्तत्स्वामिन्या च याचितया साधुरुक्तः— इतः स्वयमेव गृहाण, तेन चाचाम्लभ्रान्त्या जलं गृहीतं, तच्च ज्ञाते सति यदि तत्स्वामिनी समनुजानीते तदा यतः स्थानात् गृहीतं तत्रैव प्रक्षिप्यते अन्यथाऽऽकरे—तडागादौ वक्ष्यमाणविधिना त्यज्यत इति। '**हरदोदगं**'**ति,** (२७—२) ह्रदसम्बन्धि सचित्तमुदकमित्यर्थः। '**जइ सुक्का तटा**' इत्यादि, (२७—५) एतदुक्तं भवति—इह जलं द्विधा—कौपं तडागनद्यादिसंभवं च, तत्र तडागाद्युदकत्यागे विधिरुच्यते—यदि तस्य तडागादेर्जलरहितौ तटौ सार्द्रौ भवतः तदा तटेऽपि जलं शनैः प्रक्षिप्यते तच्च तत्र प्रक्षिप्तं सत् प्रवाहतो गत्वा अवस्थितोदकस्य मिलति, अथ शुष्कः तटो न तर्हि तटे प्रक्षिप्यते शुष्कावनौ तच्छोषप्रसङ्गात् तर्हि तत्र को विधिरित्याह—'**पाणीयं वडपत्तमि**'त्यादि पाणीयं विगिंचिज्जइ—परित्यज्यत इति सम्बन्धः, किंकृत्वा ?— तडागाद्यवस्थितजलोपरि वटपत्रं पिष्पलपत्रं वा अड्डित्वा तच्च शनैः तथा त्यज्यते यथा उज्झरा न भवन्ति—पतज्जलशब्दाः, अन्ये तु व्याचक्षतेऽनेकैर्मार्गैः पत्रात्तडागमध्ये जलपतनं उज्झरा इति, मधुरपिष्पलवृक्षपत्राद्यभावे '**भाणस्स उड्ढासणियं( कण्णा जाव हेड्ढासणियं वृ० ) उदयं अल्लियाविज्ज**'**त्ति**, (२७—६) भाजनस्य—तुम्बकादेरोष्ठा मुखप्रदेशरूपा उदकं यावदतीव प्रत्यासत्त्या व्यवस्थाप्यन्त इत्यर्थः ततः शनैरुदकं त्यज्यते, अथ कूपोदके विधिरुच्यते—यद्यरघट्ट-घटिकादिक्षरज्जलेन कूपतटप्रदेशा आर्द्रा भवन्ति तदा तत्रैवोपविश्य शनैरुदकं त्यज्यते तच्च प्रवाहतो गत्वाऽवस्थितोदकस्य मिलति '**अणुल्हिसंतो**'**त्ति** अखसन् कूपस्य तावति प्रदेशे स्थितेन जलं त्यजनीयं यावति स्थितो ल्हसित्वा कूपे स्वयं न पततीतिभावार्थः, अथ कूपस्य तटप्रदेशाः शुष्का भवेयुः कूपैकदेशलक्षणं स्थानमात्रं च न किञ्चिदार्द्रमस्ति येन तज्जलं गत्वा अवस्थितजले पतति तदा जलभाजनं सिक्कके प्रक्षिप्यते सिक्ककमूले च प्रलम्बो दवरको बध्यते तत् सिक्ककं कूपमध्ये तावदवलम्ब्यते यावदीषज्जलमप्राप्तं ततो मूलबद्धदवरक आकृष्यते येन भाजनमवाङ्मुखं भवति तच्चोपरि नियन्त्रितत्वात्स्वयं न पतति जलं तु मुञ्चतीति शेषं सुबोधं यावत् '**एसा विहि**'**त्ति** (२८—६) एष पूर्वोक्तः शुद्धसचित्तोदकत्यागविधिः, ननु यद्यसौ शुद्धसचित्तोदकत्यागे विधिरुक्तस्तर्हि प्रत्यनीकतादिकारणतो यत्सचित्तमचित्तं च मिश्रयित्वा दात्री ददाति तस्य को विधिरित्याह—'**जं पडिणीयत्ताए**' इत्यादि, (२८—६) दात्र्याऽप्कायमिश्रमुदकं दत्तं, तच्च यदि साधुना विविक्ते

पूर्व्वगृहीतजलरहिते भाजने गृहीतं तदा सूत्रोक्तयतनया परिस्थापयति, कूपतडागादिजले तु पूर्व्ववत् नेदं प्रक्षिप्यते तद्विराधनाप्रसङ्गात्, ननु विविक्तभाजने गृहीतमिश्रजलस्य भवत्वेवं यदा तु पूर्व्वगृहीताचित्तजलयुक्ते भाजने सचित्तमुदकं गृहीतं भवति तदा को विधिरित्याह-'**जं संजयस्से**'त्यादि, (२८-७) एतदुक्तं भवति-यदि पूर्व्वगृहीतारनालादेर्मध्ये सचित्तजलं कथञ्चिद्गृहीतं भवति तदा यदि स्थण्डिलमाप्नुवतोऽर्वागपि परिणतं तल्लक्ष्यते तदा परिभुज्यते, अथ यावता कालेन स्थण्डिलमवाप्नोति तावता कालेन न परिणमति तदा परिस्थाप्यते हरितन्वादिभावे तु प्रतीक्ष्य शुष्केषु तेषु परित्यज्यते, एतद्व्याख्यानुसारतः सूत्रमपि सुधियाऽभ्यूह्यं, नवरं 'इयरंपि एमेव'त्ति यथा आत्मसमुत्थमाभोगतोऽनाभोगतश्च वर्णितं तथा परसमुत्थमपि वाच्यमित्यर्थः। 'वाघायम्मि व'त्ति व्याघातो नाम कूपदवरकाद्यभावःस्तेनश्वापदादिभयलक्षणः। साम्प्रतं तेजःकायविधिरुच्यते-'**आभोएण छारेण देज्ज**'त्ति (२९-८) मुर्मुराग्निं छारेण मिश्रयित्वा कश्चिद् दद्यादित्यर्थः, '**वसहीए अगणिं जोइं वा करेज्ज**'त्ति (२९-९) प्रत्यनीकतया भक्तितो वा अग्निं प्रदीपं वा प्रज्वाल्य वसतावुद्योतं कश्चित्कुर्यादितिभावः। '**पूअलियं वा सइंगालं देज्ज**'त्ति (२९-९) विलग्नाङ्गारशकलां रोट्टिकां दद्यादित्यर्थः। सूत्रमनुश्रियते 'अचित्तमीसगा नवरमुण्हपासाणमाइया नेय'त्ति इह किलाग्निः सचित्ताचित्तमिश्रभेदात्रिधा भवति, तत्र सचित्तोऽङ्गारादिः प्रतीत एव,यस्तु पाषाणादिरग्निवर्ण्णतामनापन्न उष्णमात्रतां तु प्राप्तः सोऽचित्तोऽभिधीयते, स एव च पाषाणादिः केषुचित्प्रदेशेषु वह्निरूपतया परिणतः केषुचिन्नेति मिश्र उच्यते, शेषं सुगमं, तेजःकायविधिरवसितः। साम्प्रतं वायुपारिस्थापनिकोच्यते '**एवं च वत्थिस्स (दइयस्स-वृ.) पुव्विं धंतस्स एसेव कालविभागो**'**त्ति**, (३०-५) दिइए वा कज्जमित्यनन्तराक्षिप्तत्वेन प्रत्यासत्त्या पूर्व्वं किल दृतिपवनस्यैव कालविभाग उक्तोऽतोऽतिदिशति बस्तिपवनस्याप्येष एव पूर्वोक्तः कालविभागोऽवसेयः, तत्र बस्तिर्नाम चर्म्ममयो भस्त्राविशेषः, नन्वेष शूलादिकार्यगृहीतपवनस्य सचित्तादिरूपतायां कालविभाग इत्यवगतं यदा तु नद्याद्यवतरणनिमित्तं दृतिर्बस्तिर्वा वायोर्भृत्वा नद्यादिजले प्रक्षिप्यते तदा सचित्तादिभवने को विभाग इत्याह-'जो पुण ताहे चेव धमित्ता' इत्यादि सुगमं यावत् '**पच्छा संघाडियाउवि**'**त्ति** (३०-१०) संघाटी नाम बृहत्प्रमाणा प्रच्छादनपटी तया प्रावृत्तः, एतदुक्तं भवति-यदि सकपाटापवरकमधुरवननिगुञ्जादीनि स्थानानि न प्राप्यन्ते न वा तेषु कुतश्चित्कारणादगन्तुं पार्यते तदा महत्प्रमाणं कल्पं प्रावृत्य तदन्तर्यतनया मुच्यते पवन इति, साम्प्रतमेतद्विषयं सूत्रमनुश्रियते-'उक्कोसाउक्कोसे निद्धे बत्थि'गाहा व्याख्या-उक्कोसे इत्यत्र प्राकृतशैल्या आदिशब्दस्य लोपं कृत्वा निर्द्देशः, पाठान्तरं वा उक्कोसादुक्कोसे इति, अत्राप्यादिशब्दसम्बन्धिन इकारस्य प्राकृतलक्षणेन लोपं कृत्वा निर्द्देशः, ततश्चानन्तरातिक्रान्तगाथायां कालः स्निग्धो रुक्षश्च पुनरेकैकस्त्रिधेति प्रतिपादितं, तत्र तत्त्रैविध्यदर्शनार्थमिदमुक्तं-उत्कृष्टादिरिति, आदिशब्दान्मध्यमजघन्यपरिग्रहः, तत्रोत्कृष्टे स्निग्धकाले कियतीं वेलां यावदचित्तो मिश्रः सचित्तो वा भवतीत्याह-'उक्कोसे निद्धे वत्थिम्मी'त्यादि, उत्कृष्टे स्निग्धे काले बस्तिवात उपलक्षणत्वाद् दृतिवातोऽपि प्रथमपौरुष्यामचित्तो द्वितीयायां मिश्रस्तृतीयायां सचित्तो भवतीति गाथार्थः, शेषं

स्पष्टमिति वायुकायविधिः समाप्तः ॥

साम्प्रतं वनस्पतिविषयो विधिरारभ्यते—तत्राभोगेन सचित्तान्यपि मूलादीनि गृहीत्वा घर्षयित्वा गण्डादिषूपयुज्यन्ते, अनाभोगेन तर्हि किं गृह्णीयादित्याह—भक्ते—कूरादौ करडिप्रभृतीनां सम्बन्धी लोट्टः पतितो भवति, स चानाभोगतो गृहीतः स्यात् पिष्टकं वा यवगोधूमादीनां सम्बन्धि सद्यो दलितमनाभोगतो गृहीतं भवेत् करडिप्रभृतिधान्यानामेव सम्बन्धिनः कुक्कुसा वा गृहीताः स्युः । '**सो चेव पोरिसिविभागो**'त्ति, (३१–२) य एव वायुकायविधौ पौरुष्यादिकालविभाग उक्तः स एवेहापि द्रष्टव्यः, केवलं तत्राचित्तस्य सतः पवनस्याचित्तमिश्रसचित्तरूपतायां कालविभाग उक्तः अत्र तु लोट्टादेः सचित्तस्य सतः सचित्तमिश्राचित्तरूपतायां कालविभागो योज्यः, तथा पूर्व्वं स्निग्धकाले पौरुष्यो रूक्षकाले तु दिनान्युक्तानि अत्र तु व्यत्ययेन योज्यं, एतदुक्तं भवति—सा दात्री पृच्छ्यते—कियती वेलाऽस्य कुट्टितस्य लोट्टादेर्वर्त्तते, ततश्च यदि रूक्षकालसम्बन्धिनी पौरुष्येकाऽतिक्रान्ता भवति तदा नाद्याप्यचित्तीभूत इत्यवसेयं, द्वितीयपौरुष्यतिक्रमेऽप्येवमेव, तृतीयपौरुष्यतिक्रमे त्वचित्तीभूत इति पतितोऽपि भक्तमध्ये न परिहार्यो भवति, स्निग्धकालेऽप्येवमेव, केवलं पौरुषीस्थाने दिनानि वाच्यानि, एतच्च परिस्थूरन्यायमाश्रित्य दिग्मात्रप्रदर्शनमेव, कदाचिदत्यन्तश्लक्ष्णीकृतकणिक्कालोट्टादिकं झगित्येव परिणमेद् अन्यत्तु बादरबीजशकलयुक्तं चिरमपि सचेतनं सम्भवेदिति, कोऽत्र नियम इत्येतदेवाह—'**दुकुट्टिए चिरंपि होज्ज**' (दुक्कुट्टिओ चिरंपि होज्जा वृ. ३१–३), सचित्तमितिशेषः, तस्माद्देशकालाद्यभिज्ञेन साधुनैवेह निपुणेन भवितव्यं, इदानीं तु कणिक्कादिकं दलनकालादूद्र्ध्वं घटिकाद्वयमात्रं च वर्ज्जयन्तो दृश्यन्ते इति यथावगतं गमनिकामात्रमिदमुक्तं तत्त्वं तु केवलिनो विदन्ति अन्येन वा सुधिया अन्यथाऽपि विवेचनीयमिति । '**परो अल्लएण मीसियगं**'**ति**, (३१–३) कश्चिद्गृहस्थः सचित्तश्रृङ्गबेरेण मिश्रितं किञ्चित्पूरणादिकं वस्तु दद्यादिति शेषः, चवलकैर्वा मिश्रितानि पीलूनि दद्याद्, अथवा कूरस्य भक्तस्य ओडिका—खोट्टरिका तदन्तः प्रक्षिप्य किञ्चित्सचित्तं फलादिवस्तु दद्यादित्यध्याहारः, करमन्दकैर्वा मिश्रितं काञ्जिकं दद्यात्, तानि हि किल क्वचित्काञ्जिकस्याम्लतापादनार्थं तन्मध्ये प्रक्षिप्यन्त एवेति, अन्यतरो वा मुद्गमाषादिबीजकायः काञ्जिकादिषु पतितो भवेत् स चानाभोगतो गृहीतः स्यादिति, एवं तिलानामप्यनाभोगतो ग्रहणं भवेत्, क्व पुनस्तेषां संभव इत्याह—'**निंबतिलमाइएसु होज्ज**'**त्ति**, (३१–५) चैत्रमासे हि किल क्वचिन्निम्बपत्राणि तिलमिश्राणि कुट्टयित्वा हृदयशुद्धयर्थं निम्बतिलकाः क्रियन्ते, तत्र केचित्सचित्ता अपि स्युः ते च निम्बतिलकां गृह्णानेन गृहीता भवेयुः, आदिशब्दादन्यत्रापि क्वचित्पक्वान्नादौ पतिता भवेयुरिति, अत्र च ग्लानादिकार्ये यत्सचित्तं मूलाद्याभोगेन गृहीतं गृहस्थेन वाऽऽभोगतो दत्तं तत्सिद्धे प्रयोजने परिशिष्टं पूर्वोक्तेन वक्ष्यमाणेन च विधिना परित्यज्यते, तदेवाह—'**जइ आभोगगहिय**'मित्यादि, (३१–५) यत् पुनर्लोट्टपिष्टादिकमनाभोगतः साधुना गृहीतं गृहस्थेन वाऽनाभोगतो दत्तं तद् यदि शक्नोति भक्तमध्याद्विवेक्तुं—उद्धर्त्तुं तदोद्धृत्य प्रथमं तावत् परस्य—दायकस्य सम्बन्धि यत्पात्रं—स्थाल्यादि यत आनीय गृहस्थेन तद्दत्तं तस्मिन्नेव परित्यज्यते यदि दायकः समनुजानीते, अथ न

समनुजानाति तदा स्वपात्रेऽपि–याचितमधुरकर्प्परादौ निधाय शीतलाचित्तप्रदेशे परित्यज्यते, एतदेव सूचयति–'**अणाभोगगहिए**' इत्यादि यावत् '**पढमं परपाए**'त्ति, (३२–१) यदि पुनः सलेपद्रव्यमध्यपतिततिलादिकमुद्धर्त्तुं न शक्नोति तदा सर्वमेव तद्वस्तु यतनया परिहरति, संस्तारके दण्डके वा यदि पनकः संमूर्च्छितो भवति तदा को विधिरिति ? उच्यते–यावत्पनको नाद्यापि परिणमति तावत् तत्सहितोपकरणं न परिभुज्यत एव, अथ मार्गे चलिता वर्त्तन्ते तदा सर्व्वमपि तदुपकरणं त्यज्यते, अथान्यलाभाद्यभावान्न तेनोपकरणेन परित्यक्तेन निर्व्वहन्ति तदा '**उण्हं सीयं नाऊण विगिंचणं**'ति, (३२–२) एतदुक्तं भवति–यदि सोष्मप्रदेशव्यवस्थिते दण्डकाद्युपकरणे स पनकः सम्मूर्च्छितः स्यात् तदाऽयमुष्णप्रकृतिरिति ज्ञात्वा तस्मिन्नेवोष्णप्रदेशे परित्यज्यते, अथ शीतलप्रदेशोपकरणसम्मूर्च्छितत्वाच्छीतप्रकृतिरिति ज्ञायते तदा शीतलप्रदेश एव परित्यज्यत इति, ननु वनस्पतिपारिस्थापनिकाप्रस्तावे कोऽयमवनस्पतिरूपपनकस्य धवखदिरपलाशादिवनस्पति-भ्योऽत्यन्त-विलक्षणस्य विचार इत्येवं मुग्धप्रेरकेणोक्ते सत्याह–'**एसवि वणस्सइकाउ**'**त्ति** (३२–२) एषोऽपि पनको वनस्पतिविशेष एवेति युक्तस्तद्विचार इति, कथम्भूतः पुनरसावित्याह–'**पच्छअंतो**'त्ति (३२–३) पाश्चात्यः–सर्व्वसूक्ष्मोऽसावित्यर्थो, व्यवहारचारिवनस्पतीनां मध्ये नातः परं सूक्ष्मो वनस्पतिरस्तीति-भावः, सर्वं न्चेदमक्षरगमनिकामात्रं, तत्त्वं केवलिनो विशिष्टश्रुतविदो वा विदन्तीति, तेषां च अल्लकपीलुकादीनां "पढमं परपाए सपाए" इत्यादिना सामान्येनोक्तेऽपि परित्यागविधौ पुनर्विशेषं विवक्षुः प्रश्नं कारयति–'**का एतेसिं विगिंचणविहि**'**त्ति**, (३२–३) उत्तरमाह–'**अल्लगं अल्लगखेत्ते**'इत्यादि, यदि दायको न स्वीकुरुते तदा अल्लकं यत्र क्षेत्रे समुत्पद्यते तत्रैव परिष्ठाप्यते शेषाण्यपि पीलुकादीनि आकरे–स्वोत्पत्तिस्थाने परित्याज्यानि, आकराणामभावे किं विधेयमित्याह–'**निव्वाघाए महुराए भूमीए अंतो व**'**त्ति** (३२–४) अत्र वाशब्दोऽनन्तरवक्ष्यमाणपक्षान्तरापेक्षया समुच्चये, निर्व्याघाते–तिर्यगाद्यापातरहिते प्रदेशे सार्द्रमधुरभूम्यन्तः श्रृङ्गबेरादीनि परिष्ठाप्यन्ते मधुरकर्प्परे वा मधुरवृक्षपात्रे वा निधाय मधुरवननिगुञ्जादौ परिह्रियन्ते, एतद्विषयं सूत्रं सुगमत्वाद् व्याख्यानानुसारत उन्नेयमिति। **वनस्पतिपारिस्थापनिका समाप्ता**॥

साम्प्रतं द्वीन्द्रियपारिस्थापनिकोच्यते–'**सत्तुगा वा आलेवणनिमित्तं ऊरणियासंसत्ते**'त्यादि, (३४–१४) एतदुक्तं भवति–गण्डादीनामालेपनार्थं–पिण्डिदानार्थं सक्तवो गृहीतास्ते च यदि गड्डरिकासंसक्ता भवेयुस्तदा तन्मध्याद् गड्डरिकादिग्रहणं भवति संशोध्य दायकसम्बन्धिसक्तुयुक्त-स्थाल्यादिभाजनमिहाकरो गृह्यते तत्र ताः प्रक्षिप्यन्ते अथाकरो नास्ति न वा दायकस्तत्र प्रक्षेप्तुं ददाति तदा सक्तुभिः कैश्चित्सह निर्व्याघातप्रदेशे ता गड्डरिकाः परिह्रियन्ते इति क्रियाऽनुवर्त्तते, ननु ग्लानप्रयोजनगृहीतसंसक्तसक्तूनामयं विधिः, यदा तु संसक्तदेशादौ क्वचित्संसक्तसक्तुकादिग्रहणं भवति तदा को विधिः ? इति तत्र विशेषं बिभणिषुः स्वयमेव पक्षान्तरं दर्शयति–'**संसत्तदेसे वा कत्थई**'त्यादि, (३५–१) अत्र विधिमाह–'**तं देसं चेव न गम्मई**'त्यादि, (३५–१) यत्र देशे भक्तपानानि संसज्यन्ते तत्र साधुभिर्न गन्तव्यमेव, अथाशिवादिभिः कारणैस्तत्रापि गमनं भवेत् तदा

यत्र सक्तवः संसज्यन्ते तत्रासंसक्तस्वरूपं कूरं याचते इति साध्याहारं सर्व्वत्र व्याख्येयं, अथ चासंसक्तस्वरूपं कूरं न लभते तदा तद्दैवसिकान् सक्तूनपि याचते, तद्दैवसिकसक्तूनामभावे **बितिए**'त्ति (३५–३) द्विदैवसिकान् तदभावे त्रिदैवसिकान् सक्तून् गृह्णाति तेषामप्यभावे गृहस्थभाजन एव स्थिताः प्रत्युपेक्ष्य२ –संशोध्य२ गृह्यन्ते, अथ वेलातिक्रमो भवति अध्वनि वा ते साधवो वर्त्तन्ते तदा विधिमाह–'**संकिया विभत्ता घेप्पंति**'त्ति (संकिया वा मत्ते–वृ. ३५–४), अनन्तरोक्तप्रयोजनौत्सुक्ये ते शङ्किताः सक्तवो विभक्तस्थाने गृह्यन्ते ततश्च बहिरुद्याने देवकुले वा प्रतिश्रयस्य वा बहिर्देशे रजस्त्राणमास्तीर्य तदुपरि चैकं घनमसृणं पटलकं व्यवस्थाप्य तत्र पृथग्गृहीतसक्तवः प्रक्षिप्यन्ते, ततः किं विधेयमित्याह–**तिन्नि ऊरणकपडिलेहणातो**'त्ति (३५–५) ऊरणिकार्थमूरणिकानां वा प्रत्युपेक्षणाः शोधना ऊरणिकाप्रत्युपेक्षणाः तास्तिस्रो विधीयन्ते, एकः साधुः प्रत्युपेक्षते पुनर्द्वितीयः पुनस्तृतीय इत्यर्थः, कुतश्चित्कारणात् त्रयः साधवो न भवन्ति तदैकोऽपि वारत्रयं प्रत्युपेक्षेत इत्येवं तिस्रः प्रत्युपेक्षणाः, एताश्च यदि प्रथमवेलायामेकापि गड्डुरिका न दृश्यते तथापि शङ्कितसक्तुषु तिस्रोऽपि कर्त्तव्या एव, यदि पुनर्गड्डुरिका दृश्यते तदा वारत्रयं नियमेन पुनः २ प्रत्युपेक्ष्यन्ते तावद्यावदेकस्यां वारायां नैकाऽपि दृष्टा पुनर्द्वितीयवारं शोध्यते न चैकापि दृष्टा एवं तृतीयवारायमपि नैकापि दृष्टा, तदा यत्कर्त्तव्यं तदाह–**नत्थि जति ताहे पुणो पडिलेहणाओ तिन्नि मुट्ठीओ गहाय जइ सुद्धा परिभुज्जंति**'त्ति, (३६–१) व्याख्या–यदि नास्ति–न विद्यते एकापि गड्डुरिकेति गम्यते, ततः पुनरपि '**पडिलेहणाओ उ**'त्ति प्रत्युपेक्षणात्रयं, अत्र प्रत्युपेक्षिताः सक्तवोऽप्युपचारतः प्रत्युपेक्षणा इत्युच्यन्ते अतः प्रत्युपेक्षणातः– प्रत्युपेक्षितसक्तुभ्यो मध्याद् अथवा नोपचारः क्रियते किन्तु प्रत्युपेक्षणातः–प्रत्युपेक्षणात्रयादूर्ध्वमित्यर्थः, किं विधेयमित्याह–प्रस्तुतत्वात्तेभ्य एव शोधितसक्तुभ्यो मध्यान्मुष्टित्रयं गृहीत्वा शोध्यते यदि शुद्धास्तर्हि परिभुज्यन्ते, अथ तस्मिन्मुष्टित्रये शोध्यमाने एकोऽपि जीवविशेषो दृश्यते तदा मूलात्पुनः सर्वेऽपि शोध्यन्ते, अत्र पाठान्तराणि बहूनि दृश्यन्ते मया त्वावश्यकचूर्ण्यनुसार्येष पाठो व्याख्यातः, शेषाण्यप्यर्थतः प्रायोऽविसंवादीन्येवातो व्याख्यानुसारतोऽभियुक्तेन व्याख्येयानि, शोध्यमानेषु च सक्तुषु ये प्राणिनो लभ्यन्ते तेषां परित्यागविधिमाह–'**जे तत्थ पाणा ते मल्लए**' इत्यादि, (३६–२) आकरो नाम गृहस्थसम्बन्धिसक्तुभृतस्थाल्यादिभाजनं, एवं तावदेष संसक्तभक्ते विधिरुक्तो यत्र तु पानकमपि संसज्यते तत्र किं विधेयमित्याह–'**बीअपाए**' इत्यादि, (३६–३) द्वितीयपात्रे संशोध्य २ तत उद्ग्राहितं नाम यस्मिन्पात्रेऽन्यत्पानकं गृह्यमाणमास्ते शुद्धं सत् तत्र प्रक्षिपत्ति, अथ रसजैः संसक्तं तदा स पात्रं परित्यज्यते, अथ नास्ति पात्रं तदा सार्द्रामारनालस्थालीलक्षणामम्बिलिं याचते, अथ सार्द्राम्बिलिं न लभते तदा शुष्कामपि याचते, '**उल्लेउं**'ति अपरा चाम्लेनार्द्रीकृत्य तस्यां संसक्तमाचाम्लं परिक्षिपति '**असति**'त्ति यदि शुष्काऽप्यम्बिली न लभ्यते तदाऽन्यस्मिन्याचित्तभण्डकेऽम्बिलिबीजानि नाम यैस्तन्दुलढुण्ढणकादिभिरम्बिली निष्पद्यते तानि धावनाद्युदकमिश्राणि कृत्वा तत्र भण्डकेऽम्लताऽऽपादनार्थं प्रक्षिप्यन्ते, अथ बीजानि न लभ्यन्ते तदा बीजरहितेऽपि तत्र तत्संसक्तपानकं निधीयते, एतच्च भण्डकं यदि गृहस्थेन निर्दयरूपतया सर्वथा

दत्तं भवति तदा सपानकं कस्मिश्चिन्नर्व्याघातवृत्तिकोणे वननिकुञ्जादौ वा तत्र परिस्थाप्यते यत्र न कश्चित् तिर्यगादिरापिबति, अथाप्रातिहारिकभण्डकं न लभ्यते किन्तु प्रातिहारिकं लब्धं पुनरपि तद् गृहस्थस्य समर्प्पणीयं तदा यद् विधेयं तदाह–'**पच्छा पडिस्सए पाडिहारिएण तिकालं पडिलेहेति**'त्ति, (३६–६) पश्चादिति यद्यप्रातिहारिकं भण्डकं न लभ्यत इति भावस्ततः प्रातिहारिकभण्डके प्रक्षिप्य तत्संसक्तोदकं प्रतिश्रयेऽपि ध्रियते त्रिकालं च प्रतिदिनं निरीक्ष्यते यदा जीवाः परिणता भवन्ति तदा तत्पानीयं परिस्थाप्यते अथ नाद्यापि परिणमन्ति पानीयं तु शुष्यति तदाऽन्यदपि पानीयं तत्र प्रक्षिप्यते तावद् ध्रियते यावत् ते जीवाः परिणता भवन्ति ततः पानीयं परिस्थाप्य भण्डकं गृहस्थस्य प्रत्यर्प्यते, अथाप्रातिहारिकमितरद्वा भण्डकं न लभ्यते तदा यद्विधेयं तदाह–'**अडवीए अणागमणपंहे**'इत्यादि, (३७–१) एतदुक्तं भवति–निर्व्याघाते वृक्षादिच्छाया-चिक्खल्ले गर्त्ता खन्यते सा च मध्यभागे लिम्पित्वा निश्छिद्रा क्रियते मधुरवृक्षपत्रेण च शनैस्तदुदकं तस्यां प्रक्षिप्यते संसक्तोदकसंसृष्टभाजनं त्वसंसक्तोदकेन वारत्रयं प्रक्षाल्यते तच्च क्षालनजलं तस्यामेव गर्त्तायां प्रक्षिप्यते, एतदेवाह–'**एक्कसिं पाणएण**' मित्यादि, '**पच्छा कप्पे**'इति, (३७–३) पश्चाद्वारत्रयधावनोत्तरकालं कल्पं ददाति–पात्रं प्रक्षालयतीत्यर्थः, ततः श्लक्ष्णकाष्ठैर्मालकं करोति–सूक्ष्मकाष्ठैर्निरन्तरं गर्त्तामाच्छादयतीत्यर्थः, उपरि च कर्दमेन निश्छिद्रं लिम्पयति उपरि च कण्टक-वृक्षशाखया समाच्छादयति, अत्र च वृत्तावनुक्तोऽपि यः कश्चिन्मया विशेष उक्तः स **आवश्यक-चूर्ण्यनुसारत** इति न स्वमनीषिका भावनीया विशेषार्थिना तु सैवान्वेषणीयेति। तदेवं "तं देसं चेव न गन्तव्वं असिवाईहिं गम्मेज्जे" त्यादिना "संसत्तंमि न गम्मई" त्यादि "पायासई अंबिली" त्यादि च गाथाद्वयं व्याख्यातं, साम्प्रतं 'पायम्मि न सीयाई' इत्यादिगाथाभावार्थमाह–'**तेण य भायणेण**' मित्यादि, (३७–४) यत्र भाजने संसक्तोदकं गृहीतमासीत् तत्र शीतोदकं न गृह्यते तत्संसक्तिप्रसङ्गात् किन्त्वेकं द्वे त्रीणि वा दिनानि यावत् तत्रावश्रावणं कूरं वा गृह्णाति, संसक्तमसंसक्तं च पानकमेक एव साधुर्न धरति यतोऽसंसक्तमपि पानकं संसक्तगन्धमात्रेणापि संसज्यते संसक्तं च गृहीतं विज्ञातं वाऽपरिस्थाप्य न गोचरादौ हिण्ड्यते भोजनं वा क्रियते विराधनाप्रसङ्गात्तज्जीवानां, यदि मार्ग्गखेदादिना परिश्रान्तो भवति तदा किं विधेयमिति आह–'ये न हिंडंती'त्यादि सुगमं, व्याख्याता 'पायम्मि न सीयाई' इत्यादिगाथा, साम्प्रतं तक्रादिगतविधिविवक्षया "तक्काईणवि एव" मित्यादिगाथादलाभिप्रायमाह–'**एवं चेव महीयस्सवीत्यादि**, (३८–२) तक्रस्य पानीयवत् विधिर्वक्तव्यः, संसक्तत्वेन संभाव्यमानदधिनवनीतयोर्विधिमाह–गालितकठिनीभूतदध्नो नवनीताद्वैका उण्डी–खोट्टरिका गृहीत्वा तक्रस्य मध्ये प्रक्षिप्यते यदि भवन्ति जीवास्तदा तत्र प्रक्षिप्ते सति दृश्यन्ते, ननु यदि तक्रं न भवति तदा क्वासावुण्डिका प्रक्षिप्यते इत्याह–'**गोरसधोवणे, पच्छा उण्होदकं सीयलाविज्जई**'त्यादि, (३८–३) गोरसधोवणं नाम दधिसंसृष्टस्थाल्यादिप्रक्षालनजलं तत्रासावुण्डिका प्रक्षिप्यते तदभावे शीतीभूतोष्णोदके तस्याप्यभावे मधुरतन्दुलोदके प्रक्षिप्य निरीक्ष्यते शुद्धं परिभुज्यते संसक्तं तु उक्तयतनया परिस्थाप्यते, ननु च गालितदध्नः संसक्तपरिज्ञानमुक्तं सहजं तु संसक्तमितरद्वेति

कथं निश्चीयते ? इत्याह–'**दहिअस्स, पच्छओ उअत्तेता नियत्ते पडिलेहिज्जइ तीराए**'त्ति, (३८–४) अगालिते दध्नि भाजनपतिते सति संसक्तभ्रान्तौ सत्यां तद्दधिभाजनं तीराभिमुखमानीय पुनः पश्चाभिमुखमपावर्त्यते निवृत्ते च सति संसृष्टदधितीरेषु निरीक्ष्यते यदि संसक्तं भवति तदा दृश्यन्ते तत्र जीवा इत्येष, तत्र संसक्तिपरिज्ञानोपायः। '**सत्तेवि ( सत्तेसुवि ) एस विही**'त्ति, (३८–५) इक्षुविकारे कक्कबे तीमनेऽप्येष विधिरित्यर्थः, आत्मसमुत्थं, द्वीन्द्रियग्रहणमुक्तं, परसमुत्थमतिदिशति–'**परोवि आभोगअणाभोगा एआणि देज्ज**'त्ति, (३८–५) एतद्विषयं सूत्रं वस्तुतो व्याख्यातमेव, नवरं 'आभोगाईवि भइअव्व'मिति, द्वीन्द्रियाणामाभोगादिकं ग्रहणं विभजनीयं–अनेकप्रकारं वक्तव्यमित्यर्थः, तदेवानेकप्रकारत्वं दर्शयति–'संसत्तंमि न गम्मई' इत्यादि व्याख्यातमेवेति द्वीन्द्रियपारिस्थापनिका समाप्ता ॥

साम्प्रतं त्रीन्द्रियपारिस्थापनिकोच्यते–रल्लको नाम त्रीन्द्रियजीवविशेषः, काष्ठफलकादिलक्षणः संस्तारको यदि मत्कुणैः संसक्तो भवति तदा तादृग्जातीये काष्ठान्तरेऽमी सङ्क्राम्यन्ते, उद्देहिकागृहीते तु वस्त्रे उत्सर्गतस्तावत्परिहणीयमेव तद्, अथ '**नत्थि तस्स विगिंचणं**'ति, (३९–२) अथापरवस्त्राभावादिना केनचित्कारणेन तत्परिहर्तुं न शक्यते इत्यर्थस्तदा यद्विधेयं तदाह–तासामुद्देहिकानां यत्कुड्यादौ बिलं भवति तस्य प्रत्यासन्नीक्रियन्ते ततो निर्गत्य वस्त्रात् तत्र प्रविशन्ति, लोचे तु कृते सप्त दिनानि यावत् केशाः शोध्यन्ते, मार्गगमनादिकारणे सकृदपि शोधिता निर्व्याघातशीतलप्रदेशे परिस्थाप्यन्त इति, त्रीन्द्रियजातेर्बहुत्वात्प्रत्येकं वक्तुमशक्यत्वादतिदिशति–'**एवमाईणं तहेवे**'त्यादि, (३९–३) कीटकाभिर्व्याप्तं पानकमनाभोगादिना गृहीतं भवति तदा शीघ्रमेव तत्पानकं गल्यते '**अह पडिता**' इति, (३९–४) अथ सद्योगृहीतपानके कुतश्चिदकस्मात्तस्मिन्नेव क्षणे एका द्वे बह्व्यो वा कीटिकाः पतितास्तदा भक्तखरण्डितसलेपेनापि हस्तेन झगित्येवोद्ध्रियन्ते, नन्वेवं सति संसृष्टकरसम्बन्धिभक्तावयवैः पानकं सलेपं स्यात् तथा च तत्परिभोगे साधूनां प्रत्याख्यानभङ्गप्रसङ्ग इत्याह–'**अलेवाडं चेव पाणगं होति**'त्ति, (३९–५) जीवदयाप्रवृत्तत्वाद्बहुतरगुणसिद्धेर्न सलेपत्वं पानकस्येति भावः, प्रसङ्गत एवाह–एवं मक्षिकापि पानकादौ पतिता झगित्येव सलेपेनापि हस्तेनोद्ध्रियते, एतच्च सलेपत्वं करस्यैकाकिनं साधुमधिकृत्योक्तं यदा पुनर्गोचरचर्यायां साधुद्वयं पर्यटति तदैक एव भक्तं गृह्णीते स एव भक्तं करेण स्पृशति द्वितीयस्तु पानकमेव गृह्णाति तस्यालेप एव कर इति, एतदेवाह–'संघाडएण पुण एगो भत्त'मित्यादि सुगमं, यदि पुनस्तन्दुलोदकादिषु पूतरको दृश्यते तदा विस्तीर्णमुखपात्रे तज्जलं प्रक्षिप्योपरि गालनकं बध्यते ततश्च तदन्तरितं तत्पानीयं कोशकेन–मृन्मयलघुभाजनविशेषेण खोरकेण वा–याचितकरोटकादिना उल्लिश्यते शेषं सुगमं यावत्त्रीन्द्रियपारिस्थापनिका ॥ इदानीं चतुरिन्द्रियपारिस्थापनिका–'**परहत्थे भत्ते पाणए वा**' इत्यादि, (४१–१) यदि दायकहस्तव्यवस्थिते घृतादौ मक्षिका पतति तदा तदग्राह्यं यतीनां, अथ गृहीते तत्रासौ पतति तदा झगित्येवोद्धृत्य छारेणावष्टभ्यते, कोत्थलगारिका नाम भ्रमरिका, '**संथारए मंकुणाणं**'ति, (४१–४) संस्तारके-काष्ठफलकादिलक्षणे 'मंकुणाणं' ति मत्कुणैरिति द्रष्टव्यं,, तैः पूर्व्वगृहीते–

गृहस्थगृह एव संसक्ते सतीतिभावः, तत्र किमित्याह '**तहेव**'त्ति, (४१–४) यथा गृहस्थपाणि-व्यवस्थितघृतादौ मक्षिकायां पतितायां तदग्राह्यं भवति तथा संस्तारकोऽपि पूर्व्वसंसक्तौ अकल्प्य इति, अथ स्वीकृतः सन् संसज्यमानो दृश्यते तदा पादपुञ्छनकेन–रजोहरणेन प्रतिदिनं संसक्तिनिषेधाय त्रिकालमपि प्रमार्ज्यते, अथ तथापि संसज्यते तर्हि तादृग्जातीये काष्ठे मत्कुणाः सङ्क्राम्यन्ते, एतच्च घृताद्यनेषणीयभणनप्रसङ्गत उक्तं अन्यथा मत्कुणानां त्रीन्द्रियत्वात्तद्विधेश्च लेशतः पूर्व्वमुक्तत्वादिह तदुपादानमपार्थकं स्यात्, पूतरकजातीनां तु बहुत्वात्कश्चिच्चतुरिन्द्रियोऽपि स्यादिति तद्भणनमदुष्टमिति शेषं सुगमं, चतुरिन्द्रियपारिस्थापनिका समाप्ता ॥

साम्प्रतं पञ्चेन्द्रियपारिस्थापनिकोच्यते–तत्रापि नपुंसकविधौ '**असिवे ओमोयरिए**' इत्यादि (४४–५) द्वारगाथां भाष्यकृद्व्याचष्टे '**रायदुट्ठभएसुं ताणट्ठे**' इत्यादि (४४–११) गाहा–व्याख्या–दुष्टाः–प्रत्यनीका राजा च दुष्टाश्च तेभ्यो भयानि तेषु सत्सु राजवल्लभादिनपुंसकस्तत्त्राणार्थं दीक्षितो भवति नृपस्य वाऽभिगमनार्थं–अनुकूलनार्थमिति। ग्लानद्वारमाह–यदिवा नपुंसकः स्वयमेव वैद्यो भवति तस्य वा सम्बन्धी कश्चित्स्वजनादिस्तेन प्रव्रजितेन सता ग्लानस्य पथ्यभैषज्यादिना प्रतितर्प्पिष्यति–उपकरिष्यतीति गाथार्थः। '**गुरुणो य अप्पणो वा**'गाहा (४४–१३), गुरोः श्रुतज्ञानं गृह्णत आदिशब्दाद्दर्शनप्रभावकाणि च सम्मत्यादिशास्त्राणि गृह्णतोऽसौ भक्तपानादिभिरुपकरिष्यति, वाशब्दस्य चशब्दार्थत्वादात्मनश्च, परस्यात्मनश्च भक्तपानादिभिर्निर्व्वाहक्षमत्वाद्दीक्षितः स्यादितिभाव इति ज्ञानदर्शनद्वारद्वयमुक्तं, चरणद्वारमाह–अचरणदेशो नाम यत्र चारित्रं पालयितुं न शक्यते ततो देशाद्गणे निर्गच्छति मार्गग्रामादिषु स्वजनादिबलाद् भक्तपानादिभिस्तस्करादिरक्षणतश्चोपकरिष्यति, अवशिष्टं द्वारद्वयमाह–अवमाशिवयोर्वा प्रतितर्प्पिष्यतीति, अत्र चानानुपूर्व्या अपि वस्तुत्वख्यापनार्थं इत्थं द्वारव्याख्या, उत्तमार्थद्वारं तु सुगमत्वान्न व्याख्यातमिति गाथार्थः। 'अज्जाणओ न याणे पन्नवणा कीरई'त्यादिगाथा, एतदुक्तं भवति–ज्ञायकेऽज्ञायके च नपुंसके प्रव्रज्याग्रहणाय समुपस्थिते न भवतां प्रव्रज्या ग्रहीतुं युज्यते विराधनाप्रसङ्गादित्यादिना प्रज्ञापना क्रियते, यद्येतद्वच इच्छतस्तदा दीक्षा न दीयत एव अनिच्छतस्तद्वचः प्रव्रज्यामेवाभिलषतः आत्मनश्च किञ्चिदशिवाद्यनन्तरोपन्यस्तं कारणमुपस्थितं वर्त्तते तदा वक्ष्यमाणविधिना दीक्षा प्रदीयते, सिद्धे च कार्ये वक्ष्यमाणप्रकारेणैव तस्य परित्यागः क्रियत इति एतदेवाह–'अणिच्छ कज्जे उ एस विहि'त्ति इति गाथार्थः। 'अन्नाए पडिसेहो' इत्यादिनाऽज्ञातपक्षो व्याख्यातः, साम्प्रतं ज्ञातपक्षे विधिमाह–'नायम्मि अन्नदेसे' गाहाव्याख्या–यद्यमीभिरसौ दीक्षित इत्येवं तत्र देशे लोकस्य ज्ञातं भवति तदाऽन्यस्मिन्देशे गत्वाऽसौ परित्यज्यते, अन्ये तु व्याचक्षते–ज्ञातेऽपि नान्यत्र देशे गम्यते किन्तु राज्ञा पृष्टैः साधुभिरिदं वक्तव्यं–राजन् ! यदि युष्मदीये श्रीगृहे भाण्डागारे कश्चिच्चुक्कति तदा तस्य भवन्तः किं कुर्व्वते ?, राजा प्राह–निष्काशयामि दण्डेन दण्डयामि, तदाऽस्माकमप्यसौ ज्ञानादिरत्नत्रयलक्षणं श्रीगृहं विनाशयतीति वयमेनं परित्यजाम इत्येवंलक्षणं श्रीगृहोदाहरणं कथयित्वा परित्यज्यते, अथ बहुस्वजनत्वात्तत्रान्यत्र वा देशे न शक्यते परित्यक्तुं तदा वक्ष्यमाणा यतनेति गाथार्थः। नपुंसकपारिस्थापनिकाऽवसिता।

जड्डविधौ 'गच्छे पुण सो अणुन्नाओ' इत्युक्तं तत्किमसौ कारणतोऽनुज्ञातः कारणाभावेऽपि वेत्याशङ्क्याह वृत्तिकारः—'**कारणंतरेण**'त्ति, (४८–७) कारणान्तरेण—ज्ञानाद्यालम्बनेनानुज्ञातो न निष्कारण इत्यर्थः, ननु शरीरजड्डस्य प्रव्राजने को दोष ? इत्याह—'**उड्ढुस्सासो**'**गाहा**— (४८–८) इयं च सूचामात्रत्वात्सूत्रस्य क्वचित्सोपस्कारतयाऽपि व्याख्यायते—स तावदूर्ध्वोच्छ्वासो भवति निरन्तरं श्वसितीत्यर्थः, तथा भक्तपानाद्यानयने मार्ग्गगमनादौ चापराक्रमः—असमर्थो भवति, ग्लानत्वे च सत्युद्वर्त्तनादिक्रियां कर्त्तुमशक्तो भवति, उत्थाने चङ्क्रमाणादिक्रियासु वा लाघवं न भवति, प्रदीपनकादावग्नेश्च न शीघ्रं पलायितुं शक्नोति, सर्प्पादिदर्शने वा नापसरणक्षमो भवति अदृष्टावष्टम्भत्वेन च नद्यादिजलेन प्लाव्यते, किञ्च अतीव गाढग्लानत्वे जड्डस्य ग्लानिरुत्पद्यते असमाधिमरणं च स्यादिति गाथार्थः । किंच'**सेएण कक्खमाइ**'गाहा, (४९–२) कक्षोर्व्वादिप्रदेशाः स्वेदेन तस्य कोथमाप्नुवन्ति तद्धावने च क्षित्यादिनिश्रिताः प्राणिनः प्लाव्यन्ते, किञ्च 'न भवति गलश्चौर' इत्यतो ज्ञायते ओदनमुण्डा एवैते नापरं किञ्चित्तत्त्वं विदन्तीत्येवंरूपो निन्दितमुण्डादिप्रवादो भवतीत्यादयो जड्डप्रव्राजने दोषा इति गाथार्थः । उक्तं भाषाशरीरजड्डयोः स्वरूपं, साम्प्रतमीर्यासमित्यादीनां करणं—विधानं तत्र जड्डः करणजड्डस्तस्य स्वरूपमाह—'**ईरियासमिए**' गाहा (४९–४) गतार्था, अस्य किं विधेयमित्याह—'**एसोऽवी**'**त्यादि** (४९–६) गाथा, सुगमा, नवरं '**जो पुण करणे जड्डो**' इत्यादिना तस्य दीक्षितस्य सतो यद्विधेयं तद्वक्ष्यतीति । मम्मणमूकस्य स्वरूपं प्रागेवोक्तं, अस्य च मेधाविनो दीक्षा प्रागेवानुज्ञाता, अथ मेधारहितोऽपि ग्लानादिकारणतो यदा दीक्षितो भवति तदा यद्विधेयं तदाह—''**मोत्तुं गिलाणकज्जं**'**गाहा**, (४९–९) व्याख्यानं त्वस्या वृत्तिकृतैव कृतमिति न प्रतन्यते, जड्डपारिस्थापनिका समाप्ता ॥ '**पुव्वं गहणं च णंतककट्ठस्स**' इति (५७–६) अत्र काष्ठं नाम येन रजन्यादावकस्मात्कालगतः साधुर्वोढव्यस्तदुच्यते, तच्च ग्रहणार्थं पूर्वमेवालोक्यते, क्व पुनरित्याह—'**तत्थऽन्नत्थ वे**'**ति**, (५७–९) तत्रेति—वसतावेव किञ्चिद्दृढवहनकाष्ठं निरीक्ष्यते तदभावेऽन्यत्रापि—शय्यातरगृहादौ निरीक्ष्यते इति, अस्यैव वहनकाष्ठस्य सप्रपञ्चं विधिमाह—'**तत्थ कट्ठस्स गहणे**'इत्यादि, (५७–९) **आउज्जोअणादिअहिगरणदोस**'**त्ति**, (५८–२) अरघट्टादियोजनादयो दोषा इत्यर्थः । '**अंगुट्ठाइसु बज्जइ**'त्ति (६२–४) चरणाङ्गुष्ठद्वयं मीलयित्वा बध्यते, एवं कराङ्गुष्ठद्वयमपीति । '**द्वौ च सार्द्धक्षेत्रे नक्षत्रे**' इत्यादि (६४–८) इह वक्ष्यमाणान्युत्तरादीनि नक्षत्राणि पञ्चचत्वारिंशन्मुहूर्त्तभोक्तृणि सार्द्धक्षेत्राण्युच्यन्ते सार्द्धदिनभोक्तृणीतियावद् एवमश्विन्यादीन्यप्येकदिनभोक्तृणि समक्षेत्राण्युच्यन्ते, शतभिषगादीनि त्वर्द्धदिनभोक्तृण्यपार्द्धभोगीण्याख्यायन्ते, तेषां च किल चिरन्तनज्योतिष्कग्रन्थेष्वित्थमेव भुक्तिरासीन्न तु यथा साम्प्रतं सर्व्वाण्यप्येकदिनभोगीनीतिभावः । '**कायव्वोत्थ ककारो**' इत्यादि, (६८–९) अस्य स्थापना क (सामाचार्यां तु विपरीतः कः कार्यः—क स्थापना) '**असमत्थो जइ एक्कासणयं एवं सबितियंपि**'**त्ति**, (७४–१) एतदुक्तं भवति—यद्येकासनकमपि कर्त्तुमसमर्थो भवति तदा ''**सबिइअंपि**''त्ति सद्वितीयमपि भोजनं कुरुते द्व्यासनकमपि करोतीतियावत् । '**पडिस्सए मुहुत्तगं संचिक्खाविज्जइ जाव उवउत्तो**'त्ति, (७६–९)

अशिवमृतत्वादवज्ञाहेतोः किलास्य समीपे मुखवस्त्रिका रजोहरणं च न मोच्यते अतस्त्रिदिवगमने उपयुक्तः सन्प्रतिश्रयस्थितं स्ववपुर्दृष्ट्वा संयतोऽहमासीदिति जानीते, पितृवनभूमौ तु चिह्नाभावान्न जानीयादतस्तत्रैव क्षणमात्रं ध्रियते इति भावार्थः। '**जेण संथारएण नीणितो विकरणो कीरइ**'त्ति, (७६–९) देवतानयनादिदोषप्रसङ्गात्खण्डीकृत्य परिष्ठाप्यत इति भावः। संयतपारिस्थापनिका समाप्ता।

इदानीमसंयतपारिस्थापनिकोच्यते–'**सा तिहिं कारणेहिं पयहेज्ज**'त्ति (छुब्भेज्जा वृ. ८१–१) तानि चामूनि कारणानि, तद्यथा–प्रत्यनीकतया अनुकम्पया भयेन च, तानि च त्रीण्यपि क्रमेण दर्शयति–तत्रापि प्रत्यनीकतया तावत्खण्डितशीलाया गर्भवत्याः श्रमण्या महोड्डाहोऽयमितिमन्यमानैः साधुभी रजोहरणादिलिङ्गे उद्दालिते ममैतैर्लिङ्गमपहृतमिति मन्यमाना प्रत्यनीकतया स्वमपत्यं जातं तदाश्रये प्रक्षिपेत् परिव्राजिकादिका वा काचिदिति, अनुकम्पया तु दुष्कालादौ काचिद्दुःस्थित-योषिज्जीवनाय स्वापत्यं तदाश्रये त्यजेद्, भयेन तु विधवादिरिति। '**उप्पेक्खेज्ज वा पओसो वड्ढइ**'इत्यादि, (८३–८) तस्मिन् शबे वसतौ पतितेऽपि वक्ष्यमाणकारणैरुपेक्षेत–विलम्बेत, तान्येव कारणानि दर्शयति–रजन्या मुखमेव वर्त्तते लोकश्च सञ्चरति ततो विलम्ब्य निःसंचारे विवेकःकार्यः। '**जहा एत्थ आएसो न ऊवेहेअव्वो ताहे विगिंचिअव्वो**'त्ति, (८४–१) अत्रायं भावार्थो–यदि पुनरयमादेशः–प्राघूर्णकोऽनाथ इव लक्ष्यते तदा किञ्चित्संचरेऽपि सागारिकाभावे परिस्थाप्यत एव न विलम्ब्यते, अथातिप्रभातायां रात्रौ शबमिदं दृष्टं भवति तदा सकलमप्यहरतिवाह्यान्यस्यां रात्रौ सागारिकाभावे परिस्थाप्यते, एतच्च सर्वं तदा क्रियते यदैनं वनीपकादिकं न कश्चित्प्रतिचरति–अन्वेषयति, यदा तु कश्चित्प्रतिचरति तदा तस्यैवोपरि क्षिप्यते–तस्यैव समर्प्यत इत्यर्थः, स च यद्रोचते तत्करोतु, "विप्पजढविगिंचणं कुज्ज"त्ति गाथायामुक्तं, तत्र 'विप्पजढ'त्ति व्याख्यातं 'विगिंचण'मित्येतद्व्याख्यानयन्नाह–'**विगिंचणं नाम जं तत्थ तस्स भंडोवगरण**'मित्यादि, (८४–३) एतदुक्तं भवति–विप्पजढ इत्यनेन वनीपकादिशबपरिष्ठापनमुक्तं, विगिंचणमित्यनेन तु तदुपकरणस्येति, तत्र च वनीपकादिशरीरे खड्गादिघातोद्भूतं यदि रुधिरं न गलति, अथ गलति तदा तत्परित्यज्यते, कुत इत्याह – '**एक्कहा वा बिहा वा मग्गे नज्जिहि**'त्ति, (८४–४) एकेन द्वाभ्यां वा अहोभ्यां रुधिररेखानुसारेण मार्गो राजपुरुषादिभिर्ज्ञास्यत इतिकृत्वा न परिस्थाप्यते, तर्हि किं क्रियते? इत्याह–'**बोले**'त्यादि (८४–५)। '**आदिग्गहणेण संसट्ठपाणए वा**'इत्यादि, (८५–३) संसृष्टपानकं नाम भक्तखरण्टितस्थाल्यादिप्रक्षिप्तोदकं गोरसकुण्डलं दधिखरण्टितभाजनं एतेषु भाजनविशेषेषु स्थितमचित्तमिति ज्ञात्वा यदुदकं गृहीतं तत्र पूर्वप्रविष्टसचित्तमत्स्यग्रहणसंभवः शेषं सुगमं यावत्पारिस्थापनिका समाप्ता॥

पञ्चम्यामुपासकप्रतिमायां '**असिणाणविअडभोई**'गाहा, (१०२–३) पूर्व्वं किल रात्रिभोजने अनियम आसीत्तदर्थमुक्तं "विअडभोइ"त्ति, एतदेव व्याचष्टे–'**पगासे**'त्यादिना दिनभोजीतियावत् "**मउलिकडो**"त्ति एतद्व्याचष्टे–'**कच्छे**'त्यादि कच्छां न बध्नातीत्यर्थः, शेषं सुबोधं, इयं च

पञ्चमीप्रतिमा मतान्तरेण रात्रौ प्रत्याख्यातचतुर्विधाहारस्यैवेति एतावन्मात्रेण भवतीत्यवगन्तव्यमिति। परमाधार्म्मिकविचारप्रस्तावे **'धाडेंति'** गाहा (११२–८) तत्राम्बाभिधानाः परमाधार्मिकाः स्वभवनान्नरकावासं गत्वा क्रीडया नारकानत्राणान् सारमेयानिव शूलादिप्रहारैस्तुदन्तो "धाडिंति"त्ति प्रेरयन्ति स्थानात्स्थानान्तरं प्रापयन्तीत्यर्थः, तथा **"पहाडेंति"**त्ति स्वेच्छयेतश्चेतश्च भ्रमयन्ति, तथाऽम्बरतले प्रक्षिप्य पुनर्निपतन्तं मुद्गरादिना घ्नन्ति, तथा शूलादिना विध्यन्ति, तथा **"निशुभंति"**त्ति कृकाटिकायां गृहीत्वा भूमौ पातयन्त्यधोमुखाँस्तथोत्क्षिप्याम्बरतले मुञ्चन्तीत्येवमादिकया विडम्बनया तत्र नारकान् कदर्थयन्तीति गाथार्थः। **'ओहयहए'** त्यादि गाथा (११२–९) उप–सामीप्येन मुद्गरादिना हता उपहताः पुनरप्युपहता एव खड्गादिना हता उपहतहतास्तान् तस्यां नरकपृथिव्यां निःसंज्ञकान्–नष्टसंज्ञान् मूर्च्छितान् सतः कर्प्पणीभिः कल्पयन्तीति–छिन्दन्तीति, तथा **"विदलगं"**ति द्विदलच्छिन्नान् कुर्व्वन्ति **"चटुलग"** त्ति खण्डशः छिन्नान्नारकाँस्तत्र नरकपृथिव्यामम्बर्षिनामानः सुराः कुर्व्वन्तीति। **'साडणे'**त्यादि गाथा (११२–१०) तथाऽपुण्यवतां–तीव्रासातोदये वर्त्तमानानां नारकाणां श्यामाख्याः परमाधार्मिकाः एतच्चैतच्च प्रवर्त्तयन्ति, तद्यथा–सातनमङ्गोपाङ्गानां छेदनं, तथा पातनं–निष्कुटादधो वज्रभूमौ प्रक्षेपः, तथा तोदनं–शूलादिना व्यथनं, तथा सूच्यादिना नाशिकादौ वेधः, तथा रज्ज्वादिना क्रूरकर्म्मकारिणं बध्नन्ति, तथा तलप्रहारादिभिस्ताडयन्त्येवं दुःखोत्पादकं दारुणं शातनपातनवेधन-बन्धनादिकं बहुविधं प्रवर्त्तयन्तीति–व्यापारयन्तीति। **'अंतगए'**त्यादि गाथा (११३–१) तथा शबलाख्या नरकपालास्तथाविधकर्म्मोदयसमुत्पन्नक्रीडापरिणामा अपुण्यभाजां नारकाणां यत्कुर्व्वन्ति तद्दर्शयति–तद्यथा–अन्त्रगतानि फिफिसानि–अन्त्रान्तर्वर्त्तीनि मांसविशेषरूपाणि आकर्षयन्तीत्यध्याहारः, एवमन्यत्रापि क्रियाऽध्याहारोऽभ्यूह्य इति, तथा हृदयं पाटयन्ति तथा तद्गतं **"कालिज्ज"न्ति** हृदयान्तर्वत्ति मांसखण्डं तथा **"फुप्फुसे"**त्ति उदरान्तर्वर्त्ती अन्त्राद्याश्रितमांसविशेषस्तं च, तथा वल्कान्–वध्राण्याकर्षयन्तीति सर्वत्र गम्यते, एवं ते नारकाणां नानाविधं दुःखमपुण्यवतां प्रवर्त्तयन्तीति। **'असिसत्ति'** गाहा (११३–३) **'भज्जंति'**गाहा, (११३–४) एते द्वे अपि सुगमे। **'मीरासु'**गाहा, (११३–५) तथा कालाख्या नरकपाला मीरासु–दीर्घचुल्लीषु तथा मुदञ्चकेषु–दीर्घवंशादिकाष्ठाग्रेषु तथा कन्दुषु पचनकेषु लोहीषु च एतेषु त्रिष्वपि मण्डकादिपचनयोग्येष्विवायसकवल्लिविशेषेषु कुम्भीषु च प्रतीतासु व्यवस्थाप्य जीवन्मत्स्यवन्नारकान् वह्नौ पचन्तीति। **'कप्पंति'** गाहा, (११३–६) महाकालाख्या नरकपाला नारकान्नानाविधैरुपायैः कदर्थयन्ति, तद्यथा–काकिणीमांसकानि श्लक्ष्णमांसखण्डानि कल्पयन्ति, तथा **"सीहपुच्छणी"**ति पृष्ठप्रदेशबद्धांस्तांश्छिन्दन्त्युत्कर्त्तयन्ति, **"खावेंति"**त्ति ये प्राग्मांसाशिनो नारका आसंस्ताँश्च खादयन्ति स्वशरीरमांसानीति गम्यन्त इति। **'हत्थे'** त्यादिगाथा, (११३–७) सुगमा। **'कन्नोट्ठ'** गाहा, (११४–१) तथा कर्णौष्ठनाशाकर-चरणदशनस्तनपुतोरुबाहूनां छेदनभेदनशातनानि कुर्व्वन्ति, तथा असिपत्रवनं बीभत्सं कृत्वा छायार्थिनस्तत्रागतान्नारकान्नानाविधैः प्रहरणैः **"अभिवाडेंति"**त्ति अभिपाटयन्ति–विदारयन्ति, के एतत्कुर्व्वन्तीत्याह–"असिपत्तधणू"त्ति असिप्रहरणप्रधानाः पत्रधनुनामानो नरकपाला एतत्सर्व्वं

कुर्व्वन्तीत्यर्थः। '**कुंभीसु**'गाहा (११४–२) कुम्भीनामानो नरकपाला नरकेषु नारकान् घ्नन्ति पचन्ति च, क्वेत्याह–कुम्भीषु पचनकेषु लोहीषु च एतेषु पूर्वोक्तस्वरूपेषु कन्दुलोहिकुम्भीषु पुनः कन्दुकानामिवायोमयभाजनविशेषरूपासु कोष्ठिकाकृतिषु व्यवस्थाप्य **विभावसौ** पचन्तीति। '**तडतडतडस्से**'त्यादि गाथा, (११४–३) वालुकाख्या नरकपाला नारकानत्राणाँस्तप्तवालुकाभृतभाजने चणकानिव **तडतिडित्ति स्फुटतः** "**भज्जन्ति**"त्ति भृज्जन्ति–पचन्ति, क्वेत्याह–कदम्बपुष्पाकृति-र्वालुका कदम्बवालुका तस्याः पृष्ठं–उपरितलं तस्मिन् पातयित्वाऽम्बरतले लोलयन्तीति। '**पूअरुहिरे**'त्यादि गाथा (११४–४) वैतरणीनामानो नरकपाला वैतरणीं नदीं विकुर्व्वन्ति, सा च पूयरुधिरकेशास्थिवाहिनी महाभयानका कलकलायमानजतुश्रोताः–क्वथ्यमानलाक्षासदृशश्रोता इत्यर्थः, तस्यां च तप्तक्षारोष्णजलायामतीव बीभत्सदर्शनायां नारकान्प्रवाहयन्तीति। '**कप्पेंती**'त्यादि, (११४–५) तत्र नरके खरस्वराख्याः परमाधार्म्मिका नारकानेवं कदर्थयन्ति, तद्यथा–क्रकचैः–करपत्रैः स्तम्भमिव कल्पयन्ति–विदारयन्ति, तथा तेषामेव हस्ते परशून् समर्प्य परस्परं तानेव तक्षयन्ति, परशुभिरन्योऽन्यं देहावयवानामुत्कर्त्तनं कारयन्तीत्यर्थः, तथा खरस्वरैरारटन्तो नारकान् वज्रकण्टकाकुलं शाल्मलीवृक्षं चारोहयन्त्यारूढाँश्च पुनः पुनः कदर्थयन्तीति। '**भीए अ**'गाहा, (११४–६) महाघोषनामानोऽधार्मिका नारकानेवं व्यथन्ते, तद्यथा–इह यथा पशुवधे समुपस्थिते भीताँस्ततो नश्यतः पशून् बस्तादींस्तत्रैव कश्चित्क्रूरकर्म्मा निरुणद्धि तथा तेऽपि कुतश्चित्पीडोत्पादकात् स्थानाद् भीतान् प्रपलायमानान्महाघोषान् कुर्व्वतो नारकाँस्तत्रैव स्थाने निरुन्धन्ति–व्यवस्थापयन्तीति इति सूत्रकृताङ्गविवरणदृष्टपञ्चदशगाथातात्पर्यार्थः। '**पल्हविकोयवि**'गाहा, (११६–७) पावारत्ति–प्रलम्बा तिरस्करणी प्रोच्यते नवतं तु-जीणमभिधीयते, शेषा भेदास्तु "पल्हविहत्थुत्थरण" मित्यादिना व्याख्याता एवेति। तलियाखल्लग इत्यादिगाथार्द्धं, 'बज्झे'त्ति (११७–४) वर्ध्रः, कोशकं तु यत्राचार्यः क्षुरशूच्याद्युपकरणानि प्रक्षिपति, कृत्तिस्तु मार्ग्गे दवानलभयाद्गच्छे यच्चर्म्मध्रियते, शेषं सुबोधम्। इह विंशतिरसमाधिस्थानान्येकविंशतिः शबलाः प्रतिपादितास्तत्र चैकैकं स्थानं क्रियताऽपि भवतीति वृत्तिकृता स्पष्टतया न प्रतिपादितं, मया तु शास्त्रान्तरदर्शनानुसारेणाङ्कपरिच्छेदतः प्रतिपाद्यते–दवदवचारि १ अपमज्जिअ २ दुपमज्जिअं ३ अतिरित्तसिज्जआसणिए ४। राइणियपरिभासी ५ थेर ६भूतोवघाती य ७॥१॥ संजलणा ८ कोहणो ९ पिट्ठिमंसिए १० ऽभिक्खऽभिक्खमोहारी ११। अहिगरणकर १२ उदीरण १३ अकालसज्झायकारी य १४॥२॥ ससरक्खपाणिपाए १५ सद्दकरे १६ कलह १७ झंझकारी य १८। सूरप्पमाणभोई १९ वीसइमे एसणासमिए २०॥३॥ साम्प्रतं शबला अङ्कपरिच्छेदतोऽभिधीयन्ते–तंजह उ हत्थकम्मं कुव्वंते १ मेहुणं च सेवंते २। राइं च भुंजमाणे ३ आहाकम्मं च भुंजन्ते ४॥१॥ तत्तो अ रायपिंडं ५ कीयं ६ पामिच्च ७ अभिहडु ८ च्छेज्जं। भुंजंत सबले ऊ ९ पच्चक्खियऽभिक्ख भुंजंते १०॥२॥ छम्मासब्भंतरतो गणा गणं संकमं करेमाणे ११। मासब्भंतर तिन्नि उ दगलेवा ऊ करेमाणे ॥३॥ मासब्भंतरओ वा माईठाणाइं तिन्नि कुणमाणे १२। पाणाइवाय उट्टिं कुव्वंते १३ मुसं वयंते अ १४॥४॥ गिण्हंते अ अदिन्नं १५ आउट्टि तहा

अणंतरहिआए। पुढवीए ठाणसेज्जं निसीहिअं वावि चेएइ १६॥५॥ एवं ससिणिद्धाए ससरक्खाए चित्तमंतसिललेलुं। कोलावासपइट्ठा कोल घुणा तेसिमावासो १७॥६॥ संडसपाणसबीए जाव उ संताणए भवति तहियं। ठाणाइ चेयमाणे सबले आउट्टियाए उ १८॥७॥ आउट्टिमूलकंदे पुप्फे अ फले अ बीअहरिए य। भुंजंते सबले ऊ १९ तहेव संवच्छरस्संतो ॥८॥ दस दगलेवे कुव्वं तह माइठाणदस य वरिसंतो २० आउट्टिय सीतोदग वग्घारियहत्थमत्ते अ ॥९॥ दव्वीए भायणेण व दिज्जंतं भत्तपाण धेत्तूणं। भुंजइ सबलो एसो एगवीसो होइ नायव्वो २१॥१०॥ (१२६)। **तेसिमेव य नाणीणं सम्मं न पडितप्पइ**'त्ति (१४४–६) श्लोकार्द्धं तेषामेव परमबन्धूनां—आचार्योपाध्यायानां कार्ये समुत्पन्ने भक्तपानादिभिः सम्यग्न प्रतितर्प्पयतीति सम्बन्धः, कथम्भूतः सन्नित्याह—तैरेव ज्ञानेन प्रभावित इत्यध्याहारः, शेषगुणोपलक्षणं चैतत्, ततश्चाचार्यादिभिरेव ज्ञानदर्शनचारित्र-ग्रहणासेवनाशिक्षादिगुणैः प्रभावितो—गरीयस्त्वमानीतो दर्प्पाध्मातस्तेषामपि कृत्येषु न वर्त्तत इति सूत्रस्यैतद्वृत्त्यक्षराणां च गर्भार्थः। **स्थूलभद्रकथानके 'उक्कुइओ वयाणि करेइ'त्ति** (उक्कइ-ओवक्कइयाणि करेइ—वृ. २४५–१) आदेरन्तं यावदन्तादादिं यावत्परावर्त्तते चतुर्द्दशापि पूर्व्वाणीति भावः **'न तरइ पडिपुच्छएण पढिउं'ति**, (२४५–३) निरन्तरवाचनामन्तरेण सप्तप्रतिपृच्छामात्रतोऽध्येतुं न शक्यत इति मुक्त्वा स्थूलभद्रं सर्व्वेऽपि साधवोऽपसृता इति। **'पुव्वं परीसहसमत्थाणं जं उवहाणं कीरति'त्यादि**, (२४८–६) व्याख्या—विभक्तिव्यत्ययाद्भिन्नक्रमसम्बन्धाच्च परीषहसमर्थैः साधुभिर्यदुपधानं—तपः क्रियते तत्पूर्वमेव यथा लोको न जानाति तथा कर्त्तव्य, कुत इत्याह—**'नातं वा कयं न नज्जेज्ज'** इत्यादि, (२४८–७) एतदुक्तं भवति—जनज्ञापनवाञ्छया कृतमपि तथाविधविशिष्टकर्म्मोदयाभावाज्जनैर्न ज्ञायते, कदाचित्तु प्रच्छन्नमपि कृतं तथाविधयशःकीर्त्त्युदयात्सर्व्वत्र ज्ञायत एवेतिभावः, इदमेव दृष्टान्तेनाह—**'कोसंबिअजि-असेणे'त्यादि** (२४९–३)। **'केइ भणंति—एसा असोयपुच्छ'त्ति**, (२६७–७) अत्र केचनाचार्या इत्थमभिदधति—धर्मघोषधर्मयशः-साधुभ्यां महावीरसमीपे यका छाया स्थैर्य्यमाश्रित्याशोकवृक्षसम्बन्धिनी पृच्छा कृता सैतावता ग्रन्थेन समाप्ता। **'नारउप्पत्तीए'त्ति**, (२६८–१) चः पुनरर्थे नारदोत्पत्तिः पुनरविशिष्टा प्रोच्यते सो उम्मुक्कबालभावो इत्यादिना, न चेत्थमपि तैर्व्याख्यायमाने कञ्चन लाभं हानिं या पश्याम इति। निम्बककथानके सो भणइ—किं खंत ! रुयसि ?, भणइ खंतो—तुमं नामं निबंउत्ति कयं न गोत्तेणं, आयारेहिं तुमंतणएहिं अहंपि ठायं न लभामित्ति, निम्बकेन पिताऽभिहितः—तात ! किं रोदिषि ?, स प्राह—हन्त मया तव निम्बक इति निरन्वयं—नाममात्रमेव कृतं न गोत्रेणेति अन्वर्थमाश्रित्य न कृतमित्यर्थः, त्वया त्वेवमाचरता सान्वर्थकतां नीतमितिभावार्थः, ततश्चैतैर्दुर्विनयलक्षणैराचारैः **तुमंतणएणं णत्ति** (२७४–३) त्वदीयैरहमपि न क्वचित्स्थानं प्राप्नोमीति, अत्र च मया वृत्तिपुस्तकेषु बहुषु पाठान्तराणि पश्यता साभिप्रायतर इति मन्यमानेनावश्यकचूर्णिदृष्टः पाठोऽसौ व्याख्यातः, पाठान्तराणि तु उक्तानुसारेणाभ्यूह्यानीति। सङ्गपरिज्ञाकथानके—**'भावतोऽभिष्वङ्गः'** तमेव व्याचष्टे—**'स्नेहगुणतो रागः'**, पुनस्तात्पर्यमाह—**'भावो उ अभिस्संगो'त्ति** (३१३–५) भावो नाम—

जीयस्स परिणामः सोऽभिष्वङ्गोऽभिधीयते, किं सर्व्वोऽपि जीवपरिणामस्तथोच्यते ?, नेत्याह–येन धनधान्यकलत्रादिगार्ध्यपरिणामेनास्य जन्तोरन्ते–आयत्यां नारकादिभवदुःखलक्षणं भयमुत्पद्यते स तथाभूतः परिणामोऽभिष्वङ्गो न सर्व्वोऽपीति भावार्थः। योगसङ्ग्रहाः समाप्ताः॥

साम्प्रतमर्हदाशातनादिगता गाथा विव्रियन्ते, **'तत्थ–नत्थी अरहंतत्ती'**गाहा (३२४–११) व्याख्या–प्रत्यक्षादिप्रमाणाग्राह्यत्वान्न सन्ति केचनार्हन्तः, सत्त्वे वा गृहवासेऽपि यदि ज्ञानत्रयसमन्वितोऽर्हन्नभ्युपगम्यते तर्हि जानानोऽपि किमिति विपाकदारुणान् भोगान् असौ भुङ्क्ते ?, समुत्पन्नकेवलज्ञानश्च किमिति वीतरागोऽपि सन् प्राभृतिकां–सुररचितसमवसरणमहाप्रातिहार्य्यादिपूजालक्षणामुपजीवति, तस्मान्नायं क्षोदक्षम इति ब्रुवत आशातना भवति, एवं वदतश्चास्येदमुत्तरं वाच्यं, यदाह–**'भोग' गाहा**, (३२४–१२) भोगफलाः पूर्वजन्मनिर्वर्त्तिता याः साताद्याः पुण्यप्रकृतयस्तासामुदयप्राबल्याद् भुङ्क्ते भोगानिति भोगभुक्तिपक्षे उत्तरमेवं, प्राभृतिकायामप्येतद्–वक्ष्यमाणमुत्तरं शृणु, तद्यथा–**'नाणाइअणवरोहग'**गाहा, (३२५–१) ज्ञानदर्शनचारित्राणामनुपरोधकः–अनुपघातको योऽयमघातिसुखपादपः–सातवेदनीयं उपलक्षणत्वाद्यशःकीर्त्यादिकर्म च तद्वेदनार्थं सुरसार्थविहितपूजामर्हन्ननुभवतीति प्रकरणाद् गम्यते, तीर्थकृतो ह्यघातिकर्मवेदने नोपायान्तरमस्ति, न च तथा वेदयतः कश्चित् ज्ञानाद्युपरोधोऽस्ति, तीर्थकरनामकर्म्मोदयाच्चामरादिपूजामयमनुभवति, तीर्थकरनामकर्म्मणो हि सकलत्रैलोक्यपूजनीयतैव विपाको नापर इति, तथा वीतरागत्वाच्च सुरपूजामनुभवतोऽपि न तस्य तत्राभिष्वङ्गः क्षीणनिःशेषाभिष्वङ्गकारणमोहपटलत्वादिति सर्व्वं समञ्जसमिति गाथार्थः। **'सिद्धाणं आसायण'**मित्यादि, (३२५–२) मूढस्य–अज्ञस्य वक्ष्यमाणं वदतः सिद्धविषयाशातना भवति, तद्यथा–न सन्ति सिद्धाः प्रत्यक्षाद्यग्राह्यत्वात्, सत्त्वे वा पाषाणवन्निश्चेष्टा एव किं तरिति, ननु पाषाणकल्पत्वमसिद्धं केवलज्ञानोपयोगयुक्तत्वात्तेषामित्याह–सति वा केवलोपयोगे विशिष्टेतरवस्तूपयोगे ध्रुवौ रागद्वेषौ प्रसज्येते, तथा सिद्धानां दर्शनज्ञानयोरन्यान्यकाले उपयोगोऽभ्युपगम्यते, एवं चामीषामसर्व्वज्ञता प्राप्नोति, दर्शनकाले विशेषाणामदर्शनात् ज्ञानकाले तु सामान्यस्यादर्शनाद् एवं चैकस्मिन्नपि क्षणे न सर्व्वज्ञतेति, किंच–ज्ञानकाले दर्शनं न भवति तत्काले चेतरन्न भवतीत्यत्र कारणं वाच्यं, तच्च न ज्ञानदर्शनावरणकर्मणी, तयोर्न्निर्मूलकाषंकषितत्वात्, ततः सामर्थ्यात् ज्ञानेन दर्शनमाव्रियते दर्शनेन तु ज्ञानमित्यन्योऽन्यावरणता समापद्यते, अथ परस्परावरणताऽपि नेष्यते तर्हि तन्निषेधककारणाभावाद्युगपदेव ज्ञानदर्शने प्रवर्त्तेयातां, तथा च सति तयोरेकत्वं स्यादिति सार्द्धगाथाद्वयोक्तपूर्वपक्षार्थः **'भन्नइ नवि एएसि'**मित्यादिना, (३२५–५) प्रतिविधीयते एतेषां–सिद्धानामेकोऽप्युक्तदोषो न संभवति, तथाहि–यदुक्तं न सन्ति सिद्धास्तत्राह–सन्ति नियमात्सिद्धाः, सिद्ध इतिशब्दादेवेदं गम्यते, भावना चात्र प्रयोगतोऽवसेया, स चायं–सन्ति सिद्धाः व्युत्पत्तिमत्–शुद्धशब्दवाच्यत्वाद् घटादिवदिति, निश्चेष्टताप्रेरणायां तु सिद्धसाध्यतैवेत्याह–करणवीर्यमाश्रित्य निश्चेष्टा अपि भवन्त्यमी, काययोगजनितवीर्यस्यात्यन्तक्षयादितिभावः, यदुक्तं–**'रागदोसधुवत्त'त्ति**, (३२५–३) तत्राह–विशिष्टेतरवस्तुदर्शनेऽपि न तेषां रागद्वेषौ भवतः, तत्कारणरूपक्रोधादिकषायपटलस्य

निरवशेषक्षयादिति, यदपि कालभेदेनोपयोगप्रवृत्तिमुद्भाव्य दूषणमुक्तं तत्राप्याह–योऽयं युगपद्दर्शनज्ञानोपयोग: सिद्धानां न भवति स तावज्जीवस्वाभाव्यादेवेति, यत्पुनरयुगपदुपयोगेऽसर्वज्ञता प्रेरिता तत्राह–'**नयमयाओ य**'त्ति, (३२६–२) अयुगपदुपयोगप्रवृत्तावपि नियमत: सर्व्वज्ञताऽस्या-निवारितैवेति अध्याहार:, इदमत्र हृदयं–यत्र क्षणे असौ सामान्ये उपयुक्तस्तस्मिन्नपि क्षणे विशेषपरिज्ञानलब्धिरस्य विद्यते यत्र वा क्षणे विशेषेषूपयुक्तस्तत्रापि सामान्यपरिज्ञाने लब्धिरस्ति, ततश्च य इह नैगमादिर्नयो लब्धिमिच्छति तन्मतेनास्य सर्व्वज्ञता कदाचिदपि न हीयते, इत्थं चेदमङ्गीकर्त्तव्यं अन्यथैकस्मिन्काले तावदेकस्मिन्नेव ज्ञाने उपयोगो न बहुषु, अथ च छद्मस्थावस्थायामेष द्विज्ञानी त्रिज्ञानी चतुर्ज्ञानीत्यादयो व्यपदेशा: कथं सर्वदैव प्रवर्त्तेरन् ?, अथैकज्ञानोपयोगेऽपि लब्धित: शेषज्ञानान्यपि सन्तीति न सर्व्वदा शेषज्ञानैर्व्यपदेशो दुष्ट: तदेतदिहापि समानमितिव्यवस्थितमेतद्–अयुगपदुपयोगप्रवृत्तावपि नैगमादिलब्धिनयमतेन सर्व्वदैव सर्व्वज्ञताऽस्य न क्षूयत इति, यदप्युक्तं–'युगपदेव ज्ञानदर्शने प्रवर्त्तेयातां तथा च तयोरेकत्वं स्यादि'ति, तत्र जीवस्वाभाव्यात् तयोर्युगपत्प्रवृत्ति-र्नैष्यते एवेति कुत एकत्वं ?, अथवा युगपत्प्रवृत्तिमभ्युपगम्याप्याह–'**न पिहुयावरणाउ**' त्ति, (३२६–२)युगपदुपयोगप्रवृत्त्यभ्युपगमेऽपि न ज्ञानदर्शनयोरेकत्वमित्यध्याहार:, कुत इत्यत्र हेतुमाह–पृथगावरणादिति, भावार्थ: प्रयोगादवसेय:, स चायं–इह यस्य २ पृथगावारकं कर्म्म आसीत् तत्तदवक्षेपे युगपत्प्रवृत्तावपि नैकीभवति, यथा–दर्शनावरणवीर्य्यान्तरायक्षयोद्भूते क्षायिकसम्यक्त्वा-नन्तवीर्य्ये, आसीच्च पृथगावारकं कर्म्म दर्शनज्ञानयो: तत: तत्क्षये युगपत्प्रवृत्तावपि नैकीभवत इति, यदिवाऽवबोधसामान्यमाश्रित्य द्रव्यार्थिकमतेन दर्शनज्ञानयोरेकत्वमपि भवतीतिसिद्धसाध्यतैवेत्येतदाह–'दव्वट्ठिए'त्यादि पातनयैव व्याख्यातमिति, द्रव्यार्थिकमतमेव दर्शयति–'**नाणनये**'त्यादि, (३२६–३) गाथा सुगमा, नवरं ज्ञाननयदर्शननयौ द्रव्यार्थिकभेदौ, द्रव्यार्थिको हि सामान्यवादित्वादवबोध-सामान्यमाश्रित्य सर्व्वं ज्ञानमेवेदं, दर्शनं वेत्यभ्युपगच्छतीति, अयुगपदुपयोगापेक्षया पूर्व्वमसर्व्वज्ञता प्रेरिता तां पुन: प्रकारान्तरेण परिहर्त्तुमाह–'**पासणयं व**'गाहा, (३२७–१) एतदुक्तं भवति–केवलज्ञानस्य केवलदर्शनस्य च **प्रज्ञापनायां** पश्यत्ता प्रतिपादिता, तां चाश्रित्य ज्ञानपयोगकाले दर्शनमस्ति दर्शनोपयोगेऽपि ज्ञानमपि, पश्यत्तासामान्यस्योभयत्रापि भावादिति नासर्व्वज्ञतेत्युत्तरपक्षगत-सार्द्धगाथापञ्चकार्थ: । सदेवमनुजासुरलोकाशातनाप्रतिविधाने '**सत्तसु परिमिए**'त्यादि (३३१–७) गाथाद्वयव्याख्या–यत्तावदुक्तं–'सप्तद्वीपसमुद्रमात्रो लोक:, तदसङ्गतं, एतावन्मात्रे लोके सत्त्वानां परिमितत्वात् तेषामपि चानवरतं सिद्धिगमनात्कालस्य चानन्तत्वान्निगोदजीवानां च परैर्वार्त्तयाऽप्य-श्रुतत्वात्सर्व्वशून्यतापत्ति:, सोपस्कारत्वात्प्रजापतिना कृतो लोक इति अभ्युपगमे सोऽपि प्रजापति: केन कृत इति वाच्यं, अपरप्रजापतिनेति चेत् सोऽपि केनेत्यनवस्था, 'प्रकृतिपुरुषसंयोगाल्लोको भवती'ति यदुक्तं तत्राह–प्रकृत्या प्रवृत्तिरेव कथं घटते ?, यद्–यस्मात्कारणात् अचेतना सती पुरुषार्थप्रसाधनाय किल प्रवर्त्ततेऽसावित्यभ्युपगम्यते, नचाचेतनस्य स्वतन्त्रस्योपलशकलस्येव प्रवृत्तिर्युज्यते, अचेतनामप्येतां पुरुष: प्रवर्त्तयिष्यतीति चेदत्राह–'**तीसे च्चिअ अपवत्ती परो**'त्ति, (३३१–१०) तस्याश्च–**प्रकृते:**

'**अपवत्ति**'**ति** अप्रवर्त्तकः परः पुरुष इत्यर्थः, एतदुक्तं भवति—न ह्यचेतनायास्तस्याः पुरुषः प्रवर्त्तकत्वेन भवद्भिरभ्युपगम्यते तस्य सकर्तृत्वप्रसङ्गात्, तस्मात्प्रकृतेः कथञ्चिदपि लोकनिर्व्वर्त्तने प्रवृत्त्ययोगात्प्रकृतिपुरुषसंयोगादपि न तत्सिद्धिरिति सर्वमेव विरुद्धं परैः प्रलपितमिति गाथाद्वयार्थः। '**उभयोरपि दृष्टोऽन्त**'इति (३३३–३) निश्चय इत्यर्थः। '**तामालम्ब्य प्रशस्तमनसः कर्म्मय-दर्शनादि**'**ति** (३३४–७) यो हि किल श्रुतदेवताधिष्ठितं मन्त्रं प्रशस्तमनसा ध्यायति तस्य काव्यादिशक्तयो विशिष्टश्रुतलाभश्च दृश्यते, ततश्च कर्म्मक्षयः सुप्रतीत एवेति॥ '**एतानि च चतुर्द्दश सूत्राणि श्रुतक्रियाकालगोचरत्वान्न पौनरुक्त्यभाञ्जी**'**ति**, (३३५–६) अयमत्र भावार्थः— इह यद्यपि केवलिपन्नत्तस्स धम्मस्स आसायणाए' इत्यत्र सूत्रे श्रुतधर्म्माशातनाद्वारेण श्रुताशातना प्रतिपादिता तथा 'सुअस्स आसायणाए' इत्यत्रापि सूत्रेऽसौ प्रोक्ता तथा प्रस्तुतैरपि चतुर्द्दशभिः सूत्रैरसावेवश्रुताशातना प्रतिपाद्यते तथापि न पौनरुक्त्यमाशङ्कनीयं, यतः पूर्वसूत्रद्वयोक्ताशातना सामान्यश्रुतविषया द्रष्टव्या 'जं वाइद्ध'मित्यादिप्रस्तुतचतुर्द्दशसूत्रोक्ता तु श्रुतक्रियाकालगोचरा श्रुताध्ययनप्रवृत्तस्येत्यर्थः, पूर्व्वसूत्र-द्वयस्य तु परस्परं पौनरुक्त्यं 'सुयस्स आसायणाए' इत्यत्र वृत्तिकृतैव परिहृतमिति सर्व्वं सुस्थमिति, ननु तथाप्येतानि चतुर्द्दश पदानि तदा पूर्यन्ते यदा सुष्ठु दत्तं दुष्ठु प्रतीच्छितमिति पदद्वयं पृथगाशातनास्वरूपतया गण्यते, न चैतद्युज्यते, सुष्ठु दत्तस्य तद्रूपताऽयोगात्, न हि शोभनविधिना दत्ते काचिदाशातना संभवति, सत्यं, स्यादेतद् यदि शोभनत्ववाचकोऽत्र सुष्ठुशब्दः स्यात् तच्च नास्ति, अतिरेकवाचित्वेनेहास्य विवक्षितत्वाद्, एतदत्र हृदयं—सुष्ठु—अतिरेकेण विवक्षिताल्पश्रुतयोग्यस्य पात्रस्याऽऽधिक्येन यत् श्रुतं दत्तं तस्य मिथ्यादुष्कृतमिति विवक्षितत्वान्न किञ्चिदसङ्गतमिति॥ आशातनाः समाप्ताः॥

साम्प्रतमस्वाध्यायिकनिर्युक्तिरारभ्यते—तत्र यदुक्तं—'**सव्वेसिं जाव पाडिवओ**'**त्ति** तत्र परः प्राह—नन्वाषाढीप्रभृत्युत्सवाः पौर्णमासीपर्यन्ता एव प्रायो दृश्यन्ते तत्कथं प्रतिपदं यावद्वर्ज्यन्ते इत्याशङ्क्याह—'**छलणावसेसएणं**'गाहा, (३५१–४) इहाषाढीप्रभृत्युत्सवेषु सर्वत्र पर्यटत्क्रीडाप्रिय-व्यन्तरादिभ्यस्तावच्छलना संभवति तदवशेषश्चातीव प्रत्यासत्तेः प्रतिपद्यपि संभाव्यते अतश्छलनावशेषेण हेतुना प्रतिपत्स्वपि उत्सवा अनुसर्प्पन्ति, किं च — महः—उत्सवस्तद्व्याकुलत्वेन पौर्णमास्यां ये गृहस्थैर्भोजनादिना न सन्मानिता भवन्ति तेषां पौर्णमास्यां असारितानां—असन्मानितानां सन्मानः प्रतिपत्स्वपि सम्भवति तेन तत्राप्युत्सवा अनुसर्प्पन्तीति, प्रक्षेपगाथा चेयं लक्ष्यते सोपयोगा चेति व्याख्यातेति गाथार्थः। '**पिट्ठायगलोट्टभंडणे व**'त्ति, (३५५–८) पिष्टं मुद्गमाषमकुष्ठादीनां लोट्टस्तु योवारिप्रभृतिधान्यानां, ततश्च यथेह धूलिहट्टिकायां रेणुना क्रीडन्ति तथा विषयान्तरेषु पिष्टलोट्टादिभिः स्वविषयप्रसिद्धैर्लोकाः क्रीडन्ति तेषु च क्रीडत्सु तावतीं वेलामनध्ययनं भवतीति, **भंसुलाः**—क्रीडोत्क्षिप्तरेण्वादिनिकरा इति। '**सीआणे जं दड्ढं**'गाहा, (३६८–७) व्याख्या—श्मशाने यद्दग्धमस्थि उपलक्षणत्वाद् व्यूढं च यदुदकप्रवाहेन तन्नास्वाध्यायिकं करोतीति गम्यते '**तत्तु मोत्तूणं**'**ति** तत् श्मशानदग्धं मुक्त्वा शेषाण्यनाथमृतकनिहितास्थीनि तथा आडम्बरो—मातङ्गयक्षो

हरिमिक्क इति च तस्य नामान्तरं रुद्रः प्रतीतस्तयोः मातृणां च–चामुण्डादीनामायतनस्याधस्ताद्यानि निखातान्यस्थीनि तानि '**बारि**'त्ति द्वादशसंवत्सराण्यस्वाध्यायिकं कुर्व्वन्तीतिगाथार्थः। '**जे वामतो ते अणंतरसव्वेण गंतु**'मित्यादि, (३७४–६) ये वामतः स्वाध्यायादिव्यग्राः साधवो भवन्ति ते वामत एव प्राञ्जलमागत्य प्रतिक्रमणभूमिमध्यासयन्ति नतु परिभ्रम्यागच्छन्ति एवं दक्षिणभागवर्त्तिनो दक्षिणत एवागच्छन्ति न सव्यत इतिभावार्थः। '**वाघाए तओ सि**'मित्यस्या गाथायाः पूर्व्वार्द्धं व्याख्याय '**इयरे पुच्छंति दुवे जोगं कालस्स घेच्छामो**'त्ति (३७७–२) पश्चार्द्धव्याचिख्यासया प्राह–**निव्वाघाए पच्छद्ध**मिति, (३७७–८) तत्र च इयरे इत्येतत्पदं निव्वाघाए इत्यनेन व्याख्यातं, यतः पूर्व्वार्द्धे सव्याघातकालस्वरूपमुक्तं इतरस्मिँस्तु–निर्व्याघातकाले विचार्ये "पुच्छंति दुवे जोगं कालस्स घेच्छामो" इत्यादि वाच्यमितिभावः। इत्य**स्वाध्यायिकनिर्युक्तिः समाप्ता**॥

जं दुक्कडंति मिच्छा तं भुज्जो कारणं अपूरेंतो ।
तिवेहेण पडिक्कंतो तस्स खलु दुक्कडं मिच्छा ॥

જે પાપાચરણનું મિચ્છા મિ દુક્કડં માગ્યું, તે પાપાચરણને ફરી નહીં આચરનાર અને ત્રિવિધે પ્રતિક્રાન્ત થયેલાનું તે પાપાચરણ નાશ પામે છે.